સ્વામિશ્રીજી

અનાદિ મૂળઅક્ષરમૂર્તિ સદ્‌ગુરુવર્ય

# શ્રી ગુણાતીતાનંદસ્વામીની વાતો

## ભાગ-૧

(પ્રકરણ ૧ થી ૯)

**અમૃત મહોત્સવ**

(પ્રગટ ગુરુહરિ પ.પૂ. હરિપ્રસાદસ્વામીશ્રીનું ૭૨મું પ્રાગટ્યપર્વ)

(પ્રથમ સોપાન, ભારતવર્ષ)


સંવત ૨૦૬૧ બુધવાર

ચૈત્ર વદ અગિયારસ તા. ૪-૫-૨૦૦૫

- અનાદિ મૂળઅક્ષરમૂર્તિ સદ્‌ગુરુવર્ય
  શ્રી ગુણાતીતાનંદસ્વામીની વાતો, (ભાગ-૧, પ્રકરણ ૧ થી ૯)

- પ્રેરણામૂર્તિ : **પ્રગટ ગુરુહરિ પ.પૂ. હરિપ્રસાદસ્વામીજી**

- **પ્રથમ આવૃત્તિ** : સંવત ૨૦૬૧, ચૈત્ર વદ અગિયારસ
  બુધવાર, તા. ૪-૫-૨૦૦૫
  [અમૃત મહોત્સવ, પ્રથમ સોપાન (ભારતવર્ષ)]



- કોપીરાઈટ : © યોગી ડીવાઇન સોસાયટી,
  આ પુસ્તકની કોઈપણ વિગત :
  (લખાણ, પ્રસંગચિત્રો તથા અન્ય ફોટોગ્રાફ્સ કે તેના અંશો)
  કોઈપણસ્વરૂપે રજૂ કરવા પૂર્વે, પ્રકાશકની લેખિત પરવાનગી
  મેળવવી અનિવાર્ય છે.



- પ્રત : ૫૦૦૦

- **બંને ભાગનું સંયુક્ત મૂલ્ય : રૂા.૨૫૦/-**
  ભાગ-૧ (પ્રકરણ ૧ થી ૯), ભાગ-૨ (પ્રકરણ ૧૦ થી ૧૬)
  બંને ભાગ સાથે જ ઉપલબ્ધ થશે..

- **મુદ્રણસ્થાન** : આણંદ પ્રેસ, ગામડી, આણંદ.

- **પ્રકાશનસમિતિ** :
  પૂ. કોઠારીસ્વામીજી, પૂ. વિઠ્ઠલદાસ એસ. પટેલ
  પૂ. દાસસ્વામી, પૂ. આચાર્યસ્વામી


- **મુખપૃષ્ઠ આવરણ** : શ્રી વિજય શ્રીમાળી

- રેખાંકન, વિવિધરંગી ચિત્રનિદર્શન તથા કોમ્પ્યુટર સેવાઓ :
  'પરાદર્શન', સંતમંડળ, હરિધામ, સોખડા.


- **પ્રકાશક** : યોગી ડીવાઇન સોસાયટી
  હરિધામ, સોખડા-૩૯૧૭૪૫, તા.જિ. વડોદરા, ગુજરાત




પરમઆરાધ્ય ઇષ્ટદેવ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ



અનાદિ મૂળઅક્ષરમૂર્તિ સદ્‌ગુરુવર્ય શ્રી ગુણાતીતાનંદસ્વામી



બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ    બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી યોગીજી મહારાજ



પ્રગટ ગુરુહરિ પ.પૂ. હરિપ્રસાદસ્વામીજી



અનાદિ મૂળઅક્ષરમૂર્તિ સદ્‌ગુરુવર્ય શ્રી ગુણાતીતાનંદસ્વામીનો

આ મહાપ્રાસાદિક પરાવાણી ગ્રંથ

પ્રગટ ગુણાતીતસ્વરૂપ

**ગુરુહરિ પ.પૂ. હરિપ્રસાદસ્વામીશ્રીનાં**

પરમપુનિત ચરણારવિંદમાં ભક્તિસભર હૈયે અર્પણ...

સ્વામિશ્રીજી

# ગુણાતીત-પાથેય

વચનામૃતની જેમ -- વાતુમાં પ્રગટ ગુણાતીત વાણી એ ત્રિગુણ અદ્ભુતસ્વરૂપ દ્વારા ભગવાન નિરંતર સર્વે ક્રિયા કરી રહ્યા છે -- માટે "વાતુ" પણ ભગવાનનો પ્રસાદ છે.

જીવના અનંતપુરાવના રોગોને જાણીને .. સ્વામીએ વાણી વરસાવી છે માટે અનંતરોગોની દવા -- વાતુના મનન-ચિંતનથી મળતી રહેશે .. "વાતુ"ના મનન-ચિંતનથી શુદ્ધ ગુણાતીત જ્ઞાનની સમજણ સહજ પ્રાપ્ત થાય છે, -- જેથી સાધના પૂર્ણ સહેલી બને અને સર્વ સંકલ્પ સહજ સિદ્ધ થાય તેવું અદ્ભુત ચમત્કારિક સાહિત્ય છે.

યોગીજી મહારાજ કહેતા .. કે પહેલા પ્રકરણની પહેલી અને છેલ્લી વાત સિદ્ધ થાય તો -- સંપૂર્ણ પ્રકરણ સહજ સિદ્ધ થઈ જાય -- પણ પહેલી વાતમાં જ પૂર્ણ અદ્ભુત મહત્વ સમાયેલ છે. તેમાં સ્વામીએ ઝાંખી કરાવ્યું છે -- તો સાધના પૂર્ણ સહેલી થઈ જાય.

પહેલી વાતમાં "સ્વામીજી" એ ટેવ રાખી છે કે
સ્વેચ્છા ભોજનના પુરાંતા ૪૮ કલાક
મહિમા સહજ સિદ્ધ બને છે.

"બાપુ"માં સ્વામી ૪-૫ વાગ્યે
એ ટેવ રાખી, કે એ સાદા સાદું અને ત્યાગ-ભાવ
સાદા પરિમાણ સાદે જીવ જડાય ને
સાથે અર્થ સિદ્ધ થાય છે.- મહિમા અને
સ્વરૂપનિષ્ઠા દેહ થાય છે.- જીવ સુખીયા
થઈ જાય.

કોઈ વિદ્યાર્થીમાં ૬૦ % માર્ક આવેલા
હોય - પણ જો એ ૯૦ % માર્ક લાવનાર
વિદ્યાર્થી જોડે દોસ્તી રાખે - તો કેટલા
મોટા ફાયદા થઈ જાય- દ્રષ્ટાન્ત પણ
રાખવાં પડે નહીં.- ૯૦ % થી ૯૮ % માર્ક
લાવનાર વિદ્યાર્થી સાથે દોસ્તી થાય તો...
વિદ્યાર્થીનું જીવન ધન્ય થઈ જાય- આવા પણ
અસલ કિસ્સા કે ગુરુ મહેતા સ્વામીજી, ગુરુ દાદુભાઈના
સમાગમ કર્યા- જેથી શાસ્ત્રીજી મહારાજના
રાજી કર્યાના અનુભવ સમજાઈ જાય..

ઉપોદ્ઘાતમાં આપણે સૌ
ગુરુકૃપા કેવું છે કે આ મહેતા સ્વામીજીના

સમાગમ ફેરવીને સમાવી ભાષાના ભક્તિઓ
સરળ વક્તા — કેવી અદ્ભુત આ વાત છે!
આગવાદીનું જીવન કેવું
સંત પુરાતન હોય. 'મહાભારતમાં આજે આ
મહાભારતના રામાયણમાં વાર્તું' અને મહાભારતની
સાથે ક્રિયા રામાયણી -- એ એવાં સહજ
સમન્વય હોય છે —

એટલે "વાણી"માં વાંચવું
સ્વામી આચાર્ય છે કે આગવાદીના
પ્રસંગો સત્પુરુષ સાથેના સંબંધે
દૃઢ થઈ જાય છે.

તો સ્વરૂપે મુમુક્ષુઓએ
આ વાત-જીવન સમજવાની છે.

સ્વામીની વાતુમાં એક વાત છે --
"આ સાધુને વિષે સહજભાવ એ
નિર્વિકલ્પપણું જ છે.!!- આવી બીજી વાત કેવી
સુંદર લખાણ છે?... કે...

"ગુણ ગાતાંય જાય સ્વરૂપરૂપ થઈ જાય."
કેટલી અદ્ભુત વાત છે..!

પણ આ ગ્રંથમાં પ્રસંગોથી "વાત" સ્પષ્ટ થાય છે.

સામાન્ય માણસના આનંદ પ્રમાણના માપ જ અટવાયેલા છે. સામાન્યને સામાન્ય ડાહ્યાપણ ભોગવવાનું સ્થૂળ માનવપણ હોવાનું નથી તો સૂક્ષ્મ માનવ ત્યાં ક્યાંથી હોય? તો પછી સત્પુરુષ સાથે સંબંધ ક્યાંથી થાય? અને સત્પુરુષને ૧૦૦ % કેવી રીતે ઓળખી શકીએ?

પ્રેમ, માયા, દયા, પ્રીતિની સૂક્ષ્મ સાત્વિક લાગણીઓનું માન તો હોય સહેજ છે નહીં.--
ધર્મનું.. આત્મનિષ્ઠાનું
વૈરાગ્ય -- જેવા ગુણોનું માન અને
સૌંદર્ય પ્રમાણનું---

માનવના હૈયાને સ્પર્શ્યું છે જ નહીં. ગાયત્રી અનેક નામના રૂપે છે ...અને પછી સ્વામી "વાણી"માં કહેલા શબ્દો છે કે જ્યાં પણ ગુણ કેવળ આત્મજ્ઞાનનો સંબંધયોગ કોષ છે... કેવું અદ્ભુત આ રહસ્ય છે! અને "ગાયત્રી" અક્ષરે વારંવાર કહેલા છતાંય અલગ સંબંધવાળી અપાર માધ્યમના ઉપર છે. મહાકાળના સંબંધોના રહસ્યનો ક્રિયાત્મ અભ્યાસ-અનુભવ નિયામક નથી.

તે માટે "સ્વામીની વાણી"નો અભ્યાસ અનિવાર્ય બને છે.. સૂક્ષ્મ રંગોનાં દર્શન અને સૂક્ષ્મ રંગોની પ્રાપ્તિ માટે "વાણી"નો અભ્યાસ પ્રાણસમાન છે.

કોટી ધન્યવાદ !.....

પૂ. અ. મૂ. ગુણાતીતાનંદસ્વામીજીને.

"સ્વામીજી" જો પૃથ્વી ઉપર ના પધાર્યાં હોત તો!
ગુણાતીત "વાતું" ના ઉપદેશ્યા હોત તો!
ગુણાતીત સિદ્ધાંતનું - સાધુતાનું દર્શન
ના કરાવ્યું હોત તો! -- તો ગુણાતીત
સિદ્ધાંત ને સાધુતા ભાગ્યે જ મુમુક્ષુ સાધકો
માટે ઉપલબ્ધ ક્યાં થઈ હોત, તેથી "સ્વામી"
અને "સ્વામીની વાતું"નો ઉપકાર સદા
ચિરસ્મરણીય છે.

હે ધરતીના તારલા મુમુક્ષુ-આત્માઓ...!
ગુણાતીત સાધુતા માટે...
પૂ. અ. મૂ. ગુણાતીતાનંદસ્વામીના ગ્રંથનું
વાંચન અને એમની અનુભવવાણીથી
ભરેલી "વાતું"નું વાંચન અવશ્ય
કરશો.

હું પહેલાં ભણાવતો. અને ઘણાં વર્ષોથી
ચાલતો વિવાદ ઉકેલવા ફરીને "વાળું"ના
મૂળ સંબંધે ફરી છે --
કે "વાળામાંનું બાકી દૂધ છે."
તેને લોકો ગણતરી બાળવાળા [illegible]
ગુજરાતીની વિદ્યાપીઠમાં બાકી
ઈડ ફરિના માટે "વાળું" શબ્દ નથી
નથી ન બાકી છે, માટે લોકોને "વાળું"ના
બાબતે લખવા માટે ગુજરાતની વિદ્યાપીઠ
મૂળ વાત સુધીનું આપે છે પૂરતા છે.

સ્વામિશ્રીજી

# ગુણાતીતચરણે હાં હાં ગડથલ !



...અહોહો, આ તે કાંઈ વાતુ છે ! આ વાતુ ત્રિલોકથી ન્યારી છે ! આ તો મૂર્તિમાન અક્ષરધામની વાતુ છે ! ભગવાનની છે, નારાયણની છે !

...અને આ વાત તો કરોડ ધ્યાન કરતાં અધિક છે !

...આ તે કાંઈ વાતુ છે ! આ તો અમૃત છે.

...પોતાનાં ખોરડાં બાળીને આ વાતુ સાંભળવી. આ વાતુ પાદશાહ્યું પડતી મૂકીને સાંભળ્યા જેવી છે, પારસમણિ ને ચિંતામણિની ખાણો મૂકીને સાંભળ્યા જેવી છે ! બાયડી, છોકરાં રઝળાવીને સાંભળ્યા જેવી છે; માંગીખાઈને સાંભળ્યા જેવી છે, વાયુ ભરખીને સાંભળ્યા જેવી છે.

...જેને આ વાતુ સમજાય. તેના હૈયામાં જગત રહે નહિ.

... આ સાધુ ને આવી વાતુ છે તે જ દોષમાત્ર ટાળવાનો ઉપાય છે.

...નિર્વિકલ્પપણે ભગવાનની મૂર્તિમાં રહેવા કરતાં, આ વાતુ સાંભળીને જ્ઞાન શીખવું, એ મહારાજનો મત છે.

...સુકાઈ જાઓ, અન્ન મૂકી દીયો, વનમાં જાઓ કે ઘર મૂકી દીયો તે કરતાં પણ આ સાધુની વાતુ સાંભળવી તે અધિક છે અને આ તો પુરુષોત્તમનાં વચન છે ને ગુણાતીત વાતુ છે ને આ વાતુમાંથી અક્ષરધામ દેખાય.

...આ જ્ઞાન તો ફિરંગીની તોપું જેવું છે ને આની આગળ બીજાનું જ્ઞાન તો ફટાકિયા જેવું છે.

...જેવા ફિરંગીના લોઢાં તેવી આ સાધુની વાતુ છે; તે લાગે તો આરપાર નીકળી જાય.

...આ વાતુમાંથી તો બ્રહ્મરૂપ થવાશે ને બાળ, જોબન ને વૃદ્ધ એ ત્રણ પ્રકારની સ્ત્રીયું ને કચરો ને કંચન એ સર્વે સરખું થઈ જાશે ને કાંઈ દીઠું નહિ ગમે એવું થાશે.

...કરોડ જન્મ તપ કરીયે તો પણ આટલી વાતુના જેટલો સમાસ ન થાય.

પોતાના જ પરાવાણી ગ્રંથના આવા કલ્પનાતીત મહિમાનું નિખાલસભાવે ઉદ્‌બોધન કરનાર અનાદિ મૂળઅક્ષરમૂર્તિ સદ્‌ગુરુવર્ય શ્રી ગુણાતીતાનંદસ્વામી એટલે સર્વાવતારી પૂર્ણપુરુષોત્તમ નારાયણ સ્વામીશ્રી સહજાનંદજી મહારાજને રહેવાનું મૂર્તિમાન અક્ષરધામ ! પરબ્રહ્મની દિવ્ય ચેતના નિરંતર રોમેરોમ સમ્યક્‌સ્વરૂપે નિવાસ કરીને રહે તેવા સાકારબ્રહ્મ !!

'મહારાજ અને સ્વામી'ના પરમ અદ્વૈત, અત્યંત વિશિષ્ટ ને અવિનાભાવી તાદાત્મ્યપૂર્ણ ઐક્યબંધ વિશે ભગવત્સ્વરૂપ પ.પૂ. કાકાશ્રી, આંગ્લભાષામાં એક પંક્તિ પ્રસ્તુત કરતા કહેતા કે Without Him (Narayan), He (Swamy) exists not & without Him (Swamy), He (Narayan) mdnifests not. **અર્થાત્** 'નારાયણ' વગર, 'સ્વામી'નું અસ્તિત્વ સંભવિત નથી અને 'સ્વામી' વગર, 'નારાયણ'નું પ્રગટીકરણ શક્ય નથી.

શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની સનાતન વૈદિક ને યુગલ ઉપાસનામાં બ્રહ્મભીના થતા ભારતવર્ષના જ નહિ પરંતુ વિશ્વના કોઈપણ 'શ્રેયાર્થી' સાધક માટે; શ્રીજીપ્રબોધિત વચનામૃત લોયા ૭ પ્રમાણે, બ્રહ્મરૂપ થયો હોય તેવા મુક્તને જ પરબ્રહ્મની, પુરુષોત્તમનારાયણની યથાર્થ ભક્તિ સિદ્ધ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે.

તેથી જ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુવર્ય ગુણીતાનંદસ્વામી, સહુ મુમુક્ષુઓને સાવધાન કરતા કહે છે કે આપણો જન્મ બે વાત સાધવા સારુ થયો છે તે, અક્ષરરૂપ થાવું ને પુરુષોત્તમમાં જોડાવું.

અર્થાત્ આપણા સહુનું આ અંતિમ ને સર્વોત્કૃષ્ટ ધ્યેય છે. ઈષ્ટદેવ શ્રીજીમહારાજ આપણને સહુને; આ ધ્યેયની સિદ્ધિને છતીંદિહે નિર્વિઘ્નપણે સરળતાથી પ્રાપ્ત કરી શકીએ; તેવા અતિશય ઉદાર, કરુણાપૂર્ણ છતાં સચોટ આશયથી જ પૃથ્વીપર મોકલ્યા છે ને વર્તમાન ગુણાતીત સ્વરૂપનાં, બ્રહ્મસ્વરૂપ સંતવિભૂતિનાં સાન્નિધ્યમાં આશ્રિત કર્યા છે.

''પોતાના સંબંધમાં આવેલા તમામ ચૈતન્યોનું, આ પરમધ્યેયને સિદ્ધ

કરવારૂપી, પળેપળનું આધ્યાત્મિક જતન કરવું એ પ્રત્યક્ષ ગુણાતીત સ્વરૂપોની પરબ્રહ્મ પ્રત્યેની સાચી પરાભક્તિ છે.'' એવું તેઓ આપણા જેવા સંબંધમાં આવેલા આબાલવૃદ્ધ સહુ મુક્તોને વારંવાર જણાવતા હોય છે અને ક્યારેક જણાવે નહિ તોપણ 'તેઓ આપણા આત્માની આ હેતુસિદ્ધિ માટે નિરંતર રક્ષા કરી રહ્યા છે.' એવી આપણી સહુની શ્રદ્ધા ને વિશ્વાસપૂર્વકની દૃઢ પ્રતીતિ છે.

તેથી જ સમગ્ર ગુણાતીતસમાજના વરિષ્ઠ જ્યોતિર્ધર, સુહૃદસમ્રાટ, આત્મીયસિન્ધુ ગુરુહરિ પ.પૂ. હરિપ્રસાદસ્વામીશ્રી; આ અલૌકિક, દિવ્ય ને મહામંગલકારી 'સ્વામીની વાતો'ના યથાર્થ માહાત્મ્ય વિશે ને તેના વાંચન, મનન ને નિદિધ્યાસ અર્થે આપણને અહોનિશ સજાગ કરતા કહે છે કે,

...આપણી વિશેષતા એક જ છે કે આપણે અક્ષરપુરુષોત્તમની સનાતન શુદ્ધ ઉપાસનાના સેવકો છીએ. દેહના ૫૧ ભૂતમાંથી જીવને જુદો કરીને શુદ્ધ અક્ષરબ્રહ્માત્મક બનાવવા માટે ભગવાન સ્વામિનારાયણનો મૂળ સંકલ્પ છે અને એ માટે એમણે આપેલ 'વચનામૃત' અને 'સ્વામીએ આપેલ વાતો'એ આપણી પર કરુણા જ છે. તમે એ વાણીમાં વિશ્વાસ રાખજો બસ !

...અક્ષરપુરુષોત્તમ મહારાજના હૃદયમાં એક જ અરમાન, એક જ આલોચ છે કે અક્ષરપુરુષોત્તમ ઉપાસનાને સમજીને સુખી થાઓ કારણ એ અંતિમ લક્ષ્ય છે.

...ગુણાતીતાનંદસ્વામીના અપાર દાખડાના ફળસ્વરૂપે આ ઉપાસનાની વાતો ભગતજી મહારાજ, જાગાસ્વામી, કૃષ્ણજી અદા જેવા કોક સમજ્યા અને અક્ષરરૂપ થયા. એ વાતો ના સમજાઈ હોત તો કોઈ મુક્ત અક્ષરરૂપ ના થાત.

...જે અક્ષરબ્રહ્મના પારને પામવા આર્ષદૃષ્ટા પુરુષોનું જ્ઞાન અસમર્થ થઈ ગયું, છેવટે લખી નાંખ્યું, 'નેતિ, નેતિ...'; એ અક્ષરબ્રહ્મની મંગલકારી સનાતન બ્રહ્મસ્વરૂપી વાણી પૃથ્વીપર સાકારસ્વરૂપે આવી. ધન્ય ગુણાતીત ! સ્વામીની વાતો લઈને બેસો તો ખ્યાલ આવી જાય કે તમે ક્યાં છો ? ...અને તમારે કેમ વર્તવાનું છે ?

...ગુણાતીતાનંદસ્વામીએ મહારાજના અપરંપાર મહિમાની અને સિદ્ધાંતની વાતો કરી છે. એકબાજુ અપરંપાર મહિમા ગાયો છે અને બીજી બાજુ, એ સાકાર કરવા માટેની અનુપમ સૂઝ પણ આપી છે. 'પવિત્ર' શબ્દને પણ મૂલ્ય વગરનો બનાવી દે એવી ચિદાકાશની એ ચૈતન્ય પરાવાણી–સ્વામીની વાતોમાં

અવિશ્વાસ નહિ લાવવાનો. ન સમજ પડે તો માફી માંગજો પણ અવિશ્વાસ નહિ લાવવાનો.

...જે દિવસે સાકારબ્રહ્મની વાણીમાં વિશ્વાસ આવશે એ દિવસે વચનામૃતમાં વિશ્વાસ આવશે અને સાકારબ્રહ્મની વાણીને સમજશો ત્યારે વચનામૃત કંઈક સમજાશે.

...આત્માના અનંત રોગોને જોઈને ગુરુ ગુણાતીતે - સર્વજ્ઞ પુરુષે વાતો કરી છે, જેથી નિશાન ને ધ્યેય એકધાર્યું સ્પષ્ટ રહે. સ્વામીની વાતોનો અભ્યાસ ન કરે તો સાધકજીવનમાં સાનુકૂળતા ક્યારેય ન પ્રગટે. એક, એક વાત એટલી બધી સૂક્ષ્મ મૂકી છે.

...સ્વામીની વાતોના અભ્યાસ સિવાય સાધકને પોતાના સમ્યક્ દોષોનું દર્શન થાય એ શક્ય નથી. ગુરુ ગુણાતીત ના આવ્યા હોત તો આપણને સાત્વિક માન દેખાત જ નહિ. તપશ્ચર્યા, ત્યાગ, વૈરાગ્ય, જ્ઞાન, ભક્તિનું જાણપણું, બુદ્ધિની સારપ, 'હું કંઈક સમજી શકું છું.' એનું જાણપણું દેખાત જ નહિ. સ્વામીની વાતો તમને નિરંતર વૃદ્ધિને પમાડશે, આપણો સમય નહિ બગડે. બહુ કૃપા માનજો કે ગુણાતીત જ્ઞાનની વાતો તમે સમજી શકો છો.

...'વાતો' તમને એવા જાગ્રત રાખશે કે તમારા મન-બુદ્ધિ બીજે જતા હોય તો મહારાજ અંદર રહીને તમારા આત્માને જાગ્રત કરશે. વાતોના અભ્યાસથી તમે સ્વાધ્યાય-ભજન સહજતાથી કરી શકો. પ્રભુ તમને એવો બુદ્ધિયોગ સહજ આપે.''

તેથી જ એકવખત ગુરુ ગુણાતીતના મહામંગલકારી પ્રાગટ્યદિને-શરદપૂર્ણિમાના દિવ્યાવસરે, પોતાના ભાગવતી દીક્ષાદિનની માહાત્મ્યસભર ને હૃદયસ્પર્શી અંજલિ અર્પણ કરતા ગુરુહરિ સ્વામીશ્રીનાં મુખારવિંદે ઐતિહાસિક શબ્દો સહજ જ સરી પડ્યા કે ''...આપણે સહુ નસીબદાર છીએ કે આ વાતો આપણને સમજાય છે. મહારાજે ખૂબ કરુણા કરી કે ગુરુ ગુણાતીતને ધરતી પર લાવ્યા. માટે ગુણાતીતાનંદસ્વામીની આ વાતો સહુ વાંચશો અને બરોબર વિચારશો. આ વાતો સિવાય સાધકોની સાધના યથાર્થ સ્પષ્ટ ના થાય. થોડા વર્ષો પછી તો ગુણાતીતાનંદસ્વામીની વાતો તો, અહોહો...! ઘરેઘર મૂળ શાસ્ત્ર થઈ જશે. વાતુ એ વાતુ !!!

આવા મહાપ્રાસાદિક, ગૌરવવંતા ને પરમસંજીવનીસ્વરૂપ આ ગ્રંથની

અદ્યાપિપર્યંત બધી જ પ્રાપ્ત વાતોનું, યથાર્થસ્વરૂપે સંપૂર્ણ પ્રકાશન પ્રસિદ્ધ થાય, એ બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી યોગીજીમહારાજની અંતરની અભીપ્સા હતી. ભગવત્સ્વરૂપ પ.પૂ. કાકાશ્રી કે જેઓએ તે સમયે પ્રાપ્ત સોળેસોળ પ્રકરણોની વાતોનો સઘન અને અહર્નિશ અભ્યાસ કર્યો છે ને તેના આધારે સાધકવૃંદને અદ્ભુત સૂઝ આપી છે; તેઓશ્રી પ્રસંગોપાત ગુરુહરિ પ.પૂ. સ્વામીશ્રીને સખાભાવે કહેતા કે આપણે આ વાતો છપાવવી છે અને ગુણાતીતસમાજમાં ઘરોઘર સહુ એનો અભ્યાસ કરે તેવું ગોઠવવું છે.

ઈ.સ. ૧૯૬૫માં પરમસદ્‌ગુરુવર્ય શ્રી ગુણાતીતાનંદસ્વામીના જ પ્રાગટ્યપર્વ શરદપૂર્ણિમાએ ગુરુદેવ યોગીબાપાના સ્વહસ્તે ગુરુહરિ સ્વામીશ્રીએ ભાગવતીદીક્ષા સંપન્ન કરી કે જે અલૌકિક પ્રસંગે યોગીબાપા; અંતરના ઉમંગે, સહજસ્વભાવે બોલી ઉઠ્યા કે "ડભાણમાં મોટો યજ્ઞ કરી મહારાજે, જેવી પોતાના ધામરૂપ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીને દીક્ષા આપી એવી જ દીક્ષા આજે અમે પ્રભુદાસભાઈને (પ.પૂ. હરિપ્રસાદસ્વામીશ્રીને) પ્રદાન કરી છે." એવા મહિમાવંતા સ્વામીશ્રી તો છેક ક ઈ.સ. ૧૯૮૩ થી - ગુણાતીત દ્વિશતાબ્દી મહોત્સવના પ્રથમ સોપાનની ઉજવણીના મંગલકારી અવસરથી જ, 'સ્વામીની વાતો'ના સંપૂર્ણગ્રંથના પ્રકાશન માટે અત્યંત ઉત્સુક ને તત્પર હતા !

સમય ને સંજોગો, દેશકાળ ને અવસર બદલાતા રહ્યા પરંતુ ગુરુહરિ સ્વામીશ્રીનો એ આલોચ ને ઝંખના, એ સંકલ્પ ને દઢાવ સતત રહ્યા, જેના ફળસ્વરૂપે તથા એક 'અનામી' મુક્તરાજના વર્ષોના ભક્તિપૂર્ણ શ્રદ્ધાપ્રચુર સહયોગ, અભ્યાસ અને સમર્પણના પરિપાકરૂપે આજે અમે સહુ, શ્રી ઠાકોરજી, સ્વામીશ્રી શાસ્ત્રીજીમહારાજ, સ્વામીશ્રી યોગીજીમહારાજ, ગુરુહરિ સ્વામીશ્રી, સહુ ગુણાતીત જ્યોતિર્ધરો તથા સમગ્ર ગુણાતીતસમાજના ચરણે આ અદ્ભુત ગ્રંથ પ્રસ્તુત કરી શક્યા છીએ.

આ ગ્રંથના વાચકવર્ગને બીજી એક સ્પષ્ટતા કરવી જરૂરી લાગે છે કે અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીએ આ પરાવાણી; શ્રી અક્ષરપુરુષોત્તમમહારાજની યુગલ ઉપાસનામાં; ગુણાતીત કે બ્રહ્મસ્વરૂપ સંતના આશરે, છતીદેહે આત્યંતિકી મુક્તિનાં ધ્યેયપ્રતિ પ્રગતિ કરનારા મુક્તોને માટે જ વહાવી છે. આ ગુણાતીતજ્ઞાનનું વિશિષ્ટ syllabus માત્ર તેવા મુમુક્ષુવર્ગને નજર સમક્ષ રાખીને જ સદ્. શ્રી ગુણાતીતનંદસ્વામીએ ઉદ્‌બોધ્યું છે.

તેઓશ્રી સર્વાવતારી પૂર્ણપુરુષોત્તમનારાયણના પ્રથમ આધ્યાત્મિક વારસદાર હતા; તેમજ ભગવાન શ્રી સ્વામિનારાયણની આત્યંતિક કલ્યાણપેઢીના પ્રથમ બ્રહ્મસ્વરૂપ સંતશિરોમણી ને યુગપુરુષ હતા. શ્રીજીપ્રબોધિત યુગલ ઉપાસનાને આશરે જીવન જીવતા અનંત મુક્તોનાં આત્માના પરમશ્રેય માટે, તેઓ સહુની સ્વરૂપનિષ્ઠા ને મહિમાની અનિવાર્ય દઢતા માટે, ભગવત્સ્વરૂપ ગુણાતીત સંત સાથે આદર્શ સંબંધ પ્રસ્થાપિત કરી, દેહ અને આત્માની વિક્તિ સર્વોત્કૃષ્ટપણે સમજી-વિચારી, સહુ મુક્તો સરળતાથી ને સહજતાથી આ ધુધુબાજ માર્ગે નિર્વિઘ્ન ને વેગવંતી પ્રગતિ સાધી શકે તેવા અત્યંત ઉદાર, કરુણાસભર ને સ્પષ્ટ આશયથી જ સ્વામીશ્રીએ આ ગુણાતીતજ્ઞાનની દિવ્યગંગા વહાવી છે.

તેથી આ યુગલ ઉપાસના સિવાયના અન્ય સંપ્રદાયના મુમુક્ષઓએ કે સાધકોએ; આ 'સ્વામીની વાતો'ના વાંચન કે અભ્યાસ દરમ્યાન કોઈ પોતાને સમજવામાં ન આવે કે 'પચ ન પડે' એવા શબ્દસમૂહથી કે ગદ્યભાગથી કોઈ મૂંઝવણ અનુભવવાની, ઉદાસ થવાની, ભાવફેરમાં જવાની કે વિશ્લેષણ કરવાની આવશ્યકતા નથી. આ ગુણાતીતજ્ઞાનનો વિશિષ્ટ અભ્યાસક્રમ છે. એમાં કોઈપણ અન્ય ઈષ્ટદેવ કે અવતારવાદનું ખંડન કરવાનો, ગુરુ ગુણાતીતનો કે તત્પશ્ચાત્ ગુણાતીત પરંપરાના જ્યોતિર્ધર યુગપુરુષોનો કોઈ કિંચિત્ આશય હતો નહિ, છે નહિ અને હશે પણ નહિ.

...કારણકે આ મહિમાવંતી યુગલ ઉપાસનાનાં સ્થાપન ને પ્રવર્તન માટે આજીવન ભેખ લેનાર સ્વામીશ્રી શાસ્ત્રીજીમહારાજ, સ્વામીશ્રી યોગીજીમહારાજ, પ્રમુખસ્વામી મહારાજ, ગુરુહરિ હરિપ્રસાદસ્વામીજી કે સદ્ગુરુવર્ય મહંતસ્વામીજી દ્વારા દેશ-વિદેશમાં પ્રતિષ્ઠિત હરિમંદિરો કે શિખરબદ્ધ મંદિરોમાં વર્ષોથી શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી લક્ષ્મીનારાયણ દેવ, શ્રી નરનારાયણદેવ, શ્રી શિવશક્તિ વગેરે આરાધ્ય દેવોની પ્રતિષ્ઠા અંતરના મહિમાપૂર્વક કરવામાં આવી છે; તેમજ યાવચ્ચંદ્રદિવાકરૌ જે તે દિવ્યસ્વરૂપોનાં પૂજન, અર્ચન ને આરાધન, નિરંતર ભક્તિભાવપૂર્વક થયા જ કરે તેવી ઉત્કૃષ્ટ સર્વદેશીય પ્રણાલિકાનું સ્થાપન પણ કરવામાં આવ્યું છે.

તો આ સંપ્રદાય સિવાયના તમામ શ્રેયાર્થી મુમુક્ષુઓ 'સ્વામીની વાતો'ના વાંચન ને અભ્યાસ દરમ્યાન આ મુદ્દાપ્રતિ તટસ્થભાવે લક્ષ્ય રાખે તે સહુના હિતમાં છે ! તેથી અત્રે વિનમ્રભાવે ઉલ્લેખ કર્યો છે !

હવે આ પ્રકાશન વિશેની કેટલીક સ્પષ્ટતાઓ તરફ લક્ષ્ય કરીએ તો, સંદર્ભસૂચિના પરિશિષ્ટમાં જણાવેલા સ્વામિનારાયણ સંપ્રદાયના, શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાને સુપુષ્ટ કરતી સૈદ્ધાંતિક વિચારધારાના સમર્થકોના તેમજ સનાતન ભારતીય સંસ્કૃતિના પ્રસિદ્ધ ગ્રંથોની સહાય લઈને, તે બધાનો આધાર લઈને આ ગ્રંથનું પ્રકાશન કરવામાં આવ્યું છે.

વર્ષોપૂર્વે સોળ પ્રકરણોની બધી જ વાતો પ્રકાશિત થઈ હતી. પછી ચૌદ પ્રકરણો સુધીની સામગ્રી ઉપલબ્ધ થઈ. ક્યારેક સાત પ્રકરણો પર્યંત જ 'વાતો' પ્રાપ્ત થઈ, અંતે પવઈ (મુંબઈ) યોગી ડિવાઈન સોસાયટી તરફથી સાધકવૃંદના 'યોગેશ્વર' ભાઈઓએ, ચૌદ પ્રકરણોની વાતો એક ગ્રંથરૂપે પ્રકાશિત કરી.

આ ગ્રંથના સોળેય પ્રકરણની બધી જ પ્રાસાદિક વાતોના સંપૂર્ણ પ્રકાશન માટે; મહામુક્તરાજ સદ્‌ગુરુવર્ય પ.પૂ. કૃષ્ણજી અદાના પૌત્ર મુક્તરાજ બદ્રિનાથભાઈ તથા અદાશ્રીના ગુણાતીત પરિવારના વર્તમાનકાળે વિદ્યમાન વડીલ મુક્તોની સહર્ષ ને લેખિત અનુમતિ અમને પ્રાપ્ત થયા પછી, આ બધી જ વાતોનું પ્રકાશન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. તેથી તેઓશ્રીના આ ઔદાર્યપૂર્ણ સૌજન્ય પ્રત્યે અમે સહુ અંતરનો આભાર વ્યક્ત કરીએ છીએ. પવઈથી પ્રકાશિત ગ્રંથમાંથી પણ ઘણી ઉપયોગી માહિતી અમને સાંપડી છે. તેઓ તો ગુણાતીતબાગના જ સુગંધિત પુષ્પો છે, પછી કોણ કોનો આભાર માને !

સંતવર્ય પૂ. શાસ્ત્રીસ્વામીએ અથાક પરિશ્રમ લઈ પૂર્વે પ્રકાશિત થએલા, સ્વામીની વાતોના તમામ પુસ્તકોનો તલસ્પર્શી અભ્યાસ કરી, નૂતન પ્રકાશન અંગે સ્પષ્ટ ચિત્ર રજૂ કર્યું. અલ્પ સમયમર્યાદામાં આ મહાનગ્રંથને સુવ્યવસ્થિતરૂપે પ્રકાશિત કરવાની ઐતિહાસિક સેવામાં 'નિમિત્ત' બનવાનું સદ્‌ભાગ્ય અમને સાંપડ્યું !

સંતોના સંસ્કૃતના ગુરુજી પૂ. પંકજભાઈ ઠાકરે વિવિધ શ્લોકોના અર્થોને ક્ષતિરહિત કરી શુદ્ધસ્વરૂપે પ્રસ્તુત કરવામાં આત્મીયભાવે સુભગ પ્રદાન આપ્યું છે. આત્મીયસ્વજન પ.ભ. ભગવતભાઈ બ્રહ્મભટ્ટ સાહેબ તથા પ.ભ. રામદાસભાઈ બ્રહ્મભટ્ટ સાહેબે પ્રુફ રીડીંગમાં સમયની સામે બાથ ભીડીને સુંદર સેવા અદા કરી છે. સંસ્કૃતનો અભ્યાસ કરનારા નાના સંતો તથા 'પરાદર્શન' વિભાગના સહુ સંતોએ આ સેવામાં ખૂબ જ ખંત ને શ્રદ્ધાપૂર્વક ગુરુહરિના આદેશને ઝીલવા 'હાં હાં ગડથલ' કરી છે.

આત્મીયસમાજના અધ્યક્ષ પૂ. વિઠ્ઠલદાસ (પૂ. ફુઆ)નાં અનુભવપૂર્ણ માર્ગદર્શન હેઠળ, આણંદ પ્રેસમાં મુદ્રણનો કાર્યભાર સંભાળતા સહુ ભાઈઓએ અલ્પ સમયમર્યાદામાં આ ગ્રંથનાં નિર્માણકાર્યમાં ખૂબ જ જહેમત ઉઠાવી છે.

છતાંય જે કાંઈ ક્ષતિઓ કદાચ રહી ગઈ હોય તે અર્થે અમોને આપ ઉદારદિલે ક્ષમ્ય ગણશો જ એવો ભરોસો છે ! તદપિ શ્રીજીમહારાજ અને ગુરુહરિશ્રીની પ્રેરણાથી ભવિષ્યમાં પુનરાવૃત્તિની તક સાંપડે તો એવી ક્ષતિઓનું નિરસન કરવા માટે અવશ્ય સજાગ રહીશું ! આ ગ્રંથનો અભ્યાસ કર્યા પછી, એ સંબંધી આપનાં કોઈપણ ઉપયોગી સૂચનો અમારે માટે હંમેશાં આવકારદાયક રહેશે.

ચૌદ પ્રકરણમાં પ્રકાશિત નહીં થએલી તમામ વાતોનો ખજાનો અમને પ્રકાશનના અંતિમ તબક્કામાં પ્રાપ્ત થયો. એવી સઘળી વાતોને પ્રકરણ-૧૫ અને પ્રકરણ-૧૬માં સમાવિષ્ટ કરવામાં આવી છે. માટે પરિશિષ્ટોમાં, એ બે પ્રકરણો-સંબંધી બધી જ માહિતી અમે આવરી લઈ શક્યા નથી, તેની વિનમ્ર રજૂઆત કરીએ છીએ. ભવિષ્યમાં થનારા આ ગ્રંથપ્રકાશનમાં તે વિશે અવશ્ય લક્ષ્ય રાખીશું.

લગભગ છેલ્લા બે મહિનાથી આવા મહાનગ્રંથની તમામ વાતોનો અભ્યાસ કરવાનો અનુપમ લ્હાવો અમને ગુરુહરિશ્રીની પ્રેરણાને લીધે ઉપલબ્ધ થયો ! સ્વામીશ્રીએ પણ અવારનવાર; ક્યારેક તો રાત્રે એક કે દોઢ વાગ્યાના સુમારે; પોતે અત્યંત શ્રમિત ને અસ્વસ્થ હોવા છતાં આ ગ્રંથના પ્રકાશન માટે; આ અવસ્થાએ અનેરા ને અલૌકિક ઉમંગ, ઉત્સાહ, ધગશ ને સચોટતાનું તથા ગુરુ ગુણાતીત પ્રત્યેના કલ્પનાતીત અહોભાવનું અદ્‌ભુત દર્શન કરાવ્યું છે; જે અમને-પ્રકાશનવૃંદના સહુ સંતો-મુક્તોને સમયસર આ સેવા પૂર્ણ કરવામાં 'પરમપાથેય' બની રહ્યું !!

અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીએ તો કહી જ દીધું છે કે આ તે કાંઈ વાતુ છે ! આ તો અમૃત છે ! અમૃતના મહાસાગરસમા આ ગ્રંથરત્નના સંપાદન ને પ્રકાશનની વિશિષ્ટ સેવામાં નિમગ્ન થવાનું સૌભાગ્ય અમસહુને સાંપડ્યું !

વળી અમૃતના ઉદધિસમાન પ્રગટ ગુરુહરિ સ્વામીજીના 'અમૃત મહોત્સવ'નાં - ભારતવર્ષમાં ઉજવાઈ રહેલાં પ્રથમ સોપાનની અલૌકિક ઉજવણીના મંગલકારી અવસરે, આ સંપૂર્ણ ગ્રંથ બંને ભાગમાં પ્રકાશિત થઈ રહ્યો છે. તો એના પ્રકાશનની સેવામાં સહભાગી થયેલા સહુનાય અંતરે તેમજ સમગ્ર આત્મીયસમાજના સહુ મુક્તોનાં હૃદયે અપૂર્વ હર્ષ ને આનંદ સહજ જ હોય !

...અંતે શ્રી ઠાકોરજી, ગુરુહરિ સ્વામીશ્રી ને સહુ વિભૂતિસ્વરૂપોના પુનિત

ચરણોમાં અંતરની પ્રાર્થના કે...

આ ગ્રંથનાં વાંચન, મનન, ચિંતન ને નિદિધ્યાસમાં નિરંતર અનુસ્યૂત રહી, ગુરુહરિશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી, સહુ પ્રથમ અમે નખશીખ 'અમૃત'મય બનીએ ને સર્વદા અમૃતસભર સાક્ષાત્કારનો લ્હાવો માણતા થઈએ !

આવા ને આવા સેવાયજ્ઞમાં આહુતિ બની હોમાઈ જવાનું સૌભાગ્ય અમ સહુને પ્રાપ્ત થયા જ કરે એ જ અભીપ્સા સહ, પુનઃ ક્ષમાયાચનાપૂર્વક...

પ્રકાશનસમિતિ વતી

સેવક સાધુ યજ્ઞવલ્લભદાસના (દાસસ્વામીના)

પ્રણામ સહ જય શ્રી સ્વામિનારાયણ.

## ॥ श्री स्वामिनारायणाष्टकम् ॥

प्रफुल्लपङ्केरुहनेत्रयुग्मं लावण्यधामस्मितयुक्तवक्त्रम् ।
कोटिप्रभानाथसमानभासं श्रीस्वामिनारायणमाश्रयामि ॥१॥

અર્થ :- જેઓ ખીલેલાં કમળ જેવાં નેત્રોવાળા છે, લાવણ્યના ધામ છે, જેમના વદન ઉપર હાસ્ય ફરકે છે, અને જે કોટિ સૂર્ય સમાન પ્રકાશવાન છે તે શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું શરણે જાઉં છું.

विभूषितं चन्दनचर्चिताङ्गं सुपुष्पकर्णं नवमेघवर्णम् ।
श्वेताम्बरं श्वेतयशोवितानं श्रीस्वामिनारायणमाश्रयामि ॥२॥

અર્થ :- જે સુંદર અલંકારોથી સુશોભિત છે, જેમના અંગ ઉપર ચંદનની આકૃતિઓ દોરેલી છે, કાનમાં સુંદર ફૂલ છે, જેમનો નવમેઘ સમાન નીલ વર્ણ છે, જેમણે શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં છે, અને જેમની ઉજ્જ્વળ કીર્તિ ચારે બાજુ ફેલાયેલી છે, એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું શરણે જાઉં છું.

अखण्डभूमण्डलभागधेयं मोहान्धकारात्ययरश्मिमन्तम् ।
संसारसंतारणनामधेयं श्रीस्वामिनारायणमाश्रयामि ॥३॥

અર્થ :- જે અખંડ ભૂમંડલના અહોભાગ્ય જેવા છે, મોહરૂપી અંધકારનો નાશ કરનાર પ્રકાશવાળા છે, જેમનું નામ સંસારને તારનારું છે, એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું શરણે જાઉં છું.

सर्वेश्वरैर्वै भजनीयमूर्तिमुपासनीयं पुरुषावतारैः ।
वेद्यं च ध्येयं परमाद्वितीयं श्रीस्वामिनारायणमाश्रयामि ॥४॥

અર્થ :- મહા ઐશ્વર્યવાન અવતારી પુરુષો પણ જેમની ઉપાસના કરે છે એવા મનોહર સ્વરૂપવાળા, જાણવા યોગ્ય અને ધ્યાન કરવા યોગ્ય એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું શરણે જાઉં છું.

स्वधाममुक्तैः प्रकटीकृतस्वं श्रीमद्गुणातीतमुनीशवन्द्यम् ।
स्वोपासनास्थापकमव्ययायं श्रीस्वामिनारायणमाश्रयामि ॥५॥

અર્થ :- નિજ ધામના મુક્ત પુરુષો જેમના પ્રગટ સ્વરૂપનું દર્શન કરે છે, શ્રીમાન મુનીશ્વર ગુણાતીતસ્વામી પણ જેમને વંદન કરે છે, જે ખરેખર જાણવા યોગ્ય છે અને ધ્યાન કરવા યોગ્ય છે, તે પરમ અદ્વિતીય શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું શરણે જાઉં છું.

**परात्परं भक्तजनैकगम्यं वचोऽमृतैस्तर्पितभक्तसार्थम् ।**
**सत्सङ्गसाध्यं मुनिवर्यसेव्यं श्रीस्वामिनारायणमाश्रयामि ॥६॥**

અર્થ :- જે પરથી પણ પર છે, જેમને ભકતજનો જ ઓળખી શકે છે, જે અમૃતમય વાણીથી પોતાના ભકત મંડળને તૃપ્ત કરે છે, સત્સંગ દ્વારા જેમના સાન્નિધ્યમાં પહોંચી શકાય છે અને મુનિવરો પણ જેમની સેવા કરે છે તે શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું શરણે જાઉં છું.

**आद्यन्तहीनं नरदेहवन्तं निजाश्रिताभीष्टकरं परेशम् ।**
**सदक्षरात्मानमघौघनाशं श्रीस्वामिनारायणमाश्रयामि ॥७॥**

અર્થ :- જેમનો આદિ નથી અને અંત નથી, જેમણે મનુષ્ય રૂપ ધારણ કર્યું છે, જે પોતાના ભકતોની ઇચ્છાઓને પૂર્ણ કરે છે, એવા પરમેશ્વર સત્સ્વરૂપ અને અક્ષરરૂપ તથા પાપના થોક્ને હરી લેનાર શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું શરણે જાઉં છું.

**बृहत्पुरे भक्तहृदिस्थितं तं मुक्तिप्रदं मुक्तजनावलम्बम् ।**
**स्तुतं महामुक्तगणैश्च नित्यं श्रीस्वामिनारायणमाश्रयामि ॥८॥**

અર્થ :- જે બૃહત્પુરમાં (અક્ષરધામમાં) ભકતજનોના હૃદયમાં નિત્ય નિવાસ કરે છે, જે મુક્તિના આપનાર છે, જે મુકતજનોના આધાર છે તથા મહાન મુકતગણો પણ જેમની સ્તુતિ કરે છે તે શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું શરણે જાઉં છું.

# અનાદિ મૂળઅક્ષર
# સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદસ્વામીનું
# સંક્ષિપ્ત જીવન વૃત્તાંત

लोके यो मनुजाकृतिः समभवत् श्रीस्वामिनारायणो-
हेतून्साधयितुं च योऽक्षरपरो भक्तायनायेच्छया ।
भक्तिज्ञानयुतं च धर्मभवनौ संस्थापयन् मुक्तिदं-
सर्वाधीशमहं नमामि सहजानन्दं सतामाश्रयम् ॥

અર્થ :- જે પરમ અક્ષર સ્વરૂપ સ્વામિનારાયણ ભગવાને ભકતોનાં કાર્ય સાધવા માટે ભકતોમાં લીલા કરવાની ઇચ્છા કરીને આ પૃથ્વીલોકમાં પુરુષરૂપે અવતાર ધારણ કર્યો, ભકિત અને જ્ઞાનસ્વરૂપ મુકિત આપનાર બે ધર્મભવનોની સ્થાપના કરી, એવા સંતજનોના આધાર, સર્વાધીશ સહજાનંદસ્વામીને હું નમસ્કાર કરું છું.

नमामि सहजानन्दं नित्यं सर्वावतारिणम् ।
मूलाक्षरस्वरूपं च गुणातीतं मुनिं मुदा ॥

અર્થ :- સર્વ અવતારોના અવતાર એવા સહજાનંદ સ્વામીને તથા મૂળઅક્ષરસ્વરૂપ ગુણાતીત સ્વામીને હું પ્રેમથી વંદન કરું છું.

दिव्यैश्वर्यसमग्रशक्तिनिकरं पूर्णं च मायापरं
सच्चित्सौख्यमयं सदैव सहजानन्दान्वितं शाश्वतम् ।
साक्षादक्षरमुक्तकोटिपरमाधारं च मूलाधरं
वन्दे श्रीहरिधामसाकृतिगुणातीताभिधं सद्गुरुम् ॥

અર્થ :- દિવ્ય ઐશ્વર્ય અને સમગ્ર શકિતઓના ભંડાર, પૂર્ણ, માયાથી પર, સદાય સચ્ચિદાનંદમય, નિત્ય સહજાનંદયુકત, કરોડો અક્ષરમુકતોના સાક્ષાત્ પરમ આધાર, તથા મૂલાધાર, શ્રી હરિરૂપ તથા સાકાર તેમ જ ગુણાતીત એવા ગુણાતીત નામના સદ્ગુરુને હું વંદન કરું છું.

-----()-----

કાઠિયાવાડમાં હાલાર પ્રાંતમાં જામનગર તાબાનું લતીપુર નામે ગામ છે. ત્યાં સંવત ૧૮૦૪ની સાલમાં સ્વામીશ્રી આત્માનંદજીના કેટલાક શિષ્યો રહેતા હતા. તેમાં ઔદીચ્ય જ્ઞાતિના વલ્લભજી નામે એક સંસ્કારી યજુર્વેદી બ્રાહ્મણ હતા. તેમનું ગોત્ર વસિષ્ઠ, શાખા માધ્યંદિની અને પ્રવર ત્રણ હતાં. તેમને કાંઈ સંતાન ન

હોવાથી સોમનાથ મહાદેવનું પૂજન કરી શંકરની પ્રસન્નતા મેળવવા આત્માનંદ-સ્વામીએ એક વખત તેમને કહેલું; તે ઉપરથી ગુરુવચનમાં વિશ્વાસ રાખી વલ્લભજીએ શ્રાવણ માસમાં શ્રીસોમનાથ મહાદેવનું પૂજન કર્યું હતું. બાદ સંવત ૧૮૦૬માં તેમને ત્યાં પુત્રનો જન્મ થયો, જેનું નામ ભોળાનાથ (બીજું નામ કેશવજી) પાડવામાં આવ્યું હતું.

સંવત ૧૮૧૪માં ભોળાનાથને યજ્ઞોપવીત આપવા પ્રસંગે સ્વામીશ્રી આત્માનંદજી લતીપુર આવ્યા હતા. ભોળાનાથે નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળી અધ્યયનમાં જીવન ગાળવા સ્વામીશ્રી પાસે રજા માગી. સ્વામીશ્રી આત્માનંદજી દીર્ઘદષ્ટિવાળા હતા. તેથી તેને યોગ્ય ઉંમરે ગૃહસ્થાશ્રમમાં રહેવાનું કહ્યું અને વર આપ્યો કે, 'તારા પુત્ર પ્રગટ પુરુષોત્તમ ભગવાનના આશ્રિત થઈ સદ્ધર્મ ફેલાવશે.' તે સાંભળી બીજા પાંચ સેવક હતા તેમણે પણ આશીર્વાદ માગતાં, ગુરુ બોલ્યા કે, 'તમારા પુત્રોને પણ પ્રગટ ભગવાન મળશે.' ત્યારે સુખદેવ દવેએ (સ્વામીના નાનાએ) પ્રાર્થના કરી કે, 'હું ઘરભંગ છું અને ફક્ત પાંચ વરસની સાકર (બીજું નામ પુરીબાઈ) નામની મારે એક પુત્રી છે, તેને આશિષ આપો.' એટલે તે પુત્રી તરફ જોઈને ગુરુ બોલ્યા કે, 'આ મહાન ભાગ્યશાળી બાઈથી ભોળાનાથને આપેલ વરની સફળતા થાશે.'

સ્વામીશ્રી આત્માનંદજી અને તેમના શિષ્યો ઉપર લતીપુરમાં અજ્ઞાની માણસો દ્વેષ રાખતા હતા તેથી તેઓ લતીપુર છોડી ચાલી નીકળ્યા. સંવત ૧૮૧૪ના પોષ વદ ૭ ના રોજ ગામ બહાર નીકળતાં ગાય સામી મળી, ત્યારે એક શિષ્ય બોલ્યો કે, 'ગુરુ મહારાજ ! શુકન સારાં થાય છે.' ત્યારે સ્વામી બોલ્યા કે, 'આજ કાઠિયાવાડમાં મહામુક્તનો જન્મ થયો છે; તે મુક્તાનંદજી નામે વિખ્યાત થઈ સદ્ધર્મની પ્રવૃત્તિ કરશે.'

પછી સ્વામીશ્રી આત્માનંદજી ફરતા ફરતા સોરઠમાં મેખાટિંબી ગામે ગયા, જ્યારે વલ્લભજી અને ગગાભાઈ સુતાર હાલારમાં જ ભાદરા ગામે રહ્યા, રામભાઈ સુતાર શેખપાટ રહ્યા, સુખદેવ દવે તથા હરિભાઈ કાલાવડ ગયા અને નાનદાસ પટેલ ગુજરાતમાં ગયા. સ્વામીશ્રી આત્માનંદજીએ આપેલા વર મુજબ તેમના આ બધા શિષ્યોનાં પુત્રપૌત્રાદિક પ્રગટપુરુષોત્તમ શ્રી સહજાનંદસ્વામીના આશ્રિત થયા.

નાનદાસ પટેલના બે પૌત્રો શ્રી સ્વામિનારાયણ પ્રભુના પરમ એકાંતિક શિષ્યો થયા હતા. રામભાઈ સુતારના પુત્ર લાલજી, તે વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ-સ્વામી થયા. તેમનો જન્મ સંવત ૧૮૨૨માં થયો હતો. સંવત ૧૮૬૦માં તેઓને

શ્રીજીમહારાજે સાધુની દીક્ષા આપી. તેઓ 'ભક્તચિંતામણિ', 'વચનવિધિ', 'સારસિદ્ધિ', 'કલ્યાણનિર્ણય', વગેરે વીસ ઉપરાંત ગ્રંથો રચી, તેમાં શ્રી સહજાનંદસ્વામીના ચરિત્રોનું ગાન કરી, સંવત ૧૯૦૪માં અક્ષરધામ નિવાસી થયા. આ ગ્રંથો સત્સંગમાં બહુ જ પ્રચલિત છે અને આજે પણ બહુ આદરથી વંચાય છે. ગગાભાઈ સુતારના પુત્ર વશરામભાઈ પણ શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત થયા હતા.


સંવત ૧૮૨૨માં સુખદેવ દવેની પુત્રી સાકરબાઈ સાથે ભોળાનાથનાં લગ્ન કાલાવડમાં થયાં. આ સમયે પણ સ્વામીશ્રી આત્માનંદજી કાલાવડમાં હાજર હતા. લગ્નવિધિ સંપૂર્ણ થયા પછી જ્યારે તેઓ સ્વામીશ્રીને પગે લાગવા આવ્યાં, ત્યારે સ્વામીશ્રીએ સાકરબાઈને આશીર્વાદ આપી કહ્યું કે, 'તારે બે પુત્રો થશે અને તેમને પ્રગટ ભગવાન મળશે. તેમાં મોટા પુત્ર તરીકે અક્ષરબ્રહ્મ પોતે જ અવતાર લેશે અને તે માટે શ્રી પુરુષોત્તમ નારાયણ પણ તારે ઘેર આવશે અને તારા હાથથી થાળ જમશે.'

આ સમયે સ્વામીશ્રી આત્માનંદજી કરતાં પણ વિશેષ સમર્થ એક બીજી વ્યક્તિએ સર્વનું ધ્યાન ખેંચ્યું હતું; જેનું નામ શ્રી રામાનંદસ્વામી હતું. તેઓ ઉદ્ધવજીનો અવતાર ગણાતા હતા. શ્રીરંગક્ષેત્રમાં શ્રી રામાનુજાચાર્યે દિવ્ય દેહે તેમને દીક્ષા આપી હતી.

ત્યાર પછી સ્વામીશ્રી આત્માનંદજીએ કાલાવડમાં પોતાના શિષ્યોને બોલાવી કહ્યું કે, 'મોક્ષની ઇચ્છાવાળા તમો મારા સર્વ સેવકો હવેથી શ્રી રામાનંદસ્વામીના આશ્રિત થઈ રહેજો. અમે તેને મહાદીક્ષા આપી છે; તેમને યોગે કરીને તમને શ્રી પુરુષોત્તમ નારાયણ સાક્ષાત્ મળશે.'

ભોળાનાથને લગ્ન થયા પછી ૧૫ વર્ષ સુધી સંતાન ન થવાથી સંવત ૧૮૩૭ના ચૈત્ર માસમાં ભાદરાના કેટલાક લોકો સાથે તેઓ પ્રભાસ શ્રાદ્ધ કરવા રવાના થયા. રસ્તામાં ચૈત્ર સુદિ ૮ ને દિવસે મેખાટિંબીમાં તેઓ રાત રહ્યા. બીજે દિવસે રામનવમી હોવાથી સ્વામીશ્રી આત્માનંદજીના શિષ્યો સાથે આઠમની રાત્રિના ભોળાનાથે પ્રભુ કીર્તન કર્યાં. પાછલી રાતે સાકરબાઈને સ્વપ્નમાં સ્વામીશ્રી આત્માનંદજીએ દર્શન દઈ કહ્યું કે, 'આજે સરવાર્ય દેશમાં અક્ષરપતિ પુરુષોત્તમ જન્મ ધારણ કરશે અને તેમને રહેવાનું ધામ અક્ષરબ્રહ્મ આજથી ચાર વરસે તમારે ત્યાં પુત્રરૂપે જન્મ લેશે; એટલે તે સંબંધમાં પ્રયાસ કરવાની જરૂર નથી.'

સ્વામીશ્રી આત્માનંદજીના વચન મુજબ સંવત ૧૮૪૧ના આસો સુદિ ૧૫ (શરદપૂનમ) મંગળવાર, ઉત્તરા ભાદ્રપદ નક્ષત્ર, ધ્રુવ યોગ, બવ કરણ, વગેરે બળવાન યોગમાં રાત્રિના ૧૧ ઘડી અને ૪૦ પળ જતાં ભોળાનાથને ઘેર સાકરબાઈ થકી મૂળઅક્ષરનો જન્મ થયો.




શ્રી જન્મકુંડલીકા

શ્રી રામાનંદસ્વામી જેમને સ્વામીશ્રી આત્માનંદજીએ પોતાને સ્થાને નીમ્યા હતા તે, આ વખતે શેખપાટથી ભાદરે આવ્યા હતા અને ભોળાનાથને ત્યાં પુત્ર જન્મ્યાના ખબર મળતાં તેમને બોલાવ્યા અને જન્મકુંડલી જોઈ પોતાની ખાસ ઇચ્છાથી તેનું મૂળજી નામ પાડયું અને કહ્યું કે, 'આ પુત્ર તરફ સર્વ મનુષ્ય આકર્ષાશે, બૃહસ્પતિ જેવા તે વકતા થશે અને બ્રહ્મવિદ્યાની પ્રવૃત્તિ કરશે. પુષ્કળ વૈભવ મળવા છતાં આ મહાયોગી વિરકત રહી ભગવાનને અખંડ રાખશે અને તેમના ઉપદેશનાં વાક્યો જિજ્ઞાસુઓને માર્ગદર્શક થઈ પડશે.'

આ પુત્રનો જન્મ થયા પછી ભોળાનાથને ત્યાં સુખ-સંપત્તિ વધવા માંડી. ભોળાનાથના પુત્ર શ્રી સ્વામિનારાયણના પરમ એકાંતિક ભકત થયા અને તેમને શ્રીજીમહારાજે દીક્ષા આપી, 'ગુણાતીતાનંદજી' નામ પાડયું. સ્વામીશ્રી ગુણાતીતાનંદજીની આકૃતિ ઘણી સૌમ્ય અને તેજસ્વી હતી. તેમના શરીરનો વર્ણ સહેજ શ્યામ, શરીર પુષ્ટ, છાતી પહોળી અને નેત્ર ઉઘાડાં તથા મોટાં હતાં. સ્વામીશ્રી ચાર વર્ષના થયા ત્યારે એક વખત તેમનાં માતુશ્રી પાસે દૂધ પીવા માગ્યું ત્યારે માતુશ્રીએ કહ્યું કે, 'ઠાકોરજીને ધરી આપું છું.' એટલે સ્વામીશ્રી કહે, 'અમે પીએ તે ભેળા ઠાકોરજી પણ પીએ છે, કારણ કે અમે તેમને અખંડ રાખ્યા છે. અમે

ગર્ભમાં હતા ત્યારે ને ગર્ભમાં આવ્યા મોર્યે ને અત્યારે પણ શ્રીજીમહારાજને હૃદયમાં અખંડ દેખીએ છીએ.'

એક વખત સ્વામીશ્રીએ તેમનાં માતુશ્રીને કહ્યું કે, 'આજે જનોઈનું ગીત ગાઓ.' ત્યારે માતાએ કહ્યું કે, 'તેનું શું કારણ ?' ત્યારે સ્વામીશ્રી કહે, 'આજે અયોધ્યામાં ધર્મદેવને ઘેર પ્રગટ ભગવાનને જનોઈ આપવાની માંગલિક ક્રિયા થાય છે, તેથી ગીત ગાવા કહીએ છીએ.' આ વાત ડોશીએ ગામમાં કહેવા માંડી કે, 'આ ચાર વરસના મૂળજી આમ બોલ્યા કરે છે.' એમ કહેતાં સ્વામીશ્રી પોતાના નાનાભાઈ સુંદરજીને હીંચકાવવા લાગ્યા અને બોલ્યા કે, ' મા ! મારે સાધુ થાવું છે ને આ સુંદરજી પણ સાધુ થાશે.' ડોશી કહે, 'આ છોકરાને કોઈકની નજર પડી હશે નહિતર બાળપણામાં આમ શીદ બોલે ?' વળી એક વખત સ્વામીશ્રી પટેલને ત્યાં જમવા ગયા હતા ત્યાં પણ કેટલોક ચમત્કાર જણાવી સ્વસ્તિ શબ્દમાં ભગવાનના નામ જેટલું સામર્થ્ય નથી એમ જણાવ્યું હતું.

સંવત ૧૮૪૯ના જેઠ સુદિ ૫ ના રોજ સ્વામીશ્રીને યજ્ઞોપવીત આપતી વખતે ગુરુએ શાસ્ત્ર ભણવાનો આદેશ કર્યો. ધર્મના ખરા સ્વરૂપનું જ્ઞાન પોતાને હોવાથી સ્વામીશ્રીએ કહ્યું કે, 'અમે ભણ્યા છીએ તેવું કો'ક જ ભણશે.' પછી સ્વામીશ્રી કાશીએ જવા તૈયાર થયા, ત્યારે તેમને મામા નહિ હોવાથી વશરામભાઈ તેમને તેડીને લાવ્યા. પછી તે બ્રહ્મસભામાં બેઠા ત્યારે ગુરુએ કહ્યું કે, 'કાશીએ ન ગયા ?' ત્યારે સ્વામીશ્રી કહે, 'કોટિ કાશી જેના ચરણમાં રહે છે તે પ્રભુ થોડા દિવસમાં આંહીં પધારશે અને આ ભૂમિને પરમ પવિત્ર કરશે.'

સંવત ૧૮૪૯ના અષાઢ સુદિ ૧૦ ને શુક્રવારના રોજ સ્વામીશ્રીના પિતાશ્રી ભોળાનાથ ધામમાં ગયા ત્યારે સ્વામીશ્રી બોલ્યા કે, 'આજે પિતા ધામમાં ગયા અને ધામના ધણી (અક્ષરધામાધિપતિ પુરુષોત્તમ) વનમાં પધાર્યા.'

સ્વામીશ્રી ગુણાતીતાનંદજીનું પૂર્વાશ્રમનું નામ મૂળજી મહારાજ હતું. જુદા જુદા ધર્મગ્રંથોનું નિરીક્ષણ કરી દરેકનો સાર સમજવાની તેઓ વૃત્તિ ધરાવતા હતા. તેમને તેમાં ક્યાંક શિથિલતા જોવામાં આવી હતી. છેવટે શેખપાટમાં જ્યારે શ્રી રામાનંદસ્વામીનો તેમને સમાગમ થયો ત્યારે બહુ જ સંતોષ પામ્યા. શેખપાટમાં રહેતા સુતાર લાલજીભક્ત (પાછળથી નિષ્કુળાનંદસ્વામી) સાથે તેમને એટલું હેત લાગ્યું હતું કે લાલજીભક્ત હમેશાં રાત્રે કામધંધાથી પરવારી ભાદરે તેમની પાસે સત્સંગ કરવા આવતા હતા.

શ્રીજીમહારાજ સં. ૧૮૫૬માં લોજ પધાર્યા પછી રામાનંદસ્વામીએ લાલજીભક્ત (નિષ્કુળાનંદસ્વામી) અને મૂળજીભક્ત (ગુણાતીતાનંદસ્વામી) એ બન્નેને પીપલાણે શ્રીજીમહારાજનાં દર્શન કરવા દીક્ષા ઉત્સવ વખતે બોલાવતાં તેઓ ત્યાં ગયા અને નરસિંહ મહેતાને ઘેર ઊતર્યા. પછી બન્ને શ્રીજીમહારાજને દર્શને ગયા ત્યારે મૂર્તિ જોતાં જ તેમનો પૂર્વનો સ્નેહ ઊભરાઈ આવ્યો. તે વખતે શ્રી રામાનંદસ્વામી બોલ્યા કે, 'અમે જે કહેતા હતા તે ખરો વેશ ભજવનાર આ તપસ્વી આવ્યા છે. માટે હવેથી સહુ તેમના શિષ્ય થઈ, તેમની ભક્તિ કરજો.' ત્યારે શ્રીજીમહારાજે રામાનંદસ્વામીને કહ્યું જે, "તે તો અમારા જ છે. આ લાલજીભક્ત ઘણા વૈરાગ્યવાન છે, તે અમારાં ચરિત્ર વિસ્તારપૂર્વક ગાશે અને આ મૂળજીભક્ત કે જેણે અમને અખંડ રાખ્યા છે તે અમારો મહિમા વિસ્તારશે." ત્યારે શ્રી રામાનંદસ્વામી બોલ્યા કે, 'મહારાજ ! ખરું કહો છો, મૂળજી બહુ પ્રતાપી પુરુષ છે.' ત્યારે શ્રીજીમહારાજ વળી બોલ્યા કે, "તે તો અમારે રહેવાનું ધામ સાક્ષાત્ અક્ષરબ્રહ્મ છે."

ભાદરા ગામમાં એક દિવસ વશરામ સુતારને ઘેર મૂળજી બેઠા હતા. તેવામાં એક બાવો હાટોડી માગવા આવ્યો અને વશરામ ભક્તને કહ્યું, 'સુતાર ભક્ત ! પૈસા આપો, નહિ તો અમે ભૂખથી ધામમાં પહોંચી જઈશું.' ત્યારે મૂળજીએ કહ્યું કે, 'બાવા ! ધામમાં જવું હોય તો પગ લાંબો કર, એટલે પગ ઝાલીને ઘા કરું કે તુરત ધામમાં ચાલ્યો જા.' ત્યારે બાવો કહે, 'ધામ મળવું ક્યાં સહેલું છે ?' પછી મૂળજી કહે કે, 'અત્યારે તો ધામ ને ધામના ધણી પૃથ્વી ઉપર ફરે છે, માટે ધામ ઢૂંકડું છે.' ત્યારે વશરામભાઈએ કહ્યું કે, 'બાવા! પગ લાંબો કરીશ તો મૂળજી તો ધામમાં મોકલી દેશે.'

શ્રીજીમહારાજને સંવત ૧૮૫૮માં ધર્મધુરા સોંપી રામાનંદસ્વામી દેહનો ત્યાગ કરી ધામમાં ગયા. પછી થોડા વખત બાદ શ્રીજીમહારાજ ભાદરે પધાર્યા હતા, અને ત્યાં એક માસ રહ્યા હતા. ત્યારે હરિજનોને ઘેર વારાફરતી થાળ જમવા પધારતા, ત્યારે એક દિવસ શ્રીજીમહારાજ મૂળજીને ઘેર થાળ જમવા પધાર્યા તે વખતે સાકરબાઈએ મહારાજને જમતી વખતે પૂછયું કે, 'આ મૂળજી છે તે તમને જ અખંડ દેખે છે ને તમારા સિવાય કોઈ સામું જોતા નથી ને કોઈને વિશે હેત નથી તેનું શું કારણ છે ?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે, "આ તમારો પુત્ર મૂળજી છે તે તો અમારે રહેવાનું અક્ષરધામ છે, ને વેદ વેદાંત આદિ સગુણ-નિર્ગુણરૂપે તમારા પુત્રનું

ગાન કરે છે, ને તે તમારા ગર્ભમાં નો'તા આવ્યા ત્યારે, ને ગર્ભમાં આવ્યા ત્યારે અને અત્યારે પણ અમારી મૂર્તિને અખંડ દેખે છે. એવા તે બહુ સમર્થ છે.'' તે સાંભળી સાકરબાઈ તથા વશરામભાઈ ને માવજીભાઈ ને ડોસાભાઈ ને રત્નાભાઈ વગેરે બહુ રાજી થયા. સંવત ૧૮૬૫ની સાલમાં સ્વામીશ્રીએ પોતાનાં માતુશ્રીને શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરાવીને ધામમાં મોકલી દીધાં.

એક વખત શ્રીજીમહારાજે સ્વામીશ્રીને શેરડીના વાઢમાં દર્શન દીધાં અને યાદ અપાવ્યું કે, ''આપણે શું કરવા આવ્યા છીએ અને આ શું કરો છો? બ્રહ્મતેજ શું સુકાઈ ગયું છે ?'' તુરત જ સ્વામીશ્રીએ આ સંસાર છોડી પોતાના જન્મનો હેતુ સિદ્ધ કરવા પ્રયાણ કર્યું. સંવત ૧૮૬૬માં ડભાણના યજ્ઞ વખતે શ્રીજીમહારાજે તેમને મહાદીક્ષા આપી અને ગુણાતીતાનંદજી નામ પાડયું.

સ્વામીશ્રીના વૈરાગ્યથી શ્રીજીમહારાજ એટલા બધા ખુશી થયા હતા કે એક વખત સારંગપુરમાં રાઠોડ ધાધલને ઘેર હુતાશનીનો સમૈયો કર્યો ત્યારે આનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, સ્વરૂપાનંદસ્વામી, રામદાસસ્વામી, નિષ્કુળાનંદ-સ્વામી અને ગુણાતીતાનંદસ્વામી વગેરે સાથે શ્રીજીમહારાજ રંગે રમતા જાય અને કીર્તન ગાતા જાય. તેમાં

સો જોગિયા મેરે જુગો જુગ જીવો જોગિયા,

એ કીર્તન પોતે બોલે ને સર્વેને બોલાવે અને ડોલતા જાય અને જોગિયા શબ્દ ઉપર ભાર દઈને તેનું પુનઃ પુનઃ ઉચ્ચારણ કરતા જાય અને ગાતાં ગાતાં જોગિયા શબ્દ આવે ત્યારે પોતાની છડી ગુણાતીતાનંદસ્વામીની છાતીમાં અડાડે અને આનંદથી વારંવાર બોલે કે,

જુગો જુગ જીવો સો જોગિયા, જુગો જુગ જીવો આવા જોગિયા.

વળી પોતે હોરી બોલે કે....

જહાં સદ્‌ગુરુ ખેલે વસંત, પરમ જ્યોતિ જહાં સાધુ સંત.
કોટિ કૃષ્ણ તહાં જોડે હાથ, કોટિ વિષ્ણુ તહાં નમે હૈ માથ;
કોટિ બ્રહ્મા તહાં કથે જ્ઞાન, કોટિ શિવ જહાં ધરે હૈ ધ્યાન;
(કીર્તન મુક્તાવલિ : ૭૩૫)

એ હોરી બોલીને કહે,'' એવા સદ્‌ગુરુ અક્ષરબ્રહ્મ આ ગુણાતીતાનંદસ્વામી છે.'' એમ રાઠોડ ધાધલને ઘેર સ્વામીશ્રીનો અદ્‌ભુત મહિમા શ્રીમુખે પોતે કહ્યો હતો.

એક વખત વરતાલમાં માંદા સાધુની સેવામાં જ્યારે ગુણાતીતાનંદસ્વામી

રહેતા હતા ત્યારે માંદા સાધુની ગોદડીઓ ધોવા જતાં કેટલાક સાજા સાધુઓએ પણ પોતાની ગોદડીઓ ધોવા આપી. તે અઢાર ગોદડીઓ ધોઈને ભીની બે ખભા ઉપર નાખી શ્રીજીમહારાજની મૂર્તિ ધારીને સ્વામીશ્રી આવતા હતા, તે જોઈને શ્રીજીમહારાજને ખૂબ પરસેવો વળ્યો ને અકળાઈ ગયા અને ભગુજીને કહ્યું કે, "પેલા સાધુએ મારા ઉપર ભાર મૂક્યો છે માટે જાવ, ને તે ગોદડીઉં ઉતારી લઈ આંહીં લાવો, ત્યારે મને શાંતિ થાશે." એટલે ભગુજીએ તેમ કર્યું. પછી શ્રીજીમહારાજે મુક્તાનંદસ્વામી બ્રહ્માનંદસ્વામી વગેરેને બોલાવીને મોટી સભા ભરીને મુક્તાનંદસ્વામીને પૂછ્યું કે, "આ સાધુને ઓળખો છો ?" ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા કે, 'તે તો બહુ મોટા છે. શાસ્ત્રમાં જે જે સાધુતાનાં લક્ષણ લખ્યાં છે તે સર્વ તેમનામાં છે. કથા, કીર્તન, ભજન, ભક્તિ અખંડ કર્યા કરે છે ને ત્યાગની તો અવધિ છે ને ભક્તિમાં ભરપૂર છે.' તે સાંભળી શ્રીજીમહારાજે કહ્યું કે, "આ તો સામાન્ય મોટયપ કહી, પણ એમની મોટયપ તો વિશેષ છે, જેમ સાણસામાં લોહ પકડયું હોય તેમ ત્રણેય અવસ્થામાં પોતાના આત્માને વિશે અમારી મૂર્તિને અખંડ પકડી છે. અને આજ જેટલા માણસ અમારી કેડ્યે ફરે છે તેટલા માણસ તેમની કેડ્યે ફરશે. તે અમારે રહેવાનું સનાતન અક્ષરધામ છે, માટે તે સર્વ થકી શ્રેષ્ઠ છે, ને સર્વને સમાગમ કરવા લાયક છે, એવા એ અતિ મોટા છે." તે સાંભળી મુક્તાનંદસ્વામી વગેરે બહુ રાજી થયા.

શ્રીજીમહારાજે પંચાળામાં ફૂલદોલનો સમૈયો કરી સૌને તિલક કરવા કહ્યું, ત્યારે પ્રથમ સ્વામીશ્રીને તિલક કરી સર્વને બતાવી કહ્યું કે, "જુઓ, આ અમારાં તિલક; આ પ્રમાણે સૌ તિલક-ચાંદલો કરજો." તેમ જ પરમહંસોની પંક્તિમાં મુક્તાનંદસ્વામી ને ભાયાત્માનંદસ્વામી વચ્ચે ગુણાતીતાનંદસ્વામી જમવા બેઠેલા ત્યાં જઈને વણથળીવાળા કલ્યાણભાઈને મહારાજ કહે કે, "બે વાઘ વચ્ચે બકરી !" એમ હાસ્ય કરીને સ્વામીશ્રી સામે આંગળી કરીને કલ્યાણભાઈને કહ્યું કે, "આ જેવા કોઈ સાધુ નહિ ને હું જેવો કોઈ ભગવાન નહિ. અમે બે તો આજ ફેરે અનંત જીવોને માયા પર કરવા સારુ ને પોતાના સ્વરૂપનું શુદ્ધ જ્ઞાન સમજાવવા સારુ સ્વેચ્છાથી આવેલા છીએ."

એક વખત શ્રીજીમહારાજે પરમહંસોને કહ્યું કે, "તમે પંચવર્તમાન દઢ પાળો છો અને ભવિષ્યમાં પણ પંચવર્તમાન આવી રીતે દઢ પાળો તેને માટે અરસપરસ જામીન આપો." ત્યારે સૌ સંતોએ પોતપોતાના જામીન આપ્યા. પછી

બ્રહ્માનંદસ્વામીએ કહ્યું કે, 'આ ગુણાતીતાનંદસ્વામી જૂનાગઢ એકલા છે તેમના જામીન કોણ થાશે ?' ત્યારે શ્રીજીમહારાજ મંદમંદ હસતાં બોલ્યા કે, "તેમના નિરંતરના જામીન અમે છીએ." પછી શ્રીજીમહારાજે સદ્‌ગુરુઓને મહંત બનાવી જુદે જુદે મંદિરે મોકલ્યા, તેમ ગુણાતીતાનંદસ્વામીને મહંત બનાવી જૂનાગઢ મોકલ્યા.

એક વખત સ્વામીશ્રી શ્રીજીમહારાજને દર્શને ગઢડે આવ્યા, ત્યાં અક્ષર ઓરડીમાં મહારાજને દર્શને ગયા એટલે મહારાજ પાસે શુકમુનિ બેઠા હતા તે સ્વામીશ્રીને આસન આપવા ઊભા થયા. ત્યારે મહારાજે કહ્યું કે, "તેમની મોટ્યપ આસનથી નથી, પણ અનાદિની છે."

સ્વામીશ્રીમાં મનુષ્યોને સમજાવવાની અલૌકિક શક્તિ હતી. તેમની ઉપદેશ આપવાની પદ્ધતિ ઘણી જ સચોટ હતી. જ્યારે જ્યારે તેઓ ઉપદેશ કરતા ત્યારે ત્યારે અંતર્યામીપણે શ્રોતાઓના મનના સંકલ્પોના ઉત્તરો થતા જતા. સ્વામીશ્રીના સહવાસમાં આવ્યા પછી કોઈ પણ માણસના હૃદયમાં શુભ સંસ્કાર દાખલ થયા સિવાય રહેતા જ નહિ. ગરીબ અને તવંગર, રાજા અને પ્રજા, સર્વેને લાગુ પડે એવો તેમનો ઉપદેશ હતો. તેમની ભાષા મીઠી અને સહજ સમજાય તેવી હતી. મુસલમાનોને પણ સ્વામીશ્રીનો ઓછો મહિમા નહોતો. તે સમયના જૂનાગઢના નવાબ સાહેબ હામદખાનજી અને તેમના વજીર સ્વામીશ્રીનો ઉપદેશ વારંવાર શ્રવણ કરતા. માણાવદરના દરબાર સાહેબ ગજેફરખાનજીએ સ્વામીશ્રીને માણાવદરમાં મંદિર કરી મૂર્તિ પધરાવવા માટે ખાસ આમંત્રણ આપ્યું હતું અને મંદિર માટે પોતે આજીવિકા બાંધી આપી હતી. જૂનાગઢના ઘણા ખરા નાગર ગૃહસ્થો તેમના શિષ્ય થયા હતા. સ્વામીશ્રી ગરીબોના ઝૂંપડાંમાં પણ જઈ તેમને ઉપદેશ આપતા. શ્રીજીમહારાજના ખરા રહસ્યનો પ્રચાર કરવામાં તેમણે આગળ પડતો ઘણો ભાગ લીધો હતો. શ્રીજીમહારાજનું યથાર્થ સ્વરૂપ બિલકુલ સંકોચ પામ્યા સિવાય બીજાને સમજાવવામાં સ્વામીશ્રી ઘણા જ પ્રવીણ હતા.

સંવત ૧૮૮૬માં શ્રીજીમહારાજ સ્વધામ પધારવા તૈયાર થયા ત્યારે પોતે આપેલ વચન મુજબ ગુણાતીતાનંદસ્વામીને જૂનાગઢથી બોલાવી લીધા અને સદ્. શ્રી બ્રહ્માનંદસ્વામીને જૂનાગઢ મોકલ્યા. સ્વામીશ્રી ગુણાતીતાનંદજી જેઠ સુદિ ૬ ને દિવસે ગઢડે પહોંચ્યા. શ્રીજીમહારાજે સ્વામીશ્રીને પોતાની સમીપે બોલાવ્યા અને તેમની સામે ઘણી વાર જોઈને નીચેનું કીર્તન બોલ્યા....

મીઠા વહાલા કેમ વિસરું મારું, તમથી બાંધેલ તન હો,
તરસ્યાને જેમ પાણીડું વહાલું, ભૂખ્યાને ભોજન હો. મીઠા૦
(કીર્તન મુક્તાવલિ : ૧૯૮)

પછી શ્રીજીમહારાજે ગોપાળાનંદસ્વામીને બન્ને દેશની દેખરેખ રાખવા કહ્યું અને સર્વ સંત-હરિજનને કહ્યું કે, "હવે ગોપાળાનંદસ્વામી કહે તે પ્રમાણે સહુ વર્તજો અને પ્રતિ વર્ષ જૂનાગઢ જઈ ગુણાતીતાનંદસ્વામીનો સમાગમ કરજો." શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા તે દિવસે સ્વામીશ્રી તુંબડી લઈ ચાલ્યા આવતા હતા ત્યાં ધોરિયાના કાંઠા ઉપર કોમળ લીલી ધ્રો જોઈ સ્વામીશ્રીને વિચાર આવ્યો કે, 'આ ધ્રોનું જીવન જળ છે, તેને લીધે તે આનંદથી પ્રફુલ્લિત છે. પણ હવે આપણું જીવન તો ગયું !' આ વિચાર આવતાંની સાથે જ સ્વામીશ્રી મૂર્છાવશ થઈ એકદમ પૃથ્વી પર ઢળી પડયા. શ્રીજીમહારાજે એકાએક ત્યાં આવી સ્વામીશ્રીને જાગૃત કરી સ્વસ્થ કર્યા અને આલિંગન કરી કહ્યું કે, "સ્વામી ! આ શું ? હું શું ગયો છું ? હું તો તમારામાં અખંડ રહ્યો છું." એમ ત્રણ વખત કહી આશ્વાસન આપી અંતર્ધ્યાન થઈ ગયા.

જૂનાગઢના મંદિરના મહંત તરીકે શ્રી ગુણાતીતાનંદસ્વામી આશરે ૪૧ વર્ષ રહ્યા, તે વખતે જુદાં જુદાં ગામોથી ઘણા જિજ્ઞાસુઓ તેમનો સમાગમ કરવા જૂનાગઢ આવતા. જેમાં લોધિકાના દરબારશ્રી અભયસિંહજી, મેંગણીના દરબારશ્રી માનસિંહજી, ગણોદના દરબારશ્રી અભયસિંહજી તથા ઝુણાભાઈ, ગઢડાના દરબારશ્રી અમરો ખાચર, મનજી ઠક્કર, કલ્યાણભાઈ, સારંગપુરના વાઘો ખાચર અને જેઠો ખાચર, મેવાસાના કરસનજી મહારાજ (સિદ્ધાંતસાગરના કર્તા) અને હરજીવનભાઈ, બોટાદના શિવલાલભાઈ, ઈશ્વર ત્રવાડી, વસોના વાઘજીભાઈ, મહુવાના પ્રાગજીભક્ત, દામો શેઠ, વીઠલભાઈ ને ફૂલચંદ વગેરે, ઉપલેટાના લાલાભાઈ તથા અરજણભાઈ, વણથળીના કલ્યાણભાઈ ને તેમના દીકરા દેવજીભાઈ તથા લક્ષ્મીદાસ પટેલ, પંચાળાના દાદુભક્ત ને તેમના દીકરા જાદવજી તથા જેરામભાઈ, ગોખરવાળાના ભવાનભાઈ તથા અરજણ સુતાર, સમઢિયાળાના ભોજોભાઈ ને તેમના દીકરા ભાયોભાઈ, કારિયાણીના નથુ પટેલ, કેરિયાના ભગુ પટેલ, આણંદના જેભાઈ શેલત, ઉમરેઠના હરિકૃષ્ણ ભટ્ટ, સૂરતના કરસનજી દેસાઈ, ખંભાતના જગુભાઈ વગેરે અનેક હરિભક્તોએ પોતાનું જીવન સ્વામીશ્રીનો ઉપદેશ શ્રવણ કરવામાં જ ગાળ્યું હતું. તેમણે પોતાની સત્તાથી અનેક ભક્તોની દૃષ્ટિ

નિરાવરણ કરી મૂકી હતી. કેટલાકને તેઓ પોતાના દષ્ટિપાતથી સમાધિ કરાવતા હતા. તુળસી મહારાજ, જસો રાવળ, રેંથળના ગોવિંદભક્ત, મહુવાના રણછોડભાઈ વગેરેને તો એવી સ્થિતિએ પહોંચાડયા હતા કે એક સ્થળેથી બીજે સ્થળે જતાં સ્થૂળ આવરણો તેમને બાધ કરે જ નહિ. તેઓ પોતાના દર્શનમાત્રથી અધ્યાત્મ, અધિભૂત, અને અધિદૈવ એ ત્રણેય તાપને નિવૃત્ત કરતા. દેશદેશાંતરથી આવનાર સર્વ હરિજનોને અતિ સુખ આપી, સંસૃતિમાં ભમાવનાર અજ્ઞાનનો નાશ કરી, આ લોકમાંથી વૃત્તિ તોડાવી પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણમાં અખંડ વૃત્તિ રખાવી તેઓ અનેકને બ્રહ્મરૂપ કરી મેલતા.

લગભગ ૪૧ વર્ષ સુધી જૂનાગઢના મંદિરમાં રહી શ્રીજીમહારાજના અલૌકિક પ્રતાપની ઘણી વાતો કરી. સંવત ૧૯૨૩ના ભાદરવા વદિ ત્રીજ ને સોમવારે સવારના પહોરમાં પોતાને હાથે સર્વ સંતને તથા સર્વ હરિજનને કાકડીની પ્રસાદી આપીને છેલ્લી વારે સર્વ સંત તથા હરિજનને મળીને જૂનાગઢના મંદિરમાંથી પોતે ફરવા પધાર્યા, તે વખત બોલ્યા જે, 'ચાળીસ વર્ષ, ચાર મહિના ને ચાર દિવસ, એટલું આ મંદિરમાં રહ્યા ને હવે ફરવા જઈએ છીએ; તે હવે સત્સંગમાં ફરશું.' એમ કહીને સંતમંડળ સહિત ફરવા પધાર્યા. તે પ્રથમ ગામ વણથળી પધાર્યા ને ત્યાં કલ્યાણભાઈને ઘેર પધરામણીએ પધાર્યા અને ત્યાં ઘણી વાતુ કરી. તે વખતે કલ્યાણભાઈએ પૂછયું જે, 'અક્ષર તે કેવું હશે ?' એટલે સ્વામી બોલ્યા જે, 'આ બેઠું એ જ અક્ષર છે.' એમ કહીને બોલ્યા જે,

अहो नृलोके बत भुरि भागा लोकं पुनाना मुनयोऽभियन्ति ।
येषां गृहानावसतीति साक्षाद् गूढं परं ब्रह्म मनुष्यलिङ्गम् ॥

(શ્રીમદ્ ભાગવત : ૭/૧૦/૪૮)

અર્થ : (હે યુધિષ્ઠિર) આ લોકમાં તમારું (પાંડવોનું) ભાગ્ય પ્રશંસનીય છે; કારણ કે તમારા ઘરમાં સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા મનુષ્યરૂપ ધારણ કરીને ગુપ્તરૂપે નિવાસ કરે છે, જેને લીધે સંસારને પવિત્ર કરનારા ઋષિ-મુનિયો વારંવાર તેમનાં દર્શન માટે ચોમેરથી તમારી પાસે આવ્યા કરે છે.

પછી ત્યાંથી સોરઠમાં ફરતા ફરતા સ્વામીશ્રી ગામ ઉપલેટે પધાર્યા ને ત્યાં લાલાભાઈને ઘણી વાતુ કરી અને પોતાને દેહ મૂકીને અક્ષરધામમાં જાવું છે તેની અને બીજી ઘણી વાતુ લાલાભાઈને તથા અરજણભાઈને કરીને શ્રી જાગાભક્તનો જોગ રાખવા ભલામણ કરી. તે પછી ગોંડળથી દરબારશ્રી અભયસિંહજીભાઈ તથા

દવે માધવજીભાઈ આવ્યા. તેમણે સ્વામીશ્રીને ગોંડળ પધારવાની પ્રાર્થના કરી. એટલે સ્વામીશ્રી બીજાં ગામ ફરતા ફરતા મેવાસા થઈને સંવત ૧૯૨૩ના આસો સુદિ નવમીને દિવસે સવારમાં ગોંડળ મંદિરમાં પધાર્યા. બીજે દિવસે દશેરાને રોજ સ્વામીશ્રીએ મંદિરમાં ઓચ્છવ કરાવ્યો ને સર્વ હરિજનોએ સ્વામીશ્રીની પૂજા કરીને વસ્ત્ર ઓઢાડયાં. પછી બપોરે સ્વામીશ્રીએ ધર્મામૃતની કથા કરાવી ને તે સંબંધી બહુ વાતુ કરી જે, 'જેને ભગવાનના ધામમાં જાવું હોય તેને ભગવાનની આજ્ઞા પ્રમાણે વરતીને શ્રીજીમહારાજનું ભજન કરવું, એમ મોટા મોટા સંતોનો સિધ્ધાંત છે.' પછી વળી એકાદશીને દિવસે સવારમાં કથા કરીને સ્વામીશ્રી બાગમાં શ્રીજીમહારાજની પ્રસાદીની બેઠક છે ત્યાં સર્વ સંત તથા હરિજન સહિત દર્શને પધાર્યા, ને ત્યાં શ્રીજીમહારાજની લીલાની ઘણીક વાતુ કરી. ત્યાર પછી મંદિરમાં પધાર્યા. અને સાંજે ચાર વાગતાં ગોંડળ દરબારશ્રી સંગ્રામજીની આજ્ઞાથી કારભારી મંડળે મંદિરમાં આવીને સ્વામીશ્રીને દરબારમાં પધારવાની પ્રાર્થના કરી; એટલે અચિત્યાનંદજી બ્રહ્મચારી વગેરે સર્વ સંતમંડળે સહિત સ્વામીશ્રી ગાડીમાં બેસીને દરબારમાં પધાર્યા. ત્યાં નવલખા ઉપર ગાદી-તકિયા બિછવાવીને તે ઉપર સ્વામીશ્રીને પધરાવ્યા અને દરબારશ્રી સંગ્રામજીએ કેસર ચંદનાદિકથી સ્વામીશ્રીની પૂજા કરી, પુષ્પના હાર પહેરાવ્યા અને વસ્ત્ર ઓઢાડયાં, તેમ જ સર્વ સંતમંડળની પણ પૂજા કરીને વસ્ત્ર ઓઢાડયાં.

પછી દરબારશ્રીએ સ્વામીની આગળ શિખરબંધ મંદિર કરી તેમાં મૂર્તિઓ પધરાવવા વિનંતિ કરી. ત્યારે સ્વામીશ્રીએ તેમનું વિનયનું વચન સાંભળીને કહ્યું જે, 'આંહીં મંદિર કરશું.' એમ કહીને સૌને રાજી કર્યા. ત્યાર પછી દરબારશ્રીએ સ્વામીશ્રીને પૂછ્યું જે, 'અમારો જે રીતે મોક્ષ થાય તેવો ઉપાય કૃપા કરીને કહો.' ત્યારે સ્વામીશ્રીએ મોક્ષ થવા સંબંધી બહુ વાતુ કરી; તેમાં મોક્ષ થવાનો મુખ્ય ઉપાય તો 'સત્પુરુષના સમાગમે કરીને પ્રગટ શ્રી સ્વામિનારાયણનો મન, કર્મ, વચને આશરો કરવો એ જ મોક્ષ થવાનું પરમ કારણ છે,' એમ જણાવ્યું.

સ્વામીશ્રીની વાતુ સાંભળીને દરબારશ્રી ઘણા રાજી થયા ને પછી સ્વામીશ્રીને વચને પ્રગટ ભગવાનનો આશરો કરીને દરબારશ્રીએ સ્વામીશ્રી પાસે પોતાનો મોક્ષ થવાનો વર માગ્યો. ત્યારે સ્વામીશ્રીએ રાજી થઈને દરબારને તે વર આપ્યો અને મંદિરે પધાર્યા. પછી વળી દ્વાદશીને દિવસે સ્વામીશ્રીને ગણોદ દરબારશ્રી અભયસિંહજીએ પોતાના દરબારમાં પધારવા પ્રાર્થના કરી. એટલે

સ્વામીશ્રી તેમના દરબારમાં સાંજને વખતે સંતમંડળ સહિત પધાર્યા. ત્યાં દરબારશ્રીએ પોતાના ઓરડાની ઓસરીમાં ગાદી-તકિયા બિછવાવીને સ્વામીશ્રીને તે ઉપર પધરાવ્યા અને કેસર-ચંદનાદિકે કરીને દરબારશ્રી અભયસિંહજી તથા તેમના કુંવરશ્રીએ સ્વામીશ્રીની પૂજા કરી વસ્ત્ર ઓઢાડયાં. ત્યાં સંધ્યા વખત થઈ, એટલે ગોડી, આરતી, સ્તુતિ કરીને સ્વામીશ્રી તથા સર્વ સંત પોતાને આસને બેઠા. પછી સ્વામીશ્રીએ સંતો પાસે કીર્તનો ગવડાવ્યાં. ત્યાર પછી દરબારશ્રીએ સ્વામીશ્રીને પ્રાર્થના કરીને કહ્યું જે, 'તમને રાજી કરવા સારુ શ્રી જૂનાગઢના મંદિરમાં ઠાકોરજીને નિત્ય જમાડવા માટે સાકરનો થાળ કરવા મારો વિચાર છે. તેનો લેખ કર્યો છે તે આપને કાલ આપીશ.' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું જે, 'કાલ કોણે ભાળી છે ? કાલનો નિરધાર નથી. અત્યારે જ લાવો.' પછી દરબારશ્રીએ પોતાના કુંવરશ્રી ભગવતસિંહજી પાસે એ લેખ સ્વામીશ્રીની આગળ મુકાવીને તેમને સ્વામીશ્રીને પગે લગાડયા. એટલે સ્વામીશ્રીએ પોતે રાજી થઈને તેના માથા ઉપર બે હાથ મૂક્યા ને પછી બોલ્યા જે, 'આ ભગવાનના આપેલા કુંવર છે તેથી એનું નામ ભગવતસિંહજી પાડયું છે.' એવી રીતે ત્યાં ભગવાન સંબંધી ઘણીક વાતુ કરીને પછી રાત્રિના ૧૦ વાગતાં સ્વામીશ્રી મંદિરે પધાર્યા.

પછી ત્યાં નિત્યનિયમ, ભજન તથા સ્વાભાવિક ચેષ્ટા બોલાવી, એટલે ૧૧નો વખત થયો, જેથી હરિજન સૌ પોતપોતાને ઘેર ગયા. ત્યાર પછી સ્વામીશ્રીને શરીરે શરદી જેવું જણાયું, એટલે સગડી કરીને શરીરે શેક કર્યો ને ગરમ ઔષધિ, જાવંત્રિ વગેરે ખવરાવી. પછી સ્વામીશ્રી કહે કે, 'હવે મારે શરીરે સારું છે, માટે તમો સર્વ સૂઈ જાઓ. બાર બજવા આવ્યા છે.' પછી સ્વામીશ્રી પોતે સ્વસ્તિક આસન વાળીને મહારાજનું ધ્યાન કરવા બેઠા, તે ધ્યાન કરતાં બાર ઉપર પોણો કલાક થયો, તે વખતે અક્ષરધામમાંથી શ્રી પુરુષોત્તમ ભગવાન પોતે અસંખ્ય વિમાન લઈને પોતાના મુક્ત મંડળ સહિત તેડવા પધાર્યા. એટલે સ્વામીશ્રી પોતે સ્વતંત્ર થકા આ લોકમાંથી દેહત્યાગ કરીને સંવત ૧૯૨૩ના આસો સુદિ ૧૨ ને ગુરુવારની રાત્રિના બાર ઉપર પોણા કલાકે વિમાનમાં બેસી અક્ષરધામમાં શ્રીજીમહારાજ સાથે પધાર્યા. ત્યાર બાદ સ્વામીશ્રીના દેહને વિમાનમાં પધરાવી દહનક્રિયા માટે બહાર લઈ ગયા. એ જગ્યાએ ગોંડળ મંદિરે સંવત ૧૯૨૪માં શ્રીજીમહારાજનાં ચરણારવિંદ પધરાવીને તે ઉપર વિમાન આકારની છત્રી કરાવી હતી. સંવત ૧૯૮૮માં આ સ્થળે શ્રી અક્ષર મંદિર બાંધવામાં આવ્યું છે.

આ પ્રમાણે લગભગ ૮૨ વર્ષનું આયુષ્ય ભોગવી, કાઠિયાવાડ દેશમાં સત્સંગનો ખૂબ પ્રચાર કરી શ્રી ગુણાતીતાનંદસ્વામી અક્ષરધામ નિવાસી થતા હવા. આટલી સંક્ષિપ્ત હકીકત ઉપરાંત વિશેષ ચરિત્ર તો તેમની આ વાતુ વાંચવાથી જાણવામાં આવશે.

અત્રે વિચારવું યોગ્ય ગણાશે જે, જેમ શ્રીજીમહારાજને સર્વ અવતારોના અવતારી સમજવાની તત્ત્વજ્ઞાનમાં અનિવાર્ય આવશ્યકતા છે, તેવી જ રીતે સદ્ગુરુવર્ય શ્રી ગુણાતીતાનંદસ્વામી અનાદિ મૂળ અક્ષરધામ છે, એવો નિર્ણય મુમુક્ષુએ જ્ઞાનવિભાગમાં કરવાની તેટલી જ જરૂર છે. જૂના ખરડામાં પરમહંસોને નામ દીધાં છે. તેમાં ગોપાળાનંદસ્વામીને શ્રીકૃષ્ણ, મુક્તાનંદસ્વામીને નારદજી, નિત્યાનંદસ્વામીને વ્યાસજી, શુકમુનિને શુકદેવજી, ગુણાતીતાનંદસ્વામીને અક્ષર, બ્રહ્માનંદસ્વામીને બૃહસ્પતિ, દાદા ખાચરને અર્જુન, મૂળજી બ્રહ્મચારીને હનુમાન, ચૈતન્યાનંદસ્વામીને દત્તાત્રેય... એમ દરેકનાં નામ લખાવ્યાં હતાં. આથી સૌ ગોપાળાનંદસ્વામીને પ્રથમથી જ શ્રીકૃષ્ણ અને ગુણાતીતાનંદસ્વામીને અક્ષર કહેતા. પરંતુ સ્વામીશ્રીએ જ્યારે શ્રીજીમહારાજને અવતારમાત્રથી જુદા અને પ્રકૃતિપુરુષથી પર અક્ષરધામના અધિપતિ સર્વોપરી ભગવાન સમજાવ્યા, ત્યારે સ્વામીશ્રી મૂળઅક્ષર કે અક્ષરધામ છે અને ગોપાળાનંદસ્વામી અક્ષરધામના મહામુક્ત છે એમ સૌ સમજવા લાગ્યા. આ વખતે કેટલાક ગોપાળાનંદસ્વામીને શ્રીકૃષ્ણને બદલે અક્ષર કહેવા લાગ્યા. આમ થોડા વખત ચાલ્યું. વળી સ્વામીશ્રીના શિષ્યોએ જ્ઞાનમાં વિક્તિ પાડી જે અક્ષરધામ કે મૂળઅક્ષર તો એક જ છે ને તે ગુણાતીતાનંદસ્વામી જ છે; અને અક્ષર સંજ્ઞા તો અક્ષરધામમાં વિરાજિત સર્વે અક્ષરરૂપ મુક્તોને લાગે છે. હવે વચનામૃતમાં અક્ષરધામનું ઠેરઠેર પ્રતિપાદન કર્યું છે તે કોઈનું કાઢ્યું નીકળે તેમ નથી. આથી કેટલાક વળી ગોપાળાનંદસ્વામીને મૂળઅક્ષર કહેવા લાગ્યા. પણ ગુણાતીતાનંદસ્વામીએ કહ્યું છે કે, 'કોઈના ઠરાવ્યા અક્ષર ઠરતા નથી'.

શ્રીજીમહારાજે અનેક વચનામૃતોમાં અક્ષરધામનો અગાધ મહિમા અને એ અક્ષરધામ સહિત પોતે આ પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ કહ્યું છે અને પોતે તો પર થકી પર એ મૂર્તિમાન અક્ષરબ્રહ્મથી પણ પર છે. વળી સગુણ-નિર્ગુણપણું અને અન્વય-વ્યતિરેકપણું પણ અનાદિ અક્ષરબ્રહ્મ એકનું કહ્યું છે. વચનામૃત આદિ સંપ્રદાયનાં પુસ્તકોમાં તથા સંતોના કાવ્ય-કીર્તનોમાં અક્ષરબ્રહ્મને સર્વથી અધિક કહ્યા છે અને તેથી પર અક્ષરાતીત શ્રી સહજાનંદસ્વામી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ

છે. મૂર્તિમાન અક્ષર શ્રીજીમહારાજ ભેળા આવ્યા છે. કારિયાણીના પ્રથમ વચનામૃતમાં કહ્યું છે જે, દસ મણની તલવાર પડી હોય, તેને જોઈને એમ અનુમાન કરી શકાય જે, એનો ઉપાડનારો બહુ જ મોટો હશે. તેમ શ્રીજીમહારાજને સર્વોપરી પુરુષોત્તમ નારાયણ જાણ્યા પછી સનાતન મૂર્તિમાન મૂળઅક્ષર એ સદ્ગુરુ શ્રી ગુણાતીતાનંદસ્વામી પોતે જ છે, એવો નિર્ણય અનંત પ્રત્યક્ષ પ્રમાણ, અનુભવ પ્રમાણ, શ્રીજીવાક્યપ્રમાણ અને સદ્ગુરુવાક્યપ્રમાણથી સંપ્રદાયમાં સિદ્ધ થઈ ચૂક્યા છે.

સદ્ગુરુ શ્રી ગુણાતીતાનંદસ્વામીએ પણ પોતે જ મૂળઅક્ષરધામ છે, એવું સ્વમુખે અનેક વખત કહ્યું છે અને સમજાવ્યું છે. બીજા કોઈ સદ્ગુરુ એવાં વચનો બોલ્યા નથી. વળી કાવ્ય-કીર્તનોમાં પણ મૂળઅક્ષર તરીકે સ્પષ્ટ નામ દઈને જ સ્વામીને ગાયા છે :-

(૧) અક્ષરમૂર્તિ ગુણાતીતસ્વામી તેણે આપ્યાં વર્તમાન;
પોતે પાળી ને પછી પળાવ્યાં જનને દઈ ઘણું જ્ઞાન;
આવોજી અવતારી પ્રીતમ જીવન પ્રાણ.

(૨) ગુણાતીતાનંદ મૂળ અક્ષર ધ્યાની,
શ્રી હરિનું મન શુક મુનિ જ્ઞાની;
બેઉ મળી ઉતારે હરિની આરતી રે;
આજે નટવરજીને નીરખી હરખ ઉરે અતિ રે.

(ધ. ધૂ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ)

(૩) વંદુ ગુણાતીતાનંદસ્વામી જેહી પર રીઝે અંતરજામી;
ભગવત્ વારતા સતત કરહી ધ્યાન ધર્મનંદકો ધરહી.
ઉત્તમ કુળમાં ધરી અવતાર શ્રીહરિ કાજ તજ્યો સંસાર;
રખે ધર્મ પુનિ ધર્મ રખાવે આદિ હી અક્ષર આપ કહાવે.

(શ્રી પુરુષોત્તમચરિત્ર)

(૪) ધામ ધામી જ સાથે પધાર્યા; સ્વામી ને શ્રીજી મહારાજ;
એકાંતિક ધર્મ સ્થાપવા બની, અલૌકિક જોડ આજ રે;
આવો હે અવિનાશી, સુખના રાશિ અક્ષરના આધાર.
દયાળુ તમે દયા કરી લાવ્યા, મૂળ અક્ષરને સાથ;
ગુણાતીતાનંદ નામ છે જેનું, પાડ્યું છે પોતે હો નાથ રે; આવો૦

(બ્રહ્મચારીશ્રી કૃષ્ણાનંદજી)

(૫) તે અક્ષર નર દેહ પામી રે, જેને વંદે સહુ ધામ ધામી રે;
તે જ ગુણાતીતાનંદ સ્વામી, ચાલો સંતો જાઈએ ગઢ જૂને રે.
(ભક્ત જેરામ) (કીર્તન મુક્તાવલિ-૯૧૫)

આપણા સંપ્રદાયમાં કેટલાક ભણેલાઓ શ્રી પુરુષોત્તમ નારાયણ અને મૂળ અક્ષરધામ વચ્ચે અંતર પાડે છે અથવા મૂળઅક્ષરને અવગણે છે. આ ગેરસમજૂતીનું કારણ એ લાગે છે કે, પૂર્વાચાર્યોએ સાકાર અક્ષરધામ પુરુષોત્તમની સેવામાં રહ્યા છે અને સ્થાનરૂપે પુરુષોત્તમ અને મુક્તોને અખંડ ધારી રહેલ છે અને મૂળપુરુષાદિકના પ્રેરક મૂળ અક્ષરબ્રહ્મ છે, એમ સ્પષ્ટપણે સ્વીકાર કરેલ નથી. પૂર્વાચાર્યો માને છે કે ભગવાન સર્વ વ્યાપાર કરતી વખતે મૂળપુરુષરૂપે થાય છે. શ્રીજીમહારાજે પણ મધ્ય પ્રકરણનાં ૩૧માં વચનામૃતમાં મૂળપુરુષ કે મહાપુરુષને અક્ષરાત્મક મુક્ત અને બ્રહ્મ કહ્યા છે અને ઉત્પત્તિ સર્ગમાં સર્વના કારણરૂપ કહેલ છે. આ મૂળપુરુષ ઉત્પત્તિ કાળે અક્ષરધામમાંથી ઊઠી, દૂર થઈ, મહામાયા કે મૂળપ્રકૃતિ સાથે જોડાય છે; તેથી

'प्रकृत्यधिष्ठाताऽक्षरपुरुषश्च ।'

અર્થ :- જે પ્રકૃતિના અધિષ્ઠાતા છે અને અક્ષરપુરુષ છે. (તેમને પ્રણામ કરું છું.) એમ કહ્યું છે. ઉત્પત્તિ કાળ દરમિયાન આ મૂળપુરુષનો લોક જુદો છે; પરંતુ શ્રીજીમહારાજના ધામરૂપ સાકાર મૂળઅક્ષર પુરુષોત્તમ નારાયણથી અલગ થઈ જુદો લોક કરીને રહે છે, એ વાત વચનામૃતના સિદ્ધાંતથી સર્વ પ્રકારે વિપરીત જ છે. વળી કેટલાક પૂર્વાચાર્યોએ ઉપાસકના અક્ષર સાથે અને પુરુષોત્તમ સાથે, એમ બન્ને યોગ કલ્પેલા છે; અને તેમાં અક્ષરનું સુખ ન્યૂન છે અને પુરુષોત્તમનું સુખ અતિ અધિક છે; તેથી પુરુષોત્તમ સાથેનો યોગ અધિકતર છે, એવા ભેદ પાડેલ છે. પરંતુ એવા શાસ્ત્રકારોએ અક્ષરાત્મક મૂળપુરુષને જ ભગવાનનું આધ્યાત્મિક સ્વરૂપ ગણીને અક્ષર સંજ્ઞાથી કહેલ છે. પણ શ્રીજીમહારાજના ધામરૂપ મૂળઅક્ષરને નહિ.

શ્રીજીમહારાજના વિશુદ્ધ જ્ઞાનમત પ્રમાણે અક્ષરધામસ્થ અક્ષર મુક્તો તો ઉપર કહેલ મૂળપુરુષથી પણ પર અને અધિક છે. અને અક્ષર મુક્તો કરતાં પણ મૂળઅક્ષરના સુખ, સામર્થી અને પ્રકાશ સર્વથી અતિ અધિક છે અને મૂળઅક્ષર કરતાં સર્વેશ્વર શ્રી પુરુષોત્તમ નારાયણ તો સદા સર્વદા અનંત ઘણા અધિકપદે વર્તે છે. (પ્ર.૬૪. મ.૬૭) પરંતુ મુમુક્ષુઓનો અક્ષર મુક્તો કે મૂળઅક્ષર સાથેનો યોગ આપણા સંપ્રદાયમાં છે જ નહિ. યોગ તો માત્ર એક ઉપાસ્ય મૂર્તિ શ્રી પરુષોત્તમ નારાયણ સાથે જ કહ્યો છે; અને અક્ષરધામમાં તો સર્વે એક પુરુષોત્તમ નારાયણના

જ સુખને ભોગવે છે. પણ એ પુરુષોત્તમ નારાયણના યોગને પાત્ર થવા અને તેમના સુખના ભોકતા બનવા માટે પુરુષોત્તમના નિશ્ચય અને ઉપાસનામાં મુમુક્ષુને ધામરૂપ મૂળઅક્ષરના સાધર્મ્યપણાને પામવાની તો ખાસ અનિવાર્ય જરૂર છે જ. (લોયા ૧૨, ૧૪) માટે અક્ષરનું સુખ ગણિતાનંદ છે અને પુરુષોત્તમનું સુખ અગણિતાનંદ છે કે અક્ષરરૂપ મુક્તો જુદા અને ઓરાભાવવાળા અને પુરુષોત્તમરૂપ મુક્તો જુદા અને વધુ ભાવવાળા છે, એવા ભેદદર્શક વચનોને શ્રીજીમહારાજનાં વચનામૃતોમાં લેશમાત્ર સ્થાન નથી. વસ્તુગતે શ્રીજીમહારાજના અક્ષરધામમાં એવા કોઈ ભેદો જ નથી. સર્વેને શ્રી પુરુષોત્તમ નારાયણના અગણિતાનંદનો જ યોગ છે અને તેથી સર્વે પુરુષોત્તમરૂપ જ છે. (મ.૨૪, ૬૭, છે.૩૮)

એ તો સ્પષ્ટ જ છે કે જેને આવી વાત માનવી જ નથી તે તો માનશે જ નહિ. 'વચનામૃત', 'સ્વામીની વાતુ', અને 'સ્વામીશ્રી જાગાભકતની વાતો'નાં મનનપૂર્વક વાંચનથી મૂળઅક્ષરધામ વિરોધી સર્વ પ્રવૃત્તિઓ શ્રીજીમહારાજનાં વચનામૃતથી વિરુદ્ધ મતવાળી માલમ પડી ચૂકી છે, એટલું જ સૂચન અત્રે બસ છે.

સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદસ્વામીમાં મૂળથી જોડાએલા અનેક ભક્તો ને પણ ગોપાળાનંદસ્વામીએ પોતાની હયાતીમાં જ, ગુણાતીતાનંદસ્વામી જ મૂળ અક્ષરધામ છે, એવો નિર્ણય કરાવીને જાતે જ જૂનાગઢ સ્વામીશ્રી પાસે મોકલ્યા છે. શ્રીજીમહારાજની જેમ જ સ્વામીશ્રીએ પોતાની અર્થઘનવાણીના સતત પ્રવાહ વડે અનંત મુમુક્ષુઓને જાગૃત કરી, તેમનામાં ઉચ્ચ સદાચાર, અનાસક્ત વૈરાગ્ય, ત્યાગભાવના, જીવનનિષ્ઠા, આત્મનિષ્ઠા પ્રેરી, શ્રીજીમહારાજની એકાંતિક અને સર્વોપરી ઉપાસનાનો અપૂર્વ માર્ગ સુલભ કરી દીધો હતો.

ઉપરની બધી બાબતો સૂક્ષ્મપણે અને નિષ્પક્ષપાતે અભ્યાસની દૃષ્ટિએ વિચારવી ઘટે છે. સંપ્રદાયમાં પક્ષપાતે ગમે તેમ થાય, પરંતુ જે પ્રાપ્તિ સાચા જ્ઞાન વડે થાય છે તે બીજા વડે થતી નથી. જેમ શ્રીજીમહારાજને સર્વ અવતારના અવતારી સમજવામાં અન્ય કોઈ અવતારાદિકનો દ્રોહ થતો નથી, તેમ જ સ્વામીશ્રીને મૂળ અક્ષરધામ તરીકે સમજવામાં કોઈ પણ મહામુક્તના મહિમાને લેશમાત્ર ઘસારો આવતો નથી, એ વાત અવશ્ય જાણવી ઘટે છે. ટૂંકમાં અક્ષરબ્રહ્મનું સાધર્મ્યપણું પામ્યા વગર શ્રીજીમહારાજનો નિર્વિકલ્પ નિશ્ચય યથાર્થ સિદ્ધ થતો નથી અને તે વગર શ્રીજીમહારાજની ભક્તિના અધિકારી થવાતું નથી. તેથી અક્ષરધામનાં સ્વરૂપ જ્ઞાનની અનિવાર્ય જરૂર છે. માટે પુરુષોત્તમનાં સ્વરૂપજ્ઞાનનાં

મંડનમાં અક્ષરબ્રહ્મનું ખંડન થવા ન દેવું અને અક્ષરધામના મહિમાજ્ઞાનમાં પુરુષોત્તમના સ્વરૂપનો જે અગાધ અનવધિકાતિશય મહિમા સુખ છે, તેને લેશમાત્ર બાધ આવતો નથી એવી સમજણ દૃઢ કરવી એ સારની સાર વાત છે અને પ્રકૃતિપુરુષાદિકના કાર્યમાંથી પ્રીતિ તોડવી અને બ્રહ્મભાવ સિદ્ધ કરી અક્ષરરૂપે શ્રીજીમહારાજમાં જોડાવું એ જ સ્વામીશ્રીના આ જીવન ઉપદેશામૃતનું પરમ રહસ્ય છે.

# અનાદિ મૂળઅક્ષર
# સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદસ્વામી માહાત્મ્ય સ્તોત્ર

(વર્ણી શ્રી અચિંત્યાનંદજી કૃત)

## ।। श्री गुणातीतानन्द महिम्नस्तोत्रम् ।।

यद्रोमविवरे लीना अण्डानां कोटयः पृथक् ।
तदक्षरं गुणातीतं गुणातीतं नमाम्यहम् ।।१।।

અર્થ :- જેના રૂંવાડાંના એક એક છિદ્રમાં કરોડો બ્રહ્માંડ જુદાં જુદાં રહેલાં છે ને રજ, તમ અને સત્ત્વ એ ત્રણ ગુણથી પર એવા અક્ષરધામ જે શ્રી ગુણાતીતાનંદસ્વામી તેમને હું નમસ્કાર કરું છું. (૧)

महाध्यानाभ्यासं विदधतमजस्रं भगवतः
पवित्रे संप्राप्तं स्थितिमतिवरैकान्तिकवृषे ।
सदानन्दं सारं परमहरिवार्ताव्यसनिनं
गुणातीतानन्दं मुनिवरमहं नौमि सततम् ।।२।।

અર્થ :- નિરંતર ભગવાનના ધ્યાનનો અત્યંત અભ્યાસ છે એવા, અત્યંત શ્રેષ્ઠ પવિત્ર શ્રી હરિને વિશે એકાંતિક ધર્મમાં સ્થિતિ પામેલા, અત્યંત ભગવાનની વાતો કરવાના વ્યસનવાળા અને સત ચિત ને આનંદમય જેનું સ્વરૂપ છે, એવા શ્રી ગુણાતીતાનંદસ્વામી નામના મોટા મુનિને હું નિરંતર નમસ્કાર કરું છું. (૨)

अनेकेभ्यः सद्भ्यो विमलहरिविज्ञानददतं
भुवौ ब्राह्मीं विद्यां हरिवचनरूपामुदयतम् ।
हरिध्यानासक्तं शुभगुणमनाद्यक्षरमहं
गुणातीतानन्दं सकलगुरुमीडे मुनिवरम् ।।३।।

અર્થ :- અનેક સન્મુમુક્ષુઓને શ્રી હરિના સ્વરૂપનું વિજ્ઞાન કરાવનાર, શ્રી હરિના વચનામૃતમાં ઉપદિષ્ટ બ્રહ્મવિદ્યાનો આ પૃથ્વી ઉપર સુપ્રચાર કરનાર, શ્રીજીમહારાજના જ ધ્યાનમાં જે આસકત છે, શુભ ગુણગણના આશ્રયરૂપ, અનાદિ મૂળઅક્ષર અને મુનિયો મધ્યે શ્રેષ્ઠ ને સર્વના ગુરુ એવા શ્રી ગુણાતીતાનંદસ્વામીને હું સ્તવું છું. (૩)

**परं मायोपाधेर्विशदहृदये स्वे प्रतिदिनं**
**निजात्मानं शान्तस्फुरदुरुमहोमण्डलवृतम् ।**
**प्रपश्यन्तं शुद्धाक्षरमतितरानन्दनिलयं**
**गुणातीतानन्दं मुनिवरमहं नौमि सततम् ॥४॥**

અર્થ :- જે નિત્યે પોતાના શુદ્ધ હૃદયમાં માયિક ઉપાધિમાત્રથી પર, શાંત અને અતિ સ્ફુરાયમાન તેજના મંડળથી વીંટાળાયેલા, અત્યંત આનંદના સ્થાનરૂપ અને શુદ્ધ અક્ષરધામ પોતે જ છે એમ જોતા એવા શ્રી ગુણાતીતાનંદસ્વામી નામના મોટા મુનિને હું નિરંતર નમસ્કાર કરું છું. (૪)

**शुभाविर्भावानां स्वहृदि सहजानन्दमनिशं**
**निदानं पश्यन्तं प्रकृतिपुरुषादेरधिपतिम् ।**
**हरिं तैलासारप्रतिनिभमथाग्रे निजदृशो-**
**र्गुणातीतानन्दं मुनिवरमहं नौमि सततम् ॥५॥**

અર્થ :- જે પ્રકૃતિ પુરુષાદિકના અધિપતિ અને સર્વ અવતારના કારણ શ્રી સહજાનંદસ્વામીને નિરંતર પોતાના હૃદયને વિશે અને તેલધારાની પેઠે અવિચ્છિન્ન પોતાના નેત્ર આગળ જોતા એવા શ્રી ગુણાતીતાનંદસ્વામી નામના મોટા મુનિને હું નિરંતર નમસ્કાર કરું છું. (૫)

**हरिर्यस्योदार - प्रणय - रशना - बद्धचरणो**
**यतो नैति प्रेष्ठात् क्वचिदपि पृथग्भावमजितः ।**
**यथा शब्दादर्थो निजविमलचित्तादिव वियत्**
**गुणातीतानन्दं मुनिवरमहं नौमि सततम् ॥६॥**

અર્થ :- સર્વથા અજિત એવા ભગવાન પણ જેના અત્યંત સ્નેહરૂપી દોરડી વડે બંધાયેલા છે ચરણકમળ જેનાં એવા થકા પોતાને અત્યંત પ્રિય એવા જે સ્વામી તે થકી ક્યારે પણ શબ્દ ને અર્થ તથા શુદ્ધ ચિત્ત ને આકાશની પેઠે જુદાઈ પામતા નથી એવા શ્રી ગુણાતીતાનંદસ્વામી નામના મોટા મુનિને હું નિરંતર નમસ્કાર કરું છું. (૬)

**स्थितो मातुर्गर्भे हरिमविरतं योऽक्षरपरं**
**चिदानन्दाकारं ललितवसनालङ्कृतिधरम् ।**
**अपश्यत्पुण्याक्षं विधुमिव चकोरःशुचिरुचिं**
**गुणातीतानन्दं मुनिवरमहं नौमि सततम् ॥७॥**

અર્થ :- જે માતાના ગર્ભમાં રહ્યા થકા પણ અક્ષર થકી પર સચ્ચિદાનંદ સ્વરૂપ, દિવ્ય વસ્ત્ર અલંકાર ધારણ કરનારા, શુદ્ધ કાંતિવાળા અને પવિત્ર છે દર્શન જેનાં એવા શ્રી

સહજાનંદસ્વામીને ચકોર ચંદ્રમાને જેમ દેખે છે તેમ નિરંતર દેખતા એવા શ્રી ગુણાતીતાનંદસ્વામી નામના મોટા મુનિને હું નિરંતર નમસ્કાર કરું છું. (૭)

अनाकृष्टात्मा यो भुवन-विषयैरप्यतिवरै-
रलिप्तत्वेनास्थादिह मतिमुपस्तानधिगतः ।
यथा वायुश्चाभ्रं वडवदहनेवाब्धिनिलयो
गुणातीतानन्दं मुनिवरमहं नौमि सततम् ॥८॥

અર્થ :- બ્રહ્માંડના અતિ ઉત્તમ વિષયોથી પણ જેનું મન ખેંચાયું નથી એવા જે સ્વામી, આ લોકમાં મોટાઓની પણ બુદ્ધિને હરી લેનારા ઉત્તમ વિષયોને પામીને પણ વાયુ તથા આકાશની પેઠે કે સમુદ્રમાં રહેલા વડવાનળ અગ્નિની પેઠે નિર્લેપ રહેલા, એવા શ્રી ગુણાતીતાનંદસ્વામી નામના મોટા મુનિને હું નિરંતર નમસ્કાર કરું છું. (૮)

जनौघेष्वेकान्तं वृषमखिलदोषार्तिशमनं
सुभद्रं सच्छास्त्र--प्रतिभणितनिर्वाणसरणिम् ।
ततानात्मप्रेष्ठं पुरुकरुणया मोहदलनं
गुणातीतानन्दं मुनिवरमहं नौमि सततम् ॥९॥

અર્થ :- જે હજારો માણસોની સભામાં સમગ્ર દોષ તથા દુઃખને શાંત કરનાર, અત્યંત શુદ્ધ, સત્શાસ્ત્રને વિશે બતાવેલ મોક્ષના માર્ગરૂપ મોહમાત્રને નાશ કરનાર અને પોતાને અત્યંત પ્રિય એવા એકાંતિક ધર્મનો અત્યંત દયા વડે વિસ્તાર કરતા એવા શ્રી ગુણાતીતાનંદસ્વામી નામના મોટા મુનિને હું નિરંતર નમસ્કાર કરું છું. (૯)

स्फुरत्स्फारज्ञानामृतविपुलवृष्ट्यातिसुखदो
दुरापैर्युक्तो यः श्रुतिनिगदितैः सद्गुणगणैः ।
विधुं निन्ये लज्जां जनविविधतापोपशमने
गुणातीतानन्दं मुनिवरमहं नौमि सततम् ॥१०॥

અર્થ :- જે સ્ફુરાયમાન થતા ઘણાક જ્ઞાનરૂપ અમૃતની વૃષ્ટિ વડે બહુ સુખ આપનારા, અન્યને દુર્લભ અને સત્શાસ્ત્રમાં કહેલા સદ્‌ગુણો વડે માણસોના અનેક પ્રકારના તાપને શાંત કરવામાં ચંદ્રમાને પણ લજ્જા પમાડેલ છે એવા શ્રી ગુણાતીતાનંદસ્વામી નામના મોટા મુનિને હું નિરંતર નમસ્કાર કરું છું. (૧૦)

जनाज्ञानध्वान्तक्षपणकरणात्तीक्ष्णकिरणं
ह्रियं निन्ये स्वेक्षादुरितदलनो यो मृदुमनाः ।
महैश्वर्येर्युक्तो हरिपरतरानुग्रहतया
गुणातीतानन्दं मुनिवरमहं नौमि सततम् ॥११॥

અર્થ :- જે માણસોના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવાથી સૂર્યને પણ લજ્જા પમાડતા, પોતાના દર્શનમાત્રથી અનેક જન્મનાં પાપનો નાશ કરનાર, કોમળ મનવાળા અને ભગવાનના અત્યંત અનુગ્રહથી સગુણ નિર્ગુણ ઐશ્વર્યવાળા એવા શ્રી ગુણાતીતાનંદસ્વામી નામના મોટા મુનિને હું નિરંતર નમસ્કાર કરું છું. (૧૧)

**प्रसङ्गं यस्यैत्याऽऽजगति ननु जाता जनगणा**
**बृहद्रूपा भूपा हरिपुरुतरध्याननिरताः।**
**विरक्ता राज्यादौ शुभगुणयुताश्चातिसुखिनो**
**गुणातीतानन्दं मुनिवरमहं नौमि सततम् ॥१२॥**

અર્થ :- આ લોકમાં જેનો સમાગમ પામીને રાજાઓ આદિક અનેક મનુષ્યો ભગવાનના અત્યંત ધ્યાન પરાયણ, રાજ્યદિકમાં વૈરાગ્યવાન, સદ્‌ગુણ યુકત અને અત્યંત સુખિયા થઈ ગયા છે, એવા શ્રી ગુણાતીતાનંદસ્વામી નામના મોટા મુનિને હું નિરંતર નમસ્કાર કરું છું. (૧૨)

**यदुक्तां सद्वार्तां भवभयहरां श्रोतुमनिशं**
**समायन् सद्व्राता बहुजनपदेभ्यो हरिजनाः।**
**मराला भूयांसः समुदमिव सन्मानससरो**
**गुणातीतानन्दं मुनिवरमहं नौमि सततम् ॥१३॥**

અર્થ :- જન્મ મરણને હરનારી જે સ્વામીની વાતો સાંભળવા માટે માનસરોવર પ્રત્યે જતા હંસોની પેઠે અનેક દેશાંતરથી ત્યાગીઓ તથા હરિજનો ઉત્સાહ સહિત આવતા, એવા શ્રી ગુણાતીતાનંદસ્વામી નામના મોટા મુનિને હું નિરંતર નમસ્કાર કરું છું. (૧૩)

**यदावासे मारप्रणय-रसलोभादिरिपवः**
**प्रवेष्टुं नो शेकुर्विजितविधिमुख्या बहुमदाः।**
**मुनीन्द्रैस्तं मान्यं शुभसकलतीर्थास्पदपदं**
**गुणातीतानन्दं मुनिवरमहं नौमि सततम् ॥१४॥**

અર્થ :- જે સ્વામીના નિવાસસ્થાનમાં બ્રહ્માદિકને જીતીને પણ ગર્વ પામેલા કામ, સ્નેહ અને સ્વાદ અને લોભાદિક શત્રુઓ પ્રવેશ કરવાને પણ સમર્થ ન થતા, મોટા મુનિઓએ પણ માનવા યોગ્ય અને સર્વ તીર્થના સ્થાનરૂપ એવા શ્રી ગુણાતીતાનંદસ્વામી નામના મોટા મુનિને હું નિરંતર નમસ્કાર કરું છું. (૧૪)

**महाश्रद्धोपेतं मुनिगुरुवरं स्वक्षरतनुं**
**हरेर्भक्त्यादौ द्राग्भवभयमिदं स्वेक्षणकृताम् ।**
**प्रशान्तं साधुत्वावधिमतुलकारुण्यनिलयं**
**गुणातीतानन्दं मुनिवरमहं नौमि सततम् ॥१५॥**

અર્થ :- જે ભગવાનની ભક્તિ આદિકમાં ઘણીક શ્રદ્ધાવાળા મુનિયોના પણ ઉત્તમ ગુરુ, પોતાના દર્શન કરનારાઓના જન્મ મરણના ભયને તત્કાળ હરનારા, અત્યંત શાંત, સાધુપણાના અવધિરૂપ, અપાર કરુણાના સાગર અને અક્ષરધામ છે, તે શ્રી ગુણાતીતાનંદસ્વામી નામના મોટા મુનિને હું નિરંતર નમસ્કાર કરું છું. (૧૫)

**मुहुर्यस्मै प्रादात्पुरुमुदमितो यद्वरगुणै-**
**र्हरिर्हारान् पौष्पान्निजतनुधृतानङ्गदमुखान् ।**
**स्वभुक्तं सद्भोज्यं वरवसनमुख्यं स्वविधृतं**
**गुणातीतानन्दं मुनिवरमहं नौमि सततम् ॥१६॥**

અર્થ :- જેના ઘણાક ઉત્તમ ગુણોથી પ્રસન્ન થઈ શ્રી સહજાનંદસ્વામીએ પોતે ધારણ કરેલ પુષ્પના હાર, તથા બાજુબંધ વગેરે તથા પોતે જમેલ પ્રસાદી અને પોતે ધારણ કરેલ ઉત્તમ વસ્ત્ર વગેરે જેને આપ્યાં છે, એવા શ્રી ગુણાતીતાનંદસ્વામી નામના મોટા મુનિને હું નિરંતર નમસ્કાર કરું છું. (૧૬)

**सगुणाद्यमितैश्च भगैः सहितं पुरुषोत्तमदास्यमितं हि परम् ।**
**प्रणमामि गुणात्परनामधरं क्षरतारहितं मम प्रेष्ठतरम् ॥१७॥**

અર્થ :- સગુણ આદિ અમાપ ઐશ્વર્યથી યુક્ત, પુરુષોત્તમના સર્વોત્તમ દાસભાવને પામેલા, ગુણથી પર 'ગુણાતીત' નામને ધારણ કરતા, ક્ષરભાવથી રહિત અને મારા અતિપ્રિય સદ્‌ગુરુને હું પ્રણામ કરું છું. (૧૭)

**॥ इति श्री अचिंत्यानन्दवर्णिविरचितं श्रीगुणातीतानन्दमहिम्नःस्तोत्रं समाप्तम् ॥**

# અનાદિ મૂળઅક્ષરમૂર્તિ સદ્‌ગુરુવર્ય
# શ્રી ગુણાતીતાનંદસ્વામીની વાતો

## મંગલાચરણ

वर्णिवेषरमणीयदर्शनं मन्दहास-रुचिराननाम्बुजम् ।
पूजितं सुरनरोत्तमैर्मुदा धर्मनन्दनमहं विचिन्तये ।।

અર્થ :- વર્ણી અને વેશને લઈને જે સુંદર દેખાય છે, મંદ હાસ્યના કારણે જેમનું મુખકમળ શોભે છે. સુરવર અને નરવર જેમની હંમેશાં પૂજા કરે છે. એવા ધર્મપુત્રનું હું આનંદથી ધ્યાન ધરું છું.

श्रीमत्सद्गुणशालिनं चिदचिदि व्याप्तं च दिव्याकृतिं
जीवे- शाक्षर- मुक्त- कोटिसुखदं नैकावताराधिपम् ।
ज्ञेयं श्रीपुरुषोत्तमं मुनिवरै- र्वेदादि- कीर्त्यं विभुं
तन्मूलाक्षरयुक्तमेव सहजानन्दं च वन्दे सदा ।।

અર્થ :- જે શ્રીમાન છે, જે ગુણશાલી છે, જે ચેતન અને જડમાં વ્યાપીને રહેલા છે, જે દિવ્ય આકૃતિવાળા છે, જીવ, ઈશ, અક્ષર અને કરોડો મુક્ત આત્માઓને સુખ આપનાર છે, જેઓ અનેક અવતારોના સ્વામી છે, મુનિવરો જેમને જાણવા યોગ્ય ગણે છે, વેદો જેમની કીર્તિ ગાય છે, જે વ્યાપક છે એવા મૂલાક્ષરથી યુક્ત શ્રીપુરુષોત્તમરૂપ સહજાનંદસ્વામીને હું સદા વંદન કરું છું.

પ્રથમ તો,
૧. સર્વે સંકલ્પને પડતા મૂકીને,
૨. એકાગ્ર ચિત્તે થઈને,
૩. શ્રીજીમહારાજ પુરુષોત્તમને સંભારીને,
૪. એમ ધારવું જે, ''સ્વામી વાતુ કરે છે,
ને આપણે સાંભળીએ છીએ.'' એમ સાંભળવી;
૫. ને તે પ્રમાણે પોતાનાં અંતરમાં તપાસ કરતા જવું.
૬. ને કહ્યું છે તેમ સમજીને વર્તવું.

– સદ્‌ગુરુવર્યશ્રી ગુણાતીતાનંદસ્વામી

સ્વામિનારાયણ સંપ્રદાય એ સનાતન સંસ્કૃતિ છે. પ્રભુનો આદેશ છે. પ્રભુ, ગુરુ ગુણાતીતાનંદસ્વામીને પૃથ્વી પર ના લાવ્યા હોત તો આપણને ખ્યાલ જ ના આવત કે પ્રભુનું સેવન કેવી રીતે થાય, ગુણાતીતાનંદસ્વામીની એક, એક વાત વાંચતાં વિચારવી પડે અને નિરંતર એ વિચારમાં ડૂબ્યા રહેવાનો અભ્યાસ કરવો પડે; તો પ્રભુ એકદિવસ અવશ્ય પોતાના દિવ્ય ને અલૌકિક વિચારો આપણને બક્ષિસમાં આપી દે, પણ મનન-ચિંતન યથાર્થ થવું જોઈએ.

– ગુરુહરિ પ.પૂ. સ્વામીશ્રી

સ્વામિશ્રીજી

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિષય | લેખન અને સંપાદન | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | ભગવાન અને સંતનો મહિમા | પૂ. જાગાસ્વામી | ૧ |
| ૨ | સંતસમાગમની વાતો | પૂ. જાગાસ્વામી | ૪૬ |
| ૩ | સર્વોપરી નિશ્ચય અને માહાત્મ્ય | પૂ. જાગાસ્વામી | ૭૬ |
| ૪ | સ્વરૂપનિષ્ઠાની-રસ્તાની વાતો | શ્રી હરિશંકરભાઈ | ૧૧૮ |
| ૫ | મહિમા અને કૃતાર્થપણું | શ્રી હરિશંકરભાઈ | ૧૪૦ |
| ૬ | સર્વદેશી સમજણ | શ્રી સદાશંકરભાઈ | ૨૧૩ |
| ૭ | ભગવાનનું અસાધારણ ઐશ્વર્ય | પૂ.સદ્.બાળમુકુંદસ્વામી | ૨૯૮ |
| ૮ | સર્વોપરી નિશ્ચય અને માહાત્મ્ય | પૂ. જાગાસ્વામી | ૩૨૫ |
| ૯ | સર્વદેશી સમજણ | શ્રી ઠક્કર નારણપ્રધાન | ૩૭૭ |

- પરિશિષ્ટ-૧ : શબ્દપ્રયોગ અને તેનો ભાવાર્થ ________ 1
- પરિશિષ્ટ-૨ : યાદી ________ 51
- પરિશિષ્ટ-૩ : વાતોમાં આવતી વ્યક્તિઓ ________ 60
- પરિશિષ્ટ-૪ : વચનામૃત ને સ્વામીની વાતો ________ 79
- પરિશિષ્ટ-૫ : પ્રસંગો ને દૃષ્ટાંતો ________ 84
- પરિશિષ્ટ-૬ : વિષયવાર સૂચિ ________ 102
- પરિશિષ્ટ-૭ : સંદર્ભ સૂચિ ________ 110

અનાદિ મૂળઅક્ષરમૂર્તિ સદ્‌ગુરુવર્ય શ્રી ગુણાતીતાનંદસ્વામીએ વાત કરી જે :-

(૧) ભગવાન ને સાધુના મહિમાની વાતુ નિરંતર કરવી ને સાંભળવી ને મહારાજ તો પોતાનું અક્ષરધામ ને પાર્ષદ ને પોતાનું સમગ્ર ઐશ્વર્ય તે લઈને આંહીં પધાર્યા છે. તે એવા ને એવા જ છે. ને દેહ મૂકીને જેને પામવા છે, તે આજ દેહ છતાં જ મળ્યા છે, કાંઈ બાકી નથી ને એમ ન સમજાય તેથી જીવમાં દુર્બળતા રહે છે ને એમ સમજાય ત્યારે કોઈ દિ' (દિવસ) જીવમાં દુર્બળતા મનાય જ નહીં ને જીવ બીજી રીત્ય (રીત)નો થઈ જાય છે. ને મહિમા સમજવા જેવું બીજું કોઈ મોટું સાધન પણ નથી ને મહિમા વિના બીજાં ગમે એટલાં સાધન કર્યે (કરે) તો પણ જીવ બળને પામે નહિ. ને એવો મહિમા સમજવાનું કારણ તો એવા ભગવદીનો પ્રસંગ છે, પણ તે વિના એવો મહિમા સમજાતો નથી. (વચ.ગ.પ્ર.૭૧)

(૨) સાંખ્યવિચાર કરવા શીખવો ને સાંખ્ય વિના લોભ, કામ, સ્વાદ, સ્નેહ ને માન એ પાંચ દોષ તથા અધ્યાત્મ, અધિભૂત ને અધિદૈવ એ *ત્રણ્ય તાપ, એ સર્વેનું દુ:ખ મટે નહિ ને સાંખ્ય વિના અરધો સત્સંગ કે'વાય (કહેવાય); માટે સુખિયા રે'વું (રહેવું) હોય તો સાંખ્ય વિચાર કરવા શીખવો. (વચ.ગ.મ.૧૦)

(૩) *પ્રહ્‌લાદજીએ નારાયણ સાથે ઘણા દિ' યુદ્ધ કર્યું પણ ભગવાન જિતાણા નહિ, પછી ભગવાને પ્રહ્‌લાદને કહ્યું જે, 'એ યુદ્ધે કરીને તો હું જિતાઉં એવો નથી ને મુને જીતવાનો ઉપાય તો એ છે જે, જીભે કરીને મારું ભજન કરવું ને મનમાં મારું ચિંતવન કરવું ને નેત્રમાં પણ મારી મૂર્તિ રાખવી. એ પ્રકારે નિરંતર મારી સ્મૃતિ કરવી.' એમ કહ્યું, પછી એવી રીત્યે પ્રહ્‌લાદે અભ્યાસ કર્યો ત્યારે ભગવાન છ મહિનામાં વશ થઈ ગયા માટે ભગવાનને રાજી કરવાને અર્થે આ ઉપાય સર્વોપરી છે તે શીખવો. (વચ.ગ.પ્ર.૪)

(૪) ભગવાનની મોટાઈ જેના અંતરમાં સમજાણી હોય તેને ગમે તેવા દેશકાળની અવળાઈ થાય, અથવા દેહમાં ગમે એવો રોગ થઈ આવે ઇત્યાદિકમાં પણ એમ સમજે જે, 'ભગવાનના કર્યા વિનાનું પાનડું (પાંદડું) પણ કોઈનું હલાવ્યું હલતું નથી.' એમ સમજીને સુખી રહે ને એમ ન સમજે તેને કોઈ પ્રકારનો દેશકાળ આવે તો સત્સંગ ચૂંથાઈ જાય. (વચ.ગ.પ્ર.૨૧,૨૭,૩૭/ગ.અં.૧૩,૨૫/કારિ.૧૦/જે.૫)

(૫) આ જીવ સાધન તે શું કરશે ? એ તો જેમ કોશ જોડીને વાડી કરવી તેમાં ઘણો દાખડો; કેમ જે, તેને ઢોર ખાઈ જાય, પંખી ખાઈ જાય, તેમ

સાધનવડચે કલ્યાણ થાવું તે એવું છે ને ભગવાનની પ્રાપ્તિ વડચે કેવું થાય છે ? તો, જેમ આખી પૃથ્વીમાં વરસાદ વરસે ને દાણા પાકે છે; પછી તેને ઢોર ખાય, પંખી ખાય, ચોર લઈ જાય તો પણ ખૂટચે નહિ. ને કૂવા, તળાવ, ને નદીઉં ખૂટચે પણ સમુદ્ર ન ખૂટચે, તેમ ભગવાન વડચે કલ્યાણ તે એવું છે ને આ તો બહુ જ દુર્લભ છે પણ મહિમા સમજાતો નથી.

(૬) મોટાને સેવ્યા હોય ને તેના ગુણ આવ્યા હોય તેને દેશકાળ ન લાગે, તે કેની પેઠચે તો જેમ સૂર્યની આગળ અંધારું ભેળું થઈને જાય; પણ ત્યાં રે'વા (રહેવા) પામે નહિ.

(૭) ભગવાનમાં જોડાણા હોય ને ભગવાનની આજ્ઞામાં રે'તા (રહેતા) હોય ને ભગવાનની મરજીને જાણતા હોય, એવા સાધુ સાથે પોતાના જીવને બાંધવો; તે થકી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને મહિમા સહિત ઉપાસના એ સર્વે ગુણ પમાય પણ તે વિના ક્યાંથી પમાય ? ને જેવા સાધુને સેવે તેવા ગુણ આવે; તે મુમુક્ષુ હોય તે પણ ઘટી જાય ને પામર હોય તે વધી જાય, માટે સર્વેનું કારણ સંગ છે. (વચ.ગ.અં.૩૮/લોયા.૬)

(૮) ઇન્દ્રિયારામ હોય તે દબાય પણ આત્મારામ હોય તે દબાય નહિ; કેમ જે, ઇન્દ્રિયારામને તો સેવા કરીને કે પદાર્થ આપીને પણ દબાવીએ, પણ આત્મારામ હોય તે શ્યા (શા) સારુ દબાય ? કેમ જે, એને તો કાંઈ જો'એ (જોઈએ) જ નહીં ને એ તો અનંતને દબાવી દિયે પણ પોતે દબાય નહિ.

(૯) સંસાર મૂકીને ત્યાગી થાય તે દુ:ખમાત્રને ટાળીને સુખિયો થઈ જાય, પણ ત્યાગી થયા પછી પણ વાસનાનું દુ:ખ રહે છે. તે વાસના લોભની, કામની, સ્વાદની, સ્નેહની ને માનની છે. તે વાસના ટાળે તેમ તેમ સુખિયો થાય છે. (વચ.ગ.અં.૧૨,૧૯)

(૧૦) *ઇન્દ્રિયું, *અંત:કરણ એ સર્વે કુસંગી છે. તે જે જે વિષયનો જોગ થાય તે તે રૂપ થઈ જાય, એવો જ જીવનો સ્વભાવ છે. એને ભગવાનના સાધુ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભકિત, મહિમા, ઉપાસના એ સર્વે ગુણ આપે છે.

(૧૧) રૂપવાન સ્ત્રી, ઝાઝું દ્રવ્ય ને સારી મેડી મળે તો સત્સંગીને પણ માયાનું બંધન થાય; કેમ જે, એમાંથી જીવ નીકળે નહિ, માટે એ તો જેવું તેવું સાધારણ મળે તે જ સારું છે.

(૧૨) દોષ રહે છે ને ટળી જાતા નથી એ તે કેવળ દોષ જ છે કે તેમાં

કાંઈ ગુણ પણ છે ? એ પ્રશ્ન છે, તેનો ઉત્તર જે, 'દોષ પીડે તેથી સત્સંગમાં દીન-આધીન રે'વાય (રહેવાય), સત્સંગની ગરજ રહે ને ભગવાનની સ્તુતિ થાય ને દોષનો કજિયો હોય તેથી જ્ઞાન થાતું જાય, તે વિના એવી ગરજ રહે નહિ; માટે એ ગુણ છે.'

(૧૩) દેહે કરીને ક્રિયા કરતો હોય ને પોતાનું રૂપ જુદું સમજીને ભજન કરતો હોય તો બહુ સમાસ થાતો જાય, પણ ક્રિયારૂપ થઈને તેમાં ભળી જાય તો ઠીક નહિ. (વચ.ગ.પ્ર.૨૩)

(૧૪) કરોડ્ય કામ બગાડીને પણ એક મોક્ષ સુધારવો ને કદાપિ કરોડ્ય કામ સુધર્યાં ને એક મોક્ષ બગાડ્યો તો તેમાં શું કર્યું ?

(૧૫) *નવધાભક્તિ આદિક સાધને કરીને જીવ શુદ્ધ તો થાય છે, પણ વાતુએ કરીને જેવો શુદ્ધ થાય છે એવો થાતો નથી. માટે શબ્દ જેવું તો કોઈ બળવાન નથી. (વચ.ગ.પ્ર.૧૮)

(૧૬) *શિવજી મોહિની સ્વરૂપમાં મોહ પામીને વ્યાકુળ થઈ ગયા ને તે પછી અંતરમાં જોયું ત્યારે જાણ્યું જે, 'મારા સ્વામીની માયામાં હું મોહ પામું એમાં શું ?' એમ વિચાર કર્યો ત્યારે અંતરમાં શાંતિ થઈ ગઈ. માટે દેશકાળ લાગે તો ખરો પણ જ્ઞાને કરીને તેનું દુ:ખ ટળે.

(૧૭) ભગવાને કહ્યું છે જે, 'જેવો હું સત્સંગે કરીને વશ થાઉં છું એવો તપ, યજ્ઞ, યોગ, વ્રત, દાનાદિક સાધને કરીને પણ વશ નથી થાતો.'

न रोधयति मां योगो न सांख्यं धर्म एव च ।
न स्वाध्यायस्तपस्त्यागो नेष्टापूर्तं न दक्षिणा ॥
व्रतानि यज्ञश्छन्दांसि तीर्थानि नियमा यमाः ।
यथावरुन्धे सत्सङ्गः सर्वसङ्गापहो हि माम् ॥

(શ્રીમદ્ ભાગવત : ૧૧/૧૨/૧-૨)

અર્થ:- સર્વસંગનિવારક સત્સંગ દ્વારા હું જેવી રીતે વશીભૂત થાઉં છું, તેવો યોગ, સાંખ્ય, ધર્મ, સ્વાધ્યાય, તપ, ત્યાગ, ઇષ્ટાપૂર્ત, દક્ષિણા, વ્રત, યજ્ઞ, વેદ, તીર્થ, યમ, નિયમ, કોઈથી પણ થતો નથી. તે સત્સંગ શું ? જે, 'મોટા એકાંતિકને હાથ જોડવા ને તે કહે તેમ કરવું એ જ છે.' (વચ.ગ.મ.૫૪/ગ.અં.૨/સારંગ.૧૧)

(૧૮) જીવ તો બહુ બળિયો છે. તે સાવજના દેહમાં આવે ત્યારે કેવું બળ હોય છે ? ને એનો એ જીવ જ્યારે બકરાના દેહમાં આવે ત્યારે ગરીબ થઈ

જાય છે.

(૧૯) કરોડય રૂપિયા ખરચતાં પણ આવા સાધુ મળે નહિ ને કરોડય રૂપિયા દેતાં પણ આવી વાતુ મળે નહિ ને કરોડય રૂપિયા આપતાં પણ મનુષ્યદેહ મળે નહિ ને આપણે પણ કરોડય જન્મ ધર્યા છે; પણ કોઈ વખત આવો જોગ મળ્યો નથી, નીકર શું કરવા દેહ ધરવો પડયે ?

(૨૦) મોક્ષના દાતા તો ભગવાન ને સાધુ એ બે જ છે ને વૈરાગ્ય છે તે તો વિષય સાથે વેર કરાવે પણ ભગવાનનું કામ ન કર્યે ને <u>આત્મનિષ્ઠા</u> છે તે સર્વેમાંથી પ્રીતિ તોડાવે પણ ભગવાનનું કામ ન કર્યે ને ધર્મ છે તેણે કરીને સુખી રહે પણ ભગવાનનું કામ ન કર્યે. માટે મોક્ષના દાતા તો ભગવાન ને સાધુ એ બે જ છે, માટે એમનો અવગુણ ન લેવો. (વચ.ગ.મ.૨૧)

(૨૧) આ તો ભગવાને સૌનું સામર્થ્ય ઢાંકી રાખ્યું છે, નીકર (નહિતર) તો શાપ દઈને બાળી મૂકે, નીકર ગાંડા થઈને ક્યાંયના ક્યાંય ચાલ્યા જાય, નીકર હાથે દેહ મૂકીને જાતા રહે પણ આ તો કોઈનું ચાલવા દેતા નથી.

(૨૨) ભગવાન પોતાના ભક્તની રક્ષા કરવામાં જ બેઠા છે. તે કેની પેઠયે, તો જેમ પાંપણ્ય આંખ્યુંની રક્ષા કર્યે છે ને હાથ કંઠની રક્ષા કર્યે છે ને માવતર છોકરાંની રક્ષા કર્યે છે ને રાજા પ્રજાની રક્ષામાં છે, તેમ જ ભગવાન આપણી રક્ષામાં છે.

(૨૩) ભગવાન કેટલાકને સમૃદ્ધિ આપે છે ને કેટલાકને નથી આપતા, તેનું કેમ સમજવું ? એ પ્રશ્ન છે, તેનો ઉત્તર જે, 'ઝાઝું ધન મળે તો વધારે <u>ફેલ કર્યે</u>, માટે થોડું મળે તે ઠીક છે.'

(૨૪) પાંચ-દસ વાર 'સ્વામિનારાયણ', 'સ્વામિનારાયણ' નામ જાણ્યે-અજાણ્યે લેશે તેનું પણ આપણે કલ્યાણ કરવું પડશે ને આખા બ્રહ્માંડને સત્સંગ કરાવવો છે.

(૨૫) જેટલું કાંઈ માયામય સુખ છે તે સર્વે દુઃખ વિનાનું હોય નહિ, એ વાત પણ એક જાણી રાખવી.

(૨૬) વિષયનું જે સુખ છે તે કરતાં આત્માનું સુખ બહુ અધિક છે ને તે કરતાં ભગવાનનું સુખ એ તો <u>ચિંતામણિ</u> છે.

(૨૭) એક જણે લાખ રૂપિયાની બુદ્ધિ લીધી, તેમ જ મોક્ષની બુદ્ધિ પણ અનેક પ્રકારની મોટાથકી શીખાય છે. (જુઓ પ્રકરણ ૧૦ની વાત ૧૭૭)

(૨૮) હીરો છે તે કોઈ રીત્યે ફૂટચે નહિ, પણ તે માંકડના લોહીથી ફૂટચે. તેમ વાસના કોઈ રીત્યે ટળે નહિ, પણ મોટા કહે તેમ કર્યે, તેમનો ગુણ આવે ને એમની ક્રિયા ગમે તો તેથી ટળે; નીકર સાધન તો *સૌભરિ આદિકનાં કેવાં ? તો પણ વાસના ટળી નહિ. (વચ.ગ.અં.૨૦)(જુઓ પ્રકરણ ૧ ની વાત ૩૮-૨૦૩)

(૨૯) સત્સંગ થાય પણ સંગ વિના સત્સંગનું સુખ ન આવે, કેની પેઠચે તો જેમ ખાધાનું મળે પણ ખાધા વિના સુખ ન આવે, જેમ લૂગડાં-ઘરેણાં મળે તો પણ પે'ર્યા (પહેર્યા) વિના તેનું સુખ ન આવે, તેમ સંગ વિના સત્સંગનું સુખ આવે નહિ.

(૩૦) આવા સાધુને મનમાં સંભારીએ તો મનનાં પાપ બળી જાય ને વાતુ સાંભળીએ તો કાનનાં પાપ બળી જાય ને દર્શન કરીએ તો આંખ્યુંનાં પાપ બળી જાય, એમ મહિમા જાણવો.

(૩૧) આથી કરોડચ ઘણો (ગણો) સત્સંગ થાશે ને આથી કરોડચ ઘણાં માણસ થાશે, પણ આ વાતુ ને આ કથા નહિ મળે ને વે'વાર (વ્યવહાર) પ્રધાન થઈ જાશે. માટે સહેજે સહેજે કરવું ને આ કારખાનાં તો બ્રહ્માંડ રે'શે (રહેશે) ત્યાં સુધી ચાલશે; માટે કથાવાર્તા કરવા-સાંભળવાનો અભ્યાસ રાખવો. ને આપણે તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ એ ચારેય વાત રાખવી પણ એક જ મુખ્ય ન કરવું.

(૩૨) ત્યાગ, વૈરાગ્ય, નિયમ ને ધર્મની કેટલીક વાતુ કરીને બોલ્યા જે, 'ત્યાગ, વૈરાગ્યને શું કરવાં છે ? ને ગમે એવો જીવ હશે પણ ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ એ જ સત્સંગી છે ને તે વિના તો ગમે તેટલી ભક્તિ કર્યે તો પણ શું ? ને કૃપાએ કરીને અખંડ મૂર્તિ દેખે તો પણ શું ? માટે ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ એ જ સત્સંગ છે. તે સત્સંગ તો રાત્રિ-પ્રલય સુધી કરશું ત્યારે થાશે, પછી તેને દેશકાળ નહિ લાગે; એવો સત્સંગ થાશે ત્યાં સુધી કરવો છે.'

(વચ.ગ.મ.૫૪/ગ.અં.૩૯)

(૩૩) આ વાતુમાંથી તો બ્રહ્મરૂપ થાવાશે ને બાળ, જોબન ને વૃદ્ધ એ ત્રણય પ્રકારની સ્ત્રીઉં (સ્ત્રીઓ) ને કચરો ને કંચન એ સર્વે સરખું થઈ જાશે ને કાંઈ દીઠું નહિ ગમે એવું થાશે. ત્યારે કે'શ્યો (કહેશો) જે, વાતુ સાંભળીએ છીએ ને કેમ થાતું નથી ? તે તો આજ આંબો વાવે ને કાલે કેરીઉં (કેરીઓ) કેમ થાય ? પણ એ જ આંબો દસ વરસનો થાય ત્યારે એમાં કેરીઉં થાય છે, એમ થાવાનું છે.

(વચ.કા.૧૨)

(૩૪) આપણે તપાસ કરવો જે, 'હજાર રૂપિયા મળે તેનું શું ફળ છે? ને લાખ રૂપિયા મળે તેનું શું ફળ છે ? ને કરોડય રૂપિયા મળે તેનું શું ફળ છે? કેમ જે, રોટલાથી તો વધારે ખવાતું નથી; માટે તેનો તપાસ કરવો ને પાછું વળવા શીખવું.'

(૩૫) आलोड्य सर्वशास्त्राणि विचार्य च पुनः पुनः।
इदमेकं सुनिष्पन्नं ध्येयो नारायणो हरिः॥
(લિંગપુરાણ : ૭/૧૧/૨)

અર્થ :- સર્વ શાસ્ત્રો વાંચીને, અનેકવાર વિચારીને આ એક જ નિશ્ચય થયો કે, એક ભગવાન નારાયણ હરિનું જ ધ્યાન કરવું. એ શ્લોકમાં વ્યાસજીએ સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત કહ્યો છે જે, 'ભગવાનનો આશરો કરવો.' તેમ જ અમે તપાસ કર્યો જે, 'સર્વનો સિદ્ધાંત સાધુનો સંગ જ છે.' (વ.ગ.પ્ર.૩૩)

(૩૬) સર્વ કરતાં *લક્ષ્મીજીની સમજણ અધિક કહી; કેમ જે, તેમને ભગવાનમાં <u>નિર્દોષબુદ્ધિ</u>, તો પણ તેમાં સ્ત્રીનો ભાવ ખરો. માટે તે કરતાં *ઉદ્ધવજીની સમજણ અધિક છે; કેમ જે, ઉદ્ધવજી જ્ઞાની ને તેમને ભગવાનમાં નિર્દોષપણું; પણ તેમને ઘર મૂકતાં કઠણ પડ્યું. માટે તે કરતાં પણ *જડભરતની ને *શુકજીની સમજણ અધિક; કેમ જે, એમને સ્ત્રી-પુરુષ એવો ભાવ જ નહીં.

(૩૭) <u>કલ્પ</u> આખોસુધી ભગવાનની સામું જોઈને બેસી રહે તો પણ <u>નિષેધ</u> કર્યા વિના વિષય તો ન ટળે ને સાધુ મળે તો ટાળે ને <u>નિર્વિકલ્પ સમાધિ</u> થાય તો પણ વિષય ન ટળે ને <u>જ્ઞાનની સમાધિ</u> થાય તો ટળે.

(૩૮) અંતઃકરણરૂપ માયાનો કજિયો બહુ ભારે છે. કેમ જે, જડભરતને કેવો વૈરાગ્ય અને કેટલું રાજ્ય મૂક્યું, તો પણ વિઘ્ન થયું ને *સૌભરિ ને *પરાશર આદિક કેવા ! તેમને પણ ધક્કા લાગ્યા. માટે સાધુ જ્ઞાન આપીને જન્મ આપે છે ને નિષેધ કર્યે (કરે) છે, ત્યારે એ કજિયો મટે છે, પણ તે વિના મટતો નથી ને આખી ઉંમર ભગવાનની ભેળા રહે તો પણ જ્ઞાન વિના કસર ટળે નહિ.

(૩૯) 'વચનામૃત' વંચાવીને તેની વાત કરી જે, 'કદાપિ ભગવાનની મૂર્તિમાં જોડાઈ જાય તો પણ કેટલીક <u>ખોટ્યું</u> (ખોટ) કેમ સમજાય ? માટે સર્વ કરતાં સમજણ અધિક છે; પછી નાડીઉં (નાડીઓ) તણાઓ કે ન તણાઓ ને <u>સાંખ્ય</u> ને <u>યોગ</u> કરતાં પણ ભગવાનનું સર્વોપરીપણું સમજવું તે શ્રેષ્ઠ છે.' (વચ.ગ.પ્ર.૨૭-૬૪)

(૪૦) શ્રીજીમહારાજે કહ્યું હતું જે, ''અમે અલૈયા ગામમાં એકવાર દૃષ્ટિ કરીને અનંત જીવુંને <u>બ્રહ્મમહોલ</u>માં મૂકી દીધા; પણ ત્યાં કોઈ રહ્યા નહિ.'' માટે

જ્ઞાન દઈને જેવું થાય એવું દૃષ્ટિએ કરીને થાતું નથી.

(૪૧) પ્રેમીનું હેત તો ટાંકાના પાણી જેવું છે અને જ્ઞાનીનું હેત તો પાતાળના પાણી જેવું છે ને પ્રેમીનું તો ભગવાન તથા સાધુને રાખવું પડ્યે, પણ જ્ઞાનીનું રાખવું પડ્યે નહિ.

(૪૨) કો'ક (કોઈક) લોભ મૂકે, સ્વાદ મૂકે, સ્નેહ મૂકે, માન મૂકે; પણ સ્ત્રી તો હૈયામાંથી નીકળે જ નહીં ને રૂપ જેવું તો કાંઈ બળવાન નથી ને એ વિષય તો જીવમાત્રમાં રહ્યા છે. તે તો મોટા અનુગ્રહ કર્યે ત્યારે ટળે, પણ તે વિના ટળે નહિ.

(૪૩) અમે તપાસી જોયું, તો આ જીવ કોઈ દિ' ભગવાનને મારગે ચાલ્યો નથી ને સાવ નવો આદર છે ને જીવમાત્રને ખાવું, સ્ત્રી ને ધન એ ત્રણ્યનું જ ચિંતવન છે ને એનું જ મનન ને એની જ કથા ને એનું જ કીર્તન ને એની જ વાતુ ને એનું જ ધ્યાન છે ને તેમાં પણ દ્રવ્યનું તો એક મનુષ્ય જાતિમાં જ છે; બાકી ખાવું ને સ્ત્રી એ બેનું તો જીવમાત્રને ચિંતવન છે; કેમ જે, ભગવાનની માયાનો ફેર ચડાવી મૂક્યો છે ને એનું ચિંતવન ન થાય એ તો દેવનો પણ દેવ છે; પણ એ મનુષ્ય નથી ને ખાવું, સ્ત્રી ને ઊંઘવું એ ત્રણ્ય વાતમાં ગુરુ કરવા પડતા નથી. જેમ નદીઓના પ્રવાહ સમુદ્ર-સન્મુખ ચાલે છે, એમ જીવને વિષયસન્મુખ ચાલવાનો ઢાળ છે ને તેમાંથી પાછું વળાય એ તો સાધુનું છે.

(૪૪) આ દેહમાં અને આ લોકમાં આપણે ચોંટશું તો ભગવાન ચોંટવા નહિ દિયે. જેમ *રવજી સુતારને સ્ત્રી પરણાવીને સંસારનું સુખ લેવા દીધું નહિ ને પછી સંસારમાંથી તોડીને છેલ્લી વારે સાધુ કર્યો; એમ ભગવાન બંધાવા નહિ દિયે.

(૪૫) દેહમાં રોગાદિક દુ:ખ આવી પડ્યે તે તો તેના મોકલનારા ટાળે ત્યારે ટળે; પણ બીજા કોઈથી ટળે નહિ, જેમ રાજાનો મોકલેલો મોસલ આવે તે તો તેની ચિઠ્ઠી આવે ત્યારે ઊઠે, પણ ગામના માણસે ઊઠે નહિ; એમ સમજવું.

(૪૬) વિષયનો તિરસ્કાર તો અક્ષરધામમાં, શ્વેતદ્વીપમાં, બદરિકાશ્રમમાં ને આ લોકમાં મોટા એકાંતિક પાસે છે. એ ચાર ઠેકાણાં વિના બાકી સર્વે ઠેકાણે વિષયનો આદર છે.

(૪૭) ભગવાનનું ધામ ગુણાતીત છે ને જીવને ગુણાતીત કરવા છે ને આપણે આ જ્ઞાન સાંભળ્યું છે તે બીજે ક્યાંય બનશે નહિ ને આપણાથી બીજે ન રે'વાય ને આ મળ્યા છે તે પણ મૂકે એવા નથી; એવું એને આવડે છે ને આજનું

જ્ઞાન સાંભળીને જાય છે, તેને શ્વેતદ્વીપ ને તેની આણીકોર્યના કોઈ પૂગતા નથી ને આ જ્ઞાન તો ફિરંગીની તોપું જેવું છે ને આની આગળ બીજાનું જ્ઞાન તો ફટાકિયા જેવું છે ને આ તો કહ્યું છે જે,

આ અવસરે રે દયાળુ બહુદયા કરી રે,
જનના અવગુણને રે નાથ ગણતા નથી રે,
શરણે આવ્યા તેનાં શ્યામસુજાણ. આ અવ૦
(કીર્તનસાર સાગર : ૨૦૧)

એવા છે. એ પ્રકારે બહુ મહિમા કહ્યો.

(૪૮) બદરિકાશ્રમ ને શ્વેતદ્વીપના મુક્તને ત્યાગ-વૈરાગ્યનું બળ છે ને ગોલોકના ને વૈકુંઠના મુક્તને પ્રેમ મુખ્ય છે ને અક્ષરધામના મુક્ત તો બ્રહ્મરૂપ છે.

(૪૯) ભગવાનના ભક્તને તો વિષયસુખ મળે એ જ નરક છે. તે કહ્યું છે જે,

*કુંતાજી દુ:ખ માંગ કે લીનો એહિ ભકત કી રીતિ વે;
વિષય આનંદ ન લહે સ્વપ્નમેં જાહિ પ્રભુપદ પ્રીતિ વે.

એ ભક્તનું લક્ષણ છે. (જુઓ પ્રકરણ ૧૦ની વાત ૧૩૩)

(૫૦) આ સર્વે કામ મૂકીને આવીને, નવરા બેસીને, વાતુ સાંભળીએ છીએ, તે એમ સમજવું જે, કરોડ્યું કામ કરીએ છીએ; તે શું ? જે, જમપુરી, ચોરાશી ને ગર્ભવાસ એ સર્વને માથે લીટા તાણીએ છીએ પણ નવરા બેઠા છીએ એમ ન સમજવું.

(૫૧) આ તો બળિયા છે તે ગમે એવી વાસના હશે તો પણ અંતકાળે હીરજીની પેઠ્યે નસ્તર મારીને દેહની ખબર રે'વા દેશે નહિ ને વાસના ટાળી નાખે એવા છે.

(૫૨) મોટા શહેરનું સેવન તથા અધિકાર તથા ધનનો પ્રસંગ એ આદિક જીવને બગાડવાના હેતુ છે; માટે સમજી રાખવું.

(૫૩) નિરંતર મંદિરનું કામ કર્યા કર્યે તો પણ જ્ઞાન વૃદ્ધિને પામે નહિ ને જ્ઞાન તો સાધુસમાગમથી જ થાય.

(૫૪) શાસ્ત્રમાં ભારેભારે પ્રાયશ્ચિત કહ્યાં છે, તે સર્વે આવા સાધુના સમાગમ અને દર્શને કરીને નિવૃત્ત થઈ જાય છે, એવું આ દર્શન છે. (વચ.ગ.પ્ર.૧)

(૫૫) વાછરડાને દૂધનો સ્વાદ છે અને ઇતરડીને લોહીનો સ્વાદ છે. તેમ ખાવાપીવાનું સુખ ને માન-મોટાઈનું સુખ તે લોહી જેવું છે ને,

निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥
(શિક્ષાપત્રી શ્લોક : ૧૧૬)

અર્થ :- સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ જે ત્રણ દેહ તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા તેને બ્રહ્મરૂપની ભાવના કરીને પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ જે તે સર્વ કાળને વિશે કરવી. એ સુખ દૂધ જેવું છે.

(૫૬) ભગવાનની ઉપાસનાનું બળ હોય તેને મહાપ્રલય જેવું દુઃખ આવી પડચે તો પણ એમ સમજે જે, દેહ તો પડી જાશે ને આપણે ભગવાનના ધામમાં જાશું; એમ સમજીને સુખિયો રહે.

(૫૭) આવા સાધુ ખાસડાં માર્યે (મારે) તો પણ અક્ષરધામમાં લઈ જાય ને બીજા મશરૂનાં ગાદલામાં સુવાડી મૂકે તો પણ નરકમાં નાખે એમ સમજવું.

(૫૮) આપણા દોષ તો મહારાજે ટાળી નાખ્યા છે ને તે દોષનું દર્શન થાય છે એ તો આપણા રૂડાને અર્થે થાય છે; નીકર જીવ તો ઉન્મત્ત થઈ જાય એવો છે અને હવે તો આપણે ભગવાન વશ કરવા છે ને તે ભગવાનના જેવું સામર્થ્ય પામવું છે તે સારુ મંડ્યા છીએ.

(૫૯) 'બ્રહ્મરૂપ માનીને ભક્તિ કરવી' એ જ સિદ્ધાંત છે; તે જેમ ઘણાં માણસ વટલે ને એક જણ નાત્યમાં (નાતમાં) રહે, પણ તેણે એમ સમજવું જે, 'હું વટલ્યો નથી,' તેમ બ્રહ્મરૂપ માનવાની સમજણ છે.

(૬૦) આ કર્મક્ષેત્ર છે તે આંહીં એક ઉપવાસ કર્યે ને બદરિકાશ્રમમાં સો ઉપવાસ કર્યે ને શ્વેતદ્વીપમાં હજાર ઉપવાસ કર્યે તે બરાબર થાય છે ને આ ઘડી, આ પળ અને આ સાધુ કોટિ કલ્પે પણ મળવા દુર્લભ છે; પણ મહિમા જણાતો નથી; કેમ જે, મનુષ્યાકૃતિ છે.

(૬૧) તમોગુણીને માન વધારે હોય ને રજોગુણીને કામ વધારે હોય અને સત્ત્વગુણીને જ્ઞાન વધારે હોય.

(૬૨) જ્યારે દુર્યોધન ને પાંડવોને કજિયો થાવાનો આદર થયો, ત્યારે દુર્યોધન પાસે દૈત્ય સર્વે આવીને કહે જે, 'અમે કૃપાચાર્યમાં, દ્રોણાચાર્યમાં ને ભીષ્મપિતા આદિકમાં પ્રવેશ કરશું માટે યુદ્ધ કર્ય (કર).' એમ કહ્યું તેમાં કે'વાનું (કહેવાનું) શું છે ? જે, 'આપણામાં પણ કામ, ક્રોધાદિક માંહીલા દોષ આવીને પ્રવેશ કર્યે ત્યારે મોટાનો અવગુણ આવે અને ત્યારે ન કરવાનું પણ થાય; ત્યારે જાણવું જે, મારામાં દૈત્યે પ્રવેશ કર્યો છે પણ હું એવો નથી એમ સમજવું.'

(જુઓ પ્રકરણ ૧૨ ની વાત ૧૭૨)

(૬૩) કેટલીક કસર ત્યાગ-વૈરાગ્યથી ટળશે ને કેટલીક કસર જ્ઞાને કરીને ટળશે અને કેટલીક કસર ભક્તિ કરાવીને ટળાવશું, બાકી છેલ્લીવારે રોગ પ્રેરીને પણ શુદ્ધ કરવા છે પણ કસર રે'વા દેવી નથી.

(૬૪) ધર્મશાળા કરવાનું કામ કરાવીએ છીએ તેમાં કહીએ છીએ જે, 'આજ્ઞાએ કરીને આવી ધર્મશાળાઉં (ધર્મશાળાઓ) તો અનંત કરીએ; પણ તેમાં બંધાવું નહિ ને બંધાવું તો ભગવાન ને સાધુ એ બેમાં જ બંધાવું.'

(૬૫) શાસ્ત્રમાં કેટલાંક વચન તો સિદ્ધાંતરૂપ હોય ને કેટલાંક વચન તો કોઈ નિમિત્ત અર્થે હોય તે સમજી રાખવું.

(૬૬) શરદઋતુમાં આકાશ નિર્મળ જોઈને બોલ્યા જે, 'આવું અંતઃકરણ થાય ત્યારે જીવ સુખિયો થાય; તેમ સત્સંગ કરતાં કરતાં થાય છે.'

(૬૭) મોટાનો મત એ છે જે, અનેક પ્રકારે દેહ દમન કરવું અને ટાઢ્ય, તડકો, ભૂખ, તરસ તેનું સહન કરવું પણ કેવળ દેહનું જતન કરવું નહિ.

(૬૮) નિરંજનાનંદસ્વામી પાસે બેસે તો અંતર ટાઢું થઈ જાય; તેમ એવા મોટા સાધુ પાસે બેસે તો સુખ આવે; તે કેને સુખ આવે ? તો જેને તેમાં હેત હોય તેને આવે. (જુઓ પ્રકરણ ૩ ની વાત ૩૪)

(૬૯) કોટિ કલ્પે આ વાત હાથ આવી છે; પણ તે સત્સંગ રાજાને, નાતીલાને અને ઘરનાં માણસને નથી ગમતો તેમ જ દેહ, ઇન્દ્રિયું, અંતઃકરણને પણ નથી ગમતો ને એક જીવને જ ગમે છે ને માયા તો પેટ કૂટે છે જે, 'મારા હાથમાંથી ગયો.' (વચ.ગ.મ.૨૮)

(૭૦) સાધન કરી કરીને મરી જાય તો પણ વાસના ટળે નહિ; એ તો મોટા અનુગ્રહ કર્યે ત્યારે જ ટળે છે.

(૭૧) આપણું તો દર્શન કરશે તેનું પણ કલ્યાણ થાશે; પણ બહુ મહિમા કહીએ તો કોઈ *પંચવર્તમાન પાળે નહિ ને આ તો મુક્તે દેહ ધર્યા છે ને વાસના જેવું જણાય છે તે તો દેહ ધર્યો તેનો ભાવ જણાય છે; નીકર તો દેહ રહે નહિ.

(૭૨) શ્રીજીમહારાજની કહેલી વાત કરી જે, મહારાજ કહે જે, "કરોડય વા'ણે (વહાણે) કરીને એક મનવાર્ય ભરાય, એવી સો કરોડય મનવાર્યું ભરવી છે; એટલા જીવુંનું (જીવોનું) કલ્યાણ કરવું છે. તે એટલા જીવુંનું કલ્યાણ કેમ થાય ? પછી અમે વિચાર કર્યો જે, અમારું દર્શન કર્યે તેનું કલ્યાણ. વળી એમ

વિચાર કર્યો જે, અમારું દર્શન તે કેટલાક જીવુંને થાશે ? માટે અમારા સાધુનું દર્શન કર્યે તેનું પણ કલ્યાણ. પછી વળી તેમાં પણ વિચાર થયો જે, સાધુનું દર્શન પણ કેટલાક જીવુંને થાશે ? માટે અમારા સત્સંગીનું દર્શન કર્યે તેનું પણ કલ્યાણ ને સત્સંગીને જમાડે ને એનું જમે ને સત્સંગીને પાણી પાય ને એનું પાણી પીએ, એ સર્વેનું કલ્યાણ કરવું છે.''

(૭૩) ગુરુનું અંગ

ગુરુદેવ જનની જનક રૂ સંબંધિ બંધુ, પૂરન અત્યંત સુખ ગુરુહું સે પાયો હૈ;
નાસિકા બદન બૈન દિને ગુરુ દિવ્ય નૈન, શોભિત શ્રવન દે કે શબ્દ સુનાયો હૈ;
દિયે ગુરુ કરપાવ શીતલતા શિષ્યભાવ, ગુરુરાય પિંડહું મે પ્રાણ ઠહરાયો હૈ;
કહત હૈ બ્રહ્માનંદ કંદ સુખ દયા સિંધુ, ગુરુદેવ મેરો ઘાટ દૂસરો બનાયો હૈ.

(કીર્તન મુકતાવલિ : ગુરુ કો અંગ)

બોલાવ્યું તેમાં પ્રશ્ન પૂછ્યો જે, 'આ અંગમાં તો સર્વે વાત ગુરુ જ કર્યે એમ કહ્યું છે; પણ કાંઈ પુરુષપ્રયત્નનું તો કહ્યું નથી તે કેમ સમજવું ?' ત્યારે તેનો ઉત્તર કર્યો જે, 'સર્વે વાત ગુરુ જ કર્યે છે ત્યારે આંહીં અવાણું છે અને હમણાં એમ જ છે જે, સર્વે દોષ ટળી જાય તો પછી સુખે સૂઈ રહે, પછી કો'ક ટોકે તો પણ ન ખમાય ને જ્ઞાન વિના તો ઉન્મત્ત થઈ જવાય, માટે સર્વ કરતાં જ્ઞાન શ્રેષ્ઠ છે.'

(૭૪) ભગવાન ને સાધુના મહિમાની બહુ વાતુ કરી. ત્યારે પ્રશ્ન પૂછ્યો જે, 'આવો મહિમાનો સાક્ષાત્કાર કેમ થાતો નથી ?' તેનો ઉત્તર કર્યો જે, 'સાક્ષાત્કાર થાય તો છકી જવાય, માટે ધીરે ધીરે જ્ઞાન આપે છે ને મહિમા વૃદ્ધિ પમાડે છે. જેમ ફળ, પુષ્પ વૃદ્ધિને પામે છે તેમ થાય છે. એ ભગવાનને જેમ ઘટે તેમ આવડે છે ને જેમ ઘટે તેમ કર્યે છે. ને ઠામૂકું આપે તો ગાંડા થઈ જવાય, માટે એ ભગવાન ઠીક જ કર્યે છે.'

(૭૫) આ તો અનંત ભગવાનના ભગવાન છે એટલું જ કહીએ છીએ. એથી આઘું કેટલુંક કહીએ ? તે આપણા ઘરમાં આવીને બેઠા છે, આ તો કૂબામાં જેમ હાથી બાંધે તેમ છે.

(૭૬) આપણને તો ભગવાનનો ખપ નથી, પણ ભગવાન આવીને પરાણે આપણને વળગ્યા છે. તે મહારાજ કહે, ''ભૂત વળગે છે તે પણ નથી મૂકતું તો અમે કેમ મૂકશું ?''

(૭૭) ભગવાન જીવના ગુન્હા સામું જોતા નથી. તે કો'ક જીવ ભગવાનની સ્તુતિ કરીને એમ બોલે જે, 'હું ગુન્હેગાર છું.' તો તેના ગુન્હા ભગવાન

માફ કર્યે છે.

(૭૮) અમને તો એક જન્મ-મરણનો રોગ ટાળતાં આવડે છે, બીજું આવડતું નથી.

(૭૯) સર્વ પ્રકારની આસક્તિ ટળી જાય તો આ લોક ને આ દેહ તે ગમે નહિ ને આ લોકમાં રે'વું પડચે તે દુ:ખ થાય, એમ બોલ્યા. તે ઉપર પ્રશ્ન પૂછ્યો જે, 'આસક્તિ રહે છે, તેનું દુ:ખ થાય છે, તેનું કેમ સમજવું ?' પછી તેનો ઉત્તર કર્યો જે, 'એ દુ:ખ સારું કર્યે છે; કેમ જે, નિર્માની રે'વાય ને ભગવાન કરતા હશે તે ઠીક કરતા હશે ને દેહનું રૂપ તો ગામ ફણેણીમાં સૂરા ખાચરને કાન દેખાડ્યો તે ભેગી ઊલટી થઈ; તેમ બીજાને દેખાય તો એવું થાય.'

(જુઓ પ્રકરણ ૧૧ ની વાત ૨૩૧)

(૮૦) 'વચનામૃત' વંચાવીને તેની બહુ વાત કરી ને બોલ્યા જે, 'આવું જ્ઞાન તો સંગે કરીને ને કાળે કરીને થાય; જેમ વિદ્યા ભણે છે તેમ થાય, પણ અનુગ્રહ થકી ન થાય ને અનુગ્રહ કર્યે તો સમાધિ થાય. તે વિજ્ઞાનદાસજીને અક્ષરધામ દેખાતું તો પણ બે ઘર કર્યાં ને સાધુએ કાઢચા ત્યારે નીકળ્યા; માટે જ્ઞાન શ્રેષ્ઠ છે.' (જુઓ પ્રકરણ ૩ ની વાત ૭૩)

(૮૧) આ તો પ્રબંધે કરીને રાખીએ છીએ; પણ ધન ને સ્ત્રી ન જો'એ એવા માણસ ઝાઝા જડે નહિ.

(૮૨) 'વચનામૃત'ની આખી પ્રત્યું પણ સત્સંગમાં સહાય નહિ કર્યે, તે તો પુસ્તક મૂકી મૂકીને પણ ચાલ્યા જાય છે; માટે સહાય તો આવા સાધુ કરશે.

(૮૩) લોયાના ૭મા વચનામૃતમાં કહ્યું છે જે, ઇન્દ્રિયું, અંત:કરણ ને અનુભવ એ ત્રણ્ય પૂગે ત્યારે પૂરો જ્ઞાની કે'વાય. તે ઉપર બોલ્યા જે, 'આપણે તો સર્વે પૂગે છે ને નથી દેખાતું તે તો એની ઇચ્છાએ છે.'

(૮૪) પાણીના ધરા જેવું તો શ્વેતદ્વીપના મુક્તને રહે છે ને અક્ષરધામની તો વાત જ શ્યી (શી) કે'વાય ! ને આ લોકમાં તો કેટલાક પ્રકારના વિક્ષેપ આવે, માટે ઠોંટ મારીને મોઢું રાતું રાખવું એવું છે. (વચ.ગ.પ્ર.૨૩)

(૮૫) નંદ રાજાએ આખી પૃથ્વીનું ધન ભેળું કર્યું ને પછી છેલ્લીવારે એમાંથી મોત થયું ને *ચિત્રકેતુ રાજાએ કરોડચ સ્ત્રીઉં (સ્ત્રીઓ) ભેળી કરી ને છેલ્લી વારે એમાંથી દુ:ખ થયું ત્યારે મૂકી; તે મારગ જ એવો છે.

(જુઓ પ્રકરણ ૧૦ ની વાત ૧૮)

(૮૬) આપણામાં ત્યાગી થઈ જાય છે ને સંસાર મૂકી દિયે છે, એ તો

ભગવાનમાં હેત તે તણાઈ આવે છે. એ તો જોગ છે પણ સાંખ્ય નહિ ને હેત તો આંગળી તૂટતું હોય પણ સાંખ્ય નહિ ને જેને સાંખ્ય હોય ને તે સાધુ થાવા આવે તેને કહીએ જે, ઘરનાં માણસ સર્વે ઘરમાં સૂતાં હોય ને ઘર બાળીને આવો તો સાધુ કરીએ; તો સાંખ્યવાળાને એ કઠણ ન પડચે, ને જોગવાળાથી એ થાય નહિ.

(૮૭) ચિંતામણિ કાંઈ રૂપાળી ન હોય; તેમ ભગવાન ને સાધુ પણ મનુષ્ય જેવા જ હોય; પણ એ દિવ્ય છે ને કલ્યાણકારી છે ને મનુષ્યનું દેહ ચિંતામણિ છે.

(૮૮) જો માર્ય-માર્ય (માર-માર) કરતો કોઈ આવતો હોય તો એમ સમજવું જે, મારા સ્વામીનું જ કર્યું સર્વે થાય છે; પણ તે વિના કોઈનું હલાવ્યું પાનડું (પાંદડું) પણ હલતું નથી.

(૮૯) 'વાંદરું વૈકુંઠમાં રહે નહિ એમ કહે છે, તે સારુ આપણે ભગવાન પાસે રે'વાય એવા સ્વભાવ કરવા; તે આહીં કરવા કાં શ્વેતદ્વીપમાં જઈને કરવા.

(૯૦) બ્રહ્માંડ આખું સ્વામિનારાયણનું ભજન કરશે ત્યારે સત્સંગ થયો એમ જાણવું ને ત્યાં સુધી થાવો છે ને એક એક સાધુની કેડચે લાખ લાખ માણસ ફરશે, ત્યાં સુધી સત્સંગ થાવો છે.

(૯૧) જીવને ચોંટવાનાં ઠેકાણાં બે જ છે, તે ભગવાનમાં ચોંટે , નીકર માયામાં ચોંટે; પણ આધાર વિના કેમ રે'વાય ?

(૯૨) દોષ કેમ ટળતા નથી ? એ પ્રશ્ન પૂછ્યો તેનો ઉત્તર કર્યો જે, 'એ તો *ધન્વંતર વૈદ્ છે, તે ખોટા કેમ થાશે ? ને જેમ *અક્ષરાનંદસ્વામીને ગોળી દઈને રાફી કાઢી નાખી; તેમ જ કામ-ક્રોધાદિક ઘણી રાફીઉં (રાફીઓ) છે તે કાઢી નાખશે. આપણે તો એને બાઝી પડવું, એટલું જ કરવું.'

(૯૩) ગાફલાઈ ટાળવાનું કારણ તો એ છે જે, એક ખટકો રાખે તો ટળે ને બીજો ઉપાય તો કો'ક શિક્ષા કર્યે ત્યારે ટળે.

(૯૪) આ તો બહુ મોટો લાભ થયો છે, પણ ઊંઘમાં જાય છે. તે શું ? જે, વિષયમાં સુખ નિરંતર વરતે છે ને આ દર્શન તો *પંચમહાપાપને બાળી મૂકે એવું છે, પણ મહિમા જણાતો નથી.

(૯૫) 'કર્મવિપાક' નામે ગ્રંથ છે તે મહારાજે વંચાવ્યો હતો. તેમાં કહ્યું છે જે, 'આ પાપે કરીને આ રોગ થાય.' એ પ્રકારે તેમાં ઘણો વિસ્તાર કર્યો છે.

(૯૬) આખી પૃથ્વીમાં એક માણસ મર્યે (મરે) તેનો કાંઈ ખરખરો

થાય છે ? તેમ અક્ષરની દષ્ટિને જે પામે છે તેને આખા બ્રહ્માંડનો પ્રલય થાય તો પણ થડકો ન થાય; એવી પણ એક સમજણ છે.

(૯૭) સાંખ્યની દઢતા કેમ થાય ? એ પ્રશ્નનો ઉત્તર કર્યો જે, 'માણસ મરી જાય છે, દેહ ઘરડું થાય છે, તે જોવું ને નિત્યપ્રલય, નિમિત્તપ્રલય ને પ્રાકૃતપ્રલય તેનો વિચાર કરવો અને સાંખ્ય ને યોગ સિદ્ધ કરવાનું કારણ આ સમાગમ છે.'

(વચ.ગ.અં.૨)

(૯૮) જેમ નાત્યનો (નાતનો), નામનો ને ગામનો નિશ્ચય થયો છે, તેમ જ એવો અભ્યાસ કર્યે (કરે) જે, હું આત્મા છું, બ્રહ્મરૂપ છું, સુખરૂપ છું ને હું ભગવાનનો ભક્ત છું, પણ દેહ તે હું નહિ એમ કર્યે તો તે પણ થાય ને આ દેહ આપણને નિત્યે નરક ચૂંથાવે છે એથી ભૂંડું શું ? પણ જ્ઞાન વિના તેની ગમ નથી.

(૯૯) અક્ષરધામના જેવું સુખ આહીં વરતે છે, તેમાં પણ કેટલાક દુઃખિયા છે. તેમાં દેહનું દુઃખ થોડું ને મનનું દુઃખ ઝાઝું છે.

(૧૦૦) પ્રકૃતિપુરુષ સુધી *ત્રણ્ય તાપ છે ને *ત્રણ્ય ગુણ છે ને તેથી પર ગુણાતીત સુખ છે.

(૧૦૧) ભગવાન અને ભગવાનના સાધુ એ બે સામું જોવું ને એ જ જોયા જેવા છે, બાકી બીજામાં કાંઈ માલ નથી.

(૧૦૨) મોટાને વિશે મનુષ્યભાવ નથી રહ્યો તેનો કેમ તપાસ કરવો ? એ પ્રશ્નનો ઉત્તર કર્યો જે, 'એની કોઈ ક્રિયામાં દોષ ન આવે એ જ દિવ્યભાવ છે.'

(૧૦૩) ભગવાનની સ્તુતિ કરવી, પણ પોતાને પતિત ને અધમ માનવું નહિ; કેમ જે, એમ માને તો જીવમાં બળ રહે નહિ ને જીવ ગ્લાનિ પામી જાય ને આપણને તો ભગવાન મળ્યા છે માટે પતિત શ્યા સારુ માનીએ ? આપણે તો કૃતાર્થ માનવું.

(૧૦૪) મન માન્યો મોહન બતિયાં સે,
મોંહામોંહ મીલે નિજ પ્રીતમ, કો પતિયાર કરે પતિયાં સે. મન૦

(કીર્તન મુક્તાવલિ : ૯૦૪)

તેમાં શું કહ્યું ? જે, 'કાગળ લખનારા મળ્યા તે પછી કાગળનું શું કામ ?' તેમ આપણને પ્રગટ સંત મળ્યા છે, હવે શું બાકી રહ્યું ?

(૧૦૫) શ્રીજીમહારાજ કહે જે, " આજ તો સૌને ભીડામાં લેવા છે ને સૌને એકાંતિક કરવા છે ને વાસના હશે તો સૂર્યના લોકમાં થઈને બાળીને લઈ જાશું."

(૧૦૬) રાજાના કુંવરને ઢેઢથી મરાય નહિ, તેમ ભગવાનના ભક્તને માથે કાળ, કર્મ, માયા આદિક કોઈનો ભાર નહિ જે તેને પીડી શકે.

(૧૦૭) *સુલભા હતી તે સમાધિવાળી હતી ને પરકાયામાં પ્રવેશ કરતી એવી હતી; પણ વનમાં ગઈ ત્યાં સારું દેખીને એમ થયું જે, 'કોઈ પુરુષ હોય તો રમીએ.'

(૧૦૮) ધર્મશાળા હતી તે પાડીને ફરી કરી, તે હવે પ્રથમની દેખાતી નથી. એમ પ્રકૃતિનું કાર્ય સર્વે નાશ કરી નાખવું તેનું નામ સાંખ્ય કે'વાય.

(૧૦૯) પોતાને જાણ્યે બે માણસનું કામ કર્યે, તે કરતાં પણ મોટાની આજ્ઞાએ કરીને બેસી રહે, કાં કહે એટલું જ કર્યે એ જ શ્રેષ્ઠ છે.

(૧૧૦) વિષય લોપી નાખતા હોય તેને મોટાને રાજી કર્યાનો શો ઉપાય ? એ પ્રશ્નનો ઉત્તર કર્યો જે, 'મોટાની અનુવૃત્તિ ને તે જે કહે તે તેમ જ કરવું એ જ છે.'

(૧૧૧) મોટાને શું કરવાનું તાન છે તે કેમ સમજાય ? એ પ્રશ્ન પૂછ્યો ત્યારે વરતાલનું ૧૬મું વચનામૃત વંચાવીને બોલ્યા જે, 'આમાં કહ્યું છે તેમ કરાવવું છે. તે શું ? જે, ભગવાનનું ભજન કરવું ને ભગવાનના ભક્તનો સંગ, એ બે જ રહસ્ય ને અભિપ્રાય છે. તે લઈને મંડે તો રાજી થાતાં કિયાં વાર છે ? માટે રાજી કરવા હોય તેણે આ લઈ મંડવું.' (વચ.ગ.મ.૪૧)

(૧૧૨) જ્ઞાની હોય તેને પણ ટાઢ્ય-તડકો, ભૂખ-તરસ આદિક દેહના ભાવ સર્વે જણાય એ પણ સમજવું.

(૧૧૩) *પ્રિયવ્રતને છોકરાં થયાં તો પણ,

भागवताः आत्मारामाः । (સુભાષિત)

અર્થ :- ભગવાનના ભક્તો આત્મામાં રમણ કરનારા હોય છે. આત્મરામ કે'વાણા; કેમ જે, ભગવાનની કથા ને ભગવાનને વા'લા (વહાલા) એવા જે સાધુ તેના સંગનો ત્યાગ ન કરતા હવા ને *જનકે કહ્યું જે, 'મિથિલાનગરીમાં મારું કાંઈ બળતું નથી.' પણ છોકરાં થયાં ને ગોવરધનભાઈને તો સાકર ને મીઠું એ બેય સરખાં તો પણ છોકરાં થયાં; માટે ભેળા રહે તો છોકરાં થાય.

(જુઓ પ્રકરણ ૫ ની વાત ૩૦૨ ને ૧૦ ની ૨૯૯)

(૧૧૪) ભગવાન અને મોટા સાધુને આશરે કરીને તો વાદળ જેવાં દુઃખ આવવાનાં હોય તે પણ ટળી જાય ને સાધન કરીને તો કૂટી કૂટીને મરી જાય તો

પણ ન ટળે.

(૧૧૫) હૈયામાં જ્ઞાન ભર્યું છે એ તો હજી બા'ર્ય (બહાર) કાઢ્યું નથી; કેમ જે, સાંભળનારા આગળ પાત્ર ન મળે ને એ જ્ઞાન તો બ્રહ્માની આયુષ્ય પર્યંત કરીએ તો પણ ખૂટચે નહિ; પણ તે કહ્યાની તો નિવૃત્તિ આવતી નથી.

(૧૧૬) ઇન્દ્રિયું-અંતઃકરણનાં દુઃખ આવતાં હોય તેનું કેમ કરવું ? એ પ્રશ્નનો ઉત્તર કર્યો જે, 'એ તો મોટા મોટાને પણ આવતાં; એ તો સ્વભાવ કે'વાય માટે તેનું સહન કરવું.'

(૧૧૭) મોટા છે તે કો'કને વધુ સુખ આપે છે ને કો'કને થોડુંક સુખ આપે છે, તેનું કેમ સમજવું ? એ પ્રશ્નનો ઉત્તર કર્યો જે, 'મોટા તો સમુદ્ર જેવા છે, તે સમુદ્રમાં પાણીની ખોટચ નથી; તેમ એ તો કોઈને ઓછું સુખ આપતા નથી; પણ પાત્રને લઈને એમ જણાય છે ને ઉપરથી તો મોટા માણસનું રાખવું પડચે છે, એવું ગરીબનું ન રખાય, એ તો વે'વાર કે'વાય જે, પર્વતભાઈ જેવા વાંસે બેસે, ને મોટું માણસ હોય તે આગળ બેસે.'

(૧૧૮) શ્રીજીમહારાજના સ્વરૂપમાં વળગી રે'વું ને ગૃહસ્થને *અગિયાર નિયમ પાળવા ને ત્યાગીને *ત્રણ્ય ગ્રંથ પાળવા એટલું જ કરવાનું છે; બીજું કાંઈ કરવું નથી.

(૧૧૯) કોટિ જન્મે કસર ટળવાની હોય તે આજ ટળી જાય ને બ્રહ્મરૂપ કરી મૂકે; જો ખરેખરા સાધુ મળે ને તે કહે તેમ કર્યે તો.

(૧૨૦) કેટલેક રૂપિયે આંખ્ય (આંખ), કાન આદિક ઇન્દ્રિયું મળે નહિ, તે ભગવાને આપ્યાં છે; પણ જીવ કેવળ કૃતઘ્ની છે.

(૧૨૧) કોટિ કલ્પે ભગવાનનું ધામ ન મળે, તે આવા સાધુને હાથ જોડે એટલામાં મળે છે. (વચ.ગ.મ.૯)

(૧૨૨) બીજા દોષને મહારાજ ગણતા નથી, પણ *ચારના દ્રોહ ને ગણે છે. એક ભગવાન, બીજા આચાર્ય, ત્રીજા સાધુ ને ચોથા સત્સંગી; માટે એ ચારનો દ્રોહ ન કરવો.

(૧૨૩) ભગવાનના સ્વરૂપની નિષ્ઠા થઈ તેને સાધન સર્વે થઈ રહ્યાં, બાકી કાંઈ કરવું રહ્યું નથી.

(૧૨૪) શ્રીજીમહારાજે કહ્યું હતું જે, "સ્ત્રીને છોકરાં થાય તે પછી પુરુષમાં હેત ઓછું થઈ જાય." તેમ ભગવાનની મૂર્તિ દેખાય તે પછી *પ્રગટની

તાણ્ય (તાણ) ઝાઝી રે'તી (રહેતી) નથી.

(૧૨૫) આ લોકમાં ડાહ્યો તો કોઈ પ્રભુ ભજતો નથી ને જે ગાંડો થાય તે ભજે છે.

(૧૨૬) બાજરો ખાવો ને પ્રભુ ભજવા, બીજું કાંઈ કરવું નહિ ને રોટલા તો ભગવાનને દેવા છે, સાધુને દેવા છે, તે દેશે દેશે ને દેશે.

(૧૨૭) ધર્મશાળાના કામમાં માણસે બહુ દાખડો કર્યો તે અમે રાજી થઈ રહ્યા તે ભગવાન રાજી થઈ રહ્યા ને આવા સાધુનું દર્શન તો પંચ મહાપાપને પણ બાળી નાખે એવું છે, પણ એવો મહિમા નથી; ને એવો મહિમા હોય તો અંતરમાંથી આનંદના ફુવારા છૂટે અને આ તે કાંઈ વાતુ છે ! આ તો અક્ષરધામની વાતુ છે; પણ સાંખ્ય વિના કસર રહી જાય છે ને સાંખ્યવાળાને તો આ લોક સર્વે નરક જેવું લાગે છે; પણ ક્યાંય માલ મનાય નહિ ને <u>આ કારખાનું</u> તો સર્વે ધૂડ્યનું છે, માટે તેમાં માલ માનવો નહિ.

(૧૨૮) ભગવાનમાં ને સાધુમાં હેત રે'શે તો તેના ઉપર સૌ હેત કરશે ને એથી <u>પ્રતિકૂળ</u> રે'શે તેને તો સૌ પ્રતિકૂળ થાશે; એ વાત સમજી રાખવી, એમાં કાંઈ સંશય નથી.

(૧૨૯) દુઃખ કોઈ માનશો નહિ ને જે જો'એ તે આપણને મળ્યું છે ને ઝાઝા રૂપિયા આપે તો પ્રભુ ભજાય નહિ તે સારુ આપતા નથી. (વચ.ગ.પ્ર.૨૪)

(૧૩૦) <u>મહાપ્રલય</u>ના અગ્નિમાં પણ <u>વાસના</u> બળી નહિ; તે વાસના તો કારણ શરીરરૂપ જે માયા તે છે. તેને ટાળવાનું કારણ તો એ છે જે, એક તો ભગવાનની ઉપાસના ને બીજી <u>આજ્ઞા</u>. તે 'શિક્ષાપત્રી'માં કહ્યું છે જે,

निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् ।

એમ માનવું, એ આજ્ઞા છે. તે એ વચનમાં મહારાજે સૌને એકાંતિક કરી મૂક્યા.

(૧૩૧) દુર્લભમાં દુર્લભ સત્સંગ ને દુર્લભમાં દુર્લભ એકાંતિકપણું ને દુર્લભમાં દુર્લભ ભગવાન, એ ત્રણ્યે વાત આપણને મળી રહી છે.

(૧૩૨) સુકાઈ જાઓ, અન્ન મૂકી દિયો, વનમાં જાઓ કે ઘર મૂકી દિયો; તે કરતાં પણ આ સાધુની વાતુ સાંભળવી તે અધિક છે. અને આ વાતુ તો પુરુષોત્તમનાં વચન છે ને ગુણાતીત વાતુ છે ને આ વાતુમાંથી તો અક્ષરધામ દેખાય છે ને ભગવાન અક્ષરધામને ને મુક્તને લઈને એવા ને એવા જ આહીં આવ્યા છે; તેમાં ફેર ન સમજવો ને મહિમા સમજાતો નથી તેથી જીવ દૂબળો રહે છે.

(૧૩૩) એક દિ'માં રાજ્ય દેવાય પણ વિદ્યા ન દેવાય. ને રાજાનો કુંવર હોય તેને ગમે એટલું ખવરાવો તો પણ એક દિ'માં મોટો ન થાય; એ તો ધીરે ધીરે મોટો થાય. તેમ જ્ઞાન પણ <u>સંગે</u> કરીને ધીરે ધીરે થાય છે.

(૧૩૪) જેણે મોટાને જીવ આપી દીધો હોય, તેને પણ વાસના રહે; તેને ટાળવાનું સાધન તો મહિમા ને <u>આત્મનિષ્ઠા</u> છે.

(૧૩૫) વાસના ટળે તો પણ દેહનો ભાવ રહી જાય. તે ઋષભદેવ ભગવાનનો દેહ પડવાનો થયો, ત્યારે મુખમાં પાણાનો કોળિયો મૂક્યો. તે શ્યાથી (શાથી) ? જે, ખાવાનો અભ્યાસ તે ટાળવા માટે, એમ વાત સમજવી.

(૧૩૬) કદાપિ રાજી થઈને માથે બે હાથ મૂકીએ તો પણ જ્ઞાન કેમ થાય ? એ તો વાતુએ કરીને થાય ને રાજી થાય તો બુદ્ધિ આપે એટલે વાત સમજાય.

(૧૩૭) આ વાતુ તો જાદુ છે, તે સાંભળે તો ગાંડો થાય. તે ગાંડો તે શું? જે, જગત ખોટું થઈ જાય, પછી તેને કોણ ડાહ્યો કહે ?

(૧૩૮) ઇન્દ્રિયું-અંતઃકરણ તો મુંબઈ ને સૂરતનાં <u>તળ</u>નાં માણસ જેવાં છે, તેને સત્સંગ થાય નહિ ને માંહીલો કજિયો તો બહુ ભારે છે, તે આડો આવે તે જાણે. એ તો મદ્રાસીના રંગની પેઠ્યે માયાના પાસ લાગ્યા છે, તેથી વાત અડતી નથી.

(૧૩૯) સાધને કરીને કદાપિ <u>નિર્વાસનિક</u> થાવાશે, તો પણ શું પાક્યું ? ને તેણે કરીને શું ફળ છે ? એ તો ઝાડવાં જેવો છે ને ભગવાનની નિષ્ઠા છે ને વાસના છે તો પણ તેની શ્યી ફિકર છે ? ને તેનો શ્યો ભાર છે ? ઇત્યાદિક બહુ બળની વાતુ કરી.

(૧૪૦) ભગવાનનો આશરો થયો છે, તે જેવી તો કોઈ વાત જ નથી, તેને તો સર્વે વાત થઈ રહી છે. કાંઈ કરવું બાકી રહ્યું નથી ને ભગવાન તો <u>અધમોદ્ધારણ</u> છે, <u>પતિતપાવન</u> છે ને <u>શરણાગતવત્સલ</u> છે ને

જાકો કોઈ નહીં આ જગમેં, તાકે હો તુમ નાથ સહાયે.
(કીર્તન મુક્તાવલિ : ૨૭)

જેનું કોઈ નહિ તેના ભગવાન છે ને ભગવાન તો ગરીબના <u>નિવાજ</u> કહાવે છે ને

પ્રગટને ભજી ભજી પાર પામ્યાં ઘણાં, ગીધ ગુણિકા (ગણિકા) કપિવૃંદ કોટી;
વ્રજતણી નાર વ્યભિચાર ભાવે તરી, પ્રગટ ઉપાસના સૌથી મોટી.
(કીર્તન મુક્તાવલિ : ૬૫)

માટે પ્રગટના જેવી તો કોઈ વાત નથી ને પ્રગટ સૂર્ય વડચે અજવાળું થાય છે, માટે પ્રગટનો આશરો થયો તેનું બળ રાખવું. (વચ.ગ.પ્ર.૩૩)

(૧૪૧) તપાસીને જોયું, તો જીવને તો વિષયનો સંબંધ હોય ત્યારે જ પ્રભુ ભજાય; પણ તે વિના ભજાય નહિ, તે ખાધાનું-રે'વાનું આદિક સાનુકૂળ હોય તો ભજાય. (વચ.ગ.અં.૨૨)

(૧૪૨) આ જીવ તો વિષયમાંથી નોખો પડતો જ નથી, પણ આ ભજન કરાવીએ છીએ, તેણે કરીને જરાક પળ, બે પળ નોખો પડચે, તો તેમાંથી નિર્ગુણભાવને પામી જાય. ને જીવને તો 'વચનામૃત'માં લંબકર્ણ જેવો કહ્યો છે, પણ જે આ વર્તમાન પાળે છે, એ તો જીવ સારા હશે ને બ્રહ્માંડમાં એવો કોઈ પુરુષ નથી જેને સ્ત્રી ન જો'એ (જોઈએ), ને એવી કોઈ સ્ત્રી નથી જેને પુરુષ ન જો'એ. તેમાંથી નોખા પડવાનો તો મહારાજે એક જ શ્લોક લખ્યો છે જે, निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् । જેમ ગુજરાતની પૃથ્વીમાં પાતાળ સુધી ખોદીએ તો પણ પાણો ન મળે; તેમ બ્રહ્મરૂપ થાવું તેમાં કોઈ દોષ જ ન મળે.

(૧૪૩) મોર્યે (મોરે, પહેલાં) તો ભગવાનને મુમુક્ષુ ખોળતા ને આજ તો ભગવાન મુમુક્ષુને ખોળે છે.

(૧૪૪) ભગવાન ભજીએ છીએ એમાંથી બહુ જ મોટો લાભ થાશે; તે એક બ્રહ્માંડ જેટલો ન કે'વાય ને સો બ્રહ્માંડ જેટલો પણ ન કે'વાય.

(૧૪૫) અમારી ભેળા રહે છે ને બીજે માલ માને છે તેને ઓળખાય નહિ ને આ દર્શન થાય છે તે તો બહુ જન્મને પુણ્યે થાય છે; નીકર દર્શન થાય નહિ ને આ તો જેમ છે તેમ જણાય તો આ ઘડીએ ગાંડા થાઓ ને ગાંડા નથી થાવાતું એ તો ભગવાનની ઇચ્છા છે ને આ દર્શન તો બહુ જ દુર્લભ છે, પણ વરસાદ વરસે ત્યારે તેનું માહાત્મ્ય ન જણાય, પણ ન વરસે ત્યારે ખબર પડચે ને વરસાદ ન વરસે તેનું તો દેહને દુ:ખ થાય ને આ યોગ ન થાય તેનું તો જીવમાં દુ:ખ થાય ને આ યોગ નહિ થાય તેને તો પછી રોવું પડશે.

(૧૪૬) દેહને લઈને, દેશને લઈને ને કાળને લઈને જીવ બહુ ગ્લાનિ પામી જાય છે; તે ગ્લાનિ પામવી નહિ ને એનો તો એવો સ્વભાવ છે ને કર્યું એક ભગવાનનું થાય છે, તે ગમે તે કર્યે. ને સ્થૂળનું દુ:ખ આવે, સૂક્ષ્મનું આવે, કારણનું દુ:ખ આવે તેને માનવું નહિ ને મહારાજે પણ મળતું રાખીને પ્રભુ ભજાવ્યા છે.

(૧૪૭) આ કારખાનાં જો એક વરસનાં કરીએ તો બે વરસનાં ઊભાં

થાય ને બે વરસનાં કરીએ તો ચાર વરસનાં ઊભાં થાય એમ છે ને સૌ મંડીએ તો જૂનાગઢથી વરતાલ સુધી સડક બાંધી દઈએ, તે છાંયડે ચાલ્યા જઈએ તે તડકો જ ન લાગે પણ વાતુ કરવાનું ને સમજવાનું છે તે રહી જાય ને ભગવાન વિના તો આત્મજ્ઞાન, વૈરાગ્ય ને ધર્મ એ સર્વે અભદ્ર છે; કોઈ કલ્યાણકર્તા નથી.

(૧૪૮) *ત્રીસ લક્ષણેયુકત સાધુરૂપ ભગવાન જાણવા ને *ઓગણ-ચાલીસ લક્ષણેયુક્ત રાજારૂપ ભગવાન જાણવા. બાકી ઐશ્વર્યપણે કરીને ભગવાન-પણું નથી.. આ વાત પણ અવશ્ય સમજવાની છે. (વચ.વર.૨)

(૧૪૯) અંતરમાં ટાઢું રહ્યા કર્યે ને ધગી ન જાય તેના બે ઉપાય છે. એક તો ભગવાનનું ભજન કરવું ને બીજું ભગવાનને સર્વકર્તા સમજવા ને તેમાં સુખ આવે તો સુખ ભોગવી લેવું ને દુ:ખ આવે તો દુ:ખ ભોગવી લેવું. તે કહ્યું છે જે,

દાસના દુશ્મન તે હરિ કે'દિ હોય નહિ, જેમ કરશે તેમ સુખ જ થાશે.
અણસમજે અટપટું એ લાગે ખરું, પણ સમઝીને જુવે તો સત્ય ભાસે. દાસના૦
(કીર્તનસાર સંગ્રહ : દ્વિતીય ભાગ-પાન -૪૫૬/૫૬-૩)

(૧૫૦) ભગવાને મોહ શ્યા સારુ કર્યો હશે ? એમ સંકલ્પ કર્યો ને તપાસ કરતાં જણાણું જે, એ પણ સમજીને કર્યું છે, નીકર તો બ્રહ્માંડ ચાલત નહિ. (વચ.ગ.પ્ર.૩૪)

(૧૫૧) મુકતાનંદસ્વામીમાં હેત થાય નહિ ને ભૂંડણ જેવી ડોશી હોય તેમાં હેત થાય; કેમ જે, દેવની માયાનો મોહ જ એવો છે.

(૧૫૨) મોટાને વિશે સદ્ભાવ એ જ નિર્વાસનિકપણાનો હેતુ છે ને મોટાને વિશે અસદ્ભાવ એ જ વાસનાનો હેતુ છે અને ભગવાન ઓળખાણા, સાધુ ઓળખાણા તે સમજી રહ્યા, હવે કાંઈ ધ્રોડ કરવો નહિ.

(૧૫૩) મોક્ષને અર્થે તો ભગવાન અને સાધુ એ બે જ છે ને બીજાં સાધનનું ફળ તો ધર્મ, અર્થ ને કામ છે.

(૧૫૪) સ્વામિનારાયણ નામના મંત્ર જેવો બીજો કોઈ મંત્ર આજ બહુ બળિયો નથી ને એ મંત્રે કાળા નાગનું પણ ઝેર ન ચડે ને એ મંત્રે વિષય ઊડી જાય છે, બ્રહ્મરૂપ થવાય છે ને કાળ, કર્મ, માયાનું બંધન છૂટી જાય છે. એવો બહુ બળિયો એ મંત્ર છે, માટે નિરંતર ભજન કરવું.

(૧૫૫) લાકડાં, પાણા, ઈંટાળા, માણસ એમાં સૌને દેવની માયાનો મોહ થયો છે, પણ ભગવાનની મૂર્તિ આગળ તો સર્વે કાળનું ભક્ષ છે અને કથા છે તે ભગવાનની મૂર્તિ છે, તે થકી સમજણની દઢતા થાય છે; એ માટે એનો અભ્યાસ

રાખવો.

(૧૫૬) નરનારાયણાનંદસ્વામી એ તો નરનારાયણ છે. તેમણે ત્રણ્ય વરસ સુધી ડોશીઉંની (ડોશીઓની) સભામાં બુરાનપુરમાં વાતુ કરીઉં. તેની મહારાજે 'નરનારાયણ' કહીને પૂજા કરી ને તેના દીકરા જોગાનંદસ્વામી ને કૃષ્ણાનંદસ્વામી; માટે ગૃહસ્થાશ્રમમાં રહે તો છોકરાં પણ થાય. એ તો મોટા મોટા પણ સૌ સંસારમાં રહીને આવ્યા છે.

(૧૫૭) *ચાર પ્રકારના સત્સંગી છે. તેમાં પ્રથમ સૌ કરતાં સરસ - આત્મા ને પરમાત્માના જ્ઞાનવાળો ને તે પછી બીજો ધ્યાન ને પ્રીતિવાળો, તેણે કરીને જોડાયો હોય તો તે પાર પડચે ને તે કેડચે ત્રીજો આજ્ઞાવાળો, તે આજ્ઞામાં રહીને માંડમાંડ પૂરું કર્યે, તે પણ પાર પડચે તો તે ઠીક છે ને તે કેડચે ચોથો-તે કો'ક સાધુમાં હેત થયું હોય, તેણે કરીને કોઈ રીત્યે નભે તો નભે. એ રીત્યે ચાર પ્રકારના ભક્તનાં રૂપ કહ્યાં. તે પછી હરિજને પ્રશ્ન પૂછ્યો જે, 'ચાર પ્રકારના ભક્તમાં પ્રથમ કહ્યો જે, જ્ઞાની તેને કોઈ પ્રકારનું વિઘ્ન આવે કે ન આવે ?' પછી તેનો ઉત્તર કર્યો જે, 'કો'ક ધક્કો માર્યે ને પછી પડી જાય ને પાછો ઊભો થાય છે તેમ ને વળી જેમ ચોમાસામાં પડચે (પડે) છે ને ઊભો થાય છે; તેમ વિચારે કરીને દેશકાળને ટાળી નાખે ને દેશકાળ તો આવે ખરો, એ ઉત્તર છે.'

(૧૫૮) <u>કોટિ</u> <u>કલ્પે</u> પણ <u>જ્ઞાનપ્રલય</u> કર્યા વિના છૂટકો નથી. તે શું ? જે, निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् । એ 'શિક્ષાપત્રી'ના શ્લોકમાં કહ્યું છે એમ માનવું. જેમ ગુજરાતની પૃથ્વીમાં <u>પાણો</u> ન આવે, તેમ હરિભક્તને તો વિષય કે'વાય (કહેવાય) નહિ, એને માથે તો આજ્ઞા છે.

(૧૫૯) ભગવાન મળ્યા હોત પણ આ સાધુ ન મળ્યા હોત, તો આટલો દાખડો કરીને કોણ સમજાવત ? ને મહારાજના સત્સંગી કરતાં પણ આ સાધુના સત્સંગી અધિક છે.

(૧૬૦) કથા વંચાવતાં વાત આવી જે, વ્યાસજીને શાંતિ ન થઈ. તે ઉપર બોલ્યા જે, 'આપણને ભગવાન મળ્યા ને ભગવાન જેવા સાધુ મળ્યા તો પણ શાંતિ થાતી નથી તેનું કારણ એ છે જે, એક તો વિષયમાં રાગ ને બીજું ભગવાનની આજ્ઞા પ્રમાણે વરતાય નહિ ને ત્રીજું અજ્ઞાન, તેણે કરીને શાંતિ થાતી નથી.'

(૧૬૧) મોટા મોટા સર્વે સાધુનો સંગ કરવો તેનું કારણ એ છે જે, કો'કમાં (કોઈકમાં) એક ગુણ હોય, કો'કમાં બે ગુણ હોય ને કો'કમાં ત્રણ્ય ગુણ

હોય; તે સર્વેના સંગમાંથી તે તે ગુણ આવે ને સર્વે ગુણે સંપન્ન એક મળે તો તો કાંઈ વાંધો જ ન રહે; પણ એવા ઝાઝા હોય નહિ.

(૧૬૨) સૂર્યને કોની ઉપમા દેવાય ? એ તો એક જ. તેમ ભગવાન પણ એક જ અને અનંત અવતાર તે સર્વે એક ભગવાનનું દીધેલ સામર્થ્ય પામ્યા છે અને આવો સમો પૃથ્વી ઉપર આવ્યો નથી ને આવશે પણ નહિ ને આવા સાધુ આવ્યા નથી ને આવશે પણ નહિ ને આ ભગવાન પણ આવ્યા નથી ને આવશે પણ નહિ. અનંત અવતાર થઈ ગયા ને અનંત અવતાર થાશે પણ આ સાધુ ને આ ભગવાન તે આવ્યા નથી ને આવશે પણ નહિ.

(૧૬૩) અક્ષરધામમાંથી મુક્ત આહીં આવે તેમાં એક તો સમર્થ હોય તે સ્વતંત્રપણે આવે ને અનંત જીવુંનો મોક્ષ કરીને ચાલ્યા જાય ને બીજા મુક્ત તો આજ્ઞાએ કરીને આવે ને ત્રીજા મુક્ત શુભ વાસનાએ કરીને આવે; તે તો *પ્રિયવ્રત જેવા, *અંબરીષ જેવા કે *જડભરત જેવા થાય. (જુઓ પ્રકરણ ૫ ની વાત ૫૯)

(૧૬૪) <u>અલભ્ય</u> લાભ મળ્યો છે અને <u>આત્યંતિક મુક્તિ</u>ને પામ્યા છીએ અને આજ તો સત્સંગની ભરજુવાની છે ને આજે તો શેરડીના સાંઠાનો વચલો ભાગ આપણને મળ્યો છે. તેમાં રસ ઘણો છે ને સ્વાદ પણ ઘણો છે ને સુગમ પણ છે.

(૧૬૫) કામ-ક્રોધાદિક દોષ છે તે તો જેમ <u>ખીલ</u> કે <u>દાદર</u> હોય એવા છે; તે તો દેહનો ભાવ છે, તે ટળી જાશે ને મોટા દષ્ટિ કર્યે તો આ ઘડીએ ટળી જાય; પણ મોટાનો અવગુણ એ તો ક્ષયરોગ જેવો છે.

(૧૬૬) એક તો ભગવાનની આજ્ઞા પાળવી અને બીજું સંતનું સ્વરૂપ સમજવું અને ત્રીજું ભગવાનનું સ્વરૂપ સમજવું; એ *ત્રણ્ય વાતમાં ભગવાન રાજી રાજી ને રાજી છે ને તેને ધન્ય છે ધન્ય છે ને ધન્ય છે; એ *ત્રણ્ય વાત રાખવી.

(૧૬૭) આ સત્સંગ મળ્યો છે એ તો પરમ ચિંતામણિ મળી છે. તેમાં જીવ બહુ વૃદ્ધિને પામે છે.

(૧૬૮) આશરાનું રૂપ કહ્યું કે, 'કો'ક આપણા મંદિરમાં કાલનો આવેલો હોય ને તે માંદો પડચે ને વીસ વરસ માંદો રહે તો પણ તેની ચાકરી આપણે કરવી પડચે ને વળી; જેમ ગૃહસ્થનાં બાયડી-છોકરાંને તેનો આશરો છે તે દેશ-પરદેશમાં જઈને તેમની ખબર રાખે છે, તેમ ભગવાન પોતાના આશ્રિતની ખબર રાખે છે.' (વચ.ગ.પ્ર.૩૩)

(૧૬૯) સર્વે વાત સાધુ વડ્યે છે, માટે તેને મુખ્ય રાખવા; પણ સાધુ ગૌણ થાય ને જ્ઞાન પ્રધાન થઈ જાય એમ ન કરવું.

(૧૭૦) મહિમા સમજાય છે ને ફરી ભૂલી જવાય છે, માટે સો વાર વાંચે-સાંભળે, તો પછી ભુલાય નહિ ને મહારાજ છતાં હેત બહુ હતું ને આજ જ્ઞાન અધિક છે ને ઘણાક સંસ્કારી જીવ આવ્યા છે, માટે સાધુમાં હેત તુરત થઈ જાય છે.

(૧૭૧) મોટા મોટા સર્વે સાધુ હોય અને શ્વેતદ્વીપ જેવું સ્થાનક હોય ને બ્રહ્માના કલ્પ પર્યંત આવરદા હોય ને સર્વેનો સંગ કરીને તેમના ગુણ શીખે તો સત્સંગ થાય ને વાસના પણ ત્યારે ટળે એવી છે અને એ કહ્યા એ સર્વેના ગુણ એકને વિશે હોય એવાનો સંગ મળે, તો તો સર્વે ગુણ આવે ને વાસના પણ ટળી જાય; તે સંગ આજ આપણને મળ્યો છે.

(૧૭૨) એક તો યજ્ઞ કર્યે તે આખી પૃથ્વીમાં ઘોડો ફેરવે, તેમાં બહુ દાખડો; કેમ જે, કો'ક બાંધે તો યજ્ઞ અધૂરો રહે. ને એક તો <u>ફળિયામાં</u> ઘોડો ફેરવીને યજ્ઞ કરી લિયે. તેમાં શું કહ્યું ? જે, 'ઇન્દ્રિયું-અંતઃકરણ તેને વશ કરવાં એ તો પૃથ્વીમાં ઘોડો ફેરવવા જેવું છે ને પોતાને બ્રહ્મરૂપ માનવું એ તો ફળિયામાં ઘોડો ફેરવવા જેવું છે ને વળી *ચોસઠ લક્ષણ સાધુનાં કહ્યાં છે તે શીખવાં એ તો પૃથ્વીમાં ઘોડો ફેરવવા જેવું કઠણ છે અને ચોસઠ લક્ષણવાળા સાધુમાં જોડાવું, એ તો ફળિયામાં ઘોડો ફેરવવા જેવું સુગમ છે.'

(૧૭૩) તપ કરીને બળી જાય તો પણ જો ભગવાનનો આશરો ન હોય તો ભગવાન તેડવા ન આવે ને હિંડોળા-ખાટમાં સૂઈ રહે ને દૂધ-સાકર ને ચોખા જમે ને સેવાના કરનારા ને રળનારા બીજા હોય, તો પણ તેને અંતસમે વિમાનમાં બેસારીને ભગવાન તેડી જાય; જો ભગવાનનો દૃઢ આશરો હોય તો, માટે <u>મોક્ષનું કારણ આશરો છે.</u> (વચ.ગ.પ્ર.૩૩)

(૧૭૪) નવરાશ હોય ત્યારે *ભગવાનની મૂર્તિને લઈને બેસવું. તે મૂર્તિ તે શું ? જે, ભગવાનની કથા, કીર્તન, વાર્તા અને ધ્યાન એ ભગવાનની મૂર્તિ છે ને દેહ હોય ત્યાં લોભ, કામ, ક્રોધ, સ્વાદ, સ્નેહ, માન ને નિદ્રા એ સર્વે હોય, તેને તો દેહ ભેળાં કરી રાખવાં; તે તો જેમ કો'ક અફીણનું વ્યસન રાખે છે તે સુખ જેવાં જણાય છે, પણ એ તો દેહને દુઃખ દિયે એવાં છે એમ સમજવું.

(૧૭૫) આપણો તો છેલ્લો જન્મ થઈ રહ્યો છે. તે છેલ્લો જન્મ તે શું ? જે, પ્રકૃતિના કાર્યમાં મને કરીને માલ ન માનવો એ જ છેલ્લો જન્મ છે.

(૧૭૬) કો'ક (કોઈક) માણસનું કો'કે જરાક રાખ્યું હોય તો તે પણ નથી ભૂલતું, તો ભગવાનને અર્થે આપણે કાંઈક કર્યું હોય કે કરીએ તો તે કેમ ભૂલે ? એ ભગવાન તો કાંઈ ભૂલે એવા નથી ને ભગવાનની દયા તો અપાર છે ને સર્વ ઠેકાણે ત્યાંથી જ દયા આવી છે.

(૧૭૭) ભગવાન મળ્યા, સાધુ મળ્યા, તે હવે હૈયામાં દુઃખ આવવા દેવું નહિ ને પ્રારબ્ધનું આવે તો ભોગવી લેવું.

(૧૭૮) જેવા શબ્દ સાંભળે તેવો જીવ થઈ જાય છે; માટે બળિયા ભગવાનના ભક્ત હોય તેના શબ્દ સાંભળીએ તો જીવમાં બળ આવે; પણ નપુંસકને સંગે બળ પમાય નહિ.

(૧૭૯) આ તો મોટાની નજર પડી ગઈ છે, તેથી વિષયની તીક્ષ્ણ વૃત્તિ ઓછી થઈ ગઈ છે; નીકર તો તે વિના રે'વાય નહિ.

(૧૮૦) અવિદ્યાનું પણ ભગવાન ચાલવા દિયે તો ચાલે, નીકર અવિદ્યાનો શ્યો ભાર છે ? એ તો ભગવાન દૃષ્ટિ કર્યે તો ફાટી મર્યે (મરે), માટે એ વાત પણ સમજવી.

(૧૮૧) જન અવગુન પ્રભુ માનત નાહીં યહ પૂરબ કી રીત.
દીનબંધુ અતિ મૃદુલ સ્વભાઉ ગાઉં નિશદિન ગીત;
(કીર્તન મુક્તાવલિ : ૧૪)

એમ કલ્યાણ થાશે, જાઓ.

(૧૮૨) સંત છે ત્યાં નિયમ છે, ધર્મ છે, જ્ઞાન છે ને સંત છે ત્યાં અનંત ગુણ છે અને ભગવાન પણ ત્યાં જ છે ને તેથી જીવ પવિત્ર થાય છે. તે 'વચનામૃત'માં કહ્યું છે જે, "તપ, ત્યાગ, યોગ, વ્રત, દાન એ આદિક સાધને કરીને... ભગવાન કહે, "હું એવો વશ થાતો નથી; જેવો શુદ્ધ અંતઃકરણવાળા સાધુને સંગે કરીને રાજી થાઉં છું." અને જેને આ સત્સંગ મળ્યો છે તેના પુણ્યનો પારાવાર નથી ને *અજામિલ મહાપાપી હતો, પણ તેને સનકાદિક મળ્યા ને પગે લાગ્યો ને કહે જે, 'મારાથી તો કાંઈ થાય નહિ.' ત્યારે સાધુ તો દયાળુ છે, તે છોકરાનું નામ 'નારાણિયો (નારાયણ)' પડાવી મોક્ષ કર્યો. (વચ.ગ.મ.૫૪/ગ.અં.૨)

(૧૮૩) ભગવાનના ધામમાં સુખ છે, તેમાંથી છાંટો નાખ્યું તે પ્રકૃતિપુરુષમાં આવ્યું ને ત્યાંથી પ્રધાનપુરુષમાં આવ્યું ને ત્યાંથી વૈરાટમાં આવ્યું ને ત્યાંથી દેવતામાં આવ્યું ને ત્યાંથી આંહીં મનુષ્યમાં આવ્યું છે; તે સુખમાં જીવમાત્ર

સુખિયા છે માટે સુખમાત્રનું મૂળ કારણ ભગવાન છે, તેને સુખે સુખિયા થાવું.

(૧૮૪) ભક્તિમાતાએ મહારાજને કહ્યું જે, 'મારો સ્ત્રીનો દેહ તે મુને ઝાઝું સમજાય નહિ, તેથી થોડાકમાં કહો.' પછી મહારાજે *ચોસઠ લક્ષણ સાધુનાં કહ્યાં ને કહ્યું જે, "એવા સાધુમાં જેણે આત્મબુદ્ધિ કરી તેને સર્વે સંપૂર્ણ થઈ રહ્યું." ને મહારાજે કહ્યું છે જે, "એવાનાં દર્શનને તો અમે પણ ઇચ્છીએ છીએ." ઇત્યાદિક બહુ મહિમા કહ્યો છે.

(૧૮૫) જેને જ્ઞાન ન હોય તેને તો એમ થાય જે, આપણે શું પામશું ને ક્યાં જાશું ? અને જેને જ્ઞાન હોય તેને તો અહો ! અહો ! થયા કર્યે જે, આ પ્રાપ્તિ થઈ છે; હવે કાંઈ કરવું રહ્યું નથી !

(૧૮૬) 'સો જન્મનો શુદ્ધ બ્રાહ્મણ સોમવલ્લીનો પીનારો હોય તે કરતાં પણ ભગવાનનો ભક્ત શ્વપચ હોય તો પણ શ્રેષ્ઠ છે.' એમ ભગવાનના ભક્તનો મહિમા સમજવો. એમ પ્રહ્‌લાદનું વાક્ય છે.

(૧૮૭) ભગવાન જ્યારે પૃથ્વી ઉપર આવે ત્યારે રાજસી, તામસી, સાત્ત્વિકી ને અધમ, તેમનો ઉદ્ધાર કરી નાખે છે. ગુણનો કાંઈ મેળ રહે નહિ.

(૧૮૮) આ જીવ તો જેમ પરદેશમાંથી ભાઉડા ઝાલી લાવે એવા છે, તેને કશી ગમ નહિ. પછી તેને સાધુ જ્ઞાન દઈ દઈને મનુષ્ય કર્યે, ત્યારે મનુષ્ય થાય છે.

(૧૮૯) પુરુષોત્તમની ઉપાસનાએ કરીને જીવ અક્ષર જેવો થાય છે ને મોટાને મળે તે બહુ જ મોટયપને પામે છે. તે જૂ વિયાય ત્યારે લીખ આવે ને હાથણી વિયાય ત્યારે તેનું બચ્ચું બળદ જેવડું આવે. તે ઉપર વચનામૃત વંચાવ્યું જે, 'જેવા ભગવાનને જાણે એવો પોતે થાય છે.'(વચ.ગ.પ્ર.૨૪-૫૮/ગ.મ.૬૭/સારંગ.૧૭)

(૧૯૦) કોટિ કલ્પના પાસ લાગ્યા છે તે હમણાં ભગવાનમાં જોડાવા જાઈએ છીએ પણ માયામાં જોડાઈ જવાય છે અને જ્યારે જ્ઞાન થાશે ત્યારે માયામાં જોડાવા જાશું, તો પણ ભગવાનમાં જોડાઈ જવાશે ને હમણાં તો ઇન્દ્રિયું-અંતઃકરણના ભાવથી મુકાઈને સાધુમાં જોડાવું ને સાધુ ભગવાનમાં જોડશે ને પોતાને બળે છૂટવા જાય તેમ વધુ બંધાશે.

(૧૯૧) દેહનો ભાવ ન જણાય એવા તો સ્વરૂપાનંદસ્વામી; કેમ જે, એ તો દેહમાં વરતે નહિ ને બીજાને તો દેહનો ભાવ જણાય છે.

(૧૯૨) એક શબ્દે કરીને તો સ્વરૂપાનંદસ્વામીને જ્ઞાન થાય ને જીવને

તો કરોડચ શબ્દ પડચે ત્યારે જ્ઞાન થાય; પણ તુરત ન સમજાય.

(૧૯૩) પૂર્વે મોટા મોટા થયા તેમાં કો'કમાં કોઈ પ્રકારનો દોષ હોય, તે દોષ કે'વાય નહિ ને તેમાંથી તો જીવ બગડી જાય ને એવી વાતમાં તો *શિવજીના આચરણમાંથી ચિત્રકેતુને સંસ્કાર થયા ને ચકલીનું મોત ઢેફલે ને સત્સંગની મોટયપ તો નિશ્ચય વડચે છે, પણ સાધને કરીને મોટચપ નથી.

(૧૯૪) આપણું કલ્યાણ તો પ્રત્યક્ષ ભગવાનને આશરે કરીને છે ને શાસ્ત્ર પ્રમાણે વરતવું એ તો બીજાના કલ્યાણને અર્થે છે; કેમ જે, આપણો ગુણ આવે તો તેનું પણ કલ્યાણ થાય. (વચ.ગ.પ્ર.૩૩)

(૧૯૫) કેટલાક ધર્મમાં આકરા હોય, પણ સમજણ થોડી હોય ને કેટલાક ધર્મમાં સામાન્ય હોય પણ સમજણ સારી હોય, માટે સમજણ હોય તે વૃદ્ધિને પામે.

(૧૯૬) બ્રહ્મભાવ ને મહિમાની વાત ઝાઝી કે'તા (કહેતા) નથી; કેમ જે, એમાંથી તો માણસ ગાંડા થઈ જાય છે. તે સારુ વર્તમાન ને પુરુષપ્રયત્નની વાતુ કરીએ છીએ; કેમ જે, અનંત જીવુંને પ્રભુ ભજાવવા છે માટે.

(૧૯૭) આપણે જાણીએ છીએ જે, આપણને ભગવાનમાં હેત છે; પણ આપણા કરતાં તો આપણા ઉપર ભગવાનને અને સાધુને ઝાઝું હેત છે.

(૧૯૮) જીવમાત્ર લઘુશંકાના છે, તે એનું જ ભજન કર્યે છે ને એ વિના તો રે'વાય જ નહીં; તે કયાં સુધી ? જે, વૈરાટ સુધી ન રે'વાય ને એમાંથી તો એક સનકાદિક તર્યા ને આ તો મહારાજે નવો ઉઠાવ કર્યો છે ને આપણે તો કો'ક લોકમાંથી આવ્યા હોઈશું તે આંહીં બેસાય છે ને આવો જોગ મળ્યો છે, નીકર મળે નહિ ને વિષય વિના તો જીવથી રે'વાય નહિ; તે સારુ વેદે કરીને ને નિયમ બાંધીને વિષયની રજા આપી; તો પણ જીવ વેદ પ્રમાણે ચાલતા નથી, તે સારા સારા માણસ પણ નથી ચાલતા; કેમ જે, વિષયનું બહુ બળ છે. એ પ્રકારે બહુ વાત કરી.

(૧૯૯) આ કારખાનામાં તો બ્રહ્માંડ જેટલો વે'વાર કરવો ને ન બંધાવું, એવા તો એક શ્રી સહજાનંદસ્વામી છે ને આ કામ તો કેવું છે ? જે, આઠ દોકડાભારની ઉંદરડીને માથે દસ હજાર મણનો પાટડો ઊભો પડચે, તો ઉંદરડી ક્યાંય દેખાય નહિ એવું છે. તે મહારાજે કહ્યું છે જે, "ગોપાળાનંદસ્વામી ને મુક્તાનંદસ્વામી તે પણ ઊતરતા જેવા રહે કે ન રહે !" માટે આપણે તો ભગવાન ને સાધુ એ બે જ રાખવા અને સોનું રાખીને તે ઉપર રૂપિયા દેવા તેમાં ખોટચ જ ન

**આવે ને બીજા વે'વારમાં તો ખોટય (ખોટ) પણ આવે. માટે આત્મનિષ્ઠા આદિક ગુણ છે; પણ ભગવાન અને સાધુ જેવું તો કોઈ નથી.** (વચ.ગ.મ.૫૬/ગ.અં.૩૩) (જુઓ પ્રકરણ ૧૨ ની વાત ૫૪ ને પ્રકરણ ૧૪ ની ૯૫)

(૨૦૦) એક એક વિષય છે તે ગિરનાર જેવા છે. તે આખી પૃથ્વીના સુતાર, લુહાર, કડિયા ભેળા કરીને પાંચસેં-હજાર વરસ સુધી ખોદે ત્યારે ખોદાય; એમ એ વાત કરી તે સમજવી.

(૨૦૧) સર્વ કરતાં ભજન કરવું તે અધિક છે ને તે કરતાં સ્મૃતિ રાખવી તે અધિક છે ને તે કરતાં ધ્યાન કરવું તે અધિક છે ને તે કરતાં પોતાના આત્માને વિશે ભગવાનને ધારવા તે અધિક છે.

(૨૦૨) સર્વકર્તા તો ભગવાન છે. હમણાં આપણે ઊંઘમાં જાવું હોય તો જાવાય નહિ ને ઊંઘમાં ગયા હોઈએ ને પછી ચોર આવીને લૂંટી જાય, પણ આપણાથી જગાય નહિ; માટે સર્વકર્તા તો ભગવાન છે.

(૨૦૩) વિષયરૂપ ફાંસલો જીવના ગળામાં નાખ્યો છે, તેનું બહુ બળ છે. તે નદીનો પ્રવાહ ચાલતો હોય ત્યાં સુધી એનું બળ ન જણાય; પણ તેને બંધ કર્યે ત્યારે ખબર પડ્યે. તેમ મોટા મોટા સૌભરિ ને પરાશર આદિક દિશુંના જીતનારા ભારે ભારે, તેમને પણ પરાભવ પમાડ્યા છે. તે વાસના જે, લિંગદેહ તે તો આત્યંતિક પ્રલયમાં પણ ન બળ્યું તે આજ જ્ઞાને કરીને બળે છે ને મહારાજે તો સર્વે બારાં બંધ કરી દીધાં છે, તે જીવ શું કર્યે ? જેમ ધોરિયામાં સાલી તાણે છે, તેણે કરીને બારાં બંધ થઈ જાય ને પાણી ક્યાંય જાવા પામે નહિ, એમ બંધ કર્યું છે.

(૨૦૪) છેલ્લાનું ૧૩મું વચનામૃત વંચાવ્યું તેમાં દેશકાળનું બહુ પ્રકારે વિષમપણું થઈ જાય ત્યારે તેમાં એકાંતિકપણું કેમ રહે ? એ પ્રશ્ન ઉપર વાત કરી જે, 'નિશ્ચય રહે એ જ એકાંતિકપણું છે ને એ જ રે'વાનું (રહેવાનું). તે જેમ ચિંતામણિ રહી ને બીજું સર્વે ધન ગયું પણ કાંઈ ગયું નથી ને ચિંતામણિ ગઈ ને બીજું ધન સર્વે રહ્યું તો પણ કાંઈ રહ્યું નહિ; તેમ જ એક નિશ્ચય રહ્યો તો સર્વે રહ્યું ને અંતે એ જ રે'વાનું છે.'

(૨૦૫) છેલ્લાનાં ૩૫માં વચનામૃતમાં કહ્યું છે જે, 'છ લક્ષણેયુક્ત સંત હોય તેની સેવા કર્યે (કરે) ભગવાનની સેવાનું ફળ થાય છે ને તેનો દ્રોહ કર્યે ભગવાનના દ્રોહનું પાપ લાગે છે.' માટે આજ તો બહુધા આખો સત્સંગ એવો છે.

(૨૦૬) ખરેખરા ભગવદી હોય તેને ગુણ ન વ્યાપે, એ તો

જાણપણારૂપ દરવાજે રહીને જોયા કર્યે (કરે) છે. (વચ.ગ.અં.૯)

(૨૦૭) શ્રીજીમહારાજ કહે, "અમને એમ સંકલ્પ થાય છે જે, સર્વેને મુક્તાનંદસ્વામી જેવા કરી મૂકીએ પછી સાચવવા ન પડ્યે. તે મુક્તાનંદસ્વામીને તો જ્ઞાન, તે જ્ઞાને કરીને સર્વ ટાળી નાખે ને મુક્તાનંસ્વામીને તો, 'શબ્દ આકાશનો ભાગ છે,' એમ કાપતાં આવડે ને બીજાને તો આવું જ્ઞાન નહિ તે સારુ આ નિયમ કર્યા છે જે, જોવું નહિ, સાંભળવું નહિ. એ પ્રકારે નિયમ બાંધ્યા છે."

(૨૦૮) 'બ્રહ્મવેત્તાને મતે તો વેદનો મારગ જે, વિધિ-નિષેધ તે પણ ગણતીમાં નથી.' એમ જડભરતે રહૂગણને કહ્યું ને એની સમજણમાં તો, 'આત્મા ને પરમાત્મા એ બે જ વાત રાખવી.' એમ કહ્યું ને તે ઉપર છેલ્લાનું ૩૯મું વચનામૃત વંચાવ્યું ને બોલ્યા જે, 'આ વચનામૃતમાં પણ આત્મા ને પરમાત્મા એ બે વાતનો વેગ લગાડી દેવો, એમ મહારાજનો સિદ્ધાંત છે.'

(૨૦૯) મારો દેહ પચીસ વરસ થયાં આવરદા વિના રહ્યો છે તે શ્યા સારુ ? જે, મુમુક્ષુના રૂડાને અર્થે રહ્યો છે ને મહારાજનું સ્વરૂપ સમજાવવું પડ્યે, તે સારુ અમુને (અમને) રાખ્યા છે.

(૨૧૦) હાલનો આવેલો હશે તેને અક્ષરધામનું સુખ આવતું હશે ને સ્વરૂપનિષ્ઠા વિના તો મહારાજનો મળેલો હશે ને મુક્તાનંદ સ્વામીનો મળેલો હશે તેને પણ અક્ષરનું સુખ નહિ આવતું હોય, એમ સમજણમાં રહ્યું છે.

(૨૧૧) આપણને જ્ઞાન તો આવડે નહિ ને વૈરાગ્ય તો છે જ નહીં; માટે 'હું ભગવાનનો ને એ મારા' એમ માનવું ને હેત તો પંદર આના સંસારમાં છે ને એક આનો અમારામાં છે ને કલ્યાણ તો એને શરણે ગયા એટલે એ સમર્થ છે તે કરશે, એ જ એની મોટાઈ છે.

(૨૧૨) જેમ છે એમ કહીએ તો ઘેર કોઈ જઈ શકે જ નહીં ને ઘેર જાય તો ત્યાં રે'વાય નહિ; એમ કહીને બોલ્યા જે,

તાજી તીક્ષ્ણ ધાર, અડતામાં અળગું કરે;
લેશ ન રહે સંસાર, વજ્ર લાગ્યાં કોઈ વીરનાં. (સુવાક્ય)

(૨૧૩) *રાજાને પાણી ન પાયું તો પણ તેણે સંકલ્પ કર્યો હતો, તેથી ગામ આપ્યું ને જીવ પોતાના સ્વભાવ મૂકતા નથી, તેમ ભગવાન પણ પોતાનો સ્વભાવ મોક્ષ કરવાનો, તે મૂકતા નથી.

(૨૧૪) માની હોય તેને માન આપીને જીતવો, ગરવી હોય તેની

આગળ દીન થઈને જીતવો, લોભી હોય તેને પદાર્થ આપીને જીતવો ને ગરીબને દબાવીને જીતવો; એમ કેટલીક જ્ઞાનકળા શીખવી.

(૨૧૫) દિવ્યભાવ ને મનુષ્યભાવ એ બેને જે એક સમજે તે માયાને તરી રહ્યો છે ને એ જ માયા છે તે જાણવી ને એમ ન જાણે તો પ્રથમ પ્રતાપ દેખાડે ત્યારે આનંદ થાય ને રોવે ત્યારે મૂંઝવણ થાય ને દિવ્યભાવ અને મનુષ્યભાવ એક સમજે છે તેને કિયું (કયું) સાધન કરવાનું બાકી છે ? કાંઈ પણ બાકી નથી.

(૨૧૬) વણથળીમાં વાત કરી જે, આ વણથળી ગામ કો'કને (કોઈકને) આપે તો તે ગાંડો થઈ જાય ને વળી વડોદરું આપે તો વાત જ શ્યી કે'વી (કહેવી) ! ને આપણને તો કરોડચ કરોડચ વડોદરાં મળ્યાં છે, તે એમ પણ કે'વાય નહિ ને હવે તો દેહ રહે ત્યાં સુધી બાજરો ખાવો અને પ્રભુ ભજવા ને રોટલા તો ભગવાનને દેવા છે ને સાધુને દેવા છે તે આપશે. ને દેહ પડશે કે ભગવાન પાસે જઈને બેસવું છે. તે જેમ અંગરખું ઉતારી મૂકે તેમ દેહ પડચું રે'શે. એમ વાત કરી.

(૨૧૭) જેમ ગૃહસ્થ પોતાની મા, બે'ન (બહેન) ને દીકરીને ઉઘાડાં દેખે તો અવળું જોઈ જાય, પણ સામું ન જુએ; તેમ ભગવાન પણ પોતાના આશ્રિતના દોષ સામું જોતા નથી.

(૨૧૮) આ પૃથ્વીના સર્વજીવપ્રાણીમાત્ર, રાજા-પ્રજા આદિક છે; પણ જો ઇન્દ્ર વરસાદ ન વરસાવે તો સર્વે મરી જાય ને તે ઇન્દ્ર છે તે તો બ્રહ્મા, વિષ્ણુ ને શિવની આગળ ગણતીમાં નથી ને એ સર્વે વૈરાટની આગળ ગણતીમાં નથી ને તે વૈરાટ પ્રધાનપુરુષની આગળ ગણતીમાં નથી ને તે પ્રધાનપુરુષ પ્રકૃતિપુરુષની આગળ ગણતીમાં નથી ને એ સર્વે અક્ષરની આગળ ગણતીમાં નથી ને તે અક્ષરથી પર એવા જે પુરુષોત્તમ તે આજ આપણને સાક્ષાત્ મળ્યા છે, માટે તેમનું બળ રાખવું.

(૨૧૯) મોટા સાધુના સમાગમથી વિષયની વાસના ટળી ગઈ છે તો પણ ન ટળ્યા જેવું જણાય છે, તેનું કારણ એ છે જે, જેમ તલવાર્યમાં (તલવારમાં) મરિયાં લાગ્યાં હોય તે સરાણે ચડાવ્યાથી મટી જાય; પણ બહુ કાટ લાગીને માંહી ઊતરી ગયાં હોય તો તે મટે નહિ ને તે તો તલવાર્ય ગાળીને ફરીથી ઘડે ત્યારે મટે, તેમ આ દેહ મૂકીને બ્રહ્મરૂપ થાશે એટલે સર્વે વાસના ટળી જાશે.

(૨૨૦) આ સાધુ તો ભગવાનની હજૂરના રે'નારા (રહેનારા) છે ને પળમાત્ર છેટે રહે એવા નથી; તે છેટે રહે છે તે કોઈ જીવના કલ્યાણને અર્થે છે ને

આ સમે એક વાત થાય છે તેવી વાત બીજા જન્મારામાં પણ કરી શકે નહિ ને કરતાં પણ આવડે નહિ ને જન્મારો અભ્યાસ કર્યે (કરે) તો પણ એવી વાત શીખાય નહિ.

(૨૨૧) ભગવાનનું ને આ સાધુનું જ્ઞાન જેને થયું છે તેને કાંઈ કરવું રહ્યું નથી; તે તો આંહીં છે તો પણ અક્ષરધામમાં જ બેઠો છે, માટે પાંચ માળા વધુ ઓછી ફરશે તેની ચિંતા નથી, તે તો સામર્થ્ય પ્રમાણે વરતવું; પણ ભગવાન ને આ સાધુ એ બેયને જીવમાં રાખવા ને આપણે સાધનને બળે મોટાઈ નથી; આપણે તો ઉપાસનાના બળથી મોટાઈ છે.

(૨૨૨) આજ ભગવાન અક્ષરધામ સહિત આંહીં પધાર્યા છે, તેના સ્વરૂપનો પરભાવ સમજાતો નથી એ જ મોટું પાપ છે, માટે *જાદવ જેવા ન થાવું પણ *ઉદ્ધવજી જેવા ભક્ત થાવું. ને મોટા સાધુ હોય તેને બીજા જેવા કે'વા (કહેવા) તથા બીજાથી ઊતરતા જેવા કે'વા (કહેવા), એથી એનો દ્રોહ થાય છે ને આજ જેવી વાતુ થાય છે ને સમજાય છે, તેવી કોઈ દિ' સમજાણી નથી.

(૨૨૩) આવા ને આવા અક્ષરધામમાંથી આવ્યા છે, એવો પરભાવ અખંડ જણાય તો અહો ! અહો ! સરખું રહે; પણ જેવા સાધુ છે એવા ઓળખાતા નથી.

(૨૨૪) જીવનો ને દેહનો વે'વાર નોખો સમજવો ને એમ ન સમજે તો આ પ્રાપ્તિ ભારે થઈ છે; તો પણ દુર્બળતા મનાય ને ભગવાનની આજ્ઞાથી ગૃહસ્થાશ્રમ કર્યે તો પણ નિર્બંધ છે.

(૨૨૫) કૃપાનંદસ્વામી આદિક મોટા મોટા સાધુના જેટલું આપણામાં બળ નહિ, માટે મોટાની બરાબર સાધન કરવાનો વાદ મૂકીને *અગિયાર નિયમ પાળવા; એટલે તેમના જેવું બળિયું થાવાશે. શ્યાથી (શાથી) જે, આ સત્સંગમાં ઉપાસના, ધર્મ આદિક સર્વ છે; કાંઈ બાકી નથી.

(૨૨૬) ભગવાનની મૂર્તિ, ભગવાનનું ધામ, ભગવાનના પાર્ષદ ને જીવ એ ચાર અવિનાશી છે, બાકી બધું નાશવંત છે. તેમાં જીવ છે તે બદ્ધ છે. જેમ કો'કને બેડીમાં નાખે છે તે નીકળાય નહિ, તેમ પુરુષને પ્રકૃતિરૂપ સ્ત્રી અને સ્ત્રીને પુરુષ એમ બેડી છે; તે પરસ્પર બેડી છે, તે કોઈ રીત્યે તૂટે તેવી નથી. તે તો જ્ઞાનથી તૂટે છે. નીકર દેહે કરીને ત્યાગ કર્યે પણ તૂટતી નથી. તે ઉપર પાવૈયાનું તથા બળદનું દૃષ્ટાંત દીધું જે, એને દેહે કરીને ત્યાગ છે પણ વાસના ટળે નહિ.

(૨૨૭) કોટિ સાધન કર્યે પણ આમ વાતુ કરવી અને સાંભળવી તેની

બરાબર થાય નહિ ને બીજાથી તો આટલી પ્રવૃત્તિમાં વાતુ થાય નહિ.

(૨૨૮) જીવને *માયાથી નિર્લેપપણું બે પ્રકારથી છે. એક જ્ઞાને કરીને તથા બીજું ભગવાનની આજ્ઞાથી નિર્લેપપણું છે. બાકી તો નિયમે કરીને છે; પણ દેશકાળે તેનો ભંગ થાય તો ગ્લાનિ પામી જાય.

(૨૨૯) જ્ઞાને કરીને સ્થિતિ કરવી તે દેખવા કરતાં પણ અધિક છે ને પર્વતભાઈ, કૃપાનંદસ્વામી તથા મુકતાનંદસ્વામી એમને સમાધિ નહોતી; પણ મૂર્તિને દેખતા ખરા ને પર્વતભાઈ હમણાં આપણે સમજીએ છીએ તેમ સમજતા. માટે બ્રહ્મરૂપ માનીને ભગવાન માંહી રહ્યા છે એમ માનવું એ જ્ઞાનની સ્થિતિ છે, તે અધિક છે ને તેમાં વિઘ્ન નથી. ને તે વિના તો સચ્ચિદાનંદસ્વામી સમાધિવાળાને પણ દુઃખ આવતાં, માટે પ્રેમી ન થાવું ને જ્ઞાની થાવું ને પોતાની સમજણ છુપાવી રાખવી, કૃપાનંદસ્વામીની પેઠયે (જેમ). (જુઓ પ્રકરણ ૫ ની વાત ૧૬૪)

(૨૩૦) પડછાયાને પોં'ચાય (પહોંચાય) નહિ, તેમ જ વિષયને તથા સાધનને પણ પોં'ચાય નહિ ને તેનો પાર આવે તેમ નથી; માટે જ્ઞાન થાય ત્યારે સુખ થાય છે.

(૨૩૧) 'આપણે ભગવાનના છીએ, પણ માયાના નથી.' એમ માનવું.

(૨૩૨) આ વાતુ તો અનંત સંશયને છેદી નાખે એવી પુરુષોત્તમ-ભગવાનની છે ને દેહને પોતાનું રૂપ માને તો તેમાં બધાંય દુઃખ રહ્યાં છે ને દેહને ન માને તો તેમાં દુઃખ જ નહીં. ને શાસ્ત્રમાં તો બહુ પ્રકારના શબ્દ છે તે સાંભળીને ભમી જાય છે ને માથું ફરી જાય છે ને બ્રહ્મરૂપ મટીને દેહરૂપ મનાઈ જાય છે અને શાસ્ત્રમાં તો બધાય શબ્દ સરખા હોય નહિ; બે આમ હોય ને બે આમ હોય, પણ એકધારા હોય નહિ. ને જ્ઞાન થયું તે કેનું નામ ? જે શાસ્ત્ર સાંભળીને તથા કોઈની વાતે કરીને તથા સંગે કરીને અંગ ફરી જાય નહિ, તે પાકું જ્ઞાન કે'વાય.

(વચ.ગ.પ્ર.૬૬)

(૨૩૩) ભગવાનને નિર્દોષ સમજ્યાથી મોક્ષ થઈ રહ્યો છે ને દોષ ટાળવાનો અભ્યાસ કર્યે તો ટળી જાય, નીકર દેહ રહે ત્યાં સુધી દુઃખ રહે. ને દોષ જણાય છે તે સર્વે તત્ત્વના દોષ છે.

(૨૩૪) વે'વાર છે તે દેહે કરીને કરવો ને મને કરીને જુદા પડવું ને મનમાં ભળવા આવે તો જ્ઞાને કરીને ત્યાગ કરવો.

(૨૩૫) કાં તો *અષ્ટાંગયોગ ને કાં તો રોગ; તે વિના અંતરનો મેલ જાય નહિ. તે ઉપર એક ભક્તનું દૃષ્ટાંત દીધું જે, રોગ આવી ગયો તે પછી સારું થયું.

(૨૩૬) જાગાભક્તે પ્રશ્ન પૂછ્યો જે, 'શૂળીએ ચડાવ્યો હોય તો પણ કેમ સમજે તો સંકલ્પ ન થાય જે, ભગવાન મૂકાવે તો ઠીક, એવી શી સમજણ છે ?' ત્યારે ઉત્તર કર્યો જે, 'એ તો સર્વકર્તા ભગવાનને જાણે જે, ભગવાન વિના બીજા કોઈનું કર્યું થાતું નથી; એમ સમજે તેને સંકલ્પ ન થાય ને ધીરજ રહે ને જે, એમ ન સમજે તે તો થોડાકમાં અકળાઈ જાય ને ધીરજ રહે નહિ.'

(૨૩૭) આ લોકમાં તો મહારાજને પણ વગર વાંકે દુઃખ આવતાં; તે આ લોક જ એવો છે. તેનું રૂપ જાણી રાખવું.

(૨૩૮) આટલી વાત તો સો જન્મે પણ ન સમજાય, માટે આ વાત સૌ રાખજો ને બે સારા સાધુ ને ત્રણ્ય સારા હરિભક્ત તેમની સાથે જીવ બાંધવો તો સત્સંગમાંથી ન પડાય ને કદાપિ કામ, લોભ થોડા ઘણા પણ રહી ગયા હશે તો ફિકર નથી. તે મહારાજે 'વચનામૃત'માં કહ્યું છે જે, "કદાપિ કામ, લોભનો સંકલ્પ નહિ હોય પણ ભગવાનના ભક્તમાં જીવ ન બંધાણો તો શું થયું ? એવાને અભાવે અસુર થાશે." માટે સમજવાની વાત તો સારા ભગવાનના ભક્તમાં જીવ બાંધવો એટલું જ કરવાનું છે. ને બીજી વાતુ કરવી પડચે છે તેનું તો એ પ્રયોજન છે જે, આ પ્રથા ચલાવવી છે ને નિયમ પળાવવા, તે સારુ કરવી પડચે છે. (વચ.ગ.અં.૫)


(૨૩૯) નિત્યે લાખ રૂપિયા લાવે ને સત્સંગનું ઘસાતું બોલતો હોય તો તે મુને (મને) ન ગમે ને સૂતો સૂતો ખાય પણ ભગવાનના ભક્તનું સારું બોલતો હોય તો તેની ચાકરી હું કરાવું, એવો અમારો સ્વભાવ છે.

(૨૪૦) જો મોટાપુરુષ મળે તો તેનો સંગ કરવો, નીકર ઊતરતાનો સંગ તો કરવો જ નહીં. (વચ.ગ.પ્ર.૪૮)

(૨૪૧) માયાનું બહુ બળ છે. તે માયા તો વૈરાગ્યને પણ ખાઈ જાય ને આત્મનિષ્ઠાને પણ ચાવી જાય; કેમ જે, પૃથ્વીનો જીવ તે પૃથ્વીમાં ચોંટે .

(૨૪૨) ભગવાન મળ્યા, સાધુ મળ્યા, તે કલ્યાણ તો થાશે; પણ જ્ઞાન વિના અંતરમાં સુખ ન થાય.

(૨૪૩) જેમ કુસંગી ને સત્સંગીમાં ભેદ છે, એમ સાધારણમાં ને એકાંતિકમાં ભેદ છે. ને *નવ યોગેશ્વર હતા, તેમાં એકે વાત કરી તેથી બીજા આઠ



ગુણાતીતાનંદસ્વામીને ભાગવતી દીક્ષા. ડભાણના મહાયજ્ઞમાં પોતાના અનાદિ ધામરૂપ મૂળ અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદસ્વામીને શ્રીહરિના શુભહસ્તે ભાગવતી દીક્ષા. મહારાજના ઉમંગ અને ઉલ્લાસ અનેરાં જ હોય ને !

સાજું રે'વું તે પણ દુર્લભ છે; એ ત્રણ્યે વાત દુર્લભ છે, તે માટે ભજન કરી લેજો.

(૨૪૯) *દત્તાત્રેયે બે જીવુંનું કલ્યાણ કર્યું ને *કપિલે એક જીવનું કલ્યાણ કર્યું ને *ઋષભદેવે સો જીવુંનું કલ્યાણ કર્યું અને આજ સાધુ કહે, 'અમે દૈવી જીવુંનું કલ્યાણ કરીએ પણ આસુરીનાં કલ્યાણ અમારાથી થાય નહિ.' ત્યારે ભગવાન કહે, "આસુરીનું કલ્યાણ અમે કરશું." તે મુંજો સુરુ ને માનભા ને જોબનપગી ને તખોપગી, એ તો પાપના પર્વત કે'વાય; એને તો ભગવાન સત્સંગ કરાવે, પણ સાધુથી એ વળે નહિ. (જુઓ પ્રકરણ ૧૨ ની વાત ૬૪)

(૨૫૦) દસહજાર સૂર્યનું તેજ સુદર્શન ચક્રમાં છે. તેનો દીવા જેટલો પ્રકાશ થાય એવું ઘાટું માયાનું તમ છે, તેનો છાંટો જીવમાં નાખ્યો છે; એ સુષુપ્તિ અવસ્થા છે. તેને ટાળવા સારુ મહારાજનો અવતાર છે.

(૨૫૧) જેનું કર્યું થાય છે તે તો જાણીએ કાંઈ જ જાણતા નથી ને વચમાંથી બીજા કેટલાક મનસૂબા કર્યે છે.

(૨૫૨) કોટિ કલ્પ થયાં વિષય ભોગવ્યા છે તેનો પાસ લાગ્યો છે; તેને ટાળવાનું કારણ 'શિક્ષાપત્રી'માં निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् । એ એક જ શ્લોક લખ્યો છે.

(૨૫૩) શાસ્ત્રમાં ભગવાનને સમદર્શી કહ્યા છે તે ખરું નથી; કારણ કે, ભગવાન તો ભક્તના છે, પણ અભક્તના નથી માટે સમદર્શી નથી.

(૨૫૪) ભગવાન પોતાના ભક્તમાં રહે છે, તે પણ પાત્ર પ્રમાણે રહે છે. તે જેમ જેમ મોટા ભગવદી તેમ તેમ તેમાં વિશેષપણે રહે છે.

(૨૫૫) ભગવાન શૂળીનું દુઃખ કાંટે મટાડે છે એમ કર્યે તે કેમ જણાય ? એ પ્રશ્નનો ઉત્તર કર્યો જે, 'આપણે પણ એવું કેટલુંક થાતું હોય ને બ્રહ્માંડમાં પણ થાય, તેને તપાસી જુએ તો જણાય, તે શું ? જે, કાળમાંથી સગાળ કર્યો, તેમ કેટલાક ઉપદ્રવ ટાળી નાખે છે.'

(૨૫૬) આ લોકમાં દેશકાળ તો લાગે ને ઓછું વરતાય કે વધુ વરતાય, પણ રુચિ સારી રાખવી; અંતે રુચિ સહાય કર્યે છે.

(૨૫૭) આવી વાતુ તો ક્યાંય પણ થાતી નથી; માટે વિષય ખોટા થઈ ગયા છે ને વાસના જેવું જણાય છે, તે તો દેહધારીને એમ હોય. તેમાં *સદાશિવની હવેલીનું દૃષ્ટાંત દીધું તથા ત્યાં ભગવાનની ઇચ્છા સમજવી.

(૨૫૮) આપણે પોતાના સ્વરૂપને અક્ષર માનવું. ને તે ન મનાય તો

પણ સ્થૂળ દેહને તો પોતાનું ન જ માનવું. ને મહારાજનો મત તો ત્રણ્ય દેહને ન માનવાં ને અક્ષર માનવું. એ તો જેમ બ્રાહ્મણને ઘેર જન્મ થયો તે બ્રાહ્મણ જ, તેમ આપણને ભગવાન મળ્યા તે અક્ષર માનવું.

(૨૫૯) લાકડાંની ને લોઢાની બેડી હોય તે કરતાં પણ સ્ત્રી-ધનની બેડી કઠણ છે ને મોટી છે. ને તે બેયથી મુકાય તો, પછી ઇન્દ્રિયું-અંતઃકરણની બેડી મોટી છે ને એથી ન દબાય તો, એ તો માયા પરનો આવેલો હોય તે ન દબાય, બીજો તો દબાય. ને ઇન્દ્રિયું-અંતઃકરણથી ન દબાય એ દેવ કે મનુષ્ય ન કે'વાય.

(૨૬૦) શ્વાન શૂકર બિલાડ ખર, તેના ટોળા માંહ્યલો જંત;
તેને મૂકે કરી સંત, જો મળે સદ્‌ગુરુ સંત.

એમ કહીને કહે જે, 'વસ્તુ નહિ કોઈ સંત સમાના !' તે આપણને મળ્યા છે.

(૨૬૧) શ્રીજીમહારાજ કે'તા (કહેતા) જે, "નામ કેનું લઈએ, પણ આગળ તો જેવાં તેવાં કલ્યાણ કર્યાં છે ! તે પોતાના સામર્થ્ય પ્રમાણે કર્યાં છે ને કેટલેક મોટે મોટે તો કૂવા ખોદ્યા છે."

(૨૬૨) *ખટ્‌વાંગ રાજાનું બે ઘડીમાં કલ્યાણ કર્યું. તે સાધુ તો બહુ દયાળુ છે; તે એને તો ખબર ન પડ્યે પણ પ્રગટના સંબંધનું બળ લખે છે એમ સમજવું.

(૨૬૩) મધ્યનું ૯મું વચનામૃત વંચાવીને બોલ્યા જે, મહારાજને પુરુષોત્તમ જાણતો હોય ને દેશકાળે સત્સંગમાંથી નીકળી જાય તો પણ અક્ષરધામને પામે ને એમ ન જાણતો હોય ને સત્સંગમાં હોય તો પણ બીજા ધામને પામે.

(૨૬૪) શ્રીજીમહારાજ કે'તા કે, "અમારો દ્રોહ કર્યે છે તે પણ અમારા પક્ષમાં બોલે છે; કેમ જે, એ એમ જાણે છે જે, કો'ક એક ભગવાન છે ને આ બીજો કેમ ભગવાન થાય છે ? માટે એ અમારો દ્રોહ કરતા નથી."

(૨૬૫) દેહ મૂકીને જેને પામવા છે તે જ આ પ્રગટ વાતુ કર્યે છે, પણ એમ સર્વેને સમજાય નહિ અને જે ત્યાગ-વૈરાગ્યની વાતુ કરીએ છીએ તે તો મારગે ચડાવવા સારુ કરીએ છીએ, પણ સમજવાનું તો આટલું જ છે.

(૨૬૬) 'વચનામૃત'ના અર્થ સમજાય એવા નથી, પણ બહુ અભ્યાસ રાખે તો પોતાની મેળે સમજાય એવો મહારાજનો વર છે અને આ જ્ઞાન મહારાજને સર્વેને આપવું છે.

(૨૬૭) પ્રકૃતિપુરુષ તે કૂટસ્થ કે'વાય ને ગૃહસ્થ પણ કૂટસ્થ કે'વાય ને

સાંખ્યવિચાર ને જ્ઞાનને મતે કરીને નિર્લેપ પણ કે'વાય.

(૨૬૮) આજ આપણામાંથી એકડમલ કરીને કાઢી મૂક્યો હોય તો પણ તે જગતનો પ્રભુ છે; તે આજનાનો એવો મહિમા છે.

(૨૬૯) *શ્રીકૃષ્ણને બાણ વાગ્યાં ને *પ્રહ્લાદને ન વાગ્યાં, એ પણ ભગવાનનું કર્તવ્ય સમજવું. (જુઓ પ્રકરણ ૫ ની વાત ૨૫૬)

(૨૭૦) દેશકાળ આવે તો સત્સંગીના ગામમાં પડ્યા રહીને ગુજરાન કરીએ; પણ મરવાની તો બીક જ ન લાગે ને કલ્યાણ તો ત્યાગી ને ગૃહસ્થ એ બેયમાં છે.

(૨૭૧) હરિભક્ત આગળ વાતુ કરવાની આજ્ઞા કરી કે વાતુ કરજો; તે વાતુ તે શું ? જે, 'સ્વામિનારાયણ ભગવાન છે, સ્વામિનારાયણ ભગવાન છે, એમ વાતુ કરજો.'

(૨૭૨) ભગવાન તો ત્રીસ વરસ સત્સંગમાં રહ્યા ને હવે સાધુરૂપે દસ-વીસ પેઢી રે'શે.

(૨૭૩) "જૂનાગઢના જમાન મહારાજ બે વાર થયા છે. એકવાર વરતાલમાં ને બીજીવાર ગઢડામાં." એમ કહ્યું, તે ઉપર એક સંતે પૂછ્યું જે, 'જમાન થયા તે શું સમજવું ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'માયાનું બંધન થાવા દિયે નહિ.' પછી ફરીથી તે સંતે પૂછ્યું જે, 'તે જમાનગરું ક્યાં સુધી રે'શે ?' ત્યારે સ્વામી બોલ્યા જે, આપણે છીએ ત્યાં સુધી તો ખરું, પણ હજી તો મહારાજનું જ જ્ઞાન છે. ને વળી મહારાજ કહે જે, "જૂનાગઢ જાય તેની કરોડ્ય જન્મની કસર ટાળી નાખશું." તે અમે ગઢડેથી આવ્યા ત્યારે એ ભાતું બંધાવ્યું હતું.

(૨૭૪) મૂંઝવણ આવે તો કેમ કરવું ? એ પ્રશ્નનો ઉત્તર કર્યો જે, 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભજન કરવું તેથી મૂંઝવણ ટળી જાય.'

(૨૭૫) ઝીણાભાઈએ મહારાજ પાસે જૂનાગઢમાં મંદિર કરવાનું માગ્યું તે પણ પોતે જ ઉપજાવ્યું હશે; તે આંહીં મંદિર કર્યું ને તેમાં સાધુ પણ એવા જ રાખ્યા છે, તે આ મંદિરમાં ખરડો તો હજી સુધી કર્યો નથી.

(૨૭૬) આ લોકની સર્વ ક્રિયા તે છોકરાંની રમત જેવી સમજવી, પણ તેમાં માલ માનવો નહિ; એમ નિરંતર જોયા કરવું.

(૨૭૭) શ્રીજીમહારાજ કે'તા જે, "અમારામાં જે ગુણ ને અવગુણ છે તે કહીએ છીએ જે, અમને આખા બ્રહ્માંડના જીવ માને પણ તેનું અમને માન ન

આવે, એ અમારામાં ગુણ છે. ને અમે અનેક જીવને સમાધિ કરાવીએ; પણ મુકતાનંદસ્વામીને તથા ગોપાળાનંદસ્વામીને સમાધિ કરાવીએ નહિ, એ અમારામાં અવગુણ છે.''

(૨૭૮) કોઈ ભગવાનને સંભારે તેની સેવા માર્યે (મારે) કરાવવી ને તેનાં લૂગડાં માર્યે ધોવરાવવાં ને તેને માર્યે બેઠાં ખાવા દેવું છે.

(૨૭૯) કથાવાર્તા તો બદરિકાશ્રમમાં, શ્વેતદ્વીપમાં, અક્ષરધામમાં ને આ લોકમાં મોટા એકાંતિક પાસે, એ ચાર ઠેકાણે જ થાય છે; પણ બીજે કયાંય થાતી નથી. ને જ્યાં વિષય છે ત્યાં કથાવાર્તા નથી.

(૨૮૦) આપણે કાંઈક કામ સારું કર્યું હોય ને તેનું આપણને માન આવતું હોય, તે સારુ મોટા કહે જે, 'આ કામ બગાડયું.' તો પણ રાજી રે'વું; કેમ જે, આપણને તો પૂર્વાપર સૂઝે નહિ ને મોટા તો દીર્ઘદર્શી છે, તે તો આગળ થાવાનું દેખે છે.

(૨૮૧) સાંખ્યવિચાર કરવાની બહુ વાતુ કરી, તે સાંખ્યવિચાર તો નિત્ય નિયમ રાખીને કરવો ને સાંખ્ય વિના તો અરધો સત્સંગ કે'વાય. ને સાંખ્ય વિના સુખ થાય નહિ ને સાંખ્ય છે તે તો આંખ્ય છે, તે આંખ્યે (આંખે) કરીને સર્વે દેખાય ને દત્તાત્રેય એ સાંખ્યવાળા, તેને સુખિયા રે'તાં આવડે ને સાંખ્ય વિચાર કરવા માંડે તો ધીરે ધીરે સિદ્ધ થાય. તેમાં સાંખ્ય શું ? જે, આ લોક, ભોગ, દેહ સર્વે ખોટું છે ને આત્મા છે તે સત્ય છે ને સુખરૂપ છે ને આકાશ સરખો નિર્લેપ છે ને દેહ, ઇન્દ્રિયું, અંતઃકરણ અસંગી છે.

(૨૮૨) જેણે ભગવાન અર્થે કર્યું હોય તેને ભગવાન પોતાના ધામમાં તો લઈ જાય, પણ તે ભગવાનમાં ચોંટે નહિ; એ તો જેમ તલવાર્ય (તલવાર) સજે છે તેમ સાધુ વાતુ કરી સજે, તે કેડયે ભગવાનમાં ચોંટે માટે જ્ઞાન શીખવું એ જ શ્રેષ્ઠ છે.

(૨૮૩) કરોડય કામ ઠેલે ત્યાર પછી ભગવાનની કથા થાય. ને કરોડય કામ ઠેલે ત્યારપછી ભગવાનની વાતુ થાય ને ધ્યાન તો વળી તે પછી થાય.

(૨૮૪) ભગવાનના ભકતને ત્રણ્ય પ્રકારમાંથી એક પ્રકારનું ધ્યાન તો રહે છે. તે નિશ્ચયરૂપ ધ્યાન રહે કે, સાધુ પાસે જાવું છે એમ રહે કે, હું ભગવાનનો ભકત છું એમ રહે; બાકી મૂર્તિમાં તેલધારાવૃત્તિ એ તો સ્વરૂપાનંદસ્વામી આદિકની વાતુ છે.

(૨૮૫) આપણને તો ભગવાન મળ્યા છે તે પોતાને અક્ષર માનવું એમ બોલ્યા. તે વાત ઉપર પ્રશ્ન પૂછ્યો જે, 'વિષય પરાભવ પમાડતા હોય ને અક્ષર કેમ માનવું ?' ત્યારે ઉત્તર કર્યો જે, 'વિષય તો દેહના ભાવ છે તે એક પડખે રહ્યા છે, માટે અક્ષર માનવું; પણ આત્માને નરકનો કીડો માનવો નહિ. ને આપણે તો જેમ *વામનજી ભેળી લાકડી વધી તેમ વધતા જાઈએ છીએ.'

(જુઓ પ્રકરણ ૧૦ ની વાત ૩૪૫)

(૨૮૬) સૂક્ષ્મ દેહનો કજિયો બહુ ભારે છે ને તેમાંથી સ્થૂળ દેહને ધક્કો લગાડી દિયે છે, તે કેમ કરવું ? એ પ્રશ્નનો ઉત્તર કર્યો જે, 'એ તો મોટા મોટાને પણ કજિયો છે ને એટલું મટે ત્યારે તો સિદ્ધ થઈ રહ્યા; પછી શું કરવાનું રહ્યું ? એટલું જ કરવું છે.'

(૨૮૭) ભગવાનને જેની કસર ટાળવી હોય તેને આ લોકમાં જન્મ ધરાવીને અજ્ઞાની કરી નાખે; એટલે અતિદીન થઈ જાય ને તેને પછી એવું થાય જે, 'મારું કલ્યાણ શ્યીરીત્યે (શી રીતે, કઈ રીતે) થાશે ?' એવું કરાવીને કસર ટળાવે.

(૨૮૮) એક હરિજને પૂછ્યું જે, 'આવો જોગ ન રહે ને કસર રહી જાય તો કેમ થાશે ?' તેનો ઉત્તર કર્યો જે, 'જેણે આવો જોગ આપ્યો છે તેના તે જ કસર ટળાવશે.'

(૨૮૯) વરતાલનું ૩જું વચનામૃત વંચાવ્યું તેમાં ચાર પ્રકારના મુક્તના ભેદ કહ્યા છે તેમાં એક તો દીવા જેવા; બીજા મશાલ જેવા; ત્રીજા વીજળીના અગ્નિ જેવા ને ચોથા વડવાનળ અગ્નિ જેવા. એ વચનામૃત વંચાવીને બોલ્યા જે, 'આજ તો સત્સંગમાં બહુધા વડવાનળ અગ્નિ જેવા છે.'

(૨૯૦) ભગવાન ભેળા રહ્યા ને ખોટયું રહી ગઈ તે શ્યા કારણથી જે, આ સાધુના સમાગમ વિના.

(૨૯૧) ભગવાન જેવા આ સાધુ છે, પણ તેની પાસે રે'વાતું (રહેવાતું) નથી, એ મોટી ખોટય છે.

(૨૯૨) હવે તો મહારાજ સાધુ દ્વારે દર્શન આપે છે ને વાતુ કર્યે છે ને વળી મૂર્તિ દ્વારે દર્શન આપે છે.

(૨૯૩) અમે તો કોટિ કલ્પ થયાં જો'એ છીએ, પણ પચાસ કોટિ જોજન પૃથ્વીમાં આવા સાધુ નથી.

(૨૯૪) મોટા પરોક્ષ થાય તે પછી આજની પેઠ્યે પોતાના આશ્રિતની

ખબર રાખે કે ન રાખે ? તેનો ઉત્તર કર્યો જે, 'એ ક્યાં પરોક્ષ થાય એવા છે ? બાકી આજની પેઠચે દેખાય નહિ ને ખબર તો એમ ને એમ રાખે, તે જો ખબર ન રાખે તો બ્રહ્માંડની સ્થિતિ કેમ રહે ?'

(૨૯૫) ઇન્દ્રે *વિશ્વરૂપને માર્યો તેની ચાર હત્યા લાગી. તેમાં તો એક તો ગુરુની, બીજી ગોરની, ત્રીજી બ્રાહ્મણની ને ચોથી બ્રહ્મવેત્તાની. પછી તેને નારદજી મળ્યા. તેમણે કહ્યું જે, 'તારા ભાઈ વામનજી છે તે ભગવાનનો અવતાર છે માટે તેમનો તું આશરો કર્ય.' પછી ઇન્દ્રે વામનજીનો નિશ્ચય કર્યો તેણે કરીને બ્રહ્મહત્યા ટળી ગઈ, એમ વામનજીનો આશરો કરવાથી કામ થયું; માટે પ્રગટનો આશરો મોટી વાત છે.

(૨૯૬) કોટિ તપ કરીને, કોટિ જપ કરીને, કોટિ વ્રત કરીને, કોટિ દાન કરીને, કોટિ યજ્ઞ કરીને પણ જે ભગવાનને તથા જે સાધુને પામવા હતા તે આજ આપણે મળી રહ્યા છે.

(૨૯૭) સત્સંગ થાય તેને તો દુ:ખ જ રહે નહિ, તે સત્સંગ તે શું ? જે, આત્મા ને પરમાત્મા એ બે જ છે.

(૨૯૮) નિરંતર માળા ફેરવે તે કરતાં પણ સમજણ અધિક છે, માટે મુખ્ય એ વાત રાખવી.

(૨૯૯) ભગવાનની મૂર્તિને ચિંતામણિ કહી છે, તે એમ સમજાણું છે કે નહિ ? એ પ્રશ્નનો ઉત્તર કર્યો જે, 'ચિંતામણિ તો ખરી, પણ બાળકના હાથમાં છે.'

(૩૦૦) સ્વરૂપનિષ્ઠા છે ને મહિમા છે એ તો વરને ઠેકાણે છે ને બીજાં સાધન તો જાનને ઠેકાણે છે ને વળી સમજણ છે એ તો બસેં બખતરિયાને ઠેકાણે છે ને વિષય છે એ તો બહારવટિયાને ઠેકાણે છે.

(૩૦૧) સત્પુરુષના સંબંધે કરીને જીવને સંસ્કાર થાય છે, તે એક જન્મે કે બે જન્મે પણ ભગવાનના ધામને પમાડચે એવો પ્રગટનો પ્રતાપ છે. તેની વિક્તિ જે, એનું દર્શન થાય, એનો ગુણ લિયે, એનો પક્ષ લિયે, એ આગળ હાથ જોડે ને વળી સાધુ બહુ સારા છે એમ બોલે ને એને અન્ન-જળ આપે ઇત્યાદિક સંબંધ થાય; વળી જે ઝાડ તળે બેસે, વળી જે ઝાડનું ફળ જમે, વળી જે ઢોરનું દૂધ-દહીં જમે, ઇત્યાદિક અનંત પ્રકારે જીવને સંબંધ થાય તો તે સર્વે ભગવાનના ધામને પામે; એવો પ્રગટનો સંબંધ બળવાન છે અને પરોક્ષ સંસ્કારનું ફળ એ છે જે, ખાવા મળે, દેહ સાજો રહે ને લોકમાં આબરૂ-ધર્મ રહે; એ પરોક્ષના આશરાનું ફળ છે.

(૩૦૨) વિષયમાં તો વૈરાટ, પ્રધાનપુરુષ ને પ્રકૃતિપુરુષ સુધી સર્વે ગોથાં ખાય છે. એક અક્ષરધામમાં જ વિષય નથી.

(૩૦૩) આપણે તો અક્ષરધામમાં જાવું છે, એવો એક સંકલ્પ રાખવો.

(૩૦૪) આ વાતુ તો જેના ભૂંડા આશય હશે તેને દાબી દઈને પણ ઉપર નીકળશે એવી છે.

(૩૦૫) આ લોકમાં અક્ષરનું સુખ તે શું ? જે, શુભ સંકલ્પ થાય ને અંતરમાં સુખ વરત્યા કર્યે એ જ છે. ને જમપુરીના જેવું દુઃખ તે શું ? જે, અંતરમાં ભૂંડા ઘાટ થાય ને પીડા થાય એ જ છે.

(૩૦૬) કોટિ કલ્પ થયાં ભગવાન ખાવા આપે છે, તો પણ જીવને ખબર ન પડચે એ અજ્ઞાન છે. તે મહારાજ કે'તા જે, ''અમને અન્નદાતા તો જાણજો ને વધારે મહિમા તો તે પછી.''

(૩૦૭) પ્રથમનું ૬૩મું વચનામૃત વંચાવીને મહિમાની બહુ વાત કરી જે, આ કહ્યું છે એમ સમજાય નહિ તેથી જીવ બહુ દૂબળો રહે છે; પણ ભગવાનને પ્રતાપે કામ, લોભ, સ્વાદ, સ્નેહ ને માન તે સર્વે સમુદ્ર જેવા છે, પણ ગાયનાં પગલાં જેવા થઈ જાશે. માટે આવો મહિમા છે તે સારુ કોઈ દિ' જીવમાં દુર્બળપણું આવવા દેવું નહિ ને લક્ષ્મી તથા ભગવાન તો આપણી સેવામાં છે; કેમ જે, મા-બાપ તો છોકરાંની સેવામાં જ હોય ને અમે તો જેમ કરીએ તેમ થાય, પણ જાણીને દબાવી રાખ્યું છે ને આ પ્રાપ્તિ તો મોટા ઈશ્વરને પણ દુર્લભ છે.

(૩૦૮) અક્ષરધામનું કેમ સુખ છે ? જે, જેમ રાજાનો છોકરો ગમે તેમ ફરતો ફરે પણ રાજ્યનો ધણી છે, એમ સુખ છે. ને કેટલાક મુક્ત તો નિર્વિકલ્પપણે જોડાઈ રહ્યા છે. ને કેટલાક તો વાતુ-મહિમા કહે છે ને સાંભળે છે. જેમ આંહીં છે, તેમ જ ત્યાં છે ને આંહીં છે તેના તે જ ત્યાં છે, એમાં લગાર પણ ફેર નથી.

(૩૦૯) આપણામાં વિષયની અરુચિ તો નિષ્કુળાનંદસ્વામી, કૃપાનંદસ્વામી, માવાભક્ત તથા રણછોડજી ઉનાવાળા એવા ઘણાકને હશે. ને આપણું તો ધર્મે કરીને શોભે છે ને મોક્ષનું કારણ તો ભગવાનની નિષ્ઠા છે.

(૩૧૦) ભગવાને જે જે નિરમ્યું છે તે તેમ જ થાય છે, તે ભગવાને નિરમ્યા પ્રમાણે કંચન ને સ્ત્રીમાં સૌ વધુ તણાય છે. ને મનુષ્યને મૈથુનનો નિયમ નથી ને પશુ-પક્ષીને છે; એ આદિક અનેક કળ ચડાવી મૂકી છે તે તેમ જ થાય છે.

(૩૧૧) કારિયાણીનું ૭મું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'નિશ્ચય

છે એ જ આત્યંતિક કલ્યાણ છે ને નિશ્ચય છે એ જ સિદ્ધદશા છે. ને દેખવાનું કહ્યું છે તે પણ જ્ઞાને સહિત જાણવું તેને જ કહ્યું છે ને તે વિના તો દેખાય છે તો પણ ન્યૂન છે. ને વિષય ખોટા કરવા માટે તો સાંખ્ય સમજવું ને એક ભગવાન ભાસે એમ કહ્યું છે, તે પણ નિર્વિકલ્પ નિશ્ચયરૂપે ભાસે એ જ છે.'

(૩૧૨) કોઈ વાતની ચિંતા આવે તો ભગવાનને માથે મૂકી દેવી. ને આપણે તો બળિયા નહિ ને એ તો બળિયા તે એને રક્ષા કરતાં આવડે; જેમ પ્રહ્‌લાદની રક્ષા કરી તેમ અનેક પ્રકારે રક્ષા કર્યે.

(૩૧૩) સાધુનો ને સાધુના સંગનો મહિમા બહુ કહ્યો ને બોલ્યા જે, 'હવે એથી આઘી વાત નહિ ચાલે ને જેમ ભગવાનના ગુણનો પાર નહિ; તેમ સાધુના ગુણનો પણ પાર નહિ.' એમ કહીને તે ઉપર ગુરુનું અંગ બોલાવ્યું ને પોતે ભેળા બોલ્યા. (જુઓ વાત ૧/૭૩)

(૩૧૪) આપણે તો સો-બસેં માણસને પાંખમાં લઈને ઊડી જા'એ (જઈએ) એવા છીએ ને તે કરતાં આખા બ્રહ્માંડના જીવુંને લઈને ઊડી જા'એ એવા છીએ ને તે કરતાં અનંત કોટિ બ્રહ્માંડના જીવુંને પણ લઈ જા'એ એવા છીએ; પણ એવું મનાય નહિ; તે શ્યાથી (શાથી) જે મનુષ્યાકૃતિ છે.

(૩૧૫) જીવની અવળાઈ તે શું કહીએ, જીવ તે જીવ જ. તે કહ્યું છે જે, 'ઊંટ તો સઘળે અંગ વાંકું,' એવો જીવ અવળો છે, વળી લંબકર્ણ જેવો જીવ તેનું પણ ભગવાનને સારું કરવું છે.

(૩૧૬) અંતરમાં ટાઢું હોય ને કો'ક વચન માર્યે તો ભડકો થાય ને સમાધાન કરવાનો ઉપાય જ્ઞાન છે.

(૩૧૭) ભગવાનનો ને મોટા સાધુનો નિશ્ચય થયો હોય તે પોતાને પૂર્ણકામ માને ને તેને બીજાના સંગની અપેક્ષા ન રહે. તેમાં દૃષ્ટાંત જે, જેના ઘરમાં સો કરોડ્ય મણ દાણા હોય તથા સો કરોડ્ય રૂપિયા હોય તો તેને કાળ પડ્યે તો પણ મરવાની બીક ન લાગે. વળી બીજું દૃષ્ટાંત જે, બે હજાર બખતરિયા ભેળા હોય તેને લૂંટાવાની બીક ન લાગે. તેમ જ મહિમા સહિત નિશ્ચયવાળાને બીક નહિ.

(૩૧૮) પૃથ્વીનું રાજ્ય કર્યે ને ન બંધાય, જો જ્ઞાન થાય તો ને, તે વિના તો વનમાં જઈને રહે તો ત્યાં પણ જડભરતની પેઠ્યે બંધાય; માટે જ્ઞાની શ્રેષ્ઠ છે. (જુઓ પ્રકરણ ૬ ની વાત ૪૩,૨૪૯, ને પ્રકરણ ૮ ની ૩૬)

(૩૧૯) નાનું છોકરું હોય તેને ભય આવે તો પોતાના માવતરની કોટે બાઝી પડ્યે, તેમ જ આપણને હરકોઈ દુઃખ આવે તો ભગવાનનું ભજન કરવું,

સ્તુતિ કરવી, તે ભગવાન રક્ષા કર્યે.

(૩૨૦) અમારો મત તો અનેક પ્રકારની ક્રિયા કરાવીએ તો પણ ક્રિયારૂપ થાવા દઈએ નહિ ને તેમાં બંધાવા દઈએ નહિ ને તેનો નિષેધ કર્યા કરીએ. ને બીજા ક્રિયા કરાવે તે તો તેમાં જોડી દિયે, તે ક્રિયારૂપ થઈને ક્રિયા કર્યે ને ક્રિયામાંથી નિવૃત્તિ પામે તો પણ તેના મનસૂબા કર્યે ને અમારો મત એવો જે ક્રિયા કરવામાં પણ ક્રિયારૂપ ન થાવું ને ક્રિયા મૂકીને પણ તેના મનસૂબા ન કરવા. ને વે'વાર આવ્યો તે ક્રિયા તો કરવી પડચે, પણ તેણે કરીને પૂર્ણપણું માનવું નહિ.

(૩૨૧) પ્રથમ સાધન કાળમાં તો પૂરું જ્ઞાન થાય નહિ ત્યાં સુધી સત્સંગનું સુખ આવે નહિ. તે કેની પેઠચે જે, જેમ પ્રથમ થોડો વરસાદ વરસે ત્યારે નદીમાં નવું-જૂનું પાણી ભેળું થાય તે મૂળગું બગડે પછી જ્યારે ઘણો વરસાદ થાય ત્યારે સર્વે નવું પાણી થાય. તેમ બહુ સમાગમ કરતાં કરતાં સત્સંગનું સુખ આવે છે.

(૩૨૨) કો'કને ભગવાન પ્રધાન હોય ને કો'કને વે'વાર પ્રધાન હોય; એ બેયને બરાબર ફળ ક્યાંથી મળશે ? માટે આ વાત પણ જાણી રાખવી.

(૩૨૩) આજ દિ' સુધી તો કારખાનાં કરાવ્યાં ને હવે તો જ્ઞાન દેવું છે; તે ફરે જ નહીં. ને વળી કહ્યું જે, 'સર્વેનાં સુખ જોવાં ને સર્વેનાં રૂપ જાણવાં ને આ ભગવાન વિના બીજા કોઈ ભગવાનમાં માલ નથી, એવું જ્ઞાન શીખવું.' ને વળી કહે જે, 'ગિરનાર જેવડો કામ ને મેરુ જેવડું માન ને <u>લોકાલોક</u> જેવડી વાસના; એ સર્વેનાં મૂળ ઉખાડી નાખવાં છે, એવું જ્ઞાન આપવું છે.'

(૩૨૪) આપણા દેહમાં જીવ ભેળો કોટાનકોટિ સૂર્યનો પ્રકાશ છે, પણ તે હમણાં દેખાય તો કોઈની ગણતી ન રહે. એમ મહિમા કહ્યો.

(૩૨૫) મુકતાનંદસ્વામી જેવા મોટા સાધુ વાતુ કર્યે તો બે હજાર માણસની સભા બેઠી હોય તે સૌના સંકલ્પના ઉત્તર થાતા જાય, એમ મહારાજના સાધુ તો જાણે ને વાતુ કર્યે.

(૩૨૬) શ્રીજીમહારાજનો મત તો કથાવાર્તા, કીર્તન, ધ્યાન એ જ કરાવવું છે. ને માણસને તો સ્વભાવ પડી ગયા તે બીજું કર્યા વિના રે'વાય નહિ, ત્યારે હવે આપણે શું કરીએ ? ને આવો જોગ છે તેમાં નહિ સમજાય ને સ્વભાવ મૂકીને મોટા સાથે નહિ જોડાય, તો તે વળી મોડો ધામમાં જાશે; એમાં ભગવાનને કાંઈ ઉતાવળ નથી ને આ કારખાનાં તો દા'ડે દા'ડે (દિવસે દિવસે) વધતાં જાશે.

(૩૨૭) આ સાધુ જેવા છે તેવા જણાય તો તેને મૂકીને છેટે ખસાય નહિ ને વળી વ્યાપકાનંદ સ્વામીની પેઠચે કાંઈક ચમત્કાર જણાવે તો તો બંદીખાનું

થાય માટે કાંઈ નથી દેખાડતા તે પણ ઠીક છે.

(૩૨૮) **व्यवहारेण साधुः ।** (સુવાક્ય) અર્થ :- વ્યવહાર ઉપરથી સાધુ ઓળખાય છે. તે એક બીજાને વે'વાર પડ્યાથી સાધુતાની ખબર પડચે છે; પણ તે વિના સાધુપણું જણાતું નથી.

(૩૨૯) આજ તો મોટાનો સંબંધ છે તે સુખ વરતે છે, પણ દેશકાળે તો આવો જોગ ન રહે તો પણ સુખ રહે એવો શ્યો ઉપાય છે ? એ પ્રશ્નનો ઉત્તર કર્યો જે, 'મોટાના ગુણ, વિભૂતિ, ઐશ્વર્ય, પ્રતાપ, ગંભીરપણું, ધીરજપણું એ આદિક મોટાના મહિમાનો વિચાર કરીએ; તેણે કરીને મોટા હૈયામાં સ્ફુરે ને તેણે કરીને સુખ વરતે.'

(૩૩૦) આ જીવને કોઈ દિ' ઘડપણ આવતું હશે કે નહિ ? એમ કહીને વળી કહ્યું જે, જીવને તો જ્ઞાન થાય ત્યારે ઘડપણ આવે, પણ તે વિના તો જીવ ઘરડો થાય નહિ.

(૩૩૧) ભગવાનને અર્થે આપણે જે જે કર્યું છે ને કરીએ છીએ, તે એ જાણે છે ને જેને ખોળે માથું મૂક્યું છે તે રક્ષા કરશે. ને આપણું તો ભગવાન બહુ માની લિયે છે.

(૩૩૨) જ્ઞાનીને ભગવાને પોતાનો આત્મા કહ્યો છે. તે ઉદ્ધવ જ્ઞાની. ને પ્રેમીનું ભગવાન રાખે તો ખરા, પણ જ્ઞાન વિના અધૂરું ને સચ્ચિદાનંદસ્વામીને તરસ લાગી, તેથી મહારાજને તરસ છીપે નહિ; પછી સચ્ચિદાનંદસ્વામીને પાણી પાયું, ત્યારે મહારાજને તરસ છીપી. તો પણ મહારાજનો મત निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् । માનવું એમ છે. (જુઓ પ્રકરણ ૧ ની વાત ૩૬)

(૩૩૩) પુરુષને સ્ત્રીના જેવું હેત ભગવાનમાં થાય નહિ. એવું હેત તો જ્ઞાને કરીને થાય. ને, "કૃપાનંદસ્વામીનું ને નિષ્કુળાનંદસ્વામીનું હેત સ્ત્રીના જેવું." એમ મહારાજ કે'તા. (જુઓ પ્રકરણ ૧૦ ની વાત ૩૮)

(૩૩૪) જડભરત આ લોકના વે'વારમાં કયાંય જોડાણા નહિ. તે શ્યા સારુ ? જે, પરમેશ્વર ભજવામાં બંધન થાય નહિ માટે, તે સારુ ગાંડા કે'વાણા (કહેવાણા) ને બીજા આ લોકમાં લઈ મંડે તેને માણસ ડાહ્યા કહે છે; પણ પરમેશ્વર ભજવાના મારગમાં ડાહ્યા નથી અને ભગવાનની કથા તો કેવી છે જે, ચોકિયાત આવીને કહે જે, 'જાગો ! જાગો !' પછી જાગે તેથી ચોરનો ભય ટળી જાય, તેમ કથા તો એવી છે.

(૩૩૫) શિક્ષાપત્રીનો છેલ્લો શ્લોક નિત્ય બોલે છે તેમાં કહ્યું છે જે,

निजाश्रितानां सकलार्तिहन्ता सद्धर्म-भक्तेरवनं विधाता ।
दाता सुखानां मनसेप्सितानां तनोतु कृष्णोऽखिलमङ्गलं नः ॥
(શિક્ષાપત્રી શ્લોક : ૨૧૨)

અર્થ :- પોતાના આશ્રિત જે ભક્તજન તેમની સમગ્ર પીડા તેના નાશ કરનારા એવા ને સધ્ધર્મે સહિત જે ભક્તિ કરે તેની રક્ષાના કરનારા એવા, ને પોતાના ભક્તજનને મનવાંછિત સુખના આપનારા એવા જે શ્રીકૃષ્ણ ભગવાન, તે જે તે અમારા સમગ્ર મંગળને વિસ્તારો.

(૩૩૬) એક રુચિવાળા બે જ હોઈએ તે લાખો ને હજારો છીએ ને તે વિના તો હજારો ને લાખો હોઈએ તો પણ એકલા જ છીએ એમ સમજવું.

(૩૩૭) ભગવાનને પોતાના ભક્તને મારી-કૂટીને પણ બ્રહ્મરૂપ કરવા છે.

(૩૩૮) શાસ્ત્રમાં કહ્યું છે જે, श्रेयांसि बहु विघ्नानि । (સુવાક્ય) અને લોકમાં કહે છે જે, 'સારા કામમાં સો વિઘ્નો.' માટે પરમેશ્વર ભજવામાં ને પરમેશ્વરનું સ્વરૂપ સમજવામાં બહુ અંતરાય છે. તે અંતરાયને ઓળખીને ને તેથી મુકાઈને બહુ ખપવાળો હોય તે પરમેશ્વર સન્મુખ ચાલે, નીકર ચલાય એવું નથી; કેમ જે, આ લોકમાં અનંત અંતરાય છે.

(૩૩૯) પૂર્વનો સંસ્કાર એવું કે'વાય છે, પણ પૂર્વનો સંસ્કાર તે પૂર્વ જન્મનું કરેલું હોય તેને જ કે'વાય એમ ન સમજવું; ત્યારે પૂર્વનો સંસ્કાર તે શું ? જે, આજે જે ક્રિયમાણ કરીએ તે આવતી કાલે પૂર્વ કે'વાય એમ સમજવું, માટે આપણે મોટાનો સંગ થયો તે આજ આપણે ઘણું પૂર્વ થયું છે.

(૩૪૦) આ કીર્તનમાં કહ્યું છે એ વાત નિરંતર સંભારી રાખવી જે,

સંત સુખી સંસારમેં, ઉદ્ધવ સંત સુખી સંસારમેં.
રાજા ભી દુઃખિયા ને રંક ભી દુઃખિયા, ધનપતિ દુઃખિત વિકારમેં;
વિના વિવેક ભેખ સબ દુઃખિયા, જૂઠા તન અહંકારમેં. ઉદ્ધવ૦
(કીર્તન મુક્તાવલિ : ૫૧૨)

માટે સમજણવાળાને સંત કહે છે; તે અંબરીષ, પ્રહ્‌લાદ ને જનક આદિક રાજા હતા, પણ તે સાધુ કે'વાય છે એમ સમજવું.

(૩૪૧) જ્ઞાન જ્ઞાનમાં પણ ઘણા ભેદ છે. કેની પેઠ્યે જે, એક ગુજરાતનું ઘોડું હોય તેની સામી લાકડી ઉગામીએ તો ભાગી જાય ને એક તો કાઠિયાવાડનું પલોટેલ ઘોડું હોય તે તો તલવાર્યું, બરછીઉં (બરછીઓ) ને

(૩૪૧) જ્ઞાન જ્ઞાનમાં પણ ઘણા ભેદ છે. કેની પેઠચે જે, એક ગુજરાતનું ઘોડું હોય તેની સામી લાકડી ઉગામીએ તો ભાગી જાય ને એક તો કાઠિયાવાડનું પલોટેલ ઘોડું હોય તે તો તલવાર્યું, બરછીઉં (બરછીઓ) ને બંધૂકું નો વરસાદ થાતો હોય તેમાં પણ સામું ચાલે, એ રીત્યે જ્ઞાન જ્ઞાનમાં ભેદ છે.

(૩૪૨) આગળ જે ભકત થઈ ગયા તે કોઈની ઉપમા આજના સત્સંગીને દેવાય નહિ; કેમ જે, આગળ થયા તે કોઈ અક્ષરધામના નિવાસી નહોતા ને આજ તો પુરુષોત્તમના આશ્રિત છે, તે સર્વે અક્ષરધામના અધિકારી છે.

(૩૪૩) કથા કર્યે, કીર્તન કર્યે, વાતુ કર્યે પણ જે, આ દેહ તે હું નહિ, એમ ન માને, તે માટે આઠે પો'ર (પહોર) ભજન કરવું જે, "હું દેહ નથી ને દેહમાં રહ્યો એવો જે હું, તે આત્મા છું, બ્રહ્મ છું, અક્ષર છું ને મારે વિશે પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રગટ પ્રમાણ અખંડ રહ્યા છે. તે કેવા છે ? તો સર્વ અવતારના અવતારી છે ને સર્વ કારણના કારણ છે ને સર્વ થકી પર છે; તે પ્રગટ આ મુને મળ્યા તે છે." ને આ વાતમાં સાંખ્ય ને યોગ બેય આવી રહ્યા. (વચ.સારંગ.૧)

ઇતિ શ્રી સહજાનંદસ્વામીના આધ્યાત્મિક વારસદાર
અનાદિ મૂળઅક્ષરમૂર્તિ સદ્‌ગુરુવર્ય શ્રી ગુણાતીતાનંદસ્વામીએ
કરેલી વાતોમાં
'ભગવાન અને સંતનો મહિમા'
નામે પહેલું પ્રકરણ સમાપ્ત.

અનાદિ મૂળઅક્ષરમૂર્તિ સદ્‌ગુરુવર્ય શ્રી ગુણાતીતાનંદસ્વામીએ વાત કરી જે :-

(૧) સર્વ સાધન કરતાં સંગ બળવાન છે; કેમ જે, સંગ થકી જ સર્વ વાત થાય છે, પણ સંગ વિના કોઈ કામ થાતું નથી, માટે સર્વમાં પ્રથમ સંગ મુખ્ય છે ને મોક્ષનો મારગ પણ સંગ થકી સમજાય ને વે'વાર (વ્યવહાર) મારગ પણ સંગથકી જ આવડે છે માટે સંગની બરાબર કોઈ સાધન નથી. ને દેશકાળાદિક આઠ કે'વાય (કહેવાય) છે, તેમાં પણ સંગને મુખ્ય કહે છે તથા નવ પ્રકારની ભક્તિમાં પણ શ્રવણભક્તિને મુખ્ય કહી છે, તે પણ સંગ થકી આવે છે અને 'શિક્ષાપત્રી'માં પણ 'નિત્ય પ્રત્યે સાધુનો સંગ કરવો' એમ કહ્યું છે ને 'વચનામૃત'માં પણ સંગનું અધિકપણું બહુ ઠેકાણે કહ્યું છે; માટે સર્વ શાસ્ત્ર તે સત્પુરુષનો સંગ કરવાનું પ્રતિપાદન કર્યે (કરે) છે. તે સંગ કરવો, તેમાં પણ જેવા પુરુષનો સંગ થાય તે થકી તેવો સમાસ થાય છે ને સર્વદેશી પુરુષનો સંગ થાય તો તે થકી સર્વદેશી જ્ઞાન પ્રાપ્ત થાય છે ને એકદેશી સંગથકી સર્વ પ્રકારનું જ્ઞાન પમાય નહિ; કેમ જે, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, મહિમા આદિકમાંથી જેને જે અંગ મુખ્ય હોય તેના સંગથકી તે વાત સમજાય અને સર્વે અંગે સંપૂર્ણ હોય તેના સંગથી સર્વે વાત સમજાય છે, માટે સર્વદેશી સંગ મળવો બહુ દુર્લભ છે. અને સંગ કરવો તેમાં ગુરુની શુદ્ધિ ત્રણ્ય પ્રકારની જોવી. તેની વિક્તિ જે, એક તો તેનું પંડ્યનું વરતન હોય તેનો તપાસ કરવો ને બીજું તેણે જેને સેવ્યા હોય તેનું સામર્થ્ય જોવું ને ત્રીજું તેના સંગથકી જે થયા હોય તેને જાણવા, એમ તપાસ કરવો.

(૨) સર્વ કરતાં ઉપાસના સમજવી એ મોટું સાધન છે ને સર્વમાં ઉપાસના મુખ્ય બળવાન છે. તે સર્વોપરી ને સર્વ અવતારના અવતારી ને સર્વ કારણના કારણ મહારાજને સમજવા, એક તો એ સમજવાનું છે. ને બીજું ભગવાનનું સ્વરૂપ સર્વપ્રકારે નિર્દોષ સમજવું; તે 'સ્વરૂપનિર્ણય'માં કહ્યું છે એવી રીત્યે ભગવાનનું સ્વરૂપ સમજવું. તે એ બે વાત મુખ્યપણે અવશ્ય સમજવાની છે. બાકી ભગવાનનો મહિમા સમજવો તે તો સર્વમાં મુખ્ય છે, પણ મહિમા તો ઉપાસના તથા સ્વરૂપ સમજવામાં આવી જાય છે ને મહિમાવતે સર્વ સાધન થાય છે ને મહિમા સર્વ કરતાં બળવાન છે. તે શ્રીજીમહારાજે 'વચનામૃત'માં કહ્યું છે એમ સમજીને, પોતાને બ્રહ્મરૂપ માનીને સ્મૃતિ રાખવી એ કરવાનું છે. ને ઉપાસનાની વિક્તિ જે, જેવા મહારાજને સમજે તેવો પોતે થાય. મહારાજને શ્રીકૃષ્ણ જેવા

સમજે તો ગોલોકને પામે ને રામચંદ્રજી જેવા સમજે તો વૈકુંઠને પામે ને વાસુદેવ જેવા જાણે તો શ્વેતદ્વીપને પામે ને નરનારાયણ જેવા જાણે તો બદરિકાશ્રમને પામે. તે જેવા જાણે તેવો થાય ને તેટલા ઐશ્વર્ય ને તેટલા સામર્થ્યને પામે. ને મહારાજને સર્વ અવતારના અવતારી ને અક્ષરધામના પતિ સમજે તો અક્ષરધામને પામે. તે મહારાજે 'વચનામૃત'માં કહ્યું છે જે, "જેવા ભગવાનને સમજે તેવો પોતે થાય છે ને ભગવાન તો અપાર ને અપાર રહે છે." માટે ઉપાસના ચોખ્ખી સમજવી એ મુખ્ય સાધન છે. (વચ.ગ.મ.૬૭) (જુઓ પ્રકરણ ૬ ની વાત ૨૧)

(૩) આ જીવને પાંચ વાનાં અવશ્ય જો'એ (જોઈએ) પણ તે વિના ન ચાલે ને બાકી તો સર્વ વિના ચાલે. તેની વિક્તિ જે, અન્ન, જળ, વસ્ત્ર, નિદ્રા ને સ્વાદમધ્યે મીઠું ને તે વિના બીજું તો સર્વે ફેલ છે.

(૪) જેમ ગાય છે તે વાછરું સારુ પારસો મૂકે છે, તેમ જે શિષ્ય હોય તે ગુરુને મન સોંપે તો અંતઃકરણનું અજ્ઞાન ટાળી નાખે, પણ તે વિના તો ટળે નહિ.

(૫) મોટાઈઉં (મોટપ) તો ઘણા પ્રકારની છે. તેમાં પ્રભુને ભજવા તે મારગ જુદો છે. ને એકથી લાખ રૂપિયા ખરચે તો પણ સમાગમ વિના અજ્ઞાન તો ટળે નહિ ને જે વાવરે તેનું તો ફળ થાય ને ઐશ્વર્યને પામે.

(૬) ચાર વાતમાં સુખ છે. તેમાં એક તો ભગવાનની મૂર્તિની સ્મૃતિ, બીજું સાધુનો સમાગમ, ત્રીજું સદ્‌વિચાર ને ચોથું તો જીવે વિષયનું સુખ માન્યું છે એ તો દુઃખરૂપ છે ને સુખ તો ત્રણ્ય વાતમાં જ છે. ને વિષયમાં સુખ છે એવી તો કોઈ મોટાએ કલમ મૂકી જ નથી. ને આત્મારૂપે વરતવું એ તો દેશ જ નોખો છે. તેમાં કામાદિક દોષ જ નથી, જેમ ગુજરાત દેશમાં પૃથ્વી ખોદે તેમાં પાણો જ ન મળે તેમ.

(૭) મોટા મોટાના શબ્દની હાર્યું કરીને તપાસ કરવો જે, એમનો શું મત છે ને એ શું કરવાનું કહે છે ને એ કેમ વરતે છે; એમ તપાસીને પછી તે મારગે ચાલવું.

(૮) સારા ભગવદી સાથે જીવ બાંધવો એ જ સત્સંગમાં રહ્યાનો હેતુ છે, પણ એકલી ભક્તિ સત્સંગમાં રહ્યાનો હેતુ નથી. ને જ્ઞાન વિના તો સર્વે કાચું છે. ને સારા ભગવદીસાથે જીવ બાંધ્યો હતો તો કરસનદાસને ને મહાવીર્યાનંદને સત્સંગમાં રાખ્યા ને તે વિના તો રાધેશ્વરાનંદ ને હિરણ્યગર્ભાનંદ ગયા. ને *હમીરે પણ ઘણીક ભક્તિ કરી હતી તો પણ તે ગયા. એ વાતુ વિસ્તારે કરીને કહી.

(૯) દૃષ્ટિ <u>પ્રતિલોમ</u> કરવામાં ચાર વિઘ્ન છે; તેની વિક્તિ જે, સ્ત્રી, દ્રવ્ય, આ લોકની મોટાઈ ને ક્રિયા. (વચ.ગ.અં.૩૧)

(૧૦) જેવો સાંઢ હોય એવું વાછરું આવે અને જેવો ઘોડો હોય એવું વછેરું આવે; તેમ જ જેવા ગુરુ મળે એવું શિષ્યમાં દૈવત આવે.

(૧૧) આ લોકનાં પદાર્થ ને મનુષ્યાદિકને કેવી દૃષ્ટિએ જોવાં જે, એ સર્વે વિઘ્ન કરનારાં છે અને એક તો કોઈ પ્રકારે સત્સંગમાંથી જાય એવો ન હોય તે પણ જાય ને એક તો કોઈ રીત્યે સત્સંગમાં રહે એવો ન હોય તે પણ રહે, એમ સંગમાં રહ્યું છે. ને ભણનારા કરતાં પણ ભણાવનારાને વધારે દાખડો પડચે છે, તેમ જ્ઞાન દેવામાં શિષ્ય કરતાં ગુરુ વધારે દાખડો કર્યે ત્યારે જ્ઞાન થાય છે ને તે વિના જ્ઞાન થાતું નથી. ને અમૃતનું ફળ ઝેર છે, તે શું ? જે, વિષય ભોગવવા સારા લાગે છે, પણ તેનું ફળ દુ:ખ છે. ને સારા વિષય ને નરસા વિષય એ બેય નાશવંત તો છે, પણ નરસામાં દુ:ખ છે ને દોષ નથી ને સારામાં દુ:ખ ને દોષ બેય છે.

(૧૨) એકલું જ્ઞાન કે'વું (કહેવું) ને સાંભળવું તે કાંઈ કઠણ નથી, માટે બે ઘડી વૃત્તિયું પાછી વાળીને ભગવાનને સંભારવા ને ધ્યાન ન થાય તો ભજન કરવું; પણ રસોઈ કરીને જમવું નહિ, તે શ્યા (શા) કામનું ? ને એકલું જ્ઞાન કરવાથી વિષય ઓછા થાવાના નથી ને એ તો ભગવાનને સંભારશું ત્યારે થાશે. ને ભગવાનને સંભારવા માંડે તો તેના ઉપર ભગવાનની ને મોટા સાધુની દૃષ્ટિ થાય; પણ એ મારગે તો ચાલે નહિ, ત્યારે તેના ઉપર શ્યેની (શાની) દૃષ્ટિ થાય ? માટે એ તો ભગવાનનો વિશ્વાસ રાખીને મંડવું. ને જેવો જેનો સંગ થાય તેવું થાવાય છે, પણ જેમાં ગુણ નહિ હોય તેને સંગે તે ગુણ ક્યાંથી આવશે ? ને જે જે ભગવાનમાં વળગ્યા હશે ને જેના જે જે વિષય ઓછા થયા હશે તેના સંગમાંથી તે ગુણ આવશે એ વાતમાં સંશય નથી. ને જેનું જે અંગ હોય તે વાતનું તે મુખ્ય પ્રતિપ્રાદન કર્યે એ વાત સમજી રાખવી. ને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય એ ત્રણ્ય હોય તો તે જીવના સુખને અર્થે થાય ને ભગવાન સંભારવા તે પણ છે તો જીવના સુખ સારુ; પણ તેને મહારાજ પોતાને અર્થે કર્યું એમ માની લિયે છે.

(૧૩) <u>ઇન્દ્રિયારામ</u> ને <u>અર્થારામ</u>ની જોડે આસન કર્યે તો ગમે તેવો હોય તેનું પણ ઠેકાણું ન રહે ને વૈરાગ્યનું તો છેટું છે; કેમ જે, વિષયમાં રાગ છે. ને આત્મજ્ઞાનનું પણ છેટું છે; કેમ જે, જીવ દેહમાં જડાઈ ગયો છે, માટે હવે તો એક ધર્મને વિશે, ને બીજી ભગવાનના સ્વરૂપને વિશે નિષ્ઠા; એ બે વાત મુખ્ય રાખવી.

(૧૪) હવે તો ગૃહસ્થ ઘરમાં બંધાશે ને ત્યાગી ક્રિયામાં બંધાશે. ને કામી હોય તે જેમ સ્ત્રીને જોયા કર્યે છે, તેમ ભગવાન તો જીવ સામું જોઈ રહ્યા છે જે, 'મુને કોઈ સંભારે છે ?' પણ જીવ એવો અવળો છે જે, બીજા પદાર્થ સામું જુએ, પણ ભગવાન સામું ન જુએ.

(૧૫) સંગનું રૂપ કહ્યું જે, ભેગા રહે પણ સંગ ન કર્યે, તેમાં *ઊનાના શેઠિયાનું દૃષ્ટાંત દીધું જે, સાઠ માણસ ભેળાં રે'તાં (રહેતા) હતા. પણ તેમાં સંગ તો પુરુષ, સ્ત્રી ને છોકરો એ ત્રણ્ય-ત્રણ્યને હતો. ભગવાનની સ્મૃતિ વિના જે જે થાય છે તે ખડ ખાય છે ને સત્સંગી પણ સ્મૃતિ ન કરાવે, તો કુસંગી ભુલાવે એમાં શું કે'વું ? ને કામમાંથી પરવારીને પ્રભુ ભજવા એવી તો કોઈએ આશા જ રાખવી નહિ; કેમ જે, કોઈનું કામ પૂરું થયું નથી ને થાશે પણ નહિ અને આ જીવને વૃક્ષનો દેહ આવે તેમાં આવરદા તો ઘણી લાંબી પણ તેમાં પ્રભુ ભજાય નહિ ને પશુ-પક્ષી આદિકના દેહ આવે તેમાં પણ ન ભજાય ને મનુષ્ય દેહમાં ભજાય. તેમાં પણ મોટે ઠેકાણે ન ભજાય ને ખાવા ન મળે તો પણ ન ભજાય ને રોગ થાય તો પણ ન ભજાય ઇત્યાદિક વિઘ્ન છે અને આ તો સર્વ વાતે સાનુકૂળ છે ને તેમાં પણ પ્રભુ નહિ ભજે તો પછી કિયે દિ' (કયે દિવસે) ભજાશે ?

(૧૬) શ્રીજીમહારાજ ગમે એટલી પ્રવૃત્તિ કરાવતા તો પણ એક પડખે પુસ્તક નિરંતર રાખતા ને "હરે ! હરે !" કરતા, તે આપણને શીખવતા અને મહારાજે કહ્યું હતું જે, "કેટલાક મોટા મોટાને તો પ્રવૃત્તિમાં ન ભળવું; કેમ જે, પૂર્વે ઋષિ પ્રવૃત્તિમાં ભળ્યા તે આહ્નિક ભૂલી ગયા હતા; પછી વળી કો'ક (કોઈક) વૃદ્ધ પાસેથી શીખ્યા ને તે પછી શાસ્ત્ર કર્યાં."

(૧૭) શ્રીજીમહારાજ કે'તા (કહેતા) જે, "ભેંશું, ગાયું, બકરાં આદિકનાં ટોળામાં એક ચારનારો હોય તે પોતે એમ સમજે જે, આ સર્વે પશુ છે ને હું મનુષ્ય છું; એમ ભગવાનના ભકતને સમજવું જે, વિમુખ સર્વે પશુ છે ને હું ભગવાનનો ભકત મનુષ્ય છું."

(૧૮) ભગવાનના ભક્તનો અવગુણ આવે ત્યારે તેમાં ગુણ હોય તે વિચારવા તો તે અવગુણ ટળી જાય, જેમ પાંચ લડવા આવ્યા હોય તે સામા પચાસ આવે તો તેને હઠાવી દિયે; તેમ ગુણ તો ઘણાય હોય તે વિચારવા તો દોષ થોડા હોય તે ટળી જાય ને જો દોષ ઝાઝા હોય તો સત્સંગમાં રે'વાય (રહેવાય) નહિ. ને જીવને બળ પામવાનો હેતુ તો સત્સંગ જ છે, તે જેમ થાય તેમ બળિયો થાય. તેમ

એક તો આ બધાંય મંદિર કર્યે ને સત્સંગમાં ન રહે ને એક તો એક ઈંટ પણ ન લીધી હોય ને સત્સંગમાં રહે, એમ સમજણમાં રહ્યું છે. તે ઊતરતાને સંગે ઊતરતો ઊતરતો ઊતરી જાય, જેમ *બ્રાહ્મણ હતો તે ઢેઢડી સારુ ઢેઢ થઈ ગયો તેમ થાય.

(૧૯) આ મેડીઉં (મેડી) મળી છે ને સારું સારું ખાવા મળે છે કે માન મળે છે, ઇત્યાદિક મનુષ્ય દેહનું ફળ નથી; તે તો વિમુખને પણ મળે છે, માટે મનુષ્ય દેહનું ફળ તો સારાનો સંગ ને સ્વભાવ ટળે, એટલું જ છે.

(૨૦) એક કામમાં જીવ થાકી જાય માટે ફરતું ફરતું કરવું. તે શું ? જે, કથાવાર્તા સાંભળવી, વાંચવું, ધ્યાન કરવું, નામ રટણ કરવું, એ આદિકમાં થાક લાગે ત્યારે બીજું કરવું; નીકર મૂંઝવણ થાય ને મન જીવને મૂંઝવે એવું છે.

(૨૧) સંતનો મહિમા કહ્યો જે, આવા સાધુનાં દર્શન કર્યે ભગવાનનાં દર્શનનું ફળ થાય છે ને તેની સેવા કર્યે ભગવાનની સેવા કર્યાનું ફળ થાય છે ને આપણે તેવા સાથે હેત થયું છે, માટે આપણા પુણ્યનો પાર ન કે'વાય.

(૨૨) કેટલાક રસોઈ કર્યે છે, પાણી ભરે છે ને કેટલાક લખે છે ને ભણે છે ને કેટલાક ખડ વાઢવા જાય છે ને કેટલાક ઢોર ચારવા જાય છે, ઇત્યાદિક ક્રિયાયું કર્યે છે. તે તો એમ જાણવું જે, એ સર્વે દેહનો વે'વાર છે તે કર્યું જો'એ, પણ કરવાનું તો બીજું છે. તે શું ? જે, મહારાજની મૂર્તિની સ્મૃતિ રાખવી ને ઉપાસના ને જ્ઞાન શીખવું ને સત્સંગ-કુસંગ ઓળખવો ને સત્સંગમાં રે'વાય એવો દૃઢ પાયો કરવો; ઇત્યાદિક કરવાનું છે તે કરવું અને મનુષ્યને જે જે ક્રિયા કરવાનું કહીએ તે તે કરવાને સૌ તૈયાર છે, પણ જે કરવાનું છે તે કહીએ તો તેમાં અટકે છે, પણ જ્ઞાન વિના સર્વે કાચું છે ને અંતરમાં ખોટા ઘાટ થાય, તે પણ જ્ઞાનની કસર છે અને મહારાજ પૂછતા જે, "એને કિયા સાધુ સાથે હેત છે ને કિયા સાધુ પાસે બેઠક-ઊઠક છે." એમ તપાસ કરવાનું કે'તા.

(૨૩) "બકરાં, ગાયું, ભેંશું ને ઊંટ એ સર્વે વાડામાં રહે, પણ વાઘ હોય તે વાડામાં પુરાય નહિ. તેમ મુમુક્ષુ હોય તે કોઈ મતમાં કે વિષયમાં બંધાઈ રહે નહિ." એમ મહારાજ કે'તા; ને મહારાજ વિરાજતા ત્યારે પણ જેણે સમાગમ કર્યો નથી ને આજ પણ જે મોટા સંતનો સમાગમ નથી કરતા, તેને શું વધુ બુદ્ધિવાળા સમજવા ? માટે બુદ્ધિ તો એટલી જ જે, મોટા સાધુથી શીખે ને મોક્ષના કામમાં આવે, બાકી બુદ્ધિ નહિ. ને મહારાજ કે'તા જે, "નાથભક્ત બુદ્ધિવાળા છે ને *દીવાનજી મૂરખ છે. ને વે'વાર છે તે તો તાજખાના જેવો છે તે તો સુધાર્યો તો પણ

બગડેલો જ છે, તેમાં કાંઈ સાર નથી.'' તે ઉપર સુરતના ખાડાનું દષ્ટાંત દીધું.
(જુઓ પ્રકરણ ૧૧ ની વાત ૨૪૦)

(૨૪) સર્વ ક્રિયા કરવામાં નાશવંતપણાનું અનુસંધાન રાખવું તો દુઃખ ન થાય ને સત્પુરુષનો રાજીપો જેવો સત્સંગે કરીને થાય છે એવો પદાર્થે કરીને થાતો નથી. ને એક ચેલામાં બંધાય તે પાંચ-દસમાં કેમ ન બંધાય ? ને જે ઘણા માણસમાં પણ ન બંધાય એ તો અતિ સમર્થની વાત છે.

(૨૫) એક જણ એક મંદિરમાં પાંચસેં રૂપિયા મૂકીને ચાલ્યો ગયો; પણ એટલા રૂપિયાથી બેઠાં બેઠાં ખાઈને સાધુનો સમાગમ કર્યો હોત તો બહુ સમાસ થાત.

(૨૬) મોટાની આજ્ઞાએ કરીને કરવું, તે તો જેમ *ગણપતિએ ગાયની પ્રદક્ષિણા કરી એવું છે. ને મનનું ગમતું કરવું તે તો કાર્તિકસ્વામીની પેઠ્યે (પેઠે, જેમ) પૃથ્વીની પ્રદક્ષિણા કરવા જેવું છે માટે આજ્ઞાએ થોડું કર્યે તો પણ ઘણું થાય છે ને મનગમતું ઝાઝું કર્યે તો પણ થોડું થાય છે. ને આજ્ઞામાં ધર્મને ઘસારો આવતો હોય એવી આજ્ઞામાં તો ઘટે એમ કરવું. (જુઓ પ્રકરણ ૬ ની ૫૫)

(૨૭) *શિવજી, પાર્વતી ને પોઠિયાના દષ્ટાંતે કરીને જગતનું કહ્યું જે, 'એમાં કાંઈ પાધરું ન મળે, એ તો ગમે એમ કર્યે તેમાં પણ ખોટ્ય કાઢે, માટે તે વાત સમજી રાખવી.'

(૨૮) બહુ ખપવાળો હોય તેનું સમું રહે, નીકર બહુ પ્રકારના શબ્દ આવે તે મૂળગો ઘટી જાય.

(૨૯) ભગવાનને સંભારીને જે જે ક્રિયા કર્યે છે તો પણ તે નથી કરતો ને તે અકર્તા છે ને તે વિના તો બેઠો છે તો પણ તે કર્તા છે. ને ભગવાનને સંભારીને ખાય છે, બોલે છે, જુએ છે, સૂવે છે, ચાલે છે, ઇત્યાદિક જે જે ક્રિયા કર્યે છે તો પણ તે કાંઈ કરતો નથી ને તે તો અકર્તા છે.

(૩૦) અંતરમાં ભજન કરવા શીખવું, તેણે કરીને વિષયના રાગ ઓછા થાય છે.

(૩૧) પ્રસાદીનું માહાત્મ્ય સમજતા હોઈએ તો મોટાના ચરણની રજ લઈને માથે ચડાવીએ, પણ રસેયુક્ત જે પ્રસાદી તે તેનો ગુણ જણાવે ને વિકાર પણ થાય છે.

(૩૨) દ્રવ્ય છે તે તો પાંચે વિષયનું કારણ છે, તે મળે તેમ તેમ

વિષયને અર્થે ઉદ્યમ થાય.

(૩૩) જેના હૈયામાં જગત પ્રધાન હોય તે બીજાના હૈયામાંથી જગત શું કાઢશે ? નહિ જ કાઢે. ને ત્યાગી કે ગૃહસ્થ હોય પણ પોતાની સમજણ પ્રમાણે બીજાને સમજાવે ને સૌને એમ છે જે મારા જેવું સમજે તો ઠીક.

(૩૪) સંગ કરવામાં ને સત્સંગ કરનારામાં પણ બહુ ભેદ છે; કેમ જે, મહારાજનો સંગ કેટલાક સાધુએ કર્યો ને ગૃહસ્થે પણ કર્યો, પણ સમજણમાં અનંત ભેદ પડચા છે. ને સમાગમ કરવો ને ભેળું રે'વું (રહેવું) તેમાં પણ ઘણો ફેર છે. જેમ ગાયના <u>આઉમાં</u> <u>ઇતરડી</u> રહે છે, પણ તેને દૂધનો સ્વાદ આવતો નથી ને વાછરું છે તે છેટે રહે છે તો પણ તેને દૂધનો સ્વાદ આવે છે.

(૩૫) નિરંતર સર્વ ક્રિયામાં <u>પાછું વાળી વાળીને</u> જોવું જે, 'માર્યે (મારે) ભગવાન ભજવા છે ને હું શું કરું છું ?' એમ જોયા કરવું.

(૩૬) સત્સંગ કરવામાં ને સમજવામાં ઘણી કસર રહી જાય છે; કેમ જે, મહારાજ વિરાજતા ત્યારે દર્શન થાતાં હોય તો એટલી વાર દસ-વીસ સાધુ તો ઘડીએ છેટે જાતા નહિ. ને ગમે એટલો થાક લાગ્યો હોય પણ રાત્યે દર્શન થાતાં હોય તો આખી રાત્ય દર્શન કરતા ને કેટલાક સુખે સૂઈ રે'તા; એમ સમજણમાં ઘણા ભેદ છે.

(૩૭) મુમુક્ષુને તો નિરંતર <u>હોંકારા કરનારા</u> જો'એ. તે હોય તો પ્રભુ ભજાય, નીકર તો જેમ વાડામાંથી વાઘ બકરું ઉપાડી જાય એમ થાય.

(૩૮) <u>બ્રહ્મર્ષિ</u> ને <u>રાજર્ષિ</u> તેમાં બ્રહ્મર્ષિનો મારગ ઉત્તમ છે પણ તે કઠણ છે ને રાજર્ષિનો મારગ મુખ્ય છે ને બહુધા એ જ પાર પાડચે એવો છે. ને વિદ્યાયું તો ઘણી છે પણ ભણવા જેવી તો <u>બ્રહ્મવિદ્યા</u> છે ને એમાં જ માલ છે. ને અંતે એમ કર્યા વિના છૂટકો નથી, પણ જીવ એ મારગે ચાલતા નથી.

(૩૯) મોટા સંતનો સમાગમ તો ભગવાન ભેળું રે'વું તે કરતાં પણ અધિક છે; કેમ જે, ભગવાન તો મનુષ્યચરિત્ર કર્યે તેથી સમજણની કસર હોય તો સંશય થઈ જાય ને અવળું પડચે (પડે); માટે સાધુનો સમાગમ અધિક છે. ને દસહજાર રૂપિયા ખરચે તે કરતાં મંદિરના રોટલા ખાઈને સાધુનો સમાગમ કર્યે ને સમજવા માંડે તે અધિક છે; કેમ જે, ઓલ્યાને દેશકાળ લાગે, પણ આને ન લાગે. તે મહારાજે પણ કહ્યું છે જે, "સત્સંગે કરીને વશ થાઉં છું એવો બીજે સાધને કરીને વશ થાતો નથી." ને સત્સંગ કર્યે તો સંસારમાંથી પણ મુકાઈ જાય.

(વચ.ગ.મ.૫૪/ગ.અં.૨)

(૪૦) લખવું, ભણવું તે તો ઠીક છે ને ભક્તિનું તો કાંઈ સરું આવતું નથી; પણ નિયમ રાખી બબ્બે ઘડી આત્મા-અનાત્માનો વિવેક કરવા માંડે ને બબ્બે ઘડી રટણ કર્યે ને બબ્બે ઘડી વૃત્તિયું રૂંધીને બંધ કર્યે ને બબ્બે ઘડી ભક્તિ કર્યે, તો એમ જણાય જે, જીવ વૃદ્ધિ પામે છે તો ખરો; ને નિયમ વિનાનું તો પાણીનો ઘડો ઢોળ્યા જેવું થાય છે. (વ.ગ.પ્ર.૨૩)

(૪૧) સમાગમ કરવાની રીત કહી જે, 'પ્રથમ તો એકાંતિક સાથે જીવ જોડવો, પછી એ સાધુ તો ભગવાનમાં રે'તા હોય તે ભગવાનના ગુણ સાધુમાં હોય, એટલે તે સાધુના ગુણ તે સમાગમ કરનારામાં આવે; પણ જીવ સારી પેઠચે (રીતે) જોડે નહિ તો તેના ગુણ આવે નહિ. ને એ વાત આજ કરો કે ગમે તો હજાર જન્મે કરો, પણ અંતે એમ કર્યા વિના છૂટકો નથી.'

(૪૨) આમ સમજાય તો આજ્ઞા પળે જે,

થર થર ધ્રૂજત રહે વચનમેં ઇન્દ્ર મુનીંદ્રા,
થર થર ધ્રૂજત રહે વચનમેં અવનિ અહીંદ્રા;
થર થર ધ્રૂજત રહે વચનમેં શશીયર સૂરા,
થર થર ધ્રૂજત રહે રેનદિન કાલ હજૂરા;
હરિ હર હિ અજ આદિ સબે રહત ભક્તિરત જાહિકી,
મુકુંદ મોહવશ મૂઢ નર કરે ન આજ્ઞા તાહિકી.
(મુક્તાનંદ કાવ્ય : મુકુન્દ બાવની-૩૩)

એ આદિક મોટા મોટા આજ્ઞામાં વરતે છે. વળી

हंसे गुरौ मयि भक्त्यानुवृत्त्या वितृष्णया द्वन्द्वतितिक्षया च ।
सर्वत्र जन्तोर्व्यसनावगत्या जिज्ञासया तपसेहानिवृत्त्या ।।
(શ્રીમદ્ ભાગવત : ૫/૫/૧૦)

અર્થ :- ઋષભદેવ ભગવાન પુત્રોને કહે છે : "હે પુત્રો ! હંસ સમાન વિવેકવાળા ગુરુ વિશે તથા પરમાત્મા વિશે તેમની અનુવૃત્તિ પાળવારૂપ ભક્તિવડે, તૃષ્ણાનો ત્યાગ કરી, સુખ-દુઃખાદિ દ્વન્દ્વોને સહન કરવાથી, 'આ લોક-સ્વર્ગલોક બધે જ જીવને દુઃખ છે.' એવું જાણવાથી તત્ત્વની જિજ્ઞાસાથી, તપથી, કામ્યકર્મ ત્યજવાથી, સર્વ બંધનના કારણરૂપ અહંકારથી મુક્ત થઈ પરમપદને પામવું."

એમ જીવ કર્મવશ અનંત દુઃખ ભોગવે છે, એમ વિચારે તો આજ્ઞામાં રે'વાય. એમ જ્ઞાનીને તો અનેક રીત્ય છે ને વિષયનો પ્રસંગ રાખીને નિર્વાસનિક

થાવાની આશા તો ન જ રાખવી; એ વાત એમ જ છે અને આજ્ઞા લોપે તેના હૈયામાં સુખ ન રહે, તે જેમ ચણા ને ઘઉં આદિકમાં હિમ પડચે તે ઉપરથી તો હોય એવું દેખાય પણ માંહીથી બીજ બળી જાય છે, એમ થાય છે.

(૪૩) આ જીવને માથે શાસ્તા વિના સ્વતંત્રપણે તો જીવ દેહનો જ કીડો થઈ રહે એવો છે.

(૪૪) મોટા સંતનો સમાગમ કરવાનો મહિમા કહ્યો જે, 'રોટલા ખાવા મળે છે પણ કદાચ તે ન મળે તો રાંધેલું અન્ન માગી ખાઈને પણ આ સાધુનો સમાગમ કરીએ, નીકર કાચા દાણા ખાઈને પણ સમાગમ કરીએ, નીકર ઉપવાસ કરીને પણ સમાગમ કરીએ, અથવા લીમડો ખાઈને, નહિ તો વાયુ ભરખીને પણ આ સમાગમ કર્યા જેવો છે. ને જેને કો'ક કામનો કરનારો હોય કે જેને રોટલા ખાવા મળતા હોય, તે જો આ સમાગમ નહિ કર્યે તો તેને બહુ ખોટચ જાશે.' એમ ઘણીક વાતુ કરી.

(૪૫) આવા સાધુની વાતુની ગતિ તો કાળના જેવી છે તે દેખાય જ નહીં પણ અજ્ઞાન ટાળી નાખે, જેમ બાળકમાંથી જુવાન થાય છે ને વૃદ્ધ થાય છે તે દેખાતું નથી તેમ. ને બીજે ઠેકાણે જેટલું કામ એક કલ્પે થાય છે તેટલું કામ આંહીં એક દિ' માં થાય છે. ને અક્ષરના મુક્તને પણ કસર રહી ગઈ હોય તો તેને પણ આંહીં ભગવાનની ભેળું કસર ટાળવા આવવું પડચે છે, માટે જેને કસર ટાળવી હોય તેને તો આ બરાબર બીજો કોઈ સારો જોગ નથી.

(૪૬) શ્રીજીમહારાજે આઠ મહિના સુધી સારંગપુર, કારિયાણી, લોયા ને પંચાળામાં, ત્યાં ત્યાં સંતોને ભેળા રાખીને વાતુ કરી ને મંડળ ફરીને આવે તેને પણ પંદર દિ'-મહિનો રાખીને વાતુ કરતા, એમ કર્યે ત્યારે જ્ઞાન થાય છે પણ તે વિના થાતું નથી.

(૪૭) સંસારમાં સુખ જેવું જણાય છે પણ તેમાં તો દુઃખ જ છે. જેમ શેરડીના સાંઠામાં ઇયળ પડચે તે સુખ માને છે, પણ ચિચોડામાં ભૂકા નીસરશે. તે જેમ કાગડાને શ્રાદ્ધના સોળ દિ'નું સુખ ને પછી બંધૂકની ગોળીઉં (ગોળી) ખાવાની છે તેમ.

(૪૮) ફિરંગી નિત્ય કવાયત કરાવે છે, તેથી તેનાં માણસ બહુ ખબરદાર થાય છે; તેમ જે કથાવાર્તા, પ્રશ્ન-ઉત્તર કરવા-સાંભળવાનો અભ્યાસ રાખે તેનો જીવ વૃદ્ધિને પામે ને તેમાં બળ આવે, પણ તે વિના બળ ન આવે; પણ

જે આળસુ થઈને બેસી રહે તેને શું સમાસ થાય ?

(૪૯) મોટા હોય તેણે બીજાને હિંમત દેવાને અર્થે એમ વાત કરવી જે, 'એક દિ' મુને પણ જિહ્‌વા ઇન્દ્રિયે છેતર્યો ને એક દિ' નેત્રે છેતર્યો તે રૂપ જોવાઈ ગયું; તેમ જ સર્વે ઇન્દ્રિયુંનું કે'વું.'

(૫૦) પોતાથકી થોડું થાય તો થોડું કરવું ને હાથ જોડવા, પણ કપટ ન કરવું ને આડુંઅવળું તરી જાવું નહિ અને મોટા આગળ જો જીવ સરળપણે વરતે તો સહેજે જ મોટા તેની ખબર રાખે તેમાં કાંઈ કે'વું પડચે નહિ. ને જગતમાં પણ એમ રીત્ય છે જે, જે જેનો થઈ રહે તેની ફિકર તેને રાખવી પડચે છે, તેમ મોટા ખબર રાખે.

(૫૧) અરધોઅરધ કથા-વાર્તાનો જોગ રાખશે તેનું જ સારું રે'શે (રહેશે) અને આ તો મોટાં કારખાનાં થયાં તે કાંઈ ખૂટે એમ તો છે નહિ.

(૫૨) મંદવાડ આવે તેમાં જે કાયર થઈ જાય તેણે કરીને દુઃખ તો મટે નહિ ને તેમાં જે હિંમત રાખતા તે મહારાજને ગમતું.

(૫૩) પાંચ પ્રકારે સ્ત્રી ભોગવાય છે, તેની વિક્તિ જે, ત્વચાએ, નેત્રે, કાને, જીભે ને મનમાં સંકલ્પે.

(૫૪) સત્સંગમાં બરોબરિયાપણું સમજવું નહિ ને બરોબરિયા થાવું નહિ ને બરોબરિયા સમજવા એ જ ખોટચ છે.

(૫૫) કોઈ કૂવે પડવા જાતો હોય તેને આડાં હજારો માણસ ફર્યે (ફરે) તો પડવા દિયે નહિ, તેમ સત્પુરુષ ને સત્શાસ્ત્રના બહુ શબ્દ સાંભળ્યા હોય તો વિષય માર્ગથી રક્ષા કર્યે. ને ગમે એવું અવળું માણસ હોય તેને પણ વશ કરીએ, એ તો આવડચું જો'એ; તેને નમી દઈએ, તેનું રાખીએ, તેને પૂછીએ, એ અનુસારે વશ કરીએ, એ તો કઠણ નથી; જો આપણે એના થઈ જાઈએ તો તે આપણા થઈ જાય.

(૫૬) તપાસીને જુએ તો આ જીવ તો કેવળ પ્રકૃતિને જ ભજે છે, પણ દેહ ગુજરાન ઉપર સૂરત રે'તી નથી ને અવશ્ય હોય એટલું તો કરવું પડચે; પણ આ તો પ્રકૃતિને વશ થઈને બોલે છે, સાંભળે છે, જુએ છે, ખાય છે, ફરતો ફરે છે, બેસી રહે છે, સૂઈ રહે છે ઇત્યાદિક સુવાણ્ય કર્યે છે, પણ તેનો તપાસ કરતો નથી; તેને દરવાજાવાળા દેખે છે ને બીજાને તો ગમ જ નથી; માટે અવશ્ય તે ઉપર સૂરત રાખીને પાછું વળવાનો સ્વભાવ રાખે તો મોટા સાધુની પણ તેના ઉપર દૃષ્ટિ થાય ને પદાર્થના તો દા'ડે દા'ડે (દિવસે દિવસે) ઢગલા થાય છે ને વળી થાશે, તે તો બંધ

નહિ થાય ને બંધ કરવું એ તો પૃથ્વી મઢાવવા જેવું કઠણ છે ને ન ભોગવવું એ તો જોડા સીવડાવીને પે'રવા (પહેરવા) જેવું સુગમ છે, એ વિના બીજો ઉપાય નથી.

(વચ.ગ.અં.૯)

(૫૭) સંત કહે તેમ કરવું તે શ્રેષ્ઠ છે ને મનધાર્યું કરવું તે કનિષ્ઠ છે ને મનગમતું કરતો હોય ને તે ત્યાગ રાખતો હોય ને આખા મંદિરનું કામ એકલો કરતો હોય ને ગમે એટલા માણસને સત્સંગ કરાવતો હોય, તો પણ તે ન્યૂન છે ને તેને કો'ક દિ' વિઘ્ન છે. ને જે ત્રણ્ય ટાણાં ખાતો હોય ને આળસુ હોય ને ઊંઘતો હોય, એવી રીત્યે દોષેયુક્ત હોય; પણ જો તે પોતાનું મનગમતું મૂકીને સંત કહે તેમ કર્યે તો તે અધિક છે. ને સંત કહે એમ કરવું એ <u>નિર્ગુણ</u> છે ને મનગમતું કરવું એ <u>સગુણ</u> છે. ને આ ત્યાગી બેઠા છે તેમાં પણ અરધા તો મનગમતું કરતા હશે ને ગૃહસ્થ પણ કેટલાક મનનું ધાર્યું કર્યે છે ને જેનું દસ જણ પ્રમાણ કર્યે તે ખરો કે'વાય; પણ એકનું કહ્યું પ્રમાણ નહિ.

(૫૮) સત્સંગમાં સ્ત્રીનો ત્યાગ કર્યે એવા તો ઘણા, પણ દ્રવ્યને ખોટું કરાવનાર ને કરનાર એવા તો કો'ક જ હોય, બાકી એની તો પુષ્ટિ જ થાશે; કેમ જે, એમાં સર્વે વિષય રહ્યા છે ને સત્સંગનો વે'વાર પણ એથી જ ચાલે છે; માટે એને ખોટું કરાવનાર નહિ જ મળે, પણ એને ખોટું કરવું. તેમાં નિત્યે એમ વિચાર કરવો જે, એ પણ એક દિ' મૂકવું પડશે.

(૫૯) સ્ત્રી એ વીંછીનો કરડ છે ને દ્રવ્ય એ સાપનો કરડ છે. ને શાસ્ત્રમાં વાત તો બીજમાત્ર હોય પણ તેનું જ્ઞાન તો ગુરુ થકી જ સમજાય છે.

(૬૦) શાસ્ત્રમાં શ્રદ્ધા કહી છે પણ તેમાં કેટલાક ભેદ છે. રાજસી, તામસી ને સાત્ત્વિકી, તે ગઢ-કોઠા કરાવે છે ઇત્યાદિક અનેક અનેક કામ કર્યે તે શ્રદ્ધા કે'વાય; પણ તે શ્યા કામની ? માટે શાસ્ત્ર થકી પણ પોતાને જાણ્યે તો સમજાય જ નહીં, માટે સત્પુરુષ અધિક છે.

(૬૧) જેવો બીજાને સમજાવવાનો આગ્રહ છે, એવો પોતાને સમજવાનો હોય અને જેવો બીજાના દોષ જોવાનો આગ્રહ છે, તેવો પોતાના દોષ ટાળવાનો હોય; તો કાંઈ કસર રહે જ નહીં.

(૬૨) શાસ્ત્રમાં અને સત્પુરુષના કહ્યામાં એમ છે જે, 'મોટા રાજી થાય તો સર્વે કામ થાય.' તે રાજી થયાના ઉપાય ચાર છે. તેની વિક્તિ જે, એક તો એને કાંઈ પદાર્થ જોતું (જોઈતું) હોય તે આપવું ને બીજું તેના દેહની સેવા કરવી ને ત્રીજું

તેની આગળ હાથ જોડીને વિનય કરવો ને ચોથું એની <u>અનુવૃત્તિ</u>, તે અનુવૃત્તિમાં તો સર્વે વાત આવી જાય; એ જેવું બીજું નથી.

(૬૩) આપણે શ્રીજીમહારાજની કોઈ આજ્ઞા તુરત રાજી થઈને માની નથી; કેમ જે, આપણને સૂઝે નહિ ને બુદ્ધિ પણ પોં'ચે (પહોંચે) નહિ ને મહારાજને તો <u>પૂર્વાપર</u> સૂઝતું હોય. તે શ્યી આજ્ઞા ? જે, રાંધેલું અન્ન <u>મોર્યે</u> માગવાનું કહ્યું તે કોઈએ માન્યું જ નહીં, તે પ્રથમ પોતે માગીને પછી મનાવ્યું ને મંદિર કરવાનું કહ્યું તે કોઈ હા પાડચે જ નહીં; પછી ભણવાનું કહ્યું તે કોઈ માનતા નહિ ને પત્તર રાખવાનું કહ્યું તે પણ માને નહિ; એ આદિક સર્વે વચન પરાણે ઘણો ઘણો આગ્રહ કરીને મનાવ્યાં. તે મહારાજને ને મોટા સાધુને તો પૂર્વાપર સૂઝે પણ તે જીવને મનાય નહિ. ને વચન માનવાં ને ન માનવામાં તેમાં પણ વિવેક રાખવો. તેમાં નારાયણદાસની વાત કરી જે, ત્યાગ રાખતો તેમાં ખાધાનું કહ્યું ત્યારે ખાવા માંડચું તેમાં વિચાર નહિ ને પછી તેમાં સંકોચ કરવાનું કહ્યું ત્યારે અન્ન મૂકી દીધું. વળી જોડા પે'રતો (પહેરતો) નહિ તે પે'રવાનું કહ્યું ને જોડા પે'ર્યા ત્યારે પગમાં <u>કઠીને</u> લોહી નીસર્યું પણ કાઢે નહિ, એ માટે એમ ન કરવું ને વિવેક રાખવો.

(જુઓ પ્રકરણ ૧૦ ની વાત ૨૦)

(૬૪) "મોટા સંતનો નિરંતર પ્રસંગ રાખવો તેમાંથી કો'ક સમે કેવી વાત થઈ જાય. મનને મારવું પણ તેનું કહ્યું ન કરવું, જેમ <u>બકરાને મોઢામાં જવ ભરીને</u> માર્યે છે તેમ કરવું." એમ મહારાજ કે'તા. ને ભગવાન ને મોટા સાધુ આગળ નમી દેવું ને પોતાની સમજણ મૂકી દેવી ને એ તો બહુ દયાળુ છે તે બહુ રક્ષા કર્યે.

(૬૫) ત્રણ્ય પ્રકારના મનુષ્ય સત્સંગમાં છે. તેની વિક્તિ જે, જ્ઞાન શીખે છે ને સેવા કર્યે છે તે વધતા જાય છે ને દેહાભિમાન વધારે છે તે ઘટતા જાય છે ને કેટલાક તો બરાબર રહે છે ને વધતા ઘટતા નથી. એ ત્રણ્ય પ્રકારના છે, તેને મોટા સાધુ દેખે છે અને દેહમાં બળ વધે તે ભગવાન તથા સંતને ગમે નહિ ને મુમુક્ષુને પણ તે જોઈને દાઝ થાય.

(૬૬) આ જીવને જેટલું અંતરે સુખ રહે છે કે અન્ન-વસ્ત્ર મળે છે તે સર્વે મોટા સંતની દૃષ્ટિ વડચે (વડે) છે, પણ જીવ પોતામાં માલ માનીને આચાર્યને તથા મોટા સાધુને <u>ઓશિયાળા</u> કર્યે છે, પણ પોતે ઓશિયાળો થાતો નથી; પણ જો મોટા સાધુની દૃષ્ટિ જરાક ફરે તો ચાંડાળ જેવું અંતઃકરણ થઈ જાય ને સુખ પણ રહે નહિ.

(૬૭) ત્રણ્ય પ્રકારનાં દુઃખ કે'વાય છે. તેમાં પણ હમણાં બે દુઃખ નથી; તે અધિભૂત જે, કોઈ મારતું નથી ને અધિદૈવ જે, કાળ પડતો નથી ને હવે અધ્યાત્મ જે, મનની પીડા તે રહ્યું છે. તે ટાળવાનો હેતુ તો જ્ઞાન છે, તે હોય તો દુઃખ ન થાય, એનો બીજો ઉપાય નથી.

(૬૮) મોટા સમૈયામાં મોટાં મોટાં કેટલાંક શહેરના સામાન આવે તેમાંથી જીવ કેટલુંક ત્યાગ કર્યે ! ને સારો હોય તે પણ ભોગવવા માંડચે ને ત્યાગ ન થાય તેનું દુઃખ પણ થાય ને જીવ માંહીથી હાર્ય (હાર) પણ પામી જાય, માટે જેટલું વિષયથી છેટું રે'શે તેટલું જ સારું રે'શે. ને ત્રણ્ય પ્રકારનો ત્યાગ તેની વિક્તિ જે, કાંઈક જણસ વેં'ચાય (વહેંચાય) તે આસને બેઠાં આપે તો લિયે ને બીજો તો ઊઠીને લેવા જાય ને ત્રીજો તો પોતાને ન આવે તો કે'શે (કહેશે) જે, 'મુને કેમ આપ્યું નહિ ?' એ ત્રણ્ય ભેદ છે. ને મળે તો તેનો પણ ત્યાગ કર્યે એ ભેદ ચોથો છે. ને મોટાનો સંગ હોય ને વિષયનો સંબંધ ન હોય તો જ આ જીવનું સારું રહે. તે મોટા શહેરની કાચી રસોઈ ને બીજી પાકી રસોઈ એ બેય બરાબર થાય.

(૬૯) 'શિક્ષાપત્રી'માં કહ્યું છે જે, 'પોતાના બ્રહ્મચર્યવ્રતનો ભંગ થાય તેવું વચન પોતાના ગુરુનું પણ ન માનવું.' તેમાં એમ સમજવું જે, સ્ત્રી, દ્રવ્ય, સ્વાદ, સ્નેહ, માન ઇત્યાદિકનો જોગ થાય અથવા ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિકને ઘસારો આવે એવું વચન માનવું નહિ ને સત્સંગની પ્રથામાં તો આજ્ઞા મુખ્ય છે. તે ઠેકાણે તો એમ સમજવું જે, બહુધા રુચિ અનુસારે જ પ્રેરે છે ને પ્રેરાય છે. તે *સનકાદિકને જોડીએ તો ન જોડાય ને *મરીચ્યાદિક્ને મૂકાવીએ તો પણ મૂકે નહિ ને જડભરતને વિઘ્ન થયું તો પણ પાછા સ્મૃતિએ ઝાલ્યા; એમ મોટાના શબ્દ પેઠા હોય તે સહાય કર્યે છે. તે કોઈ વખત આંખ્ય છેતરે, કોઈ વખત કાન છેતરે ને જીભ, ત્વચા આદિક છેતરે પણ પાછા ખબરદાર થાવું પણ હારી જાવું નહિ. ને સુખનું ઠેકાણું ને ભાગવાની બારી તો એક જ સારા સાધુનો સમાગમ છે, પણ તે વિના તો ક્યાંય સુખ, શાંતિ કે સમાસ થયાનું ઠેકાણું બીજું નથી.

(૭૦) પ્રેમાનંદસ્વામીને શ્રીજીમહારાજ રાજી થઈને કહે જે, "માગો," ત્યારે તેમણે માગ્યું જે, 'તમારી મૂર્તિ અખંડ રહે.' ત્યારે મહારાજ કહે, "એ રાજીપો જુદો છે, તે તો તેનાં સાધન કરો તો થાય, તે વિના થાય નહિ."

(૭૧) આ લોકમાં બે દુઃખ છે. તે અન્ન-વસ્ત્ર ન મળે કે ન પચે ને તે વિનાનું દુઃખ તો અજ્ઞાનનું છે.

(૭૨) સ્ત્રી જાતિમાત્રનો વિશ્વાસ ન કરવો, તે જાતિમાં મહારાજે બેને વખાણ્યાં ને તેમાં પણ દોષ કહ્યા છે; તે *સીતા, તેણે લક્ષ્મણજીને વચન માર્યાં ને *દ્રૌપદી, તેના વચને ભારત થયું. (જુઓ પ્રકરણ ૧૫ ની વાત ૧૭૦)

(૭૩) એકલી ભક્તિએ કરીને દેહ દમાય નહિ ને બળ પણ ઘટે નહિ, એ તો જ્ઞાન ને વિચાર બેય જો'એ ને દાખડો તો ખેડુ ઘણા કર્યે છે તે બળિયા થાતા જાય છે.

(૭૪) શ્રીજીમહારાજ કે'તા જે, "કાળા ભૂત જેવા ને કોટમાં ઊતરીઉં, ને રૂડા-રૂપાળા હોય ને પે'રવા લૂગડું ન મળે ! ને વળી શૂરવીરનાં શીંગડાં ને તલવારને (તલવારને) મ્યાન ન મળે ! ને ફોશીના રાજા હોય ને સો રૂપિયાનો મહિનો ! તે તો સર્વે પ્રારબ્ધ છે."

(૭૫) બાપના હૈયામાં સ્ત્રી છે તે છોકરાને પરણાવે છે ને સાધુના હૈયામાં ભગવાન છે તે જીવના હૈયામાં ઘાલે છે.

(૭૬) શ્રીજીમહારાજે 'વચનામૃત'માં પોતાના રહસ્ય, અભિપ્રાય, રુચિ, સિદ્ધાંત આદિકના ઘણા શબ્દ કહ્યા છે, તે ઉપર સૂરત રાખીને ચાલવું, એ જ કરવાનું છે.

(૭૭) વડોદરાનો ચાંદલો કો'કને આવે ત્યારે સર્વે તેનાં મોટાં ભાગ્ય માને, તેમ આપણે તો પુરુષોત્તમનારાયણનો ચાંદલો આવ્યો છે, માટે આપણે તેનો કેફ રાખવો.

(૭૮) આ જીવ વિશ્વાભિમાની, તૈજસાભિમાની ને પ્રજ્ઞાભિમાની એ ત્રણ્ય દેહમાં ત્રણ્ય ગુણમય વરતે છે, પણ તેથી પર ગુણાતીત વરતવું. ને બ્રહ્મરૂપ થાવા માંડે તેને સુખ થાતું જાય છે, જેમ તડકામાંથી બળતો આવે ને ઝાડને છાંયે બેસે ને શાંતિ થાવા માંડે ને વળી જેમ ટાઢ વાતી હોય તે અગ્નિએ તાપે ને સુખ થાય ને વળી જેમ ભૂખ્યો હોય ને તે ખાવા-પીવા માંડે તેમ ભૂખ-તરસ જાય ને સુખ થાય, તેમ બ્રહ્મરૂપ થાવામાં સુખ રહ્યું છે.

(૭૯) આ જીવને ભગવાન સન્મુખ ચાલવામાં અંતરાયરૂપ આડા ગઢ છે. તેની વિક્તિ જે, આ લોકમાં નાતીલા, કુટુંબી, મા-બાપ, સ્ત્રી, દ્રવ્ય, ઇન્દ્રિયું ને અંતઃકરણ એ ગઢ છે.

(૮૦) બે પ્રકારના માણસ મંદિરમાં ને મંડળમાં છે. તેમાં એક તો પોતે

જ રહ્યો હોય ને એકને તો રાખવો પડચે એવો હોય; તે બેમાં પોતાનું તપાસવું.

(૮૧) આપણે આ લોક ને આ લોકના પદાર્થને કરોડચ ગાઉનું છેટું છે, પણ આ સર્વ કારખાનાં કરીએ છીએ ને પદાર્થ રાખીએ છીએ તે તો શું કરીએ જે, સ્થાન વિના આટલાં માણસને ક્યાં રે'વું ? ને મંદિરમાં ચાર-પાંચ મોટેરા હોય તેમાં કોઈને રજ હોય ને કોઈને તમ હોય, તે સૌને પોતાની પ્રકૃતિ પ્રમાણે સૂઝે, બાકી તેમાં મોક્ષભાગી પણ હોય તેને મળવું. ને જેને સત્ત્વગુણ પ્રધાન હોય તેને સારું સૂઝે. ને મન, કર્મ, વચને મોટાની અનુવૃત્તિમાં રહીએ તો એમની દૃષ્ટિ પડી જાય ને સર્વ દોષ ટળી જાય ને માણસ રાજાને, સિપાઈને ને જમાદારને, એવા અવળાને પણ રાજી કર્યે છે, તો આ સાધુ તો તુરત રાજી થઈ જાય એવા છે.

(૮૨) ભગવાન તથા મોટા સાધુને જીવ આપી દીધો હોય એવો થયો હોય તેણે પણ જ્ઞાન શીખવું ને તે શીખ્યા વિના તો ન આવડે. ને મહારાજનો એ જ મત જે જ્ઞાની થાવું, બાકી બીજું તો થાય છે ને થાશે, પણ એ કરવાનું અવશ્ય છે. ને કોઈ રીત્યે, કોઈ પદાર્થે આ જીવનું પૂરું થાય નહિ ને જ્ઞાન થાય તો કાંઈ અધૂરું જ ન રહે. (વચ.ગ.પ્ર.૧૮)

(૮૩) 'આ જીવે કરોડચ કલ્પ થયાં મનગમતું જ કર્યું છે, તે એટલા કલ્પ એમ પણ કે'વાય તો નહિ; પણ હવે તો આ દેહે કરીને ભગવાનનું ગમતું કરી લેવું ને આજ્ઞામાં યુક્તિ ન કરવી ને આવે એટલું ભોગવવું નહિ ને ત્યાગ કરતા રે'જો (રહેજો).' એમ સર્વેને કહ્યું.

(૮૪) શ્રીજીમહારાજે ધૂધૂબાજ મારગ ચલાવ્યો છે, તે શું ? જે, 'મંદિર, મેડીઉં ઘોડાં, ગાડાં આદિક અનેક વાતુ પ્રવર્તાવી છે, પણ પોતાનો સિદ્ધાંત જે કરવાનું છે તે મૂકી દીધું નથી. તે સિદ્ધાંત એ જે, નિર્વાસનિક થાવું ને ભગવાનમાં જોડાવું; પછી ગમે તેમ કરો, ગૃહસ્થાશ્રમમાં રહો કે ત્યાગી થાઓ, પણ અંતે કરવાનું એ છે.'

(૮૫) ભક્તિ જે મંદિરની ક્રિયા, તેનું પ્રધાનપણું અંતરમાં રહે છે ને તેના સંકલ્પ જેમ થાય છે, તેમ ભગવાનનું પ્રધાનપણું ને તેના સંકલ્પ નથી થાતા, ને જ્ઞાનના, ઉપાસનાના ને ભગવાનમાં હેત કરવાના નથી થાતા; પણ તે કરવા.

(૮૬) મોઢામાં ખાવામાં હેઠલ્યા દાંત સાંબેલા ને ઉપલ્યા દાંત ખાંડણિયા છે, પણ તેનો તપાસ કર્યા વિના ગમ પડતી નથી. તેમજ દેહ તથા આત્મા જુદા છે પણ વિચાર્યા વિના ગમ પડતી નથી અને તપાસી જુએ તો જણાય

છે જે, સો વરસ મોર્ય (પહેલાં) નાત્યમાં કોઈ નહોતું ને વળી સો વરસ કેડ્યે (પછી) કોઈ નહિ રહે.

(૮૭) આ *સત્સંગમાં ને મંદિરમાં અનેક પ્રકારના મનુષ્ય છે. તેમાં કેટલાક તો માંહી રહ્યાથકા શત્રુ છે, ને કેટલાક પિતરાઈ ને દાડિયા જેવા છે ને સાથી જેવા છે, મે'માન (મહેમાન) જેવા છે, સગાં જેવા છે, દીકરા જેવા છે ને કેટલાક ધણી જેવા છે; એટલા ભેદ છે.

(૮૮) સૌ કોઈ કો'ક આધારવડે સુખી રહે છે, પણ ભગવાન ને આત્મા એ બે વતે સુખી થાવું, બાકી અનેક પ્રકારના આધાર મૂકી દેવા.

(૮૯) ભગવાનને તો આ લોક કાંઈ ગણતીમાં જ નથી, એ તો સર્વે ધૂડ્યનું જ છે. તેમાં કો'ક પદાર્થ આવ્યું કે ગયું, કે કો'ક વાત સુધરી કે બગડી, કે કો'ક કામ થયું કે ન થયું, એની કાંઈ પણ ગણતી નથી. એ તો આપણને માલ મનાય છે પણ જે ડાહ્યો હોય તેને ધૂડ્યમાં માલ મનાતો નથી; તેમ ભગવાનની દૃષ્ટિએ તો આ લોક-ભોગ સર્વે ધૂડ્ય જ છે ને મોટા સંતની પણ એવી જ સમજણ છે.

(૯૦) આગ્રામાં અઢાર કરોડ્ય રૂપિયાનું કબરસ્તાન છે ને મુંબઈમાં મચ્છીમારના ઘરમાં કરોડ્ય રૂપિયા છે, માટે ઝાઝું દ્રવ્ય થાય એ વાત કાંઈ મોટાની ગણતીમાં નથી ને એમાં માલ ન માનવો.

(૯૧) જો રુચિ સારી બંધાણી હોય ને વિષયમાં તણાતો હોય પણ તેમાં રુચિનું બળવાનપણું હોય તો કસર ટળાવે. ને વાસના બળવાન હોય તો વિષય આપે ને અંતે તો મુકાવે અને મોટા આગળ જે ધર્મમાં શિથિલ હોય તે સર્વે દબાય કે નહિ ? તેનો ઉત્તર કર્યો જે, 'દૈવી હોય તે દબાય ને આસુરી હોય તે ન દબાય.'

(૯૨) એકાંતિક સાધુ વિના બીજા કોઈને જીવનું સાચું હેત કરતાં આવડે નહિ ને બીજા તો હેત કર્યે તે ઇન્દ્રિયુંનું પોષણ કર્યે, તેમાં તો મૂળગું અવળું થાય.

(૯૩) લાખનો ત્યાગ કરીને એકને રાખવા. ને મહારાજ પણ એમ કે'તા જે, "પાંડવોએ સર્વેનો ત્યાગ કરીને એક શ્રીકૃષ્ણને રાખ્યા." એમ છે તે જાણવું.

(૯૪) "મૂરખનો સંગ ન કરવો; કેમ જે, *મૂરખ ચાકર હતો તેણે રાજાને બાટી આપી." એમ મહારાજ કે'તા.

(૯૫) કલ્યાણનો ખપ કેવો રાખ્યો જો'એ ? જે, ઓગણ્યોતેરા કાળમાં

*ભીમનાથમાં રાંકાં માગવા આવતાં ને કરગરતાં ને તેને ધક્કા માર્યે પણ જાય નહિ, એવો ખપ રાખવો.

(૯૬) ચાર *ઘાંટીઉં (ઘાટી) છે તેને ઓળંગવી એ કરવાનું છે. તેમાં એક તો ભગવાનની ઉપાસના સમજવી, બીજું સાધુ ઓળખવા, ત્રીજું દેહ-આત્મા જુદા સમજવા ને ચોથું ઉત્તમ ભોગમાંથી રાગ ટાળવો; તે કરવું. તેમાં સર્વેનું કારણ સાધુ છે.

(૯૭) શ્રીજીમહારાજને ગમતી રુચિ કર્યા વિના જો ભગવાનનું સુખ મળશે તો પણ ભોગવાશે નહિ, જેમ માંદાને સારું મળે તો પણ ભોગવાય નહિ; તેમ પુરુષોત્તમનું જ્ઞાન થયું છે ને તેને વાસનાએ કરીને વિષય મળશે, તો તેમાંથી બહુ દુઃખ થાશે; પણ તેનું સુખ નહિ આવે ને આવરદા લાંબી તે મરાય નહિ.

(૯૮) આ લોકનો આ જીવને ફેર ચડી ગયો છે. તે વાત સાંભળે ત્યારે જેમ પાણી ઉપર શેવાળમાં લાકડી માર્યે, તે નોખું થઈને પાછું ભેળું થઈ જાય છે, તેમ આ લોકમાં પાછું ભળી જવાય છે; એવો આ જીવનો ઢાળો છે.

(૯૯) આજ્ઞા પળે એટલી વાસના બળે. તે આજ્ઞા કઈ જે, 'શિક્ષાપત્રી', 'નિષ્કામશુદ્ધિ' ને 'ધર્મામૃત' તે પાળીને વાસના ટાળવી. ને મનના ઘાટ બંધ કરવા એ તો કઠણ છે, પણ સ્થૂળ દેહે વરતવું ને આજ્ઞા પાળવી એ તો થાય એવું છે ને તેમાં ફેર પાડચે એટલો કુસંગ છે.

(૧૦૦) કો'ક મર્યે ત્યારે કાંઈક થડકો થાય ને પછી આ લોકમાં પદાર્થ, મનુષ્ય, રૂપિયા એ આદિકને દેખે તે પાછું ભૂલી જાય. ને જે જ્ઞાની હોય તેને તો નિરંતર એમ વરતે, જે આજ્ઞા પાળવી પણ લોપવી નહિ. તે આજ્ઞા મુખ્યપણે તો 'શિક્ષાપત્રી', 'નિષ્કામશુદ્ધિ' ને 'ધર્મામૃત' એ ત્રણ્યે ગ્રંથ પ્રમાણે વરતવું. ને મોટાનો સમાગમ કરવો ને સેવા કરવાનું કહે છે, તે સર્વમાં મુખ્ય સેવા તે શું ? જે, મોટા એકાંતિકની અનુવૃત્તિ મન, કર્મ, વચને રાખવી; એવી બીજી કોઈ સેવા નથી.

(૧૦૧) જ્યાંથી અચાનક ઉચાળા ભરવા છે તેને અર્થે ઉદ્યમ કર્યે છે ને જ્યાંથી કોટિ કલ્પે પણ ઉચાળા ન ભરવા તેને અર્થે ઉદ્યમ નહિ ! એ જ અજ્ઞાન છે.

(૧૦૨) વે'વાર મારગ તો કાંઈ કઠણ જ નથી, એ તો સૌને આવડે; પણ જ્ઞાન મારગ સમજવો ને એ મારગે ચાલવું એ જ કઠણ છે ને કરવાનું પણ એ જ છે.

(૧૦૩) કપાળમાં ચાંદલો કરીને દર્પણમાં જુએ, ત્યારે સામો દેખાય;

તેમ જેટલું આજ સમજાય તેટલું દેહ મૂક્યા પછી કામમાં આવશે.

(૧૦૪) ઉત્તમ તો શાસ્ત્રમાંથી સમજી લિયે ને મધ્યમ તો સાધુથકી વાતે કરીને સમજે ને કનિષ્ઠ તો કાળે કરીને સમજે અને મુક્ત, મુમુક્ષુ ને વિષયી એ ત્રણેયેની ક્રિયા વિશે ભેદ છે. ને પોતાને કો'ક ક્રિયા કરવામાં મૂંઝવણ થાય તો કે'વું જે, 'મુને કાંઈ બીજું બતાવો.' પણ મૂંઝાવું નહિ.

(૧૦૫) આ જીવને મૂઆ સુધી પણ આ લોકના મનસૂબા છે પણ તે મૂકવા ને પરલોકના કરવા. ને આત્મા ને પરમાત્મા એ બે વાત મુખ્ય રાખવી, એમ મહારાજનો મત છે, પણ એ વાતની પુષ્ટિના શબ્દ બહુ થોડા આવે ને ત્યાગના, ભક્તિના ને ધર્મના એ આદિકના હજાર શબ્દ આવે, તેથી પણ એ મારગે ચલાતું નથી; પણ સિદ્ધાંત તો એ જ કરવાનું મહારાજ કહે છે. (વચ.ગ.અં.૩૯)

(૧૦૬) ચોખ્ખું જ્ઞાન થાવાનું કહ્યું જે, 'બે, ચાર, પાંચ જણ એક રુચિવાળા તે બે, ચાર, પાંચ વરસ સુધી એકાંત સ્થળમાં નિરંતર ગોષ્ઠિ કર્યે તો આત્મા-પરમાત્માનું જ્ઞાન થાય.'

(૧૦૭) કુરૂપવાન સ્ત્રીમાં મન તણાય નહિ ને સ્વરૂપવાન સ્ત્રીમાં મન તણાય છે, એવો જીવનો સ્વભાવ છે. ને માલ તો એ બેયમાં એક જ છે, પણ તેમાં સ્વરૂપવાન સ્ત્રી જેવી બંધનકારી છે તેવી કુરૂપવાન સ્ત્રી બંધનકારી નથી. તેમજ સારું ઘોડું તેમાં દુ:ખ છે એવું ઊતરતામાં નથી; કેમ જે, પડીએ તો થોડું વાગે ને બાજરો-ખડ પણ થોડાં જો'એ ને તેનું ઝાઝું રક્ષણ કરવું ન પડચે. તેમ જ સારું ખાવામાં, સારાં લૂગડાંમાં એ આદિક અનેક વિષય છે, તે સર્વેમાં જેવું સારામાં બંધન છે એવું ઊતરતામાં નથી; પણ જીવને જ્યાં સુધી રાગ છે ને જ્ઞાનની કસર હોય ત્યાં સુધી આ વાત સમજાય નહિ. ને પદાર્થનો વિચાર આદિ-અંત્યનો કરવો, પણ મધ્યમાં ન જોવું. મધ્યમાં તો મોહ રહ્યો છે એ અજ્ઞાન છે.

(૧૦૮) ઉપાસના ચોખ્ખી સમજવી ને મહારાજનું સર્વ-કારણપણું સમજવું. ને પૂર્વના અવતાર કરતાં આજ તો સાધુ-સત્સંગીમાં ઘણું સામર્થ્ય છે. ને પુરુષોત્તમના ભક્તમાં ને બીજા અવતારના ભક્તમાં કેમ ભેદ છે ? તો જેમ હાથણી વિયાય ત્યારે તેને ભેંશ જેવડું બચ્ચું આવે ને જૂ વિયાય ત્યારે તેને લીખ આવે, એમ ભેદ છે. ને વળી જેમ વડનું ઝાડ ને તુવેરનું ઝાડ એમ ભેદ છે. વળી મહારાજ કે'તા જે, "શ્રીકૃષ્ણે તો અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણ એવાં નામ પાડચાં ને અમે તો નિત્યાનંદ, નિર્ગુણાનંદ ને અક્ષરાનંદ એવાં નામ પાડચા." વળી જેમ દિલ્હીના

બાદશાહનું નામ શેરખાં ને બીજા કો'કનું નામ શેરખાં, એમ અવતારમાં ભેદ છે.

(૧૦૯) જેમ જેમ વાત સાંભળે તેમ તેમ અંતઃકરણ શુદ્ધ થાય છે ને જેમ જેમ અંતઃકરણ શુદ્ધ થાય તેમ તેમ વાત સમજાય ને સુખ પણ થાય.

(૧૧૦) શ્રીજીમહારાજે ગામ તેરેથી કાગળ લખાવ્યો જે, "વરસ દહાડામાં એક મહિનો સર્વે સાધુ-સત્સંગીને મુક્તાનંદસ્વામીની વાતુ સાંભળવી ને બાઈઉં (બહેનો) સૌને મોટી ડોશીઉં (ડોશીઓ)ની વાતુ સાંભળવી ને જે એમ નહિ કર્યે તેને વિઘ્ન થાશે." ને સંસારનું બંધન તો શું ? પણ તે કરતાં અનંતગણું બંધન કાપીને *સર્વનિવાસાનંદસ્વામીએ મોટાનો સમાગમ કર્યો.

(જુઓ પ્રકરણ ૧૧ ની વાત ૧૪૯)

(૧૧૧) સર્વ કરતાં સંત મોટા તેનો મહિમા કહ્યો. તેની વિક્તિ જે, સર્વ કરતાં પૃથ્વી મોટી ને તેથી જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહત્તત્વ, પ્રધાનપુરુષ, મૂળપ્રકૃતિપુરુષ ને અક્ષર સુધી એક બીજાથી મોટા છે. ને તે સર્વથી પર અક્ષરધામ છે અને તે સર્વેના આધાર ભગવાન છે. એવા મોટા ભગવાન તેને જે સંત પોતાના હૃદયમાં અખંડ ધારી રહ્યા છે, માટે તે સંત મોટા છે.

(૧૧૨) મુમુક્ષુ છે તે નેત્રને ઠેકાણે છે ને સમાગમ છે તે સૂર્યને ઠેકાણે છે; તે સૂર્ય હોય તો નેત્રે દેખાય ને ગમે એવા સંસ્કાર હોય તો પણ સમાગમ વિના ટળી જાય ને સમાગમ હોય તો સંસ્કાર ન હોય તો પણ થાય. માટે <u>ક્રિયમાણ</u> બળવાન છે.


(૧૧૩) સંસારમાં ચોંટ્યા વિના તો રે'વાય જ નહીં, પણ જો સારા સાધુનો નિરંતર સમાગમ રાખે તો ઉખડાય, નીકર ચોંટી જવાય.

(૧૧૪) વિષયનો સંબંધ થયા મોર્ય (પહેલાં) તો બકરાંની પેઠ્યે બીવું ને સંબંધ થઈ જાય તો ત્યાં સિંહ થાવું.

(૧૧૫) જીવનો સ્વભાવ બદ્ધ છે તે ત્યાગીમાં બંધાય ને ગૃહસ્થમાં પણ બંધાય ને પદાર્થમાં બંધાય ને દેશમાં ને ગામમાં બંધાય ને આસનમાં બંધાય ને જ્યાં એક ઠેકાણે રહે ત્યાં પણ બંધાય ને નાત્ય-જાત્યમાં બંધાય, એવાં અનંત ઠેકાણાં બંધાવાનાં છે. તે સારુ તો <u>ટોપીવાળો</u> કોઈને એક ઠેકાણે રે'વા દેતો નથી.

(૧૧૬) વિષયને મારગે આંધળા થાવું, બહેરા થાવું, લૂલા થાવું, એમ થાવું પણ આસક્ત ન થાવું.

(૧૧૭) આ બ્રહ્માંડના સર્વ જીવને ખવરાવવું તે કરતાં એક ભગવદીને



''હમ તો યહાઁ નહિ રહેંગે લેકિન હમ જૈસા હી ફકીર (સદ્. ગુણાતીતાનંદસ્વામી) યહાઁ રખેંગે.'' શ્રીજીમહારાજે જૂનાગઢના નવાબને આપેલો કૉલ.

ઉપાય નથી; માટે પ્રતિલોમનો અભ્યાસ નિરંતર રાખવો એ સિદ્ધાંત વાત છે. તે 'વચનામૃત'માં મહારાજે બહુ ઠેકાણે કહ્યું છે ને મોટા સંતનો એ આગ્રહ મુખ્ય છે, ને પ્રતિલોમ વિના યથાર્થ જ્ઞાન થાતું નથી. (વ.ગ.અં.૩૧)

(૧૨૪) બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે દસ-દસ મૂર્તિયું છે, તેમાં છ સગુણ ને ચાર નિર્ગુણ; તે એવાં અનંત કોટિ બ્રહ્માંડ છે. ને તે સર્વ બ્રહ્માંડમાં અનંત કોટાનકોટિ ભગવાનની મૂર્તિયું છે. એ સર્વના કારણ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે, એમ સમજવું.

(૧૨૫) જ્યાં સુધી દાઢી-મૂછ ન ઊગી હોય ત્યાં સુધી તેમાં સ્ત્રીનો ભાવ કે'વાય તે સારુ એવા સામું દૃષ્ટિ માંડીને જોવું નહિ ને એવા સામું જોયા કર્યે તો સ્ત્રી સામું પણ જોવાય, માટે એવામાં હેત ન કરવું.

(૧૨૬) ત્રણ્ય વાત સર્વ કરતાં મુખ્ય રાખવી, બાકી બીજા ગુણ જે, ત્યાગ-વૈરાગ્યાદિક તે તો કોઈને થોડા હોય ને કોઈને વધુ હોય; તેની વિક્તિ જે, એક તો ઉપાસના, બીજી આજ્ઞા ને ત્રીજું ભગવદી સાથે સુહૃદપણું, એ ત્રણ્ય અવશ્ય રાખવાં. તે ત્રણ્ય જેમાં હોય તે મોટાને ગમે.

(૧૨૭) પૂર્વે એક સદ્‌ગુરુ પાસે એક મુમુક્ષુ દ્રવ્ય લઈને ગયો ને પૂછ્યું જે, 'આ દ્રવ્યનું કેમ કરવું છે ?' ત્યારે એ ગુરુ કહે જે, 'જો દ્રવ્ય તું રાખે કે હું રાખું કે કોઈને આપીએ તો તે સર્વેનું ભૂંડુ કર્યે એવું એ છે.' એમ કહીને ગંગામાં નખાવ્યું.

(૧૨૮) મોટાપાસે નિષ્કપટ થાવામાં બહુ લાભ છે. તે એક જણને રૂપ દેખાઈ ગયું તેનો આકાર બંધાઈ ગયો. પછી તેણે મોટા સંત પાસે કહ્યું, ત્યારે તે સંતે મહારાજની સ્તુતિ કરીને ટાળી નાખ્યું.

(૧૨૯) સ્મૃતિસહિત અને સ્મૃતિરહિતમાં કેમ ભેદ છે ? તો જેમ ભર્યું માણસ ને ઠાલું માણસ, ભર્યું ગાડું ને ઠાલું ગાડું, તેમ તેનું ચાલવું, બોલવું, જોવું, સાંભળવું, ખાવું ઇત્યાદિક ક્રિયામાં ભેદ છે.

(૧૩૦) મોટાનો મહિમા જીવને સમજવો કઠણ છે; કેમ જે, બ્રહ્માંડની પણ ગણતી નહિ ને વળી આ લોકના તુચ્છ પદાર્થની પણ સંભાવના રાખે, તેને એ વાત કેમ સમજાય ?

(૧૩૧) મોટા એકાંતિક ક્રિયા કરાવે ને બીજા કરાવે તેમાં ભેદ છે; કેમ જે, મોટા ક્રિયા કરાવે તેમાં બંધાવા દિયે નહિ ને તેનો ફેર ચડાવી દિયે નહિ ને તેનો નિષેધ કર્યા કર્યે. ને બીજે તો કરાવે એટલું તેના હૈયામાં ભેગું થઈને ખડકાય, તે

નવરા રહે તો પણ તેના મનસૂબા કર્યા કર્યે ને અંતરમાં ગોટા વળાવે. તે કરનાર કર્યે એટલા દિ' તો તેના ઉપર સર્વ હેત બહુ કર્યે પણ તેથી જ્ઞાન વિના જો કાંઈક આડુંઅવળું થઈ જાય તો તેને માથે સંસ્કાર કરાવે. ને મોટા ક્રિયા કરાવે તે તો જેમ બકરાને ખવરાવીને સાવજ આગળ રાખે તેમાં તોલ વધે નહિ, એમ કરાવે. એવી રીત્યે (રીતે) ભેદ છે, પણ એ વાત સમજાય નહિ.

(૧૩૨) શ્રીજીમહારાજ બેઠા વાત કરતા હોય ને કેટલાક સૂઈ રે'તા. તેના પશ્ચાત્તાપ સારુ તો જે જાગતા હોય તેને મહારાજ કેટલીક વાર મળતા, એમ શ્રદ્ધાવાળાને સુખ આપતા.

(૧૩૩) સેવા તો પોતાની શ્રદ્ધા પ્રમાણે થાય તે કરવી, પણ અસેવા તો ન જ કરવી. તે અસેવા તે શું ? જે, અવગુણ લેવો.

(૧૩૪) આ જીવને માખીમાંથી સૂરજ કરવો છે, તે દાખડા વિના થાય નહિ; તે તો ગુરુ ને શિષ્ય એ બેયને શ્રદ્ધા જો'એ.

(૧૩૫) જીવ-પ્રાણીમાત્રના મનને રે'વાનું (રહેવાનું) ઠેકાણું મહારાજે કહ્યું જે, "પુરુષનું મન સ્ત્રીના અંગમાં છે ને સ્ત્રીનું મન પુરુષના અંગમાં છે."

(૧૩૬) દેહ પોતે નથી તે સાક્ષાત્ દેખાય છે ને દેહ મનાઈ ગયું છે એ અજ્ઞાન છે.

(૧૩૭) શ્રીજીમહારાજની મરજીથી વિરુદ્ધ જે અવળાઈ કર્યે તેને આખા બ્રહ્માંડની ઉપાધિમાં જોડે ને વધારે વાંકો ચાલે તો તેને અનંત બ્રહ્માંડની ઉપાધિમાં જોડશે, પછી તેમાં હેરાન થાશે ને ત્યાં તો આજ્ઞા કર્યે તો કોઈનો ભાર નહિ જે ના પાડી શકે. તે જેમ રાજાનો હુકમ વસ્તીથી ફેરવાય નહિ તેમ છે ને આંહીં તો મનુષ્યભાવ રહે, તેથી મનાય નહિ.

(૧૩૮) ભગવાનમાં મન રાખે એવા થોડા, બાકી તો આખા મંદિરનો વે'વાર ચલાવે એવા પણ ખરા ને કદાપિ ભગવાનમાં મન ન રહે, તો પણ નિરંતર કથાવાર્તા કરવી ને તે કથાવાર્તામાં મન રાખવું. તે પણ નિરંતર એવો સંગ જો'એ, નીકર તો એવું ન થાય, તે સારુ ક્રિયા પ્રવર્તાવી છે; તે જે કર્યે તેમાં ભગવાનનો સંબંધ, એ પણ મારગ છે. બાકી સિદ્ધાંત તો ભગવાનમાં મન રાખવું એ કરવાનું છે, તે તો મરણિયો થાય ત્યારે એ વાત થાય છે.

(૧૩૯) સોમલખારનું દૃષ્ટાંત જે, ગમે એવો હેતુ હોય ને કોઈ કે'શે જે, તે બે પૈસાભાર ખાઓ, તો પણ તે મનાય નહિ, તેમ વિષયનું રૂપ જેવું છે એવું

જણાય, તો ભોગવાય નહિ.

(૧૪૦) જ્યારે ભગવાન રાજી થાય ત્યારે તેને બુદ્ધિયોગ આપે છે, કાં મોટા સાધુનો સંગ આપે છે. ને જ્યાં સુધી જે પુરુષને વિશે રજ-તમ રહ્યો છે ને એમાં ધર્માદિક ગુણ જણાય છે, તો પણ તેની એક સ્થિતિ રે'તી (રહેતી) નથી, એમ પંચમ સ્કંધમાં કહ્યું છે.

(૧૪૧) દ્રવ્યનું પ્રધાનપણું ન થાય એવાં તો માણસ થોડાં જ નીકળે ને જેને શ્રીજીમહારાજ સામી નજર હોય તેને પ્રધાન ન થાય. તે કહ્યું છે જે,

એવી કોણ વસ્તુ છે આ ભૂમાં, જેમાં લોભે જે લોભ્યા પ્રભુમાં.

(ભક્તચિંતામણિ : પ્ર.-૧૦૮)

એવાને દ્રવ્ય પ્રધાન ન થાય, બાકી તો સર્વેને થાય.

(૧૪૨) *પરમચૈતન્યાનંદસ્વામી કેવા મોટા ? તેને પણ બાળમુકુંદાનંદસ્વામી મળ્યા ત્યારે જ સર્વે ખોટ્ય દેખાણી ને પછી મૂકી. તે એવાને પણ રહી જાય તો બીજાને રહે એમાં શું ? માટે મોટાપુરુષનો મન, કર્મ, વચને સમાગમ થયા વિના ખોટ્ય દેખાય નહિ ને ટળે પણ નહિ, એ સિદ્ધાંત વાર્તા છે. ને પરમચૈતન્યાનંદસ્વામીની પેઠ્યે *અક્ષરાનંદસ્વામી તથા *સર્વનિવાસાનંદસ્વામીની પણ વાત છે. (જુઓ પ્રકરણ ૬ ની વાત ૧૬૫)

(૧૪૩) દેહ પડી ગયો એટલે શું થયું ? પણ જીવ ક્યાં મર્યો છે ? એ તો સાધુ થાવું ને સાધુતા શીખવી ને સ્વભાવ મૂકવા, એ કરવાનું છે; પણ મરી ગયા એટલે થઈ રહ્યું ને કરવું બાકી ન રહ્યું, એમ ન સમજવું.

(૧૪૪) આપણામાં ક્રિયાએ કરીને કે પદાર્થે કરીને કે હવેલીઉંએ (હવેલીએ) કરીને મોટ્યપ ન સમજવી ને આપણામાં તો ધર્માદિકે કરીને મોટ્યપ છે.

(૧૪૫) કદાપિ માળા ફેરવતાં આવડી તેણે કરીને શું થયું ? પણ જ્ઞાન જેવો તો કોઈ માલ જ નથી ને જ્ઞાન વિના તો સર્વે કાચું છે.

(૧૪૬) આપણા પૂર્વના દેહનાં હાડકાં આપણી આગળ પડ્યાં હોય, પણ તેની આપણને ખબર ન પડ્યે.

(૧૪૭) દ્રવ્ય ને આ દેહ એ બે ઉપર સર્વે વે'વાર છે, એ બેને ખોટું ખોટું કહીએ છીએ, તે ખોટું કેમ થાય ? એમ કહીને વળી કહે જે, 'છે તો એમ જ જે, દ્રવ્ય ને આ દેહ એ બેય ખોટાં છે ને વારંવાર એવા શબ્દને સાંભળવા તેણે

કરીને અરધું તો ખોટું થઈ જાય. પછી તેને ધક્કો ન લાગે ને ખોટું કહીએ છીએ ને વળી વચ્ચમાં આ કામ આવે તે કરતા જા'એ (જઈએ) છીએ, તે પણ ખોટું જ છે.'

(૧૪૮) "જળ, અગ્નિ ને વાયુ એ સર્વેને હાથ-પગ છે, પણ તે આપણને દેખાતા નથી. તે જળ તાણે છે ને અગ્નિ બાળે છે ને વાયુ ઠેલે છે." એમ મહારાજે કહ્યું છે.

(૧૪૯) માન-અપમાનમાં પોતાને અક્ષર માનવું જે, આપણાથી કોઈ મોટો નથી, માટે કેની પાસે માન-અપમાન માનવું ?

(૧૫૦) ગાય છે તે વાંછરાની (વાછરડાંની) મા કે'વાય, પણ વાંછરાને દૂધનું સુખ તો એક જ ઠેકાણે આંચળમાં આવે, પણ બીજા અંગમાં ન આવે. તેમ ભક્તિ તો સર્વે કે'વાય, પણ ખરું સુખ તો ભગવાનની મૂર્તિમાંથી આવે એવું બીજેથી ન આવે.

(૧૫૧) ગાડે ન બેસવું તેનો પ્રબંધ કરીને મહારાજે સંતને પગે લગાડયા હતા.

(૧૫૨) જીવ કર્મવશ થઈને દુ:ખનું સહન કર્યે, એમ પોતાના કલ્યાણને અર્થે ન કર્યે; તે જો વીંછીં કરડયો હોય તો આખી રાત્ય જાગે. એ અનુસારે ઘણી વાતુ છે.

(૧૫૩) ગમે એવું ઉત્તમ સ્થાન હોય તેમાં જાઈને રહે તો પણ જીવ વૃદ્ધિ પામે નહિ, એ તો સારા સંતને સંગે જ સમાસ થાય, પણ તે વિના ન થાય.

(૧૫૪) લોક, શાસ્ત્ર ને અનુભવ એ ત્રણ્યેમાં મળતું ને ન મળતું તેની વાત મહારાજે કહી જે, "પરણીને સ્ત્રી રાખે તે ત્રણ્યેમાં મળતું ને વ્યભિચાર કર્યે તે લોકમાં ન મળે, હૈયામાં ન મળે ને શાસ્ત્રમાં ન મળે ને હૈયામાં સુખ ન રહે; તેમ જ નાત્યમાં જમે તે ત્રણ્યેમાં મળતું ને વટલે તે ત્રણ્યમાં ન મળતું; એમ તપાસ કરવો તે વેદ પ્રમાણે વાત છે."

(૧૫૫) શ્રીજીમહારાજે કહ્યું હતું જે, "આપત્કાળ આવે તો લીલા <u>ખડ</u>ને દંડવત્ કરજો, તેમાં રહીને પણ હું સહાય કરીશ."

(૧૫૬) *શ્રીજીમહારાજે અનેક પ્રકરણ ફેરવીને સાધુને વરતાવ્યા ને અનેક પ્રકરણ ફેરવીને પ્રવર્તાવ્યાં, તેનો વિચાર કરવો; ને તેમાંથી મુમુક્ષુને કેટલુંક ગ્રહણ કરવાનું છે. તે ધ્યાન કરવાના પ્રકરણમાં, ધૂન્ય કરવામાં ને કીર્તનમાં થાકવું

નહિ; ને મનને ગમતું ન કરવું ને ન ખાવું એ બહુ આકરું કે'વાય. ને ક્રોધનું ખંડન જે દંડવત્ કરવા, ને ગાડે ન બેસવું એ આદિક *પંચવિષયનું ખંડન અનેક પ્રકારે ને ધર્માદિક ગુણનું પ્રતિપાદન, એ સર્વેનો તપાસ કરવો ને ઉત્થાન ઓળખવાનું પ્રકરણ; એ સર્વે પ્રકરણનો વિચાર કરીને વરતવું.

(૧૫૭) સત્સંગમાંથી પડાય નહિ તે વાત શ્રીજીમહારાજે કહી હતી જે, "સર્વે સાધુ, સત્સંગીસાથે જીવ બાંધે તો ન પડચે, એમ કહીને પછી તો ઓછા ઓછા કે'તાં છેલ્લી વારે કહે; બે સારા સાધુ તથા ચાર સારા સત્સંગી સાથે જીવ બાંધ્યો હોય તો ન પડચે ને તે વિના તો દેશકાળે પડચે ખરો."

(૧૫૮) પાંચ વાતે સાનુકૂળ હોય ત્યારે પ્રભુ ભજાય. તે સંગ, શાસ્ત્ર, શ્રદ્ધા, રૂડો દેશ ને રૂડો કાળ.

(૧૫૯) આપણને તો બહુ મોટો લાભ થયો છે ને બહુ મોટી પ્રાપ્તિ થઈ છે. પણ આપણને સમજાતું નથી; તે જેમ પૃથ્વીનો રાજા હોય તેનો છોકરો અલ્પ પદાર્થ સારુ રોવે તેમ જ આપણને મહારાજનો ને મોટા સંતનો સંબંધ થયો છે, પણ આ લોકનાં અલ્પ પદાર્થ ન મળે કે નાશ પામે તેનો શોક થાય કે તે સારુ દિલગીર થાવાય, તેને આ વાત સમજાતી નથી.

(૧૬૦) એક તો આખા દિ'માં આખો કોટ ચણીને ઊભો કર્યે ને એક તો તે કોટમાં એક કાંકરી નાખે તે પડી જાય, એ બેમાં અંતે ચણનારો થાકશે. તેનું સિદ્ધાંત જે, આખો દિ' વે'વાર કર્યે ને એક ઘડી સત્પુરુષની વાતુ સાંભળે તો તેથી સર્વે ખોટું થઈ જાય.

(૧૬૧) જ્યાં સુધી પોતાને પુરુષ મનાશે ત્યાં સુધી તેને સ્ત્રી જોશે ને જ્યાં સુધી પોતાને સ્ત્રી મનાશે ત્યાં સુધી તેને પુરુષ જોશે ને ગમે ત્યાં જાશે પણ એમ રે'શે. માટે કહ્યું છે જે, બ્રહ્મરૂપ થઈને ભક્તિ કરવી.

(૧૬૨) અક્ષરધામ, શ્વેતદ્વીપ, બદરિકાશ્રમ ને આ લોકમાં એકાંતિક પાસે એ ચાર ઠેકાણે માયા નથી ને કજિયો નથી, બાકી સર્વે ઠેકાણે માયા ને કજિયો છે.

(૧૬૩) સુખમાં દુ:ખ દેખવું એ ઝાઝાને સૂઝે નહિ, એ તો સૂક્ષ્મ વાત છે; તે શું ? જે, રસોઈઉં (રસોઈઓ) તથા બહુ સન્માન આદિક તેમાં તો વૃત્તિયું ફાટી જાય એવાં છે ને તેમાં સુખ દેખાય છે, પણ સુખ તો મોટાનો સમાગમ થાય એટલું જ; બાકી નહિ.

(૧૬૪) 'જ્ઞાન વિના તો સુખ ન થાય ને ભક્તિ કર્યે તેને મોટા હોય તે હાર્ય (હાર) આપે કે થાળ આપે; પણ તેણે કરીને સંકલ્પ ઓછા ન થાય, માટે સમજણ તો જો'એ ખરી.' એમ વાત કરી.

(૧૬૫) વળી, એટલું તો એમ સમજવું જે, જો વિષયમાં સુખ હોય તો તેની આપણને મહારાજ બંધી શ્યા સારુ (શા માટે) કર્યે ? માટે એમાં તો સુખ જ નથી, ને એમાં સુખ મનાય છે એ અજ્ઞાન છે, ને મોટા મોટા એ મારગે ચાલતા નથી.

(૧૬૬) સત્સંગમાં અનેક વાતુ સમજવાની છે; તેમાં મુખ્ય ઉપાસના, બાકી ધર્મ રાખવો ને 'વચનામૃત' આદિક શાસ્ત્રનો અભ્યાસ રાખવો.

(૧૬૭) મૂંઝવણ ટાળ્યાનો ઉપાય જે, કાળની ગતિ જાણવી, જન્મ-મૃત્યુનું દુઃખ વિચારવું, ભગવાનનો મહિમા વિચારવો. વળી, આપણું કોઈ નથી ને આપણે કોઈના નથી. વળી, આત્મા તો ત્રણ્ય દેહથી વિલક્ષણ છે, એમ જ્ઞાનીને તો અનંત લોચન છે ને મૂંઝવણ ટાળ્યાના પણ અનેક ઉપાય છે ને મૂંઝવણ અનેક પ્રકારની છે.

(૧૬૮) પ્રથમ કાંઈ નહોતું ને આટલાં કારખાનાં થયાં ને હજી થાય છે ને વળી થાશે, એ તો વધતું જ જાશે, પણ મુખ્ય તો કથાવાર્તા, ધ્યાન ને મોટા સંતનો સમાગમ, એ જ કરવાનું છે.

(૧૬૯) અંતર્દષ્ટિ કરીને હૈયામાં જોવું ને તે વિના તો ગુણ-દોષ યથાર્થ ન સૂઝે, ને અંતર્દષ્ટિ કરવી એ નિર્ગુણપણું છે ને બાહ્યદષ્ટિમાં સગુણપણું છે. વળી બાહ્યદષ્ટિ દૈત્યની કહી છે ને અંતર્દષ્ટિ રાખવાનો અભ્યાસ કરતાં સુખ પણ થાય છે ને જેમ ચકમક ખરે તે ખેરવતાં દેવતા કળીમાં લાગી જાય છે એમ કો'ક દિ' પ્રકાશ થઈ જાય, એ સિદ્ધાંત વાત છે.

(૧૭૦) વરતાલમાં કથા થઈ તે ફેરે ઘણા દિ' સુધી પ્રતિલોમ કરવાની વાતુ કરીઉં ને કરાવીઉં. એવી રીત્યનો અભ્યાસ કરવા-સાંભળવાનો નિરંતર રાખે ત્યારે તે વાત સમજાય ને તે મારગે ચલાય, પણ તે વિના થાય નહિ. (વચ.ગ.અં.૩૧)

(૧૭૧) ઉપાસના સમજવી જે, કોટાનકોટિ ભગવાનના અવતાર જે, શ્રીકૃષ્ણ, રામચંદ્રજી, વાસુદેવ, નરનારાયણ ઇત્યાદિક સર્વેના કારણ શ્રીજીમહારાજ છે. ને પૂર્વે અવતાર થઈ ગયા એવા તો આજ સત્સંગી ને સાધુ છે; પણ આપણને મહિમા પૂરો સમજાતો નથી. ને શ્રીકૃષ્ણે કેટલું જ્ઞાન કર્યું ત્યારે એક ઉદ્ધવે ત્યાગ કર્યો

ને આજ તો વીસ-વીસ વરસના સંસાર મૂકીને ચાલ્યા આવે છે. ને પૂર્વે શાસ્ત્રમાં સ્ત્રી તો કોઈ ત્યાગી થઈ સાંભળી નથી ને આજ તો હજારો બાઈઉં ત્યાગી થાય છે. ને પૂર્વે ભગવાન બે-ત્રણ્યને તેડવા આવ્યા તે શાસ્ત્રમાં લખ્યું છે ને આજ તો ઘરોઘર ભગવાન તેડવા આવે છે. ને બીજા અવતાર મોટા મોટા તે પારસમણિ જેવા છે ને પુરુષોત્તમ તો ચિંતામણિ છે.

(૧૭૨) ભગવાનનું સ્વરૂપ નિર્દોષ સમજવું ને મોટા મોટા એકાંતિક સાધુને પણ એમ સમજવા, તે બરાબર કોઈ સાધન નથી; તે 'વચનામૃત'માં કહ્યું છે એમ ચાર શાસ્ત્રે કરીને સમજવું તથા 'સ્વરૂપનિર્ણય'માં કહ્યું છે એમ સર્વ પ્રકારે નિર્બાધપણે ને નિર્દોષપણે સમજવું. તે આત્યંતિકપ્રલય જે, જ્ઞાનપ્રલય કરવાનો છે ત્યાં સુધી સમજવાનું છે. તે જેને આત્યંતિકપ્રલય થયો હોય તે સાથે જોડાય ત્યારે તેથી થાય. (વચ.વ.૨/સારંગ.૧૧)

(૧૭૩) ગમે એવો હોય તેને પણ સેવાએ કરીને કે પદાર્થે કરીને રાજી કરીએ. ને પદાર્થે કરીને રાજી ન થાય એવા તો કૃપાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી એ કોઈ રીત્યે ન જિતાય; કેમ જે, એને તો સેવા કે કોઈ પદાર્થ જોઈએ નહિ; પણ તે એક ઉપાયે જિતાય જે, એની આગળ દીન થાવું ને હાથ જોડવા; એવો બીજો કોઈ ઉપાય નથી. (વચ.સારંગ ૧૧)

(૧૭૪) ક્રિયાનું પ્રધાનપણું થઈ ગયું છે તેથી જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ, મહિમા ને ઉપાસના તેની વાતુ કર્યે છે કોણ ને સાંભળે છે કોણ ? પણ કથાવાર્તા કરતાં કરતાં થાય તે કરવું ને તે કરતાં થયું તે થયું ને બાકી ન થાય તે રહ્યું; પણ મુખ્ય તો એ જ કરવું ને બાકી તો ફેર ચડી જાય છે ને આ તો ગમે એટલું કરો પણ રાત્રિપ્રલયમાં સર્વ નાશ પામી જાશે.

(૧૭૫) સભાની વાત બહુધા લાગે નહિ, એ તો એકાંતમાં પૂછવું-સાંભળવું ત્યારે સમાસ થાય છે. ને સમાગમ કર્યે તેનો સંગ લાગે ત્યારે સમાગમ કર્યો કે'વાય, તે જેમ પાણી લાગે છે એમ જ્યારે સંગ લાગે ત્યારે તેના તો અવયવ ફરી જાય. ને સંગ તો કેવો છે, તો એને લોભાદિક દોષ ન મૂકવા હોય તો પણ મુકાઈ જાય ને જો દોષ મૂકવા હોય તો પણ જો ઊતરતો સંગ થઈ જાય તો મૂળગા દોષ વધી જાય, એમ સંગમાં રહ્યું છે.

(૧૭૬) આંહીંથી તે પ્રકૃતિપુરુષ સુધી પણ વિષય સુખ છે, એમાં તે શું અધિક છે ? સર્વેનું આવું ને આવું છે અને બ્રહ્મચર્ય તો કયાંય નથી ને આ

લોકમાં, દેવતામાં, ઋષિના લોકમાં ને બીજા લોકમાં પણ નથી. એ તો અક્ષરધામ, શ્વેતદ્વીપ, બદરિકાશ્રમ ને આંહીં સંતમાં, એ ચાર ઠેકાણે બ્રહ્મચર્ય છે.

(૧૭૭) ભક્તિમાં સ્વભાવ વધે ને ધ્યાનમાં દેહાભિમાન વધે, એ બે ગુણમાં બે દોષ જાણવા ને તે ટાળવા.

(૧૭૮) મોટાનો રાજીપો હોય તેના અંતરમાં સુખ વરત્યા કર્યે ને દેહમાં તો સુખ-દુઃખ આવે. તેનો તો નિરધાર નહિ, બાકી તેને દિન-દિન પ્રત્યે શ્રદ્ધા વૃદ્ધિ પામતી જાય ને દા'ડે-દા'ડે વધતો જાય એમ વરતે ત્યારે એમ જાણવું જે, મોટા રાજી છે. ને જેણે સ્વભાવ મૂક્યા હોય ને મૂકતો હોય ને મૂકવાનો આદર હોય, તે સર્વે ઉપર મોટાની દૃષ્ટિ રહ્યા કર્યે. ને એક તો સો જન્મે એકાંતિક થાવાનો હોય તે આ જન્મે થાય ને આ જન્મે એકાંતિક થાવાનો હોય તેને ઊતરતાનો સંગ થાય તો સો જન્મ ધરવા પડચે. તેમાં દૃષ્ટાંત, જેમ દસ મણ <u>પાણા</u> સાથે એક મણ લાકડું બાંધે તે લાકડાંને બુડાડે (ડૂબાડે) ને દસ મણ લાકડાં સાથે એક મણ પાણો બાંધે તે પાણાને તારે, એમ સંગમાં ભેદ રહ્યો છે.

(૧૭૯) આ તો નિયમે કેટલુંક વરતાય છે, પણ સર્વ વાતની છૂટ મૂકે જે, જેમ જેને ફાવે એમ વરતવું એવી આજ્ઞા થાય, ત્યારે કેટલું વરતાય ? એમ પોતાનો તપાસ કરવો.

(૧૮૦) <u>નાના ખાતરાનું પાણી</u> મોટી નદીમાં ભળે ને તે નદી સમુદ્રમાં ભળે. તેનું સિદ્ધાંત જે, અલ્પ જેવો જીવ હોય તે જો મોટામાં જોડાય તો તે પણ ભગવાનને પામે એવો મોટાનો પ્રતાપ છે.

(૧૮૧) ત્યાગીએ એક વખત ખાવું ને પછી બીજું જે મળે તે ત્યાગ કરવું, તે તો સ્ત્રી ભેળું નિષ્કામી રે'વું એવું કઠણ છે.

(૧૮૨) <u>ટોપીવાળો</u> મૂંઝાય ત્યારે બંગલામાં જાતો રહે ને ત્યાં જઈને વિચાર કર્યે, એમ પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ પામીને પ્રતિલોમદૃષ્ટિ કરીને વિચાર કરવો.

(૧૮૩) ઉત્તમ પુરુષને સેવ્યા હોય ને તેને કસર રહી હોય ને તેનો દેહ પડચે તે પછી એવો જોગ ન રહે; તો પણ તેની ગમે તે પ્રકારે સહાય કર્યે; કેમ જે, એ તો સમર્થ છે તે રક્ષા કર્યે. જેમ *વ્યાસજીએ કીડાને કર્યું એમ કર્યે.

(જુઓ પ્રકરણ ૫ ની વાત ૨૬૬)

(૧૮૪) લક્ષ્મીજીએ એક કીડીને ડાબલીમાં ઘાલી ને કહે, 'આનું વિષ્ણુ કેમ પોષણ કરશે ?' પછી ત્રીજે દિ' તપાસી જોયું, ત્યાં તો તે ડાબલીમાં

લક્ષ્મીજીના ચાંદલાનો ચોખો પડી ગયેલ તે કીડીએ ખાધેલ. એમ ભગવાન તો પોષણ કર્યે છે.

(૧૮૫) ભગવાન તો કેવા છે, તો જે જીવ પોતાની સન્મુખ ચાલે તે સારુ તો બ્રહ્માંડ ફેરવી નાખે, તે જુઓને પ્રહ્‌લાદનો દેહ જ જીવ જેવો કરી મૂક્યો ! (જુઓ પ્રકરણ ૫ ની વાત ૨૫૬)

(૧૮૬) જેને સત્સંગ થાય, તેને તો દુ:ખ રહે નહિ ને દુ:ખ રહે છે એટલી સત્સંગ કરવામાં કસર છે અને સત્સંગ કર્યે છે તેને કેટલાક પ્રકારના નાના ને મોટા મોસલ ઊઠે છે; તેની વિક્તિ જે, તમાકુ ખાવી ને પીવી ને સૂંઘવી ને ડાકલાં ને જૂગટું ને ભવાયા ને બજાણિયા ને ગરીબ વર્ણનો માણસ ઘોડું રાખતો હોય, એ આદિક નાના મોસલ ને વ્યભિચાર, ચોરી, દારૂ, માંસ, અફીણ એ આદિક મોટા મોસલ. તે સર્વ પ્રકારનું ખરચ ન થાય, તથા કોઈ પ્રકારનો દંડ ભરવો ન પડચે ને બાકી કેટલોક વિવેક આવે તેથી વે'વાર કરતાં આવડે જે, કમાવું-ખરચવું તે સર્વને વિચારીને કર્યે.

(૧૮૭) પ્રથમના કરતાં આજ કેટલુંક દેશકાળનું સાનુકૂળ છે ને મોર્યે તો કટક આવતાં, હિમ પડતાં, કાળ પડતા, તીડ આવતાં ને ચોર ને ધાડાં પડતાં ને ટૂંટિયું; એ સર્વે ઇતિયું કે'વાય.

(૧૮૮) નાના ગામમાં લાખ રૂપિયાની હૂંડી લખનાર ન મળે, તે તો શહેરમાં મળે ને કરોડચ રૂપિયાની હૂંડી લખનાર તો કો'ક બહુ મોટા શહેરમાં મળે; તેમ અતિ ઉત્તમનો સંગ ઝાઝે ઠેકાણે મળે નહિ ને તે મળ્યા વિના અતિ ઉત્તમ જ્ઞાન થાય નહિ. ને મોટાની દૃષ્ટિએ આ લોકનો વે'વાર તો કીડીઉં ને પશુ-પક્ષીના જેવો છે.

(૧૮૯) પરલોકમાં જાવું છે, એવો તો કોઈ મનસૂબો જ કરતા નથી, પણ આંહીં તો નહિ જ રે'વાય ને આ લોકમાં તો જાણે આવ્યા જ નથી, એવું કરી નાખવું ને છેલ્લો જન્મ કરી નાખવો. તે છેલ્લો જન્મ તે શું ? જે, ક્યાંય પણ વાસના રે'વા દેવી નહિ. ને આ લોકની સ્થિતિ બાંધવાનું તાન છે, પણ એ તો નહિ રહે ને ગમે એટલાં કામ કરશું તો પણ સર્વે એક દિ' મૂકીને સ્વભાવ પણ મૂકવા છે ને સાધુ થાવું છે, તે સારુ કથાવાર્તા, સ્મૃતિ કરવી, ગુણ ઓળખવા એ કરવાનું છે.

(૧૯૦) ભગવાનની મૂર્તિ, ભગવાનના સાધુ ને ભગવાનની આજ્ઞા એ ત્રણ્ય વાતમાં જ માલ છે, એવો બીજી કોઈ વાતમાં માલ નથી. ને જ્ઞાન, વૈરાગ્ય,

ધર્મ, તે તો જેમ કોદાળી, પાવડા ને દાતરડાં તેને ઠેકાણે છે. મોટાની તો એમ સમજણ છે, ને અમે તો એક ભગવાન રાખ્યા છે ને બીજું રાખ્યું નથી.

(૧૯૧) ગુણમાં દોષ રહ્યા છે, તે શું ? જે, પોતે ત્યાગ રાખે ને બીજાનો દોષ આવે ને પોતે ન સૂવે ને જે સૂવે તેનો અવગુણ લિયે, ઇત્યાદિક બહુ વાતુ છે, તે અવશ્ય સમજવાની છે.

(૧૯૨) સ્વભાવનું બળ સર્વ કરતાં અધિક છે; તે કેમ જે, વિષયના સંકલ્પ થાય એ તો વાસના કે'વાય, પણ ભગવાનની સ્મૃતિ કરતાં જે સંકલ્પ થાય તે સર્વ સ્વભાવ કે'વાય. (વચ.ગ.પ્ર.૧૧/ગ.અં.૧૮-૨૦)

ઇતિ શ્રી સહજાનંદસ્વામીના આધ્યાત્મિક વારસદાર
અનાદિ મૂળઅક્ષરમૂર્તિ સદ્‌ગુરુવર્ય શ્રી ગુણાતીતાનંદસ્વામીએ
કરેલી વાતોમાં
'સંત સમાગમની વાતો'
નામે બીજું પ્રકરણ સમાપ્ત.

અનાદિ મૂળઅક્ષરમૂર્તિ સદ્‌ગુરુવર્ય શ્રી ગુણાતીતાનંદસ્વામીએ વાત કરી જે :-

(૧) ધોરાજીએ લાલવડ હેઠચે મહારાજે એકાદશીનો મહોત્સવ કર્યો, તે સમયને વિશે મહારાજે પોતાનો પ્રતાપ સૌને જણાવીને પોતાનો સર્વોપરી નિશ્ચય કરાવ્યો. પછી આત્માનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, 'સત્સંગ બહુ થયો.' ત્યારે મહારાજે કહ્યું જે, "હજી કયાં સત્સંગ થયો છે ?" એમ કહીને બોલ્યા જે, "એક એક સાધુ વાંસે લાખું મનુષ્ય ફરે ત્યારે સત્સંગ થયો એમ જાણવું." એમ કહીને કહ્યું જે, "અમે સો કરોડચ મનવાર્યું લઈને આવ્યા છીએ, એટલા જીવુંનો ઉદ્ધાર કરવો છે. તે પ્રથમ તો ચિંતામણિયું ભરશું, પછી પારસમણિયું ભરશું, પછી હીરા, પછી મોતી, પછી દાગીના, પછી સોનામહોરો, પછી રાળ, પછી રૂપિયા ને કોરીઉં ને પછી છેલ્લી બાકી ગારો, એ પ્રકારે પૂરણી કરવી છે." એવી રીત્યે (રીતે) મુક્તના અનંત પ્રકારના ભેદ છે ને કલ્યાણ પણ અનંત પ્રકારનાં છે. એવી રીતે બહુ વાતુ કરી.

(૨) એક દિ' (દિવસ) શ્રીજીમહારાજ નર્મદામાં નાહીને ધ્યાન કરવા બેઠા, તે ઊઠે નહિ. પછી મુક્તાનંદસ્વામીએ હાથ જોડીને બે-ત્રણ્ય વાર કહ્યું જે, 'હે મહારાજ ! તમે ટીમણ કરો તો ઠીક.' પછી મહારાજે કહ્યું જે, "ટીમણ તો કરવાં છે, પણ અમારે વાત કરવી છે." પછી સ્વામીએ કહ્યું જે, 'હે મહારાજ! તમો વાત કરો.' પછી મહારાજ બોલ્યા જે, "આ પચાસ કરોડચ જોજન પૃથ્વી છે, તેથી દસગણું જળ છે ને તેથી દસગણું તેજ છે ને તેથી દસગણો વાયુ છે ને તેથી દસગણો આકાશ છે ને તેથી દસગણો અહંકાર છે ને તેથી દસગણું મહત્તત્ત્વ છે ને તેથી દસગણો પ્રધાનપુરુષ છે ને તેથી અનંતગણાં પ્રકૃતિ ને પુરુષ છે ને તેથી અનંતગણું પર અક્ષરધામ છે ને તે ધામને વિશે રહેનારા જે અનંત કોટિ મુક્ત છે તેમને પુરુષોત્તમનો સંબંધ છે પણ બીજાને નથી. ને કેટલાકને તો ઇન્દ્રાદિકનો સંબંધ છે ને કેટલાકને તો બ્રહ્માદિકનો સંબંધ છે ને કેટલાકને તો વૈરાટાદિકનો સંબંધ છે ને કેટલાકને તો પ્રધાનપુરુષાદિકનો સંબંધ છે ને કેટલાકને તો પ્રકૃતિપુરુષાદિકનો સંબંધ છે, પણ પુરુષોત્તમનો નથી." ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, 'આંહીં કો'કને (કોઈકને) પુરુષોત્તમનો સંબંધ થયો હોય તો ?' ત્યારે મહારાજે કહ્યું જે, "એટલી જ વાત સમજવાની છે; કેમ જે, અક્ષરધામના મુક્તને પુરુષોત્તમનો સંબંધ છે કે તમારે છે, પણ બીજા અવાંતર કોઈને નથી."

(૩) શ્રીજીમહારાજે મુક્તાનંદસ્વામીને પૂછ્યું જે, "અમે જે જે

ધામમાં જાઈએ છીએ ત્યાં તે તે ધામમાં તમારાં વખાણ થાય છે; તે તમમાં એવી શ્યી (શી, કઈ) મોટચપ છે જે, સર્વે તમારાં વખાણ કર્યે (કરે) છે ?'' એમ કહીને બોલ્યા જે, ''આ તુંબડી ફૂટી જાય તો સાજી કરતાં આવડે ?'' ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, 'ના મહારાજ !' ત્યારે મહારાજે કહ્યું જે, ''તમે તમારી મોટચપને જાણતા નથી.'' એમ કહીને બોલ્યા જે, ''લિયો અમે જ કહીએ.'' એમ કહીને કહ્યું જે, ''આ પચાસ કરોડચ જોજન પૃથ્વી છે ને તેથી દસગણું જળ છે ને તેથી દસગણું તેજ છે ને તેથી દસગણો વાયુ છે ને તેથી દસગણો આકાશ છે ને તેથી દસગણો અહંકાર છે ને તેથી દસગણું મહત્તત્ત્વ છે ને તેથી દસગણા પ્રધાનપુરુષ છે ને તેથી અનંતગણાં પ્રકૃતિ ને પુરુષ છે ને તે પ્રકૃતિપુરુષ થકી પર અક્ષરધામ છે ને તે ધામમાંથી લાખ મણ લોઢાનો ગોળો પડતો મૂકીએ તે વાને લેરખે ઘસાતો ઘસાતો પૃથ્વી ઉપર આવે, ત્યારે રજ ભેળો રજ થઈ જાય, એટલે છેટું છે; પણ જો આંહીં અલ્પ જેવો જીવ હોય ને તેને તમે એમ ધારો જે, 'આ જીવ આઠ આવરણ પાર અક્ષરધામમાં જાય.' તો તત્કાળ જાય. જેમ જંતરડામાં ઘાલીને પાણો ફગાવી નાખે, એવું તમારા કાંડાને વિશે બળ છે, પણ તેને તમે જાણતા નથી.'' એમ કહીને કહ્યું જે, ''એવી મોટચપ તમમાં આવી છે, તેનું કારણ કહું તે તમે સાંભળો. જે, સર્વ થકી પર અક્ષરધામ, તેને વિશે વિરાજમાન એવા જે ભગવાન તેનો તમારે સાક્ષાત્કાર સંબંધ થયો છે.'' એવી રીતે બહુ વાતુ કરી.

(૪) અવતારમાત્ર તો ચમકપાણ જેવા છે, તેમાં કેટલાક તો મણ જેવા છે ને કેટલાક તો દસ મણ જેવા છે ને કેટલાક તો સો મણ જેવા છે ને કેટલાક તો લાખ મણ જેવા છે. તેમાં જે મણ ચમક હોય તે આ મંદિરનું લોઢું હોય તેને તાણે ને દસ મણ ચમક હોય તે આખા શહેરનાં લોઢાને તાણે ને સો મણ ચમક હોય તો આ દેશનાં લોઢાને તાણે ને લાખ મણ ચમક હોય તો આખા પરગણાનાં લોઢાને તાણે; ને આજે તો બધો ચમકનો પર્વત આવ્યો છે, નહિ તો બધું બ્રહ્માંડ તણાય કેમ ? એમ વાત કરીને બોલ્યા જે, 'પૂર્વના અવતારમાં જેમાં જેટલું ઐશ્વર્ય છે તેમાં તેટલા જીવું તણાય છે ને આજ તો સર્વ અવતારના અવતારી ને સર્વ કારણના કારણ એવા જે પુરુષોત્તમનારાયણ તે જ પધાર્યા છે. ને તેને જોઈને તો અનંત ધામના પતિ ને તે ધામના મુક્ત, તે મહારાજની મૂર્તિને વિશે તણાઈ ગયા, જેમ ચમકના પર્વતને દેખીને વા'ણ (વહાણ)ના ખીલા તણાઈ જાય છે તેમ.'

(૫) વાદી, ફૂલવાદી ને ગારુડી, તેમાં વાદી હોય તે તો ગરીબ સાપ

હોય તેને ઝાલે ને ફૂલવાદી હોય તે તો હાથ આવે તો ઝાલે, નહિ તો લૂગડાના છેડાને વળ દઈને મારી નાખે. ને ગારુડી હોય તેની આગળ તો ગમે તેવો મણિધર હોય તે પણ ડોલ્યા કર્યે. એ તો દૃષ્ટાંત છે ને એનું સિદ્ધાંત તો એ છે જે, દત્તાત્રેય ને કપિલ તે તો વાદીને ઠેકાણે છે, તે તો મુમુક્ષુ હોય તેનું કલ્યાણ કર્યે ને રામચંદ્રજી ને શ્રીકૃષ્ણ તે તો ફૂલવાદીને ઠેકાણે છે, તે તો પોતાનું વચન માને તેનું કલ્યાણ કર્યે ને ન માને તો તલવાર્યે સમાધાન કરીને કલ્યાણ કર્યે. ને મહારાજ તો ગારુડીને ઠેકાણે છે ને તેમની આગળ તો જીવ, ઈશ્વર, પુરુષ ને અક્ષરાદિક તે સર્વે હાથ જોડીને ઊભા છે.

(૬) શ્રીજીમહારાજને જેસંગભાઈએ પ્રશ્ન પૂછ્યો જે, 'ભગવાનનું કર્યું સર્વે થાય છે ને તે ભગવાન રક્ષા કર્યે તો શું ન થાય ?' ત્યારે મહારાજ બોલ્યા જે, ''રક્ષા તો ભગવાન બહુ કર્યે છે ને જો રક્ષા ન કરતા હોય તો કાળ, કર્મ ને માયા એ કોઈને પ્રભુ ભજવા દિયે એવાં નથી; કેમ જે, મૂળ માયાને કોઈએ છેડી નહોતી, તેને આપણે છેડી છે; તે શું ? જે, તે લાજું કાઢીને તેનો વારંવાર તિરસ્કાર કરીએ છીએ, તે જો ભગવાન રક્ષા ન કરતા હોય તો આ કરો પાડીને મારી નાખે કાં, આ ઝાડ ભાંગીને મારી નાખે કાં, પૃથ્વી ફાડીને માંહી ઘાલી દિયે એવી ખીજી છે.'' ત્યારે પૂછ્યું જે, 'એવી ક્યાં સુધી રક્ષા કરશે ?' ત્યારે મહારાજ બોલ્યા જે, ''હમણાં રક્ષા કર્યે છે ને પછી નહિ કર્યે એમ સમજવું નહિ.'' એમ કહીને બોલ્યા જે, ''પૂર્વ દેશમાંથી પુરુષ આવતો હતો, તેની આગળ લાખું તાડ આડાં આવ્યાં; તેને જોઈને એક તાડને હડસેલો માર્યો તે લાખું તાડને પાડીને ચાલ્યો ગયો. તેમ અમે પૃથ્વી ઉપર આવીને કાળ, કર્મ ને માયા તેને હડસેલો માર્યો છે, તે ઊભાં થઈને દુઃખ દેવા સમર્થ નહિ થાય, એમ તમારે જાણવું.''

(૭) શ્રીજીમહારાજે આનંદસ્વામીને તથા મુક્તાનંદસ્વામીને તથા સ્વરૂપાનંદસ્વામીને એ ત્રણ્યેને (ત્રણેયને) પૂછ્યું જે, ''અમે તમને જે જે આજ્ઞા કરીએ જે, આ પ્રવૃત્તિની ક્રિયાને તમે કરો, ત્યારે કેમ કરો ?'' ત્યારે પ્રથમ આનંદસ્વામીએ કહ્યું જે, 'જેમ તમો કહો તેમ કરીએ.' ત્યાર પછી મુક્તાનંદ-સ્વામીએ કહ્યું જે, 'હૃદયમાંથી એક વેંત વૃત્તિ બહાર કાઢું, ત્યારે ક્રિયા થાય ને તે વૃત્તિ એક વેંત બહાર કાઢી હોય તેને પાછી હાથ વૃત્તિ પાછી વાળું ત્યારે સુખ થાય.' પછી સ્વરૂપાનંદસ્વામીને કહ્યું જે, ''તમે કેમ કરો ?'' ત્યારે તે બોલ્યા જે, 'ક્રિયા કરવાને જોવા જાઉં તો તે પદાર્થ ટળી જાય ને તમારી મૂર્તિ જ દેખાય.' ત્યારે મહારાજે કહ્યું જે, ''પદાર્થ ટળી જાય ને મૂર્તિ દેખાય એ સર્વેને માન્યામાં આવતું

નથી.'' ત્યારે સ્વરૂપાનંદસ્વામી બોલ્યા જે, 'જેમ તીરમાં લીંબુ ખોસ્યું હોય ને તે તીરને જેમનું કરીએ ને તે તીરમાં જેમ લીંબુ દેખાય, તેમ વૃત્તિમાં ભગવાન રહ્યા છે એટલે તે વૃત્તિ જેમની કરીએ તેની કોર્યે (બાજુએ) ભગવાન દેખાય છે.' પછી મહારાજે કહ્યું જે, ''એ ત્રણ્યેનાં અંગ જુદાં જુદાં જણાય છે, માટે આનંદસ્વામીએ મુક્તાનંદસ્વામીનો સમાગમ કરવો ને મુક્તાનંદસ્વામીએ સ્વરૂપાનંદસ્વામીનો સમાગમ કરવો. એમ કર્યે તો એક બીજાની કસર ટળે.'' એમ ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ ભેદ છે.

(૮) એક દિ' સ્વરૂપાનંદસ્વામી દેશ ફરીને આવ્યા; તેમને મહારાજે પૂછ્યું જે, ''દેશમાં મનુષ્ય કેવા છે ?'' ત્યારે સ્વરૂપાનંદસ્વામી ધીરા રહીને બોલ્યા જે, 'હે મહારાજ ! <u>મનુષ્ય તો લીમડી કે નીચે</u> દેખ્યા હૈ ને બીજે મનુષ્ય તો નહિ હૈ.' ત્યારે મહારાજ બોલ્યા જે, ''દેશ ફરીને આવ્યા ને મનુષ્ય તો દીઠાં જ નહીં.'' ત્યારે સર્વે સંતે પૂછ્યું જે, 'કલ્યાણ કેનાં (કોનાં) કર્યાં હશે?' ત્યારે મહારાજ બોલ્યા જે, ''બીજા તો નિયમ ધરાવીને વર્તમાન પળાવે, ત્યારે કલ્યાણ થાય ને સ્વરૂપાનંદસ્વામીને દર્શને કરીને કલ્યાણ થાય છે.''

(૯) મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી ભણતા હતા તેમની પાસે જઈને મહારાજ બેઠા. પછી મુક્તાનંદસ્વામીને પૂછ્યું જે, ''દેશમાં સત્સંગ કેવા થયા ?'' ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, 'સત્સંગ તો બહુ થયો છે.' ત્યારે મહારાજ બોલ્યા જે, ''તમે સત્સંગી કેવા થયા છો ?'' ત્યારે કહ્યું જે, 'અમે તો ખરેખરા સત્સંગી થયા છીએ.' ત્યારે મહારાજ બોલ્યા જે, ''તમે તો હજી <u>ગુણબુદ્ધિવાળા</u> સત્સંગી થયા છો, ને ખરેખરા સત્સંગી થયા હો તો કહો જે, અમે ક્યાં હતા, ને ક્યાંથી આવીએ છીએ ?'' ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, 'ના મહારાજ ! એવા સત્સંગી તો નથી થયા.' ત્યારે મહારાજ બોલ્યા જે, ''અમારા ખરેખરા સત્સંગી તો ગોવરધનભાઈ તથા પર્વતભાઈ આદિક છે, તે તો અમને ત્રણ્યે અવસ્થામાં નિરંતર દેખે છે.''

પછી મુક્તાનંદસ્વામી બોલ્યા જે, 'હે મહારાજ ! એવા સત્સંગી કેમ થવાય ?' ત્યારે મહારાજ બોલ્યા જે, ''એવા સત્સંગી તો તો થાવાય જો માયિકભાવ ટાળીને, પોતાના આત્માને અક્ષરરૂપ માનીને, મારી મૂર્તિનું અખંડ ચિંતવન કરો, તો એવા સત્સંગી થાઓ.'' ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, 'હે મહારાજ ! કૃપા કરો તો એવા સત્સંગી થાવાય.' ત્યારે મહારાજ બોલ્યા જે, ''હજી

કૃપા જો'એ (જોઈએ) છે ? જુવોને અમે અક્ષરધામમાંથી આંહીં આવ્યા, તે પ્રકૃતિપુરુષના લોકમાં પણ ન રહ્યા ને પ્રધાનપુરુષના લોકમાં પણ ન રહ્યા ને અનંત ધામ ને અનંત સ્થાનક તેમાં કયાંય ન રહ્યા, તે તમારી ભેળા આવીને રહ્યા ને હજી કૃપા જો'એ છે ?'' ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, 'હે મહારાજ ! તમે કૃપા તો બહુ કરી, પણ અમારે માયાનું આવરણ તે સમજાય નહિ.' ત્યારે મહારાજે ઊભા થઈને પછેડી ઓઢી હતી તે પડતી મૂકીને બોલ્યા જે, ''હવે છે માયાનું આવરણ ?'' ત્યારે કહ્યું જે, 'ના મહારાજ !'

(૧૦) એક દિ' સ્વરૂપાનંદસ્વામીએ મહારાજને પૂછ્યું જે, 'હે મહારાજ! સત્સંગીકા કૈસા કલ્યાણ હોતા હૈ ?' ત્યારે મહારાજ બોલ્યા જે, ''જૈસા કલ્યાણ મોટા મોટા અવતારકા હોતા હૈ, તૈસા કલ્યાણ સત્સંગીકા હોતા હૈ !'' ત્યારે સ્વરૂપાનંદસ્વામી બોલ્યા જે, 'ગુરુસાહેબ, તબ તો બહુત બડા કલ્યાણ હોતા હૈ !'

(૧૧) એકવખતે ગામ જાળિયામાં મહારાજ બહુ વાર પોઢીને જાગ્યા. પછી સર્વે સંતે પૂછ્યું જે, 'હે મહારાજ ! આજ તો તમે બહુ પોઢી રહ્યા.' ત્યારે મહારાજ બોલ્યા જે, ''તમે બહુ તપ કર્યું તે અમે રાજી થયા. માટે આજ તો તમારા સારુ અમે ધામ જોવા ગયા હતા. તે પ્રથમ તો અમે બદરિકાશ્રમમાં ગયા; તે બદરિકાશ્રમવાસીએ અમારી પૂજા, આરતી, સ્તુતિ કરીને બેઠા, પછી તેમને અમે કહ્યું જે, 'અમારા સાધુસારુ જાયગા જોવા આવ્યા છીએ.' ત્યારે તેમણે કહ્યું જે, 'હે મહારાજ ! આ ધામ જ તમારું છે, માટે આંહીં સાધુને રાખો.' પછી અમને એમ જણાણું જે, આવો તો ચરોતરેય છે; કેમ જે, કોઠાં-બોરાં ત્યાં પણ મળે છે.

પછી અમે ત્યાંથી શ્વેતદ્વીપમાં ગયા, તે ત્યાંના વાસીએ અમને પધરાવીને પૂજા, આરતી, સ્તુતિ કરીને બેઠા પછી અમને કહ્યું જે, 'હે મહારાજ ! બહુ દયા કરીને દર્શન દીધાં.' પછી તેમને અમે કહ્યું જે, 'અમારા સાધુસારુ જાયગા જોવા આવ્યા છીએ.' ત્યારે તેમણે કહ્યું જે, 'હે મહારાજ ! આ ધામ જ તમારું છે માટે આંહીં સાધુને રાખો.' પછી અમને એમ જણાણું જે, સ્થાન તો બહુ સારું, પણ પ્રભુ ભજવાનું સુખ જણાણું નહિ, શ્યા (શા) માટે જે, <u>ક્ષીરસમુદ્ર એક કોર્યે હડૂડચા</u> જ કર્યે, તેને જોઈને અમે ચાલી નીસર્યા, તે વૈકુંઠલોકમાં ગયા. પછી વૈકુંઠવાસી જે રામચંદ્રજી તેમણે અમારી પૂજા, આરતી, સ્તુતિ કરીને બેઠા. પછી તેમને અમે કહ્યું જે, 'અમારા સાધુસારુ જાયગા (જગ્યા) જોવા આવ્યા છીએ.' ત્યારે તેમણે કહ્યું જે, 'હે મહારાજ ! આ ધામ તમારું જ છે માટે આંહીં સાધુને રાખો.' પછી અમને

એમાં કાંઈ સારું જણાણું નહિ; કેમ જે, ચાર ભુજા ને સ્ત્રીઉંનો પ્રસંગ તે ઠીક નહિ.

પછી તેને જોઈને અમે ચાલી નીસર્યા, તે ગોલોકમાં ગયા. પછી ત્યાંના વાસી જે શ્રીકૃષ્ણ તેમણે અમારી પૂજા, આરતી, સ્તુતિ કરીને બેઠા. પછી તેમને કહ્યું જે, 'અમારા સાધુસારુ જાયગા જોવા આવ્યા છીએ.' ત્યારે તેમણે કહ્યું જે, 'હે મહારાજ ! આ ધામ જ તમારું છે માટે આંહીં સાધુને રાખો.' પછી અમને એમાં કાંઈ સારું જણાણું નહિ; કેમ જે, ગોપ-ગોપીઉં ને ગાયું તેને જોઈને પ્રભુ ભજાય નહિ અને કેટલીક જાતનો ગડબડાટ તેને જોઈને અમે ચાલી નીસર્યા, તે પ્રકૃતિપુરુષના લોકમાં ગયા. તે લોક જોઈને બહુ રાજી થયા જે આંહીં સાધુને રાખીએ. ત્યાં તો પુરુષ ને પ્રકૃતિ દેખાણાં તેને જોઈને અમે પૂછ્યું જે, 'તું ધોળી કેમ છો ને આ પુરુષ કાળો કેમ છે ?' ત્યારે તેણે કહ્યું જે, 'એ પુરુષ મારી સાથે જોડાણો તેણે કરીને મારામાં શ્યામતાઈ (કાળાશ) હતી તે પુરુષમાં ગઈ ને પુરુષમાં રૂપ હતું તે મારામાં આવ્યું છે.' પછી અમને એમ વિચાર થયો જે, આંહીં સાધુને રાખવા નહિ; કેમ જે, માયા કાળા કરી નાખે.

પછી તેને જોઈને અમે ચાલી નીસર્યા ને અક્ષરધામમાં ગયા. તે અક્ષર-ધામના મુક્તે દિવ્ય સિંહાસન ઉપર પધરાવીને અમારી પૂજા, આરતી, સ્તુતિ કરીને બેઠા. પછી અમે કહ્યું જે, 'અમારા સાધુસારુ ધામ જોવા આવ્યા છીએ.' ત્યારે તે મુક્તે કહ્યું જે, 'હે મહારાજ ! આ ધામ જ તમારું છે અને અમે પણ તમારા જ છીએ, માટે સાધુને આંહીં રાખીને તમારી મૂર્તિનું સુખ આપો.' પછી અમને એમ જણાણું જે, આ ધામ જેવું કોઈ ધામ નથી ને આ ધામજ અમારું છે, માટે આંહીં સાધુને રાખવા એ જ ઠીક છે.''

(૧૨) મહારાજને પુરુષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ ને બ્રહ્મરૂપ થયા વિના મહારાજની સેવામાં રે'વાય (રહેવાય) નહિ. ત્યારે શિવલાલે પ્રશ્ન પૂછ્યો જે, 'પુરુષોત્તમ કેમ જાણવા ? ને બ્રહ્મરૂપ કેમ થવાય ?' ત્યારે કહ્યું જે, 'મહારાજ તો સર્વોપરી ને સર્વ અવતારના અવતારી સર્વ કારણના કારણ છે.' તે ઉપર મધ્યનું ૯મું ને છેલ્લાનું ૩૮મું વચનામૃત વંચાવીને કહ્યું જે, 'આજ તો સત્સંગમાં સાધુ, આચાર્ય, મંદિર ને મૂર્તિયું તે સર્વોપરી છે, તો મહારાજ સર્વોપરી હોય તેમાં શું કે'વું (કહેવું) ? એ તો સર્વોપરી જ છે એમ સમજવું અને બ્રહ્મરૂપ તો એમ થાવાય છે જે, આવા સાધુને બ્રહ્મરૂપ જાણીને મન, કર્મ, વચને સંગ કર્યે છે, તે બ્રહ્મરૂપ થાય છે.' તે ઉપર વરતાલનું ૧૧મું વચનામૃત વંચાવીને કહ્યું જે, 'આવો

થાય છે ત્યારે પુરુષોત્તમની સેવામાં રે'વાય (રહેવાય) છે.'

(૧૩) એક હરિજને ચાર-પાંચ વચનામૃત વાંચ્યાં. તે વચનામૃતનાં નામ, પ્રથમનું ૨૩મું ને મધ્યનું ૩૦મું ને ૪૫મું ને અમદાવાદનું બીજું ને ત્રીજું. ત્યારે સ્વામી બેઠા થઈને બોલ્યા જે, 'આ વચનામૃત તો જાણે સાંભળ્યાં જ નહોતાં !' એમ કહીને બોલ્યા જે, 'ફરીથી વાંચો.' ત્યારે ફરીથી વાંચ્યાં. ત્યારે સ્વામી બોલ્યા જે, 'આ વચનામૃત સાંભળતાં એમ જણાણું જે કોટિ કલ્પ સુધી એમ કર્યા વિના છૂટકો નથી, તે આપણે તો કર્યા વિના છૂટકો નથી, પણ આચાર્ય હોય કે, ભગવાનનો પુત્ર હોય કે, ઈશ્વર હોય, કે નાના-મોટા ભગવાન હોય, પણ એમ કર્યા વિના છૂટકો નથી; કેમ જે, એ પણ મહારાજનો જ મત છે.' તે ઉપર મહારાજના કહેલા શ્લોક બોલ્યા જે,

निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥

(શિક્ષાપત્રી શ્લોક : ૧૧૬)

અર્થ :- સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ જે ત્રણ દેહ તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા તેને બ્રહ્મરૂપની ભાવના કરીને, પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ જે તે સર્વ કાળને વિશે કરવી.

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥

(ભગવદ્ ગીતા : ૧૮/૫૪)

અર્થ :- બ્રહ્મભાવને પ્રાપ્ત થયેલો તે પ્રસન્ન ચિત્ત મનુષ્ય કશાનો શોક કરતો નથી કે કશાની આકાંક્ષા કરતો નથી અને સર્વ ભૂતોમાં સમભાવથી રહેતો થકો મારી પરમ ભક્તિને પામે છે.

परिनिष्ठितोऽपि नैर्गुण्ये उत्तमश्लोकलीलया ।
गृहीतचेता राजर्षे आख्यानं यदधीतवान् ॥

(શ્રીમદ્ ભાગવત : ૨/૧/૯)

અર્થ :- હે પરીક્ષિત રાજા ! હું (શુકજી) જો કે નિર્ગુણ સ્થિતિને પામેલો હતો છતાં ભગવાનની ઉત્તમ લીલાવડે ચિત્ત ખેંચાવાથી, ભાગવત જેવો મોટો ગ્રંથ ભણ્યો હતો.

आत्मारामाश्च मुनयो निर्ग्रन्था अप्युरुक्रमे ।
कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थंभूतगुणो हरिः ॥

(શ્રીમદ્ ભાગવત : ૧/૭/૧૦)

અર્થ :- સૂત પુરાણી શૌનકને કહે છે : ''મુનિયો જો કે આત્મામાં જ આનંદ પામનારા હોય છે અને એમની અહંકારરૂપ ગાંઠ છૂટી ગઈ હોય છે; છતાં તેઓ ભગવાન વિશે નિષ્કામ ભક્તિ તો કરે જ છે; કેમ કે શ્રીહરિ તેવા અલૌકિક ગુણોથી યુક્ત છે. એવા એવા ઘણાક શ્લોક બોલીને કહ્યું જે, 'એવો થાય ત્યારે તેના હૃદયમાં ભગવાન નિવાસ કરીને રહે છે.' પછી એક હરિજન સામું જોઈને બોલ્યા જે, 'તમારે મૂર્તિ તો છે, પણ મંદિર વિના પધરાવશો ક્યાં ? માટે ભગવાન પધરાવવા હોય તો આમાં કહ્યું, એવું મંદિર કરવા શીખો; તો ભગવાન રહે.' એમ કહીને બોલ્યા જે, ''આ મંદિર સારુ મૂર્તિયું લેવા ગયા, ત્યારે સલાટે કહ્યું જે, 'કેવી મૂર્તિયું કાઢી આપું ?' ત્યારે સાધુએ કહ્યું જે, 'આ નકશા પ્રમાણે કાઢી આપો.' ત્યારે તે સલાટે કહ્યું જે, 'લાખો રૂપિયાનું મંદિર હોય ત્યારે એવી મૂર્તિયું શોભે !' પછી સાધુએ કહ્યું જે, 'મંદિર પ્રમાણે જ મૂર્તિયું લેવા આવ્યા છીએ.' ત્યારે કહે જે, 'તો કાઢી આપું.' પછી સલાટે મૂર્તિયું કાઢી આપીઉં (આપી). તેમ આપણે બ્રહ્મરૂપ થયા વિના પુરુષોત્તમને પધરાવશું ક્યાં ? માટે પુરુષોત્તમ પધરાવવા હોય તો બ્રહ્મરૂપ થાવું.'' એમ કહીને ઊઠ્યા. પછી એક હરિજનનું કાંડું ઝાલીને ચાલ્યા. પછી તેને કહ્યું જે, 'ખબરદાર સંકલ્પ કર્યા છે તો ?' ત્યારે તે ભક્તના સંકલ્પ બંધ થઈ ગયા ! પછી તેને કહ્યું જે, 'આમ નિરંતર રે'વાય તો, સંશયગ્રંથિ, કર્મગ્રંથિ, ઇચ્છાગ્રંથિ, મમત્વગ્રંથિ ને અહંગ્રંથિ આદિક અનેક પ્રકારની ગ્રંથિયું નાશ પામી જાય છે ને નિરંતર ભગવાનમાં રે'વાય છે.' (વચ.લો.૭/પં.૨-૩/ગ.મ.૩૯/ગ.અં.૨-૩)

(૧૪) પ્રભુ ભજવા દેહ તો ધર્યા છે, પણ *પંચવિષય છે તે દમઘોષના દીકરા જેવા છે, તે ભગવાનને વરવા દેતા નથી એવા ભૂંડા છે. ત્યારે પૂછ્યું જે, ''*રુક્મિણીજી એક વાર ભગવાનના ગુણ સાંભળીને બોલ્યાં જે, 'વરું તો ભગવાનને વરું, નીકર જીભ કરડીને મરું, પણ દમઘોષનો દીકરો જે શિશુપાળ તેને ન વરું.' ને આજ તો મહારાજ ને મોટા સાધુ નિરંતર કહે છે તોય ભગવાનને મૂકીને વિષયને કેમ વરાય છે ?'' ત્યારે બોલ્યા જે, 'આપણે ભગવાનને વરવા દેહ ધર્યો નથી ને રુક્મિણીએ તો ભગવાનને વરવા દેહ ધર્યો હતો. ને આપણને તો મહારાજનો ને મોટા સાધુનો જોગ થયો છે, તે હમણાં તો ભગવાનમાં રે'વું (રહેવું) કઠણ પડચે છે ને પછી તો નીસરવું કઠણ પડશે, એવો સત્સંગનો પ્રતાપ છે.' ત્યારે પૂછ્યું જે, 'આ દેહ મૂક્યા પછી કેવું થવાશે ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'કાંઈએ નહિ થવાય, તો પણ સ્વરૂપાનંદસ્વામી જેવા તો થાવાશે, એવો મહારાજનો ને મોટા સાધુનો પ્રતાપ

છે.'

(૧૫) જેવા મહારાજ છે ને જેવા આ સાધુ છે તેવા જો જણાય તો તેને સમજવાનું ને કરવાનું કાંઈ રહે જ નહીં. ત્યારે પૂછ્યું જે, 'જેવા મહારાજ છે ને જેવા આ સાધુ છે, તેને જાણ્યા હોય તેની કેવી સમજણ હોય ?' ત્યારે

**यो वेत्ति युगपत्सर्वं प्रत्यक्षेण सदा स्वतः ।**

(શ્રીનાથમુનિ, રામાનુજ સંપ્રદાય)

અર્થ :- 'જે એકસાથે, સર્વ જીવપ્રાણીમાત્રના આશયને પ્રત્યક્ષપણે, કશા પણ આધાર-સાધન વિના સદાકાળ જુએ-જાણે છે.' એ શ્રુતિ બોલીને કહ્યું જે, 'એવી સમજણ હોય ત્યારે ભગવાનને ને મોટા સાધુને જાણ્યા કે'વાય.' ત્યારે વળી પૂછ્યું જે, 'આવી સમજણ હોય તોય ભૂંડું આચરણ કેમ થાય ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'જેને આવી સમજણ હોય તેને તો ભૂંડો સંકલ્પ પણ ન થાય, તો આચરણ તો થાય જ કેમ ? તે જેને જેટલું ભૂંડું આચરણ થાય છે, તેને તેટલું અજ્ઞાન છે ને જેટલું અજ્ઞાન છે, તેટલો જ કુસંગ થાય છે.'

(૧૬) એક વેદાંતી આગળ એમ વાત કરી જે, 'ભગવાનના સ્વરૂપને જે <u>નિરાકાર</u> કે'નારા (કહેનારા) છે ને જાણનારા છે ને સત્‌શાસ્ત્રના અર્થને અવળા અર્થના કરનારા છે, તે તો અનંત જન્મ સુધી ને ત્રેતાયુગમાં દસહજાર વરસ સુધી ને દ્વાપરયુગમાં હજાર વરસ સુધી ને કળિયુગમાં સો વરસ સુધી એને ગર્ભમાંથી શસ્ત્રે કાપી કાપીને કાઢશે, પણ <u>બાળોસાદ</u> કાઢીને રોશે નહિ. ને એમ ને એમ અનંત કલ્પ સુધી દુઃખને ભોગવશે, પણ સુખ તો નહિ જ થાય.' એમ કહીને બોલ્યા જે, 'શ્રી સ્વામિનારાયણે આ પૃથ્વીને વિશે આવીને પાંચ પગ રોપ્યા છે, તેને ખોટા કરીને જીવનું રૂડું થાય, એમ કહી દેખાડો અને તે પાંચ પગ તે શું ? તો, નિષ્કામપણું, નિર્લોભપણું, નિઃસ્વાદ, નિઃસ્નેહ ને નિર્માન, એ જે પાંચ પગ રોપ્યા છે, તેને ફેરવવાને કોઈ સમર્થ નથી. જેમ રાવણની સભામાં *અંગદે પગ રોપ્યો હતો, તે કોઈથી ઊપડ્યો નહિ, તેમ અમે પગ રોપ્યા છે તે કોઈથી ખોટા નહિ થાય.' એમ કહીને નાહવા પધાર્યા.

(૧૭) શ્રીજીમહારાજે અનંત પ્રકારની વાતુ જીવના મોક્ષને અર્થે પ્રવર્તાવી છે, પણ તેમાં ચાર વાતુ છે, તે તો જીવનું જીવન છે. તે શું ? તો, એક તો મહારાજની ઉપાસના ને બીજી મહારાજની આજ્ઞા ને ત્રીજી મોટા એકાંતિક સાધુ સાથે પ્રીતિ ને ચોથું ભગવદીસાથે સુહૃદપણું. એ ચાર વાતુ તો જીવનું જીવન છે, તેને

તો મૂકવી જ નહીં. ને જો અશુભ દેશ, કાળ, સંગ, ક્રિયા, શાસ્ત્ર, મંત્ર, દીક્ષા ને દેવતા, એ આઠ અશુભનો જોગ થાય, તો મહારાજને ને બીજા અવતારાદિકને વિશે સમભાવ કરાવી નાખે અને આજ્ઞાને વિશે ગૌણપણું દેખાડી દિયે ને મોટા સાધુને ને સત્સંગમાં ગડબડગોટા વાળતો હોય એ બેયને એકપણે કરી મૂકે ને ભગવદીને વિશે દોષ દેખાડી દિયે; એ આઠ દેશાદિક તો અસત્પુરુષને વિશે રહ્યા છે; માટે જેને જીવનું જીવન રાખવું હોય, તેણે તો ઓળખીને જીવ જોડવો. ત્યારે એક હરિજને હાથ જોડીને કહ્યું જે, 'માર્યે તો બહુ બંધન થયું છે, તે હું તે કેમ કરું ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'હું તો ઘણોય સુખિયો કરી મૂકું , પણ હું કહું તેમ તમારાથી થાય નહિ ને હું કહું એમ જો તમે કરો તો ત્યાંથી વિમુખ થાઓ, ત્યારે એ વાત થાય; પણ તે વિના તો થાય જ નહીં.' ત્યારે વળી પૂછ્યું જે, 'તમે કહો તેમ કર્યે તે વિમુખ કેમ કે'વાય ?' ત્યારે સ્વામી બોલ્યા જે, "*આ બે જણ હું કહું એમ કર્યે છે, તો ત્યાંના તેને વિમુખ જાણે છે; પણ જો મહારાજ ને મોટા સાધુ રાજી છે, તો સર્વે રાજી થઈ રહ્યા છે.' એટલી વાત કરીને મંદિરમાં પધાર્યા.

(૧૮) 'સાધુ તો ક્યાં ઓળખાય છે ?' એમ કહીને બોલ્યા જે, "જે વરસે છત્રીઉં (છત્રીઓ) ભાંગીઉં (ભાંગી) ને પટારા કઢાવ્યા તે દિ' એક સાધુએ મુને એમ કહ્યું જે, 'આ ભજનાનંદસ્વામી જેવા સત્સંગમાં કોઈ સાધુ નથી; કેમ જે, બીજાના પટારામાંથી નીસર્યું પણ એમના પટારામાંથી કાંઈએ ન નીસર્યું.' ત્યારે મેં કહ્યું જે, શું તારું કપાળ નીસરે ? ગામમાં ક્યાંય મૂક્યું હશે. ને કાંઈ ન હોય તો બે પટારા રાખવાનું શું કામ હોય ? અને સત્સંગમાં વેંદું કરી કરીને પદાર્થ તો ઘણા ભેગા કર્યા હતા, તે કુસંગમાં કયાંય રહ્યા, પણ સત્સંગના કામમાં આવ્યા નથી. તે જુવોને, એવાને પણ મોટા માન્યા હોય ! માટે સાધુ ઓળખાય નહિ." એમ કહીને વળી બોલ્યા જે, પ્રથમ મહારાજે મંડળ બંધાવ્યાં, ત્યારે સર્વે સાધુને કહ્યું જે, "ગુરુ-ગુરુ હોય તે ઊઠીને એક કોર્યે (કોરે, બાજુએ) બેસો." ત્યારે જેટલા ગુરુ હતા તે સર્વે ઊઠીને એક કોર્યે બેઠા. પછી મહારાજે કહ્યું જે, "જેને જ્યાં મળતું આવે તેમ તમે સર્વે બેસો." પછી જેને જેમ મળતું હતું તેમ તે સર્વે બેઠા. પછી સ્વામી કહે, 'હું બ્રહ્માનંદસ્વામી પાસે રે'તો (રહેતો) તે ઊઠીને આત્માનંદસ્વામી પાસે જઈને બેઠો; કેમ જે, બ્રહ્માનંદસ્વામી ટોકે નહિ ને પોતે તો રાજાધિરાજ તે ખાવાનું બહુ આવે તે જુવાન અવસ્થાવાળાને ઠીક નહિ.'

પછી મહારાજ ઊઠીને જ્યાં સંતનાં મંડળ બેઠાં હતાં ત્યાં આવીને જોતે જોતે જ્યાં આત્માનંદસ્વામી બેઠા હતા, ત્યાં આવીને મુને કહ્યું જે, "તમે તો બ્રહ્માનંદસ્વામી પાસે રે'તા ને ?" પછી મેં કહ્યું જે, 'આત્માનંદસ્વામી ઘરડા સાધુ છે, તેમની સેવાનો કરનારો કોઈ નથી તે સારુ રહ્યો છું.' પછી મહારાજે કહ્યું જે, "ઠીક." પછી તો સર્વને જોઈને બોલ્યા જે, "ગુરુ ય મૂરખ છે ને ચેલાય મૂરખ છે ! કેમ જે, સત્સંગના સ્તંભ જેવા છે તેને ઓળખતા નથી ને ઓલ્યા હિંદુસ્થાનમાં લઈ જાય એવા છે, તેની પાસે રહ્યા છે. ને ગુરુય મૂરખ છે જે, સાધુની ગરજ રાખતા નથી, માટે કાંઈક ગરજ રાખવા શીખો." એટલી શિક્ષા કરીને ગુરુ-ગુરુનાં મંડળ બંધાવ્યાં. પછી સ્વામી કહે જે, 'અમારી પ્રકૃતિ તો એક સાધુ રાખીએ એવી નહોતી, પણ મહારાજની મરજી જોઈને બધાય સત્સંગની ખબર રાખવી પડચે છે; નીકર તો મહારાજની મૂર્તિ વિના બીજું કાંઈ જો'એ જ નહીં. તે એક દિ' પુસ્તક બાંધતાં હાથમાંથી પડી ગયું, તે પાછું બાંધ્યું નથી; કેમ જે, જ્યારે પુસ્તક બાંધીએ ત્યારે ભગવાન ક્યારે સંભારીએ ?' એમ કહીને બોલ્યા જે, "એવી રીત્યે બાળમુકુન્દાનંદસ્વામી કે'તા જે, 'બીજા તો આ બેલાં હૈયાં ઉપર ખડકે છે ને તેને કો'ક મુકાવે તો મૃત્યુ થાય' ને આપણે તો બા'ર્ય (બહાર) જ ખડકવાં ને હૈયામાં તો મહારાજ રાખવા. એ વાતુ એકાંતિકની છે." (જુઓ પ્રકરણ ૫ ની વાત ૪૨૬)

(૧૯) જીવ બીજે ક્યાંય અટકતો નથી. મહારાજને પુરુષોત્તમ કે'વા (કહેવા) તેમાં અટકે છે. પછી રઘુવીરજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, 'મહારાજનાં ચરિત્ર દીઠાં-સાંભળ્યાં હોય તો ય કે'તાં (કહેવા)-લખતાં અટકે છે કેમ ?' પછી સ્વામી બોલ્યા જે, "એક ઘોડાનો સ્વપ્નમાં પગ ભાંગ્યો, તે જ્યારે જાગ્યો ત્યારે તોળીને ઊભો, પણ પગ માડે નહિ. પછી વૈદને દેખાડચો; ત્યારે વૈદે કહ્યું જે, 'આ ઘોડાનો પગ ભાંગ્યો નથી ને કાંઈ માંદો થયો નથી, એને તો સ્વપ્ન થયું છે તે પગ તોળીને ઊભો છે.' ત્યારે પૂછ્યું જે, 'એનું કેમ કરવું ?' ત્યારે તેણે કહ્યું જે, 'બસેં ઘોડાં સાબદાં કરો ને તોપુંના ને બંધૂકુંના ભડાકા કરવા માંડો, એટલે ચમકશે ત્યારે સ્વપ્ન થયું છે, તે મૂકી દેશે.' તેમ એને શાસ્ત્રના શબ્દની ભ્રાંતિ પડી છે, તે આમને આમ નિરંતર ધડાકા ને પડકારા કરશું તો મૂકી દેશે." એટલી વાત કરી, પછી રઘુવીરજીમહારાજ ગાદી ઉપર ચંપાનાં ત્રણ્ય ફૂલ મૂકીને બોલ્યા જે, 'કેટલાક તો આ ફૂલ સુધી પૂગે છે ને કેટલાક તો આ ફૂલ સુધી પૂગે છે, પણ આ ફૂલ સુધી તો

કોઈ પૂગતા જ નથી;' એમ મર્મમાં વાત કરી. પછી સ્વામીએ ત્રીજું ફૂલ હતું તે *અચિંત્યાનંદબ્રહ્મચારીને દીધું. પછી રઘુવીરજીમહારાજે કહ્યું જે, 'સ્વામી પારસાવ્યા કે ?' એમ કહીને જમવા પધાર્યા. (જુઓ પ્રકરણ ૧૧ ની વાત ૮૭)

(૨૦) એક મોટા હરિભક્ત હતા, તેણે સ્વામીને બોલાવીને કહ્યું જે, 'ગાડીમાં આવો.' ત્યારે સ્વામી ગાડીમાં બેઠા. પછી પ્રશ્ન પૂછ્યું જે, 'હૃદયમાં ટાઢું કેમ થાય ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'ટાઢું તો તો થાય જે, જેમ ભગવાન સામું જોઈ રહીએ છીએ તેમ જ્યારે મોટા સાધુ સામું જોઈ રે'શું (રહેશું), ત્યારે ટાઢું થાશે.' એમ કહીને વળી બોલ્યા જે, 'જેમ ગાયનું વાછરું હોય તે ગાયના શરીરમાં ગમે ત્યાં થબડકા માર્યે, પણ દૂધનું સુખ આવે નહિ, તે તો જ્યારે આંચળને વળગે ત્યારે દૂધનું સુખ આવે છે. તે તો દૃષ્ટાંત છે ને એનું સિદ્ધાંત એ છે જે, આ બધોય સત્સંગ તો મહારાજનું શરીર છે, પણ જે મોટા એકાંતિક સાધુ છે, તે દ્વારે તો મહારાજ અખંડ રહ્યા છે, તેને વળગે છે ત્યારે તેને મહારાજનું સુખ આવે છે, જેમ ગાયના આંચળમાંથી દૂધ આવે છે તેમ.'

(૨૧) સ્વામીએ એક દિવસ શિવલાલને ગાડીમાં બેસારીને કહ્યું જે, "તારા મનમાં એમ જાણે છે જે, 'મેં ગઢડામાં મૂર્તિ પધરાવી ને ભાવનગરમાં રઘુવીરજીમહારાજને પધરાવ્યા, એ કામ બહુ મોટું કર્યું'; પણ તારા જીવ સામું જોઉં છું ત્યાં તો અરધો સત્સંગ રહ્યો છે." ત્યારે હાથ જોડીને કહ્યું જે, 'હા મહારાજ !' પછી સ્વામી બોલ્યા જે, 'આવા સાધુને મૂકીને જે જે સુખ ઇચ્છવું તે તો જેમ એક દિ' ગાયનું વાછરું છૂટીને ગૌશાળે ગયું ને જાણે જે, દૂધનું સુખ લઉં. પછી તો ત્યાં પોઠિયા ઊતરેલ તે જ્યાં મોઢું ઘાલવા જાય ત્યાં પાટુ ખાય. તે પાટચું ખાઈખાઈને મોઢું તો સૂજી ગયું, પણ દૂધનું સુખ તો આવ્યું નહિ; પછી પોતાની મા આવી, તોય ધાવવા સમર્થ ન થયું. તેમ આવા સાધુને મૂકીને બીજે સુખ લેવા જાય, તે તો પાટચું ખાધા જેવું છે; કેમ જે, આજ્ઞા-ઉપાસનામાં ભંગ પાડશે, ત્યારે આવા સાધુપાસે નહિ બેસાય; જેમ ગાયનું વાછરું ગાય પાસે ન ગયું તેમ.' એમ કહીને બોલ્યા જે, 'આમ ને આમ બે મહિના સુધી વાતુ કરીશ ત્યારે મોર્યે (મોરે, પહેલા) ભગવાનમાં જીવ જોડાણો હતો એવો જોડાશે, એવો સ્થૂળભાવ આવી ગયો છે ને આ વાતુ તો ભગવાનમાં જોડાવાની છે.'

(૨૨) સ્વામીએ એક દિવસ શિવલાલને કહ્યું જે, 'આજ ક્યાં ગયા

હતા ?' ત્યારે હાથ જોડીને કહ્યું જે, 'આજ તો શહેરમાં ગયો હતો.' પછી વળી કહ્યું જે, 'એક રસોઈ લઈ આવ્યો છું.' પછી સ્વામીએ કહ્યું જે, 'રસોઈ કેવી ?' ત્યારે શિવલાલે કહ્યું જે, 'સોનું લઈને બીજે દીધું, તેમાંથી દોઢસો રૂપિયા રહ્યા તેની રસોઈ.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'એ તો ઠીક, પણ સોનું લેવાનો સંકલ્પ થયો, પણ કોઈ દિ' સો કરોડચ મણ ઢૂંસાં લઈને કમાણી કરીએ, એવો સંકલ્પ થાય છે ?' ત્યારે કહ્યું જે, 'ના મહારાજ !' ત્યારે સ્વામી બોલ્યા જે, 'મોટા સાધુની સમજણમાં તો મહારાજની મૂર્તિ વિના પ્રકૃતિપુરુષ સુધી ઢૂંસાં જ છે, પણ કાંઈ માલ જણાતો નથી. ને તમે એટલી ઘડી આવા સાધુનાં દર્શન ને વાતુ મૂકીને શ્યી કમાણી કરી ?' એમ કહીને બુદ્ધિનો ડોળ ટાળી નાખ્યો.

(૨૩) એક હરિજને પ્રશ્ન પૂછ્યો જે, 'ગોલોકને મધ્યે અક્ષરધામ છે એમ સંપ્રદાયના ગ્રંથોમાં લખ્યું છે, તે કેમ સમજવું ?' પછી સ્વામી બોલ્યા જે, 'જેની જેવી સમજણ હોય ત્યાં તેણે અક્ષરધામ માન્યું હોય. તેમાં કેટલાકે તો બદરિકાશ્રમને અક્ષરધામ માન્યું હોય ને કેટલાકે તો શ્વેતદ્વીપને અક્ષરધામ માન્યું હોય ને કેટલાકે તો વૈકુંઠલોકને અક્ષરધામ માન્યું હોય ને કેટલાકે તો ગોલોકને અક્ષરધામ માન્યું હોય; પણ જેને મહારાજનો મહિમા જણાય છે તેને જેમ છે તેમ અક્ષરધામ સમજાય છે.'

તે ઉપર પ્રથમનું ૬૩મું વચનામૃત વંચાવીને કહ્યું જે, 'જુઓને, મહારાજ લખી ગયા છે કે, જેમ ઝીણાં મચ્છર હોય તેને મધ્યે કીડી હોય તે મોટી દેખાય ને કીડીને મધ્યે વીંછી હોય તે મોટો દેખાય ને વીંછીને મધ્યે સાપ હોય તે મોટો દેખાય ને સાપને મધ્યે સમળા હોય તે મોટી દેખાય ને સમળાને મધ્યે પાડો હોય તે મોટો દેખાય ને પાડાને મધ્યે હાથી હોય તે મોટો દેખાય ને હાથીને મધ્યે ગિરનાર જેવો પર્વત હોય તે મોટો દેખાય ને તે પર્વતને મધ્યે મેરુ પર્વત મોટો દેખાય ને તે મેરુ જેવા પર્વતને મધ્યે લોકાલોક પર્વત તે અતિશે મોટો જણાય, તેમ ગોલોકને મધ્યે અક્ષરધામ છે એમ સમજવું; પણ કાંઈ એક હાથીમાં ગિરનાર પર્વત આવી ગયો એમ નથી અને બીજા અનંત પર્વતને મૂકીને ગિરનાર પર્વતને ગણ્યો છે ને બીજા અનંત પર્વતને મૂકીને મેરુ પર્વતને ગણ્યો છે ને બીજા અનંત પર્વતને મૂકીને લોકાલોક પર્વતને ગણ્યો છે, તેમ અનંત ધામોને મૂકીને અક્ષરધામને કહ્યું છે; પણ કાંઈ ગોલોકમાં અક્ષરધામ આવી ગયું એમ નથી. ને બીજા ધામની તો અવધિ કહી છે,

પણ અક્ષરધામની તો અવધિ કહી નથી, એ સિદ્ધાંત વાત છે.'

(૨૪) અમે જે જે આજ્ઞા કરીએ તેમાં મહારાજની મૂર્તિ આપીએ, પણ જેને જ્ઞાન નહિ તેને એ વાત સમજાય નહિ ને મહારાજનો ને મોટા સાધુનો એ જ સિદ્ધાંત છે; કેમ જે, મહારાજને તો પોતાની મૂર્તિનું જ સુખ દેવું છે, પણ ઐશ્વર્યનું સુખ આપવું નથી; કેમ જે, જીવ ઐશ્વર્યાર્થી થઈ જાય. તેમ જ મોટા સાધુનો પણ એ જ મત છે જે, મહારાજની મૂર્તિને વિશે જ જોડવા છે, પણ વિષયને વિશે ને દેહને વિશે જોડવા નથી અને જે વિષયને વિશે જોડે છે તે એકાંતિક નહિ અને જે ઐશ્વર્યને વિશે જોડે છે તે પુરુષોત્તમ નહિ. તે એ મર્મને તો પ્રહ્લાદે જાણ્યો જે, 'વિષયને આપે તે ભગવાન નહિ અને જે વિષયને માગે તે ભક્ત નહિ.' તે માટે જેને ભગવન્નિષ્ઠ થાવું હોય તેણે મહારાજની મૂર્તિ વિના બીજું કાંઈ ઇચ્છવું નહિ એ સિદ્ધાંત વાત છે. એમ કહીને વળી બોલ્યા જે, 'આ ભગવાન ને આ સાધુનું રૂપ તો સિદ્ધિયું પણ ધરી શકતી નથી; કેમ જે, એ તો અકળ છે ને બીજા અવતારનું રૂપ તો સિદ્ધિયું ધરે છે; પણ આ પ્રત્યક્ષ મહારાજ ને આ પ્રત્યક્ષ સંત તેનું રૂપ સિદ્ધિયું ધરતી નથી, જેમ જે રાજા ગાદીએ હોય તેનો વેશ <u>તરગાળો</u> કાઢતો નથી તેમ.'

(૨૫) મહારાજનો ને મોટા સાધુનો જે હૃદગત અભિપ્રાય જાણવો તે તો બહુ જ કઠણ છે. તે તો ક્યારે જણાય, તો એક કલ્પ સુધી જો મુક્તાનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામી તથા કૃપાનંદસ્વામી એવાને સેવીએ ત્યારે જણાય, પણ તે વિના તો જણાય જ નહીં એ સિદ્ધાંત વાત છે. ને તે વિના જે કાંઈ આપણને જણાય છે તે તો શ્રીજીમહારાજની ને આ મોટા સાધુની દૃષ્ટિવડે કરીને જણાય છે. ને તેમની દૃષ્ટિ ક્યારે થાય ? તો દૃઢ ધર્મ હોય તથા આત્મા-પરમાત્માનું અતિ દૃઢ જ્ઞાન હોય તથા પંચવિષયમાં અતિશે દૃઢ વૈરાગ્ય હોય તથા પુરુષોત્તમભગવાનની <u>માહાત્મ્ય જ્ઞાને સહિત અનન્ય ભક્તિ</u> હોય, તેને માથે દૃષ્ટિ થાય છે; પણ દેહાભિમાનીને માથે દૃષ્ટિ થાતી નથી ને તે વિના કાંઈ દૃષ્ટિ જેવું જણાય છે તે અંત્યે નહિ જ રહે, એમાં કાંઈ સંશય નથી. (જુઓ પ્રકરણ ૩ ની વાત ૪૫, ને પ્રકરણ ૬ ની ૮૩, ને પ્રકરણ ૯ ની ૧૯૬)

(૨૬) જેવો સત્સંગ છે તેવો તો જણાય જ નહીં ને કો'ક જાણે તો સત્સંગ કર્યે નહિ ને કો'ક કર્યે તો જેવો સત્સંગ છે તેવો થાય નહિ ને જો થાય તો જાળવવો બહુ કઠણ છે; તે કાં તો બે'કી (બહેકી) જાય ને કાં તો ગાંડો થઈ જાય, પણ જળવાય નહિ અને તે સત્સંગ કોણ જાળવે ? તો જેને મહારાજને વિશે ને આ

મોટા સંતને વિશે માહાત્મ્યજ્ઞાને સહિત પ્રીતિ હોય તે જ જાળવે, પણ બીજાથી તો જળવાય નહિ. એમ કહીને વળી બોલ્યા જે, 'આજ વર્તમાન કાળે જેણે દેહ ધર્યા છે તેને તો એક પગલું અક્ષરધામમાં છે ને જેને આ સાધુની ઓળખાણ થઈ છે તેને તો બેય પગલાં અક્ષરધામમાં જ છે; પણ જેને એ વાતનું જ્ઞાન નહિ તેને એ વાત સમજાય નહિ. ને આ સત્સંગમાં તો અનંત પ્રહ્લાદ ને અનંત અંબરીષ ને પર્વતભાઈ જેવા અનંત છે, પણ સાધુસમાગમ વિના જ્ઞાન થાય નહિ ને જ્ઞાન થયા વિના એવો મહિમા જણાય નહિ ને મહિમા જાણ્યા વિના સુખિયો થાય નહિ, એમાં કાંઈ સંશય નથી.'

(૨૭) ખરેખરું જ્ઞાન થાય તો તે માયાના પેચમાં આવે નહિ, જેમ જળકૂકડીને જળ લોપે નહિ, તેમ એવા પુરુષ માયામાં આવે તોય માયા લોપી શકે નહિ, જેમ જળકૂકડીને જળ લોપે નહિ તેમ; તથા જેમ જાળકાતરણી માછલું છે તે જાળમાં આવે નહિ; કેમ જે, બેય કોર્યે અસ્તરા જેવી ધારું હોય તે જાળને કાપીને નીસરી જાય, તેમ એવા સમર્થ પુરુષ હોય તે અનંત જીવુંને માયા પર કરી મૂકે એવા છે. ને તમારે તો આ પૃથ્વીનું વેજું છે. તે શું ? તો, પ્રત્યક્ષ મહારાજ ને પ્રત્યક્ષ સંત પ્રગટ વિરાજે છે એવું તમારું મોટું ભાગ્ય છે. તે ઉપર શેરડીના ગાંદળાનું દૃષ્ટાંત દીધું, જેમ શેરડીનો સાંઠો હોય તેનું થડિયું તે કઠણ હોય ને પીછું હોય તે મોળું હોય ને વચલી ગાંદળી હોય તે મીઠી હોય, તેમ તમારે પ્રભુ ભજવામાં આજ સાનુકૂળ છે; કેમ જે, મોટા સંતનો જોગ છે ને મોર્યે તો મારતા ને ખાવા મળતું નહિ ને આજ તો સર્વે અંગે સાનુકૂળ છે તે પ્રભુ ભજી લેવા, પણ આળસુ થાવું નહિ.

(૨૮) સો કરોડ્ય રાખનાં પડીકાં વાળીને પટારામાં ભરી મૂકીએ ને તાળાં દઈ રાખીએ ને જે દિ' કાંઈક કામ પડ્યે ને કાઢીએ તો કાંઈ સારું નીસરે ? ત્યારે કહ્યું જે, 'ના મહારાજ !' ત્યારે સ્વામી બોલ્યા જે, 'મહારાજની મૂર્તિ વિના અને આ સાધુ વિના પ્રકૃતિપુરુષ સુધી રાખનાં પડીકાં જ છે, તે ગમે તો મૂર્તિને મૂકીને દેવતાના લોકમાં જાઓ ને ગમે તો ઈશ્વર કોટિના લોકમાં જાઓ ને ગમે તો પુરુષ કોટિના લોકમાં જાઓ; પણ મહારાજની મૂર્તિ વિના ને આ સાધુ વિના સુખ કે શાંતિ ક્યાંય નથી.' એમ કહીને બોલ્યા જે,

સુરપુર નરપુર નાગપુર એ તીન મેં સુખ નાંહિ;
કાં સુખ હરિ કે ચરણ મેં, કાં સંતન કે માંહિ.

(૨૯) ચંદ્રમાનું પ્રતિબિંબ જળમાં પડે છે, ત્યારે તેને જોઈને માછલું

રાજી થાય છે ને એમ જાણે જે, આ પણ આપણા જેવું માછલું છે; પણ જેવો ચંદ્રમા છે, ને જેવું તેનું મંડળ છે ને જેવું તેમાં તેજ છે ને જેવું તેનું ઐશ્વર્ય ને સામર્થ્ય છે તેને માછલું જાણી શકતું નથી. તથા જેમ સમુદ્રમાં વા'ણ (વહાણ) ચાલ્યું જતું હોય, તેને મોટા મચ્છ હોય તે જોઈને મનમાં એમ જાણે જે, આ આપણા જેવો મચ્છ છે, તે ચાલ્યો જાય છે; પણ જેવું વા'ણ છે ને સમુદ્ર તારે એવું છે ને લાખો-કરોડ્ય રૂપિયાનો માલ લઈ જાય છે ને લાવે છે, તેને જાણી શકતો નથી. તે તો દૃષ્ટાંત છે ને એનું સિદ્ધાંત તો એ છે જે, 'જેવા મહારાજ છે ને જેવા મહારાજના સંત છે, ને જેવાં તેમનાં સ્વરૂપ, સ્વભાવ, ગુણ, ઐશ્વર્ય ને સામર્થ્ય છે તેને જાણતા નથી. જેમ માછલું ને મચ્છ પોતપોતાના જેવા જાણે છે, તેમ જે મનુષ્ય છે તે પોતા જેવા જાણે છે; પણ જેવા છે તેવા જાણતા નથી.' એમ કહીને શ્લોક બોલાવ્યો જે,

अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।
परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ॥
(ભગવદ્ ગીતા : ૯/૧૧)

અર્થ :- મારા પરમ ભાવને નહિ જાણનારા મૂઢ લોકો મનુષ્ય શરીરમાં રહેલા સમસ્ત ભૂતોના ઈશ્વર એવા મારી અવજ્ઞા કરે છે. એવા જે મૂરખ છે ને મૂઢમતિ જીવ છે તે મનુષ્ય જેવા જાણે છે, પણ અનંત કોટિ જીવુંને બ્રહ્મરૂપ કરીને અક્ષરધામમાં લઈ જાય એવા છે, એમ તેને જાણતા નથી, એ અજ્ઞાન છે.

(૩૦) એક હરિજન સંસાર મૂકીને આવ્યા, તેને બોલાવીને વાત કરી જે, "એક કઠિયારો હતો તે લાકડાંના ભારા લાવીને વેચતો. પછી એક દિ' હેમગોપાળની ઝાડીમાંથી બાવના ચંદનનું લાકડું આવી ગયું. તેને ખબર વિના ચૂલામાં સળગાવ્યું ને તેની સુગંધ કો'ક શાહુકારને આવી. પછી તે શાહુકારે પૂછ્યું જે, 'આ ગામમાં બાવના ચંદન બાળે એવો ધનાઢ્ય કોણ છે ?' પછી સર્વેએ કહ્યું જે, 'આ ગામમાં તો કઠિયારા રહે છે.' પછી તે શાહુકારે ત્યાં જઈને બળતાં થોડુંક રહ્યું હતું તે લાવીને વિષ્ણુ ભગવાનને ચડાવ્યું. તે જ્યારે દેહ મૂક્યો ત્યારે વિષ્ણુના લોકમાં ગયો. એ તો દૃષ્ટાંત છે ને એનું સિદ્ધાંત તો એ છે જે, 'હેમગોપાળને ઠેકાણે તો આ ભરતખંડ છે ને બાવના ચંદનને ઠેકાણે તો મનુષ્ય દેહ છે. તે ખબર વિનાનું સ્ત્રી, દ્રવ્ય, દીકરા, દીકરી, લોક, ભોગ, ને દેહ તેને વિશે બાળી દિયે છે, તેમ આપણે બાળવું નહિ. આપણે તો,

अर्थं साधयामि वा देहं पातयामि । (સુવાક્ય)

અર્થ :- 'મારો ધાર્યો અર્થ હું સિદ્ધ કરીશ અથવા દેહનો પાત (નાશ) કરીશ', એવો અડગ નિશ્ચય હોવો જોઈએ. **એમ કરવું. એમ કહીને બોલ્યા જે,**

કોટિ જન્મ લગી રગડ હમારી. વરું શંભુ કે રહું કુમારી;

**એટલી વાત કરીને ઊઠ્યા.** (જુઓ પ્રકરણ ૧૦ ની વાત ૩૨૪)

**(૩૧)** એક હરિજને પ્રશ્ન પૂછ્યો જે, 'મચ્છરથી તે ગરુડ સુધી ભેદ કહ્યા છે, તે મચ્છરિયું તે ગરુડની ગતિ કેમ કર્યે ? એમ અણવિશ્વાસ રહે છે.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'ગરુડ પૃથ્વી ઉપર આવ્યો હોય ને તેની પાંખમાં મચ્છરિયું બેસી જાય તો કેટલો પ્રયાસ પડચે ?' ત્યારે કહ્યું જે, 'કાંઈ પ્રયાસ પડચે નહિ.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'ગોપાળાનંદસ્વામી ને મુક્તાનંદસ્વામી તે તો ગરુડ જેવા છે, તેમની પાંખમાં આપણે બેસી ગયા છીએ, માટે કાંઈ ચિંતા ન રાખવી.' ત્યારે વળી પૂછ્યું જે, 'પાંખ તે શી સમજવી ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'આજ્ઞા ને ઉપાસના એ બે પાંખો છે, તેને મૂકવી જ નહીં, તો સહેજે જ અક્ષરધામમાં જવાશે, એમાં કાંઈ સંશય નથી.' એમ કહીને વળી બોલ્યા જે, 'ત્રણ્ય પ્રકારનાં પંખી છે. તેમાં કેટલાંક પંખી તો વૃત્તિદ્વારે ઈંડાં સેવે એવાં છે ને કેટલાંક પંખી તો દૃષ્ટિદ્વારે સેવે એવાં છે ને કેટલાંક પંખી તો પાંખમાં રાખીને સેવે એવાં છે. તેમાં વૃત્તિદ્વારે ઈંડું સેવાતું હોય, તે ઈંડું દૃષ્ટિમાં આવે તો ગંદું રહે ?' ત્યારે કહ્યું જે, 'ન રહે.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'એ ઈંડું પાંખમાં આવીને પડે તો શું ગંદું રહે ? ન જ રહે. એ તો દૃષ્ટાંત છે ને એનું સિદ્ધાંત તો એ છે જે, વૃત્તિદ્વારે સેવે એવા તો ગોપાળાનંદસ્વામી ને કૃપાનંદસ્વામી જેવા છે; તેમની પાંખમાં પડચા છીએ, માટે કાંઈ કસર રે'શે નહિ એમ જાણવું.'

**(૩૨)** ભજન કરતાં કરતાં ક્રિયા કરીએ તો અંતરમાં ટાઢું રહે ને અંતરમાં ટાઢું જોઈને મોટા સાધુ રાજી થાય ને જેની ઉપર મોટા સાધુ રાજી થાય, તેનો જીવ સુખિયો થઈ જાય. ને જેનું અંતર ધગતું હોય તેને દેખીને શું રાજી થાય ? ત્યારે કહ્યું જે, 'ભગવાન ને સાધુ તો બહુ રાજી થયા.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'જો મહારાજ રાજી ન થયા હોય તો આવો જોગ ક્યાંથી થાય ?' તે મહારાજે પોતે કહ્યું છે જે, "મારો રાજીપો થાય તેને બુદ્ધિયોગ આપું છું; કાં રૂડા સાધુનો સંગ આપું છું. તે બુદ્ધિયોગ તે શું ? તો બુદ્ધિને વિશે એવું જ્ઞાન જે, ભગવાન રાજી થાય." ત્યારે પૂછ્યું જે, 'ભગવાન નિરંતર રાજી કેમ રહે ?' પછી સ્વામી બોલ્યા જે, 'ભગવાનને નિરંતર રાજી રાખવા હોય તેણે ભગવાનની આજ્ઞા લોપવી નહિ

અને આપણને ભગવાનનું સ્વરૂપ મળ્યું છે તે વિના બીજે સુખ ઇચ્છવું નહિ ને ખરેખરા ભગવાનના સાધુ હોય તેનો સંગ રાખવો, તો તેની ઉપર ભગવાન ને મોટા સાધુ નિરંતર રાજી રહે, એમાં કાંઈ સંશય નથી.'(વચ.ગ.પ્ર.૨૩)

(૩૩) સત્સંગમાં એમ વાત થાય છે જે, જીવ બ્રહ્મરૂપ થઈ જાય. ત્યારે પૂછ્યું જે, 'સત્સંગમાં વાત તો થાય છે, તોય જીવ બ્રહ્મરૂપ કેમ થાતો નથી ?' પછી સ્વામી બોલ્યા જે, 'હેતે કરીને સત્પુરુષમાં જીવ બાંધ્યો નથી અને સત્પુરુષમાં જીવ બાંધ્યો હોય તો તેનો વિશ્વાસ ન આવે.' ત્યારે વળી પૂછ્યું જે, 'હેતે કરીને જીવ બાંધ્યો હોય, તેનો વિશ્વાસ કેમ ન આવે ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'આ *જલાભક્તે મારા સાથે જીવ ઘણો બાંધ્યો છે, પણ મારો વિશ્વાસ ન આવે.' એમ કહીને વળી બોલ્યા જે, 'વિશ્વાસ તો હોય તો પણ નિષ્કપટપણે વરતાય નહિ, ને નિષ્કપટપણે વરતે તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહિ; એ સિદ્ધાંત વાત છે.'

(૩૪) એકદિવસ સ્વામી નાના નાના સાધુ, પાળા ને બ્રહ્મચારી સામું જોઈને બોલ્યા જે,

દેશદેશાંતર બ્હોત ફિર્યા, મનુષ્ય કા બ્હોત સુકાળ;
જાકું દેખે છાતી ઠરે, વા કા પડ્યા દુકાળ.

એમ કહીને બોલ્યા જે, 'જેમ મહારાજને જોઈને સમાધિ થઈ જાય ને જીવ સુખિયો થઈ જાય છે, તેમ નિરંજનાનંદસ્વામીને દર્શને કરીને સમાધિ જેવું સુખ વર્ત્યા કર્યે, એવાના દુકાળ છે.' ત્યારે પૂછ્યું જે, 'જેને દર્શને કરીને છાતી ઠરે છે એવો એમાં શો ગુણ હોય જે, આગલ્યાને જોઈને પોતાની છાતી ઠરે ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'જેની સામું જો'એ ને વૃત્તિ પાછી વળી આવે ત્યારે છાતી ઠરે છે ને જેની સામું જો'એ ને વૃત્તિ ચળાયમાન થાય તો તેને દેખીને છાતી ઠરે નહિ.' ત્યારે પૂછ્યું જે, 'જેને દેખીને આગલ્યાની છાતી ઠરે છે, એવા ગુણ આવ્યાનું શું કારણ છે ?' પછી સ્વામી બોલ્યા જે, 'એવા ગુણ તો ન જ આવે; તે ગમે તો ભેળો રહે કે સેવા કર્યે ને ગમે તો કહે તેમ કર્યે, તો પણ મોટાના ગુણ તો આવે જ નહીં.' ત્યારે વળી હાથ જોડીને પૂછ્યું જે, 'હે મહારાજ ! શો ઉપાય કર્યે ત્યારે એવા ગુણ આવે ? ને 'વચનામૃત'માં તો બહુ ઠેકાણે કહ્યું છે જે, સત્પુરુષના ગુણ તો મુમુક્ષુમાં આવે છે.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'સત્પુરુષના ગુણ તો, તો આવે, જો એવાને નિર્દોષ સમજે ને સર્વજ્ઞ જાણે ને એવા છે તેની સાથે કોઈ પ્રકારે અંતરાય રાખે નહિ, તો સત્પુરુષના ગુણ એ મુમુક્ષુમાં આવે છે, પણ તે વિના તો આવે જ નહીં.'

(૩૫) શ્રીજીમહારાજ એમ કે'તા જે, ''બીજા તો અભાગિયા પણ *જાદવ તો નિરંતર અભાગિયા.'' એમ કહીને બોલ્યા જે, 'જેવા મહારાજ છે ને જેવા આ સાધુ છે તેને જેમ છે તેમ ન જાણે તો નિરંતર અભાગિયા છે; કેમ જે, છોંતેરાનો મેઘ વરસ્યો ને વુઠે મેહે કાળ પડ્યો ને ગંગામાં નાહ્યો ને માથું કોરું રાખ્યું ! અને એમ જાણ્યા વિના આ સત્સંગમાં રહ્યા છે, તે તો જેમ છોકરાં, વાછરડાં રહ્યાં છે એમ રહ્યા છે, પણ જેવા છે તેવા જાણી શક્તા નથી અને સત્સંગનો મહિમા તો બહુ મોટો છે.' તે મહારાજ કે'તા જે, ''આ સત્સંગ તો બ્રહ્મરૂપ ને મહાવિષ્ણુરૂપ છે.'' એમ કહીને બોલ્યા જે,

ધન્ય ધન્ય જો જન શોધી સત્સંગતિ આયો,
તીરથ વ્રત જપ જોગ સબનકો ફલ સો પાયો;
કીયો વચન મેં વાસ ભયો તેહિ બેહદ વાસા,
હરિ હરિજન રસરૂપ રહત તહાં પ્રગટ પ્રકાશા;
જેહિ મન વચન પર વેદ કહે તેહિ સુખમેં સંતત રહે,
મુકુંદ સો સત્સંગ કો મહિમા કો મુખ સેં કહે.
(મુક્તાનંદ કાવ્ય : મુકુન્દ બાવની-૬)

એવો સત્સંગનો મહિમા કહ્યો છે.

*दुर्भगो बत लोकोऽयं यदवो नितरामपि ।
ये संवसन्तो न विदुर्हरिं मीना इवोडुपम् ॥
(શ્રીમદ્ ભાગવત : ૩/૨/૮)

અર્થ :- ઉદ્ધવ વિદુરને કહે છે : 'ખરેખર, આ લોક દુર્ભાગી છે અને તેમાં પણ યાદવો તો અત્યંત દુર્ભાગી છે; કારણ કે જે યાદવો શ્રીકૃષ્ણની સમીપ રહેવા છતાં, માછલાં જેમ નાવને ન જાણે તેમ તેઓ શ્રીકૃષ્ણને જાણી શક્યા નહિ.

(૩૬) એકદિવસ સ્વામી સૂતા હતા તે બેઠા થઈને પ્રશ્ન પૂછ્યો જે, 'સારામાં સારું તે શું છે ? ને ભૂંડામાં ભૂંડું તે શું છે ?' ત્યારે કોઈ બોલ્યા નહિ. ત્યારે સ્વામી બોલ્યા જે, 'સારામાં સારું તો આ ભગવાન ને આ સાધુનો સંબંધ થયો છે તેથી કાંઈ સારું નથી ને તેથી કાંઈ સારું સમજવાનું નથી. ને ભૂંડામાં ભૂંડું શું છે ? તો આ સાધુને વિશે મનુષ્યભાવ આવે છે તેથી બીજું કાંઈ ભૂંડું નથી અને તે મનુષ્યભાવ તે શેણ્યે (શાને) કરીને આવે છે તો લોક, ભોગ, દેહ ને ચોથો પક્ષપાત, તેણે કરીને મનુષ્યભાવ આવે છે. તેમાં જેવું પક્ષપાતે કરીને જીવનું ભૂંડું થાય છે, તેવું તો પંચવિષયે કરીને પણ નથી થાતું. તે પક્ષે કરીને તો ગોપાળાનંદસ્વામીને માથે

પાણા નાખ્યા ને ઝોળીમાં દેવતા નાખ્યો, તે દેવતાના કાઢનારા આંહીં બેઠા છે.' એમ કહીને વળી બોલ્યા જે, 'એવો સંસ્કાર તો અમારે માથે ઘણો થયો છે ! તે મુખથકી કે'વાય નહિ ને એવા અવળા પક્ષે કરીને મોટા સાધુના અવગુણ લીધા છે, તેણે કરીને તો ભૂતની યોનિને પામ્યા છે અને વળી કોઈ હશે તે પણ પામશે ને તે પાપે કરીને ખાવી વિષ્ટા ને પીવી લઘુશંકા ને એવાં દુઃખને ભોગવે છે પણ સુખ તો ક્યાંય થાય નહિ.'

(૩૭) એક દિવસ સ્વામીએ અરધી રાત્રિના ઊઠીને એમ વાત કરી જે, 'કેટલાક એમ જાણે છે જે, સ્વામી અમારી કોર્ય છે ને કેટલાક એમ જાણે છે કે સ્વામી અમારી કોર્ય છે; પણ અમારો અભિપ્રાય તો મોટા મોટા સદ્‌ગુરુ પણ જાણી શક્યા નથી, તો આજ તમે શું જાણશો ?' ત્યારે પૂછ્યું જે, 'બહુ મોટા હોય તેનો અભિપ્રાય નાનો હોય તે જાણે કે ન જાણે ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'શું ઘૂડચ જાણે અને જે પતંગિયો હોય તે સૂર્યનો અભિપ્રાય જાણે છે ? નથી જાણતો; તેમ મોટાનો અભિપ્રાય તો જણાય જ નહીં, એ સિદ્ધાંત વાત છે.'

(૩૮) મોર્યે તો મહારાજનો અનેક પ્રકારનો રાજીપો હતો અને પ્રથમના પ્રકરણમાં ધ્યાન કરવું, ત્યાગ રાખવો, સત્સંગ કરાવવો, મંદિર કરવાં ને ભણાવવા, ઇત્યાદિક અનેક પ્રકારનો રાજીપો હતો; અને આ વર્તમાનકાળે ભગવાનનો શ્યેમાં (શેમાં, શામાં) રાજીપો છે, તો પંચાળાનાં ૭માં - નટની માયાનાં વચનામૃતમાં ભગવાનનું સ્વરૂપ નિર્દોષ કહ્યું છે, તેવી રીત્યે મહારાજનું સ્વરૂપ સમજવું; ને તેવી રીત્યે જ આ સંતનું સ્વરૂપ પણ સમજવું. ને ભગવાનની આજ્ઞા પાળવી ને રૂડા સાધુનો સંગ રાખવો; તો તેની ઉપર મહારાજ રાજી રાજી ને રાજી જ છે. એમ કહીને મસ્તક ઉપર કળાઈ મૂકીને તકિયા ઉપર ઢળી ગયા.. ને વળી એમ બોલ્યા જે, 'બીજું અધિક કાંઈ સમજવાનું નથી ને એટલું જ સમજવાનું છે જે, મહારાજને પુરુષોત્તમ જાણવા ને આ સાધુને અક્ષર જાણવા. ને આ બધાય અક્ષર છે અને ઓલ્યા મૂળઅક્ષર છે તે પણ આંહીં દેહ ધરીને આવ્યા છે, એ બે વાત પ્રથમના ૭૧મા વચનામૃતમાં કહી છે. ને એ બે વાતને તો નથી સમજ્યો ને તે વિના તો,

પીંગળ પુરાણ શીખ્યો, ગાતાં વાતાં શીખ્યો શીખ્યો સર્વે સૂર મેં,
એક રામ નામ બોલવો ન શીખ્યો તો શીખ્યો સર્વે ગયો ધૂર મેં.

એ વાત અમદાવાદના સાધુની આગળ કહી ને ગાદી ઉપર હાથ નાખ્યો.

(વચ.લોયા.૬)

(૩૯) આગ્ય લગી ચહુ ઓર અવિદ્યા કી અતિ ભારી,
અધો, ઉર્ધ્વ અરુ મધ્ય દશો દિશ ભુજા પસારી;
વિષય, ભોગ, વિલાસ કર્મિ કો કર્મ દઢાયો,
કવિ ગુની પંડિત જાણતાહિલે તહાં ડુબાયો;
તેહિ વાકજાલ ડારિ વિકટ નરનારી આવૃત કિયે,
મુકુંદ મદ, મત્સર લગ્યો યું માયા બશ કર લિયે.
(મુક્તાનંદ કાવ્ય : મુકુન્દ બાવની-૮)

ત્યારે રૂપશંકરે કહ્યું જે, 'મોર્યે તો હું એમ જાણતો જે, અવિદ્યા બીજે ઠેકાણેથી આહીં આવે છે ને હવે તો એમ જણાણું જે અવિદ્યા આંહીં જ રહી છે.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'અવિદ્યાનું જન્મ જ આહીં છે અને બીજે ઠેકાણે તો અવિદ્યાનું સાસરું છે; તે જ્યાં ત્યાં જઈને અવિદ્યાને પોતાનું રૂપ ઉઘાડું કરવું છે અને અમારે અમારું સ્વરૂપ ઉઘાડું કરવું છે અને બીજાના મનમાં તો એમ છે જે, જૂનાગઢનું તો સ્વામી નહિ હોય ત્યારે પડી ભાંગશે; પણ મહારાજની ને મોટા સાધુની દૃષ્ટિ છે તો સર્વોપરી કરવું છે. ને વીજળીનો ઝબકારો દેખીને ગધેડીએ પાટુ નાખવા માંડી, તેણે કરીને વીજળી આળસવાની છે નહિ ને પાટુ નાખી નાખીને પગ તો ભાંગી જાશે; તેમ અવિદ્યાએ કરીને પોતાના જીવનું ભૂંડું કરશે ને મહારાજનું ને મોટા સાધુનું કર્તવ્ય હશે, તે તો ખોટું નહિ જ થાય.'

(૪૦) આજ તો સત્સંગમાં ભગવાન પ્રગટ વિરાજે છે, નહિ તો વીસ-વીસ વરસના સંસાર મૂકીને કેમ ચાલ્યા આવે ? ને કામ-ક્રોધાદિક તો એવા બળિયા છે જે, શિવ-બ્રહ્માદિકની પણ લાજ લીધી છે અને એ કામાદિક જેને વિશે આવે છે તેને ગળી જાય છે; તે આજ તો મહારાજે ને મોટા સાધુએ ઠોઈ રાખ્યા છે. જેમ બ્રહ્માંડથી પર મહાજળ છે તેમાં મોટા મોટા મચ્છ છે, તે બ્રહ્માંડની સમીપે આવે, તો બ્રહ્માંડને પણ ગળી જાય એવડા મોટા છે; પણ પ્રદ્યુમ્નને ચોકીમાં રાખ્યા છે, તે જો બ્રહ્માંડની સમીપે ગળવા આવે તો માથામાં ગદા માર્યે, તો કરોડ્યું જોજન દૂર જાતા રહે; તેમ કામ-ક્રોધાદિકને તો મહારાજે ને મોટા સાધુએ ઠોઈ રાખ્યાં છે, નહિ તો આમ રે'વાય નહિ. એમ કહીને બોલ્યા જે, 'આ ગિરનાર છે તેને ઉડાડવાનો મનસૂબો થાય છે ?' ત્યારે કહ્યું જે, 'ના મહારાજ !' ત્યારે સ્વામી બોલ્યા જે, 'મનમાં ધાર્યું નથી, નહિ તો ઉડાડી મૂકીએ; કેમ જે, પૃથ્વીના મનુષ્યને ભેગા કરીએ ને લુહારમાત્ર માંડે લોઢાં ઘડવા ને આપણ મંડીએ સુરંગું દઈને ઉડાડવા, તો ચાર-



સેવાધર્મો પરમગહનો યોગિનામપિ અગમ્યોઃ... ''ભાલપ્રદેશની કાદવવાળી ભુમિમાં સંતોના જોડાં કાદવવાળાં ને વજનદાર ન થાય.''
એવી ભક્તિસભર ભાવનાથી ગુરુ ગુણાતીત, સાંઈઠ સંતોના કાદવવાળા જોડાનું પોટલું, પોતાને માથે ઊંચકી લે છે.

પણ ઉપડે નહિ, તેમ ઘણા દિ' રહીને સત્સંગમાં જીવ બાંધ્યો હોય, તો પંચવિષય કે કામાદિક દોષનો પાડચો સત્સંગમાંથી પડચે નહિ.' એમ કહીને બોલ્યા જે,

प्रसङ्गमजरं पाशमात्मनः कवयो विदुः ।
स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम् ॥
(શ્રીમદ્ ભાગવત : ૩/૨૫/૨૦)

અર્થ :- 'સંગ એ આત્માનું જબરું બંધન છે' એમ કવિઓ કહે છે. એ જ સંગ જો સાધુપુરુષો સાથે કરવામાં આવે તો મોક્ષનું દ્વાર ખુલી જાય છે. એમ જેને રે'વાય છે તેને મોક્ષનું દ્વાર ઉઘાડું છે, ને એમ ન રે'વાય તો,

મોક્ષ મારગે દીધાં કમાડ, કડી જડી બારણે.
(કીર્તન મુક્તાવલિ : ૧૦૩૪) (વચ.ગ.પ્ર.૫૪)

(૪૩) ગોપાળાનંદસ્વામીએ સર્વે સાધુને કહ્યું જે, 'કેવી રીત્યે ધ્યાન ને માનસી કરો છો ?' ત્યારે સર્વેએ કહ્યું જે, 'જ્યાં મહારાજ બેસતા તે ઠેકાણે ધ્યાન કરીએ છીએ ને જ્યાં બેસીને જમતા તે ઠેકાણે માનસી પૂજામાં જમાડીએ છીએ.' ત્યારે ગોપાળાનંદસ્વામીએ કહ્યું જે, 'કોઈ એવું ધ્યાન શીખ્યા છો જે, ત્રણ્ય દેહને જીતીને ધ્યાન કરવું ?' ત્યારે સર્વેએ કહ્યું જે, 'કેવી રીતે ત્રણ્ય દેહ જીતવા ?' એ પ્રશ્નનો ગોપાળાનંદસ્વામીએ ઉત્તર કર્યો જે, 'ધ્યાન કરવા બેસીએ ત્યારે જીવ-જંતુ કરડચે (કરડે) તો પણ સ્થૂળ દેહને હલવા દેવું નહિ એટલે સ્થૂળ દેહ જિતાણું જાણવું. ને ઘાટ-સંકલ્પ બંધ કરીને જે ધ્યાન કરવું એટલે સૂક્ષ્મ દેહ જિતાણું જાણવું ને નિદ્રા ને આળસ આવવા ન દેવી એટલે કારણ દેહ જિતાણું જાણવું. એવી રીત્યે ત્રણ્ય દેહને જીતીને ધ્યાન કરવું.'

ત્યારે સિદ્ધાનંદસ્વામી કહે જે, 'કારણ શરીર તો કાળા પર્વત જેવું કઠણ છે, તે બહુ દાખડો કરીએ ત્યારે જિતાય; તે જેમ કૂવામાંથી છીપરને કાપવી હોય તેને ટાંકણું-હથોડો લઈને ખોદીએ ત્યારે સાંજે ટોપલી ગાળ નીકળે એવું કઠણ છે.' ત્યારે ગુણાતીતાનંદસ્વામી બોલ્યા જે, 'અમે તો સુરંગું દઈએ છીએ તે બસેં-બસેં ગાડાં પાણા નીસરે છે. તે શું ? તો, વાતુરૂપી સાંગડીએ કરીને દા (ડામ) દઈએ છીએ ને ભગવાનના નિશ્ચયરૂપી દારૂ ભરીએ છીએ ને ભગવાન ને ભગવાનના સાધુનો મહિમા તે રૂપી અગ્નિ મૂકીએ છીએ, તેણે કરીને કારણ શરીરરૂપ જે અજ્ઞાન, તે રૂપી જે કાળો પર્વત, તેને ત્રોડીને બ્રહ્મરૂપ કરીને અક્ષરધામમાં મહારાજની સેવામાં રાખીએ છીએ, તે કાંઈ કઠણ નથી.'

(૪૪) સત્યયુગમાં મનુષ્યને લાખ વરસની આવરદા ને હજાર વરસનો ખાટલો ને સો વરસ સુધી ડચકાં ખાય ત્યારે જીવ જાય ને આજ તો ત્રીજે ડચકે અક્ષરધામમાં જવાય છે, એવું સુગમ કરી નાખ્યું છે; પણ જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી સ્ત્રી, દ્રવ્ય, દીકરા, દીકરી, મેડી, હવેલી, રાજ્યસમૃદ્ધિ ને રાજ્યલક્ષ્મીને વિશે સુખ મનાય છે. જેમ છોકરાં ધૂડયની ધોલકિયું કર્યે છે ને ઠીકરાંની ગાયું કર્યે છે ને ચયાના ને કાચલીઉંના ઘોડા કર્યે છે ને સુખ માને છે, તેમ એ પણ સુખ માને છે; પણ જ્યારે જ્ઞાન થાય ત્યારે સર્વે ખોટું થઈ જાય. જેમ ભાલ દેશમાં બ્રાહ્મણ ચાલ્યો જતો હતો તેને સામો રબારી મળ્યો, તેણે પૂછ્યું જે, 'મહારાજ, રાજી કેમ થયા છો?' ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો જે, 'રાજી ન થઈએ ? દસ ગાઉ ચાલ્યા આવ્યા છીએ ને જળ પાસે આવ્યા છીએ, તે નાહીશું-ધોશું ને ટીમણ કરશું.' ત્યારે તે રબારી બોલ્યો જે, 'હૈયું ફોડય મા, જોડા પે'રીને (પહેરીને) ચાલ્યો આવું છું ને પાણી તો ઝાંઝવાનાં બળે છે !' ત્યારે તે બ્રાહ્મણના મનસૂબા સર્વે ખોટા થઈ ગયા. તેમ જ્યારે જ્ઞાન થાય ત્યારે સર્વે ખોટું થઈ જાય, અને જે મૃગલાં જેવા જીવ છે, તે તો વિષયને સાચા માનીને દોડયા કર્યે છે; જેમ ઝાંઝવાના જળને દેખીને મૃગલાં દોડે છે તેમ અને મનુષ્ય છે તે દેખે છે, પણ ખોટાં જાણે છે અને સૂર્યના રથમાં બેઠા છે તેની દષ્ટિમાં તો ઝાંઝવાનાં પાણી નથી; તેમ જે જ્ઞાની છે તેની દષ્ટિમાં તો પ્રકૃતિનું કાર્ય કાંઈ આવતું નથી.

(૪૫) સત્સંગ ક્યારે થાય ? તો જ્યારે બદરિકાશ્રમ જેવું ને શ્વેતદ્વીપ જેવું સ્થાનક હોય ને મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી ને સ્વરૂપાનંદસ્વામી એવા મોટાનો નિરંતર સંગ હોય ને બ્રહ્માના કલ્પ પર્યંત આયુષ્ય હોય, ત્યાં સુધી જ્ઞાનગોષ્ઠિ કરીએ ત્યારે સત્સંગ થાય છે; પણ તે વિના સત્સંગ થાય નહિ. એમ કહીને વળી બોલ્યા જે, 'ક્યાં ગુરુ કર્યા છે ? ને ગુરુ કર્યા હોય તો, તેના ગુણ આવ્યા જો'એ (જોઈએ) ને ?

**सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः ।**
**पार्थो वत्सः सुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत् ॥**

(ભગવદ્ ગીતા : શ્રીકૃષ્ણ ધ્યાન-વંદન-૪)

અર્થ :- સર્વ ઉપનિષદોરૂપી ગાયો છે, તેના દોહનાર ગોપાલનંદન શ્રીકૃષ્ણ છે, અર્જુનરૂપી વાછડો છે, ગીતામૃતરૂપી મહાન દૂધ છે અને બુદ્ધિશાળી મનુષ્ય તેનો ભોક્તા (પીનારો) છે. એમ કોઈએ કર્યું છે ? જેમ ભગવાને ગીતાની ગાય કરી ને અર્જુનને વાછડો કરીને

દૂધ પાયું, એમ કોઈને ધાવ્યા છો ? અને જેને સામા ધવરાવ્યા હોય, તે તો ગુડિયું વાળે જ નહીં ને લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ ને માન એમાં જે ગુડિયું વાળે છે, ત્યાં સુધી તેણે ગુરુ કર્યા જ નથી અને ગુરુ કર્યા હોય તો તે ગુડિયું વાળે જ નહીં.'

(જુઓ પ્રકરણ ૬ ની વાત ૩૦-૮૩)

(૪૬) વરતાલમાં આંબા હેઠચે ચાર પાટીદારે મહારાજને કહ્યું જે, 'હે મહારાજ ! તમારા ચરણારવિંદ સામું જો'એ (જોઈએ) છીએ તો તમે પુરુષોત્તમ જણાઓ છો ને તમારા શરીર સામું જો'એ છીએ તો તમે મનુષ્ય જેવા જણાઓ છો.' ત્યારે મહારાજે કહ્યું જે, "વૈરાટબ્રહ્મા છે તેણે તેનાં પચાસ વરસ ને દોઢ પો'ર દિ' ચડચો, ત્યાં સુધી આ ચરણારવિંદની સ્તુતિ કરી, ત્યારે આ બે ચરણારવિંદ આ પૃથ્વી ઉપર આવ્યાં છે; પછી તમારે તો સૂઝે એમ સમજાય." પછી વળી પૂછ્યું જે, 'ઘણે ઠેકાણે સભા દીઠી છે, પણ આમ એકી નજરે તમારી સામું જોઈ રહ્યા છે, તે કેમ સમજવું ?' ત્યારે મહારાજ બોલ્યા જે, "હું સદ્‌ગુરુરૂપી સૂર્ય પ્રગટ થયો છું ને આ સર્વે કમળ ખીલ્યાં છે, તે મારા સામું જોઈ રહ્યાં છે." પછી તે સત્સંગ કરીને પોતાને ઘેર ગયા. એમ મુમુક્ષુનાં લક્ષણ છે.

(૪૭) એક બાવે આવીને કહ્યું જે, 'હે મહારાજ ! તમે તો બહુ ભૂંડું કર્યું !' ત્યારે મહારાજે કહ્યું જે, "શું ભૂંડું કર્યું ?" ત્યારે તે બોલ્યો જે, 'બાઈ-ભાઈની સભા કોઈએ નોખી નહોતી કરી તે તમે કરી, એ બહુ ભૂંડું કર્યું.' ત્યારે મહારાજ બોલ્યા જે, "હું અનિર્દેશથી આવ્યો છું, કે'તાં હું અક્ષરધામમાંથી પુરુષોત્તમ આવ્યો છું ને સુગાળવો છું, તે મારી સૂગ ચડી ગઈ છે, નીકર તો કાંઈ નોખાં રહે એવાં નથી." તે મહારાજની સૂગ છે ત્યાં સુધી નોખાં રે'વાય છે, નીકર તો ભેગાં થઈ જાશે. ને વળી કો'કે પૂછ્યું જે, 'પુરુષનું મન ક્યાં રે'તું હશે ?' પછી મહારાજ બોલ્યા જે, "આજ જ અમે વિચાર કર્યો છે જે, પુરુષનું મન સ્ત્રીનાં ગુહ્ય અંગમાં રહે છે ને સ્ત્રીનું મન છે તે પુરુષનાં ગુહ્ય અંગમાં રહે છે, એ જ જીવને હૃદયગ્રંથિ કહી છે." એમ સર્વેનાં અંતર કહી દીધાં.

(૪૮) લાખ મણ લોઢાની લોઢી ધગી હોય તેના ઉપર એક-બે પાણીના ઘડા ઢોળીએ તેણે કરીને ઠરે નહિ ને ઠારવી હોય તો ગંગાના ધરામાં લઈને નાખીએ તો દસ-પંદર દિ' સુધી તો હવેલી જેવડી છોળ્યું ઊછળે, ત્યારે માંડ માંડ ઠરે. તેમ પંચવિષયે કરીને તો જીવ ધગી જાય છે, તેને એક-બે દિ' રહીને જાણે જે, ટાઢો કરી જાઉં, એમ ટાઢો થાય નહિ. ને જેને ટાઢો કરવો હોય તેને તો દસ-પંદર દિ' સુધી તો

ફેર ચડ્યો હોય તે ઊતરે ત્યારે વાત માંહી પેસે; પછી ટાઢો થાય છે અને સાધુ પાસે કોણ આવે છે ? ને જે સાધુ પાસે આવે છે તેને તો કોઈ વાતની કસર રહે જ નહીં. એમ કહીને બોલ્યા જે,

તીન તાપ કી <u>ઝાલ</u> જર્યો, પ્રાની કોઉ આવે;
તાકુ શીતલ કરત, તુરત દિલ-દાહ મિટાવે.
કહિ કહિ સુંદર <u>બેન</u>, <u>રેન</u> <u>અગ્યાન</u> <u>નિકાસે</u>;
પ્રગટ હોત <u>પહિચાન</u>, જ્ઞાન ઉર ભાન પ્રકાશે.
વૈરાગ ત્યાગ રાજત વિમલ, ભવ દુઃખ કાટત જંતકો;
કહે બ્રહ્મ મુનિ આ જગતમેં, સંગ અનુપમ સંતકો.
(બ્રહ્માનંદ કાવ્ય : ૭૫૬)

એવો સત્સંગ મળ્યો છે, પણ સમાગમ વિના કોઈને ગમ પડતી નથી. ને જ્યાં સુધી સત્પુરુષનો સંગ નથી થયો ત્યાં સુધી કાંઈ નથી થયું. તે ઉપર બ્રહ્માનંદસ્વામીનો સવૈયો બોલ્યા જે,

રાજ ભયો કહા કાજ સર્યો, મહારાજ ભયો કહા લાજ બઢાઈ,
સાહ ભયો કહા વાત બડી, પતસાહ ભયો કહા આન ફિરાઈ;
દેવ ભયો તોઉ કાહ ભયો, અહંમેવ બઢો તૃષ્ણા અધિકાઈ,
બ્રહ્મમુનિ સત્સંગ વિના, સબ ઔર ભયો તો કહા ભયો ભાઈ.
(કીર્તન મુક્તાવલિ : નાશવંત દેહ વિશે)

એમ સત્પુરુષનો સંગ નથી કર્યો ત્યાં સુધી કાંઈ કર્યું નથી.

(૪૯) સ્વામીએ સર્વે ધામોના મુક્ત સાથે પ્રશ્ન-ઉત્તર કર્યા, તેમાં કોઈ મુક્ત જીત્યા નહિ. તે વાત પોતે કરી જે, 'પ્રથમ તો જાણ્યે જે, હું બદરિકાશ્રમમાં ગયો તે બદરિકાશ્રમના મુક્ત મુને પ્રશ્ન-ઉત્તરમાં જીત્યા નહિ; પછી જાણ્યે (જાણે) જે, હું શ્વેતદ્વીપમાં ગયો ત્યારે તે શ્વેતદ્વીપના મુક્ત પણ જીત્યા નહિ; પછી જાણ્યે હું વૈકુંઠમાં ગયો ત્યારે તે વૈકુંઠના મુક્ત પણ જીત્યા નહિ; પછી જાણ્યે હું ગૌલોકમાં ગયો ત્યારે ગૌલોકના મુક્ત પણ જીત્યા નહિ; પછી જાણ્યે હું અક્ષરધામમાં ગયો ત્યારે તે મુક્ત સાથે માર્યે (મારે) બરાબર પ્રશ્ન-ઉત્તરમાં ઠીક પડ્યું.' પછી ગોપાળાનંદસ્વામીને કહ્યું જે, 'આજ તો આમ થયું.' ત્યારે ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, 'મહારાજે એમ જણાવ્યું જે, બીજા ધામના મુક્તનું જ્ઞાન આવું છે !' માટે ભગવાનના સ્વરૂપસંબંધી જ્ઞાન તો અક્ષરધામના મુક્તમાં છે કે આંહીં એકાંતિક

સાધુમાં છે પણ બીજે ક્યાંય નથી ને બીજે તો બીજું જ્ઞાન છે.'

(૫૦) બીજે ક્યાંય જીવ અટકતો નથી ને મહારાજને પુરુષોત્તમ સમજવા ત્યાં અટકે છે. જેમ ગુજરાતનાં ઘોડાં છે તે લાંબાં બહુ ને કાઠાળાં બહુ, પણ જ્યારે ધોરિયો દેખે ત્યારે અટકે છે, તે કાપી નાખે તોય ડગ દિયે નહિ ને સામું ખાસડું ઉગામ્યું હોય તો ક્યાંય ને ક્યાંય ભાગી જાય. ને અલૈયા ખાચરના ઘોડાંને ચડાઉ કરવાં હોય, તેને બસેં છોકરા ગોટા વાળીને ઊભા હોય તેમાં વચ્ચોવચ નાખીને ચડાઉ કર્યાં હોય તે ક્યાંય અટકે નહિ. જેમ સામત પતંગ, પાંચસેં બખતરિયા ઊભા હતા તેમાંથી મોટેરાના દીકરાને મારીને આવતા રહ્યા. એવી રીત્યનો (રીતનો) જે હોય તે ક્યાંય અટકે નહિ. તે ઉપર છંદ બોલ્યા જે,

તુરી વેગવંતા જરિસા જઠાણં દિયંતા ઉડાણં જેહિ મૃગડાણં;
સચે વાગરાગં નટાંજયું નચેરી દિનં એક હોરસી સબે ખાખ ઢેરી !

(૫૧) ગમે તેવો પાણીનો તરવૈયો હોય તેને પણ ભમરી બુડાડી દિયે છે તે નીસરાય નહિ; ને વળી બીજું દૃષ્ટાંત જે, તીરે કરીને લવિંગ વીંધે તેવો આંટુકદાર હોય ને તે તીરને પણ વાયુ ફગાવી દિયે છે; તેમ ગમેતેવો સાંખ્યવાળો હોય કે યોગવાળો હોય, તેને પણ સ્ત્રીરૂપ પાણીની ભમરી તે તો બુડાડી દિયે છે, તે નીસરાય નહિ; તેમ જ ગમેતેવો અંતર્દષ્ટિવાળો હોય તેની વૃત્તિને પણ દેશકાળાદિક આઠ છે, તે ફગાવી નાખે છે; પણ અંતર્દષ્ટિ થાવા દિયે (દે) નહિ. તે ઉપર શ્લોક બોલ્યા જે,

सङ्गं न कुर्यात् प्रमदासु जातु योगस्य पारं परमारुरुक्षुः ।
मत्सेवया प्रतिलब्धात्मलाभो वदन्ति या निरयद्वारमस्य ॥

(શ્રીમદ્ ભાગવત : ૩/૩૧/૩૯)

અર્થ :- યોગના અત્યંત પારને પામવા અને મારી સેવાથી જ લાભ મેળવવા ઇચ્છતા પુરુષે સ્ત્રીઓનો કદી સંગ રાખવો નહિ; કારણ કે, તે તેને માટે નરકનું દ્વાર કહેવાયેલું છે.

એવા એવા ઘણાક શ્લોક બોલીને કહ્યું જે, કેની બુદ્ધિ ભેદાતી નથી તો,

कामादिभिर्विहीना ये सात्त्वताः क्षीणवासनाः ।
तेषां तु बुद्धिभेदाय क्वापि कालो न शक्नुते ॥

(વાસુદેવ માહાત્મ્ય : ૮/૭)

અર્થ :- જેઓ કામાદિક દોષથી રહિત, સત્ત્વગુણમય અને વાસના રહિત હોય છે, તેઓની બુદ્ધિને ભેદવા માટે કદિ પણ કાળ સમર્થ થઈ શકતો નથી. એ શ્લોક બોલીને કહ્યું જે,

'જેણે સાત્ત્વિક સેવ્યા હોય ને કામાદિક દોષે રહિત થયા હોય ને વાસના કુંઠિત થઈ ગઈ હોય, તેની બુદ્ધિ ભેદાતી નથી ને બીજાની તો ભેદાઈ જાય છે, તેમાં સંશય નથી.'

(૫૨) અરે ! વિષય તો બાંધે એવા છે, પણ જ્યાં સુધી મોહ છે, ત્યાં સુધી જણાય નહિ; કેમ જે, કેવા વૈરાગ્યવાન ! તેમને પણ બાંધ્યા. તેમનાં નામ. ગોવિંદસ્વામી તથા પરમહંસાનંદસ્વામી તથા મહાપ્રભુ નામે સાધુ, એ આદિક ઘણા ઘણાને બાંધ્યા. તેની વિક્તિ જે, ગોવિંદસ્વામીને કેવો વૈરાગ્ય હતો તે સંસારનો ત્યાગ કરીને જ્યારે ચાલ્યા, ત્યારે રસ્તામાં એક રાજાની બાની દસ હજાર રૂપિયાનું સોનું લઈને બેઠેલ. પછી ગોવિંદસ્વામીનું રૂપ જોઈને કહે જે, 'સોનું ને હું તમારી છું.' પછી વિચાર થયો જે, 'પ્રભુ ભજવા નીસરે છે તેને આડી સિદ્ધિયું આવે છે, તે માર્યે સિદ્ધિ આવી.' પછી તો પોતાનું લૂગડું મૂકીને કહ્યું જે, 'બેસ, ખત્રે જાવું છે.' એમ કહીને ચાલ્યા ગયા. એવા વૈરાગ્યવાન ! તે પણ ગંગામાની દાળ, ભાત ને રોટલીઉંમાં બંધાણા. તેને મહારાજે ત્રણ્ય (ત્રણ) રાત્ય (રાત) ને ત્રણ્ય દિ' સુધી ગામ જ આવવા દીધું નહિ; ત્યારે હાથ જોડીને કહ્યું જે, 'હે મહારાજ ! કેમ કરવું છે ?' પછી મહારાજ બોલ્યા જે, ''રીંગણાં ને ગાજરની માળા ગળામાં ઘાલીને જેતલપુર જઈ ભીક્ષા માગો. પછી કોઈ કે'શે જે, 'ગોવિંદસ્વામી કાંઈ જોઈશે ?' ત્યારે કે'વું જે, 'હાઉ !!' 'અરે ગોવિંદસ્વામી ગાંડા થયા ?' ત્યારે કે'વું જે, 'હાઉ !!' એમ કરીને સ્વભાવ મુકાવ્યા. ને પરમહંસાનંદસ્વામીએ તો ગાયુંમાં બે વરસ આસન કર્યું, તે પાછું સાધુમાં આસન થયું નથી. ને ત્રણ્ય વૃત્તિ તો પોતે 'સારસ્વત' ભણ્યા હતા ને ખોજાના તો ગુરુ કે'વાતા (કહેવાતા), તેને પણ એમ થયું. ને એક સાધુ મહાપ્રભુ નામે હતો તે ઝોળીમાં બંધાણો. તેને મહારાજે કહ્યું જે, ''હવે નરનારાયણની ઝોળી રે'વા (રહેવા) ઘો (દો) ને લક્ષ્મીનારાયણની ઝોળી માગો.'' પછી વરતાલ આવીને બે-ત્રણ્ય દિ' રહીને જાતો રહ્યો. એમ જીવ બંધાય છે.

(૫૩) હમણાં મુમુક્ષુએ દેહ ધર્યા છે, તે મહારાજને આવવું પડચે, તે સારુ આવરદા વિના મહારાજે મુને રાખ્યો છે, તે અમારે પણ મહારાજનું સુખ એ મુમુક્ષુને દેવું પડચે છે. ને આવરદા તો અઠાવન વરસથી વધુ નથી, એમ જન્મોત્રીમાં લખ્યું હતું. ને તે વિના દેહ રહ્યું છે તે તો આ સોરઠ દેશના હરિજન ઉપર મહારાજને

બહુ હેત, તેમને પોતાનું સુખ દેવા સારુ મહારાજે મુને રાખ્યો છે. તે શ્યા (શા) સારુ ? તો, પોતાનું સુખ દેવાણું નહિ, તેને પોતાનું સુખ દેવા સારુ પોતાનું સર્વસ્વ હતું તે સાધુ-સત્સંગીને અર્થે કૃષ્ણાર્પણ કરી રાખ્યું છે ! તે મુક્તાનંદસ્વામીના કીર્તનમાં કહ્યું છે જે,

ઐસે મેરે જન એકાંતિક, તેહિ સમ ઔર ન કોઈ;
મુક્તાનંદ કહત યૂં મોહન, મેરો હી સર્વસ્વ સોઈ.
(કીર્તન મુક્તાવલિ : ૭૧૩)

એવા સાધુ મળ્યા છે, ત્યારે શ્યી (શી, કઈ) વાતની કમી રહી ? તે ઉપર સવૈયો બોલ્યા જે,

સાચે સંત મિલે કમી કાહું રહી, સાચી શીખવે રામ કી રીતકું જી,
પરાપાર સોઈ પરબ્રહ્મ હૈ તામે, ઠહરાવે જીવ કે ચિત્તકું જી;
દૃઢ આસન સાધકે ધ્યાન ધરે, કરે જ્ઞાન હરિ ગુન ગીતકું જી,
બ્રહ્માનંદ કહે દાતા રામહું કે, પ્રભુ સાથ બઢાવત પ્રીતકું જી.
(કીર્તન મુક્તાવલિ : સાધુ કો અંગ)

એવા સાધુમાં રહીને ભગવાન પોતાનું દર્શન દિયે છે, વાતુ કર્યે છે, મળે છે ને દૃષ્ટિ માંડીને જુએ છે, એ રીત્યે અનેક પ્રકારે સુખ આપે છે. એવી રીત્યે વાતુ કરીને સુખિયા કરી નાખ્યા.

(૫૪) જુઓને, એક પુરુષ ઊગ્યો તે પચાસ કરોડ્ય યોજનમાં અંધારું ન રહ્યું, તે જેમ સૂર્યના કિરણે કરીને રાત્યનો નાશ થઈ જાય છે, તેમ સત્પુરુષની દૃષ્ટિવડે કરીને તો કોઈ દેશમાં અજ્ઞાન રહે જ નહીં અને તે સત્પુરુષ વિના તો જેમ,

સોળ કળા શશી ઉગહિ તારાગણ સમુદાય,
સબ ગિરિ દાહ લગાવીએ રવિ બિન રાત ન જાય.

તેમ આ સાધુ વિના અજ્ઞાન જાય નહિ અને અજ્ઞાન ગયા વિના સુખ પણ થાય નહિ. અરે, માર્યે તો ઘણુંય જ્ઞાન દઈને બ્રહ્મરૂપ કરવા છે, પણ શું કરીએ, કારખાને ગળે ઝાલ્યા છે, તે જ્ઞાન કે'વા નવરા થાતા નથી; કેમ જે, જેમ જબરા ખેડુને વેર અપરવારે ગયું, તે નવરા થાય નહિ ને વેર વાળવા જાય જ નહીં; તેમ અમારું જ્ઞાન અપરવારે ગયું; પણ હવે સાધુ-સત્સંગીને મારી પાસે રાખીને વાતુ જ કરવી છે, જેણે કરીને બ્રહ્મરૂપ થઈ જાય. એમ કહીને બોલ્યા જે, 'વાતુ સાંભળી લેજો ! પછી આવો જોગ મળવો બહુ દુર્લભ છે ! માટે સમાગમ તો કરી લેજો !' એમ કહીને કહ્યું

જે,

ચેતન વાલે ચેતીઓ, મેં કહત હું હાથ બજાય હો પ્યારે. ચે૦
(બ્રહ્માનંદ કાવ્ય : ૨૩૭૮)

અમે તો તાળી વગાડીને કહીએ છીએ; પછી વળી કે'શે જે, કહ્યું નહિ.

(૫૫) એક હરિભક્તે પ્રશ્ન પૂછ્યું જે, 'બીજા અવતારે વર્તમાન પળાવ્યાં નથી ને કલ્યાણ તો કર્યાં છે ને આજ વર્તમાન પળાવીને કલ્યાણ કર્યે છે, તેનો શો હેતુ છે ?' પછી સ્વામી બોલ્યા જે, 'બીજાએ કલ્યાણ તો કર્યાં છે પણ કારણ શરીર ટાળીને કલ્યાણ કર્યાં નથી ને જો કારણ શરીરના ભાવને ટાળીને કલ્યાણ કર્યાં હોય તો ગૌલોકમાં ને વૈકુંઠલોકમાં કજિયો શ્યા સારુ થાય ? ગૌલોકમાં *રાધિકાજીએ શ્રીદામા સાથે વઢવેડ કરી અને વૈકુંઠલોકમાં *જય-વિજયે સનકાદિક સાથે વઢવેડ કરી; એમ જાણતાં ત્યાં કારણ શરીર નહિ ટળ્યું હોય. ને મહારાજ તો કારણ શરીર ટાળવા સારુ, સાધુ ને નિયમ તો અક્ષરધામમાંથી લઈને જ પધાર્યા છે. તે માટે સાધુ ભગવાનની ઉપાસના કરાવે છે ને નિયમે કરીને ભગવાનની આજ્ઞા પળાવે છે, તેણે કરીને તો કારણ શરીરનો નાશ થઈ જાય છે.' તે ઉપર કારિયાણીનું ૧૨મું વચનામૃતમાં વંચાવીને કહ્યું જે, 'આ વચનામૃતમાં મહારાજે સિદ્ધાંત કહ્યું છે. તે સારુ વર્તમાન પળાવીને કલ્યાણ કર્યે છે, એ હેતુ છે.'

(૫૬) એક દિ' મહારાજે મુને કહ્યું જે, "મંડળ બાંધો." ત્યારે હું કાંઈ બોલ્યો નહિ, ત્યારે સામું જોઈને કહ્યું જે, "સાધુ તો પાંચ રાખીએ જેથી જીવનું કલ્યાણ થાય." એમ કહીને કે'વા માંડયા જે, "સાધુ તો દસ રાખીએ, વીસ રાખીએ, પચાસ રાખીએ, સો રાખીએ ને સાધુ તો બસેં રાખીએ." પછી તો હું બોલ્યો નહિ, પણ અંતે એમ કર્યું. એ વાતની દીર્ઘદર્શીને ખબર પડચે, આપણે તો કાંઈ જાણીએ નહિ. અરે ! એક દિ' મહારાજે મુને પૂર્વાશ્રમમાં હતો, ત્યાં આવીને કહ્યું જે, "શું કરો છો ને શું કરવા આવ્યા છીએ ? ને બ્રહ્મતેજ તો સુકાઈ ગયું છે!" એમ કહીને દેખાણા નહિ. તે દિ'થી જીવુંનું (જીવોનું) કલ્યાણ થાય તેમજ કરીએ છીએ અને એક દિ' મહારાજને ચાર પ્રશ્ન પૂછાવ્યા : તેમાં એક તો ધ્યાન કરવું, બીજું આત્માપણે વરતવું, ત્રીજું માંદાની સેવા કરવી ને ચોથું ભગવાનની વાતુ કરવી. એ ચારેમાં અધિક કોણ છે, તે કહો ? પછી મહારાજે કહ્યું જે, "વાતુ જ અધિક છે." તે દિ'થી વાતુ કરવા માંડી છે, તે રાત્ય (રાત)-દિ' સોપો જ પડતો નથી; જેથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય છે.

(૫૭) કૃપાનંદસ્વામીનો એમ મત જે ગળામાં ઊની કોશ ઘાલે એટલી પીડા થાય, તો પણ ભગવાનની આજ્ઞા લોપવી નહિ. ને વળી કૃપાનંદસ્વામી એમ કે'તા જે, 'સ્વપ્નનો ઉપવાસ તો પડચે નહિ, ને જો પડચે તો દેહ પડી જાય, એવો પોતાનો ઠરાવ ને વિષયની બીક તો કેવી રહે જે, અલ્પ વચનમાં ફેર પડચે તો મહત્ વચનમાં ફેર પડચો હોય, એટલી બીક લાગે.' તે મેં એક દિ' નજરે દીઠું છે, એવા કૃપાનંદસ્વામી તે તો ગંગા જેવા ! તે જેમ ગંગાનો પ્રવાહ ચાર ગાઉમાં ચાલ્યો જાય છે, તે કોઈનો હઠાવ્યો હઠે નહિ; તેમ તેમની વૃત્તિ કોઈની હઠાવી ભગવાનના સ્વરૂપમાંથી પાછી હઠે નહિ. તે એક દિ' કૃપાનંદસ્વામીની સમાધિ જોઈને સચ્ચિદાનંદસ્વામીએ કહ્યું જે, 'અમારે કૃપાનંદસ્વામીના જેવું હેત નહિ ને એવા હેતવાળા તે તો ગંગા જેવા ને ગોપાળાનંદસ્વામી તે તો દરિયા જેવા, તે તો અનંત જીવને સુખિયા કરી નાખે તેવા હતા.' એમ કહીને બોલ્યા જે, 'જેવા રઘુવીરજીમહારાજ હતા ને જેવા ગોપાળાનંદસ્વામી હતા, તેવા તો જણાણા જ નહીં! ને આજ હશે તેને પણ જાણતા નથી, તેને બહુ ખોટચ (ખોટ) જાશે; કેમ જે, એવા મોટા વિના મહારાજનો સિદ્ધાંત કોણ કે'શે (કહેશે) ? ને બીજા તો પોતાની સમજણ પ્રમાણે સમજાવશે, પણ જેમ છે તેમ સમજાવતાં આવડશે નહિ, એ સિદ્ધાંત વાત છે.'

(૫૮) અધર્મ સર્ગ જબ કરત પ્રવેશા,
સુર નર મુનિ મહિં નહિ સુખ લેશા;

એમ કહીને બોલ્યા જે, 'એવો અધર્મ સર્ગ શેણ્યે (શાને, શેને, કેમ) કરીને પ્રવેશ થાય છે, તો જ્યારે એક બીજાનાં મન નોખાં પડચે છે, ત્યારે પ્રવેશ થાય છે ને એક બીજામાં સંપ હોય તો અધર્મ સર્ગ પેસવા આવે નહિ.' તે ઉપર મહારાજની કહેલી વાત કરી જે, એક રાજાએ તીરનો ભાથો મંગાવ્યો ને બોલ્યા જે, 'બળિયામાં બળિયો હોય તે આ તીરના ભાથાને ભાંગી નાખો.' ત્યારે જે બળિયામાં બળિયો હતો તેથી તીરનો ભાથો ભંગાણો નહિ. પછી ભાથામાંથી એક તીર કાઢીને એક ફોશીમાં ફોશી હતો, તેને કહ્યું જે, 'ભાંગી નાખ.' ત્યારે તેણે તુરત ભાંગી નાખ્યો. પછી એ રાજાએ મોટા મોટા ઉમરાવને કહ્યું જે, 'જો તમે આ તીરના ભાથાની પેઠચે જૂથ રાખશો, તો ગમે તેવો શત્રુ હશે તોય તમારો પરાભવ નહિ કર્યે ને રાજ્ય આબાદ રે'શે.' એ દષ્ટાંત દઈને બોલ્યા જે, 'આ તમે સર્વે સાધુ, પાળા, બ્રહ્મચારી આમ ને આમ સંપ રાખશો તો ગમે તેવો તમારો અંતઃશત્રુ હશે તે પણ પરાભવ

નહિ કરી શકે ને આમ નહિ રહો તો અલ્પ જેવો દોષ હશે તે પણ સત્સંગમાંથી બા'ર્ય (બહાર) કાઢી નાખશે.' એમ કહીને બોલ્યા જે, 'જુઓને, કેટલાકને તો જોડ જ નથી ને કો'ક તો પાકલ ગૂમડાં જેવા, તે કે'વાય તો નહિ. માટે દસ મંડળમાં જેમ જેને મળતું આવે તેમ તમે સર્વે રે'જો (રહેજો).' એટલી વાત કરી ત્યાં 'વાસુદેવ હરે' થયા તે જમવા પધાર્યા.

(૫૯) સ્વામીએ એક બાવળિયા સામું જોઈને કહ્યું જે, 'જેમ રેતીએ કરીને આ બાવળિયો સોરાઈ ગયો છે, પણ તે લાખ યોજનનો સમુદ્ર ભર્યો છે, તેના જળે કરીને લીલો પલ્લવ થાતો નથી; કેમ જે, જેમ રેતીએ કરીને સોરાઈ ગયો છે. તેમ જ વિષયે કરીને તો જીવ સોરાઈ જાય છે, પણ મીઠા જળના મહા સમુદ્ર જેવો આ સત્સંગ, તેમાં રહીને લીલો પલ્લવ થાતો નથી ને લોક, ભોગ ને આ દેહ તેણે કરીને તો જીવ સોરાઈ ગયા છે, એમ પ્રત્યક્ષ દેખાય છે. તેમ જ રૂડા ગુણ છે, તે પણ *ત્રણ્ય પ્રકારના કુસંગે કરીને નાશ થઈ જાય છે; પણ જીવ ત્રપંખડો મૂકે નહિ ત્યાં સુધી જીવ સુખિયો પણ થાય નહિ.' એમ કહીને બોલ્યા જે, "આ જીવ તો મેવાશી થઈ બેઠો છે, પણ ભગવાનની ને મોટા સાધુની તો ગરજ રાખતો નથી ને પોતાના જીવની તો ખબર જ નથી અને જેમ મેમણ ચડચો પોઠિયે ને કહે જે, 'કેકેં હણાં ને કેકેં ન હણાં !' એમ બકે છે, પણ પોતાનું તળ તપાસતો નથી જે, મારીશ કેને ?" એમ કહીને બોલ્યા જે,

મોટા થાવાનું મનમાં રે, દલમાં ઘણો ડોડ;
તેવા ગુણ નથી તનમાં રે, કાં કરે તું કોડ.
(કીર્તન મુક્તાવલિ : ૧૦૫૩)

એમ જીવ કોડ તો બહુ કર્યે છે, પણ જો મહિનો દિ' હાથધોણું ચાલે તો ખબર પડચે, પણ આજ ઓશિયાળા કર્યે છે. એવી રીતે વાત બહુ કરી છે.

(૬૦) જીવ સામું જો'એ છીએ તો મુમુક્ષુતા તો જાણે છે જ નહીં અને જે મુમુક્ષુ હોય તેને તો ભગવાન કે ભગવાનના સાધુ તે વિના સુખ કે શાંતિ થાય જ નહીં. જેમ સમુદ્રમાં છીપ રહે છે, પણ તેને સમુદ્રનું પાણી ખપતું નથી, તે તો જ્યારે સ્વાંતનાં બુંદ પડચે છે, ત્યારે જે ઠેકીને ગ્રહણ કર્યે છે, તે મોતી લાખ રૂપિયાનું થાય છે ને જે મંદ શ્રદ્ધાએ કરીને ગ્રહણ કર્યે છે, તે તો અરધ લાખનું થાય છે. ને જે પડચું પડચું ગ્રહણ કર્યે છે, તે તો ફટક્યું થાય છે. તેમ જ મુમુક્ષુ હોય તે જો શ્રદ્ધાએ કરીને આ સત્પુરુષનો મન, કર્મ, વચને સંગ કર્યે છે, તો તે બ્રહ્મરૂપ થાય છે. એમ

**કહીને બોલ્યા જે,**

**श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।**
**ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ॥**

(ભગવદ્ ગીતા : ૪/૩૯)

અર્થ :- શ્રદ્ધાવાન, તત્પર અને જિતેન્દ્રિય પુરુષ જ્ઞાન મેળવે છે, જ્ઞાન પામીને તરત તે પરમ શાંતિ પામે છે. **અને જેને એવી શ્રદ્ધા ન હોય તે તો,**

**प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिषः ।**
**अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ॥**

(ભગવદ્ગીતા : ૬/૪૫)

અર્થ :- કાળજીથી યત્ન કરતાં પાપ રહિત થયેલો તે યોગી અનેક જન્મે સિદ્ધ થયા પછી પરમ ગતિ પામે છે. **એમ પણ કહ્યું છે, માટે સત્પુરુષનો સંગ તો મન, કર્મ, વચને જ કરવો. ત્યારે પૂછ્યું જે,' મન, કર્મ, વચને સંગ કેમ કરવો ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'કર્મ જે દેહ તેણે કરીને તો જેમ સત્પુરુષ કહે તેમ કરવું ને વચને કરીને તો સત્પુરુષમાં અનંત ગુણ રહ્યા છે તે કે'વા ને મને કરીને તો મોટા સાધુને વિશે નાસ્તિકપણું આવવા દેવું નહિ; ત્યારે એમ જાણવું જે, મોટા સાધુનો સંગ મન, કર્મ, વચને કર્યો છે.' એટલી વાત કરીને બોલ્યા જે,**

સંત સમાગમ કીજે, હો નિશદિન સંત સમાગમ કીજે.
અંતર કપટ મેટકે અપનો, લે ઉન કું મન દીજે. હો૦

(કીર્તન મુક્તાવલિ : ૧૪૨)

**એ ગોડી બોલ્યા, ત્યાં આરતી થઈ તે દર્શને પધાર્યા.** (વચ.ગ.પ્ર.૧૫/સારંગ.૧૧)

**(૬૧) જેમ જેમ જ્ઞાન થાતું જાય તેમ તેમ ભગવાનનો મહિમા જણાતો જાય. તે ઉપર દૃષ્ટાંત દીધું જે, "એક રબારી ચાલ્યો જતો હતો, ત્યાં હીરો હાથ આવ્યો, તે બકરીની કોટે બાંધ્યો. પછી તે બકરીને વાણિયે લઈને એ હીરો બસેં રૂપિયામાં દીધો ને બસેંવાળે હજારમાં દીધો ને હજારવાળે દસ હજારમાં દીધો, એમ ને એમ ચડતાં લાખ રૂપિયામાં દીધો. પછી તે લાખવાળે કો'ક (કોઈક) <u>શાહુકાર</u> હતો તેની પાસે જઈને કહ્યું જે, 'આ હીરો તમારે રાખવો છે ?' ત્યારે શાહુકાર હીરો જોઈને બોલ્યો જે, 'સો <u>મોટલિયા</u> કરો ને દિ' ઉગ્યાથી તે આથમ્યા સુધી દ્રવ્ય લઈ જાઓ એટલું તમારું.' ત્યારે ગામમાં હાહાકાર બોલ્યો જે, 'શાહુકારે ખજાનો લૂંટાવી દીધો !' પછી તે શાહુકારના બાપે આવીને પૂછ્યું જે, 'શું જણસ લીધી ?' ત્યારે**

કહ્યું જે, 'આ હીરો લીધો છે.' ત્યારે તેણે જોઈને કહ્યું જે, 'મફત પડાવી લીધો ! એક દિ'ની કમાણી પણ દીધી નહિ !' ત્યારે જુઓ, એ સર્વે કરતાં એ શાહુકારને એ હીરાનું જ્ઞાન બહુ કે'વાય; તેમ જ ભગવાનના મહિમાનું જાણવું. તે જેમ જેમ ભગવાનનું જ્ઞાન થાતું જાય, તેમ તેમ મહિમા વધુ ને વધુ જણાતો જાય છે.'' તે ઉપર સારંગપુરનું ૧૭મું વચનામૃત વંચાવ્યું. ત્યાં 'વાસુદેવ હરે' થયા તે જમવા પધાર્યા.

(૬૨) મોર્યે (મોરે) તો મુમુક્ષુ ભગવાનને ખોળતા ને હવે તો ભગવાન છે તે મુમુક્ષુને ખોળે છે, જેમ ધૂડચધોયા ધૂડચમાંથી ધાતુ ખોળે છે, તેમ પામર ને વિષયીમાંથી મુમુક્ષુને ખોળે છે. અને જે મુમુક્ષુ હોય તેને તો,

કરું ઉપાય હવે એહનો, ડોળી દેશ વિદેશજી;
કોઈ રે ઉગારે મુને કાળથી, સોંપું તેને લઈ શીશજી.
(કીર્તન મુક્તાવલિ : ૪૭૯)

એમ નિરંતર વરત્યા (વર્ત્યા) કર્યે. વળી સ્વામીએ વાત કરી જે, ધર્મપુરવાળાં કુશળકુંવરબાઈએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યું જે, 'હે મહારાજ ! તમે કાગળમાં લખ્યું જે, અનિર્દેશથી લિખાવિંત સ્વામીશ્રી સાત સહજાનંદજીમહારાજ, તે અનિર્દેશ તે શું ?' ત્યારે મહારાજ બોલ્યા જે, ''આ તમારો દરબાર છે તે નિર્દેશ છે ને આ તમારું શહેર છે તે અનિર્દેશ છે ને પૃથ્વી નિર્દેશ છે ને જળ અનિર્દેશ છે ને જળ નિર્દેશ છે ને તેજ અનિર્દેશ છે ને તેજ નિર્દેશ ને વાયુ અનિર્દેશ છે ને તે વાયુ નિર્દેશ ને આકાશ અનિર્દેશ છે ને આકાશ નિર્દેશ ને અહંકાર અનિર્દેશ છે ને અહંકાર નિર્દેશ છે ને મહત્તત્ત્વ અનિર્દેશ છે ને મહત્તત્ત્વ નિર્દેશ ને પ્રધાનપુરુષ અનિર્દેશ છે ને પ્રધાનપુરુષ નિર્દેશ ને પ્રકૃતિપુરુષ અનિર્દેશ છે ને પ્રકૃતિપુરુષ નિર્દેશ ને એ પ્રકૃતિપુરુષ થકી પર અક્ષરધામ અનિર્દેશ છે; ત્યાં રહીને અમે કાગળ લખાવીએ છીએ.'' એટલી વાત કરી ત્યાંસુધી મૂર્તિ સામું જોઈ રહ્યાં ને વૃત્તિ પલટાવીને હૈયામાં ઉતારતાં ગયાં. તે આ વાત મહારાજે કહી હતી. (વચ.સારંગ.૨)

(૬૩) રઘુવીરજીમહારાજ પૃથ્વી ઉપર રહ્યા ત્યાં સુધી દેશકાળાદિકનું બહુ સુખ રહ્યું; કેમ જે, મહારાજ એમને વશ; તે જેમ ધારે તેમ કર્યે. ને હવે તો રઘુવીરજીમહારાજે દેહત્યાગ કર્યો છે, તે દિ'થી દુઃખ ચડતું આવે છે; કેમ જે, જેમ મોટી નદીનું પૂર ચડતું આવે છે તેમ દુઃખ ચડતું આવે છે. જુઓને, રાજાઓનું કેવું દુઃખ છે જે, ભેંશજાળવાળા ને જાયવાવાળા જે ગરાસિયા, તેનો ન્યાય કર્યો જ નહીં;

તેમ જ અખોદડવાળા બ્રાહ્મણ ભગવદી તેને મારી નાખ્યો, તેનો પણ અન્યાય કર્યો, એવાં દુઃખ છે. તે સારુ તો અમે મહારાજને અરજી નાખી છે જે, રઘુવીરજી-મહારાજ જેવા બે આચાર્ય કરો ને *ગય રાજા જેવો એક રાજા કરો; તો બે કરોડ્ય મનુષ્ય પ્રભુ ભજે છે, તે દસ કરોડ્ય મનુષ્ય પ્રભુ ભજે, એમ સંકલ્પ કર્યો છે. ત્યારે સર્વે હરિજન બોલ્યા જે, 'હે મહારાજ ! તમે ધાર્યું છે તે સારું જ થાશે.'

(જુઓ પ્રકરણ ૬ ની વાત ૨૪૧ ને પ્રકરણ ૧૧ ની ૧૦૯)

(૬૪) અમારી સમજણ તો કોઈને કે'વાય નહિ, પણ આજ થોડીક કહું. એમ કહીને બોલ્યા જે, "કહ્યા વિના તો જ્ઞાન થાય નહિ ને જ્ઞાન થયા વિના મોહ પણ ટળે નહિ. અને જેને મોટાની સમજણ આવી હોય તેને તો મહારાજની મૂર્તિ વિના ને અક્ષરધામ વિના આંહીંથી તે પ્રકૃતિપુરુષ સુધી લઘુશંકાનો વે'વાર દેખાતો હોય, તેમાં શ્યેનો (શેનો, શાનો) મોહ થાય ? તે એવું તો સર્વનિવાસાનંદ-સ્વામીને થઈ ગયું જે પ્રકૃતિપુરુષનું કાર્ય તેમાં વૃત્તિ રહી જ નહીં. તે એકદહાડો મારી પાસે કહ્યું જે, 'મહારાજની પૂજા-સેવા શા વતે કરું ?' ત્યારે મેં કહ્યું જે, 'મૂર્તિ સામું જોઈ રહો !' ત્યારે સર્વનિવાસાનંદસ્વામીએ કહ્યું જે, 'કરીએ છીએ તો એમ જ.' પણ જો આવી વાત કો'કને કહીએ તો આ મારો ખાટલો લઈને ચરામાં નાખી આવે, એવું કઠણ પડચે; પણ મહારાજની મૂર્તિવિના ખાવાની વિષ્ટા ને પીવાની લઘુશંકા એવું છે; પણ જ્યાં સુધી મોહ છે ત્યાં સુધી એ વાત સમજાય નહિ, એવી મોટાની સમજણ છે.

(૬૫) સ્વામીએ એક હરિજનને બોલાવીને કહ્યું જે, 'દર્શન કર્ય (કર) ને આ દેહ તો તારા સારુ રહ્યો છે; કેમ જે, કાળ તો આંટા ખાતો રહે છે.' એમ કહીને બોલ્યા જે, 'આવા સાધુથી નોખા પડીએ ત્યારે નરકમાં પડ્યા જેવું દુઃખ થયું જો'એ ને એવું દુઃખ નથી થાતું ત્યાં સુધી સત્પુરુષમાં જીવ બંધાણો છે ક્યાં ? ને જ્યાં સુધી સત્પુરુષમાં જીવ બંધાણો નથી ત્યાં સુધી લોક, ભોગ ને દેહ તે રૂપ થઈ જાવાય છે.' એમ કહીને બોલ્યા જે, 'અમારે તો હજારો ક્રિયા કરાવવી પડચે, પણ આંખ મીંચીને ઉઘાડીએ એટલી પળ જો ભગવાન વીસરાય તો તાળવું ફાટી જાય !' ત્યારે પૂછ્યું જે, 'હજારો ક્રિયા કરાવો ને તેલધારાની પેઠચે ભગવાનને અખંડ રાખો, એમ તે કેમ રહે ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'તમે તમારો દેહ વિસારો છો ?' ત્યારે કહ્યું જે, 'ના મહારાજ !' પછી સ્વામી બોલ્યા જે, 'જો તમે તમારો દેહ વિસારો, તો હું મહારાજની મૂર્તિ વિસારું; કેમ જે, જેમ માછલું છે તે

જળમાં હાલેચાલે ને ક્રીડા કર્યે છે, તેમ અમે બોલીએ-ચાલીએ ને ક્રિયા કરીએ, પણ ભગવાનને મૂકીને તો કોઈ ક્રિયા કરીએ જ નહીં. ને જેને એવું ન જણાય તે તો મોટાને વિશે પણ દોષ પરઠ્યે છે જે, પોતે હેરાન થાય છે ને બીજાને હેરાન કર્યે છે. તે દોષ જોનારો કોટિ કલ્પ સુધી નિવૃત્તિ પામતો નથી, એ સિદ્ધાંત વાત છે.'

(૬૬) આ જીવને માખીમાંથી સૂર્ય કરવો છે, તે કર્યા વિના થાય જ નહીં. ત્યારે પૂછ્યું જે, 'માખીમાંથી સૂર્ય કેમ થાય ?' પછી સ્વામી બોલ્યા જે, 'આ સૂર્ય કો'ક કાળે માખીમાંથી થયો છે, તે પુરુષોત્તમની ઉપાસનાને બળે થયો છે અને તે પુરુષોત્તમની ઉપાસનાએ કરીને તો ઈશ્વરકોટિમાં ને પુરુષકોટિમાં ને બ્રહ્મકોટિમાં ભળાય છે ને તે ઉપાસના ને મહિમાવતે તો પોતાને વિશે પરિપૂર્ણપણું ને કૃતાર્થપણું મનાય છે અને તે વિના તો પોતાને વિશે અપૂર્ણપણું ને કલ્પના એ બે રહે.' તે ઉપર ગંગાજળિયા કૂવાનું વચનામૃત (વચ.ગ.મ.૬૭) વંચાવીને બોલ્યા જે, 'જેવા મહારાજને જાણે તેવો પોતે થાય છે, ત્યારે તેને અપૂર્ણપણું ને કલ્પના રહે ? ન જ રહે. ને આવું ભગવાનના સ્વરૂપ સંબંધી જે જ્ઞાન છે તે તો કોઈ દિ' નાશ થાય એવું નથી. ને તે જઠરાગ્નિએ કરીને કે, વીજળીના અગ્નિએ કરીને કે, વડવાનળ અગ્નિએ કરીને કે, પ્રલયકાળના અગ્નિએ કરીને કે, મહાતેજના અગ્નિએ કરીને પણ આ જ્ઞાન નાશ થાય તેવું નથી અને તે જ્ઞાન તો અંખડ ને અવિનાશી છે. તે જેમ પુરુષોત્તમ, અક્ષરધામ ને અક્ષરમુક્તો સનાતન છે, તેમ આ જ્ઞાન પણ સનાતન છે.' એટલી વાત કરી ત્યાં 'વાસુદેવ હરે' થયા તે જમવા પધાર્યા.

(૬૭) સ્વામીએ કારિયાણીનું ૮મું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'ભગવાનના સ્વરૂપનું નિરૂપણ કરતાં કોઈને આવડ્યું નથી; કેમ જે, એ તો અતર્ક્ય વાતુ છે, તે કોઈના તર્કમાં આવે નહિ અને પૂર્વે આચાર્ય થઈ ગયા છે તેમણે ભગવાનના સ્વરૂપનું નિરૂપણ તો કર્યું છે, પણ જેવું મહારાજને કે'તાં આવડે છે, તેવું તો કોઈને કે'તાં આવડતું જ નથી.' એમ કહીને કહ્યું જે, 'ફેર વાંચો.' ત્યારે ફેર વાંચ્યું. પછી સ્વામી બોલ્યા જે, 'સગુણ-નિર્ગુણપણું તો મહારાજે આ મૂર્તિનું કો'ક અલૌકિક ઐશ્વર્ય કહ્યું છે અને એ બે સ્વરૂપનું ધરનારુ મૂળ સ્વરૂપ તો આ પ્રત્યક્ષ બોલે છે તે જ છે.' એમ કહીને બોલ્યા જે, 'દસ શાસ્ત્રી વડોદરાના ને દસ શાસ્ત્રી સુરતના ને દસ શાસ્ત્રી અમદાવાદના ને દસ શાસ્ત્રી કાશીના એવા હજારો શાસ્ત્રી ભેગા થાય ત્યારે આ વાતનો પ્રસંગ નીસરે ?' ત્યારે રૂપશંકરે કહ્યું જે, 'ના

મહારાજ! આવો પ્રસંગ શાસ્ત્રીથી નીસરે નહિ.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'છે તો એમ જ, પણ આ લોકમાં શાસ્ત્રીનું પ્રમાણ બહુ કે'વાય; પણ ભગવાનના સ્વરૂપનું નિરૂપણ કરતાં તો મહારાજને આવડે કાં તો ગોપાળાનંદસ્વામી જેવા સાધુને આવડે, પણ બીજા કોઈને આવડે નહિ અને આ વાત તો કરોડચ ધ્યાન કરતાં અધિક છે; કેમ જે, શુકજી ધ્યાનમાંથી નીસરીને ભગવાનના સ્વરૂપનું નિરૂપણ કરતા હવા.' એટલી વાત કરી ત્યાં ડંકો થયો તે દર્શને પધાર્યા.

(૬૮) હજાર વરસનો ખીજડો હોય, તેને સાંગરીઉં થાય છે ને પાંચ વરસનો આંબો હોય તેને કેરીઉં (કેરી) થાય છે. તે તો દૃષ્ટાંત ને એનું સિદ્ધાંત તો એ છે જે, ગમે તેવો શાસ્ત્રી હોય કે ગમે તેવો પુરાણી હોય, પણ આ પ્રત્યક્ષ ભગવાન ને આ પ્રત્યક્ષ સંત, તેની ઓળખાણ જો ન હોય તો તે ખીજડા જેવો છે ને તેને સંગે ટાઢું કે સુખ થાય જ નહીં અને વિદ્યા પણ બહુ ન ભણ્યો હોય ને અવસ્થા પણ થોડી હોય ને કુળ ઊંચું ન હોય, પણ જો આ પ્રત્યક્ષ ભગવાનને વિશે નિષ્ઠા થઈ ને આ સાધુની ઓળખાણ થઈ, તો તે આંબા જેવો છે ને તેને સંગે તો ટાઢું થઈને સુખિયો થઈ જાય છે, માટે જે ખીજડા જેવો હોય તેનો સંગ ન કરવો ને જે આંબા જેવો હોય તેનો સંગ કરવો. તે ઉપર શ્લોક

विप्राद् द्विषड्गुणयुतादरविन्दनाभपादारविन्दविमुखाच्छ्वपचं वरिष्ठम् ।
मन्ये तदर्पितमनोवचने हितार्थप्राणं पुनाति स कुलं न तु भूरिमानः ॥

(શ્રીમદ્‌ભાગવત : ૭/૯/૧૦)

અર્થ :- કોઈ પુરુષ બ્રાહ્મણ જાતિનો અને બાર ગુણોથી યુક્ત હોય પણ વિષ્ણુના ચરણકમળથી વિમુખ હોય, તો તેના કરતાં (ભગવાનના ભક્ત) ચાંડાલને હું ઘણો ઉત્તમ માનું છું; કારણ કે તે ચાંડાલે ભગવાનને વિશે જ મન, વચન, કર્મ, ધન તથા પ્રાણ અર્પણ કરેલાં હોય છે, તેથી તે પોતાના કુળને પણ પવિત્ર કરે છે, પરંતુ અત્યંત અભિમાની પેલો બ્રાહ્મણ પોતાને પણ પવિત્ર કરી શક્તો નથી. બોલાવીને કહ્યું જે, 'બાર ગુણે જુક્ત બ્રાહ્મણ હોય ને જો પ્રત્યક્ષ ભગવાન સાથે ઓળખાણ ન હોય, તો તે કરતાં ભગવાનનો ભક્ત શ્વપચ હોય તે શ્રેષ્ઠ છે; એમ કહ્યું છે તે માટે ભગવાનના ભક્તને ઓળખીને સંગ કરવો, જેથી છેલ્લો જન્મ થઈ જાય ને એવા ન મળે, તો બીજા તો અનંત જન્મ ઉત્પન્ન કર્યે એવા છે.' (વચ.લોયા.૬)

(૬૯) ગરીબને કલપાવશે તે ભગવાન ખમી નહિ શકે; કેમ જે, ગર્વગંજન ભગવાન છે, તે ગમે તે દ્વારે પ્રગટ થઈને ગર્વને ટાળશે. એ વાત વિસ્તારે કરીને

બોલ્યા જે, 'આપણે તો પ્રભુ ભજી લેવા, કાંઈ ચિંતા રાખવી નહિ અને જે ધીરજવાન પુરુષ છે તેને

क्षमा शस्त्रं करे यस्य दुर्जनः किं करिप्यति ?
अतृणे पतितो वह्निः स्वयमेवोपशाम्यति ॥
(સુભાષિતરત્નભાણ્ડાગાર : ક્ષમાપ્રશંસા -૧)

અર્થ :- જેના હાથમાં ક્ષમારૂપી શસ્ત્ર છે તેને દુર્જન શું કરી શકવાનો હતો ? ઘાસ વિનાની જમીન પર પડેલો અગ્નિ આપોઆપ શમી જાય છે. **એમ કહીને વળી બોલ્યા જે, 'કોઈ દિ' લંબકર્ણની જય થઈ નથી ને થાશે પણ નહિ; કેમ જે, કામ-ક્રોધાદિકે મારી મૂક્યા છે, માટે,**

જેનું કામે કાપી લીધું નાક, લોભે લઈ લાજ લીધી રે;
જેની જીભે રોળી કર્યો રાંક, માને તો ફજેતી કીધી રે.
(કીર્તન મુક્તાવલિ : ૧૦૭૨)

**અને બીજા તો જેમ મોર કળા પૂરે ને પૂછડું ઉઘાડું થાય, એવા છે. ને એવાનો સંગ તો જેમ આંબેથી ઊઠીને બાવળિયે બેસવું એવો છે. 'કાંઉ કણ ખૂટે વાંદરા બીડ ખાવો,' એવા પુરુષ છે, માટે**

દેખી ઉપરનો આટાટોપ, રખે મને મોટા માનો રે;
એ તો ફોગટ ફૂલ્યો છે ફોપ, સમજો એ સંત શાનો રે.
(કીર્તન મુક્તાવલિ : ૧૦૭૭)

**એમ કહીને બોલ્યા જે, 'આજ તો આપણને અલભ્ય લાભ મળ્યો છે એમ જાણવું; માટે જેને મરીને પામવા હતા, તે તો દેહ છતાં જ મળ્યા છે, પણ મરીને પામવું એમ નથી.' તે મહારાજે કહ્યું છે જે, ''દેહ ધર્યાનું નિમિત્ત તો નથી, પણ કો'ક કારણ ઉત્પન્ન કરીને આ સંતના મધ્યમાં જન્મ ધરવો એમ જ ઇચ્છીએ છીએ.'' તે એ તો આપણને શીખવ્યું, પણ એવો દેહ તો આપણે જ ધર્યો છે; માટે સમાગમ કરી લેવો.** (વચ.ગ.મ.૪૮)

**(૭૦) સ્વામીએ વણથળી જાતાં વાત કરી જે, 'હવે તો સર્વે કામ થઈ રહ્યું છે; કેમ જે, <u>સુખપાલમાં</u> બેસીને પ્રભુ ભજી લિયો એમ કરી મૂક્યું છે. ને હવે તો ખોતરીને દુઃખ ઊભાં કરો તો છે ! જેમ એક વાંદરાનું <u>આળું</u> જોઈને બીજાં વાંદરાં ખોતરીને દુઃખ કર્યે છે, તેમ તમે પણ ભેગા થઈને ખોતરીને દુઃખ ઊભાં કરો તો છે.' એમ કહીને બોલ્યા જે, 'જુઓને, સર્વોપરી મહારાજ ને સર્વોપરી આ સાધુ ને**

સર્વોપરી આ સ્થાન, તેને વિશે દુ:ખ રે'શે, ત્યારે કિયે ઠેકાણે દુ:ખ ટળશે ? નહિ જ ટળે, માટે જેને સુખિયા થાવું હોય, તેને આ બરાબર કોઈ નથી.' એમ કહીને બોલ્યા જે, 'જ્યારે જ્યારે આ મારગે ચાલીએ છીએ ત્યારે ત્યારે ભગવાન સાંભરી આવે છે; કેમ જે, મોટા મોટા સાધુ ને મહારાજ બહુ ચાલ્યા છે.' ત્યારે કાશીરામે પૂછ્યું જે, 'જેને મહારાજનાં દર્શન થયાં હોય, તેને તો સાંભરે, પણ જેને મહારાજનાં દર્શન ન થયાં હોય, તેને શું સાંભરે ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'આપણે ક્યાં પરોક્ષ છે ? આપણે તો સંતદ્વારા પ્રત્યક્ષ છે; તે દર્શન દિયે છે, વાતુ કર્યે છે, એવી રીત્યે બહુ સુખ આપે છે; પણ જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી સમજાય નહિ, એ સિદ્ધાંત વાત છે.'

(૭૧) મતપંથવાળે લાખ લાખ યોજનના કૂવા ગાળ્યા છે, તે નીકળાય જ નહીં. તે શું ? તો જુઓને, કુડા મારગીવાળે વટલવું ને વ્યભિચાર તેણે કરીને જ મોક્ષ માન્યો છે; તે શું શાસ્ત્રનો મત છે ? ને વેદાંતીએ તો ભગવાનના આકારનું ખંડન કરીને <u>વિધિનિષેધને</u> ખોટા કરી નાખ્યા, એ પણ શાસ્ત્રનો મત નહિ. ને શક્તિપંથવાળે તો માંસ ને મદિરા તેણે કરીને મુક્તિ માની છે. તે શું ? તો,

पीत्वा पीत्वा पुनः पीत्वा पीत्वा पतन्ति भूतले ।
उत्थाय च पुनः पीत्वा पुनर्जन्म न विद्यते ॥ (ચાર્વાક)

અર્થ :- જેઓ મદ્ય (દારૂ) પી-પીને ફરી ફરી પીને પૃથ્વી પર પડે છે, વળી ઊભા થઈને ફરીવાર પીવે છે તેનો બીજો જન્મ થતો નથી. એ શ્લોક બોલીને કહ્યું જે, 'એ શાસ્ત્રનો સનાતન મત નહિ. ને નાસ્તિક મતવાળાને મતે તો ભગવાન જ નથી ને કર્મે કરીને જ કલ્યાણ માન્યું છે; પણ ભગવાનવતે કલ્યાણ નથી માન્યું. તે તો જેમ '<u>છોકરાનું નાળ કરતાં ગળું કાપી નાખ્યું</u>' તેમ થયું ને તેને તો જેમ '<u>એકડા વિનાનાં મીંડાં</u>' ને '<u>પુત્ર વિનાનું પારણું</u>' ને '<u>જીવ વિનાની કાયા</u>' ને '<u>મણમાં આઠ પાંચ શેરની ભૂલ્ય</u>' એમ છે અને આ જગતમાં મોટા ગુરુ કે'વાય છે, પણ તેમનાં પાપ તો મુખ થકી કે'વાય નહિ, અને ભક્તિનો તો ઉપર આડંબર, ને પાપની તો બીક જ નહીં. તે શું ? તો, મા, બે'ન (બહેન) ને દીકરી તેની ગમ જ નહીં, એવા પશુના ધર્મ પાળે છે.' એમ કહીને વળી બોલ્યા જે, 'મતમાત્ર આજ હમણાં જ બગાડ્યા છે એમ નથી, એ તો મૂળમાંથી જ બગડેલા છે.' એમ કહીને કહ્યું જે, 'આ મળદ્વાર છે તે નાનો હોય ત્યારે કાંઈ ચોખ્ખો હશે ?' ત્યારે રૂપશંકરે કહ્યું જે, 'ના મહારાજ ! એ

તો મૂળમાંથી જ બગડેલો છે.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'વાત તો નિરંતર કરીએ છીએ, પણ આજ તો ટીકા કર્યા છે.' ત્યારે સૌએ કહ્યું જે, 'આવું તો સમજાતું જ નહોતું.'

(૭૨) સ્વામીએ કલ્યાણભાઈ આગળ વાત કરી જે, 'આજ સત્સંગનો મહિમા તો મુખ થકી કે'વાય નહિ ને જો કહીએ તો માન્યામાં આવે નહિ.' ત્યારે કલ્યાણભાઈએ કહ્યું જે, 'સત્સંગનો મહિમા તો બહુ છે.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'પૂર્વે મોટા મોટા અવતાર થઈ ગયા છે, તે કરતાં તો આ સત્સંગીનાં છોકરાં સામું જો'એ (જોઈએ) છીએ ત્યાં તો કરોડચ-કરોડચગણું અધિક દૈવત જણાય છે; તો મોટા મોટા હરિભક્ત ને મોટા મોટા સાધુ અને મહારાજનો મહિમા તો કે'વાય જ કેમ ?' તે મહારાજે વચનામૃતમાં કહ્યું છે જે, "હું મારા મહિમાના પારને પામતો નથી, તો બીજા તો પામશે જ કેમ ?" (વચ.ગ.મ.૬૭/ ગ.અં.૫) એમ કહીને,

मद्भयाद्वाति वातोऽयं सूर्यस्तपति मद्भयात् ।
वर्षतीन्द्रो दहत्यग्निर्मृत्युश्चरति मद्भयात् ॥
(શ્રીમદ્ભાગવત : ૩/૨૫/૪૨)

અર્થ :- મારા ભયથી વાયુ વાય છે, મારા ભયથી આ સૂર્ય તપે છે, મારા ભયથી ઇન્દ્ર વરસાદ વરસાવે છે, મારા ભયથી અગ્નિ બાળે છે, મારા ભયથી મૃત્યુ બધે ભમે છે. એ શ્લોક બોલીને કહ્યું જે, 'બળ તો બહુ દેખાડ્યું, પણ કલ્યાણ તો એક માતાનું જ કર્યું છે; એમ જાણતાં એ શ્લોક કોઈના બળનો જણાય છે, પણ પોતાના બળનો નહિ.' એમ કહીને વળી બોલ્યા જે, 'આજ તો સત્સંગમાં ડોશીઉં હશે તે પણ હજારો જીવુંનું કલ્યાણ કરશે, તો બીજાની તો શ્યી વાત કે'વી ?' એવી રીતે બહુ વાતુ કરીને નાહવા ઉઠ્યા. (જુઓ પ્રકરણ ૧૦ ની વાત ૨૫૫)

(૭૩) સ્વામીએ એક ભક્ત સામું જોઈને વાત કરી જે, 'ભગવાન ને મોટા સાધુ જ્યારે ઉદાસી થાય, ત્યારે એમ જાણવું જે હવે મુમુક્ષુનાં કર્મ ફૂટ્યાં !' એમ કહીને બોલ્યા જે, 'આપણે તો બહુ ભેળા રહ્યા ને બહુ સમાગમ કર્યો ને હવે તો દેશકાળે કરીને ભેળું રે'વાય કે ન જ રે'વાય, પણ હવે તો અક્ષરધામમાં રે'વાય એવા સ્વભાવ કરવા શીખો; તો એક પળમાત્ર નોખા જ નથી, એમ જાણવું.' એમ કહીને વળી બોલ્યા જે, 'અક્ષરધામનો મુક્ત હોય ને સ્વાધીન થકો આંહીં આવ્યો હોય ને સ્વતંત્ર થકો જાય એવો હોય, પણ એને સત્પુરુષનો સંગ ન હોય તો જડ સંજ્ઞાને પામી જાય છે; અને જો એને સત્પુરુષનો સંગ થાય તો પૂર્વનું જ્ઞાન છે તે

પ્રગટ થઈ આવે છે, નીકર તો જેમ આ દેશના વાણિયા પરદેશમાં જાય છે, ત્યાં કાફરીઉં રાખીને રહી જાય છે, તેમ અક્ષરધામના મુક્ત હોય તે પણ આ લોકમાં બંધાઈ જાય છે. તે વિજ્ઞાનદાસજીને અક્ષરધામની તો સમાધિ થાતી ને મહારાજને ત્રણ્યે અવસ્થામાં દેખાતા, તોય ત્રણ્ય ઘર કર્યાં, પણ પોતાની મેળે નીકળાણું નહિ; પણ જ્યારે ગોપાળાનંદસ્વામીએ કહ્યું ત્યારે નીકળાણું, એવો આ લોક છે; તે સારુ તો મહારાજ, અક્ષરધામ ને અનંત મુક્તે સહિત જ પધાર્યા છે; માટે સમાગમ કરી લેવો, જેથી મહારાજની સેવામાં રે'વાય; નીકર તો ઘરોઘર કાફરીઉં છે તેની સેવામાં રે'વાશે.' એમ કહીને બોલ્યા જે,

કઠણ વચન કહું છું રે, કડવાં કાંકચ્ય રૂપ;
દરદીને ગોળી દઉં છું રે, સુખ થાવા અનુપ.
ખરે મને જે જન ખાવશે રે, આવું જે ઔષધ;
જીરણ રોગ તેનો જાવશે રે, સુખી થાશે સદ્ય.
(કીર્તન મુક્તાવલિ : ૧૦૪૮)

એટલી વાત કરીને ધર્મશાળામાં આસને પધાર્યા.

(૭૪) એક દિ' મહારાજે મુને કહ્યું જે,''કહો તો કાળ પાડીએ ને કહો તો ટૂંટિયું લાવીએ.'' ત્યારે મેં કહ્યું જે, 'કાળ પાડશો મા; ટૂંટિયું લાવજો.' ત્યારે રઘુવીરજીમહારાજે કહ્યું જે, 'બેયની ના પાડીએ નહિ ?' ત્યારે મેં કહ્યું જે, 'મહારાજની મરજી પ્રમાણે કે'વાય, પણ મરજી વિના તો કે'વાય જ નહીં.' ને વળી બોલ્યા જે, 'એક દિ' મેં મહારાજને કહ્યું જે, તમારા ઘરમાં અંધારું કેમ છે ? જે, ખેડુ કામી કામીને મરી જાય છે તેને ખાવા મળતું નથી, ને વેપારીને પરસેવો વળતો નથી તો પણ તેને ખાવા મળે છે ને ખેડુ ભૂખે મર્યે છે ? તે દિ'થી મહારાજની દષ્ટિ થઈ છે જે, ખેડુના ઘરમાં હોય ત્યારે મોઘું ને વેપારીના ઘરમાં જાય ત્યારે સોઘું થાય છે, તે દિ'થી ખાવા મળે છે. તે જુઓને રૂના ડૂચા લઈ જાય છે ને બે કરોડચ સોનાના રાળ સાબરમતીને આ કાંઠે નાખી દિયે છે, એવું કર્યું છે. પણ પ્રભુ ભજવા નવરા થાતા નથી. અરે ! આપણે આવું ક્યાં હતું, ને હજી રાત્રિપ્રલય સુધી થાશે; પણ રઘુવીરજીમહારાજે ચાર મહિના સાધુને રાખીને કથા કરાવી ને વાતુ જ કરાવીઉં, એમ કોઈ કરશે નહિ ને કરાવશે પણ નહિ; એવો માયાનો મોહ છે.' એમ કહીને વળી બોલ્યા જે, 'અમેય સાધુને રાખીને બે મહિના સુધી વાતુ ને પ્રશ્ન-ઉત્તર કરાવ્યા; પણ કેટલાકને તો ગમ જ નહીં જે, સ્વામી શું કહે છે ને શું થાય છે ? ને

**આપણે તો સોપો જ પડતો નથી.' એમ કહીને બોલ્યા જે,**

ક્યિાં બાળપણાની રમત, ક્યિાં પામવો સિદ્ધોનો મત.

(ભક્તચિંતામણિ : પ્ર.૪૧)

**એ વાતની ખબર જ નથી જે, શું કરવા આવ્યા છીએ ને શું થાય છે.' એટલી વાત કરીને ડાબે પડખે પડખાભર થયા ને સર્વે કીર્તન ગાવા લાગ્યા.**

ઇતિ શ્રી સહજાનંદસ્વામીના આધ્યાત્મિક વારસદાર
અનાદિ મૂળઅક્ષરમૂર્તિ સદ્‌ગુરુવર્ય શ્રી ગુણાતીતાનંદસ્વામીએ
કરેલી વાતોમાં
'સર્વોપરી નિશ્ચય અને માહાત્મ્યની વાતો'
નામે ત્રીજું પ્રકરણ સમાપ્ત.

અનાદિ મૂળઅક્ષરમૂર્તિ સદ્‌ગુરુવર્ય શ્રી ગુણાતીતાનંદસ્વામીએ વાત કરી જે :-

(૧) *યુધિષ્ઠિર રાજાના ઘરમાં ગૂઢ પરબ્રહ્મ મનુષ્યલિંગ મૂર્તિ રહ્યા હતા; તેમ આજ ગૂઢ પરબ્રહ્મ મનુષ્યલિંગ મૂર્તિ આપણા ઘરમાં પણ રહ્યા છે, એમ એક વિચારવું અને મહિમા એમ વિચારવો જે,

त्रिभुवनविभवहेतवेऽप्यकुण्ठ स्मृतिरजितात्मसुरादिभिर्विमृग्यात् ।
न चलति भगवत्पदारविन्दाल्लवनिमिषार्धमपि यः स वैष्णवाग्र्यः ॥

(શ્રીમદ્ ભાગવત : ૧૧/૨/૫૩)

અર્થ :- ત્રણે ભુવનના વૈભવો આવીને ઊભા હોય તો પણ જેની ભગવાનમાં અખંડ બુદ્ધિ છે એવો, તથા જેનો આત્મા શ્રીવિષ્ણુમાં છે એવો વૈષ્ણવજન, દેવોને પણ જેમની શોધ કરવી પડે છે એવા ભગવાનના ચરણકમળમાંથી એક લવમાત્ર પણ અથવા આંખના અર્ધા પલકારા જેટલા સમય માટે પણ ચલિત થતો નથી, તેવો વૈષ્ણવજન પ્રધાન વૈષ્ણવ ગણાય છે, વૈષ્ણવોમાં અગ્રેસર ગણાય છે. એમ એક વિચારવું અને ભગવાનના મહિમાસામી દૃષ્ટિ કરીએ છીએ તો બહુ જ મોટો લાભ થયો છે ને આ સાધુના મારગ સામું જો'એ (જોઈએ) તો ખોટય પણ ઘણી છે. પછી વજની ખીલીનું વચનામૃત વંચાવતી વખતે વાત કરી જે, 'ખીલી બે પ્રકારની સમજવી. એક તો त्रिभुवनविभवहेतवेऽप्यकुण्ठ એટલે અખંડ ભગવાનની સ્મૃતિ કર્યે (કરે) ને બીજો પ્રકાર તો નિષ્ઠા છે. તે સ્મૃતિ તો થાય કે ન થાય પણ નિષ્ઠા ફરે નહિ ને નિષ્ઠા થકી त्रिभुवनविभवहेतवेऽप्यकुण्ठ ની સ્થિતિની થઈ છે માટે એ ઠીક છે ને આપણામાં બહુધા તો નિષ્ઠાની સ્થિતિની ખીલી છે.' (વચ.ગ.અં.૭)

(૨) કૃપાનંદસ્વામી સમાધિ વગર સ્મૃતિથી, જ્ઞાનથી ને ધ્યાનથી અખંડ ભગવાનમાં વૃત્તિ રાખતા.

(૩) મહારાજે અમુને વર આપ્યો છે જે, ''હજાર જન્મે કરીને કામ કરવાનું હશે, તે તમારું કામ એક જન્મે કરીને કરી આપશું.''

(૪) આખો દિ' (દિવસ) એક જણ કોટ ચણે ને એક જણ એક કાંકરી નાખે એટલામાં પડી જાય. તેમાં અંત્યે (અંતે) ચણનારો થાકશે. તે કાંકરી તે શું ? જે, આખા દહાડામાં સંકલ્પ કરી કરીને કોટ ઊભો કર્યે (કરે) ને પછી સાંજે સાધુ પાસે આવે; પછી સાધુ વાત કર્યે જે, 'જો તું જુગતે કરી, દેહ તારો નથી.' એવી રીત્યે (રીતે) ખોટું કરી નાખે. ને આ સાધુ તો હરેક રીત્યથી ઉપશમ કરાવીને

વિષયને ભુલાડી દિયે ને વિષય ભોગવવા હોય તો તેને પણ ભુલાડી દિયે (દે) ને નહિ તો છેલ્લી બાકી ભક્તિ કરાવીને ઉપશમ કરાવે ને કાંઈ સાંભરવા દિયે નહિ. ને આ સાધુ તો અનેક પ્રકારથી જીવને બ્રહ્મરૂપ કરી દિયે, તે એને ખબર પડચે નહિ; જેમ અંગ્રેજનાં લોઢાં છે તે એને ખબર પડચે નહિ ને અડતામાં જ કાપી નાખે, એમ જ્ઞાનીને અનંત લોચન છે.

(૫) પૂર્વના સંસ્કારથી વાસના બીજરૂપ છે, તે તો મોટાને મન સોંપીને રાજી કર્યે, ત્યારે મોટાના અનુગ્રહથી ટળે છે; પણ બીજા કોઈ ઉપાયથી ટળતી નથી.

(૬) આપણામાં ત્યાગ બહુ શોભે પણ તેમાંય વિઘ્ન છે ને ભક્તિ બહુ શોભે પણ તેમાંય વિઘ્ન છે ને આત્મનિષ્ઠામાંય વિઘ્ન છે; પણ જેણે મોટા સાધુને મન સોપ્યું છે તેમાં વિઘ્ન નથી. તે ઉપર કેટલાકને વિઘ્ન થયાં તેનાં નામ લીધાં.

(૭) ઉપશમ કરવા બેસવું તે વખત ભગવાનની મૂર્તિવિના બધુંય વિસારી દેવું.

(૮) સચ્ચિદાનંદસ્વામી યોગવાળા, તેથી એમ કે'તા (કહેતા) જે, 'ગોપાળાનંદસ્વામીનો સંગ કરશો નહિ, નીકર બ્રહ્મજ્ઞાની કરી મૂકશે.' બ્રહ્મજ્ઞાનમાં કાંઈ લાગે નહિ, તેથી પાળવું ઓછું પડચે (પડે) ને કારસો પણ થોડો આવે; માટે બધાય બ્રહ્મજ્ઞાની થાય તેમાં વિષયથી તો મૂકાય, પણ બ્રહ્મજ્ઞાન કરતાં કરતાં ઉપાસનામાંથી પડી જાય; પણ આપણા સત્સંગમાં તો ઉપાસનામાંથી પડાય એવું જ્ઞાન છે જ નહીં.

(૯) હમણાં જણાતું નથી, પણ આપણને ભગવાન મળ્યા છે માટે કૃતાર્થ થયા છીએ.

(૧૦) 'ભાગવત'માં કહ્યું છે જે,

यश्च मूढतमो लोके यश्च बुद्धेः परं गतः ।
तावुभौ सुखमेधेते क्लिश्यत्यन्तरितो जनः ॥

(શ્રીમદ્ ભાગવત : ૩/૭/૧૭)

અર્થ :– આ લોકમાં જે પરમ મૂઢ હોય અથવા જે બુદ્ધિની પરમ પાળે પહોંચી ગયો હોય એ બે જ સુખ અનુભવે છે. વચગાળાનો જન દુ:ખ જ અનુભવતો હોય છે. એવી રીત્યે ભગવાનને જાણે તો તેને કાંઈ જાણવું રે'તું (રહેતું) નથી. માટે પુરુષોત્તમને જાણ્યા

તેને કાંઈ જાણવું રહ્યું નથી; બધાય ગુણ એમાં આવશે. જેમ અમૃત પીયે તેમાં બધી ઔષધિ આવી જાય તેમ. ને બીજા ગુણ આપણે શીખીએ છીએ પણ ત્યાગ પ્રધાન થઈ જાય, આત્મા પ્રધાન થઈ જાય, ધર્મ પ્રધાન થઈ જાય તે ઠીક નહિ, એ તો જાનૈયા છે ને વર તો ભગવાન છે. માટે ભગવાનને પુરુષોત્તમ સમજે છે તેને કાંઈ સમજવું રહ્યું નથી; તેનામાં બધાય ગુણ આવશે ને બહુ મોટો લાભ થયો છે તે મોઢે કે'વાય (કહેવાય) તેમ નથી ને તોળાય તેમ નથી. (વચ.લોયા.૧૦)

(૧૧) ભગવાનથી અંતરાય રહે છે તેટલું અંતરમાં દુઃખ રહે છે. આપણી ફિકર ભગવાનને છે, ભગવાન આપણી રક્ષામાં છે. જેમ છોકરાં મા-બાપને ઘરેણાં કરાવવાનું કે'તાં નથી; પણ એની મેળે જ કરાવે છે, તેમ આપણે ભગવાનને કે'વું નહિ પડચે, એની મેળે જ રક્ષા કરશે. ને કે'શો (કહેશો) જે, ભગવાનના ભક્તને દેહમાં રોગ કેમ આવે છે ? તો એ તો દેહમાં વાસના બહુ છે, માટે એની વાસના ત્રોડાવ્યા (તોડાવ્યા) સારુ રોગને પ્રેરે છે ને પછી શુદ્ધ કર્યે છે.

(૧૨) તીર્થને વિશે જળબુદ્ધિ ન કરવી ને ભગવાનના ભક્તને વિશે જાતિની બુદ્ધિ ન કરવી; મર્યને (મરને) ભગવાનનો ભક્ત શ્વપચ હોય તો પણ પોતાના કુટુંબે સહિતનો મોક્ષ કર્યે છે ને તે વિના બાર ગુણેયુક્ત એવો બ્રાહ્મણ છે તો પણ પોતાનો મોક્ષ કરી શકતો નથી.

(૧૩) આપણા પ્રભુ તો હમણાં આંહીં પૃથ્વી ઉપર છે. આ વાતમાં ઘણો જ મર્મ છે, તે સમજતા હોય તે સમજે અને આવી વાતુ ને આવા સાધુ કોઈ દિ' પૃથ્વી ઉપર આવ્યા નથી ને હવે આવશે પણ નહિ.

(૧૪) મધ્યનું ૧૧મું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'આ વચનામૃત બધાય ગૃહસ્થને સમજવાનું છે ને આ વાત ન સમજ્યા હોય ત્યાં સુધી જીવમાંથી સંશય મટે જ નહીં.'

(૧૫) પ્રગટ ભગવાન મળ્યા છે, તેથી પરિપૂર્ણ કલ્યાણ માનવું પણ અધૂરું માનવું નહિ ને સાધન કરવાં અથવા સાધુ થાવું એ તો બધુંય વિઘ્ન ન થાય તેને અર્થે છે, પણ ઉપાસનાની દૃઢતા રાખીને વળગી રે'શો (રહેશો) તો પાર પડી ગયું છે. ને જે સંતમાં ભગવાન હોય, તેની સેવા કર્યે તો તે પુરુષોત્તમ ભગવાનને મેળવી દિયે. (વચ.કારિ.૧૨)

(૧૬) સત્સંગ શબ્દનો અર્થ મોટા સાધુનો સંગ એ સત્સંગ. ને જેણે મોટા સાધુને વશ કર્યા, તેને ભગવાન વશ થઈ રહ્યા.

(૧૭) વિષયના ત્યાગની ઘણી જ વાતુ કરીને પછી બોલ્યા જે, 'સાંખ્યની રીત્યે કરીને જનકરાજાની પેઠયે જુદા પડવું એ પણ એક મારગ છે; પણ આપણે તો વિષયનો ત્યાગ કરવો એ મારગ છે.'

(૧૮) એક દિ' સાધુએ ઘણી ભક્તિ કરી તે જોઈને મહારાજ રાજી થયા ને પછી વાત કરી જે, "કામ, ક્રોધ આદિક જે અંતર શત્રુ છે તે જીવથી જિતાય તેવા નથી, પણ અમે ને મોટા સાધુ તમારા પક્ષમાં છીએ તે અમે મદદ કરશું એટલે જિતાશે; માટે તમે હિંમત રાખીને મંડ્યા રે'જો." તે ઉપર *ટિટોડીએ ગરુડની સહાયથી સમુદ્ર પૂરી દીધાની મહારાજની કહેલી વાત કહી.

(૧૯) વિષયના ત્યાગની બહુ આકરી વાતુ કરીને કહે જે, મહારાજ ક'તા જે, "ગૃહસ્થની તરફથી તો મુને સુખે ઊંઘ આવે છે, પણ વાંઢા પુરુષ ને ધણી વિનાની બાયડીઉં (બાઈઓ) એમના તરફથી ઊંઘ આવતી નથી."

(૨૦) પ્રથમનું ૧૬મું વચનામૃત વંચાવી વાત કરી જે, 'ભગવાન ને સંત જે વચન કહે તેમાં સંશય કરવો, એમ પણ નહિ; તેમ સંશય ન કરવો એમ પણ નહિ. એમાં જ્ઞાન જો'એ.'

(૨૧) જેને જીવનું રૂડું કરવું હોય તે આ સાધુની પાસે આવીને વાતુ સાંભળજો.

(૨૨) એક ઉપાસના, બીજી આજ્ઞા, ત્રીજો સાધુ સમાગમ ને ચોથું સત્શાસ્ત્રનું વ્યસન, એ ચાર દૃઢ કરીને રાખવાં.

(૨૩) સંવત ૧૮૫૯ની ઊતરતી મોસમમાં અલૈયા ગામમાં પ્રથમ પહેલાં મહારાજનાં અમુને દર્શન થયાં, તે બે ઘડી સામસામાં જોઈ રહ્યા; એટલામાં નિશ્ચય થઈ ગયો, દુઃખ ટળી ગયું, મહિમા સમજાઈ ગયો ને બધુંય કામ થઈ રહ્યું ! માટે ગુણાતીત એવા જે, ભગવાન તેનાં જીવ દર્શન કર્યે તો બ્રહ્મરૂપ થઈ જાય, પણ ભગવાનની માયાનું બળ એવું છે જે, કોઈ દર્શન પણ ન કર્યે.

(૨૪) મહારાજ તથા મોટા સાધુ તે તો ગારુડી ને વાદી જેવા છે તથા મણિધર જેવા છે, તે ફૂંક માર્યે (મારે) તો કામ, ક્રોધ બળી જાય.

(૨૫) મોટાનો રાજીપો થયા વિના વાસનાનું બીજ ટળે નહિ ને ન દોડવું હોય તો દોડાય ને ન જોવું હોય તો જોવાય; એવું અવસ્થાનું બળ છે.

(૨૬) જીવથી સ્વતંત્રપણે વિષય ભોગવાતા નથી, તે તો તેના કર્મફળપ્રદાતા જે, ભગવાન તે ભોગવવા દિયે તો ભોગવાય.

(૨૭) બ્રહ્મરૂપ થાવું ત્યારે તેની વાતુ બ્રહ્મજ્ઞાનીના જેવી કરવી પડ્યે છે, પણ તેથી તેમાં કોઈ ખાતર પાડી જાય તેવું છે ને તેથી જ પ્રથમ તો આત્માની માન્યતા થાય ને પછી આત્મારૂપે વરતાય. (વચ.ગ.મ.૫૧)

(૨૮) કો'ક ઠેકાણે શ્રી સ્વામિનારાયણને ભગવાન કહ્યે સમાસ થાય ને કો'ક ઠેકાણે શ્રી સ્વામિનારાયણને ભગવાન ન કહ્યે સમાસ થાય.. માટે જેમ સમાસ થાતો હોય તેમ વાત કરવી.

(૨૯) દેહ હોય તે દોષ તો હોય, પણ અનુવૃત્તિમાં રહે છે તેથી દોષનો શ્યો (શો) ભાર છે; મર્યને (મરને) રહ્યા ને કરવાનું તો થઈ રહ્યું છે, પણ આ તો વિઘ્ન ટાળીએ છીએ અને દોષ તો ઝાડી જેવા છે, તે ઝાડી હોય તે તુરત ટળી જાય નહિ. વાતુ સાંભળતાં મહિમા જણાશે તેમ ટળશે. મહિમાની કસર છે. મધ્યનું ૧૩મું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'આંખ્યુંની વૃત્તિ, કાનની વૃત્તિ, બધી વૃત્તિયું હૃદયાકાશમાં રહે છે, તેથી કોઈનો ભાર રે'તો (રહેતો) નથી, એ મજકૂર છે.'

(૩૦) આટલું જ સમજવાનું છે જે દેહને મૂકીને જેને મળવું હતું, જેને પામવું હતું ને બીજા ભક્ત પણ દેહને મૂકીને જેને પામ્યા છે તેને આપણે છતી દેહે જ પામ્યા છીએ. તેના તે જ ભગવાન ને તેના તે જ સાધુ છે; પણ આપણને જે પ્રાપ્તિ, મહિમા સુખ ને લાભ થયો છે તેને આપણે ઓળખતા નથી; કેમ જે, ભગવાનની માયાએ બાંધી લીધા છે. ને એ અજ્ઞાન એટલું દુ:ખ છે. આ વાત વારંવાર પાંચ વખત કરી અને દેહ મૂકીને કાંઈ જોવું બાકી રહ્યું નથી, દેહને મૂકીને આ મળ્યા છે તેની પાસે જાવું છે. આના આ જ ભગવાન છે, આના આ જ સાધુ છે.

(૩૧) મૂળજી બ્રહ્મચારી જેવા સત્સંગમાં કોઈ નિષ્કામી નહિ, પણ તે બીજાને નિષ્કામી કરી શકે નહિ. ને પંડ્યે (પંડે) નિષ્કામી હોય ને નિષ્કામીની રીત્યને (રીતને) જાણતા હોય તે બીજાને નિષ્કામી કરી શકે.

(૩૨) મુક્તાનંદસ્વામીનામાં થોડી પોલ નભે, બ્રહ્માનંદસ્વામીનામાં નભે ને ગોપાળાનંદસ્વામીનામાં નભે, બીજા બધાયના મંડળમાં પોલ નભે, પણ કૃપાનંદસ્વામીના મંડળમાં પોલ નભે નહિ.

(૩૩) સ્ત્રી, ધન, દેહાભિમાન ને સ્વભાવ એ ચારમાંથી જેની જે ચિકિત્સા જાણતા હોય, તેની પાસેથી તે શીખવું ને ચારેય ગુણ એકને વિશે હોય એવા પુરુષ મળે તો ચારેય ગુણ એની પાસેથી શીખવા.

(૩૪) આ લોકના હોય તે આ લોકમાં ભળી જાય ને આ લોકના ન હોય ને પરદેશી હોય તે આ લોકમાં ભળે નહિ ને ભળે તો ચિત્તમાં ગુણાતીત માને ને ધર્મમાં રહીને ભળે. ને આંહીં આ બધું નિર્ગુણ કરીને બેઠા, ત્યારે હવે એ નિર્ગુણનો શ્યો ખપ રહ્યો ? માટે જ્ઞાન-વૈરાગ્યથી નિષેધ કરી મૂકવું ને કામ, લોભ, માન, સ્વાદ, એ આજ્ઞા બા'ર્ય (બહાર) જેને વળગ્યાં છે તેને બ્રહ્મરાક્ષસ વળગ્યા છે.

(૩૫) આવી વાતુ બીજે ક્યાંય નથી; આ તો અક્ષરધામની વાતુ છે, ભગવાનની છે, નારાયણની છે અને બુદ્ધિવાળા હોય તે સાધુને ઓળખે, સત્સંગને ઓળખે; માટે મહારાજે કહ્યું છે જે, ''બુદ્ધિવાળા ઉપર અમારે હેત થાય છે.''

(૩૬) આપણે તો આત્મા છીએ, બ્રહ્મરૂપ છીએ ને હમણાં કાંઈ દેખાતું નથી પણ દેહ મૂકીને દેખાશે અને 'ભગવદ્ ગીતા'માં કહ્યું છે જે, यश्च मूढतमो... (જે મૂઢ) થકો મુને જાણે છે તેને બીજું કાંઈ જાણવું રે'તું નથી ને આપણો મહિમા તો બહુ મોટો છે અને દેહમાં દોષ હશે તો તેને મૂકીને ભગવાનની સેવામાં રે'વું છે, પણ ભગવાન મળ્યા છે તેને બીજે રે'વું નથી. ને આપણી મૂડી દેખાડે તો છકી જવાય ને કોઈને ગાંઠે નહિ; વિશ્વરૂપાનંદસ્વામી કોઈને ગાંઠતા નહિ, મહારાજને પણ ગાંઠતા નહિ. ને હમણાં તો મહારાજ પ્રગટ છે તે સત્સંગી હોય તે જાણે, બીજાને જણાય નહિ અને અમે તો જે, આ વાતુ સાંભળે છે તેને જ સત્સંગી જાણીએ છીએ; નીકર તો ભગવાં લૂગડાં કર્યાં હોય તેને પણ સત્સંગી ગણતા નથી. (વચ.લોયા.૧૦)

(૩૭) પ્રગટ ભગવાન વિના કરોડ્ય નિયમ પાળે પણ કલ્યાણ ન થાય અને પ્રગટ ભગવાન ને આ પ્રગટ સાધુની આજ્ઞાથી એક નિયમ રાખે તો કલ્યાણ થાય. ને આજ તો મોજ આપી છે, તે મોજનું મૂલ હોય નહિ. માટે અગિયાર નિયમ પાળવા ને મહારાજને ભગવાન પુરુષોત્તમ સર્વના કારણ સમજવા, એવી જ્ઞાનની દૃઢતા કરવી તેને કાંઈ કરવું રહ્યું નથી. ભજન ઓછું થાશે, તીર્થ ઓછાં થાશે, તેની ફિકર નથી. (વચ.વર.૨/ગ.મ.૨૧)

(૩૮) 'સ્વામિનારાયણ'ના નામથી કાળો સાપ કરડ્યો હોય તો ઝેર ચડે નહિ ને દેહનું આયુષ્ય કોઈનું ખૂટી રહ્યું હોય તો મર્યે, નીકર એ મંત્ર જપે તો મર્યે નહિ. ને આ ભગવાન, આ મંત્ર ને આ સાધુ બીજે ક્યાંય નથી.

(૩૯) "બીજાને તો કામ પીડતો નથી ને મુને એકલાને પીડે છે અને બીજાને વિશે તો એકે દોષ નથી, માર્યે વિશે જ છે;" એમ ન સમજે ને બીજાના જોવા માંડે તો પણ ભૂંડું થાય.

(૪૦) ગામ હળિયાદમાં વાત કરી જે, 'શબ્દ સાંભળ્યા વિના જ્ઞાન થાય નહિ ને જ્ઞાનવિના કાં તો છકી જાવાય ને કાં તો ગ્લાનિ પામી જાવાય ને કાં તો અધર્મી થઈ જાવાય; માટે જેણે સાત્ત્વિક સેવ્યા હોય, તેની બુદ્ધિ ન ભેદાય.' તે ઉપર શ્લોક બોલ્યા જે,

कामादिभिर्विहीना ये सात्वताः क्षीणवासनाः ।
तेषां तु बुद्धिभेदाय क्वापि कालो न शक्नुते ॥
(વાસુદેવ માહાત્મ્ય : ૮/૭)

અર્થ :- જેઓ કામાદિક દોષથી રહિત, સત્ત્વ ગુણમય અને વાસના રહિત હોય છે, તેઓની બુદ્ધિને ભેદવા માટે કદિ પણ કાળ સમર્થ થઈ શકતો નથી. એ શ્લોક બોલીને વાત કરી જે, 'જ્ઞાન થયા વિના તો ધનશ્યામાનંદસ્વામીના જેટલો કલ્યાણનો ખપ હોય ને એમના જેટલી ભક્તિ કરતા હોય, તો પણ વિઘ્ન લાગે. ને તે બહુ ભક્તિ કરતા હતા પણ જ્ઞાન વિના ગોપાળાનંદસ્વામીનો ત્યાગ કર્યો ને પછી મેં બહુ જ વાતુ કરી ને જ્ઞાન થયું તે પછી એમને સાચવવા પડ્યા નહિ; માટે સાધુ ઓળખ્યાથી અજ્ઞાન ટળે છે. ને ભગવદાનંદસ્વામી આદિક કેટલાક પોતે તો ગોપાળાનંદસ્વામીને મોટા સમજે, પણ શિષ્ય પૂછે તો તેને કહે નહિ ને મૂળગો દોષ દેખાડે.'

(૪૧) ભગવાનના મનુષ્યભાવમાં મોહ થયાની ઘણી જ વાતુ કરી, પણ ભગવાનમાં તો મનુષ્યભાવ કે'વાય જ નહીં ને આપણે જેમ દેહ ને જીવ જુદા છે તેમ ભગવાનમાં કે'વાય નહિ.

(૪૨) મુક્ત હોય તે કામ, લોભના લાગમાં આવે જ નહીં ને પોતાનું ભૂંડું દેખાય ને લાજ જાય એવું કર્મ તો કર્યે જ નહીં ને બંધાય તો કદાચિત્ રાજ-સમૃદ્ધિમાં બંધાય પણ જેવા તેવામાં તો બંધાય જ નહીં.

(૪૩) ધર્મ તો લાજે કરીને રહે છે ને ધનોભક્ત પણ મહારાજને આપણી પેઠયે જ ભગવાન જાણે છે; પણ નિયમમાં રહ્યો નહિ તો ધર્મથી ભ્રષ્ટ થઈ જાવાણું .

(૪૪) લાભનો પાર નથી ને આમાંથી ધક્કો લાગે તો ખોટ્યનો પણ પાર નથી. બહુ જ મોટો લાભ થયો છે, તે કે'વાય તેવો નથી.

(૪૫) સારંગપુરનું ૧૧મું વચનામૃત વંચાવતી વખતે કો'ક હરિભક્તે પૂછ્યું જે, 'મૃત્યુ આડી ઘડી હોય ત્યારે ભગવાનમાં શી રીતે જોડાવાય ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'એને ભગવાનમાં જોડાવાની રુચિ હોય ને દેહનો અંત આવી જાય તો ભગવાન ને સાધુ તેની મદદ કર્યે, રક્ષા કર્યે, તેથી ભગવાનને વિશે જોડાઈ જવાય; માટે રુચિ સારી રાખવી.'

(૪૬) વળી એમ બોલ્યા જે, 'જે વખતમાં ભગવાન ભજવાની જેવી રીત્ય હોય, તેવી રીત્યે ભગવાન ભજવા તેમાં રામાવતારની રીત્ય બીજી; તથા કૃષ્ણાવતારની રીત્ય બીજી તથા ઋષભદેવ ને પરશુરામની રીત્ય બીજી ને શુકજીની બીજી રીત્ય; ને આજ મહારાજની રીત્ય બીજી છે. માટે જે સમે (સમયે) જેવી ભગવાન ભજવાની રીત્ય હોય તે પ્રમાણે ભગવાન ભજવા.' પછી કો'ક (કોઈક) હરિભક્તે કહ્યું જે, 'મનુષ્ય દેહ ધરીને તમે ઓળખાણા, એ મોટી વાત થઈ.' ત્યારે કહે જે, 'હા, સાધુ તો પ્રાણથી પણ અધિક વા'લા (વ્હાલા) થઈ ગયા છે.'

(૪૭) ગામ કુંકાવાવના કરસનભક્તે પૂછ્યું જે, 'મને તો તમારા વિના જૂનાગઢમાં કોઈ પાસે બેસવું ગમતું નથી ને તમારા વિના કોઈની વાત સાંભળવી ગમતી નથી, માટે એકલો બેસી રહું છું.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'એ તો રુચિ પ્રમાણે રહે છે.'

(૪૮) રણછોડભક્તે કહ્યું જે, 'વિપરીત દેશકાળ આવે છે ત્યારે ભગવાન સાંભરતા નથી ને ઉદ્વેગ થાય છે, માટે તેનું કેમ સમજવું ?' સ્વામીએ ઉત્તર કર્યો જે, 'ભગવાન સર્વકર્તા છે, કઠણ દેશકાળમાં તો કોઈને ભગવાન સાંભરે જ નહિ, પણ આ લોકમાં ચોંટાય તો નહિ ને આ લોકમાંથી વૈરાગ્ય થાય ને ચોંટાય નહિ, તે સારુ ભગવાન એને દુઃખિયો રાખે છે; માટે સર્વકર્તા ભગવાનને સમજવા.'

(વચ.ગ.મ.૨૧/વર.૨)

(૪૯) હળિયાદથી નીકળીને બગસરામાં આવ્યા ત્યાં વાત કરી જે, 'જે સમયમાં જેને હાથ કલ્યાણ કરવાનું ભગવાને સોંપ્યું હોય તેનાથી કલ્યાણ થાય; જેમ પરીક્ષિતને શાપ થયો ત્યારે વ્યાસજી આદિક ઘણા મોટા હતા પણ શુકજી આવ્યા ત્યારે કલ્યાણ થયું.'

(૫૦) આ સાધુ મનુષ્ય જેવા જણાય છે, પણ મનુષ્ય જેવા નથી ને આજ તો પ્રગટ ભગવાન છે, પ્રગટ સાધુ છે, પ્રગટ ધર્મ છે ને આ સમામાં જેને નહિ ઓળખાય તેને પછવાડેથી માથું કૂટવું પડશે.

(૫૧) પાપીનો વાયરો આવે તો સાઠહજાર વરસનું પુણ્ય જાતું (જતું) રહે ને આ સાધુનો વાયરો આવે તો સાઠહજાર વરસનું પાપ બળી જાય ને પુણ્ય થાય.

(૫૨) આપણને તો ભગવાને રાજી થઈને પોતાનું અક્ષરધામ બક્ષિસ આપ્યું છે ને ભગવાન એવા ઉદાર છે જે, જેના ઉપર રાજી થાય છે, તેને પોતાનું ધામ બક્ષિસ આપી દિયે (દે) છે. ને સત્સંગ તો પછવાડેથી (પાછળથી) દસહજાર ઘણો થાશે, પણ આ સાધુ ને આ વાતુ નહિ મળે ને મહારાજ પ્રગટ થયા ત્યારે આ સાધુ દીઠા, નહિ તો આ સાધુ બીજે હોય નહિ.

(૫૩) ગામ વાંકિયામાં બહુ જ વાતુ કરીને કહ્યું જે, 'આવી વાતુ તો પારસો વળે ત્યારે થાય છે, નીકર થાય નહિ ને આ વાતુ ફરીને જન્મ થાવા દિયે તેવી નથી.'

(૫૪) પાંડવો ભગવાનના પ્રતાપે કરીને દુઃખને, જેમ સમુદ્ર ગાયના પગલા જેટલો તરવાને સુગમ થાય તેમ તરી ગયા. માટે આપણે તો કામ-ક્રોધ જીતવા એ તો તીમંગળથી ને દુર્યોધનના સૈન્યથી પણ બળિયા છે; પણ ભગવાનની આજ્ઞામાં રહ્યાથી તરી જાવાશે; માટે ભગવાનના પ્રતાપનું બળ રાખવું.

(૫૫) જૂનાગઢમાં કડવા વાણિયાને વાત કરી જે, 'દેહ હોય તે દોષ તો હોય, પણ ભગવાન માંહી (અંદર) પેઠા છે તે દેહ પડશે પણ ભગવાન માંહીથી નીકળે તેવા નથી.'

(૫૬) ગામ બાબાપરમાં હરિભક્તને કહ્યું જે, 'જે છે તે તો આંહીં આવ્યું છે ને જૂનાગઢમાં તો હવે કોઈ નથી ડુંગર છે.'

(૫૭) ગામ વાંકિયામાં વાત કરી જે, 'મુક્ત હોય તેને વિષય ગમે નહિ ને અક્ષરધામમાં ભગવાન છે અને આંહીં જે આવ્યા છે તેના તે જ ત્યાં છે; પણ આ ભગવાનમાં ને ત્યાં છે તેમાં લગાર ફેર નથી એમ સમજવું, તે જ માયાને તરવાનું છે.'

(૫૮) અક્ષરધામ ને અક્ષરના મુક્તે સહિત ભગવાન આહીં આવ્યા છે ને ભગવાનને કાંઈ જોઈતું નથી ને ધર્માદો-નામવરો લિયે (લે) છે તે તો સેવા અંગીકાર કર્યે છે ને ત્યાગી-ગૃહસ્થ બેય મળીને જીવુંનું (જીવોનું) કલ્યાણ કરવા વાસ્તે રીત્ય બાંધી છે ને ગૃહસ્થાશ્રમ છે તે વે'વાર તો કરવો; પણ તેનું ભજન કરવું નહિ. ને બધુંય પામ્યા છીએ પણ ભગવાન નહોતા પામ્યા તેને પણ પામ્યા ને એમ

જાણશો જે હવે કાંઈ પામવાનું રહ્યું હશે ? પણ કાંઈ બાકી રહ્યું નથી; બધુંય પામી રહ્યા છીએ.

(૫૯) ગામ દેવરાજિયામાં વાત કરી જે, 'દેહને મૂકીને જેને પામવા હતા, જેને મળવું હતું, તે ભગવાન આપણને મળ્યા ને દેહ મૂકીને ભગવાનને પામવા હતા, સાધુને પામવા હતા, તે ભગવાન ને સાધુ આ આપણને મળ્યા એ જ છે.' એમ ગાદી ઉપર હાથ પછાડીને કહ્યું. 'ને આ સાધુ છે તે ભગવાનનું ધામ છે, તેને દેહ છતે જ પામ્યા છીએ ને કોઈના વાંકમાં ન આવીએ માટે શિક્ષાપત્રી પાળવી, એટલા વાસ્તે (માટે) જ મહારાજે કરી છે.'

(૬૦) પ્રગટ ભગવાન છે, પ્રગટ સાધુ છે, પ્રગટ મોક્ષ છે; માટે ધર્મમાં રહીને આવરદા પૂરી કરવી. બહુ જ મોટો લાભ થયો છે તેને સાચવવો, નીકર જેમ ચિંતામણિને કો'ક આંખ્યુંમાં (આંખોમાં) ધૂડ્ય નાખીને લઈ જાય તેમ લઈ જાશે. ને ભગવાનનો એટલો પરચો છે જે, ભગવાનવિના બીજાથી આટલા જીવુંનાં અંતર શુદ્ધ થાય નહિ, ભગવાન હોય તે અંતર ઝાલે ને આ તો બહુ જ મોટો લાભ થયો છે, તે શું ? જે, મહારાજનું પ્રગટ થાવું ને તેવામાં આપણો જન્મ થાવો, ત્યારે આ વાતુ મળી છે, તે તો બહુ જ લાભ થયો છે. એમ ઘણીવખત કહ્યું.

(૬૧) સમાધિથી નિર્ગુણ ન થયા ને જ્ઞાનથી નિર્ગુણ થયા. ત્યારે ચતુર્ભુજદાસજીએ પૂછ્યું જે, 'સંતને ને ગૃહસ્થને સરખા નિર્ગુણ કેમ કહ્યા ?' ત્યારે સ્વામીએ ઉત્તર કર્યો જે, 'એક તો નાગો બાવો હોય તેને સમુદ્ર તરવો હોય ને ઉચાળાવાળા ગૃહસ્થને પણ સમુદ્ર તરવો હોય, તો બેયને (બંનેને) વા'ણનું (વહાણનું) કામ પડચે (પડે) મર્યને કોપીન પણ ન પે'રતો (પહેરતો) હોય પણ સમુદ્ર તરાય નહિ. માટે વા'ણમાં નાગો બાવો બેસે ને ઉચાળાવાળો ગૃહસ્થ બેસે, તેને તો બાયડી હોય, છોકરાં હોય, ભેંશ હોય, રેંટિયો હોય તે બધુંય સમુદ્ર બરાબર તરે. ને તે વિના તો દ્રવ્યને અડતા ન હોય, અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય પાળતા હોય ને મહા ત્યાગી હોય પણ ભગવાન ન મળ્યા હોય તો તેનું કલ્યાણ ન થાય ને માયાને ન તરે ને ગૃહસ્થનું કલ્યાણ થાય ને માયાને તરે.' પછી મધ્યનું ૧૧મું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'ગૃહસ્થમાત્ર આ વચનામૃત સમજે તો અંતરે શાંતિ રહે ને આ વાત અટપટી છે.' ત્યાં દૃષ્ટાંત દીધું જે, 'ભગવાનના આશ્રય વગરનો ભોગાવાની રેતમાં ચૈત્ર મહિનાના તાપમાં ઢૂંઢિયો બેઠો હોય તેને દેખીને એમ જાણે જે આનું કલ્યાણ થાશે પણ એનું કલ્યાણ નહિ થાય. ને ગૃહસ્થ હોય તેને બાયડી

હોય, આઠ છોકરાં હોય, સોળ હળ હોય, સોળ ભેંશું હોય, એ આદિક હોય, તેને દેખીને એમ જાણે જે આનું કલ્યાણ નહિ થાય; પણ તેને ભગવાન મળ્યા છે તો એ બધાયનો મોક્ષ થાશે. આ વાત તો જેમ કો'કને ઘી ખાધાથી રોગ થયો હોય ને પાછો ઘી ખવરાવીને મટાડે તેવી છે. તે બીજાને સમજાય નહિ, મહારાજને જ સમજાય ને એ પ્રશ્નનો ઉત્તર પણ મહારાજથી જ થાય, બીજાથી થાય નહિ. એના એ રજોગુણ, તમોગુણ ને સત્ત્વગુણ તેથી નરકમાં જવાય ને એના એ ગુણથી મોક્ષ થાય.' તે ઉપર શ્લોક બોલ્યા જે,

आमयो यश्च भूतानां जायते येन सुव्रत ।
तदेव ह्यामयं द्रव्यं न पुनाति चिकित्सितम् ॥

(શ્રીમદ્ ભાગવત : ૧/૫/૩૩)

અર્થ :- હે સદાચારી વ્યાસ ! પ્રાણીઓને જે પદાર્થના અયોગ્ય સેવનથી રોગ થાય છે, તે જ પદાર્થ જો શુદ્ધ કરીને યોગ્ય પ્રમાણમાં યોગ્ય રીતે સેવન કરાય તો તે રોગને દૂર કરે છે, તેવી રીતે કર્મ, મનુષ્યોના સંસારનાં કારણ બનતાં હોવા છતાં તે જ કર્મ અનાસક્ત ભાવે ઈશ્વરાર્પણ ભાવથી કરાય તો તેની નિવૃત્તિ થઈ શકે છે.

(૬૨) અક્ષરધામ બહુ જ છેટું છે, પણ આપણને ભગવાને <u>થડમાં કર્યું</u> છે. આ મનુષ્ય જેવા થઈને બેઠા છીએ ને આપણને અક્ષરધામના મુક્તના જેવી વાતુ સમજાય છે ને કરાય છે, તે ભગવાનનો ને આ સાધુનો અનુગ્રહ છે. ને આવો સમાગમ મળ્યો છે ને અહો ! અહો ! નથી થાતું તે તો આ વાત કોઈ દિ' કરી નથી; આ લોકનું જ કૂટ્યું (કર્યું) છે.

(૬૩) ગામ ચાડિયામાં વાત કરી જે, 'ઘરમાં રે'વું તે મે'માનની (મહેમાનની) પેઠ્યે રે'વું.'

(૬૪) બ્રહ્મા બેઠા હોય ત્યાં શુકજીથી તથા સનકાદિકથી વાત થાય નહિ; કેમ જે, લોકમાં એમની વાત પ્રમાણ થાય નહિ; શ્યાથી (શાથી) જે તેમની લોકમાં પ્રસિદ્ધિ નહિ ને જેનું લોકમાં પ્રમાણ થાતું હોય તેનું તો ઠેકાણુંય ન હોય.

(૬૫) ઉપાસના દૃઢ હોય ને ધન-સ્ત્રીમાં લેવાઈ જાય, તે અલ્પ દોષ કે'વાય. ત્યારે હરિશંકરભાઈએ પૂછ્યું જે, 'લોકમાં તો જે ન લેવાતો હોય તેનું સારું દેખાય.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'લોકનું શું કામ છે ? ઉપાસનાના બળે દોષમાત્ર ટળી જાશે; મૂળ તપાસો ને !'



સદ્‌ગુરુવર્ય ગુણાતીતાનંદસ્વામી ખંભાતના સમૈયામાં પોતાને ગુરુભાવે પૂજતા આચાર્યશ્રી રઘુવીરજીમહારાજને પણ અત્યંત સેવકભાવે ચામર ઢોળે છે.
ભગવાન અને ભગવાનના ભક્તની સેવા એ બેમાં જ માલ છે.

(કરે), તો પણ પ્રીતિ તો ગામમાં જ હોય ને ત્યાગ કર્યે તો પણ તેનું જ ભજન થાય અને સાધુ સેવ્યા હોય તેને વિષયનું ભજન ન થાય ને દેહે કરીને ક્રિયા કર્યે.

(જુઓ પ્રકરણ ૧ ની વાત ૧૧૩)

(૭૬) ગામ સાવરથી આવતાં રસ્તામાં વાત કરી જે, 'સમાગમ વિના ખોટચ (ખોટ) રહે ને બળિયો હોય તો એટલે જ રહે, પણ સંગ વિના વૃદ્ધિ પામે નહિ ને સમાગમ વિના વાસના તો રહે, પણ આપણા સ્વામી છે તેને આપણી ચિંતા છે, તે કો'ક (કોઈક) એવા મોટાનો જોગ મેળવી કસર ટળાવશે. ને આ વાતુ હમણાં તો જણાતી નથી પણ આગળ જાતાં મોટાં ઝાડ થાશે.'

(૭૭) સંગ ત્રણ્ય પ્રકારનો છે. તેમાં વિષયનો સંકલ્પ ન હોય તે ઉત્તમ ને વાસનાને દબાવીને આજ્ઞામાં વરતે તે મધ્યમ ને આજ્ઞા લોપે તે અધમ. ને કૃપાનંદસ્વામી જેવા તો ભગવાનના સાધર્મ્યપણાને પામેલા, તેથી તેને ભગવાન જેવા કે'વાય (કહેવાય), પણ એ વાત બીજાને કે'વાય નહિ; શ્યાથી જે કોઈ માને નહિ, ને આ તો વગડો છે તેથી કે'વાય.

(૭૮) શ્વપચ હોય ને તે અમૃત પીયે તો તે અમર થઈ જાય.

(૭૯) ગૌલોકમાં વિષય ભોગવે છે ને જ્ઞાન છે તેથી પાછી દાઝ પણ થાય છે.

(૮૦) ગામ ગઢડામાં વાત કરી જે, 'એકને તો એવું આવડે જે, પ્રવૃતિમાં રાખે પણ કાંઈ અડવા દિયે નહિ ને એક તો એવો ખોસી મૂકે તે કોઈ દિ' (દિવસ) નીકળી શકે જ નહીં. આપણે તો બહુ કાળની વાત નથી, આપણે મૂકવું નથી; પણ આપણને મળ્યા છે એ સાધુ રે'વા દિયે તેવા નથી. આપણે તો એ સાધુનું કામ છે, એ મળ્યા એટલે કોઈ વાતની ફિકર નથી.'

(૮૧) ગામ ગઢડામાં વાત કરી જે, 'સત્ત્વગુણની મૂર્તિ હોય તેને ભગવાનનો નિશ્ચય ન થાય અને તમોગુણની મૂર્તિ હોય તેને ભગવાનનો નિશ્ચય થાય.' ત્યાં આલશી ઘાંચીનું તથા મયારામ ભટ્ટનું દૃષ્ટાંત દીધું. 'માટે ગુણનો કાંઈ મેળ નથી. માટે રજોગુણ, તમોગુણ ને સત્ત્વગુણ એ ત્રણ્યે (ત્રણેય)થી પર ગુણાતીત થાવું એ જ ઠીક છે.' (જુઓ પ્રકરણ ૧૧ ની વાત ૧૨૪)

(૮૨) ધનમાંથી આસક્તિ ટળી ગઈ હોય તેનાથી દ્રવ્ય ઉપાર્જન કરવાનો પ્રયત્ન થાય નહિ ને વે'વાર કર્યે તો તે ન કર્યા જેવો કર્યે. તે ઉપર માવાભક્તનું દૃષ્ટાંત દીધું.

(૮૩) ગામ ગઢડામાં વાત કરી જે, 'આપણને ભગવાનમાં પ્રીતિ છે, પણ જણાતી નથી.' તે ઉપર મહારાજનું કહેલું દૃષ્ટાંત દીધું જે, 'જીવાખાચરને ગરાસમાં હેત છે, પણ હમણાં કાંઈ જણાતું નથી, પણ તેને કોઈ લેવા આવે ત્યારે જણાય; તેમ આપણને કોઈ સત્સંગ મુકાવા આવે ત્યારે હેત જણાય.'

(૮૪) બોટાદ જાતાં રસ્તામાં વાત કરી જે, 'જેને સુખિયું રે'વું હોય તેણે પોતાથી દુઃખિયા હોય તેને સંભારવા, પણ પોતાથી સુખિયા હોય તેના સામું જોવું નહિ; કેમ જે, સુખ તો પ્રારબ્ધને અનુસારે મળ્યું છે.'

(૮૫) મહારાજે અનેક પ્રકારનાં સાધન-નિયમ બતાવ્યાં છે, તેમાં મુખ્ય બ્રહ્મચર્ય છે અને મહારાજનો અવતાર થયો છે તે તો મૂળ અજ્ઞાનનો નાશ કરવાને અર્થે થયો છે, તે અનેક પ્રકારથી ફેરવીને એ વાત સમજાવશે. તે મૂળ અજ્ઞાન તે શું ? જે, ત્રણ્ય દેહથી જુદું પોતાનું સ્વરૂપ સમજીને ભક્તિ ન કરવી, એ જ છે. ને આ વાત કરોડ્ય (કરોડ) જન્મ ધર્યે પણ સમજાય નહિ, મોટા સાધુ સમજાવે ત્યારે સમજાય.

(૮૬) ગામ અરણેજથી ધોળકે જાતાં રસ્તામાં મેમરની વાવ ને તલાવડી મૂક્યા પછી વાત કરી જે, 'સનકાદિકને કનિષ્ઠ કહીએ ને શુકજીને અધિક કહીએ, તો કે'શે જે સાધુની નિંદા કરી; પણ સનકાદિકને વૈરાટની ઉપાસના છે તેથી તે કનિષ્ઠ છે ને શુકજીને શ્રીકૃષ્ણની ઉપાસના છે તેથી તે અધિક છે, એમ મહારાજે ખરડામાં લખાવ્યું છે.'

(૮૭) મોટા સાધુનો અવગુણ નહિ હોય ને કાંઈ દોષ હશે તો તેની ભગવાનને ફિકર છે, પણ મોટા સાધુનો અવગુણ લેશે તેનું તો પાપ <u>વજ્રલેપ</u> થાશે.

(૮૮) આગળ ધોળકા, અમદાવાદ આવે છે, તેમાં કશુંયે જોવું નહિ ને જે જોવાનું છે, પૂજવાનું છે, સેવા કરવાનું છે, તે તમારા ભેગું છે, માટે તેના સામું જોઈ રહો, પણ આ વાત સમજાય તેવી નથી. ને બધાય એમ કહે છે જે, 'ગોપાળાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી દેહ મૂકી ગયા, હવે કેની પાસે જાઈએ ?' પણ રઘુવીરજીમહારાજ બહુ જ મોટા હતા તે દેહ મૂક્યા પછી જણાણા. ને આપણને બહુ જ લાભ થયો છે તેનો મહિમા <u>બ્રહ્માના કલ્પ</u> સુધી કહીએ તો પણ પાર આવે નહિ ને ન સમજાય તો ખોટય (ખોટ) પણ બહુ છે, તેનો પણ બ્રહ્માના કલ્પ સુધી કે'તાં પાર આવે નહિ. આ પ્રમાણે પ્રગટ્ સ્વરૂપ ઓળખવાની ઘણી જ વાતુ કરી.

(૮૯) ધોળકામાં વાત કરી જે, 'મહારાજના મળેલા દેહ મૂકી દેશે તે

પછી કો'ક મુક્તને દેહ ધરાવશે. તે પણ આ સંપ્રદાયમાં જ દેહ ધરાવશે; કારણ કે, આવો શુદ્ધ સંપ્રદાય બીજો કોઈ નથી.'

(૯૦) અમદાવાદમાં વાત કરી જે, 'હાલ મહારાજ પ્રગટ છે, તેમજ જ્ઞાન આપે છે, તેમ જ નિયમમાં રાખે છે, તેમ જ ધર્મ પળાવે છે, તેમ જ ઉપદેશ આપે છે.'

(૯૧) વરતાલમાં વાત કરી જે, 'બીજું કાંઈ કરવાનું નથી, એના થઈને એને જીવ સોંપી દેવો, એટલે બધુંય કરી રહ્યા છીએ અને અક્ષરધામમાં મહારાજ આમ ને આમ ઉત્તરાદે મુખારવિંદે બેઠા છે.' એમ વાત કરીને પગના અંગૂઠાથી તે શિખાપર્યંત હાથની આંગળીએ કરીને બતાવ્યું.

(૯૨) જે જે લખ્યું તે વાંચ્યું નહિ તો તે લખ્યું તે ન લખ્યું ને કદાપિ વાંચ્યું પણ તેમાં સૂરત ન રાખી તો તે વાંચ્યું તે ન વાંચ્યું ને કદાપિ સૂરત રાખી પણ તેમ કરવાને મારગે ન ચલાય, તો પણ શું ? માટે રજ, તમ ન હોય ને સત્ત્વની પ્રવૃત્તિ હોય ત્યારે સ્થિર થઈ ને સ્થિર મને વાંચીને મનનો તપાસ કરવો તો તે સમાસ કર્યે (કરે). તે મનના તપાસનું કહ્યું છે જે, શબ્દ સર્વે જુદા જુદા પોતાના ઉરમાં લેવા ને તપાસવા ને એમ થાય છે કે નહિ, તેનો તપાસ કરીને એમ જ કરવું.

(૯૩) જેમ કો'કના ઘરમાં ચિંતામણિ દાટી હોય પણ તે ખોદીને કાઢે નહિ ત્યાં સુધી દરિદ્રી રહે છે, તેમ આત્મા, પરમાત્માનું જ્ઞાન છે.

(૯૪) જ્યારે જ્યારે કામાદિક આવે ત્યારે ત્યારે ઉપેક્ષા કરવી, કે'તા એનાં સંકલ્પ મૂકીને બીજી ક્રિયામાં પ્રવર્તવું, એટલે તે સંકલ્પનું જોર ચાલે નહિ. તેમાં *દૈત્યનું દૃષ્ટાંત દીધું જે, વજે કરીને ન મૂવો ને ભગવાને કહ્યું તેથી દરિયાના ફીણે પ્રહ્લાદે માર્યો ત્યારે મૂવો. તેમ તે કામાદિકના સંકલ્પ ટાળવાના ઉપાય પણ કહ્યા છે, પણ તે સર્વે ઉપાય કરતાં તે સમે બીજી કો'ક ક્રિયામાં મંડવું, તેથી ઓલ્યો સંકલ્પ ટળી જાય.

(૯૫) પ્રથમ સાધન દશામાં તો પૂરું જ્ઞાન ન થાય ને પૂરું જ્ઞાન ન થાય ત્યાં સુધી પૂરું સુખ પણ ન આવે. તે ઉપર દૃષ્ટાંત દીધું જે, જેમ થોડો વરસાદ થાય ને નદીમાં નવું-જૂનું પાણી ભેળું થાય તે મૂળગું બગડે. પછી ઘણો વરસાદ થાય ત્યારે સર્વે નવું પાણી થાય; તેમ પરિપૂર્ણ જ્ઞાન થાય ત્યારે સુખ થાય.

(૯૬) મહારાજનું કહેલું કહ્યું જે, "જ્યાં સુધી પોતાને પુરુષ મનાશે ત્યાં સુધી સ્ત્રી જોશે ને જ્યાં સુધી પોતાને સ્ત્રી મનાશે ત્યાં સુધી પુરુષ જોશે; તે

પ્રકૃતિપુરુષ સુધી જોશે.'' માટે,

निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥
(શિક્ષાપત્રી શ્લોક : ૧૧૬)

અર્થ :- સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ જે ત્રણ દેહ તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા તેને બ્રહ્મરૂપની ભાવના કરીને પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ જે તે સર્વ કાળને વિશે કરવી. **એ સિદ્ધાંત છે.** (વચ.ગ.અં.૨૨)

**(૯૭) <u>પૂર્તકર્મ</u> છે એ સર્વે અશાંતિકૃત છે ને કથાવાર્તામાં જ સુખ છે. બીજાં સર્વ કામ કરનાર ઘણા છે. જે આજ્ઞા કરીએ તેમાં તૈયાર છે, ને કરવાનું તો ધ્યાન છે ને એમાં જ સુખ છે એ વાતે અટકે; પણ કર્યા વિના છૂટકો નથી. નિદ્રા ને સ્ત્રી બરાબર કહ્યાં છે.**

**(૯૮) <u>આત્યંતિકપ્રલય</u> જે <u>જ્ઞાનપ્રલય</u> ત્યાં સુધી સમજવાનું છે ને જ્ઞાનપ્રલય જેણે કર્યો હોય, તે સાથે જોડાય ત્યારે થાય.** (વચ.ગ.પ્ર.૨૪)

**(૯૯) ''મંદિર છે તે સોનાનાં થાય કે દેહે સુકાઈ જાય, એ આદિક ગમે તેટલાં સાધન કરો, પણ હું જેવો છું, તેવો જાણે ત્યારે રાજી થાઉં છું.'' એમ મહારાજે કહ્યું છે.**

(૧૦૦) પોતાને જીવરૂપ માને તેમાં તો દોષ રહ્યા છે ને અક્ષરરૂપ માને તો તેમાં દોષ જ નહીં. ને અક્ષરમાં જાવું છે એમ રહે છે, પણ અક્ષર પોતાને માને ત્યારે જાવાનું ક્યાં રહ્યું ?

(૧૦૧) આપણો જન્મ બે વાત સાધવા સારુ થયો છે, તેમાં એક અક્ષરરૂપ થાવું, એમાં દેહ અંતરાયરૂપ છે ને બીજું ભગવાનમાં જોડાવું, તેમાં સંગ અનેક પ્રકારના અંતરાયરૂપ છે, એ બે ખોટ્ય ટાળવી.

(૧૦૨) પોતામાં જે જે ગુણ હોય તે બીજાને દેખાડે તે કનિષ્ઠ ને જે દેખાડે નહિ ને ઢાંકે નહિ તે મધ્યમ ને જે ઢાંકી રાખે છે તે ઉત્તમ પુરુષ છે. ને મોટા હોય તે આપણા ઠેરાવ ને આપણી રુચિ અનુસારે પ્રતિપાદન કર્યે.

(૧૦૩) એક તો પતિનો ગર્ભ ને એક તો પરપુરુષનો ગર્ભ, તેમાં જેમ ફેર છે તેમ ભગવાનનું બળ ને સાધનનું બળ તેમાં ભેદ છે, એમ મહારાજે કહ્યું છે.

(૧૦૪) શાસ્ત્ર છે તે કાર્ય છે ને મોટા છે તે કારણ છે.

(૧૦૫) માનસી પૂજા તો અંતઃકરણમાં થાય છે; કેમ જે, સંકલ્પ કરવા

પડચે છે, માટે તે તો સૂક્ષ્મ દેહ છે. ને પ્રતિલોમમાં તો સંકલ્પ નહિ ને પોતાને નિરાકાર માનવું ને તેમાં ભગવાન તો રહ્યા જ છે. જેમ પૃથ્વીમાં જળ રહ્યું છે, દૂધમાં ઘી રહ્યું છે ને તલમાં તેલ રહ્યું છે ને ફૂલમાં સુગંધ રહી છે, તેમ જ જીવમાં ભગવાન રહ્યા છે.

(૧૦૬) નિરંતર પોતે પોતાનો તપાસ કરવો ને પાછું વાળીને જોવું જે, આ કરવાનું છે ને હું શું કરવાને આવ્યો છું ને શું થાય છે ?

(૧૦૭) એક રુચિવાળા પાંચ ભેગા હોય કે બે ભેગા હોય, તો પણ લાખ-કરોડ્ય (કરોડ) ભેગા છીએ ને તે વિના તો ગમે તેટલા ભેગા હોય તો પણ એકલા છીએ.

(૧૦૮) મોટાનો સંગ કર્યે, તો ધ્યાન-ભજનને ઘસારો આવે ને ધ્યાન-ભજન કર્યે તો સંગમાં ઘસારો આવે, તેમાં શું કરવું ? એ પ્રશ્નનો ઉત્તર કર્યો જે, 'સંગ કરવો; સંગ થાશે તેમાંથી વિષય ટળવાના છે, પણ સંગ વિના વિષય કેમ ટળશે ?'

(૧૦૯) એક હરિભક્તે પૂછ્યું, તેના ઉત્તરમાં કહ્યું જે, 'વિષય ને ભોગવે તો ચિંતવન થાય, ને બહુ બળ થાય તો ભોગવાય; પણ અંતે ન ભોગવવું ને મૂકવું એ જ સિદ્ધાંત છે.'

(૧૧૦) મોટા સાથે જીવ જોડે ત્યારે દોષ ટળી જાય છે ને તેના ગુણ આવે છે. તેમાં દષ્ટાંત જેમ કાચને સૂર્ય સામો રાખે છે તેમાંથી દેવતા થાય છે.

(૧૧૧) આપણને મહારાજ મળ્યા તે આપણે અક્ષરરૂપ માનવું પણ દેહ હું નહિ ને વિષય પરાભવ કર્યે એ તો દેહનો રાહ જ છે, તોપણ અક્ષર માનવું.

(૧૧૨) ભગવાનનો નિશ્ચય છે, પણ જો કો'ક મંદિર આંચકી લિયે ને ભગવાન કાંઈ સહાય ન કર્યે, તો કેટલાકનો નિશ્ચય ટળી જાય ને દઢ નિશ્ચયવાળાને તો સર્વ ટળી જાય, પણ સંશય થાય નહિ.

(૧૧૩) સર્વોપરી જ્ઞાનને મતે તો આ લોક ને આ લોકનો વે'વાર એ કાંઈ નથી, આ લોક તો અનેક પ્રકારે અંતરાય કર્યે છે.

(૧૧૪) શહેરનું સેવન, ભંડાર, કોઠાર, રૂપિયા, અધિકાર, એ આદિ જીવને બગાડવાના હેતુ છે.

(૧૧૫) મોટાનું સેવન એક વરસ કર્યું હોય તો પણ તેની મોટા ખબર લિયે છે, જેમ *આરુણી ને ઉપમન્યુ કૂવામાં પડી ગયા હતા ત્યારે તેમના ગુરુ

ખોળતા ખોળતા ત્યાં ગયા તેમ.

(૧૧૬) ઐશ્વર્ય તો દૈત્યમાં પણ છે, પૃથ્વીનું ટીપણું વાળીને લઈ ગયો; માટે એમાં માલ ન માનવો.

(૧૧૭) બે પ્રકારનું સુખ છે. તે એક તો જ્ઞાને કરીને સુખિયા ને એક તો ભગવાનની મૂર્તિના ધ્યાને કરીને સુખિયા છે; ને સાંખ્ય ને યોગ એ બેમાંથી એક હોય તોય સુખી થાય છે.

(૧૧૮) લાડવા જમવા ને પતરાવળું જે દેહ તે નાખી દેવું.

(૧૧૯) ખરેખરી ભગવાનની ઉપાસના થઈ હોય તેને કો'ક (કોઈક) કારણવશાત્ નરકના કુંડમાં નાખે તો ત્યાં પણ આનંદ રહે; કેમ જે, જુઓને, આ દેહ છે તે પણ નરકનો કુંડ જ છે, તો પણ જીવ તેમાં ચોંટ્યો છે.

(૧૨૦) બે પ્રકારના મુક્ત; તેમાં એકને મતે તો જગત ઝાંઝવાના જળ જેવું દેખાય, પણ પીવાય નહિ. ને એકને મતે છે જ નહીં; જેમ સૂર્યના મંડળમાં રાત્ય (રાત, રાત્રિ) નથી તેમ.

(૧૨૧) સો કરોડ્ય રૂપિયા હોય ને એક દોકડો ખોવાઈ જાય તો તે ગણતીમાં નહિ, તેમ ભગવાનનો મહિમા સમજાય તેને કોઈ વાતની ગણતી ન રહે.

(૧૨૨) જ્ઞાન તો નિવૃત્તિમાં થાય, પણ આખો દિ' નવરું રે'વાય (રહેવાય) નહિ, તે સારુ પ્રવૃત્તિમાં જોડીએ છીએ, નીકર દેહાભિમાની થઈ જવાય.

(૧૨૩) કેટલાકને મન રમાડે છે ને કેટલાક મનને રમાડે છે. આ વાત નિત્યે વિચારવા જેવી છે.

(૧૨૪) વાસનાવાળો અક્ષરધામમાં જાય કે ન જાય ? એ પ્રશ્નનો ઉત્તર મહારાજે કર્યો જે, "લીમડે ઊંચી વસ્તુ બાંધી હોય તેને જે છોડવાનો દાખડો કરતો હોય ને તેનાથી તે ન છૂટે તો તેને બીજો છોડી આપે; તેમ વાસના ટાળવાના ઉપાય કરતો હોય તેને ભગવાન સહાય કર્યે છે."

(૧૨૫) ભગવાનનું સુખ નથી આવતું તેનું શું કારણ છે ? ત્યારે બોલ્યા જે, 'એને વિષય અધ્ધર રાખી મૂકે છે.'

(૧૨૬) ભગવાન મળવા કઠણ છે, તેમજ આ સાધુ મળવા કઠણ છે, તેમ વિષય મૂકવા પણ કઠણ છે.

(૧૨૭) વરસાદ સુખદાયી છે પણ જેના ઘરમાં પાણી ભરાય તેને દુ:ખદાયક છે ને કાળરૂપ છે ને મોટા જીવને સુખરૂપ છે તેમ ઝીણા જીવને દુ:ખરૂપ

છે.

(૧૨૮) સંગનો ભેદ એમ છે જે, સો જન્મે એકાંતિક થાવાનો હોય તે આજ થાય અને આ જન્મે એકાંતિક હોય તેને પણ સો જન્મ ધરવા પડચે; એ બે ભેદ છે. ત્યાં દૃષ્ટાંત દીધું જે, લાકડું ને પાણો એક બીજાને તારે ને બુડાડે.

(વચ.લોયા.૬)

(૧૨૯) હરેક વાતમાં, બોલવામાં, ક્રિયામાં સૂઝી આવે; તે મહારાજની પ્રેરણા એમ સમજવું.

(૧૩૦) ભગવાનની મૂર્તિ, ભગવાનના સાધુ ને ભગવાનની આજ્ઞા, એ ત્રણ્ય વાતમાં જ માલ છે, એવો બીજી કોઈ વાતમાં માલ નથી. ને જ્ઞાન-વૈરાગ્ય ને ધર્મ, તે તો જેમ કોદાળી, પાવડા, દાતરડાં તેને ઠેકાણે છે.

(૧૩૧) ભગવાન અંધારામાં બેઠા હોય ને આપણે જો'એ ત્યારે આપણા તેજે ભગવાનનું દર્શન થાય, તોપણ એમ સમજવું જે, સર્વે એનું આપેલ મુને છે, ત્યારે એનું નામ સમજણ કે'વાય. એ વાત સમજવી.

(૧૩૨) ભગવાનને રોટલા દેવા હશે તો આકાશમાંથી દેશે, નહિ દેવા હોય તો ઘરમાંથી પણ બળી જાશે.

(૧૩૩) <u>તરગાળો</u> વેશ કાઢે છે તેને મૂરખ છે તે સ્ત્રી દેખે છે ને જે ડાહ્યો છે તે પુરુષ દેખે છે, એમ જગત ખોટું છે.

(૧૩૪) નિર્વાસનિક સાથે હેત થયું હોય તો તેને ધક્કે મારીને લઈ જાય છે, તે તો સવાસનિકને કેમ જણાય જે માર્યે હેત થયું છે ? ત્યારે બોલ્યા જે, 'એની આજ્ઞાએ કરીને અથવા પ્રારબ્ધવશે કરીને છેટું રે'વું પડચે, તો પણ તેને પાસે રહ્યાની તાણ્ય (તાણ) રહ્યા કર્યે ને ધક્કા તે શું ? તો એના વિષયનું અનેક પ્રકારથી ખંડન કરી નાખે.'

(૧૩૫) શાંતને વિશે કામ ને અભિમાન રહે છે અને આકળાને વિશે માન રહે છે.

(૧૩૬) 'વચનામૃત' કરતાં બીજામાં માલ મનાય છે, એ જ મોહ જાણવો.

(૧૩૭) ભગવાન મળે તોપણ કાંઈક કસર રહી જાય, પણ આ સાધુ મળે તો કોઈ કસર રે'વા (રહેવા) દિયે નહિ.

(૧૩૮) કામાદિક દોષ છે તે જેમ જેમ ભગવાનની આજ્ઞામાં વરતે તેમ

તેમ મોળા પડચે, પણ બીજરૂપે તો રહે; તે મોટાની દૃષ્ટિ થાય ત્યારે તે બીજ નાશ પામે છે ને મોટાની દૃષ્ટિ પણ ગુણથી ને સેવામાંથી થાય છે.

(૧૩૯) મહારાજે વાસના ટાળવાની વાત કરી ત્યારે શુકમુનિયે કહ્યું જે, 'હે મહારાજ ! તમે મળ્યા છો ને હવે વાસનાનો શો ભાર છે ?' ત્યારે મહારાજ બોલ્યા જે, "હું મળ્યો છું તે તમારી રક્ષા તો કરીશ, પણ જ્યાં સુધી વાસના હશે ત્યાં સુધી તમને ફડકો મટશે નહિ, માટે નિર્વાસનિક થાવું. ત્યાં દૃષ્ટાંત દીધું; જેમ કોઈ પુરુષ સૂતો હોય ને તેના ઉપર સાપ ચડે, પછી બીજો પુરુષ હોય તે તેની રક્ષા કર્યે (કરે), પણ ઓલ્યા સૂનારને ફડકો પડચે ખરો; તેમ તમારી રક્ષા તો હું કરીશ પણ વાસના હશે ત્યાં સુધી તમને ફડકો મટશે નહિ, માટે નિર્વાસનિક રે'વું."

(૧૪૦) ભગવાનના ભક્તના ગુણ કે'વા (કહેવા); તેમાંથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય ને એમાં દાખડો કાંઈ પણ ન મળે, એમ કરવાનું કહ્યું, પણ ફલાણો આવો ને ફલાણો આવો, એમ ભગવાનના ભક્તના દોષ ન કે'વા; ને તેનું આપણે શું કામ છે ? ને કોઈને નહિ સમજાતું હોય તો વળી આગળ સમજાશે; તેની શ્યી (શી) ઉતાવળ છે ? ને ક્યાં ભાગી જાય એમ છે ? પણ કોઈના દોષ ન કે'વા. તેમાં *લવા ને બાદશાહની દાઢીનું દૃષ્ટાંત દીધું, તે મુખ્ય માથે લેવું.

(જુઓ પ્રકરણ ૯ ની વાત ૪૦)

(૧૪૧) સ્વામીએ કારિયાણીમાં વાત કરી જે, 'દેહ હોય તે વિષય તો ભોગવવા પડચે, પણ અનાદરથી ભોગવવા, આદરથી ભોગવવા નહિ. ને હાલ તો જેમ મહારાજ પ્રગટ બેઠા હોય ને જેવો સમાસ થાય ને જેવું ભજન થાય તેમજ સમાસ થાય છે ને ભજન થાય છે.'

(૧૪૨) ગામ રોહીશાળામાં વાત કરી જે, 'ભગવાનનું માહાત્મ્ય હોય ને સાધુનો સંગ હોય તો વિષયમાં લેવાય નહિ ને તેને ઓળંગી તો જાય, પણ સાંખ્યે કરીને નિષેધ કર્યા વિના મૂળમાંથી નાશ પામે નહિ.'

(૧૪૩) જે વખતે સ્વામી પ્રશ્ન-ઉત્તર કરાવતા તે વખતમાં સ્વામીએ મોટા સાધુનો મહિમા કહેલ વાત. :-

મોટા છે, ભગવાનના મળેલા છે, ભગવાનના વચનમાં વરતે છે, ભીડો ખમે છે, ભગવાન એને વશ છે, ભગવાન એ કહે એમ કર્યે છે, ભગવાન એ કહે એમ ફરે છે, ભગવાનને એણે જીત્યા છે, ભગવાનના અભિપ્રાયના જાણનારા છે, મોક્ષના દાતા છે, એને દર્શને ભગવાનનું દર્શન થયું, એને પૂજ્યે ભગવાન પૂજાઈ

રહ્યા, ગર્ભવાસ, જમપુરી ને ચોરાશીથી એ મુકાવે છે ને વિહદ જે ભગવાનનું અક્ષરધામ તેને પમાડે છે ને ભગવાનના સાધર્મ્યપણાને પમાડે છે, એવા એ મોટા છે. એના વિના ભગવાનને ચાલતું નથી, એનાં દર્શને પંચ મહાપાપ બળી જાય છે. એની ઇન્દ્રિયુંની ક્રિયાએ કરીને બ્રહ્માંડ સચેતન થાય છે. એનાથી કાળ, કર્મ ને માયા થરથર કંપે છે; જેમ દેહને પૂજ્યે જીવ પૂજાઈ રહ્યો તેમ આ સાધુને પૂજ્યે ભગવાન પૂજાઈ રહ્યા, એ અન્નદાતા છે; અંતરજામી છે, સર્વજ્ઞ છે, એનું કર્યું થાય છે ને એ મનુષ્ય જેવા દેખાય છે, પણ મનુષ્ય જેવા નથી. ભગવાન એના ભેળા રહ્યા છે, અવિનાશી ધામને પમાડે છે, કર્તા થકા અકર્તા છે, વૃક્ષની પેઠચે એનો દેહ પરને અર્થે છે, સંતનાં લક્ષણ કહ્યાં છે એવા છે,

તૂં મુરશિદ હૈ કામિલ, કાબિલ સબ હુન્નર તેરે હાથ વે;

(કીર્તન મુક્તાવલિ : ૮૧૫)

એવા છે. આ પ્રકારે મહિમા સમજવો કહ્યો છે.

(૧૪૪) અથ મહિમાનાં લક્ષણ કહ્યાં જે : ક્રિયામાં બંધાવા ન દિયે, પ્રભુ તથા કથાવાર્તા મુખ્ય રાખે છે, નિરાકાર કહે એવું બીજું મોટું પાપ નહિ એમ કહ્યું, મહારાજને ચાર પ્રશ્ન પૂછાવ્યા, તેમાં મહારાજે વાતુ કરવાનું મુખ્ય કહ્યું, સર્વ ધામુંના (ધામના) મુક્ત સાથે પ્રશ્ન ઉત્તર કર્યા તેમાં કોઈ અમને જીત્યા નહિ. અમે મહારાજને કહ્યું જે, 'ભગવાનના ઘરમાં અંધારું કેમ છે ?' તેની વાત કરી. મહારાજ કારિયાણીમાં પચીસ વાર મળ્યા, મહારાજ પાછે પગે આગળ ચાલતા, "સાણસીમાં લોઢું ઝાલે એમ આ સાધુ મૂર્તિ રાખે છે." એમ મહારાજે કહ્યું. મહારાજે અમને રાજા ઠરાવીને ત્રણ્ય કામદાર ઠરાવ્યા, "ગોપાળાનંદસ્વામી, અખંડાનંદ બ્રહ્મચારી ને પરમાનંદસ્વામી એ ત્રણ્ય તમારા કામદાર." એમ મહારાજે અમને કહ્યું. પંચાળામાં મહારાજે અમને તિલક કરીને સર્વને દેખાડ્યા. 'બ્રહ્મમહોલમાં મોટેરો હું છું,' એમ ભગવદાનંદસ્વામીને અમે કહ્યું ને સદ્‌ગુરુનો ટંટો મટાડ્યો.

જૂનાગઢ ને ગઢડાના દેશની વેં'ચણની (વહેંચણની) તકરારના ઉત્તરમાં કહ્યું જે, 'તમારે અમરેલી જોઈતું હોય તો જૂનાગઢ જાઓ ને અમે ગઢડે આવીએ.' પછી કોઈ બોલ્યા નહિ; ગોપાળાનંદસ્વામીનું જ્ઞાન *ત્રણ્ય પામ્યા ને છ મુક્ત થયા. "બાર મહિનામાં એક મહિનો સૌને જૂનાગઢ રે'વું." એમ મહારાજે આજ્ઞા કરી. અમારા ભેળા જૂનાગઢ આવે તેને સો વાર મળવાનું મહારાજે કહ્યું. સો જન્મની કસર એક જન્મે ટાળશું, એમ મહારાજ જૂનાગઢના જમાન થયા. ભગવાન થકી જે

કામ થાય છે, તે કામ આ સાધુથી થાય છે. ગોપાળાનંદસ્વામી કહે, 'હવે વડોદરા સામી દષ્ટિ ન હોય, હવે તો જૂનાગઢ જ્યાં મહારાજનું અક્ષરધામ જે, ગુણાતીતાનંદસ્વામી ત્યાં દષ્ટિ હોય. અક્ષરધામ આંહીં મહારાજ મૂકી ગયા છે.' સાધુ ઓળખવાની ઘાંટી નિરંતર રહે છે, ગોપાળાનંદસ્વામી ત્રણ્યથી ઓળખાયા એમ જાણવું, ગોપાળાનંદસ્વામી જેવા સાધુ ન ઓળખાય; કાળ, કર્મ ને માયા જેનાથી થર-થર કંપે છે એવા આ સંત છે,

જે વડે આ જકત છે તેને કોઈ ન જાણે રે,
(કીર્તન મુક્તાવલિ : ૪૨૮)

મહારાજે મુને કહ્યું જે, "સાધુ તો પાંચ રાખીએ, પછી બસેં સુધીનું કહ્યું." મુક્તાનંદસ્વામીની આગળ અમને બેસાર્યા. પુરુષોત્તમપણાનો ડંકો બેસાર્યો, ઉનાવાળાને પુરુષોત્તમપણું સમજવાની માનતા અમે કરાવી, અભેસિંહજીને ગોંડળના કામમાં ના કહી ને પછી હા પાડી. કાળ ને ટૂંટિયું એ બેમાં ટૂંટિયું ઠીક એમ કહ્યું. પાણો બૂડે છે ને લાકડું તરે છે એવું આવડે છે. કેવા કેવાને પાર પાડ્યા, જડભરત કહીને મહારાજે ધાબળો ઓઢાડ્યો, અનાદિ પુરુષોત્તમપણાની ઉપાસના છે. શુકમુનિને મહારાજે કહ્યું જે, "એની તો અનાદિની મોટ્યપ છે, એની આસને કરીને મોટ્યપ નથી." ગોપાળાનંદસ્વામી કહે, 'મારી મોટ્યપ મૂળઅક્ષર જે ગુણાતીતાનંદસ્વામી તે વિના બીજાથી ન લેવાય.' અમારા મહિમાને મોટા મોટા સદ્‌ગુરુ ઓળખી શક્યા નથી તે તમારાથી કેમ ઓળખાય ? એમ સ્વામીએ કાશીરામને વાત કરેલી. (જુઓ પ્રકરણ ૫ ની વાત ૮૪-૪૨૬)

ઇતિ શ્રી સહજાનંદસ્વામીના આધ્યાત્મિક વારસદાર
અનાદિ મૂળઅક્ષરમૂર્તિ સદ્‌ગુરુવર્ય શ્રી ગુણાતીતાનંદસ્વામીએ
કરેલી વાતોમાં
'સ્વરૂપનિષ્ઠાની - રસ્તાની વાતો'
નામે ચોથું પ્રકરણ સમાપ્ત.

અનાદિ મૂળઅક્ષરમૂર્તિ સદ્‌ગુરુવર્ય શ્રી ગુણાતીતાનંદસ્વામીએ વાત કરી જે :-

(૧) ભગવાન મળ્યા પછી કરવાનું એ છે જે, જાણપણારૂપ દરવાજે રે'વું તથા સંગ ઓળખવો તથા હઠ, માન ને ઈર્ષ્યા ન રાખવી. (વચ.ગ.અં.૯)

(૨) ભગવાનના તથા એકાંતિકના નિશ્ચયનાં લક્ષણ એ છે જે, ઘરમાં સો કરોડચ મણ દાણા હોય તથા રૂપિયા હોય તો કાળ પડચે મરવાની બીક ન રહે તથા બે હજાર બખતરિયા ભેળા હોય તો લૂંટાવાની બીક ન રહે. તેમ નિશ્ચયવાળાને કાળ, કર્મ ને માયા, તેની બીક ન રહે ને પૂર્ણકામ માને ને ભગવાન વિના કોઈની અપેક્ષા ન રહે.

(૩) દિવ્યભાવ-મનુષ્યભાવ એક સમજે તો અવગુણ ન આવે, જેમ ઇયળ ભમરીનું ધ્યાન કર્યેથી (કરેથી) ઇયળ ભમરી થાય તથા પારસના સંબંધથી લોઢું સોનું થાય તથા નંગની પરીક્ષા ઝવેરીના સંગથી જ આવડે તથા ધૂડચ કુંભારની કસણી ખમે છે તેથી વાસણ થાય છે, તેમ જ ભગવાન તથા એકાંતિક ઓળખ્યાથી બ્રહ્મરૂપ થાય છે ને એકાંતિક ઓળખ્યા પછી કાંઈ કરવું રે'તું (રહેતું) નથી.

(૪) ભગવાન તથા એકાંતિકનો સંગ એટલો જ સત્સંગ ને બીજો તો અરધો સત્સંગ કે'વાય.

(૫) આત્યંતિક મોક્ષ થાય તે જ મોક્ષ કે'વાય ને બીજા ધામમાં ગયેથી ગર્ભવાસમાં આવવું પડચે ને ગર્ભવાસમાં આવવું પડચે ત્યાં સુધી મોક્ષ ન કે'વાય. ને એવો મોક્ષ તો પ્રગટ ભગવાન ને પ્રગટ ભગવાનના એકાંતિકનો આશરો કર્યાથી થાય, બીજાથી થાય નહિ ને સંત તો ભગવાન જેવા સમર્થ છે.

(૬) છોકરાંને બીક લાગે ત્યારે મા-બાપને ગળે બાઝી પડચે, તેમ આપણે આપત્કાળે ભગવાન તથા સાધુને ગળે બાઝી પડવું એટલે એ રક્ષા કર્યે. પછી નથુ પટેલે પૂછ્યું જે, 'ગળે શી રીતે બાઝવું ?' ત્યારે ઉત્તર કર્યો જે, 'તેમને સંભારવા અને ભગવાન તથા આ સાધુનો જેને સંગ થયો છે, તેને માથે વિઘ્ન નથી; કેમ જે, તેની તો ભગવાન રક્ષા કર્યે છે. ત્યાં *ઘોડીનું દૃષ્ટાંત દીધું જે, નદીનું પૂર ઊતરતાં અસવાર ચાર વાર પડી ગયો ને ઘોડી ચાર વાર પાછી વળી ને અસવારને તાર્યો તેમ રક્ષા કર્યે છે.'

(૭) ગઢડાવાળા ઠક્કર નારણપ્રધાને પ્રશ્ન પૂછ્યો જે, 'વિષયનું દોષધ્યાન ન થયું હોય તો તેના વિષય શી રીતે ટળે ?' ત્યારે ઉત્તર કર્યો જે,

'સમુદ્રનું જળ સુકાય તેવું નથી, પણ આત્યંતિક પ્રલયે સુકાઈ જાય છે. તેમ આત્યંતિક જ્ઞાન થાય તો વિષય ટળી જાય. તે આત્યંતિક જ્ઞાન તો આ સાધુને ઓળખ્યા એ જ છે ને તેથી વિષય ટળી જાય છે. ને તે વિના તો દોષધ્યાન કરતે કરતે કાળે કરીને ટળે.' ત્યાં *ગરુડનું દૃષ્ટાંત દીધું જે ગરુડ રહી ગયો ને ચકલી પારને પામી ગઈ.

(૮) બોટાદમધ્યે હરિશંકરભાઈને વાત કરી જે, 'કરકા ઉપર બે જનાવર બેઠાં હતાં, તે મધ્યેથી એક થોડુંક દોષધ્યાન થયાથી ઊડી ગયું ને એક બેસી રહ્યું; તેને જ્ઞાન થયાથી તથા પોતાની જોડે જનાવર હતું તેના ગુણ લીધાથી ને પોતાના દોષ સમજાણાથી મોક્ષ થયો ને ઊડી ગયેલા જનાવરને કરકામાં ગુણધ્યાન રહ્યાથી જન્મ લેવા પડ્યા.'

(૯) શ્રીજીમહારાજે હરિશંકરભાઈને સુરતમાં સ્વપ્નમાં દર્શન દઈને વાત કરી જે, "નિશ્ચયમાં કસર છે તેથી દેહ ધરાવ્યો છે, માટે નિશ્ચય પરિપક્વ કરવો ને આજ્ઞા પાળવી એટલે પૂર્ણકામ થયું."

(૧૦) હરિશંકરભાઈએ પૂછ્યું જે, 'પ્રગટ ભગવાન ને આ મૂળ સાધુ મળ્યા છે, તેથી પૂર્ણકામ માનવું કે વાસના ટળે તો માનવું ?' ત્યારે ઉત્તર કર્યો જે, 'નિશ્ચય થયો એટલે વાસના ટળી ચૂકી, માટે પૂર્ણકામ માનવું ને આજ્ઞા પાળવાની રુચિ રાખવી ને અસત્ દેશકાળે આજ્ઞા ન પળાય તો પણ તેને વિઘ્ન નથી.'

(૧૧) કેટલાક વાત એમ કર્યે છે જે, 'દેવલોક વગેરેમાં જાવું નથી ને અલ્પ વિષયમાં તો લેવાઈ જાય છે તેનું શું કારણ ? ને તે અક્ષરધામમાં જાશે કે નહિ જાય ?' એ પ્રશ્નનો ઉત્તર કર્યો જે, 'અજ્ઞાન છે, તેથી વિષયમાં લેવાય છે; પણ પ્રગટ ભગવાન તથા આ સાધુનો દૃઢ આશરો છે, તો તે અંતે તો અક્ષરધામમાં જ જાશે ને એ પ્રમાણે આશરો નથી ને તે ઉપર પ્રમાણે વાત તો કર્યે છે, તો પણ તે અક્ષરધામમાં નહિ જાય ને જેની સાથે પ્રીતિ છે તેના ધામમાં જાશે.' ત્યાં દૃષ્ટાંત દીધું જે, ગાયકવાડનો છોકરો મૂળા સારુ રોવે (રડે) પણ રાજ તેને જ મળશે.

(જુઓ પ્રકરણ ૫ ની વાત ૧૧૯)

(૧૨) ગામ બગડમાં એમ વાત કરી જે, 'અંતર પકડે તેને ભગવાન કહીએ.' ત્યારે હરિશંકરભાઈએ પૂછ્યું જે, 'અંતર પકડ્યું તે શું સમજવું ?' ત્યારે ઉત્તર કર્યો જે, 'પોતાની મૂર્તિમાં જીવને ખેંચી લિયે ને તેનો દોષ વરતીને તેના ઉપર વાત કરીને દોષ ટાળે, તે અંતર પકડ્યું કે'વાય.'

(૧૩) ભગવાન આપણી બાયડી બળાત્કારે લઈ જાય તથા છોકરો લઈ જાય ને દોષ ન લેવાય, તો સ્વરૂપનું જ્ઞાન થયું જાણવું ને એવાનો મોક્ષ થઈ ચૂક્યો.

(૧૪) શુકમુનિયે સુરતમાં વાત કરેલી જે, 'ગુણાતીતનંદસ્વામી વાતુ કર્યે છે તેથી મહારાજની વાત જેટલો સમાસ થાય છે.'

(૧૫) ભોગાવાને કાંઠે ઢૂંઢિયો તાપમાં તપ કરતો હોય તે નરકમાં જાય ને આશ્રયવાળાને સાત છોકરાં હોય તો પણ તેનો કુટુંબે સહિત મોક્ષ થાય એ વાત સર્વેને સમજ્યામાં ન આવે.

(૧૬) ઝાઝા શબ્દ સાંભળે તો અંગ તૂટી જાય ને બુદ્ધિમાં ભ્રમ થાય, માટે સમજીને નિશ્ચય કર્યા પછી બહુ શબ્દ સાંભળવા નહિ.

(૧૭) નામીવિના માત્ર નામથી કામ સરતું નથી; નામ તે ફૂલ છે ને નામી તે ફળ છે.

(૧૮) ચોકી બેઠી હોય ત્યાં કોઈ આવી શકે નહિ, એ દૃષ્ટાંતનું સિદ્ધાંત એ છે જે, 'મોટા સાધુ સંગાથે માહાત્મ્ય જાણીને જીવ જોડ્યો હોય, તો તેનાથી તેની મરજી ઉપરાંત છેટે જાય; પણ વિષય ભોગવાય નહિ ને વિષય એને લોપી શકે નહિ.'

(૧૯) મોટાસાધુના સમાગમથી વિષય ટળી ગયા છે, તો પણ નહિ ટળ્યા જેવું જણાય છે. તેનું કારણ એ છે જે <u>તલવાર્યમાં (તલવારમાં) મરિયાં</u> લાગ્યાં હોય, તો <u>સરાણે ચડાવ્યેથી</u> મટી જાય; પણ બહુ કાટ લાગીને માંહી સાર પડી ગયા હોય તો મટે નહિ. તે ક્યારે મટે ? તો તેને ગાળીને ફરી તલવાર્ય કર્યે ત્યારે મટે; તેમ આ જીવમાં વિષયના સાર પડી ગયા છે, તે દેહ મૂકીને બ્રહ્મરૂપ થાશે, એટલે ટળી જાશે.

(૨૦) આ સાધુ તો ભગવાનની હજૂરના રે'નારા (રહેનારા) છે; પળમાત્ર છેટે રહે તેવા નથી ને એ રહ્યા છે તે કોઈ જીવુંનાં (જીવોના) કલ્યાણને અર્થે રહ્યા છે. ને આ સમે એક વાત થાય છે તેવી વાત બીજા સાધુ જન્મારામાં પણ કરી શકે નહિ ને કરતાં આવડે પણ નહિ ને જન્મારો અભ્યાસ કર્યે તો પણ એવી વાતુ શીખાય નહિ.

(૨૧) ભગવાનનું તથા આ સાધુનું જેને જ્ઞાન થયું છે તેને કાંઈ કરવું રહ્યું નથી, તે તો આંહીં છે તો પણ અક્ષરધામમાં જ બેઠો છે માટે પાંચ માળા વધુ ઓછી ફરશે તેની ચિંતા નથી, તે તો સામર્થી પ્રમાણે વરતવું; પણ ભગવાન ને આ

સાધુ બેને જ જીવમાં રાખવા. ને આપણે સાધનને બળે મોટાઈ નથી; પણ ઉપાસનાના બળથી મોટાઈ છે.

(૨૨) ભગવાનની આજ્ઞાથી પ્રવૃત્તિમાં જોડાય તો પણ બંધાય તો ખરો, પણ આજ્ઞા પાળ્યેથી પ્રસન્નતા થાય. ત્યાં દૃષ્ટાંત દીધું જે, રાજાની આજ્ઞાથી *સિપાઈ કૂવામાં સાત વાર ઊતર્યો ને પલળીને આવ્યો તો પણ ગામ આપ્યું.

(૨૩) નિવૃત્તિમાં રહે તો ઇન્દ્રિયુંની શુદ્ધિ થાય છે ને જીવની પણ શુદ્ધિ થાય છે; તેવી પ્રવૃત્તિ મારગમાં થાતી નથી, માટે વિહિત ભોગમાંથી સંકોચ કરવો.

(૨૪) પ્રગટ ભગવાનનો સંબંધ થયાથી ને નિર્દોષ સમજ્યાથી મોક્ષ થઈ રહ્યો છે ને દોષ રહ્યા તે ટાળવાનો અભ્યાસ કર્યે તો ટળે, નહિ તો દેહ રહે ત્યાં સુધી દુઃખી રહે. ને દેહ મૂકીને ભગવાનનો નિશ્ચય છે તો ભગવાનના ધામને પામે છે. તે ઉપર છેલ્લાનું ૩૪મું વચનામૃત વંચાવ્યું.

(૨૫) સ્વામીએ વાત કરી જે, 'માખીમાંથી સૂર્ય કરવો એટલો દાખડો ભગવાન જેવા હોય તેનાથી થાય, બીજાથી થાય નહિ.'

(૨૬) સત્સંગે કરીને ભગવાન વશ થાય છે તેવા બીજા કોઈ સાધને થાતા નથી. તે સત્સંગનો અર્થ એ છે જે, ભગવાન ને સંત તેને વિશે જેટલો સદ્‌ભાવ તેટલો સત્સંગ છે, તે થાવો દુર્લભ છે. (વ.ચ.ગ.મ.૫૪/ગ.અં.૨)

(૨૭) નિષ્કુળાનંદસ્વામીને મહારાજે પૂછ્યું જે, "સંતદાસજી મોટા કે મુક્તાનંદસ્વામી મોટા ?" ત્યારે નિષ્કુળાનંદસ્વામીએ કહ્યું જે, 'સંતદાસજી સિદ્ધ દશાને પામ્યા છે તે મોટા.' પછી મહારાજે કહ્યું જે, "સંતદાસજીને મોટપ આવવી બંધ થઈ ને મુક્તાનંદસ્વામીની મોટપ વધતી જાય છે, માટે તે મોટા." ત્યાં દૃષ્ટાંત દીધું જે, "હવેલીમાં બહુ ખરચ કર્યે તો બે લાખ રૂપિયા ખરચ થાય, તે ઉપરાંત ન થાય ને ખેડાના કાંપમાં દસ લાખ રૂપિયાનું ખરચ થયું છે ને દસ લાખના પાયા નાખ્યા છે ને કિંમત વધતી જાય છે; તેમ સંતદાસજી હવેલી જેવા ને મુક્તાનંદસ્વામી ખેડાના કાંપ જેવા છે; એમ મોટપ સમજવી."

(૨૮) ગોપાળાનંદસ્વામીની કહેલી વાત કરી જે, 'મારા જ્ઞાનને બે જણ પામ્યા; બાળમુકુંદાનંદસ્વામી તથા સર્વનિવાસાનંદસ્વામી. ને મારો સત્સંગ તો ગઢડા પાસેની વોંકળી જેવો છે. ઉપરવાસ વરસાદનું બળ હોય, ત્યાં સુધી બળ રહે; તેમ આપણને સત્સંગના સમાગમનું બળ હોય, ત્યાં સુધી સારું રહે, નીકર કુસંગે કરીને તો કોઈનો ઠા રહે નહિ.'

(૨૯) સત્સંગ કરતાં પ્રથમ વિવેક આવે, તેથી સત્ય-અસત્ય સમજાય, ત્યાર પછી <u>વિમોક</u> આવે, તેથી સ્ત્રીઆદિકની ઇચ્છા ટળી જાય, પછી ક્રિયા આવડે કે'તાં (કહેતાં) સત્સંગની રીત્ય પ્રમાણે સર્વને મળતી ક્રિયા આવડે, ત્યાર પછી સર્વથી પર એવું પોતાનું સ્વરૂપ બ્રહ્મરૂપ મનાય, ત્યાર પછી ભગવાન વરે; ત્યાર પછી જેમ જીવ દેહની રક્ષા કર્યે છે, સ્ત્રી સ્વામીની સેવા કર્યે છે, તેમ ભગવાન સર્વ પ્રકારે રક્ષા કર્યે.

(૩૦) જેનો સમાગમ મળવાની પ્રાર્થના કર્યે છે, તેનો સમાગમ ભગવાને આપણને હાથોહાથ આપ્યો છે.

(૩૧) *પંચ મહાપાપનો કરનારો હોય તેનું પ્રાયશ્ચિત શાસ્ત્રમાં કહ્યું નથી; તો પણ આ સભાનાં દર્શન કર્યે તો તેનાં પાપ ટળી જાય; કેમ જે, આ સભામાં ભગવાન છે, સાધુ છે, સર્વે છે.

(૩૨) પુરુષોત્તમ ભેળા અક્ષર મૂર્તિમાન આવ્યા છે, પણ ઓળખાતા નથી ને આ સભામાં તે છે એમ કહીએ તો બધાને મનાય નહિ, માટે મોઢે કે'વાની રીત્ય નથી ને તેના મુક્તના કે'વાથી નિશ્ચય થાય છે.

(૩૩) કોઠારમાં હરિશંકરભાઈને વાત કરી જે, આજ સવારની સભામાં બહુ સારી વાત થઈ; તે શ્યાથી ? જે, ભગવાન આવ્યા હતા ને હમણાં કોઈને સમજાતું નહિ હોય તો આગળ સમજાશે. ને <u>ઇતરડી</u> આંચળે રહે છે તો પણ લોહી પામે છે ને વાછરું છેટું રહે છે તો પણ દૂધ પામે છે.

(૩૪) યોગેશ્વરદાસજી તથા મહાપુરુષદાસજી મોટા સાધુ છે ને સાંખ્યજ્ઞાનમાં કુશળ છે ને, 'મારા જેવો કોઈ સાધુ નથી.' એમ સમજે છે. હરિભક્ત તમામને અક્ષરના સ્વરૂપનો નિશ્ચય છે; સાધુમાં કોઈને નહિ સમજાતું હોય.

(૩૫) શુકમુનિએ સાધુને મહારાજનો પ્રતાપ સમજાવીને અમારો મહિમા કહ્યો તે વાત કરી.

(૩૬) અમારે તો જીવને ભગવાન વિના બીજે જોડવા નથી ને તમને પ્રવૃત્તિમાંથી છોડાવીને સુખે ભજન કરાવીશ. હરિશંકરભાઈએ પૂછ્યું જે, 'તમે તો અંતરજામી છો, તેથી તમારી આગળ પ્રાર્થના કરવી ઘટતી નથી.' ત્યારે ઉત્તર કર્યો જે, '<u>અંતરજામી</u> આગળ પણ પૂછવાનું હોય તે પૂછવું.' ને કહ્યું કે, 'તમારે આંહીં પણ ભગવાનના ધામના જેવું સુખ માનવું ને તમારે પૂર્વનો સંસ્કાર બળિયો છે, માટે ભજન કર્યા કરવું. ને વરતાલમાં બધાં માણસ મારામાં તણાઈ ગયાં ને કેટલાકે

ધોતિયાં ઓઢાડ્યાં ને હું તો મહારાજની મૂર્તિ સામું જોઈ રહ્યો.'

(૩૭) આ જીવ બધાય સારા છે, પણ અખંડ ચિંતવન નથી થાતું, તેનું કારણ એ છે જે, અભ્યાસ કર્યો નથી પણ અભ્યાસે થાય.

(૩૮) અંતરજામી આગળ મનને ચોરે તે મૂરખ કે'વાય. સત્પુરુષને સેવવા તેનો અર્થ કર્યો જે, હાથ જોડવા ને અનુવૃત્તિ પાળવી ને મહિમા સમજવો; તો કાંઈ કસર રહે નહિ.

(૩૯) ગોંડળમાં હરિશંકરભાઈએ પૂછ્યું તેનો ઉત્તર કર્યો જે, 'તમારે ગોપાળાનંદસ્વામી, કૃપાનંદસ્વામી તથા હાલ જે મોટા સાધુ છે તેની સાથે હેત છે; માટે ભજન કર્યા કરવું, પ્રશ્ન પૂછવાની જરૂર નથી.'

(૪૦) સર્વે રૂડા ગુણ અભ્યાસથી તથા સંગથી આવે છે, પણ ભગવાનની તથા સાધુની નિષ્ઠા તે તો પૂર્વ સંસ્કારથી તથા મોટાના અનુગ્રહથી થાય છે ને જેટલું મોટાના સમાગમમાં રે'વાય, તેટલો તેને સંસ્કાર તથા અનુગ્રહ સમજવો ને જેણે જેટલી નિષ્ઠા પ્રવર્તાવી તેટલી તેની મોટાઈ સમજવી.

(૪૧) પૂર્વનો સંસ્કાર હોય પણ ઊતરતો સંગ મળે તો સંસ્કાર ટળી જાય ને સો જન્મે સારો થાવાનો હોય તેને રૂડો સંગ મળે તો તુરત સારો થઈ જાય. (વચ. લોયા.૬)

(૪૨) મોટાએ હરેક તરેહથી સુખ આપ્યું હોય, આગળ ભગવાને આપ્યું હોય ને બહુ મહિમા સમજાણો હોય, તો પણ જેને તેને કે'તા ફરવું નહિ ને કોઈને કે'વું હોય તો સોળ આને એક આનો કે'વું.

(૪૩) શુકજીએ પરીક્ષિતને કહ્યું જે, 'હું રાજા છું ને મુને બ્રાહ્મણનો શાપ થયો છે ને મુને સર્પનો ડંસ થાશે, એવી જે પશુબુદ્ધિ તેનો ત્યાગ કરીને તારી ગર્ભમાં રક્ષા કરી છે, તે ભગવાનને સંભાર !' સારાય 'ભાગવત'નો સાર આટલી વાતમાં છે. (જુઓ પ્રકરણ ૯ ની વાત ૧૬૯)

(૪૪) ભગવાનનાં એક વાર દર્શન થાય છે, તેના પુણ્યનો પાર નથી. ને ભગવાન વિના બીજી વાત સાંભળવી નહિ ને ભગવાનનો જોગ ભારે થયો છે ને ભગવાનની મૂર્તિમાં સર્વ જીવ તણાય જાય ને જ્ઞાનીને પ્રીતિ રહે ને અજ્ઞાનીને ટળી જાય.

(૪૫) આ લોક છે તે જોડે છાણ ચોંટ્યા જેવો છે ને કાંકરાળી જમીનમાં ચાલવા માંડ્યું છે તે થોડા વખતમાં ઘસાઈ જાશે.

(૪૬) ગુરુ મળ્યા પછી શિષ્યને ગર્ભવાસ વગેરે દુ:ખનો ત્રાસ મટચો નથી, તો તે ગુરુ જ નથી.

(૪૭) મનને ધાર્યે ભજન-ભક્તિ વગેરે કર્યે છે તેમાં અંતરે શાંતિ નહિ, પણ ભગવાન ને સાધુના કહ્યા પ્રમાણે કર્યે તો શાંતિ થાય છે.

(૪૮) હાલ ભગવાનનો અનુગ્રહ ઘણો છે; તે શું ? જે, પરાણે ભજન કરાવે છે, વર્તમાન પળાવે છે ને વાતુ સંભળાવે છે; એવા સાધુ મળ્યા છે.

(૪૯) આ દેહમાંથી ને લોકમાંથી આમ ને આમ સમાગમ કરતાં ભગવાનમાં હેત થાય કે જ્ઞાન થાય ત્યારે ઊખડાય.

(૫૦) સ્પર્શાદિક ઉત્તમ વિષય પ્રથમ સારા લાગે છે ને પછી દુ:ખ થાય છે. જ્ઞાની સુખી છે કાં બીજાનું કહેલું માને તે સુખી છે. અધર્મનો સર્ગ જીતવા પોં'ચાય (પહોંચાય) ત્યાં સુધી દાખડો કરવો ને નહિ પોં'ચાય ત્યારે ભગવાન મદદ કરશે.

(૫૧) ઘણા જીવને મોક્ષને મારગે ચઢાવવા છે તેથી નિયમ-ધર્મની વાતુ ઘણી થાય ને માહાત્મ્યની વાતુ ઝાઝી થાય નહિ. મહારાજે માહાત્મ્યની વાતુ ઘણી કરી એટલે કુપાત્ર જીવે ધર્મ મૂકી દીધા; તેથી મહારાજે પોતાને હાથે માહાત્મ્યની વાતુ ઉપર લીટા મૂક્યા, પણ માહાત્મ્ય જાણ્યેથી જ શાંતિ છે; પણ જીવ પાત્ર નહિ તેથી માહાત્મ્યની વાતુ થાતી નથી.

(૫૨) દેહ-ઇન્દ્રિયું માયિક છે ને પદાર્થ પણ માયિક છે, તેથી સજાતિપણું થયું તે તેમાં ચોંટે ને પૂર્વનો સંસ્કાર હોય તે ન ચોંટે.

(૫૩) कृते यद् ध्यायतो विष्णुं त्रेतायां यजतो मखैः ।
द्वापरे परिचर्यां च कलौ तद्हरिकीर्तनात् ॥
(શ્રીમદ્ ભાગવત : ૧-૨-૩-૫૨)

અર્થ :- સત્યુગમાં જે (મોક્ષ) ભગવાનના ધ્યાનથી મળે, ત્રેતાયુગમાં યજ્ઞો કરવાથી મળે, દ્વાપરયુગમાં સેવા કરવાથી મળે તે મોક્ષ કળિયુગમાં કેવળ હરિ કીર્તનગાનથી મળે છે. એનો અર્થ કર્યો જે, કળિયુગમાં તમોગુણ-રજોગુણ ઘણો, એટલે કીર્તન ગાવાં તથા ભજન કરવું એટલે તમોગુણ પેસે નહિ ને ભજન એમ કરવું જે, 'જેમ બે હજાર ઘોડાનો વાજ જાતો હોય તે સોંસરો કોઈ નીકળી શકે જ નહીં.' તેમ ઉતાવળે ભજન કરવું, એટલે સંકલ્પ પેસી શકે નહિ.

(૫૪) મન-ઇન્દ્રિયુંને વગર પ્રયોજને ચાળા ચૂંથવાનો સ્વભાવ છે માટે

તેને જાણીને જુદા પડવું.

(૫૫) સ્પર્શમાં ને જિહ્વામાં તો જીવ ચોંટેલા જ છે, માટે તેને જાણવું. ને કોઈ નહિ ચોંટતા હોય તેને પૂર્વનો સંસ્કાર છે ને આ મારગ તો નેવાનું પાણી મોભે ચડાવ્યા જેવો છે.

(૫૬) રાજાને આશરે જાય તેના ગુન્હા માફ કર્યે, તેમ ભગવાન જીવના ગુન્હા માફ કર્યે છે, પણ જીવની રીત્ય અવળી છે, તે પોતાને સરસ માનીને ભગવાનને આશરે જાય નહિ. ને દોઢ પો'ર (પહોર) દિ' (દિવસ) ચડતાં સુધી ભગવાન જીવના ગુન્હા માફ કર્યા કર્યે છે.

(૫૭) આઠેય પો'ર એવું ભજન કરવું જે, આ દેહ હું નહિ ને સાંખ્યે સહિત યોગ થાશે અથવા જ્ઞાનપ્રલય થાશે ત્યારે કારણ દેહનો નાશ થાશે ને પૂરો મુક્ત થાશે; માટે જ્ઞાનપ્રલયનો અભ્યાસ કરવો.

(૫૮) निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् । એ શ્લોક લખ્યો છે તે પ્રમાણે મહારાજ આપણને કરાવશે ને પુષ્પના હાર્ય છે તે સાપ છે ને સ્ત્રી છે તે રાક્ષસી છે. એ રસ્તે હવે ચાલ્યા છીએ તે મહારાજ મદદ કરશે.

(૫૯) ત્રણ્ય દેહથી પોતાનું સ્વરૂપ જુદું માનવું, મહારાજને ભગવાન જાણવા, પુરુષોત્તમ જાણવા, સર્વેના નિયંતા જાણવા, પરબ્રહ્મ જાણવા, કર્તુમકર્તુમ્ ને અન્યથાકર્તુમ્ જાણવા ને એવી ઉપમા બીજાને દેવાય નહિ. એ તો મહારાજ એકને જ દેવાય ને બીજા સર્વે પુરુષ છે ને મહારાજ પુરુષોત્તમ છે. ને અનેક કોટિ પુરુષ છે ને અનેક કોટિ ઈશ્વર છે ને અનેક કોટિ અક્ષર છે. ત્યારે વાઘાખાચરે પૂછ્યું જે, 'અક્ષર એક કે'વાય છે ને અનેક કોટિ કેમ કહો છો ?' ત્યારે બોલ્યા જે, 'ધામરૂપ મૂળઅક્ષર એક જ છે ને બીજા અનેક કોટિ અક્ષરમુક્ત છે.' પછી હરિશંકરભાઈએ પૂછ્યું જે, 'ધામરૂપ અક્ષર મૂર્તિમાન છે તે શ્યી (શી, કઈ) રીત્યે છે?' ત્યારે કહ્યું જે, 'મૂર્તિમાન આપણા જેવા જ છે ને ભગવાન જેવા જ કે'વાય ને ભગવાનથી કામ થાય તેટલું તેમનાથી થાય છે. ને પુરુષપ્રકૃતિથી પર અક્ષરમુક્તો છે અને એ સર્વેથી પર મૂળઅક્ષર છે તેથી તે ભગવાન જેવા છે ને માત્ર એક પુરુષોત્તમના જ દાસ છે.'

ફરી પૂછ્યું જે, 'પુરુષોત્તમ આંહીં અવતાર ધરીને આવ્યા છે તે ભેળા ધામરૂપ અક્ષર આંહીં આવ્યા છે કે નહિ ?' ત્યારે ઉત્તર કર્યો જે, 'પુરુષોત્તમ ભેળા આંહીં આવ્યા છે ને પુરુષોત્તમની આજ્ઞાએ કરીને અનેક જીવુંનાં કલ્યાણને અર્થે

આંહીં જ રહ્યા છે.' ફરી પૂછ્યું જે, 'ધામરૂપ અક્ષર બીજા અક્ષર કોટિને લીન કર્યે તે શ્યી રીત્યે છે ?' તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે, 'લીન કરવાને એ સમર્થ છે તે લીન કરવા હોય તો કર્યે. ને અક્ષરધામના મુક્ત ત્રણ્ય પ્રકારે શુભ સંકલ્પે કરીને દેહ ધરે છે; એક આજ્ઞાથી, પોતાની ઇચ્છાથી ને વાસનાથી. તેમાં ઇચ્છાથી જે આવે તે અનેક જીવુંનાં કલ્યાણ કરીને પાછા જાય ને વાસનાથી જે આવ્યા હોય તે પ્રિયવ્રત જેવા થાય.'

(૬૦) શિવજીના ગળામાં રહીને સાપે ગરુડની સામે ફૂંફાડા મારવા માંડ્યા, ત્યારે ગરુડે કહ્યું જે, 'એ તારું બળ નથી પણ શિવજીનું બળ છે તેથી મારું જોર ચાલતું નથી.' તેમ આપણને દુઃખ આવે ત્યારે ભગવાન તથા સાધુને બાઝી પડવું, એટલે કાળ, કર્મ ને માયા કોઈનું બળ ચાલે નહિ.

(૬૧) ઇન્દ્રિયાદિક ક્ષેત્રથકી કોઈ ઊગરે એમ નથી, માટે 'વચનામૃત'માં કહ્યું છે તેમ નિયમરૂપી બેડીમાં રહે તો ઊગરે ને બ્રહ્માદિક કાંઈ અણસમજુ કે અજ્ઞાની નહોતા. માટે ઇન્દ્રિયુંને તો મોટા સાધુ વિના બીજા કોઈ જિતાવી શકે જ નહીં ને મોટા સાધુ છે તે કળ બતાવે, છળ બતાવે અને જુક્તિ બતાવીને ઇન્દ્રિયુંને જિતાવે ને મોક્ષ પણ કર્યે, માટે પોતાનું બળ મૂકીને મોટા સાધુને બાઝી પડવું. ને ઇન્દ્રિયું-અંતઃકરણનું તો માનવું જ નહીં ને પોતાને બળે જીતવા જાય તો સામું બંધન થાય. ત્યાં રાજાની *રાણીએ છ દીકરાને વૈરાગ્ય ચઢાવીને ત્યાગી કર્યા તેની વાત કરી ને બીજું દૃષ્ટાંત દીધું જે, <u>ઉપાધ્યાયને</u> સો વાર ઊને પાણીએ ધુવે ને ચંદન ચોપડે ને ધૂપ દિયે તો પણ <u>વાછૂટ</u> થાય ત્યારે એવી ને એવી જ ગંધ આવે. તેમ સર્વે ઇન્દ્રિયું-અંતઃકરણ એવાં મલિન છે તે શુદ્ધ થાય તેવાં નથી, માટે એનું માનવું જ નહીં ને

निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥

(શિક્ષાપત્રી શ્લોક : ૧૧૬)

અર્થ :- સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ જે ત્રણ દેહ તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા તેને બ્રહ્મરૂપની ભાવના કરીને પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ જે તે સર્વ કાળને વિશે કરવી. **પોતાને બ્રહ્મરૂપ માનવું એટલે સર્વે જીતી જ ચૂક્યો.**

(૬૨) જેને ભગવાન ભજવા હોય તેનાથી બધાયની મરજી રાખી શકાય નહિ, તેનાથી તો ભગવાનની મરજી સચવાય.

(૬૩) ભગવાનના એકાંતિક સાધુ જેને ઘેર ભિક્ષા માગવા જઈને ઊભા રહે તેનું ઘર તીર્થરૂપ થઈ રહ્યું ને સર્વે તીર્થ ગયાનું એને ફળ થાય છે ને તેવા સમામાં તેનું દેહ પડયે તો ભગવાનના ધામને પામે, એવું માહાત્મ્ય છે. તે ભગવાનને આપણે પામ્યા તેથી આપણે પંડ્યે જ તીર્થરૂપ થયા છીએ. ને હાલમાં જેટલું હરિભક્તમાં તથા સાધુમાં સામર્થ્ય છે તેટલું બીજા અવતાર થયા તેમાં સામર્થ્ય નથી. તે ઉપર ગામ ઘાણલાની ડોશીની વાત કરી જે, ડોશીએ એના ધણીને કહ્યું જે, 'મેં ભગવાનના પગ ચાંપ્યા છે એટલે મારા હાથ પ્રસાદીના થયા છે, તેથી મારા ગોળાનું પાણી જેણે પીધું તથા મારા હાથના રોટલા જેણે ખાધા તેનું કલ્યાણ થાશે; તો તારા કલ્યાણમાં શ્યો સંદેહ છે ?'

(૬૪) સાધુનો દ્રોહ એમ સમજવો જે, સર્વથી મોટા સાધુ હોય તેને બીજા જેવા કે'વા, તથા તેનાથી ઊતરતા કે'વા એણે કરીને સાધુનો દ્રોહ થાય છે. ને આજ જેવી વાતુ સમજાય છે, તેવી કોઈ દિ' સમજાણી નથી ને હાલ ભગવાન છે, સાધુ છે, સર્વે આંહીં છે તેના સ્વરૂપનો પરભાવ સમજાતો નથી એ જ એને મોટું પાપ છે. ને હાલ ભગવાન અક્ષરધામ સહિત આંહીં છે. માટે જાદવ જેવા ન થાવું, ઉદ્ધવજી જેવા ભક્ત થાવું, ને આવા ને આવા અક્ષરધામમાંથી આવ્યા છે, એવો પરભાવ અખંડ જણાય તો અહો ! અહો ! સરખું રહે, પણ જે જેવા સાધુ છે તેવા ઓળખાણા નહિ ! એમ મર્મની વાતુ ઘણી કરી.

(૬૫) મનજીભાઈએ વાડીમધ્યે પૂછ્યું જે, 'ઉપાસનાની બહુ વાતુ થાય છે, પણ કેમ સમજાતું નથી ?' ત્યારે ઉત્તર કર્યો જે, 'ઉપાસના થાય છે, ધર્મ પળે છે, કસર ટળે છે, પણ આપણને ખબર પડતી નથી ને સર્વે થાતાં જાય છે. ને જેનાં માવતર સમર્થ હોય તેનાં છોકરાંને શ્યી ફિકર હોય ? ને જેના શેઠ સમર્થ હોય તેના ગુમાસ્તાને બળ હોય. ત્યાં દૃષ્ટાંત દીધું જે, બાટલીવાળે પાંત્રીસ હજાર રૂપિયા એક ગુમાસ્તાને મોજના આપ્યા ને કરસનજી દેસાઈને પાંચ હજાર રૂપિયા મોજના આપ્યા.'

(૬૬) નેણને જોઈ નેણને જોઈ, (કીર્તનસાર સાગર : ૩૧૮)
એ કીર્તન બોલાવીને કહ્યું જે, 'ભગવાનનો આશરો થયો તેને કાંઈ સાધન કરવું બાકી રહ્યું નથી ને બીજા અવતાર તો પાંચ શેર, દસ શેરનો ચમક છે. ને આજ તો ચમકનો પર્વત આવ્યો છે તે સર્વે જીવુંને ખેંચી લિયે છે. જ્ઞાનીને મતે આ લોકનો વે'વાર છે, તે છોકરાંની રમત જેવો છે; જેમ છોકરાં ધૂડયના લાડુ કરીને નાત્ય

જમાડે છે, તેમ આ સર્વે તેવું જ છે.'

(૬૭) કોટિ કલ્પ સુધી ભગવાન ભજ્યા વિના સુખ નહિ થાય, ને પ્રગટ ભગવાન છે ને પ્રગટ વાતુ છે ને બીજા તો ચિત્રામણના સૂરજ જેવા છે. ને શ્રી સ્વામિનારાયણને ભગવાન જાણ્યા છે તેને માખણમાંથી મોવાળો ખેંચીને કાઢે એમ દેહથી જુદો પાડી દેશે ને આ તો સોળ દિ'નું શ્રાદ્ધ જેવું છે.

(૬૮) જીવનો મોક્ષ કરવા મનુષ્ય જેવા થયા છીએ ને પ્રારબ્ધ તો ભોગવવું પડશે ને સંગ એવો રંગ લાગશે.

(૬૯) ભગવાન અક્ષરધામમાં છે તેવા ને તેવા જ આવ્યા છે. તેમાં બાળ, જોબન ને વૃદ્ધપણું એવા મનુષ્યભાવ નથી ને તિરોધાન નથી ને મનુષ્યભાવ દેખાય છે તે *નટની માયાની પેઠચે છે. (વચ.પં.૭)

(૭૦) અમારી તો આવરદા બાવીસ વરસથી થઈ રહી છે ને દેહ પડવાનો તો ઘાટ જ નથી; કારણ કે, આવરદાથી દેહ પડવાનો હોય તેનો અવધિ હોય; પણ હું તો ચિરંજીવી છું ને તમારા બધાના દેહ પાંચ-દસ વરસમાં પડી જાશે.

(૭૧) નથુ પટેલે વાડીમાં પૂછ્યું જે, 'બધેથી આસ્થા તૂટીને એક ઠેકાણે કેમ થાય ?' ત્યારે સ્વામીએ ઉત્તર કર્યો જે, 'તેના જાણીને બધાને માનવા ને જે આપણને મળ્યા છે તેની સાથે પતિવ્રતાની ટેક રાખવી; આપણે એ બધાનું શું કામ છે ? આપણે તો દેહ છતાં જેના ભેગા રહ્યા છીએ તે જ તેડવા આવશે, બીજા નહિ આવે, ને મરીને તેના ભેગું રે'વું છે.' ફરી પૂછ્યું જે, 'અહો ! અહો ! કેમ થાતું નથી ?' ત્યારે ઉત્તર કર્યો જે, 'ચામડાની મશક પલળતી જાય તેમ તેમાં પાણી સમાતું જાય, તેમ ધીરે ધીરે થાતું જાય છે.'

(૭૨) જેઠ વદિ ૯મી ને શનિવારની અરધી રાત્રે મનજીભાઈએ પૂછ્યું જે, 'સત્સંગમાં મોટાઈ કોની સમજવી ?' ત્યારે સ્વામીએ ઉત્તર કર્યો જે, 'આપણા સત્સંગમાં ઉપાસના જેને વે'લી (વહેલી) સુલભ પ્રયાસ વિના સમજાય ને ઘણાને ઉપાસના કરાવે તેની મોટાઈ છે.' તે ઉપર વાત કરી જે, 'પર્વતભાઈને રામાનંદસ્વામી છતાં મહારાજનાં દર્શનથી જ સર્વોપરી નિશ્ચય થઈ ગયો ને બીજાને ઉપાસનાનું ઠેકાણું નહોતું. તે કેટલાક ભગવાનની મૂર્તિમાં માયા સમજતા હતા ને કેટલાક શ્રીકૃષ્ણ અને બીજા અવતાર સરખા સમજતા હતા; ને કેટલાક શ્રીકૃષ્ણને સર્વોપરી સમજતા હતા. ને મહારાજની વાત તો થાતી જ નહીં, તેથી બરાબર સમજતા નહિ; શુક-નારદના અવતાર જેવા સમજતા હતા.

પછી માંગરોળમાં સ્વરૂપાનંદસ્વામીને શ્રીકૃષ્ણરૂપ દેખાણા ને પછી અક્ષરધામની સમાધિ કરાવી તેથી પુરુષોત્તમપણાનો નિશ્ચય તેમને એકને થયો ને ગોપાળાનંદસ્વામીને મહારાજનાં દર્શનથી જ સર્વોપરી નિશ્ચય થયો ને મુક્તાનંદસ્વામીને અઠ્યાવીસ વરસે મહારાજે બહુ વાતુ કરીને નિશ્ચય કરાવ્યો.' ને મહારાજની કરેલી વાત કરી જે, "મુક્તાનંદસ્વામી ને ગોપાળાનંદસ્વામી સાધુલક્ષણે સર્વપ્રકારે મોટા છે ને નિત્યાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી વે'વારીક (વ્યાવહારિક) મોટા છે. ને કોઈની મોટાઈ કે'વી હોય તો બે-ચાર જણના ભેગી મોટાઈ કે'વી પણ એકલાની કે'વી નહિ, નીકર એ વાતમાંથી તમને દુ:ખ આવશે." મુક્તાનંદસ્વામીની કહેલી વાત કરી જે, મુક્તાનંદસ્વામીને દેહ મૂકવાને આડો એક મહિનો રહ્યો, ત્યારે કહ્યું જે, 'હવે માર્યે આત્મામાં અખંડ મૂર્તિ દેખાય છે ને મહારાજને સર્વોપરી જાણ્યા, તે પે'લાં (પહેલાં) આટલું સમજાણું નહોતું.'

પછી પોતાની વાત કરી જે, 'અમને મહારાજે ઘણી વાતુ કરી છે, તે કે'વાય એમ નથી ને કહીએ તો પ્રાગજી તથા શામજી કે'તા ફરે. અમને કાંઈ ગોપાળાનંદસ્વામીએ પુરુષોત્તમપણાની વાત કરી નથી, અમે તો અમારી મેળે સમજેલા છીએ. તે હું તથા જ્ઞાનાનંદસ્વામી તથા વિશુદ્ધાત્માનંદસ્વામી તથા બાળમુકુંદાનંદસ્વામી એ ચાર મળીને એકાંતે વાતુ કરતા. ને ભૂત નહિ વળગ્યામાં મહારાજે એક પોતાને ગણ્યા ને મુક્તાનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામી એ બેયને ગણ્યા ને બીજાને તો ગણ્યા નહિ; પણ કૃપાનંદસ્વામી બહુ મોટા હતા.' પછી વાત કરી જે, 'છાવણીમાં રઘુવીરજીમહારાજને પુરુષોત્તમપણાની વાત સમજાવી, પછી ભાઈઆત્માનંદસ્વામીને સમજાવી, મુનિબાવાને સમજાવી, કરુણાશંકરને સમજાવી.' એ વગેરે ઘણાકની વાતુ કરી. 'માટે તમે વાતુ કરો તે ધીરે ધીરે વચનામૃતની સાખ્ય લાવીને વાતુ કરજો ને નિશ્ચયની વાત કાળજું તૂટ્યા જેવી છે, માટે ધીરે ધીરે કરવી.' ત્યાર પછી ઊભા થઈને કહ્યું જે, 'તમો સર્વે આ અમે કહ્યું તેમ સમજજો ને તેમ જ વાતુ કરજો અને એમ સમજવું જે, જેને ઉપાસના તુરત સમજાઈ ગઈ ને ઘણાને સમજાવી એ સર્વથી મોટા છે.'

(૭૩) જેઠ વદિ ૧૦મીને દિવસે સવારમાં સભામાં વાત કરી જે, 'આપણી ઉપાસનાથી મોટાઈ છે ને ધર્મમાંથી લડથડે કે બીજા સાધનમાંથી લડથડે, પણ ઉપાસના દૃઢ હોય તો જીવ લડથડે નહિ.' તે ઉપર વાત કરી જે, 'ઇન્દ્રને ચાર બ્રહ્મહત્યા થઈ હતી, પણ નારદજીના કહ્યાથી પ્રગટ વામનજીની ઉપાસનાના બળથી

ટળી ગઈ.' બીજી વાત કરી જે, 'પાંડવો છાના રે'તા હતા ને વિરાટ રાજાની સાથે કૌરવ યુદ્ધ કરવા આવ્યા તે યુદ્ધમાં અર્જુને બાણ મૂકી બધા લશ્કરને ચાંદલા કર્યા, તેથી અર્જુનને ઓળખ્યા. તેમ આંહીં પણ એમ ઓળખવું જે, જેનાથી ઘણા માણસને ઉપાસનાની દઢતા થઈ અને પંચવિષયનો અભાવ થયો તેને મોટા સમજવા.' (જુઓ પ્રકરણ ૧ ની વાત ૨૯૫)

(૭૪) રાત્રે વાત કરી જે, 'ગોપાળાનંદસ્વામી બહુ વાતુ કરતા તેથી માર્યે હેત હતું.'

(૭૫) વાસના છે તે જઠરાગ્નિથી બળતી નથી, બા'ર્યના (બહારના) અગ્નિથી બળતી નથી, પ્રલયકાળના અગ્નિથી બળતી નથી, જેમ પૃથ્વીમાં બીજ છે તે અગ્નિ લાગે છે તો પણ બળતાં નથી, પાછાં ઊગે છે ને તે બીજને તાવડીમાં શેકીએ તો ઊગે નહિ. તેમ વાસના બીજા અગ્નિથી બળતી નથી, પણ જ્ઞાનરૂપી અગ્નિથી બળે છે; તે જ્ઞાનરૂપ અગ્નિ તે શું ? જે, ભગવાનની ઉપાસના ને ભગવાનની આજ્ઞા, તેથી વાસનાલિંગ કારણ દેહનો નાશ થાય છે, બીજા કોઈ સાધનથી નાશ થાતો નથી. ને કેટલી વાસના બળી છે ને કેટલી બાકી છે, તે ઉપર શુકમુનિની કહેલી વાત કરી જે, 'આજ્ઞા પાળે છે, એટલી વાસના બળે છે.' ને આજ્ઞામાં તો નિયમ આવ્યા, પણ 'શિક્ષાપત્રી'માં આજ્ઞા કરી છે તે પ્રમાણે પાળવાથી વાસના બળે. તે આજ્ઞા કઈ, તો निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् । એ આજ્ઞા પળે તો કારણ દેહનો નાશ થાય છે; પણ 'શિક્ષાપત્રી' બરાબર પાળતા નથી તેટલી ખોટ્ય છે ને તેટલું દુઃખ છે.

(૭૬) ધર્મનિયમમાં ફેર પડચે તો તેનો દંડ થાય ને ઉપાસનામાં ફેર પડચે તો પ્રાપ્તિમાં ફેર પડચે; જેમ કોઈને ધર્મમાં ફેર પડચે છે, તો પ્રાયશ્ચિત કરાવે છે ને વટલી જાય છે તો નાત્યબા'ર્ય કાઢે છે, તેમ ઉપાસનાનું છે. ઉપાસનામાં કસર હોય તો બીજા સુખની તો પ્રાપ્તિ થાય, પણ ગર્ભવાસનું દુઃખ ટળે નહિ ને ઉપાસનાથી ને આત્મનિષ્ઠાથી ગર્ભવાસ ટળી જાય છે. માટે ઉપાસના, આત્મનિષ્ઠા, વૈરાગ્ય, ધર્મ ને સંગ સર્વે અંગે ભક્તિ કરવી. પછી હરિશંકરભાઈએ પૂછ્યું જે, 'આ સર્વમાંથી અધિક ક્યું સાધન છે ?' ત્યારે કહ્યું જે, 'સંગ સર્વથી અધિક છે, ને સંગ તો બધાયનો કે'વાય, પણ જેમ લોઢું, <u>ભેગવાળું</u> સોનું ને <u>શોધેલું</u> સોનું, એ સર્વે ધાતુ કે'વાય, પણ ફેર ઘણો છે, તેમ સંગમાં ફેર ઘણો છે.'

(૭૭) ભોગાવાને કાંઠે તડકે બેસીને <u>ઢૂંઢિયો</u> તપ કરતો હોય તેનું કલ્યાણ

ન થાય અને હરિભક્ત ગૃહસ્થાશ્રમમાં હોય તેનો મોક્ષ થાય.

(૭૮) ગાંધારી આંખ્યે પાટા બાંધી રાખતી તો પણ તે સતી ન કે'વાણી (કહેવાણી) ને કુંતાજીને કુંવારા પુત્ર થયો હતો ને દ્રૌપદીને પાંચ પતિ હતા તો પણ તે સતીઉં કે'વાણી. (જુઓ પ્રકરણ ૧૧ ની વાત ૬૯)

(૭૯) વાલીને ભાઈની સ્ત્રી રાખ્યા બાબત માર્યો ને વળી ભક્ત કે'વાણો તેથી તેનો મોક્ષ કર્યો.

(૮૦) વે'વારિક માણસની ને સત્સંગીની ક્રિયા સરખી લાગે છે, પણ સત્સંગી ભગવાનના કે'વાણા તેથી મોક્ષ થાય છે.

(૮૧) પચાસહજાર રૂપિયા મળે તો ભગવાન ભજવાનો સ્વપ્નમાં પણ ઘાટ થાય નહિ ને રૂપિયા મળે તે તો મડદું ફૂલ્યા જેવું છે.

(૮૨) આપણા સત્સંગની રીત્ય સમજવી જે, સત્સંગમાં રામાનંદસ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, ગોપાળાનંદ-સ્વામી આદિક કેટલાક સાધુ ને કેટલાક હરિભક્ત મોટેરા થઈ ગયા; તેમને લઈને અમારી મોટાઈ કે'વી ને તે વિના કે'શો તો અમારી અપકીર્તિ કરાવશો. ને એ સર્વે મોટા હતા, મનુષ્ય જેવા ન કે'વાય ને એ ન હોત તો આપણને આટલો સત્સંગ પણ ક્યાંથી થાત ? માટે એ સર્વે મોટા છે. (જુઓ પ્રકરણ ૫ ની વાત ૭૨)

(૮૩) ધ્યાની, પ્રેમી એ સર્વથી જ્ઞાની શ્રેષ્ઠ છે. પ્રેમી કેટલાક જાતા રહ્યા, ત્યાગી જાતા રહ્યા, ધ્યાની જાતા રહ્યા, એવા કેટલાક અંગવાળા જાતા રહ્યા ને જેણે મોટા સાધુ સાથે જીવ બાંધેલ તે ટક્યા.

(૮૪) બુરાનપુરમાં પોતે ડોશીઉને બે માસ વાતુ કરી. એવી રીતે વર્તનની વાત કરી કહ્યું જે, તેમાંથી કેટલાક જાતા પણ રહ્યા. નરનારાયણાનંદસ્વામી નરનારાયણનો અવતાર હતો તેથી તેને કામ પીડે નહિ. દેશકાળ જોઈને વિચારીને વાત કરવી. પ્રેમને રસ્તે ચાલવું નહિ.' તે ઉપર પોતાની વાત કરી જે, મારામાં બહુ પ્રેમ હતો તેથી પ્રાગજીની પેઠ્યે વાત કર્યા વિના રે'વાય નહિ. તે ઉપરથી કૃપાનંદસ્વામી કે'તા જે, 'તમને તો ગુરુ કરશું.' ત્યારે મેં કહ્યું જે, 'મારો શ્યો વાંક છે?' ત્યારે કૃપાનંદસ્વામીએ કહ્યું જે, 'તમારાં લક્ષણ ગુરુ થાઓ તેવાં છે; આટલી વાતુ કર્યે, આટલી સેવા કર્યે, આટલું ભજન કર્યે, તે ગુરુ થયા વિના કેમ રહે ?'

પછી કેટલેક દહાડે મહારાજે મુને બોલાવીને સર્વેની આગળ મુક્તાનંદસ્વામીના ખોળામાં બેસારીને કહ્યું જે, "આપણે જીવુંનાં કલ્યાણ અર્થે

આવ્યા છીએ માટે મંડળ બાંધી વાતુ કરો ને સાધુ તો પાંચ રાખીએ.'' પછી મેં કહ્યું જે, 'મહારાજ ! મારાથી મંડળ કેમ ચાલે ?' ત્યારે મહારાજ બોલ્યા જે, ''સાધુ તો દસ રાખીએ, પચ્ચીસ રાખીએ.'' એમ કહ્યું, ત્યારે હું તો બોલતો રહી ગયો; પણ મહારાજે ગણતાં છેવટ ત્રણયસેં સાધુ સુધી રાખવાની વાત કરી. ને મુને જે આજ્ઞા કર્યે તેમાં વિચારું ને આત્માનંદસ્વામી, કૃપાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, તત્કાળ માની લિયે ને તેમને વચનના અધ્ધર ઝીલનારા કહ્યા છે. ને તે ઉપર મધ્યનું ૪૮મું વચનામૃત વંચાવીને કહ્યું જે, 'દેહ ધરીને સાધુના ભેળું રે'વું.'

(જુઓ પ્રકરણ ૧ ની વાત ૧૫૬)

(૮૫) હરિશંકરભાઈએ પૂછ્યું જે, 'વચન પાળવું તેમાં સર્વે સરખાં વચન સમજવાં કે તારતમ્યપણું સમજવું ?' ત્યારે કહ્યું જે, 'તારતમ્યપણું છે, વિચાર કરીને આજ્ઞા પાળવી.' તે ઉપર દૃષ્ટાંત દીધાં જે, પ્રથમ મહારાજે એમ આજ્ઞા કરી હતી જે ગૌગ્રાસ, શ્વાનભાગ વિગેરે કાઢ્યા વિના જમવું નહિ, તે ઉપરથી કેટલાક સાધુએ બબ્બે-ચારચાર લાડવા હરિભકતના બગાડવા માંડચા ને કેટલાકે એ પ્રમાણે ન કર્યું તેથી રામદાસજીભાઈ વગેરે રાજી થયા. બીજું દૃષ્ટાંત - પ્રથમ મહારાજે એવી આજ્ઞા કરેલી જે, લઘુશંકા કરીને કોઈ આવે તો સર્વેને ઊભા થાવું. તે જેતલપુરમાં અમે હતા ત્યાં એક સાધુ લઘુશંકા કરીને આવ્યા ને અમારાથી ઊભા ન થાવાણું તેથી અમારો તિરસ્કાર કર્યો, તેમાંથી તે સાધુ ગાંડા થઈને જાતા રહ્યા. ત્રીજું દૃષ્ટાંત - મહારાજે ઘોડીને પાવાનું મિષ લઈને સર્વે સાધુનું ચરણામૃત કરી મંગાવ્યું, પણ નિત્યાનંદસ્વામીએ ચરણામૃત ન કરી આપ્યું ને બીજાએ કરી આપ્યું, તે મહારાજ પી ગયા, તેથી બધાયને આજ્ઞા વિચાર્યા વિના પાળવાથી પસ્તાવો થયો ને નિત્યાનંદસ્વામીને ન થયો. એમ આજ્ઞામાં તારતમ્યપણું છે.'

(૮૬) સત્સંગ, એકાંતિકપણું ને ભગવાનની મૂર્તિ એ ત્રણય વાનાં દુર્લભ છે, તે આપણને મળ્યાં છે, માટે ગરીબ થઈને, બીજાને માન આપીને સાચવી રાખવાં.

(૮૭) ગરીબ થાવાની રીત્ય બતાવી જે, એક ગામમાં બે વાણિયા ભાઈ હતા, તે બન્નેની પાસે ચિંતામણિયું હતી, તે રાજાને ખબર પડવાથી રાજાએ લશ્કર મૂકી વાણિયાને જીતીને એક ભાઈ પાસેથી ચિંતામણિ લઈ લીધી. પછી બીજો ભાઈ હતો, તે ગરીબ થઈ ફાટેલાં ચીંથરાં પે'રી (પહેરી) ભેટમાં ચિંતામણિ રાખી માગી ખાતો, ગરીબ થઈને નીકળી ગયો; તો ચિંતામણિ રહી. તેમ આપણે ગરીબ

થઈને ચિંતામણિ સાચવી રાખવી.

(૮૮) સત્સંગથી ભગવાન વશ થાય છે તેવા કોઈ સાધનથી થાતા નથી, તે સત્સંગ તે શું ? જે, પ્રગટ ભગવાન ને પ્રગટ આ સાધુનો આશરો કર્યાથી કલ્યાણ થાય છે. ને પરોક્ષ કથા, કીર્તન, વાર્તા ને અર્ચાથી કલ્યાણ થાય એમ લખ્યું છે, તે તો જીવને આલંબન દીધું છે.

(૮૯) એકને અંતરનો કજિયો થાય છે ને એકને નથી થાતો તેનું કેમ સમજવું ? ત્યારે સ્વામી કહે, 'ઘરમાં સાપ હોય તે ઉંદર ખાવા મળતા હોય ત્યાં સુધી ખીજે નહિ ને ઉંદરને કાઢી મૂકીએ તો ઘરનાં બીજાં સર્વેને કરડી ખાય. તેમ મન તથા ઇન્દ્રિયુંના કહ્યા પ્રમાણે ચાલે તો કજિયો ન થાય ને તેને મરડીને ચાલે તો કજિયો થાય છે.'

(૯૦) મહુવાના હરિભક્તે પૂછ્યું જે, 'પૂરો સત્સંગ થયો કેમ સમજવો? ત્યારે કહે, 'અક્ષરરૂપ થાવાય ત્યારે પૂરો સત્સંગ થયો સમજવો.' વળી ફરી પૂછ્યું જે, 'અક્ષરરૂપ થયું કેમ જણાય ?' ત્યારે સ્વામી કહે, 'ગૃહસ્થને અગિયાર નિયમ ને ત્યાગીને ત્રણ્ય ગ્રંથ એટલું પાળે તે અક્ષરરૂપ થયા જાણવા.'

(૯૧) હરિશંકરભાઈએ પૂછ્યું જે, 'પ્રવૃત્તિમાર્ગમાં દેહ ધર્યો છે ને પ્રવૃત્તિથી અકળામણ આવે છે, તે કેમ પાર પડશે ?' ત્યારે કહ્યું જે, 'હવે શું પાર પડવું બાકી રહ્યું છે ? પાર પડી ચૂક્યું છે ને પ્રવૃત્તિ ટળી ગઈ છે. ને અરધું તો પાર પડ્યું છે ને પ્રવૃત્તિ છે તે સારી છે, નીકર ક્યાંયનું ક્યાંય જાતું રે'વાત (રહેવાત) ને પૂર્વનો સંસ્કાર ભારે છે ને પ્રવૃત્તિમાં કેટલુંક ઠીક છે.' વળી ફરી પૂછ્યું જે, 'પૂર્વનો સંસ્કાર છે, ત્યારે હમણાં કેમ સત્સંગ થયો ?' ત્યારે બોલ્યા જે, 'જોગ થાય ત્યારે બીજ ઊગે ને પાણીનો જોગ થયા વિના બીજ સરસ હોય પણ ઊગે નહિ.'

(૯૨) વરતાલનું પહેલું વચનામૃત ને મધ્યનું ૧૪મું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'આ પ્રમાણે સમજે તો ગૃહસ્થ તથા ત્યાગીને બરોબર ગતિ છે ને ત્યાગીનું બહુ શોભે ને પર્વતભાઈ જેવા ગૃહસ્થને સાત છોકરાં હોય તેનું શોભે નહિ, પણ તે તો મહારાજને શિખામણ દેતા એવા હતા.'

(૯૩) કારિયાણીનું ૮મું વચનામૃત ને મધ્યનું ૧૭મું વચનામૃત વંચાવી વાત કરી જે, આ પ્રમાણે સમજવાનું છે તે રહી ગયું ને ઈંટો, પથરા, લાકડાં, રૂપિયા ને માણસ તેને ભામે ચડી જવાણું છે. ને અમે તો આ હવેલી ઊખેળી તેમાં બહુ અકળાતા કે ક્યારે પૂરી થાશે ને વાતુ કરશું ? ને દેહ પડી જાશે તો વાતુ કરવી રહી

જાશે. ને માર્યે તો એમ થાય છે કૂબામાં બેસીને દાણા ભેગા કરીને બધી પૃથ્વીનાં માણસને વાતુ કરું. ને ત્રિકમદાસ છત જડાવે છે ને રંગ ચડાવે છે ને બદરિકાશ્રમવાળા તથા શ્વેતદ્વીપવાળા તથા અક્ષરધામવાળા તથા ગોવર્ધનભાઈ કાંઈ ગાંડા છે ? ને ગોવર્ધનભાઈએ વીસ હજાર કોરી બગાડી નાખી. તે મુક્તાનંદસ્વામી-એ મહારાજને કહ્યું જે, 'ગોવર્ધનભાઈનું બહુ ભૂંડું થયું !' ત્યારે મહારાજ કહે જે, "થયું તે બહુ ભૂંડું થયું !"

समदुःखसुखः स्वस्थः समलोष्टाश्मकाञ्चनः ।
तुल्यप्रियाप्रियो धीरस्तुल्यनिन्दात्मसंस्तुतिः ॥
(ભગવદ્ ગીતા : ૧૪/૨૪)

અર્થ :- જેને મન દુઃખ અને સુખ સમાન છે, જે સ્વસ્થ છે, જેને મન ઢેફાં તથા સોનું સમાન છે, જેને મન પ્રિય અને અપ્રિય સમાન છે, જે ધીરજવાન છે, અને જેને મન પોતાની સ્તુતિ કે નિંદા સમાન છે તે પુરુષ ગુણાતીત કહેવાય છે. ત્યારે મુક્તાનંદસ્વામી સમજ્યા. એમ વાત કરીને કહ્યું જે, 'આ બે વચનામૃત પ્રમાણે સમજે તો પણ આંહીં બેઠા અક્ષરધામ દેખે નહિ ને અક્ષરધામના પતિ દેખાણા એટલે અક્ષરધામ તો ભેગું જ આવી ગયું ને આ મૂર્તિ મળી છે તેના સામું જોઈ રે'વું. ને ધ્રોડીધ્રોડીને ઘેર જાવાય છે તે તો અભ્યાસ પડી ગયો છે, જેમ અફીણનું બંધાણ પડચે તેમ.' એમ વાત કરીને,

રાજે ગઢપુર મહારાજ, પૂરણ બ્રહ્મ પરમાત્મા જો;
આવ્યા ગરીબ નિવાજ, એ તો અક્ષરના આત્મા જો.
(કીર્તન મુક્તાવલિ : ૭૮૬)

એ કીર્તન ગવરાવ્યું ને ઉદ્ધવજી તથા ગોપીઉંની વાત કરી. ને પ્રગટ સ્વરૂપના જ્ઞાનીને અધિક કહ્યો ને પ્રથમના ૭૧માં વચનામૃતની વાત કરી જે, 'પ્રગટ વાત કર્યા વિના એમ સમજાય છે જે બદરિકાશ્રમમાં, શ્વેતદ્વીપમાં તથા ગૌલોકમાં ભગવાન છે ને થોડાક આંહીં છે; પણ સર્વોપરી ભગવાન આંહીં સમજાતા નથી, માટે પ્રગટ વાત કરીએ છીએ. ને આવો સમાગમ મળ્યો ને અહો ! અહો ! થાતું નથી, તથા ગાંડા થાવાતું નથી, તે તો ભગવાને જીવનાં કલ્યાણને અર્થે એમ રાખ્યું છે; નીકર ગાંડા થઈ જાવાય.'

મત્ય દીધે માને નહિ, કુમત્યે મન કોળાય;
આવેલ અવળે અક્ષરે, તે સવળે કેમ સોહાય.

(૯૪) ગોંડળના ગરાસિયા હઠીભાઈએ મુક્તાનંદસ્વામીની વાતુ બાર દિ' સાંભળી તે શૈલ્ય પેસી ગયાં; પણ રાજા ને જુવાન તેથી સત્સંગ થયો નહિ; પછી બાર વરસે સત્સંગ પોતાની મેળે કર્યો. (જુઓ પ્રકરણ ૯ ની વાત ૨૮૦)

(૯૫) અવિદ્યાને બધી તરેહથી મહારાજે દાબી તે ડોશીઉંનું રૂપ લઈને ગઢડામાં આવીઉં, તે દેવાનંદસ્વામી સંન્યાસીએ દીઠી. તે મહારાજ ગઢડામાં રહ્યા ત્યાં સુધી કજિયા મટ્યા નહિ.

(૯૬) માયાનું રૂપ એ છે જે, ભગવાનનું સ્વરૂપ ન ઓળખાય એ જ માયા છે. પછી હરિશંકરભાઈએ પૂછ્યું જે, 'કોઈને કાને શબ્દ પડચે તેથી નિશ્ચય થાય છે તેનું શું કારણ ?' ત્યારે કહે, 'સંસ્કાર છે, નીકર ભેગા રહે છે તો પણ નથી ઓળખતા. ને આ સાધુ ભગવાનનું અંગ છે, વિભૂતિ છે, તો પણ જૂનાગઢમાં માણસે માણસે ભિક્ષા માગે છે ને દર્શન દિયે છે ને નથી ઓળખતા તે જાદવ જેવા અભાગિયા છે.'

(૯૭) કો'ક (કોઈક) મનુષ્યમાં શાંતપણું હોય ને કો'કમાં ન હોય, કો'કને વિનય કરતાં આવડે ને કો'કને ન આવડે; એ સર્વે દેહના ભાવ સમજવા. ને મોટાઈ તો પ્રગટ ભગવાનના નિશ્ચય વડે છે ને કાગળમાં લખે છે એટલા સર્વે ગુણ તો ભગવાનમાં જ હોય, બીજામાં ન હોય.

(૯૮) જ્ઞાનીને આત્મા કહ્યો છે, માટે ભગવાનને જીવ અર્પણ કરી દેવો ને જેમ કહે તેમ જ કરવું. પછી મનજીભાઈએ પૂછ્યું જે, 'જીવ અર્પણ કર્યા પછી વાસના ટાળવી રહે છે કે નહિ ?' ત્યારે સ્વામી કહે, 'વાસના ટાળવી પડચે ને એમ ઉત્તર ન કરીએ તો ભગવાનમાં બાધ આવે જે, એકની વાસના ટાળે ને એકની ન ટાળે, માટે એમ કે'વાય નહિ ને આત્મનિષ્ઠા તથા માહાત્મ્યે કરીને વાસના ટળે છે.'

(૯૯) મનજીભાઈએ પૂછ્યું જે, 'જ્ઞાની હોય તો પણ કાંઈ વાસના રે'તી (રહેતી) હશે ?' સ્વામી કહે, '*શુકજી ઊડ્યા ને જનકથી ઊડાણું નહિ ને બે-એક પ્રવૃત્તિનો જોગ રહે ત્યાં સુધી જણાય ખરી. જેમ અમે ત્યાગી થયા તેવા સમામાં ગામ, નદી બધું દેખાતું; માટે એ કાંઈ વાસના હતી ? એ તો જોગે કરીને દેખાતું. ને વીસ વરસ થયા પછી છેટું પડ્યું એટલે દેખાણું નહિ. તેમ પ્રવૃત્તિમાં જ્ઞાન વૃદ્ધિ પામે, અંતઃકરણ શુદ્ધ થાય, પણ જોગે કરીને ઇન્દ્રિયુંની શુદ્ધિ થાતી નથી.' પછી નથુ પટેલે પૂછ્યું જે, 'પ્રાપ્તિમાં ફેર છે કે નહિ ?' સ્વામી કહે, 'પ્રાપ્તિમાં ફેર નથી, બરાબર છે; ને નિવૃત્તિવાળાને એટલો અધિક ન કહીએ તો તમે માનો,

પણ બીજા માને નહિ; માટે એમ ઉત્તર કરવો પડચે, પણ ભગવાન તો ચહાય તેમ કર્યે; તેનો કોઈ ધણી છે ? ને ઉત્તર તો થાતો હોય તેમ થાય.'

(૧૦૦) 'ગૃહસ્થાશ્રમમાં રહીને કથાવાર્તા કર્યે છે ને સાંભળે છે તેના તો ત્રિવિધ તાપ ટળી ગયા છે ને તપ સર્વે થઈ રહ્યાં છે ને ભગવાનના શરણને પામી રહ્યો છે.' એવું 'ભાગવત'માં કપિલદેવ ભગવાને કહ્યું છે. ગૃહસ્થાશ્રમમાં બહુ કામ ને બહુ વિઘ્ન, માટે તેને અધિક કહ્યો છે; ગૃહસ્થાશ્રમીને ભગવાનની મૂર્તિને ધરી રહ્યા એવા સાધુનો આશરો છે, તે તો ઘરમાં બેઠા સર્વ તીર્થને સેવી રહ્યો છે.

(૧૦૧) હરિશંકરભાઈએ પૂછ્યું જે, 'લોકમાં તો આપણને એમ કહે છે જે, એ તો નિંદા બહુ કર્યે છે ને જુક્તિથી બોલે છે માટે અકલ્યાણ થાશે, તેનું કેમ સમજવું ?' ત્યારે કહ્યું જે, "એવું બોલવાથી તો કલ્યાણ થાય છે ને એ તો ભગવાનની જુક્તિ છે. તે ઉપર વાત કરી જે, રામાનંદસ્વામીએ સંન્યાસીને પૂછ્યું જે, '*વેદ કેટલા ? ત્યારે સંન્યાસી કહે, 'ચાર'. પછી રામાનંદસ્વામી કહે, 'બ્રહ્મજ્ઞને પાંચમો વેદ કહ્યો છે તે હું છું.' એમ સાચી વાત કરી, તેથી સંન્યાસી જાતા રહ્યા અને મહારાજે જુક્તિ કરી તો બધી પૃથ્વીમાં સત્સંગ થયો ને રામાનંદસ્વામી ગયા પછી વ્યાપકાનંદસ્વામી વિગેરેને જુક્તિથી પોતાનું સ્વરૂપ ઓળખાવી સત્સંગમાં રાખ્યા."

(૧૦૨) ગામને ગઢ હોય તેમ આપણે પંચવર્તમાનરૂપી ગઢ છે ને તેમાં થાણાને ઠેકાણે નિયમ છે ને જેમ થાણું ગઢને સાચવે તેમ નિયમ વર્તમાનને સાચવે છે, માટે જેટલા નિયમ મોળા પડચા એટલા ફાંકાં પડચાં જાણવાં. (વચ.ગ.પ્ર.૧૮)

(૧૦૩) દિવ્યભાવ ને મનુષ્યભાવ એક થઈ જાય, ત્યારે ભગવાન ભજવાનું સુખ આવે.

(૧૦૪) સમાધિમાં સ્વરૂપ દેખાય છે તે કાર્ય છે ને પ્રગટ મનુષ્યરૂપ છે તે કારણ છે.

(૧૦૫) ભગવાન સ્ત્રીઉં ભોગવતા હોય ત્યારે રજોગુણનો ભાગ સમજવો ને તલવાર્ય ચલાવતા હોય ત્યારે તમોગુણનો ભાગ સમજવો ને ભગવાનનું સ્વરૂપ ન્યારું સમજવું એ જ્ઞાનનું અંગ છે. જીવમાં પણ એમ વિભાગ સમજવો.

(૧૦૬) આત્મનિષ્ઠા જે, હું દેહથી નોખો છું ને દેહની ક્રિયા માર્યે વિશે નથી તથા ભગવાનનું માહાત્મ્ય તથા સંગ એ ત્રણ્યે કરીને વાસના નિર્મૂળ થાય છે.

(૧૦૭) ભજન, ભક્તિ ને કથાવાર્તાની સહાયને અર્થે ગૌણપણે

મંદિરની ક્રિયા કરવાનો મહારાજનો હાર્દ છે ને ક્રિયા પ્રધાન થઈ ગઈ છે. તે મહારાજના મળેલ નહિ હોય ત્યારે રાજા દ્વારે, આચાર્ય દ્વારે ને મૂર્તિયું દ્વારે રક્ષા કરશે.

(૧૦૮) ઉપાસના, નિયમ તથા ભક્તિમાં કસર રે'શે એટલી ખોટ્ય નડશે ને કોઈ દ્રવ્ય દેનાર મળે, દીકરો દેનાર મળે કે દેહે મંદવાડ મટાડનાર મળે તેથી ઉપાસનામાં ફેર પડચે છે. તે ઉપર *તુંબડિયાનું દષ્ટાંત દીધું.

(૧૦૯) જગતમાં દાન, પુણ્ય, સદાવ્રત ઘણાં કર્યે છે, પણ દ્રૌપદીની ચીંથરી તથા વિદુરની ભાજી તથા સુદામાના તાંદુલ એટલું લખાણું. ભગવાન તો અધમ-ઉદ્ધારણ છે, પતિતપાવન છે ને અશરણ-શરણ છે; પણ ભગવાનનો આશરો કર્યે તો. તે ઉપર અજામિલ તથા વેશ્યાની નિયમ પાળ્યાની વાત કરી. માટે આધારવિના દઢતા રહે નહિ. આધાર તે શું ? જે, કૂવામાં બૂડતા હોઈએ ને મૂળિયું હાથમાં આવે તો નહિ બુડાય, એવી દઢતા રહે છે; તેમ પ્રગટ મૂર્તિના આધારથી મોક્ષની દઢતા રહે છે. તે ઉપર ઇન્દ્રની વાત કરી જે, 'નારદજીના વચનથી પોતાના ભાઈ વામનજીને પ્રગટ ભગવાન જાણીને તેનું ધ્યાન કર્યું તેથી ચાર બ્રહ્મહત્યા ટળી. પ્રગટ સૂર્યથી અજવાળું થાય, પ્રગટ જળથી મળ ધોવાય ને પ્રગટ ચિંતામણિથી દ્રવ્યની ભૂખ જાય, તેમ જ પ્રગટ ભગવાનથી મોક્ષ થાય.'

(જુઓ પ્રકરણ ૧ ની વાત ૨૯૫)

(૧૧૦) મહારાજને જ્યારે દેખીએ ત્યારે વાતુ જ કરતા હોય. ને જ્ઞાની, પ્રીતિવાળો ને દાસપણું એ ત્રણ્ય અંગ છે; તેમાં જ્ઞાની અધિક. તે ઉપર સ્તુતિ-નિંદાનું વચનામૃત (વચ. લોયા ૧૭) વંચાવ્યું ને કહ્યું જે, ''પ્રગટ મૂર્તિવિના બીજું આલંબન છે તે હિંમત દેવા સારુ છે. તે ઉપર 'ભાગવત'નો શ્લોક તથા કેટલીક સાખી બોલ્યા. ને લક્ષ્મીનારાયણ પધરાવ્યા ત્યારે તેનો પ્રકાશ મહારાજ આગળ કેવો જણાણો ? તો સૂર્યની આગળ દીવાના પ્રકાશ જેટલો જણાણો. ને ચાર અંગ છે તે તો અંગીની સહાયને અર્થે છે ને અંગી જે પ્રગટ મૂર્તિ તે ઘીને ઠેકાણે છે ને અંગ તો છાસને ઠેકાણે છે. ને સચ્ચિદાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામીને એમ કે'તા જે, 'જે આત્માની જ વાત કર્યે છે એ તો આત્મજ્ઞાની છે.' ને પ્રગટ મૂર્તિનો જેને આશરો થયો છે, તેને હાથ સર્વે મુદ્દો આવ્યો છે, તેને કાંઈ કરવું રહ્યું નથી ને કાળ, કર્મ, માયાથી રહિત થયો છે. તે ઉપર વાત કરી જે, બકરીને સિંહની સહાય હતી તેથી કોઈથી નામ દઈ શકાયું નહિ. ત્યાં શ્લોક બોલ્યા જે,

**नीचाश्रयो न कर्तव्यो कर्तव्यो महदाश्रयः ।**
**अजा सिंहप्रसादेन आरुढा गजमस्तके ॥**

(હિતોપદેશ જ્ઞાનદીપ : પાના નં.૯૩)

અર્થ :- નીચનો આશ્રય ન કરવો, આશ્રય મોટાનો જ કરવો. બકરી (સિંહનાં પગલાંનો આશ્રય કરી) સિંહની કૃપાથી હાથીના મસ્તક પર આરૂઢ થઈ. **તેમ પ્રગટ ભગવાન ને પ્રગટ સાધુની સહાયતાથી કાળ, કર્મ, માયા, કોઈ નામ દઈ શકે નહિ.''**

(વચ.ગ.પ્ર.૩૩)

**(૧૧૧) લવિયા દરજીને સ્ત્રીની બહુ વાસના તે બીજી મળવા મહારાજની માનતા માન્યાથી તેને ધારેલી સ્ત્રી મળી. ને પછી તુરત થોડે દહાડે કોગળિયું આવ્યાથી મહારાજ તેડવા આવ્યા, પણ સ્ત્રીની વાસનાથી જાવાની ના પાડી. પછી સ્ત્રીસુદ્ધાંનો દેહ મુકાવીને લઈ ગયા, માટે લવિયાની પેઠચે દિશ મૂકવી નહિ.** (જુઓ પ્રકરણ ૧૦ ની વાત ૯૦)

**(૧૧૨) મહારાજ છતાં રૂપિયાનાં નામાં નીકળ્યાં હતાં. હાલ બધા આંહીં ચોખ્ખી રીત્યે વરતો છો તે કોના પ્રતાપથી ? ને પછવાડેથી આવું ને આવું રે'શે, તો પણ ફેર પડશે ખરો.**

**(૧૧૩) ખંભાળાની ડોશીને એના ઘરનો માણસ આંધળો હતો, તે વર્તમાન પાળવા ન દેતો. તેથી મહારાજે જેતલપુરના મોહોલમાં પોતાને હાથે આંધળાને ત્રણ્ય ડામ કપાળમાં દીધા.**

**(૧૧૪) માવાભાઈએ મહારાજને માયાનું બંધન ન થાય એવું પૂછ્યું પણ વે'વારનું ન પૂછ્યું, તેથી મહારાજે પ્રસન્ન થઈ કહ્યું જે, ''તમને માયાનું બંધન નહિ થાય.'' ને ઝીણાભાઈએ પણ સેવા માગી.**

**(૧૧૫) પશુ, મનુષ્ય, ઝાડ સર્વેમાં કામનો વિષય છે, એ કોઈથી મુકાતો નથી; એ તો હૃદયગ્રંથિ છે. માટે** निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् । **એ પોતાનું રૂપ માનવું એ દેશ જુદો પડ્યો, જેમ ભીમનાથની પેલી પાર ખોદે તો પાણી આવે, પણ પથ્થર આવે નહિ ને આણીકોર્યે પે'લે જ ઘાએ પથ્થર આવે; તેમ ''બ્રહ્મરૂપમાં કોઈ બાધ અડતો નથી.'' એમ મહારાજનો દઢ મત છે.**

**(૧૧૬) હરિશંકરભાઈએ પૂછ્યું જે, 'માવાભાઈની પેઠચે શી રીતે ભગવાન પ્રસન્ન થાય ?' ત્યારે સ્વામી કહે, 'આજ તો ભગવાન પ્રસન્ન થયા છે, માટે આજ્ઞા પાળવી. બીજું કાંઈ સાધન કરવાનું નથી. *પંચવર્તમાન દઢ પાળવાં.'**

(૧૧૭) છેલ્લાનું બીજું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'મહારાજ વિના બીજામાં માલ માને છે ને બીજું જોવાને ઇચ્છે તે તો સૂર્યની આગળ દીવો કર્યે તેવો છે ને તે સત્સંગી જ ક્યાં છે ?' તે ઉપર કુંભારના છોકરાએ મહિમા કહેલો તે વાત કરી. ને આ વાત સમજાશે ત્યારે ગાંડા થઈ જાવાશે ને ગાંડા નથી થાવાતું તે તો ભગવાનની ઇચ્છા છે. ને એકાંતિકનો સંગ મળવો દુર્લભ છે ને ભગવાનથી કામ થાય તેટલું એકાંતિકથી થાય છે; કારણકે, બધાને ભગવાનનો જોગ રહે નહિ તેથી એકાંતિકનાં લક્ષણ સમજવાં. તે ઉપર

તીન તાપ કી <u>ઝાલ</u>, જર્યો પ્રાની કોઉ આવે;
તાકુ શીતલ કરત, તુરત દિલ દાહ મિટાવે.
કહિ કહિ સુંદર <u>બેન</u>, <u>રેન</u> <u>અગ્યાન</u> <u>નિકાસે</u>;
પ્રગટ હોત <u>પહિચાન</u>, જ્ઞાન ઉર ભાન પ્રકાશે.
વૈરાગ ત્યાગ રાજત વિમલ, ભવ દુઃખ કાટત જંત કો;
કહે બ્રહ્મમુનિ આ જગત મેં, સંગ અનુપમ સંત કો.
(બ્રહ્માનંદ કાવ્ય : ૭૫૬)

એ સવૈયો બોલ્યા ને કહ્યું જે, 'હમણાં તો જોગ છે ત્યાં સુધી જણાતું નથી, પણ જોગ નહિ હોય ત્યારે કાળ પડચે ને દુઃખ થાય તેટલું જીવને દુઃખ થાશે ને આંખ્યુંમાંથી આંસુ પડશે.' વસુદેવ-દેવકીનું દૃષ્ટાંત દીધું. 'ને આવો જોગ મળ્યો છે તે પૂર્વનાં પુણ્ય છે.' પછી હરિશંકરભાઈએ પૂછ્યું જે, 'વેદરસનો ગ્રંથ વાંચવાની મહારાજે શા સારુ ના પાડી છે ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'વેદરસનો ગ્રંથ વાંચવાની મહારાજે ના પાડી નથી, એ તો પાળવો કઠણ પડવાથી કોઈ વાંચતા નથી.' ભગવતપ્રસાદજી મહારાજના કાગળમાં લખાવ્યું જે, 'જે કામ કરો તેના ધણી થાશો નહિ; ભગવાનને માથે નાખજો ને ભગવાનનો વિશ્વાસ રાખજો.'

(૧૧૮) ભગવાનના ભક્ત થયા છે ને *પંચવર્તમાન પાળે છે તે તો પ્રકૃતિપુરુષથી પર જઈ ને બેઠા છે. (વચ.ગ.પ્ર.૧૮)

(૧૧૯) પ્રગટ ભગવાનને જાણીને જે એક પ્રણામ કર્યે છે, તે આત્યંતિક મોક્ષ જે, અક્ષરધામ તેને પામે છે ને તે વિના તો બીજા બધાંય ધામને કાળ ખાઈ જાય છે. ગાયકવાડને ઘેર જન્મ થયા પછી મૂળા સારુ કે મોગરી સારુ રોવે છે, પણ ગાદીનો ધણી થઈ ચૂક્યો છે. ઝાઝી વાત કે'વાય નહિ.

(જુઓ પ્રકરણ ૫ ની વાત ૧૧૯)

(૧૨૦) છેલ્લાનું ૩૫મું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'ભગવાનમાં મનુષ્યભાવ રહી જાય તો કલ્યાણ ન થાય. માટે મહારાજે વારંવાર દિવ્યભાવ ને મનુષ્યભાવ એક સમજવાની વાતુ કરી છે. ને હાલમાં રાત્યના ગઢડાવાળા નારણ પ્રધાન વાંચે છે તેમાં બહુ સારી વાતુ આવે છે, તે સાંભળશે તેને ઘણો સમાસ થાશે ને બીજાને ખોટચ રે'શે.

(૧૨૧) સત્ત્વગુણમાં એમ વિચાર કરવો જે, આ સાધુથી મારો મોક્ષ થાય તેમ છે, માટે ગમે તેટલું દુઃખ થાય તો પણ તેનો સંગ મૂકવો નહિ.

(૧૨૨) ગજા પ્રમાણે કર્યે તેમાં ભગવાન રાજી થાય છે; રાજા દાને ને પ્રજા સ્નાને.

(૧૨૩) જીવનો ને દેહનો વે'વાર નોખો સમજવો ને એમ ન સમજે તો આવી ભારે પ્રાપ્તિ થઈ છે તો પણ દુર્બળતા મનાય ને ભગવાનની આજ્ઞાથી ગૃહસ્થાશ્રમ કર્યે તો પણ નિર્બંધ છે.

(૧૨૪) એક હરિભક્તને રોગ મટાડવા સારુ ગોપાળાનંદસ્વામીએ લીમડો પાયો તેથી રોગ તો મટી ગયો, પણ લીમડાનું બંધાણ થયું, તે ન પીવે તો તાવ આવે. પછી નિત્ય પાવળું ઓછું પીવા માંડ્યાથી ટળી ગયું. તેમ આ લોક વળગ્યો છે તેને એમ ટાળવો જે, મંદિરમાં આવવું ને ઘેર જાવું ને ઘરનું કામ છોકરાને કરવા દેવું એવો અભ્યાસ કર્યાથી ટળી જાય.

(૧૨૫) હરિશંકરભાઈના પૂછવાથી વાત કરી જે, 'સર્વજ્ઞ તો ભગવાન છે ને બીજા તો અલ્પજ્ઞ છે. માટે પતિવ્રતાની ટેક રાખવી તથા ધ્યાન ભગવાનનું કરવું ને બહુ મોટા સાધુની ખરી સેવા કર્યે તો ભગવાનને મેળવી દિયે.

(૧૨૬) આગળ એક વખત માર્યે (મારે) કાને કોઈ બહુ ભારે શબ્દ સંભળાયા, તેથી હૃદયમાં ચકર ચકર થઈ તેજ દેખાઈ ને બેસી ગયું. પછી જાણ્યું જે, એ તો પુરુષોત્તમપણાનું તેજ જણાયું.

(૧૨૭) મોટાને કોઈ વાત કોઈને સમજાવવી હોય ત્યારે બીજા પાસે મોકલીને તેની પાસે વાત કરાવીને સમજાવે પણ પંડ્યે કહે નહિ; ગોપાળાનંદસ્વામી મારી પાસે વાત કરાવી સમજાવતા. એવી મોટાની રીત્ય છે ને પોતે તેનું પ્રમાણ કરી આપે.

(૧૨૮) यद्यपि शुद्धं लोकविरुद्धं नाचरणीयं नाकरणीयम् । (સુભાષિત)
અર્થ :- ભલે ને શુદ્ધ હોય પણ જો તે લોકવિરુદ્ધ હોય તો કદી પણ ન આચરવું, ન કરવું.

(૧૨૯) અયોગ્ય ઘાટ થાય ત્યારે એમ જાણવું જે, આપણા દેહમાં બીજાનો પ્રવેશ થયો છે. તે ઉપર *જનકનું દૃષ્ટાંત દીધું. (વચ.વર.૨૦)

(૧૩૦) પંચાળાનું ૭મું વચનામૃત વંચાવીને સ્વામીએ વાત કરી જે, 'આ પ્રગટ ભગવાનને નિર્દોષ સમજ્યેથી કાંઈ કરવું બાકી રે'તું નથી. ને ચમત્કાર જણાય તો *શેખજીની પેઠ્યે <u>જીરવાય નહિ</u>, ગાંડું થઈ જવાય, માટે કસર જેવું રાખ્યું છે. ભગવાનને નિર્દોષ સમજ્યાથી નિર્દોષ થઈ રહ્યો છે ને દોષ જણાય છે તે તત્ત્વના દોષ છે ને નિર્દોષ તો એક ભગવાન જ છે. ને દેશકાળ તો ભગવાનને ન લાગે, જીવને તો લાગે; કારણ કે, પ્રારબ્ધકર્મે દેહ છે, તે ખોટા પ્રારબ્ધનો થર આવે ત્યારે દેશકાળ લાગે, પણ ઉપાસ્યમૂર્તિને નિર્દોષ સમજ્યાથી એ દોષે રહિત થઈ રહ્યો છે.' (વચ.ગ.પ્ર.૨૪)

(૧૩૧) સમજ્યા વિના જે જે કર્યે (કરે) તેનું ફળ આગળ ન થાય, ને ભગવાન વતે જ કલ્યાણ છે ને બીજું ગમે એટલું કર્યું હોય પણ ઉપાસનામાં ઠીક ન હોય તો તેનો મોક્ષ ન થાય ને બીજું તો ધર્મ, અર્થ ને કામ ઉપર છે. (વચ.ગ.મ.૨૧)

(૧૩૨) સ્વામિનારાયણ મંત્ર જપવાથી રોગ ટળી જાય ને સાપ કરડ્યો હોય તો ઊતરી જાય ને કાળ, કર્મ, માયાથી રહિત થાય.

(૧૩૩) ભગવાનનો તથા સંતનો માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તેને <u>ઓરો</u> રે'વા દિયે નહિ. ને કાળ, કર્મ, માયા તે તો જડ છે; માટે કર્તાહર્તા ભગવાનને જાણવા ને રોટલા ખાઈને ભજન કરવું, દુઃખ માનવું નહિ. ને અતિ સંતોષ કલ્યાણના મારગમાં વિઘ્ન છે. (વચ.ગ.મ.૨૧/વર.૨)

(૧૩૪) હરિશંકરભાઈએ પૂછ્યું જે, 'વચનામૃતમાં બતાવ્યા છે તે સાધુ ઓળખાણા નહિ. તેનું કેમ કરવું ?' ત્યારે બોલ્યા જે, 'એ વાત કે'વાય નહિ, કહીએ તો માર્ય પડ્યે ને અવગુણ આવે; માટે સમજો છો તેમ સમજવું. ને ફળિયામાં ઘોડો ફેરવી લેવો તે શું ? જે, યજ્ઞ કરનારા દસે દિશાઉંમાં ઘોડો ફેરવીને જીત કરીને યજ્ઞની પૂર્ણાહુતિ કર્યે છે. તેમ જેણે દસ ઇન્દ્રિયુંરૂપ દસ દિશાઉં જીતી છે, કે'તાં જેની વૃત્તિ કોઈ વિષયમાં લેવાતી નથી, તેવા સંતમાં જોડાય ત્યારે તેનો જ્ઞાનયજ્ઞ પૂરો થઈ રહ્યો ને તે ફળિયામાં ઘોડો ફેરવીને યજ્ઞ કર્યા જેવું છે.'

(૧૩૫) મહાપૂજામાં બેસતી વખતે બોલ્યા જે, 'આ બેઠા તેના હાથમાં સર્વે છે ને બધુંય એમાં છે.'

(૧૩૬) બ્રાહ્મણનો દીકરો બ્રાહ્મણ કે'વાય, વાણિયાનો દીકરો

વાણિયો કે'વાય, તેમ આપણે પુરુષોત્તમની ઉપાસનાનો દેહ બંધાણો તે અક્ષરરૂપ થયા છીએ, માટે પોતાનું સ્વરૂપ અક્ષર માનવું.

(૧૩૭) જેવા શબ્દ સાંભળે તેવો જીવ થાય છે. રજ, તમ ને સત્ત્વ એ દેહના ભાવ છે, તે તો હોય. ભૂખ લાગે, તરસ લાગે, સુખ-દુઃખ થાય, એ દેહના ભાવ છે. ને મન તો નીલ વાંદરા જેવું છે તે લબલબાટ કર્યા કર્યે ને આપણે તો એથી પર ક્ષેત્રજ્ઞ છીએ; માટે એ દેહ, ઇન્દ્રિયું, અંતઃકરણના ભાવ આપણે વિશે માનવા નહિ. આપણે તો એથી જુદા છીએ; માટે એનાથી હારવું નહિ, યુદ્ધ કર્યા કરવું.

(૧૩૮) છેલ્લાનું બીજું વચનામૃત તથા વરતાલનું પાંચમું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'અષ્ટાંગયોગ, વ્રત, દાન, તપ એ સર્વે કર્યાં, પણ જીવમાં બડવાળ રહ્યો; પછી સાધુરૂપ ભગવાન થઈને જીવને શુદ્ધ કર્યા. ને પોતાને વિશે તો માયાનો સર્ગ હોય, પણ ઉપાસ્યમૂર્તિને વિશે માયા ન સમજે, તો તેનો મોક્ષ થઈ રહ્યો છે.'

(૧૩૯) યજ્ઞમાં સ્વરૂપાનંદસ્વામીને મહારાજે કહ્યું જે, "માણસ ઘણાં થયાં તે આપણી લાજ જાશે, સીધું પોં'ચશે (પહોંચશે) નહિ." ત્યારે તે બોલ્યા, 'બ્રહ્મની લાજ જાય નહિ; લાજ જાશે તો લક્ષ્મીની જાશે.'

(૧૪૦) સ્વરૂપાનંદસ્વામીને મહારાજે કહ્યું જે, "પરચા બહુ આપો છો ?" ત્યારે તેમણે કહ્યું જે, 'ઇસમે કયા ?'

(૧૪૧) સ્વરૂપાનંદસ્વામીને મહારાજે કહ્યું જે," તમને ગોલોકમાં મોકલીએ ?" ત્યારે કહ્યું જે, 'એ ખડ્ડેમેં તો પડચે જ હૈ.'

(૧૪૨) સ્વરૂપાનંદસ્વામીને મંદવાડમાં કહ્યું જે, "તમને બહુ દુઃખ થયું ?" ત્યારે કહે જે, 'ટટ્ટુ દૂબળા થયા હૈ, અસ્વાર તો તાજા હૈ.'

(૧૪૩) મહારાજ ને આ સાધુ સર્વથી પર છે ને સમર્થ છે, તો પણ વેદની તંતીમાં રહે છે; પણ બીજા અવતાર જેવાં ચરિત્ર કરતા નથી, તે બીજાને ગુણ આવવા સારુ ને ઘણા જીવુંનાં કલ્યાણને સારુ છે; પણ પોતાને કાંઈ બાધ અડતો નથી.

(૧૪૪) ઉપાસનાથી મોક્ષ છે. ધર્મ, વૈરાગ્ય ને આત્મનિષ્ઠા એકલાં કાંઈ મોક્ષ કર્યે તેમ નથી. ને આવા સાધુ કોઈ જાયગાએ નથી ને આવો જોગ મહાદુર્લભ છે, માટે સમજણ ન હોય તો પૂજવાના રહી જાય ને બીજા પૂજાય. ને

ભગવાનનું મૂળ પ્રતિમા ને તીર્થ છે ને ગૃહસ્થનું મૂળ છોકરાં છે.

(૧૪૫) મોટાઈ તો મહારાજને પુરુષોત્તમ જાણે ને આજ્ઞા પાળે તેની છે. પ્રગટ હોય ત્યારે તો સર્વે આજ્ઞા પાળે, પણ છેટે ગયા પછી પછવાડેથી આજ્ઞા બરાબર પાળે તે ખરા.

(૧૪૬) જૂનાગઢના તો મહારાજ જમાન થયા છે.

(૧૪૭) લાખ મણની લોઢી ધગાવી હોય તે ઉપર સો ઘડા પાણી રેડચે ટાઢી પડચે નહિ, એ તો ગંગાના ધરામાં નાખો તો ટાઢી થાય. તેમ આ સમાગમ ધરા જેવો છે ને હાલમાં કલ્યાણ એવું થાય છે જે, જેમ ચાર મહિનાનો વરસાદ વરસ્યો હોય તેમાં લોઢી ધગેલી રહે નહિ, તેવું કલ્યાણ થાય છે.

(૧૪૮) અભિનિવેશ થાય તેને વેદ કહે, ગુરુ કહે, તો પણ માને નહિ. ને પંચવિષયનો અભિનિવેશ તો ગુરુરૂપ ગોવિંદ પ્રગટ સાક્ષાત્કાર મળ્યેથી જ ટળી જાય છે ને હદ મૂકીને વિહદ જે અક્ષરધામ તેને પામી રહે છે; માટે આ અવસરમાં કસર રે'શે તેને પસ્તાવો થાશે. ને પછી સાંભળનાર હશે તો કે'નાર(કહેનાર) નહિ મળે; માટે ઢોલ-ભૂંગળાં વગાડીને નરકે જાવું નહિ.

(૧૪૯) જ્ઞાન કરતાં કરતાં છકી જાવું નહિ ને ગ્લાનિ પણ પામવી નહિ, સમજો છો એમ સમજવું; પણ બારણે મોટાઈ કે'વી નહિ, કહે મોટાઈ થાતી નથી ને છે તે જાતી રે'વાની નથી ને મહારાજને ભગવાન કે'તા તેના ઉપર રીસ કરતા ને ધીરે ધીરે વચનામૃતમાં પોતાની મોટાઈ લખી દીધી તેમ કરવું, પણ છકી જાવું નહિ. ને વચન માનવું તે ચડતું વચન હોય તે માનવું, પણ ઊતરતું વચન માનવું નહિ. તે ઉપર નિત્યાનંદસ્વામીએ મહારાજની સાથે સાત દિ' સુધી ટક્કર લીધી તે વાત કરી; માટે મહારાજના ફેરવ્યા પણ ન ફર્યા એવો નિશ્ચય કરવો. ને આપણી વાત સાચી છે પણ આપણી ઉત્કૃષ્ટતા ખમી શકે નહિ તેથી ઉપાધિ કર્યે; માટે બા'ર્ય વાત કરશો નહિ ને તમે સમજો છો તેમ સમજજો; પણ છકી જાશો તો દિ' ઊઠશે ને દુઃખ આવશે. ને અમે એમ વરત્યા જે, કોઈના કબ્યામાં આવ્યા નહિ; માટે તમારે એમ વરતવું ને કર્તા ભગવાનને જાણવા. (વચ.ગ.પ્ર.૨૫) (જુઓ પ્રકરણ ૬ ની વાત ૩૩)

(૧૫૦) ભગવાન ભજતાં લોકનું દુઃખ આવે ને દેશકાળનું દુઃખ આવે પણ પાછું પડવું નહિ, ધીરજ રાખવી, ધીરે ધીરે બધાં દુઃખ ટળી જાય; પણ પાછો પગ ભરવો નહિ. ત્યાં દૃષ્ટાંત દીધું જે, *પ્રદ્યુમ્ન યુદ્ધમાંથી પાછા હઠચા નહિ. પછી ભગવાને શંખ વગાડચો તેથી સર્વે નાશ પામી ગયા. તેમ શંખને ઠેકાણે આ સાધુની

વાતુ છે તેથી સર્વે દુ:ખ નાશ પામશે માટે ધીરજ રાખવી, પાછું પડવું નહિ. તે ઉપર સત્સંગીને સત્સંગ કરતાં ઘણીક ઉપાધિ આવેલી તેની વાતુ કરી તથા મૂરખની સમજણ જે, રાજાને ચાકરે સભામાં બાટીઉં આપી તેની વાત કરી.

(૧૫૧) 'વચનામૃત'નો પરથારો વંચાવીને વાત કરી જે, 'ચાર વરસ સુધી મહારાજે કાંઈ જણાવ્યું નહિ ને વાતુ કરી તેથી બધા દેશમાંથી ઘણાં માણસ મૂર્તિમાં તણાઈ ગયાં. તેને જોઈ સર્વે લોકોનાં મન સંશયવત્ થઈ ગયાં. પછી ઐશ્વર્ય જણાવ્યાની પ્રાર્થના કરવાથી જૂનાગઢમાં ઘણાં માણસને સમાધિ કરાવી તેથી ગાંડાં થઈ ગયાં. ને સૌને પોતપોતાના ઇષ્ટદેવનાં દર્શન મહારાજે કરાવ્યાં ને આજના સાધુ બીજા અવતાર જેવા છે; માટે બીજા સાધુ ને આ સાધુ તથા બીજા ગુરુ ને આ ગુરુની રીત્ય તપાસવી.'

(૧૫૨) હરિશંકરભાઈએ પૂછ્યું જે, 'વડવાનળ અગ્નિ જેવા સાધુ કેમ સમજવા ?' ત્યારે કહ્યું જે, 'સત્સંગીજીવન'માં તેનાં લક્ષણ કહ્યાં જે,

विषपङ्कायते तस्य मलयागुरुचन्दनम् ।
सर्पायन्ते पुष्पहारा भूषणं दूषणायते ॥
(સત્સંગિજીવન : ૧/૩૬/૭૦)

અર્થ :- ભગવાનના સાચા ભક્ત - સંતને મલય દેશના ગુરુચંદનનો લેપ ઝેરના કાદવના લેપ જેવો લાગે છે. ફૂલના હાર તેને સર્પ જેવા લાગે છે. અલંકારો દૂષણરૂપ જણાય છે. એવું વરતે તથા ભગવાનની મૂર્તિને અખંડ ધારે તથા સત્સંગ શબ્દનો અર્થ કર્યો છે તેવાં લક્ષણ હોય તથા ઘણાક જીવને ભગવાન ભજાવે ને પોતે શુદ્ધ રહે, લગાર આજ્ઞા લોપે નહિ, એવા હોય. ને કોઈ તો ઘણાને ભગવાન ભજાવે એવા ભગવાનના બળથી થયા હોય, પણ પોતે જાતા રહે એવા હોય. તે ગોપાળાનંદસ્વામીને સત્સંગ કરાવ્યો તે ગુરુ પણ જાતા રહ્યા; માટે એમ મોટાઈ સમજવી નહિ, એ તો વે'વારિક (વ્યાવહારિક) મોટાઈ છે; પણ વચનામૃતમાં મોટાઈ કહી છે જે, ભગવાનનો નિશ્ચય હોય ને આજ્ઞા પાળે, એ મોટા છે. ને વડવાનળ અગ્નિ જેવા ન હોય તે આટલાં બધાં માણસને સત્સંગ કરાવે, ને પોતે નિર્લેપ કેમ રહે ? માટે આપણે માનવે કાંઈ મોટા નથી. મહારાજની આજ્ઞા પ્રમાણે મોટાઈ સમજવી. તે ચાર પ્રકારના પ્રશ્નમાં બીજાએ ધ્યાનનું કહ્યું ને મહારાજે વાતુ કરવાનું કહ્યું. (વચ.વર.૩)

(૧૫૩) પર્વતભાઈનું નામ ગ્રંથમાં ક્યાંય લખ્યું નથી, પણ એ તો અતિશે મોટા હતા.

(૧૫૪) સર્વ પ્રકારની વાતુ જેનાથી સમજાય તેને સર્વેથી મોટા સમજવા ને બધા સાથે સત્સંગમાં જીવ ન જોડાય પણ બે જણ સાથે તો જીવ જડી દેવો ને તે વિના બીજામાં માલ ન જાણે તે જીવ જડ્યો કે'વાય ને બીજાનો દેહે કરીને તો સંગ હોય.

(૧૫૫) નરનારાયણાનંદસ્વામી આદિક બધા સાધુ નરનારાયણ જેવા છે ને તેમાંથી જાતા રહે છે તે તો જીવમાં એમ હોય જ.

(૧૫૬) મહારાજે વચનામૃતમાં પોતાનું વર્તન કહ્યું છે, તે તો પોતાના મુક્તનું જ કહ્યું છે એમ સમજવું ને પુરુષોત્તમ તથા ધામરૂપ અક્ષર એ બેને તો તેથી પર સમજવા ને મહારાજને તો અપાર અપાર જ સમજવા.

(૧૫૭) પોતાની વાત કરી જે, અમે સંવત ૧૮૫૯ની સાલમાં ભાદરવા માસમાં પ્રથમ મહારાજનાં દર્શન કર્યાં તે મહારાજે અમારા સામું જોયું ને અમે મહારાજના સામું જોયું એટલામાં નિશ્ચય થઈ ગયો.

(૧૫૮) ધર્મસ્વરૂપાનંદબ્રહ્મચારીના જીવમાંથી નહિ વટલવાનો સંશય ટળે જ નહીં. ત્યારે હરિશંકરભાઈએ પૂછ્યું જે, 'આત્મનિષ્ઠા હોય તો પણ એમ રે'તું હશે ?' ત્યારે ઉત્તર કર્યો જે, 'આત્મનિષ્ઠામાં ન રહે, કસર હોય તો રહે. ને આત્મનિષ્ઠા હોય પણ મયારામ ભટ્ટની પેઠચે પૂર્વના ઋષિપણાના પાશ ટળે નહિ.' તે ઉપર *દુર્યોધન તથા યુધિષ્ઠિરને જીવમાં પાશ હતા, તેની વાત કરી.

(૧૫૯) ઉપાસના ને આજ્ઞા બે રાખવાં. તે ઉપાસનામાં તથા ધ્યાનમાં નિશ્ચય છે ને આજ્ઞામાં બ્રહ્મરૂપ માનવું એટલે મૂળ અજ્ઞાન જે કારણ દેહ તેનો નાશ થાય છે. ને આમ સમજાવીને વાતુ કરવી તે તો સત્યયુગમાં પણ કોઈએ કર્યું નથી.

(૧૬૦) હરિશંકરભાઈએ પૂછ્યું જે, 'જ્ઞાનેકરીને નિર્લેપ રે'વાય છે કે, વિષય ન ભોગવે તેણે કરીને નિર્લેપ રે'વાય છે ?' ત્યારે બોલ્યા જે, 'જ્ઞાને કરીને નિર્લેપ રે'વાય છે, પણ મન, ઇન્દ્રિયું ને દેહ એ ત્રણ્ય પ્રકારે પતિવ્રતાપણું જાય છે, તે બે પ્રકારે તો આપણાથી પળે તેમ નથી, પણ દેહે કરીને પાળવું, એટલે ત્રણ્યપ્રકારે પાળી ચૂક્યા.

(૧૬૧) કાંઈ જો'એ (જોઈએ) નહિ તેને દુઃખ ન આવે ને જો'એ અને નિર્માનપણું રહે તો દુઃખ ન આવે ને સંસૃતિનું તથા ભોળપનું એ બે પ્રકારનું દુઃખ આવે છે.

(૧૬૨) આજ્ઞામાં રહે તે છેટે છે તો પણ અમારા ઢોલિયાની પાસે છે

ને આજ્ઞા નથી પાળતો તે પાસે છે તો પણ છેટો છે. ને ગમે તેવો જ્ઞાની હશે, હેતવાળો હશે ને મોટેરો હશે, પણ આજ્ઞા લોપે તો સત્સંગમાં ન રે'વાય. ત્યાં દૃષ્ટાંત દીધું જે, પતંગ ઉડાડવાથી છેટો ગયો છે પણ દોરી હાથમાં છે તો સમીપમાં જ છે. તેમ આજ્ઞારૂપી દોરી હાથમાં છે, તો મહારાજની પાસે જ છે.

(૧૬૩) મધ્યનું પાંચમું વચનામૃત તથા વરતાલનું ૧૩મું વચનામૃત વંચાવી વાત કરી જે, ઇન્દ્રિયું-અંતઃકરણ હૃદાકાશમાં રાખવાં, એટલે ભગવાનમાં વૃત્તિ રહી. ને દેહપર્યંત દેખાય નહિ, પણ સાધન નિષ્ફળ જાય નહિ, દેહ મૂકતાં જ દેખાઈ આવે.

(૧૬૪) મનજીભાઈએ પૂછ્યું જે, 'ભગવાનને દેખવા એ અધિક છે કે, જ્ઞાને કરીને સ્થિતિ કરવી તે અધિક છે ?' ત્યારે કહ્યું, 'દેખવા કરતાં જ્ઞાને કરીને સ્થિતિ કરવી તે અધિક છે.' તે ઉપર પર્વતભાઈ, કૃપાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી વગેરે જ્ઞાનની સ્થિતિવાળાની વાત કરી જે, 'એમને સમાધિ નહોતી ને દેખતા પણ નહિ. ને પર્વતભાઈ હાલ આપણે સમજીએ છીએ તેમ સમજતા. માટે પોતાને બ્રહ્મરૂપ માનવું ને મારામાં ભગવાન રહ્યા જ છે એમ માનવું, એ જ્ઞાનની સ્થિતિ છે તે અધિક છે તેમાં વિઘ્ન નથી.' તે ઉપર *સચ્ચિદાનંદસ્વામી વગેરે સમાધિની સ્થિતિવાળા દેખતા હતા, તેને પણ દુઃખ આવ્યાં તેની વાત કરી. માટે પોતાની સમજણ કૃપાનંદ સ્વામીની પેઠ્યે છૂપાડવી ને પ્રેમી થાવું નહિ.

(૧૬૫) આવી વાતુ ક્યાંય થાતી નથી, માટે વિષય ખોટા થઈ રહ્યા છે ને વાસના જેવું જણાય છે તે તો દેહધારીને હોય. તે ઉપર *સદાશિવની હવેલી બળ્યાનું દૃષ્ટાંત દીધું ને *ભાઈઆત્માનંદસ્વામીને મહારાજની નિષ્ઠા સમજાવી, તે વાત કરી.

(૧૬૬) ધર્મ સત્સંગમાં રાખે ને વૈરાગ્યે કરીને નાશવંતપણું દેખાય એટલે બંધાય નહિ ને જ્ઞાન જે, આત્મનિષ્ઠા તેણે કરીને દેહના સુખ-દુઃખમાં ન લેવાય; પણ મોક્ષ તો ઉપાસનાએ કરીને જ થાય છે.

(૧૬૭) અંતઃકરણ *શેખચલ્લીના મનસૂબા જેવું ન રાખવું. એક ભગવાનરૂપી જ થાંભલો રાખવો, પણ ઘણા ટેકા રાખવા નહિ ને કલ્યાણને અર્થે આશરો ને હેત બે જ છે. ને આજ્ઞા તથા નિયમ પાળે છે તે જ આત્મનિષ્ઠ છે ને નિયમ નથી પાળતો તેને આત્મનિષ્ઠ સમજવો નહિ.

(૧૬૮) આત્માના જ્ઞાને કરીને <u>કૈવલ્યાર્થી</u> થયો હશે, તો પણ

ચ્યુતભાવને પામે; પણ જેને એમ હોય જે, હું પ્રગટ ભગવાનનો છું ને ભગવાન મારા છે એવો દઢાવ થયો તેને કોઈની બીક રે'તી નથી. કાળ, કર્મ, માયા, દેવઋણ, પિતૃઋણ, મનુષ્યઋણ એ સર્વથી મુકાઈને ભગવાનને પામી રહ્યો છે. આ લોકનું સુખ-દુ:ખ બેય મિથ્યા છે ને વે'વાર છે તેમાં સુખ-દુ:ખ તો આવે, પણ રોટલા ન મળે તે દિ' અમને પૂછવું. જેને રોટલા જોઈતા હોય તેણે દસમો-વીસમો ભાગ કાઢવો. (વચ.ગ.અં.૫)

(૧૬૯) બે વરસ વગર વરસાદે દાણા પૂરા કર્યા ને મેહ વરસે એમ નથી; પણ સત્સંગીને અર્થે વરસાવીએ છીએ.

(૧૭૦) આ સર્વેએ ભગવાન ભજવા સારુ જ દેહ ધર્યા છે ને બધાય જૂના છે; પણ નવા કોઈ નથી એટલે આંહીં અવાય છે. ને ભગવાનમાં ને સાધુમાં વૃત્તિ ન તણાય ને સ્ત્રીમાં તણાય, તે તો ભગવાનની માયાનું બળ છે; બીજું એમાં કાંઈ નથી.

(૧૭૧) "હું કુટુંબનો નથી, લોકનો નથી, દેહનો નથી, હું તો ભગવાનનો છું," એમ માનવું ને આ સમાગમ કર્યા વિના તો બીજે જવાશે, પણ મહારાજ પાસે નહિ જવાય.

(૧૭૨) ભજન કરતાં કરતાં દેહ સૂઈ જાય ને ઇન્દ્રિયું વિરામ પામી જાય ને જાગીએ ત્યારે ભજન થાય છે, એમ ખબર પડચે.

(૧૭૩) લાખ-કરોડય કીડીઉં નીકળી હોય તેમાં નાની-મોટી જણાતી નથી, તેમ માહાત્મ્યથી મોટી દષ્ટિ થાય છે ત્યારે સારો-નરસો વિષય દષ્ટિમાં આવતો નથી; ને દેહધારી હોય તે ભોગવે તો ખરા.

(૧૭૪) સત્ય, હિત ને પ્રિય એવું વચન બોલવું ને ઉપેક્ષા રહિત બોલવું પણ આગ્રહથી વચન કે'વું નહિ.

(૧૭૫) आकृतिचितिचापल्यरहिता निष्परिग्रहाः ।
बोधने निपुणा आत्मनिष्ठाः सर्वोपकारिणः ॥
(સત્સંગિજીવન : ૧/૩૨/૨૮)

અર્થ :- શ્રીહરિ ભક્તિમાતાને કહે છે :'હે સતિ ! મુમુક્ષુઓએ કેવા સંતને સેવવા જોઈએ ? તે જેઓ કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોની ચપળતાએ રહિત અર્થાત વિષયવાસનાઓ વિરહિત આત્મહિતમાં વિરોધી પરિગ્રહ રહિત, તત્ત્વબોધ આપવામાં પ્રવીણ, આત્મામાં જ એક નિષ્ઠાવાળા (આત્મારામ), સર્વજનોનો આ લોક-પરલોકમાં ઉપકાર કરવાના

સ્વભાવવાળા હોય.' એ ચોસઠ લક્ષણે યુક્ત જે સાધુ તેની સાથે જોડાવું, એટલે એ એકમાં ચોસઠ આવી જાય. આપણને ઝાઝું સમજાય નહિ.

(૧૭૬) મહારાજ આમ બેસતા. આઠેય ધામ જોયાં, પણ આવા સાધુ ક્યાંય નથી ને એનાં દર્શનને ભગવાન પણ ઇચ્છે છે ને આ સાધુમાં તો ભગવાન રહ્યા છે.

(૧૭૭) *સત્સંગ ચાર પ્રકારથી છે. તેમાં પ્રથમ પ્રકાર એ છે જે, પરમાત્માનું જ્ઞાન, આત્માનું જ્ઞાન તથા સાંખ્ય વિચારનું જ્ઞાન; બીજો પ્રકાર એ છે જે, ધ્યાન તથા પતિવ્રતાપણું; ત્રીજો પ્રકાર આજ્ઞા પાળવી ને ચોથો પ્રકાર આશરો જે, સાધુ સાથે જોડાવું. આ છેલ્લા ત્રણ્ય પ્રકાર, પ્રથમ પ્રકારનાં ત્રણ્ય જ્ઞાન તેથી ઊતરતા છે. પછી નથુપટેલે પૂછ્યું જે, 'ઉપાસના કેમ સમજવી ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'ઉપાસના તો શાસ્ત્ર, પોતાનો વિચાર ને સાધુ એ ત્રણ્યથી સમજવી.'

(૧૭૮) સંગ થાય તેના ગુણ આવે છે, માટે ભગવાનનો તથા સાધુનો સંગ તો કરવો ને બીજાનો તો જેમ *ભીમસેન ને ધૃતરાષ્ટ્ર મળ્યા હતા તેમ કરવો. ને સ્વાદ વગેરેમાં અતિ થાય તેમાં દુઃખ છે; માટે અતિ થાવા દેવું નહિ,

अतिदानाद् बलिर्बद्धो अतिगर्वेण रावणः ।
अतिरूपाद्हृता सीता अति सर्वत्र वर्जयेत् ॥

(સુભાષિત)

અર્થ :- અતિશય દાનથી બલિ બંધનમાં પડ્યો. અતિશય ગર્વના કારણે રાવણ હણાયો. અતિશય સૌન્દર્યના કારણે સીતાનું હરણ થયું. સર્વત્ર અતિશયનો ત્યાગ કરવો.

(જુઓ પ્રકરણ ૫ ની વાત ૨૭૪)

(૧૭૯) કૃપાનંદસ્વામી વગેરે મોટા સાધુના જેટલું આપણામાં બળ નહિ; માટે મોટા સાધુ સાથે વાદ મૂકી અગિયાર નિયમ પાળવા એટલે તેમના જેટલા બળિયા થાવાશે. આ સંગ એવો છે ને આ સંગમાં ઉપાસના, ધર્મ વગેરે સર્વે છે, કાંઈ બાકી નથી. તે ઉપર મધ્યનું ૬૩મું વચનામૃત બળ પામવાનું વંચાવ્યું.

(૧૮૦) મનને જાણ્યે સાધન કર્યે છે, ત્યાં સુધી મનનું રાજ ટળતું નથી; માટે ભગવાન ને સાધુ કહે તેમ કરવું. અગિયાર નિયમમાં રે'વું, એમાં મૂળ નાશ પામે છે; એટલે ફળ-ફૂલ થાય નહિ ને બળે જિતાતું નથી પણ કળે જિતાય છે. તે ઉપર સારંગપુરનું ૭મું વચનામૃત નૈમિષારણ્યનું વંચાવ્યું.

(૧૮૧) આ સાધુના સંગથી સર્વે મોટા થયા છે ને અક્ષરમુક્તો પણ

ઉપાસનાથી થયા છે. નિરંતર બેસીને ભજન કર્યે એવો કોઈ હોય તો તેનો વે'વાર ચલાવવો અમારી કોટમાં છે.

(૧૮૨) ભગવાન તથા સાધુના શબ્દથી દેહ બંધાય છે, તે દેહે કરીને ભગવાન ભજાય છે ને પોતાની સમજણ મૂકીને; ભગવાન તથા સાધુની સમજણ પ્રમાણે ચાલવું.

(૧૮૩) સ્વરૂપનિષ્ઠા, જ્ઞાનનિષ્ઠા, આત્મનિષ્ઠા અને ધર્મનિષ્ઠા એ ચાર નિષ્ઠામાં સ્વરૂપનિષ્ઠા એક હોય તો બાકી ત્રણ્ય તેના પેટામાં આવી જાય.

(૧૮૪) અક્ષરધામનું એક મચ્છરિયું મૂતર્યું છે તેથી સર્વે લોક સુખી છે, એટલે અક્ષરધામનું મચ્છરિયું જે, મૂળપુરુષ તેની લઘુશંકામાં સર્વે લોક સુખી છે.

(૧૮૫) મુક્ત, મુમુક્ષુ, વિષયી ને પામર એ ચાર પ્રકારના ભક્ત છે. તેમાં પામર હોય તે કોઈ પદાર્થને અર્થે અને પરચા અર્થે ભગવાનને ભજે છે. ને વિષયી હોય તે આ લોકના વિષય સુખનો ત્યાગ કર્યે ને સ્વર્ગાદિક્ના ઉત્તમ સુખને ઇચ્છે છે ને મુમુક્ષુ હોય તે પોતાના જીવના કલ્યાણને અર્થે ભગવાનને ભજે છે. ને મુક્ત હોય તે માયાના ભાવથી મુકાઈને એક ભગવાનની મૂર્તિને જ ઇચ્છે છે. આ ચારેયમાં પણ ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ એમ અવાંતરે ભેદ છે.

(૧૮૬) અજામિલને સંતનો સમાગમ થયો ને નિયમ રાખવાનું કહ્યું ત્યારે કહે જે, 'મારાથી પળે નહિ.' તો પણ સંતે અનુગ્રહ કરીને છોકરાનું નામ 'નારાયણ' ધરાવીને પણ કલ્યાણ કર્યું. માટે ભગવાન મળ્યા છે તેથી કાંઈ કરવું રહ્યું નથી.

(૧૮૭) બ્રહ્માંડમાં *દસ કોરટો છે; તેમાં બ્રહ્મા, વિષ્ણુ, શિવ, અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણ એ છ સગુણ અને નરનારાયણ, વાસુદેવનારાયણ, લક્ષ્મીનારાયણ ને શ્રીકૃષ્ણનારાયણ એ ચાર નિર્ગુણ. તેમાં બ્રહ્મા, વિષ્ણુ ને શિવ એ ત્રણ્ય અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણ એ ત્રણ્યની ઉપાસના કર્યે છે ને અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણ એ ત્રણ્ય, ચાર નિર્ગુણ મૂર્તિયુંની ઉપાસના કર્યે છે ને એ ચારેય મૂળપુરુષની ઉપાસના કર્યે છે ને મૂળપુરુષ મૂળઅક્ષરની ઉપાસના કર્યે છે. ને મૂળઅક્ષર પુરુષોત્તમની ઉપાસના કર્યે છે ને ધામરૂપ મૂળઅક્ષર એક જ છે ને બીજા અક્ષરમુક્ત અનંત કોટિ છે. તે ત્રણ્ય પ્રકારે કરીને પુરુષોત્તમમાં જોડાય છે. તેની વિક્તિ જે, ઉત્તમ મુક્ત છે તે તો પુરુષોત્તમને જ દેખે છે ને મધ્યમ છે તે પોતાને

અને પુરુષોત્તમને બેયને દેખે છે ને કનિષ્ઠ છે તે તો પોતાને તથા પુરુષોત્તમને તથા અક્ષરમુક્તને પણ દેખે છે. (જુઓ પ્રકરણ ૬ ની વાત ૯૫)

(૧૮૮) આ વાતુ અનંત સંશયને છેદી નાખે એવી ભગવાન પુરુષોત્તમની વાતુ છે.

(૧૮૯) જીવ ત્રણ્ય શરીરમાં વ્યાપે એ જીવનું અન્વયપણું છે ને સત્તામાત્ર રહે તે વ્યતિરેકપણું છે અને ઈશ્વરનું વિરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃતમાં વ્યાપવું એ ઈશ્વરનું અન્વયપણું છે ને તેથી પર વરતવું એ વ્યતિરેકપણું છે ને બ્રહ્મ જે મૂળપુરુષ તે પ્રકૃતિ સાથે જોડાય તે અન્વયપણું છે, ને પોતાને સ્વરૂપે વરતે તે વ્યતિરેકપણું છે ને પુરુષોત્તમનું જીવ, ઈશ્વર ને બ્રહ્મનું નિયંતાપણું છે તે અન્વયપણું છે ને સ્વરાટ થકા સ્વયંસ્વરૂપે અક્ષરધામમાં વિરાજી રહ્યા છે તે વ્યતિરેકપણું છે.

(૧૯૦) આ બધી વાતુ સાંભળીને આટલું જ સમજવાનું છે જે, હું તો આત્મા છું, અક્ષર છું, બ્રહ્મરૂપ છું, સુખાનંદ છું ને દેહ, ઇન્દ્રિયું, અંતઃકરણ, કુટુંબ એ સર્વે મારાં નહિ ને હું એમનો નહિ; હું તો ભગવાનનો છું ને ભગવાન મારા છે. આટલું જ અનેક પ્રકારની વાતુ સાંભળીને સમજવાનું છે ને ભગવાન પૃથ્વી ઉપર પધારે છે ત્યારે રાજસી, તામસી, અધમ એ સર્વેનો ઉદ્ધાર કરી દિયે છે, માટે આવો જોગ ને સંગ ફરી મળવાનો નથી.

(૧૯૧) પ્રિયવ્રતને કેટલાંક છોકરાં થયાં ને અગિયાર અર્બુદ રાજ્ય કર્યું; પણ भागवताः आत्मारामाः । અર્થ :- ભગવાનના ભક્તો આત્મામાં રમણ કરનારા હોય છે. સંત કે'વાયા, ને તે ગૃહસ્થાશ્રમમાં રહી કથામાંથી વિરામ ન પામ્યા, તથા સાધુમાંથી હેત ટળ્યું નહિ તેથી મોટા કે'વાયા (કહેવાયા). ને પ્રહ્લાદને તથા પ્રિયવ્રતને મહારાજ બહુ વખાણતા. (જુઓ પ્રકરણ ૫ ની વાત ૩૦૨)

(૧૯૨) ધર્મ આદિક કરતાં ધ્યાન અધિક ને તેથી જ્ઞાન અધિક ને તેથી મોટાની અનુવૃત્તિમાં રહીને તેમને રાજી કર્યે તે અધિક. તે એકના પેટામાં ત્રણ્ય આવી જાય ને ભગવાનનો મહિમા જણાય, એટલે એની મેળે જ આફુરડું હેત થાય ને હેત થાય ત્યારે અનુવૃત્તિ પળે; માટે આ ચિંતામણિ હાથમાં આવી છે તેને મૂકવી જ નહીં ને આ દેહ તો ભગવાનપરાયણ જ કરી દેવો.

(૧૯૩) પ્રથમનાં ૭૧માં વચનામૃતમાં એમ આવ્યું જે, ભગવાન અક્ષરધામસહિત આવ્યા છે; તે ઉપર વાત કરી જે, 'આ બોલે છે તે મૂર્તિ ઉપર તાન રાખવું, બીજાને કાર્ય સમજવું ને આ મૂર્તિને કારણ સમજવું.' પછી

હરિશંકરભાઈએ પૂછ્યું જે, 'ભગવાનની મૂર્તિ ભેળું અક્ષરધામ શી રીતે ભાસે છે ?' સ્વામીએ ઉત્તર કર્યો જે, 'તેજરૂપે ધામરૂપ અક્ષર ભાસે છે ને આ સાધુરૂપે અક્ષરધામ મૂર્તિમાન દેખાય છે, એમ સમજવું ને બીજાને રુચે એમ હોય તો વાત જોઈને કરવી. ને ઓળખીને તેની ભક્તિ કર્યે છે, તેને ભગવાન ભક્તિ માને છે ને ઓળખ્યા વિના તો આવી ફસ્યા તેથી ક્રિયા કરવી પડચે તેવું છે; પણ ઓળખ્યા વિના સેવા કર્યે તે ભક્તિ ન કે'વાય.' તે ઉપર પ્રથમનું ૩૭મું વચનામૃત વંચાવ્યું.

(૧૯૪) ભગવાન તો ઘણાયને મળે છે, પણ આવી ગમ્મત કોઈએ કરાવી નથી ને આ જોગ ઘણો દુર્લભ છે; ફરી ફરીને આવો જોગ નહિ બને; કારણ કે, હાલ સાક્ષાત્ ભગવાનનો જોગ છે ને હાલમાં ઘડી કે પળ જાય છે તે ઘણી દુર્લભ છે, માટે ભગવાન વિના બીજું રાખશે તેને અસદ્‌ગતિ થાશે.

(૧૯૫) આ સાધુ અનાદિ મૂળઅક્ષર છે, તેનો દિવ્યભાવ ને મનુષ્યભાવ એક સમજવો ને આ તો અજન્મા છે, ગર્ભમાં આવ્યા જ નથી ને એમની રીત્ય તો નટની માયાની પેઠચે સમજવી ને આ તો મહારાજના સંકલ્પે કરીને આંહીં દેખાય છે અને તે વિના અક્ષરધામમાંથી પણ જે મુક્તને પોતાની કસર ટાળવા ભગવાન આંહીં લાવ્યા હોય તેને તો ગર્ભવાસ ભોગવવો પડચે છે ને તેના ગુણને ભગવાન છુપાવી રાખે છે ને દોષને આગળ જાણપણામાં રાખી કેવળ જીવ જેવો કરી નાખી કસર ટાળે છે. માટે એવા ભક્તની ને પ્રથમ લખ્યા એવા ભક્તની રીત્ય એક ન સમજવી અને જે ભક્તને ભગવાન કસર ટાળવા ભેગા લઈ આવ્યા હોય તે ભક્તને તો ભગવાનના આશરાનું બળ સમજવું. (વચ.પં.૭/ગ.પ્ર.૩૩)

(૧૯૬) મહારાજે બાવીસ વરસે પોતાનું સ્વરૂપ જેમ છે તેમ કહ્યું, ને આપણે આકળા થઈ જા'એ (જઈએ) છીએ.

(૧૯૭) કુંભાર હાંડલાં ઘડે છે તેનું દૃષ્ટાંત. હાંડલાં ઘડતાં માંહીલી તરફ લાગને વાસ્તે ગોલીટો રાખી બા'ર્યથી (બહારથી) ટપલા માર્યે છે, તેમ આપણે ગોલીટાની જાયગાએ મહિમા સમજવો ને ટપલાની જાયગાએ સાધન સમજવાં.

(૧૯૮) ભગવાનનો માહાત્મ્યે સહિત નિશ્ચય થયા પછી કાંઈ કરવું રહ્યું નથી; માટે માહાત્મ્યની ઓથ લઈને ઊલટું પાપ કરવું નહિ. ને આપણને વૃદ્ધિ થાતી દેખાતી નથી, પણ સર્વે ધીરે ધીરે થાતું જાય છે ને એમ જ થાવાની રીત્ય છે. જેમ બાજરાના છોડમાં દાણા દેખાતા નથી પણ ડુંડું આવે છે ને પછી દાણા દેખાય છે તેમ થાય છે. (વચ.ગ.અં.૩૨)

(૧૯૯) પ્રભુ મળ્યા છે તે વાસ્તે કોઈ વાતની ચિંતા નથી ને સંકલ્પને જ્ઞાને કરીને ઉડાવી દેવા. ને તપ કર્યેથી ક્રોધી થાવાય છે. પૂર્વે દુર્વાસાદિક તપ કરી કરીને ક્રોધી થયા છે. એમ કોઠારમાં વાત કરી.

(૨૦૦) સાંખ્યવાળાનેય દેશકાળ લાગે છે ને એમ ઉત્તર ન કરીએ તો ઉન્મત્ત થઈ જાય. ને જ્ઞાનીને અને સાંખ્યવાળાને આ લોક સાચો મનાય જ નહીં ને બીજાને ખોટો મનાય જ નહીં.

(૨૦૧) ભગવાનના ભક્તના દોષ વિચારે તો જીવ ભ્રષ્ટ થઈ જાય છે; માટે ગુણ વિચારવા. ને નારદાદિકને જે લાંછન લાગ્યાં કે'વાય છે, તે તો દેશકાળ લાગ્યાથી તથા ભગવાનની માયાનું બળ છે એમ સમજવું; ને એ સર્વે તો ડાહ્યા હતા, મોટા હતા ને અનેક જીવુંનાં કલ્યાણ કર્યાં છે, તે ગુણ વિચારવા.

(જુઓ પ્રકરણ ૯ ની વાત ૨૫૬)

(૨૦૨) પડછાયાને પુગાય નહિ તેમ વિષયનો પાર આવે તેમ નથી; માટે જ્ઞાન થાય ત્યારે સુખ થાય છે.

(૨૦૩) ભગવાન છે તે એકડો છે ને સાધન છે તે મીંડાં છે. એકડા વિના સરવાળો ન થાય. રૂપ છે તે આંખ્યુંની ભૂમિકા છે, તેમ *પંચવિષય-પંચ ઇન્દ્રિયુંની ભૂમિકા છે તે પોતપોતાની ભૂમિકામાં જઈને બેસે છે.

(૨૦૪) આજ્ઞા ને ઉપાસના બે રાખજો; વૈરાગ્ય ને આત્મનિષ્ઠા તો કો'કને ઝાઝી હશે ને કો'કને થોડી હશે.

(૨૦૫) મંદિરમાં દર્શન કરતાં બોલ્યા જે, 'આ મૂર્તિ ઉપર કોઈ નથી એમ સમજવું, તે અમારું ફેરવ્યું પણ ફરવું નહિ. ને અમે તો દેશકાળ જોઈને કે કોઈ જીવના કલ્યાણને અર્થે ગમે તેમ કહીએ તે અમારું પણ માનવું નહિ.' તે ઉપર નિત્યાનંદસ્વામીનું દૃષ્ટાંત દીધું જે, મહારાજના ફેરવ્યા પણ ફર્યા નહિ, તેથી રાજી થઈ હાર્ય (હાર) આપ્યો. (જુઓ પ્રકરણ ૬ ની વાત ૩૩)

(૨૦૬) સર્વે અહીંયાં છે ને આંહીં જે અક્ષરધામ છે તેમાં જ ભગવાન છે. પ્રાગજી બહુ સારાં 'વચનામૃત' ગોતી કાઢે છે ને બહુ સારી વાતુ કર્યે છે, તે ઉપર અમારો બહુ રાજીપો છે.

(૨૦૭) જ્ઞાનપ્રલય કરવો તેથી કોઈ મોટી વાત નથી માટે જ્ઞાનપ્રલય કરવો. જેટલો જ્ઞાનપ્રલય કર્યો તેટલો માયાથી મુકાણો ને તેમ કર્યા વિના મોટાઈ તો મળે પણ માયાથી મુકાય નહિ. જ્ઞાનપ્રલય તે શું ? જે, પ્રકૃતિનું કાર્યમાત્ર હૈયામાંથી

કાઢી નાખી બ્રહ્મરૂપ થાવું, ગુણાતીત થાવું, પછી કાંઈ કરવું રહે નહિ ને મહારાજનો સિદ્ધાંત પણ એમ જ છે.

(૨૦૮) ભગવાનના ભક્તને વિષય નથી, એને માથે તો આજ્ઞા છે, તે સાવધાનપણે તેમ જ વરતવું.

(૨૦૯) બકરાંથી તે હાથી સુધી મોટા હોય તે પણ વાડામાં રહે, પણ સિંહ વાડામાં રહે નહિ, તેમ મુમુક્ષુ હોય તે માયાના બંધનમાં રહે નહિ; માટે આ જોગમાં આવ્યા છે, તે ભગવાનના ભક્તને મનુષ્ય જેવા ન જાણવા.

(૨૧૦) એકથી તે લાખ બકરાં બોલે પણ બીક ન લાગે ને એક કેસરી સિંહ બોલે તો બધાયનાં અંતર ભેદાઈ જાય ને હાથીના કુંભસ્થળ ફાટી જાય; તેમ મહારાજને અવતારાદિક જેવા કહે તેમાં કોઈને ધડકો લાગે નહિ. પણ અવતારાદિક સર્વે મહારાજનું દીધું ઐશ્વર્ય ભોગવે છે ને ભજી-ભજીને એવાં સ્થાનને પામ્યા છે એમ જે કે'વું તે તો કેસરી સિંહના નાદથી જેમ હાથીના કુંભસ્થળ ફાટે તેવું કઠણ પડતું છે.

(૨૧૧) સાંખ્ય ને યોગ બે માર્ગ છે, તેમાં યોગવાળો વિષયમાં બંધાય ને વળી છૂટે ને સાંખ્યવાળો બંધાય જ નહીં.

(૨૧૨) ભગવાન ને સાધુ બે જ રાખવા, એટલે તે ઘરેણું રાખી રૂપિયા આપ્યા બરાબર છે; માટે બે રાખી વે'વાર કરવો.

(૨૧૩) પાંચ ગુણેયુક્ત એવા સંત ન મળે, તો એક એક ગુણ શીખવો ને પાંચે ગુણ એકને વિશે હોય એવા સંત મળે એટલે પૂર્ણ થયું. (વચ.ગ.અં.૩૫)

(૨૧૪) તકિયો કાઢી નાખીને કહ્યું જે, 'ટેવ પડી જાય અને કોઈ પદાર્થની ટેવ તો એક શ્રી સહજાનંદસ્વામીને ન પડ્યે; બીજા બધાયને પડ્યે.'

(૨૧૫) ત્રણ્ય જણ સુખિયા. 'એક તો મોટા સાધુ કહે તેમ કર્યે તે તથા મનનું કહ્યું ન માને તે જ્ઞાની તથા કાંઈ જો'એ નહિ તે.

आशा हि परमं दुःखं नैराश्यं परमं सुखम् ।
यथा संछिद्य कान्ताशां सुखं सुष्वाप पिङ्गला ॥

( શ્રીમદ્ ભાગવત : ૧૧/૮/૪૪)

અર્થ :- આશા જ પરમ દુઃખ છે ને આશારહિત રહેવું તેમાં પરમ સુખ છે. જેમ પિંગલા નામની વેશ્યાએ પુરુષ માટેની આશાને છેદી સુખેથી ઊંઘ લીધી. એ ત્રણ્ય સુખિયા છે.'

(૨૧૬) જે વડે આ જક્ત છે તેને કોઈ ન જાણે રે, (કીર્તન મુક્તાવલિ : ૪૨૮)

ભગવાન મનુષ્ય જેવા થાય તેને જાણ્યા તે સમાધિ છે, ને ધર્મનું અંગ પણ તેનું જ છે; એવાં સર્વે અંગ તેમાં આવી ગયાં. ને વાતુ કર્યેથી ઘણાને નિશ્ચય થાય, માટે વાતુ કરવી એ અંગ અધિક છે.

વિહદ વગાડી વાંસળી તીખી નૌતમ તાન,
ચૌદ લોક ધૂનિ સાંભળી છૂટયું શંકર કેરું ધ્યાન.

એવી વાતુ છે. ઉપાસના ને આજ્ઞા બેયનું બળ રાખવું ને આજ્ઞા પાળે નહિ તો દુઃખ આવે. દૃઢ નિશ્ચય રાખવો જે, પર્વતપરાયણ કોઈનો ફેરવ્યો ફરે નહિ. ને ઇન્દ્રને પાંચ બ્રહ્મહત્યા હતી તે નિશ્ચયરૂપી મૂર્તિ ધાર્યેથી ટળી ગઈ. ને એક એક વિષય ગિરનાર પર્વત જેવો છે તે ફરે નહિ, પણ નિશ્ચયનું તથા આશરાનું બળ રાખવું; જેમ ટોપીવાળે દારૂથી સુરંગો ફોડીને ડુંગરને તોડી નાખ્યો તેમ પર્વત જેવા વિષયને તોડી નાખે છે.

(૨૧૭) ઝાડને દેહે કરીને તથા પશુને દેહે કરીને તથા લોટ આપ્યો હશે, આંગળી ચીંધી હશે, એવા અનેક પ્રકારથી સંસ્કાર થયા હશે, તે સર્વેનું કામ થઈ જાશે.


(૨૧૮) હાલ તો મહારાજનાં દર્શન કર્યેથી મોક્ષ થાય તેમ જ મોક્ષ થાય છે ને જ્ઞાન તો તે દિ'ના કરતાં હાલ વૃદ્ધિ પામ્યું છે. ને હાલના હરિભક્ત છે તેના મળેલાનાં દર્શન કરશે તેનું પણ તેમ જ સો વરસ પર્યંત કલ્યાણ થાશે ને ત્યાર પછી કોઈ મુક્તને મોકલશે, પણ એમને એમ કલ્યાણનો મારગ ઊભો રે'શે.

(૨૧૯) કરતા હોય સો કીજિયે ઓર ન કીજિયે કગ,
માથું રહે સેવાળમાં ને ઊંચા રહે પગ.

માટે લોક તો ગમે તેમ કહે તે માનવું નહિ ને પોતપોતાના ધર્મમાં રહીને પ્રભુને ભજવા; ને બીજું બધું કોઈ પ્રયોજનને અર્થે છે એમ સમજવું.

(૨૨૦) વિષય ભોગવવાનો કોટિ કલ્પથી ઢાળો પડેલો છે. તે ખાડો પુરાય તેવો નથી. તેને પૂરવાનો બધા શાસ્ત્રમાં એક જ ઉપાય છે જે, निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् । એ એક જ શ્લોક છે.

(૨૨૧) વ્યાસજીએ ઘણું તપ કર્યું, ઘણાં શાસ્ત્ર-પુરાણ કર્યાં ને પોતે ભગવાન હતા, પણ શાંતિ ન થઈ; પછી નારદજીને વચને કરીને 'શ્રીમદ્ ભાગવત' કર્યું ને તેમાં પ્રગટ ભગવાન ને ભગવાનના ભક્તના ગુણનું ગાન કર્યું ત્યારે પરમ શાંતિ થઈ; માટે આપણે પણ તેમ કરવું.



'શ્રીજીમહારાજ પૃથ્વી પર
બિરાજમાન હતા ત્યારે ને
ત્યારપછી પણ વર્ષોસુધી-
તેઓના આધ્યાત્મિક વારસદાર,
સાકાર અક્ષરબ્રહ્મના
મૂર્તિમાનસ્વરૂપ
સદ્. ગુણાતીતાનંદ સ્વામી;
પોતાનાં તમામ ઐશ્વર્ય ને
સામર્થ્ય છૂપાવી, પ્રભુના
સંબંધવાળા સાજા-માંદા તમામ
પરમહંસો અને સંતોની સેવામાં
કેવળ ભગવદ્ભાવે
ખોવાઈ ગયા !
સેવાની કેવી અપ્રતીમ ગરજ !
પ્રભુના સંબંધવાળા સંતોનો કેવો
અદ્ભુત મહિમા !

ભગવાનમાંથી પ્રીતિ ટળે નહિ.' ત્યાં દૃષ્ટાંત દીધું જે, 'બીજું સર્વે દ્રવ્ય જાતું રહે ને ચિંતામણિ રહે તો કાંઈ ગયું જ નથી ને ચિંતામણિ ગઈ તો કાંઈ રહ્યું જ નથી.'

(૨૨૯) ભગવાન વિના બીજો સંકલ્પ થાય તો બળબળતો ડામ દિયે એવું દુ:ખ આપણને થાતું નથી, પણ ઉપાસનાના પ્રતાપથી સર્વે દોષ ટળી ગયા છે; માટે, 'હું ભગવાનનો છું, ને ભગવાન મારા સ્વામી છે.' એટલો ભાવ રાખવો ને શરીર-શરીરી તથા કારણ-કાર્ય તથા અન્વય-વ્યતિરેક, એ વચનામૃતોનો અર્થ સમજ્યા વિના ઉત્તર કરવો નહિ; નીકર બાધ આવશે. માટે આપણે તો સ્વામી-સેવકને ભાવે ઉપાસના દૃઢ રાખવી, એટલે સર્વે નિર્બાધ છે.

(વચ.ગ.પ્ર.૭-૪૪-૬૪/સારંગ.૫/વર.૭)

(૨૩૦) છેલ્લાનું ૩૫મું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'આ *છ લક્ષણની મોટાઈ તો સર્વે હરિભક્ત તથા સાધુ તમામને છે.'

(૨૩૧) આપણે ધર્મ પાળવો, ત્યાગ રાખવો, તપ કરવું, નિયમ પાળવા વગેરે ક્રિયાયું સાધનની છે, તે પોતાના રૂડાને અર્થે તેમ જ બીજા મુમુક્ષુ જીવુંના કલ્યાણને અર્થે છે, ને અમારે તો <u>ઝીણી વાતુ છે</u> તે તેમને <u>જાડી કરી દઈને</u> સમજાવવી છે.

(૨૩૨) 'ભાગવત'ના પંચમસ્કંધમાં જડભરતનાં વચન છે જે, 'અમારે મતે વેદોક્ત મારગ નથી.' એમ વાત કરી, તે ઉપર મનજી ઠક્કરે પૂછ્યું જે, 'એને શું રહ્યું ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'આત્મા ને પરમાત્મા એ બે ને આપણે પણ એવા થાવું છે.'(વચ.ગ.અં.૩૯) (જુઓ પ્રકરણ ૫ ની વાત ૩૨૩, ને પ્રકરણ ૧ ની ૨૦૮)

(૨૩૩) મધ્યનું ૧૦મું વચનામૃત વંચાવી વાત કરી જે, 'વચનામૃતના અર્થ સમજાય તેવા નથી; પણ બહુ અભ્યાસ રાખે તો પોતાની મેળે સમજાય એવો મહારાજનો વર છે. ને મહારાજને આ જ્ઞાન સર્વે સાધુ સત્સંગીને આપવું છે. પ્રકૃતિનો પતિ તે કૂટસ્થપુરુષ કે'વાય ને ગૃહસ્થ પણ કૂટસ્થપુરુષ કે'વાય તેમ જ ગૃહસ્થની પેઠચે જ શ્રીકૃષ્ણ પણ કૂટસ્થપુરુષ કે'વાય, ને સાંખ્યજ્ઞાનને મતે કરીને નિર્લેપપણું કે'વાય. ને વૈરાટપુરુષ તથા વાસુદેવ તથા મહાપુરુષ તથા અક્ષરબ્રહ્મ એ સર્વેના નિયંતા મહારાજ પુરુષોત્તમ છે એમ સમજવું તે જ્ઞાન કે'વાય, ને દિવ્યભાવ-મનુષ્યભાવ કલ્યાણકારી સમજાય તે ભક્તિ કે'વાય. ને આપણા શરીરના તેજે કરીને ભગવાનનાં દર્શન થાય તો પણ તેનું આપેલ છે એમ સમજવું એ ભક્તિ કે'વાય ને એવા ભક્તને કાંઈ વિઘ્ન નથી. ને સાંખ્યજ્ઞાને કરીને સંકલ્પને

ખોટા કરી નાખવા એ જ મૂર્તિમાં સ્થિતિ થઈ ને મૂર્તિ સામું જોઈ રહ્યેથી સંકલ્પ બંધ થઈ જાય.'

(૨૩૪) ઝાઝું કાંઈ કરવાનું નથી. મહારાજને ભગવાન જાણી તેની આજ્ઞામાં રે'વું એટલે પૂરું થઈ રહ્યું ને શાસ્ત્રમાં એટલું જ કરવાનું લખ્યું છે. આપણે ભગવાનના છીએ, માયાના નથી એમ માનવું.

(૨૩૫) ભગવાન અવતાર ધરે ત્યારે તેમાં રજોગુણી ક્રિયા કે, તમોગુણી ક્રિયા કે, સાધુનો મારગ ચલાવે તે સત્ત્વગુણી ક્રિયા હોય; ને ગુણાતીત ક્રિયા તો જુદી રીત્યની જ છે, તે ઋષભદેવની ક્રિયાની પેઠચે; માટે એ એકેય ગુણ ભગવાનને વિશે છે જ નહીં એમ સમજવું.

(૨૩૬) આપણામાં કેટલાકને બ્રાહ્મણની ક્રિયા હોય, સોનીની, વાણિયાની, કણબીની, કોળીની, ક્ષત્રીની, એવી જુદી જુદી ક્રિયાયું હોય. તે ક્રિયા સામું જો'એ તો મોક્ષ થાય જ નહીં, માટે તે ક્રિયાસામું જોવું નહિ, ભગવાન સામું જોવું. ભગવાનની આગળ ક્રિયાનો શ્યો ભાર છે ? ને વાસનાનો શ્યો ભાર છે ? માટે હરિભક્તમાં તથા સાધુમાં રજોગુણી, તમોગુણી ને સત્ત્વગુણી ક્રિયાયું હોય તે જોઈને અવગુણ લેવો નહિ. જેને ભગવાનનો આશરો દૃઢ થયો છે તે તો ગુણાતીત થઈ રહ્યો છે. ને રજોગુણી, તમોગુણી ને સત્ત્વગુણી એ ત્રણ્યે પ્રકારના જીવુંને ભગવાનનો સંબંધ થાય તો ગુણાતીત થઈ જાય છે.

(૨૩૭) આ સમામાં આપણો અવતાર થયો છે, તે મોટાં ભાગ્ય છે. સો વરસ પે'લાં કે સો વરસ પછી જન્મ થયો હોત ને ગમે તો સમાધિ થાત તો પણ તેમાં શું ઊઘડચું ? આ વાતુ ને આવો જોગ તેની બરાબર થાય નહિ. હાલ તો ધર્મ, અર્થ, કામને પડચા મૂકીને કેવળ મોક્ષ જ રાખ્યો છે; તેમાં જેને ગુણ નહિ આવે ને અવગુણ આવશે તેને અસુર જાણવો. ને હાલની ક્રિયા એકે અવગુણ આવે એવી નથી, સહેજે જ ગુણ આવે એવી ક્રિયા છે.

(૨૩૮) ગડબડગોટા વાળે એવો સાધુ હોય તેનું એટલું તો માહાત્મ્ય સમજવું જે, એનાં દર્શન કર્યાથી પાપ બળી જાય.

(૨૩૯) ભગવાન ને આ સાધુ તો બે ઘડીમાં કલ્યાણ કર્યે એવા દયાળુ છે, પણ તેની આપણને ખબર પડચે નહિ. માટે સંગ ને રુચિ સારી રાખવી ને સંગ ન ઓળખી શકાય તો વિશ્વાસ રાખવો ને કથા-કીર્તન કરીને આવરદા પૂરો કરી દેવો.

(૨૪૦) મહારાજે ખરડામાં અનિર્દેશથી લિખાવીત કર્યું છે, તે અનિર્દેશ તે અક્ષરધામને સમજવો ને નિર્દેશ તે મહાપુરુષને સમજવા. ને મહાપુરુષને અનિર્દેશ સમજવા ને પ્રધાનપુરુષને નિર્દેશ સમજવા; એ પ્રમાણે તારતમ્યપણું સમજવું.

(૨૪૧) આજનો એકડમલ કરીને કાઢી મૂકેલો જગતનો ગુરુ છે. ને સ્વરૂપાનંદસ્વામીને મહારાજ કહે જે, "આજના સત્સંગીનું કલ્યાણ તો પૂર્વે અવતાર થયા તેના જેવું થાય છે."

(૨૪૨) દશે દિશામાં ઘોડો ફેરવીને યજ્ઞ આદરીએ ને કોઈ ઘોડાને બાંધે તો વિઘ્ન થાય ને યજ્ઞ થાય નહિ ને તેનું ફળ મળે નહિ. માટે પોતાના ઘરના ફળિયામાં ઘોડો ફેરવીને યજ્ઞ પૂરો કરી ફળ લઈ લેવું; ને ફળ તો યજ્ઞમાં છે ને ઘોડો ફેરવ્યાથી તો કીર્તિ વધે એવું છે. તે તો સ્વરૂપાનંદસ્વામી જેવા સમર્થનો ઘોડો બંધાય નહિ ને પરમચૈતન્યાનંદસ્વામીનો *ધરમપુરમાં ઘોડો બંધાણો, તે મુક્તાનંદસ્વામીએ છોડાવ્યો ને પરમહંસાનંદસ્વામીનો ઘોડો ગાયોમાં બંધાણો અને ભગવાનના સમીપને પામે તથા ભગવાનનો દીકરો હોય તો પણ ચોસઠ લક્ષણ આવવાં બાકી રહે; માટે ફળિયામાં ઘોડો ફેરવીને યજ્ઞ પૂરો કરી લેવો.

(જુઓ પ્રકરણ ૩ ની વાત ૫૨, ને પ્રકરણ ૯ ની ૧૯૮)

(૨૪૩) વાસના તો એમ ટળે જે, આપણા સત્સંગના બધાય મોટેરા સાધુ ભેગા હોય ને શ્વેતદ્વીપ જેવું ધામ હોય ને બ્રહ્માના કલ્પ જેવડી આવરદા હોય તો બધાય પાસેથી એક-એક-બબ્બે લક્ષણ શીખાય; નહિ તો એ બધાય સાધુનાં લક્ષણ એકમાં હોય તેનો સંગ કરીએ તો વાસના ટળી જાય.

(૨૪૪) આજ્ઞા લોપાય તો પ્રાર્થના કર્યે છૂટકો થાય, પણ ઉપાસનાનો ભંગ થાવા દેવો નહિ. તે આજ્ઞાનું આકરું પ્રકરણ હોય ને કે'શે જે ગિરનાર સોંસરા નીકળી જાઓ, તો એ આજ્ઞા પળે તેવી નથી; પણ આજ્ઞા માનીને ગિરનારને જઈને માથું અડાડવું. પછી મારગ થાય તો સોંસરું નીકળવું, નીકર માથું અડાડી બેસી રે'વું. એટલે ભગવાન રાજી થાય.

(૨૪૫) પોતાની વાત કરી જે, 'મુને રૂપિયાના તથા કોરીના આનાની ખબર નથી તથા પ્રથમ એક કડિયાને ઘી જોખી આપ્યું, તે શેરને બદલે બશેર જોખી આપ્યું તથા કોઠારને તાળું વાસ્યું, તે સાંકળ દીધા વિના નકુચાને તાળું વાસ્યું, એમ અમને કોઈ વાતની તથા વે'વારની ખબર નહોતી.' એમ મનુષ્યચરિત્રની વાત કરી.

(૨૪૬) ઇન્દ્રિયું તથા મન સત્સંગી થાય એવી આશા રાખવી નહિ, તે

તો થાય જ નહીં. તે તો સાત્ત્વિક સેવ્યાથી પટો રમતાં શીખવાડે, તેથી જિતાય તથા નિયમે કરીને પિંડીકરણપણું થાય એટલે ઇન્દ્રિયુંનું બળ ચાલે નહિ. ને તેને જીત્યાના ત્રણ્ય ઉપાય છે. મુક્તાનંદસ્વામી જેવા હોય તે શબ્દ સાંભળે તો આકાશનું કારણ સમજે એમ જ્ઞાને કરીને જુદા પડચે; તથા ગોવિંદરામ જેવા ઉપશમે કરીને જુદા પડચે; ને મયારામ ભટ્ટ જેવા હોય તે ક્રિયામાં દોષધ્યાને કરીને જુદા પડચે. એમ તે બધા સાંખ્યવિચારે કરીને નિયમમાં આવે છે.

(૨૪૭) સાચા સંતનાં અંગ એંધાણ રે, જોઈ લેવાં જીવડીએ;
જેને મળવે માન્યું કલ્યાણ રે, તેને જોવા ઘડીઘડીએ.
(કીર્તન મુક્તાવલિ : ૧૦૪૦)

(૨૪૮) કળિયુગમાં તપ થાય એવાં દેહ નહિ, માટે તપ કરવાનું લખ્યું નથી.

कृते यद् ध्यायतो विष्णुं त्रेतायां यजतो मखैः ।
द्वापरे परिचर्यां च कलौ तद्हरिकीर्तनात् ॥
(શ્રીમદ્ ભાગવત : ૧૨-૩-૫૨)

અર્થ :- સત્યુગમાં જે (મોક્ષ) ભગવાનના ધ્યાનથી મળે, ત્રેતાયુગમાં યજ્ઞો કરવાથી મળે, દ્વાપરયુગમાં સેવા કરવાથી મળે તે મોક્ષ કળિયુગમાં કેવળ હરિકીર્તનગાનથી મળે છે. કીર્તન કર્યેથી પાપ બળે ને હાલતાં-ચાલતાં સ્વામિનારાયણનું ભજન કર્યેથી પાપ બળી જાય છે. (વચ.ગ.પ્ર.૨૩)

(૨૪૯) સત્સંગ કર્યે તેને માથેથી કાળ, કર્મ ને માયાની બીક ટળી ગઈ, તેના રક્ષક ભગવાન થયા. જેમ રૈયતને કોઈ દુઃખ દિયે તો રાજા વઢવા જાય, તેમ જે વેદ પાળે તેને જમ લઈ જાય નહિ ને લઈ જાય તો પગે લાગીને પાછો મોકલે ને બીજાને તો આંહીંથી જ મારવા માંડે . ને યથાર્થ વેદ પાળે તો ભગવાનના ધામમાં જાય એટલું તો વેદમાં બળ છે. ને અજામિલ મહાપાપી હતો ને તેને સાધુનું દર્શન થયું, એટલામાં જમના હાથથી મુકાણો. ને મોટા સાધુ હોય તેના ભેળા તો ભગવાન રહે છે, તેને વેગળા મેલતા નથી. ને લોકોને જિવાડવા સારુ વરસાદ કર્યો છે, નીકર વરસાદ ક્યાં છે ?

(૨૫૦) વિષયનો પરાભવ તો એક પુરુષોત્તમ ને તેના એકાંતિક સાધુ એ બેને જ ન થાય ને તે વિના બીજો કોઈ વિષયથી નિર્લેપ રહે જ નહીં. માટે વિષયથી છેટે જ રે'વું ને ભગવાનનો પક્ષ રાખવો. ને દેહને તો પોતાનું રૂપ માનવું

જ નહીં ને દેહને માને તેમાં બધાં દુ:ખ રહ્યાં છે ને દેહને ન માને તેમાં દુ:ખ જ નથી.

(૨૫૧) ઉદ્યમ તથા ક્રિયા કર્યે અકલ્યાણ થાતું નથી; તે તો કરવું, પણ પાપીનો સંગ ન કરવો.

મુવેકું જિવાવે અસ્માન ચઢી જાવે;
પય અન્નહું ન ખાવે તો માયા કો ગુલામ હૈ;
(કીર્તન મુક્તાવલિ : નાશવંત દેહ વિશે)

(૨૫૨) મહારાજ હતા તે દિ' જેવા છે તેવા ન ઓળખાણા, તથા રઘુવીરજીમહારાજ તથા મોટા મોટા સાધુ હતા તે દિ' જેવા હતા તેવા ઓળખાણા નહિ. પછવાડેથી વખાણ થાય છે. હાલ પણ જેમ છે તેમ સાધુ ઓળખાતા નથી. નારણભક્તે પૂછ્યું જે, 'ભગવાન જેમ છે તેમ કેમ ઓળખાતા નથી ?' ત્યારે બોલ્યા જે, 'જેમ છે તેમ ઓળખાવે તો સમાસ ન થાય, ઊલટો અસમાસ થાય ને મહારાજે જેમ છે તેમ વાતુ કરી તેથી સૌ માણસ વર્તમાનમાંથી પડી ગયાં. પછી મહારાજે કેટલાંક 'વચનામૃત' કાઢી નાખ્યાં.' ને કહે જે, ''એકે 'વચનામૃત' રાખવું નથી.'' પછી નિત્યાનંદસ્વામીએ પ્રાર્થના કરીને કહ્યું જે, 'ધર્મામૃતમાં તથા શાસ્ત્રમાં મળતું આવે એમ શોધીને લખશું.' ત્યારે આટલાં રે'વાં (રહેવાં) દીધાં. માટે જેમ છે તેમ સમજાવે તો સમાસ ન થાય. માટે એમ સમજવું જે, મહારાજે કર્યું છે તે આપણું સારું થાય એમ જ કર્યું છે, નીકર બીજાના જેવું આપણું થઈ જાય, તેમાં ને આમાં ફેર રહે નહિ.

(૨૫૩) સત્સંગી જેવા છે તેવા સમજાતા નથી, સાધુ જેવા છે તેવા સમજાતા નથી ને પોતાને પોતાના જીવની પણ ખબર નથી જે, મુને કેવા સમર્થ મળ્યા છે. ને ત્યાગી થઈને ટોપી ઘાલી, તેમાં શું ઊઘડ્યું ? ભગવાનનું ને મોટા સાધુનું રહસ્ય તો સમજાતું નથી. તે રહસ્ય તો એ છે જે, બ્રહ્મરૂપ થઈને હેત કરવું ને આ તો વેગે ચડી જાવાણું છે; ત્યાગને વેગે ચડી જાવાય, રાગને વેગે ચડી જવાય, ને ગપ્પાં મારવાંને વેગે ચડી જાવાય પણ રહસ્ય સમજાય નહિ ત્યાં સુધી શું ઊઘડ્યું ? ને જાણે જે, હું મારું રૂડું કરીશ, પણ તે તો મોટા કરશે તો જ થાશે. ને મહિમા તો એવો છે જે, પંચમહાપાપ બળી જાય ને કાળો સાપ કરડ્યો હોય તો ય ચડે નહિ, જો ખરેખરો વિશ્વાસ હોય તો ને પોર વગર વરસાદે દાણા પકવ્યા. (વચ.ગ.પ્ર.૩૭)

(૨૫૪) વિષયનો અંત આવે તેમ નથી. ત્યારે સુતાર માધાભક્તે પૂછ્યું જે, 'નિર્મૂળ કેમ થાય ?' ત્યારે બોલ્યા જે, 'નિર્મૂળ થયા હોય તેના સંગથી

જ્ઞાન થાય, વૈરાગ્ય થાય, વિવેક આવે ને આત્માને દેહ જુદા સમજાય તો નિર્મૂળ થાય. તે શુકજી, જડભરત, જનક, અંબરીષ એના વિષય નિર્મૂળ થયેલ જાણવા. માટે નદીનો, ઋષિનો, સ્ત્રીનો ને વિષયનો અંત લેવો નહિ. ને વેદ તથા 'શિક્ષાપત્રી' પ્રમાણે વરતવું ને વેલો ઉપરથી સુકાઈ જાય ને મૂળમાં લીલો રહે તો ઉપર પણ લીલો રહે; ને મૂળમાંથી કાપી નાખે તો ટળી જાય ને ક્રિયા તો પૂર્વના સંસ્કારને અનુસારે થાય છે. ને,

કોઈ કહે હરિ હો ગયે, કોઈ કહે <u>હોવનહાર</u>;
મુકત પ્રગટ કી <u>પ્રીછ</u> બિન, ભટકત સબ સંસાર.

આગળ થઈ ગયા તેના સારુ કૂટે છે ને આગળ થાશે તેના સારુ કૂટે છે; પણ આ પ્રગટ છે તેને કોઈ માનતું નથી.'

(૨૫૫) રાજા તપ કરવા ગયો તેને થાળ આવે ને એક ગરીબ તપ કરવા ગયો તેને રોટલો આવે. ત્યારે કહે જે, 'એ તપ કર્યે છે ને હું પણ તપ કરું છું ને મુને આવું કેમ મળે છે ?' ત્યારે કહ્યું જે, 'તને ઘેર રોટલો મળતો નહિ તે તપના પ્રતાપથી રોટલો મળે છે ને રાજા તો થાળ મૂકીને આવ્યો છે તેથી તેને થાળ આપવો પડચે છે.'

(૨૫૬) એક મનુષ્યને ખાવા ન મળે ને એક બળદ લાડવાને પણ ખાય નહિ. પછી એ મનુષ્યે તપ કરવા માંડ્યું ત્યારે <u>ખોરો લોટ</u> મળવા માંડ્યો, ત્યારે કહે જે, 'હું તપ કરું છું તેને રોટલા મળતા નથી ને આ બળદને લાડવા કેમ મળે છે ?' ત્યારે કહ્યું જે, 'આગળ તેં કાંઈ કર્યું નથી તે હવે તપ કરીશ તે પછી મળશે. ને આ બળદે તો બહુ કર્યું છે પણ કોઈ સંસ્કારથી બળદનો દેહ આવ્યો છે. તે દેહ મૂકીને ભગવાનના ધામમાં જાશે. એ રીત્યે જ્ઞાને કરીને તથા તપે કરીને મુક્તમાં અધિક-ન્યૂનપણું છે. પ્રહ્‌લાદનું દેહ ભગવાને જીવના જેવું કર્યું તેથી બળે નહિ, સડે નહિ ને શસ્ત્ર પણ વાગે નહિ, એવું થાય ત્યાં ભગવાનનું કર્તવ્ય જાણવું. એવું ભક્તિથી પોતાવતે થાય નહિ. ને દેહધારીમાં તો શ્રીકૃષ્ણને બાણ વાગ્યાં ને પ્રહ્‌લાદને બાણ ન વાગ્યાં, એ ભગવાનનું કર્તવ્ય સમજવું. ને પાણીમાં છાણું તરે એમ પૃથ્વી પાણીમાં તરે છે ને પાશેરનો પાણો ડૂબી જાય ને આ કેટલાય પર્વત છે પણ ડૂબતા નથી એ ભગવાનનું કર્તવ્ય છે.' એમ જઠરાગ્નિ તથા વરસાદના માહાત્મ્યની વાત કરી.

(૨૫૭) આ જીવ છે તે જ્યાં સુધી ભગવાનને શરણે ન જાય, ત્યાં સુધી ગમેતેટલું કર્યે ને દેવતા થાય, ઈશ્વર થાય, કે ગમે તો પુરુષાદિકની મોટાઈને

પામે, પણ કાળ, કર્મ, માયા, ગર્ભવાસ ને નરકના કુંડથી તરે નહિ. ને જ્યાં સુધી ગર્ભવાસમાં આવે, ત્યાં સુધી નરકના કુંડમાં શું બાકી છે ? ને ભગવાનને શરણે જાય ત્યારે કાળ, કર્મ, માયા, ગર્ભવાસ ને નરકના કુંડનું દુઃખ એને માથેથી ટળી જાય છે.

(૨૫૮) કોઠારમાં હરિશંકરભાઈએ પૂછ્યું જે, 'હે મહારાજ, આશરાનું શું રૂપ છે ?' ત્યારે ઉત્તર કર્યો જે, 'બાયડી-છોકરાંનો આશરો છે તેમ તથા રૂપિયા હશે તો ભૂખે નહિ મરાય એ આશરો, તેમ જ ભગવાન વિના બીજામાં માલ ન માને એ આશરાનું રૂપ. ને એવો આશરો હોય તેને ભગવાન રૂડા સાધુનો સંગ આપી, જ્ઞાન આપીને પોતાની પાસે રાખે ને એવા ભક્તની ફિકર ભગવાનને છે; જેમ આપણા મંદિરમાં આજ કોઈ માણસ આવ્યું હોય ને કાલ માંદું પડચે અને વીસ વરસ સુધી માંદું રહે, તો પણ તેની ચાકરી આપણે કરવી પડચે ને તેની ફિકર આપણને હોય તેમ.' વળી પૂછ્યું જે, 'ભગવાન મળ્યા પછી ભગવાનના ભક્ત સાથે અહંકાર કેમ રહે છે ?' ત્યારે ઉત્તર કર્યો જે, 'એ તો રજોગુણમાં એમ રહે જ.'

(૨૫૯) કોઈ બેઠો ભગવાન ભજે તેને આંહીં અમારે રોટલા આપવા ને તેના ઘરના મનુષ્યને અન્ન-વસ્ત્ર પૂરાં કરવાં એ અમારે માથે છે, એમ દયા કરીને કહ્યું.

(૨૬૦) ઘર વેચીને ભગવાન ભજવા; કારણ કે, દેહ મૂકીને પછી ઘરમાં કોણ રે'નારું છે ? ને કોઈ રૂપિયા ધીરનાર મળે તો પાંચ દોકડાના વ્યાજથી લઈને બેઠાં ભગવાન ભજવા, પછવાડેથી દેહ મૂકીને આપણે આપવા આવવું નથી.

(૨૬૧) કાર્તિકસ્વામીએ પૃથ્વીની પ્રદક્ષિણા કરી ને ગણપતિને પાર્વતીએ કળા બતાવી તેથી પૃથ્વીની પ્રદક્ષિણા કરવી ન પડી ને કન્યા મળી, એમ મોટાના સમાગમમાં છે. (જુઓ પ્રકરણ ૬ ની વાત ૫૫)

(૨૬૨) માધવજી સુતારનું નામ લઈને સર્વેને કહ્યું જે, 'આ અમારા સમાગમમાં રે'તા નથી એટલી ખોટચ છે.'

(૨૬૩) સારા માણસને વરતવામાં તો ફેર નથી, પણ સમજવામાં ફેર રહે છે.

(૨૬૪) 'ઘાયલ થઈને ફરતી ડોલું સૂઝે નહિ ઘરબાર રે,' એનો અર્થ જે, આંહીં રે'વાતું નથી ને ઘરમાં પણ ગોઠતું નથી.

(૨૬૫) સ્ત્રી હોય તે સર્વ આપીને ધણી રાખે; કારણ કે, રંડાપો તો ન ગાળવો પડચે. તે ઉપર હરિશંકરભાઈનું દૃષ્ટાંત દીધું જે, 'સૂતાં સૂતાં ખાઈને પણ

ઘરમાં રહે, તો રંડાપો તો ગાળવો ન પડચે.' તેમ આપણે સર્વે આપીને ભગવાન રાખવા.'

(૨૬૬) વ્યાસજીએ કીડાને ત્રણ્ય-ચાર જન્મ લેવરાવીને પણ મોક્ષ કર્યો, તેમ મોટાનો સમાગમ થયો હોય તો તે છોડે નહિ. ત્યારે હરિશંકરભાઈએ પૂછ્યું જે, 'એટલા જન્મ લેવરાવવા તે કરતાં એક જન્મે જ કેમ પાર પાડચું નહિ ?' ત્યારે ઉત્તર કર્યો જે, 'જ્ઞાન થયા વિના પાર પડચે નહિ ને મોટા તો એક જન્મે જ જ્ઞાન આપે, પણ માને નહિ.' ત્યાં દૃષ્ટાંત દીધું જે, 'એક હરિભક્તના ઉપર અમારે તમારા જેટલું જ હેત હતું, પણ મારું માન્યું નહિ ને ફરી ઘર કર્યું.'

(૨૬૭) મોટા લગાર પણ દૃષ્ટિ કર્યે તો કામાદિક પીડી શકે નહિ ને પોતાની મેળે ગમે તેટલા દાખડા કર્યે પણ કામાદિક પરાભવ કર્યા વિના રહે જ નહીં. માટે મોટાનો દૃઢ આશરો કરવો.

(૨૬૮) ઉપાસનાનાં વચનામૃત દસ, વીસ, પચીસ જુદાં કાઢીને તેનો વેગ લગાડવો તથા સાધુના મહિમાનાં જુદાં કાઢીને તેનો વેગ લગાડવો. ને એમ કર્યા વિના વ્યાકરણ ભણે તો પણ મૂળગી ખોટચ આવે; કારણ કે, અનેક શબ્દ હૈયામાં ભર્યા તેથી જેમ છે તેમ સમજાય નહિ.

(૨૬૯) ભગવાનનો દીકરો હોય તો પણ સાધુસમાગમ વિના ને 'વચનામૃત'ને લઈને બેઠા વિના સમજાય નહિ. ને તેમ ન કર્યે તો સાધુમાં જેવો માલ છે તેવો બીજામાં માલ નથી, માટે આમ અભ્યાસ કર્યેથી જ કસર ટળે છે.

(૨૭૦) ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય થાય તેને કાંઈ કરવું રે'તું નથી.

(વચ.લોયા ૧૨)

(૨૭૧) વિષયથકી તો જીવ પોતાની મેળે જુદા પડી શકે જ નહીં ને વિષય મૂકવા જાય તો બમણા બંધાય ને મોટા સાધુ થકી તો વિષયથી જુદું પડાય; ત્યાં દૃષ્ટાંત દીધું જે, દૂધ ને પાણી કોઈથી જુદાં પડચે જ નહીં, પણ હંસથી જુદાં પડચે છે તેમ.

(૨૭૨) સાંખ્યવિચારવાળો હોય તે વસ્તુમાત્રને પંચભૂતની ને નાશવંત સમજે, તે ભેગી ભગવાનની મૂર્તિનો નિષેધ થાય, માટે સાંખ્યે સહિત યોગ શીખવો ને બ્રહ્મરૂપ થાવું ને વિષય ખોટા છે એમ તો કે'તાં જીભ ઉપડે જ નહીં, તે તો મોટાના પ્રતાપથી કે'વાય.

(૨૭૩) આવી વાત પોતાને મનમાં જાણી રાખવી તે કે'વી જ નહીં;

પણ બહુ આગ્રહ હોય તેને કે'વી, ને અલ્પવચના થાવું. ને આ મૂર્તિ દેખાય છે એવી ને એવી મૂર્તિ અક્ષરધામમાં છે, લગારે ફેર નથી, એમાં તેજ વધારે દેખાડે છે એટલો જ ફેર છે. આ દેખાય છે એ જ મૂર્તિ અક્ષરધામમાં છે, એમ સમજવામાં કાચ્યપ એટલી કાચ્યપ છે; માટે દિવ્યભાવ-મનુષ્યભાવ એક સમજવો એટલે થઈ રહ્યું. બીજું તો તેની પછવાડે આફુરડું સમજાશે.

(૨૭૪) વે'વાર છે તે કરવો ને મને કરીને જુદા રે'વું. ધૃતરાષ્ટ્ર ને ભીમ મળ્યા એવું હેત વે'વારમાં દેહે કરીને રાખવું, ગરાસિયાની જેવું હેત રાખવું; મને કરીને ને જીવે કરીને જુદા રે'વું, તેમાં ભળવા આવે તેનો ત્યાગ કરવો. વે'વારમાં હરખ-શોક થાય, એ જ માયાનું રૂપ છે. દેહે કરીને રાજ કરવું પણ જીવ તો ભગવાનમાં જ જોડી દેવો જે, 'હું ભગવાનનો છું ને ભગવાન મારા છે.' એમ જીવ જડી દેવો ને ભજન ઓછું થાશે, કીર્તન ઓછાં ગવાશે તેની ફિકર નથી.

(વચ.ગ.પ્ર.૨૩) (જુઓ પ્રકરણ ૫ ની વાત ૧૭૮)

(૨૭૫) પોતાનું કલ્યાણ કરવામાં દષ્ટિ બરાબર રાખવી ને બીજાનું કલ્યાણ તો લોંટો-ઝોંટો કરવું.

(૨૭૬) વિદ્યા ભણવી તે બુદ્ધિ આવવા વાસ્તે તથા સત્સંગમાં રે'વા વાસ્તે ને આવરદા કાપવા વાસ્તે છે.

(૨૭૭) ભગવાને કર્મનો એક કોઠાર ઉઘાડીને અરધા કોઠારના વિષય કર્યા છે ને અરધા કોઠારની ઇન્દ્રિયું કરી છે, માટે તે તો સજાતિ છે, તે એકતા થઈ જાય ને જીવ તો જુદો એકલો તેનાથી વિજાતિ છે, તે ભળે નહિ.

(૨૭૮) રૂપરામ ઠાકર બ્રાહ્મણને ન જમાડે ને સત્સંગી કોળીને જમાડતા.

(૨૭૯) ત્રણ્ય દેહ, ત્રણ્ય અવસ્થા, ત્રણ્ય ગુણ તેથી જુદા પડીને ગુણાતીત થાવું તથા બ્રહ્મરૂપ થાવું ને એની ક્રિયાથી જુદા પડવું જે, એ તો દેહના તથા અવસ્થાના ગુણ છે, માટે તેને માનવા નહિ ને ખોટા જાણવા. ને આવી રીત્યનો વિવેક તો મોટાપુરુષ વિના બીજાને સમજાય જ નહીં.

(૨૮૦) આપણને સત્સંગ મળ્યો છે તેવો કોઈને મળ્યો નથી, માટે આ સમામાં સાધુ જેવા છે તેવા નહિ ઓળખાય, હરિભક્ત નહિ ઓળખાય, ભગવાનનું સ્વરૂપ જેમ છે તેમ નહિ સમજાય ને આજ્ઞા બરાબર નહિ પળાય, એટલી ખોટ્ય આવશે.

(૨૮૧) આ લોકનું સુખ કેવું છે, તો સોળ દહાડાનું શ્રાદ્ધ ને પછી બંધૂકની ગોળીઉં (ગોળીઓ) છે.

(૨૮૨) વડાદરા જેમ કોઈને મા કહે, બે'ન (બહેન) કહે, બા કહે, માસી કહે, એ સર્વે દાણા લેવા સારુ છે; તેમ આપણે મને કરીને સર્વેથી જુદા રે'વું. ને એટલો બધો છળ કર્યે તો ભગવાન ભજાય.

(૨૮૩) ઉપાસના એ જ ભક્તિ છે. ને ગમે તેવા મોટા વિષય દેખીને તેમાં મોહ ન પામવો, એવી સમજણ કરવી. ને પ્રકૃતિની આણીકોર્યના વિષયને વિષ્ટા જેવા જાણવા, પણ મને કરીને એમાં માલ માનવો નહિ.

(૨૮૪) બુરાનપુરમાં ડોશીઉં (ડોશીઓ) પાસે બે મહિના અમે વાતુ કરી હતી, પણ મન જાવા દીધું નથી; કેમ જે, મન આપણું નથી, માટે તેનાથી જુદા રે'વું.

(૨૮૫) *પંચવિષયને ટાળવા સારુ સર્વેએ ભેટચું બાંધી છે, પણ તે તો ટળે જ નહીં. ને તે ક્યારે ટળે ? તો ત્રણ્ય દેહ થકી પર પોતાનું સ્વરૂપ બ્રહ્મરૂપ માને તો જ ટળે. પછી તે અખંડાનંદ થાય, આત્માનંદ થાય, અક્ષરાનંદ થાય, પછી તેને કાંઈ લાગે જ નહીં; જેમ પૃથ્વીમાં ક્રિયા થાય છે, તે આકાશને લાગે જ નહીં, ને જેમ ગુજરાત દેશમાં ખોદે તો પાણો આવે જ નહીં, તેમ તેને લાગે જ નહીં ને શાસ્ત્રમાં તો બધાય શબ્દ સરખા હોય નહિ, બે આમ હોય ને બે આમેય હોય, પણ એકધારા શબ્દ હોય નહિ.

(૨૮૬) કથાવાર્તા, કીર્તન ને ધ્યાન એમાંથી તૃપ્તિ પામવી નહિ ને ભગવાનની મૂર્તિમાં મનુષ્યભાવ કલ્પે એ દ્રોહ કર્યો કે'વાય ને સાકાર સમજવા, સર્વોપરી સમજવા, તે કરતાં પણ આ વાત અટપટી છે. માટે ભગવાનની પ્રગટ મૂર્તિને વિશે ત્રણ્ય દેહનો તથા ત્રણ્ય ગુણનો તથા ગુણાતીતપણાનો તથા ત્રણ્ય અવસ્થાનો ભાવ તથા ઇન્દ્રિયુંની ક્રિયા દેખાય; પણ તે ભગવાનની મૂર્તિને વિશે સમજવો જ નહીં અને દેખાય છે તે તો નટના દૃષ્ટાંત પેઠચે સમજવું. (વચ.પં.૭)

(૨૮૭) મુક્તાનંદસ્વામીએ મહારાજને પૂછ્યું જે, 'શાંતિ કેમ થાય ?' ત્યારે મહારાજે પોતાનાં ચરિત્ર કહી દેખાડચાં ને સંકલ્પ કર્યો જે, અમારાં દર્શન કર્યે તેનો મોક્ષ થાય ને અમારાં દર્શન ન થાય ને અમારાં સાધુનાં દર્શન કર્યે તેનો મોક્ષ થાય ને તેનાં દર્શન ન થાય તો અમારા હરિભક્તનાં દર્શન કર્યે તથા તેના ગોળાનું પાણી પીયે, તેના રોટલા જમે તેનો મોક્ષ કરવો; એવો સંકલ્પ કર્યો છે. એ શાંતિ

થયાનો ઉપાય બતાવ્યો, પણ મુક્તાનંદસ્વામીને સમજાણું નહિ. ને શાંતિ તો આ ઉપાય કહ્યો તેથી જ થાય, પણ કોઈ સાધન કર્યાથી શાંતિ થાય જ નહીં; સાધનથી તો વિઘ્ન ન લાગે. (જુઓ પ્રકરણ ૧૦ ની વાત ૧૮૧, ને પ્રકરણ ૧૨ ની ૧૯૫)

(૨૮૮) વાતુ કરવા માંડે ત્યારે પોતાનું અંગ બંધાય ને ફરી ફરીને એકની એક વાત કરવાનું પ્રયોજન એ છે જે, પોતાની મેળે એકલા જ વાત સમજ્યા હોઈએ તે કોઈ ફેરવનાર મળે તો ફરી જાય ને પચાસ-સો માણસે મળી નક્કી કર્યું હોય તો પછી કોઈથી ફરે નહિ. ને સૂક્ષ્મ વાતુ છે તે દૃષ્ટાંતે કરીને સ્થૂળ જેવી સમજાય છે. તે તો કે'તાં આવડે તેથી તથા ભગવાનની ઇચ્છાથી સમજાય છે.

(૨૮૯) ઘનશ્યામદાસજી મહારાજના ભેળા અખંડ રહ્યા, પણ કાંઈ સમજ્યા નહિ ને કસર ઘણી જ રહી ગઈ. પછી મહારાજે કહ્યું જે, "તમને હમણાં નહિ સમજાય, આગળ એવા કોઈ સાધુ મળશે તે સમજાવશે." પછી આજ બધી વાત સમજાવીને કસર ટાળી. (જુઓ પ્રકરણ ૬ ની વાત ૧૬૫)

(૨૯૦) મનુષ્યભાવ-દિવ્યભાવ એક સમજ્યા હોઈએ ને નિશ્ચય કર્યો હોય, પછી ભગવાન ડગમગાટ કરાવે ને ફેરવવાનું કર્યે તો પણ ફરવું નહિ, જેમ નિત્યાનંદસ્વામી ન ફર્યા તેમ. (જુઓ પ્રકરણ ૬ ની વાત ૩૩)

(૨૯૧) દેહ ધર્યા હતા, પણ સંગને જોગે કરીને પાસ લાગ્યા હતા. પછી કાઢનાર મળ્યા ત્યારે નીકળ્યા ને હમણાં પણ એમનું એમ કેટલાકનું છે, પણ પોતાની મેળે તો ચાલી નીકળાય જ નહીં; કેમ જે, સંગે કરીને પાસ તો લાગે જ.

(૨૯૨) ડોશીઉંને સાધુએ વાત ન કરવી એવો પ્રબંધ બાંધીને કહ્યું જે, "હું ભગવાન છું તો તેનું કલ્યાણ કરીશ." માટે ગૃહસ્થને મા, બે'ન, દીકરી ને સ્ત્રી તે ચાર વિના બીજાને વાત કરવી નહિ; નીકર તેને માથે કો'ક કલંક મૂકશે, તેથી વિમુખ થાશે ને દુઃખ આવશે.

(૨૯૩) વરતાલમાં નાગાબાવા આવ્યા તેની ઇન્દ્રિય સામું જોવાની ના પાડેલી, પણ એક કૃપાનંદસ્વામી વિના બીજાં બાઈ-ભાઈ સર્વેએ બાવાની ઇન્દ્રિય સામું જોયું. એ તો ઇન્દ્રિયુંની ચપળતા એવી છે જે, એ તો કોઈથી રે'વાય જ નહીં.

(૨૯૪) દેહ પોતાનું નથી ને પોતાનું માને છે એ જ અજ્ઞાન છે, એ અજ્ઞાન તો ટળે જ નહીં ને જેના ઉપર ભગવાન ને મોટા સાધુ કૃપા કર્યે તેનું અજ્ઞાન ટળે.

(૨૯૫) ગૃહસ્થને શોભા તે ત્યાગીને દૂષણ ને ત્યાગીને શોભા તે

ગૃહસ્થને કલંકરૂપ છે; તેમ જ સધવા-વિધવાનું પણ સમજવું.

(૨૯૬) જેનો કાગળ આવ્યો હોય તે પંડ્યે જ મળે ને આમ સામસામા બેઠા, એટલે કાગળમાં પ્રીતિ ન કરવી. પ્રગટ ભગવાનની મૂર્તિ આગળ જ્ઞાન, વૈરાગ્ય, આત્મનિષ્ઠા એ સર્વે ખાટી છાસ જેવાં છે, એમાં કાંઈ માલ નથી. એ તો અંગ છે તે રે'શે જ.

મિલનો મોહા મોહ કો નિકો, ઓર સબે રસ ફિકો;
આછો નિકો લાલ હમારો, ખાટી છાશ કહા રસ માણે?
સૂર ખવૈયો ઘીકો.

એમ એક ભગવાનના આધાર વિના બીજું બધુંય ખારું જળ જ છે.

(૨૯૭) જ્ઞાન થયું તે કેનું નામ જે, શાસ્ત્ર સાંભળીને તથા કોઈની વાતે કરીને તથા સંગે કરીને ફરી જવાય નહિ; તે પાકું જ્ઞાન કે'વાય.

(૨૯૮) બીજા કોઈને કલ્યાણ કરતાં આવડ્યું નથી; નાળ કરતાં ગળું કર્યું છે ને બીજા અવતારે એક-બે જીવુંનાં કલ્યાણ કર્યાં છે ને સત્સંગી ડોશીઉંએ લાખું જીવુંનાં કલ્યાણ કર્યાં છે.

(૨૯૯) પ્રેમી ભગવાનમાં પણ વળગે ને બીજે પણ વળગે ને જ્ઞાની હોય તે બીજે વળગે નહિ ને કોઈ આંટી આવે તો જ્ઞાની પણ વળગે. તે ઉપર *ભીષ્મપિતાનું દૃષ્ટાંત દીધું જે, એ જ્ઞાની હતા પણ પક્ષે કરીને વળગ્યા.

(જુઓ પ્રકરણ ૨ ની વાત ૮૯)

(૩૦૦) આ સૂર્યને જેમ કોઈની બરાબર કે'વાય નહિ, તેમ આ ભગવાનને પણ કોઈની ઉપમા દેવાય નહિ. ને આગળ અનંત અવતાર થઈ ગયા ને વળી અનંત અવતાર થાશે, તે સર્વે આ ભગવાનનું દીધું ઐશ્વર્ય ભોગવે છે ને એની આજ્ઞામાં વરતે છે.

(૩૦૧) આવો સમો ફરીને નહિ મળે ને ગાદી ઉપર હાથ મૂકી ઇશારત કરી કહ્યું જે, 'આ સાધુ ને આ ભગવાન કોઈ દિ' આવ્યા નથી ને કોઈ દિ' આવશે પણ નહિ ને બીજા આવશે.'

(૩૦૨) પ્રિયવ્રતના દૃષ્ટાંતથી કહ્યું જે, 'એ તો ગૃહસ્થાશ્રમમાં હતા ને છોકરાં થયાં, પણ भागवताः आत्मारामाः । અર્થ :- ભગવાનના ભક્તો આત્મામાં રમણ કરનારા હોય છે. એવા હતા ને સ્ત્રીને જોગે કરીને છોકરાં થાય; જેમ પેશાબ નીકળે, મળ નીકળે, થૂંક નીકળે, નાહવું, ખાવું, એ જેમ ક્રિયા થાય છે, તેમ જ એ

પણ ક્રિયા થાય. પણ તેનું સ્મરણ, ચિંતવન કે મનન ન થાય ને ચિંતવન તો ભગવાનની કથાવાર્તાનું જ થાય.' તે કહ્યું છે જે, 'પ્રિયવ્રત તો ભગવાનની કથાથી વિરામ ન પામતા હવા.' એટલે એ તો સર્વેથી જુદા જ હતા ને એમાં તો માલ એવો છે, જેમ ભવાયાને વિશે સ્ત્રીની ભાવના છે, તે અજ્ઞાને કરીને છે, તેમ આ લોક પણ અજ્ઞાને કરીને મનાય છે; પણ ખોટું છે.

(૩૦૩) 'શિક્ષાપત્રી'માં સર્વે સંશયનાં નિવારણ લખ્યાં છે. તેથી કોઈને કાંઈ સંશય હોય તો પૂછજો; પણ આનું કેમ હશે ? કે આનું કેમ હશે ? એ કાંઈ પૂછવાનું રહ્યું નથી. હવે તો દાણા ખાઈને ભજન કર્યા કરવું ને 'શિક્ષાપત્રી' પાળશે તેને દેહે કરીને દુઃખ નહિ આવે.

(૩૦૪) બીજે સર્વે ઠેકાણે માયાનો કજિયો છે, પણ બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ ને અક્ષરધામ એ ત્રણ્ય ઠેકાણે માયા નથી ને આંહીં મોટા એકાંતિકમાં માયા નથી, બાકી સર્વે ઠેકાણે માયા છે.

(૩૦૫) એક સાધુ કપિલદેવ ભગવાનનો અવતાર કે'વાતા; પણ ડોશીઉંને લઈને જાતા રહ્યા. એ તો દેવની માયાનું બળ એવું જ છે, તે જોગે કરીને એમ જ થાય.

(૩૦૬) *એકલશૃંગીને અજ્ઞાન ઉપશમ હતું, તેથી વિષયમાં બંધાઈ ગયા, પણ તેના બાપ વિભાંડકઋષિને તો જ્ઞાન હતું ને શાપ દેવા જાતા હતા; ત્યાં રસ્તામાં રાજાએ બહુ સન્માન કરાવ્યું ને ચાકરી કરાવી ને વિષયનો જોગ થયો ને એકલશૃંગીના દીકરાને ખોળામાં બેસાર્યો, તેથી રીસ ઊતરી ગઈ ને વિષયમાં બંધાયા. એ તો દેવની માયાનું બળ જ એવું છે જે, જોગ થયે કોઈ બંધાયા વિના રહે જ નહીં.

(૩૦૭) નારદજી અક્ષરધામમાં ગયા હતા તથા શ્વેતદ્વીપના મુક્ત પણ અક્ષરધામમાં જાય છે; તે અક્ષર તો આપણા ગ્રંથમાં ગોલોકને મધ્યે જે અક્ષર લખ્યું તે છે. ને એ સર્વેને ઉપાસના પણ એ ધામના ભગવાનની છે. પણ આ મૂર્તિમાન મહારાજની ઉપાસના કોઈને નથી ને મૂળઅક્ષરની તો કોઈને ખબર પણ નથી ને પુરુષોત્તમની ઉપાસના તો અક્ષરધામના મુક્તને છે તથા આ પૃથ્વીઉપર આપણને છે, વચ્ચે રહ્યા તેને કોઈને નથી. આ ફેરે નારદજી વગેરે સર્વેનું પાર પડ્યું છે.

(૩૦૮) ઘણેક પુણ્યે કરીને આ જોગ મળ્યો છે ને આ બધાય ભેગા રહ્યા છીએ, પણ જેને જેટલી સમજણ હશે તેને તેટલું સુખ આવતું હશે; જૂના-

નવાનો કાંઈ મેળ નથી.

(૩૦૯) દેરડીમાં કણબીને વણ વવરાવી ઘણો જ લાભ આપ્યો તેની વાત કરી.

(૩૧૦) આ સાધુને વિશે જેને જેટલો ગુણ તેટલી સદ્વાસના ને જેટલો અવગુણ તેટલી અસદ્વાસના છે એમ સમજવું.

(૩૧૧) કેટલાક કહે છે જે, કાંઈ જાણતા નથી, આવડતું નથી, પણ ગાદીએ કોણે બેસાર્યા છે ? એની તેને કાંઈ ખબર છે ? બધુંય જાણે છે ત્યારે જ ગાદીએ બેસાર્યા છે. આ તો સત્સંગમાં કુસંગની વાત કરી. હવે મોક્ષની વાત કરીએ છીએ જે,

एकोऽपि कृष्णस्य कृतः प्रणामो दशाश्वमेधावभृथेन तुल्यम् ।
दशाश्वमेधी पुनरेति जन्म कृष्णप्रणामी न पुनर्भवाय ॥

(મહાભારત-શાંતિપર્વ : ૧૨/૪૭/૯૨)

અર્થ :- શ્રીકૃષ્ણને કરેલો એક જ પ્રણામ દસ અશ્વમેધ યજ્ઞને અંતે કરવામાં આવતાં સ્નાન બરોબર પુણ્ય આપનાર છે. દસ અશ્વમેધ કરનારને ફરી જન્મ લેવો પડે છે. શ્રીકૃષ્ણને પ્રણામ કરનારને ફરી જન્મ લેવાનો રહેતો નથી. એ શ્લોકનો અર્થ કર્યો જે, 'પ્રગટને એક પ્રણામે મોક્ષ થાય, તો આ તો કરોડચ પ્રણામ કર્યા હશે, પણ મોક્ષ થયાની પ્રતીતિ આવતી નથી ને શાંતિ થાતી નથી, પણ જો પ્રગટ ભગવાનને જાણીને તથા ઓળખીને એક પ્રણામ કર્યે તો ભગવાનના ધામમાં જાય ને મોક્ષ થયાની પ્રતીતિ આવે ને શાંતિ પણ થાય.'

(૩૧૨) જે કોઈને કલ્યાણ કરવું હોય ને ઘરમાં રૂપિયા હોય તો બાઈ-ભાઈ બન્નેનાં બે મંદિર કરાવવાં, એટલે તેનું કલ્યાણ થઈ રહ્યું છે.

(૩૧૩) વરસાદ તો ભગવાન વરસાવે છે ને ઇન્દ્ર તો રિસાઈ ગયો છે તે વરસતો નથી ને કાળ પણ કોપ્યો છે; પણ દયા આવ્યાથી વરસાદ કર્યો છે.

(૩૧૪) રૂપિયામાં, ઘરમાં, સ્ત્રીમાં ને દેહમાં માલ માનશો નહિ. દાણા તો ભગવાન આપશે તે એકઠા કરીને આવરદા પૂરો કરવો છે. ને ઘરમાં કામ કરનાર હોય ને રૂપિયા હોય તેણે તો દાણા ખાઈને વાતુ સાંભળવી ને જેને કાંઈ ન હોય તેણે કોશ જોડી દેવો ને કામ કરવા મંડી પડવું ને પછી ભગવાન ભજવા. આ દેહ તો પાણીનું, પૃથ્વીનું, આકાશનું બંધાયું છે ને તેમાં ભળી જાશે. ને બધાય મોટેરાને એક મહિનો વાતુ સાંભળવા આંહીં રે'વું, એમ આજ્ઞા છે.

(૩૧૫) સત્સંગના નિયમ ના પળે તો તિલક ન કરવું ને કે'વું કે, 'હું સત્સંગી નથી ને મારાથી પળે નહિ, પણ ભગવાન ને સાધુ સાચા છે,' એમ કરશે તેનો અંતે મોક્ષ થાશે; પણ સત્સંગમાં રહીને 'શિક્ષાપત્રી' નહિ પાળે, તેને દુઃખ આવશે ને ભગવાન સુખે ભજાશે નહિ.

(૩૧૬) અગણ્યોતેરો કાળ પડ્યો પછી બીજે વરસે પંચાળેથી મહારાજે કાગળ લઈને ગઢડે મોકલ્યા હતા, તે અમે મહારાજથી જુદા પડ્યા એટલે દેહમાં તાવ આવ્યો ને મહારાજ પણ માંદા થયા. પછી અનેક માણસ ને ઢોર મરી ગયાં ને બાળોસાદ પૃથ્વીમાં રહ્યો નહિ ને મડદાંને ખેંચનાર કોઈ રહ્યું નહિ, તેથી ગામ ગંધાઈ ઊઠ્યાં ને હાડકાંનાં ઢગલા થયા. એમ પોતાના દેહની ને બ્રહ્માંડના જીવુંના દેહની એકતા સમજાવી.

(૩૧૭) વશરામભક્તના ગૂમડાનું બહુ દુઃખ જોઈને મુને તાવ આવી ગયો. પછી ગૂમડું ફાટ્યું ને સુખ થયું. એમ દયાનું અધિકપણું સમજાવ્યું.

(૩૧૮) કાળ પડશે તો સત્સંગી દુઃખ પામશે ને આપણાથી દાણા ખવાશે ? નહિ ખવાય.

(૩૧૯) ખળખળિયે નાહતાં નાહતાં બખોલમાં પગ પેસી ગયો, તે ભાંગી જાત; પણ મહારાજે રક્ષા કરી. તેથી તુરત ખેંચી લીધો અને વાડીમાં પથ્થર ઉપર હું પડી જાતો હતો, તે જેમ કોઈ ઝાલી રાખે તેમ અધ્ધર રહ્યો.

(૩૨૦) રઘુવીરજીમહારાજે દેહ મૂક્યો તે દિ' આંહીં મુને તાવ આવ્યો, તે તાપતાં સગડીમાં શરીર ઊડી પડચે એવો બળિયો તાવ આવ્યો તથા ભીંત પડી ગઈ તથા ખડ બળી ગયું.

(૩૨૧) ગય રાજા જેવો રાજા કરવો છે તે થાશે, ત્યાર પછી બે કરોડ્ય માણસ આ છે તેથી બીજા વધારે ભગવાન ભજશે ને રઘુવીરજીમહારાજ જેવા આચાર્ય કરવા છે.

(૩૨૨) *પ્રહ્લાદે દસહજાર વરસ સુધી નરનારાયણ સાથે યુદ્ધ કર્યું, પણ જિતાણા નહિ ને નરનારાયણના વચને કરીને છ મહિનામાં ભક્તિએ કરીને જીતી લીધા. (જુઓ પ્રકરણ ૧ ની વાત ૩)

(૩૨૩) 'ભાગવત'ના પંચમસ્કંધમાં જડભરતે રહૂગણને કહ્યું જે, 'તું રાજ્યાદિકની વાત કર્યે (કરે) છે પણ તું જ્ઞાની નથી, અહિંસા ને બ્રહ્મચર્ય સહિત ને રાગદ્વેષાદિક રહિત એવો ધર્મ તેણે યુક્ત એવો જે વૈદિક મારગ, તે પણ અમારા

આત્મા-પરમાત્માના જ્ઞાનવાળાને ગણતીમાં નથી, તો તારો રાજ્યભૃત્યાદિક ધર્મ તે અમારા બ્રહ્મવેત્તાની શ્યી (શી, કઈ) ગણતીમાં ?'

(૩૨૪) છેલ્લાનું ૩૯મું વચનામૃત વાંચવાની આજ્ઞા કરી ને બોલ્યા જે, 'આ વચનામૃતમાં કહ્યું છે એ વાત પણ એક સમજવાની છે.'

(૩૨૫) મધ્યનું ૯મું વચનામૃત વાંચવાની આજ્ઞા કરી ને બોલ્યા જે, 'આ વચનામૃતમાં કહ્યું છે તેમ મહારાજને પુરુષોત્તમ જાણશે ને સત્સંગમાંથી નીકળી જાશે તો પણ અક્ષરધામમાં જાશે ને સત્સંગમાં રે'તો હશે ને ધર્મ પાળતો હશે ને ઊર્ધ્વરેતા હશે; પણ મહારાજને પુરુષોત્તમ નહિ જાણે તો બીજા લોકમાં જાશે.'

(૩૨૬) પ્રગટ મૂર્તિ વિના બીજા કોઈમાં માલ નથી. તે ઉપર સાખી બોલ્યા જે,

મુવેકું જિવાવે અસ્માન ચઢી જાવે; પય અન્નહું ન ખાવે તો હું માયા કો ગુલામ હૈ;
વિદ્યા કું બખાને કછુ મનહું કી જાને; ઐસે નિપટ સયાને તાકો વાસના મેં ધામ હૈ;
સારી સૃષ્ટિ કું ઉપજાવે સબ જીવ કું નિભાવે; જગ ઈશ જ્યું કહાવે તો હું મન પરિણામ હૈ;
જ્ઞાન, ભક્તિ હીન અતિ ઉર મેં મલિન; ઐસે મૂઢ કું મુકુંદ કહે બ્રહ્મ કું ન ઠામ હૈ.
(કીર્તન મુક્તાવલિ : નાશવંત દેહ વિશે)

રાજા, ચોર, યોગી, ગૃહિ, દ્વિજ રાખત પરનાર;
ઐસો અધર્મ દેખ કે, ઈશ ધરત અવતાર.

(૩૨૭) ભગવાનની સ્મૃતિ રાખવી એ સર્વથી અધિક છે ને ભગવાન તો આપણા જીવમાં બેઠા જ છે તે દેહ મૂકવા સમે દેખાય છે ને સ્મૃતિ રહે તે તો સર્વ સાધનના અંતને પામ્યા. તે ઉપર જડભરતની વાત કરી.

(૩૨૮) શુદ્ધ થાવાને તપ ને અનુવૃત્તિ, એ બે સાધન છે. તેમાં અનુવૃત્તિ છે તે અધિક છે. તે કરતાં કરતાં આત્મા ને પરમાત્મા બે જ રાખવા છે.

(૩૨૯) ગામ મહુવાના હરિભક્ત ડાહ્યાને કહ્યું જે, 'ભૂત કાઢવું, એમાં અમારું શું કામ છે ? શ્રી સ્વામિનારાયણને ઘેર ઘણાય સેવક છે, એક હનુમાનજીની માનતા કરશે એટલે હનુમાનજી જાશે; તે મારી મારીને તેના ભૂક્કા કાઢી નાખશે.'

(૩૩૦) આપણને જ્ઞાન શીખતાં તો આવડે જ નહીં ને વૈરાગ્ય તો છે જ નહીં; માટે હું ભગવાનનો ને એ મારા, એમ માનવું. ને હેત તો પંદર આના સ્ત્રીમાં છે ને એક આનો અમારામાં છે ને કલ્યાણ તો એને શરણે ગયા એટલે એ સમર્થ છે તે કલ્યાણ કર્યે; એ એની મોટાઈ છે.

(૩૩૧) નવરાશ હોય ત્યારે ભગવાનની મૂર્તિને લઈને બેસવું ને તે મૂર્તિ તે શું ? જે, ભગવાનની કથાવાર્તા ને ધ્યાન એ ભગવાનની મૂર્તિ છે.

(૩૩૨) દેહ હોય ત્યાં નિદ્રા, કામ, સ્વાદ, લોભ એ સર્વે દેહ ભેળાં હોય, માટે તેને તો દેહ ભેળાં જ કરી રાખવાં. ને કોઈ વ્યસન રાખે છે – અફીણનું, હોકાનું સ્વાદ રાખે છે, લોભ રાખે છે, એ સર્વે સુખ જેવાં જણાય છે, પણ એ તો દેહને દુઃખ દિયે એવાં છે.

(૩૩૩) ભગવાન ભજવામાં ત્રણ્ય વિઘ્ન છે. :- લોકનો કુસંગ, સત્સંગમાં કુસંગ ને ઇન્દ્રિયું-અંતઃકરણનો કુસંગ; માટે એ સર્વેના છળમાં આવવું નહિ ને સત્સંગમાં કુસંગનો જોગ થાય ને બ્રહ્મરૂપ હોય તો દેહરૂપ કરી નાખે ને સત્સંગમાં સારાનો જોગ થાય તો દેહરૂપ હોય તેને બ્રહ્મરૂપ કર્યે.

(૩૩૪) પાંડવોએ યજ્ઞ કર્યો તેમાં ભગવાન પણ ભેળા હતા, તો પણ નોળિયો સોનાનો થયો નહિ ને *ઋષિના ચાર શેર સાથવાના યજ્ઞમાં સોનાનો થયો, એમ સત્પાત્રની સેવાનું ફળ છે. (જુઓ પ્રકરણ ૬ ની વાત ૨૦૦)

(૩૩૫) ચરોતરના એક ગામના પાટીદાર ગિરધરભકત સાધુ હતા, તેને મંદવાડમાં ઘી ખાધાથી દેહમાં બળ આવ્યું તેથી સ્ત્રીના સંકલ્પની વાસના થઈ તે મુને કહી. પછી મેં વિચાર કર્યો જે, 'એનું રૂડું થાય એમ કરવું. એવો સંકલ્પ કરીને મુક્તાનંદસ્વામી દ્વારે મહારાજને કહી *પ્રિયવ્રતનો મારગ ચલાવ્યો. તેથી ત્યાગીને વાસના ઉદય થાય ને ગૃહસ્થાશ્રમ કર્યે તેનો શાસ્ત્રમાં બાધ નહિ.'

(૩૩૬) વાતુ કરવાથી માખીમાંથી સૂર્ય થાય ને સૂર્યમાંથી માખી થાય, જો વાતુ કરતાં આવડે તો. 'વાતન કી વાત તો બડી કરામત હે.' આ સર્વે સત્સંગ વાતુ કરીને કરાવ્યો છે. આ સર્વે વાતુએ કરીને છે. બીજું કાંઈ નથી.

(૩૩૭) સત્સંગ, સાધુ ને ભગવાન જેવા મળ્યા છે તેવા ઓળખાતા નથી ને મનુષ્યભાવ રહે છે. જેવો લાભ થયો છે તેવો લાભ પણ ઓળખાતો નથી ને મનુષ્યભાવમાં દિવ્યભાવ છે તે મનાતો નથી ને ઉપવાસ કર્યે પણ આમ સમજાય નહિ; કેમ જે,

**मूलं नास्ति कुतः शाखा ?** (સુવાક્ય)

અર્થ :- મૂળ જ ન રહે તો પછી શાખા કયાંથી ફૂટે ? માટે રોગ, શત્રુ વગેરેનો મૂળમાંથી જ નાશ કરવો.

(૩૩૮) પામર તો પરચા માગે, પણ એક શ્રીકૃષ્ણને ઊર્ધ્વરેતા કહ્યા છે

ને નરનારાયણને કહ્યા છે, એવા તો આજ મૂળજી બ્રહ્મચારી ને મયારામ ભટ્ટ તે શેર ઘી જમે ને ઘાટ થાય નહિ ને બેહજાર માણસ સ્ત્રીઉં સહિત ભેળા રે'તા તો પણ કામનો ઘાટ થાય નહિ. જિતેન્દ્રિય, શાસ્ત્રમાં લક્ષ્મણજી આદિક બે કહ્યા છે ને અનુવૃત્તિવાળા કૃષ્ણાવતારમાં ત્રણ્ય કહ્યા છે ને ભીડો ખમ્યામાં ત્રણ્ય કહ્યા છે ને આજ તો આખો સત્સંગ એ ત્રણ્ય ગુણે જુક્ત છે; એ જ મોટો પરચો છે, માટે જેમ છે તેમ ઓળખવું.

(૩૩૯) સત્સંગમાં કેટલાક લાંબો પગ કરીને સૂતા નહિ, તથા મટકાં જીતતા તથા ખંજોળવું નહિ તથા પ્રસાદીનું પણ ગળ્યું, ચીકણું ખાધું નહિ તથા સંકલ્પ થાવા દીધા નહિ એ સર્વે કઠણ વાત છે ને એ રસ્તે કોઈથી ચલાય નહિ ને તેને મનુષ્ય ન કે'વાય. તો પણ તે જ્ઞાનીની બરાબર ન કે'વાય ને દેશકાળ લાગ્યા ને *થાળ બીજે ગયો અને જેની આગળ ઊંચે શબ્દે બોલાય નહિ તેને વચન કહ્યાં.

(૩૪૦) મહુવાના કુંભારને સો જમપુરીનું દુઃખ થયું છે, તે તો એ જ ખમે, બીજાથી ખમાય નહિ અને હાલ તો જાગતાંય સુખ છે ને આંખ્યું મીંચીને પણ સુખ છે.

(૩૪૧) મુક્ત હોય તે કોઈથી દબાય નહિ ને લડાઈ લીધા કર્યે; પણ સંકલ્પના લાગમાં આવે નહિ.

(૩૪૨) પોતપોતાનો દેહ સારો લાગે, ગામ સારું લાગે, દેશ સારો લાગે, એ તો દેવની માયાનું બળ છે.

(૩૪૩) એકના મંડળમાં લાડવાની રસોઈ થાય ને એકના મંડળમાં ન થાય, તો એક અંગ આવ્યું ને અખંડ ધ્યાન કર્યે તો પણ એક અંગ આવ્યું ને ત્રેંસઠ બાકી રહ્યાં ને કોઈ રીત્યે કરીને સાધુ ઓળખાઈ જાય તો તેમાં બધુંય આવી જાય.

(૩૪૪) ગોપાળાનંદસ્વામીને સાઠ સાધુ હતા. તેમાંથી ચાર સાધુ આપવાનું કહ્યું; ત્યારે કહે જે, 'માર્યે તો બે જ સાધુ છે.'

(૩૪૫) ખરેખરો જીવ સોંપીને તેનો થઈ રહે, તો સિંહનો માલ શિયાળિયાં ખાઈ શકે નહિ.

(૩૪૬) એક રે'ણીએ (રહેણીએ) દેહ મૂકવો કઠણ છે. તે ઉપર ગઢડાની ડોશીઉંની વાત કરી.

(૩૪૭) જેમ છે તેમ ઓળખવું એ કઠણ છે ને ઓળખાય તો

સમાગમમાં રે'વું કઠણ છે ને સમાગમમાં રહે તો જીવ સોંપીને અનુવૃત્તિમાં રે'વું એ કઠણ છે; બે આના પણ કોઈના પક્ષનો ભાર રહે ખરો.

(૩૪૮) જેમ છે તેમ કહીએ તો તુરત મનાય નહિ. માટે મનને વળગાડી મૂકવું, એટલે ધીરે ધીરે બળ પામશે તેમ સમજાશે.

(૩૪૯) કોઈ કે'શે જે, 'મુને જેમ છે તેમ કહો હું એમ કરીશ.' પણ મોટા હોય તે એમ જાણે જે, મોઢે કહે છે પણ આનાથી થાશે નહિ ને કોઈ મોઢે કહે નહિ, પણ તેનુંય જાણે જે, આ મોઢે કે'તો નથી પણ તેનાથી થાશે.

(૩૫૦) મોટા સમર્થ હોય તે ઘી શેર જમી જાય, પણ તેને સ્ત્રીભોગનો સંકલ્પ થાય જ નહીં. સમાધિવાળા અરૂપાનંદસ્વામીને વિષયનો જોગ થયાથી સત્સંગમાંથી નીકળી ગયા ને સમાધિ તૂટી ગઈ ને જ્ઞાન ઉદય થયે પાછા ફરી વખત સત્સંગમાં આવ્યા, એટલે સમાધિ થઈ ગઈ. પછી મહારાજે હસીને કહ્યું જે, ''ભગવાનનો <u>વળગાડ</u> કોઈ રીત્યે છૂટે તેવો નથી.''

(૩૫૧) ઉપાસના, આજ્ઞા ને સાધુ ઓળખવા; એ ત્રણ્યે વાનાં અવશ્ય જો'એ. આજ્ઞામાં ધર્મ, નિયમ, વ્રત, દાન, તપ સર્વે આવી જાય.

(૩૫૨) સાધુ સાચા છે તેમાં <u>અસાધુની બુદ્ધિ રહે,</u> તે વિપરીત ભાવના છે. આ વાત અટપટી છે, તે સાધુને બીજા સાધુની જોડે મેળવ્યાથી ઓળખાય. તે ઉપર *મુનિબાવાનાં દૃષ્ટાંત દઈ ઘણીક વાત કરી.

(જુઓ પ્રકરણ ૯ ની વાત ૩૨૦)

(૩૫૩) છેલ્લાનું ૩૩મું વચનામૃત વંચાવીને વાત કરી જે, એવા મોટા છે પણ વિષયના જોગમાં સારું રે'વાય છે તે મોટાની દૃષ્ટિ છે.

(૩૫૪) કોઈ વાતની અંતરમાં ચિંતા થાય તો ભગવાનને માથે નાખી દેવું. એનામાં અનંત <u>કળાઉં</u> (કળાઓ) છે; તે ઉપર *બળિ તથા *વૃંદાને છળ્યાની વાત કરી.

(૩૫૫) અમદાવાદની <u>લંઘી</u>એ બધા શહેરનો <u>ઇજારો</u> રાખ્યો, તે કૂટીકૂટીને ખાવા પણ નવરી ન થઈ ને ભૂખી ને ભૂખી મરી ગઈ. તેમ આપણે બધાનો ઇજારો રાખવો નહિ.

(૩૫૬) ગોંડળના હરિજને કહ્યું જે, 'શાં પાપ કર્યાં હશે તે મહારાજનાં દર્શન ન થયાં ?' ત્યારે સ્વામીએ તેને કહ્યું જે, 'પુણ્ય કર્યાં હશે તે આજ આ દર્શન થયાં; નહિ તો ઘણાં પાપ કરત.'

(૩૫૭) भोजने छादने चिन्ता वृथा कुर्वन्ति वैष्णवाः ।
योऽसौ विश्वंभरो नाम स्वभक्तान् किमुपेक्षते ॥ (સુભાષિત)

અર્થ :- વૈષ્ણવજનો અન્ન-વસ્ત્રની ચિંતા તો વ્યર્થ (ખોટી) જ કરે છે, કારણ કે જે ભગવાન વિશ્વંભર આખા વિશ્વનું ભરણપોષણ કરનાર છે, તે કદી પોતાના જ શરણે આવનાર ભક્તોની ઉપેક્ષા કરશે શું ? આપણે તો માળા ફેરવવી, રોટલા તો ભગવાન દેશે ને કેટલાકને દીધા છે પણ ખબર નથી ને કેટલાકને દિયે છે.

(૩૫૮) ઝેરના લાડવા ખાતાં સારા લાગે, પણ ઘડીક પછી ગળું ઝલાય, તેમ વે'વાર છે.

(૩૫૯) મરનારને શીદ રડો છો, રડનારાં નથી રહેવાનાં;
તોપને મોઢે તુંબડાં, તે સર્વે ઊડી જાવાનાં.

(૩૬૦) ગૃહસ્થ છે તે આત્માનું જ્ઞાન જાણે નહિ, પણ જો ભગવાનને વિશે તથા મોટા સાધુ સાથે હેત છે, તો તેને કાંઈ કરવું રહ્યું નથી. તે ઉપર મધ્યનું ૯મું તથા વરતાલનું ૧૧મું વચનામૃત વિચારવાં. એ બેનો એક ભાવ છે.

(૩૬૧) કોટિ કોટિ સાધન કર્યે પણ આમ વાતુ કરવી તેની બરાબર થાય નહિ ને બીજાથી તો આટલી પ્રવૃત્તિમાં વાતુ થાય નહિ.

(૩૬૨) મહિમા સમજાય છે ને ફરી ભૂલી જવાય છે, માટે સો વખત વાંચીને સમજે તો ફરી ભુલાય નહિ. ને મહારાજ છતાં હેત બહુ હતું ને હમણાં જ્ઞાન અધિક છે ને ઘણાક સંસ્કારી જીવ આવ્યા છે, માટે સાધુમાં હેત તુરત થઈ જાય છે.

(૩૬૩) નિદ્રા આવે તો સૂઈ જવું ને સુરંગો ઉડાડવાની વાતું કરી, ને કોઈરીત્યે શત્રુ જિતાય એમ ન હોય તો ટોપીવાળે લડાઈમાં ધોળો દારૂ પાથરીને સામાનું લશ્કર છળથી મારી નાખ્યું, તેમ આપણે છળ કરવો ને મનને જીતવું.

(૩૬૪) અનેક પ્રકારના પાપી જીવ છે તેમને સમજાવવા, એ જ ભગવાનનો પ્રતાપ છે.

(૩૬૫) મધ્યનું ૨૮મું વચનામૃત વંચાવીને વાત કરી જે, 'જીવમાં ભૂલ્ય આવે, પણ અનેક જુક્તિથી તેને ભગવાનના મારગમાં રાખવો, પણ પાડી નાખવો નહિ; એ જ મોટાની મોટાઈ છે. ને આ વચનામૃતમાં મહારાજે પોતાનો સ્વભાવ કહ્યો છે, તેનો ભાવ પણ આવે છે.' એવી ઘણી જ મહિમાની વાત કરી.

(૩૬૬) ભગવાન અને ભગવાનના ભક્તની સેવા એ બેમાં જ માલ છે.

(૩૬૭) મુમુક્ષુ જીવને જ્ઞાન પણ થાય ને હેત પણ થાય ખરું, પણ સત્સંગમાં કુસંગ છે તે એનું ભૂંડું કરી નાખે છે; માટે તેને ઓળખવો. (વચ.લોયા.૬)

(૩૬૮) બળદિયાને તંતીમાં બાંધે છે તેમ જીવમાત્રને તંતીમાં બાંધી લીધા છે, તે કોઈ ક્રિયા થાય જ નહીં ને છૂટાય નહિ ને તેમાંથી છૂટ્યાનો ઉપાય તો પ્રગટ ભગવાન ને તેના સંગી એ બે જ છે.

(૩૬૯) જૂનાગઢમાં જેટલા છે તેટલાને ફેરવી-ફૂટીને ગમે તેમ કરીને પણ પાંસરા કરીને પાર મૂકવા છે. તો તમારે તો શ્યી ફિકર છે ? કેટલા દિ' જીવવું છે ?

(૩૭૦) સુખી થાવાના પ્રકાર. એક તો કોઈ રીત્યે કરીને ભગવાનમાં જોડાયા હોય તથા સંતમાં જોડાયા હોય તથા આત્મજ્ઞાને કરીને ઇન્દ્રિયું નિયમમાં કરી હોય તથા ભગવાનના નિશ્ચય સહિત વૈરાગ્ય હોય તથા સંસ્કારી જીવ હોય, એ પાંચ પ્રકારથી સુખી રે'વાય; માટે પોતાનું તળ તપાસી જોવું જે, એમાંથી માર્યે ક્યું અંગ છે, તે વિચારી સુખી રે'વું.

(૩૭૧) ભગવાનના અક્ષરધામ સામી જે દૃષ્ટિ એ અલૌકિક દૃષ્ટિ છે ને પ્રકૃતિના કાર્ય સામી દૃષ્ટિ એ લૌકિક દૃષ્ટિ છે. તેમાં ભગવાનનો નિશ્ચય એ ખરેખરી અલૌકિક દૃષ્ટિ છે.

(૩૭૨) સંતમાં જોડાણો હોય તેનું એ લક્ષણ છે જે, તેની અનુવૃત્તિમાં રાજી રહે ને તે કહે તેટલું જ કામ કર્યે, પણ જાસ્તી કર્યે નહિ. ને એવાની ફિકર તો સંતને રહે, પછી તેની તે પાંચ દહાડે, મહિને, બે મહિને કે ચાર મહિને ખબર રાખ્યા કર્યે ને ખબર ન રાખે તો બગડી જાય, માટે ખબર રાખે. ને તમોગુણીને તો કાંઈ સૂઝે નહિ, માટે તેને મોકળો મેલીએ તો ઠીક પડચે ને મરડીએ તો મૂંઝાય.

(૩૭૩) આવો સમો નહિ આવે, આ સમો તો ચીર બાળીને તાપ્યા જેવો છે.

(૩૭૪) કૂવામાં રાઈના દાણા ભરીએ ને એક તીરવા સગ્ય ચઢવીએ એટલા જીવુંનું કલ્યાણ કરવું છે.

(૩૭૫) હું મંદિરમાં રહું ત્યારે કોઈ બા'ર્યે જાય નહિ, ને હું બા'ર્યે જાઉં ત્યારે કોઈ મંદિરમાં રહે નહિ.

(૩૭૬) ગઢડામાં મહારાજ પાસે સાંખ્યયોગી બાઈ-ભાઈ ઘણાંક રે'તાં, તેમાંથી સાંખ્યયોગી બાઈઉંને (બાઈઓને) લઈને કેટલાક જાતા રહ્યા. તેમાં

એક સોમલોખાચર તથા બાપુરતનજી તથા મિયાંજી એટલા સારા રહ્યા ને અમારા જૂનાગઢમાં કોઈ સાધુ, પાળાને રૂપિયાનું નામું નહિ.

(૩૭૭) ત્રિકમદાસજી કોઠારીએ કહ્યું જે, 'અંતરાય રાખશો નહિ, તમારું સ્વરૂપ ઓળખાવજો.' ત્યારે બોલ્યા જે, 'ઓળખાવ્યું છે, અંતરાય રાખતા નથી ને ભડકો જોવો છે ? પણ ભડકામાં કાંઈ માલ નથી, આમ જ ઠીક છે.'

(૩૭૮) સૂઈ રે'તો હોય, પણ ભારે ભગવદી હોય તે આપણાથી ઓળખાય નહિ. તે ઉપર ગામ ભાદરાના ડોસાભાઈની વાત કરી જે, એ મંદિરમાં આવીને સૂઈ રે'તા ને બીજા અરધી રાત્ય સુધી બેસતા; પણ તેની બરાબર થાય નહિ.

(૩૭૯) તું પુરુષોત્તમ હુંદો તો ઘરણ કી રોટી કિં કરી દો ?
ને જો તું તિલંગો હુંદો તો તું ય મુઠો ને હું ય મુઠો !

(૩૮૦) બ્રહ્મ અગ્નિમાં બાળ્યાં જેણે બીજ રે,
ઊગ્યાની તેની આશા ટળી રે.

(૩૮૧) અમુને (અમને) મહારાજે કહ્યું જે, "ગામમાંથી આવ્યા ?" ત્યારે કહ્યું જે, 'ના મહારાજ ! નદીમાંથી આવ્યા.' એમ દેશકાળ જોઈને બોલ્યેથી મહારાજ રાજી થયા. ને મુક્તાનંદસ્વામીના પૂછવાથી, 'કથા સારી છે.' એમ કહ્યું તેથી મહારાજે કહ્યું જે, "કાલ પણ તેડી લાવજો." એમ દેશકાળ વિચારી બોલવું. (જુઓ પ્રકરણ ૧૦ની વાત ૧૮૯)

(૩૮૨) સંવત ૧૯૧૯ના ભાદરવા સુદિ પૂનમને દિવસે વંડાની વાડીમાં એક હરિભક્તે સ્વામીને કહ્યું જે, 'પૂછવું છે.' ત્યારે સ્વામી ઊઠીને ઓરડીમાં આવ્યા. ત્યાં પૂછ્યું જે, 'તમને પૂછીએ તેનું સમાધાન કરી આપો છો, પણ વળી એમ થાય છે જે કેમ થાશે ? તે દુઃખ રહે છે. માટે જેમ સુખ થાય તેમ ઠરાવ કરી આપો.' ત્યારે સ્વામી કહે, 'સુખ તો આંહીં જ થાશે. શત્રુ પીડિ તો પણ આંહીં સુખ થાશે ને ક્રિયા પોતાથી થાય એવી એવી હળવી ક્રિયા કરવી ને મોટા કામમાં ભરાવું નહિ ને કે'વું જે, એ મારાથી થાય નહિ. ને મંદિરમાં તો માણસનો ખપ છે, તે સૌને રાખે ને મોટા કામમાં તો સુખ ન રહે ને દુઃખ આવે; માટે લોઢાં, કોદાળી, પાવડા એ સાચવવાં, તાળા-કૂંચીમાં રાખવાં ને દેવાં અને સંભાળીને લેવાં, એવું કામ કરવું; નીકર મંડળમાં ફરવા જાવું તથા શોધવાનું... એવાં કામ કરીએ. ને દેહ પાડવો તે કોના હાથમાં છે ?' એમ બોલ્યા ત્યારે કહ્યું જે, 'એ તો તમારા હાથમાં છે.' પોતે

કહે, 'એ તો મહારાજના હાથમાં છે.' ફરી પૂછ્યું જે, 'આવા રૂડા દેશકાળમાં માંહીથી ને બા'ર્યથી ધક્કા લાગે છે, ત્યારે પછવાડે સત્સંગ કેમ રે'શે ?' સ્વામી કહે, 'દેશકાળે કરીને કાંઈ સત્સંગ જાતો નહિ રહે.'

વળી પૂછ્યું જે, 'કોઈ ઇન્દ્રિયું તો નિયમમાં નથી થઈ, એટલે મૂંઝવણ આવે ત્યારે મૂવા સુધી મનસૂબા થાય છે. તમે બેઠા મૂંઝવણ આવે તે ટાળો છો પણ પછવાડે કોનાથી ટળશે ? તે નિરધાર કરી આપો. જેમ શ્રીકૃષ્ણે ઉદ્ધવને કરી આપ્યો હતો તેમ કરી આપો. મને તો કાંઈ સૂઝતું નથી, પણ પછવાડે એમ ન થાય જે, આ વાત પૂછવી રહી ગઈ, તેવું પણ કહો.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'ઇન્દ્રિયું-અંતઃકરણનું તો કાળે કરીને સમાધાન થાય, મૂંઝવણ તો એવી જ છે, તે ધીરે ધીરે સારું થાશે. પછવાડે મૂંઝવણ ટાળે એવા ઘણા છે. પૂછવાનું બતાવે એવા પણ પછવાડે છે, તે ઓળખાવ્યા છે.'

ફરી પૂછ્યું જે, 'ત્યાગી-ગૃહીમાં જીવ કોની કોની સાથે બાંધવો ?' ત્યારે સ્વામી કહે, 'જીવ બાંધવામાં બાલમુકુંદદાસજી, પ્રાગજીભક્ત, જાગાભક્ત, યોગેશ્વરદાસજી, કલ્યાણભાઈ, લાલાભાઈ, અરજણ બાબરિયો ને જુણોભાઈ આદિક છે.' વળી પૂછ્યું જે, 'પછવાડે સમાસ થાશે કે અસમાસ થાશે ?' ત્યારે સ્વામી કહે, 'પછવાડે સમાસ નહિ થાય તો બરાબર તો રે'શે.' પછી કહે, 'જીવ સામું જુઓ તો કોટિ કલ્પે છૂટકો થાય તેમ નથી.' ત્યારે સ્વામી કહે, 'જીવના સામું તો જોતા જ નથી.' આ રીત્યે ઉત્તર આપ્યા. (વચ.વર.૧૧)

(૩૮૩) આપણે બ્રહ્મરૂપ માનવું, તે આજ એમ નહિ થાય તો દેહ પડશે ત્યારે થાશે; પણ દેહ તે "હું માનશે" ત્યાં સુધી માન આદિક દોષ કેમ ટળશે ? માટે દેહ માનવું નહિ એમ મહારાજનો સિદ્ધાંત છે. ને બહુ પ્રકારનાં માણસ છે, તેમાં જેમ જેને ફાવે એમ કે'વું; પણ આવી રીત્યે દિ'માં એક વાર તો વિચાર કરવો. ને આ તો બહુધા માણસમાં એકજણ નાત્યમાં રહે, તો સૌ મળીને તે એકને વટલ્યો ઠરાવે એવી વાત છે. પણ એ વાત મૂકવાની નથી. ને શાસ્ત્રમાં તો આવી વાતુ ઝાઝી ન મળે ને આવી વાતુ પણ ઝાઝી થાય નહિ, પણ આ વાત સમજવાની છે. ને આ વાતમાં ગોપાળાનંદ સ્વામીને શંકા થઈ, ત્યારે મહારાજ કહે, "એ તો જેને ઉપાસના ન હોય તેની વાત નોખી; પણ આપણે તો ઉપાસના છે ને તેને અર્થે એ કરવું છે, માટે કેમ નિરાકાર થઈ જવાશે ?"

(૩૮૪) આ જીવ દેહનો ગોલો છે, તે દેહની સેવા કર્યે છે ને ભગવાન

પાસે પણ દેહની રક્ષા કરાવે છે ને ભગવાનને દેહની સેવામાં રાખે છે ને પ્રહ્‌લાદે જોને દેહની રક્ષા ન માની ને ન માગી. (જુઓ પ્રકરણ ૧૪ ની વાત ૧૩૨)

(૩૮૫) નિરંતર આ દેહમાં ને આ લોકમાં સુખ રહે તો આ જીવ કિયે દિ' (કયે દિવસે) ઉદાસ થાય એવો છે ? માટે કો'ક પ્રકારનો કઠણ દેશકાળ આવે તે પણ ઠીક છે.

(૩૮૬) હાથીઉપર અંબાડી હોય, પણ ગધેડાઉપર અંબાડી ન હોય; તેમ જીવ છે તે હાથીને ઠેકાણે છે ને દેહ તો ગધેડાને ઠેકાણે છે, માટે તેમાં માલ ન માનવો.

(૩૮૭) ભાદરવા સુદિ પ્રતિપદાને દિવસે સંધ્યા-આરતી થયા પછી સંતના નામનું પ્રકરણ ચાલ્યું, તેમાં મોટા મોટા પણ એક-એક નામના બે-ચાર-પાંચ ખરા. તે પોતે કે'તા જાય ને બીજા પૂછતા જાય; તેમાં ગુણાતીતાનંદ નામ તો એક જ. પછી કથામાં સંતનાં નામ આવ્યાં, ત્યારે કો'કે પૂછ્યું જે, 'તમારે નામે બીજા કોઈ હતા ?' ત્યારે પોતે બોલ્યા જે, 'એ તો એક જ, બાકી બીજા બધા નામના સાધુ ને સંન્યાસી ઘણા.' પછી *સંગ કરવાનું પૂછ્યું, તેમાં પ્રથમ જાગાભક્તનું કહ્યું, તે પછી બીજાનાં નામ લીધાં. (જુઓ પ્રકરણ ૫ ની વાત ૩૮૨)

(૩૮૮) એકદિવસ સ્વામી મહાપૂજામાં બેઠા ત્યાં અંતરવૃત્તિ કરીને સમાધિમાં ઊતરી ગયા, તે બે-ત્રણ દિવસ સુધી ઊઠ્યા નહિ ને પછી પોતાની મેળે બેઠા થઈને ગોઠણે ફાળિયું બાંધીને બેઠા. પછી સૌને ખબર પડી જે, સ્વામી સમાધિમાંથી જાગ્યા. ત્યાં તો સૌ મંદિરના માણસની સભા ભરાઈ ગઈ ને સ્વામી સામું એક નજરે જોઈ રહ્યા. ત્યારે સ્વામી બોલ્યા જે, 'આમ જોઈ રહ્યા છો એમ ને એમ જો વૃત્તિ રહે, તો કર્મગ્રંથિ, સંશયગ્રંથિ, મમત્વગ્રંથિ, ઇચ્છાગ્રંથિ, અહંગ્રંથિ, એ આદિક સર્વે ગ્રંથિયું ગળી જાય.'

(૩૮૯) એકવખતે મહારાજ અક્ષરઓરડીમાં વિરાજમાન હતા, ત્યાં હું મહારાજને દર્શને ગયો, ત્યારે શુકમુનિ મારાસારુ આસન ગોતવા લાગ્યા, ત્યારે મહારાજ કહે, "એમની આસને કરીને મોટપ નથી, એ તો અનાદિના મોટા છે ને બીજાની તો આસનથી નાનપ-મોટપ છે, એમ આ સાધુને નથી." એમ કહ્યું.

(૩૯૦) વે'વારની વાતમાં કેટલાક કહે છે જે, 'સ્વામી સમજતા નથી.' ને હું પણ ન માને એવો હોય તો કહું જે, 'અમે કાંઈ જાણીએ નહિ.' પણ વે'વાર તો સ્વામીએ ચલાવ્યો એવો કોઈનેય આવડ્યો નહિ.

(૩૯૧) ભગવાન જાણે એમ મોટા સાધુ પણ જાણે ને આ તો ભગવાન જેવા છે; તે સર્વ વાત જાણે છે. માટે એને વિશે મનુષ્યભાવ મૂકીને પ્રાર્થના કરવી; કેમ જે, 'એ તો સર્વજ્ઞ છે.'

(૩૯૨) અક્ષરનું તેજ દેખાય તેમાં પણ માલ ન માનવો; ત્યારે ઐશ્વર્યમાં માલ ન માનવો, એમાં શું કે'વું ? ને અક્ષરનું તેજ તો સુખરૂપ છે, પણ તે પુરુષોત્તમની મૂર્તિ આગળ કાંઈ નથી; એમ સમજે તે ઉપાસના કે'વાય.

(૩૯૩) કેશવજીવનદાસજીએ સ્વામીને કહ્યું જે, 'પ્રાગજી વગેરે તમને મૂળઅક્ષર કહે છે, તે મને સમજાતું નથી. ને હું વિશ્વાસી છું તે જેમ હોય તેમ કહો.' ત્યારે સ્વામી કહે, 'હું મૂળઅક્ષર છું એમ તું જાણ. ને બીજો મૂળઅક્ષર હશે તો માર્યે ને તેને પંચાત્ય છે. તું મારો વિશ્વાસ રાખ !' એમ બે-ત્રણ્ય વખત કહ્યું.

(જુઓ પ્રકરણ ૧૧ ની વાત ૧૨૪)

(૩૯૪) મહારાજ સ્વધામ પધારવાના હતા, ત્યારે મુને એકાંતે મળ્યા, જેમ શ્રીકૃષ્ણને ઉદ્ધવ એકાંતે મળ્યા હતા તેમ.

(૩૯૫) કો'કે સ્વામીને કહ્યું જે, 'આ પ્રાગજીને તમે ઐશ્વર્ય આપ્યું તે છકી ગયો, માટે શેખજીની પેઠ્યે કરો.' ત્યારે સ્વામીજી કહે, 'આ ઠોટબોટીઉં નથી, આ તો પાતાળે પાયા છે, ખરા રાજીપાનું મળ્યું છે !'

(૩૯૬) આમાં રહીને વર્તમાન ન પાળે એ કેવું કે'વાય ? વળી વર્તમાન દીવા જેવાં પાળે ને મંદિર, આચાર્ય ને મોટા સાધુનું ખોદે એથી ભૂંડો કોણ ? એ તો ઓલ્યાથી પણ ભૂંડો.

(૩૯૭) સૂરતથી મહારાજ ચાલ્યા, તે કીમ નદીમાં ઊતર્યા. ત્યાં ભારે ભારે સુખડાં થાળ ભરીને બ્રહ્મચારીએ મૂક્યાં, ત્યારે મહારાજ કહે, "આપણે ત્યાગીએ આવું ન ખવાય." પછી સાથવો મંગાવ્યો, તેમાં પણ સાકર ન નાખી ને મીઠું ને સાથવો જમ્યા.

(૩૯૮) વાતુ કરીને બીજાને દ્રવ્યાદિક ખોટું કરાવીએ છીએ, પણ આપણે ત્યાગીને પણ એ કરવાનું છે.

(૩૯૯) ગ્રામ્યકથા કર્યા કર્યે ને તેમાં ભક્તિ મનાવે ને મોટેરા હોય તેને કોઈથી કે'વાય પણ નહિ ને કોઈ કહે તો ભક્તિની ઓથ લઈને તેને પણ સોરી પાડ્યે. તે એમાંથી નોખું પડવું હોય તેને તો અનેક કળા છે, તે ખસી જાવું.

(૪૦૦) હૃદયગ્રંથિ તો એક સ્ત્રીને જ કહી છે, પણ બીજા કોઈ વિષયને

હૃદયગ્રંથિ લખતા નથી. માટે એના દોષ તો એકાંતિક જાણે છે ને બીજો ત્યાગી થયો હોય તો પણ એમાં કો'ક પ્રકારની સુખબુદ્ધિ રહે ને કેટલીક વાત કે'વામાં બાધ આવે, તે કે'વાય નહિ.

(૪૦૧) બે પ્રકારના સાધુ-સત્સંગી છે. તેમાં એકને વિષય મળે તો રાજી થાય ને એકને વિષય ટળે તો રાજી થાય.

(૪૦૨) ઘેરથી આવે ત્યારે બે પ્રકારની તાણ હોય છે. તે આ લોકની ને પરલોકની. તેમાંથી એક તાણ રહે, તેમાં પરલોકની તાણ રહે એ તો વીરલા; કેમ જે, એવા શબ્દના કે'નારા ન મળે, ત્યારે જીવ તે શું કર્યે ? બાકી આ લોકમાં ચોંટાડે એવા શબ્દ ઘણા આવે.

(૪૦૩) ત્યાગી હોય ને બે મહિના સ્ત્રીના હાથના ઘડેલા રોટલા ખાય તો તેની સ્મૃતિ કરાવી દિયે. તે ઉપર વાત કરી જે,

રહો તો રાજા રસોઈ કરું, જમતા જાઓ જોગીરાજજી;
ખીર નિપજાવું ક્ષણું એકમાં, તે તો ભિક્ષાને કાજજી.
(કીર્તન મુક્તાવલિ : ૪૭૭)

તેમાં એનો મત એમ જે એવી ખીર કરીને ખવરાવું, તે બ્રહ્માંડની સ્ત્રીઉં બધી સાંભરે એમ કહ્યું. એક સ્ત્રીવિના બીજા ક્યા વિષયનો ત્યાગ છે ? ને ક્યા વિષયનો અભાવ છે ? તે તો તપાસીને જુએ ત્યારે જણાય. ને સ્ત્રીનો તો દેહે કરીને ત્યાગ છે, તો પણ તેને જોઈ લિયે અને ત્યાગી થઈ બેઠા છો તો પણ તપાસ કરવો જે, કેટલું ત્યાગ કર્યું છે ?

(૪૦૪) લાડવા ન ખાવા ને કહો તો સાચું કહીએ જે, ગૃહસ્થના છોકરાને લાડવા વળાવીને થોડાક દિ' ખવરાવે છે, તેનું દૈવત બાર મહિના સુધી રહે છે; ત્યારે આ તો નિરંતર લાડવા ખાશે, તેનો ત્યાગ કેમ પાર પડશે ? ને આ તાવડા તો રાત્રિપ્રલય સુધી નહિ ઊતરે.

(૪૦૫) ઉપરથી ભગવું કર્યું પણ જીવ ક્યાં ભગવો છે ? એવું હોય તે પણ જોવું.

(૪૦૬) 'વાસુદેવ હરે' શબ્દ હરકોઈ બોલે, તેથી જેમ તુરત ઊભું થાવાય છે, એમ મોટા કોઈ ક્રિયા સારુ બોલાવે, તેમાં ન ઉઠાય એ ખોટચ કે'વાય.

(૪૦૭) એક સાધુ કહે, 'આપણા કરમમાં લાડવા નહોતા ને આ તો ભગવાનના પ્રતાપે એમની ઇચ્છાએ મળે છે; માટે ભોગવવું તેનો બાધ નથી.' ત્યારે

સ્વામી કહે, 'એ સમજણ ખોટી છે; કેમ જે, ખાવા-પીવા તો ઘણા વિમુખને પણ મળે છે.' ત્યારે કો'કે કહ્યું જે, 'મહારાજ પણ સંતને લાડવા આદિક જમાડતા.' ત્યારે સ્વામી કહે, 'તે તો એમ સમજવું જે, જીવને પોતાની સ્મૃતિ થાય, તે સારુ જમાડતા, પણ મહારાજનો એવો મત નહિ જે વિષય ભોગવવા.'

(૪૦૮) ખાઈને દેહ જાડું કરવું ને ઝાઝું ઊંઘવું એ બે મુને ગમે નહિ; કેમ જે, એ બે કામના હેતુ છે ને મન પણ નવરું રહે તો વ્યભિચાર કર્યે, માટે નવરું ન રાખવું.

(૪૦૯) ભેખમાં આવ્યા પછી દેહાભિમાન વધી જાય છે ને પછી તેને કો'ક <u>કારસામાં લિયે</u> ત્યારે દુઃખ થાય.

(૪૧૦) ગૃહસ્થને રૂપિયાનું ભજન થાય છે ને ત્યાગીને દેહનું ભજન થાય છે.

(૪૧૧) "ડાહ્યો હોય તેને વઢે ત્યારે રાજી થાય ને મૂરખ હોય તેને વખાણે ત્યારે રાજી થાય." એમ મહારાજ કે'તા.

(૪૧૨) ભગવાન તથા એકાંતિક એ બેયનો સ્વભાવ એમ જે, આ લોકમાં બોલવામાં તથા ક્રિયામાં <u>તાલમેલ</u> નહિ; બાકી બીજાને તાલમેલ, તે પ્રત્યક્ષ દેખાય છે.

(૪૧૩) મોટા સાથે હેત થયું હોય તો વાસનાવાળાનાં અંતરમાં પણ સુખ આવે ને તે વિના તો નિર્વાસનિક થયો હોય, તો પણ લૂખો-શુષ્ક રહે.

(૪૧૪) લાખું માણસને સત્સંગ કરાવે ને પોતે નરકમાં જાય એમ પણ થાય; કેમ જે, જીવનું કલ્યાણ કર્યું તે તો ભગવાને કર્યું. જેમ શાહુકારનો ગુમાસ્તો હૂંડી લખે તે <u>સ્વીકારાય</u> તેમ.

(૪૧૫) પંચાળાનાં પહેલાં વચનામૃતમાં કહ્યું છે જે, 'જેમ જેમ ભગવાનનો સંબંધ રહે તેમ તેમ સુખ થાય છે; તે ભગવાન પરોક્ષ હોય ત્યારે કેમ સંબંધ રહે ?' પછી ઉત્તર કર્યો જે, 'કથા, કીર્તન, વાર્તા, ભજન ને ધ્યાન તેણે કરીને સંબંધ કે'વાય ને તે કરતાં પણ મોટા સાધુનો સંગ એ તો સાક્ષાત્ ભગવાનનો સંબંધ કે'વાય ને ભગવાનનું જ સુખ આવે; કેમ જે, તેમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા છે ને પ્રત્યક્ષ હતા ત્યારે પણ જેવા છે તેવા ન જાણ્યા તો સંબંધ ન કે'વાય ને એમ જાણ્યા વિના તો પ્રત્યક્ષ હોય તો પણ શું ! ને તેમ જ જે સંતમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા છે તેને જાણે, તો આજે પ્રત્યક્ષ છે ને એમ જાણ્યા વિના તો પરોક્ષ છે.' ત્યારે એક

સાધુએ કહ્યું જે, 'મૂર્તિયું પ્રત્યક્ષ નહિ ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'પ્રત્યક્ષ ભગવાન તથા સંતના ચરિત્રમાં મનુષ્યભાવ આવે તો અમાવાસ્યાના ચંદ્રમાની પેઠચે ઘટી જાય છે ને દિવ્યભાવ જાણે તો બીજના ચંદ્રમાની પેઠચે વધે છે. તેમ મૂર્તિયું શું ચરિત્ર કર્યે જે તેનો અવગુણ આવે ને ઘટી જાય ? માટે બોલતા-ચાલતા જે ભગવાન તે જ પ્રત્યક્ષ કે'વાય ને મોટા સંત હોય તે જ મૂર્તિયુંમાં દૈવત મૂકે છે. પણ મૂર્તિયું, શાસ્ત્ર ને તીર્થ, એ ત્રણ્યે મળીને એક સાધુ ન કર્યે ને એવા મોટા સંત હોય તો મૂર્તિયું, શાસ્ત્ર ને તીર્થ, એ ત્રણ્યેને કર્યે. માટે જેમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા હોય એવા જે સંત તે દ્વારે જ પ્રત્યક્ષ ભગવાન છે.'

(૪૧૬) કલેશ કેમ ન આવે ? એ પ્રશ્નનો ઉત્તર કર્યો જે, 'રાગ, પક્ષ ને અજ્ઞાન, એ ત્રણ્ય ન રહે તો કલેશ ન આવે ને એમાંથી એક હોય તો પણ કલેશ આવે.'

(૪૧૭) સાધુતાના ગુણ હોય તેવો ગૃહસ્થ પણ સાધુ કે'વાય, પણ લૂગડાં રંગ્યાં તેણે કરીને સાધુ ન કે'વાય.

(૪૧૮) હરેક વાત સાંભળીને તે આકારે થઈ જાવું, એવી તો કોઈ મોટી ખોટચ જ નથી. મોટા મુક્તાનંદસ્વામી આદિક પાસે કોઈ વાત કર્યે તે પ્રથમ તો સાંભળી રહે; પછી બોલવું ઘટે તો બોલે નીકર ન બોલે. આનું મૂળ પ્રતિલોમ છે.

(૪૧૯) બોલવું તો ઘટે તેમ, પણ સમજવું તો ખરું. પછી બોલ્યા જે, 'કોના રાધારમણ ને કોના ગોપીનાથ ? આપણે તો એક શ્રી સ્વામિનારાયણની ઓળખાણ છે ને મહારાજ તેડવા આવે છે તે ભેળા સાધુ કદાપિ આવે છે, પણ કોઈ અવતાર તો સાથે આવતા નથી ને અવતારનાં તો ટોળાં છે; તેની આપણને ઓળખાણ નથી ને મહારાજની આજ્ઞા છે તે દેવને થાળ ધરવા ને પ્રસાદી જમવી, બાકી રોટલા ખાવા. પણ સમજવાનું તો આટલું જ છે જે, બીજાને પુરુષોત્તમ ઠરાવે છે, તો આ તો પુરુષોત્તમ છે જ ને આમ ન સમજે તો કો'કનો ભાર રહી જાય. ને મહારાજે 'શિક્ષાપત્રી'માં લખ્યું છે તે તો સમાસ માટે છે.

(૪૨૦) કોટિ કૃષ્ણ તહાં જોડે હાથ, કોટિ વિષ્ણુ તહાં નમે હૈ માથ;<br>
કોટિ બ્રહ્મા તહાં કથે જ્ઞાન, કોટિ શિવ જહાં ધરે હૈ ધ્યાન;<br>
જહાં સદ્‌ગુરુ ખેલે વસંત, પરમ જ્યોતિ જહાં સાધુ સંત.<br>
(કીર્તન મુક્તાવલિ : ૭૩૫)

એ કીર્તન તો કબીરનું, પણ મહારાજ બહુ બોલે ને બોલાવે. તેમાં 'કોટિ કૃષ્ણ ત્યાં

જોડે હાથ.' એ શબ્દ વારે વારે બોલે ને પોતાનું સ્વરૂપ સમજાવે. સારંગપુરમાં રાઠોડ ધાધલને ઘેર ઊતર્યા હતા ત્યાં હુતાશની કરીને આ કીર્તન બહુ બોલે ને બોલાવે.

(૪૨૧) 'સત્સંગીજીવન'માં પુરુષોત્તમને ઠેકાણે મોરલી ઘાલે તે અમુને ન ગમે ને તેને શાસ્ત્ર આડાં ફરે. માટે જેને મોટા સાધુનો વિશ્વાસ હશે તેને જ પાધરું પડશે. મોટેરાને તો હજાર કામ લેવાં, તે દ્રવ્યમાં જોડશે ને દ્રવ્યમાં તો સ્ત્રી પણ રહી છે, ते अर्थी दोषान् न पश्यति । અર્થ :- લાલચુ માણસ વિષયોના દોષને જોતો નથી. એ મહારાજ બહુ બોલતા.

(૪૨૨) જન્મ થયા મોર્યે (મોરે, પહેલા) શાદી ક્યાંથી લખાય ? તેમ પુરુષોત્તમ આવ્યા નહોતા તેની વાત શાસ્ત્રમાં ક્યાંથી લખાણી હોય ? શાસ્ત્રમાં જીવનું, ઈશ્વરનું, માયાનું ને પુરુષ સુધીનું લખ્યું હોય; પણ પુરુષોત્તમની વાત શાસ્ત્રમાં કયાંથી હોય ? ને અવતારમાત્રનું બીજ તો વૈરાટને કહે છે ને તે કરતાં વાસુદેવ કે, મૂળપુરુષ કે, સચ્ચિદાનંદબ્રહ્મ ત્યાં સુધીની વાત વેદમાં હોય, પણ તેથી પર ક્યાંથી હોય ? ને ભણેલાની દૃષ્ટિ તો શાસ્ત્રસામી હોય, તેથી તેને એ વાત સમજાય નહિ.

(૪૨૩) મહારાજ કહે, "અમે માંદા થયા ત્યારે ધામ જોવા ગયા હતા; તે દેવતાનાં, ઋષિનાં, પુરુષનાં આદિક સર્વે ધામું જોયાં. પછી તો અક્ષરધામ એક જ ગમ્યું." એ વાતમાં પોતાનું સ્વરૂપ કહ્યું ને ધામના સુખની વિસ્તારે વાત કરી. ને લક્ષ્મીનારાયણ, નરનારાયણ, વાસુદેવનારાયણ, શ્રીકૃષ્ણ, પ્રધાનપુરુષ ને પ્રકૃતિપુરુષ એ સર્વે કરતાં પણ આ સર્વ પ્રકારે અધિક છે ને એમાં અંતરજામીપણું છે, એથી આમાં અતિ વિશેષ અંતરજામીપણું છે ને એમાં ઐશ્વર્ય છે એથી આમાં અતિ વિશેષ ઐશ્વર્ય છે. ને શિવજી જેવા સમર્થ તે પણ પાર્વતીને વશ છે ને આજ તો સ્ત્રીઉંનું ગમતું મરડીને પણ આંહીં સમાગમ કરવા આવે છે, માટે આ અધિક છે. ને શ્રીકૃષ્ણ ભગવાન તો એક બ્રહ્માંડની ગોવાળી કર્યે છે ને એવાં તો અનંત બ્રહ્માંડ છે ને અનંત શ્રીકૃષ્ણ છે.

(૪૨૪) નિવૃત્તિ મારગમાં ત્યાગી ખાટચા ને ભગવાન રાખવામાં ગૃહસ્થ ખાટચા. તે શું ? જે, ત્યાગીને બેઠાં બેઠાં જમવાનું મળે, પદાર્થ મળે ને કાંઈ કરવું ન પડચે ને ગૃહસ્થને પ્રગટ ભગવાનનું સ્વરૂપ છે તેમ સમજાણું તેથી ગૃહસ્થ ભગવાન રાખવામાં ખાટચા છે.

(૪૨૫) એક એક બ્રહ્માંડમાં દસ-દસ મૂર્તિયું છે. ને પ્રધાનપુરુષને

રૂંવાડે રૂંવાડે દસ-દસ મૂર્તિયું સોતાં બ્રહ્માંડ છે. તે પ્રધાનપુરુષ માયામાં લીન થાય છે, એમ કહીએ છીએ તેમાં જીવને શંકા નથી; પણ હમણાં એમ કહીએ જે, અવતારમાત્ર માયામાં લીન થાય છે, તો જીવ આ ઘડીએ કજિયો કર્યે. પણ પ્રધાનપુરુષ માયામાં લીન થયા ત્યારે અવતાર પણ લીન થયા જ જાણવા.

(૪૨૬) ગોપાળાનંદસ્વામીને ધોળાં પે'રાવવા (પહેરાવવા) માટે ઓલ્યા દેશના બધા ને આ દેશના ત્રીજા ભાગના વરતાલમાં ભેળા થયા. તે વાતની અમને ખબર પડી. પછી અમને એમ થયું જે, ગોપાળાનંદસ્વામી કોચવાશે ને મહારાજ તેમને તેડી જાશે, તો રાંકનાં હાંડલાં ફૂટી જાશે. પછી અમે વરતાલ ગયા ને ઉતારો કર્યા મોર્યે (કર્યા પહેલા) એમ ને એમ પાધરા રઘુવીરજીમહારાજ પાસે ગયા ને કહ્યું જે, 'આ વાતનું કેમ છે ?' ત્યારે રઘુવીરજીમહારાજ કહે જે, 'એમાં મારું કાંઈ ચાલે એમ નથી, નિત્યાનંદસ્વામીને પૂછો.' પછી અમે નિત્યાનંદસ્વામી પાસે ગયા ને કહ્યું જે, 'મોટા સાધુનું અપમાન થાય તે ઠીક નહિ અને ઠપકો દેવો હોય તો આપણે દઈએ.' પછી નિત્યાનંદસ્વામીએ પવિત્રાનંદસ્વામીને પૂછ્યું જે, 'પવિત્રાનંદ, આ ગુણાતીતાનંદસ્વામી શું કહે છે ?' ત્યારે પવિત્રાનંદસ્વામી બોલ્યા જે, 'ઠીક કહે છે; કારણ કે, ઓલ્યા દેશના સમોવડિયા તે આપણા દેશમાં આવીને આપણી મારફત ગોપાળાનંસ્વામીનું અપમાન કરાવીને ચાલ્યા જાય તે તો આપણું હીણું કે'વાય.'

ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, 'હું તો કાંઈ નહિ બોલું ને હું સભામાં આવીને હાથમાં માળા લઈને બેસીશ એટલે કોઈ બોલાવશે નહિ; કેમ જે, માળા ફેરવતાં હું બોલતો નથી, એમ સૌ જાણે છે. પણ ભગવદાનંદ બહુ ફડફડ્યો છે તેને સમજાવો.' પછી અમે ભગવદાનંદસ્વામી પાસે ગયા, ત્યારે તેણે આસન નાખી આપ્યું, તે અમે ફગાવી દીધું. ત્યારે કહે, 'સ્વામી આવડો કોપ શું ?' ત્યારે કહ્યું જે, 'મોટાનું અપમાન કરવા આ <u>ઠાઠ</u> રચીને બેઠો છું, તે આંહીં તું મોટો છો, પણ અક્ષરધામમાં હું મોટો છું. માટે જો આંહીં કાંઈ ઉન્મતાઈ કરીશ તો અક્ષરધામમાં તડકે ઊભો રાખીશ.' ત્યારે ભગવદાનંદસ્વામી કહે, 'સ્વામી, અક્ષરધામમાં તડકો નથી તે ?' ત્યારે અમે કહ્યું જે, 'ભગવાન અન્યથાકર્તું છે, તે તારા સારુ નવીન કરીશ.'

પછી તો તે કહે જે, 'હું નહિ બોલું.' પછી અમે ગોપાળાનંદસ્વામી પાસે થઈ ઉતારે ગયા ને બીજે દિ' સવારમાં સભા ભરાણી ને નિત્યાનંદસ્વામી માળા લઈ

ને ફેરવવા મંડ્યા, ત્યારે સર્વેએ જાણ્યું જે, હવે નિત્યાનંદસ્વામી કાંઈ નહિ બોલે. એટલે મંજુકેશાનંદસ્વામીએ પ્રશ્ન કર્યો જે, 'ધર્મદેવને પુત્ર કેટલા ?' ત્યાં તો હું પણ ગયો ને પૂછ્યું જે, 'શું પ્રસંગ ચાલે છે ?' ત્યારે કહે જે, 'ધર્મદેવના પુત્ર કેટલા ?' ત્યારે અમે કહ્યું જે, 'ધર્મદેવના ત્રણ્ય પુત્ર છે એ કોણ નથી જાણતું ?' પછી તો અમે વાતુ કરવા માંડી જે, 'ધર્મામૃતના કરનારા બેઠા છે, ત્યાં જ 'ધર્મામૃત' લોપાય છે ને મંડળ દીઠ પટારા થઈ ગયા છે. માટે આજ બેય આચાર્ય ભેળા થયા છો તે 'ધર્મામૃત' પળે તેમ કરો અને કાલ સવારે સૌના પટારા જોવા છે અને જેને 'ધર્મામૃત' પાળવાં હોય તે રે'જો ને બીજા ચાલવા માંડજો.'

પછી તો રાત્ય બધી આઘુંપાછું કરવામાં કોઈ ઊંઘ્યા નહિ ને સવારમાં ભજનાનંદસ્વામીનો પટારો તપાસ્યો, તો તેમાં કાંઈ નીસર્યું નહિ. ત્યારે એક સાધુએ કહ્યું જે, 'સ્વામી, આ ભજનાનંદસ્વામીના પટારામાંથી તો કાંઈ નીસર્યું નહિ.' ત્યારે અમે કહ્યું જે, 'શું નીસરે, તારું કપાળ ? જ્યારે કાંઈ ન હોય ત્યારે બે પટારાનું શું કામ હોય ! અને સત્સંગમાંથી વૈદું કરીને <u>અધમણ</u> સોનું ભેળું કર્યું હતું, તે સત્સંગના કામમાં આવ્યું નથી ને કુસંગીના ઘરમાં રહ્યું.' પછી સભા થઈ, ત્યારે ઓલ્યા દેશના સર્વેને અમે કહ્યું જે, 'આપણે કાલ મળ્યા નથી તે લિયો મળીએ.' પછી સૌ મળ્યા ને ચાલી નીકળ્યા. એમ સદ્‌ગુરુનો ટંટો મટાડ્યો.

(૪૨૭) સ્વામીએ કોઠારમાં પુરુષોત્તમપણાની ઘણી વાતું કરીને કહ્યું જે, 'મહારાજે 'શિક્ષાપત્રી'માં કોઈ વાત અવિદ્વાન રાખી નથી.' ત્યારે હરિશંકરભાઈએ પૂછ્યું જે, 'કોઈ વાત અવિદ્વાન રાખી નથી, ત્યારે મહારાજનું પુરુષોત્તમપણું તથા મૂળઅક્ષરનું પ્રગટપણું 'શિક્ષાપત્રી'માં શ્યી રીત્યે છે, તે કહો.' ત્યારે સ્વામી કહે, 'એ વાત 'શિક્ષાપત્રી'માં છે, પણ અતિ સૂક્ષ્મપણે લખી છે, એટલે કોઈના સમજ્યામાં આવતી નથી. 'શિક્ષાપત્રી'ના પ્રથમ શ્લોકમાં જ કહ્યું છે જે,

वामे यस्य स्थिता राधा श्रीश्च यस्यास्ति वक्षसि ।
वृन्दावनविहारं तं श्रीकृष्णं हृदि चिन्तये ॥
(શિક્ષાપત્રી : શ્લોક-૧)

અર્થ :- જેના ડાબા પડખાને વિશે રાધિકાજી રહ્યાં છે અને જેના વક્ષઃસ્થળને વિશે લક્ષ્મીજી રહ્યાં છે અને વૃંદાવનને વિશે વિહારના કરનારા એવા શ્રીકૃષ્ણનું હું ધ્યાન કરું છું. એ શ્લોકમાં મહારાજે એમ કહ્યું છે જે, ''અમે શ્રીકૃષ્ણનું ધ્યાનરૂપ મંગળાચરણ

કરીએ છીએ.'' એટલે એમાં મહારાજનું કે'વું એમ છે જે, શ્રીકૃષ્ણ તે અમે નથી, અમે તેથી પર છીએ અને મહારાજે રામાનંદસ્વામી જે, ઉદ્ધવનો અવતાર તેમનું શિષ્યપણું સ્વીકાર્યું, તેથી આ સંપ્રદાયનું નામ ઉદ્ધવી સંપ્રદાય પાડ્યું અને ઉદ્ધવજીના ઇષ્ટદેવ તરીકે શ્રીકૃષ્ણનાં સ્વરૂપો મંદિરમાં પધરાવ્યાં અને તેથી શ્રીકૃષ્ણના નામથી મંગળાચરણ કર્યે છે. તેથી મહારાજ ભક્ત થઈ ગયા એમ ન સમજવું. મહારાજે તો અનેક જાયગાએ પોતાનું સ્વરૂપ પરાત્પર અને ન્યારું કહ્યું છે.

વળી જેમ શ્રીકૃષ્ણના ડાબા પડખાને વિશે રાધાજી રહ્યાં છે અને વક્ષ:સ્થળને વિશે લક્ષ્મીજી રહ્યાં છે, તેમ અક્ષરધામના ધામી એવા મહારાજની સમીપે, હંમેશાં તેમના મુખ્ય ભક્ત જે અનાદિ મૂળઅક્ષર તે સેવાધર્મે રહ્યા છે અને અનંત કોટિ અક્ષરમુક્તોએ અને અનેક ભક્તોએ પોતાના હૃદયમાં જેમનું સ્વરૂપ સ્થાપન કરેલ છે, તેવા મહારાજ તે સર્વેને અખંડ સંભાર્યા કર્યે છે. એમ સેવા, ધ્યાન અને <u>તદ્રૂપપણા</u>ને પામેલ ભક્તગણે સહવર્તમાન ભગવાનના સ્વરૂપનું, આ શ્લોકમાં સૂક્ષ્મ રીત્યે પ્રતિપાદન કરેલ છે અને ઉપાસ્યમૂર્તિ તો પોતે મહારાજ એક જ છે, એમ સમજવું અને અક્ષરનું તો 'શિક્ષાપત્રી'ના ૧૦૯ ને ૧૧૦ ના શ્લોકમાં પ્રતિપાદન કર્યું છે. તે કેમ તો,

**स राधया युतो ज्ञेयो राधाकृष्ण इति प्रभुः ।**
**रुक्मिण्या रमयोपेतो लक्ष्मीनारायणः स हि ॥**

(શિક્ષાપત્રી : શ્લોક-૧૦૯)

અર્થ :- જે તે રાધિકાજીએ યુક્ત હોય ત્યારે રાધાકૃષ્ણ એવા નામે જાણવા અને રુક્મિણીરૂપ જે લક્ષ્મી તેમણે યુક્ત હોય ત્યારે લક્ષ્મીનારાયણ એવા નામે જાણવા.

**ज्ञेयोऽर्जुनेन युक्तोऽसौ नरनारायणाभिधः ।**
**बलभद्रादियोगेन तत्तन्नामोच्यते स च ॥**

(શિક્ષાપત્રી : શ્લોક-૧૧૦)

અર્થ :- જે તે અર્જુને યુક્ત હોય ત્યારે નરનારાયણ એવે નામે જાણવા અને વળી તે શ્રીકૃષ્ણ જે તે બળભદ્રાદિકને યોગે કરીને તે તે નામે કહેવાય છે એમ જાણવું. એ રીત્યે વર્તમાન કાળે પણ એમ જ કે'વાય છે, કે'તાં સ્વામી જે અક્ષર ને નારાયણ જે મહારાજ એમ સ્વામિનારાયણ નામ છે; પણ સમજાવવા સારુ ઉપર રાધાદિકનાં દૃષ્ટાંત દીધાં છે ને જો એમ ન કહે તો રાધાજીએ યુક્ત હોય ત્યારે રાધાકૃષ્ણ એવે નામે જાણવા. તે એમ જાણ્યાથી આજના સત્સંગીને શું વિશેષ છે ? માટે એમ

**લખવાનો હેતુ એ છે જે, જેમ રાધાકૃષ્ણ કે'વાય છે, તેમ જ સ્વામિનારાયણ કે'વાય છે, કે'તાં મહારાજે ભક્તિમાર્ગમાં પોતાના મુખ્ય ભક્ત જે અનાદિ મૂળઅક્ષર તેમના નામ સાથે પોતાના નામનું પ્રતિપાદન કરી ભજન કરાવ્યું છે; પણ એમ કો'ક જ સમજે છે.**

વળી તે પછીના શ્લોકોમાં કહે છે જે,

**एते राधादयो भक्तास्तस्य स्युः पार्श्वतः क्वचित् ।**
**क्वचित्तदङ्गेऽतिस्नेहात्स तु ज्ञेयस्तदैकलः ॥**

(શિક્ષાપત્રી : શ્લોક-૧૧૧)

અર્થ :- એ જે રાધાદિક ભક્ત તે જે તે ક્યારેક તો તે શ્રીકૃષ્ણને પડખે હોય છે અને ક્યારેક તો અતિ સ્નેહે કરીને શ્રીકૃષ્ણના અંગને વિશે રહે છે ત્યારે તો તે શ્રીકૃષ્ણ ભગવાન એકલા જ હોય એમ જાણવું. **ભાવાર્થ એ છે જે, અનાદિ મુક્તો તે ક્યારેક તો મહારાજની સેવામાં રહે છે ને કયારેક તો અતિ સ્નેહે કરીને મહારાજને પોતાના અંગોઅંગ પ્રત્યે પરમ અદ્વૈતપણે ધારીને મહારાજરૂપ થઈને રહે છે. એવી સ્થિતિમાં તો તે ભક્ત મહારાજરૂપે જ છે એમ જાણવું. જેમ ગોપીઉં (ગોપીઓ) શ્રીકૃષ્ણ ભગવાનને પોતાના અંગને વિશે ધારીને બોલીઉં (બોલી) જે, 'હું શ્રીકૃષ્ણ છું ને મેં આ ગોવર્ધન ઉપાડ્યો છે, મેં અઘાસુરાદિકને માર્યા છે.' એમ ભગવાનને ધ્યાને કરીને ભગવાનરૂપ થઈ ગઈ; તેમ જ અક્ષરમુક્તો પણ ધ્યાને કરીને મહારાજરૂપ થઈ રહે છે, ત્યારે એ ભક્તરૂપે જ મહારાજ છે. એટલે મહારાજ એકલા જ પ્રકાશી રહે છે, એમ સમજવું.**

વળી,

**अतश्चास्य स्वरूपेषु भेदो ज्ञेयो न सर्वथा ।**
**चतुरादिभुजत्वं तु द्विबाहोस्तस्य चैच्छिकम् ॥**

(શિક્ષાપત્રી : શ્લોક-૧૧૨)

અર્થ :- એ હેતુ માટે એ શ્રીકૃષ્ણ ભગવાનનાં જે સ્વરૂપ તેમને વિશે સર્વે પ્રકારે કરીને ભેદ ન જાણવો અને ચતુર્ભુજપણું, અષ્ટભુજપણું, સહસ્ત્રભુજપણું ઇત્યાદિક જે ભેદ જણાય છે તે તો દ્વિભુજ એવા જે તે શ્રીકૃષ્ણ તેમની ઇચ્છાયે કરીને છે એમ જાણવું. **ભાવાર્થ એ સમજવો જે, એવા ભક્ત અને ભગવાનને વિશે ભેદ ન સમજવો એમ કહ્યું છે, ક્હેતાં એવા ભક્તમાં ભગવાન અખંડ રહે છે.**

વળી,

तस्यैव सर्वथा भक्तिः कर्तव्या मनुजैर्भुवि ।
निःश्रेयसकरं किंचित्ततोऽन्यन्नेति दृश्यताम् ॥
(શિક્ષાપત્રી : શ્લોક-૧૧૩)

અર્થ :- એવા જે તે શ્રીકૃષ્ણ ભગવાન તેની જે ભક્તિ તે જે તે પૃથ્વીને વિશે સર્વ મનુષ્ય તેમણે કરવી અને તે ભક્તિથકી બીજું કલ્યાણકારી સાધન કાંઈ નથી એમ જાણવું. **ભાવાર્થ એ છે જે, એવા અર્થે સહિત જે શ્રી સ્વામિનારાયણની ભક્તિ તે જે તે સર્વને કરવી ને એવી પ્રગટ અક્ષર તથા પ્રગટ પુરુષોત્તમને વિશે નિષ્ઠારૂપ જે ભક્તિ, તે થકી બીજું એવું કલ્યાણકારી સાધન કાંઈ નથી એમ કહ્યું છે. તથા**

गुणिनां गुणवत्ताया ज्ञेयं ह्येतत्परं फलम् ।
कृष्णे भक्तिश्च सत्सङ्गोऽन्यथा यान्ति विदोऽप्यधः ॥
(શિક્ષાપત્રી : શ્લોક-૧૧૪)

અર્થ :- વિદ્યાદિક ગુણવાળા જે પુરુષ તેમના ગુણવાનપણાનું એ જ પરમ ફળ જાણવું, કયું તો જે શ્રીકૃષ્ણ ભગવાનને વિશે ભક્તિ કરવી ને સત્સંગ કરવો અને એમ ભક્તિ ને સત્સંગ એ બે વિના તો વિદ્વાન હોય તે પણ અધોગતિને પામે છે. **વિદ્યાદિક ગુણવાળા જે પુરુષ તેના ગુણવાનપણાનું એ જ પરમ ફળ જાણવું; કિયું, તો પ્રગટ અક્ષરપુરુષોત્તમને વિશે ભક્તિ કરવી; કે'તાં પ્રીતિ કરવી ને તે પ્રગટની નિષ્ઠાવાળા જે સંત તેનો સમાગમ કરવો અને આ કહ્યો એવો સત્સંગ, તથા પ્રગટ પુરુષોત્તમની ભક્તિ કરવી ને તેવી ભક્તિ ને સત્સંગ વિના તો વિદ્વાન હોય તે પણ અધોગતિને પામે છે; એટલે અક્ષરધામ વિના બીજા લોકને પામે છે, પણ પ્રગટ પુરુષોત્તમની નિષ્ઠા વિના અક્ષરધામને નહિ પામે, એમ મહારાજે તો 'શિક્ષાપત્રી'માં કહી દીધું છે. પણ તે વાતું સૂક્ષ્મ છે, તેથી કોઈને સમજાતી નથી. આમ 'શિક્ષાપત્રી'માં અવિદ્વાન વાત કોઈ નથી એમ સમજવું. આવી ઘણી વાતું કરી હતી, પણ તેમાંથી આ તો દીશમાત્ર જ લખી છે.**

**(૪૨૮) જૂનાગઢના સાધુ, પાળા તથા બ્રહ્મચારીમાં આશરે પંદર-વીસ તો એકાંતિક ધર્મને પામશે, બાકી બીજા મંદિરમાં તો થાય તે ખરું ને ત્રણ્ય પેઢી સુધી તો એકાંતિકધર્મ રહે; તેમાં હજી તો અમે મહારાજના મળેલા પે'લી (પહેલી) પેઢી છીએ ને ગૃહસ્થ પણ કેટલાક એકાંતિક થાશે.**

(૪૨૯) શ્રીજી પધાર્યા સ્વધામમાં રે, મેલી પોતાના મળેલ;
તે પણ તનને ત્યાગશે રે, ત્યારે રખે પડતી જો ભેળ. શ્રીજી૦

આ કીર્તન આખું બોલીને કહે જે, 'હવે તો દહાડે-દહાડે આમ જ થાવાનું છે, હવે તો દેશકાળ ઊતરતા આવશે.'

(૪૩૦) રાત્રિએ વાત કરી જે, 'વે'વાર બહુ વધી ગયો, તેણે અંતર ઉઝરડાઈ જાય છે. જેમ ટોપરું ખમણીએ કરીને ઉઝરડાય છે, તેમાં ટોપરાનો આકાર પણ રે'તો નથી, તેમ ઉઝરડાઈ જાય છે ને વળી મંદિરનો વે'વાર કે'વાય તો નિર્ગુણ, એમ પણ થઈ જાય છે અને જ્ઞાન તો એક આનો થાય છે ને પંદર આના વે'વાર થાય છે; પણ નિરંતર વાતુ થાય તો આંહીં રહ્યા અક્ષરધામ મૂર્તિમાન દેખાય ને સુખ આવે. પણ આ વાત બોલાય એવી નથી, આ તો રાત્ય (રાત) છે, તે બોલી ગયા. માટે કરવાનું તો સારા મોટા એકાંતિક સાધુનો સંગ જ છે.'

(૪૩૧) આ લીધું ને આ લેવું છે, આ દીધું ને આ દેવું છે, આ કર્યું ને આ કરવું છે, આ ખાધું ને આ ખાવું છે; આ જોયું ને આ જોવું છે, એ આદિક અનેક વાતુનો અંત આવે તેમ નથી. માટે એમાંથી નિવૃત્તિ પામીને પરમેશ્વરને ભજી લેવા.

(૪૩૨) ઉત્તમ પુરુષ સેવ્યા હોય પછી તેને બીજાની વાતે એવું સુખ ન આવે, તેણે કેમ કરવું ? ત્યારે કહે, 'એવાની વાતુ સાંભળી હોય તેને ધારે, વિચારે ને બાકી બીજાથી પણ ઘટે એટલું ગ્રહણ કર્યે, એમ કરીને ગુજરાન કર્યે, બાકી મોટા તેનું પોષણ કર્યે ખરા.'

ઇતિ શ્રી સહજાનંદસ્વામીના આધ્યાત્મિક વારસદાર
અનાદિ મૂળઅક્ષરમૂર્તિ સદ્‌ગુરુવર્ય શ્રી ગુણાતીતાનંદસ્વામીએ
કરેલી વાતોમાં
'મહિમા અને કૃતાર્થપણું'
નામે પાંચમું પ્રકરણ સમાપ્ત.

અનાદિ મૂળઅક્ષરમૂર્તિ સદ્‌ગુરુવર્ય શ્રી ગુણાતીતાનંદસ્વામીએ વાત કરી જે :-

(૧) હું પૂર્વાશ્રમમાં હતો ત્યારે મુને ખંભે એક મોટું ગૂમડું થયું હતું તેની પીડા ઘણી થઈ હતી. તે વખતે જાગૃતમાં અરધ રાત્યને સમે મહારાજ પધાર્યા ને મુને દર્શન દીધાં. તે પીળું પીતાંબર પે'ર્યું (પહેર્યું) હતું ને બીજું રાતું પીતાંબર ઓઢ્યું હતું ને મસ્તક ઉપર દક્ષિણી પાઘ ધારી હતી ને લલાટને વિશે કેસર-ચંદનની અરચા સહિત કંકુનો ચાંદલો શોભી રહ્યો હતો ને ચાખડીઉં (ચાખડીયો) ઉપર ચડ્યા હતા. એવી શોભાને જોઈને મારી વૃત્તિ તો તે મૂર્તિમાં પરોવાઈ ગઈ ને પછી ગૂમડું ફૂટી ગયું ને પીડા પણ ટળી ગઈ અને મહારાજ પણ હસીને અદૃશ્ય થઈ ગયા. તે દિ'થી તે મૂર્તિ અખંડ દેખાતી, પછી જ્યારે અલૈયેમોડે મહારાજનાં અમે પ્રથમ દર્શન કર્યાં, ત્યારે હૃદયમાં દેખાતી જે મૂર્તિ ને આ મૂર્તિ, તે બેય એક થઈ ગઈ. એવું જોઈને મહારાજને સર્વ કારણના કારણ ને સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ સમજીને મહારાજનો સર્વોત્કૃષ્ટ નિશ્ચય ઉપદેશીએ છીએ.

(૨) અમે નાના હતા, ત્યારે એક મારગી સાધુનો મહંત સભા કરીને બેઠેલ, ત્યાં જઈને પાધરી ડોશીઉંને (ડોશીયોને) ખેસવીને તે મહંતને પ્રશ્ન પૂછ્યો જે, 'કાર્ય શું ને કારણ શું ?' ત્યારે તે કહે જે, 'અમને એવું આવડે નહિ.' પછી અમને કહે જે, 'તમે ઉત્તર કરો.' ત્યારે મેં કહ્યું જે, 'ભગવાન કારણ ને આ સર્વ સૃષ્ટિ તે કાર્ય,' ત્યાં તો સૌ ભોંઠા પડી ગયા.

(૩) બાજરો ભેળો કરીને ભગવાન ભજવા; બીજું કાંઈ <u>ડોળ</u> કર્યે પાર નહિ પડચે અને રૂપિયા હશે તે મરી જાશું ત્યારે પડ્યા રે'શે; એ કાંઈ ઝાઝા કામના નહિ, જેટલા અવશ્ય જો'એ તેટલા ભેળા કરીને ભજન કરવું; ને ઝાઝા હશે તો ક્યાંયના ક્યાંય ઊડી જાશે ને મૂળગી વાસના રે'શે.

(૪) આ નિયમ છે એ બહુ મોટી વાત છે ને જે દિ' ધર્મમાં ફેર પડશે, તે દિ' તો કોઈ વાત ઊભી નહિ રહે, માટે નિયમ ખબરદાર થઈને પાળવા. તે એ વિશે ઘણીક વાત કરી.

(૫) એક હરિજન પાસે,

સંત જન સોઈ સદા મોહે ભાવે.

(કીર્તન મુક્તાવલિ : ૭૧૦)

એ કીર્તન બોલાવીને કહ્યું જે, 'આ કીર્તનમાં તો *ચાર વેદ, *ખટશાસ્ત્ર ને *અઢાર

પુરાણ આવી જાય છે, એવાં ચમત્કારી છે.'

(૬) ધોલેરામાં એકબાવે તેલ કડકડાવીને માંહી શાલિગ્રામને નાખ્યા. તે વાત અમે સાંભળી તે ઘડી રૂંવાડાં ઊભાં થયાં ને જીવમાં બળવા લાગ્યું. તે જુઓને, જગતમાં એવા ભેખ પણ છે !

(૭) "શુદ્ધ સ્વરૂપનિષ્ઠા રાખવી, નીકર વાંધો ભાંગશે નહિ." એમ મહારાજે પણ કહ્યું છે, તે માટે આ પ્રગટ પુરુષોત્તમ શ્રીજીમહારાજ સહજાનંદસ્વામી તે શ્રીકૃષ્ણાદિક સર્વે જે અવતાર તેમના અવતારી ને સર્વેના કારણ ને સર્વેના નિયંતા છે, એમાં લેશમાત્ર ફેર નથી. એમ જાણીને કોઈ બીજાનો ભાર પડવા દેવો નહિ ને પતિવ્રતાની રીત્ય રાખવી, તો ઠેઠ અક્ષરધામમાં પુગાશે.

(૮) આ સત્સંગનો મહિમા તો અપાર છે; કેમ જે, બ્રહ્માંડ-બ્રહ્માંડપ્રત્યે શ્રીકૃષ્ણાદિકની મૂર્તિયું છે, તેવા તો અનંત અવતાર થયા. ને આપણને તો મહારાજ પુરુષોત્તમ મળ્યા છે ને બીજા અવતાર જેવા તો આ સત્સંગમાં ઘણાક છે, એવો સત્સંગનો મહિમા સમજીને દૃઢ ઉપાસના કરવી અને એવા જે પુરુષોત્તમ તે તો આ એક જ છે. તેણે શુદ્ધ રીત્ય પ્રવર્તાવી ને બીજાએ તો બાઈ-ભાઈનું ભેળું ને ભેળું રાખેલ છે, પણ જુદારો પાડેલ નથી.

(૯) પદાર્થ ઝાઝાં ભેળાં ન કરવાં, નીકર ઘણી મૂંઝવણ થાશે ને વાસના રે'શે ને દેહ સારુ પદાર્થ છે ને દેહને તો વેરી જ કહ્યો છે, તે ભજન કરવા ન દિયે, વાંચવા ન દિયે તેવો છે ને દેહાભિમાન મૂક્યે સર્વે દોષ જાય છે. એમ વાત કરીને તે ઉપર વચનામૃત વંચાવીને કહ્યું જે, 'મુક્તાનંદસ્વામી જેવા હોય તે પણ પદાર્થનો જોગ થયે ઊતરતા જેવા રહે કે ન રહે.' બીજું સોળ સાધનનું વચનામૃત વંચાવ્યું ને કહ્યું જે, 'તેણે કરીને અક્ષરધામને પમાય છે.'

(વચ.ગ.મ.૨૭/ગ.અં.૨૪-૩૩) (જુઓ પ્રકરણ ૬ ની વાત ૧૦૧, ને પ્રકરણ ૧૪ ની ૯૫)

(૧૦) સ્વામીએ કહ્યું જે, 'અમારો વાંક કાઢશો મા, અમે કહી છૂટીએ છીએ; કેમ જે, વૃદ્ધ થયા તે હવે નહિ રે'વાય, માટે કહીએ છીએ જે, સમજીને શુદ્ધ વરતજો, નીકર ઝાઝો ફેર પડશે. આ ઘડી જો હાથધોણું, આંકડી કે વાળો એવો રોગ થયો હોય તો રાત્ય બધી જાગે; પણ અમથું એકઘડી પણ ધ્યાનમાં ન બેસાય ને રાત્ય બધી ઊંઘી રે'વાય. માટે દેહ જ વેરી છે, તે પોતાનું કરાવે, ને વિષ્ટા પરજંત ધોવરાવે છે; પણ ધ્યાન-ભજન કરવા ન દિયે એવો છે.'

(૧૧) બ્રહ્મચારીને ત્યાં વાતુ કરી જે, 'વિષયથી બંધાણો તે બદ્ધ ને

મુકાણો તે મુક્ત છે, તે માટે આપણે મુકાવું. ને આ જુઓને આંહીં વિષયનો જોગ નથી તેણે કરીને ઠીક રહે છે; પણ જો બરફીના ભરેલ સો પડિયા રોજ આવે તો ખાધા વગર ન રે'વાય એવો જીવનો સ્વભાવ છે, માટે એ તો ન આવે તો જ સારું છે.'

(૧૨) આ સત્સંગમાં તો સુખ છે ને ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય જે જે સુકૃત છે, તે સર્વે આ સત્સંગમાં છે ને બીજે બધે સળગી ઊઠ્યું છે. ને પોતે પશુ જેવો છે ને બોલતાં પણ આવડતું નથી ને વિવેક પણ કાંઈ નથી, તોપણ બીજાના અવગુણ લિયે છે; માટે કુસંગનો જોગ થાય તો સત્સંગને ઘસારો આવી જાય, તે સારુ કુસંગ ન જ કરવો.

(૧૩) *દેશકાળાદિક આઠ શુભ છે ને અશુભ છે, તે ઓળખવા. તે જ્યાં આ સંત રે'તા હોય તેટલો દેશ શુભ ને બાકી તો અશુભ, અરબસ્થાન ને મકરાણ એ આદિક ઘણાય છે. હવે કાળ શુભ છે તો ભગવાન ભજાય છે ને સુખિયું રે'વાય છે તે શુભ ને મૃત્યુ પણ જેવો કાળ હોય તેવું થાય. તે જુઓને આ વા'ણ બૂડે છે ત્યારે તેમાં બસેં માણસ બૂડી મર્યે છે ને સુરત બળ્યું ત્યારે કેટલાંક માણસ બળી મૂઆં, તે શું બધાયનું મૃત્યું ભેળું જ હશે ? એ ઠેકાણે તો અશુભ કાળ લેવો.

(૧૪) કામ, ક્રોધ, માન, ઈર્ષા ને દેહાભિમાન એ સર્વે મૂકશે, ત્યારે ભગવાન ને ભગવાનના સાધુ રાજી થાશે.

(૧૫) ગંગાજી પર્વત ફોડીને સમુદ્રને મળ્યાં તે તો મળે; કેમ જે, પાણી ઝાઝું થાય ત્યારે એમ થાય; પણ જે *પંચવિષય તે તો એથી આકરા છે; કેમ જે, બ્રહ્મા, *શિવ સરખાને ભૂલાવ્યા ને *ઇન્દ્રને હજાર ભગ થયાં ને ચંદ્રમાને કલંક લાગ્યું. એવા મોટામોટાને ને રાવણાદિકને દુઃખ થયું ને *સૌભરિને છેતર્યો ને પરાશર ને *એકલશૃંગી એ આદિક કંઈકને લૂંટ્યા. તે માટે તેનો જોગ જ ન કરવો ને આ તો મહારાજે પ્રગટ થઈને આમ રાખ્યું છે, આવું તો કોઈએ બાંધેલ નહિ. ને મોટા મોટા અવતારે પણ કજિયા કર્યા છે, પણ આવો મારગ તો કોઈએ પ્રવર્તાવ્યો જ નથી. તે મહારાજે 'વેદરસ'માં કહ્યું છે જે, ''હે પરમહંસો ! આ સ્ત્રીરૂપી તલવાર્યની જે તીખી ધારા, તે થકી જે પુરુષ નથી હણાણો તે તો દેવનો પણ દેવ છે. માટે એ ધારા કાંઈ થોડી નથી, એ ધારા તો બહુ જ આકરી છે; માટે તેનો જોગ જ ન થાવા દેવો.''

(જુઓ પ્રકરણ ૧૦ ની વાત ૨૯૬)

(૧૬) આ દેહ ધર્યો છે તેણે કરીને તો ભગવાન ભજી લેવા ને આ

ભરતખંડમાં મનુષ્ય દેહ કાંઈ થોડાપુણ્યે આવતો નથી. તે દેવતા પણ કહે છે જે,

अहो अमीषां किमकारि शोभनं प्रसन्न एषां स्विदुत स्वयं हरिः ।
यैर्जन्म लब्धं नृषु भारताजीरे, मुकुन्दसेवौपयिकं स्पृहा हि नः ॥

(શ્રીમદ્ ભાગવત : ૫/૧૯/૨૧)

અર્થ :- અહો ! આ ભારતવર્ષના મનુષ્યોએ કયાં પુણ્ય કર્યાં હશે ? અથવા પોતે શું તેઓના ઉપર પ્રસન્ન થયા હશે કે જેઓ આ ભારતવર્ષના આંગણામાં મનુષ્યોની અંદર જન્મ પામ્યા છે, કે જે મનુષ્યજન્મ શ્રીહરિની સેવામાં ઉપયોગી હોઈ, તે માટે અમને (દેવોને) પણ ઝંખના છે. એ શ્લોક બોલીને કહે જે, 'એમ દેવતા પણ ઇચ્છે છે તે મળ્યો ને વળી ભગવાન ને ભગવાનના સંત મળ્યા, એ કાંઈ થોડી પ્રાપ્તિ નહિ. જુઓને દસ કે વીસ લાખ રૂપિયા હશે તે કાંઈ ભેળા નહિ આવે ને રૂપિયાવાળાને પણ એક શેર ઉપરાંત ખવાતું નથી ને જેને રૂપિયા નહિ હોય તેને પણ તેટલું જ ખવાય; માટે જો'એ તેટલું ને કામ આવે તેટલું પેદા કરવું એ ઠીક છે.'

(૧૭) આપણને જે લાભ મળ્યો છે એ તો કાંઈ કે'વાય નહિ ! માટે હવે તે જાળવી રાખવો.

(૧૮) સત્યયુગ, દ્વાપર, ત્રેતા ને કળિ એ ચાર યુગની એક ચોકડી, એવી ઇકોતેર ચોકડી ઇન્દ્ર રાજ કર્યે, એવા ચૌદ ઇન્દ્ર પડયે ત્યારે એક દિ' વૈરાટનારાયણનો થાય. તે એવા ત્રીસ દિ'નો એક માસ ને એવા બાર માસનું એક વરસ, એવાં સો વરસ થાય ત્યારે તે વૈરાટનારાયણ પડચે, ત્યારે પ્રધાનપુરુષનો એક દિ' થાય; ને એવાં સો વરસ થાય ત્યારે પ્રકૃતિપુરુષનો એક દિ' થાય; ને એવાં સો વરસ પ્રકૃતિપુરુષ જીવે, તો પણ એક દિ' તેનો કાળ નાશ કરી નાખે છે. ત્યારે કહો તેની આગળ આપણી શું આયુષ્ય ? એટલા સારુ જીવ શું "મારું મારું" કરતા હશે ? માટે કાંઈ છે જ નહીં; માટે થોડાકમાં કામ સાધી લેવું ને એવું મંડવું કે, अर्थं साधयामि वा देहं पातयामि । અર્થ :- 'મારો ધાર્યો અર્થ હું સિદ્ધ કરીશ અથવા દેહનો પાત (નાશ) કરીશ.' એવો અડગ નિશ્ચય હોવો જો'એ.

(જુઓ પ્રકરણ ૬ ની વાત ૯૫)

(૧૯) એક દિવસ વચનામૃત વંચાવીને કહ્યું જે, 'આ 'વચનામૃત'ના ચોપડામાં તો *ચાર વેદ, *ખટશાસ્ત્ર ને *અઢાર પુરાણનો સાર છે. તેમાં મહારાજે સિદ્ધાંત વાત કરી છે, તેનો અભ્યાસ કરવો. અહો ! આ તો કાંઈ આપણને લાભ થયો છે ! જુઓને, ભગવાન કેટલે છેટેથી દયા કરીને આપણા સારુ આવ્યા છે ને

આ જીવને તો કાંઈ ગરજ નથી. ને આ તો ઠેઠ અક્ષરધામથી આવ્યા છે અને આ તો ઓલી સતીને જેમ લોંઠાએ સતી કરી, તેમ આ જીવને પણ લોંઠાએ ભગવાન ભજાવીએ છીએ અને શાસ્ત્ર પણ ધર્મ, અર્થ ને કામ પર છે ને મોક્ષ પર તો માંહી કોક શ્લોક છે, તે માટે મોક્ષના કામમાં આવે તેનું ગ્રહણ કરવું. ને બીજે તો મંદિરમાં પણ પાપ થાય છે ને ચારેકોર્ય પાપ છે ને એક સત્સંગમાં જ કલ્યાણ છે; પણ બીજે ક્યાંય કલ્યાણ છે નહિ.'

(૨૦) અમે જયારે આઠ વરસના હતા, ત્યારે ગુંસાઈની કંઠી બાંધીને ત્યાં જોવા ગયા; પણ ત્યાં તો વ્યભિચાર ભાળ્યો. પછી પ્રણામીમાં જોયું ને ત્યાં પણ એનું એ જ ભાળ્યું, પણ ચોખ્ખું તો આ સત્સંગમાં જ જોયું ને ત્યારે જ શાંતિ થઈ. એમ બીજા બધાય મતમાં દોષ દેખાડી દીધા ને પોતે તો સર્વે જાણતા જ હતા.

(૨૧) સર્વે અવતારના કારણ પુરુષોત્તમ શ્રી સહજાનંદસ્વામી છે તેની જ ઉપાસનાએ કરીને તો ઠેઠ અક્ષરધામમાં જાય ને બીજા અવતારની ઉપાસનાએ કરીને તો તેના ધામમાં જાય. જેમ હરિવર્ષખંડમાં પ્રહ્‌લાદ છે તે વાત ભાગવતમાં કહી છે; જો રામચંદ્રજી જેવા મહારાજને જાણશે તો તે વૈકુંઠમાં જાશે ને શ્રીકૃષ્ણ જેવા જાણશે તે ગૌલોકમાં જાશે. તેમાંય પણ શું ? માટે ક્યાંય અક્ષરધામના જેવું સુખ નથી; તે માટે મહારાજને પુરુષોત્તમ જાણવા. તે 'વચનામૃત'માં પણ કહ્યું છે જે, "જેવો મુને જાણશે તેવો તો હું તેને કરીશ." તે પુરુષોત્તમ જાણવે કરીને અક્ષરધામમાં પુગાય તે પાછો નાશ ન થાય ને બીજે તો પ્રકૃતિપુરુષ લગી કાળ ખાઈ જાય છે.

ત્યારે એક જણે કહ્યું જે, 'જ્યાં ભગવાન રાખે ત્યાં રે'વું ને ભગવાનનાં ધામ તો બધાંય સરખાં જ છે.' ત્યારે અમે કહ્યું જે, 'તારા ને ચંદ્રમા તે કાંઈ એક કે'વાય નહિ.' ને મહારાજે પણ કહ્યું છે જે, "અવતાર-અવતારીમાં ભેદ એમ સમજવો જે, રાજા ને રાજાનો ઉમરાવ ને તીર ને તીરનો નાખનારો એમ ભેદ છે. ઓલ્યો ઉમરાવ ઘણો ભારે હોય ને હુકમ ચલાવે એવો મોટો હોય, તો પણ રાજા પાસે જાય, ત્યારે કેટલીય સલામ ભરે ત્યારે બેસાય ને રાજાનો એની ઉપર હુકમ ચાલે છે, એમ ભેદ છે." તે ઉપર 'વચનામૃત' વંચાવીને કહ્યું જે, 'બીજા ધામને ને અક્ષરધામને તથા બીજા અવતારને ને મહારાજને એક સરખા કહે, તેને પંચ મહાપાપથી પણ વધુ પાપી જાણવો ને એનો સંગ ન કરવો.' એ વંચાવીને તેને પાછો પાડ્યો. (વચ.ગ.મ.૯-૬૭)

(૨૨) સ્વામીએ કહ્યું જે, 'મધ્યના ૯માં વચનામૃતમાં કહ્યું છે જે,

બીજા અવતાર જેવા જાણે તો દ્રોહ કર્યો કે'વાય ને બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ એ તો રાત્રિપ્રલયમાં નાશ થઈ જાય છે ને ત્યાંના મુક્ત વૈકુંઠમાં જાય છે ને બીજાનો પણ નાશ થાય છે ને મહારાજે બીજા અવતારના જેટલાં તો હરિભક્ત તથા સાધુદ્વારે કામ કરાવ્યાં છે ને હજી કરાવે છે. ને સમાધિ તથા કલ્યાણ ઇત્યાદિક મોટાં મોટાં કાર્ય ભક્તદ્વારે કર્યાં છે, તે માટે મહારાજ જેવા તો એ એક જ છે અને બીજાએ તો રાસ કરાવ્યા ને આ તોડાવે છે. ને સ્ત્રીનો ને ધનનો ઘાટ પણ નથી થાતો એવાય કેટલાક છે.' તે ઉપર પાળાનાં તથા સાધુનાં નામ કહી દેખાડચાં, ત્યારે ઓલ્યાથી એ સરસ થયા. ને બીજા ભગવાન તો કેવા છે તો તેનું દૃષ્ટાંત દીધું જે, દિલ્હીના પાદશાહનું નામ શેરખાં તે બીજેથી નામ ન પડચે. એવી રીત્યે સમજવું તે સમજણ ઠીક. એવી સમજણ જો ન હોય તો બહુ કાચ્યપ રહે. તે માટે આ મહારાજ સર્વ અવતારના અવતારી છે, તેને જ સર્વોપરી ભગવાન જાણવા. પછી શણગારની આરતી થઈ તે દર્શને પધાર્યા.

(૨૩) આત્મા છે તે મહા તેજોમય છે ને આ જે સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ્ય દેહ તે થકી જુદો માનીને એમ ધારવું જે, 'હું અક્ષર છું ને માર્યે વિશે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે સદાય વિરાજમાન છે.' તે વિશલ્યકરણીના વચનામૃતમાં (વચ. ગ. અં. ૩૯) સર્વે વાત છે ને થોડી થોડી વાત તો સર્વે વચનામૃતમાં છે ને કો'ક બાકી હશે. ને આત્માનો મનનદ્વારે સંગ કર્યા કરવો જે, 'હું આત્મા છું, અક્ષર છું.' એમ જો નિરંતર કર્યા કર્યે તો એ અક્ષરભાવને પામી જાય છે. તે ઉપર દૃષ્ટાંત દીધું જે, મહારાજે એક ઢેઢનો છોકરો હતો તેને કહ્યું જે, "તું કોણ છો ?" ત્યારે કહે જે, 'હું ઢેઢ છું.' તો કહે, "તું દસ વાર એમ કહે જે, હું આત્મા છું." પછી તેણે દસ વાર એમ કહ્યું. ત્યારે વળી પૂછયું જે, "તું કોણ છો?" તો કહે જે, 'ઢેઢ છું.' વળી કહે જે, "તું સો વાર કહે જે, હું આત્મા છું." ત્યારે તેણે સો વાર એમ કહ્યું. એટલે પૂછ્યું જે, "તું કોણ છો ?" તો કહે જે, 'ઢેઢ છું.' ત્યારે મહારાજ કહે, "જુઓને દેહ સાથે કેવો જડાઈ ગયો છે !" એમ કહીને કહે જે, "જો આત્માનો મનનદ્વારે સંગ કર્યા કર્યે તો અક્ષરરૂપ થઈ જાય છે." તે 'શિક્ષાપત્રી'માં કહ્યું છે જે,

निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥

(શિક્ષાપત્રી શ્લોક : ૧૧૬)

અર્થ :- સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ જે ત્રણ દેહ તે થકી વિલક્ષણ એવો જે પોતાનો

જીવાત્મા તેને બ્રહ્મરૂપની ભાવના કરીને, પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ જે તે સર્વ કાળને વિશે કરવી. એ એક શ્લોક બોલ્યા, ને 'પુરુષોત્તમપત્રી'માં કહ્યું છે જે, 'આત્માને અક્ષરરૂપ માને તે જ સત્સંગી છે; માટે એ વાત કર્યે જ છૂટકો છે.' એમ અરધ રાત્રિને સમે વાત કરી. (વચ.ગ.મ.૩૧/ગ.અં.૩૯)

(૨૪) એકજણે પ્રશ્ન પૂછ્યો જે, 'મોટા સાધુને તો જીવને ભગવાનમાં અખંડ જોડવા છે; પણ કો'કને અધિક આગ્રહ કરીને જોડે છે ને કો'કને તો સાધારણ વાતચીત કર્યે છે, તે એ જીવને શ્રદ્ધા મંદ છે કે કેમ છે ?' ત્યારે સ્વામી કહે, 'ઓલ્યાને પૂર્વનો સંસ્કાર ભારે છે, તેથી એને અતિ આગ્રહ કર્યે છે. તે મોટા સંતમાં ભગવાન પ્રેરક થઈને એને કરાવે છે ને ઓલ્યાને સંસ્કાર પણ થોડો ને શ્રદ્ધા પણ થોડી.' ત્યારે કહ્યું જે, 'કેમ શ્રદ્ધા વધુ થાય ?' એટલે સ્વામી કહે, 'એને એમ જણાય જે મોટા સંત બોલે છે તે કાંઈ માણસ નથી બોલતા, એ તો એમ જાણે જે ભગવાન બોલે છે ને એને વિશે એને દેવબુદ્ધિ હોય ને તેની પાછી સેવા-ભક્તિ કર્યે ને વિનય કર્યે, તેણે કરીને શ્રદ્ધા થાય છે; પછી ભગવાનમાં જોડાય છે.'

(૨૫) જીવને ચાર <u>ઘાંટી</u> અમે વિચારી રાખી છે. તેમાં એક તો પુરુષોત્તમ જાણવા, બીજી સાધુ ઓળખવા, ત્રીજી પંચવિષયમાંથી પ્રીતિ ઉખેડવી ને ચોથી આ જીવ ને દેહ એક થઈ ગયો છે, તેથી આત્મા નોખો સમજવો; એ ચાર ઘાંટી જબરી છે. તેમાં બેનું કામ ભારે છે; એક તો *પંચવિષયમાંથી પ્રીતિ ઉખેડવી ને બીજી દેહથી જીવ નોખો જાણવો એ.

(૨૬) જડભરતને વખાણ્યા કે, અહો ! જડભરતને તલવાર્ય કાઢીને મારવા માંડ્યા પણ બીના નહિ; ને કહ્યું જે, 'પાપ જાશે મારશે તો.' ને અંબરીષને એથી વધુ વખાણ્યા. એવી જ્યારે આત્મનિષ્ઠા થાય ત્યારે જાણે ઠીક. ને આ તો વખત આવે ત્યારે સમજણ ચૂંથાઈ જાય છે તે ચૂંથાવા ન દેવી ને પદાર્થ સારુ ને પુસ્તક સારુ કજિયા કર્યે છે, પણ એ ઠીક નહિ.

(૨૭) ભગવાનના અવતાર તો અસંખ્ય છે, પણ આ સમે મહારાજ પ્રગટ થયા, તે ભેળા બે હજાર ભગવાનના અવતાર આવ્યા છે ને પોતે તો એક માંહી અવતારી છે, એમ ચોખ્ખું સમજવું.

(૨૮) એક જણે પ્રશ્ન પૂછ્યો જે, 'ઠેઠ મહારાજ પાસે ને તમારી પાસે કેમ અવાય ?' ત્યારે સ્વામી કહે જે, 'મહારાજને પુરુષોત્તમ જાણે ને ભગવાનની આજ્ઞા પાળે તો અવાય.'

(૨૯) કોઈ ઐશ્વર્યને ભલા થઈને ઇચ્છશો મા ને જો આવે તો આપણે કાંઈક કરી નાખીએ એમ છીએ, માટે એમાં કાંઈ માલ નથી. દેશકાળે સ્થિતિ રાખવી તે શું ? તો કહે, દ્રવ્ય ગયું કે, દીકરો દેહ મૂકી ગયો કે, ખાવા અન્ન ન મળ્યું તો તેમાં સમજણ કામ આવે છે. તે એક વાણિયે પરદેશમાં જઈને કરોડ્ય સોનાનાં રાળ ભેળા કર્યાં ને વા'ણ ભરીને આવ્યો. ને તેણે કાંઠે ઊતરવા પાટિયા ઉપર પગ દીધો કે વા'ણ બૂડ્યું. ત્યારે વાણિયો કહે, 'અહો ! થયું ને માથે !' પણ પછી કહે, 'જન્મ્યા ત્યારે એ ક્યાં હતા ?' તેમજ એક ફકીરને રસ્તામાં ચાલતાં દોરડું મળ્યું, તે તેણે ખંભે નાખ્યું હતું, પણ તે પાછું પડી ગયું. પછી થોડોક ચાલ્યો ત્યારે ખબર પડી. ત્યારે કહે જે, 'કાંઈ નહિ, મુજકુ રસા પાયા જ નહોતા !' આ એમ વિચારીને આનંદમાં રે'વું. વળી કાકાભાઈનાં વચનામૃતમાં પણ કહ્યું છે જે, 'ઘરમાં દસ માણસ હોય ને તે સર્વે મરવાનાં હોય તેમાંથી એક બચે તો શું થોડો છે ?' માટે એમ સમજવું. (વચ.ગ.પ્ર.૭૦)

(૩૦) વરતાલથી પધાર્યા તે દિવસ વાત કરી જે,

आकृतिचितिचापल्यरहिता निष्परिग्रहाः ।
बोधने निपुणा आत्मनिष्ठाः सर्वोपकारिणः ॥

(સત્સંગિજીવન : ૧/૩૨/૨૮)

અર્થ :- શ્રીહરિ ભક્તિમાતાને કહે છે :'હે સતિ ! મુમુક્ષુઓએ કેવા સંતને સેવવા જોઈએ? તે જેઓ કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોની ચપળતાએ રહિત અર્થાત વિષયવાસનાઓ વિરહિત આત્મહિતમાં વિરોધી પરિગ્રહ રહિત, તત્ત્વબોધ આપવામાં પ્રવીણ, આત્મામાં જ એક નિષ્ઠાવાળા (આત્મારામ), સર્વજનોનો આ લોક-પરલોકમાં ઉપકાર કરવાના સ્વભાવવાળા હોય.' એવાં ચોસઠ લક્ષણ સાધુનાં હોય ત્યારે સાધુ થાવાય. તે મહાપ્રલય સુધી ગોપાળાનંદસ્વામી, કૃપાનંદસ્વામી, સ્વરૂપાનંદસ્વામી ને મુક્તાનંદ સ્વામી જેવા સાધુનો અહોરાત્રિ નિરંતર સમાગમ કર્યે, ત્યારે પૂરા સાધુ થાવાય. ને સાધુતા વગર સુખ આવે નહિ ને આત્યંતિક મોક્ષ પણ થાય નહિ. તે જેટલી કસર રે'શે તેટલી કસર ટાળવી પડશે.

(જુઓ પ્રકરણ ૬ ની વાત ૮૩, ને પ્રકરણ ૧૨ ની ૧૧૭)

(૩૧) સભામાં વિધાત્રાનંદસ્વામીવાળી પત્રી વંચાવીને બોલ્યા જે, 'આ વાત યથાર્થ જાણ્યા પછી કાંઈ કરવું બાકી રહે નહિ. આ પત્રી ઉપર અચિંત્યાનંદબ્રહ્મચારી પાસે ગ્રંથ આખો કરાવ્યો છે, તેમાં સંપૂર્ણ વાત આવી ગઈ

છે. અહો ! હમણાં ઘણી પ્રાપ્તિ છે. આવા સાધુ તો ભગવાન જેવા કે'વાય. પોતાનાં વખાણ પોતાને ન કરવાં, એમ 'શિક્ષાપત્રી'માં કહ્યું છે, પણ કહ્યા વિના સમજાય નહિ. પછી બહુ ખોટચ જાશે.' (જુઓ પ્રકરણ ૧૧ ની વાત ૮૭)

(૩૨) આત્મનિષ્ઠા આવે તેણે કરીને સર્વે વાત થાય. તે ઉપર કહ્યું જે,

મરને <u>આતસકા</u> વરસે <u>મેહા</u> રે, તોય નવ્ય દાઝે મેરા દેહા રે;
મરને બારે મેઘ આવી ઝુમે રે, તોય નવ્ય ભીંજે મેરા <u>રુમે</u> રે.

એવી જો'એ. પ્રથમનું ૨૬મું વચનામૃત વંચાવ્યું ને કહ્યું જે, 'આ પણ એક નિર્ગુણભાવને પમાડે એવું છે.

ઉદ્ધવ સોઈ સાચે મમ દાસ હે;
મન ઇન્દ્રિ કે કૃત્યસેં ન્યારો, એકાંતિક મન જાસ હે;
મુક્તાનંદ સો સંત કે ઉર બીચ, મેરો પ્રબળ પ્રકાશ હે. ઉદ્ધવ૦

(શ્રી સ્વામિનારાયણ હજારી : ૨૪૯-૪/૩)

આ ચાર કીર્તન પ્રમાણે રહે તો સાચો ભક્ત કે'વાય.'

(૩૩) મહારાજે પ્રથમ નિત્યાનંદસ્વામીને પોતાનું પુરુષોત્તમપણું કહેલ. તે જ્યારે 'સત્સંગીજીવન' કર્યો ત્યારે ઉપાસનાનો પ્રસંગ નાખ્યો તેમાં શ્રીકૃષ્ણની ઉપમા દેવા માંડી; ત્યારે સ્વામી કહે જે, 'બાદશાહને કાંઈ ચાકરની ઉપમા દેવાય ? ન દેવાય.' એવી રીત્યે સાત દિ' લગણ કજિયો ચાલ્યો ત્યારે મહારાજ કહે, "એમ જ લખાય, તમે શું જાણો ?" ને કેટલુંક ખીજ્યા, તો પણ ન માન્યું; ને કહ્યું જે, 'ચરિત્ર મેળવો જે, મહારાજે કીધાં છે તે તેણે <u>કીધાં છે</u> ?' એમ કેટલુંક થયું ને એકલા કાઢ્યા ને મહારાજ પણ બીજા સાધુ ભેળા ભળી ગયા, તો પણ ન માન્યું. પછી મહારાજે કહ્યું જે, "અમારો રહસ્ય તો આ સાધુ જાણે છે." એમ કહીને નિત્યાનંદસ્વામીને હાર્ય (હાર) આપ્યો.

(૩૪) સ્વપ્નામાં ગોપાળાનંદસ્વામીને મહારાજે કહ્યું જે, "જો અમારું પુરુષોત્તમપણું નહિ પ્રવર્તાવો તો આ ને આ દેહમાં હજાર વરસ સુધી રાખશું." પછી સ્વામી કહે, 'મુને પણ મહારાજે કહ્યું હતું ને ખરડામાંથી પણ જાણ્યું ને મોર્યથી (પહેલેથી) પણ જાણતા હતા.' તે મેં ઉઘાડી વાત સભામાં કરવા માંડી, ત્યારે સાધુ સૌ કહે, 'તમને કોણે કહ્યું છે જે આમ કહો છો ?' ત્યારે અમે કહ્યું જે, 'શ્રી સ્વામિનારાયણે કહ્યું છે, બીજો કોણ કે'શે ? ને મહારાજે મધ્યનાં ૯માં વચનામૃતમાં, છેલ્લાનાં ૩૮માં સાંખ્યાદિકનામાં, મધ્યના ૧૩માં તેજનામાં ને

લોયાનાં ૧૪માં વચનામૃતમાં એ આદિક ઘણાંકમાં કહ્યું છે.'

(૩૫) એકવાર પૂછ્યું જે, 'અવતાર-અવતારીનો ભેદ કેમ સમજવો?' ત્યારે એક જણે કહ્યું જે, 'ભવાયો ને વેશ.' ત્યારે પોતે કહ્યું જે, 'અવતાર અવતારીનો ભેદ એમ નહિ; રાજા ને રાજાનો ઉમરાવ, તીર ને તીરનો નાખનારો ને તારા ને ચંદ્રમા; એમ ભેદ જાણવો.'

(૩૬) એકવાર વરતાલમાં બન્ને આચાર્ય ભેગા થયા, ત્યારે પુરુષોત્તમપણાનો વિવાદ થયો. ત્યારે સ્વામી કહે, 'મેં કહ્યું જે, ખજીનો કેને (કોણે) દેખાડ્યો છે ? ઘણું બીજા સાથે હેત હોય તેને પણ દેખાડ્યો છે ? નથી દેખાડ્યો અને અમને તો શ્રી સ્વામિનારાયણે કાનમાં મંત્ર મૂક્યો છે જે, અમે તો સર્વોપરી ભગવાન છીએ. માટે તેને બીજા અવતાર જેવા કેમ કહીએ ?' પછી તો રાજી થયા.

(૩૭) મહારાજે એમ કહ્યું જે, "જયારે ઇન્દ્ર કલ્યાણ કરવા આવે, ત્યારે એના શિષ્ય દેવતા જેવા થાય. અને બ્રહ્મા કલ્યાણ કરવા આવે, ત્યારે એના શિષ્ય ઇન્દ્ર જેવા થાય. અને વૈરાટ આવે, ત્યારે એના શિષ્ય બ્રહ્મા જેવા થાય ને પ્રધાનપુરુષ જ્યારે કલ્યાણ કરવા આવે, ત્યારે એના શિષ્ય વૈરાટ જેવા થાય ને પુરુષ જયારે કલ્યાણ કરવા આવે, ત્યારે એના શિષ્ય પ્રધાનપુરુષ જેવા થાય અને મૂળઅક્ષર ને પુરુષોત્તમ કલ્યાણ કરવા આવે, ત્યારે એમના શિષ્ય અક્ષર જેવા થાય; અને તે અક્ષરમુકતો આગળ તો કોઈ અવતારાદિકનું સમર્થપણું રે'તું નથી."

(૩૮) સર્વોપરી પુરુષોત્તમપણું સમજવું. તે હમણાં અચિંત્યાનંદ-બ્રહ્મચારી પાસે અમે ગ્રંથ કરાવ્યો તેમાં સંપૂર્ણ પુરુષોત્તમપણું નાખ્યું છે અને એક જણે રામકથા વાંચી, પણ એનો તો સૌને નિશ્ચય છે જ; પણ આ પુરુષોત્તમનો જ કરવો એ વાત કઠણ છે. એકવાર સમૈયામાં 'ભગવદ્ ગીતા'ની કથા કરી; તેની પણ રાત્યના બાર વાગે વાત કરી ને કહ્યું જે, 'એથી મહારાજનો નિશ્ચય શું થાય છે ? એ તો શું કરીએ સૌને એ વાતની તાણ, તે કર્યે છે.'

(વચ.ગ.પ્ર.૧૮) (જુઓ પ્રકરણ ૧૧ ની વાત ૮૭)

(૩૯) મહારાજે વરતાલમાં સર્વે હરિજન આગળ સભામાં કહ્યું જે, "આ ચરણારવિંદની વૈરાટપુરુષે પચાસ વરસ ને દોઢ પો'ર દિ' (પહોર દિવસ) સુધી સ્તુતિ કરી ત્યારે આ બ્રહ્માંડમાં પધાર્યા છે." એવી ઘણી વાતુ કરી; તે ત્યાંના હોય તે જાણે, પણ બીજા ન જાણે. (જુઓ પ્રકરણ ૩ ની વાત ૪૬, ને પ્રકરણ ૧૧ ની ૭૬)

(૪૦) નાગડકામાં સ્વરૂપાનંદસ્વામીએ મહારાજને પૂછ્યું જે, 'ગુરુ

સાહેબ, આજ સત્સંગીકા કલ્યાણ કૈસા હોતા હૈ ?' ત્યારે મહારાજ કહે, "જૈસા કપિલદેવ કા, જૈસા દત્તાત્રેય કા, જૈસા ઋષભદેવ કા ઐસા હોતા હૈ." ત્યારે કહ્યું કે, 'અહો ! તબ તો બહોત બડા કલ્યાણ હોતા હૈ !' (જુઓ પ્રકરણ ૩ ની વાત ૧૦)

(૪૧) ગઢડામાં સમૈયો હતો, ત્યારે સત્સંગી સર્વે આવેલ તેમણે કહ્યું જે, 'અહો ! મહારાજ ! જેવી ગોપી-ગોવાળને પ્રાપ્તિ થઈ હતી તેવી અમને થઈ છે.' ત્યારે મહારાજ કહે, "ના ના, ગોપી-ગોવાળને જે મળ્યા હતા તે ભગવાનને તો આ ભગવાનનાં હજી દર્શન પણ નથી થયાં ને તમારે તો બહુ મોટી પ્રાપ્તિ થઈ છે."

(૪૨) ભક્તિએ કરીને મહારાજ રાજી થાય છે ને એની આજ્ઞા છે એટલા સારુ કરીએ છીએ, પણ એ સ્થૂળ મારગ છે. તેણે કરીને તો મોટા લોકાંતરને પામશે, પછી મોટાના મોટા વૈભવ ને મોટાં પાપ. તે જુઓને આ ખંડેરાવ એક દહાડામાં જેટલું પાપ કરતા હશે, એટલું ગરીબ આખા ભવમાં પણ ન કર્યે. માટે આ ને આ દેહે ભક્તિ પણ કરતા જાવું ને તે કરતાં થકાં અનુવૃત્તિ આત્માને વિશે રાખે જાવી. ને આત્મનિષ્ઠા જેવી કોઈ વાત નથી, તે "મનનદ્વારે હું અક્ષર છું ને પુરુષોત્તમ માર્યે વિશે અખંડ રહ્યા છે એમ કરતા જાવું." એમ ઘણે ઠેકાણે મહારાજે કહ્યું છે, એ સૂક્ષ્મ ભક્તિ છે, તેણે કરીને આત્યંતિક મોક્ષને પામશે; પણ મોર્યે (મોરે) કહી જે ભક્તિ તે રૂપ સ્થૂળ મારગ તેણે કરીને એવી મુક્તિ ન થાય. અને એવી ભક્તિ તો ચાર માણસ કર્યે એટલી પોતે એકલો માને કરીને કર્યે; તે સેવા કર્યે, પાણા ઉપાડે, રોટલા કર્યે, એ સર્વે ભક્તિમાં માન મળે છે, તેણે કરીને થાય છે ને કર્યે છે; પણ એણે કરીને સિદ્ધ ન થાય.

यदा न योगोपचितासु चेतो मायासु सिद्धस्य विषज्जतेऽङ्ग ।
अनन्यहेतुष्वथ मे गतिः स्यात् आत्यन्तिको यत्र न मृत्युहासः ॥

(સુભાષિત : ૩૮૯/૪૮૦)

અર્થ :- હે માતા ! જ્યારે સિદ્ધ યોગીનું મન તેના યોગબળે કરીને અન્ય કોઈ પણ કારણ વિના ફક્ત તેને લલચાવવા આવેલી માયાઓમાં આસક્ત થતું નથી અથવા ફસાતું નથી ત્યારે તે યોગી મારી આત્યંતિકી એટલે સર્વશ્રેષ્ઠ ગતિ-સ્વરૂપને પામે છે. પછી ત્યાં મૃત્યુનું અટ્ટહાસ્ય હોતું નથી.

ક્યિાં બાળપણાની રમત, ક્યિાં પામવો સિદ્ધોનો મત.

(ભક્તચિંતામણિ : પ્ર.૪૧)

માટે જે દિ' તે દિ' આ વાત કરશે ત્યારે છૂટકો છે.

(૪૩) દેવની માયાએ જુઓને મોહ પમાડ્યા છે જે, ગાડી, પુસ્તક, ચેલો ને હવેલી એને વિશે માલ મનાણો છે; પણ તેણે કરીને શું થાશે ? બંધન થાશે, માટે એમાં કાંઈ માલ નથી.

રાજ ભયો કહા કાજ સર્યો, મહારાજ ભયો કહા લાજ બઢાઈ,
સાહ ભયો કહા વાત બડી, પતસાહ ભયો કહા આન ફિરાઈ;
દેવ ભયો તોઉ કાહ બયો, અહંમેવ બઢો તૃષ્ણા અધિકાઈ,
બ્રહ્મમુનિ સત્સંગ વિના, સબ ઔર ભયો તો કહા ભયો ભાઈ.

(કીર્તન મુક્તાવલિ : નાશવંત દેહ વિશે)

ત્યારે શું જડભરત રાજ્ય મૂકીને મૃગલામાં બંધાણા એ કાંઈ સાધુનો મારગ છે? અને આસન સારુ, પથારી સારુ, ચેલા સારુ, ગાડી સારુ ને એવાં તુચ્છ પદાર્થ સારુ કરીને મોટી ખોટય ખાવી નહિ ને સર્વે દોષરહિત થઈને રૂડા સાધુને સેવીને સાધુતા શીખવી એમાં જ માલ.છે; નીકર તો મોટયપ ને માન-સારુ કરીને ગાડી કે ઘોડું ન મળે તો દુઃખી થાવું પડચે, એમાં શું ? એમ કહીને બોલ્યા જે,

મોટા થાવાનું મનમાં રે, દલમાં ઘણો ડોડ;
તેવા ગુણ નથી તનમાં રે, કાં કરે તું કોડ.
ભૂંડા ઘાટ ઊઠે છે ભીતરે રે, જે ન કહેવાય બા'ર,
એહ વાતનો તારે અંતરે રે, નથી નર વિચાર.

(કીર્તન મુક્તાવલિ : ૧૦૫૩)

એવું છે. માટે જ્ઞાન શીખવું, તેણે કરીને કોઈ વાતની અપેક્ષા ન રહે ને જો જ્ઞાન ન હોય તો મૂરખાઈએ કરીને અસદ્ યુક્તિયું ઉઠાવે છે. તે અમે સૌ ગોપાળાનંદસ્વામી, કૃપાનંદસ્વામી એ આદિક મોટા મોટા સાધુ, પછી નિવૃત્તિ ન આવે તે સારુ સવારના પો'રમાં નાહ્યા વગર કામ, ક્રોધાદિકને ખોદીને ગોષ્ઠિ કરીએ. ત્યારે એક જણ કહે જે, 'જુઓને <u>મસાણિયા</u> બેઠા છે, તે શું કર્યે છે ? તે <u>ઝાંપડાં</u>ને સંભારે છે ને 'શિક્ષાપત્રી' તો પાળતા નથી.

ब्राह्मे मुहूर्ते शयनं विहाय निजस्वरूपं हृदि चिन्तयित्वा ।
स्नानं विशुद्धं प्रचुराभिरद्भिः श्रीनीलकण्ठं हृदि चिन्तयामि ॥

(શ્રી નીલકંઠ ચિન્તનાષ્ટકમ્)

અર્થ :- બ્રાહ્મ મુહૂર્તમાં શય્યા (નિદ્રા) નો ત્યાગ કરી પોતાના સ્વરૂપનું હૃદયમાં ચિંતન-ધ્યાન કરી, અધિક જળ વડે સ્વચ્છ સ્નાન કરી શ્રી નીલકંઠનું હું હૃદયમાં ચિંતન કરું છું. ને નાહ્યા-ધોયા વગર સવારના પો'રમાં લઈ બેઠા છે.' ત્યારે બીજા નવા જાણે જે વાત

ખરી છે, આજ્ઞા-લોપતલ તો આ સર્વે છે. ને અમે આત્મનિષ્ઠા ને ઉપાસનાની વાતુ કરીએ તે તો સૂક્ષ્મ ભકિત છે ને સ્થૂળ ભક્તિમાં તો ગૌણતા આવે, તે સારુ બીજા કે'શે; આ 'શિક્ષાપત્રી'-લોપતલ છે ને શાસ્ત્રોને ખોટાં કરીને અવગુણ ઘાલે છે. ત્યારે જુઓને ! એ તે કેમ સમજવું જે, રાત્ય લઈને ભગાય છે, એવું હોય એ વાતનું એને કાંઈ નથી, એમ મૂરખને કાંઈ ગતિ નથી; પણ આપણે શું ભક્તિ નથી કરતા ? ને ખોટી વાતુ કહીએ છીએ ? માટે સો મૂરખનો ત્યાગ કરીને એક વિવેકીને ગ્રહણ કરવો.

ગિરિસેં ગિરિયે ધાય જઈને સમુદ્રમાં બૂડિયે,
મરીએ મહા વિખ ખાય પણ મૂરખ મિત્ર ન કીજિયે.

(૪૪) મહારાજે કીડિયારાના રોગની ઉપમા આપી છે, માટે તેનો ત્યાગ કરીને વિવેક *દસમો નિધિ કહ્યો છે, તેનું ગ્રહણ કરશો તો સુખ થાશે. અહો ! જીવમાં અજ્ઞાનનો પાર નથી; કારખાનામાં, રાજામાં ને પધરામણીમાં મંડ્યા છે તે શું શું કહીએ ? ઓલ્યા જગતની પેઠ્યે સાંજે કથાનાં બે વચનામૃત માંડ માંડ વંચાવે ને વળી પાછું તેનું તે, પણ તેણે કરીને ભગવાન રાજી ન થાય, માટે વિચારીને વરતવું. (વચ.ગ.પ્ર.૧૮)

(૪૫) श्रेयांसि बहु विघ्नानि ।

અર્થ :- સારા કામમાં વિઘ્નો ઘણાં (આવે છે). અને લોકમાં પણ કહે છે જે, 'સારા કામમાં સો વિઘ્ન', તે કાં તો ભક્તિરૂપે માયાને પ્રેરે ને એકાંતમાં ધ્યાન કરાવે, એમ કરતે કરતે પાડી નાખે છે, તે માટે વિચારવું.

(૪૬) જો ગરાસિયો મોટેરો હોય તો પૃથ્વી જ ભેળી કર્યે, વાણિયો મોટેરો હોય તો દ્રવ્ય ભેળું કર્યે, બ્રાહ્મણ મોટેરો હોય તો પુસ્તક ભેળાં કર્યે ને રબારી મોટેરો હોય તો ઢોરાં ભેળાં કર્યે; પણ કોઈએ એકાંતિકનાં ટોળાં ભેળાં કર્યાં ? બીજામાં કાંઈ માલ નથી, તે સારુ આવા સાધુનો સમાગમ કરી લેવો ને એકાંતિક સાધુ થાવું. ને રૂપિયા પડ્યા રે'શે, બીજાં પદાર્થ પણ પડ્યા રે'શે ને ચાલ્યું જાવાશે; ને જે ભક્તિ કર્યે કે રાત્યમાં ધ્યાન કર્યે, તે મનમાં જો એમ જાણે જે આ સર્વે ખાઈ ખાઈને સૂઈ રહ્યા છે ને હું એક કરું છું, તો બધુંય બળી ગયું. ને મોટ્યપ પામીને ચેલો ચેલો કર્યે, તે ચેલો બીજું તો શું કહીએ, તુંબડી તો એની એ, પણ સાકર માંહી નાખીને છાની પાય, એમ જુક્તિયું કર્યે અને ચેલો એમ ન કર્યે તો પંડ્યે છાના મંત્ર કાનમાં મૂકીને શીખવે. એમ જુક્તિયું કરતે કરતે જન્મ ખોઈ નાખે. એવી

જુક્તિયુંમાં બેયને સમું. ચેલાને પણ ભેળું કામ થાય, તે ઉપર

છોટા છોટા શિષ્ય રાખશે રે, ચાકરી કરવા બે ચાર;
મોટાની મોબત મૂકશે રે, જેને કેનો નહિ રહે ભાર. શ્રીજી૦

એ બોલ્યા.

(૪૭) સ્વામીએ કહ્યું કે, 'ચેતના મુખી તે સદા સુખી', એવી રીત્યે કેટલાંક કહીએ ? એ કહ્યાં તેથી બીજાં ઘણાં ઝાડ હૈયામાં ઊગ્યાં હોય, પછી શું ધ્યાન-ભજન થાય ? બીજાનું જોઈને બેસે પણ થાય નહિ. તે એક બાવો ગુલાબગર હતો, તે સૌનું જોઈને માથે ઓઢીને ધ્યાન કરવા બેઠો, ત્યાં તો રૂપિયા, ઢોરાં ને ઉઘરાણી તે સ્ફુર્યાં; એટલે આકળો થઈને ઊઠી ગયો ને કહે, 'ઊઠો, ઊઠો શું બેઠા છો ? આટલું આ કરવું છે તે કરીએ.' એમ થાય છે, માટે ટીખળ ઘાલવાં નહિ.

(૪૮) મહારાજે તો, ''પંપોળીને રાખે તેની પાસે રે'વું નહિ.'' એમ કહ્યું છે, પછી સૂઝે તેમ કરો. અમે તો આત્માનંદસ્વામી બહુ ટોકતા તેમની ભેળા રહ્યા ને બ્રહ્માનંદસ્વામી ભેળા રે'તા તે નીસર્યા. તે કહ્યા વિના ખોટ્ય જાય નહિ ને જ્યાં સારી સારી રસોઈ મળે ત્યાં વારે વારે જાય પણ કેવળાત્માનંદસ્વામી તો જો કોઈ, પાકી રસોઈનું કહે તો તેને કે'શે જે, 'જૂનાગઢથી સ્વામીનો કાગળ મંગાવ્યો છે તે આજ્ઞા આવશે ત્યારે લેશું.' એમ બા'નાં (બહાનાં) કાઢીને ચોખ્ખી ના કે'વી ને દાળ-રોટલા લેવા; ને પછી બે દિ' રહીને ભાગી નીસરવું; પણ

ગળ્યાં, ચીકણાં, ચોપડયાં, વઘાર્યાં, ધુંગાર્યાં
તે ખૂબ તડૂસીને સૂતા, તેણે કરીને વધશે કામ અને ક્રોધ.

ને ''આપણે તો 'ધર્મામૃત,' 'નિષ્કામશુદ્ધિ' ને 'શિક્ષાપત્રી' એ ત્રણ્ય ગ્રંથ પ્રમાણે રે'વું.'' એમ મહારાજે કહ્યું છે, તે મહારાજની રુચિ પ્રમાણે રે'વું.

બ્રહ્માનંદ રહેનો ભલો રૂખમેં

એમ કહ્યું છે. તે ત્રણ્ય ગ્રંથથી વધુ લૂગડું કે, પદાર્થ રે'શે કે, ખવાશે તો બંધન થાશે ને એનો તો આગળ જવાબ લેવાશે. (વચ.લોયા.૬) (જુઓ પ્રકરણ ૩ની વાત ૧૮)

(૪૯) રુચિનું લોયાનું ૧૪મું વચનામૃત વંચાવીને કહે જે, 'આ તો ખપવાળાને કહ્યું છે અને જેને ખપ નથી તે તો લાગ આવે ત્યારે જોઈ લિયે ને સ્વાદ કરી લિયે, એને તો એમ જ ભજન થાય જે ક્યારે લાગ આવે ? એવાને તો મહારાજે વચનામૃતમાં લબાડ જેવો ને કૂતરા જેવો કહ્યો છે. હેત હોય તેને આ વાત સારી લાગે, નીકર મર્યને (મરને, ભલે) લાખું વાતુ કરીએ, પણ એમ ન મનાય.'

(વચ.ગ.મ.૪૭)

(૫૦) આ લોકનું હેત તો કેવું છે ? એમ કહીને એક પટેલનું દૃષ્ટાંત વિસ્તારીને કહ્યું જે, એના કુટુંબીને એના ઉપર મર્યે (મરે, ભલે) એવું હેત હતું, તો પણ સાધુના કે'વાથી માંદો પડ્યો ને તેના ઉપરથી સાધુએ દૂધ ઉતાર્યું તે કોઈએ ન પીધું. એમ સાધુએ દેખાડયું અને,

કાણે જાય તે અધિકું રડે, આંગણે જઈને ભૂસ પડે.
તે સારું લાગે તે માટે, હેત હોય તો પડે નહિ વાટે ?

એવાં ખોટાં હેત છે અને ગૃહસ્થને છોકરો ન માને કે દુઃખિયો થાય, પણ તે તો સૌ સૌના ડહાપણ પ્રમાણે કરશે. માટે વૃધ્ધ થયા તેણે તો ગામોગામ મંદિર કર્યાં છે, તેમાં બેસીને ભજન કરવું ને બે ટાણાં જઈને રોટલા ખાઈ આવવું.

જેસે બુઢે બેલ કું, ખેડુ દેબત ન ખાન;
મુકત કહે ત્યું વૃદ્ધ કો, સબહિ કરત અપમાન.
(મુકતાનંદ કાવ્ય : વિ.ચિ. કાળત્રાસકો અંગ ૧૯)

અને જેને સુખે રે'વું હોય તેણે તો મોર્યનું માન છે તે મૂકી દેવું, નીકર પૂજા થાય. તે ઉપર કહ્યું જે, ગુરુ-ચેલો, બાપ-દીકરો ને સાસુ-વહુ એમ રે'વું ને

દાસના દુશ્મન તે હરિ હોયે નહિ,
ભાઈ જે કાંઈ કરશે તે સુખ થાશે;
અણસમજે અટપટુ એ લાગે ખરું,
પણ સમઝીને જુવે તો સત્ય ભાસે. દાસ૦
(કીર્તનસાર સંગ્રહ : દ્વિતીય ભાગ-પાન -૪૫૬/૫૬-૩)

કોણ જાણે આપણને વાસના હશે તે ટાળવા એમ થાતું હશે તો ? એમ જાણવું ને સુખે રે'વું.

(૫૧) ધૂડ્ય જેટલો પણ જે માણસમાં માલ નથી તેની આગળ પણ અમારે હાથ જોડવા પડચે છે; તે એને મંદિરમાં રાખવાનો ખપ છે, વે'વાર ઠર્યો, એટલે શું કરવું ? નીકર તો ઘણાય ન કરીએ, પણ મહારાજને રાજી કરવા છે.

(૫૨) જેને સુખિયા થાવું હોય તેણે તો સોળ વરસનો છોકરો થાય કે તુળસીને પાનડે (પાંદડે) કરકાને અર્પણ કરવો એટલે થયું અને એકે પાંતીએ જીવને કયાં સમું છે ? મર્યે તો તે દુઃખિયો થાય. તે ઓલ્યા બ્રાહ્મણનો છોકરો મરી ગયો ત્યારે પોકે પોકે રોવે ને બીજા પણ રોવરાવે જે, 'બહુ ડાહ્યો હતો ને આ કરતો.' એમ હજારું કહે. ત્યારે મયારામ ભટ્ટજી ખરખરે ગયા, તે વળતે દિ' નાહવા ગયા ને

કહ્યું કે, 'તું તો ખાતો-પીતો નથી તે શું છે ? આ તારો દીકરો મરી ગયો તે શું કાંઈ ઉદેપુરની ગાદી ખાલી થઈ ? આ એક બ્રાહ્મણ મૂઓ તો એક ખડિયો ઓછો થયો એમાં તે શું !' પછી ઓલ્યે વિચાર્યું; ત્યાં તો તે ખરું લાગ્યું. પછી કહે, 'હું તો પંદર દિ'માં મરત, તમે જીવતો રાખ્યો !' કાંઈ ખેડુ મલકમાં થોડા છે ? વાણિયા, સઈ, નાગર, સોની, લુવાર, કડિયા એ આદિકની કાંઈ ખોટચ છે ? એમ જ્ઞાન શીખવું. ખજૂરાનો પગ ભાંગ્યો તો પણ શું ને સાજો તો પણ શું ? કૂકડી વિના વહાણું નહિ વાય ? એમાં શું ? એમ વિચારીને સુખે ભજન કરવું.

(૫૩) આણંદજી સંઘાડિયાને ત્યાં મહારાજ બેઠા હતા તે કહે, "માયાનું રૂપ કહીએ." તો કહે, 'કહો.' પછી મહારાજ કહે, "શાહુકારનો દીકરો મર્યે તો તમારે કેમ ?" તો કહે, 'બહુ ભૂંડું કે'વાય.' પછી કહે, "આ રાજાનો દીકરો મર્યે તો ?" તો કહે, 'હું બહુ ખરખરો કરું.' પછી કહે, "આ તમારો મર્યે તો ?" ત્યારે કહે, 'તે જ ઘડીએ સંઘેડો બંધ રહી જાય ને ભૂંડું થાય.' એમ છે ! પછી મહારાજ કહે, "હવે મોહનું રૂપ કહીએ છીએ જે, બ્રહ્માથી લઈને સૌને લોહીમાં મોહ થાય છે, એકલું કરકું હોય કે પત ઝરતું હોય તો ન થાય. જીવમાત્રને કરકે નજર છે."

જોને ચીલ ચડે આસમાને રે, નજર તેની નીચી છે;
દેખી મારણને મન માને રે, અન્ય જોવા આંખ મીંચી છે.
(કીર્તન મુક્તાવલિ : ૧૦૪૧)

જેમ સુખડ ઘસીને ભગવાનને ચડાવે છે તેમ દેહને ઘસીને કરકાને ચડાવે છે અને આ જીવ ચામડિયો છે ને ચમારને ઘેર અવતર્યો હોય તો ત્યાં પણ આનંદ ને ત્યાં કુંડ રાત્ય-દિ' ગંધાય. એમ આ દેહ પણ ચમારના કુંડ જેવો છે, તેમાં જીવ આનંદ કરીને બેઠો છે, પણ ગીંગોડાની ઘોડચે ગુલાબની સુગંધી લિયે નહિ અને આ દેહમાં તો હાડકાં, પરુ, પાચ, લાળ ને લીંટ ભર્યાં છે ને નવદ્વારે નરક ઝરે છે ને કેવળ નરકની કોથળી છે ને ઉપર ચર્મ મઢ્યું છે ને ક્ષણભંગુર કહ્યો છે; માટે કાંઈ જ માલ નથી. તેમાંથી હેત તોડીને આત્મામાં કરવું, જેમ ઓલી સમડીએ માંસનો લોચો રાખ્યો હતો ત્યાં લગી એને બીજી બેએ ચાંચ મારી ને કરકોલી; પણ મૂકી દીધો તે ભેળી સૌ ગઈ. એમ આ દેહરૂપી લોચો મૂકીને સત્તામાત્ર થાવું તેમાં સુખ છે, ને દેહે કરીને તો પ્રભુ ભજી લેવાય એટલો તેમાં માલ છે.

(૫૪) જીવનો તો અવળો સ્વભાવ છે, તે ખાવું, રૂપિયા ને વિષય તેમાં જ મંડ્યો છે. જો રૂપિયા હોય તો તે ભાંગીને ઘઉં લેવા ને તે ખાઈને પ્રભુ ભજવા.

સો ઉપાય કરીને બાજરો ભેળો કરવો; તે ખેતીવાડી કરીને, ચાકરી કરીને કે સાથી રહીને પણ તે એકવાર તો ભેળો કરવો. પછી હાયવોય ન કરવી ને ભગવાન ભજવા અને તેમ ન કરો તો આ મંદિરમાં બાજરો ઘણો સડી જાય છે, તે ચાર મહિના રહીને પણ ભગવાન ભજવા આવજો.પછી આવો સમાગમ નહિ મળે ને ઉત્તમ વક્તા છે ત્યાં સમાગમ કરી લેજો ને પછી તો ચીજું ખાધી હોય તે સંભારવી. તે મહારાજે 'શિક્ષાપત્રી'માં કહ્યું છે ને 'વચનામૃત'માં પણ કહ્યું છે જે, ''સમાગમ વિના જ્ઞાન ન આવે.'' ને દેશકાળાદિક આઠમાં સંગને અધિક કહ્યો છે. તે ઓલ્યાં સાત ભૂંડાં હોય ને એક સંગ સારો હોય તો મોટાપુરુષ સારાં કરી દિયે. માટે વારંવાર સંગ કરવો, તેમાં સર્વે વાત આવી જાય.

(૫૫) જે જેને વા'લું હોય તે શિષ્યને દિયે છે ને બાપને સ્ત્રી હૈયામાં છે તો તે છોકરાના હૈયામાં ઘાલી દિયે છે. એમ સાધુને વા'લા ભગવાન તે જીવના હૈયામાં ઘાલી દિયે છે. ને જેમ ખાધા વિના ભૂખ જાય નહિ ને તાપ્યા વિના ટાઢ જાય નહિ ને સૂર્ય વિના અંધકાર જાય નહિ, તેમ સમાગમ વિના અજ્ઞાન જાય નહિ. ભણેલો હોય તે ભણાવે, પણ અભણ શું ભણાવે ? કેમ જે, એને મૂળમાંથી જ વિદ્યા નથી, તે આપે ક્યાંથી ?

જ્ઞાન, ધ્યાન, ગુરુ બિન, મિલે નાહીં કાહું ઠોર,
ગુરુ બિન આતમ - વિચાર કિત પાવહિ;
(કીર્તન મુક્તાવલિ : ગુરુ કો અંગ)

તેમ સદ્‌ગુરુ વિના કાંઈ નથી થાતું.

તીન તાપ કી <u>ઝાલ</u>, જર્યો પ્રાની કોઉ આવે;
તાકુ શીતલ કરત, તુરત દિલ દાહ મિટાવે.
(બ્રહ્માનંદ કાવ્ય : ૭૫૬)

એ સવૈયો બોલીને કહે, 'એવા સાધુનો સમાગમ કર્યે છૂટકો છે તે કરવો.

अर्थं साधयामि वा देहं पातयामि ।

અર્થ :- 'મારો ધાર્યો અર્થ હું સિદ્ધ કરીશ અથવા દેહનો પાત (નાશ) કરીશ', એવો અડગ નિશ્ચય હોવો જો'એ (જોઈએ). પણ એમ કરવો, ત્યારે રાજી થાય છે. તે સમાગમે તો એટલો ફેર પડ્યે, જેમ કાર્તિકસ્વામીએ પૃથ્વીની પરિક્રમા કરી ને ગણપતિએ પાર્વતીને કહ્યેથી ગાયની કરી તે પણ પૃથ્વીની થઈ. જુઓ કેટલો ફેર પડ્યો ? ને કરોડ્ય જન્મ સુધી અંતર્દષ્ટિ કર્યે ને ન થાય તેટલું એક મહિનામાં થાય, એવું આ

સમાગમમાં બળ છે; માટે અમારો તો એ સિદ્ધાંત છે.' ને મહારાજે પણ કહ્યું જે, ''કો'ક મિષ લઈને આવા સાધુના મધ્યમાં જન્મ ધરવો એમ ઇચ્છીએ છીએ.'' તે એવો જન્મ તો આપણે જ ધર્યો છે.

(૫૬) આ ભગવાન બહુ મોટા પ્રગટ થયા ! તે બીજા અવતાર જેવા તો એના સાધુ ને સત્સંગી દ્વારે ચમત્કાર જણાવ્યા ને પોતે જે નરનારાયણનું લખ્યું છે, તે તો જેમ કો'ક અજાણે ગામ જાવું હોય તે ભોમિયો લિયે, તેમ પોતે કોઈવાર આવેલ નહિ ને એનો ભરતખંડ કે'વાય માટે એને ભોમિયા લીધા છે. એ મનુષ્યપણાનો ભાવ છે એમ જાણવું; એમ મહારાજે પણ કહ્યું છે. ને આ વાત તો બધી નવીન છે; સાધુ નવીન, નિયમ નવીન તે મહારાજ કહે, ''આ નિયમ ને સાધુ એ બે અમે અક્ષરધામમાંથી લાવ્યા છીએ.''(વચ.જેતલ.૫)

(૫૭) સ્વામીને ભોગવવાનાં પદાર્થ તે સેવક ન ભોગવે. તે જ્યારે રામચંદ્રજી ધરતીએ સૂતા ત્યારે ભરતજી એક હાથ ધરતી ખોદીને સૂવે. ને શિવજી પણ ભગવાનને ભોગવવાનાં પદાર્થ પોતે નથી ભોગવતા. ને સંગનો ભેદ કહ્યો જે, 'એક ઊખેડે ને એક ચોંટાડે.'

(૫૮) આ સત્સંગમાં ત્રણ્ય પ્રકાર છે. જે સત્સંગી હોય તેને કુસંગી કરી નાખે ને અંતર્દષ્ટિ કરતો હોય તો બાહ્યદષ્ટિ કરાવે ને વે'વારમાંથી ઉદાસ હોય તો તેમાં ચોંટાડે, એવા પણ મંદિરમાં છે; માટે એને ઓળખીને ત્યાગ કરવો. એક તો <u>ઇન્દ્રિયારામ</u> ને એક <u>અર્થારામ</u> એવા છે ને જો તે બેની વચ્ચે કોઈ પથારી કર્યે તો છ મહિના થાય ત્યાં વિમુખ કરી નાખે. તેને પણ ઓળખીને તેનો સંગ ન કરવો ને કરવો તો ગરાસિયાની <u>ઘોડચે</u> અંતર મળવા દેવું નહિ ને અર્થારામ સાથે અંતર મળ્યું કે ભૂંડું થયું. એ બેયને મૂકીને આપણે તો આત્મારામ થાવું. (વચ.લોયા.૬)

(૫૯) ખાધાનું, પથારી, ચેલા ને પદાર્થ તેને અર્થે જે ઉદ્યમ એ કાંઈ સાધુનો મારગ નહિ. એ મારગ ચૂક્યા, ને <u>વેળ વળી ગઈ</u> તે માટે જ્ઞાન શીખવું; તે વિના બીજું કાંઈ રાત્રિપ્રલયમાં નહિ રહે. ને જ્ઞાન તો મહાપ્રલયમાં પણ જાવાનું નહિ ને તે જ્ઞાન તો આપણને છે. આ આમાં આટલું રહ્યા છીએ ખરા, પણ વનમાં રહીએ તો પણ સુખ રહે, ને એક ટાણું રોટલા જો'એ ને એક ગોદડી હોય તો બીજું વસ્ત્ર ન જો'એ; ને વનમાં રે'તા ત્યારે આ ગોદડીભર રે'તા. તેમાં ટાઢ્ય હરે, તડકો હરે ને <u>વરસાદ પણ બે પછેડીવા હરે</u>, પછી શું જો'એ ? એવા સ્વભાવ પાડ્યા હોય ત્યારે, નીકર તો જેમ, નાગને છેડે તેમ થાય;

જેનું રે મન વન વાંછતું, અતિ રે'તા ઉદાસજી.
જેને રે જાગ્ય આગ્ય લાગતી, ગમતું નહિ સજ્યા ઘરજી;
તેને રે આસનથી ઊઠાડતાં, જાણે જગાડયો મણિધરજી. જેનું૦
(કીર્તન મુક્તાવલિ : ૪૮૪)

**માટે જ્ઞાન શીખવું.**

**(૬૦) જેમ ભગવાન કર્યે તેમ થાય. આ અમને કઠોદર થયું હતું તે કોઈને ન મટે ને તે મટયું. ને આવરદા પણ પચીસ વરસ થયાં નથી ને આ બે વરસ થયાં એટલે સંવત ૧૯૧૮ના કાર્તિકમાં મોત આવીને પાછું ગયું; તે જેમ ભગવાનને ગમતું હશે તેમ થાશે.**

**(૬૧) જેને આ સત્સંગ મળ્યો તેના પુણ્યનો પારાવાર નથી ને આ સમાગમનું ફળ તો આગળ અવિનાશી મળશે ને અજ્ઞાને કરીને તો એમ થાય, તે શું? જે, ખટરસમાં રહ્યા ને જલેબીમાં ગયા, પણ આજ્ઞા કર્યે તેમ રે'વું તે,**

થર થર ધ્રૂજત રહે વચન મેં શશીયર સૂરા,
થર થર ધ્રૂજત રહે રેનદિન કાલ હજૂરા;
(મુક્તાનંદ કાવ્ય : મુકુન્દ બાવની-૩૩)

**માટે આજ્ઞામાં સુખ છે, કર્મવશ કરવું પડચે છે તે કરતાં જો આજ્ઞાએ કર્યે તો એના જીવમાં સુખ થાય.**

**(૬૨) આ ભગવાન તો જેમ**

કિયાં જીવ કિયાં જગદીશ, જાણો જૂજવી એ જાત છે રે;
કિયાં કીડી કરી મેળાપ, ભેળો થાવા ભેરે ભેદ છે રે;
કિયાં પૂર્ણ પુરુષોત્તમ આપ, કિયાં જીવ જેને બહુ કેદ છે રે.
(કીર્તન મુક્તાવલિ : ૧૦૫૮)

**એવા મળ્યા છે; માટે સો વાતનું ગમતું મૂકીને આજ્ઞા પ્રમાણે વરતવું.**

સો માથાં જાતાં રે સોંઘા છોગાળા,

**બીજું,**

એક શિરકે વાસ્તે ક્યું ડરતે હે ગમાર ?

**હવે ખરેખરું મંડવું.**

રે ધરિયાં અંતર ગિરિધારી, શું કરશે ઘોળ્યાં હવે સંસારી.
રે જો પડથી પાછી આવે, રે લાજ તજી મન લલચાવે,
તે સતી મટીને કુત્તી કા'વે. રે ધરિ૦
(કીર્તન મુક્તાવલિ : ૪૧૧)

એ કીર્તનો બોલી કહે, 'એમ પાછા પગ ભર્યે (ભરે) થાય ? તે સારુ સન્મુખના લેવા.'

(૬૩) શાસ્ત્રમાં મુખ્ય અહિંસા ને બ્રહ્મચર્ય એ બે ધર્મ કહ્યા છે. તે અહિંસા તે શું ? તો કાંઈક પદાર્થ જો'તું હોય ને ગૃહસ્થ પાસે માગીએ ને તેનાથી ન અપાય તો હિંસા થઈ ને કોઈ પદાર્થ ન જો'એ ત્યારે અહિંસા પળે ને કોઈએય ન કચવાય તે અહિંસા. ને બ્રહ્મચર્ય તો નેત્ર, કાન, નાક, હાથ, પગ, આદિક અંગ સાચવીએ ત્યારે પળે. ને હાથ, પગ આદિક ઇન્દ્રિયું સહિત આવો દેહ ક્યાંથી મળે ? આ તો ભગવાનને ભજ્યાનો સાજ છે. તે વૃથા ખોઈ નાખવો નહિ; લેખે લગાડે તેને ડાહ્યો કહ્યો છે, નીકર તો પશુ જેવો જાણવો અને આ દેહ તો હમણાં પડ્યો જાણવો ને જેમ આ ઘડિયાળના ડંકા વાગે છે, તેમ કાળ આવરદાને ખાઈ જાય છે, પણ આ જીવ તો ભૂલી ગયો છે, તે ઉપર

ગર્ભમાંહી શું કહીને તું આવ્યોરે, પ્રાણી તે સંકટ વિસરાવ્યો રે.

(કીર્તનસાર સાગર : ૨૧૬)

એ કીર્તન બોલાવીને કહે, 'શું પછી લાકડી લઈને મારે ? ને જીવ તો જાણે છે જે, આ બધું કો'કને માથે છે, પણ એમ નથી જાણતો જે, મારે જ માથે છે ને ગર્ભવાસ, જન્મ, મરણ, ચોરાશી એ તો ઊભાં જ છે, માટે આવો સમાગમ કરીને એને ટાળી નાખવાં ત્યારે નિર્ભય થાવાય.' (વચ.પં.૧)

(૬૪) મહારાજ કહે, "અમને બુદ્ધિવાળો ગમે છે કેમ જે, એને સત્ય-અસત્યનો વિવેક આવડે ને કાર્યાકાર્ય, ભયાભય, બંધમોક્ષ, એને જાણે જે, આ તે કરવું ને આ ન કરવું ને આમાંથી બંધન થાશે ને આમાંથી મોક્ષ થાશે." તે કૃપાનંદસ્વામી સરખા તો ચિકિત્સા કર્યે જે, એમાંથી આ થાશે.

(વચ.ગ.પ્ર.૧૬-૧૮-૫૦)

(૬૫) મોટાનો અવગુણ લિયે તેનું બહુ ભૂંડું થાય ને પોતામાં તો અનેક અવગુણ હોય. તે એક સાધુ રોજ શાક વઘારે ને એક દિ' આત્માનંદ સ્વામી માંદા હતા તેમણે કહ્યું કે, 'શાક કરો.' ત્યારે ઓલ્યે સૌ આગળ 'હો હો' કર્યું. તે વાત મહારાજ પાસે ગઈ એટલે કહે, "અહો ! એણે એના જીવનું બહુ ભૂંડું કર્યું જે, મોટા સાધુમાં અવગુણ પરઠ્યો." ને મુક્તાનંદસ્વામી જમતા હતા, તે એક જણે એમ ચિંતવ્યું જે, 'આ મોટા સાધુ આમ કેમ જમે છે ?' પછી એ જે અન્ન દેખે તે કીડા જ દેખાય. તે પંદર દિ' લગી એમ થયું. પછી દાંતે તરણાં લઈને પગે લાગ્યો,

ત્યારે સમું થયું. તે માટે કોઈ સાધુનો અવગુણ ન લેવો. અરે ! કેટલાક તો ગોપાળાનંદ સ્વામીની વાત ખોટી એમ કે'તા તે ગયા, તે પણ દીઠા.

(૬૬) કરોડ્ય રૂપિયા હશે તે કાંઈ કામ નહિ આવે, તે જ્યાં હશે ત્યાં એમ થાશે ને એમ જાશે. ને આગ્રામાં અઢાર કરોડ્ય રૂપિયાનું કબ્રસ્તાન કર્યું છે; પણ એટલા રૂપિયાના ઘઉં લઈને ભગવાન ભજ્યા હોય ને કથા કરી હોય, તો કેટલી થાય ? ઘણીય, સાંતી તો સો વધારીએ; પણ એણે શું થાય? દુ:ખ થાય, એ સાધુનો મારગ નહિ. ને કથાએ તો કેટલો સમાસ થાય જે, ઓલી છાવણીમાં કેટલીય નોખી રસોઈઉં (રસોઈઓ) નીકળી ગઈ, નોખાં આસન ગયાં, એમ પડઘા પડ્યે અને દ્રવ્ય તો ભેળું કર્યું કે આપ્યું તે રે'તું નથી, નસીબમાં હોય તો રહે; માટે નિષ્કામી થાવું, નિર્લોભી થાવું, નિ:સ્વાદી થાવું ત્યારે ભગવાન રાજી થાય.

(૬૭) આ સમાગમ મળ્યો છે તે કો'ક પૂર્વનો સંસ્કાર ભારે છે, તો સમાગમ કરવા સારુ આવ્યા છો ને જે નથી આવતા તેને ભારે પાપ છે. આનું ફળ તો આજ, કાલ, મહિને કે વરસે પણ મળશે ને સમાસ ઘણો કરશે ને કો'ક જાણતા હશે જે કરીએ છીએ ને કેમ કાંઈ થાતું નથી ? પણ આ તો મેળવણ નાખીએ છીએ, તે દહીં થઈને ઘી તો વલોવ્યા પછી નીકળશે ને આ વાત તો બહુ દુર્લભ છે. ને આ સત્સંગ તો ઘણો થયો છે ને સર્વ પૃથ્વીનાં માણસ સત્સંગ કરશે, પણ આવા કે'નારા ક્યાંથી મળશે ! ને રૂપિયા તો ગાડે ગાડે આવશે ને હવેલીઉં (હવેલીઓ) પણ થાશે, પણ આ નહિ મળે ! ને હવે તો કોઈ વાતની કલ્પના રાખવી નહિ. ને આ જીવ સમજવા મંડ્યો તે દિ'થી આજ સુધી ખેડ કરી, વેપાર કર્યો, તો પણ રોટલા ને દાળ મળે છે; પણ રૂપિયાનો ઢગલો ભરાણો નહિ, માટે શ્યા સારુ ઝાઝું કરીએ ? અને કો'ક દિ' ઢગલો મળે તો શું થાય ? દુ:ખ થાય. તે માટે આપણને જે ભગવાન મળ્યા છે તે કરશે તે થાશે. ને દાળ, રોટલા ને વસ્ત્ર તો ગળામાં લીધાં છે તે દેશે. ને મોર્યે તો કટક, ધાડાં, મિયાણાં ને માળિયાના હાટી કંઈક લૂંટી લેતા ને ખાવા અન્ન મળતું નહિ ને કાળ પડતા ને કાં તો ટીડડાં, ઉંદર ને રોગ એ પણ કંઈ કંઈ આવતાં, એવાં મહા દુ:ખ આવતાં. ને આવું સાનુકૂળ તો કોઈ દિ' આવ્યું નહોતું એમ જણાય છે.

માટે ભગવાન ભજ્યાનો લાગ તો આજ જ છે. અરે ! અમે બાવીસ વરસ વનમાં રહ્યા તે ત્રણ્ય દહાડે અન્ન મળે ને ટાઢ્ય, તડકો, વરસાદ ને હિમમાં પડ્યા રે'તા ને ઓઘામાં રે'તા ને એક ગોદડીભેર રે'તા, એવાં દુ:ખ સહન કર્યાં છે અને અધ્યાતમ, અધિભૂત ને અધિદૈવ એ ત્રિવિધિ તાપનું રૂપ કર્યું જે, 'અધ્યાત્મ તો એ

જે, આ દેહમાં રોગ આવે; અધિભૂત જે, સાપ, સાવજ આદિક પરથી દુ:ખ થાય ને અધિદૈવ જે, ટીડ, ઉંદર આદિક દેવતાસંબંધી દુ:ખ થાય; તે એ ભગવાન ભજે તો મટે ને ખરેખરું ભજે તો આમ આપણા સામું જોઈ રહે એવા ભગવાન દયાળુ છે.' તે ઉપર વાત કરી જે, શ્રીકૃષ્ણે કહ્યું છે જે, 'છપ્પનકોટિ જાદવ, લક્ષ્મી આદિક પટરાણીઓ ને આ મારો દેહ, જેવો વા'લો નથી તેવા ઉદ્ધવ મુને પ્રિય છે.' એમ દયા કર્યે છે, માટે એવું થાવું.

(૬૮) ગાડી સારુ જે આશા રાખે છે તેમાં શું છે ? તેણે ભજન તો થાતું નથી અને અકળાય છે;

એક બા'વરો બેસાર્યો વળી વા'ણે (વહાણે) રે,
(કીર્તન મુક્તાવલિ : ભાગ-૨ /૧૨)

એમ ન કરવું, એનું તો મોટા સાધુને પૂછવું જે, 'મુને આમ થાય છે, તે મારા જીવનું સારું થાય તેમ કહો.'

હું બલિહારી એ વૈરાગને, ઉપન્યો જેને અંગજી.
(કીર્તન મુક્તાવલિ : ૪૭૯)

''અહો ! હું કોણ ?'' એમ વિચારવું, એવો ઠરાવ કરવો તે ખરો કે'વાય.

(૬૯) આ શરીર તો માટીનો ઢગલો છે, તે સાજું હોય ત્યાં સુધી કીર્તન કે ભજન થાય. ને,

शनैः पन्थाः शनैः कन्था शनैः पर्वतमस्तके ।
शनै र्विद्या शनैर्वित्तं पञ्चैतानि शनैः शनैः ॥
(સુભાષિત રત્નમાલા : ૧૫૬/૧૨૬)

અર્થ :- રસ્તા ઉપર ધીમે ધીમે ચાલવું, ધીમે ધીમે કપડાં પહેરવાં, પર્વત ઉપર ધીમે ધીમે ચઢવું, વિદ્યા ધીમે ધીમે મેળવવી, ધન પણ ધીમે ધીમે મેળવવું. આ પાંચેય ધીરે ધીરે કરવાં. અને જેમ રાજાના દીકરાને એક દિ' ઝાઝું ખવરાવે તેમાં મોટો ન થાય ને રોજ ભૂખ પ્રમાણે ખવરાવે તો વધે; એમ જ્ઞાન પણ ધીરે ધીરે સમાગમે થાય છે. ને જોગ વિના રસોઈ થાય નહિ, એમ જોગ વિના પ્રભુ ભજાય નહિ. ને જે વાતુ સાંભળે તે વૃદ્ધિ પામે. ને ઝાઝું ખાય તો ઊંઘ ઝાઝી આવે અને શું કાંઈ ખાઈ ખાઈને સૂઈ રે'વાને ભેળા થયા છીએ ? તે આજ-કાલ, મહિને કે છ મહિને સાધુનો સમાગમ કર્યે જ છૂટકો છે.

(૭૦) ગુજરાતમાં તળ સુધી ખોદીએ તો તેમાં પાણો નહિ ને આ

દેશમાં પે'લે (પહેલે) ઘાએ જ પાણો. એમ આત્મનિષ્ઠાનો મારગ તે પાણા વિનાનો છે ને બીજા મારગમાં તો પાણા છે અને આપણે તો 'આત્મા' મોઢેથી શીખીને કથનમાત્ર થયા છીએ; તે આ ઘડી જો ચીભડાંનું, કેરીનું કે તુંબડાંનું ગાડું આવે તો આત્માપણું રહે નહિ ને ટાણે (આત્મા) રહે એ ખરો. ને જ્ઞાને કરીને એમ થાવું જે, "જડ, દુઃખ ને મિથ્યા એવું જે દેહ તે હું નહિ ને હું તો સચ્ચિદાનંદ છું, આત્માનંદ છું, અખંડાનંદ છું ને અક્ષર છું." ને રજોગુણ, તમોગુણ ભેળું ભળી જાવું નહિ, નિર્ગુણ થાવું. એ ઉપર

परिनिष्ठितोऽपि नैर्गुण्ये उत्तमश्लोक-लीलया ।
गृहीतचेता राजर्षे आख्यानं यदधीतवान् ॥
(શ્રીમદ્ ભાગવત : ૨/૧/૯)

અર્થ :- હે પરીક્ષિત રાજા ! હું (શુકજી) જો કે નિર્ગુણ સ્થિતિને પામેલો હતો છતાં ભગવાનની ઉત્તમ લીલાવડે ચિત્ત ખેંચાવાથી ભાગવત જેવો મોટો ગ્રંથ ભણ્યો હતો. એ શ્લોક બોલીને કહ્યું જે, 'આગળથી તો એવી વાતુ કર્યે ને જ્યારે જોગ આવે ત્યારે આસનસારુ કે ખાધાસારુ બખેડો થાય તે ઠીક નહિ.' (જુઓ પ્રકરણ ૧૨ ની વાત ૧૭૨)

(૭૧) ગૃહસ્થને તો આમ સમજવું જે, કોઈ વાતની ચિંતા ન રાખવી. આમ થાય તો ઠીક, એમ ન કરવું. અને સહેજે જો'એ તેટલું દ્રવ્ય પેદા કરવું, પણ ઝાઝું થાય એમાં તો કાંઈ સુખ નહિ. તે ચાર જણ હતા તે રોજ, 'દ્રવ્ય થાઓ, દ્રવ્ય થાઓ.' એમ રટણ કર્યે. ત્યારે આકાશવાણી થઈ જે, 'ભાઈ, દ્રવ્ય મળશે તો ઘણું દુઃખ થાશે.' ત્યારે કહે, 'બ્રહ્માંડમાં જેટલું દુઃખ હોય એટલું અમને થાઓ, પણ દ્રવ્ય મળો.' ત્યારે કહે, 'ઠીક.' પછી ચારમણ સોનું રસ્તામાંથી મળ્યું. તે બબ્બે જણ સંપ્યા જે, ઓલ્યા બેયને મારી નાખીએ તો બબ્બેમણ સોનું આવે.

પછી ઓલ્યા બેયને ગામમાં મોકલ્યા ને કહે જે, 'તમે લાડવા કરીને લાવો તે જમીએ.' પછી એમ ધાર્યું જે, એ બેયને પાણી ભરવા વાવ્યમાં મોકલીને પાણા નાખીને મારી નાખશું. જે લાડવા લેવા ગયા, તે બેય જણ પણ સંપ્યા જે, ઓલ્યા બેયને ઝેરના લાડવા ખવરાવીને મારી નાખીએ તો આપણે બબ્બેમણ સોનું રહે. પછી ઝેરના લાડવા ચુચવતા કરાવ્યા ને પોતા સારુ સાધારણ કરાવ્યા તે લઈને ગયા. એટલે ઓલ્યા કહે, 'વાવ્યમાંથી પાણી ભરી આવો, પછી જમીએ.' ત્યારે તે બે જણા વાવ્યમાં પાણી ભરવા ગયા, તેને પાણા નાખીને મારી નાખ્યા. પછી ઓલ્યા

બે જણ નિરાંતે ખાવા બેઠા ને લાડવા તપાસે ત્યાં તો બે જાતના દીઠા. તે કહે, 'જો ! પોતા સારુ સારા કર્યા છે ! હવે તે આપણે ખાઈએ.' પછી ખાધા, એટલે તે પણ ખાઈને મરી ગયા ને સોનું પડ્યું રહ્યું. જુઓને એ સુખ ! આ એમ થાય છે ! માટે એ વસ્તુ જ ભૂંડી છે, તે જ્યાં જાય ત્યાં ભૂંડું જ કર્યે.

(૭૨) અમદાવાદમાં એક એંશી વરસના વાણિયાને છોકરો થયો તે ગાંડો થઈ ગયો; એમ કેટલાક થઈ જાય છે. માટે ભગવાન ભજવા તેમાં સો સો વિચાર જો'એ (જોઈએ) ને વેપાર કર્યે તેમાં ખોટચ પણ જાય, વૃદ્ધિ પણ થાય, વિવાહ પણ થાય ને કાયટું પણ થાય, તે બધું વિચાર્યું જો'એ ને જે થાય તેનો હરખ પણ ન કરવો ને શોક પણ ન કરવો ને શોક કર્યે તો જ્ઞાન સ્રવી જાય ને સત્સંગમાંથી પાછું પડી જવાય; બુદ્ધિમાં જાડચતા (જડતા) આવી જાય ને તમોગુણ વૃદ્ધિ પામી જાય ને કલેશે કરીને તો ગોળાનું પાણી સુકાઈ જાય છે. તે માટે જે જે ધંધો કરો તેમાં એમ કે'વું જે, આપણે આંહીં રે'વું નથી, એટલે એ નાશ થઈ જાય. અરે ! દ્રવ્ય સારુ તો ઓલ્યો શ્લોક છે જે,

भूमिर्यातु रसातलं गुणगणस्तस्याप्यधो गच्छतु
शीलं शैलतटात्पतत्वभिजनः सन्दह्यतां वह्निना ।
शौर्यं वैरिणि वज्रमाशु निपतत्वर्थोऽस्तु नः केवलं
येनैकेन विना गुणास्तृणलवप्रायाः समस्ता इमे ॥

(નીતિશતક : શ્લોક ૩૯)

અર્થ :- ભૂમિ રસાતાળમાં જાઓ, ગુણનો સમૂહ તેથી પણ નીચે જાઓ, શીલ પર્વત પરથી પડો, કુલીનપણું અગ્નિવડે બળી જાઓ અને વૈરી શૂરતા ઉપર તત્કાળ વજ્ર પડો; અમારે તો પૈસો જ પ્રાપ્ત થાઓ; કેમ કે પૈસા વગરના સર્વ ગુણ તૃણ જેવા તુચ્છ છે. **એમ ન કરવું.**

(૭૩) બજારમાં ને પાડોશમાં વિષયના ઢોલ વાગે છે તે સાચવવું, નીકર નાક કપાઈ જાશે. ઓલ્યા કેશોદવાળાને સાઠચ હજાર કોરી દંડ ભરવો પડચો. તેની સાઠચ બાયડી થઈ, તે કરી હોત તો ધર્મ ન લોપાત. માટે ધર્મ લોપ્યે આમ થાય છે; માટે ધર્મ રાખીને પ્રભુ ભજવા અને મોટો અન્નકૂટ કર્યો ત્યારે ભક્તિમાતાએ પ્રત્યક્ષ દર્શન આપ્યાં. ત્યારે બાઈઉં (બાઈઓ) કહે, 'મહારાજ ! આ ભક્તિમાતા આવ્યાં છે.' ત્યારે કહે, "રાખો, ને જાઓ પૂછો જે, રે'શો ?" પછી એમ કહ્યું એટલે કહે, 'હું તો પતિવ્રતા છું, તે જો ધર્મ રાખો તો હું રહું.' પછી મહારાજ કહે, "જો ધર્મ રાખશો તો ભક્તિ રે'શે." માટે આપણે પણ સૌ ત્યાગી-

ગૃહસ્થ જો ધર્મ રાખશું તો ભક્તિ રે'શે; એમ સિદ્ધાંત છે.

(૭૪) એકલિયાની પણ કાળાખરીઉં (કાળાખરીઓ) ચાલી આવે છે. તે સારુ ભલે વે'વાર થોડો થાય; પણ એકલિયા ઝાઝા કરવા નહિ. અને

अर्थी दोषान् न पश्यति । (સુવાક્ય)

અર્થ :- લાલચુ માણસ વિષયોના દોષને જોતો નથી. એમ છે. બબ્બે, ત્રણ્ય-ત્રણ્ય વરસ સુધી ફરવા કાઢે છે, તેમાં પણ તેનાં અંતર ફરી જાય છે; તેની ફિકર રાખવી ને વારંવાર ભેળા કરીને વાતુ કરીએ ત્યારે ઠીક રહે, તે પણ જાણ્યું જો'એ. ને ગૃહસ્થને બાઈડી, છોકરો, રૂપિયા ને ખાવું એ બંધનકારી ને ત્યાગીને દેહ, ઇન્દ્રિયું, ચેલો ને ખાવું એ બંધનકારી, માટે એમાં લેવાવું નહિ.

(૭૫) વારંવાર અંતર્દષ્ટિ કરવી જે, આ તે હું શું કરવા આવ્યો છું ને શું થાય છે ? ને દેહ ઉન્મત્ત છે, ઇન્દ્રિયું ઉન્મત્ત છે તે સારુ પ્રથમ ભક્તિ કરવી; કેમ જે, મહારાજ ભક્તિવાળા ઉપર બહુ રાજી થાતા ને થાળ આપતા અને ભક્તિએ કરીને, વ્રત-ઉપવાસે કરીને, તપે કરીને, નિર્દય થકો ઇન્દ્રિયુંને ને દેહને દંડ દેવો, ત્યારે ભગવાન ભજવા દિયે છે ને ભગવાન રાજી થાય છે. ને પ્રકૃતિપુરુષ સુધી પંચવિષયરૂપી હોળી લાગી છે, તે કૂટે છે; માટે મહારાજ કહે "પંચવિષયરૂપી પાતાળ ફાટચાં છે તે પાણીએ ભરવા માંડે પણ ભરાય નહિ."

વેરી ઘરમાંહી તેરે, જાનત સનેહિ મેરે.

તે માટે માયિક ધૂડચ જેવા પંચવિષયનો ત્યાગ કરી દેવો ને આ ને આ દેહે ખોટા કરી નાખવા ને મળવત્ કરીને સર્વેને નાશવંત ને તુચ્છ જાણવા. એવી રીત્યે દેહ, લોક, ભોગ, દેવતાના લોક એ સર્વેનો નિષેધ કરવો; તેણે કરીને વૈરાગ્યને પમાય છે ને તેને પામીને અંતર્દષ્ટિ કરવી, આ લોકમાં શ્યો માલ છે ! ને આ વાડી લીધી છે, તે શું ? પાણા ને કાંટા છે, અમને તો કાંઈ માલ જણાણો નહિ, પણ આ બજારના કાંટા કરતાં એ સારા છે અને શહેર સેવ્યે કરીને પણ બુદ્ધિ બહુ જ ભ્રષ્ટ થઈ જાય છે ને શહેર કરતાં ગામડું સારું; કેમ જે, ગામડામાં એકવાર હોળી અને શહેરમાં બારે માસ હોળી ને બારે માસ દિવાળી. ને ગામડામાં વિવાહ હોય ત્યારે વિવાહ ને શહેરમાં બારે માસ વિવાહ; પણ એમાં કાંઈ માલ નથી. (વચ.પં.૧)

(૭૬) ભગવાન ભજવામાં સુખ છે ને જે જે થાય છે તે સંસ્કારે થાય છે. તે શિવલાલને પો'ર-દોઢ પો'ર ધ્યાનમાં બેસાય ને અભેસિંહજીને બે પો'રનું ધ્યાન; તે ચાહે તે કામ આવે, પણ બેસે એવું નિયમ. ત્યારે એ બધું સંસ્કાર ને આ

**મોટા સાધુની દૃષ્ટિ.**

**(૭૭) ગોપાળાનંદસ્વામીની વાતમાં એમ છે જે, 'મુમુક્ષુવિના સાધુ ન ઓળખાય.' એમ અમદાવાદના એક સાધુ આગળ કહ્યું ને પછી બોલ્યા જે, ''સંસ્કાર વિના કાંઈ થાય નહિ. તે જુઓને ! આપણે પણ સંસ્કારે ભેળા થયા છીએ. ને મેં એક કણબી વાડીમાં હતો તેને કહ્યું જે, '*પટેલ ભગવાન ભજશો ?' ત્યારે કહે, 'હા.' ત્યારે કહ્યું જે, 'ચાલોને આંહીં નદીએ, અમારા મોટા સાધુ કૃપાનંદસ્વામી આવ્યા છે.' પછી ત્યાં જઈને વર્તમાન ધરાવ્યાં. તે સાધુ થઈને મણિ જેવા થયા. તે એમ સંસ્કારે વાત થાય છે.'' એમ કહીને ગોડી જે,**

સુખદાયક રે, સાચા સંતનો સંગ, સંત સમાગમ કીજીએ.
(કીર્તન મુક્તાવલિ : ૭૦૬)

**એ પદ બોલાવ્યાં.**

**(૭૮) 'સત્સંગીજીવન'નું સાર મહારાજે**

**श्री वासुदेवविमलामृतधामवासं, नारायणं नरकतारणनामधेयम् ।**
**श्यामं सितं द्विभुजमेव चतुर्भुजं च, त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ।।**

(સત્સંગિજીવન : શ્રી ધર્મનન્દનાષ્ટકમ્)

અર્થ :- દિવ્ય વિશુદ્ધ વાસુદેવરૂપી અક્ષરધામમાં નિવાસ કરનારા, નરકથી તારનારા, નારાયણ જેનું નામ છે, તેમ જ શ્યામ તથા શ્વેત વર્ણવાળા, હમેશાં બે ભુજાઓથી શોભનાર, કોઈવાર ચાર ભુજાથી શોભતા, ભક્તિ તથા ધર્મના પુત્ર- આપને હું શરણે જાઉં છું. **એ અષ્ટકમાં કહ્યું છે ને તેનું સાર છેલ્લો શ્લોક,**

**धर्मस्त्याज्यो न कैश्चित्स्वनिगमविहितो वासुदेवे च भक्ति-**
**र्दिव्याकारे विधेया सितघनमहसि ब्रह्मण्यैक्यं निजस्य ।**
**निश्चित्यैवान्यवस्तून्यणुमपि च रतिं संपरित्यज्य सन्त-**
**स्तन्माहात्म्याय सेव्या इति वदति निजान् धार्मिको नीलकण्ठः।।**

(સત્સંગિજીવન : શ્રી ધર્મનન્દનાષ્ટકમ્)

અર્થ :- 'કોઈએ પણ પોતાના ધર્મગ્રંથોમાં કહેલા ધર્મનો ત્યાગ ન કરવો જોઈએ, ભગવાન શ્રી વાસુદેવ કૃષ્ણના દિવ્ય સ્વરૂપની ભક્તિ કરવી જોઈએ. શ્વેત વાદળના તેજસમાન ઘનશ્યામ શ્રી કૃષ્ણરૂપ બ્રહ્મમાં પોતાની એકતાનો (અભેદનો) નિશ્ચય કરવો અને અન્ય વસ્તુ પર સહેજ પણ પ્રેમ હોય તો તેને ત્યજી દેવો. સંતનો મહિમા આપણને પણ પ્રાપ્ત થાય તે માટે સંતોની સેવા કરવી.' આ પ્રમાણે ધર્મપરાયણ નીલકંઠ મુનિ પોતાના ભક્તોને ઉપદેશ આપે છે. **એ છે; તે પ્રમાણે રહે તો બહુ સારો થાય. ને આશરો દૃઢ રાખવો,**

વ્યભિચારિણી ભક્તિ કરવી નહિ ને નિષ્કામી ભક્ત થાવું ને ઉત્તમ પતિવ્રતાનાં લક્ષણ તો કેને કહીએ જે, 'કોઈ દેવ-દેવી કે ઈશ્વરાદિકનો લગારે ભાર પડચે નહિ એવા ભક્ત', મહારાજ કહે, 'અમને બહુ ગમે છે.'

(૭૯) આ દેહે ભગવાનને ભજી લેવા ને દેહ તો હમણાં પડશે માટે આ વીજળીના ઝબકારામાં મોતી પરોવી લેવું, તેમ થોડામાં કામ કાઢી લેવું ને કોઈ વાતનો મમત કે પક્ષપાત ન રાખવો; કાં જે, એમાં બહુ ભૂંડું થાય છે.

(૮૦) દેશ કાંઈ કોઈના બાપના નથી; એ તો

श्रुतिर्विभिन्ना स्मृतयश्च भिन्ना नैको मुनिर्यस्य वचः प्रमाणम् ।
धर्मस्य तत्त्वं निहितं गुहायां महाजनो येन गतः स पन्थाः ॥

(સુભાષિતરત્નભાણ્ડાગાર : સામાન્યનીતિ -શ્લોક ૮૫૦)

અર્થ :- વેદોની શ્રુતિઓ વિભિન્ન છે. સ્મૃતિઓ (ધર્મશાસ્ત્રો) પણ ભિન્ન ભિન્ન છે. વળી એક પણ મુનિ એવો નથી કે જેનું વચન પ્રમાણભૂત ગણી શકાય અને વેદ નું સારભૂત તત્ત્વ તો ઊંડી ગુફામાં છૂપાયેલું છે; માટે મુમુક્ષુએ તો મોટાપુરુષ જે માર્ગે ચાલ્યા છે એ જ માર્ગને સાચો ગણી તેને અનુસરવું. મહારાજે જે લેખ કરી આપ્યા છે, તેમાં જોઈને તે પ્રમાણે વરતવું ને તેથી અધિક લેવા સારુ અરજીઉં (અરજીઓ) પડચે તો કલેશ વધુ વધે ને લાજ જાય ને ત્રીજો ફાવે. માટે ધર્મવરો, નામવરો લાવીને ભજન કરવું; પણ હજારો રૂપિયા આડી રીત્યે ન મેળવવા. તે 'કવલીને દોહીને કૂતરીને પાવું.' એમાં શું માલ છે ? ને એમ કરતાં જો રે'વાય નહિ તો પંચાતિયા કરવા, તે લેખ જોઈને તે પ્રમાણે કર્યે. ત્યારે કો'કે પૂછ્યું જે, 'તે પંચાતિયા વધુ-ઘટુ કર્યે તો ?' ત્યારે સ્વામી કહે, 'તેને પાપ લાગે. તે જો આણીકોર્ય વધુ કર્યે તો પણ પાપ લાગે ને ઓલીકોર્ય વધુ કર્યે તો પણ પાપ લાગે. તે 'કર્મવિપાક' ગ્રંથમાં કહ્યું છે જે, પંચ કર્યે જો અવળી પંચાત્ય તો તેને ક્ષય રોગ થાય. માટે એમ વિચારવું જે, કો'ક ગામ આમ રહ્યું, કે આમ ગયું તો શું ! ઝાઝા રૂપિયા હશે તો ક્યાં રહે એવા છે ! તે કોઈ ક્યાંય ને કોઈ ક્યાંય એ તો જાનારા જ, એ તો ચપળ માયા; તે રહે જ નહીં. તે ઝાઝા ભેળા કર્યે સુખ રહે નહિ અને આ લોક કજિયારૂપ છે, તે કજિયો થયા વગર રહે કેમ ? તે કો'કને ઘરમાં બાપ-દીકરાને, સ્ત્રી-પુરુષને, તેમ આપણે પણ વે'વાર છે ને ? તે થાય. ને વે'વારવાળાને પણ જાણવું જે, સ્ત્રી સાથે વિવાદ પણ ન કરવો, નીકર ઝેર દેશે; તેમ કોઈ રાજા સાથે કે બીજા કોઈ સાથે વિવાદ પણ ન કરવો. તે 'શિક્ષાપત્રી'માં જોજો;

ज्ञानवार्ताश्रुतिर्नार्या मुखात्कार्या न पूरुषैः ।
न विवादः स्त्रिया कार्यो न राज्ञा न च तज्जनैः ॥
(શિક્ષાપત્રી : ૩૪)

અર્થ :- સ્ત્રીની જોડે વાદવિવાદ ન કરવો. તેમને સમજાવવાં ઘણાં મુશ્કેલ છે માટે યુક્તિથી કામ લેવું. તેમને મોટાં બનાવીને કામ લેવું. એમ લખ્યું છે. માટે તે પણ જાણ્યું જો'એ, નીકર પછી દુ:ખ આવે; માટે તેમ ન કરવું. એ આદિક ઘણી વાતુ અમદાવાદના સાધુ આગળ કરી.

(૮૧) સંચિત, ક્રિયમાણ ને પ્રારબ્ધ તે પણ જાણવું, તે નિયમ ધર્યાં તે દિ'થી સંચિત જે પૂર્વે કર્યાં પાપ તે બળી જાય ને ક્રિયમાણ કરવું નહિ ને પ્રારબ્ધ ભોગવવું પડ્યે તેમાં મૂંઝાવું નહિ. ને જો તે પ્રારબ્ધ ન ભોગવાવે તો દેહ છૂટી જાય; કેમ જે, પ્રારબ્ધે કરીને તો દેહ બંધાણું છે, માટે ભોગવવાં તે શૂળીનું કષ્ટ કાંટે ઉગારે. પછી સાધુ તથા હરિભક્ત સર્વેએ કહ્યું જે, 'અહો ! બહુ વાતુ થાય છે, આ પ્રમાણે રહે તો કાંઈ દુ:ખ જ આવે નહિ.' પછી સ્વામી કહે જે, 'હું એકે ધારતો નથી, આફુરડું માંહેથી કે'વાય છે.' ત્યારે સાધુ કહે, 'ભગવાન પ્રવેશ કરીને બોલાવે છે.' તો કહે, 'હા એમ જ છે, તે જુઓને એમ થાય છે.'

(૮૨) મોટા હરિજનનો, મોટા સાધુનો, આચાર્યનો ને મહારાજનો અવગુણ આવે, પછી તેમાંથી મોડો વે'લો મરવા-ટાણા સુધીમાં સાધુ પણ વિમુખ થઈ જાય, માટે તેમ ન જ કરવું.

(૮૩) ભગવાન ભજવામાં વિઘ્ન કરનારાની વિક્તિ જે, એક તો લોક, બીજાં સગાં, બાયડી, છોકરાં, મા-બાપ, રૂપિયા ને દેહ એ સર્વે છે. તે જો બળિયો મુમુક્ષુ હોય તો ન ગણે, પણ આ ઇન્દ્રિયું-અંતઃકરણ રૂપે જે માયા છે તે બહુ કઠણ છે; તે અનંત ભાતે કરીને ફેર પડાવી નાખે. માટે તેમનું ન માનીને તેનો નિષેધ કર્યે ને આત્મનિષ્ઠ થાય, ત્યારે સુખે ભજન કરવા દિયે છે, નીકર તો વાસના રહી જાય; તે સો વરસે, હજાર વરસે બાયડી જો'એ. તે ઉપર સૌભરી આદિકનાં દૃષ્ટાંત દીધાં. જો વાસના હોય તો ભગવાન તેડી તો જાય, પણ અહિલાવ્રત ખંડમાં મૂકે છે. તે ઉપર લવાનું દૃષ્ટાંત કહ્યું જે, મહારાજ તેડવા આવ્યા ત્યારે કહ્યું જે, 'હમણાં તો મેં નવું કરડું કર્યું છે, તે નહિ આવું.' એમ થાય છે, એ જાત જ એવી છે, તેનો કોઈ પ્રકારે વિશ્વાસ કરવો નહિ; કેમ જે, 'મસાણના લાડવામાં એલચીની ગંધ હોય જ નહીં.' એ તો સ્થાનક જ એવાં છે.

રહો તો રાજા રસોઈ કરું, જમતા જાઓ જોગીરાજજી;
ખીર નિપજાવું ક્ષણું એકમાં, તે તો ભિક્ષાને કાજજી.
(કીર્તન મુક્તાવલિ : ૪૭૭)

**એમાં એણે એમ વિચાર્યું જે, એવી ખીર ખવરાવું તે હજાર બાયડી હૈયામાં ભરાઈ જાય, એનો એવો ઠરાવ, ને ઓલ્યાનો એમ જે,**

આહાર કારણ જે ઊભો રહે, કરી એકની આશજી;
તે જોગી નહીં ભોગી જાણવો, અંતે થાયે વણાશજી.
(કીર્તન મુક્તાવલિ : ૪૭૭)

**માટે એનું કોઈ વાતે ન માનવું. એ વાતનો <u>કતોહળ</u> તો પ્રકૃતિપુરુષ સુધી છે ને બદરિકાશ્રમ ને શ્વેતદ્વીપ એ બેમાં નહિ ને બાકી વૈકુંઠલોકમાં કામ-ક્રોધ છે એમ કે'વાય ને ન પણ કે'વાય, ક્રોધે રાધિકાજી પડી ગયાં ને આપણા અંતર સામું જુઓ તો પંચવિષયના જ સંકલ્પ હશે. તે તો જ્યારે મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, કૃપાનંદસ્વામી ને સ્વરૂપાનંદસ્વામી, એ ચાર સાધુ ભેળા રાત્રિપ્રલય સુધી રહીએ, ત્યારે સત્સંગી થાવાય.**

**(૮૪) જ્ઞાનના શબ્દ પાડવા; કેમ જે, શબ્દે કરીને તો દેહ બંધાય છે, તે '<u>કાટવી</u>' એમ કહે, ત્યાં ઓલ્યું બકરું બોલે એમ થાય ને ગાયનો વાઘ કરી દિયે, એવાંય માણસ હોય. તે ઉપર વાત કરી જે, ચાર ચોરે શણગારેલી ગાય દીઠી તે લઈ લેવા ધાર્યું. પછી ઓલ્યા બ્રાહ્મણને કહે, 'તુને તો એણે બાપ મર્યા કેડ્યે વાઘ દીધો છે.' ત્યારે તે બ્રાહ્મણ કહે, 'આ તો ગાય છે ને શું !' પછી આઘે જતાં વળી બીજાએ કહ્યું જે, 'અરે આ વાઘ લઈને ક્યાં જાય છે ?' ત્યારે તેને ભ્રાંતિ પડી, પછી ત્યાંથી આઘે જતાં ત્રીજાએ પણ એમ કહ્યું. ત્યારે તો ઘણી જ ભ્રાંતિ પડી ને છેટે છેટે ચાલવા લાગ્યો. પછી આઘે જતાં ચોથાએ કહ્યું ત્યારે કહે, "હા ભાઈ, સૌ કહે છે, તે એ વાઘ જ હશે !" પછી મૂકી દીધી. એમ આપણામાં કો'ક કે'શે જે, 'તમારું આમ વાંકું બોલે છે.' તે જ્યાં મહિનો એમ કહે ત્યાં ખરું મનાઈ જાય. માટે, "શબ્દ તો આકાશનો ભાગ છે, તે આકાશમાં લીન થઈ જાય છે." એમ જાણવું ને આત્મનિષ્ઠ થાવું; પછી તેને લાગે જ નહીં.**

**એમ ડાહ્યા માણસને વિવેક જો'એ ને આપણને કો'ક સનકાદિક જેવા કહે, તો શું કાંઈ સનકાદિક જેવા થઈ ગયા? ને કો'ક લંબકર્ણ જેવા કહે, તો શું તેવા થઈ ગયા ? એમાં શું ? એ તો જીવનો સ્વભાવ, તે ગમે તેમ કહે. જો એમ જ મનાશે તો <u>જોગીના લિંગનો ભંગ</u> કેમ કે'વાશે ? માટે આ ત્રણ્ય દેહથી નોખું વરતવું ને જીવમાં**

ભજન કરવું, તેથી કારણદેહ બળે છે ને આ તો કારખાનાં પણ ઊભાં છે, વે'વાર બીજું-ત્રીજું બધાં ઊભાં છે. તે ગૌણપણે રાખવાં ને મુખ્યપણે તો જ્ઞાન રાખવું.

(૮૫) ભગવાન રાખવામાં બે દુઃખ છે જે, ખાવા ન મળે ને માર્યા પડયે. તે તો અમારી વારીમાં હતું. ને હવે અવિદ્યા હતી તે તો નાશ થઈ ગઈ છે ને મારતા તે પગે લાગે છે ને કેટલાક કુળે સહિત નાશ થઈ ગયા. હવે તો તેને ક્યાંય જાયગા નથી એટલે સત્સંગમાં અવિદ્યા આવી છે, તે માંહોમાંહી વેર કર્યે છે ને મળે તે પણ ગરાસિયાની પેઠચે મળે છે. ને કોઠારી તથા ભંડારી એ બે સાથે વેર, તે કાંઈ સાધુનો મારગ નહિ. સાધુનો મારગ તો

क्षमाशीला धीरजशीला बोधने निपुणाः । (સુભાષિત)

અર્થ :- સત્પુરુષો ક્ષમા કરવાના સ્વભાવવાળા હોય છે. ધીરજવાળા હોય છે અને સમજાવવામાં કુશળ હોય છે. એ સર્વે છે. ને

आकृतिचितिचापल्यरहिता निष्परिग्रहाः ।
बोधने निपुणा आत्मनिष्ठाः सर्वोपकारिणः ॥
(સત્સંગિજીવન : ૧/૩૨/૨૮)

અર્થ :- શ્રીહરિ ભક્તિમાતાને કહે છે :'હે સતિ ! મુમુક્ષુઓએ કેવા સંતને સેવવા જોઈએ? તે જેઓ કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોની ચપળતાએ રહિત અર્થાત વિષયવાસનાઓ વિરહિત આત્મહિતમાં વિરોધી પરિગ્રહ રહિત, તત્ત્વબોધ આપવામાં પ્રવીણ, આત્મામાં જ એક નિષ્ઠાવાળા (આત્મારામ), સર્વજનોનો આ લોક-પરલોકમાં ઉપકાર કરવાના સ્વભાવવાળા હોય.' એ છે, માટે મોક્ષને મારગે ચાલ્યા છીએ તે

श्रेयांसि बहु विघ्नानि । (સુભાષિત)

અર્થ :- સારા કામમાં વિઘ્નો ઘણાં (આવે છે). તે સો સો વાતુ સાચવીને ભગવાન ભજવા; પણ,

શીરાપૂરી ખાય બને હે <u>પઠિયે</u>,
આવત માંહોમાંહી કે લઠા લઠિયે. એમ ન કરવું.

(૮૬) મોટા સાધુનો સિદ્ધાંત એ છે જે, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત એક રે'ણીએ મરવું, પણ

क्षणे रुष्टाः क्षणे तुष्टा, रुष्टाः तुष्टाः क्षणे क्षणे ।
अव्यवस्थितचित्तानां प्रसादोऽपि भयंकरः ॥
(સુભાષિત રત્નમાળા : ૪૫)

અર્થ :- એક ક્ષણે ક્રોધ કરે, બીજી ક્ષણે પ્રસન્ન થાય; એમ ક્ષણે ક્ષણે ક્રોધ કરે અને પ્રીતિ

કરે એવા અવ્યવસ્થિત (ઠેકાણાં વિનાના) ચિત્તવાળા અધિપતિઓની મહેરબાની પણ ભયંકર હોય છે. એમ ન કરવું. જુઓ, પૂરું કોઈનું થયું છે ? સૌને ચેલા બરાબર નથી થયા, લૂગડાં બરાબર નથી થયાં, ધાબળી, ખાવું, હવેલી, ગાડી, ઘોડું એ કોઈને પૂરાં નથી થયાં. ને ત્રિલોકમાં કોઈને સવારના પો'રમાં ભગવાન ભજવા કે કથા કરવી એમ ન મળે, ને બીજું સર્વે કર્યે પણ કથા ન કર્યે. ને રૂપિયા, હવેલી, વિવાહ, ખાવું, મજૂરી એમાં સવારથી મંડે છે અને આ તો અમે જેમ ફિરંગી કવાયત કર્યે છે, તેમ કરીએ છીએ ને કેટલાંક કામ મરડીને આ કરીએ છીએ, નીકર થાય તેવું ક્યાં છે ? જે ઘડીએ એક કામ થઈ રહે છે, તે ઘડીએ માણસ બીજાને લઈ મંડી પડચે છે. આ તો વૃત્તિને રોકીને કરીએ છીએ, કરવાનું તો એ જ છે ને એ કર્યે જીવ વૃદ્ધિ પામતો જાય છે.

(૮૭) નિર્મળ અંતઃકરણ કરીને એમ જોવું જે, જે જે વાત થાય છે, તે તે આ સાધુથી જ થાય છે. તે આ સત્સંગ ઓળખાણો ને ભગવાન તથા સાધુ ઓળખાણા એ જ મોક્ષનું દ્વાર કહ્યું છે.

प्रसङ्गमजरं पाशमात्मनः कवयो विदुः ।
स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम् ॥
(શ્રીમદ્ ભાગવત : ૩/૨૫/૨૦)

અર્થ :- 'સંગ એ આત્માનુ જબરું બંધન છે' એમ કવિઓ કહે છે. એ જ સંગ જો સાધુ-પુરુષો સાથે કરવામાં આવે તો મોક્ષનું દ્વાર ખુલી જાય છે. એ શ્લોક બોલીને કહ્યું જે, 'દ્વાર વિના ભીંતમાં માથું ભરાવો જો'એ, જાવાય નહિ, માટે તેવા સાધુ સાથે જીવ જોડવો. જોગ વિના ભેળા ન થાવાય ને જોગવાળો ભગવાનને અખંડ ધારે, પણ જો આવો જોગ હોય તો તો ઠીક; ને તે ન હોય ત્યારે સાંખ્યનું કામ પડચે છે ને પ્રકૃતિ સુધી તેના રૂપને જાણી મૂકે ત્યારે નિર્વિઘ્ન રે'વાય.' તે ઉપર સાંખ્ય ને યોગનું પંચાળાનું બીજુ વચનામૃત વંચાવ્યું ને કહ્યું જે, 'તે સારુ એ શીખી રાખવું.' ત્યારે કો'કે પૂછયું જે, 'એવા શબ્દ પડચે છે પણ રે'તું કેમ નથી ?' એટલે સ્વામી કહે, 'અનંત કાળ થયાં ગોટા ને ગોટા વાળ્યા છે ને હમણાં પણ ઘણુંખરું એ જ થાય છે અને આ તો પા આનો, એક આનો કો'કે કર્યું છે, અને ધીરે ધીરે બહુ શબ્દે થાશે.'

हंसे गुरौ मयि भक्त्यानुवृत्त्या वितृष्णया द्वन्द्वतितिक्षया च ।
सर्वत्र जन्तोर्व्यसनावगत्या जिज्ञासया तपसेहानिवृत्त्या ॥
(શ્રીમદ્ ભાગવત : ૫/૫/૧૦)

અર્થ :- ઋષભદેવ ભગવાન પુત્રોને કહે છે : "હે પુત્રો ! હંસસમાન વિવેકવાળા ગુરુ વિશે તથા પરમાત્મા વિશે તેમની અનુવૃત્તિ પાળવા રૂપ ભક્તિ વડે, તૃષ્ણાનો ત્યાગ કરી, સુખદુઃખાદિ દ્વન્દ્વોને સહન કરવાથી, 'આ લોક-સ્વર્ગલોક બધે જ જીવને દુઃખ છે' એવું જાણવાથી, તત્ત્વની જિજ્ઞાસાથી, તપથી, કામ્યકર્મ ત્યજવાથી સર્વ બંધનના કારણરૂપ અહંકારથી મુક્ત થઈ પરમપદને પામવું." **સર્વે જોવું જે, કેટલાકને દાણા નથી મળતા ને ભગંદર, જળંધર, કઠોદર એવા અનંત રોગ થાય છે ને વણથળીના બળદનું, મારવાડના ઊંટનું ને પિશોરીના ગધેડાનું, એ સર્વેનાં દુઃખ જોવાં; ને ઢોરને ઉનાળામાં ચાર મહિના ચાંદ્રાયણ થાય છે. એવાં એવાં જન્મ, મરણ, ગર્ભવાસ, ચોરાશી, જમપુરી એવાં હજારો દુઃખ છે; તે,**

इन्द्रियार्थेषु वैराग्यमनहंकार एव च।
जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् ॥
(ભગવદ્ ગીતા : ૧૩/૯)

અર્થ :- ઇન્દ્રિયોના વિષયો પ્રત્યે વૈરાગ્ય, અહંકાર રહિતપણું તથા જન્મ-મરણ, ઘડપણ અને વ્યાધિમાં રહેલા દુઃખ અને દોષોનું દર્શન થાય તો જ્ઞાન થયું એમ કહેવાય. **એમ જોઈને વિચારવું જે, હમણાં સારું દેહ છે, માટે થોડામાં કામ કાઢી લેવું.** (વચ.પં.૨)

**(૮૮) સાંખ્યવાળા રામદાસજી, તે પોતે સુખિયા રે'તા ને આગલ્યાને વાતે કરીને સુખિયા રાખતા ને બીજા તો જેમ લોક, માંહોમાંહી વઢે એમ આંહીં માંહોમાંહી કજિયા કર્યે છે.**

**(૮૯) કથામાં સભા ટાણે કેટલાક રે'તા નથી ને બબ્બે આસન રાખે છે, તે શું જાણતા હશે ! આવા કે'નારા નહિ મળે. તે ગોપાળાનંદસ્વામી હતા, ત્યારે પણ એની મંડળીના સાધુ પણ કોઈ ન રે'તા ને બીજા બેઠા હોય, એમ છે. તે જ્યાં સુધી ત્રણ્ય પેઢી હોય ત્યાં સુધી ખરેખરું રહે તે થઈ રહ્યું. હવે ત્રણ્ય પેઢી થઈ ત્યાં તો માણસ બીજું લઈ મંડી પડ્યું છે; પણ એમ ન કરવું ને સાધુતા રાખવી. ને મોટા સાધુ છે ત્યાં સુધી ઠીક છે ને પછી તો ગૃહસ્થને બાયડી, છોકરો, રૂપિયા ને ખાવું; ને ત્યાગીને દેહ, ચેલો ને ખાવું એ ત્રણ્ય, ને બેનો તો જોગ જ નથી, એમાં શું !**

તુલસી સો હિ ચતુરતા, રામચરણ લૌલીન;
પરધન પરમન હરન કું, વેશ્યા બડી પ્રવીન.
(તુલસીદાસની સાખીઓ : ૬૫)

અર્થ : ભગવાન રામચંદ્રના ચરણમાં એકાગ્ર થઈ જવું તે જ ખરી ચતુરાઈ છે. બાકી પારકાનું ધન હરી લેવામાં અને પારકાના મનને જીતી લેવામાં તો વેશ્યા પણ બહુ કુશળ હોય છે, માટે ધન કમાવામાં અને બીજાના ચિત્તનું આકર્ષણ કરવામાં કશી જ ચતુરાઈ

નથી, પણ સાચી ચતુરાઈ પ્રભુભક્તિમાં તલ્લીન થવામાં જ છે. **સુખ તો ભગવાનની મૂર્તિ, આજ્ઞા ને એકાંતિક સાધુ એમાં છે.**

સંસારમાં સરસો રહે ને મન મારે પાસ;
સંસાર જેને લોપે નહિ તે જાણ્ય હરિનો દાસ.

**એ ખોટું છે; એ તો,**

**अनेकचित्तविभ्रान्ता मोहजालसमावृताः ।**
**प्रसक्ताः कामभोगेषु पतन्ति नरकेऽशुचौ ॥**

(ભગવદ્ ગીતા : ૧૬/૧૬)

અર્થ :- અજ્ઞાનથી મોહિત થયેલા અનેક પ્રકારે ભ્રમિત ચિત્તવાળા અને મોહજાળથી ઘેરાયેલા, કામ-ભોગમાં અત્યંત આસકત થયેલા તે આસુરી લોકો, અપવિત્ર નરકમાં પડે છે. **એમ થયું, બે ઘોડે એક જણથી ન બેસાય.**

ચિત્ત કી વૃત્તિ એક હે ભાવે તહાં લગાઓ;
ચાહે તો હરિ કી ભક્તિ કરો ચાહે તો વિષય કમાઓ.

**બે બે વાત ન બને જે, લોટ ખાવો ને ભસવું એમ છે. ને ઓલ્યા કાઠીવાળું ન કરવું જે, 'આસેં તાળો બગડતો ને ઓસેંય તાળો બગડતો.' એમ નહિ, ઓલ્યું તો બગડેલું જ છે. મંદિરમાં મોટા સાધુ પાસે શાંતિ રહે, તેવી ઘેર ન રહે એમ સૌને છે, પણ ઉનાળામાં ટાઢું હોય કે ચોમાસામાં હોય એ કહો ? ને હવે આપણે સૌ ભેળા થયા છીએ, તે મનમાં એમ છે જે, કસર ટાળીને ભગવાનનાં ચરણારવિંદમાં જોડાવું છે. તે જેવો વેપારમાં, વાડીમાં, ખેતીમાં આગ્રહ છે, તેવો કરશું ત્યારે મહારાજ પાસે જવાશે અને ખેતીવાડીમાં બંધન થાય; એમાં તો કોઈ માલ નથી. ત્યારે શું ન કરવું ? કરવું, પણ દેહનો વે'વાર ચાલે તેટલું કરવું. પો'ર રાત્યે, દોઢ પો'ર રાત્યે, અરધી રાત્યે, પાછલી રાત્યે, ઊઠી ઊઠીને જ્યારે વિચારશું ને ભગવાનને ધારશું, ત્યારે સાધુ થાવાશે, પછી ભગવાન પાસે જવાશે. વારાવાળો, ભણવાવાળો ને રોટલાવાળો જાગે છે તેમ જાગવું.**

**(૯૦) નિશ્ચય છે પણ ઋષભદેવ નરકમાં પડ્યા રહ્યા; એવાં ચરિત્ર કર્યે તો સંશય થાય. માટે યોગ્ય-અયોગ્ય ચરિત્રમાં ઉદ્ધવજીની પેઠ્યે સંશય ન થાય ત્યારે ઠીક, તે તો,**

कामादिभिर्विहीना ये सात्वताः क्षीणवासनाः ।
तेषां तु बुद्धिभेदाय क्वापि कालो न शक्नुते ॥

(વાસુદેવ માહાત્મ્ય : ૮/૭)

અર્થ :- જેઓ કામાદિક દોષથી રહિત, સત્ત્વગુણમય અને વાસનારહિત હોય છે, તેઓની બુદ્ધિને ભેદવા માટે કદિ પણ કાળ સમર્થ થઈ શકતો નથી. તે **માટે સાત્ત્વિક સેવવા. જે જે વાત જ્ઞાને કરીને થાય તે ઠીક; કેમ જે, 'ગીતા'માં જ્ઞાનીને જ આત્મા કહ્યો છે. મોટાનું જોઈને કોઈ કાંઈ વાદ કરશો મા ને તે કહે તેમ કરજો. જેમ અગ્નિ જળે ઓલાય ને વીજળીનો અગ્નિ ને વડવાનળ અગ્નિ તે જળમાં રહ્યા થકા પણ ન ઓલાય. તે કૃપાનંદસ્વામીએ વાત કરી જે, જળકૂકડી પાણીમાં રહે તો પણ પાંખ ન ભીંજાય ને બીજાં પક્ષીને પાણી પાંખમાં ભરાઈ જાય ને ઊડી શકે નહિ ને જાળકાતરણી માછલું જાળમાં આવે નહિ ને આવે તો સામું બીજાને જાળ કાપીને કાઢતું જાય; એમ કૃપાનંદસ્વામી જેવાને થાય.**

**(૯૧) અહો ! એક સમર્થ થકાં ઝરણાં કરવી એ બહુ મોટી વાત છે; કેમ જે, કાંઈ ન હોય ને તેને કહે તો તો ઠીક, પણ સર્વે વાત હોય ને કે'શે જે, 'તમને કાંઈ આવડતું નથી.' એ તો ભગવાન ને એના સાધુથી જ ઝરણા થાય, પણ બીજાથી ન થાય; માટે આપણને, 'કાંઈ નથી આવડતું.' એમ કહે તો પણ શું? ને 'સર્વ વાત તમમાં જ છે,' એમ કહે તો પણ શું ? એમ કહે જાતું નહિ રહે ને આમ કહે આવી નહિ જાય. મર્યને થોડું કરવું, પણ હુંહાટો ન કરવો અને ઝાઝું કર્યે તો મહિનો ધારણાં-પારણાં કર્યે. પછી જ્યારે જ્ઞાનવિહોણું ખાવા માંડે, ત્યારે ત્રણ્ય-ત્રણ્ય ટાણાં ખાય એ વાતમાં માલ નહિ; બારે માસ એક સરખું જમવું, નીકર એક કોળિયો ઓછું જમવું તે સત્ત્વગુણી તપ છે. ને એક મહિનો ઓલ્યું કર્યે, તેમાં પારણાને દિ' ધરાઈ રહ્યા પછી આઠ કોળિયા વધુ ભરવા, એ તમોગુણી તપ છે. માટે**

अतिदानाद् बलिर्बद्धो अतिगर्वेण रावणः ।
अतिरूपाद्हृता सीता अति सर्वत्र वर्जयेत् ॥ (સુભાષિત)

અર્થ :- અતિશય દાનથી બલિ બંધનમાં પડ્યો. અતિશય ગર્વના કારણે રાવણ હણાયો. અતિશય સૌન્દર્યના કારણે સીતાનું હરણ થયું. સર્વત્ર અતિશયનો ત્યાગ કરવો. **તે અતિ ઊંઘવું નહિ, અતિ ખાવું નહિ, અતિ ભક્તિ કરવી નહિ, સર્વે સાધારણ જ્ઞાને કરીને કરવું, તો ઝાઝું માને છે. ત્રણ્ય જણ જળમાં બેસી રે'તા, તે લોહી નીકળતું, તેને પણ મહારાજ કે'તા જે, "ઘોડો બેસવા મળે તે સારું કાઢો છો ?" એમ મહારાજ વઢતા, માટે હુંહાટો મહારાજને નથી ગમતો.**

**(૯૨) સારા સાથે જીવ બાંધવો; કેમ જે, કે'નારા કોઈ ન મળે ત્યારે એ**

કરવું ને સુખિયા રે'વું. ને પોતાની ખોટય કે'વી ને જે ન સૂઝતી હોય તેઓને કે'વું જે, 'હુંમાં જે જે વાતની ખોટય હોય તે દયા કરીને તમે કે'જો.' એમ રોજ કે'વું કાં, આઠ દહાડે કે, પંદર દહાડે કાં, મહિને તો જરૂર કે'વું. કાં જે, મહિને તો જરૂર કો'ક ભેગ થઈ જાય. તે ઉપર વણિકનાં નામાનાં પ્રથમનાં ૩૮માં વચનામૃતનું કહ્યું જે, મહિને ન ચૂકવે તો ભેળું થઈ જાય. આમ ભગવાનને ગમે છે, તે ગમતું તમને કહ્યું.

(૯૩) સાધારણ ભકતનું તો ઠીક છે ને જેને ઉત્તમ થાવું હોય તેને કોઈ પદાર્થમાં જીવ બંધાવા દેવો નહિ ને હેત ન રાખવું; તો નિર્વિઘ્ને ભગવાનના ધામમાં પોં'ચાય અને આ સભા તો અક્ષરધામની છે અને ગૌલોક-વૈકુંઠના મુકત કસર ટાળવા આંહીં આવે છે ને અક્ષરધામના મુકત પણ આંહીં ભગવાન ભેળા આવે છે; ત્યારે કસર ટળે છે. માટે આ તો પુરુષોત્તમ પ્રગટચા છે ને તેના સાધુ છે ત્યાં ખબરદાર થઈને મંડવું; કેમ જે, તે વાત પછી નહિ મળે.

(૯૪) મહારાજ કે'તા જે, "ઇન્દ્રે બ્રાહ્મણ માર્યો, તે વાંસે ચાર બ્રહ્મહત્યા વળગી. પછી નારદજીને પૂછ્યું ત્યારે કહે, 'તારા ભાઈ વામનજીને તું ભગવાન જાણીને ભજ્ય તો છૂટીશ.' પછી ભજ્યા એટલે છૂટી." એમ આ સ્થૂળ દેહનો તો નાશ થાય છે, પણ સૂક્ષ્મ ને કારણ એ બે તો બ્રહ્મહત્યા વળગી છે, તે સાધુને પૂછીને તથા આત્મવિચાર શીખીને મનન કર્યે તો નાશ થઈ જાય છે, નીકર જ્યાં જાય ત્યાં ભેળી રહે છે અને આ મહારાજનો અવતાર તો મૂળ અજ્ઞાનનો નાશ કરીને બ્રહ્મરૂપ કરવા થયો છે ને બીજે તો બધું ડોળી નાખ્યું છે.

(જુઓ પ્રકરણ ૧ ની વાત ૨૯૫)

(૯૫) ઇકોતેર <u>ચોકડી</u> રાજ કરીને એક ઇન્દ્ર પડચે ને એવા ચૌદ ઇન્દ્ર પડચે ત્યારે એક દિ' વૈરાટબ્રહ્માનો થયો, તેમાં ક્ષુદ્રબ્રહ્મા, વિષ્ણુ ને શિવ એ ત્રણ્યનો નાશ થાય. તે બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે એક શ્રીકૃષ્ણનારાયણ, એક લક્ષ્મીનારાયણ, એક નરનારાયણ ને એક વાસુદેવનારાયણ છે. એવાં અનંત કોટિ બ્રહ્માંડ છે એમ સમજવું. હવે આ ત્રીસ દિ'નો મહિનો ને બાર મહિનાનું વરસ, એવાં સો વરસ વૈરાટ જીવે ને પ્રધાનપુરુષનાં રૂંવાડે રૂંવાડે ક્ષીરસાગર છે. એટલે સાડાત્રણ્ય કરોડચ <u>શેષશાયી</u> થયા. માટે એ સર્વથી તો પ્રધાનપુરુષ મોટા થયા ને તે પ્રધાનપુરુષના એક દિ'માં વૈરાટ પડચે. તેવાં સો વરસ પ્રધાનપુરુષ જીવે ને તેનો પાછો પ્રકૃતિપુરુષના એક દિ'માં નાશ થાય એવાં સો વરસ પ્રકૃતિપુરુષ જીવે છે. એમ ત્યાં સુધી કાળ પૂગે છે, ત્યારે બીજા કાળ થકી શું મુકાવે ?

માટે તેને વિશે અરુચિ કરીને એક અક્ષરધામના ધામી જે, પુરુષોત્તમ ભગવાન મળ્યા છે તેનું માહાત્મ્ય સમજીને તેનો જ બ્રહ્મરૂપે કરીને આશરો કરવો ને ત્યાં પૂગવાની રુચિ રાખવી ને એના સાધુને વિશે જીવ બાંધવો. જુઓને બીજાએ રાસ કર્યા ને આ સાધુએ તોડાવ્યા, ત્યારે એથી અધિક તો સાધુમાં સામર્થી છે; ત્યારે પુરુષોત્તમની તો વાત જ શી ! આ સિદ્ધાંત વાત કહી છે, તે જો નહિ સમજાય તો ખોટચ રહી જાશે ને વાંસેથી પસ્તાવો થાશે ને દેહ રહે કે ન રહે, તો પણ કસર કાઢી નાખવી. (જુઓ પ્રકરણ ૫ ની વાત ૧૮૭, ને ૧ ની ૨૯૫)

(૯૬) સ્ત્રીનો સંગ કરવો ને કામ ઓછો થાશે ? વધશે. ખાશું ને સ્વાદ ઓછો થાશે ? વધશે. ને હથિયાર બાંધશું ને ક્રોધ ઓછો થાશે ? વધશે. તે માટે એનો જોગ ન રાખે, તો રે'વાશે. ને શેરડી ઊભી હોય તે જાણીએ થોર ઊભો છે ત્યારે રે'વાય, નીકર મન તો ચાહે તેમ કરાવે;

'કડે મન મંકોડી થિયે કડે કેસરી સિંહ.'

એમ એકલે ઉપરથી રાખ્યે શું થયું ? એ તો <u>બૂડ-ઠૂંઠાં</u> અંતરમાંથી પણ કાઢવાં, તે ઉપર બોલ્યા જે,

'જેમ ઉપરથી મોડતાં વૃક્ષ, લાગે પત્ર તેને બીજાં લક્ષ.'

(૯૭) મોર્યે (મોરે, પહેલાં) તો જેમ તીરમાંથી બાણ નીસરે એમ સાધુએ દાખડા કર્યા છે, હવે કાંઈ કરવું નથી ને હવે તો એનું ફળ દેવું છે. ને વૈરાગ્ય, ધર્મ, આત્મનિષ્ઠા ને ઉપાસના સર્વે જેમ છે તેમ કે'વું છે ને જ્ઞાન આપવું છે; કેમ જે, દેહ ન રહે તો પછી શું થાય ! ને આ કઠોદર થયું હતું, તથા સંવત ૧૯૧૯ના મહામાસમાં મંદવાડ પણ આવ્યો હતો, એ ત્રણ્યે વાર દેહ રહે એવું નહોતું. ને સંવત ૧૮૯૮ની સાલમાં કઠોદર થયું હતું તે દિ'નું આવરદા તો નથી, ચિરંજીવી જેવું થયું છે. માટે જેમ મહારાજે છેલ્લી વાર આઠ મહિના રાખીને જ્ઞાન આપ્યું, એમ અમારે બાર મહિના રાખીને કથા કરાવવી છે, તે અચિંત્યાનંદબ્રહ્મચારીવાળા ગ્રંથની કરાવીને <u>ઓણ</u> જ્ઞાન આપવું છે. (જુઓ પ્રકરણ ૧૧ ની વાત ૮૭)

(૯૮) મંદિરમાં બીજાં માણસ ભલે હોય પણ એક, માણસને ઉદ્વેગ કર્યે ને ધન-સ્ત્રીનો પ્રસંગ રાખે, તેને તો ન જાય તો પણ કાઢી મૂકવો અને મહારાજને એક <u>રે'ણીએ</u> (રહેણીએ) રહીને જે મર્યે તે બહુ ગમે; કેમ જે, ભાવ ફરી જાય. માટે સાધુને વિશેનો ને ભગવાનને વિશેનો સારો ભાવ ફરવા ન દેવો, મર્ય થોડું કરવું.

(૯૯) આત્મારૂપ થાવું તેમાં ઉત્તમ ભોગને વિશે રાગ છે એ પણ વિઘ્ન

છે. વૈરાગ્ય, ધર્મ, માહાત્મ્ય સહિત ભક્તિ ને આત્મનિષ્ઠા એ સમજ્યે જ છૂટકો છે અને મહારાજ કહે, ''નાહી-ધોઈને પૂજા કરવી, પણ મળ-મૂત્ર ભર્યાં થકા ન કરવી.'' પણ આપણને એમ સમજાતું નથી, તે ઉપર અમદાવાદનું બીજું વચનામૃત વંચાવ્યું ને કહ્યું છે તે પ્રમાણે કરવું. ને બધાં વચનામૃતમાં કે'તા તો ગયા છે જે, સાધુ, પુરુષોત્તમ ને આત્મનિષ્ઠા, જેમ સોયવાંસે દોરો સોંસરો ચાલ્યો આવે તેમ રહસ્ય કે'તા આવ્યા છે, તે પ્રમાણે સમજવું. ને ઉપરથી સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભજન કરવું તે કંઠમાં કરવું, હૃદયમાં કરવું ને જીવમાં કરવું; જ્યાં થાય ત્યાં કરવું ને જોતે જોતે ભગવાન સામું જોઈ રે'વું, તે દેખાશે. જેમ ચકમક પાડચે ત્યારે માંહી અગ્નિ છે, તે ઓલ્યા સૂતરમાં આવે છે એમ દૃષ્ટાંત દીધું.

(૧૦૦) અહો ! સાધુસાથે સૌને હેત છે ને આપણને એનો જોગ છે ત્યાં ખોટચ નથી ટળતી, ત્યારે પછી તો ખાવું, ખાટલો ને ખાડો એ ત્રણ્ય વાત થાશે ને બીજી વાતુ થાશે પણ આવી વાતુ નહિ થાય, માટે પછી પસ્તાવો થાશે. ને સ્ત્રી દ્રવ્યનો જોગ કરવો નહિ; કેમ જે, જોગ થયે ઠા રે'તો નથી. તે ઉપર ગોર ને *યજમાનની દીકરીની વાત કરી દેખાડી ને ભટ્ટજીએ ઘોડી બેસવા આપી, તે બીજી બાઈએ કહ્યું જે, 'જુવાનને દીધી પણ ઘરડાને કોણ દિયે ?' પછી ભેળું ચાલવાના ભટ્ટે હરામના સમ ખાધા.

(૧૦૧) મયારામ ભટ્ટને હાટ માંડવું હતું તેનું લેખું કરવા બેઠા, ત્યાં તો સવાર થઈ ગયું. પછી તો જળ મૂક્યું જે, હજી હાટ માંડચું નથી ત્યાં જ નિદ્રા ગઈ, તો માંડશું ત્યારે શું થાશે ? માટે એ તો દીર્ઘદર્શી એટલે વિચારીને એ મારગે ન જ ચાલ્યા ને આપણે તો એકાંતમાં સ્ત્રી ભેળું રે'વું નહિ ને એકલી સ્ત્રી હોય ત્યાં ઉઘરાણીએ ન જાવું ને *ભારો ન ચડાવવો; કેમ જે, એ સર્વમાં કલંક લાગે છે, ને કાળાખરીઉં (કાળાખરીઓ) આવે છે. તે ઉપર વચનામૃત જે, મુક્તાનંદસ્વામી જેવો હોય ને તેને જોગ થાય તો ઊતરતા જેવો રહે કે ન રહે, એમાં પણ સંશય છે. એ વંચાવીને બોલ્યા જે, ત્યારે 'આપણો શો ભાર ?'

જેહિ મારુત ગિરિ મેરુ ઉડાઈ, કહો તુળ કહા લેખા માંઈ ?
જોગી ઠગે અરુ ભોગી ઠગે, બનવાસી સંન્યાસી કો એક ધારો.
હો મન હરનાં, ત્રિય વનમેં નહિ ચરનાં. હો૦

(બ્રહ્માનંદ કાવ્ય : ૨૩૭૯)

એમ બોલ્યા. આ દેશકાળની વાત કરી તે વિચારીને પગ ભરજો. મોટા સાધુ હોય

ત્યાં તો એ કહે પછી આ વિચારજો; નીકર ઠા નહિ રહે. ને અમારે તો છેલ્લી વારે હવે દિવાળી સુધી સાધુને રાખીને વાતુ જ કે'વી છે; પછી દેહ રહો કે ન રહો, પણ ભગવાનના સ્વરૂપસંબંધી જ્ઞાન આપીને સુખિયા કરવા છે.

ત્યાગ કર્યે એ ત્યાગી કે'વાય ને જેણે પદાર્થ રાખ્યા તે મોટા મોટાનાં પણ છિદ્ર ઉઘાડાં થયાં ને રૂપિયા નીકળ્યા. તે માટે 'ધર્મામૃત', 'શિક્ષાપત્રી' ને 'નિષ્કામશુદ્ધિ' એ ત્રણ્ય ગ્રંથ પ્રમાણે રે'વું ને પાળવું. આ તો કોણ જાણે કેમ રે'વાણું છે, તે તો સારો જોગ છે ને વળી જે પદાર્થ જો'એ તે પદાર્થ કોઠારેથી અપાવીએ છીએ તેણે કરીને રહે છે. માટે ત્યાગ પાળવો એ કાંઈ મીઠો નથી, કડવો છે. મહારાજ પાસે જાવું હોય તો વચનમાં રે'વું તે એક સાધુએ સ્વપ્નનો ઉપવાસ ન કર્યો, ત્યારે મહારાજે <u>ઠોંટ</u> મારીને કહ્યું જે, ''આમ કર્યું તે તેં મારી જીભ ઉપર પગ દીધો ને આ તો તું મારો છો તેથી તને આમ કહું છું, પણ બીજાને ન કહું.'' પછી તાવ આવ્યો તે ત્રીસ ઉપવાસ થયા અને એકજણે જાગરણ ન કર્યું, તે વળતે દિ' સાંજે વીંછીએ ચટકાવ્યો, તે રાત્ય આખી જાગવું પડ્યું એમ વચન લોપ્યાનું છે.

(વચ.ગ.મ.૨૭/ગ.અં.૩૩)( જુઓ પ્રકરણ ૧૦ ની વાત ૧૯૪)

(૧૦૨)

વાવ્યો મોલ સારો ત્યાં લગી, જ્યાં લગી નથી ખવાણો ખડજમાં,
તેમ ભકતની ભલાઈ ત્યાં લગી, જ્યાં લગી ના'વ્યો (ન આવ્યો) વિમુખની વડજમાં.

(નિષ્કુળાનંદ કાવ્ય : વચનવિધિ-૧૭)

એમ બોલ્યા ને દેશકાળ વિચારવો, આ લોકમાં પોતાનું સુધારતાં કોઈને આવડતું નથી ને જો કાળ પડચે તો માણસ, માણસને ને છોકરાંને કરડી ખાય; તે <u>ઓગણ્યોતેરામાં</u> નજરે દીઠાં. તે માટે હવેલી કે રૂપિયા એ કોઈ કામ નથી આવતાં; દાણા સંઘરવા તે <u>આંતરવસુ</u> રાખવા. તે 'શિક્ષાપત્રી'માં પણ કહ્યું છે તે પ્રમાણે રે'વું, તો મોક્ષમાં વિઘ્ન ન આવે એમ ઉપાય કરવો; કેમ જે, રોટલા વગર દેહ રહે નહિ, એટલે ભગવાન ભજાય નહિ.

(૧૦૩) સંકલ્પ થાય છે તે માંહી રાગ છે, તે થાય છે. ને જોયાં છે તે આગળ આવીને નડે છે ને કલકત્તા નથી જોયું તો સ્વપ્નમાં પણ નથી આવતું. ઝેર ખાધાના કે અફીણ પીધાના સંકલ્પ થાય છે ? ભટ્ટજીને કહે, 'હવેલી બાળ્યાના ને છોકરાં બાળ્યાના સંકલ્પ ક્યાં થાય છે ?' માટે નિયમમાં રહીને ખાવું, જોવું ને મોટા સાધુને વિનય કરીને કે'વું, તો ધીરે ધીરે ટળશે.

(૧૦૪) આ સત્સંગમાંથી પડવાનો ઉપાય. મંદિરનો, આચાર્યનો, સાધુનો ને સત્સંગીનો, એ ચારનો જેને દ્રોહ તેનાં મૂળ કપાણાં જાણવાં. તે ઉપર ઘણી વાતુ કરી.

(૧૦૫) જેમ 'સુતારનું મન બાવળિયે' ને જેમ 'દૂબળા વાણિયાને અજમે હાથ', એમ ભગવાનને રાજી કરવા ભજન કરવું ને હવે તો ક્રિયાને ગૌણ રાખવી ને ભગવાનને પ્રધાન રાખવા ને કથાને ને ક્રિયાને વેર છે, માટે બેય ભેળું તો થાય જ નહીં ને કર્યે તો વૃત્તિ સ્થિર રહે જ નહીં.

(૧૦૬) સંવત ૧૯૧૯ આસો માસમાં સાંખડાવદરને પાદર વાત કરી જે, 'લોક, ભોગ, દેહ ને પક્ષ એ ચાર તો જીવનું ભૂંડું કર્યે. ને મહારાજ, આચાર્ય, સાધુ ને સત્સંગી એ ચારનો તો ગુણ જ લેવો, એ તર્યાનો ઉપાય છે ને જો દ્રોહ કર્યે તો જીવનો નાશ થઈ જાય છે.'

(૧૦૭) આ દેહમાંથી તો નવ દ્વારે ગંધ ઊઠે છે, તે દેહ સારુ કેટલીક વાતુ થાય છે ને બખેડો થાય છે. તે સારુ મહારાજના સિદ્ધાંત પ્રમાણે ચાલવું. તે ઉપર શ્લોક બોલ્યા જે,

निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥

(શિક્ષાપત્રી શ્લોક : ૧૧૬)

અર્થ :- સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ જે ત્રણ દેહ તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા તેને બ્રહ્મરૂપની ભાવના કરીને પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ જે તે સર્વ કાળને વિશે કરવી.

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥

(ભગવદ્ ગીતા : ૧૮/૫૪)

અર્થ :- બ્રહ્મભાવને પ્રાપ્ત થયેલો તે પ્રસન્નચિત્ત મનુષ્ય કશાનો શોક કરતો નથી કે કશાની આકાંક્ષા કરતો નથી અને સર્વ ભૂતોમાં સમભાવથી રહેતો થકો મારી પરમ ભક્તિને પામે છે.

परिनिष्ठितोऽपि नैर्गुण्ये उत्तमश्लोक-लीलया ।
गृहीतचेता राजर्षे आख्यानं यदधीतवान् ॥

(શ્રીમદ્ ભાગવત : ૨/૧/૯)

અર્થ :- હે પરીક્ષિત રાજા ! હું (શુકજી) જો કે નિર્ગુણ સ્થિતિને પામેલો હતો છતાં

ભગવાનની ઉત્તમ લીલાવડે ચિત્ત ખેંચાવાથી ભાગવત જેવો મોટો ગ્રંથ ભણ્યો હતો.

**आत्मारामाश्च मुनयो निर्ग्रन्था अप्युरुक्रमे ।**
**कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थंभूतगुणो हरिः ॥**

(શ્રીમદ્ ભાગવત : ૧/૭/૧૦)

અર્થ :- સૂત પુરાણી શૌનકને કહે છે, ''મુનિઓ જો કે આત્મામાં જ આનંદ પામનારા હોય છે અને એમની અહંકારરૂપ ગાંઠ છૂટી ગઈ હોય છે; છતાં તેઓ ભગવાન વિશે નિષ્કામ ભક્તિ તો કરે જ છે; કેમ કે શ્રીહરિ તેવા અલૌકિક ગુણોથી યુક્ત છે. **એ આદિક ઘણા શ્લોક બોલ્યા ને પછી કહ્યું જે, 'તે માટે લોચો મૂકીને કેવળ આત્મારૂપ થાવું.'**

**(૧૦૮) જુઓને કેટલાક છે, તે એકે ક્રિયાનું નામ લેવું નહિ ને પાણી ભરવું નહિ, ત્યારે એ શું ? શાળગ્રામને કારસો આવે ! એ તે શું જાણતા હશે ! અમુને તો એને જોઈને દાંત આવે છે જે દેવની માયા તો જુઓ ! શું ઘરે સૂઈ રે'તા હશે ? પણ તે અજ્ઞાન, ત્યારે શું ધ્યાન કર્યે છે ? ઊંઘ લિયે છે. આ અમને તો આમ જો'એ (જોઈએ) ત્યાં ભગવાન દેખાય છે, એ પણ મૂકીને આવા સાધુની સેવા કરાવીએ છીએ. તે બેય કરવું છે; પણ મૂરખને શું સમજાય !**

**(૧૦૯) ઝાઝી આવરદા એ પણ બહુ ભૂંડું છે. તે મોર્યે તો હજાર વરસનો ખાટલો ને સો વરસનાં ડચકાં. આ તો ભગવાને અનુગ્રહ કર્યો છે, તે થોડા કાળમાં મોટું કામ સાધી લેવું ને ભગવાનના ધામમાં પુગાય તેમ કરવું, ત્યાં અખાત્રીજના વા જોવા નહિ, પાંચમની વીજળી જોવી નહિ, એક ભગવાનનું જ સુખ છે.**

**(૧૧૦) સંવત ૧૯૧૯ના આસો વદિ દસમે વાત કરી જે, 'સૌ સાંભળો વાત કરું, રઘુવીરજી મહારાજે છાવણી કરી, એમ મેં તમને અઢી મહિના સુધી વાતુ કરી ને વરતાલ ભેગા આવે છે એને તો મારો સાડાત્રણ્ય મહિના જોગ થાય. માટે હમણાં પણ અતિશે વાતુ કરી છે. ને કોઈ મંદિરમાં રાખીને વાતુ ન કર્યે, આ તો મેં કરી. મન શત્રુ છે, ઇન્દ્રિયું શત્રુ છે ને દેહ શત્રુ છે, જો ભગવાન ન ભજાય તો. તે માટે આજે વાત કરી તે અંતરમાં રાખજો, ને તે પ્રમાણે રે'જો. જુઓને ! આવો જોગ ક્યાંથી થાય ! હવે જોગ નહિ રહે, સાધુ મળવા કઠણ છે; માટે જોગ કરી લેજો એ સિદ્ધાંત છે.'**

**(૧૧૧) 'આ સૌને પર સ્થિતિ થઈ જાય, એમ કરી દઉં, પણ ઘેલું થઈ જવાય એવું કામ છે, ઓલ્યા લુવાણાને થઈ ગયું તેમ; કેમ જે, પાત્ર નહિ તેણે**

કરીને એમ થયું.' એમ આશરે સાડા ત્રણયસેં માણસની સભા હતી તેમાં કહ્યું.

(૧૧૨) આચાર્ય આદિક ચારનો અવગુણ આવે તે મોટું પાપ છે. બીજા તો અનેક સ્વભાવ હોય પણ એ પાપનું મૂળ છે. તે પાપને વિશે પુણ્યની બુદ્ધિ થાય ને સાધુને વિશે અસાધુની બુદ્ધિ થાય, પછી દ્રોહ થાય, પછી તેનો જીવ નાશ થાય એવું એ છે. માટે વારંવાર કે'વાનું તાત્પર્ય શું છે ? તો એ વાત હૈયામાં રાખીને કોઈ દિ' અવગુણના મારગે ચડવું નહિ ને એની સેવા થાય તો કરવી, નીકર હાથ જોડવા; પણ અવગુણ તો ન જ લેવો એ અમારું સિદ્ધાંત હતું, તે કહ્યું.

પિપા પાપ ન કીજિયે, તો પુણ્ય કિયા સો વાર,
જો કિસી કા લિયા નહિ, તો દિયા વાર હજાર.

સાધુની, મંદિરની, આચાર્યની ને સત્સંગીની સેવા કરવી તો વૃદ્ધિ પમાય ને દ્રોહ થાય તો જીવનો નાશ થાય. તે સેવા તે શું ?

हंसे गुरौ मयि भक्त्यानुवृत्त्या वितृष्णया द्वन्द्वतितिक्षया च ।
सर्वत्र जन्तोर्व्यसनावगत्या जिज्ञासया तपसेहानिवृत्त्या ॥

(શ્રીમદ્ ભાગવત : ૫/૫/૧૦)

અર્થ :- ઋષભદેવ ભગવાન પુત્રોને કહે છે : "હે પુત્રો ! હંસસમાન વિવેકવાળા ગુરુ વિશે તથા પરમાત્મા વિશે તેમની અનુવૃત્તિ પાળવારૂપ ભક્તિ વડે, તૃષ્ણાનો ત્યાગ કરી, સુખ-દુ:ખાદિ દ્વન્દ્વોને સહન કરવાથી, 'આ લોક-સ્વર્ગલોક બધે જ જીવને દુ:ખ છે.' એવું જાણવાથી, તત્ત્વની જિજ્ઞાસાથી, તપથી, કામ્યકર્મ ત્યજવાથી સર્વ બંધનના કારણરૂપ અહંકારથી મુક્ત થઈ પરમપદને પામવું." તો અનુવૃતિ એ જ સેવા છે; માટે તે પ્રમાણે રે'વું.

(૧૧૩) એક ભગવાનની મૂર્તિમાં જ સુખ છે ને ક્યાંય મોક્ષ નથી; પણ આવા સાધુના સમાગમમાં મોક્ષ છે. બે સાધન તો થઈ રહ્યાં જે, પુરુષોત્તમ જાણ્યા ને સાધુ ઓળખાણા ને એક ઓલ્યા ચારનો ગુણ લેવો ને દ્રોહ ન થાય, એ કરવું રહ્યું.

(૧૧૪) 'આજ્ઞા પળે એટલી વાસના બળે ને આજ્ઞા ને ઉપાસના બે મુખ્ય જો'એ. તે કૃપાનંદસ્વામીનો એમ ઠરાવ જે, <u>કોશ</u> ઊની કરીને ગળામાં ઘાલે એ કેટલું દુ:ખ થાય ! તો પણ આજ્ઞા ભંગ ન કરવી. ને છાનું ખાતા હશે, પદાર્થ રાખતા હશે, પથારી ઝાઝી કરતા હશે તે ઓલ્યા સ્વામિનારાયણ શું નથી જાણતા?

હરિ કે આગે કહા દુહાઈ, મન અપને કી ઘાત;
હરિ તો સબ જાનત હે, રોમ રોમ કી બાત.

બધુંય જાણે છે, આ રાજ કાંઈ ભોળું નથી, તે લોપશે તેનું જાણજો જે, મોત આડું આવશે. આપણે કાંઈ છોકરો છે તે મર્યે ? આ તો દેહ એ જ છોકરો છે ને ગૃહસ્થને છોકરો હોય. માટે દેહને તો એવો રોગ થાશે, તે શિયાળિયાના ચૂસ્યામાં રસ હોય જ નહીં. લાકડી જેવા કરશે, ફિકર રાખશો મા; ને જો એમાં ફેર હોય તો આ ઠેકાણું સંભારજો !' એમ જૂની ધર્મશાળામાં પોતાને આસને બેસીને કહ્યું.

(જુઓ પ્રકરણ ૩ ની વાત ૫૭)

(૧૧૫) *પંચવિષય સારુ તો ચાળા ચૂંથતા ફરે છે, માટે એમાં શું? એ તો પશુને પણ છે. માનનું ડીંડું થઈને ફેરા ખાય છે, તે હવે તો પારખ્યાં જોવા માટે પંચવિષય વચ્ચે નાખ્યા છે. તે જે કરીએ તે થાય એમ છે, પણ ભૂંડું થાશે એની ખબર છે ? પછી છોકરાનો સ્પર્શ કર્યે છે ને વાંદરાં જેવા થાય છે; માટે આજ્ઞા મુખ્ય રાખવી, એમાં પાછો પગ ભરવો નહિ. જેને ખપ હોય તેને સારુ આ વાત છે.

કઠણ વચન કહું છું રે, કડવાં કાંકચ્ય રૂપ;
દરદીને ગોળી દઉં છું રે, સુખ થાવા અનૂપ.
(કીર્તન મુક્તાવલિ : ૧૦૪૮)

એમ છે. બીજાને શું ? એ તો પશુ જેવા છે. ખરેખરો ગરાસિયો હોય તો પાછો ન ફરે, તે 'ખાડા ખસે, પણ હાડા ન હઠે ! ભાગતાં ભલકું વાગશે રે.' એમાં શ્યો માલ ! સામા ઘા લે તે ખરો !

(૧૧૬) ભજન કરવું તે રાત્યે ઊઠી ઊઠીને મંડે ત્યારે સાચું. 'આ સાહેબ, તારો પણ મન રાખ્યો !' એમ મન રાખ્યે કાંઈ થાય નહિ. એ તો ઠીક, વાહ વાહ ! અરે, કેટલાક તો લઘુ કરવા જાય તે પૂરી આંખ્ય પણ ઉઘાડે નહિ, જાણે રખે ઊંઘ ઊડી જાશે ને માલ વહી જાશે ને આખી રાત્ય ચસચસાવે ને દા'ડે તો ગપોડામાંથી નવરા જ શ્યેના (શેના) થાય ? તેણે શું કાંઈ ભગવાન રાજી થાય છે ? ને જાણે મોટા થઈ ગયા, પણ અંબરીષ જેવુંય ક્યાં થાવાણું છે ? ને ખાઈ ખાઈને ઊંઘી રહ્યા ત્યારે જાણે થઈ રહ્યું, આ તો ફરવા જઈને સૂઈ રહે, એમ કહીને,

કરજો સત્સંગની સહાય રે, સત્સંગની સહાય રે,

એ કીર્તન બોલ્યા.

(૧૧૭) આવા પ્રગટ સાધુ છે તેની મને, વચને ને દેહે સેવા કરવી કે વિનય કરવો; એ તો નહિ પણ ચાર ભેળા થઈને કહે જે, 'આ આવો છે ને આ આવો છે.' એમાં શું પાક્યું ! પણ,

भिक्षां सभां विना नैव गन्तव्यं गृहिणो गृहम् ।
व्यर्थः कालो न नेतव्यो भक्तिं भगवतो विना ॥
(શિક્ષાપત્રી શ્લોક : ૧૯૩)

અર્થ :- ભિક્ષા તથા સભાપ્રસંગ એ બે કાર્ય વિના ગૃહસ્થના ઘરપ્રત્યે જવું નહિ અને ભગવાનની જે નવ પ્રકારની ભક્તિ તે વિના વ્યર્થ કાળ નિર્ગમવો નહિ, નિરંતર ભક્તિ કરીને જ કાળ નિર્ગમવો. એ કયાં પળે છે ?

(૧૧૮) નારીનિંદાના શ્લોક ને કીર્તન બોલ્યા ને કહે, 'ઓલ્યો વાણિયો નાત્ય (નાત) સાથે ઘેલો થયો છે, પણ મૂળ હાથ રાખ્યું છે. તે ગુજરાતમાં કહે છે જે, "છોડીનું નામ વખોત; કાં જે, એનો ધણી ભૂવો ને વળી ભગોત." એવું છે, એવા ભગત છે.'

(૧૧૯) પાપીની સોબતમાં તો ભગવાન ભૂલી જવાય, તે જેમ *સૂર્ય આગળ વાલખિલ્ય ઋષિ પાછે પગે ચાલ્યા જાય છે, એમ મુને ભગવાન અખંડ દેખાતા; પણ પ્રતિપક્ષીને પાછા પાડવા સારુ વાત કરી, તેથી બા'ર્ય (બહાર) મૂર્તિ ભૂલી ગયા. પછી પાછી માંહી દેખાણી. એમ સંગ ઓળખાવીને મૂર્તિ અખંડ દેખાવાનો મર્મ કહ્યો.

(૧૨૦) હું પ્રતિલોમ કરું કે આમ ભગવાન દેખાય છે ને આ લોકમાં ભગવાન તથા મોટા સાધુ, મનુષ્ય જેવા જણાય તે જેને સમજતાં આવડે તેને ઓળખાય. તે મહારાજ કહે, "અમુને બુદ્ધિવાળો ગમે; કેમ જે, ઓલ્યો બુદ્ધિવાળો વધુ જાણે, પણ બીજો ન જાણે." (વચ.ગ.પ્ર.૫૦)

(૧૨૧) મોર્યે ઝાઝા માણસ મંદિરમાં નહિ એટલે હું બાજરો જેટલો કહે તેટલો ઘોડા સારુ આપવા ગયો, ત્યારે એક જણે કહ્યું જે, 'સાધુને લોભ તો જો! પોતાને હાથે બાજરો દિયે છે, પણ કોઈને આપવા દેતા નથી.' ત્યારે જો એને કંઈ ખબર છે ? એમ ગમ પડતી નથી.

(૧૨૨) એકથી પચાસ માળા સુધી જો એકાગ્રદષ્ટિ રાખે તો સુખે ધ્યાન થાય, નીકર તો સંકલ્પ થયા કર્યે.

(૧૨૩) આવા સાધુનો ગુણ લિયે તે બીજના ચંદ્રની પેઠચે વૃદ્ધિ પામે ને અવગુણ લિયે તે ઘટી જાય ને જડ થઈ જાય. ને મહારાજ કહે, "*ચોસઠ લક્ષણે જુક્ત (યુક્ત) એવા સાધુ તેનાં દર્શન અમે પણ કરવા ઇચ્છીએ છીએ." ત્યારે જો ભગવાન પણ એનાં દર્શન કરવા ઇચ્છે, તો બીજાની શ્યી વાત કે'વી ? તેવા સાધુ

**આપણને મળ્યા તેનું આપણને અહો ! અહો ! નથી થાતું.**

સાચે સંત મિલે, કમી કભી કાહું રહી, સાચી શીખવે રામ કી રીતકું જી,
પરાપાર સોઈ પરબ્રહ્મ હૈ તામે, ઠહરાવે જીવ કે ચિત્તકું જી;
દૃઢ આસન સાધકે ધ્યાન ધરે, કરે જ્ઞાન હરિ ગુન ગીતકું જી,
બ્રહ્માનંદ કહે દાતા રામહું કે, પ્રભુ સાથ બઢાવત પ્રીતકું જી.
(કીર્તન મુક્તાવલિ : સાધુ કો અંગ)

**એવા, ને**

તીન તાપ કી <u>ઝાલ</u>, જર્યો પ્રાની કોઉ આવે;
તાકુ શીતલ કરત, તુરત દિલ દાહ મિટાવે.
(બ્રહ્માનંદ કાવ્ય : ૭૫૬)

**એવા, ને**

**साधवो हृदयं मह्यं, साधूनां हृदयं त्वहम् ।**
**मदन्यत् ते न जानन्ति, नाहं तेभ्यो मनागपि ॥**
(શ્રીમદ્ ભાગવત : ૯/૪/૬૮)

અર્થ :- મારા ભકતો એ જ મારું હૃદય છે અને હું ભકતોનું હૃદય છું. તેઓ મારા વિના બીજું કાંઈ જાણતા નથી અને હું પણ તેઓ સિવાય બીજું કંઈ જાણતો નથી. **એમ કહ્યું છે, એવા સાધુનો સમાગમ કરવો. હવે એવા સાધુ ને મહારાજ એ તો ઓળખાણા પણ વિષયમાં રાગ રહી જાય છે, એ વાતની ખોટય છે. તે ભગવાન પોતાના ધામમાં લઈ તો જાય, પણ એ વાસના રે'વા દેશે નહિ; હજાર કલ્પ સુધી રહીને પણ પાછું પડાશે. પછી પાછું ગર્ભવાસ, ચોરાશી, તાવ એ દુઃખ એનાં એ જ. માટે હમણાં જ ચોખ્ખું કરવું. જેમ હજાર કૂતરાં, મીંદડાં, ઊંટિયાં એ સડી ગયેલ પડ્યાં હોય, તે જેવાં ભૂંડાં લાગે તેવા વિષય લાગે ત્યારે થાય; તે સારુ આત્મનિષ્ઠા શીખવી.**
(વચ.પં.૧)

**(૧૨૪) મહારાજ કહે, ''વા'ણનાં (વહાણનાં) લાકડાં કેટલાંક તો લીધાં છે ને કેટલાંક ઘડાય છે ને કેટલાંક વા'ણ તૈયાર થયાં છે ને કેટલાંકમાં માલ ભરાણો છે ને કેટલાંક અધવચાળે (અધવચ્ચે) પૂગ્યાં છે ને કેટલાંક તો પાર ઉતાર્યાં છે.'' એમ આપણા સત્સંગમાં માણસનું છે.**

**(૧૨૫) અહો ! અહો ! ભગવાન સંઘાથે આમ કરવું, તે અમારો તો એવો ઠરાવ જે,**

નેણ કુંરંગા નાગરિ, વરું તો વૃજરાજ નીકર રહું કુંવારી.

સો માથાં જાતાં રે <u>સોંઘા</u> છોગાળા,
એક શિર કે વાસ્તે ક્યું ડરત હે ગમાર ?
ડોલરિયા ઘોળ્યો રે કે તમ ઉપર આ દેહડો !

**એવા ઠરાવ કરવા ત્યારે ભગવાન રાજી થાય;**

**अर्थं साधयामि वा देहं पातयामि ।** (સુવાક્ય)

અર્થ :- 'મારો ધાર્યો અર્થ હું સિદ્ધ કરીશ અથવા દેહનો પાત (નાશ) કરીશ' એવો અડગ નિશ્ચય હોવો જો'એ. **ત્યારે એ કામ સિદ્ધ થાય છે.**

**(૧૨૬) 'આવા સાધુને કાંઈ મનુષ્ય કે દેવ જેવા ન જાણવા, આ તો મહામોટા છે, માટે સમાગમ કરવો; એ વાત રહી જાશે તો પછી શું કામ આવશે ? શું <u>ઘોળ્યું</u> ? મંદિરના રોટલા ખાઈને પણ આનો જોગ કરી લેવો, ઘણોય બાજરો છે, તે આવો તો હું આપીશ. એમ દયા કરીને કેવળ જ્ઞાન દેવું એ જ આગ્રહ.' ને વળી બોલ્યા જે, 'તમે સાકરની રસોઈ દેશો તેમાં શું ? આગળ એક મણની હજાર મણ દેશું, પણ તેણે કાંઈ કામાદિક શત્રુ ઓછા થાય નહિ, મૂળગા વધે તો ખરા. તે માટે સમાગમ કરી લેવો, એ જ સિદ્ધાંત છે.'**

**(૧૨૭) આ તો તમને ઘડી ઘડી <u>પોરો</u> દઉં છું, નીકર રાત્ય ને દિ' એમ ને એમ કથાવાર્તા કર્યા કરું પણ બીજાને મૂંઝવણ પડચે તે સારુ ઘડીક ભક્તિ, ઘડીક કીર્તન, કથાવાર્તા, ધ્યાન એ બધું ફરતું ફરતું કરવું, તેથી મૂંઝવણ થાય નહિ.**

**(૧૨૮) સ્તુતિ-નિંદાના લોયાનાં ૧૭માં વચનામૃતમાં કહ્યું છે જે, 'જેને ભગવાનનું માહાત્મ્ય સમજાણું હોય તેને સારા વિષય મળે તો તેમાં મૂંઝાય જાય.' ત્યારે એક સાધુએ પૂછ્યું જે, 'સારામાં મૂળગો કેમ મૂંઝાય જાય ?' એટલે સ્વામી કહે, 'ઓલ્યા બીજા જેમ નરસામાં મૂંઝાય તેમ એ સાધુ સારામાં મૂંઝાય; કેમ જે, એણે આગળથી જ રાખ જેવું કરી મૂક્યું હોય, પછી શું કઠણ પડચે ! ને અમારે આટલું આસન નહોતું રાખવું, પણ સાધુએ કહ્યું એટલે રાખ્યું, પણ ગમે નહિ ને સૌ આસન જેટલું નાખે છે એટલું નાખ્યું તે ઘડપણ સારુ; તે વગર પણ ચાલે, ધરતી જેવું તો સુખ જ નહીં. ને વાહને પણ ઝાઝું ન ચલાય તે સારુ જેવું તેવું હોય તે ઉપર બેસીએ, પણ તેમાં વળી તાલ શ્યા ? ને આ મો'લાત (મહેલાત) ધર્મશાળા પણ ન ગમે ને આ તો આજ્ઞા એટલે શું કરવું ? નીકર આમાં શું માલ છે? સેવા થાય એટલો માલ, નીકર તો વન બહુ ગમે.** (વચ.ગ.અં.૧૩)

**(૧૨૯) કો'ક મોટો માણસ ઘોડાં લઈને આવે તે ન ગમે. તે જાણું જે**

ક્યારે જાય ? તે મર્યને (મરને) મોતિયા લાવ્યા હોય, તેમાં શું ? કૂતરાનું નામ પણ મોતિયો હોય છે. આવા ગરીબ હરિજન ગમે અને વનમાં પણ પચીસ-પચાસ સાધુ જો'એ ને માંદો થાઉં ત્યારે પણ ઘીવાળી લાપસી ન ભાવે. માટે,

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥
(ભગવદ્ ગીતા : ૩/૨૧)

અર્થ :- શ્રેષ્ઠ મનુષ્ય જે જે આચરણ કરે છે તેનું અનુકરણ બીજા લોકો કરે છે, તે જેને પ્રમાણ બનાવે છે તે અનુસાર લોકો વર્તે છે. મોટેરો હોય તે ચાલે તે મારગે ચાલવું; જેમ મોટેરો હોય તે કર્યે તેમ થાય, ઘીની હાંડલી હું રાખું તો સૌ રાખે ને હું જેમ ચડાવી દઉં તેમ ચડી જાય; પણ માર્યે તો કેવળ પ્રભુ સાંભરે એટલું જ કરવું છે. એમ પોતાનું વર્તન તથા રીત તે કહી દેખાડી.

(૧૩૦) મહારાજ કહે, "જડભરત ને શુકજીના જેવો વૈરાગ્ય, ગોપીઉંના (ગોપીયોના) જેવો પ્રેમ ને ઉદ્ધવ તથા હનુમાનના જેવું દાસત્વપણું જ્યારે થાય, ત્યારે ખરો ભક્ત, નીકર કાચ્યપ કે'વાય." તે વિચારીને જોવું જે, એમાં કેટલી કસર છે ? (વચ.ગ.અં.૨૫)

(૧૩૧) સાધુ થઈને ભજન કરવું, સાધુ જેવી કોઈ વાત નથી ને મહારાજ પણ સાધુના સમ ખાય છે. તે જુઓને ! અંબરીષ સાધુ થયા હતા તો કાંઈ દુઃખ ન આવ્યું.

साधवो दीनवत्सलाः। (સુવાક્ય)

અર્થ :- સાધુપુરુષો દીન ઉપર વાત્સલ્ય કરનારા હોય છે. માટે એ થયે છૂટકો છે. ને ભગવાનનું કામ સાધુ વતે થાય, પછી એ સાધુ ભેળા જ ભગવાનનાં દર્શન થાય છે; એવા મળે પછી શું બાકી રહ્યું ? એવા મળ્યા ને કસર રહી જાય છે, એ તો 'વુઠે મેહે કાળ.' આવા ભગવાન ને સાધુ મળ્યા છે ને કસર ટાળતા નથી !

પથ્થર કી જાતિ હીરા ચિંતામણિ પારસહું,
મોતી પુખરાજ લાલ શાલ ફેર ડારિયે;
(કીર્તન મુક્તાવલિ : ગુરુ કો અંગ)

એ સાખી બોલીને કહ્યું જે, 'એવા સાધુને પગે લાગીને અનુવૃત્તિમાં રહીને ખોટય ટાળી નાખવી.'

(૧૩૨) જે સમે જેવી ભગવાનની મરજી હોય તે સમો વિચારવો ને તે

પ્રમાણે ચાલવું ને આ સમે જીવ ઉપર દયા કરી તે હવેલીઉં (હવેલીઓ), ગાડાં ને બળદ એવી રીત્ય છે, તે ભગવાનને બહુ જીવુંનું કલ્યાણ કરવું છે તે સારુ કરીએ છીએ, નીકર વગડામાં પચીસ વરસ રહ્યા. એમ એક ગોદડીભેર રે'વું ને માગી ખાવું એમ રહીએ, જે તે પ્રકારે રાજી કરવા છે, માટે સમો વિચારવો ને જેમ કહે તેમ કરવું.

(૧૩૩) અંતરનો કુસંગ, બા'ર્યનો કુસંગ ને સત્સંગમાં કુસંગ, એને ઓળખીને તેનો ત્યાગ કરવો. તે અંતરનો કુસંગ જે, મનમાં ભૂંડા ઘાટ થાય ને સત્સંગમાં કુસંગ જે, લોક, ભોગ ને પક્ષ. તે પક્ષે કરીને આચાર્યનું, મંદિરનું, કોઠારીનું ને મોટા સાધુનું ઘસાતું બોલે. ત્યારે કો'કે પૂછયું જે, 'એ થઈ ગયું હોય તે કેમ ટળે ?' એટલે સ્વામી કહે, 'એ તો મોટા સાધુનો વિશ્વાસ હોય જે, એ ભગવાન જેવા છે, ને ભગવાનની પેઠયે અંતરજામી છે તે જાણે છે; પણ કે'તા નથી, એમ જાણે તો ટળે.'

(૧૩૪) એક સાધુએ પ્રસાદી ખાધી તે સારુ પંક્તિબહાર કાઢેલ. પછી એક હરિભકતે મહારાજ આગળ કહ્યું કે, 'કુરાનમાં લખ્યું છે જે, ખુદા સવારના પો'રમાં સાદ પડાવે છે જે, કોઈ ગુન્હેગાર છે ? તો છોડી મૂકીએ.' એમ કહ્યું, ત્યારે મહારાજ કહે, "એ વાત સાચી છે." પછી હાથ જોડીને ઓલ્યા સાધુ દીન થઈ ગયા એટલે તે ઉપર રાજી થઈ ગયા, તેમ છે. દીન થાવું, તો એ તો સારું કરવા જ ઊભા છે. પછી ઓલ્યો કહે, 'ત્યારે માફ કરજો ને કે'શો એમ કરવું છે ને તમને રાજી કરવા છે, તે રૂડું થાય તેમ મુને કે'જો.' પછી કહે, "ઠીક, ભજન કરવા માંડો." જુઓને માર્યે ચેલા છે, પગ દાબે એમ છે, ઢોલિયો છે, ગાદલાં ને ખાધાનું છે ને જે હું કહું તે તુરત કરી દિયે એમ છે; પણ હું જો તે કરું અને બીજા કોઈને ન કરવાનું કહું તો મનાય નહિ, ને સૌ કર્યે. તે લખ્યું છે જે, 'ઋષભદેવ ભગવાન શિક્ષાને અર્થે સિદ્ધિયુંને ન ગ્રહણ કરતા હવા.' એમ આપણે રે'વું.

(૧૩૫) પક્ષ ને સ્નેહ તો જનાવર સુધી છે, તે પોતાનાં બચ્ચાંને જ સેવે ને ધવરાવે છે. એક કણબી ભેંશનું પાડું લઈને આગળ ચાલ્યો જાતો હતો. તે ભેંશ એક ગાઉ સાવજ આવ્યો ત્યાં સુધી પાછે પગે ચાલી ગઈ, એમ છે; માટે આપણે તો એ ત્યાગ કરીને ત્રણય ગ્રંથ પ્રમાણે રે'વું એમાં મહારાજનો રાજીપો છે.

(૧૩૬) તમે કહો છો જે, કે'જો તે હું તો કહું જ; તે સભામાં કહું, નીકર છેલ્લી બાકી ઇતિહાસ કથા કહું, પણ જીવમાંથી ડંખ કાઢી નાખું માટે સાધુને

સેવવા ને એનું ઘસાતું ન બોલવું. તે ઉપર મધ્યનાં ૨૮માં વચનામૃતની વાત વિસ્તારીને કરી.

(૧૩૭) બા'ર્ય ભજન કર્યે બા'ર્ય વૃત્તિ ફેલાય. તે જો રજોગુણ-તમોગુણ વરતતા હોય તો કરવું; પણ સત્ત્વમાં તો અંતરમાં જ કરવું, જેણે કરીને ભગવાન સાંભરે છે ને ઊંડા ઊતરી જાવું ને ભજન કરવું, તે પ્રથમ તો ઘણા હરિભક્તની વાત કહી દેખાડી.

(૧૩૮) બીજું જે કહે તે થાય પણ હરિભક્ત ન થાવાય, તે કો'ક થાય; પણ તેથી સાધુ ભેળું ન રે'વાય, ને કો'ક રહે પણ વિષય ત્યાગ ન થાય; તે કો'ક કર્યે, પણ એથી ભગવાનમાં ન જોડાવાય; એ તો બહુ જ આકરું છે.

(૧૩૯) ઝાઝું તપ, ધારણાં-પારણાં બે મહિનાનાં કહો તો કર્યે; પણ ઓલ્યું જે સૂક્ષ્મ તપ એ તો ન જ થાય.

(૧૪૦) એક આ કામ પણ કઠણ છે; તે શું ? તો જે, સવારથી બે પો'ર સુધી આંખ્યું મીંચીને બેસી ન રે'વાય. નીકર તો બધો જન્મારો બાહ્યદષ્ટિએ રે'વાય; પણ બાહ્યદષ્ટિએ જો માળા ફેરવે, તો બીજે મન ભમે ને આંખ્યું મીંચીને ફેરવે તો ભગવાન સાંભરે. તે આમ દિ' આખો ફેરવાય, પણ ભગવાન સંભારીને તો પાંચ પણ ન ફેરવાય; એ પાંચ જુદી રીત્યની થાય. માટે ધીરે ધીરે નિત્યે ભગવાનમાં જોડાવું. તે ન થાય તો સાધુમાં પ્રથમ જોડાવું, તો પછી ભગવાનમાં સહેજે જોડાવાય.

(૧૪૧) એક સાધુને રામદાસજીભાઈની મૂર્તિ ધરાઈ ગઈ તેની બળતરા થઈને રોયા. પછી અમે તેને કહ્યું જે, 'પે'લાં સાધુ દેખાય ને પછી ભગવાન દેખાય. તે પછી ત્રણ્ય દિ'એ ભગવાન દેખાણા એમ થાય; તે મુક્તાનંદસ્વામીના કીર્તનમાં પણ કહ્યું છે જે, સાધુ ભેળા ભગવાન હોય જ, માટે એમ કરવું.' એટલે એક સાધુએ કહ્યું જે, 'એમ તો ભગવાનની કૃપાએ થાય.' ત્યારે સ્વામી કહે જે, 'આપણે કે દિ' કરવા બેઠા ને ન થયું ? ભગવાન અને આ મોટા સાધુ તેને તો એમ જ કરાવવું છે, ને આ તો જીવની ખોટય છે, નીકર એની તો કૃપા જ છે; માટે નિત્યે ભગવાનમાં જોડાવાનો આગ્રહ રાખવો. નિત્ય બળિયું, એમ શાસ્ત્રમાં કહ્યું છે તે થાશે. એ કર્યા વિના છૂટકો નથી.'

(૧૪૨) એક કણબી હતો તે બે પો'ર જ રળે; કાં જે, થોડા કાળમાં મરી જાવું છે તે શ્યીદ (શીદ, શા માટે) બધો દિ' કૂટીએ ? એમ કુસંગીને પણ થયું, ત્યારે આપણે તો સત્સંગી થયા તે ઢગ દિ' રળ્યા ને હવે તો આવા સાધુનો જોગ કરી

લેવો એ દુર્લભ છે; પણ મેમણના તરેલાંની પેઠચે તાણ્યા જ ન કરવું.

(૧૪૩) સ્વામી કહે, 'બેઠકે ઓળખાય છે.' તે મહારાજ પણ પૂછતા કે, "આ સાધુ કોની પાસે બેસે છે ? ને આ કોની પાસે બેસે છે ?" એમ નામ લઈ ને પૂછે. પછી જે જેની પાસે બેસતા હોય તેનાં નામ લઈ દેખાડે, ત્યારે કો'કનો સંગ ન કરવા જેવો હોય ને સારો સાધુ એની પાસે બેસે છે, એમ જાણે ત્યારે કે'શે જે, "પંડચે (પંડે , પોતે) તો સારા છે, પણ સાધુ ઓળખતાં આવડતાં નથી." એમ કે'તા, માટે આ સંગમાં ભેદ દેખાડચો અને ઉત્તમ સંગ કરવો ને નરસાની સોબત જ ન કરવી. (વચ.લોયા.૬)

(૧૪૪) જો રોટલા મળતા હોય તો આઘોપાછો પગ જ ન ભરવો ને જો ભરે તો દુ:ખી થાય. ને રોટલા તો સૂતા રહે તો પણ મહારાજ સોડચમાં દઈ જાય ને નીકર દીધા હોય તે લઈ જાય; માટે દાળ-રોટલા ખાઈને ભજન કરી લેવું. લોકના ફેલમાં ને વ્યસનમાં સત્સંગીના રોટલા છે, એમ જાણવું ને ડોળ ન કરવો.

(૧૪૫) નૃસિંહાનંદસ્વામીને મહારાજે ભણાવવા માંડયા, તે 'પંચસંધિ' મહિના એકમાં કંઠે કરી, પણ મૂર્તિ દેખાતી હતી તે ન દેખાણી. પછી રોયા, તે મહારાજ કહે, "ભણવું મૂકી દિયો." મૂર્તિ અખંડ રાખ્યામાં દાખડો બહુ પડચે છે; કેમ જે, આ જીવે પાપ ઘણાં કર્યાં છે. તે પાપના કરોડચ કોઠાર ભર્યા છે, તેમાંથી ભગવાને એક કોઠાર ફાડીને અરધાનાં ઇન્દ્રિયું, દેહ આદિક સમસ્ત કર્યું ને અરધામાંથી તેના ભોગનાં સ્થાનક કર્યાં; માટે એ બધુંય પાપ છે. કોઈ ઇન્દ્રિયું-અંત:કરણ ભગવાન ભજવા દિયે એવાં નથી ને જીવ તો એકલો છે; તે જો બળિયો થાય તો ભગવાન ભજાય, નીકર ભજવા દિયે એવાં નથી; પણ જે દિ' તે દિ' કર્યે છૂટકો છે એ સિદ્ધાંત છે. ને અંતર્દષ્ટિ કરવી તે ધીરે ધીરે કરવા માંડચે થાય; તે એમ કર્યા વિના છૂટકો નથી.

(૧૪૬) એક કડિયે મહારાજની મૂર્તિ કરી તે સૌ કહે, 'ભારે કલમ છે!' ત્યારે સ્વામી કહે, 'હા એ તો બહુ સારું, પણ મેં તો બધુંએ જોયું, તેમાં નિષ્કામીપણાની કલમ સૌથી ભારે જણાણી, તે કોઈથી ન રહે માટે એ રાખવી.'

(૧૪૭) આ નેત્રથી આ સાધુનાં દર્શન થાય, ત્વચાએ સ્પર્શ થાય, નાસિકાએ તેને ચડચાં હોય એ પુષ્પનો ગંધ લેવાય ને રસનાએ તેનો વિનય થાય એટલો જ લાભ છે. (વચ.ગ.પ્ર.૧૮)

(૧૪૮) એક દિ' જરૂર મરવું છે, પણ ભૂલી બેઠા છીએ, એ પૂરું

**અજ્ઞાન છે. આત્મા દેખાણે ન વળ્યું, ધ્યાનપરાયણે ન થયું,**

**आकृतिचितिचापल्यरहिता निष्परिग्रहाः ।**
**बोधने निपुणा आत्मनिष्ठाः सर्वोपकारिणः ॥**

(સત્સંગિજીવન : ૧/૩૨/૨૮)

અર્થ :- શ્રીહરિ ભક્તિમાતાને કહે છે :'હે સતિ ! મુમુક્ષુઓએ કેવા સંતને સેવવા જોઈએ ? તે જેઓ કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોની ચપળતાએ રહિત અર્થાત વિષયવાસનાઓ વિરહિત આત્મહિતમાં વિરોધી પરિગ્રહ રહિત, તત્ત્વબોધ આપવામાં પ્રવીણ, આત્મામાં જ એક નિષ્ઠાવાળા (આત્મારામ), સર્વજનોનો આ લોક-પરલોકમાં ઉપકાર કરવાના સ્વભાવવાળા હોય.' **એ પ્રમાણે રહે, ત્યારે પૂરો સાધુ કે'વાય.**

**कोटिकल्पशतैरपि ।** (સુવાક્ય)

અર્થ :- કરોડો કલ્પોના સૈકાઓથી પણ. **ત્યારે અંત આવે છે.**

**(૧૪૯) અમે વાડી કરી છે. તે ત્યાં જાવું બહુ ગમે છે; કેમ જે, વન, પર્વત, ઝાડી ગમે એ રુચિ ને આ આટલું બ્રહ્માંડનું કામ કરીએ તે તો આજ્ઞાએ, પણ અનુસંધાન ઓલ્યું. ને આ તો મોટું રાજ્ય છે, તે કોટિક તો સંકલ્પ કરવા પડચે, પણ અંતરમાં કાંઈ નહિ, એવો મારો સ્વભાવ છે. માટે સૌને એમ કરવાની રુચિ રાખવી, કરવા માંડે તો થાય, જેમ ભણવા મંડચે ભણાય છે, એ આદિક સર્વે ક્રિયાયું કર્યે તો થાય. આ ગિરનાર જેવડા તરંગ હૈયામાં ઊઠે, તેથી મોટા ડુંગર જેવડા ઊઠે, તે માટે જરા બંધ રાખીને ભગવાનને સંભારવા.** (વચ.ગ.અં.૧૩)

**(૧૫૦) એકજણ તો કોઠારીને મારવાનું ધારતો હતો. તે ભગવાનનો કોપ થયો, તેથી દોઢ વરસ સુધી માંદો રહ્યો. પછી મારી આગળ રોયો ને દીન થયો, ત્યારે મુને દયા આવી એટલે મટચું માટે એવા સ્વભાવ ન રાખવા.**

**(૧૫૧) મેડે મંડળી ભેળી થઈને મલકની નિંદા કર્યે છે, તે જો કરશે તો કાઢી મૂકશું. ને જે 'ધર્મામૃત' આપણી ઉપર જ કર્યું છે તે લોપીને ચોરીઉં (ચોરીઓ) કર્યે છે ને લૂગડાં વધુ રાખે છે તે ઠીક નહિ પડચે; ટિટોડી ઊંચા પગ કર્યે તેણે કરીને આકાશ નહિ ઝિલાય, તે સારુ કાંઈ અટક્યું નહિ રહે, કાઢી જ મૂકશું.**

કાંઉ ઝાઝાં કગોરડાં ને કાંઉ ઝાઝા કપૂત,
હકડિ તો મહીડી ભલી ને હકડો ભલો સપૂત.

**માટે જે વધુ રાખતા હોય તે આ ઘડી ચાલવા માંડો. અમારે તો ધર્મ રાખતાં જે થાશે તે કરવું છે, એવો ઠરાવ છે.**

(૧૫૨) અમારે તો કાંઈ વસ્ત્ર જ ન જો'એ (જોઈએ), એક ધાબળી પણ નથી ને આ ખાધાનું તો કો'કના સારાને અર્થે છે; બાકી દાળ-રોટલા જો'એ ને બીજામાં મહારાજને પ્રતાપે સહેજે અરુચિ જ રહે છે, તે માટે ભૂંડા સ્વભાવનો ત્યાગ કરીને ભગવાન ભજવા.

(૧૫૩) બ્રહ્મચર્ય રાખવાના તો છ ઉપાય છે. તેમાં આંખ્ય, કાન, નાક ને મન એ ચાર ચોરી કરી જાય છે, તેની સૂરત રાખીને સાચવવાં. તેમાં આંખ્યને તો બીડી લેવી, તેથી ઉપજે જ નહીં એ મૂળ છે. ને ઝાઝું ખાવું નહિ ને ઝાઝું ઊંઘવું નહિ એ પણ મૂળ છે. તેમાં ખાવું ને ઊંઘવું તેમાં તો વિષય જ રહ્યા છે, તે માટે

असंकल्पात् जयेत्कामम् । (સુભાષિત)

અર્થ :- સંકલ્પોનો ત્યાગ કરવાથી કામ ઉપર જય મેળવી શકાય છે. ધીરે ધીરે સંકલ્પ બંધ કરવા માંડીને ભજન કરવું ને મનનો વિશ્વાસ ન કરવો. તે ઉપર,

न कुर्यात्कर्हिचित्सख्यं मनसि ह्यनवस्थिते ।
यद्विश्रम्भाच्चिराच्चीर्णं चस्कन्द तप ऐश्वरम् ॥
नित्यं ददाति कामस्य च्छिद्रं तमनु येऽरयः ।
योगिनः कृतमैत्रस्य पत्युर्जायेव पुंश्चली ॥
(શ્રીમદ્ ભાગવત : ૫/૬/૩-૪)

અર્થ :- મન ચંચળ છે માટે તેની મિત્રતા કદી કરવી નહિ; કારણકે મનનો વિશ્વાસ કરવાથી મહાસમર્થ પુરુષોનાં લાંબા કાળનાં તપ પણ નાશ પામ્યાં છે, જેમ વ્યભિચારિણી સ્ત્રી પોતાની પર વિશ્વાસ કરનાર પતિનો જારપુરુષને અવકાશ આપી તેઓ દ્વારા નાશ કરે છે, તેમ જે યોગી મનનો વિશ્વાસ કરે છે, તેનું મન કામ તથા તેની પાછળ રહેનારા ક્રોધાદિક શત્રુઓને અવકાશ આપે છે; (અને તે સારા યોગીને ભ્રષ્ટ કરે છે). એ શ્લોક બોલીને કહે, 'આ સર્વે વાત ખપવાળાને કામની છે. જેને કલ્યાણ જો'તું હોય તેને આંહીં બીજું શું છે ! બાકી તો અમે બેઠા છીએ ત્યાં જ 'ધર્મામૃત' લોપાય છે, પછી વાંસેથી તો શું થાશે ? ને વે'વાર કર્યા વિના તો ચાલે નહિ; પણ પાછું વળવું, એમ મહારાજનો ને મોટા સાધુનો સિદ્ધાંત છે.' (વચ.ગ.પ્ર.૧૮)

(૧૫૪) મહારાજની વાંસે એકાંતિકની કચેરી હતી તે તો ઊઠી ગઈ છે ને ઊઠી જાય છે ને આ તો જ્યાં સુધી આવા સંત ને દસ-વીસ હજાર સારા હરિજન છે ત્યાં સુધી 'વચનામૃત'નાં વચન, 'ધર્મામૃત'નાં વચન એ બે તથા ધર્મ, જ્ઞાન,

વૈરાગ્ય, માહાત્મ્યે સહિત ભક્તિ એ ચારથી એકાંતિકધર્મ રે'શે ને પછી તો 'શિક્ષાપત્રી' પળશે; માટે આપણે તો હમણાં જ સાધી લેવું. ને બ્રાહ્મણને લોટ માગીને, બાટી શેકીને પણ આ સમાગમ કરવા વાંસે ફરવું ને ક્ષત્રીને પાકું માગીને પણ આ કરી લેવાનું છે.

(૧૫૫) હવે નવરા થયા તે ભૂતના વાંસડાની પેઠચે મનને સેવામાં જોડી દેવું ને વિષયમાં સંકોચ કરવો; પણ જો એમ નહિ થાય તો નિયમ નહિ રહે. ને શેર એક ખાવું, બહુ બહુ તો દોઢ શેર ખાવું; પણ બશેર લગી તો ન જ પૂગવું ને ઝાઝું સૂવું નહિ; કેમ જે, સૂતે સૂતે અન્ન પચીને પછી ઇન્દ્રિયું બળવાન થાય, તે માટે સંકોચ રાખવો.

(૧૫૬) એક દિ' મહારાજે મુને કહ્યું હતું જે, "ધર્મકુળમાં રઘુવીરજી જેવો કોઈ નથી." તે વાત સાચી; કેમ જે, એની રે'ણી કે સ્થિતિ તે ક્યાંય ન મળે ને ત્યાગની છટા પણ મહારાજના જેવી જ હતી; એવા હવે નહિ થાય, કદી મહારાજ મોકલે તેની વાત બીજી.

(૧૫૭) આ જે સ્વામિનારાયણ તેને જે કોઈ કચવાવશે કે રૂખમાં નહિ રહે, તેનું તો બહુ ભૂંડું થાશે ને કાંઈનું કાંઈ નરસું થઈ જાશે; માટે કચવાવવા નહિ.

(૧૫૮) એકવાર મહારાજે ઊભા થઈને કહ્યું હતું જે, "કોઈ નિયમ ભંગ કરશો મા, ને જેને કરવું હોય તે સત્સંગમાં રે'શો મા ને આ જે સૂરજ સરખી ગોદડીઉં તેમાં ભલા થઈને ડાઘ લાગવા દેશો મા. ને મુને ભગવાન જાણશે ને કુસંગમાં હશે તો પણ કલ્યાણ થાશે ને સત્સંગમાં રહીને નિયમ ભંગ થાશે, એનું તો ભૂંડું જ થાશે." એમ મહારાજે કહ્યું હતું ને એના સાધુ પણ રોજ કહે છે; તે માટે ન રે'વાય તો માગ દેજો. ને ઉંદર ને મીંદડી વા'ણમાં બેઠાં, તે મીંદડી કહે, 'ધૂડચ ઉડાડ મા.' ત્યારે ઉંદર કહે, 'મારનારી થઈ હો તો આમ જ માર્યને.' એમ જે, જાનારા થયા હોય તે જાજો, પણ મીંદડીની પેઠચે કરશો મા.

(૧૫૯) અહો ! જુઓને, પરદેશથી વાતુ સાંભળવા આવે છે ને આ આંહીંના મેડે ને બીજે બેઠા રહે છે; તે શું સમજ્યા ? ખરેખરો થઈને સાધુમાં વળગે તો કામાદિક શત્રુ બળી જાય ને ભગવાનમાં જોડાય ને જેને ખાવા મળતું હોય ને ભગવાનને ન ભજે એ જેવો કોઈ પાપી નહિ, અધર્મી નહિ, મૂરખ નહિ ને અણસમજુ નહિ. અહો ! આવા મહારાજ મળ્યા ને એવી ખોટચ રહી જાય છે, એ જેવું શું છે ?

(૧૬૦) આ જીવ તો ઘરમાં, કુટુંબમાં, લોકમાં, ભોગમાં ને દેહમાં ગીરના આંધળાની પેઠચે વળગ્યો છે; પણ અંતે રે'વું નથી, એ મૂકીને ચાલ્યું જાવાશે.

(૧૬૧) આ દેહ જેવું તો કોઈ વા'લું જ નથી. તે ખૂણે જઈને સુવાડી મૂકે, પછી કો'ક દ્રવ્ય લઈ જાય, લૂગડાં આદિક પદાર્થ લઈ જાય, અરે ! માથું પણ કાપી જાય, તો પણ ખબર પડતી નથી, એમ દેહ સારુ થાય છે. તે દેહનું જે પોષણ કર્યે તેમાં ને જે દેહની શુશ્રૂષા કર્યે તેમાં હેત થયા વગર રહે જ કેમ ? ને દેહ તો કાલ પડી જાશે, માટે એથી નોખું પડવું. પછી,

જેનું રે મન વન વાંછતું, અતિ રે'તા ઉદાસજી.
તે તાકયા વસ્તીએ વસવા, બાંધી સૌ સાથે આશજી. જેનું૦
જેને રે ગમતી જીરણ કંથા, જેવું તેવું જળ ઠામજી;
તેણે રે રંગ્યાં રૂડાં તુંબડાં, ગમતાં વસ્ત્ર માંગે ગામોગામજી. જેનું૦
(કીર્તન મુક્તાવલિ : ૪૮૪)

એ બોલ્યા ને બીજું શિષ્યનું પણ એવું છે,

પોતાનો પરિવાર પરહરી, ચાલ્યો એકીલો આપજી;
તેણે રે કર્યો સ્નેહ શિષ્યશું, લીધો પરનો સંતાપજી. જેનું૦
(કીર્તન મુક્તાવલિ : ૪૮૪)

તે શિષ્ય સારુ વાંસે જાય છે તે શિષ્ય જાય તો એવું થાય છે, માટે જ્ઞાન શીખવું.

(૧૬૨) નાગર ગવૈયા પાસે

બતિયાં તેરી શામ સોહાવનિયાં વે...

એ કીર્તન બોલાવીને વાતુ કરી ને કહે જે, 'આ કલાક લેખે લાગી, બાકી બધી ખાલી ગઈ.' તે ઉપર દૃષ્ટાંત દીધું જે, એક ગામને પાદર પાવળિયામાં આયુષ્ય લખેલ કે કો'કનું મહિનો, કો'કનું બે મહિના, કો'કનું છ મહિના ને કો'કનું વરસ. તે એ ગામમાં એક બ્રાહ્મણ રે'વા જાતો હતો, તે એ વાંચીને પાછો વળ્યો, ત્યારે ત્યાંના માણસે કહ્યું જે, 'એમ નથી, આ તો જેણે આ ગામમાં જેટલી ઘડી ભગવાન ભજેલ ને ભગવાનની કથાવાર્તા સાંભળેલ તે બધી ઘડી ભેળી કરીને જેટલી થઈ તેટલી જ આવરદા પાવળિયામાં માંડી છે; કેમ જે, બાકીની તો એળે ગઈ છે.' એમ આપણે પણ એવું છે જે, જેટલી ઘડી ભગવાન સંબંધી થયું એટલી જ ઘડી સાચું છે. ને કામમાં, ક્રોધમાં, લોભાદિકમાં જેમાં જેટલી કસર આંહીં રે'શે તેટલી ક્યાંક ટાળ્યા

પછી ધામમાં જાવાશે.

(૧૬૩) 'આ જીવને આજીવિકા હોય તે તૂટે એ કેવું લાગે ! એમ સત્સંગ કર્યા પછી આ દેહને વિશે પંચવિષયની આજીવિકા તૂટી જાય છે. તે નેત્રને રૂપની, રસનાને રસની, નાસિકાને ગંધની, ત્વચાને સ્પર્શની એ બધાયની આજીવિકા તૂટી જાય છે, પછી કેમ સુખ રહે ?' એમ ચાર-પાંચ વાર કહી બોલ્યા જે, 'આવી વાત કોઈ દિ' કરી નથી.'

(૧૬૪) આ જીવ તો ઝાડ, પથરા, ધૂડ્ય ને બેલાં, એ જુએ છે; તેમાં શ્યો માલ છે ? અને મૂળ શાસ્ત્રમાં કહ્યું છે જે, 'નેત્ર આગળ આવે તે જોવું, પણ બહુ લાંબી દૃષ્ટિ ન કરવી.' એમ સાધુનો મારગ છે, પણ આ તો વારે વારે વખાણ કર્યે જે, આવું હતું ને આમ થાશે. ને શાસ્ત્રમાં કહ્યું તે જે, નિયમ પ્રમાણે જમે તે સદા ઉપવાસી ને વસ્ત્ર પણ નિયમ પ્રમાણે રાખે તે ત્યાગી, માટે નિયમમાં રે'વું.

(૧૬૫) જે દિ' તે દિ' સાધુથી જ મોક્ષ થાય છે, ને જ્ઞાન આવે છે, ને જે દિ' કાંઈક થયું હશે તે પણ તેથી જ થયું છે ને થાશે તે પણ તેથી જ થાશે. માટે મોક્ષનાં દ્વાર જ આ સંત છે; તે આ ચૈતન્યાનંદસ્વામી ઢોલિયો, ખાધાનાં, વસ્ત્ર ને પદાર્થ પાર વગરનાં રાખતા તેનું કોઈથી કે'વાણું નહિ. મહારાજે એકવાર કહ્યું હતું તે સારુ મરવા તૈયાર થયા હતા. ને શ્રીજીમહારાજ આગળ કોઈને પદાર્થ મૂકવું હોય તો તે આગળથી પોતાપાસે લાવે, ત્યાર પછી મહારાજ પાસે મૂકવા જાવાય એવું હતું; પણ બાળમુકુંદાનંદસ્વામીએ ને ગોપાળાનંદસ્વામીએ વાતુ કરીઉં, ત્યારે સર્વેનો ત્યાગ કરીને પંગતમાં રોટલા ખાય ને હાથ જોડીને બોલે, એવું સાધુવતે થયું. તે સભામાં બોલ્યા જે, 'બાર વરસ સદ્ગુરુ ને બાર વરસ ગુરુ રહ્યો પણ સત્સંગી તો આજ થયો.' ને ઘનશ્યામદાસને તો મેં એવી વાતુ કરી જે, સ્વભાવમાત્ર કાઢી નાખ્યા; તે મહારાજ ભેળા પણ ઘોડા વગર ન ચાલતા ને લૂગડાં આદિક પદાર્થનું પણ તેમ જ હતું. તે હવે સાધુ થઈ ગયા, એમ થાય છે; માટે આવા સાથે જીવ બાંધવો.

(૧૬૬) કેટલાક ઢોર સાથે જીવ જોડે છે ને સંભારે છે તે ઢોર એને વશ થઈ રહે છે ને વાંસે ફરે છે, એમ ભગવાન સામું જોઈ રહે ને જીવ જોડે તો એ વશ થયા વિના કેમ રહે ? એ તો પછી એની વાંસે જ ફરે ને સામું જોઈ રહે; કેમ જે, ભક્તવત્સલ છે. તે માટે ભગવાન સામું જોઈ રે'વું ને બીજું ઝાડ આદિક કાંઈ જોવું નહિ ને દેહને ઘસારો લગાડવો હોય તો રાત્યે બબ્બે કલાક ભજનમાં બેસવા માંડે.

(૧૬૭) મુંબઈ જાય તો સત્સંગ થોડો ઘાસે ને તેથી મુંબાસા

(મોમ્બાસા) જાય તો વધુ ઘાસે ને તેથી કાપ કુફાન જાય તો સાબદો ઘાસી જાય. માટે ઘેર બેઠાં રોટલા મળે તો વધુ સારુ આઘું જાવું નહિ.

(૧૬૮) શહેર-પાટણ સેવવાં નહિ ને સુખ તો સત્સંગમાં જ છે. ત્યારે કો'કે કહ્યું જે, 'તમારી આજ્ઞામાં રહે તો ?' એટલે કહે, 'હા, આજ્ઞામાં રહે તો સુખી થાય, ને આજ્ઞાબા'ર્ય (આજ્ઞા બહાર) પગ દિયે તો દુઃખી થાય. આજ્ઞા ને વચન એ બેમાં જ સુખ છે ને તેમાં મોક્ષ પણ રહ્યો છે. જુઓને જાનકીજીએ આજ્ઞાબા'ર્ય પગ દીધો તો હરાણાં. ને એક કડિયો કરાંચી ગયો તે ભારે કમઠાણ ઉઠાવીને રૂપિયા પંદર હજાર ભેળા થયા. પછી મેં આંહીંથી કાગળ લખ્યો જે, ભાગી આવજે, ઝાઝો લોભ કરીશ મા; પણ ન આવ્યો તેમાંથી શુંએ થયું તે બધાય ગયા ને પોતે માંડ બાયડી-છોકરાં લઈને ભાગ્યો, એમ પણ થાય છે.' (જુઓ પ્રકરણ ૧૦ ની વાત ૧૭૦)

(૧૬૯) ભગવાનનાં કથાકીર્તન થાતાં હોય ત્યારે ધ્યાન મૂકી દેવું; કેમ જે, એમાંથી જ્ઞાન થાય અને પછી ધ્યાન ટકે.

(૧૭૦) જીવ *પંચવિષય સારુ હેરાન થાય છે તે એક એક વિષય ગિરનાર જેવા છે, તે ઊખડતા નથી ને આ બધો મલક મંડે તો ગિરનાર પર્વત પણ ઊખેડી નાખે; પણ કામ તો કરોડચ ઉપાયે પણ ન ઊખડે. બે વાંદરા કામ સારુ લડયા, તેમાંથી એક વાંદરો દોડયો ને ઝાડને બચકું લીધું તે દાંત ખૂંચી ગયા એટલે મરી ગયો. એવું કામ વિષયનું છે. કામથી ક્રોધનું વધુ છે,

कामं दहन्ति कृतिनो ननु रोषदृष्ट्या रोषं दहन्तमुत ते न दहन्त्यसह्यम् ।
सोऽयं यदन्तरमलं प्रविशन्बिभेति कामं कथं नु पुनरस्य मनः श्रयेत ॥

(શ્રીમદ્ ભાગવત : ૨/૭/૭)

અર્થ :- યોગીઓ કદાચ રોષદૃષ્ટિથી કામને બાળી શકે છે, પણ પોતાને બાળતો એવો જે અસહ્ય ક્રોધ તેને બાળી શકતા નથી. એવો ક્રોધ જેના હૃદયમાં પ્રવેશ કરતાં ભય પામતો હોય, તેના મનને કામ તો ક્યાંથી અડી શકે ! એ શ્લોક બોલીને કહ્યું જે, 'શિવના ગણે તો કામ બાળી નાખ્યો છે, પણ ક્રોધે કરીને પોતાના અરધા અરધા હોઠ કરડી ખાધા છે. તે માટે બધુંએ જાળવવું ને છઠ્ઠું મન પણ નીલ વાંદરા જેવું છે, તે હળી હળીને દોડે છે ને એક ક્ષણ સ્થિર થાતું નથી.'

(૧૭૧) માંગરોળમાં મહારાજ મૂળચંદભાઈને ત્યાં જમવા ગયા, તે રસ્તામાં એક કબો વાણિયો વેપારમાં ખોટચ ગઈ તેથી ઘેલો થઈ ગયેલ. તે હાટમાં

બેઠો બેઠો ત્રાજવામાં ધૂડ્ય ને છાણ ને પાણા ભરી ભરીને તોળે. પછી કહે જે, 'લિયો સાકર, લિયો એલચી.' એમ કહે, પછી મહારાજ કહે, "આ કોણ છે ?" એટલે હરિજને કહ્યું જે, 'એ તો કબો ગાંડો છે.' ત્યારે મહારાજ કહે, "હું તો જે જીવ ભગવાનને નથી ભજતા, એ બધાય કબા ગાંડા છે, એમ જાણું છું."

(૧૭૨) અહો ! ભાદરવે મહિને કાંઈ મેહ મોંઘા છે ! તે આમ આવા સંત છે ત્યાં સુધી છે; પણ ત્યાં તો કોઈ સમાગમ કરતું નથી ને પછી ગૃહસ્થ ને ભેખધારી તે સર્વેને પશ્ચાતાપ થાશે. માટે સમજણવાળા ને વગર સમજણવાળા, એ બેયને જે તે પ્રકારે ઉદ્યમ કરીને રોટલાનું કરતે કરતે આ સાધુ પાસે આવવું ને રોટલાનું કરવું. ને વળી આવવું એમ કરી લેવું ને જીવ બીજું તો કર્યે જ છે તે તેમાં શું ! કોટિ કલ્પ સુધી તપ કર્યે પણ આ જોગ ન મળે, તે જે ઉપવાસ કરતા હશે તેને તપની ખબર પડતી હશે. એમ કહીને 'બ્રહ્મવિલાસ'નું ગુરુનું અંગ બોલાવ્યું ને કહ્યું જે, 'આ જોગ બહુ દુર્લભ છે; જીવને શું ખબર પડચે ?' એમ કહીને પોતાની ગોદડી દેખાડી ને કહ્યું જે, 'આ ગોદડી ઓઢીને બેસી રહીએ, તે ચીંથરે વીંટચા રતન છીએ.'

(૧૭૩) સાધુને કો'કે પૂછ્યું જે, 'સ્વામિનારાયણ પ્રગટચા તેનો શું અભિપ્રાય છે ?' તે તો મહારાજે કહ્યું છે જે, "જીવુંને મૂળ અજ્ઞાન છે તેનો નાશ કરીને અક્ષરધામમાં લઈ જાવા, એ અભિપ્રાય છે." તે ઉપર દૃષ્ટાંત છે જે, એક ઉંદરીઉં વરસ થયું, તે ઉંદર ખેતર ખાઈને બળિયા થયા. પછી તેમણે વિચાર કર્યો જે, આપણા શત્રુ મીંદડાં છે તેને મારી નાખીએ. પછી તો થોડાક કહે, અમે એનું પેટ ખાશું; થોડાક કહે, અમે પગ; થોડાક કહે, અમે પૂછડું; પણ કોઈએ મોઢાનું ન કહ્યું, એમ છે; પણ કોઈ મોઢે ચડીને પૂછતું નથી.

મૂએલ કાંઉ મારશે દલદાર દાવલ પીર;
દાવલથી દેદા ભલા જેણે પઢીને કીધા પીર.

એમ મૂએલ શું પૂછે ?

(૧૭૪) એક હરિભકત ખંભાતથી સમાગમ કરવા આવતા હતા, તેને વચમાં એકજણે વાર્યા. તે વાત સ્વામી આગળ આંહીં આવીને કહી. પછી સ્વામી કહે, 'તેને કહીએ ને જે, જૂનેગઢ તો,

તૂં મુરશિદ હૈ કામિલ, કાબિલ સબહુ નર તેરે હાથ વે;
(કીર્તન મુક્તાવલિ : ૮૧૫)

એવા છે, એમ કે'વું હતું ને ! સુંવાળાં લૂગડાં રાખીને બેસે તે મોટા; મોટાને તો કે'વાશે નહિ, પટારામાં તો હશે ખરાં ! માટે સાવચેત રે'જો. હવે તો પટારા, દેહ ને જીવ બધુંએ શોધવું છે, તે વિના પાર કેમ આવે ?'

(૧૭૫) એકજણે પૂછ્યું જે, 'સૌ કરતાં વા'લું શું હશે ?' ત્યારે ઉત્તર કર્યો જે, 'અમને તો દેહ જણાય છે.' ને મહારાજે પણ એક સાધુ આગળ કહ્યું કે, ''જીવને કરોડ્ય પાપના કોઠાર ભર્યા છે.'' એ વાત વિસ્તારે કરીને બોલ્યા જે, 'તે માટે એ પાપનાં છે, તે ભેળે દેહની એકતા આવી. તેમાં જે જીવ જુદો રહ્યો, તેને બળિયો કરીને ઓની ભેળું રે'વું; પણ ભળવું નહિ ને કોઈ પદાર્થ કે વિષય રાખવા નહિ; પછી ત્યાં જઈને ભોં ખોતરવી પડચે, એ કરતાં આંહીં જ છૂટકો કરીએ નહિ ?'

(૧૭૬) અનંત ક્રિયા થાય પણ ઇન્દ્રિયું ને મનને રોકાય નહિ ને નેત્રે કરીને ગધેડું, કૂતરું, મીંદડું, આદિક જુએ એમાં શ્યો માલ છે ? પણ રે'વાય નહિ, હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં સર્વે ક્રિયાને વિશે ભગવાનને જ સંભારવા.

(વચ.ગ.પ્ર.૨૨-૨૩)

(૧૭૭) આ દેહને તો જેમ કોઈ પદાર્થ ઉપર તુળસી મૂકે છે ને કૃષ્ણાર્પણ કર્યે છે એમ કરી મૂકવો, તે વિના મોક્ષ થાય નહિ ને શાંતિ પણ થાય નહિ. એટલે એક જણે કહ્યું, 'હા, શાંતિ થાતી નથી.' ત્યારે સ્વામી કહે, 'ક્યાંથી થાય ? શાંતિ તો આવા સાધુમાં છે; તેને સેવે ત્યારે આવે ને ભગવાન છે તેણે પોતે આ સાધુને શાંતિ આપી છે, તે માટે આ સાધુનો સમાગમ જે કર્યે તેને શાંતિ આવે.'

(૧૭૮). માન, કામ, ક્રોધમાં જીવ ભરાઈ રહ્યો છે, તેણે શું ભગવાન ભજાય છે ? ને ગ્રામ્યવાર્તાનું કહ્યું જે, ત્રણ્ય જણ હતા તે ગ્રામ્યવાર્તા કરતા, તેને મહારાજ કહે જે, ''આને અમ પાસે આવવા દેશો મા, એ ગ્રામ્યવાર્તા કર્યે છે.'' માટે પ્રયોજનમાત્ર વાત કરવી પણ બીજી, રાજાની ને શાહુકારની તે શ્યા સારુ (શા માટે) કરવી જો'એ ? ભગવાન વિના બીજી વાત કરવી ને ભગવાનની સ્મૃતિ વિના ખાવું એ ધૂડ્ય જેવું છે, માટે સાધુનો સમાગમ કરીને કામ, દેહાભિમાન ને ક્રોધ એ ટાળવાં.

(૧૭૯) દેહને તો શું કરવું છે ? આમ ને આમ પરપોલા જેવું કરી રાખે છે, એવું ન રાખવું; ખાસડાં જેવું કરી નાખવું. આ જુઓને, અમારા પગ વજ્ર જેવા છે, તે કાંટો વાગે નહિ ને ધગે પણ નહિ. ને એક વાર મહારાજ પાસે જાતા

હતા તે રસ્તામાં શૂળો હતી તે કરડ કરડ બોલતી ગઈ ને અમે ચાલ્યા ગયા, કાંઈય થયું નહિ; માટે દેહ જો પરપોલા જેવું રાખ્યું હોય તો જરાક વા ન આવે કે જીવ માંહીથી આકળો થઈ જાય. તે માટે એવું દેહ ન રાખવું.

(૧૮૦) સંવત ૧૯૨૦ના ભાદરવા સુદિ બીજને દિવસે જૂની ધર્મશાળા ઊખેળીને વાત કરી જે, 'ક્રિયા કરવી તેમાં માન, ક્રોધ ને ઈર્ષા એ ત્રણ્ય તો આવવા દેવાં જ નહીં અને ક્રિયામાં તો માણસ જડાઈ જાય છે; તે મોર્યે એક સાધુ ઉપરથી બેલું નાખતા હતા, તે જાણ્યું જે, કો'કના ઉપર પડચે છે એમ થાતું હતું, ત્યાં તુરત પાધરા બેલા સોતા જ તે પડચા. પછી ભગવાને રક્ષા કરી, પણ ક્રિયામાં એમ જડાઈ જાવાય છે. માટે મોટું કામ તો ધીરે ધીરે કરવું ને બીજું તો બધુંય થાય પણ આ જે આજ્ઞા ને વર્તમાન જે પાળે, તે ઉપર મહારાજની નિરંતર દૃષ્ટિ રહે છે, તે આજ્ઞા ને નિયમ તે શું ? જે, *ત્રણ્ય ગ્રંથમાં બધું આવી ગયું.

(૧૮૧) વરતાલમાં મેડા ઉપર મહારાજે વાત કરી જે, ''સ્વામીજી, હજી નિશ્ચયમાં ફેર છે કે નથી થયો ? જો કો'ક સ્ત્રી ભેળી હોય તો ડગમગાટ થાય?'' વળી *ગોકળ ભાટિયાનું કહ્યું જે, 'નાત્ય બા'ર્ય કાઢચા ને એની ડોશીને સર્વે ક્રિયામાં ભગવાન દેખાય ને બા'ર્ય જાય ત્યાં ને જે ક્રિયા કર્યે તે સર્વેમાં મહારાજ દેખાય, પણ સત્સંગી નો'તી. ત્યારે એવી કો'ક ક્રિયા જોઈને નિશ્ચય રહે નહિ; સંશય થઈ જાય, પણ લીલા ન જણાય. સત્સંગ કર્યે ને તેમાં જો આ સર્વે કહ્યાં એવાં ચોજ ન સમજે તો કસર રહી જાય.'

(૧૮૨) આ સાધુનું તો દર્શન કર્યે પંચમહાપાપ બળી જાય પણ પૂરું માહાત્મ્ય ક્યાં જાણ્યામાં આવ્યું છે ?

(૧૮૩) હે, પરમહંસો ! સ્ત્રીરૂપી તલવાર્યે (તલવારે) કરીને કોણ હણાણો નથી ? ને હે, પરમહંસો ! દુઃખ દેવાને અર્થે યૌવન-અવસ્થા તે ચડતું પગથિયું છે; તેમાં ય તપે, વ્રતે, જોગે ને છેલ્લી વાર આવા સાધુને સંગે કરીને આ યૌવન-અવસ્થા તરવી ને ભગવાનમાં જીવ જોડવો.

(૧૮૪) હે, પરમહંસો ! શાંતિ તો એક નારાયણના ચરણારવિંદમાં જ છે. તે માટે તે સામું જોઈ રે'વું. જેમાં નિદ્રા આવવી જો'એ તેમાં નથી આવતી, આ ટોડાં સારે છે તેમાં નથી આવતી ને જો માળા ફેરવવા બેસે તો બધાયને આવે, પણ ધીરે ધીરે ભગવાનને સંભારતા જાય ને ટોડાં લાવતા જાય તો એમ જ થાય; મર્યને એક ટોડું ઓછું આવે, પણ એવા સ્વભાવ પાડેલ નહિ. આવાં તો બ્રહ્માંડમાં એક

લાખ, કરોડય કારખાનાં ચાલતાં હશે. એમાં શું પાક્યું ! આગ્રામાં અઢાર કરોડય રૂપિયાનું એક કબ્બરસ્તાન છે, તેણે શું થયું ? માટે ભગવાન ભજ્યામાં સુખ છે.

(૧૮૫) આસો વદિ આઠમે વાત કરી જે, 'ભગવાન નથી ભજતા ને બીજા ડોળમાં ભળે છે તેને લંબકર્ણ જેવા કહ્યા ને ભજે છે તેનાં લક્ષણ કહ્યાં જે,

હું બલિહારી એ વૈરાગને, ઉપન્યો જેને અંગજી.

(કીર્તન મુક્તાવલિ : ૪૭૯)

એ બોલ્યા. ને પછી કહ્યું જે, કોઈને હિંમત આવતી હોય, તો આ સમો ભગવાન ભજ્યાનો છે, તે કોઈને હિંમત આવતી હોય તો આ સમે ભગવાન પ્રગટ્યા છે; તે કોઈને હિંમત આવતી હોય તો તે ભેળા એના સાધુ પણ આવ્યા છે અને કરવાનું પણ એ જ છે. આ તો જીવને ગરજ ક્યાં છે ?' એમ કહીને હસ્યા, 'જુઓને ! લોંઠાએ આ સાધુ માળા ફેરવાવે છે, લોંઠાએ નિયમ પળાવે છે, લોંઠાએ ભગવાન ભજાવે છે, નીકર જીવને તો કાંઈ કરવું જ નથી, તે કર્યે જ નહીં.'

(૧૮૬) સંવત ૧૯૨૧ના કારતક માસમાં વાત કરી જે, 'જે ક્રિયા કરવી તેમાં ફળનું અનુસંધાન રાખવું, તે કામનું ફળ જોવું જે શું છે ? તેમ જ ક્રોધનું, લોભનું, માનનું, સ્વાદનું ને સ્નેહનું એ બધાનું જોવું; તેને કહું તે સાંભળો જે, કામમાંથી ઇન્દ્રને હજાર ભગ થયાં ને ક્રોધમાંથી દુર્વાસાનું ભૂંડું થયું ને માનમાંથી દક્ષનું ભૂંડું થયું ને લોભમાંથી નંદરાજાને દુ:ખ થયું ને સ્વાદમાંથી શૃંગી ઋષિનું ને સ્નેહમાંથી સાપ થાવું પડચે છે. એવાં કેટલાંક કહીએ ! એ મારગ જ ભૂંડો છે. માટે જે તે પ્રકારે દેહનિર્વાહ કરીને સમાગમ કરી લેવો ને આ લોકમાં તો નહિ જ રે'વાય.' એમ ચાર વાર કહ્યું. 'બધુંય કરીએ ને સુખ માની બેઠા હઈએ પણ ભગવાન છે તે જ્યારે ઘાંટો ઝાલશે, ત્યારે અન્ન કે પાણી નહિ ઊતરે.' (વચ.ગ.પ્ર.૧૮)

(જુઓ પ્રકરણ ૧૦ ની વાત ૧૮)

(૧૮૭) અરે ! આવા સાધુ છે તે પણ દંડ દિયે છે. તે જેણે ત્યાગે, તપે આદિક સાધને કરીને વશ કર્યા હોય તેથી થાય. આ જીવનું કરવું તો કેવું છે તે મહારાજ કે'તા જે, "એક ગરાસિયો હતો તે કસુંબા કાઢે ત્યારે લડાઈની ને ધીંગાણાની વાતું કર્યે ત્યારે ખરાઈ આવે તે જ્યારે અફીણ પીયે ત્યારે અને ઊંઘે ત્યારે વળી ઢીલાઢબ." એમ આપણે પણ જ્યારે વાતુ થાય ત્યારે એમ, અને પછી પાછું કાંઈ નહિ.

(૧૮૮) વા'ણ છે તેનું સુકાન ધ્રુવ સામું મરડે છે ને તેના ખેવટિયા ધ્રુવ

સામું જોઈ રહે છે, તેમ આપણે પણ ભગવાન સામું જ જોવું ને બીજે માલ નથી ને બીજું તો જે જે કરીએ છીએ તેમાં વેઠિયાની પેઠચે મંડયા છીએ.

પહેલે પૂજત ગોર્ય જયું, પુનિ ડારત હદમાંહિ;
મુકત કહે સંસાર સુ, પ્રીત કિયે ગુન નાહીં.
(મુક્તાનંદ કાવ્ય : વિ.ચિ.- સાધુ કો સંગ -૬)

તે જ્યારે સમાગમ કરશું, ત્યારે વે'વાર વેઠરૂપ જણાશે.

(૧૮૯) સંવત ૧૯૨૧ના માગશર માસથી મહારાજ પાસે જાવાની વૃત્તિ તણાય છે, તે તમને હમણાં તો જણાતું નથી.; પણ ભાઈ, હવે આવો જોગ નહિ રહે ને મહારાજ ભેળા રહ્યા છે તે પણ વાંસે રોશે; કાં જે, આવી વાતુ કોણ કરશે ? કોઈ કરશે તો સુધી જન્મ-મરણની કરશે ને આ તો મનના ને ઇન્દ્રિયુંના દોષ કે'વા, તે એ કેને એની ખબર હોય ? એના દોષ કેણે જોઈને ત્યાગ કર્યા છે ? માટે આવો જોગ નહિ મળે.

(૧૯૦) પુસ્તકમાં તો વાતું લખી હશે, પણ કોઈને તે કામ આવી નથી; કાં જે, 'વચનામૃત'ની આખી પ્રત્યું (પ્રતો) પાસે પડી રહીઉં (રહી) ને વળી ભણેલા તે પણ સત્સંગમાંથી ગયા છે.

(૧૯૧) ધર્મશાળાનો તાલ, લાકડાં ને પાણામાં કાંઈ નથી. એ બધું કહીએ છીએ તો નિંદા જેવું કે'વાય છે, પણ આવી વાતુ વિના પરભાવને નહિ પમાય. તે શુકજીને દેખીને ગોપીઉંએ (ગોપીયોએ) વસ્ત્ર ન પે'ર્યાં ને વ્યાસજીને દેખીને પે'ર્યાં; કાં જે, ઓને સ્ત્રી-પુરુષનો ભાવ નહિ, માટે સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ્યથી તો વારંવાર નોખું જ પડવું અને એવી ભાવનાએ કરીને મૂક્યાં ત્યારે પ્રકૃતિપર્યંત આવી ગયું ને તે પર ગુણાતીત એવું સ્વરૂપ થયું, માટે તે વગર કોઈ કાળે છૂટકો નથી.

त्यज धर्ममधर्मं च उभे सत्यानृते त्यज ।
उभे सत्यानृते त्यक्त्वा येन त्यजसि तत्त्यज ॥
(સુભાષિત)

અર્થ :- ધર્મ અને અધર્મનો ત્યાગ કર. તેમજ સત્ય અને અનૃતનો ત્યાગ કર. સત્ય ને અનૃતનો ત્યાગ કર્યા પછી જે કંઈ છોડી શકાય તે છોડ. તે કહ્યું છે જે, 'અસદ્‌વાસનાનો ત્યાગ કર્યે ને સદ્‌વાસનાનો પણ ત્યાગ કર્યે, તે કર્યું થાય.' એ કહ્યું તે પ્રમાણે કરવું.

(૧૯૨) જીવને સત્સંગ થાય નહિ. તે તો જેટલા દેહ મૂકીને ગયા જે

એકાંતિક સાધુ, તેમનો રાત્રિપ્રલય સુધી અહોનિશ જોગ રાખે તો થાય, નીકર પૂરો ન થાય.

(૧૯૩) અહો ! અહો ! આ ભરતખંડમાં આવો જોગ થઈ ગયો ! આ સાધુ, આ વાતુ, આ ધર્મ જો ખરેખરા ઓળખાય તો ને આ સાધુ ઓળખાય તો કાંઈ કાચું નથી ને આ વાતુ તો કોઈને મળીઉં (મળી) નથી.

(૧૯૪) આ દેહ હાડકાંનો, સ્ત્રીનો દેહ પણ હાડકાંનો ને છોકરાંનો પણ હાડકાંનો, એમાં કાંઈ માલ નથી. ને ચુનો એ ધોળી ધૂડ્ય ને આ બીજી અમથી ધૂડ્ય. દેહ ધૂડ્યનો, રૂપિયા ધૂડ્યના, કુટુંબી ધૂડ્યનાં, ખાવું ધૂડ્યનું, ખોરડાં ધૂડ્યનાં એમ છે. ને એમાં જીવ માલ માનીને ચોંટયો છે; પણ કાળ ખાઈ જાશે માટે ભગવાન ભજી લેવા, બાકી બધું ધૂડ્યનું જ છે.

(૧૯૫) અહો ! માણસ બધાં આ થાંભલાનાં દર્શન કર્યે છે; પણ કોઈ સાધુનાં નથી કરતા. ને કોટિ વાતની એક વાત જે, જે દિ' ભગવાનને અને આ સાધુને નમશે તે દિ' જ છૂટકો થાવાનો. ને જે દિ' અખંડ ભજન કરશે ને જે દિ' દોષ મૂકશે તે દિ' જ ભગવાનના ધામમાં રે'વાશે. કરોડ્ય વાતની એ એક જ વાત છે.

(૧૯૬) મન પણ નવરું રે'તું નથી. લાખ ઘાટ કર્યે છે, પણ ઝાઝા રૂપિયા હોય તો કેટલું સુખ આવે ?

(૧૯૭) આ ચાલ્યા ! આ દેહમાં કાંઈ રે'વાશે ? આ દેહમાં તો નરક ભર્યું છે, જેને સારું ખવરાવો છો ને જો સંબંધીને આપો તો સારું બોલે. બે'નને (બહેનને) પણ જો હમણાં એક રૂપિયો પણ ન આપ્યો હોય ત્યારે હેતની ખબર પડચે, બધું સ્વારથિયું હેત છે. એ આદિક ઘણીક વાતુ કહી.

(૧૯૮) જો તમે આવ્યા તો દર્શન થયાં. કરોડ્ય જન્મ તપ કરીએ તો પણ આટલી વાતુના જેટલો સમાસ ન થાય, જો વિચાર હોય તો. માટે ભગવાન કે ભગવાનના જન પાસે ગયા વિના છૂટકો થાય નહિ ને જ્ઞાન પણ આવે નહિ. ને સો વરસ ભગવાન ભેળા રહીએ તો પણ સાધુ પાસે રહ્યા વિના સમજણ ન આવે. ને કો'ક મહારાજ પાસે આવીને થોડુંક બેસે, ત્યાં મહારાજ કે'શે જે, ''મુક્તાનંદસ્વામી પાસે જાઓ.'' એમ મોકલતા, પછી સ્વામી વાતુ કરતા; તે માટે મોટા સાધુ સેવવા. પછી ભગવાનની પેઠ્યે સેવવા જોગ સાધુનાં લક્ષણ છેલ્લા પ્રકરણનાં ૨૬માં વચનામૃતમાં છે તે વાંચો, એમ આજ્ઞા કરીને વંચાવ્યું.

(૧૯૯) સંવત ૧૯૨૧ના પોષ સુદિ પૂનમે પ્રાતઃકાળમાં નવી ધર્મશાળામાં નિવાસ કર્યો, તે દિ' વાત કરી જે, 'જેતલપુરના મહારુદ્રમાં કુસંગીઓએ ભંગ કરવાનું હતું, તે મહારાજે આગળથી એક હાર્ય સાધુની, એક હાર્ય પાળાની ને એક હાર્ય હરિભક્તની ને એક હાર્ય કાઠીની, એમ કોટની પેઠચે કરીને પેસવા ન દીધા. તેમાં કે'વાનું શું છે ? જે, 'જેમ એ કાઠીઉંએ (કાઠીઓએ) કડકડાટી કરીને કોઈને પેસવા દીધા નહિ, એમ આપણે ભજનની કડકડાટી કરીને બીજું કાંઈ ય પેસવા દેવું નહિ ને ભગવાનનું રટણ કરવું તે ભેળું આ સાધુનું પણ રટણ કરવું. તે એમ ને એમ કર્યા કરવું.'

(૨૦૦) કેટલેક ઠેકાણે ધર્મ કર્યે છે તેમાં કરોડય મણ દાણા વાવરે છે, પણ એક અરધશેર બરાબર ન આવે ને એક અરધશેર પણ વધી જાય એવું છે. જેમ ઋષિએ વનમાં સાથવાની ચાર પત્રાવળી પોતાને સારુ પૂરી હતી, પણ જો ઓલ્યા ઋષિ માગવા આવ્યા તેને દીધી તો તે ટાણે ચારેય ખાઈ ગયા ને જ્યારે હાથ ધોયા ત્યારે તેમાં નોળિયો આળોટયો ત્યાં તો તે સોનાનો થઈ ગયો ને પાંડવોએ યજ્ઞ કર્યો તેમાં ન થયો; કાં જે, એમનું દ્રવ્ય એવું હતું. એ ધન મરુત રાજાનું લૂંટીને લાવ્યા હતા ને ઓલ્યો થોડો જ સાથવો હતો પણ મે'નત (મહેનત) કરીને ભેળો કરેલ અને વળી શ્રદ્ધા સોતું દીધું, તેમ આગળ પાત્ર પણ એવું હતું. માટે પાત્ર જોઈને દાન કરવું.

(૨૦૧) બીજા તો સૂરાભક્તના આપાનાં જેવાં પુણ્ય કર્યે છે. તે આપો કાશીએ રૂપિયા પાંચસેં વાણિયાના વ્યાજે કાઢીને ગયા. તે ધોળકામાં સારાં કેળાં ને કેરી આદિક સારું દીઠું, એટલે ત્યાં રહ્યા, પછી બધું ખાઈને વરસ એક થયું ત્યારે વાંસ લઈને કાવડ કરી ને વચ્ચે સાબરમતીથી પાણી ભરીને આવ્યા. ત્યાં તો સૌ સામા ગયા ને ગામમાં આવ્યા. પછી ઓલ્યે વાણિયે ઉઘરાણી કરી ત્યારે કહે જે, 'દેશું.' પછી ઝાઝા દિ' ગયા એટલે અકળાઈને કહ્યું જે, 'કાં તો રૂપિયા દિયો ને કાં તો ગંગાજીનું પુણ્ય દિયો.' પછી તો આપાના છોકરા સૌ કહે જે, 'ના પુણ્ય તો નહિ.' ત્યારે આપો કહે, 'દે રે દે, પુણ્ય તો દીધા જીમો છે.' એમ કહીને કાનમાં ધોળકાનું કહ્યું. પછી તો પુણ્ય દીધું ત્યાં તો મર્ય વાણિયાનો છોકરો, પછી બાયડી ને પછી પોતે; આ જુઓ ! પુણ્ય જગતમાં એવાં થાય છે. એમ કહીને હસ્યા ને પછી કહે, 'મહારાજ એવી વાતુ કરાવતા.'

(૨૦૨) આપણે કાંઈ ય કરવું નથી; કારણ કે, સત્સંગમાં માલ છે તેણે

કરીને ઉઘાડી આંખ્ય છે. તે જોઈશું ત્યાં તો આ સાધુ ને ભગવાનનાં દર્શન થાય છે ને મીંચાશે ત્યારે પણ આ સાધુ ને ભગવાન દેખાશે, માટે 'જીવતે લાખના ને મુવે સવા લાખના.' હવે કોઈ વાતે ફિકર નથી. ને

દાસના દુશ્મન તે હરિ હોયે નહિ,
ભાઈ જે કાંઈ કરશે તે સુખ થાશે;
અણસમજે અટપટુ એ લાગે ખરું,
પણ સમઝીને જુવે તો સત્ય ભાસે. દાસ૦
(કીર્તનસાર સંગ્રહ : દ્વિતીય ભાગ-પાન -૪૫૬/૫૬-૩)

(૨૦૩) આ સાધુ પાસે ભગવાન છે તે જે એનો સંગ કર્યે તેને દિયે છે, માટે આ સાધુના સમાગમમાં માલ છે; માટે એની આગળ દીન-અધીન થાવું, એને નમવું ને એનો અભિપ્રાય જાણવો જે, શું એનો સિદ્ધાંત છે ? એમ જાણીને તે પ્રમાણે વરતવું.

(૨૦૪) આણીકોર્ય દ્વારકાનાથ ને આણીકોર્ય વડનગર ને વિસનગર ને આણીકોર્ય સાબરમતી ને નર્મદા, એ બધેય ભગવાન ફર્યા છે, કાંઈ બાકી રહ્યું નથી ને આ સાધુ પણ બધે ફર્યા છે, માટે એ સંભારવું.

(૨૦૫) આ જીવ આમ સંકલ્પ કર્યે છે. જેમ ઓલ્યા સૂતરનો તાંતણો કરીને લૂગડું કર્યે છે એમ એકરસ આકાશની ઘોડયે કર્યા કર્યે છે, પણ આંહીં રે'વું નથી એની ખબર નથી, એવો જીવનો સ્વભાવ છે.

(૨૦૬) પંગતમાં બેસીને મેળાવીને લાડુ જમે તે નિઃસ્વાદી કે'વાય ને એકલો નોખો જો કાચો બાજરો ચાવે તોય પણ તે સ્વાદિયો કે'વાય. તે માટે જુદું પડયે જ બગડે છે અને નિઃસ્વાદી કેને કહીએ ? એ પ્રશ્નનો ઉત્તર કર્યો જે, 'પંગતમાં જે મળે તે મેળાવીને ખાઈ લિયે ને બીજું કાંઈએય ઉપાર્જન ન કર્યે ને ચાળા ચૂંથતો ન ફરે એ નિઃસ્વાદી કે'વાય ને ત્યારે જ ભગવાન એની ઉપર રાજી થાય છે. તે રાજી કરવાના ઉપાય, સાધુનો સમાગમ ને નિયમ એ બે છે.'

ગર્ભમાંહી શું કહીને તું આવ્યોરે, પ્રાણી તે સંકટ વિસરાવ્યો રે.
(કીર્તનસાર સાગર : ૨૧૬)

એ કીર્તન બોલાવીને કહે જે, 'તલવાર્ય (તલવાર) તો ખરી, પણ ક્ષત્રીના હાથમાં હોય ને વાણિયાના હાથમાં હોય; એમ આવાં વચન પણ બ્રહ્મવેત્તાનાં લાગે પણ બીજાનાં લાગે નહિ.'

(૨૦૭) ચોવીસ વરસ થયાં આવરદા નથી ને આ દેહ વાતુ સારુ જ રહ્યો છે, પણ ત્રીસ વરસ થયાં ક્રિયા ઉપરાઉપરી આવી છે, તે પૂરી વાતુ થાતી નથી. આમ જો આગ્રહ રાખીએ તો ધ્યાન થઈ જાય ને સમાધિ થઈ જાય પણ પૂરી સોદરી વળે, એવી વાતુ કરાતી નથી; મનનાં હામ રહી જાય છે.

(૨૦૮) સાધુ થયા ને ભેખ ન સુધર્યો, ત્યારે શું થયું ? જે કરવા આવ્યા તે તો ન થયું. માટે ધીરે ધીરે સાધુનાં લક્ષણ કહ્યાં છે તેમ વરતતા જાવું, તે વિના છૂટકો નથી.

(૨૦૯) વૈશાખ વદિ એકાદશીએ શંકરપ્રસાદ આ ગામમાં આવતાં મારગમાં અધ્ધર ટૂંટિયું આવ્યું તે મરી ગયો, એ વાત એક હરિજન પાસે કે'વરાવીને કહ્યું જે, 'એમ મુમુક્ષુને તો સદાય કડકડાટી જ દેખાય જે, આ તો હમણાં ચાલ્યું જાવાશે !' ને મહારાજે પણ કહ્યું છે જે, "અમુને (અમને) તો એમ જ વરતે છે જે, આ પળમાં ને આ ક્ષણમાં દેહ પડી જાશે." માટે ભગવાન ભજી લેવા.

(૨૧૦) ઉપશમ કર્યે તે મુને ગમે ને હું રાજી થાઉં ને જે જે ક્રિયા વિના ન ચાલે એવી હોય તે કરવી પણ પછી ધબ પડી મેલવી; સંકલ્પ કર્યા ન કરવા. આ તો મર્કટની ઘોડચે છે, તે એક બૂઢિયો વાંદરો તેને બીજાએ વાંદરી પાસેથી કાઢી મૂક્યો; પછી બોકાસાં નાખે. એમ આપણને પણ વિષયમાંથી દુ:ખ ઉપજે છે ને બોકાસાં નાખીએ છીએ. માટે વિષયથી છેટે રે'વું.

(૨૧૧) એક ભક્તે પૂછ્યું જે, 'આત્મા કેમ દેખાતો નથી ?' પછી સ્વામી કહે, 'દેખાય તો છે, પણ મનાતો નથી; જ્ઞાન થાશે ત્યારે મનાશે. આ છે તે બ્રહ્મ ને ગયા એ પરબ્રહ્મ,' એમ મર્મમાં વાત કરી.

(૨૧૨) આ દેહ છે તે શ્રવણરૂપી કુહાડે કરીને ઘસાઈ જાશે, માટે કથા-કીર્તનાદિક શ્રવણ કર્યા જ કરવાં. શ્રવણ સારુ તો પૃથુરાજાએ દસહજાર કાન માગ્યા. ને પ્રથમનું ૫૪મું વચનામૃત વંચાવીને બોલ્યા જે, 'અહો ! આ વચનામૃત તો દિ' બધો જાણે સાંભળ્યા જ કરીએ, તો પણ તૃપ્તિ ન થાય. જુઓને ! એમાં મોક્ષનું દ્વાર જ બતાવી દીધું ને જ્ઞાન પણ બતાવી દીધું છે.' એમ કહીને ત્રણ્ય વાર વંચાવ્યું ને કહ્યું જે, 'જેનાં કર્મ ફૂટ્યાં હોય તેને આ વાત ન સમજાય. તેને તો મૂળ મોટાપુરુષ એ જ શત્રુ જેવા જણાય છે, એ વિપરીત જ્ઞાન કે'વાય. માટે હવે તો સાધુને જ વળગી જાવું અને આવો સમો આવ્યો છે તો પણ ભગવાન પાસે કે મોટા સાધુ પાસે રહીને વાતુ સાંભળે નહિ, એવી જીવની અવળાઈ છે. ને આ ઘડી જો હજાર રૂપિયા

ખરચવાનું કહે તો ખરચે, પણ ઓલ્યું ન થાય. ને સ્ત્રી, છોકરો, હવેલી ને વેપાર એ બધાં તેમાં આડચ કર્યે' ને મહારાજ પાસે પણ એકજણે કહ્યું હતું જે, 'રૂપિયા ખરચું પણ રે'વાય નહિ.' એક હરજી ઠક્કર પોતાના ગામથી આવીને ગઢડે ભગવાન સારુ મહારાજ ભેળા રહ્યા. આજ પણ આ સાધુ પાસે કોઈ રે'તું નથી. પછી એમ બોલ્યા જે,

જા ઘેર હરિકથા કીર્તન નહિ, સંત નહિ મિજમાના;
તા ઘેર જમરા ડેરા દેવે, સાંજ પડયે મસાણા.

એમ છે; પછી પસ્તાવો થાશે, માટે ભગવાન ભજી લેવા.

(૨૧૩) માવાભક્ત કે'તા જે, 'કાંઈ ખડખડે ત્યારે છોકરું હોય તે પોતાના માવતરને ગળે વળગી જાય.' એમ આપણે પણ ભગવાનમાં ને સાધુમાં વળગી જાવું, એ જ ઊગરયાનો (ઊગર્યાનો) ઉપાય છે. તે વિના ચારેકોરે કાળ ખાઈ જાય છે.

બ્રહ્માનંદ હરિચરન બિના સબે ચવિના કાળકા,

એમ કહ્યું છે.

(૨૧૪) આ જીવ કોઈ દિ' પ્રભુ ભજવા નવરો થયો નથી ને સર્વે ધૂડચનું છે, પણ માંહી ચોંટી રહે છે ને જ્યારે શબ્દ સંભળાય ત્યારે ઝટચ કાન દિયે, રસ આવે ત્યાં તુરત દોડી પૂગે, રૂપ આવે તો ઝટચ જોઈ લિયે, સ્પર્શ આવે કે ઝટચ ત્વચા સ્પર્શ કરી લિયે ને ગંધ આવે કે ઝટચ નાસિકાએ સૂંઘી લિયે, એમ પંચવિષયમાં ઝડપું નાખે છે અને એ બધાય વિષય છે તો વિષ્ટાના.

ઇન્દ્રાણી ચંદન લગાય અંગ,

એ સવૈયો બોલ્યા, એવા વિષય છે; માટે निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् । એવું થાવું તે વિના છૂટકો નથી.

(૨૧૫) વારંવાર માનવ દેહ નથી પામ્યો તો ચેતે ધર થકી;
જ્યારે જર્જર થાશે અંગ ને ઇન્દ્રિય મૂકી દેશે સંગ;
ત્યારે અખા જપમાલા ગ્રહે, ફૂટે ઘડે પાણી કેમ રહે ?

પુરુષોત્તમપણું કે'વાનો કજિયો પણ ઘણાં વરસથી ચાલ્યો છે, તે પુરુષોત્તમ કે'વામાં માણસને કેટલી શંકા ને બીજા પુરુષોત્તમના રૂંવાડા જેવા પણ હોય નહિ, તેને પુરુષોત્તમ કહે છે; એમ સમજણ આવવી તો ઘણી દુર્લભ છે. તેમ સાધુ પણ ન ઓળખાય ને આવી વાતુ વિના મોક્ષ ન થાય ને આવી વાતુ કરનારા પણ ક્યાં

મળે ? આ તો ઘરમાં દેવ ને પાદર તીર્થ, એનું માહાત્મ્ય જણાય નહિ, તેમ આ લોકમાં પણ કહે છે.

(૨૧૬) કાલ્ય (કાલ) રાત્યે મુદ્દાની વાત કીધી, તે ભગવાન મળ્યા એ મુદ્દો હાથ આવ્યો. આવા પુરુષોત્તમ મળ્યા પછી શું બાકી રહ્યું ? તેના મળેલ સાધુ પણ મળ્યા એ મુદ્દો હાથ આવ્યો છે. હવે ચિંતા નથી.

મિલનો મોહા મોહકો નિકો, ઓર સબે રસ ફિકો;
આછો નિકો લાલ હમારો, ખાટી છાશ કહા રસ માણે?
સૂર ખવૈયો ઘીકો.

તે જે આત્મદર્શી છે તે ખાટી છાસના ભોગી છે ને જે મૂર્તિ છે તે ઘી છે. તે આપણે તો મૂર્તિ વડે જ રે'વું; ખાટી છાસમાં શ્યો માલ છે ? (વચ.ગ.મ.૨૧)

(૨૧૭) *પંચ જ્ઞાનેન્દ્રિયું વશ રાખી હોય તો એની વાંસે ઓલી પાંચ છે. માટે ઝાઝો *પંચવિષયનો જોગ જ થાવા દેવો નહિ ને જોગ થયે સમું રહે તેવું નથી. માટે જેટલું અવશ્ય હોય તે કરવું; બાકી પડચું મૂકવું ને તેમાં દોષ જોવા, એને જ્ઞાની કહ્યો છે. ને કેટલાક તો કાનમાં પૂંમડાં ઘાલી મૂકે છે તે સાંભળવું ઘટે તે ટાણે કાઢી લિયે ને જોવું ઘટે તે જુએ પણ પાંચ હાથથી છેટે દષ્ટિ જાય જ નહીં. એમ જ સૂંઘે નહિ, તેમજ ત્વચાને એક ઓછું પાથરી દેવું પણ વધુ નહિ. તે વિના ન ચાલે તો એકલશૃંગીની પેઠચે થાશે. માટે બીતા રહેવું ને પાપ મૂકવાં ને પ્રભુ ભજવા, એ સિદ્ધાંત રાખવું. (વચ.ગ.પ્ર.૧૮)

(૨૧૮) છેલ્લાનું બીજું વચનામૃત વંચાવ્યું. તેમાં વાત આવી જે, 'તપ, ત્યાગ, યોગ ને યજ્ઞે કરીને જેવો વશ નથી થાતો તેવો સત્સંગે કરીને થાઉં છું.' એમ શ્રીકૃષ્ણે ઉદ્ધવ પ્રત્યે કહ્યું છે, એ વાત આવી ત્યારે સ્વામી કહે, 'આ વાત સાંભળો ! હવે જેટલું છે તેટલું આટલી વાતમાં આવે છે.' એ વંચાવીને કહ્યું કે, 'તપ, ત્યાગ, યોગ ને યજ્ઞે વશ નથી થાતા ને સત્સંગે કરીને થાય છે, એ સત્સંગ આપણને મળ્યો છે; પણ જણાતો નથી. સાધુ મળવા તો દુર્લભ છે ને આ સૌ સભા બેઠી છે તેમાં એ વાત તો જે જાણે તે જાણે છે; સૌને સમજાય નહિ. આવો જોગ મળ્યો છે ને પછી બીજાને વળગે છે તે કાંઈ સમજતા નથી. તે રઘુવીરજીમહારાજ આદિક મોટા મોટા સાધુ કોવૈયાને પાદર બેઠા હતા, તેને મૂકીને ત્રણયસેં માણસ દરિયો જોવા દોડચું. ત્યારે તો દરિયા જેવાય રઘુવીરજીમહારાજ આદિક નહિ ને ? પણ જ્ઞાન ક્યાં ? આને મૂકીને બીજાને વળગે છે તેમાં શું પાકશે ? સાધુ મળે એમ

**ક્યાં છે.' તે કહ્યું છે જે,**

પથ્થરકી જાતિ હીરા ચિંતામણિ પારસહું,
મોતી પુખરાજ લાલ શાલ ફેર ડારિયે;
કામધેનું કલ્પતરુ આદિ દે અનેક નિધિ,
સકલ વિનાશવંત અંતર વિચારિયે;
સબહિ જહાન મેં હિ દૂસરો ઉપાય નાહીં,
ચરનું મેં શીશ મેલી દીનતા ઉચ્ચારિયે;
કહત હૈ બ્રહ્માનંદ કાય મન બાની કરી,
કૌન ઐસી ભેટ ગુરુરાજ આગે ધારિયે.
હૈ તો સો અનંત સબ કહત હૈ સંત પુનિ,
ભોમિ રજકનહુ કો હોત નિરધાર હૈ;
વન વૃક્ષહું કે પાન કાહુંસેતિ ન લિખાત,
સો પુનિ કહાત જુગ ભાર જયું અઢાર હૈ;
ઉદધિ અસંખ્ય નીર તાહું કું કહે ધીર,
મેઘ બુંદ અગણ્ય ગનિતિ કરી ડાર હૈ;
કહે બ્રહ્માનંદ હમ ઉર મેં વિચાર દેખ્યો,
ઔર હી કો પાર ગુરુ ગુનસો અપાર હૈ.

(કીર્તન મુકતાવલિ : ગુરુ કો અંગ)

**એ તો મભમ સાધુ કહ્યા; પણ કેવા હોય કે,**

તીન તાપ કી ઝાલ, જર્યો પ્રાની કોઉ આવે;
તાકુ શીતલ કરત, તુરત દિલ દાહ મિટાવે.
કહિ કહિ સુંદર બેન, રેન અગ્યાન નિકાસે;
પ્રગટ હોત પહિચાન, જ્ઞાન ઉર ભાન પ્રકાશે.
વૈરાગ ત્યાગ રાજત વિમલ, ભવ દુઃખ કાટત જંત કો;
કહે બ્રહ્મમુનિ આ જગત મેં, સંગ અનુપમ સંત કો.

(બ્રહ્માનંદ કાવ્ય : ૭૫૬)

**એવા છે. 'અહો ! જીવને સાધુ ક્યાં ઓળખતાં આવડે છે ? ભેળા રહે ને ઓળખે નહિ ને આ જો ખરેખરા ઓળખાય તો ગાંડા થઈ જાઓ; પણ એમ નથી ઓળખાતા એટલી જ કસર છે. જેમ જ્યાં વરસાદના ઢગલા થાય ત્યાં કાળનું ક્યાં દુઃખ છે ? એમ જૂનાગઢમાં સાધુના ઢગલા, તે વરસ્યા જ વરસ્યા ! પણ વરસાદ નહિ હોય ત્યારે દુઃખ બહુ થાશે ને આંહીં તો છોંતેરાનો મેહ છે ને વરસાદ વરસ્યા**

વિના બીજે તો કાળ જેવું છે. તે માટે આંહીં માણસ હજાર ગાઉથી તણાઈને આ દર્શન સારુ આવે છે ને આંહીં જૂનાગઢના તળના હરિભક્ત જાણે જે, મોડામોડાથી જાશું, નહિ તો જાણે જે નોકરી છૂટી જાશે તો શું કરશું ! ચાકરો તો પડયો રે'શે ને ચાલ્યું જાવાશે અને કાંઈ આ સાધુ સદા રે'શે ? આ દર્શન તો બહુ દુર્લભ છે, પછી આંસુની ધારા પડશે; આ દર્શન ફરી મળે તેવું નથી.' પછી,

ઔર હી કો પાર ગુરુ ગુનસો અપાર હૈ.
(કીર્તન મુક્તાવલિ : ગુરુ કો અંગ)

એ બોલીને કહે, 'આ આપણા ગુરુમાં અપાર ગુણ છે.'

સાધુ ચંદન બાવના, શીતલ છાય વિશાલ;
મુક્ત કહે તેહી રૂપ રસ સેં, શાંત હોત વિષ વ્યાલ.
(મુક્તાનંદ કાવ્ય : વિ.ચિ. સાધુ કો સંગ -૨)

એવા છે.

રાજ ભયો કહા કાજ સર્યો, મહારાજ ભયો કહા લાજ બઢાઈ,
સાહ ભયો કહા વાત બડી, પતસાહ ભયો કહા આન ફિરાઈ;
દેવ ભયો તોઉ કાહ બયો, અહંમેવ બઢો તૃષ્ણા અધિકાઈ,
બ્રહ્મમુનિ સત્સંગ વિના, સબ ઔર ભયો તો કહા ભયો ભાઈ.
(કીર્તન મુક્તાવલિ : નાશવંત દેહ વિશે)

એ સવૈયો બોલીને કહે, 'એ સંગ તમને મળ્યો છે, તે કરવો હોય તે કરજો.'

સાચે સંત મિલે કમી કાહું રહી, સાચી શીખવે રામ કી રીતકું જી,
પરાપાર સોઈ પરબ્રહ્મ હૈ તામે, ઠહરાવે જીવ કે ચિત્તકું જી;
દૃઢ આસન સાધકે ધ્યાન ધરે, કરે જ્ઞાન હરિ ગુન ગીતકું જી,
બ્રહ્માનંદ કહે દાતા રામહું કે, પ્રભુ સાથ બઢાવત પ્રીતકું જી.
(કીર્તન મુક્તાવલિ : સાધુ કો અંગ)

એવા છે, તે કેટલુંક કહીએ ! 'આવા સાધુના સમાગમ વિના મોક્ષ નહિ થાય અને મધ્યનાં ૨૧માં વચનામૃતમાં કહ્યું છે એટલી વાત કરવાની છે ને જાણવાની છે ને આવા સાધુ મળ્યા એ તો એક મુદ્દો આવ્યો છે ને જેને પૂર્વે સંસ્કાર થયા છે તે પણ આવા સાધુને જોગે; ને હમણાં પણ જેને થાય છે તે આ સાધુના જોગે, માટે જોગ કરી લેવો. બ્રહ્માંડમાં આવા સાધુ ખોળી લાવો, ક્યાં મળશે ? ને આમ બેસારી બેસારીને વાતુ કોણ કરશે ! સાધુ વિના કોઈ કહે નહિ.' (વચ.ગ.મ.૫૪)

(૨૧૯) ચૈતન્યાનંદસ્વામીની વિસ્તારે વાત કરીને કહ્યું જે, "એવો

રજોગુણ હતો, તે બાળમુકુંદાનંદસ્વામીએ ધીરે ધીરે પુરુષોત્તમપણાની વાતુ કરીને સાધુનું માહાત્મ્ય કહીને બધુંય કઢાવી નાખ્યું, તે એક આસન ઉપર સૂવું ને ઠાકોરજીની આગળ ઊભા રહીને સ્તુતિ કર્યે જે, 'તમારા સાધુ ઓળખાતા નથી, તે ઓળખાવો.' એવા કરી દીધા; એવું સાધુથી થાય.'' (જુઓ પ્રકરણ ૬ ની વાત ૧૬૫)

(૨૨૦) એકજણે પ્રશ્ન પૂછ્યો જે, 'જીવમાં કાચ્યપ તો ઘણી છે તેથી આત્યંતિક મોક્ષ તો નહિ થાય, જ્યારે કસર ટળશે ત્યારે થાશે. તે કસર ટાળવા ક્યાં રાખશે ? ને જો કો'ક લોકાંતરમાં ભગવાન મેલે, તો તો આંહીંનાથી ત્યાં વધુ વિષયભોગ છે, ત્યાં રહીને કેમ નિર્બાધ રે'વાય ? એ તો રે'વાય એવું જણાતું નથી. તે હમણાં આવા સાધુનો જોગ મળ્યો છે ત્યાં જ મંદ શ્રદ્ધાથી કસર નથી ટળતી, પણ દેહ મૂક્યા પછી આવા સાધુનો જોગ મળે તો તો કસર ટળે; માટે એવાનો જોગ મેળવશે કે નહિ ? કેમ કરશે ?' પછી સ્વામીએ ઉત્તર કર્યો જે, 'જ્યાં આવા સાધુ હશે, ત્યાં જ રાખીને કસર ટાળશે, હમણાં જણાતું નથી પણ આ દેહ મૂકીને જીવ બહુ બળિયો થાશે. તેના ભગવાન ફળપ્રદાતા છે. તે એવો જોગ મેળવી દેશે; આપણે કાંઈ કરવું રહ્યું નથી; આ ઓળખાણે થઈ રહ્યું.'

(૨૨૧) આ તે કાંઈ વાતુ છે ! આ તો અમૃત છે ! તે દેવલોકમાં અમૃત પીવા જીવ જાય છે પણ આંહીં પીવા નવરો નહિ. આ તો પ્રાપ્તિનોય પાર નહિ, ને જીવમાં ખોટ્યનોય પાર નહિ. અહો ! આ મહારાજ પુરુષોત્તમ ને આ સાધુ મૂળઅક્ષર એ કોઈ દિ' આવ્યા નથી ને આવશે પણ નહિ ને એ પુરુષોત્તમનું દીધું ઐશ્વર્ય બીજા અનંત અવતારાદિક પામ્યા છે. એમાં બધુંય આવી ગયું.

(૨૨૨) સંવત ૧૯૨૨ ના કારતક સુદિ પૂનમથી આ સંતમાં જીવ તણાય છે, તે તો

तस्माद् गुरुं प्रपद्येत जिज्ञासुः श्रेय उत्तमम् ।
शाब्दे परे च निष्णातं ब्रह्मण्युपशमाश्रयम् ।।

(શ્રીમદ્ ભાગવત : ૧૧/૩/૨૧)

અર્થ :- તેથી ગુરુને શરણ જવું, તે જ જિજ્ઞાસુનો ઉત્તમ શ્રેય છે. શબ્દજ્ઞાન અને પરમજ્ઞાનમાં નિષ્ણાત અને બ્રહ્મમાં જેણે શાંતિનો આશ્રય કર્યો છે તેવા ગુરુને શરણ જવું.એવા ગુરુ છે એટલે તણાય છે, નીકર ન તણાય. એમ કહીને ગુરુના અંગના સવૈયા બોલાવ્યા જે,

માન મદ મારવેકિ કર્મન કું જારવેકિ, અધમ ઉદ્ધારવેકિ ટેક જિન ઠાને હૈ;
ગહન અગાધ ગતિ પૂરન પ્રતાપ અતિ, મતિ બળ કાહુંસેતિ જાત ન પિછાને હૈ;

શરનાગત બંધ છેદ જગ કો કિયો નિષેદ, વેદ રુ વેદાંતહું કે ભેદ સબ જાને હૈ;
કહત હૈ બ્રહ્માનંદ કાય મન બાનિ કરી, ઐસો ગુરુ રાજ હમેં ઈશ કરી માને હૈ.
(કીર્તન મુક્તાવલિ : ગુરુ કો અંગ)

એ બોલાવીને કહ્યું જે, 'એવા ગુરુ છે ત્યારે જ જીવ તણાય છે,' એમ વાતમાં મર્મ કહ્યો.

(૨૨૩) સ્વામી કહે, 'અમુને અને મહારાજને ચાર વરસનું છેટું છે, તે મહારાજનો જનમ સંવત ૧૮૩૭માં ને મારો જનમ સંવત ૧૮૪૧માં શરદપૂનમ તે આસો સુદિ પૂનમ. તે આ હમણાં ગઈ શરદપૂનમ ત્યારે ૮૨ વરસ પૂરાં થયાં ને ૮૩મું બેઠું.' એમ બોલ્યા તે સ્મૃતિ સારુ લખ્યું છે.

(૨૨૪) માગશર માસમાં સ્વામીએ વાત કરી જે, 'અમે મહારાજની આજ્ઞા કોઈ દિ' લોપી નથી ને લોપવીય નથી ને આ પાંચસેં સાધુમાંથી કોઈ જૂનાગઢ આવતું નહોતું. પછી મુને કહ્યું ત્યારે હું આવ્યો, તે મુને શું થઈ ગયું ? કાંઈ કોઈ દુઃખ આવ્યું નહિ ને આ જૂનાગઢના તો મહારાજ જમાન થયા છે, તે જુઓને, આવી વાતુ-ચીતુનો જોગ ક્યાંય છે ? આંહીં તો સત્સંગની ભરજુવાની છે. પૂછો આ પરદેશી હરિજનને,' ત્યારે તેણે કહ્યું જે, 'ના મહારાજ, આવો જોગ તો આંહીં જ છે.' પછી સ્વામી બોલ્યા જે, 'આંહીં તો સંત ભેગા પ્રગટ શ્રી સહજાનંદસ્વામી પોતે વિરાજે છે તેણે કરીને એમ છે, નીકર આમ કેમ રહે ?'

(૨૨૫) મહારાજ કહે, ''વિષયનો સ્પર્શ કરવો જ નહીં એટલે મન પણ ઇન્દ્રિયું લગણ આવે જ નહીં; માટે વિષયથી છેટે રે'વું. ને ભગવાન પણ મળવા હતા એવા મળ્યા છે; હવે આવા જોગમાં જો વિષયની આસક્તિ રહી તો બહુ ખોટચ જાશે. ને મોટા મોટાનો પણ વિષયથી છેટે રે'વાનો જ મત છે.'' ત્યારે કો'કે કહ્યું જે, 'વિષય જણાતા નથી.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'ગળ્યું, ખાટું, ખારું, સારું જણાય છે કે નહિ ? એ તો જણાય, પણ જીવને મૂકવું નથી. અરે, ગરજ જ ક્યાં છે ? જોને ગરજે ગધેડાને પણ બાપ કહે છે, તે આ જીવે હાડકાં, માંસ ને નરક તેમાં જ માલ માન્યો છે; તે રે'શે નહિ.'

(૨૨૬) આ લોક તો દુઃખરૂપ છે ને જ્યાં કોઈ દુઃખ છે જ નહીં ત્યાં આવતાંક દુઃખ ભરાય છે. મારાથી કેટલીક જાતનાં દુઃખ આવી પડચે છે તે કે'વાય (કહેવાય) નહિ, પણ શું કરીએ, આ લોક જ એવો છે ને વિષયમાં તો કેવળ દુઃખ જ છે.

(૨૨૭) પાંચાળ દેશમાં એક ગામ છે તેમાં એક ચારણ હતો; તે માનને

લીધે તેલનો ડગલો પે'રીને હોકો પીતે પીતે, ઊભો ઊભો બળી મૂઓ. તે સૌ કહે, 'પગે <u>ડામણી</u> ઘો ભાગી જાય નહિ.' એટલે એ કહે, 'અરે ભાગે શું ? હાંઉ ?' એમ ને એમ બળી મૂઓ. કહો, હવે એમાં થોડું દુ:ખ થયું હશે ? એવું જેને દેખાય તેને તો વિષયમાં દુ:ખ છે; તે જો વિષય આજ મૂકીએ તો મૂકાય એમ છે ને મહિને, બે મહિને, વરસે, સો વરસે ને સો જન્મે પણ જે દિ' મૂકીએ તે દિ' મૂકાય એમ છે ને મૂક્યા વિના અંત્યે છૂટકો નથી, માટે કલમ મૂકી છે જે,

विषयान् विषवत् त्यज । (સુવાક્ય)

અર્થ :- વિષયોને ઝેરની જેમ ત્યજો. તે માટે ખબરદાર થઈ જાવું.

(૨૨૮) પોષ વદિ એકમે વાત કરી જે, 'આંહીં તો સંતભેગા શ્રી સહજાનંદસ્વામી પોતે વિરાજે છે, પણ કોઈને ખપ નથી.'

સદ્ગુરુ શબ્દાતીત પરમ પ્રકાશ હે, જાકે શરણે જાય, અવિદ્યા નાશ હે,
દેહ ગેહ મન દામ, અસિકું દીજિયે, હર હાં શ્રીરંગ સબ મત સબ જગ.
જોય સોય ગુરુ કીજિયે.

એ આદિક સાખીઉં (સાખીઓ) બોલીને કહ્યું જે, 'એવા સદ્ગુરુને સેવે ત્યારે જીવ ચોખ્ખો થાય. તે મળ્યા તો છે, પણ જીવ કોઈ સોંપતું નથી, ને જીવ સોંપ્યા વિના એકાંતિકભાવને પણ ક્યાંથી પમાય ? જીવ સોંપ્યો છે, તેટલું થયું છે ને નથી સોંપ્યો તેટલું નથી થયું ને જ્યારે સોંપશે ત્યારે થાશે. ને જેણે જેટલો જીવ સોંપ્યો છે, તેટલો જણાય છે જે, આણે આટલો સોંપ્યો છે ને આણે આટલો નથી સોંપ્યો.'

(૨૨૯) એકજણના મનમાં જે ધાર્યું હતું તે મેં જોઈને કહ્યું. ત્યારે સૌએ કહ્યું જે, 'તમે તો અંતરજામી છો.' તેનું નામ લીધું જે, 'ઘનશ્યામદાસજી, તેમ સૌના અંતરનું જણાય છે.' એમ <u>મર્મે</u> બોલ્યા. (જુઓ પ્રકરણ ૯ ની વાત ૨૮૪)

(૨૩૦) આ વાતુ સારુ તો પછી રોશો (રડશો)! અહો ! આવા ક્યાંથી મળે ? વિષયમાં જોડે એવા તો મળે, પણ તોડે એવા ક્યાંથી મળે ? ને હુંમાં સૌને હેત થાય છે તે શેણ્યે ? તો કહે, 'હું તો જે જેમ કહે તેમ કરું, આ આમ કહે તો હું કહું હા એમ, આ કહે આમ તો હા એ એમ. કોઈનું મરડું જ નહીં; ત્યારે હેત રહે છે. પણ જીવનું ધાર્યું ફેરવે ને હેત રહે ત્યારે ઠીક. ને બીજું તો મરડું નહિ, પણ હા ! એક, ધર્મની કોરનું મરડું; એમાં તો શુદ્ધ વરતાવું.' એક હરિભક્તનું નામ લઈને કહ્યું જે, 'એ બહુ સારો હતો પણ બે-એક કુસંગનો પાસ લાગી ગયો હતો; તેને મેં

આંહીં લાવી, રાખી ને બ્રહ્મરૂપ કરીને, ધામમાં મોકલી દીધો.'

(૨૩૧) અહો ! અમે નાના હતા ત્યારે કૂવામાં મોટા પાણા નાખતા હતા. પછી ઓલી લીલ જે હોય તે ખસીને પાણી ચોખ્ખું થઈ જાય, પણ પાછી લીલ ભેળી થઈ જાય. તેમ આ વાતુ કરીએ છીએ ત્યારે માયારૂપ લીલ ખસી જાય છે ને જીવ ક્રિયા કરવામાં ઊઠે કે તુરત પાછો લીલની પેઠચે ભળી જવાય, એવો જીવનો સ્વભાવ છે.

(૨૩૨) જેવા ભગવાન અક્ષરધામમાં છે તેવા જ આંહીં આવીને બેઠા હોય ને પછી તે મનુષ્યચરિત્ર કર્યે ત્યારે ભાવ ફરી જાય, પણ તે ભાવ ફરવા દેવો નહિ. જુઓને સુંદરજી સુતારની દીકરી મોટી થઈ એટલે એના ભાઈને કહે જે, 'આને મહારાજને પરણાવશું ?' ત્યારે કહે, 'અરે, બોલ મા, બોલ મા !' ત્યારે ઓલ્યો કહે, 'કાં સુતારથી તો આ ભગવાન છે ને ?' એમ ભક્તમાં ભેદ છે, નીકર ભગવાન તો બેઉ જાણતા હતા. અરે ! આપણે પણ જો કો'કની બે'ન-દીકરીને ભગવાન લઈ જાય તો નિશ્ચય ન રહે, એવી હજારું વાતુ છે. કેટલીક કહીએ ? એવે સમે ધીરજ રહે ને જાણે જે, ''અહો ! બહુ લીલા કરી !'' તે ખરો. એ તો બ્રહ્માને પણ મોહ થઈ ગયો કે, 'ન હોય, ન હોય પરબ્રહ્મ; ગોવાળિયો છે !' એમ કહ્યું ને શ્રીકૃષ્ણ અવતર્યા ટાણે સ્તુતિ પણ પોતે જ કરી ગયા હતા; પણ ચરિત્ર જોઈને એવું ન રહ્યું.

(૨૩૩) બીજી વાત જુઓ, ઓલ્યો કજિયો થયો ત્યારે મહારાજ ડોશીનાં લૂગડાં ઓઢીને દરબારમાંથી ભાગ્યા ને બીજે ઠેકાણે કહ્યું જે, ''મુને ભારામાં બાંધીને કાઢો.'' એમ કહ્યું ત્યારે શું થયું ? શ્રીકૃષ્ણ જરાસંધ આગળથી ભાગ્યા હતા ને ? એ તો શૂરતા-કાયરતા, હારવું-જીતવું, પારકું-પોતાનું, ભૂખ-તરસ, પક્ષપાત એવાં ચરિત્ર ભગવાનને વિશે રહ્યાં છે.

(૨૩૪) વડોદરામાં દીવાનજીને એટલું વેર ને તેના મનમાં એમ જે, જો સ્વામિનારાયણ કાંઈક વાંકમાં આવે તો એને લાજહીણ કરીએ; તે સારુ તો ત્યાં આવ્યા હતા. પછી સભા થઈ ત્યારે બોલ્યા જે, 'તમે તો કાઠીનું ખાઓ છો માટે વટલ્યા તે ઠીક નહિ.' પછી મહારાજ કહે, ''અમે એ નથી કર્યું, નીકર પણ અમે તો યજ્ઞાદિકે કરીને પણ શુદ્ધ થાશું; પણ તું તો બ્રહ્મબીજ જ નથી તો શું યજ્ઞાદિકે કરીને પણ બ્રાહ્મણ થાવાશે ?'' એમ સયાજીરાવ મહારાજ પગ દાબે ને ના કહે તો પણ કહ્યું.

(૨૩૫) ભૂજમાં સુંદરજી સુતારને કહે, "અમને સંતાડી મૂકો, નીકર તમને દુ:ખ થાશે." એમ કહીને સંતાઈ રહ્યા ને જ્યારે ફોજ એના ઘર ઉપર આવી અને તોપું માંડીને પૂછ્યું જે, 'આંહીં સ્વામિનારાયણ છે ?' તો કહે, 'ના.' ત્યાં તો મહારાજ બા'ર્ય નીકળ્યા. જુઓ, હવે ત્યારે એ તે શું ભગવાન નો'તા જાણતા જે, એમ કહ્યું ? પણ પછી તો ઓલ્યાને લાખું માણસ દેખાઈ ગયાં, એટલે ફોજ પાછી ભાગી ગઈ. ત્યારે જુઓ, ઓલ્યું મનુષ્યચરિત્ર જે સંતાઈ ગયા અને પાછા દેખાણા ને ભય દેખાડચો એ દિવ્યચરિત્ર એમ છે. જો ધીરજ રાખીએ ને જો જ્ઞાન હોય તો ડગી ન જાય; નીકર ડગી જાય.

(૨૩૬) એક સાધુ રાઘવાનંદ તેને પણ તાડપત્રમાં લખેલ 'ભાગવત' વાંચતાં આંખ્યુંમાંથી આંસુ પડતાં ને માહાત્મ્ય પણ બહુ જાણતો; પણ મહારાજે એક ચીમટો લીધો એટલે વિમુખ થઈને ભાગી ગયો. જુઓ એ, ત્યારે એને કોઈ વાર ચીપટી નહિ આવી હોય ? ને માવતરે <u>ચીંટિયો</u> નહિ ભર્યો હોય ? પણ જ્ઞાન નહિ તેથી એમ થયું. માટે દિવ્યને વિશે તો સંશય ન જ થાય. પણ મનુષ્યચરિત્ર જે સગુણ ચરિત્ર તેને વિશે પણ દિવ્યભાવ જણાય ત્યારે ખરો ભક્ત કે'વાય; કાં જે, એ તો <u>કર્તુમકર્તુમ્</u> ને <u>અન્યથાકર્તુમ્</u> છે. એની ઉપર વળી શંકા શ્યી (શી, કઈ) ? આમ સમજે ત્યારે ચોખ્ખી સ્વરૂપનિષ્ઠા કે'વાય ને બીજી કસર હોય તો ટળે; પણ આ ખામી ભાંગે નહિ. તે મધ્યનાં ૧૩માં વચનામૃતમાં કહ્યું છે તેમ સમજે ત્યારે છૂટકો છે ને બીજું તો હાથ-પગ કે'વાય ને આ તો માથું કે'વાય. માટે આ કહ્યું તેમ સમજવું તે સારુ એવી રુચિવાળા ગુરુ કરવા ને એવાં જ શાસ્ત્ર વાંચવાં, એમ કરીને એ સિદ્ધ કરવું. (વચ.ગ.મ.૨૧)

(૨૩૭) આ જીવને આ લોક ને નાત-જાતનું જેટલું દૃઢ થઈ ગયું છે, એટલું ભગવાનની કોર્યનું દૃઢ નથી થાતું. તે તો જો પાકો વિચાર કર્યે તો થાય. તે ઉપર એક સાધુએ પૂછ્યું જે, 'એવો વિચાર ક્યારે થાશે ?' તો કહે, 'જો એવો ખપ હોય ને કરવા માંડે તો થાય.' તે ઉપર વાત કરી જે, એક દિ' મહારાજ કહે, "ભાઈ, કોઈ એક દિ' આખો ને એક રાત્ય આખી જો મારું અખંડ ભજન કર્યે તો તેને મારી મૂર્તિ દેખાય." પછી એક ભક્તે દિ' આખો ભજન કર્યું ને રાત્યે કરવા માંડચું, તે નિદ્રા આવવાની થઈ, એટલે ઘંટીએ દળીને પણ આખી રાત્ય ભજન કર્યું, પછી તેને ભગવાન દેખાણા.

(૨૩૮) એકવાર સમૈયેથી આવ્યા ને માર્યે વણથળી કાગળ મોકલવો

હતો, પણ થોડાં માણસ તે જનાર કોઈ નહિ, પછી રામદાસજી ને કહ્યું જે, 'તમે જાઓ, ને કાગળ કલ્યાણભાઈને દઈને આવજો ને જાતે ને આવતે અખંડ ભજન કરજો.' પછી એણે એમ કર્યું, એટલે એને મૂર્તિએ સહિત અખંડ ભજન થાવા માંડ્યું, એમ થાય છે. તે

एकाग्रेणैव मनसा पत्रीलेखः सहेतुकः ।
अवधार्योऽयमखिलैः सर्वजीवहितावहः ॥
(શિક્ષાપત્રી શ્લોક : ૭)

અર્થ :- આ શિક્ષાપત્રી લખ્યાનું જે કારણ છે તે સર્વે તેમણે એકાગ્ર મને કરીને ધારવું અને આ શિક્ષાપત્રી જે અમે લખી છે તે સર્વેના જીવના હિતની કરનારી છે. એ કહ્યું. આ જો અમે એકલા નથી કે'તા ! માંહી ભગવાન અખંડ રહ્યા છે તે પણ કહે છે. કોઈ જાણે એકલા કે'તા હશે. એમ મર્મ કર્યો. (વચ.ગ.પ્ર.૨૩)

(૨૩૯) એકાગ્ર થયા વિના કાંઈ સિદ્ધ થાય નહિ. રોટલો ખાવા મળે ને પેટમાં પચે ને ભજન ન કર્યે તે ભગવાનનો ગુન્હેગાર કે'વાય ને ન મળે ત્યારે તો શું ભજન કર્યે ! પણ જ્યારે મળે ને ન કર્યે તે તો પરમેશ્વરનો ગુન્હેગાર છે.

(૨૪૦) આજ્ઞા લોપાય છે તેથી દુઃખ આવે છે. તે તાવ આવે ત્યારે દેહ બળે ને આજ્ઞા લોપાય ત્યારે તો દેહ ને જીવ બેય બળે એ તો માવાભાઈએ ખોળી કાઢ્યું, 'ભગવાન ને સાધુ તો આડા તે આડા જ,'

વંકા આગે વંકડા, તરવંકા આગે ચોવંક;
શિળા આગે પાધરા, ને રંક આગે રંક.

પછી એમ બોલ્યા જે, 'આજ્ઞામાં જેટલો ફેર પડચે છે, તેટલી એની વાંકાઈ; માટે દુઃખ દેખે.'

(૨૪૧) મહા વદિમાં વાત કરી જે, 'અમારી પોરની (ગયા વર્ષની), આ દિ'ની અરજી ભગવાન પાસે છે જે, એક ગય રાજા જેવો રાજા ને રઘુવીરજી જેવા બે આચાર્ય મોકલો, નીકર આ લોકમાં બે કરોડચ માણસ ભગવાન ભજે છે તેને સુખ નહિ આવે, તે પાપી નહિ આવવા દિયે.'

(૨૪૨) સો વરસ સુધી આવા સાધુ ભેળા અખંડ રહીએ ત્યારે તો સારી રુચિ થાય. પછી રુચિનું લોયાનું ૧૪મું વચનામૃત વંચાવ્યું ને બોલ્યા જે, 'હમણાં તો રુચિ ખાધાની, માનની ને પંચવિષયની છે. જ્યારે મોટા સાધુ હોય ત્યારે પાપી તેની મોટાઈ ખમી શકે નહિ; પછી દ્રોહ કર્યે ને પોતાનું ભૂંડું કર્યે.'

સંતસંતાપે જાત હૈ, રાજ ધર્મ અરુ વંશ;
તુલસી ત્રણ્યે ટિલે ન દિઠા રાવણ, કૌરવ ને કંસ.
(તુલસીદાસની સાખીઓ : ૫૧)

અર્થ : અનીતિથી ધર્મ, રાજ્ય અને વંશનો નાશ થાય છે, તે પર અનુક્રમે કૌરવો, રાવણ અને કંસનાં દૃષ્ટાંતો છે. પાંડવો સાથે અન્યાય કરવાથી, કપટદ્યૂત રમવાથી, તેમનો ધર્મ્ય ભાગ ન આપવાથી અને લાક્ષાગૃહમાં તેમને બાળી નાખવાનો પ્રયત્ન કરવાથી કૌરવોએ પોતાનો ધર્મ ગુમાવ્યો. સીતાજી તરફ અધર્મનું આચરણ કરવાથી રાવણે રામને હાથે પોતાનું રાજ્ય ખોયું. સુરાપાનરૂપી અધર્મનું આચરણ કરવાથી કંસના વંશનું (અર્થાત્ યાદવોનું) નિકંદન ગયું. **તે કંઈક મારી નજર આગળ ગયા. આ વણથળીથી એક બાઈ ભાગીને ગઢડે સાંખ્યયોગી થઈને રહી, તે સારુ દાદાખાચરને બસેં રૂપિયા મોસલાઈ ભરવી પડી ને કેટલીક ઉપાધિ થઈ. પછી વડોદરામાં એ ફરવા ગઈ ત્યાં ગૃહસ્થને ત્યાં જમવાનું કહેલ ને ગોપાળાનંદસ્વામી પણ ત્યાં હતા. તેમને પણ જમવાનું કહેલ, પછી સ્વામી કહે, 'સાંખ્યયોગી થઈને લાડવા ખાય છે તે કેમ ઠીક રે'શે ?' એટલું કે'વરાવી મૂક્યું. ત્યારે ઓલી કહે, 'તમે સાધુ થઈને કેમ ખાઓ છો ?' એમ બોલી તેનો દોષ લાગ્યો, તે સત્સંગમાંથી ભાગી ને વિશાજીને લઈને રહી; એમ અભાવે થયું અને કેટલાકને અલ્પ સમજણે કરીને ગોપાળાનંદસ્વામીનો પણ સત્સંગમાં અભાવ હતો, તે જુઓ તો ખબર પડચે.**

**તે ઓલીકોર્યના કેટલાકને ને આણીકોર્યના કેટલાકને સ્વામીનો અવગુણ. તે એકવાર ઓલીકોર્યનાને સભા કરવી હતી ને અપમાન કરવું હતું તે સારુ આવેલ. પછી તો મેં જાણ્યું જે, આ ભૂંડું કે'વાય. તે બીજું તો કાંઈ નહિ, પણ રાંકનાં હાંડલાં ફૂટી જાશે ! જો સ્વામી કચવાશે તો મહારાજ તેડી જાશે. પછી હું તો ત્યાં ગયો ને સૌને સમજાવ્યા ને ભગવદાનંદસ્વામીને મેં કહ્યું જે, 'આ ઠાઠ રચ્યો છે, તે આંહીં તો તમે મોટેરા છો પણ ત્યાં તો હું મોટેરો છું. માટે આ તોફાન રે'વા દ્યો.' હું તો એમ જ બોલ્યો, પછી તો બધું શમી ગયું ને પાછા જાતા રહ્યા. માટે હમણાં પણ કોઈથી ખમાતું નથી ને મોટાનો અવગુણ લિયે છે પછી એનું ભૂંડું થાય.**

(જુઓ પ્રકરણ ૫ ની વાત ૪૨૬)

**(૨૪૩) જુઓને ! વિષય તો એવા બળિયા છે તે વચનામૃતમાં કહ્યું છે જે, 'વિષયખંડન** (વચ.ગ.પ્ર.૧૮) **કર્યે તો મુકતાનંદસ્વામી સરખાનું પણ શસ્ત્રે કરીને માથું મુકાવી દિયે.' એવી વાત છે, માટે ભલા થઈને સ્તુતિ તો રહી, પણ જો નિંદા ન થાય તો સ્તુતિ જ છે ! તે ઉપર સ્તુતિ-નિંદાનું લોયાનું ૧૭મું વચનામૃત વંચાવીને**

કહ્યું કે, આમ છે માટે રોટલા ખાઈને પ્રભુ ભજી લેવા એમાં માલ છે.

અધર્મ સર્ગ જબ કરત પ્રવેશા, સુર, નર, મુનિમહિં નહિ સુખ લેશા.

(૨૪૪) મોટા સાધુ હોય તેની આ દેહે કરીને સેવા કરવી ને ચકચૂર કરી દિયે તો રાજી થઈ જાય. તે ચકચૂર કર્યે, તે પણ 'મરતી મરતી કાન હલાવે' એમ નહિ.

(૨૪૫) છેલ્લાનું બીજું વચનામૃત વંચાવ્યું, તેમાં 'સત્સંગે કરીને વશ થાઉં છું.' એ વાત આવી, એટલે બોલ્યા જે, 'સત્સંગ તે કિયો ? જે એકાંતિક સાધુમાં હેત ! તે સાધુ કેવા ? તો ઉદ્ધવ જેવા, પ્રહ્લાદ જેવા. એવા સાધુની સેવા કર્યે તો ભગવાનની સેવા કર્યા બરોબર ફળ થાય ને દુવે (દુ:ખવે) તો ભગવાનને દુવ્યા જેટલું પાપ લાગે.' એમ મર્મમાં વાત કરી.

(૨૪૬) સંવત ૧૯૨૨ના પ્રથમ જેઠ વદિ છઠને દિવસે સ્વામી વરતાલથી પધાર્યા, તે પછી વાત કરી જે, 'સાધુ જેવો ક્યાંય માલ નથી. તે મહારાજે પણ 'હરિગીતા'માં માતાને સાધુ બતાવ્યા ને સમ પણ સાધુના ખાય છે ને 'શિક્ષાપત્રી'માં પણ સાધુ બતાવ્યા. તે ગેરુએ લૂગડાં રંગ્યાં એમ સાધુ નહિ ! એમ તો રામપરામાં બધાં માણસનાં રાતાં લૂગડાં છે, તેણે શું થયું ? એ તો જ્યારે *ચોસઠ લક્ષણ કહ્યાં છે એવો થાય ત્યારે સાધુ કે'વાય. એવા તો આ આપણને મળ્યા છે.'

(૨૪૭) અમે તો લખ્યું છે કે, બાર મહિને એક મહિનો સાધુનો જોગ કરવો, તે વિના કસર નહિ મટે. ને ભાઈ ! રૂપિયા તો મળશે, પણ આ વાતુ ક્યાં મળશે ? તે માટે વાતુ સાંભળી લેવી, કો'ક કે'શે ખરચીએ, વારંવાર વાવરીએ. તો પણ શું ? એક રાળ ખરચે તો ચારહજાર દઈએ, પણ આ જ્ઞાન સાંભળ્યા વિના કસર ન મટે, પણ કોઈ રહે નહિ. અરે ભાઈ ! કોઈ રે'તા હો ને તમારે રળ્યામાં ખોટ્ય આવતી હોય તો એક મહિનો તો ધર્મવરામાંથી કાપી લેજો. અરે ! જો રહો તો અમે આંહીંથી દસ રૂપિયાનો મહિનો દઈએ, હવે ઠીક; કેટલાક રે'શો ? સુધા તો ચારસેં જણ રે'શો ? તો પણ રૂપિયા તો ખૂટનારા નથી, પણ જ્ઞાન કેટલું થાશે. અરે, તમને જણાતું નથી, પણ સોનાની મેડી હોય તો બાળીને આ વાતુ સાંભળીએ, પછી આ વાતુ દુર્લભ છે. ને દશોંદ-વિશોંદ તો મહારાજે પણ કહી છે ને ન માનો તો અમે કહી છૂટીએ છીએ. લાખ રૂપિયા ખરચે, તેથી મુને તો આ મંદિરના રોટલા ખાઈને વાતુ સાંભળે એ અધિક જણાય છે. આ વાતુ ક્યાંથી મળે ? જે મરીને



જૂનાગઢ મંદિરની સેવામાં જવા કોઈ તૈયાર ન થતાં સદ્. ગુણાતીતાનંદસ્વામી તૈયાર થાય છે.

મહારાજ અત્યંત પ્રસન્નતાપૂર્વક સ્વામીને પોતાની પાઘ પહેરાવે છે. મહંતાઈનો હાર અર્પણ કરે છે ને કહે છે, ''જૂનાગઢ તમારી ભેગા જે આવશે, તેની કરોડ જન્મની કસર

હું એક જ જન્મમાં ટાળી દઈશ.''

साधवो हृदयं मह्यं साधूनां हृदयं त्वहम् ।
मदन्यत् ते न जानन्ति नाहं तेभ्यो मनागपि ॥

(શ્રીમદ્ ભાગવત : ૯/૪/૬૮)

અર્થ :- મારા ભક્તો એ જ મારું હૃદય છે અને હું ભક્તોનું હૃદય છું. તેઓ મારા વિના બીજું કાંઈ જાણતા નથી અને હું પણ તેઓ સિવાય બીજું કંઈ જાણતો નથી. ભગવાનને રે'વાનું ઠેકાણું સાધુ, આ તો હળદરનો ગાંઠિયો એક આવ્યો, એટલે ગાંધી થઈ બેઠા, તેણે શું ?.

(૨૫૪) લીલાની વાત કરી, તેમાં કહ્યું જે, 'મહારાજ આની ઉપર બહુ રાજી થયા, એમ પણ રાજી કે'વાય, પણ એ જુદી રીત્યનું ને જે સિદ્ધાંતનો રાજીપો તે તો પ્રથમના ૧૯મા વચનામૃત પ્રમાણે; તે આજ્ઞા, ઉપાસના ને મૂર્તિમાં જોડાવું. તે આજ કરો કે લાખ જન્મે કરો, જ્યારે કરશો ત્યારે મહારાજ પાસે રે'વાશે. ને મહારાજ પણ બીજી જે જે વાત કહે, તે પણ ત્યાં જાતી ઊભી રાખે, એ સિદ્ધાંત છે.'

(૨૫૫) શ્રાવણ વદિ નવમી ને સોમવારે બ્રહ્મચારીને ત્યાં વાત કરી જે, 'જે કરવા માંડે તે થાય; ધ્યાન કરવું, ભજન કરવું, તે માણસ જાણે આફુરડું થાય, પણ આફુરડું તે કેમ થાય ? એ તો ભગવાન સંભારે ને ભૂલે, વળી ધ્યાન કર્યે વળી ભૂલીને સંભારે ને ભજન કર્યે, તો થાય. આ ભણે તે ભૂલે, પણ હાથમાં જેણે મૂળગું પાનું જ ઝાલ્યું નથી, તે શું ભૂલે ?'

(૨૫૬) એક વેદિયે આવીને સ્વામીને રાખડી બાંધી તે પછી વળી વાતુ કરી જે, 'સગુણ-નિગુર્ણપણું હરિભક્તને જાણ્યું જો'એ નીકર તો ગોથાં ખાય.' તે ઉપર કારિયાણીનું ૮મું વચનામૃત વંચાવીને કહ્યું જે, 'માતા જશોદાજીને મુખમાં બ્રહ્માંડ દેખાડ્યું ને અક્રૂરને શેષશાયીરૂપે દર્શન દીધું ને અર્જુનને વિશ્વરૂપે દર્શન દીધું એ બધું તો એનું કાર્ય ને કારણ તો શ્રીકૃષ્ણ પોતે એમ કહ્યું.'

(૨૫૭) પુરુષરૂપે પ્રકૃતિમાં આવ્યા, ત્યાંથી વૈરાટમાં આવ્યા, એમ પુરુષોત્તમનો પ્રવેશ થાતો ગયો. તે પ્રવેશ તે શું ? જે, પુરુષોત્તમ પોતે આવ્યા ત્યારે શું ધામમાં નહોતા ? ધામમાં પણ એમને એમ હતા ને ઓલ્યું તો એમના ઐશ્વર્યવતે અક્ષરદ્વારા થાતું ગયું. એમ તો પે'લાં ગણેશને પ્રભુ કહે છે, બ્રહ્મા, વિષ્ણુ ને શિવને કહે છે, અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણને કહે છે, ત્યારે એમાંથી કેને પ્રભુ માનવા ? ત્યારે એનું તો એમ છે જે, જીવની કોટિયું, ઈશ્વરની કોટિયું, પુરુષની પણ કોટિયું ને

કોટિયું છે; પણ એ સૌના કારણ તો મહારાજ પોતે, એમ સમજે ત્યારે મજકૂર મળ્યું કે'વાય. ને અનંત કોટિ રામ, અનંત કોટિ કૃષ્ણ ને અનંત કોટિ અક્ષરમુક્ત, એ સર્વના કર્તા, સર્વના આધાર, સર્વના નિયંતા ને સર્વના કારણ મહારાજને સમજે, ત્યારે જ્ઞાન થઈ રહ્યું.

(૨૫૮) શ્રાવણ વદિ છઠને દિવસે વાત કરી જે, 'બીજું બધું ભગવાન કર્યે, પણ જે ભજન ને નિયમ પાળવા, એ બે તો કોઈને ન કરી આપે, એ તો પોતાને જ કરવું; તે જો કર્યે તો થાય.'

(૨૫૯) ભગવાન, સાધુ, શ્રદ્ધા ને સત્શાસ્ત્ર એ ચાર વાનાં હોય તો પ્રભુ ભજાય; એમાં શ્રદ્ધા નથી, બાકી બધું છે.

(૨૬૦) આપણામાંય ખોટ્યું કેટલીક હોય, તે જો કે'વા માંડીએ તો ખબર પડ્યે. સૂઝે તેમ, આમ તેમ કરીએ, પણ અંત્યે એમ કરાવવું છે તે વાતુમાં કે'તા જાઈએ છીએ. અને અમારે એક બળદિયો છે તેને હમણાં તો સૌ ખવરાવીએ છીએ, પણ ગાડું એના કાંધ ઉપર મૂકવું છે. અંતે સૂઝે તેમ, ફોસલાવી કારવીને પણ માખીમાંથી સૂરજ કરવો છે.

(૨૬૧) જેમ સ્વરૂપાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, 'જેમ તીરમાં લીંબુ પરોવ્યું હોય ને તે તીર જ્યાં માડે, ત્યાં લીંબુ દેખાય, એમ તમારી મૂર્તિ દેખાય છે.' માટે મૂર્તિ દેખાય તેવી સ્થિતિ કરવી, તે निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् । એ શ્લોક પ્રમાણે આત્માને વિશે અંગોઅંગમાં મૂર્તિ ધારવી.

(જુઓ પ્રકરણ ૩ ની વાત ૭)

(૨૬૨) ભાદરવા સુદિ સાતમને દિવસે વાત કરી જે, 'મહારાજ તો બળબળતા ડામવાળા વચનામૃતમાં ને બીજે બધે સાધુ જ બતાવે છે.'

(વચ.ગ.પ્ર.૪૪)

(૨૬૩) એક સાધુને તો પંડ્યે સ્વપ્નામાં ઠોંટ મારીને કહ્યું જે, 'તું જૂનાગઢ જા.' આ સાધુનાં તો દર્શન કર્યે *પંચમહાપાપ બળે એવા છે, પછી તે નહિ મળે ને પછી કરોડ્ય રૂપિયા ખરચશો તો પણ નહિ મળે, માટે જો બાજરો મળે તો તો જોગ કરી લેવાનો લાગ આવ્યો છે; પછી પસ્તાવો થાશે, માટે ચોખ્ખું કહીએ છીએ.

(૨૬૪) ગૃહસ્થ માણસ બીજું ઘર કર્યે છે, તે પણ ખુવાર થાય છે.

(૨૬૫) અમે કોઈ દિ' દશોંદ, વિશોંદ કાઢવાની વાત સૌ કહે છે જે કરો, તો પણ નથી કરી પણ આજ કહું છું; જે દશોંદ, વિશોંદ કાઢશે, તેને ખાવા

મળશે ને નહિ કાઢે તે દૂબળા રે'શે. એમ કહીને દાજીભાઈને કહ્યું જે, 'હવે મોટા થયા, તે ધર્મવરો કાઢવા માંડો.'

(૨૬૬) સંવત ૧૯૨૩ના અષાઢ સુદિમાં વાત કરી જે, 'નિષ્કામી વર્તમાનમાં ઘસારો લાગે, તે વાત મહારાજને ન ગમે; કાં જે, એ જ દૃઢ કરાવવા સારુ પોતાનો અવતાર છે. તે પોતે પરણ્યા નહિ ને ત્યાગીના ધર્મ પાળ્યા; તે માટે મોટેરો જે રીત્યે ચાલે, તે વાંસે બધાં માણસ ચાલે. તે કહ્યું છે જે,

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥
(ભગવદ્ ગીતા : ૩/૨૧)

અર્થ :- શ્રેષ્ઠ મનુષ્ય જે જે આચરણ કરે છે તેનું અનુકરણ બીજા લોકો કરે છે, તે જેને પ્રમાણ બનાવે છે તે અનુસાર લોકો વર્તે છે. માટે ખબરદાર થઈને શુદ્ધ વરતવું ને નિષ્કામી વર્તમાનમાં જેને કસર રે'શે તેનાથી ભગવાનના ધામમાં નહિ જાવાય ને નહિ રે'વાય ને મહારાજનો કુરાજીપો બહુ થાશે.'

તે ઉપર દૃષ્ટાંત જે, એક બાદશાહનું લશ્કર લાખો માણસનું તે લડવા ગયું ત્યારે જે ભાગેડુ હતા, તેમણે તો એમ વિચાર કર્યો જે, આટલાં માણસમાં બાદશાહ કેને ઓળખે છે ને ક્યાં જાણે છે ? એમ કહીને પાછળ રહ્યા ને શત્રુ સામા લડ્યા નહિ. ને કેટલાક હતા તે આગળ થઈને શત્રુને હઠાવીને જીત્યા. પછી બાદશાહે વજીરને પૂછ્યું કે, 'આમાં હવે પરીક્ષા લેવી જે, કોણે જીત કરી ?' ત્યારે કહે, 'ઠીક ભરો કચેરી.' પછી કહે, 'પોશાક આપવો છે, તે સૌ આવજો,' એમ કહીને તેડાવ્યા, ને કહે જે, 'એનું તો એમ પારખ્યું થાશે જે, આ લડ્યો છે ને આ નથી લડ્યો; તે જે લડ્યો હશે એ પાધરો આગળ થઈને કચેરીમાં સન્મુખ થાશે ને ઓલ્યો પાધરો બાદશાહની સામું જ નહીં જોઈ શકે ને નીચું ઘાલશે.' તેમ જો આપણે પાંચ ઇન્દ્રિયુંરૂપ શત્રુ સામા થઈને નહિ લડીએ તો ભગવાન સામું નહિ જોવાય ને ત્યાં જાશું તે પછી નીચું જોવું પડશે; માટે એ ભલા થઈને કરશો મા.

(૨૬૭) સ્વામી કહે, 'જેના અક્ષર ગુરુ હોય તે અક્ષરધામમાં લઈ જાય ને પુરુષોત્તમને મેળવે.'

(૨૬૮) આગળ આ બે વાતને ઘસારો લાગશે. તેમાં એક તો સુહૃદપણું નહિ રહે ને બીજું ઘર, સ્ત્રી, પુત્ર ને ધન એમાં આસક્તિ વધશે.

(૨૬૯) ભગવાન તો એક જીવ ભજે તે સારુ બ્રહ્માંડ બોળી નાખે.

તેની એક વાત છે જે, એક ચકલી હતી તે ઊંચા પર્વત ઉપર બેસીને ભજન કરતી હતી. તે કહે જે, 'મુને આંહીં બેઠા બેઠા ભગવાન પાણી પાય તો પીઉં.' પછી બ્રહ્માંડ બોળીને ત્યાં લગી પાણી ભરી દીધું એટલે પીધું.

(૨૭૦) અમે તો વિચારીને જોયું ત્યાં જીવનો વાંક નથી, ગુરુનો જ વાંક છે. તે જેવા ગુરુ હોય તેવો શિષ્ય થાય.

(૨૭૧) જુઓને ! આ બીજા મતવાદીઉંએ (મતવાદીઓએ) વાડા કરીને જીવને ચડાવી દીધા છે; તેવા થયા છે ને કોઈ જાણે બીજા મત આગળ સારા હશે તે એ તો અમે વિચાર્યું જે, આ પાછલો દરવાજો બાળપણામાં સારો હશે ? તે એ તો મૂળથી જ બગડેલો છે. એમ એ પ્રથમથી જ બગડેલા છે, માટે ઉદ્ધવમત વિના કોઈમાં માલ નથી.

(૨૭૨) એકવાર બહુ ભારે વરસાદ થયો તે હરણિયાં આકળાં થઈ દોડ્યાં, તે બાંટવામાં પેસી ગયાં. હવે એ ત્યાંથી નીકળનારાં છે ? એમ જીવમાત્ર બાંટવાનાં હરણિયાં જેવા છે, તે વિષય સામા ધોડી (દોડી) તેમાં ભરાઈ જાય છે.

(૨૭૩) આ જીવને *પંચવિષય ને છઠ્ઠું દેહાભિમાન ને સાતમો પક્ષપાત, એ કલ્યાણના મારગમાં વિઘ્નરૂપ છે ને એનો અભિનિવેશ થયો છે તે જીવનું ભૂંડું કર્યે છે; માટે તે ન રાખવાં.

(૨૭૪) કરોડ્ય મણ સૂતરની આંટીઉં (આંટીઓ) ગૂંચાઈ ગઈ છે તે કેમ ઊકલે ? કોઈ દાખડો કર્યે તો પણ ન ઊકલે, પણ જો બ્રહ્માંડ જેવડો ફાળકો કર્યે તો સહેજે ઊકલે. એમ જીવ ગૂંચાઈ ગયો છે, પણ ભગવાન ભજે તો ઊકલે.

(૨૭૫) જેમ ગુજરાતમાં પાછલી પો'ર રાત્યથી મહુડાં ટપટપ ખરવા મંડે છે, તે પો'ર દિ' સુધી ખરે છે, તેમ જીવને પો'ર રાત્ય પાછલીથી તે પાછી પો'ર રાત્ય જાય, ત્યાં સુધી સંકલ્પ થયા જ કર્યે છે, પણ ભગવાનનો એકે નથી થાતો.

(૨૭૬) આ વાતુ સાંભળીને ગાંડું ક્યાં થાવાય છે ? અરે ! ગાંડા તો આ બધાયને કરી મૂકીએ, પણ દોરનારા જો'એ ને ?

(૨૭૭) ઉદ્ધવમત વિના નિષ્કામી વર્તમાન ક્યાં છે ? ક્યાંય ન મળે, તે ઉદ્ધવમતનું પણ જ્યાં સુધી મોટા સાધુ છે; ત્યાં સુધી પાધરું રે'શે, પછી તો ભગવાનની આજ્ઞા રાખશે તો રે'શે.

(૨૭૮) શ્રાવણ સુદિ પાંચમને દિવસ વાત કરી જે, 'આટલા દિ'

મંદિર કરતા ને હવે હમણાં વિચાર્યું જે, સર્વે દોષમાત્ર એક ન હોય તો ટળે તે શું ? જે, એક દેહાભિમાન ટળે તો બધા દોષમાત્ર એની વાંસે ટળે. ને એક ગુણ આવે તો બધા ગુણ આવે, એ કિયો ગુણ ? તો આત્મનિષ્ઠા હોય તો ગુણમાત્ર આવે.'

(૨૭૯) જો થોડું જ જ્ઞાન હોય પણ સારધાર દેહ પર્યંત રહે તો સારું.

(૨૮૦) ભગવાન છેટા છે, તો છેટા જ છેટા; નીકર તો આ ઘરમાં આવીને બેઠા, એવું ક્યાં સમજાય છે ? આ ભેટંભેટા થયા છીએ.

(૨૮૧) કલ્યાણના મારગમાં વિઘ્ન કરનારાં ઘણાં, તેને ઓળખી રાખવાં.

(૨૮૨) દશોંદ, વિશોંદ (દસમો, વિસમો ભાગ) કહી છે તે જો ભગવાન રૂપિયા આપે તો કાઢવી, એ તો ઠીક છે; પણ ભેળી આ સાધુની વાતુ ભેળા રહીને સાંભળવી, એ પણ દશોંદ, વિશોંદ કાઢવી, તે વિના તો જ્ઞાન નહિ થાય.

(૨૮૩) સ્ત્રીવાળે મહિનો-બે મહિના આંહીં રે'વું ને જેને ન હોય તેને તો ઘરમાં રે'વાય જ નહીં; કાં જે, એમાંથી તો જરૂર કફાત થાય. માટે ગાંઠના રોટલા ખાઈને, નીકર મંદિરના રોટલા ખાઈને પણ આ વાતુ સાંભળવી ને અજ્ઞાન ટાળવું. ને મંદિરના રોટલા ખાય તેમાં શું ? ઘેર કરતો હોય તે આંહીં સેવા કર્યે. અરે ! અમે તો સેવા પણ જે પૈસા લઈને કરતો હશે તેની પાસે કરાવશું; પણ જો કોઈ ભગવાન ભજતા હોય તો મંદિરના રોટલા આપીએ. ને કોઈ હજાર રૂપિયા ખરચે તેથી કાંઈ અજ્ઞાન જાય ? તેને પાછા એકથી સો ઘણા આપે, તે એક જણે પાંચસેં રૂપિયા નરનારાયણ આગળ મૂક્યા તેને સો લાખ આપશું, પણ કાંઈ વાતુ સાંભળ્યા વિના અજ્ઞાન ગયું ?

(૨૮૪) જેને માથે મોટા શત્રુ હોય તેણે ઊંઘવું નહિ ને જેણે *આતતાયી કર્મ કર્યું હોય તેને પણ ઊંઘ આવે નહિ. તેમ કામ, ક્રોધ ને લોભાદિક શત્રુ માથે છે, ત્યાં સુધી ઊંઘવું નહિ. ને જે જે વચન કહ્યાં છે તેને વિસારી દેવાં નહિ. તે જો એકાંતે બેસીને વિચારે તો સાંભર્યા કર્યે.

*अग्निदो गरदश्चैव शस्त्रपाणिर्धनापहः ।
क्षेत्रदारापहारी च षडेते आततायिनः ॥
(સત્સંગીભૂષણ : ૧-૩૯-૨૬)

અર્થ :- આતતાયી-દુઃખ દેનાર-મનુષ્યના છ પ્રકાર છે : આગ ચાંપનાર, વિષ આપનાર, શસ્ત્ર ધારણ કરનાર, દ્રવ્ય ચોરનાર, જમીન પચાવનાર, સ્ત્રીનું અપહરણ કરનાર.

(૨૮૫) એક ગરીબ બાવાનો છોકરો આવ્યો. તે કહે જે, 'સ્વામિનારાયણ તમે ભગવાન કે'વાય છો તે મુને રોટલો આપો.' પછી રોટલો આપ્યો ને મહારાજ કહે જે, "છોકરા, આ નાના ભક્ત છે તેની સાથે પ્રશ્ન-ઉત્તર કર્ય." ત્યારે તે કહે જે, 'મુને આવડે નહિ, એ મારા ગુરુએ મુને શીખવ્યું નથી.' એટલે નાના રાઠોડ કાઠી ભક્ત થયેલ હતા તેણે કહ્યું જે, 'લિયો હું પૂછું, ભક્તિનો મહિમા કેટલો ?' એટલે આને તો ઉત્તર ન આવડ્યો. પછી મહારાજે એ પ્રશ્ન સર્વ સાધુને પૂછ્યો, પણ કોઈને ઉત્તર સૂઝ્યો નહિ. પછી મહારાજ કહે, "ભાગવતમાં આ વાત છે." પછી સ્કંધ તથા અધ્યાયનું નામ લીધું, તો પણ કોઈને ઉત્તર ન આવડ્યો. પછી મહારાજ કહે, "લિયો અમે એનો ઉત્તર કરીએ, તે તૃતીય સ્કંધમાં કહ્યું છે જે, નારદજી જ્યારે વૈકુંઠમાં ગયા ત્યારે વૈકુંઠનાથને પૂછ્યું જે, 'આ વિમાન છાઈ રહ્યાં છે તે શ્યા પુણ્યે મળ્યાં છે ? ને તે પાછાં હેઠાં પડશે કે કેમ ?' પછી કહ્યું કે, 'એક વાર પ્રગટના સાધુને પગે લાગ્યા છે તેણે કરીને એને મળ્યાં છે ને પછી એ ભગવાનના ધામમાં જાશે.' એવો ભક્તિનો મહિમા છે." તે ઉપર શ્લોક બોલ્યા જે,

एकोऽपि कृष्णस्य कृतः प्रणामो दशाश्वमेधावभृथेन तुल्यम् ।
दशाश्वमेधी पुनरेति जन्म कृष्णप्रणामी न पुनर्भवाय ॥
(મહાભારત શાંતિપર્વ : ૧૨/૪૭/૯૨)

અર્થ :- શ્રીકૃષ્ણને કરેલો એક જ પ્રણામ દસ અશ્વમેધ યજ્ઞને અંતે કરવામાં આવતાં સ્નાન બરોબર પુણ્ય આપનાર છે. દસ અશ્વમેધ કરનારને ફરી જન્મ લેવો પડે છે. શ્રીકૃષ્ણને પ્રણામ કરનારને ફરી જન્મ લેવાનો રહેતો નથી. પછી વાતુ કરી ને કહ્યું કે, 'આ સૌનાથી નિયમ સરસ પાળીએ તો માણસ શક ખાય છે, પણ ભગવાનનો મહિમા તો કહ્યો એવો મોટો છે.'

(૨૮૬) શ્રાવણ વદિ બારસને દિવસ વાત કરી જે, 'મહારાજે મંડળ બાંધ્યાં, ત્યારે સારા મોટા સાધુ ભેળા કોઈ સાધુ બેઠા નહિ ને બીજા ભેળા વીસ-પચીસ થયા.' તે જોઈ મહારાજ કહે, "ઓલ્યા હિંદુસ્થાનમાં લઈ જાશે તેવા ભેળા થઈ ગયા ને આ સત્સંગમાં રાખે એવા ભેળા કોઈ નથી." પછી સ્વામી કહે, 'એમ એકાંતિકનું ને સાધારણ સાધુનું નોખું છે, તે ઓળખ્યા જો'એ.' (વચ.લોયા.૬)

(૨૮૭) કાલ ઓલ્યામાં આવ્યું જે, 'વૈરાટના હાથ-પગ તો દેખ્યામાં નથી આવતા ને પેટમાં આ બ્રહ્માંડ છે.' તે વિચારીએ તો વૈરાટની કેવડી મોટયપ થઈ ? ત્યારે આ અક્ષરને તો રૂંવાડે રૂંવાડે, કોટિ કોટિ બ્રહ્માંડ ઊડતાં ફરે છે, એ તો જો નવું પે'લ-વે'લું (પહેલું-વહેલું) સાંભળ્યું હોય, તો તો જાણીએ જે આ તે વાત

કે શું ? પણ કેવડી મોટચપ થઈ ? આ તો બહુ વાર સાંભળ્યું એટલે મહિમા નથી.

(૨૮૮) ત્યાગીને તો બાર ઉપર એક વાગે ખાધાનું કહ્યું છે ને આ તો બબ્બે, ત્રણ્ય-ત્રણ્ય વાર ઝૂડે છે તે ઉપવાસ પડચે, એટલે ધારણાં-પારણાં પણ કર્યે. એમ ભેળું લીધે જાય ને ઓલ્યુંય થાય. ને જો એક વાગે ખાય તો અન્નનો જે રસ તે બળી જાય ને ઓલ્યું તો અજીરણ થાય ને તેનું પાછું વીર્ય થાય ને પછી ઉપવાસ પડચે.

(૨૮૯) ગોંડળમાં વાણિયે હવેલી કરી તે નળિયાં ચડાવ્યાં ત્યાં ચાળીસ હજાર કોરી થઈ ને ઘરમાં પણ એટલી હતી. પછી એમ ને એમ નવી ઘરેણે મૂકી તે હજી છૂટી નથી ને ખાવા મળ્યું નથી. તેમ આપણે પણ ગોંડળના વાણિયાના જેવું છે તે આ દેહ ઘરેણે મૂક્યો છે, તે પ્રભુ ભજતા નથી.

(૨૯૦) સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ ત્રિલોકી લઘુશંકા ચૂંથે છે. તે મોટા સાધુ તો જાણે જે, આ તે શું કર્યે છે ? કોઈ પ્રભુ ભજતા નથી ને માણસને વસમું લાગે એટલે કે'તા નથી ને સત્સંગ થયો છે પણ બાળકની પેઠચે લઘુ ચૂંથે છે. ને ત્રિલોકીમાંથી એવો એક તો ખોળીને માર્યે આગળ લાવો જે મૂતર ન ચૂંથતો હોય !

(૨૯૧) જેટલું આ જગત પ્રધાન છે, જેટલી સ્ત્રી પ્રધાન છે ને જેટલો છોકરો પ્રધાન છે, તેટલો સાધુ સમાગમ નથી ને સમાગમની કસર રહે છે, એટલે એ પ્રધાનપણે રહે છે.

(૨૯૨) આ જગતનું સુખ તો એવું છે જે, અક્ષરધામમાંથી મચ્છરિયું મૂતર્યું, તે પ્રકૃતિના લોકમાં ટીપું પડ્યું ને તેમાંથી પાછું વળી થોડુંક ટીપું પ્રધાનપુરુષના લોકમાં પડ્યું ને તેમાંથી પાછું એમ ને એમ બીજા લોકમાં પડતાં પડતાં, કાંઈક ઝણ્ય આ બ્રહ્માંડમાં પડી, એ તે શું કેટલુંક કે'વાય ? તે માટે સર્વોપરી સુખ તો અક્ષરધામમાં છે, ત્યાં જાવું છે.

(૨૯૩) સ્વામી કહે, 'વાંચો રુચિનું લોયાનું ૧૪મું વચનામૃત.' તે રુચિ સારી થયા વિના ભગવાન પાસે રે'વાય નહિ, રુચિ સારી થયે સારું થાય ને ભૂંડી થયે ભૂંડું થાય. તે જુઓને, જેની રુચિ મળતી હોય તે તેની ભેળા બેસે છે, સુવાણ્ય પણ તો જ થાય છે. તે અફીણીઆ હોય તે અફીણી ભેળા બેસે, એમ રુચિની વાત છે.

(૨૯૪) એકજણે પૂછ્યું જે, 'વચનામૃતમાં ક્યાંક આશરાનું બળ કહ્યું છે, ક્યાંક ધર્મનું, ક્યાંક વૈરાગ્યનું, કયાંક આત્મનિષ્ઠા ને વળી ક્યાંક પાછી

**આત્મનિષ્ઠા ઉડાડી નાખી છે. એવાં કો'ક ઠેકાણે અનંત સાધન કહ્યાં છે તેમાં એકને વિશે સર્વે આવી જાય ને ઉત્તમ મોક્ષ થાય એવું એક કહો ?' એટલે સ્વામી કહે જે, 'ઉપાસના હોય ને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય હોય તો બધાં આવે.' વળી પૂછ્યું જે, 'ઉપાસના છે એમ કેમ જણાય ?' એટલે કહે,**

**त्रिभुवनविभवहेतवेऽप्यकुण्ठ स्मृतिरजितात्मसुरादिभिर्विमृग्यात् ।**
**न चलति भगवत्पदारविन्दाल्लवनिमिषार्धमपि यःस वैष्णवाग्र्यः ॥**

(શ્રીમદ્ ભાગવત : ૧૧/૨/૫૩)

અર્થ :- ત્રણે ભુવનના વૈભવો આવીને ઊભા હોય તો પણ જેની ભગવાનમાં અખંડ બુદ્ધિ છે એવો તથા જેનો આત્મા શ્રીવિષ્ણુમાં છે એવો વૈષ્ણવજન, દેવોને પણ જેમની શોધ કરવી પડે છે એવા ભગવાનના ચરણકમળમાંથી એક લવમાત્ર પણ અથવા આંખના અર્ધા પલકારા જેટલો સમય માટે પણ ચલિત થતો નથી તેવો વૈષ્ણવજન પ્રધાન વૈષ્ણવ ગણાય છે, વૈષ્ણવોમાં અગ્રેસર ગણાય છે. **એ શ્લોક પ્રમાણે તો વિષયની કોરનું હોય, એવા ત્રણ્ય શ્લોક બીજા બોલ્યા ને કહ્યું જે, 'એ પ્રમાણે રહે એવા ગુણ હોય તેને ઉપાસના છે એમ જાણવું.'** (વચ.લોયા.૧૨/ગ.અં.૭)

**(૨૯૫) પૃથ્વી ગંધને મૂકે પણ ભીષ્મનું બ્રહ્મચર્ય ન જાય, એમ ભગવાનને અડગ સમજે. વળી, મહારાજે કરોડ્ય કરોડ્ય સાધન કહ્યાં છે, પણ તેમાં ત્રણ્ય મુખ્ય છે. એક ભગવાનની ઉપાસના, બીજું તેમના ભક્તને વિશે આત્મબુદ્ધિ ને ત્રીજી આજ્ઞા. એ ત્રણ્ય જો બરાબર સમજે તો બધુંય થયું ને આજ્ઞામાં ધર્મ પણ આવી ગયો ને આજ્ઞામાં સર્વે સાધન આવી ગયાં અને આપણે મહારાજની આજ્ઞા, ઉપાસના તથા એકાંતિક સંત સાથે હેત છે; માટે જે જે કરવાનું છે તે આપણે થઈ રહ્યું છે, હવે કાંઈ કરવું રહ્યું નથી.**

ઇતિ શ્રી સહજાનંદસ્વામીના આધ્યાત્મિક વારસદાર
અનાદિ મૂળઅક્ષરમૂર્તિ સદ્‌ગુરુવર્ય શ્રી ગુણાતીતાનંદસ્વામીએ
કરેલી વાતોમાં
'સર્વદેશી સમજણ'
નામે છઠ્ઠું પ્રકરણ સમાપ્ત.

અનાદિ મૂળઅક્ષરમૂર્તિ સદ્‌ગુરુવર્ય શ્રી ગુણાતીતાનંદસ્વામીએ વાત કરી જે :-

(૧) માણાવદરમાં મયારામ ભટ્ટને ઘેર રામાનંદસ્વામીને પઠાણે પૂછ્યું જે, 'તમને આ લોક સર્વે અલ્લા કહે છે, તે તમે અલ્લા છો ?' ત્યારે રામાનંદસ્વામી તે પઠાણ પ્રત્યે બોલ્યા જે, 'અમે તો ફકીર છીએ, પણ અલ્લાની આજ્ઞાએ કરીને અલ્લાની ગાદીએ બેઠા છીએ.' ત્યારે મહારાજે પોતાની દષ્ટિમાત્રે કરીને તે પઠાણને સમાધિ કરાવી. ને તે સમાધિ વિશે પોતાની સ્તુતિ કરતા જે સર્વે પેગંબર તથા રામાનંદસ્વામી તથા સર્વે અવતાર, એ સર્વેનાં દર્શન સમાધિને વિશે કરાવ્યાં ને તે સર્વેને પોતાની મૂર્તિને વિશે લીન કરી દેખાડચા. પછી શ્રીજીમહારાજે પોતાની દષ્ટિમાત્રે કરીને તે પઠાણને જગાડચો. પછી તે પઠાણ રામાનંદસ્વામી પ્રત્યે બોલ્યો જે, 'તમારા હિંદુમાં એવો અન્યાય કેમ છે જે, મોટા છે તે હેઠા બેઠા છે ને છોટા છે તે ઊંચા બેઠા છે ?' ત્યારે રામાનંદસ્વામીએ કહ્યું જે, 'અમારે હિંદુમાં એવો ધારો છે જે, રામચંદ્રજી હેઠા બેસતા ને રામચંદ્રજીની આજ્ઞાએ કરીને વસિષ્ઠ ઊંચા બેસતા; તેમ અમે પણ આ નીલકંઠબ્રહ્મચારીની આજ્ઞાએ કરીને ઊંચા બેઠા છીએ, પણ મોટા તો એ છે.' એવી રીત્યે (રીતે) રામાનંદસ્વામીએ મર્મે કરીને ઉત્તર કર્યો.

(૨) જેતપુરમાં ઉનડરાજાને ઘેર રામાનંદસ્વામીએ પોતાના ધર્મધૂરાની શ્રી સહજાનંદસ્વામીને સોંપણી કરી ત્યારે કોઈને સંશય થયો જે, 'મોટા મોટા સાધુ છે, તેને કેમ સોંપણી ન કરી ?' ત્યારે રામાનંદસ્વામીએ કહ્યું જે, 'આ નીલકંઠબ્રહ્મચારી તો મોટા મોટા રામ, કૃષ્ણ, વાસુદેવ અને અક્ષરાદિક, એ સર્વેને ઉપાસનીય, પ્રાર્થના કરવા યોગ્ય ને પૂજવા ને પામવા યોગ્ય છે ને અમે પણ એમના મૂક્યા આંહીં આવ્યા છીએ ને એ તો અનેક જીવોનાં કલ્યાણ કરતા કરતા આવે છે. ને સર્વઅવતાર, સર્વવિભૂતિ, સર્વશક્તિ થકી ને અક્ષરમુક્તો ને અક્ષરધામ, એ સર્વ થકી અતિ સર્વોપરી, અક્ષરાતીત, સર્વસુખમય, આનંદમય, સર્વજ્ઞ, સર્વત્રપૂર્ણ, દિવ્યમૂર્તિ, સર્વોત્તમકારણ, સર્વકર્મફળપ્રદાતા, સર્વાધાર, સર્વશિક્ષક, સર્વવ્યાપક, સર્વોપાસ્યમૂર્તિ, સર્વચિંતનીય, સર્વરસમય, સર્વ-ઇચ્છામય, નિર્દોષમૂર્તિ, પરિપૂર્ણમૂર્તિ, અખંડમૂર્તિ, સર્વભજનીય, સર્વ-ઐશ્વર્ય, સર્વશક્તિ, સર્વવિભૂતિ, સર્વસુંદરતા, સર્વલાવણ્યતા, સર્વકરુણા, એ આદિક અનંત કલ્યાણકારી દિવ્ય ગુણના ભાજન, ચિત્રવિચિત્ર, મહાઆશ્ચર્યકારી, અનવધિકાતિશય, અજહત્સ્વરૂપ,

સ્વભાવ-ગુણમહોદધિ, એવા શ્રી સહજાનંદસ્વામી પુરુષોત્તમનારાયણ, સ્વયં સ્વરાટ્ રાજાધિરાજ છે ને સર્વ અવતારના અવતારી છે.

માટે આ નીલકંઠ બ્રહ્મચારીના જે ગુણ છે તેને કે'વા (કહેવા) જાણવાને અર્થે તો અક્ષરપર્યંત કોઈ સમર્થ નથી; તો હું પણ કે'વા જાણવાને અર્થે ક્યાંથી સમર્થ થાઉં ? તે માટે આ તો અગણિત જીવુંનાં (જીવોનાં) કલ્યાણ કરવાને અર્થે અક્ષરધામમાંથી આંહીં પધાર્યા છે; તે માટે અમે તો એમની આજ્ઞાએ કરીને જીવુંનાં કલ્યાણ કરતા હતા, પણ હવે તો સાક્ષાત્ પોતે પુરુષોત્તમ પધાર્યા છે, એટલે જેવો પોતાનો પ્રતાપ છે ને મહિમા છે, તેવાં જ જીવુંનાં કલ્યાણ કરશે, માટે આ તો અક્ષરધામના પતિ સર્વોપરી, પૂર્ણપુરુષોત્તમ ભગવાન પધાર્યા છે ને તે પૂર્વે ભગવાનના અવતાર થયા તેણે જીવુંનાં જે કલ્યાણ કર્યાં છે તેવાં કલ્યાણ તો પોતાના ભક્તદ્વારે સહેજમાં કરશે. એવા જે, આ નારાયણમુનિ તેનો પ્રતાપ ને ઐશ્વર્ય છે, તે તમોને (તમને) આગળ જણાશે.'

(૩) ગામ ફણેણીમાં મંદિરની જાયગા (જગ્યા) છે, ત્યાં હાલ બેઠક છે, ત્યાં રામાનંદસ્વામી દેહત્યાગ કરીને ધામમાં ગયા. ત્યારપછી શ્રી સહજાનંદસ્વામી પોતાના ગુરુની દેહક્રિયા કરીને તેની ધર્મધૂરા ઉપાડી લેતા હવા (હતા) ને તે સ્વામીના જે આશ્રિત તેમની સત્શાસ્ત્રના ઉપદેશે કરીને સંભાવના કરતા હવા ને તેમને પોતાનો અલૌકિક પ્રતાપ દેખાડીને પોતાને વિશે તેમનાં ચિત્તને તાણી લેતા હવા ને કેટલાક મનુષ્યને સમાધિ કરાવતા હવા. લોજમાં તે પ્રતાપ જોઈને વ્યાપકાનંદસ્વામીને શ્રીજીમહારાજના સ્વરૂપનો સર્વોપરી નિશ્ચય નહોતો થાતો; તેથી તે વ્યાપકાનંદસ્વામીને પણ સમાધિ કરાવીને અક્ષરધામને વિશે અનંત કોટિ મુક્તે સહિત પોતાનું દર્શન કરાવ્યું, તો પણ નિશ્ચય ન થયો.

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, ''આ સર્વે મુક્તની એકકળાવિચ્છિન્ન પૂજા કરો ને તમારે વિશે લીન કરો.'' ત્યારે વ્યાપકાનંદસ્વામીએ કહ્યું જે, 'હે મહારાજ ! એમ કેમ થાય ?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''તમે એમ સંકલ્પ કરો જે, આ રામાનંદસ્વામી ભગવાન હોય, તો તેમના સામર્થ્યે કરીને હું એટલા રૂપે થાઉં.'' ત્યારે તેમણે એમ સંકલ્પ કર્યો તો પણ અનંતરૂપે ન થાવાણું (થવાણું). ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''ચોવીસ અવતારનાં નોખાં નોખાં નામ લઈને સંકલ્પ કરો જે, એ કોઈ પુરુષોત્તમભગવાન હોય, તો તેમના સામર્થ્યે કરીને હું અનંતરૂપે થાઉં.'' ત્યારે તેમણે એમ કર્યું, તો પણ અનંતરૂપે ન થાવાણું ત્યારે શ્રીજીમહારાજ

બોલ્યા જે, ''અમારું નામ લઈને સંકલ્પ કરો જે, જો સહજાનંદસ્વામી સર્વ અવતારના અવતારી પુરુષોત્તમભગવાન હોય તો હું અનંતરૂપે થાઉં.'' પછી શ્રીજીમહારાજનું નામ લીધું ત્યારે અનંતરૂપે થાવાણું, ને સર્વ મુક્તની એકકળાવિચ્છિન્ન પૂજા કરી અને સર્વ મુક્તને શ્રીજીમહારાજની મૂર્તિને વિશે લીન થાતા જોયા. ત્યારે એવા પ્રતાપને જોઈને વ્યાપકાનંદસ્વામીને શ્રીજીમહારાજને વિશે સર્વ અવતારના અવતારી પુરુષોત્તમપણાનો નિશ્ચય થયો.

પછી સમાધિમાંથી ઊઠચા ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, ''તમારે સમાધિમાં જેવી રીત્યે દેખાણું હોય તેવી રીત્યે આ સર્વેને કહો.'' ત્યારે વ્યાપકાનંદસ્વામીએ કહ્યું જે, 'આ શ્રીજીમહારાજ તો સર્વ અવતારના અવતારી ને અક્ષરધામના પતિ છે. તે માટે રામાનંદસ્વામી તથા પૂર્વે થયા જે રામકૃષ્ણાદિક ભગવાનના અવતાર, તે સર્વે શ્રીજીમહારાજની મૂર્તિને વિશે લીન થયા, એમ મેં અક્ષરધામમાં દીઠું. માટે આ શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે.' ત્યારે તે વ્યાપકાનંદ સ્વામીની વાત સાંભળીને રામાનંદસ્વામીના નિશ્ચયવાળા હતા તથા બીજા મતવાળા હતા તેમના માન્યામાં વાત આવી નહિ. ત્યારે તે સર્વેએ શ્રીજીમહારાજને પ્રાર્થના કરીને કહ્યું જે, 'હે મહારાજ ! આ વાત અમારે સર્વને સમજ્યામાં આવતી નથી, માટે અમને જે રીત્યે સમજાય તેવી રીત્યે કૃપા કરીને કહો.' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, ''તમે ધ્યાનમાં બેસો ને પોતપોતાના ઇષ્ટદેવને સંભારો તો એ વાત તમોને જેમ છે તેમ જણાશે.'' ત્યારે તે સર્વે ધ્યાનમાં બેઠા. ત્યારે તેમને શ્રીજીમહારાજ પોતાની દષ્ટિમાત્રે કરીને તે સર્વેને સમાધિ કરાવી ને અક્ષરધામને વિશે અનંત મુક્તે સહિત પોતાની દિવ્ય મૂર્તિનું સાક્ષાત્ દર્શન કરાવતા હવા તથા રામાનંદસ્વામી તથા સર્વે અવતાર તે પોતાની સેવામાં દેખાડતા હવા ને પોતાની મૂર્તિમાં સર્વ અવતારને લીન કરી દેખાડતા હવા. તેમાં કેટલાક મનુષ્યને શ્રીજીમહારાજનો અડગ નિશ્ચય થયો.

તે પછી ભક્તોને શ્રીજીમહારાજ સમાધિમાંથી જગાડતા હવા. ત્યારે તે ભક્ત બોલ્યા જે, 'હે મહારાજ ! તમે તો સર્વોપરી પુરુષોત્તમભગવાન છો, માટે તમારા પ્રગટ પુરુષોત્તમપણાના નિશ્ચયમાં સંશય ન થાય, એવી કૃપા કરો.' ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''આ પુરુષોત્તમભગવાન તો ક્યારેય આ બ્રહ્માંડને વિશે આવ્યા નથી ને આવશે પણ નહિ. માટે આ તો સર્વોપરી મૂર્તિ છે, તે આ નિશ્ચય ફરવા દેવો નહિ.'' એમ શ્રીજીમહારાજ તેમના ઉત્સાહને અર્થે ને તેમની

બુદ્ધિની દઢતાને અર્થે, પોતાનું જે નાના પ્રકારનું ઐશ્વર્ય તે સમાધિએ કરીને દેખાડતા હવા.

તેમાં કેટલાક મનુષ્યને તો અક્ષરધામને વિશે અનંત મુક્તે સેવ્યાથકા પોતાની અલૌકિક મૂર્તિનું દર્શન દેતા હવા ને કેટલાક મનુષ્યને તો ગોલોકને વિશે લક્ષ્મી, રાધિકા ને શ્રીદામાદિક (સુદામાદિક) પાર્ષદ સહિત તે રૂપે પોતાનું દર્શન દેતા હવા ને કેટલાકને વૈકુંઠલોકને વિશે લક્ષ્મી ને નંદસુનંદાદિક પાર્ષદેસહિત વિષ્ણુરૂપે પોતાનું દર્શન દેતા હવા; કેટલાકને શ્વેતદ્વીપને વિશે નિરન્નમુક્તે સહિત મહાપુરુષરૂપે પોતાનું દર્શન દેતા હવા ને કેટલાકને તો અવ્યાકૃતધામને વિશે લક્ષ્મી આદિક શક્તિઓ અને પાર્ષદ સહિત ભૂમાપુરુષરૂપે પોતાનું દર્શન દેતા હવા ને કેટલાકને તો બદરિકાશ્રમને વિશે મુનિયે સહિત નરનારાયણરૂપે પોતાનું દર્શન દેતા હવા ને કેટલાકને તો ક્ષીરસમુદ્રને વિશે લક્ષ્મી ને શેષનાગે સહિત યોગેશ્વરરૂપે પોતાનું દર્શન દેતા હવા ને કેટલાકને તો સૂર્યના મંડળને વિશે હિરણ્યમયપુરુષરૂપે પોતાનું દર્શન દેતા હવા ને કેટલાકને તો અગ્નિ મંડળને વિશે યજ્ઞપુરુષરૂપે પોતાનું દર્શન દેતા હવા ને કેટલાકને તો પ્રણવના જે નાદ તે તત્કાળ સંભળાવતા હવા ને કેટલાકને તો કોટિ કોટિ સૂર્ય સરખું જે પોતાનું તેજ દેખાડતા હવા ને કેટલાકને તો જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ થકી પર ને સચ્ચિદાનંદ છે લક્ષણ જેનું ને દ્રષ્ટા છે નામ જેનું, એવું જે બ્રહ્મતેજ તે રૂપે પોતાનું દર્શન દેતા હવા ને કેટલાકને તો બ્રહ્માંડના આધાર ને પુરુષસૂક્તને વિશે કહ્યા એવા જે વૈરાટપુરુષ તે રૂપે પોતાનું દર્શન દેતા હવા ને કેટલાકને તો ભૂગોળ-ખગોળને વિશે રહ્યાં જે, દેવતાનાં સ્થાનક ને આશ્ચર્ય તેને દેખાડતા હવા, ને કેટલાકને તો અધારાદિક *છ ચક્રને વિશે રહ્યા એવા જે, ગણેશ આદિક દેવતાનાં સ્થાનક, તેને પૃથક્ પૃથક્ દેખાડતા હવા.

ક્યારેક તો સો સો ગાઉને છેટે રહ્યા, એવા જે, પોતાના ભક્ત તેમને પ્રત્યક્ષપ્રમાણ પોતાનું દર્શન દેતા હવા ને ક્યારેક તો છેટે રહ્યા, એવા જે પોતાના ભક્ત તેમણે પોતાના ઘરને વિશે શ્રીજીમહારાજની પ્રતિમાની આગળ ધર્યું જે નૈવેદ્ય તેને પોતાના ભક્તને વિસ્મય પમાડતા થકા જમતા હવા ને ક્યારેક તો દેહત્યાગને કરતા એવા જે પોતાના ભક્તજન તેમને પોતાના ધામપ્રત્યે લઈ જવાને ઇચ્છતા થકા, ત્યાં પોતે આવીને તે ભક્તના ગામને વિશે રહ્યા એવા જે બીજા ભક્ત તથા અભક્ત, તેમને પણ પોતાનું સાક્ષાત્ દર્શન દેતા હવા; એવી રીત્યે મુમુક્ષુ અથવા મુમુક્ષુ નહિ એવા જે જન તેમને પોતાનાં અલૌકિક ઐશ્વર્ય દેખાડતા એવા જે શ્રી

સહજાનંદસ્વામી મહારાજ, તેમને જોઈને અતિશય વિસ્મયને પામ્યા એવા જે હજારો મનુષ્યો, તે પોતપોતાના મતનો ને ગુરુનો ત્યાગ કરીને શ્રીજીમહારાજનું પ્રગટ પ્રમાણ ભજન કરતા હવા.

પછી તે પ્રતાપને જોઈને ઘણાક જે મતવાદી તે શ્રીજીમહારાજ સંગાથે વાદવિવાદ કરવા આવ્યા, પણ વાદે કરીને શ્રીજીમહારાજને જીતવાને કોઈ સમર્થ ન થયા ને પછી તે સર્વ મતવાદી શ્રીજીમહારાજના અલૌકિક ઐશ્વર્ય ને પ્રતાપ દેખીને નમસ્કાર કરીને બોલ્યા જે, 'હે મહારાજ ! તમે તો પરબ્રહ્મ પુરુષોત્તમ છો; માટે અમારા જે જે ઇષ્ટદેવ છે, તેમનાં દર્શન અમને કૃપા કરીને કરાવો.' એવી રીત્યે તેમનું પ્રાર્થનાવચન સાંભળીને, તે સર્વેને ધ્યાનમાં બેસારીને પોતાને પ્રતાપે કરીને તેમને તત્કાળ સમાધિ કરાવતા હવા. પછી તે સર્વે શ્રીજીમહારાજનાં દર્શનમાત્રે કરીને ખેંચાઈ ગયાં છે નાડી-પ્રાણ જેમનાં એવાથકા, પોતપોતાના હૃદયને વિશે પોતપોતાના ઇષ્ટદેવરૂપે શ્રીજીમહારાજને દેખતા હવા.

તેમાં જે વલ્લભકુળને આશ્રિત એવા વૈષ્ણવ હતા તે તથા મધ્વ સંપ્રદાયના હતા એ બે તો ગોપીઉંનાં (ગોપીયોનાં) ગણે વીંટાણા ને વૃન્દાવનને વિશે રહ્યા એવા બાળલીલાએ કરીને મનોહર મૂર્તિ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે રૂપે દેખતા હવા. ને જે રામાનુજ સંપ્રદાયના હતા તે તો નંદ, સુનંદ, વિશ્વકસેન ને ગરુડાદિક પાર્ષદે સહિત લક્ષ્મીનારાયણરૂપે દેખતા હવા. ને જે રામાનંદી હતા તે તો સીતા, લક્ષ્મણ ને હનુમાને યુક્ત થકા દિવ્ય સિંહાસન ઉપર બેઠા એવા જે શ્રી રામચંદ્રજી તે રૂપે દેખતા હવા. ને જે શંકરાચાર્યના મતવાળા હતા, તે તો બ્રહ્મજ્યોતિરૂપે દેખતા હવા ને જે શૈવી હતા તે તો પાર્વતી ને પ્રથમ ગણે સહિત જે શિવજી તે રૂપે દેખતા હવા. ને જે સૂર્યના ઉપાસક હતા તે તો સૂર્યના મંડળના વિશે રહ્યા જે હિરણ્યમયપુરુષ તે રૂપે દેખતા હવા. ને જે ગણપતિના ઉપાસક હતા તે તો મહાગણપતિરૂપે દેખતા હવા. ને જે દેવીના ઉપાસક હતા તે તો દેવીરૂપે દેખતા હવા ને જે જૈન હતા તે તીર્થંકરરૂપે દેખતા હવા ને જે યવન હતા તે તો પેગંબરરૂપે દેખતા હવા. એવી રીત્યે સમાધિએ કરીને પોતપોતાના ઇષ્ટદેવરૂપે શ્રીજીમહારાજને જોઈને સર્વ અવતારના કારણ જાણીને, પોતપોતાના મતનો ત્યાગ કરીને શ્રીજીમહારાજનો દૃઢ આશ્રય કરતા હવા ને પ્રગટ પ્રમાણ ભજન કરતા હવા. એવી રીત્યે શ્રીજીમહારાજ જે પોતાના પ્રતાપે કરીને જીવુંનું જે મૂળ અજ્ઞાન તેનો નાશ કરતા થકા પૃથ્વીને વિશે નાશ પામ્યો જે <u>એકાંતિકધર્મ</u> તેનું રૂડી રીત્યે સ્થાપન કરતા હવા. (જુઓ પ્રકરણ ૭ ની વાત ૨૧)

(૪) શ્રીજીમહારાજને લોજમાં સમાધિવાળા મૂળજીભક્તે કહ્યું જે, 'પુરુષોત્તમના બીજા અનંત અવતાર થયા ને બીજા થાશે ને બીજા ધામમાં જે સર્વે મૂર્તિયું (મૂર્તિઓ) છે તે સર્વેનું મુને (મને) દયા કરીને દર્શન કરાવો.' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, ''બીજા સર્વે અવતાર તેમનાં નામ લઈને સંકલ્પ કરો જે, એ જો સર્વેનાં કારણ હોય, તો તેમને પ્રતાપે કરીને મુને એ સર્વેનું દર્શન થાઓ.'' ત્યારે તે ભક્તે બીજા સર્વે અવતારનાં નામ લઈને સંકલ્પ કર્યો; પણ તે સર્વેનાં દર્શન થયાં નહિ. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''સર્વેના કારણ પ્રગટ પ્રમાણ પુરુષોત્તમ અમે હોઈએ તો તે સર્વેનું દર્શન મુને થાઓ.'' પછી એમ સંકલ્પ કર્યો કે તત્કાળ એ સર્વે રૂપનાં દર્શન થયાં ને તે સર્વ અવતાર તે શ્રીજીમહારાજની સ્તુતિ કરતા થકા શ્રીજીમહારાજની મૂર્તિને વિશે લીન થયા. એવી રીત્યે પોતાના પુરુષોત્તમપણાનો દઢ નિશ્ચય મૂળજીભક્તને કરાવ્યો.

(૫) દીવ ગામનો વણિક શેઠ સંઘ કાઢીને દ્વારકાની જાત્રા કરવા જાતો (જતો) હતો તેને લોજપુરમાં શ્રી રામાનંદસ્વામી મળ્યા, તેને ચમત્કાર દેખાડ્યો, તેણે કરીને તેને ભગવાનપણાનો રામાનંદસ્વામીને વિશે નિશ્ચય થયો. પછી તે ભક્ત પાછો દીવ ગયો ને પછી ઘણા દહાડે પાછો દર્શને આવ્યો. ત્યારે રામાનંદસ્વામી તો દેહ મૂકી ધામમાં ગયેલા. પછી તે ભક્ત શ્રીજીમહારાજ પાસે આવીને બેઠો; ત્યારે મહારાજ બોલ્યા જે, ''તમારે કાંઈ સંશય હોય તો આ બાળક લખમણ સમાધિવાળો છે તેને પૂછો.'' ત્યારે તેમણે જે પ્રશ્ન પૂછ્યા તે પ્રશ્નના ઉત્તર સમાધિવાળા બાળકે કર્યા. એમ બાળકદ્વારા રામાનંદસ્વામીના જેવો શ્રીજીમહારાજે ચમત્કાર જણાવ્યો.

ત્યારે તે ભક્તે શ્રીજીમહારાજ પ્રત્યે કહ્યું જે, 'મહારાજ ! હું પ્રથમ રામાનંદસ્વામીને ભગવાન જાણતો હતો, પણ તે રામાનંદસ્વામીના જેવો આ બાળકને વિશે તમારે પ્રતાપે કરીને ચમત્કાર જણાણો. ત્યારે તમારા મોટા મોટા સાધુ તથા સત્સંગી તેમનો પ્રતાપ તો ઘણો હશે ને તમારી મૂર્તિનો જે પ્રતાપ ને મહિમા તે તો બહુ જ અધિક હશે ! માટે તમારા સ્વરૂપનું જેમ છે, તેમ યથાર્થ જ્ઞાન મુને થાય તેમ કૃપા કરીને મુને કહો.' ત્યારે શ્રીજીમહારાજે તે ભક્તને કહ્યું જે, ''અંતરની વાર્તા જાણવે કરીને ભગવાનપણાનો નિશ્ચય જો થાય તો અમારા મોટા મોટા સાધુ તથા સત્સંગી તે અનંત જીવુંની (જીવોની) વાત જાણે એવા છે. માટે પૂર્વે થયા જે જે અવતાર તેમના જેવું ઐશ્વર્ય તો અમારા સાધુ-સત્સંગીમાં જણાય

છે. ને અમે તો સર્વે અવતારના અવતારી ને અક્ષરધામના પતિ શ્રીપુરુષોત્તમ નારાયણ છીએ, તે અગણિત જીવુંનાં કલ્યાણને અર્થે પ્રગટ થયા છીએ.'' તે વાર્તાને સાંભળીને તે ભક્તને શ્રીજીમહારાજના પ્રગટ પુરુષોત્તમપણાનો નિશ્ચય થયો. પછી તે ભક્તે શ્રીજીમહારાજના પ્રગટ પુરુષોત્તમપણાની વાત તે બીજા રામાનંદસ્વામીના જૂના હરિભક્તો હતા તેમની આગળ કહી; પણ તે વાત તેમના માન્યામાં ન આવી.

પછી તે રામાનંદસ્વામીના નિશ્ચયવાળા હરિભક્તો હતા, તેમણે શ્રીજીમહારાજની પાસે આવીને તે નિશ્ચયની વાત પૂછી. ત્યારે તેમને શ્રીજીમહારાજે કહ્યું જે, ''તમે સર્વે ધ્યાનમાં બેસો તો જેમ છે તેમ જણાશે.'' ત્યારે તે હરિભક્તો ધ્યાનમાં બેઠા. તેમને શ્રીજીમહારાજ પોતાની દષ્ટિમાત્રે કરીને સમાધિ કરાવતા હવા. તે અક્ષરધામને વિશે અનંત પાર્ષદે સહિત પોતાની દિવ્ય મૂર્તિનું દર્શન કરાવ્યું તથા રામાનંદસ્વામી તથા બીજા સર્વે અવતાર તે શ્રીજીમહારાજની સેવામાં દીઠા ને પછી તે સર્વ અવતાર શ્રીજીમહારાજને વિશે લીન થયા, આમ દીઠું; પછી તે સર્વ ભક્તોને શ્રીજીમહારાજનો સર્વોપરી પુરુષોત્તમપણાનો દઢ નિશ્ચય થયો. પછી તે સર્વ ભક્તોને પોતાની દષ્ટિમાત્રે કરીને જગાડતા હવા; પછી તે સર્વે ભક્તોએ કહ્યું જે, 'હે મહારાજ ! તમે તો સર્વોપરી પુરુષોત્તમ છો ને અગણિત જીવુંનાં કલ્યાણને અર્થે કૃપા કરીને આંહીં પધાર્યા છો.' પછી શ્રીજીમહારાજ તે શેઠ ભક્તપ્રત્યે બોલ્યા જે, ''આ પુરુષોત્તમભગવાન તો આ બ્રહ્માંડને વિશે આવ્યા નથી ને આવશે પણ નહિ; માટે આ તો સર્વોપરી મૂર્તિ છે તેમાં કિંચિત્‌માત્ર સંશય નથી.''

(૬) અગત્રાઈમાં હાલ મંદિર છે ત્યાં ભાઈરામદાસજીને શ્રીજીમહારાજે કહ્યું જે, ''તમારું અંગ કહો, પછી અમે અમારું અંગ છે તે કહીશું.'' પછી રામદાસભાઈએ પોતાનું અંગ કહ્યું જે, 'ત્રણ્ય અવસ્થામાં જીવાત્માને વિશે તમારી મૂર્તિ તેજે સહિત અખંડ દેખું છું એવું તમારી કૃપા થકી અખંડ વરતે છે.' પછી શ્રીજીમહારાજે પોતાનું અંગ કહ્યું જે, ''અક્ષરાદિક મુક્ત તથા પુરુષ, કાળ, માયા, પ્રધાનપુરુષ તથા અનંત કોટિ બ્રહ્માંડના ઈશ્વર તથા સર્વે વિભૂતિયું (વિભૂતિઓ) તથા સર્વે જીવ એ સર્વેનો નિયંતા ને એ સર્વેનો કર્મફળપ્રદાતા તે હું એક જ છું ને તે સર્વેનું સ્વરૂપ, સ્વભાવ ને ગુણ તેને અખંડ દેખું-જાણું છું; પણ એ સર્વે જે અક્ષરમુક્તો તે મારી મૂર્તિનો મહિમા જેમ છે તેમ યથાર્થ દેખવા-જાણવા સમર્થ નથી ને હું પણ મારી મૂર્તિના મહિમાના અંતને પામતો નથી. ને અન્ય સર્વે સામર્થ્ય તે મારી મૂર્તિના એક રોમના કોટિમા ભાગની બરોબર પણ નથી આવતું, એવી

અનવધિકાતિશય, મહા આશ્ચર્યમય ને સર્વોપરી આ મૂર્તિ છે; એમાં કિંચિત્‌માત્ર સંશય નથી.''

(૭) શ્રીજીમહારાજે સંતો પ્રત્યે કહ્યું જે, ''જ્યારે જૂ વિયાય ત્યારે લીખ આવે ને હાથણી વિયાય ત્યારે ભેંશ જેવડું બચ્ચું આવે; તેમ પૂર્વે રામ-કૃષ્ણાદિક અવતાર થઈ ગયા ને આગળ બીજા થાશે ને બીજાં ધામને વિશે જે મૂર્તિયું (મૂર્તિઓ) છે તે સર્વેનું કારણ ને સર્વ થકી પર જે, શ્રી પુરુષોત્તમનારાયણ તે અમે છીએ. એમાં ખોટું કે'તા હોઈએ તો અમને આ સર્વે પરમહંસના સમ છે. ને આ પ્રગટ પુરુષોત્તમના સ્વરૂપને સમજ્યામાં ખામી રહી જાશે તો કલ્યાણમાં બહુ ફેર પડી જાશે; પછી દેહ મૂક્યા કેડચે તે ખામી ભાંગશે નહિ. માટે જેમ વૈકુંઠવાસીને રે'વાનું વૈકુંઠધામ છે ને જેમ ગૌલોકવાસીને રે'વાનું ગૌલોકધામ છે, તેમ અમારે રે'વાનું અક્ષરધામ છે. ને અક્ષરાતીત પ્રગટ પુરુષોત્તમ એવા જે અમે તેનો જેને મહિમાએ સહિત યથાર્થ નિશ્ચય થયો છે, તે તો મૂળપુરુષથી પર અક્ષરધામમાં મૂળઅક્ષર અને અનંત કોટિ અક્ષરમુક્તે સેવ્યા જે અક્ષરાતીત પ્રગટ પુરુષોત્તમ તેની ઉપાસના તથા ભક્તિ કરતો થકો પોતાના આત્માને અક્ષરરૂપ માનીને પૂર્ણકામ માને છે, તેને જ મહિમાએ સહિત નિશ્ચય છે. ને આ વાત યથાર્થ તો ભગવાનના એકાંતિક ભક્ત હોય તેના પ્રસંગે કરીને સમજાય છે; પણ પોતાના બુદ્ધિબળે કરીને તથા શાસ્ત્રે કરીને પણ પોતાની મેળે સમજાતી નથી.'' એવી રીત્યે શ્રીજીમહારાજે સંત આગળ પોતાના પ્રગટ પુરુષોત્તમપણાની વાત કરી.

(૮) પર્વતભાઈને શ્રીજીમહારાજની મૂર્તિ તો ત્રણ્ય અવસ્થામાં અખંડ દેખાતી હતી, તો પણ એમ સંકલ્પ થયો જે, 'બીજા ભગવાનના અવતારનાં સ્વરૂપ કેવાં હશે ?' ત્યારે તે સંકલ્પમાત્રે તે ચોવીસ અવતારની મૂર્તિયું પર્વતભાઈ આગળ આવીને ઊભી રહી, તે પર્વતભાઈએ દર્શન કર્યાં. પછી તે ચોવીસ અવતારનાં સ્વરૂપ શ્રીજીમહારાજની સ્તુતિ કરતે સતે શ્રીજીમહારાજની મૂર્તિમાં લીન થાતાં હવાં. એવી રીત્યે શ્રીજીમહારાજ પર્વતભાઈને પોતાનો અલૌકિક પ્રતાપ દેખાડતા હવા.

(૯) અમદાવાદમાં સંતને દુષ્ટે કષ્ટ દીધું ત્યારે શ્રીજીમહારાજ કાંકરિયે તળાવે વિરાજમાન હતા ત્યાં સંત આવ્યા. તે સંતને જોઈને શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, ''મારા પરમહંસની મોટા બ્રહ્માદિક દેવ, પુરુષાદિક ને સર્વે અવતાર તે પ્રાર્થના કર્યે છે ને તેમનાં દર્શનને ઇચ્છે છે ને એક કીડી જેવા જીવને પણ દૂભે નહિ એવા જે સંત તેને દુઃખ દીધું !'' એમ કહીને ઉત્તરમુખે ઉદાસ થઈને બેઠા. તેટલામાં

બ્રહ્માદિક દેવે જાણ્યું જે, આજ તો સર્વ બ્રહ્માંડનો નાશ થઈ જાશે. એટલામાં મહાકાળ, સંકર્ષણ, શિવાદિક આવીને પ્રાર્થના કરવા લાગ્યા જે, 'હે મહારાજ ! તમે જે આજ્ઞા કરો તે અમે તત્કાળ કરીએ ને અમે તમારા સેવક છીએ તે તમારા સંતને કષ્ટ દેનારો કોણ છે ? તેનો ક્ષણમાત્રમાં નાશ કરી નાખીએ.' પછી દિવ્ય ચક્ષુવાળા સંત હતા, તેમણે શ્રીજીમહારાજને પ્રાર્થના કરીને કહ્યું જે, 'હે મહારાજ ! હે સ્વામિન્! હે પ્રભો ! આજ તમે અગણિત જીવુંનાં આત્યંતિક કલ્યાણ કરવાને અર્થે દયાએ કરીને અક્ષરધામમાંથી આંહીં પૃથ્વી ઉપર પધાર્યા છો, તે જીવુંના અપરાધ ક્ષમા કરીને આત્યંતિક કલ્યાણ કરો.' એવી સંતે પ્રાર્થના કરી.

પછી શ્રીજીમહારાજ સંતપ્રત્યે એમ બોલ્યા જે, "અનંતકોટિ બ્રહ્માંડમાં સર્વે આપણું કર્યું થાય છે. તે જુઓને, સર્વે અવતાર અમારે વિશે લીન થાય છે ને આ સંતની સભાને અમે અક્ષરધામને વિશે દેખીએ છીએ ને આપણી વાત માને છે તેનું કલ્યાણ થાય છે ને જે નથી માનતા તે નરકમાં જાય છે ને અમારા શરીરમાં કાંઈ કસર જેવું થયું ત્યારે જગતમાં અનેક જીવુંનો નાશ થઈ ગયો ને જ્યારે આપણે ખટરસ ને વસ્ત્ર ત્યાગ કર્યાં ને <u>તાટ</u> પે'ર્યાં (પહેર્યા), ત્યારે જગતમાં કોઈને અન્ન-વસ્ત્ર મળ્યું નહિ ને સર્વે હેરાન થઈ ગયા. માટે સર્વે આપણું કર્યું થાય છે, પણ બીજા કોઈનું કર્યું કાંઈ થાતું નથી. ને તમારા શરીરમાંથી કોટિ કોટિ સૂર્યના પ્રકાશથી અધિક પ્રકાશ નીસરે છે ને અતિ સામર્થ્યે યુક્ત છો ને તમારે માથે કાળ, કર્મ, માયાનો હુકમ નથી, એમ હું તમને દેખું છું." એમ શ્રીજીમહારાજ બોલ્યા.

ત્યારે સર્વે સંત બોલ્યા જે, "હે મહારાજ ! તમે તો સર્વ અવતારના અવતારી ને અક્ષરધામના પતિ પૂર્ણ પુરુષોત્તમનારાયણ છો. માટે તમે દેખો એમાં શું કે'વું ! ને તમે તો દિવ્ય એવું જે, અક્ષરધામ ને દિવ્ય એવા જે, પાર્ષદ, ગુણ, વિભૂતિ, ઐશ્વર્ય તેણે યુક્ત; સ્વરાટ, અનાદિ, નિત્યસિદ્ધ, સર્વોપરી, પૂર્ણ, અનવધિકાતિશય, કલ્યાણકારી અનેક ગુણે યુક્તથકા, એકાંતિક ભક્તને સુખ દેવાને અર્થે ને અગણિત જીવુંનાં કલ્યાણ કરવાને અર્થે કૃપા કરીને હરિપ્રસાદજીને ઘેર પ્રગટ્યા છો ને તમારી કૃપા થકી અમે પણ પરાવરને હસ્તામલકવત્ દેખીએ છીએ ને ધર્મજ્ઞાનાદિક અનંત ગુણે યુક્ત થયા છીએ, માટે કોઈનો ભાર ગણતા નથી. તે તમારી મરજી ને રાજીપો હશે તેમ કરશું, અને અમારે આ લોકમાં ને પરલોકમાં તમ વિના બીજું કાંઈ વા'લું (વ્હાલું) નથી, તમે તો અમારા જીવનપ્રાણ છો. ને તમને પ્રસન્ન કરવાને અર્થે તો અનંત જન્મ ધરીને માયિક સુખ ને ભૂંડા સ્વભાવનો ત્યાગ

કરી દઈએ. માટે હે સ્વામિન્ ! તમો અમારે દુ:ખે કરીને ઉદાસી થાશો મા, અમારે કશું દુ:ખ નથી.''

''કોટિ સૂર્યના તેજ થકી કોટિઘણું (ગણું) તેજ વૈકુંઠના મુક્તમાં છે ને તેથી કોટિ ઘણું તેજ તે ગૌલોકના મુક્તમાં છે ને તેથી અનંતકોટિઘણું તેજ તે અક્ષરમુક્તના એક રોમને વિશે છે, ને તેથી અનંતકોટિઘણું તેજ તે અક્ષરધામના સોપારી રહે એટલા દેશના તેજમાં લીન થાય છે ને અનંત અપાર જે અક્ષરધામનો પ્રકાશ તે સર્વેને ભેળો કરીએ તો સર્વ અવતારના અવતારી જે હરિકૃષ્ણ પુરુષોત્તમ તેમના એક રોમના કોટિમા ભાગના પાશંગની બરાબર નથી આવતો, એવા દિવ્ય તેજ, ઐશ્વર્ય, પ્રતાપ, બળ, કીર્તિ, સ્વરાટ, સત્યસંકલ્પ એવા અનેક દિવ્ય ગુણે યુકત મૂર્તિ છો; તો પણ કૃપા કરીને જીવુંનાં કલ્યાણ કરવાને અર્થે મનુષ્યાકૃતિ જણાઓ છો.'' એવી રીત્યે સર્વે સંતે શ્રીજીમહારાજને પ્રાર્થના કરી.

(૧૦) એકસમે શ્રીજીમહારાજે વ્યાપકાનંદસ્વામીને ગઢડામાં અક્ષર-ઓરડીમાં કહ્યું જે, ''ઇન્દ્રલોકમાં જાઈ (જઈ) આવો.'' ત્યારે કહે, 'જાઈ આવ્યો.' પછી કહ્યું જે, ''ગોલોક તથા બ્રહ્મધામને વિશે જાઈ આવો.'' ત્યારે કહ્યું જે, 'જાઈ આવ્યો.' પછી ફરી આજ્ઞા કરી જે, ''ભૂમાપુરુષ પાસે જાઈ આવો.'' ત્યારે તે વ્યાપકાનંદસ્વામી કહે જે, 'હજાર માથાનો દૈત્ય મારગ રોકીને રહ્યો છે.' ત્યારે મહારાજે કહ્યું જે, ''તમે પણ તેવું રૂપ ધારીને તેને જીતીને જાઓ.'' પછી તેમ કર્યું. પછી ફરીને કહ્યું જે, 'બીજો દસહજાર માથાનો દૈત્ય આગળ છે.' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, ''તમે પણ તેથી મોટું રૂપ ધરીને તેને જીતીને જાઓ.'' પછી તે તેમ કરીને ભૂમાપુરુષ પાસે ગયા, ત્યારે તે ભૂમાપુરુષે વ્યાપકાનંદસ્વામીને પૂછયું જે, 'પુરુષોત્તમનું પ્રગટપણું પૃથ્વીને વિશે થયું ?' ત્યારે તે કહે જે, 'થયું.' એ વાત સાંભળીને ભૂમાપુરુષ અતિશે ગદ્‌ગદ્‌કંઠે થઈને રાજી થઈ જાતા હવા ને સંતને પોતાના સિંહાસન ઉપર બેસાડીને અતિશે સુગંધીમાન પુષ્પ-ચંદનાદિકે કરીને તેની આરતી-પૂજા કરતા હવા ને અતિશે આનંદથી શ્રીજીમહારાજના સમાચાર પૂછીને બોલ્યા જે, 'મુને (મને) પ્રથમ શ્રીજીમહારાજે કહ્યું હતું જે, અમો જ્યારે બ્રહ્માંડમાં પધારશું, ત્યારે તમારી પાસે સંત મોકલશું. તે આજ સત્ય કર્યું.' એવી રીત્યે પરસ્પર બે જણે શ્રીજીમહારાજના મહિમાની વાતુ સારી પેઠચે કરી.

તે પછી તે લોકમાં ચાર ભુજાવાળાં મનુષ્ય હતાં તેમને વ્યાપકાનંદ સ્વામીએ શ્રીજીમહારાજના મહિમાની વાતુ કરીને નિશ્ચય કરાવીને તે સર્વે મુકતને

બ્રહ્મપુરને વિશે મોકલી દીધા. પછી સમાધિમાંથી પાછા આવીને શ્રીજીમહારાજને જેમ થયું તેમ વાત કરી દેખાડી. તે વાતને સાંભળી શ્રીજીમહારાજે વિચાર કર્યો જે, ''જ્યારે બાદશાહ ગાદીએ બેસે ત્યારે બંદીવાનમાત્રને છોડી મૂકે છે, તેમ અમારે પણ અગણિત જીવુંનાં કલ્યાણ કરવાં છે.'' એમ વિચારીને સ્વરૂપાનંદસ્વામીને આજ્ઞા કરી જે, ''તમે જાઓ ને સર્વે નરકકુંડના જીવમાત્રને ચતુર્ભુજરૂપ ધરાવીને ભૂમાપુરુષના લોકમાં મોકલો.'' ત્યારે તે સંતે તેમ જ કર્યું. પછી તે સંત પાછા આવ્યા ત્યારે સંતો પ્રત્યે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''હે સંતો ! અમો કોઈ દિ' અક્ષરધામમાંથી આ બ્રહ્માંડમાં આવ્યા નથી ને આવશું પણ નહિ. માટે આજ તો અમારે અગણિત જીવુંનાં કલ્યાણ કરવાં છે, તે માટે અમે અમારું અક્ષરધામ તથા અક્ષરમુક્તો સહિત આંહીં પધાર્યા છીએ.'' (જુઓ પ્રકરણ ૧૧ ની વાત ૭૭)

(૧૧) ભાદરામાં શ્રીજીમહારાજ પાસે એક પંડિત આવીને શ્લોક બોલ્યો. પછી રત્નાભક્તને તથા ડોસાભક્તને સમાધિ થઈ. પછી મહારાજે પંડિતને કહ્યું જે, ''તમે શ્લોક બોલ્યા તેમાં ભગવાનનો મહિમા બહુ છે, તે સમાધિ થઈ.'' પછી પંડિત બોલ્યો જે, 'હે મહારાજ ! હું તો કથા કરી કરીને મરી ગયો, પણ કોઈને સમાધિ થાતી નથી.' તે સમે ભૂજનો એક જમાદાર બેઠો હતો તેને પણ સમાધિ થાઈ. પછી શ્રીજીમહારાજે તેની વાત કરી જે, ''આ જમાદાર એક લાખને એંશી હજાર પેગંબરે સ્તુતિને કર્યા એવા અમને ત્રણ્ય અવસ્થામાં દેખે છે.'' પછી શ્રીજીમહારાજ તે સમાધિવાળાને પોતાની દૃષ્ટિમાત્રે કરીને જગાડતા હવા. પછી તે પંડિતે પૂછ્યું જે, 'બીજા ભગવાનના અવતારે આવી સમાધિ કરાવી નહોતી, આ તો કાંઈક જાદુ છે કે મંત્ર-તંત્ર છે!' ત્યારે તે જમાદારે પંડિતને કહ્યું જે, 'આ તો અવતાર નહિ, આ તો સર્વે અવતારના અવતારી ને અક્ષરધામના પતિ છે, તે જ આજ કૃપા કરીને જીવુંનાં કલ્યાણ કરવાને અર્થે પધાર્યા છે ને બીજા ભગવાનના અવતાર પૂર્વે થઈ ગયા; તે સર્વે તો આ ભગવાનની સ્તુતિ ને પ્રાર્થના કર્યે છે, એમ હું સમાધિને વિશે દેખું છું.' એવી રીતે શ્રીજીમહારાજે પોતાનો પ્રતાપ સહેજ જણાવ્યો.

પછી સુતાર વશરામ એવી રીતે શ્રીજીમહારાજનો પ્રતાપ જોઈને અતિશે આનંદ પામીને ખેતરમાં ગયા. ત્યાં રાફડામાં લાખો કીડીઉં (કીડીઓ) પૃથ્વીમાંથી નીકળી, તેને જોઈને દયા આવી જે, 'આ જીવને ક્યારે ભગવાનનો સંબંધ થાશે?' એમ અંતરમાં વિચાર થયો. પછી પોતાને સંકલ્પે કરીને તે લાખું કીડીઉંને

ચતુર્ભુજરૂપ ધરાવીને વિમાનમાં બેસારીને ધામમાં મોકલીઉં (મોકલી).

એવી રીત્યે શ્રીજીમહારાજે ભક્તદ્વારે પોતાનું ઐશ્વર્ય જણાવ્યું. તે વાત આવીને તે ભક્તે શ્રીજીમહારાજ પાસે કરી. ત્યારે ડોસાભક્તે શ્રીજીમહારાજને પૂછ્યું જે, એ કીડીઉંએ શું પુણ્ય કર્યાં હશે જે, પુણ્યે કરીને ધામમાં ગઈઉં (ગઈ) ?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જ્યારે પુરુષોત્તમ-ભગવાન અસંખ્ય જીવુંનાં કલ્યાણ કરવાનો સંકલ્પ ધારીને અક્ષરધામમાંથી આંહીં પધાર્યા હોય, ત્યારે તો પોતાના સંકલ્પમાત્રે કરીને અસંખ્ય જીવુંનાં કલ્યાણ તત્કાળ કર્યે અથવા પોતાના ભક્તના સંકલ્પમાત્રે કરીને અનંત જીવુંનાં કલ્યાણ કર્યે. તે માટે અવતાર-અવતારીના સંકલ્પમાં ન્યૂનાધિકપણું છે. તે શું ? તો જે, અવતારીને તો સંકલ્પમાત્રે જ તે ક્રિયા સિદ્ધ થઈ જાય છે ને જે અવતાર છે તે તો સંકલ્પ ધારીને તે ક્રિયામાં પોતે ભળે ત્યારે તે ક્રિયા સિદ્ધ થાય છે." એવી રીત્યે શ્રીજીમહારાજે અવતાર-અવતારી એવો ભેદ દેખાડ્યો.

(૧૨) એક પઠાણ ઝીંઝાવદરની સીમમાં આવ્યો, ત્યારે તેના મનના સંકલ્પ સર્વે બંધ થઈ ગયા ને અંતરમાં ટાઢું થઈ ગયું. તેથી જાણ્યું જે, 'આ ગામમાં કોઈ મોટાપુરુષ છે.' પછી તેણે ગામમાં આવીને અલૈયા ખાચરને પૂછ્યું જે, 'આ ગામમાં કોઈ મોટાપુરુષ છે તેનાં દર્શન મુને કરાવો; કેમ જે, તે મોટાપુરુષે મારું મન ખેંચી લીધું છે.' ત્યારે તે પઠાણને શ્રીજીમહારાજનાં દર્શન કરાવ્યાં. તે દર્શનમાત્રે કરીને તે પઠાણને સમાધિ થઈ ને અક્ષરધામને વિશે અનંત મુક્તે સેવાતા એવા શ્રીજીમહારાજનું દર્શન થાતું હવું. પછી શ્રીજીમહારાજ તેને પોતાની દષ્ટિમાત્રે કરીને જગાડતા હવા. પછી તે પઠાણે શ્રીજીમહારાજને પૂછ્યું જે, 'હે મહારાજ ! તમે તો સર્વોપરી ભગવાન છો. માટે તમારા સ્વરૂપનું જ્ઞાન બીજા કોઈને કહું ?' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમ જેવા હોય તેને કે'જો (કહેજો)."

(૧૩) ગામ વાંઢિયામાં પરોક્ષ અવતારના ઉપાસક દેવજીભક્ત હતા. તેને ઘેર શ્રીજીમહારાજ પધાર્યા. ત્યારે તે ભક્તે પૂછ્યું જે, 'હે મહારાજ! તમે કેના (કોના) સંત છો ?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'અમે તો સ્વામિનારાયણના પરમહંસ છીએ." પછી તે ભક્ત શ્રીજીમહારાજને પગે લાગીને બેઠા. પછી તેને પોતાની દષ્ટિમાત્રે કરીને સમાધિ કરાવીને અક્ષરધામને વિશે અનંત મુક્ત, અનંત અવતાર ને અનંત ઐશ્વર્ય, તેણે સહિત પોતાની મૂર્તિનું દર્શન કરાવતા હવા. ને પોતાની મૂર્તિને વિશે લીન કરાવીને પોતાનો સર્વોપરી નિશ્ચય કરાવતા હવા. પછી

મૂળજી બ્રહ્મચારીએ પૂછ્યું જે, 'હે મહારાજ ! આ ભક્તે શું પુણ્ય કર્યાં હશે જે અનંત કોટિ બ્રહ્માંડના પતિ એવા જે તમે તે સાક્ષાત્ દયા કરીને તેને ઘેર પધાર્યા ને મોટા મોટા યોગીને પણ દુર્લભ એવી જે અક્ષરધામની સમાધિ તે તમે દયા કરીને આ ભક્તને કરાવી ?'

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''આ ભક્ત તો સો જન્મથી નિષ્કામી વર્તમાન દૃઢ રાખીને ભગવાનને પામવાને અર્થે દાખડો કરતો હતો, ત્યારે અમે એને ઘેર પધાર્યા છીએ.'' પછી તે ભક્તને શ્રીજીમહારાજ પોતાની દૃષ્ટિમાત્રે કરીને જગાડતા હવા. પછી તે ભક્તે કહ્યું જે, 'હે મહારાજ ! તમે તો અનંત કોટિ બ્રહ્માંડના આધાર જે અક્ષર તેના પતિ છો ને સર્વ અવતારના અવતારી ને સર્વ કારણના કારણ સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છો. તે દયા કરીને મારે ઘેર પધાર્યા છો. માટે હે મહારાજ ! તમારા સ્વરૂપના નિશ્ચયમાં ખામી રહે નહિ, એવું કૃપા કરીને કહો.' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''અમે તો આ બ્રહ્માંડને વિશે આવ્યા નથી ને આવશું પણ નહિ; માટે આ જે તમને નિશ્ચય થયો છે તે ફરવા દેવો નહિ.''

(૧૪) દામોદરે નથુભટ્ટને શ્રીજીમહારાજના નિશ્ચયની વાત કરી જે, 'શ્રીજીમહારાજ સર્વ અવતારના અવતારી છે ને રામાનંદસ્વામી તે ઉદ્ધવનો અવતાર છે.' તે વાત સાંભળીને તે નથુભટ્ટ અતિશે આકળા થઈ ગયા. પછી તે બે જણ વરતાલે શ્રીજીમહારાજ પાસે આવ્યા ને કહ્યું જે, 'હે મહારાજ ! આ દામોદર રામાનંદસ્વામીને ઉદ્ધવ કેમ કહે છે ?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''તમે રામાનંદસ્વામીનું ધ્યાન કરો એટલે જેમ છે તેમ તમને જણાશે.''

પછી તે નથુભટ્ટ ધ્યાનમાં બેઠા એટલે તેમને તરત સમાધિ થઈ. તે સમાધિને વિશે અનંત મુક્ત, અનંત અવતાર, અનંત ઐશ્વર્ય ને રામાનંદસ્વામી તેમણે સહિત અક્ષરધામને વિશે પોતાની દિવ્ય મૂર્તિનું દર્શન કરાવીને તે સર્વ અવતાર અને રામાનંદસ્વામી પોતાની સેવામાં દેખાડ્યા ને પોતાનો સર્વોપરી નિશ્ચય તે ભટ્ટને કરાવ્યો. પછી તે ભટ્ટને સમાધિમાંથી જગાડ્યા. ત્યારે તે નથુભટ્ટ ઊઠીને દામોદરને સાષ્ટાંગ દંડવત્ કરીને પછી બોલ્યા જે, 'હે મહારાજ ! મુને તો આ દામોદરે તમારા સ્વરૂપના નિશ્ચયની વાત કરી ન હોત, તો મારે કલ્યાણમાં બહુ જ ફેર હતો; તે માટે હવેથી કોઈ રીતે તમારા સ્વરૂપના નિશ્ચયમાં કસર રહે નહિ, એવી કૃપા કરીને વાત કરો.' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''અમે તો અક્ષરધામ થકી અગણિત જીવુંનાં આત્યંતિક કલ્યાણ કરવાને અમારું અક્ષરધામ ને અનંત કોટિ

પાર્ષદ, તેણે સહિત પધાર્યા છીએ.''

(૧૫) ગઢડામાં શ્રીજીમહારાજે એક ભક્તને કહ્યું જે, ''તમે અક્ષરધામમાં જઈ આવો.'' ત્યારે તે ભક્ત સમાધિ કરીને પ્રથમ બદરિકાશ્રમમાં ગયા, ત્યાં આપણા સાધુ, પાળા, બ્રહ્મચારી, હરિભક્ત તેને દીઠા. ત્યારે તેમને પૂછ્યું જે, 'શ્રીજીમહારાજ ક્યાં છે ?' ત્યારે એ સર્વે બોલ્યા જે, 'આ નરનારાયણ છે તે જ મહારાજ છે.' ત્યારે હરિભક્તે કહ્યું જે, 'હું મહારાજને ઓળખું છું.' પછી ત્યાંથી શ્વેતદ્વીપમાં ગયા ત્યાં પણ આપણા સાધુ, બ્રહ્મચારી હતા, તેમને કહ્યું જે, 'શ્રીજીમહારાજ ક્યાં છે ?' ત્યારે તે બોલ્યા જે, 'આ વાસુદેવ છે તે જ મહારાજ છે.' ત્યારે તે બોલ્યા જે, 'હું મહારાજને ઓળખું છું.' પછી ત્યાંથી વૈકુંઠમાં ગયા, ત્યારે ત્યાં પણ આપણા સાધુ આદિક દીઠા. ત્યારે તેમને કહ્યું જે, 'શ્રીજીમહારાજ ક્યાં છે ?' ત્યારે તેમણે કહ્યું જે, 'આ લક્ષ્મીનારાયણ છે તે જ મહારાજ છે.' ત્યારે તેણે કહ્યું જે, 'હું મહારાજને ઓળખું છું.' પછી ત્યાંથી તે ભક્ત ગોલોકમાં ગયા ત્યારે ત્યાં પણ આપણા સાધુ આદિકને દીઠા. ત્યારે તેમને પૂછ્યું જે, શ્રીજીમહારાજ ક્યાં છે ?' ત્યારે તે બોલ્યા જે, 'આ શ્રીકૃષ્ણ છે તે જ મહારાજ છે.' ત્યારે તેણે કહ્યું જે, 'મહારાજને હું ઓળખું છું, માટે આ શ્રીજીમહારાજ નહિ.'

ત્યાર પછી તે ભક્ત અક્ષરધામમાં ગયા ને ત્યાં અનંતકોટિ મુક્ત તેમણે સેવ્યા હતા, એવા જે શ્રીજીમહારાજ તેમને દીઠા ને ત્યાં આપણા સાધુ, બ્રહ્મચારી, પાળા, સત્સંગી તે સર્વેને શ્રીજીમહારાજની સેવામાં દીઠા. પછી તે ભક્તને શ્રીજીમહારાજે પૂછ્યું જે, ''ક્યિા ક્યિા (કયા કયા) ધામ જોતા આવ્યા ?'' ત્યારે ભક્તે કહ્યું જે, 'હે મહારાજ ! આપણા બ્રહ્મચારી, સાધુ,પાળા, સત્સંગી તે બદરિકાશ્રમમાં, શ્વેતદ્વીપમાં, વૈકુંઠમાં, તથા ગોલોકમાં ઘણા દીઠા, તે પણ આંહીં કેમ ન આવ્યા ?' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, ''અમને તે તે ધામના પતિ જાણ્યા, તે માટે ત્યાં જઈને રહ્યા છે. ને આ સર્વેએ અમને સર્વ અવતારના અવતારી જાણ્યા ને સર્વ ધામ થકી પર જે બ્રહ્મમહોલ તેના પતિ અમને જાણ્યા, તે માટે એમને અમે અક્ષરમુક્ત કર્યા છે. અને પૂર્વના અવતાર જેવા અમને જાણ્યા તે માટે એમને તે તે અવતાર જેટલું ઐશ્વર્ય આપ્યું છે. ને તે તે ધામના પતિ અમને જાણીને તે તે ધામમાં રહ્યા છે. ને તે જો અમે પંડચે જઈને કહીએ તો પણ ન માને, એવો એમનો નિશ્ચય છે.''

પછી તે ભક્તને સમાધિમાંથી શ્રીજીમહારાજ જગાડતા હવા. પછી

શ્રીજીમહારાજે તે ભક્તને કહ્યું જે, "તમે જે દીઠું તે સર્વ આ સંતમંડળની આગળ કહો." ત્યારે તે ભક્તે જેમ દીઠું તેમ સંતમંડળ આગળ કહ્યું, પછી પરમહંસે કહ્યું જે, 'હે મહારાજ ! તમે કૃપા કરીને તમારા સ્વરૂપનો જેમ અમને સર્વોપરી નિશ્ચય થાય તેમ કહો !' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "અક્ષરાતીત એવા જે પ્રગટ પુરુષોત્તમભગવાન તે મૂળઅક્ષર અને અનંત અક્ષરમુક્તે સેવ્યા થકા પોતાના અક્ષરધામને વિશે સદાય વિરાજમાન છે. તેમણે સૃષ્ટિસમે મૂળઅક્ષર સામું જોયું ત્યારે તે મૂળઅક્ષરે અનંત કોટિ મુક્તો સામું જોયું ત્યારે તે મુક્તોમાંથી એક પુરુષ ઊભો થયો, પછી તે પુરુષે માયા સામું જોયું, પછી માયામાંથી અનંત પુરુષાદિક થયા. તે અક્ષરપુરુષ અનેક રૂપે કરીને તેમાં પ્રવેશ કર્યે છે, અનેક રૂપે કરીને સર્વેની રક્ષા કર્યે છે અને અનંત પાર્ષદ, શક્તિયું, ઐશ્વર્યે સેવ્યા થકા પોતાના ધામને વિશે રહે છે. એ પ્રકારે એને વિશે અનેક કળા રહી છે. એવા જે મહાપુરુષ તેનો મોટા કવિ પણ પાર પામતા નથી ને તે આધુનિક સમજણવાળાની તો એટલે સુધી જ ગતિ છે. ને એવા અનંત અક્ષરમુક્તે સેવ્યા એવા જે પ્રગટ પુરુષોત્તમ તેની તમારે સાક્ષાત્ પ્રાપ્તિ છે. ને એવા જે પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ તે બીજા ધામમાં રહી જે મૂર્તિયું તથા સર્વે અવતાર તેના કારણ છે ને અનંત અક્ષરમુક્તના સ્વામી છે. ને અપરિમિત, સર્વોપરી, નિરંકુશ, ઐશ્વર્યાદિકે કરીને સંપૂર્ણ છે.

એવા જે પ્રગટ પુરુષોત્તમ તેમની જેમ તમને ઉપાસના છે તેમ જેને ઉપાસના થાય તે જ પુરુષોત્તમને પામે છે, પણ બીજા તો કોટિ સાધન કર્યે તો પણ ન પામે. ને અક્ષરાદિક સર્વથકી પર અને પરમઅદ્વૈતમૂર્તિ એવા જે પ્રગટ પુરુષોત્તમ તેને વિશે ને બીજા વિભૂતિ અવતારને વિશે કેમ ભેદ છે ? તો જેમ તીર ને તીરનો નાખનારો તથા ચક્રવર્તી રાજા અને ખંડિયા રાજામાં ભેદ છે ને જેમ સૂર્ય ને સૂર્યના મંડળમાં ભેદ છે ને જેમ ચંદ્રમા ને તારામાં ભેદ છે, તેમ આ પ્રગટ પુરુષોત્તમમાં ને બીજા રામકૃષ્ણાદિક અવતારમાં ભેદ છે. એવી રીત્યે આ પ્રગટ પુરુષોત્તમને સર્વોપરી જાણવા એ સર્વે સત્પુરુષ ને સર્વે શાસ્ત્રનો પરમ રહસ્ય અભિપ્રાય છે. એવા જે પ્રગટ હરિકૃષ્ણપુરુષોત્તમ તેની દૃઢ ઉપાસના કરવી એ અવશ્ય કરવાનું છે. ને અનંત એવું જે અક્ષરધામ ને અનંત કોટિ અક્ષરમુક્ત ને અક્ષરધામની અનંત દિવ્ય સમૃદ્ધિ ને અનંત વિભૂતિયું ને અક્ષરધામથી હેઠા બ્રહ્માંડોના અનંત માયાશબલિત બ્રહ્મ, એ સર્વે પુરુષોત્તમનું શરીર છે. તેના મહિમાનો પાર ન આવે, તો એ સર્વના શરીરી અને કારણ ને એ સર્વેને વિશે અન્વય થકા વ્યતિરેક ને સર્વથી

નિર્લેપ, નિર્વિકારી એવા જે આ પરબ્રહ્મ, હરિકૃષ્ણ, પ્રગટ પુરુષોત્તમ તેના મહિમાનો તો પાર આવે જ કેમ ? એ તો અનંત અપાર છે ને જેવા આ પ્રગટ મૂર્તિ અમે બેઠા છીએ તેવા ને તેવા જ અક્ષરધામને વિશે સ્વયં સ્વરાટ્પણે રહ્યા છીએ અને તમે પણ સર્વે ત્યાં બેઠા છો, એમ હું દેખું છું. ને આ સત્સંગમાં જે યોગ-સમાધિવાળા છે તે પણ દેખે છે, પણ આ વાત તમારા સમજવામાં પરિપૂર્ણ આવતી નથી.

ને જ્યારે એ વાત પરિપૂર્ણ સમજવામાં આવશે ત્યારે પંચવિષય કે કામ, ક્રોધાદિક જીત્યામાં પ્રયાસ થાશે નહિ, સહેજે જિતાઈ જાશે. ને બ્રહ્માદિકને પણ દુર્લભ એવી આ સભા છે. ને ગૌલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ ને બદરિકાશ્રમ તેને વિશે સભા છે, તેથી પણ આ સત્સંગીની સભાને હું અધિક જાણું છું ને સર્વે હરિભક્તને અતિશે પ્રકાશે યુક્ત દેખું છું, એમાં જો લગારે મિથ્યા કે'તા (કહેતા) હોઈએ તો આ સર્વ સંતસભાના સમ છે.'' (વચ.ગ.પ્ર.૬૨-૬૭/ગ.મ.૧૩-૩૭)

(૧૬) જેતલપુરના મહોલમાં મુક્તાનંદસ્વામી આદિક પરમહંસ આગળ શ્રીજીમહારાજે વાત કરી જે, ''તમ જેવા જે સંત તેને કોઈ ભાવે કરીને જમાડે તેને કોટિ યજ્ઞનું પુણ્ય થાય છે ને તેનો મોક્ષ થાય છે ને તમારા ચરણનો કોઈ સ્પર્શ કર્યે છે તેનાં કોટિ જન્મનાં પાપ નાશ પામે છે; ને તમને ભાવે કરીને જે વસ્ત્ર ઓઢાડે છે તેનું પરમ કલ્યાણ થાય છે. ને તમે જે જે નદી, તળાવ, કૂવા તેને વિશે નાહવો છો, તે સર્વે તીર્થરૂપ થાય છે. ને તમે જે વૃક્ષ તળે બેઠા હો ને જે જે વૃક્ષનું ફળ જમ્યા હો, તે સર્વેનું રૂડું થાય છે ને તમારાં કોઈ ભાવે કરીને દર્શન કર્યે છે ને કોઈ તમને ભાવે કરીને નમસ્કાર કર્યે છે તે સર્વેનાં પાપનો ક્ષય થાય છે. ને વળી તમે જેને ભગવાનની વાત કરો છો ને કોઈને નિયમ ધરાવો છો તેનો મોક્ષ થાય છે. ઇત્યાદિક જે, તમારી સર્વ ક્રિયા છે તે નિર્ગુણ છે ને જીવુંનાં કલ્યાણને અર્થે છે.

ને આવો જે તમારો મહિમા તે શેણ્યે (શેને, શાને) કરીને છે ? તો સર્વ થકી પર જે અક્ષરધામ તેના પતિ એવા જે, આ પ્રત્યક્ષ પુરુષોત્તમભગવાન તેની તમો સર્વને સાક્ષાત્કાર પ્રાપ્તિ થઈ છે ને તે પુરુષોત્તમનો તમારે દઢ આશરો થયો છે. તે પુરુષોત્તમ આ તમારી સભામાં આવીને બેઠા છે ને તમોને પોતાની મૂર્તિનું પ્રત્યક્ષ સુખ આપે છે. માટે હવે તમારે કાંઈ કરવું રહ્યું નથી ને જેવી અક્ષરધામના મુક્તને પુરુષોત્તમભગવાનના સુખની પ્રાપ્તિ છે તેવી તમારે પણ આ પ્રત્યક્ષ પુરુષોત્તમના સુખની પ્રાપ્તિ થઈ છે. તે પુરુષોત્તમના સંબંધે કરીને આવી તમારી મોટ્યપ

(મોટપ) છે.

ને વળી અનંત કોટિ બ્રહ્માંડમાં અમારું કર્યું થાય છે ને અમારે પ્રતાપે કરીને તમારું પણ અનંત કોટિ બ્રહ્માંડમાં કર્યું થાય છે; પણ તેને તમે જાણતા નથી. તે આવા અસમર્થ રાખ્યા છે તેનું શું કારણ છે ? તો આ પ્રત્યક્ષ ભગવાનનું સુખ લેવાને અર્થે, તમારું સામર્થ્ય રુંધી રાખ્યું છે ને જેવું તમારું સામર્થ્ય છે તેવું જો હું દેખાડું, તો તમારે આ લોકમાં કોઈની ગણતી જ રહે નહિ, તેણે કરીને કોઈ જીવનું કલ્યાણ પણ થાય નહિ, માટે નિર્ભય થઈને પ્રત્યક્ષ પુરુષોત્તમનું ભજન-સ્મરણ કરજો; પણ આ લોકનાં દુઃખે કરીને દુઃખ પામશો નહિ.'' (વચ.જેતલ.૪)

(૧૭) જાળિયામાં શ્રીજીમહારાજે સર્વ સંતને કહ્યું જે, ''પરમહંસ તથા સત્સંગી એ સર્વેને તો એમ નિશ્ચય કરવો જે, આપણે તો અક્ષરરૂપ મુક્તની પંક્તિમાં ભળવું છે ને અક્ષરધામમાં જઈને અખંડ ભગવાનની સેવામાં હજૂર રે'વું છે, પણ નાશવંત ને તુચ્છ એવું જે, માયિક સુખ તેને ઇચ્છવું નથી ને એમાં કોઈ ઠેકાણે લોભાવું નથી. એવો દૃઢ નિશ્ચય રાખીને સર્વ અવતારના અવતારી ને અક્ષરધામના પતિ શ્રી પુરુષોત્તમ ભગવાન પ્રત્યક્ષ મળ્યા છે તે પુરુષોત્તમભગવાનની એકાંતિક ભક્તિ નિરંતર કરવી.''

પછી મુક્તાનંદસ્વામીએ પૂછ્યું જે, 'હે મહારાજ ! ભગવાનનું અક્ષરધામ કેવું છે ?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''તે ભગવાનનું ધામ તો સનાતન છે, નિત્ય છે, અપ્રાકૃત ને સચ્ચિદાનંદરૂપ છે અને એ ભગવાનનું જેવું ધામ છે, તેવું સ્થાનક અનંતકોટિ બ્રહ્માંડમાં કોઈ નથી જે, જેની ઉપમા એને દઈએ તથા ઇન્દ્ર, વરુણ, કુબેર તથા શિવ, બ્રહ્મા, વૈરાટ તથા પ્રધાનપુરુષ, પ્રકૃતિપુરુષાદિક તેમનાં જે સ્થાનક તથા બીજાં ઘણાંક ભગવાનનાં સ્થાનક છે; પણ એ માંહીલું એકે એવું સ્થાનક નથી જે, જેને ભગવાનના અક્ષરધામની ઉપમા દઈએ. અને એ ભગવાનના અક્ષરધામને વિશે રહ્યા એવા જે ભગવાનના મુક્ત તેને જેવું સુખ છે, તેવું અનંતકોટિ બ્રહ્માંડમાં કોઈને સુખ છે જ નહીં જે, જેની એને ઉપમા દઈએ. ને એ ભગવાનનો જેવો આકાર છે તેવો અનંત કોટિ બ્રહ્માંડમાં કોઈનો આકાર છે નહિ જે, જેની ઉપમા દઈએ; કેમ જે, પુરુષ-પ્રકૃતિ થકી ઉત્પન્ન થયા જે આકાર, તે સર્વે માયિક છે ને એ ભગવાન તો અમાયિક છે ને દિવ્ય એવું જે પોતાનું અક્ષરધામ તેને વિશે સદાય સ્વરાટ્ થકા વિરાજમાન છે. તે મૂર્તિનું જ્યારે સમાધિને વિશે ભક્તને દર્શન થાય છે ત્યારે તે દર્શને કરીને એવું સુખ જણાય છે જે મેં હજાર વરસ પર્યંત

સમાધિને વિશે સુખ ભોગવ્યું ! એવી રીત્યે ભગવાનના સ્વરૂપસંબંધી સુખ તે સમાધિને વિશે અપાર જણાય છે.

ને વળી તે ભગવાનની મૂર્તિનું જે એક નિમીષમાત્રનું દર્શન તે ઉપર અનંત કોટિ બ્રહ્માંડનાં જે વિષયસુખ છે, તે સર્વેને વારીફેરીને નાખી દઈએ. ને ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે, તેટલું સુખ તો અનંતકોટિ બ્રહ્માંડનાં વિષયસુખ ભેળાં કરીએ તો પણ તેના કોટિમા ભાગની બરોબર પણ થાય નહિ, એવું અક્ષરધામને વિશે ભગવાનની મૂર્તિનું ભગવાનના ભક્તને અખંડ સુખ આવે છે. ને એ જે પુરુષોત્તમનારાયણ તેની હે પરમહંસો ! આજ તમને સર્વેને સાક્ષાત્કાર પ્રાપ્તિ થઈ છે ને તમોને એ ધામને હું મારા બળે કરીને સર્વેને પમાડીશ, પણ સાધને કરીને એ ધામ પમાતું નથી.

ને બીજું એ ધામને વિશે જે મુક્ત રહ્યા છે, તેના દેહનો આકાર કેવો છે ? તો આ બ્રહ્માંડને વિશે જે સ્ત્રી ને પુરુષ તેનો જે આકાર છે તેના બે લિંગથી વિજાતીય તે મુક્તનો આકાર છે, પણ સ્ત્રીના જેવો કે પુરુષના જેવો આકાર નથી. એ બેય આકારે વર્જિત બ્રહ્મમય તનુ છે ને તે મુક્તને એક પુરુષોત્તમનાં બે ચરણારવિંદની ઉપાસના છે ને તે સાથે જ રમણ છે. ને બીજા ધામોને વિશે તો ચાર ચરણારવિંદની ઉપાસના છે ને તે સાથે રમણ છે; ને સ્ત્રી છે તે પોતાના પુરુષ સાથે પણ રમણ કર્યે છે ને પુરુષોત્તમની જે મૂર્તિ છે તે સાથે પણ રમણ કર્યે છે ને જે પુરુષ છે તે પણ પોતાની સ્ત્રીના ચરણારવિંદની સેવા તત્પર થઈને કર્યે છે ને નવધા ભક્તિએ કરીને પુરુષોત્તમની સેવા પણ કર્યે છે. એવી જાતની જે ઉપાસના ને ભક્તિ, તે અમારા અક્ષરધામને વિશે નથી; બીજાં ધામોને વિશે છે અને જેને જ્યાં લગી સ્ત્રીને સુખે કરીને સુખ વરતે છે, ત્યાં લગી તે ભક્તને પણ અક્ષરધામને વિશે રાખતા નથી ને તેનાથી પણ અક્ષરધામને વિશે રે'વાતું નથી.''

પછી પરમહંસે પૂછ્યું જે, 'હે મહારાજ ! કેવા ભક્ત હોય તે કેવા ધામને પામે ?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''પોતાના આત્માને અક્ષરરૂપ માનીને પુરુષોત્તમભગવાનની મૂર્તિને અખંડ તેલધારાની પેઠ્યે સંભારતા હોય, એવા જે એકાંતિક ભક્ત તે તો અક્ષરરૂપ થઈને પુરુષોત્તમનારાયણની સેવામાં હજૂર રહે છે. ને તે ભક્તને ભગવાન કેવું સુખ આપે છે ? તો જેવું ભગવાનને પોતાની મૂર્તિનું સુખ છે, તેવું તે ભક્તને પણ ભગવાન સુખ આપે છે અને સાચી ઉપાસના ને <u>એકાંતિકધર્મ</u> એ બે સંપૂર્ણ હોય તો જ તે અક્ષરધામને પામે છે ને જો એકાંતિક

ધર્મને વિશે કસર હોય તો મૂળપુરુષને પામે છે; ને ઉપાસનામાં તથા નિર્વાસનિકપણામાં કસર હોય તો ભગવાનના ગોલોકાદિક ધામને પામે છે ને બહુ સવાસનિક હોય તો પ્રધાનપુરુષ તથા વૈરાટાદિકને પામે છે ને ઉપાસના ને એકાંતિક ધર્મ એ બેમાં કસર હોય તો બ્રહ્માદિક જેવા થાય છે ને ગુણબુદ્ધિવાળા હોય ને સાધુની સેવા-ચાકરી કરતા હોય તો ઇન્દ્ર જેવા થાય છે ને થોડી સેવા-ચાકરી કરતા હોય તો દેવતા થાય છે ને સંતનો ગુણ જ લિયે તો તેને જમપુરી આળસે. એવી રીત્યે સમજણમાં ભેદે કરીને પ્રાપ્તિમાં બહુ જ ફેર રહે છે.'' (વચ.ગ.પ્ર.૧૪)

(૧૮) કારિયાણીમાં શ્રીજીમહારાજ સર્વ પરમહંસ સહિત સભા કરીને મંદિરમાં કૂવાના કાંઠા ઉપર વિરાજમાન હતા. પછી તે પરમહંસને શ્રીજીમહારાજે પોતાનાં સર્વોપરી ઐશ્વર્ય દેખાડયાં. ત્યારપછી પરમહંસ નોખા નોખા બોલ્યા, તેમાં કેટલાક સંતો તો કહે જે, 'હે મહારાજ ! આ સભા લઈને અક્ષરધામમાં જાઉં !' અને વળી એક સંત કહે જે, 'હે મહારાજ ! માર્યે તો એક બ્રહ્માંડની ક્રિયા હસ્તામલકવત્ દેખાય છે !' ત્યારે વ્યાપકાનંદસ્વામી બોલ્યા જે, 'તમારે તો એક બ્રહ્માંડ દેખાય છે ને માર્યે તો અનંતકોટિ આશ્ચર્ય ને અનંત ઐશ્વર્યે યુક્ત એવા જે અનંતકોટિ બ્રહ્માંડના ઈશ્વર તથા ગૌલોક ને વૈકુંઠાદિક ધામ તે હસ્તામલકવત્ દેખાય છે, તે તો સર્વે અવતારના અવતારી એવા જે આ શ્રી સહજાનંદસ્વામી પ્રગટ પુરુષોત્તમના ધામનો પ્રતાપ છે.' ત્યાર પછી સ્વરૂપાનંદસ્વામી બોલ્યા જે, 'અક્ષરધામના પતિ જે આ પુરુષોત્તમભગવાન તે પોતાની દયાએ કરીને અગણિત જીવુંનાં આત્યંતિક કલ્યાણ કરવાને અર્થે પોતાનું જે સમગ્ર ઐશ્વર્ય અને પોતાના સર્વે પાર્ષદ તથા પોતાનું જે અક્ષરધામ તેણે સહિત આ પૃથ્વી ઉપર પધાર્યા છે ને એ સર્વે છે તે આ પ્રગટ પુરુષોત્તમની સભામાં બેઠા છે તેને હું દેખું છું અને આ સભામાં તો મહાપુરુષાદિક કેટલાક અવતાર અને ઈશ્વરો પણ પોતાના મુક્તે સહિત આવ્યા છે તે હું દેખું છું; એવો આ શ્રીજીમહારાજની મૂર્તિનો પ્રતાપ છે !' એવી રીત્યે શ્રીજીમહારાજ પોતાની દૃષ્ટિમાત્રે કરીને પોતાનું ઐશ્વર્ય દેખાડીને પછી પોતાને પ્રતાપે કરીને તે સર્વે સંતનું ઐશ્વર્ય તાણી લેતા હવા.

(૧૯) અમદાવાદમાં શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી, તે સમે શ્રીજીમહારાજ મુક્તાનંદસ્વામી આદિક સંત આગળ એમ બોલ્યા જે, ''આ ભરતખંડના રાજા શ્રીનરનારાયણ છે, તેમની પ્રતિમાની પ્રતિષ્ઠા આપણે કરી ને જે સાક્ષાત્ મૂર્તિમાન શ્રીનરનારાયણદેવ બદરિકાશ્રમવાસી છે તથા વૈકુંઠવાસી શ્રી-

લક્ષ્મીનારાયણદેવ આદિક સર્વે તે, પ્રગટ પુરુષોત્તમ દ્વિભુજ મૂર્તિ એવા જે આ ભગવાન તેમની ઉપાસના તથા સેવા કર્યે છે.'' એમ શ્રીજીમહારાજે મર્મે કરીને પોતાના પુરુષોત્તમપણાની વાત કરી. તે વાત સાંભળીને જે એકાંતિક જ્ઞાનવાન સંત હતા, તે એમ સમજ્યા જે, આ પ્રગટ પુરુષોત્તમ શ્રીજીમહારાજ તે જ સર્વ અવતારના અવતારી ને અક્ષરધામના પતિ પ્રગટ પુરુષોત્તમ છે. (વચ.ગ.મ.૨૨)

(૨૦) વરતાલમાં શ્રીજીમહારાજે પરમહંસ આગળ પોતાના પુરુષોત્તમપણાના મહિમાની વાત પાંચ-છ દિ' (દિવસ) કરીને પછી શ્રીજીમહારાજે સંતને કહ્યું જે, ''અમારી વાતનું રહસ્ય તો આ નિત્યાનંદસ્વામી સમજે છે.'' પછી સર્વે સંતે કહ્યું જે, 'હે મહારાજ ! એ કેમ સમજે છે ?' ત્યારે કહ્યું જે, ''તમે પૂછો.'' ત્યારે સર્વે સંતે પૂછ્યું; ત્યારે નિત્યાંનદસ્વામીએ કહ્યું જે, 'તમે પુરુષોત્તમ કહ્યા તે તો મહાપુરુષ છે. રામ-કૃષ્ણાદિક સર્વે અવતાર અને પુરુષાદિકના કારણ તો મહાપુરુષ છે અને તે થકી પર જે અક્ષરધામ તેના ધામી આ પ્રત્યક્ષ પ્રમાણ શ્રીજીમહારાજ છે.' ત્યાર પછી સર્વે સંતે શ્રીજીમહારાજને કહ્યું જે, 'હે મહારાજ ! તમારા સ્વરૂપનો સર્વોપરી નિશ્ચય થાય, તેવી કૃપા કરો.' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''જ્યાં પ્રગટ પુરુષોત્તમપણાની આ વાત આવે છે, ત્યાં સર્વેની બુદ્ધિ ભ્રમી જાય છે, પણ સર્વ ઠેકાણે પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમને લઈને બીજાને પુરુષોત્તમ કહ્યા છે. તે પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમને લીધા વિના તો અક્ષરને પણ ભગવાન ન કે'વાય, તો બીજાની શ્યી વાત કે'વી ? માટે એવા શબ્દ સાંભળીને મતિ ભ્રમાવા દેવી નહિ.''

(૨૧) વરતાલમાં 'સત્સંગીજીવન' ગ્રંથ લખવાનો આરંભ કર્યો, ત્યારે ઉપાસનાનો પ્રસંગ નીકળ્યો. તેમાં સંતને સાત-આઠ દિ' સુધી વાદવિવાદ થયો. તે પછી તેમાં કેટલાક સંત કહે જે, 'શ્રીકૃષ્ણ જેવા મહારાજને લખો.' ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, ''બીજા અવતાર જેવા મહારાજને કેમ કે'વાય ? ને બીજા અવતારે ક્યારે પોતાને વિશે ચોવીસ અવતાર તથા ભૂમાપુરુષાદિક અનંતને પોતાને વિશે લીન કરી દેખાડ્યા ? તથા સર્વેને પોતાની પૂજા કરતા દેખાડ્યા ? ને પોતાના સ્વરૂપનો સર્વોપરી નિશ્ચય કરાવવા સારુ વ્યાપકાનંદસ્વામી દેખતાં શ્રીજીમહારાજે પોતાને વિશે ચોવીસ અવતાર લીન કરાવી દીધા તથા પર્વતભાઈને સાંતી હાંકતાં શ્રીજીમહારાજની મૂર્તિને વિશે ચોવીસ અવતાર લીન થાતા દેખાડ્યા ! ને વળી શ્રીજીમહારાજ માંગરોળ આદિક જે જે

ગામ પધાર્યા, ત્યારે જે જે અવતારના ઉપાસક હતા, તે શ્રીજીમહારાજને દર્શને આવતા તે સર્વેને ધ્યાનમાં બેસારીને પોતપોતાના ઇષ્ટદેવનાં દર્શન કરાવતા હવા અને તે તે પોતાના ઇષ્ટદેવ તે પોતપોતાના ભક્તને કે'તા હવા જે, 'આ શ્રી સહજાનંદસ્વામી તો સર્વ અવતારના અવતારી પૂર્ણ પુરુષોત્તમ છે ને અમે તો એમના દાસ છીએ.' એવી રીત્યે અનંત ઐશ્વર્ય જણાવ્યાં એ આદિક અનંત આશ્ચર્યકારી ચમત્કાર દેખાડ્યા. એવા જે અક્ષરાતીત શ્રી સહજાનંદસ્વામી તે તો રામ-કૃષ્ણાદિક સર્વ અવતારના અવતારી છે. તેમને બીજા અવતાર જેવા કેમ કે'વાય ? ને બીજા અવતાર જેવા મહારાજને કહીએ તો અનંત મહા અદ્‌ભુત શ્રીજીમહારાજનાં ઐશ્વર્ય ખોટાં પડ્યે.''

ત્યારપછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''એ ઠીક કહે છે ને ઠીક સમજે છે ને જે ઉપાસક હોય તે તો આવા જ હોય. ને *તમે સર્વ અમ ભેગા ફરી ગયા પણ અમે તો કેમેય કે'તા હશું ને કેમેય જાણતા હશું ?'' એમ કહીને નિત્યાનંદસ્વામીને રાજી થઈને હાર્ય (હાર) આપ્યો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''આ બ્રહ્માંડનાં આવરણ પાર ને ચિદાકાશ પર્યંત અવતાર ને અનંત અવતારનાં સ્થાનક ને તેમના અનંત મુક્ત તે કોઈ અક્ષરધામને પામતા નથી ને જેને આ પ્રગટ પુરુષોત્તમ-નારાયણનો સંબંધ થાય છે, તે જ અક્ષરધામને પામે છે ને બીજા પુરુષ તો કોટિ સાધન કર્યે તો પણ પામે નહિ.''

(૨૨) એક સમયે શ્રીજીમહારાજે સંતદાસજીને દલુજી પાસે મોકલ્યા. પછી દલુજીએ શ્રીજીમહારાજના પ્રતાપના સમાચાર પૂછ્યા ને વળી એમ બોલ્યા જે, 'શ્રીજીમહારાજનો અવતાર કેવો જાણવો ને ત્યાં જીવુંનાં કલ્યાણ કેવાં કર્યે છે?' ત્યારે સંતદાસજીએ કહ્યું જે, ''આ અવતાર નહિ; આ તો રામ-કૃષ્ણાદિક સર્વ અવતારના અવતારી ને સર્વ કારણના કારણ પ્રગટ હરિકૃષ્ણ પુરુષોત્તમનારાયણ છે! તે અક્ષરધામ થકી જીવુંનાં આત્યંતિક કલ્યાણ કરવાને અર્થે દયા કરીને આંહીં પધાર્યા છે. ને આ તો સર્વોપરી મૂર્તિ છે, તે માટે જીવુંનાં સર્વોપરી કલ્યાણ કર્યે છે ને શ્રીજીમહારાજ તો કોઈ દિ' આ બ્રહ્માંડમાં પધાર્યા નથી ને પધારશે પણ નહિ ને એવા તો એ એક જ છે. ને હું પણ વૈકુંઠ તથા બદરિકાશ્રમ તથા શ્વેતદ્વીપ આદિક ધામ પ્રત્યે જાઉં છું, ત્યારે તે સર્વ ધામના પતિ એમ કહે છે જે, 'શ્રી સહજાનંદસ્વામી પ્રગટ પ્રમાણ પુરુષોત્તમ તો અક્ષરધામના પતિ ને સર્વ અવતારના અવતારી છે ને તે જ આજ દયા કરીને જીવુંનાં કલ્યાણ કરવાને અર્થે પૃથ્વી ઉપર

પધાર્યા છે, તે માટે જીવુંનાં સર્વોપરી કલ્યાણ કર્યે છે.' એમ એ સર્વ ધામના વાસી કહે છે.'' ત્યાર પછી સંતદાસજીએ દલુજીને કહ્યું જે, 'તમે શ્રીજીમહારાજનો અવતાર કેવો જાણો છો ?' ત્યારે દલુજી બોલ્યા જે, 'શ્રીજીમહારાજ તો સર્વ અવતારના અવતારી ને અક્ષરધામ, કાળ, માયા, પુરુષ ને વાસુદેવાદિક *ચતુર્વ્યૂહ તથા *કેશવાદિક ચોવીસ મૂર્તિયું એ સર્વના કારણ પુરુષોત્તમ છે, તે હું પણ શ્રીજીમહારાજની કૃપા થકી જાણું છું.'

(૨૩) શ્રીજીમહારાજે સંતને પોતાનો રહસ્ય અભિપ્રાય કહ્યો જે '' કોટિ સૂર્યના તેજથી કોટિગણું તેજ વૈકુંઠના મુક્તમાં છે ને તેથી કોટિગણું તેજ તે ગોલોકના મુક્તમાં છે ને તેથી અનંત કોટિગણું તેજ તે અક્ષરધામના મુક્તના રોમને વિશે છે ને તેથી અનંત કોટિગણું તેજ તે અક્ષરધામની જે ભૂમિ તેમાં એક સોપારી રહે એટલા દેશમાં લીન થાય છે ને અનંત અપાર જે અક્ષરધામનો પ્રકાશ તે સર્વેને ભેળો કરીએ તો સર્વ અવતારના અવતારી જે શ્રીહરિકૃષ્ણ પૂર્ણપુરુષોત્તમ તેના એક રોમના કોટિમાં ભાગની બરોબર નથી આવતો એવી દિવ્યમૂર્તિ તે તેજ, ઐશ્વર્ય, પ્રતાપ, બળ, કીર્તિ એવા અનેક દિવ્યગુણે યુક્ત સ્વરાટ, ને સત્યસંકલ્પ છે ને દિવ્ય કર્તાશક્તિ, જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ, લયશક્તિ, ધારકશક્તિ, પ્રેરકશક્તિ, નિત્ય-અલુપ્તશક્તિ, મહામનોહરશક્તિ, અચિંત્યશક્તિ, નિરંકુશશક્તિ, નિર્વિશેષશક્તિ, નિર્દોષશક્તિ, અજિતશક્તિ, શોભાશક્તિ, નિયંતાશક્તિ, સુંદરશક્તિ એ આદિક અનંત દિવ્યશક્તિઓ ને અનેક મહાઆશ્ચર્યકારી ગુણેયુક્ત દિવ્યમાં દિવ્યમૂર્તિ પોતાના અક્ષરધામને વિશે સદા વિરાજમાન એવા હરિકૃષ્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદસ્વામી છે ને જન્મ ધરતા થકા સદાય અજન્મા, અચ્યુત, અખંડમૂર્તિ છે, ને દિવ્યાકૃતિ થકા મનુષ્યાકૃતિ છે ને મનુષ્યાકૃતિ થકા દિવ્યમૂર્તિ છે.

ને અક્ષરધામમાં છે તોપણ આંહીં છે ને આંહીં છે તોપણ અક્ષરધામમાં જ છે. ને એ જ્યાં છે ત્યાંજ અક્ષરધામનું મધ્ય છે. ને ઔદાર્ય, ગાંભીર્ય, માધુર્ય, વાત્સલ્ય, સૌશિલ્ય, જ્ઞાન, બળ, તેજ, રસ, ગંધ એ આદિક મહાઆશ્ચર્યકારી દિવ્ય ગુણેયુક્ત સર્વોત્તમ સહજાનંદસ્વામી પુરુષોત્તમ છે, તે પોતાના અક્ષરધામને વિશે અનેક મુક્ત ને અક્ષરબ્રહ્મ તેમણે સેવ્યા થકા સદાય વિરાજમાન છે. ને પોતે પોતાના સુખે કરીને સુખિયા છે ને અક્ષરાદિક સર્વે ઉપર દયા કરીને એમની સેવાને અંગીકાર કર્યે છે ને પોતે તો સર્વે પ્રકારે પૂર્ણકામ છે અને અનંત અક્ષરાદિક મુક્ત ને અનંત શક્તિયું ને અનેક વિભૂતિયું અને અનેક ઐશ્વર્ય ને એ સર્વેએ યુક્ત થકા

અનાદિ નિત્યસિદ્ધ, અનવધિકાતિશય ને નિરંકુશ દિવ્ય એવું ઐશ્વર્ય, તેણે યુક્ત થકા ને શ્રી ધર્મદેવ ને ભક્તિમાતા થકી છે જન્મ જેમનો એવા જે, શ્રી સ્વામિનારાયણ તે જ અક્ષરાતીત સર્વોપરી પુરુષોત્તમ છે. તેમાંથી સર્વ અવતાર પ્રગટ થાય છે ને પાછા તેમને વિશે લીન થાય છે. તે માટે દહાડે દહાડે શ્રદ્ધા, જ્ઞાન, માહાત્મ્ય, વિશ્વાસ, પ્રીતિ, આશ્રય ને અનુવૃત્તિ તે અધિક અધિક સમજાય, એવો શાંતપણે ઉપાય કરવો ને તેવો જ સંગ ને શાસ્ત્ર રાખવાં, એવો સર્વે મોટા સંત ને શ્રીજીમહારાજનો પરમ રહસ્ય અભિપ્રાય છે.

(૨૪) જે અક્ષરાતીત પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રી સહજાનંદજી મહારાજ તે સર્વે ઉપાસકને એક જ ઉપાસ્ય મૂર્તિ છે, સર્વ આનંદરૂપ છે, સર્વ સારના સારરૂપ છે, સર્વ તત્ત્વના તત્ત્વરૂપ છે, સર્વ દૈવતમાં દૈવતકારી છે, સર્વ મંગળમાં મંગળકારી છે, સર્વ ક્ષેત્રમાં સર્વ ક્ષેત્રજ્ઞ છે, સર્વ આધારના આધાર છે, સર્વ પાવનમાં પાવનકારી છે, સર્વ ગુહ્યમાં ગુહ્યરૂપ છે, સર્વ ગુણીના ગુણી છે, સર્વ ધામના ધામી છે, સર્વ કારણના કારણ છે, સર્વ અવતારના અવતારી છે ને સર્વ નામના નામી છે.

(૨૫) શ્રી સહજાનંદસ્વામી પરબ્રહ્મ પરમ કારુણિક મૂર્તિનાં બે ચરણારવિંદથી લઈને મસ્તક સુધી સર્વ અંગને પૃથક્ પૃથક્ ધારી ને એકાંત સ્થળને વિશે બેસીને ઇન્દ્રિયું, મન, પ્રાણ, તેનો <u>પ્રત્યાહાર કરીને</u> <u>પૂર્વાપર રાત્યને (રાતને) વિશે</u> અતિ દઢ મતિએ કરીને, અતિ દઢ ચિત્તે કરીને, અતિશે સ્થિર થઈને, યોગી જે તે શ્રીહરિનું ધ્યાન કર્યે. ને <u>કામાર્ત</u>, <u>તસ્કર</u>, નટ, વ્યસની ને દ્વેષી એ સર્વે પોતપોતાના વિષયને વિશે જેમ તત્પર થઈને મંડયા છે, તેમ મુનિ જે, તે શ્રીહરિની મૂર્તિ ધારવાને વિશે અતિ હર્ષે યુકત છે મન જેનું એવો થકો તત્પર થઈને મંડે ને સાધ્વી, ચકોર, <u>શલભ</u>, <u>મચ્છ</u>, <u>ચકવા</u>, <u>ચકવી</u> ને બપૈયા, એ જેમ પોતપોતાના વિષયમાં નિમગ્ન છે, તેમ યોગી જે તે શ્રીહરિની મૂર્તિમાં અતિશે આનંદ થકો નિમગ્ન રહે. ને સમુદ્ર મંથન કરવાને સમે જેમ દેવ-દાનવ મનમાં વિશ્વાસ રાખીને મંડયા હતા, તેમ યોગીએ મનમાં દઢ વિશ્વાસ રાખીને ભગવાનની મૂર્તિ ધારવાનો નિત્ય નવો <u>અધ્યાસ</u> રાખવો. ને રસાસ્વાદ, નિદ્રા, હિંસા ને વિક્ષેપ, એ ધ્યાનમાં વિરોધી છે, તેનો ત્યાગ કર્યે ત્યારે ધ્યાન થાય; નહિ તો ન થાય.

(૨૬) *પાંચ ઇન્દ્રિયું ને છઠ્ઠું મન તેને જીતીને વશ કરીને પિંડ, બ્રહ્માંડ ને *પંચવિષય તેમને જડ, દુ:ખ, તુચ્છ, નાશવંત ને વિષ્ટારૂપ જાણી ત્યાગ કરીને; સત્, ચિદ્, આનંદ, સૂક્ષ્મ અને નિર્ગુણ એવું અક્ષરબ્રહ્મ તે રૂપે જે પોતાના

જીવાત્માને માનીને મુનિ થકા, શ્રીહરિનું ધ્યાન કરવું. ને જાતિ, વર્ણ, આશ્રમ ને ગુણ તેનું જે માન તેનો ત્યાગ કરીને, સમગ્ર સાધુ સત્સંગી તેના દાસના દાસ થઈને રહે છે, તેને જ શ્રીહરિનું ધ્યાન થાય છે. ને શ્રીહરિનું સમગ્રપણે માહાત્મ્ય જાણ્યા વિના બીજાં કોટિ સાધન કર્યે, પણ સર્વ ક્રિયાને વિશે અખંડ નામરટન ને મૂર્તિની અખંડ સ્મૃતિ રહે નહિ ને અનંતકોટિ બ્રહ્માંડનાં વિષયસુખ ભેળાં કરીએ તો પણ શ્રીહરિની મૂર્તિના એક રોમના સુખની કોટિમા ભાગની બરોબર આવે નહિ ને મહાપાતકી હોય ને તે જો શ્રીહરિનું ભજન કર્યે તો તેનાં સમગ્ર પાપ બળીને ભસ્મ થઈ જાય, એવો અતિ અલૌકિક મહિમા છે.

ને "સાંખ્ય, યોગ, વેદાંત ને પંચરાત્ર એમનું તત્ત્વ તો એક શ્રીહરિની મૂર્તિ છે.", એવી જેની અચળ મતિ હોય એવા વિચક્ષણને શ્રીહરિનું ધ્યાન થાય છે ને સંપૂર્ણ ગુણ, સુખ ને સામર્થ તો, એક ભગવાનની મૂર્તિમાં જ છે, ને બીજે ઠેકાણે તો કિંચિત્ છે. ને સાધુ, સત્સંગી ને અક્ષરાદિક એ સર્વેનું તત્ત્વ તો શ્રીહરિની મૂર્તિ છે, એવી આસ્તિક મતિએ સહિત જેની સમજણ છે તેને જ શ્રીહરિનું ધ્યાન થાય છે. ને "અક્ષિવિદ્યા, દહરવિદ્યા ને અક્ષરવિદ્યા, એ આદિક સર્વે બ્રહ્મવિદ્યા તેમણે કરીને જાણવા યોગ્ય તો અક્ષરાદિક સર્વેના શરીરી ને કારણ, પરબ્રહ્મ પ્રગટ હરિકૃષ્ણ છે", એવી જેની અચળ મતિ છે, તેને જ શ્રીહરિનું ધ્યાન થાય છે. ને જેમ પાંચ મોઢાવાળી ચામડાની મશક હોય, તેમાંથી એક મોઢું મોકળું મેલે તો સર્વે જળ સવી જાય છે, તેમ પંચ ઇન્દ્રિયું ને છઠ્ઠું મન તેમાંથી જો એક મોકળું મૂકે તો સર્વે ધ્યાન સવી જાય છે, માટે સર્વેને નિયમમાં રાખે તો ધ્યાન થાય; નહિ તો ન થાય.

ને સ્વસ્તિક આસને કરીને નાસિકાગ્ર વૃત્તિ રાખીને ને દેહને સમ રાખીને ને નેત્રને મીંચીને, ને યુક્ત છે આહાર-વિહારાદિક જેના એવો થકો શુદ્ધ અક્ષરસ્વરૂપે થઈને, અતિશે રોમાંચિત અને અતિ ગદ્‌ગદ્‌કંઠે કરીને, અતિ હર્ષાયમાન થકો, અતિ ત્વરાએ કરીને, અતિશે દાન્ત થકો, અતિશે શાંત થકો ને અતિશે સમાહિત થકો શ્રીહરિનું ધ્યાન કર્યે ને શ્રીહરિનું સ્વરૂપ, સ્વભાવ ને ગુણ તેમને સદાય નિર્દોષ, સર્વોત્તમ, અનાદિ, નિત્યસિદ્ધ, સદા શુદ્ધ સમજે ને સર્વ કાળને વિશે દિવ્યવિગ્રહ, સત્ય સ્વરૂપ ને કાળ, કર્મ, માયા ને પુરુષ તેના કર્તા, પ્રેરક ને નિયંતા તો એક શ્રીહરિ જ છે, એવી જેને અચળ મતિ છે તેને જ શ્રીહરિનું ધ્યાન થાય છે.

(વચ.ગ.પ્ર.૧૬-૧૮-૨૭/ગ.મ.૨૧/વર.૨)

(૨૭) અક્ષરધામમાં અનંત અપાર જે અક્ષરબ્રહ્મ અને અનંતકોટિ

મુક્તો તે એક પુરુષોત્તમનારાયણની મૂર્તિના સુખે સુખિયા છે અને અક્ષરબ્રહ્મને અને અનાદિ મહામુક્તોને મૂર્તિનું સુખ સમ્યક્ આવે છે તો પણ તે અનંત, અગાધ અને અપારનું અપાર લાગ્યા કર્યે છે અને બીજા મુક્તોને તો સુખ, સામર્થી અને પ્રકાશમાં તારતમ્યતા રહે છે ને એ રીત્યે મુકતોમાં અનંત ભેદ છે, માટે આ લોક-પરલોકને વિશે દુર્લભ તે શું છે ? તો શ્રીહરિના સ્વરૂપનું જ્ઞાન, ઉપાસના, આશરો, વિશ્વાસ, અનુવૃત્તિ ને પ્રીતિ એ અચળ થાય, એ જ દુર્લભ ને સારમાં સાર છે. ને મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી એ આદિક સાધુ ને સત્સંગી અનેક શ્રીહરિની ઉપાસનાએ કરીને પરમપદને પામ્યા છે. માટે સંતસમાગમથી શ્રીહરિનો જે મનુષ્યભાવ, દિવ્યભાવ, નિર્ગુણ-સગુણપણું, સાકાર-નિરાકારપણું, કર્તા-અકર્તાપણું, અન્વય-વ્યતિરેકપણું, સ્વભાવ, ગુણ ને નામ, તે જેમ છે તેમ નિર્દોષપણે જાણીને તથા એમનું જે સ્વરૂપ છે તે પણ શ્રવણ, મનન, નિદિધ્યાસ ને સાક્ષાત્કાર વડે જેમ છે તેમ યથાર્થ જાણીને દઢ આશરો કરવો, તે રૂપી જે તપ તેણે કરીને ભગવાનને રાજી કરવા.

(૨૮) જેના ઉપર સત્શાસ્ત્રનો અધિકાર હોય તેને મનુષ્ય કહીએ ને એવા હજારો મનુષ્ય ભેળા કરીએ ત્યારે તેમાં એક ધર્મવાન જડે ને તેવા ધર્મવાળા હજારો ભેળા કરીએ ત્યારે તેમાં એક સિદ્ધિને અર્થે યત્નને કરતો હોય એવો જડે ને સિદ્ધિવાળા હજારો ભેગા કરીએ તો તે મધ્યે એક ભગવાનને અર્થે યત્નને કરતો હોય એવો મળે ને તેવા હજાર મધ્યે એક ભગવાનને જાણીને યત્નને કરતો હોય એવો મળે. ને ભગવાનને જાણીને યત્નને કરતા હોય એવા હજારો ભેગા કરીએ તો તે મધ્યે કો'ક જ્ઞાની ભગવાનનું સ્વરૂપ, સ્વભાવ, ઐશ્વર્ય, તે અંત રહિત છે, તેને તત્ત્વે કરીને યથાર્થ પોતાના જ્ઞાનની વિશાળતાને અનુસારે જાણનાર મળે છે; પણ જેમ છે તેમ તો અંતને નથી પામતો. ને ભગવાન પોતે પોતાના સ્વરૂપ, સ્વભાવ, ગુણ ને ઐશ્વર્ય, તેના મહિમાના અંતને નથી પામતા, તો બીજો તો પામે જ કેમ ?

એવા સર્વોત્કૃષ્ટ હરિકૃષ્ણ પુરુષોત્તમ તેમણે અનેકકોટિ બ્રહ્માંડનાં ને બ્રહ્મપુરાદિક ધામનાં જે સમગ્ર ઐશ્વર્ય તે પોતાની મૂર્તિને આધીન છે; તે સમાધિએ કરીને દેખાડ્યાં તથા સૌના ઇષ્ટદેવરૂપે પોતે પોતાનું દર્શન દઈને અનંત જીવુંને અપરિમિત પોતાનો સર્વોપરી નિશ્ચય કરાવ્યો. એવી રીત્યનું બીજું પણ જે સર્વોપરી દિવ્ય ઐશ્વર્ય તેને દેખાડીને પોતાના સર્વોપરી ઐશ્વર્યને વિશે અક્ષરાદિક સર્વેનાં ઐશ્વર્ય લીન કરીને પોતે સર્વોત્કૃષ્ટપણે જયકારી પ્રવર્તે છે ! એવા જે બ્રહ્મધામના

અધિપતિ હરિકૃષ્ણ પુરુષોત્તમનારાયણની મૂર્તિના માહાત્મ્યજ્ઞાને સહિત ધ્યાનને વિશે યોગીએ તત્પર થઈને મંડવું. તે એવી રીત્યે પોતાના આત્માને અક્ષરરૂપે માનીને પોતાનાં અંગોઅંગમાં પુરુષોત્તમનારાયણના અંગોઅંગ ધારવારૂપ ધ્યાન કરવાનું શ્રીજીમહારાજે ખરડામાં સંતોને કહ્યું છે.

(વચ.ગ.પ્ર.૨૦/ગ.મ.૫૦-૬૭/ગ.અં.૫/લોયા.૭)

(૨૯) હરિકૃષ્ણ પુરુષોત્તમ તે અક્ષરબ્રહ્મ થકી પર છે ને અતિશે સ્વરાટ્ છે ને અતિશે શેષના શેષી છે ને અતિશે કર્તું, અકર્તું ને અન્યથાકર્તું સમર્થ છે ને અનંત દિવ્ય કલ્યાણકારી ગુણના મહોદધિ છે ને અતિશે અપરિમિત મહામનોહર સદાસાકારમૂર્તિ છે ને અતિશે પ્રકાશક છે ને અનાદિ, નિરંકુશ, દિવ્ય, ઐશ્વર્યસંપન્ન છે ને અનંત દિવ્ય સુખના મહાસાગર છે ને અતિશે મહાજ્ઞાનમૂર્તિ છે ને સર્વના નિયંતા છે ને પરમ અદ્વિતીય મૂર્તિ છે ને સદા અખંડિત છે ને વિજ્ઞાન, જ્ઞાન, ઐશ્વર્યમય છે મૂર્તિ જેમની એવા છે ને અનેક વિભૂતિયું ને અનેક અક્ષરાદિક મુક્ત ને અનેક કાળ, માયા, પુરુષાદિક શક્તિઓ ને વાસુદેવાદિક ચતુર્વ્યૂહ તથા કેશવાદિક ચોવીસ મૂર્તિયું તથા રામ-કૃષ્ણાદિક અવતાર એ સર્વેના કારણના પણ કારણ છે. ને ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય એ સર્વ કાળને વિશે સદાય દિવ્યવિગ્રહ ને અજીતમૂર્તિ છે. ને એકથકા અનેક રૂપે છે ને અનેકરૂપ થકા એક છે ને અનેકના અગ્રજ છે, પરમાત્મા છે, પરમેશ્વર છે, પરમ કારુણિક છે, પુરુષોત્તમ છે, પૂર્ણકામ છે, પરાત્પર છે, પરબ્રહ્મ છે ને સ્વરૂપ, સ્વભાવ, ગુણ, ઐશ્વર્ય તેણે કરીને જેની કોઈને ઉપમા દેવાતી નથી એવા પરમ અદ્વિતીય સર્વોપરી પ્રસિદ્ધ છે ને અત્યંત નિર્વિશેષ જ્ઞાન, બળ, તેજ, ઐશ્વર્ય ઇત્યાદિક પ્રત્યક્ષ શ્રી સહજાનંદસ્વામી પુરુષોત્તમનો જે અપરિમિત મહિમા છે, તેને યથાર્થ કે'વા, જાણવા, દેખવા, સાંભળવા ને પામવાને કોણ સમર્થ છે ? કોઈ જ નથી.

(૩૦) વરતાલે ઉગમણા બંગલાને વિશે શ્રીજીમહારાજને *ઝવેરભક્તે પૂછ્યું જે 'હે મહારાજ ! અક્ષરધામને વિશે ભગવાનની મૂર્તિ કેવી હશે ?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે 'આ પ્રત્યક્ષ અમે બેઠા છીએ તેવી જ અક્ષરધામને વિશે ભગવાનની મૂર્તિ છે.' ત્યારપછી તે ભક્તે ફરીને પૂછ્યું જે ' હે મહારાજ ! કૃપા કરીને જેવી અક્ષરધામને વિશે મૂર્તિ છે તેવી દેખાડો.' ત્યારે તે ભક્તને શ્રીજીમહારાજે સમાધિ કરાવીને અક્ષરધામને વિશે પોતાની મૂર્તિનું પ્રત્યક્ષ-પ્રમાણ દર્શન કરાવ્યું ને અનંતકોટિ મુક્ત તથા અનંત ઐશ્વર્ય તથા અનંત શક્તિ તેનું દર્શન

કરાવીને પોતાના સ્વરૂપનો પ્રત્યક્ષપણે સર્વોપરી નિશ્ચય કરાવ્યો. એવી રીતે શ્રીજીમહારાજે ઝવેરભક્તને પોતાનું ઐશ્વર્ય દેખાડ્યું.

(૩૧) ત્રણ્ય દેહથી પર 'निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् ।' માનીને નિત્યે સવારે વે'લા (વહેલા) ઊઠીને પ્રાર્થના કરવી જે, હે નાથ ! હે દયાસિંધો ! હે કૃપાસિંધો ! હે કલિદોષનિવારક ! હે ભક્તિધર્માત્મજ ! હે યોગકલાપ્રવર્તક ! હે વર્ણિવેષદર્શક ! હે બ્રહ્મવિદ્યાપ્રવર્તક ! હે અધમોદ્ધારણ ! હે પતિતપાવન ! હે અશરણશરણ ! હે અક્ષરધામાધિપતિ ! હે પૂર્ણ પુરુષોત્તમનારાયણ ! હે શ્રી સહજાનંદસ્વામી ! તમે મારી ઉપર રાજી થઈને, મુને પોતાનો એકાંતિક દાસ જાણીને, મારા હૃદયને વિશે નિરંતર નિવાસ કરીને અખંડ રે'જો (રહેજો) !! આવી રીત્યે જો મુમુક્ષુ નિત્યે પ્રાર્થના કર્યે તો તેના હૃદયમાં સાક્ષાત્ શ્રી પુરુષોત્તમનારાયણ શ્રી સહજાનંદસ્વામી અખંડ નિવાસ કરીને રહે.

ઇતિ શ્રી સહજાનંદસ્વામીના આધ્યાત્મિક વારસદાર
અનાદિ મૂળઅક્ષરમૂર્તિ સદ્‌ગુરુવર્ય શ્રી ગુણાતીતાનંદસ્વામીએ
કરેલી વાતોમાં
'ભગવાનનું અસાધારણ ઐશ્વર્ય'
નામે સાતમું પ્રકરણ સમાપ્ત.

અનાદિ મૂળઅક્ષરમૂર્તિ સદ્‌ગુરુવર્ય શ્રી ગુણાતીતાનંદસ્વામીએ વાત કરી જે :-

(૧) પ્રથમ તો જે હેતુ માટે સર્વોપરી સદાદિવ્યસાકારમૂર્તિ ને સર્વના કારણ એવા શ્રી સહજાનંદસ્વામી તે પૃથ્વી ઉપર પોતાનું જે, અક્ષરધામ અને તે અક્ષરધામના મુક્તે સહિત પધાર્યા છે તે વાત યથાર્થ જાણવી તથા મહારાજનો અભિપ્રાય તથા રુચિ એ પણ જાણવી; તે લોયાનાં ૧૪માં તથા પ્રથમનાં ૭૧માં વચનામૃતમાં કહેલ છે. તે શું ? જે, 'આ મૃત્યુલોકના મનુષ્યને પોતાની મૂર્તિનો સાક્ષાત્ સંબંધ કરાવીને સાક્ષાત્ પોતાનું અક્ષરધામ પમાડવું, તે સારુ ચૈતન્યમૂર્તિ એવા જે, પોતાના પાર્ષદ લઈને પધાર્યા છે તથા જૂના ખરડામાં મહારાજે પોતાનો હેતુ કહ્યો જે, ''દૂસરા અવતાર હૈ સો તો કાર્ય-કારણ અવતાર હુવા હૈ ઔર મેરા યહ અવતાર હૈ સો તો જીવૂંકું (જીવોને) બ્રહ્મરૂપ કરકે આત્યંતિક મુક્તિ દેને કે વાસ્તે (અર્થે) અક્ષરાતીત પુરુષોત્તમ જો હમ વહ મનુષ્ય જૈસા બન્યા હૈ.'' એમ કહ્યું છે, માટે પૂર્વે રામકૃષ્ણાદિક અવતાર થયા તે તો કાર્યનિમિત્તે થયા છે અને મહારાજ તો મૂળ અજ્ઞાનનો નાશ કરીને, જીવુંને બ્રહ્મરૂપ કરીને, પોતાનું અક્ષરધામ પમાડવું તે સારુ પોતે સાક્ષાત્ પધાર્યા છે.

અને સર્વોપરી અને સદાદિવ્યસાકારમૂર્તિ અને સર્વ કારણના પણ કારણ ને સર્વના નિયંતા ને સર્વ અવતારમાત્રના અવતારી એવા મહારાજ ન સમજાય ને જે અક્ષરધામને વિશે સ્વયંસ્વરૂપે મહારાજ સદા વિરાજમાન છે એવા જે, અક્ષરબ્રહ્મ તે પોતાનું સ્વરૂપ ન મનાય; એ જ મૂળ અજ્ઞાન જાણવું તે લોયાનાં ૧૨માં વચનામૃતમાં નિશ્ચયના છ ભેદમાં છેલ્લો ભેદ એમ કહ્યો છે જે, 'જેના એક એક રોમને વિશે અનંત કોટિ બ્રહ્માંડ અણુની પેઠચે ઊડતાં ફરે છે એવું જે ભગવાનનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કર્યે, તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ.' આવી રીત્યે મહારાજને તો જીવનું મૂળ અજ્ઞાન જે, કારણ શરીર તેને ટાળીને અક્ષરબ્રહ્મનું સાધર્મ્યપણું પમાડી; અખંડ પોતાની મૂર્તિનું સુખ આપવું છે.

(૨) આ બ્રહ્માંડના વૈરાટપુરુષનાં પચાસ વરસ ને દોઢ પો'ર દિ' થયો તેમાં અનંત અવતાર થઈ ગયા ને આગળ બીજા અનંત અવતાર થાશે પણ આવો સમય પૃથ્વી ઉપર કોઈને કોઈ કાળે આવ્યો નથી ને આવશે પણ નહિ; કેમ જે, જીવુંનું (જીવોનું) મૂળ અજ્ઞાન ટાળી, શુદ્ધ બ્રહ્મરૂપ કરી માયાપર એવું જે, પોતાનું અક્ષરધામ સાક્ષાત્ પમાડવું, તે સારુ પોતાનું અક્ષરધામ તથા ચૈતન્યમૂર્તિ એવા

અક્ષરધામના મુક્ત તથા સમગ્ર દિવ્યઐશ્વર્ય તથા નિયમ એ સર્વે જે પોતાનો દિવ્ય સમાજ તેને લઈને મહારાજ આંહીં પધાર્યા છે, માટે આ સમે (સમયે) જેનો જન્મ થયો અને આ સાધુની ઓળખાણ થઈ તેના ભાગ્યનો પાર આવે તેમ નથી, ત્યારે પૂછ્યું જે, 'મહારાજે ઐશ્વર્યદ્વારે તથા નિયમદ્વારે અને મુક્તદ્વારે તથા અક્ષરધામદ્વારે શું શું કાર્ય કર્યું તથા સ્વયં પોતે પધાર્યા તેમણે શું શું કાર્ય કર્યાં તે સર્વ કૃપા કરીને કહો.'

ત્યારે સ્વામી બોલ્યા જે, 'સર્વ જીવપ્રાણીમાત્રનાં કમળ અધોમુખ હતાં તેથી કોઈએ પ્રગટ ભગવાન કે પ્રગટ સંતને ઓળખ્યા નહિ, તે સારુ પોતાના ઐશ્વર્યવતે કરીને સર્વનાં કમળ ઊર્ધ્વમુખ કર્યાં; ત્યારે પ્રગટ ભગવાન તથા પ્રગટ સંતને જાણ્યા. એ કાર્ય મહારાજે પોતાના ઐશ્વર્યદ્વારે કર્યું તથા નિયમે કરીને તો પ્રગટ ભગવાનની આજ્ઞા પળાવી તથા માયિક પંચવિષયથકી મુક્ત કરીને અધર્મસર્ગના જે દોષ તે થકી રહિત કરી જીવુંને નિર્વિઘ્ન કર્યા, એ કાર્ય નિયમદ્વારે કર્યું તથા પોતે શુદ્ધ રીત્યે વરતીને બીજા સર્વ જીવુંને વરતાવ્યા તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય જ્ઞાનેસહિત પ્રગટ ભગવાનની જે ભક્તિ, એ ચાર ગુણ સિદ્ધ કરી પરમ એકાંતિક ધર્મ દઢ કરીને, ભગવાનમાં પોતે સર્વ પ્રકારે જોડાયા અને બીજા જીવુંને એ ચાર ગુણ સિદ્ધ કરાવી પ્રગટ ભગવાનમાં જોડ્યા એ કાર્ય મુક્તદ્વારે કર્યું. ને જીવનું જે માયારૂપ કપટ જે મૂળ અજ્ઞાન તેને ટાળીને જેવું છે તેવું જ યથાર્થ મહારાજનું સ્વરૂપ સમજાવ્યું તથા મહારાજના પ્રગટ સ્વરૂપનો અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય કરાવીને શુદ્ધ બ્રહ્મરૂપ કરીને, અનંત જીવુંને સાક્ષાત્ પુરુષોત્તમના સાધર્મ્યપણાને પમાડ્યા અને માયાના સર્ગરૂપ કપટ ટાળ્યું, એ કાર્ય મૂળઅક્ષરદ્વારે કર્યું.

વળી આ જગતમાં મોટા મોટા પંડિતો તથા પુરાણીઓ તથા શાસ્ત્રકારોએ પરાત્પર એવા જે પુરુષોત્તમભગવાન તેને નિરાકાર પ્રતિપાદન કરેલ તે સર્વને પોતાના સામર્થ્યે કરીને તેમની મનોવૃત્તિ પોતાના સ્વરૂપમાં તાણી લઈને, અપાર તેજોમય એવું જે દિવ્ય સિંહાસન તે ઉપર સદા વિરાજમાન અને અનંતકોટિ મુક્તો તેણે નિરંતર સેવ્યા થકા અને તે મુક્તોને પરમ આનંદને ઉપજાવતા એવા જે પરબ્રહ્મ પુરુષોત્તમ, પોતે પોતાનું સાક્ષાત્ દર્શન કરાવીને પોતાના પ્રત્યક્ષ સ્વરૂપના દિવ્ય સાકારપણાનો અતિ દઢ નિશ્ચય કરાવતા હવા તથા અનંત પ્રકારના સંશયો તે છેદી નાખતા હવા, એ કાર્ય પોતે કર્યું.

આવી રીત્યે મહારાજ પોતાનો સર્વ સમાજ લઈને પધાર્યા ત્યારે આજ કળિકાળમાં અનંત જીવુંએ પ્રગટ મહારાજને તથા પ્રગટ સંતને જાણ્યા અને પ્રગટ ધ્યાન, પ્રગટ ભજન, પ્રગટ પૂજા અને પ્રગટ આરતી ઉતારી તથા પ્રગટ ભોજનના થાળ કરી જમાડ્યા તથા પ્રગટ અનંત પ્રકારના વસ્ત્ર-અલંકાર ધરાવ્યા તથા અત્તર-ચંદન ચરચી હૃદયમાં બીડીને મળ્યા તથા છાતીમાં પ્રગટ ચરણકમળ લીધાં. એવી રીત્યે અનેક જીવુંએ સાક્ષાત્ પ્રગટ ભગવાન તથા પ્રગટ સંતને જાણીને પૂજા-સેવાનો મહા અલૌકિક લાભ લીધો અને પૂર્વે રામ કૃષ્ણાદિક ઘણા અવતાર થઈ ગયા છે, પણ આજની પેઠચે પ્રગટ ધ્યાન, ભજન કે પ્રગટ પૂજા-આરતી કોઈએ કર્યાં નથી અને વ્યાસ, વાલ્મિકી કવિઓએ પાછળથી તેમના મહિમા-ઉપાસનાના ગ્રંથો લખ્યા, ત્યારે સૌએ જાણ્યું.'

(૩) એક તો સંસ્કાર, બીજો આશીર્વાદ અને ત્રીજી મુમુક્ષુતા, એ ત્રણ્ય વાનાં સંપૂર્ણ હોય તેને મોક્ષને મારગે ચાલવામાં કોઈ પ્રકારનો અંતરાય આડો આવે નહિ.

એમાં સંસ્કાર તો અજ્ઞાન અવસ્થામાં થાય છે તે શું ? તો જ્યારે પ્રગટ ભગવાન કે પ્રગટ સંત આ પૃથ્વી ઉપર વિચરતા હોય, તેના ઉપયોગમાં જે જે મનુષ્યની જે જે ક્રિયા આવી હોય તથા પશુના દેહે કરીને દહીં, દૂધ, વાહન આદિકનો ઉપયોગ થયો હોય; તે સર્વે સંસ્કાર કે'વાય ને એવા ઘણાક સંસ્કારે કરીને પ્રગટ ભગવાન અને પ્રગટ સાધુનો જોગ થાય છે અને તેમની સેવાએ કરીને તેમનો આશીર્વાદ થાય છે અને જ્યારે એવા મોટા સત્પુરુષનો આશીર્વાદ થાય છે, ત્યારે શુદ્ધભાવ થાય છે અને તેણે કરીને મુમુક્ષુતા ઉદય થાય છે. હવે જે, શુદ્ધ મુમુક્ષુ હોય તે સત્પુરુષને ઓળખે, ને તે સર્વ પ્રકારે ભીંસણ ખમે અને તે મુમુક્ષુ પણ ત્રણ્ય પ્રકારના છે.

તેમાં જે, ઉત્તમ મુમુક્ષુ હોય તે તો સર્વોપરી અને સદાદિવ્યસાકારમૂર્તિ અને સર્વેના કારણ એવા ભક્તિ-ધર્મના પુત્ર શ્રીજીમહારાજ જેવા છે તેવા સર્વોપરી સમજે તથા તે પુરુષોત્તમભગવાન જે અક્ષરધામને વિશે સ્વયંસ્વરૂપે સદા વિરાજમાન છે ને અક્ષરબ્રહ્મ તે પણ મહારાજ ભેળા આંહીં દેહ ધરીને આવ્યા હોય તેને પણ જાણે ને અક્ષરબ્રહ્મ તથા પુરુષોત્તમભગવાનના સાક્ષાત્ સંબંધને પામ્યા અને બ્રહ્મ ને પરબ્રહ્મના શુદ્ધ સ્વરૂપને પ્રતિપાદન કરનારા એવા પરમ એકાંતિક સત્પુરુષને પણ તત્કાળ ઓળખે અને તેને અર્થે મન, કર્મ, વચને સર્વપ્રકારે કારસો

ખમે તથા સુખ-દુઃખ, માન-અપમાને કરીને કોઈ પ્રકારે ધીરજ ડગે નહિ; એવો જે ઉત્તમ મુમુક્ષુ તે આત્યંતિક જ્ઞાન પામી પરમ એવી જે શ્રેષ્ઠ પ્રાપ્તિ તેને તત્કાળ પામે છે. ને જે, મધ્યમ મુમુક્ષુ છે તે જાણે છે તો ખરો, પણ જેમ છે તેમ જાણી શકે નહિ; કાંઈક ફેર રહે ખરો અને અનુવૃત્તિમાં પણ મનના ધાર્યા પ્રમાણે રહે અને જે, કનિષ્ઠ મુમુક્ષુ છે તે તો અવતારને અવતારી જેવા જાણે ને અવતારીને અવતાર જેવા જાણે તથા અક્ષરબ્રહ્મને બીજા સાધુ જેવા જાણે ને બીજાને અક્ષર સમજે અને એકાંતિક હોય તેને સાધારણ સમજે અને સાધારણ હોય તેને એકાંતિક સમજે અને લોકવે'વારની (વ્યવહારની) મોટપ તેની નજરમાં આવે, પણ જ્ઞાનની દૃષ્ટિ તેની હોય નહિ તે તો જન્માંતરે મોક્ષને પામે.

(૪) આ ભરતખંડમાં જે જે આચાર્યો થયા છે તેમણે એક એક <u>શાસ્ત્રનો આભાસ</u> લઈને પોતપોતાના સંપ્રદાય ચલાવ્યા છે અને મહારાજે તો આ <u>ઉદ્ધવ સંપ્રદાય</u>ને વિશે, પાંચેય શાસ્ત્રનો જે સનાતન સિદ્ધાંત તે પ્રવર્તાવ્યો છે તે પાંચેય શાસ્ત્રનાં નામ - 'ધર્મશાસ્ત્ર', 'યોગશાસ્ત્ર', 'સાંખ્યશાસ્ત્ર', 'પંચરાત્રશાસ્ત્ર' અને 'વેદાંતશાસ્ત્ર'. એ પાંચેય શાસ્ત્રમાં દરેકમાં એક એક મુખ્ય ગુણ રહ્યો છે.

'ધર્મશાસ્ત્ર'ને વિશે તો અહિંસા અને બ્રહ્મચર્યરૂપી જે પોતપોતાના વર્ણાશ્રમનો જે સદાચાર તે ધર્મરૂપી જે ગુણ તે રહ્યો છે. ને 'યોગશાસ્ત્ર'ને વિશે તો આત્મા ને પરમાત્માના પ્રત્યક્ષ સ્વરૂપને વિશે ઇન્દ્રિયું, અંતઃકરણ અને અનુભવ, એ ત્રણ્યે પૂગે એવો જે જ્ઞાનરૂપી ગુણ તે રહ્યો છે અને 'સાંખ્યશાસ્ત્ર'ને વિશે તો માયિક નામ, ગુણ ને રૂપને વિશે નાશવંતપણું, કે'તાં મૂળ પ્રકૃતિપુરુષ થકી ઉત્પન્ન થયું એવું જે કાર્યમાત્ર તેને વિશે અનાસક્તિરૂપ એવો જે વૈરાગ્યરૂપી ગુણ તે રહ્યો છે તથા 'પંચરાત્રશાસ્ત્ર'ને વિશે તો મનુષ્યરૂપ ભગવાન તથા ભગવાનના ભક્તને વિશે અતિ દૃઢ સ્નેહે હેત કરવું તથા લીલા-ચરિત્ર ગાવવાં, સાંભળવાં તથા નવ પ્રકારની ભક્તિ કરવી તથા તેમને નિર્દોષ સમજીને સર્વે પ્રકારે જોડાવું એ જે દૃઢ ભક્તિરૂપ ગુણ તે રહ્યો છે.

તથા 'વેદાંતશાસ્ત્ર'ને વિશે તો પરાત્પર એવા જે પુરુષોત્તમભગવાન તથા અક્ષરબ્રહ્મ તથા પાર્ષદ એવા જે અક્ષરધામના સનાતન મુક્ત તેમનો અપાર એવો જે મહિમારૂપી જે ગુણ તે રહ્યો છે.

હવે એ પાંચેય શાસ્ત્ર તથા પાંચેય ગુણને એક બીજાની અપેક્ષા છે અને તે પાંચેય શાસ્ત્રને રે'વાનાં (રહેવાનાં) ચાર સ્થાન છે.

તેમાં ધર્મશાસ્ત્ર તે આચાર્યરૂપ સ્થાનને વિશે રહ્યું છે અને સાંખ્ય અને યોગ એ બેય શાસ્ત્ર તે સંતરૂપ સ્થાનને વિશે રહ્યાં છે અને ભક્તિશાસ્ત્ર તે મંદિરરૂપ સ્થાનને વિશે રહ્યું છે અને વેદાંતશાસ્ત્ર તે હરિજનરૂપ સ્થાનને વિશે રહ્યું છે.

એવી રીત્યે એ પાંચેય શાસ્ત્રના સિદ્ધાંત, તેના શુદ્ધ સ્વરૂપમાં એકબીજાની અપેક્ષાએ કરીને આ ઉદ્ધવ સંપ્રદાયમાં રહ્યાં છે.

(૫) સર્વ જીવપ્રાણીમાત્રને લોભ, કામ, સ્વાદ, સ્નેહ ને માન એ પાંચ દોષે ગળી લીધા છે તે કોઈને માયા પર થાવા દિયે તેવા નથી તે પાંચેય દોષ થકી રહિત કરવાસારુ મહારાજે પરમ એકાંતિક એવા જે સંત તે દ્વારે અતિ શ્રેષ્ઠ એવા જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ ને મહિમા તે પાંચેય ગુણ આ સત્સંગમાં પ્રવર્તાવ્યા છે તે અધર્મ સર્ગના જે એ પાંચ દોષ તેને નિવારે છે. તેની વિક્તિ જે,

ધર્મને વિશે દઢ નિષ્ઠા થાય છે અને પ્રગટ ભગવાન તથા પ્રગટ સંતનું વચન દઢપણે પાળે પણ કોઈ નિયમનો લોપ કર્યે નહિ, એવી ધર્મમાં દઢ નિષ્ઠા થાવાથી લોભ જાય છે અને આત્મા-પરમાત્માના પ્રત્યક્ષ સ્વરૂપને વિશે ઇન્દ્રિયું, અંતઃકરણ અને અનુભવ એ ત્રણ્યે પૂગે એવું જે માયા પરનું જે શુદ્ધ જ્ઞાન તેને વિશે દઢ નિષ્ઠા થાય ત્યારે સ્ત્રીભોગસંબંધી જે નાના પ્રકારની કામનાઓ તે નિવૃત્તિ પામી જાય છે, એવી રીત્યે જ્ઞાનને વિશે દઢતા થાવાથી, કામ જાય છે. અને એક ભગવાનના ચરણકમળ વિના બીજે ક્યાંય પ્રીતિ નહિ, એવો દઢ વૈરાગ્ય પ્રાપ્ત થાવાથી, નાના પ્રકારના જે સ્નેહ તે જાય છે કેમ જે, મૂળ પ્રકૃતિપુરુષ થકી ઉત્પન્ન થયું જે કાર્યમાત્ર તેને વિશે અનાસક્તિ થઈ તેને અક્ષરધામ તથા મુક્તો તથા પુરુષોત્તમભગવાન તે ત્રણ્ય વિનાના જે સર્વ લોક તથા લોકના જે ભોગ તથા દેહ તથા દેહના જે સંબંધી વગેરે કોઈ પદાર્થમાં પ્રીતિ રે'તી નથી. એવી રીત્યે સર્વમાંથી સ્નેહ તૂટે છે તેને જ ભગવાનમાં સ્નેહ થાય છે; માટે આવી રીત્યે દઢ વૈરાગ્ય પામ્યાથી સ્નેહ જાય છે.

અને અતિ દઢ સ્નેહે કરીને નવ પ્રકારે ભગવાનની અતિ દઢ ભક્તિ કર્યે તથા દેહ, ઇન્દ્રિયું-અંતઃકરણે કરીને રોમાંચિત ગાત્ર ને ગદ્‌ગદ્‌કંઠે થઈને રહે ને તેવી ભક્તિએ યુક્ત એવો જે દઢ ભકત તેને સંગે જ રાજી રહે આવી રીત્યે દઢ ભક્તિ થાવાથી, મૂળ પ્રકૃતિપુરુષ ને તેના કાર્યમાત્રમાંથી સર્વ પ્રકારના જે સ્વાદ તે નાશ પામી જાય છે એવી રીત્યે ભક્તિને વિશે દઢતા થાવાથી સ્વાદ જાય છે.

અને પ્રગટ ભગવાન ને તે ભગવાનનું અક્ષરધામ તથા મુક્ત એ ત્રણ્યેનો

સર્વોપરી મહિમા સમજ્યાથી નાના પ્રકારનું અને અતિ સૂક્ષ્મ એવું જે માન તે જાય છે કેમ જે, મહારાજે પોતે કહ્યું છે જે, "હું ભગવાનના ભક્તનો ભક્ત છું ને ભગવાનના ભક્તની ભક્તિ કરું છું, એ જ માર્યે (મારે) વિશે મોટો ગુણ છે તથા એવી દઢ નિષ્ઠાવાળા ભક્તનાં દર્શનને તો અમે પણ ઇચ્છીએ છીએ, અને તેના પગની રજને માથે ચઢાવીએ છીએ." (વચ.ગ.પ્ર.૩૭) એવી રીત્યે મહારાજે ભક્તનો અપાર મહિમા કહ્યો છે, તો અક્ષરબ્રહ્મનો અપાર મહિમા હોય, તો તેમાં શું કે'વું (કહેવું) ? અને એવી રીત્યે મુક્તનો તથા અક્ષરબ્રહ્મનો અપાર મહિમા છે તો પુરુષોત્તમ જે શ્રી સહજાનંદસ્વામી તે તો સર્વના સ્વામી છે તેનો તો અપાર મહિમા છે જ ને તે જેવો છે તેવો સમજે ત્યારે તેની સેવા મન, કર્મ, વચને યથાર્થ થાય છે અને જો મહિમા ન સમજાય તો સ્તબ્ધપણું રહે છે, માટે આવી રીત્યે માહાત્મ્યની દઢતા થાવાથી માન જાય છે.

એવી રીત્યે પાંચેય ગુણ દઢ થાય ત્યારે તે એકાંતિક ભક્ત થાય છે અને ત્યારે જ તેના હૈયામાં ભગવાનનો અખંડ નિવાસ થાય છે અને જેમ ઉંદરના દરમાં સાપ પેસે ત્યારે ઉંદરને ઉચાળો ભરવો પડચે, તેમ જેના હૈયામાં દિવ્યમૂર્તિ પુરુષોત્તમ વિરાજે ત્યારે માયા જે તે પોતાના પરિવારે સહિત ઉચાળો ભરીને ચાલી નીકળે છે એ સિદ્ધાંત વાત જાણવી.

(૬) સત્સંગ ચાર પ્રકારનો છે.

તેમાં દેહે કરીને સત્સંગ તે ચાર આના જાણવો અને દેહ ને ઇન્દ્રિયુંમાં સત્સંગ તે આઠ આના સત્સંગ જાણવો અને દેહ, ઇન્દ્રિયું અને અંતઃકરણમાં સત્સંગ તે બાર આના સત્સંગ જાણવો અને દેહ, ઇન્દ્રિયું, અંતઃકરણ અને જીવ, એ ચારેયમાં સત્સંગ તે સોળ આના સત્સંગ થયો જાણવો.

તે એવો સત્સંગ છેલ્લાનાં ૩૯માં વચનામૃતમાં મહારાજે કહ્યો છે, તે તો બહુ જ દુર્લભ છે અને એવા સત્સંગની બરાબર બીજું કોઈ સાધન આવતું નથી કેમ જે, બીજે કોઈ સાધને કરીને ભગવાન વશ થાતા નથી, તે સત્સંગે કરીને વશ થઈ જાય છે. તે મધ્યનાં ૫૪માં વચનામૃતમાં તથા છેલ્લાના બીજા વચનામૃતમાં પણ મહારાજે કહ્યું છે અને આ વાત તો દર્પણતુલ્ય છે, તે જો તપાસીને જુએ તો જેને જેટલો સત્સંગ થયો હોય તેટલો જણાઈ આવે છે. માટે બાર આના સત્સંગ થયા પછી પણ અક્ષરબ્રહ્મ સાથે એકતા કરીને પુરુષોત્તમને પોતાના આત્માને વિશે ધારવા ને એમ સમજવું જે, જેમ દેહમાં જીવ છે, તેમ હું શરીર છું ને મારા શરીરી

પ્રગટ પુરુષોત્તમ શ્રી સહજાનંદસ્વામી છે, એમ અખંડ સબંધ રહે ત્યારે સોળ આના સત્સંગ થયો જાણવો. જેમ ભમરીના સંબંધે કરીને ઇયળ જે તે ભમરી થઈ જાય છે, તેમ પ્રગટ અક્ષરમૂર્તિના સાક્ષાત્ સંબંધથી આ જીવ બ્રહ્મરૂપ થાય છે, પણ તે વિના થાવાતું નથી.

(૭) એકવખતે એમ વાત કરી જે, 'શિક્ષાપત્રી'માં મહારાજે કહ્યું છે જે, "અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે નિત્યપ્રત્યે સાધુનો સમાગમ કરવો." ત્યારે એક હરિજને પૂછ્યું જે, 'સત્સંગની મર્યાદા પ્રમાણે રહીએ છીએ તથા આજ્ઞા પ્રમાણે દસમો-વીસમો ભાગ તથા નામનું પણ દઈએ છીએ તથા મંદિર, મૂર્તિયું, આચાર્ય, સાધુ એ સર્વેની યથાશક્તિ સેવા પણ કરીએ છીએ તો પણ નિત્યપ્રત્યે સાધુનો સમાગમ કરવાનું કહે છે, તેનું શું કારણ છે ?' ત્યારે બોલ્યા જે, 'આ તમે સર્વ ધર્મ પાળો છો, પણ જો અશુભ દેશકાળનો જોગ થાય તો ધર્મમાં મોળું પડી જવાય અને પૂર્વે પણ બ્રહ્મા, શિવ, બૃહસ્પતિ, નારદ વગેરેને દેશકાળ લાગ્યા; તે સાધુના સમાગમ વિના લાગ્યા, વળી જો સાધુનો સમાગમ હોય તો અહિંસા ને બ્રહ્મચર્યરૂપી પોતાના વર્ણાશ્રમ સંબંધી જે સદાચાર તે દઢ પળે તથા કોઈ આજ્ઞાનો લોપ ન થાય ને તેનો સત્સંગમાં અચળ પાયો થાય ને તેને કાંઈ ધક્કો ન લાગે ને કોઈ વિઘ્ન પણ ન થાય; એવાએ પણ સમાગમ કરવો; કેમ જે, સ્તંબથી કરીને પુરુષોત્તમ જે મહારાજ તે પર્યંત સર્વના સ્વરૂપનું જે જ્ઞાન તે સાધુના સમાગમથી જ થાય છે તથા મૂળપુરુષ ને મૂળમાયા થકી મુક્ત ને પર એવા જે શુદ્ધ મુક્તાત્મા તથા પરમાત્માના પ્રત્યક્ષ સ્વરૂપનું જે સાક્ષાત્ જ્ઞાન તે પણ સાધુના સમાગમથી જ પમાય છે તથા માયિક જે સુખ-દુઃખ તે સર્વે ખોટાં થઈ જાય છે.

હવે એવું શુદ્ધ જ્ઞાન તો થયું, પણ પ્રકૃતિપુરુષનું કાર્યમાત્ર તેને વિશે અનાસક્તિરૂપ એવો જે દઢ વૈરાગ્ય પામવો, તે સાધુના સમાગમથી જ પમાય છે અને તે વડે માયિક આકારમાત્ર ખોટા થઈ જાય છે. વળી જે, અતિ દઢ સ્નેહે કરીને સર્વ પ્રકારે ભગવાનમાં જોડાવું એવી જે દઢ ભક્તિ તે પણ સાધુના સમાગમથી જ પમાય છે. તેમ જ ભગવાનના સ્વરૂપ, સ્વભાવ, ગુણ, ઐશ્વર્ય, વિભૂતિ, પ્રતાપ, બળ, તેજ, ઓજ એ આદિક જે અનવધિકાતિશય એવો જે ભગવાનનો અપાર મહિમા, તે પણ સાધુના સમાગમ વિના સમજાય નહિ, માટે નિત્યપ્રત્યે સાધુનો સમાગમ કરવો, એમ મહારાજે 'શિક્ષાપત્રી'માં કહ્યું છે.'

(જુઓ પ્રકરણ ૯ ની વાત ૨૫૬)

(૮) એકસમે બ્રહ્મા, વિષ્ણુ ને શિવ એ ત્રણ્યે મળીને જ્ઞાનગોષ્ઠિ કરતા હતા ત્યારે તેમાં બ્રહ્મા પ્રથમ બોલ્યા જે, 'જેની આજ્ઞાથી હું આવી નાના-પ્રકારની વિચિત્ર સૃષ્ટિ કરું છું અને વિષ્ણુને કહ્યું જે, તમે જેની આજ્ઞાથી પોષણ કરો છો અને શિવજીને કહ્યું જે, જેની આજ્ઞાથી તમે સંહાર કરો છો, એવા જે આપણા સ્વામી પરબ્રહ્મ તેનો મહિમા કહો.' ત્યારે શિવજી અને વિષ્ણુએ કહ્યું જે, 'અમે યથાર્થ નથી જાણતા !' પછી ત્રણ્યે મળીને પાતાળમાં શેષજી પાસે ગયા. ત્યાં શેષનારાયણ બોલ્યા જે, 'અહો ! બ્રહ્માંડના અધિદેવ, તમે ત્રણ્યે પધાર્યા તેનું કારણ કહો.' ત્યારે બ્રહ્મા બોલ્યા જે, 'આજે અમે જ્ઞાનગોષ્ઠિ કરતા હતા તેમાં ભગવાનના મહિમાનો પ્રસંગ નીસર્યો પણ તે અમે યથાર્થ જાણતા નથી, એટલે આંહીં આવ્યા છીએ.' ત્યારે શેષનારાયણ બોલ્યા જે, 'હું હજાર મુખે આપણા સ્વામીના ગુણનું ગાન કર્યા કરું છું, તો પણ હજી સુધી એક રોમના કોટિમા ભાગનો પાર પણ પામ્યો નથી.' એવું સાંભળીને બ્રહ્મા બોલ્યા જે, ''અહો ! અહો ! न इति । न इति । કે'તાં (કહેતાં) 'કોઈ પાર પામ્યા જ નથી' !'' એમ બ્રહ્માએ વેદમાં લખ્યું.

માટે કે'વાનું (કહેવાનું) શું છે ? જે, 'વેદ જેને

स एष नेति नेत्यात्मा । (બૃહદારણ્યક ઉપનિષદ : ૩/૯/૨૬)

અર્થ :- તે આ આત્મા આવા પ્રકારનો નથી, તે આવો નથી. કહે છે તે તો બ્રહ્માદિક સર્વના સ્વામી અને ચૌદ લોકના નાથ વૈરાટપુરુષ છે; તે એક બ્રહ્માંડના અધિપતિના વૈભવનો પાર પમાતો નથી, તો પ્રધાનપુરુષને તો રૂંવાડે રૂંવાડે <u>ક્ષીરસાગર</u> સહિત બ્રહ્માંડ છે ને દસ-દસ મૂર્તિયું સહિત એવા સાડાત્રણ્ય ક્રોડચ બ્રહ્માંડરૂપ ગામનો પતિ એક પ્રધાનપુરુષ છે, તો તેના મહિમાનો પાર કયાંથી પમાય ? અને એવા અનંતકોટિ પ્રધાનપુરુષ તે મૂળ પ્રકૃતિપુરુષ થકી કોટાનકોટિ ઊપજે છે માટે તે સર્વેના સ્વામી જે મૂળપુરુષ તેના વૈભવનો પાર કયાંથી પમાય ? અને એ મૂળપુરુષ છે તે અનંતરૂપે કરીને તે સર્વેની રક્ષા કર્યે છે ને સર્વના <u>નિયંતા</u> છે ને એક રૂપે પોતાના ધામમાં રહ્યો છે ને બ્રહ્મસુખે સુખિયો છે ને પૂર્ણકામ છે ને કૂટસ્થ છે; તે તેના ધામને <u>આણીકોર્યના</u> કોઈ પૂગતા નથી, એવો જે મૂળપુરુષ તેનો પાર તો કયાંથી પમાય ? અને આધુનિક સમજણવાળાની ગતિ પણ ત્યાં લગી પોં'ચે (પહોંચે) છે, વધુ નથી પોં'ચતી.

એવા અસંખ્યાત મૂળપુરુષથકી પર, સનાતન ને અનાદિ એવું અક્ષરબ્રહ્મ નામે ધામ તેના મુકતનું સામર્થ્ય તો અતિ અધિક છે; કેમ જે, સારંગપુરનાં ૧૭માં

વચનામૃતમાં મૂળપુરુષને અનળપક્ષીની ને અક્ષરમુક્તને ગરુડની ઉપમા મહારાજે દીધી છે, માટે અક્ષરબ્રહ્મની મોટાઈ આગળ કોઈની મોટાઈ ગણતીમાં આવતી નથી, એ વાત પ્રથમનાં ૬૩માં વચનામૃતમાં મહારાજે તત્ત્વે કરીને સમજાવી છે, માટે અક્ષરના મહિમા આગળ કોઈનો મહિમા રે'તો નથી તે જેમ આપણા દેહમાં કેટલાક રોમ ખરી જાય છે તથા કેટલાક નવા ઊગે છે તેની આપણે કશી ગણતી જ નથી તથા જેમ સમુદ્રમાં અસંખ્ય લહેરો ઊપજી ને પાછી લીન થાય છે, તેની સમુદ્રને ગણતી નથી; તેમ એવા અસંખ્ય મૂળપુરુષ સચ્ચિદાનંદબ્રહ્મને વિશે ઊપજીને પાછા લીન થાય છે તેની અક્ષરબ્રહ્મને કશી ગણતી નથી અને તે મૂળપુરુષ તો ક્ષરણ ધર્મવાળા છે, માટે અક્ષરના રોમતુલ્ય ઉપમા કહી છે એવા જે અક્ષરબ્રહ્મ તેના મહિમાનો પાર તો અનંત એવા જે અક્ષરમુક્તો, તે પણ પામતા નથી તો બીજો તો પામે જ કેમ ? એવા મૂળઅક્ષરમૂર્તિ જે સનાતન, શુદ્ધ ચૈતન્યબ્રહ્મ તથા અનંત એવા જે અક્ષરમુક્ત એ સર્વના સ્વામી ને ઉપાસ્યમૂર્તિ ને એ સર્વને ધ્યેય ને એ સર્વના નિયંતા, એવા જે ભક્તિ-ધર્મના પુત્ર શ્રીજીમહારાજ, તેમના મહિમાનો પાર તો અક્ષરબ્રહ્મ આદિક કોઈ પામતા જ નથી ! એમ મધ્યનાં ૬૭માં વચનામૃતમાં કહ્યું છે. માટે પુરુષોત્તમનો મહિમા તો અતિ અપાર છે ! અતિ અપાર છે !! અતિ અપાર છે !!!'

(૯) ભગવાન ને ભગવાનના જે એકાંતિક મોટા સત્પુરુષ તેમનો જે હૃદ્‌ગત અભિપ્રાય તે તો યથાર્થ જણાય જ નહીં; તે તો જ્યારે તેમના જેવી સ્થિતિ થાય ત્યારે જણાય પણ તે વિના જણાય નહિ તે કેમ, તો પૂર્વે રામ-કૃષ્ણાદિક અનંત અવતાર થઈ ગયા તે કોઈએ મહારાજનો અભિપ્રાય કે રુચિ તે જાણ્યાં જ નથી અને જો મહારાજનો અભિપ્રાય ને રુચિ જાણતા હોત તો તેમની પ્રથા નોખી ન પડત. તે જુઓને મહારાજે જેવી રીતિ, નીતિ ને સ્થિતિ બાંધી છે, તેવી કોઈએ બાંધી નથી તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા મહિમાનું જેવી રીત્યે મહારાજે સ્થાપન કર્યું છે તથા અધર્મનું ઉચ્છેદન કર્યું છે, તેવું કોઈએ કર્યું જ નથી; માટે તપાસીને જુઓ તો તુરત (તરત) માલૂમ પડચે છે અને મહારાજે કહ્યું છે જે, "અમને બદરિકાશ્રમ તથા શ્વેતદ્વીપ જેવાં ગમે છે તેવાં બીજાં ધામ ગમતાં નથી ને બીજા અવતારે તો રાસ કરાવ્યા ને અમારા સાધુ તોડાવે છે અને સ્ત્રી-દ્રવ્યનો તો હૈયામાં ઘાટ થાવા દેતા નથી." એમ એવા વિના મહારાજનો કોઈ અભિપ્રાય જાણી શકે નહિ.

એમ કહીને બોલ્યા જે, 'આ તમે સાધુ, બ્રહ્મચારી, પાળા વગેરે સર્વ છો, તેમાં કેટલાક એમ જાણતા હશે કે સ્વામી <u>અમારીકોર્ય</u> (અમારીબાજુ) છે, તથા કેટલાક એમ જાણતા હશે જે સ્વામી અમારીકોર્ય છે, એમ પોતપોતાના અભિપ્રાય પ્રમાણે અમારો અભિપ્રાય જાણો છો, પણ અમારો અભિપ્રાય તો મોટા મોટા સદ્‌ગુરુ પણ જાણી શક્યા નથી. અમારો અભિપ્રાય તો એક મહારાજ જાણે અને મહારાજનો અભિપ્રાય ને રુચિ તે અમે જાણીએ; પણ વચ્ચે કોઈ બીજો યથાર્થ જાણી શકે નહિ. હવે ભગવાન ને મોટા સાધુનો અભિપ્રાય ક્યારે જણાય, તો જેમ ભગવાન ને સંત આપણા અંતરજામી છે તેમ જ્યારે આપણે ભગવાન ને મોટા-સંતના અંતરજામી થઇએ, ત્યારે ભગવાન ને મોટાસંતનો હૃદ્‌ગત અભિપ્રાય તે યથાર્થ જેમ છે તેમ સમજાય; પણ તે વિના સમજાય નહિ, એ સિદ્ધાંત વાત જાણવી.'

(૧૦) એક દિવસ શિવલાલભાઈ ગોપાળાનંદસ્વામીની વાતુ વિચારતા હતા, તેમાં વાત આવી જે, 'ઉપાસ્ય, ઉપાસક ને ધામ એ ત્રણ્યેની શુદ્ધિએ કરીને મુમુક્ષુ જે તે ઉત્કૃષ્ટ જ્ઞાનને પામીને મોક્ષને પામે છે.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'સત્પુરુષોનો સંગ ને સત્શાસ્ત્ર એ બે વિના એ ત્રણ્યેની શુદ્ધિ થાતી નથી; કેમ જે, સત્પુરુષનો સંગ છે તે તો સૂર્યને ઠેકાણે છે ને સત્શાસ્ત્ર છે તે દર્પણને ઠેકાણે છે ને પોતાનો સદ્‌વિચાર છે તે નેત્રને ઠેકાણે છે માટે સૂર્ય ને દર્પણ વિના એકલાં નેત્ર શું કામનાં ? માટે સત્શાસ્ત્રમાંથી સત્પુરુષ પ્રકાશી આપે છે ત્યારે જ ઉપાસ્યમૂર્તિ જે મહારાજ તથા તેમનું ધામ જે મૂળઅક્ષર તથા ઉપાસક જે ઉપાસનાનો કરનારો; એ ત્રણ્યની શુદ્ધિ થાય છે માટે ઉપાસ્ય, ઉપાસક, ધામ, સંગ ને શાસ્ત્ર, એ પાંચેયની શુદ્ધિએ કરીને જીવ જે તે આત્યંતિક જ્ઞાન પામીને આત્યંતિક મોક્ષ જે અક્ષરધામ તેને સાક્ષાત્ પામે છે.' ત્યારે ગઢડાવાળા મનજીભાઈએ પૂછ્યું જે, 'એ પાંચેયનાં લક્ષણ તથા શુદ્ધિ તે કેવી રીત્યે સમજવી તે કૃપા કરીને કહો.'

ત્યારે સ્વામી બોલ્યા જે, 'ઉપાસ્યમૂર્તિ તો ભક્તિ-ધર્મના પુત્ર એક શ્રી સહજાનંદસ્વામી છે એમ સમજવું અને તેની શુદ્ધિ તો એમ જાણવી જે, દસ-દસ મૂર્તિયું સહિત બ્રહ્માંડ તે પ્રધાનપુરુષના રોમરોમ પ્રત્યે છે. એવા પ્રધાનપુરુષ કોટાનકોટિ છે અને તે સર્વે પ્રધાનપુરુષાદિકનો પતિ મૂળપુરુષ છે તે સર્વે જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયનો કર્તા છે ને અનંત ભગવાનનો ભગવાન છે અને અક્ષરબ્રહ્મ જે ભગવાનનું ધામ તેને વિશે એવા અસંખ્યાત મૂળપુરુષ ઉપજે છે, અને

મહામાયા જે મૂળપ્રકૃતિ તે દ્વારે સર્વ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તેને કર્યે છે અને એવા અસંખ્યાત મૂળપ્રકૃતિપુરુષ થકી પર અક્ષરધામના મુક્તનું સામર્થ્ય છે.

તે મુક્ત ચાર પ્રકારના છે, તેની વિક્તિ જે, કનિષ્ઠ, મધ્યમ, ઉત્તમ અને અતિઉત્તમ. તેમાં આગળ કહ્યા જે, અસંખ્યાત મૂળપ્રકૃતિપુરુષાદિક એ સર્વેનો પ્રકાશ ભેગો કરીએ તો અક્ષરધામના કનિષ્ઠ મુક્તના એક રોમને વિશે એ સર્વેનો પ્રકાશ લીન થઈ જાય છે અને એવા અપરિમિત કનિષ્ઠ મુક્ત છે, તે સર્વેનો પ્રકાશ ભેળો કરીએ તો મધ્યમ મુક્તના એક રોમને વિશે સર્વેનો પ્રકાશ લીન થઈ જાય છે અને એવા અનંત મધ્યમ મુક્તનો પ્રકાશ ભેળો કરીએ તો ઉત્તમ મુક્તના એક રોમને વિશે એ સર્વેનો પ્રકાશ લીન થઇ જાય છે અને એવા અનંત ઉત્તમ મુક્તનો પ્રકાશ ભેળો કરીએ તો પરમ એકાંતિક એવા જે અનાદિ મહામુક્ત તેના એક રોમને વિશે એ સર્વેનો પ્રકાશ લીન થઈ જાય છે અને એવા જે અપરિમિત મહામુક્તનો પ્રકાશ ભેળો કરીએ તો મૂળઅક્ષર જે પુરુષોત્તમનું ધામ તેના એક રોમને વિશે એ સર્વેનો પ્રકાશ લીન થાય છે. એવા એ અક્ષરબ્રહ્મ છે અને તે અક્ષરબ્રહ્મ તો એક જ છે પણ એવા અનંત અક્ષરબ્રહ્મના પ્રકાશને લીન કરી નાખે એવા એ અક્ષરાતીત પરબ્રહ્મ પુરુષોત્તમભગવાન શ્રી સહજાનંદસ્વામી છે અને સદાદિવ્યસાકારમૂર્તિ થકા અક્ષરધામને વિશે વિરાજમાન છે ને અક્ષરબ્રહ્મ આદિક સર્વેના સ્વામી છે. એવી રીત્યે અનવધિકાતિશય પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાનને સમજીને પછી ઉપાસના કરવી, તેને ઉપાસ્યમૂર્તિની શુદ્ધિ જાણવી.

હવે ધામ જે અક્ષર, જેને વિશે પુરુષોત્તમ ભગવાન તથા અનંત એવા જે મુક્તો રહ્યા છે તેમની શુદ્ધિ તો એમ જાણવી જે, આત્યંતિક પ્રલયને અંતે મૂળપ્રકૃતિપુરુષ પર્યંત સર્વેના લોક, ભોગ ને દેહ તેનો કાળ અતિશે નાશ કરી નાખે છે અને અક્ષરધામ વિના બીજું કોઈ સ્થાન રે'તું નથી; એવો બળવાન જે મહાકાળ તેનો પણ અક્ષરબ્રહ્મના તેજે કરીને નાશ થઈ જાય છે ને ત્યાં મહાકાળનું લેશમાત્ર સામર્થ્ય ચાલતું નથી, એવું મહા અવિચળ સ્થાન તો માત્ર એક અક્ષરધામ જ છે પણ તેવું બીજું કોઈ સ્થાન નથી, એમ સમજવું અને તે અક્ષરધામને કોઈની ઉપમા દેવાય નહિ અને એ અક્ષરબ્રહ્મને અને પુરુષોત્તમને તો શરીર-શરીરીભાવ સંબંધ છે.

તે મૂર્તિમાન અક્ષરબ્રહ્મનાં બે સ્વરૂપ છે તેમાં નિરાકાર ધામરૂપે તો અનંત મુક્તને અને પુરુષોત્તમને ધરી રહ્યા છે અને સાકાર થકા અખંડ પુરુષોત્તમ-

ભગવાનની સેવામાં રહ્યા છે ને આંખ્યનું મટકું માર્યે એટલીવાર પુરુષોત્તમભગવાન વ્યતિરેક થાતા નથી, અખંડ અક્ષરધામને વિશે રહે છે અને સગુણ, નિર્ગુણ ઐશ્વર્ય પણ અક્ષરધામદ્વારે જ કહી શકાય છે; પણ તે અક્ષરથકી પૃથક કે'વાતા નથી. એવા અનવધિકાતિશય માહાત્મ્યેયુક્ત પુરુષોત્તમનારાયણ, સ્વયંસ્વરૂપે સ્વરાટ્ થકા તે અક્ષરધામમાં સદાય અનંત કોટિ મુક્તોએ અને મૂળઅક્ષરે સેવ્યાથકા વિરાજમાન છે એવું સનાતન અવિચળ અક્ષરધામ છે. આવી રીત્યે એ ધામની શુદ્ધિ જાણવી.

હવે ઉપાસક તો ઉપાસનાનો કરનારો જે જીવ તેને કહીએ અને તેની શુદ્ધિ તો એમ જાણવી જે માયામય એવા જે, ત્રણ્ય દેહ, ત્રણ્ય અવસ્થા ને ત્રણ્ય ગુણ તે થકી પર એવો જે પોતાનો જીવાત્મા, તેને એ સર્વેથી પૃથક સમજીને, તેની શુદ્ધ ચૈતન્ય અક્ષરબ્રહ્મ તે સંઘાથે (સંગાથે) એકતા કર્યે છે તથા અક્ષરભાવને પામે છે તેને જ પુરુષોત્તમની ઉપાસનાનો ને ભક્તિનો અધિકાર થાય છે. તે લોયાનાં ૧૨માં વચનામૃતમાં મહારાજે છેલ્લો ભેદ કહ્યો છે; તે સર્વે વાંચે છે, પણ અક્ષરગુરુ મળ્યા વિના અક્ષરરૂપ ક્યાંથી થાવાય ? માટે ઉપાસકની શુદ્ધિએ કરીને પુરુષોત્તમની પ્રાપ્તિ થાય છે ને મહારાજ તો સર્વે ગુણગણના મહોદધિ છે, તે તો "જેવા મહારાજને જાણે એવો તેને કર્યે છે અને પોતે તો સદા અપારના અપાર જ રહે છે." એમ ગંગાજળિયા કૂવાનાં મધ્યનાં ૬૭માં વચનામૃતમાં કહ્યું છે. વળી મચ્છરથી તે ગરુડ સુધી ને પતંગિયાથી તે મહાતેજ સુધી ભેદ કહ્યા, તે પણ ઉપાસકની શુદ્ધિના ભેદે કરીને થયા છે, માટે મહાતેજ તથા ગરુડ જે અક્ષરધામના મુક્ત, તે જેવું જેને થાવું હોય, તેને તો પોતાની શુદ્ધિસારુ અક્ષરબ્રહ્મ સાથે અભેદપણાને પામવું; કે'તાં અક્ષરબ્રહ્મને પોતાનું સ્વરૂપ માનવું, એમ મધ્યનાં ૩૦માં વચનામૃતમાં કહ્યું છે તથા 'ધર્મામૃત'ના છઠ્ઠા અધ્યાયમાં તથા પાંચમા તથા છઠ્ઠા શ્લોકમાં, એમ ઘણે ઠેકાણે મહારાજ કહી ગયા છે. આવી રીત્યે સમજીને શુદ્ધ અક્ષરરૂપ થઈને, પરબ્રહ્મ એવા જે પુરુષોત્તમભગવાન તેની ઉપાસના કરવી; તેને ઉપાસકની શુદ્ધિ જાણવી.

હવે સંગ તો તેને કહીએ જે, જેનો સંગ થાય તેના ગુણ તેમાં સહેજે આવે. તેની શુદ્ધિ તો એમ જાણવી જે, જેનો સંગ કરવો તેની ત્રણ્ય પ્રકારે પરીક્ષા કરવી. તેની વિક્તિ જે, પ્રથમ તો એણે જેને સેવ્યા હોય, તેનું સામર્થ્ય જોવું જે, એણે કેવા પુરુષને સેવ્યા છે ને તે થકી ગુણ પામ્યા છે કે નહિ ? એમ તપાસ કરવો. બીજું તેના પંડચનું વર્તન જોવું જે, તે કેવી રીત્યે વાત કર્યે છે ને કેવી રીત્યે દેહે વરતે છે ?

તથા ત્રીજું તેના સંગ થકી જે, જ્ઞાન પામીને ઉત્તમ મુક્ત થયા હોય તેનો તપાસ કરવો. તે કેવી રીત્યે તો અનાદિ આત્મા જે મૂળઅક્ષર તથા પરમાત્મા જે પુરુષોત્તમ ભગવાન તેમના પ્રત્યક્ષ સ્વરૂપનું જે જ્ઞાન, તેને પામીને તે કેવી રીત્યે નિરૂપણ કર્યે છે ? અને કેવી રીત્યે પ્રગટ ભગવાન તથા પ્રગટ સંતમાં જોડાણા છે ? તથા આજ્ઞા-ઉપાસનામાં કેવા ખબરદાર વરતે છે ? એમ ત્રણ્યેય પ્રકારે તપાસીને પછી તેનો સંગ કરવો, તેને સંગની શુદ્ધિ જાણવી.

હવે શાસ્ત્ર તો તેને જાણવું જે, પરાત્પર એવા જે પુરુષોત્તમભગવાન તેના સ્વરૂપ, સ્વભાવ, ગુણ, વિભૂતિ, ઐશ્વર્ય, પ્રતાપ, તેજ, બળ, ઓજસ આદિક અનંત મહાદિવ્ય ગુણ; તેણે સહિત પુરુષોત્તમભગવાનનું વર્ણન કરતું હોય તથા તે પુરુષોત્તમભગવાનનું ધામ જે અક્ષરબ્રહ્મ તથા અક્ષરમુક્તો તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, મહિમા આદિકનું વર્ણન કરતું હોય; તથા જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મના સ્વરૂપને યથાર્થ કે'તું હોય તથા પ્રગટ ભગવાનનાં લીલા-ચરિત્રને કે'તું હોય તથા માયાનું કપટ જે, મૂળ અજ્ઞાન તેને ટાળીને શુદ્ધ અક્ષરરૂપ કરીને અનંત જીવુંને માયા પર કરી અક્ષરધામની પ્રાપ્તિના સાધનને કે'તું હોય તથા એકાંતિકના ધર્મને ધરનારા એવા જે સત્પુરુષ તેના મહિમાને પ્રતિપાદન કરતું હોય; તેને શાસ્ત્ર જાણવું અને તેની શુદ્ધિ તો એમ જાણવી જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, માહાત્મ્ય તેણે સહિત એવા જે પરમ એકાંતિક ધર્મને ધરનારા એવા જે સદ્‌ગુરુસંત, તેના મુખ થકી જે શ્રવણ કરવું તેને શાસ્ત્રની શુદ્ધિ જાણવી અને એ સત્શાસ્ત્ર પણ અસત્પુરુષના મુખને પામીને અસત્પણાને પામી જાય છે, એમ વચનામૃતમાં પણ કહ્યું છે અને ગોપાળાનંદસ્વામીની વાતુમાં પણ આવ્યું હતું. એવી રીત્યે પાંચેયનાં લક્ષણ ને શુદ્ધિની વાત ઘણી જ સમજાવી.'

(૧૧) મહારાજે આઠ મહિના સુધી સાધુને ભેગા રાખીને પોતાના પુરુષોત્તમપણાની વાતુ કરી, પછી સર્વ સાધુને પૂછ્યું જે, ''અમને તમે કેવા સમજો છો ?'' ત્યારે કોઈ કહે, 'તમે નરનારાયણ છો.' કોઈ કહે, 'તમે તો શ્વેતદ્વીપના પતિ વાસુદેવ તે જ છો.' કોઈ કહે, 'તમે તો વૈકુંઠનાથ લક્ષ્મીનારાયણ છો.' કોઈ કહે, 'તમે તો ગોલોકાધિપતિ સ્વયં શ્રીકૃષ્ણ જ છો.' એમ સૌ નોખા નોખા બોલ્યા, તે સાંભળીને મહારાજ ઉદાસ થઈ ગયા ને બોલ્યા જે, ''હવે અમે સત્સંગમાં નહિ રહીએ; કેમ જે, તમે અમને બહુ પ્રસિદ્ધ કર્યા ! માટે હવે તો અમે પાછા વનમાં જાતા રહીશું.''

ત્યારે સૌ સંત હાથ જોડીને બોલ્યા જે, 'હે મહારાજ ! જેમ તમે કે'શ્યો તેમ કરશું, પણ તમે સત્સંગમાં રહો.' ત્યારે મહારાજ કહે, ''અમને ભગવાન ન કહો તો સત્સંગમાં રહીએ. અમને શુકજી ને સનકાદિક જેવા તથા કપિલદેવ ને દત્તાત્રેય જેવા મોટાપુરુષ કે'વા તથા ધર્માચાર્ય કે'વા; પણ રામ-કૃષ્ણાદિક ભગવાન જેવા અમને ન કે'વા.'' ત્યારે સંતોએ કહ્યું જે, 'સારુ મહારાજ ! હવે એમ કહીશું પણ તમે સત્સંગમાં રહો.' એમ કહીને સૌને દેશમાં ફરવા મોકલ્યા.

પછી સૌ ફરીને પાછા આવ્યા, ત્યારે મહારાજે પૂછ્યું જે, ''દેશમાં કેવી રીત્યે વાતુ કરતા ?'' ત્યારે સંતો બોલ્યા જે, '*પંચવર્તમાનમાં નિયમ સંબંધી તથા જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, મહિમા, ઉપાસના એ સંબંધી મનુષ્ય આગળ વાતુ કરતા.' ત્યારે મહારાજે પૂછ્યું જે, ''ઉપાસના સંબંધી કેવી રીત્યે વાતુ કરતા ?'' ત્યારે સંતે કહ્યું જે, 'ઉપાસના સંબંધી એમ વાતુ કરતા જે, મહારાજ છે તે દત્તાત્રેય, કપિલ, શુક, સનકાદિક જેવા મોટાપુરુષ છે.' એ સાંભળીને મહારાજે પોતાનું મસ્તક ડોલાવ્યું અને કહ્યું જે, ''કબૂતરના કબૂતર રહ્યા !''

એમ કહીને બોલ્યા જે, ''સર્વોપરી દિવ્ય સાકારમૂર્તિ અને સર્વ અવતારમાત્રના અવતારી અને સર્વેના નિયંતા એવા જે અમે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમનારાયણ, તે અમારા અક્ષરધામ તથા મુક્તે સહિત મનુષ્યદેહનું ધારણ કરીને, તમારે સર્વેને સજાતિ થઈને, હળીમળીને ભેળા રહીને, અમારે વિશે તમને હેત કરાવીને, સર્વોપરી અમારા સ્વરૂપનું જ્ઞાન આપ્યું તથા અનંત પ્રકારનાં મહા અદ્‌ભુત ઐશ્વર્ય જણાવ્યાં તથા અનંત જીવુંને સમાધિ કરાવીને ગોલોકાદિક અનંત ધામ દેખાડયાં તથા માયાપાર અમારું અક્ષરબ્રહ્મ નામે ધામ તેને વિશે અનંત મુક્તે સહિત અમારા દિવ્ય સ્વરૂપનાં સાક્ષાત્કાર અનંત ભક્તજનને દર્શન કરાવ્યાં તથા સર્વે અવતારને અમારી સ્તુતિ કરતા થકા અમારા સ્વરૂપને વિશે લીન કરી દેખાડ્યા તથા મોટા મોટા રામકૃષ્ણાદિક અવતારથી પણ જે કાર્ય ન થાય તેવાં કાર્ય તો સહેજમાં ભક્તદ્વારે કર્યાં તથા સત્પુરુષદ્વારે એવાં અનંત કાર્ય કર્યાં, તો પણ તમને એ વાતની લગાર પણ ખુમારી આવી નહિ ? માટે અમારું સ્વરૂપ તમારા હૃદયમાં પેઠું જ નહીં; ને જો પેઠું હોય તો જીરવાય જ કેમ ?

જેમ મૂળો ખાય ને ગમે તેટલાં ભોજન જમે, પણ મૂળો સર્વેને દાબીને પોતાનો ઓડકાર કાઢે છે, તેમ માહાત્મ્યે સહિત જેવું છે તેવું અમારું સ્વરૂપ યથાર્થ જાણ્યું હોય, તો અમે ના કહીએ તો પણ તમારાથી કહ્યા વિના રે'વાય જ કેમ ?

માટે જાણ્યામાં ઘણો ફેર છે. ને જ્યારે આ અમારું સ્વરૂપ જેવું છે તેવું પરિપૂર્ણ સમજાશે, ત્યારે તમારે અમારા સ્વરૂપનો મહિમા કે'વા સાંભળવામાં કોઈ પ્રકારનો અંતરાય નહિ રહે.'' વળી મહારાજ કે'તા જે, ''ગમે તેવો ઉત્તમ મુમુક્ષુ હોય અને અમ ભેળો રે'તો હોય, પણ તેને જો અમારી મરજીના જાણનારા સત્પુરુષનો સંગ ન હોય, તો અમારું સ્વરૂપ યથાર્થ રીત્યે સમજવામાં ન્યૂનતા રહી જાય.'' માટે ભગવાન ભેળા રહ્યા ને ખોટયું રહી ગઈ, તે આ સાધુના સમાગમ વિના.

(૧૨) એકસમે મહારાજ કચ્છદેશમાં કાળુતળાવ, માંડવી, તેરા વગેરેમાં બહુ જ ફર્યા ને સંતમંડળ પણ સંગાથે હતાં અને વાતુ પણ પોતે અખંડ કર્યા કર્યે ને તેમાં સર્વોપરી પ્રગટપણાની વાતુ બહુ જ લાવે. એમ કરતાં કરતાં પોતે એક દિ' બહુ ઉદાસ થઈ ગયા અને મુકતાનંદસ્વામીને કહ્યું જે, ''અમે કહીએ તો બધા ત્યાગી પણ થઈ જાય અને પરોક્ષ અવતાર અને તેમના ભકતની વાતુ કહીએ છીએ, ત્યારે સૌ સાંભળવામાં ખબરદાર થઈ જાય છે પણ અમારા સર્વોપરી અને પ્રગટપણાની અને અમારા અનાદિ મુક્ત ને અક્ષરબ્રહ્મ નામે ધામની જો કોઈ એવી વાત કહીએ તો સૌ અકળાય છે ને ઊઠી નીકળે છે માટે હવે તો જાણે દેહ મૂકી દઈએ, એમ થાય છે.'' એવી રીત્યે મુક્તાનંદસ્વામીને વાત કરી.

પછી ત્યાંથી પંચાળે આવીને મંદવાડ ગ્રહણ કર્યો ને અંતરવૃત્તિ કરી ગયા ને બોલે નહિ ને શરીરમાં તાવ ને માથું બહુ જ ગરમ જણાય, પછી મુકતાનંદસ્વામીએ નાડી જોઈને માથે હાથ મૂક્યો ત્યાં તો <u>લોઢી જેવું માથું ધગે</u>. પછી પોતે દાબવા મંડયા ને પોતાને કચ્છદેશમાં મહારાજે વાત કરી હતી તે સાંભરી આવી ને પોતાનું હૈયું ભરાઈ આવ્યું અને <u>હીબકાં</u> ભરવા મંડયા ને આંખ્યુંમાંથી પાણીની ધાર મહારાજના મસ્તક પર પડી, તેથી મહારાજે અંતરવૃત્તિમાંથી બા'ર્ય આવીને નેત્રકમળ ઉઘાડીને જોયું, ત્યાં તો મુકતાનંદસ્વામીને દિલગીર થાતા જોયા; પછી મહારાજ કહે, ''સ્વામી, આમ કાં કરો ?'' ત્યારે મુકતાનંદસ્વામી નેત્રમાંથી જળ લૂછીને બોલ્યા જે, 'મહારાજ ! તમે કચ્છદેશમાં વાત કરી હતી તે સાંભરી આવી ને મનમાં એમ ઘાટ થયો જે, આગળ ભગવાનના જે જે અવતાર થયા તેની પરંપરાનું કાંઈક ચિહ્‌ન ને કો'ક શાસ્ત્ર, સાખી કે શબ્દ પાછળ હોય છે તથા શિષ્યપરંપરા હોય છે ને તમે <u>ઠામુકા</u> ઉદાસ થઈ ગયા, તે પાછળ કોણ જાણશે ?' ત્યારે મહારાજે મુકતાનંદસ્વામીને કહ્યું જે, ''સ્વામી, ચિંતા કરશો મા; હવે અમે સાજા થઈએ છીએ અને ચાર ગૂઢ સંકલ્પ કરીએ છીએ જે,

પ્રથમ તો સર્વેના કારણ ને સર્વેના નિયંતા ને સર્વે થકી પર એવા જે સ્વયં પુરુષોત્તમ અમે તે અક્ષરધામ તથા મુક્તસહિત આ પૃથ્વી ઉપર પધાર્યા તે અમારી ઉપાસના રહે તે સારુ સર્વોપરી શિખરબંધ મંદિર કરાવીને અવતારની મૂર્તિએ સહિત અમારી મૂર્તિનું શ્રેષ્ઠપણે સ્થાપન કરીશું અને એ રીત્યે ઉપાસના પ્રવર્તાવવી એ પ્રથમ સંકલ્પ કર્યો.

તથા અમારું સ્વરૂપ જે અક્ષરબ્રહ્મ તે દ્વારે માયાનું કપટ દૂર કરીને, આ પૃથ્વીનું તળ રહે ત્યાં સુધી અનંત જીવુંનું આત્યંતિક કલ્યાણ કરવા સારુ, પરંપરાએ આત્યંતિક જ્ઞાનના દાતા ને અક્ષરબ્રહ્મના <u>સાધર્મ્યપણાને</u> પામેલા એવા પરમ એકાંતિક સત્પુરુષ કરવા એ બીજો સંકલ્પ કર્યો.

ને પુરુષોત્તમનારાયણ, અક્ષરબ્રહ્મ અને મુક્તોનાં સ્વરૂપને પ્રતિપાદન કરનારાં તથા અમારાં લીલાચરિત્ર તથા ઐશ્વર્યપ્રતાપને યથાર્થ કે'નારાં તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યજ્ઞાનેસહિત એવી જે પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપને વિશે અનન્ય ભક્તિ, એ ચારેય ગુણેયુક્ત એવો જે પરમ એકાંતિક ધર્મ તેને યથાર્થ કે'નારાં તથા જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મના શુદ્ધ સ્વરૂપને યથાર્થ પ્રતિપાદન કરનારાં તથા પોતે પુરુષોત્તમભગવાન તથા તેનું ધામ તથા તેના દૃઢ ઉપાસક એવા મુક્ત તેના મહિમાને યથાર્થ કે'નારાં ને પ્રગટના સંબંધને પામેલાં એવાં જે તીર્થ તથા સ્થાવર જંગમ સર્વે પદાર્થના મહિમાને કે'નારાં તથા વ્રત, ઉત્સવના નિર્ણયને કે'નારાં તથા સ્વરૂપને જણાવનારાં એવાં શાસ્ત્ર કરવાં; તે ત્રીજો સંકલ્પ કર્યો.

તથા મંદિર, સાધુ, શાસ્ત્ર અને હરિજન એ સૌની રક્ષા કરવાસારુ ધર્મકુળના બે આચાર્ય કરવા, એ ચોથો સંકલ્પ કર્યો.''

એવી રીત્યે ગૂઢ સંકલ્પ કરીને પોઢી ગયા, પછી જાગીને ઝીણાભાઈને બોલાવીને કહ્યું જે, ''ઝીણાભાઈ, તમે થાળ કરાવો તો અમે જમીને સાજા થઈએ.'' ત્યારે ઝીણાભાઈ બોલ્યા જે, 'મહારાજ ! તમે સાજા થાઓ તો હજાર થાળ કરાવું.' એમ કહીને થાળ કરાવ્યો તે જમ્યા ને મંદવાડ ગ્રહણ કર્યો હતો તે સાજા થયા અને ગઢપુર (ગઢડા) પધાર્યા.

(૧૩) એકવખતે ગઢડામાં મહારાજ રાત્યને સમે સભા કરીને પોતાના સર્વોપરી પુરુષોત્તમપણાની વાતુ કરતા હતા તે સમે જે, એકાંતિક જ્ઞાનવાન સંત હતા, તે તો જેમ <u>ચમકપાણ</u>માં લોઢું તણાય તેમ મહારાજની મૂર્તિમાં સમગ્રપણે તણાઈ જાતા તથા જેમ ચંદ્રમાને દેખીને ચકોરપક્ષી સર્વપ્રકારે જોડાય, તેમ

મહારાજના મુખકમળરૂપી ચંદ્રમા તેને વિશેથી નીકળતું એવું વચનરૂપી અમૃત, તેનું પાન કરવાને વિશે છે શ્રદ્ધા જેને, એવા થકા સર્વ એકાગ્રચિત્તે કરીને જોડાઈ જાતા હવા ને એવી રીત્યે પુરુષોત્તમ નિરૂપણની વાતુ કરતાં બાર ઉપર બે વાગ્યાનું ટાણું થયું પણ વાતુમાં દઢ આસક્તિએ કરીને કોઈને મટકું પણ આવ્યું નહિ.

ત્યાં તે સમે જે સંતો સૂતા હતા તેમાંથી એક સંત જાગ્યા ને ધૂન્ય કરી. ત્યારે મહારાજ બોલ્યા જે, "શું થયું ?" ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, 'મહારાજ ! એ તો પાળી બદલાણી.' ત્યારે મહારાજ બોલ્યા જે, "આવી ભગવાનના સ્વરૂપસંબંધી અગાધ ગહન વાતુ થાય છે, તેમાંય સૂતા હશે ?" ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, 'મહારાજ ! એ એક નહિ પણ ઘણા સૂતા છે.' ત્યારે મહારાજ કહે, "અહો ! અહો ! આવી વાતુ થાય છે ને જે સૂતા છે તેમને બહુ જ ખોટય ગઈ; કેમ જે, આવી વાતુ ક્યાંથી સમજાશે ?" ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, 'આવી વાતુ સાંભળે છે તે સર્વેને મળો, તો જે સૂતા છે તેમને પસ્તાવો થાય.' પછી મહારાજ સર્વેને મળતા હવા. ત્યારે જિજ્ઞાસાનંદસ્વામી જે સૂતા હતા તે સર્વેને કહી આવ્યા જે, 'શું સૂતા છો ? મહારાજ સબકુ મીલતે હૈ.' ત્યાં તો ઊઠી ઊઠીને સૌ આવવા મંડ્યા, ત્યારે મહારાજે કહ્યું જે, "સાધુ વધી ગયા !" એમ કહીને બેસી ગયા.

એમ જે રુચિવાળા હતા ને મહિમાએ સહિત જ્ઞાનવાળા હતા, તેને તો આખી રાત્ય મહારાજ દર્શન દેતા હોય કે, વાતુ કરતા હોય ત્યારે આખી રાત્ય મહારાજનાં દર્શન કરતા ને વાતુ સાંભળતા ને કેટલાક સૂઈ પણ રે'તા અને આંહીં પણ સર્વોપરી વાતુ થાય છે ને સર્વોપરી સાધુનો જોગ છે, તેમાં જે રુચિવાળા છે તે તો આખી રાત્ય ને આખો દિ' વાતુ સાંભળે છે ને દર્શન કર્યે છે ને કેટલાક બહારગામથી આવી આવીને સમાગમ કરી જાય છે ને કેટલાક આંહીં મેડે મંડળી ભેળી થઈને મલકની નિંદા કર્યે છે ને કેટલાક ગપ્પાં માર્યે છે; તેમાં શું પાકે ?

(૧૪) શબ્દે કરીને સાધુથકી જ્ઞાન પામીને દેહ બંધાય છે, પછી જેમ બુંદસૃષ્ટિના દેહની ઉત્પત્તિને લઈને કણબીનો દીકરો કહે જે, 'હું કણબી છું.' બ્રાહ્મણનો દીકરો કહે જે, 'હું બ્રાહ્મણ છું.' એમ ઉત્તમ, નીચ જાતિમાં જ્યાં જ્યાં જન્મે તેનું અભિમાન લઈને દેહાંત સુધી બોલે છે; તેમ,

સદ્‌ગુરુ શબ્દાતીત પરમ પ્રકાશ હૈ, જાકે શરણે જાય, અવિદ્યા નાશ હૈ,

એવા શબ્દે કરીને બ્રહ્મરૂપ ગુરુને શરણે થયો ને મન, કર્મ, વચને શુદ્ધભાવે જોડાણો,

તે એમ માને જે, ''એ સદ્‌ગુરુને જેવા મેં બ્રહ્મરૂપ જાણ્યા, તેવો જ તેને સજાતીય હું થઈ રહ્યો છું.'' તે પ્રથમનાં ૫૮માં વચનામૃતમાં કહ્યું છે જે, 'સત્પુરુષને નિષ્કામી, નિર્લોભી, નિ:સ્વાદી, જેવા જેવા જાણે તેવો પોતે થાય છે' ને પ્રથમનાં ૧૪માં વચનામૃતમાં કહ્યું છે જે, 'સંતનો સમાગમ મળ્યો છે તે તો પરમ ચિંતામણિ ને કલ્પવૃક્ષ મળ્યાં છે, માટે હું કૃતાર્થ થઈ રહ્યો છું.' એમ હમણાં જેવી મતિ છે તેવી ગતિ થાય છે તથા સારંગપુરનાં ૧૦માં વચનામૃતમાં કહ્યું છે કે, 'સંતસમાગમમાં પડ્યો રહે ને અપમાનનું સહન કર્યે તો તે સમજણવાળા સંત જેવો જ તેને જાણવો ને તેના જેવી જ તેની પ્રાપ્તિ જાણવી.' તથા સૌભરિ ને કર્દમઋષિને દૃષ્ટાંતે, 'જેવા ભક્ત મળે ને તેમાં જેને હેત થાય તેના જેવું જ તેનું કલ્યાણ થાય.' એમ પ્રથમનાં ૭૫માં વચનામૃતમાં ને બીજે ઘણે ઠેકાણે કહ્યું છે, માટે સાક્ષાત્ અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામીને બ્રહ્મસ્વરૂપે વર્તતા એવા સંતને મહારાજે પોતાની મૂર્તિ કહી છે તથા પોતાનું સ્વરૂપ કહ્યું છે તથા એવા સંતને પૂજ્યે મહારાજ તથા અક્ષરધામ અને અક્ષરમુક્તો પૂજાઈ રહ્યા તથા,

સાચા સંત સેવ્યે સેવ્યા નાથ, સેવ્યા સુર સહુને;
એવા સંત મળ્યે મળ્યા સ્વામી* ખામી કોયે ન રહી;
(*સ્વામી એટલે શ્રી સહજાનંદસ્વામી)
(કીર્તન મુક્તાવલિ : ૧૦૩૪)

એમ કહ્યું તથા વચનામૃતમાં કહ્યું જે, 'એવા સંતને દર્શને અનંત પતિત જીવુંનો ઉદ્ધાર થાય છે તથા એવા સંતની સેવાએ સાક્ષાત્ ભગવાનની સેવા થાય છે ને એવાનું દર્શન થયું ત્યારે સાક્ષાત્ ભગવાનનું દર્શન થયું.' (વચ.ગ.પ્ર.૩૭) એમ ઠામેઠામ કહ્યું છે. હવે જેવા ગુરુને સેવે છે તેવું શિષ્યમાં દૈવત આવે છે; માટે જેણે ગુણાતીત થાવું હોય ને ગુણાતીત એવું જે અક્ષરધામ તેને સાક્ષાત્ પામવું હોય ને અખંડ પુરુષોત્તમભગવાનની સેવામાં રે'વું હોય; તેને આ બરાબર બીજું કાંઈ નથી.

(૧૫) સંવત ૧૯૧૧ની સાલમાં રઘુવીરજીમહારાજે વરતાલમાં પ્રથમવાર 'સત્સંગીજીવન'ની કથા કરાવી તેમાં સ્વામીને ચાર માસ રાખીને સભામાં પુરુષોત્તમપણાની વાતુ કરવા ઠરાવ કર્યો. એક દિવસ સ્વામીએ ઉપાસનાની અને મહિમાની બહુ જ વાતુ કરી કહ્યું જે, 'હજુ સત્સંગ કિયાં થયો છે ? આપણે પણ પૂરા સત્સંગી કિયાં થયા છીએ ?' મહારાજે કહ્યું છે કે, ''તપ, ત્યાગ, યજ્ઞ, અષ્ટાંગયોગ એ આદિક કોઈ સાધને હું વશ થાતો નથી, જેવો સત્સંગે વશ થાઉં છું.'' એ સત્સંગ તે શું ? તે મહારાજે જ છેલ્લાનાં ૩૯માં વચનામૃતમાં કહ્યું છે કે,

''સત્યરૂપ એવો જે પોતાનો આત્મા અને સત્યરૂપ જે ભગવાન તેનો નિરંતર જેને સંગ થયો તેને સત્સંગી જાણવો.'' તે એવા સત્સંગી કરવા સારુ મહારાજ અને આ સાધુ આ લોકમાં આવ્યા છે. માટે આપણે તપાસી જોવું કે, આપણને આત્મા અને ભગવાનનો નિરંતર જોગ કેટલો રહે છે ? ને એવું નથી થયું ત્યાં સુધી ભલેને ભગવું કર્યું કે, સદ્‌ગુરુ કે'વાયા, તો પણ કાચું જાણવું અને હજુ ખરા ગુરુ જ કિયાં કર્યા છે ? એ પ્રકારે સ્વામીની વાતુ સાંભળીને ભણનારાઓએ શુકમુનિ પાસે ઉઠાવ કરીને કહ્યું જે, 'ગુણાતીતાનંદસ્વામી બહુ આકરી વાતુ કર્યે છે જે, મોટા સદ્‌ગુરુ કે'વાતા હોય તો પણ કાચું છે; ત્યારે તો આપણા શ્યા હાલ ! માટે આવતીકાલે તમે વાતુ કરજો.' આથી બીજે દિ' શુકમુનિ વાતુ કરવા મંડ્યા.

પછી તે જ રાત્યે શ્રીજીમહારાજે રઘુવીરજીમહારાજને દર્શન દઈ કહ્યું કે, ''ઠરાવ તો ચારેય માસ ગુણાતીતાનંદ સ્વામીએ વાતુ કર્યાનો છે, માટે કાલથી બીજા પાસે વાતુ કરાવશો નહિ.'' સવારમાં રઘુવીરજીમહારાજે આ સર્વે વાત શુકમુનિને કરી. એ સાંભળીને શુકમુનિયે હાથ જોડીને કહ્યું કે, 'મહારાજ, માર્યે પણ સ્વામીની વાતુ સાંભળવી છે પણ આ તો ભણનારા સર્વે ભેળા થઈને ઊહ કરી મુને ભોળવ્યો, એટલે હું વાતુ કરવા બેઠો.' પછી કથા પૂરી થઈ એટલે સ્વામી વાતુ કરવા બેઠા ને બોલ્યા જે, 'મહારાજે લોયાનાં છઠ્ઠા વચનામૃતમાં કહ્યું છે કે, સત્સંગ થયા પછી એકાંતિકપણું આવવું એ દુર્લભમાં દુર્લભ છે અને એકાંતિકપણું પામવા સારુ ગુરુ કરવા જો'એ, એટલું જ અમે તો બોલ્યા હતા, વધુ આકરું તો હજુ કાંઈ જ કહ્યું નથી.' પણ મહારાજે તો મધ્યના ૪૭મા વચનામૃતમાં કહ્યું છે કે, ''ખાધાપીધાની લાલચે કે, લૂગડાંની લાલચે કે, મનગમતા પદાર્થની લાલચે સંત ભેગો રહે; તો તેને લબાડ જેવો, કૂતરા જેવો ને મલિન આશયવાળો જાણવો.''

વળી પ્રથમનાં ૩૭માં વચનામૃતમાં મહારાજે, ''ભગવાનના પ્રતાપને નહિ જાણનારાને જડમતિ અને મૂરખ કહ્યા છે તેમ જ જે, ત્યાગીને સંબંધીઓમાં પ્રીતિ અને કામના છે તેને મહારાજે છેલ્લાનાં ૧૯માં વચનામૃતમાં પશુ જેવો કહ્યો છે.'' વળી પ્રથમનાં ૨૦માં વચનામૃતમાં, ''પોતાના સ્વરૂપને નહિ જોનારને અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની, ઘેલામાં અતિશે ઘેલો, મૂરખમાં અતિશે મૂરખ અને સર્વ નીચમાં અતિશય નીચ કહ્યો છે.'' માટે પોતાના જીવનું જેણે આત્યંતિક કલ્યાણ કરવું હોય, તેણે તો ખૂબ વિચારવું જો'શે અને કડવાં વેણ કહ્યા વગર તો જીવનો રોગ જાતો નથી; કેમ જે,

અતિ આદર્યું કામ અતોલ, પરલોક પામવા;
ત્યારે ખરી કરી જોઈએ ખોબ્ય, વિઘનને વામવા.
(કીર્તન મુક્તાવલિ : ૧૦૩૯)

માટે સાચી સમજણ તો બધાએ કરવી જો'શે. હવે જુઓ, મધ્યનાં ૯માં વચનામૃતમાં મહારાજે શ્રીમુખે કહ્યું છે જે, ''અમને બીજા અવતાર જેવા જાણે તો અમારો દ્રોહ કર્યો કે'વાય.'' જેમ નિરાકાર જાણવાથી ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાય છે, તેમ જ મહારાજને બીજા અવતાર જેવા જાણવાથી પણ મહારાજના સ્વરૂપનો દ્રોહ થાય છે.

વળી બ્રહ્માંડ-બ્રહ્માંડ પ્રત્યે દસ-દસ મૂર્તિયું રહી છે. એવાં અનંત કોટિ બ્રહ્માંડ તો મહાવિષ્ણુના રોમરોમ પ્રત્યે રહ્યાં છે; એવા મહાવિષ્ણુ જે પ્રધાનપુરુષ તે મૂળ પ્રકૃતિપુરુષ થકી અસંખ્ય કોટિ ઉપજે છે અને લય પામે છે. ને તે મૂળ પ્રકૃતિપુરુષ પણ જે, અક્ષરધામની કળાશક્તિએ કરીને બુદબુદાની જેમ અસંખ્યાત પ્રગટ થઈ આવે છે અને અક્ષરબ્રહ્મના પ્રકાશમાં લય પામી જાય છે; એવા જે મૂર્તિમાન અક્ષરધામ તે શ્રી સહજાનંદસ્વામીના દાસ છે ને એ અક્ષરબ્રહ્મથી પર અને તેમના પણ આત્મા એવા પ્રગટ પુરુષોત્તમનારાયણ તે સર્વ અવતારના અવતારી, સર્વ થકી પર, સર્વના પ્રેરક, નિયંતા અને સ્વામી છે, માટે એમને બીજા કોઈ જેવા કે'વાય જ નહીં; કેમ જે, મૂળ પ્રકૃતિપુરુષ પર્યંત સર્વે જે આકૃતિઓ છે તે કાળે કરીને નાશવંત છે તે જ્યાં સુધી સ્ત્રી-પુરુષનો ભાવ છે, ત્યાં સુધી એમ સમજવું. તે પ્રેમાનંદસ્વામીએ,

સાંભળ વાત કહું એક છાની, શ્યામ સુંદરવર નંદલાલની;
સાચી કહું માનજે મારી હેલી, સુંદર શ્યામ ગયા તને મેલી.

એ ચૌદ પદમાં એ લીલા વર્ણન કર્યું છે માટે એક અક્ષરધામમાં મૈથુની ગ્રંથિ નથી.

'વેદરસ'માં મહારાજે કહ્યું છે જે, ''અક્ષરધામ વિના બીજાં સર્વે ધામું ગુણમય છે અને તેમાં કાળ-માયાનો ભય રહ્યો છે.'' ને મધ્યનાં ૪૯માં વચનામૃતમાં કહ્યું છે કે, ''પ્રત્યક્ષ ભગવાન અને બીજા જે માયિક આકાર તેમાં તો બહુ જ ફેર છે. તે ફેર શું ? તો અન્ય અવતારમાત્ર પ્રકૃતિપુરુષથી ઓરા જાણવા તે છે. માટે અક્ષરધામ, મુક્ત અને પુરુષોત્તમ એ ત્રણ્ય વિનાના જે જે લોક છે અને એ લોકના દેવ અને તે દેવના જે વૈભવ તે સર્વે નાશવંત છે, વળી મનુષ્યને ભેંશ જેવો કે, સર્પ જેવો કે, ચરકલા (ચકલા) જેવો કે, ગધેડા જેવો કે, કૂતરા જેવો કે, કાગડા જેવો કે, હાથી જેવો છે એવી ઉપમા ન સંભવે; કેમ જે, મનુષ્યથકી

વિજાતીય છે, તેમ મહારાજને બીજા કોઈની ઉપમા દેવાય નહિ અને એ મહારાજના ધામને પણ બીજા કોઈની ઉપમા દેવાય નહિ; કેમ જે, પુરુષ-પ્રકૃતિ થકી ઉત્પન્ન થયા જે આકારમાત્ર તે સર્વે માયિક છે અને મહારાજ, અક્ષરધામ ને અક્ષરમુક્તો દિવ્ય અને અમાયિક છે.

માટે એ સર્વે માયિક આકાર અને ભગવાનને વિશે અતિશે વિલક્ષણપણું કે'તાં વિજાતીયપણું જાણવું, એ બેયને સાદૃશ્યપણું કેમ કે'વાય ?'' આવી ભગવત્સ્વરૂપની પાકી નિષ્ઠા હશે અને તેથી જો કદાચિત્ સત્સંગ બા'ર્ય નીસરી જવાય તો પણ તેને ભગવાનની મૂર્તિમાંથી હેત ટળતું નથી અને હમણાં સત્સંગથી બા'ર્ય છે, તો પણ દેહ મૂકીને તો અંતે ભગવાનનું જે અક્ષરધામ તેને વિશે ભગવાનની સમીપે જાશે અને હમણાં સત્સંગમાં રે'તો હશે અને શાસ્ત્રનાં વચનમાં પણ રે'તો હશે, પણ જો તેને આ કહી એવી મહારાજને વિશે અતિ શુદ્ધ પાકી નિષ્ઠા નહિ હોય તો તે જ્યારે દેહ મૂકશે ત્યારે કાં તો બ્રહ્માના લોકમાં જાશે ને કાં તો કો'ક બીજા દેવતાના લોકમાં જાશે, પણ તે પુરુષોત્તમ નારાયણના અક્ષરધામને વિશે નહિ જાય, એમ મહારાજને કે'વાનો હાર્દ છે.

સ્વરૂપનિષ્ઠાના બળ ઉપર એક વાત છે. કોઈ એક મુસલમાન બાદશાહે એક હિંદુ બ્રાહ્મણી બાઈને ઉપાડી જઈ તેની સાથે લગ્ન કર્યાં, પણ તે બાઈને શંકરની પાકી નિષ્ઠા હતી; તેથી દરરોજ શંકરની પૂજા કરવાની તેણે રજા મેળવી. પછી ધીમે ધીમે બાદશાહને સમજાવીને ગામમાં શંકરનું દેવાલય પણ બંધાવ્યું. એમ તે બાઈ અનન્યભાવે પૂજા-ઉપાસના કર્યે. આથી તે બાઈના મરણ સમયે શંકર તેડવા આવ્યા ને તે બાઈનો કૈલાસવાસ થયો. આમ નિષ્ઠા હોય તો હિંદવાણી મટીને મુસલમાન થઈ તો પણ તેના અંતરમાંથી શંકરસ્વરૂપની જે દૃઢ નિષ્ઠા હતી તે ટળી નહિ; કેમ જે, આ દેહ તો પૂર્વ કર્મને આધીન છે, તેનો એક નિરધાર રે'તો નથી; તો પણ એવી પાકી નિષ્ઠાવાળાનાં જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ, તેની રક્ષાને તો ભગવાન પોતે જ કર્યે છે અને ક્યારેક દેશકાળના વિષમપણે કરીને બા'ર્યથી તો તે ધર્માદિકના ભંગ જેવું જણાય; પણ તે ભક્તના અંતરમાં તો ધર્માદિકનો ભંગ થાતો જ નથી, માટે આપણે સૌને મહારાજની અનન્ય નિષ્ઠા પાકી કરવી પડશે.

એવી રીત્યે સ્વામીની વાતુ સાંભળીને શુકમુનિયે ભરસભામાં કહ્યું કે, 'ભાઈઓ, આ મધ્યનું ૯મું વચનામૃત શ્રીજીમહારાજના મુખકમળથી શ્રવણ કરીને મેં જાતે જ લખ્યું છે અને શોધ્યું પણ મેં જ છે; પરંતુ એનો ગૂઢાર્થ અને મર્મ તો આજે

જ સ્વામીએ અન્ય વચનામૃતોની સાખે કહ્યો ત્યારે જ સમજાયો.' એ સાંભળીને સ્વામી બોલ્યા જે, 'એ તો એવું હોય, માટે આપણે સૌએ શ્રીજીમહારાજને સર્વોપરી ભગવાન સમજીને ભજન-સ્મરણ કરવું.' આ વખતે ચાર માસ સુધી,

વિહદ વગાડી વાંસળી તીખી નૌત્તમ તાન,
ચૌદ લોક ધૂનિ સાંભળી છૂટચું શંકર કેરું ધ્યાન.

એ રીત્યે સ્વામીની પુરુષોત્તમપણાની વિહદ વાતોરૂપી વાંસળીથી મોટા મોટાનાં અંતરો ભેદાઈ ગયાં હતાં. (વચ.પં.૪/વચ.ગ.અં.૧૩)

(૧૬) સંવત ૧૮૮૬ની સાલમાં જ્યારે શ્રીજીમહારાજ સ્વધામ પધારવાના થયા, ત્યારે આગળથી મંદવાડ ગ્રહણ કર્યો ને અમુને કહ્યું જે, "તમે જૂનાગઢ જાઓ." ત્યારે અમારા મનમાં એમ થયું જે, હવે મહારાજ દેહ નહિ રાખે, એમ જાણી ઉદાસ થઈ ગયા ને આંખ્યુંમાં પાણી આવી ગયાં. તે જોઈ મહારાજ બોલ્યા જે, "અમારે નાહવા છે તે પાણી ઊનાં કરો." પછી પાણી ઊનું કર્યું ને અમે અંગ ચોળીને નવરાવવા માંડ્યા. તેમાં મહારાજે એટલું સુખ આપ્યું ને એટલો રાજીપો જણાવ્યો ને પછી મહારાજ અમારા સામું જોઈને કહે જે, "શ્યા સારુ મૂંઝાવ છો ? એ વખત આવશે ત્યારે હું બોલાવી લઈશ, પણ હમણાં જાઓ."

પછી અમે જૂનાગઢ આવ્યા ને જ્યારે વખત આવ્યો ત્યારે મહારાજે બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, "તમે જૂનાગઢ જાઓ ને ગુણાતીતાનંદસ્વામીને આંહીં મોકલો." એટલે બ્રહ્માનંદસ્વામી જૂનાગઢ આવ્યા ને અમે જેઠ સુદિ છઠને દિ' ગઢડે સવારમાં ગયા. તે સમે મહારાજે મંદવાડ બહુ જ જણાવ્યો ને કોઈને પાસે જાવા દિયે નહિ, પણ સોમલાખાચરે મહારાજને કહ્યું જે, 'જૂનાગઢથી ગુણાતીતાનંદસ્વામી આવ્યા છે.' ત્યારે મહારાજે કહ્યું જે, "તેને આંહીં બોલાવો." પછી અમે ગયા ને દંડવત્ કરી પગે લાગીને બેઠા ત્યારે મહારાજ બેઠા થઈને મળ્યા ને અમારી સામું બહુ વાર જોઈ રહ્યા. ને બોલ્યા જે,

મીઠા વહાલા કેમ વિસરો મારું, તમથી બાંધેલ તન હો,
તરસ્યાને જેમ પાણીડું વહાલું, ભૂખ્યાને ભોજન હો. મીઠા૦
(કીર્તન મુક્તાવલિ : ૧૯૮)

એમ કહીને પૂછ્યું જે, "સુખી છો ? સર્વેને વસ્ત્ર-ઘરેણાં પૂરાં થઈ રહ્યાં ?" ત્યારે અમે કહ્યું જે, 'મહારાજ તમારી દષ્ટિથી સૌ સુખી છે પણ સિદ્ધેશ્વરને મુગટ નથી.' ત્યારે મહારાજે બ્રહ્મચારીને કહ્યું જે, "ઓલ્યો ધરમપુરવાળો મુગટ લાવો." તે લઈને મહારાજે અમને આપ્યો ને કહે જે, "આ સિદ્ધેશ્વરને મુગટ." એમ કહીને

બ્રહ્મચારી થાળ લાવ્યા, તે જરાક જમ્યા ને અમને પ્રસાદી આપી ને પોઢી ગયા.

પછી બીજે દિ' અમને ને ગોપાળાનંદસ્વામીને બોલાવ્યા અને ગોપાળાનંદસ્વામીને કહ્યું જે, ''સ્વામી, તમે પ્રથમથી જ જાણો છો અને આજ પણ કહું છું જે, તમને સર્વેના મોટેરા કર્યા છે, પણ આ અમારે રહ્યાનું ધામ જે ગુણાતીતાનંદ સ્વામી તથા રઘુવીરજી એ બેનું વિશેષ રાખજો.'' પછી દસમને દિ' સ્વેચ્છાથી પોતે સ્વધામ પધાર્યા ને વૈમાનમાં પધરાવી લક્ષ્મીવાડીએ લઈ ગયા; ત્યાં કોઈને ધીરજ રહી નહિ, તે રોકકળ થઈ રહી. પછી ગોપાળાનંદસ્વામીએ અમને કહ્યું જે, 'આ બધાય તો એમના બાપને મૂઆ દેખે છે, માટે ઊઠો, મહારાજની દેહક્રિયા કરો.' એટલે રઘુવીરજીમહારાજને આગળ રાખીને મહારાજની દેહક્રિયા સર્વે અમે કીધી.

પછી અમે <u>બહિર્ભૂમિએ ગયા,</u> તે જઈને પાછા વળ્યા, ત્યારે ધોરિયાને કાંઠે લીલી <u>ધ્રોકડ</u> <u>ભાળી.</u> તે જોઈને એમ થયું જે, 'આનું જીવન તો જળ છે, પણ આપણું જીવન તો ગયું !' એમ થયું ત્યારે દેહની વિસ્મૃતિ થઈ ગઈ ને હાથમાંથી તુંબડી ઊડી પડી ને અમે પણ પૃથ્વી ઉપર પડી ગયા. તે ભેળા મહારાજ આવીને અમને બેઠા કરી બથમાં ઘાલીને મળ્યા ને કહે જે, ''આ શું ? હું ક્યાં ગયો છું ? તમારે વિશે જ અખંડ રહ્યો છું ! અખંડ રહ્યો છું ! અખંડ રહ્યો છું !'' એમ ત્રણ્યવાર કહ્યું.

(૧૭) એકવખતે સ્વામીએ વાત કરી જે, જેવા ભગવાન છે તેવા જો યથાર્થ ઓળખાય તો બીજા ભગવાન ખોળવા પડચે નહિ તથા જેવા આ સાધુ છે તેવા જો ઓળખાય તો બીજા સાધુ ઓળખવા રહે નહિ તથા જેવી આ પ્રાપ્તિ થઈ છે તેવી યથાર્થપણે સમજાય તો બીજી પ્રાપ્તિ કરવી રહે નહિ. અને ભગવાન પરોક્ષ મનાય છે, અગોચર મનાય છે, ગયા એમ મનાય છે, ''મારું કાંઈ જાણતા નથી.'' એમ મનાય છે એ સર્વે અજ્ઞાન છે અને જ્યારે સાક્ષાત્કાર ભગવાનના સ્વરૂપનું અતિ દઢ, પ્રત્યક્ષ પ્રમાણ જ્ઞાન થાય ત્યારે તેને ભગવાન પરોક્ષ મનાય જ નહીં ને ''ભગવાન તો જેમ હથેળીમાં જળનું ટીપું હોય તેને દેખીએ, એમ મારી સામું અખંડ જોઈ રહ્યા છે.'' આવી રીત્યે પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપનું અપરોક્ષ એટલે સાક્ષાત્ જ્ઞાન થાય ત્યારે એને કાંઈએ બીજું જાણવું-પામવું રે'તું નથી. એ તો દેહ છતાં જ પરમપદને પામી રહ્યો છે એમ છેલ્લાનાં બીજા વચનામૃતમાં કહ્યું છે.

(૧૮) એકવખતે સ્વામીએ વાત કરી જે, સનકાદિક ઋષિઓએ સૂતપુરાણીને પૂછ્યું જે, 'ધર્મના <u>બખ્તર</u>રૂપ એવા જે, ભગવાન તે અંતર્ધ્યાન થયા

પછી ધર્મ કેને શરણે રહ્યો ?' ત્યારે સૂતપુરાણીએ કહ્યું જે, 'એ તો ભગવાન ભેળો ગયો.' ત્યારે ફરીને પૂછ્યું જે, 'આંહીં ધર્મ રહ્યો કે નહિ ?' ત્યારે કહ્યું જે, 'ધર્મ તો ભગવાનની મૂર્તિને આશરે રહ્યો છે, માટે જેણે ભગવાનની મૂર્તિ રાખી ત્યાં ધર્મ જે તે પોતાના પરિવાર સહિત અખંડ રહે છે.' 'ધર્મામૃત'માં પણ મહારાજે પોતે શ્રીમુખે કહ્યું છે જે, "સાક્ષાત્ ભગવાનના સંબંધને પામ્યો એવો જે, એકાંતિક ધર્મ તે તો એ ધર્મને ધારીને રહે એવા જે, સાક્ષાત્ મોટા એકાંતિક સંત જ્યાં હોય ત્યાં તે એકાંતિક ધર્મ જે, તે પ્રગટપણે વરતાય છે અને જ્યારે એવા મોટા એકાંતિક સત્પુરુષ ન હોય ત્યારે એ એકાંતિક ધર્મ જે, તે આ પૃથ્વી ઉપરથી અંતર્ધ્યાન થઈ જાય છે." ત્યારે એક હરિજને હાથ જોડીને પૂછ્યું જે, 'એકાંતિક ધર્મને ધારીને રહે એવા જે, સત્પુરુષ તે કેવા હોય ?'

ત્યારે બોલ્યા જે, 'પરાત્પર એવા જે સર્વોપરી પુરુષોત્તમભગવાન અને તેમને રહ્યાનું ધામ જે મૂળઅક્ષર, તે બેયના પ્રત્યક્ષ સ્વરૂપનો સાક્ષાત્કાર સંબંધ થયો હોય ને એ બેયને જેવા છે તેવા ઇન્દ્રિયું, અંતઃકરણ ને અનુભવ એ ત્રણ્યે કરીને જાણ્યા હોય અને પોતે પ્રગટ મૂળઅક્ષર જેને વિશે સાક્ષાત્ પુરુષોત્તમભગવાન અખંડ વિરાજી રહ્યા છે, તે અક્ષરનું સાધર્મ્યપણું પામીને એમ માનતા હોય જે, "એ અક્ષરબ્રહ્મ જ મારો આત્મા કે'તાં મારું સ્વરૂપ છે ને મારા વિશે પ્રગટ પુરુષોત્તમભગવાન શ્રી સહજાનંદસ્વામી સદાય વિરાજમાન છે." એવી જ્ઞાનની અતિદઢ સ્થિતિને પામ્યો હોય; અને જે મુમુક્ષુ જીવ પોતાને શરણે આવે તેને એવી સ્થિતિ પમાડચે અને પોતે પ્રગટ પુરુષોત્તમભગવાનમાં સર્વ પ્રકારે જોડાણા હોય અને બીજાને જોડે ને પોતે ભગવાનની આજ્ઞા પાળે ને બીજાને પળાવે ને પોતે ભગવાનનું વચન કોઈ કાળે લોપે નહિ ને બીજા પાસે લોપાવે નહિ ને પોતે માયા ને માયાનું કાર્યમાત્ર યત્કિંચિત્ જે નામરૂપમાત્ર તેને અસત્ય, નાશવંત ને તુચ્છ જાણે, પણ તેમાં કોઈ કાળે મોહ પામે નહિ અને જે જીવ પોતાને આશરે આવે તેને પણ માયાના કાર્યમાં મોહ પામવા દિયે નહિ; એવે લક્ષણે યુક્ત જે હોય તેને મોટા એકાંતિક સત્પુરુષ જાણવા.

અને જે મોટા એકાંતિક સત્પુરુષ તેને આશરીને એકાંતિક ધર્મ જે, તે પોતાનો પરિવાર જે, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, મહિમા, ઉપાસના, આત્મનિષ્ઠા, અહિંસા, બ્રહ્મચર્ય એ આદિકે સહિત અખંડ નિવાસ કરીને રહે છે; એવા જે, સત્પુરુષ તે તો સૌના મિત્ર છે ને સર્વ જે, જીવ-પ્રાણીમાત્રના અજ્ઞાનને હરવાને

વિશે તો સૂર્યતુલ્ય કહ્યા છે. તે માટે જે, મુમુક્ષુને એકાંતિક ધર્મ સિદ્ધ કરવો હોય ને સાક્ષાત્ અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામીને સાક્ષાત્ પુરુષોત્તમનારાયણની અખંડ સેવામાં રે'વું હોય તેણે, તેવા સંતમાં સર્વપ્રકારે અંતરાયે રહિત થઈને જોડાવું, પણ તે વિના પોતાના બુદ્ધિબળે કરીને શાસ્ત્રમાંથી શીખીને પણ એ એકાંતિક ધર્મ પમાતો નથી. એ તો એકાંતિક થકી જ એકાંતિક ધર્મ પમાય છે, તેમ પ્રથમનાં ૬૦માં વચનામૃતમાં કહ્યું છે.'

(૧૯) એક વખતે અમે વાત કરી જે, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ ને મહિમા એ પાંચેય ગુણમાં <u>અવાંતરે</u> દોષ કેમ આવી જાય છે, તે કહીએ છીએ. હવે જે ધર્મ છે તે સત્સંગમાં અચળ પાયો કરાવે એવો તેમાં ગુણ છે પણ કેવળ ધર્મ પ્રધાન થઈ જાય તો ભક્તિ આદિક બીજા ચારેય ગૌણ થઈ જાય; તેમ જ પ્રગટ ભગવાન ને પ્રગટ સાધુ તે પણ ગૌણ થઈ જાય અને જ્ઞાનમાં એ ગુણ છે જે, જીવથી કરી ને પુરુષોત્તમભગવાન પર્યંત સર્વના સ્વરૂપને યથાર્થ જાણે તથા સત્ય-અસત્યનો વિવેક થાય, ત્યારે આંહીંથી તે ઠેઠ પ્રકૃતિપુરુષ સુધી જે માયિક સુખ-દુ:ખમાત્ર તે ખોટાં થઈ જાય ને તેના કાર્યમાં મોહ પામીને તેના પ્રવાહમાં લેવાય નહિ, એ જ્ઞાનને વિશે ગુણ છે પણ કેવળ જ્ઞાન એક જ પ્રધાન થાય તો બીજા ધર્માદિક ચારેય ગૌણ થઈ જાય ને પ્રગટ ભગવાન ને પ્રગટ સાધુ તે પણ ગૌણ થઈ જાય. ને અહંભાવ વૃદ્ધિ પામીને પ્રગટ ભગવાન ને સત્પુરુષથકી શુષ્ક થઈને ઉદાસ થઈ જવાય ને તેમાં મનુષ્યભાવ પરઠાય એ જ્ઞાનમાં દોષ કે'વાય અને વૈરાગ્યે કરીને પ્રકૃતિપુરુષ પર્યંત જે માયિક પિંડ, બ્રહ્માંડ આદિક સર્વે રૂપ ને આકારમાત્રને અત્યંત નાશવંત ને દુ:ખરૂપ ને સ્વપ્નતુલ્ય અસાર જાણીને, એ સર્વેને વિશેથી પ્રીતિ ટળી જાય ને એમાં કોઈ કાળે સત્યપણાની ને સુખપણાની ભાવના થાય નહિ, એ વૈરાગ્યને વિશે ગુણ જાણવો, પણ કેવળ વૈરાગ્ય પ્રધાન થઈ જાય તો પ્રગટ ભગવાન ને પ્રગટ સત્પુરુષ તે ગૌણ થઈ જાય ને ભગવાન ને સત્પુરુષને વિશેથી મન લૂખું થઈ ભક્તિ થકી પડી જવાય, એ વૈરાગ્યને વિશે દોષ જાણવો અને ભક્તિએ કરીને તો પ્રગટ ભગવાન તથા પ્રગટ સંત રાજી થાય ને સત્સંગમાં મોટપ મળે, એ ભક્તિમાં ગુણ છે; પણ કેવળ એક ભક્તિ જ પ્રધાન થઈ જાય, તો જ્ઞાન આદિક ચારેય ગૌણ થઈ જાય ને સ્વભાવ વધી જાય; પછી કો'ક ટોકે તે પણ ન ખમાય.

અને પ્રગટ ભગવાન અને પ્રગટ સત્પુરુષ થકી સ્વભાવને વશ થઈને નોખું પડી જવાય છે, એ ભક્તિને વિશે દોષ જાણવો અને મહિમા સમજવામાં એ ગુણ

જે દસ-દસ મૂર્તિયું સહિત એવાં જે અસંખ્યાત બ્રહ્માંડ તથા તેના અધિપતિ પ્રકૃતિપુરુષ ને મહાકાળ પર્યંત કોઈની મોટયપ ઐશ્વર્ય, સામર્થ્ય તે લેશમાત્ર પણ નજરમાં આવે નહિ અને પ્રકૃતિના કાર્યમાં દાઢયું અંબાઈ જાય ને સાક્ષાત્ અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામીને પોતે પ્રગટ પુરુષોત્તમભગવાનની મૂર્તિ તેને વિશે સદા નિમગ્ન રહે, એ મહિમામાં ગુણ છે, પણ કેવળ એક મહિમા જ પ્રધાન થઈ જાય, તો ધર્મ, ભક્તિ આદિક ચારેય ગૌણ થઈ જાય ને વેદાંતને પામીને ઇન્દ્રિયું-અંતઃકરણ મોકળાં થઈ જાય તથા ભગવાન ને પ્રત્યક્ષ સત્પુરુષને વિશે માન આવે, પણ હલકું થઈને તેની સેવામાં વરતાય નહિ, એ મહિમામાં દોષ જાણવો.

(૨૦) એકસમયે મહારાજ કહે જે, "અમે ઉદાસ થયા છીએ; કેમ જે, અમારા કોઈ નહિ." ત્યારે ભક્તોએ કહ્યું જે, 'આ સાધુ, બ્રહ્મચારી, પાળા, હરિજન તે સર્વે તમારા છે ને તમે તો કહો છો જે અમારા કોઈ નહિ ?' ત્યારે મહારાજ બોલ્યા જે, "અમારા હોય તો અમને રાખે નહિ ? આ તો કે'વાય અમારા ને હૈયામાં રાખે બીજાને; તે અમને બહુ <u>ખરખરા</u> થાય છે ! કેમ જે, દીક્ષા અમારી, વેષ અમારા, તિલક-કંઠી અમારાં, લૂગડાં-રોટલા બધુંય અમારું ને રાખે બીજાને, તે અમને બહુ વસમા લાગે છે." ત્યારે ભક્તોએ કહ્યું જે, 'મહારાજ ! જે તમને ન રાખે તે તેને ખોટય, પણ તમે ઉદાસ શ્યા સારુ થાવ છો ?'

ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે સમજ્યા નહિ, જેમ કોઈ ક્ષત્રીવર્ણ ને આકરો માણસ હોય ને તેની સ્ત્રી કોઈ બીજા પુરુષના ઘરમાં જઈને <u>ધમધમાટી દિયે</u>, ત્યારે તેના ધણીને કેવા વસમા લાગે ?" ત્યારે તે ભક્ત કહે કે, 'મહારાજ ! એ તો જો મળે તો માથું કાપી નાખે !' ત્યારે મહારાજ બોલ્યા જે, "અમને પણ એવા વસમા લાગે છે; કેમ જે, દસ-દસ મૂર્તિયું સહિત અસંખ્ય કોટિ બ્રહ્માંડો તો અમારે રે'વાનું ધામ જે, અક્ષરબ્રહ્મ તેના રોમરોમ પ્રત્યે રહ્યાં છે. એવા મોટા જે, અક્ષરબ્રહ્મ તેના પણ સ્વામી ને ઉપાસ્ય મૂર્તિ એવા જે અમે સર્વોપરી પુરુષોત્તમભગવાન, તે કેવળ કૃપા કરીને અનંત જીવુંનાં આત્યંતિક મોક્ષને માટે આ મનુષ્યલોકમાં પધાર્યા, તો પણ અમને જે આવી રીત્યે નથી જાણતા અને અમને મેલીને બીજાને વળગે છે તેને તો અતિશય ભૂલ્યા જાણવા ને તેને તો બહુ ખોટય જાવાની કેમ જે, જીવને માયા પર કરી અક્ષરધામની પ્રાપ્તિ કરાવવી, તે તો અમારાથી કે, અમારા સંબંધવાળા સત્પુરુષ થકી જ થાય છે."

(૨૧) એકવખતે વંડામાં ઓરડા ચણાતા હતા ને કામ જોવા મહારાજ

પધાર્યા, ત્યારે કરસનદાસ કોઠારી ભેળા હતા તે બોલ્યા જે, 'મહારાજ ઓરડા બહુ સારા થયા.' ત્યારે મહારાજ બોલ્યા જે, "પૃથ્વી પર પીંડા ઉપર પીંડા ચડાવ્યા છે તે પડી જાશે ત્યારે પાછા પૃથ્વીમાં સમાશે, એમાં તમે શું વખાણો છો ?" એમ કહીને આસન ઉપર વિરાજમાન થયા ને આગળ ભણનારા સાધુ આવીને બેઠા.

પછી તેમને મહારાજ કહે જે, "સાંભળો, એક જ્ઞાનની વાત કહું છું જે, વરતાલમાં અમે રામપ્રતાપભાઈવાળા બંગલામાં ધ્યાન કરતા, ત્યાં માણસોનો ભીડો બહુ થાવા લાગ્યો. ત્યારે વિચાર થયો જે, એક ઢોલિયો ને બે સેવક સમાય એવી જાયગા હોય તો ઠીક, પછી આથમણી કોર્યે (દિશાએ, બાજુએ) એવો બંગલો કરાવીને તેમાં થોડાક દિ' ધ્યાન કર્યું. પછી તેમાં પણ એમ વિચાર થયો કે, આ જાયગા પણ પડી જાય તેવી છે, માટે કોઈ પર્વતની ગુફામાં જઈને ધ્યાન કરીએ તો ઠીક. પછી તેમાં પણ વિચાર થયો જે, એ પણ પ્રલયકાળે નાશ થઈ જાશે. પછી તો બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ, વૈકુંઠ, ગૌલોક, પ્રધાનપુરુષનું સ્થાનક અને મૂળ પ્રકૃતિપુરુષ પર્યંત સર્વેનાં સ્થાનક ધ્યાન કરવા સારુ જોયાં ત્યાં તો એ સર્વે પ્રલયમાં નાશવંત જણાયાં. પછી અંતર્દષ્ટિ કરીને જોયું, ત્યાં તો અમારા હૃદયમાં પ્રકાશ દેખાણો ને અક્ષરબ્રહ્મ તેને વિશે ભગવાનની મૂર્તિ દેખાણી ત્યારે જાણ્યું જે, આ સ્થાનક ધ્યાન કરવા જોગ છે, માટે ત્યાં રહીને ધ્યાન કરવું." એમ કહીને તે સર્વે સાધુને કહ્યું જે, "તમે ભણો-લખો તે તો ઠીક છે, પણ અક્ષરબ્રહ્મ તે રૂપ થઈને અમારું ધ્યાન કરવું એ કરવાનું છે, તે કરજો."

(૨૨) એક વખતે લોયાનું ૯મું વચનામૃત વંચાવીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને મહિમા, એ પાંચેયનાં લક્ષણ, ઊપજ્યાના હેતુ, સ્વરૂપ ને ફળ ઉપર સ્વામીએ વાત કરી જે,

'ધર્મનું લક્ષણ એ છે જે, શ્રુતિ-સ્મૃતિએ પ્રતિપાદન કર્યો જે સદાચાર તે ધર્મ જાણવો, એમ 'શિક્ષાપત્રી'માં કહ્યું છે. હવે આપણે શ્રીજીમહારાજનાં જે, શ્રીમુખ વચન તે જ ધર્મ જાણવો. તે ધર્મમાં મુખ્ય ધર્મ તો અહિંસા અને બ્રહ્મચર્ય છે. છેલ્લાના ૨૧માં (વચનામૃતમાં) જે, ભાગવતધર્મ કહ્યો તે ધર્મની તો ભક્તિ સરખી મોટાઈ કહી છે. એ સિવાય ભગવાનના સંબંધે રહિત જે, બીજા ધર્મ છે તેનાથી કાંઈ મોક્ષ થાતો નથી. માટે,

મોટો ધર્મ એ માનવો, જેહ કહ્યો ધર્મને બાળ.

હવે તે ધર્મ ઉપજ્યાનો હેતુ 'શિક્ષાપત્રી', 'ધર્મામૃત', 'નિષ્કામશુદ્ધિ' ને

'સત્સંગીજીવન' આદિક ધર્મશાસ્ત્રનું ધર્મનિષ્ઠ પુરુષના મુખથકી શ્રદ્ધા, વિશ્વાસ અને પ્રીતિ સહિત શ્રવણ કરવું એ છે અને ધર્મનું સ્વરૂપ એમ જાણવું જે, શ્રીજીમહારાજે ત્યાગી, ગૃહસ્થ બાઈ-ભાઈનાં જે પંચવર્તમાનના નિયમરૂપ મરજાદા (મર્યાદા) બાંધી છે; તેમાં કોઈ દેશકાળાદિકના જોગે કરીને એ નિયમનો લેશમાત્ર ભંગ ન થાય, એ ધર્મનું સ્વરૂપ સમજવું. અને ધર્મનું ફળ તો એ છે જે, એકાંતિક ધર્મવડે મુમુક્ષુ જે તે લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ ને માન એ દોષોને ત્યજીને, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિક અનંત કલ્યાણકારી શુભ ગુણને અખંડ ધારી રહી; એક શ્રીજીમહારાજને વિશે અચળ મતિ કર્યે છે.

હવે જ્ઞાનનું લક્ષણ એ છે જે, જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મનાં રૂપને રૂડી રીત્યે જાણીને પ્રકૃતિપુરુષ પર્યંત સર્વને નાશવંત જાણી; શ્રીજીમહારાજ, અક્ષરધામ અને મુક્તના સ્વરૂપને યથાર્થ સમજવું તેને જ્ઞાન કહીએ અને તે જ્ઞાન ઊપજયાનો હેતુ એ છે જે, અધ્યાત્મશાસ્ત્ર જે શ્રીજીમહારાજનાં શ્રીમુખ 'વચનામૃત' તથા 'શિક્ષાપત્રી', 'ધર્મામૃત' ને 'નિષ્કામશુદ્ધિ', એ શાસ્ત્રોનું શ્રીજીમહારાજના પરમ હૃદ્ગત અભિપ્રાયને જાણનારા એવા ને જ્ઞાનનિષ્ઠ પરમ એકાંતિક મોટાપુરુષના મુખથકી દઢ શ્રદ્ધાએ યુક્ત શ્રવણ કરવું, તો જ્ઞાન ઊપજે છે અને તે જ્ઞાનનું શુદ્ધ સ્વરૂપ એ છે જે, જેવા પ્રગટ ભગવાન શ્રી સહજાનંદસ્વામી અને તે ભગવાન સમીપે ભગવાનના સંત આ પૃથ્વી ઉપર વિરાજે છે, તેવાને તેવા આત્યંતિક પ્રલયના અંતે અક્ષરધામમાં સદાય દિવ્યસાકારસ્વરૂપે અક્ષરબ્રહ્મ અને અનંત કોટિ મુક્તે સેવ્યા થકા વિરાજમાન રહે છે અને એ ભગવાન વિના બીજો કોઈ જગતનો કર્તા નથી અને એમની મરજીવગર સૂકું પાનડું પણ હલવાને સમર્થ નથી એમ જાણવું, વળી અનંત અવતાર થઈ ગયા અને બીજા અનંત થાશે, તે સર્વે ઉપાસનાના બળે તે સત્તાને પામ્યા છે પણ સ્વયં અનાદિ પુરુષોત્તમભગવાન તો એક શ્રીજીમહારાજ જ છે.

આવી નિષ્ઠા થઈ હોય ને ગમે તેવાં શાસ્ત્ર સાંભળે કે, ગમે તેવા મતવાદીઉંનો (મતવાદીઓનો) સંગ થાય, તો પણ તે જ્ઞાનમાં ફેર ન પડચે; એ જ્ઞાનનું શુદ્ધ સ્વરૂપ જાણવું અને એ જ્ઞાનનું ફળ તો એ છે કે, બ્રહ્મરૂપ થઈને પ્રગટ શ્રી પુરુષોત્તમનારાયણ શ્રી સહજાનંદસ્વામીની મૂર્તિ, તેને વિશે ઇન્દ્રિયું, અંતઃકરણ અને અનુભવ એ ત્રણ્યે સાક્ષાત્ પોં'ચે અને સ્થાવર, જંગમને વિશે જ્યાં જ્યાં દષ્ટિ જાય, ત્યાં એ મૂર્તિવિના બીજું અણુમાત્ર ભાસે નહિ, એવી જે સિદ્ધદશા તે જ્ઞાનનું



'મીઠા વ્હાલા કેમ વિસરું મારું
તમથી બાંધેલ તન હો...!'
સ્વધામગમન પહેલાં,
શ્રીજીમહારાજે
સદ્. ગુણાતીતાનંદસ્વામીને
પાસે બેસાડીને કહેલા
અંતરના આ ઉદ્ગાર,
મહારાજ અને સ્વામીના
**અદ્વિતીય અને અવિભાજ્ય**
સંબંધનું અદ્ભુત
દર્શન કરાવે છે.

મુખથકી શ્રવણ કરવાથી શ્રીજીમહારાજને વિશે ભક્તિ ઊપજે છે અને આવી ભક્તિનું રૂપ મધ્યનાં ૧૦માં વચનામૃતમાં કહ્યું છે. તે મુજબ આપણે પણ આ સંસારરૂપી સમુદ્રમાંથી નીસરીને વિચાર કરવો જે, હું તો આત્મા છું; માટે માર્યે વરવા યોગ્ય કોણ છે ? પછી ઈશ્વરકોટિ, અવતારકોટિ અને પુરુષકોટિ એ આદિક પ્રકૃતિપુરુષ પર્યંત સર્વને કાળ-માયાના સંબંધે યુક્ત જાણી, એ સર્વથી પર, સર્વના પ્રેરક, નિયંતા, સ્વામી અને અક્ષરધામના ધામી પ્રગટ પુરુષોત્તમ શ્રી સહજાનંદસ્વામીના સ્વરૂપને સર્વ પ્રકારે સુખરાશિ સમજી, તેમને વરમાળા પે'રાવવી અને તેમાં આવરણરૂપ જે દેહ, કુસંગ અને શાસ્ત્રો હોય તેનો શ્વપચની પેઠચે ત્યાગ કરવો, એ ભક્તિનું અતિ ઉત્તમ સ્વરૂપ સમજવું અને તે ભક્તિનું ફળ એ છે જે,

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।
अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥
(શ્રીમદ્ ભાગવત : ૭/૫/૨૩)

અર્થ :- નવ પ્રકારે ભક્તિ ન બને તો, એક પ્રકારથી પણ કૃતાર્થ થવાય. પરીક્ષિતે શ્રવણ, શ્રીશુકે કીર્તન, પ્રહ્લાદે સ્મરણ, લક્ષ્મીજીએ પાદ સેવન, પૃથુએ પૂજન, અક્રૂરે વંદન, હનુમાનજીએ દાસ્ય, અર્જુને સખ્ય, બલિએ આત્મનિવેદન દ્વારા પ્રભુ પ્રાપ્ત કર્યા છે. એ નવ પ્રકારની ભક્તિ ને દસમી પ્રેમલક્ષણા અને અગિયારમી सा परानुरक्तिरीश्वरे । (શાંડિલ્ય ભક્તિસૂત્ર ૧/૧/૨) અર્થ :- તે એટલે ઈશ્વર ઉપર પરમ અનુરાગ. પરાભક્તિ, તે વડે ભગવાનનાં સ્વરૂપમાં સર્વભાવે જોડાઈ જાવું અને ભગવાન પોતાને સાક્ષાત્ વશ વરતે તો પણ એ વાતનું લેશમાત્ર માન ન આવે અને પોતાના ઇષ્ટદેવને ભજતા જે ભક્તજન તેનો મહિમા પણ અતિ સમજવો અને તેમની આગળ પોતે દાસાનુદાસ થઈને વરતવું અને તેમના સુખે સુખ ને દુઃખે દુઃખ મનાય છે એ જ ભક્તિનું ફળ છે.

હવે મહિમાનું લક્ષણ એ છે જે, ભગવાનનો જે અપાર મહિમા તે યથાર્થ સમજવો. પ્રથમનાં ૬૩માં વચનામૃતમાં કહ્યું છે જે, 'જેના સેવક આવા છે તેના સ્વામી જે પુરુષોત્તમભગવાન તેનો મહિમા તો કેમ જ કહી શકાય ?' વળી મધ્યનાં ૬૭માં વચનામૃતમાં કહ્યું છે જે, 'ભગવાન પોતે પણ પોતાના મહિમાના પારને પામતા નથી. ભગવાન તો સર્વે સામર્થીએ કરીને અપારના અપાર જ રહે છે અને એ ભગવાનને ભજી ભજીને અનંત કોટિ મુક્તો

वीतरागभयक्रोधा मन्मया मामुपाश्रिताः।
बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः॥
(ભગવદ્ ગીતા : ૪/૧૦)

અર્થ :- રાગ, ભય તથા ક્રોધ વિનાના, મારામય થયેલા, મારો આશ્રય લેનારા અને જ્ઞાનમય તપવડે પવિત્ર થયેલા (લોકો) મારું સ્વરૂપ પામ્યા છે. **ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે તો પણ એ ભગવાનમાંથી કોઈ જાતનો પ્રતાપ, સુંદરતા, ઐશ્વર્ય આદિક અણુમાત્ર ન્યૂન થાતાં નથી.'** આમ જે ભગવાનની અગાધ, અનવધિકાતિશય મોટપ જાણવી તેને મહિમા કહીએ.

અને તે મહિમા ઊપજ્યાનો હેતુ એ છે જે, પ્રગટ પુરુષોત્તમનારાયણ જે શ્રી સહજાનંદસ્વામી તેના અનવધિકાતિશય મહિમાનો પાર કોઈ પામી શકે તેમ નથી; એવા જે પરાત્પર પુરુષોત્તમભગવાન તેનો જે અગાધ મહિમા તેને પ્રગટ અક્ષરબ્રહ્મ કે, તે રૂપ સંતની કૃપા અને સેવા થકી જે, સાક્ષાત્કાર જાણતા હોય એવા માહાત્મ્યસહિત ભક્તિવાળા પરમ એકાંતિક સંતનો નિરંતર મન, કર્મ, વચને અતિશુદ્ધ નિષ્કપટભાવે જે સમાગમ કરવો તે જ એવો મહિમા ઊપજ્યાનો હેતુ જાણવો.

અને મહિમાનું સ્વરૂપ એ જાણવું જે, પ્રગટ અક્ષરાતીત શ્રી પુરુષોત્તમ-નારાયણના મહિમામાં જેમ છે તેમ દૃષ્ટિ પૂગે છે, ત્યારે પ્રકૃતિપુરુષ સુધી માયિક સર્ગનો હૈયામાં લેશમાત્ર ભાર આવતો નથી ને સર્વેથકી પર અક્ષરમુક્તો, અક્ષરધામ ને પુરુષોત્તમભગવાનના સંબંધનો પ્રતાપ, પરમ એકાંતિક સ્થિતપ્રજ્ઞ મુક્તાત્મા પુરુષથકી સમજાય, એ મહિમાનું સ્વરૂપ જાણવું.

અને મહિમાનું ફળ એ છે જે, ઉપર કહ્યો એવો યથાર્થ મહિમા સમજાય છે ત્યારે જીવનાં કારણશરીરમાં રહેલ જીર્ણ વાસના નાશ પામે છે, વળી જેમ સો કરોડ્ય પશુનાં રૂંઢ સડીને ગંધાઈ ઊઠયાં હોય તેમાં કોઈના મનની વૃત્તિ જરા પણ ધારી શકાતી નથી, તેને દેખીને તો ઊબકો જ આવે, તેમ માહાત્મ્યેસહિત ભક્તિવાળા સંતના હિસાબે પ્રકૃતિપુરુષ પર્યંત સર્વે નાશવંત, કાખના મોવાળા, સો કરોડ્ય મણ ઢૂંસાં-રાખનાં પડીકાં છે. એવો પરમ જ્ઞાનાંશનો વૈરાગ્ય પામનારો; પ્રકૃતિપુરુષથી પર, સદાદિવ્ય, મહાસુખમય, સનાતન પુરુષોત્તમભગવાન, તેમને રહ્યાનું અક્ષરધામ અને તે ધામને વિશે રહ્યા જે મુક્તો, તેમના મહિમાનો અખંડ વિચાર કર્યે છે.

મધ્યનાં ૬૭માં વચનામૃતમાં શ્રીજીમહારાજે એમ કહ્યું છે કે, ''ભગવાનનો ભક્ત હોય તેણે જેવા ભગવાનને જાણ્યા હોય જે, ભગવાન આટલી સામર્થીએ યુક્ત છે અને આટલી શોભાએ યુક્ત છે અને આવા સુખરૂપ છે; એવી રીત્યે એ ભક્તે

જેટલો ભગવાનનો મહિમા જાણ્યો છે અને પ્રતાપેયુક્ત ભગવાનને જાણ્યા છે, તે ભક્ત ભગવાનના ધામમાં જાય છે; ત્યારે એ ભક્તનાં રૂપ તથા સામર્થી તેવાં જ થાય છે આથી એ ભક્ત એમ જાણે છે જે, મેં જેટલો પ્રતાપ, સુંદરતા, ઐશ્વર્ય ભગવાનનાં જાણ્યાં તેટલાં તો ભગવાને મુને આપ્યાં, અને પોતે તો અતિશે અપારના અપાર દેખાય છે.'' આમ મહિમાની તો અવધિ જ નથી, માટે ભગવાનનો અપાર મહિમા વિચારવાથી એ ભક્તને અખંડ 'અહો ! અહો !' અને પૂર્ણકામપણું અને કૃતાર્થપણું મનાય છે અને બ્રહ્મસ્વરૂપે શ્રીજીમહારાજની મૂર્તિમાં <u>તદાત્મકપણે</u> અખંડ વરતાય છે.

(૨૩) એકસમે મહારાજ વરતાલમાં ઉગમણી રૂપચોકીમાં વિરાજમાન હતા ને દેવાનંદસ્વામી આવીને પગે લાગીને બેઠા ને મૂર્તિનાં કીર્તન ગાવા લાગ્યા; તે સાંભળીને મહારાજ અંતરવૃત્તિ કરી ગયા, પછી બોલ્યા જે, ''આ કીર્તનને સાંભળીને અમને બહુ સુખ આવ્યું, તે વૃત્તિ પ્રતિલોમપણાને પામીને આત્મસ્વરૂપને પામી ગઈ અને તેમાં ભગવાનની મૂર્તિ દેખાણી ને અનંત મુક્તો બ્રહ્મસ્વરૂપે સેવામાં દેખાણા. તે જોઈને અમને એમ વિચાર થયો જે, આ બધાય તમે આવા સુખિયા થઈ જાઓ તો બહુ સારું; પણ તે મારગ કઠણ છે અને આ જીવની વૃત્તિ અનાદિ કાળની <u>અનુલોમ</u> થયેલી છે તેને <u>પ્રતિલોમ</u> કરવી, તે તો નેવાનાં પાણી મોભે ચડાવવાં જેવું કઠણ છે.

માટે તેમાં વિચાર થયો જે, એ તો જ્ઞાને કરીને થાય છે; કેમ જે, તત્ત્વે કરીને ભગવાનનું સ્વરૂપ જાણે ને અક્ષરબ્રહ્મને ઓળખે અને તે સંગાથે એકતા કરીને મનનદ્વારે તે બ્રહ્મનો સંગ કરીને બ્રહ્મરૂપ થાય છે તેવા જ્ઞાનીને અમારી મૂર્તિનું સુખ અતિશે આવે છે ને જ્ઞાનની પણ વિશાળતા થાય છે ને બીજાને પણ એવા જ્ઞાની કરીને ભગવાનને સુખે સુખિયા કરી મૂકે છે માટે આ તમે સર્વ જ્ઞાનમારગે કરીને પ્રશ્ન-ઉત્તર કરવા શીખજો ને એવા અભ્યાસે ને એકાંતિકના પ્રસંગે ને સેવાસમાગમે કરીને પુરુષ જે તે <u>શબ્દવેધી</u> થાય છે ને તેને કોઈ પ્રશ્ન પૂછે તો તેના સંશયને છેદી નાખે છે. તે વિના જો કીર્તન ગાતા હોય કે કાંઈક વાંચતા હોય ને કાંઈ કહીએ, તો પાધરા અકળાઈ ઊઠે ને કે'શે જે, 'એવું કૂટણું અમે શીખ્યા નથી.' એમ કહે, તે રામાનંદસ્વામી છતાં કેટલાક 'અખેગીતા'ને બીજાં કીર્તન ગાય, પણ અમે જ્ઞાનવાર્તા કરીએ તો અકળાતા. માટે કોઈએ જ્ઞાનમાર્ગમાં અકળાવું નહિ ને સાધુતા શીખવી ને બ્રહ્મરૂપ થઈને જીવની વૃત્તિ પ્રતિલોમ કરવાનો અભ્યાસ રાખવો. તે એમ કરતાં

કરતાં અમારી પ્રકાશમય મૂર્તિ અક્ષરબ્રહ્મ ભેળી દેખાશે; માટે આળસ ન સેવવી, તેમાં જેને આળસ થાશે તેમાં એવા ગુણ કોઈ કાળે આવશે નહિ ને કલ્યાણ પણ થાશે નહિ.''

(૨૪) એકસમે ગામ અલૈયામાં મહારાજે અક્ષરધામને પામવાની વાત કહી જે, ''વૈકુંઠ, ગોલોકાદિકના પતિ તો તેના ધામેસહિત બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે છે ને તે બ્રહ્માંડથી પર મહાશૂન્યનું આવરણ છે, તે મૂળ પ્રકૃતિપુરુષાદિક સર્વને આવરી રહ્યું છે ને તે મહાશૂન્યને વિશે મનના વેગે કરીને બ્રહ્માના કલ્પ પર્યંત ચાલે, તો પણ તેને ભેદવાને કોઈ સમર્થ નથી. ને અમારું ધામ તો તે થકી પર છે ને તે ધામને વિશે કેવળ ચૈતન્યમય છે આકૃતિ જેમની એવા જે બ્રહ્મસ્વરૂપ મુક્ત તે રહ્યા છે ને તે ધામમાં અમારી એકની જ ઉપાસના છે અને અક્ષરબ્રહ્મ અને મુક્તો તે સર્વે અમારે સુખે સુખિયા છે, પણ બીજા કોઈને સુખે સુખિયા નથી.

ને એ ધામ તો અપ્રમાણ છે, કે'તાં અવધિ નથી એવું અનંત અપાર છે ને તે ધામને વિશે કાળમાયાદિક કોઈનો પ્રવેશ થાતો નથી અને અમે સ્વરાટ્ રહ્યા થકા તે અક્ષરબ્રહ્મ મૂર્તિમાનને વિશે સદાસર્વદા રહ્યા છીએ અને ધામરૂપ જે તખ્ત તેનો ત્યાગ કરીને તો અવતાર પણ ધારણ કરતા નથી અને તે અક્ષરબ્રહ્મ તથા અક્ષરમુક્તો અમારી ભેળા આંહીં મનુષ્યાકૃતિ ધારણ કરીને આવ્યા છે. ને મુક્તના વચને કરીને એ અક્ષરબ્રહ્મ મૂર્તિમાનને ઓળખે ને તેનો સાક્ષાત્ સંબંધ થાય ને તેની સાથે તુલ્યભાવને પામે કે'તાં પોતે બ્રહ્મરૂપ થાય; તેને જ અમારી સેવાનો અધિકાર થાય છે અને જેમ એ અક્ષરબ્રહ્મને વિશે અમે દિવ્યસદાસાકાર મૂર્તિમાન અખંડ રહ્યા છીએ, તેવી જ રીત્યે તે બ્રહ્મના સાધર્મ્યપણાને પામીને બ્રહ્મરૂપ થાય છે, તેને વિશે પણ તેવી જ રીત્યે રહીએ છીએ અને તે ભક્ત પણ અખંડ અમારી સેવામાં અક્ષરબ્રહ્મની પેઠયે જ રહે છે, કે'તાં એક અમને જ ધારીને રહે છે; પણ બીજું કાંઈ તેની નજરમાં રે'તું નથી. આવી રીત્યે અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ વડે અમારી પ્રાપ્તિ થાય છે.''

(૨૫) વિદ્યાઉં તો અનંત પ્રકારની છે; પણ ભણવા જેવી તો એક <u>બ્રહ્મવિદ્યા</u> જ છે તે જાણવી. ત્યારે ગઢડાવાળા નારણજીભાઈએ હાથ જોડીને પૂછયું જે, 'સ્વામી, એ બ્રહ્મવિદ્યા તે કેમ સમજવી, તે કૃપા કરીને કહો.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'બ્રહ્મને અને પરબ્રહ્મને પ્રત્યક્ષપણે સમજવા સંબંધી જે વાતુ તેને બ્રહ્મવિદ્યા સમજવી.' તેની વિક્તિ જે,

મહારાજ ભેળા મનુષ્ય દેહ ધરીને આવ્યા એવા જે અક્ષરબ્રહ્મ, તેના પ્રત્યક્ષ સ્વરૂપને સમ્યક્‌પ્રકારે યથાર્થ સમજવું, એ જ બ્રહ્મવિદ્યા જાણવી.' વળી ફરીથી પૂછ્યું જે, 'પ્રત્યક્ષ મનુષ્યાકાર એવા જે અક્ષરબ્રહ્મ તેને સંતસમાગમે કરીને ઓળખ્યા ને નિષ્ઠા થઈ, પછી તે અક્ષરબ્રહ્મને કેવી રીત્યે સમજવા ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'મધ્યનાં ૪૨માં વચનામૃતમાં મહારાજે જેવું અક્ષરબ્રહ્મનું સ્વરૂપ કહ્યું છે, તેને યથાર્થ એકાંતિક સંત થકી સમજવું. તે કેવી રીત્યે તો, જેટલી મોટયપ કે'વાય છે તે અક્ષરબ્રહ્મના સગુણ ઐશ્વર્યવતે કે'વાય છે ને જેટલી સૂક્ષ્મતા કે'વાય છે તેટલી અક્ષરબ્રહ્મના નિર્ગુણ ઐશ્વર્યવતે કે'વાય છે, તો પણ અક્ષરનું વર્ણન કે મોટાઈ કે સૂક્ષ્મતા યથાર્થ કહી શકાતી નથી; આવો પરભાવ અક્ષરનો છે અને એ અક્ષરબ્રહ્મના સ્વામી એવા પુરુષોત્તમનારાયણ તેમનો સગુણ અને નિર્ગુણ પરભાવ ને મહિમા તો કહી જ શકાતો નથી.

તે મહારાજે ચોખ્ખું કહ્યું છે જે, ''મોટયપ ને સૂક્ષ્મતા તો અક્ષરબ્રહ્મના ઐશ્વર્યવતે કે'વાય છે ને તે અક્ષરબ્રહ્મનાં બે સ્વરૂપ છે. પુરુષોત્તમને તો સગુણ-નિર્ગુણ કે'વાતા નથી ને જે અક્ષરબ્રહ્મને મૂકીને અમારું સગુણ-નિર્ગુણપણું કહે છે તેને તો યથાર્થ નિશ્ચય જ નથી. માટે આવી રીત્યની જે ચોખ્ખી સમજણ તે સુખદાઈ થાય છે, પણ ગોબરી સમજણ સુખદાઈ થાતી નથી.''

એમ કહીને બોલ્યા જે, 'અમારી ભેળા રહે છે ને બીજે માલ માને છે તેને આ વાત સમજાય નહિ. તે કદી અમને અક્ષરબ્રહ્મ જાણે તો પણ પોતાની ખોટય મૂકીને ઉપર કહી જે ઉત્તમ સમજણ તે ન કર્યે ને તે ખોટયે કરીને પ્રત્યક્ષ અક્ષરબ્રહ્મને કે'વા-સાંભળવા સંબંધી બ્રહ્મવિદ્યાનો અધિકાર તેને થાતો નથી. તે કાં તો અમને સાકાર કહે, ને અમારામાં ભગવાનને અમૂર્ત અંતરજામી ઠરાવે. ને જો મહારાજને સાકાર કહે, તો અક્ષરબ્રહ્મ ને નિરાકાર ઠરાવે; પણ જેવા ધામરૂપ અક્ષરમાં સાકાર પુરુષોત્તમ સદાસર્વદા વિરાજમાન છે, તેવા ને તેવા જ મૂર્તિમાન અક્ષરબ્રહ્મમાં પણ રહ્યા છે, એમ ન સમજે એવાને આ બ્રહ્મવિદ્યા ફળતી નથી.'

(૨૬) એકવખતે મધ્યનું ૪૨મું વચનામૃત વંચાવીને સ્વામીએ વાત કરી જે, 'સગુણ-નિર્ગુણ ઐશ્વર્ય તો અક્ષરનાં કહ્યાં છે ને પુરુષોત્તમનો મહિમા તો એટલો અગાધ છે કે, તેમનાં સગુણ કે નિર્ગુણ ઐશ્વર્ય તો વર્ણવી શકાતાં જ નથી; વળી કારિયાણીનાં ૮માં વચનામૃતમાં સગુણ-નિર્ગુણ ઐશ્વર્ય પુરુષોત્તમનાં કહ્યાં છે. આમ મહારાજનો સિદ્ધાંત જાણ્યો ન હોય તો તેમાં ગોથાં ખવાય છે.' ત્યારે મનજીભાઈએ

પૂછ્યું જે, 'એ કેમ સમજવું ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'શાસ્ત્રમાં તો બહુધા બ્રહ્મ કે અક્ષરને અને પરબ્રહ્મ કે પુરુષોત્તમને અભેદપણે જ વર્ણવ્યા હોય છે. તેથી કારિયાણીનાં ૮માં વચનામૃતમાં મહારાજે શાસ્ત્ર પ્રમાણે મુક્તાનંદસ્વામીના પ્રશ્નનો ઉત્તર કર્યો છે અને મધ્યનાં ૪૨માં વચનામૃતમાં મહારાજે સગુણ-નિર્ગુણ ઐશ્વર્ય અક્ષરબ્રહ્મનાં કહ્યાં, અને પોતે તો એ અક્ષરબ્રહ્મથી પણ અતિ અપાર છે; કેમ જે, અક્ષરબ્રહ્મ પર્યંત કોઈથી તેમના ઐશ્વર્યનો કે મહિમાનો પાર પામી શકાતો નથી, એવો અગાધ મહિમા કહ્યો છે.

જેમ ચિંતામણિમાં દ્રવ્યની ગણતી થઈ શકતી જ નથી; એ તો અતિ અપાર દ્રવ્યના આશ્રયરૂપ છે; તેમ ભગવાનના મહિમાનો પાર ભગવાન પોતે પણ પામી શકતા નથી, પણ મૂળઅક્ષરમાં મહારાજ એવા ને એવા સદા સર્વદા રહ્યા છે, તેથી મૂળઅક્ષર દ્વારે સગુણ-નિર્ગુણ ઐશ્વર્ય કે'વે (કહેવે) કરીને મહારાજનાં જ ઐશ્વર્ય કે'વાય છે. તે શું ? તો મૂળઅક્ષર મહારાજના સેવક છે, તેનો મહિમા કહી શકાતો નથી તો તેના સ્વામી જે મહારાજ તેનો તો કે'વાય જ કેમ ? તેથી મહારાજને સગુણેય ન કે'વાય અને નિર્ગુણેય ન કે'વાય. જે સગુણ-નિર્ગુણ ઐશ્વર્ય કહી શકાય છે તે તો મૂળઅક્ષર દ્વારે જ કહી શકાય છે અને મહારાજ સ્વયં તો સર્વકારણરૂપે મૂળઅક્ષરના ય આત્મા અને સ્વામી અને પ્રેરક સદાસર્વદા સર્વોત્કૃષ્ટપણે વરતે છે; માટે શાસ્ત્રમાં જ્યાં સગુણ-નિર્ગુણ ઐશ્વર્ય પુરુષોત્તમનાં કહ્યાં હોય ત્યાં મૂળઅક્ષર અને પુરુષોત્તમને અભેદપણે કરીને કહ્યાં હોય, એમ સમજીએ તો જ મહારાજનો અભિપ્રાય સમજાય. તે જેમ કોઈ <u>આંટે</u> ત્યારે બીજી તરફ જોતો હોય તેમ લાગે પણ ધારી રાખ્યું હોય તે નિશાન પાડ્યે, એમ મહારાજની વાંકી વાતુ કોઈથી કળાય નહિ.'

(૨૭) એક વખતે લોયાનું ૧૩મું વચનામૃત વંચાવીને સ્વામીએ વાત કરી જે, 'અક્ષરધામને વિશે પોતે રહ્યા છે તે અક્ષરને પણ લીન કરીને પોતે સ્વરાટ્ થકા એકલા જ વિરાજમાન રહે અને પોતાને મનમાં આવે તો એ અક્ષરધામ વિના પણ અનંતકોટિ મુક્તોને પોતાના ઐશ્વર્યે કરીને ધારવાને સમર્થ છે; એવા નારાયણ પોતાના ઐશ્વર્યે કરીને સર્વોપરી વરતે છે તે એને ને બીજા અક્ષરાદિક મુક્તને સરખા કહે છે; તેને દુષ્ટ મતવાળા જાણવા ને તેને અતિ પાપી જાણવા અને એનાં દર્શન પણ કરવાં નહિ; અને એવી રીત્યની સમજણવાળાનાં દર્શન કરીએ તો પંચમહાપાપ જેવું પાપ થાય.' ત્યારે મનજીભાઈએ પૂછ્યું જે, 'સત્સંગમાં નારાયણને અને મુક્તને

સરખા કહે, એવી તો સમજણ કોઈની હોય એમ જણાતી નથી અને મહારાજે એમ કહ્યું, તે કેમ સમજવું ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'એ મર્મની વાત અટપટી બહુ છે, તે શું ? તો મહારાજે આમાં મૂળઅક્ષરને સર્વે અક્ષરમુક્તોથી પર કહ્યા છે અને પોતે તેથી પર છે એમ કહ્યું.

હવે શાસ્ત્રોના લખનારાઓ પરોક્ષપણે નારાયણ અને અક્ષર અને અક્ષરમુક્તોનું અભેદપણે નિરૂપણ કર્યે છે, કારણ એમાં પુરુષોત્તમનારાયણનો વિશિષ્ટ સંબંધ આવે છે, તેથી બધાને પુરુષોત્તમરૂપ કહે છે.

વળી વેદ-વેદાંત સચ્ચિદાનંદબ્રહ્મનું વર્ણન કર્યે છે, તેમ જ જ્યાં જ્યાં શાસ્ત્રમાં મહિમા કહ્યો છે, તે અક્ષરરૂપે જ કહ્યો છે. એવા જે સનાતન મૂળઅક્ષર તેનો પ્રકાશ જે સચ્ચિદાનંદબ્રહ્મ, ત્યાં સુધી શાસ્ત્રો પોં'ચી શકયાં છે પણ મૂર્તિમાન મૂળઅક્ષરનો મહિમા કોઈ કહી શકયા નથી તે માટે સચ્ચિદાનંદ જે પ્રકાશ તેથી પર નારાયણ, એમ કહે છે ત્યારે મહારાજને કહે તો, તેમાં સચ્ચિદાનંદના પ્રકાશી જે મૂળઅક્ષર તે રહી જાય છે અને તેથી તે મૂળઅક્ષર જે તે અક્ષરમુક્ત કોટિ ભેળા થઈ રહ્યા. આમ મહારાજને મૂળઅક્ષર જેવા અને મૂળઅક્ષરને અક્ષરમુક્ત જેવા જાણે, તેને દુષ્ટ મતવાળા કહ્યા છે; કેમ જે, સચ્ચિદાનંદ જે ધામરૂપ પ્રકાશ તે તો મૂળઅક્ષરનો છે તે સચ્ચિદાનંદ પ્રકાશને મહારાજની મૂર્તિનો પ્રકાશ ઠરાવે, એટલે મૂળઅક્ષર મૂર્તિમાનને બીજા મુક્તભેગા ગણી કાઢયા અને પુરુષોત્તમને કહે છે તો મોટા; પણ તે મૂળઅક્ષર જેવા સમજાય છે; કેમ જે, જેવા મૂળઅક્ષર છે, તેવા જો ન સમજાય તો મૂળઅક્ષરનો જે મહિમા કહ્યો છે તે મહારાજનો સમજાય; તેથી મહારાજને મૂળઅક્ષર જેવા જાણ્યા, કે'તાં સ્વામી ને સેવક જેવા જાણ્યા; માટે મૂળઅક્ષરનો મહિમા જાણ્યાવગર મહારાજની ઉપાસનામાં બહુ <u>બાધ</u> આવ્યો અને એવી સમજણવાળા પણ આપણા સત્સંગમાં છે.

તે સારુ મહારાજને પોતાનો રહસ્ય પોતાના ભક્તને સમજાવવો છે. તે જુઓ, તેમાં કહ્યું છે જે, એ નારાયણને લીધા વિના તો અક્ષરને પણ ભગવાન ન કે'વાય તો બીજાની શ્યી વાત કે'વી ? તેમાં શું કહ્યું ? તો, અક્ષરબ્રહ્મને સર્વે બીજા મુક્તોથી પર અને શ્રેષ્ઠ કહ્યા; કારણકે, તે અક્ષરબ્રહ્મરૂપે થઈને પોતાની ઉપાસના કરવાનું લોયાનાં ૧૨માં વચનામૃતમાં મહારાજે કહ્યું છે; કેમ જે, જેમ આકાશમાં પક્ષી ઊડે છે તેને વાયુતત્ત્વ પ્રધાન છે તથા જેમ માછલાંને જળતત્ત્વ પ્રધાન છે, તેથી સામા પૂરે ગતિ કરી શકે છે તેમ અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામ્યા વગર

ઉપાસક અક્ષરધામમાં મહારાજની સેવામાં રહી શકતો જ નથી, એવી રીત્યે મહારાજે મૂળઅક્ષર, અક્ષરમુક્તો અને સચ્ચિદાનંદબ્રહ્મ, એ સર્વેની પોતાના પરમ અદ્વૈત સંબંધે કરીને એકતા કહી છે, પણ મૂળઅક્ષર આદિક સર્વેને ઉપાસ્યમૂર્તિ તો એક મહારાજ પુરુષોત્તમ જ છે.'

(૨૮) એક દિવસ મધ્યનું ૨૪મું વચનામૃત વંચાવીને સ્વામીએ વાત કરી જે, 'જુઓ, આમાં કહ્યું જે, શ્રી પુરુષોત્તમભગવાન અને તે ભગવાનનું અક્ષરધામ અને તે ધામને વિશે રહ્યા જે ધામના મુક્તો, આ ત્રણ્યે સનાતન અખંડ ને અવિનાશી છે. તે વગર બીજા જે જે લોક છે ને તે લોકને વિશે દેવ છે અને તે દેવના જે વૈભવ છે તે સર્વે નાશવંત છે. આવી રીત્યે સાંખ્યનિષ્ઠાએ કરીને પ્રકૃતિપુરુષ પર્યંત સર્વને કાળનું ભક્ષણ સમજે છે, ત્યારે તેમાંથી હેત ટળે છે. જીવનો તો એ જ સ્વભાવ છે કે, પોતપોતાના અંગના શબ્દો જ ગ્રહણ કરી લિયે.

શ્રીજીમહારાજે અનેક જીવુંનાં કલ્યાણમાટે આવો ઉત્તમ સંપ્રદાય બાંધ્યો; દેવ, મંદિર, આચાર્ય અને સાધુ તથા શાસ્ત્રો કર્યાં; પણ એ સર્વેમાં મૂળ કારણભૂત જે પોતાનું સ્વરૂપ તેનું જેને નિશાન રે'તું નથી અને જેઓ કાર્યમાં જ સલવાઈ રહે છે, તેવાને શ્રીજીમહારાજનું હાર્દ સમજાતું નથી. તે જેમ પતકાળાંના વેલાને ઝાડ પર ચઢાવવા માટે ઝાંખરાંના ટેકા મૂકે છે, આથી વેલો ઝાડ ઉપર ચડી જાય છે; પણ સાથોસાથ ઝાંખરાંમાં અટવાઈ જાય છે, ઝરડાં લેતાં તે વેલો તૂટી જાય છે; એમ સામાન્ય મુમુક્ષુઓ તો સંપ્રદાયની સામાન્ય પ્રથામાં જ બંધાઈ રહે છે ને શ્રીજીમહારાજે તત્ત્વે કરીને પોતાના સ્વરૂપનાં સર્વોપરી નિશ્ચયનું નિરૂપણ કર્યું છે તે સામી તો નજર જ રે'તી નથી. આ વચનામૃતમાં કોઈ દેવ કે, તેમના લોકને અવિનાશી રે'વા ન દીધા; ચોકો પાટલો કરી નાખ્યો. છતાં શબ્દો પડચા હોય જે, એ તો શ્રીજીમહારાજે પોતાના ભક્તને પરોક્ષરૂપે દર્શન દીધાં તે સ્વરૂપોને પધરાવ્યા છે; આમ એનો સાંધો રાખવાની ખાતર મહિમા કહે. પરંતુ આ દેવો તો બા'ર્યનાંને (બહારનાંને) સત્સંગમાં વાળવા અને મંદિરની સેવા માટે છે એમ સમજે નહિ.

પ્રથમનાં ૪૧માં વચનામૃતમાં પ્રકૃતિપુરુષથી ઉત્પત્તિ સર્ગ કહ્યો અને મધ્યનાં ૨૪માં વચનામૃત પ્રમાણે પ્રકૃતિપુરુષથી પર દિવ્ય પુરુષોત્તમભગવાન, અક્ષરધામ અને અક્ષરમુક્તો એ સદા સનાતન અને દિવ્ય છે એમ સિદ્ધ કર્યું. આથી આ ત્રણ્યે સિવાય જે જે ધામો છે અને ધામોના અધિપતિઓ છે તે સર્વેનો પ્રકૃતિપુરુષના કાર્યની અંદર સમાવેશ થઈ જાય છે.

તે જુઓ ને ! છેલ્લાનાં ૩૮માં વચનામૃતમાં કહ્યું છે જે, સાંખ્યાદિક શાસ્ત્રના વિચારે કરીને એમ નિશ્ચય કર્યો છે જે, માયાના કાર્યમાંથી ઉત્પન્ન થયા જે આકારમાત્ર તે સર્વે મિથ્યા છે; કેમ જે, એ સર્વે આકાર કાળે કરીને નાશ પામે છે ને ભગવાનના અક્ષરધામને વિશે જે, ભગવાનનો આકાર તથા ભગવાનના મુક્તનો આકાર છે તે સર્વે સત્ય છે અને તેમ જ સર્વોપરી પુરુષોત્તમભગવાન દયાએ કરીને જીવુંનાં કલ્યાણને અર્થે પૃથ્વીને વિશે પ્રગટ થયા થકા સર્વ જનના નયનગોચર વરતે છે.

મધ્યનાં ૯માં વચનામૃતમાં પોતાના જ સ્વરૂપને સર્વોપરી ને સદાદિવ્ય-સાકાર અને સર્વ અવતારનું અવતારી ન જાણે, તો એનો દ્રોહ કર્યો કે'વાય. વળી પંચાળાનાં ૭માં વચનામૃતમાં

जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञः स्वराट्
तेने ब्रह्म हृदा य आदिकवये मुह्यन्ति यत्सूरयः ।
तेजोवारिमृदां यथा विनिमयो यत्र त्रिसर्गोऽमृषा
धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ॥
(શ્રીમદ્ ભાગવત : ૧/૧/૧ )

અર્થ :- સમસ્ત કાર્ય-કારણાત્મક જગતમાં જો અન્વય અને વ્યતિરેક બંને દષ્ટિથી વ્યાપક છે, અર્થાત્ જેની સત્તાથી બધી વસ્તુઓ સત્તાવાળી છે અને જેની સત્તા અથવા અસ્તિત્વ વગર કોઈની સત્તા સિદ્ધ થઈ શકતી નથી. આથી, આ જગતમાં જન્મ, પાલન અને સંહારાદિ જેના દ્વારા થાય છે, જે સર્વજ્ઞ તથા સ્વયંપ્રકાશ છે અને જે વેદના સંબંધમાં મોટા મોટા વિદ્વાન પણ મોહિત થઈ જાય છે અને જેણે સંકલ્પમાત્રથી જ બ્રહ્માના હૃદયમાં સંચાર કરી દીધો. જેવી રીતે તેજસ (કાચ વગેરે) ને જળ, જળ વિગેરેને સ્થળ અને માટી વિગેરેને જળ સમજવાની ભ્રાન્તિ થાય છે, તેવી જ રીતે શુદ્ધ ભગવત્સ્વરૂપમાં ત્રિગુણમયી સૃષ્ટિ અસત્ હોવા છતાં પણ સત્ પ્રતીત થાય છે, જેના જ્ઞાનસ્વરૂપ તેજથી છળ, કપટ, માયા વગેરે સર્વદા બાધિત જ રહે છે, એનાં પરમ સત્ય ઉપર આપણે ધ્યાન આપીએ છીએ. શ્રીજીમહારાજે એ પદે કરીને પ્રત્યક્ષ મનુષ્યરૂપ ભગવાનનો નિશ્ચય કરવા ઉપદેશ કર્યો છે.

મધ્યનાં ૧૩માં વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું જે, "તે સ્વરૂપને તમે સાક્ષાત્ દેખો છો, પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી." તે શું ? તો શ્રીજીમહારાજ બાવીસ વરસે પોતાના સ્વરૂપની ખુલ્લી વાત કર્યે છે; તો પણ કે'વું પડચે છે કે, "તે સ્વરૂપ હજુ પરિપૂર્ણ સમજ્યામાં આવ્યું નથી !" આમાં એ વાત

છે કે, શ્રીજીમહારાજને સૌ ભગવાન તો જાણતા હતા; પણ સર્વ અવતારના અવતારી, પ્રકૃતિપુરુષથી પર અક્ષરધામના અધિપતિ અને ઈશ્વરકોટિ, અવતારકોટિ, પુરુષકોટિ એ સર્વને પણ ઉપાસ્ય, ભજનીય અને સેવનીય છે, એવા સર્વોપરી જાણતા ન હતા. તેથી એવા જ્ઞાનની દઢતાની કાચ્યપ બતાવે છે, વળી ધર્મ, તપ, ત્યાગ આદિકમાં તો કોઈને પૂગવા દિયે નહિ, એવા એ સૌ મહા અડીખમ હતા; તો પણ સ્વરૂપજ્ઞાનમાં અટકતા; પણ એ પ્રત્યક્ષ સ્વરૂપમાં નિરુત્થાનપણે જે નિશ્ચય તેને જ તાદાત્મ્યકપણું કે નિર્વિકલ્પ સમાધિ કહી છે, તે વિના બધી સવિકલ્પ વાત જાણવી..'

(૨૯) શ્રીજીમહારાજે વેદરસમાં કહ્યું છે કે, "બીજા જે અવતારાદિક છે, તે તો ઉત્પત્તિસર્ગમાં સ્ત્રી-પુરુષનાં બેલડાંરૂપ અવતારો આ ભૂમિને વિશે ઘણાક થઈ ગયા છે અને હજુ થાશે." પ્રથમનાં ૪૧માં વચનામૃતમાં કહ્યું જે, "સૃષ્ટિકાળે અક્ષરાતીત પુરુષોત્તમભગવાને મૂળઅક્ષરસામી દષ્ટિ કરી અને મૂળઅક્ષરે મુક્તસામી દષ્ટિ કરી ત્યારે તેમાંથી મુક્ત ઊભો થયો અને મૂળમાયા જે મૂળપ્રકૃતિ તે સાથે જોડાયો. તેમાંથી અનંતકોટિ પ્રધાનપુરુષ, મહત્તત્વ અને વૈરાટાદિક ઉત્પન્ન થાય છે." આવીરીત્યે પ્રકૃતિપુરુષ સુધી સ્ત્રી-પુરુષનો ભાવ ઊભો છે. એ ભાવ તો એક અક્ષરધામમાં જ નથી. અક્ષરધામમાં તો સર્વ મુક્તાત્માઓ ચૈતન્યમૂર્તિ સચ્ચિદાનંદ-સ્વરૂપ જ છે. પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ જેવા તો પરબ્રહ્મ એક જ અને પરમ અદ્વિતીય છે અને સાકરના રસની મૂર્તિની પેઠચે જેમાં ભાગ-ત્યાગ કર્યાનો માગ જ નથી, એવા દિવ્ય, પરમ ચૈતન્ય, સત્, ચિદ્, આનંદઘન મૂર્તિ છે અને તે પરબ્રહ્મ જેવો થાવાને અક્ષરબ્રહ્મ પર્યંત કોઈ સમર્થ નથી; પરંતુ તે પરબ્રહ્મની સાથે બ્રહ્મરૂપ થઈને તાદાત્મ્યકપણાને પામી શકાય છે અને જેમ પરબ્રહ્મ એક જ છે, તેમ જ અક્ષરબ્રહ્મ કે મૂળઅક્ષર પણ એક જ છે. અનંતકોટિ અક્ષરમુક્તો અક્ષરરૂપે રહ્યા થકા પુરુષોત્તમનારાયણની ઉપાસના કર્યે છે; એવી રીત્યે પુરુષોત્તમનારાયણની ઉપાસના માટે અધિકારી થાવા, તથા તેમને પામવા માટે અનાદિ અક્ષરબ્રહ્મ એ સર્વે મુમુક્ષુનું લક્ષ્ય હોવું જો'એ.

શ્રીજીમહારાજે આ વાત ગૌરવતાએ મધ્યનાં ૩૦માં વચનામૃતમાં કહી છે જે, "પ્રકૃતિપુરુષ થકી પર એવું જે, શુદ્ધ ચૈતન્યબ્રહ્મ તેને જ પોતાનું સ્વરૂપ માને અને બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મનું ભજન કર્યે અને એ બ્રહ્મથકી ઓરું જે, પ્રકૃતિ ને પ્રકૃતિનું કાર્યમાત્ર તેને અસત્ય જાણે ને તુચ્છ સમજે ને માયિક જે નામરૂપ તેને વિશે

અતિશે દોષદષ્ટિ રાખે ને તે સર્વ નામરૂપને વિશે અતિશે વૈરાગ્ય પામે, ત્યારે તેને સોનું ને સ્ત્રી બંધન ન કર્યે; બીજાને તો જરૂર બંધન કર્યે.''

વળી મધ્યનાં ૩જા વચનામૃતમાં કહ્યું જે, ''એ બ્રહ્મ થકી પરબ્રહ્મ જે પુરુષોત્તમનારાયણ તે નોખા છે અને એ બ્રહ્મના પણ કારણ છે ને આધાર છે ને પ્રેરક છે. એમ સમજીને પોતાના જીવાત્માને એ બ્રહ્મસંગાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામીસેવકભાવે ઉપાસના કરવી.''

વળી લોયાનાં ૧૨માં વચનામૃતમાં કહ્યું જે, ''જે અક્ષરધામના એક એક રોમમાં અસંખ્યાત બ્રહ્માંડ અણુની પેઠચે જણાય છે, તેવું ધામરૂપઅક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કર્યે તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ.'' આવી રીત્યે ત્રણ્ય દેહથી પૃથક, જીવસત્તામાત્ર થઈને એ જીવને અનાદિ મૂળઅક્ષરબ્રહ્મની સાથે એકતા કરવા માટે શ્રીજીમહારાજનો ઉપદેશ છે. આવીરીત્યે નિર્દેશ કરેલ અક્ષરબ્રહ્મ કે બ્રહ્મ તેને જ મૂળઅક્ષર કે અક્ષરધામ કહે છે અને તે અક્ષરધામનાં મૂર્ત અને અમૂર્ત એવાં બે સ્વરૂપ પ્રથમનાં ૨૧માં વચનામૃતમાં કહ્યાં છે એવું જે, પોતાનું અક્ષરધામ ને ચૈતન્યમૂર્તિ પાર્ષદ અને સર્વ ઐશ્વર્યએ સહિત જ શ્રીજીમહારાજ આંહીં પધાર્યા છે, એમ પ્રથમનાં ૭૧માં વચનામૃતમાં કહ્યું છે.

માટે અક્ષરબ્રહ્મ તે શ્રી પુરુષોત્તમનારાયણને અખંડ રે'વાનું ધામ છે, તેથી શ્રીજીમહારાજ કે અક્ષરબ્રહ્મ કે અક્ષરરૂપ સંતની સાક્ષાત્ પ્રાપ્તિ વગર કોઈ બારોબાર પરોક્ષભાવે બ્રહ્મરૂપ થઈ શકતો નથી. જેમ લોઢાને સોનું થાવા માટે પારસમણિના સ્પર્શવગર કોટિ પ્રયાસ કર્યે, તો તે વડે તેનો લોહભાવ જાતો નથી, વળી જેમ કોઈ એમ માને જે, ''હું તો રાજા છું.'' અને એમ નિરંતર રટણ કર્યે, તો પણ તે રાજા થાતો નથી કે, રાજસંબંધી અણું જેટલું પણ સુખ આવતું નથી.. તેવી જ રીત્યે

अहं ब्रह्मास्मि । (બૃહદારણ્યક ઉપનિષદ : ૧/૪/૧૦)

અર્થ :- હું બ્રહ્મ છું. પરોક્ષભાવે રટચા કરવાથી કે, માનવાથી બ્રહ્મ થાવાતું નથી. પણ રાજાના પુત્રપણાને પામે તો તે જીવ કાંઈપણ પ્રયાસ વગર રાજ્યનો ધણી થઈને જ રહે છે, તેમ સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ સંતનાં પ્રગટ સેવન, મનન અને નિદિધ્યાસથી જ્યારે એ જીવ પોતાને બ્રહ્મરૂપ માને છે ત્યારે જ તે સાક્ષાત્ બ્રહ્મભાવને પામે છે અને પુરુષોત્તમનારાયણને વરણીય થાય છે. શ્રુતિમાં પણ કહ્યું છે જે, આવી રીત્યે પ્રગટ બ્રહ્મને ઓળખનારો જ બ્રહ્મ થાય છે.

ब्रह्मविद् ब्रह्मैव भवति । (મુણ્ડક ઉપનિષદ : ૩/૨/૯)

અર્થ :- બ્રહ્મને જાણકાર બ્રહ્મ જ બને છે. આવા બ્રહ્મરૂપ ભક્તને જ પુરુષોત્તમ નારાયણની ભક્તિનો ખરો અધિકારી કહ્યો છે. આવી રીત્યે અક્ષરપુરુષોત્તમના કે, બ્રહ્મપરબ્રહ્મના સ્વરૂપજ્ઞાનને યથાર્થ સમજ્યા વર જ્ઞાનભાગ બહુ જ દોષયુક્ત બને છે; કેમ કે, અક્ષરબ્રહ્મનું અનાદિત્વ અને એકવચન તેમ જ, પરબ્રહ્મનું અનાદિત્વ અને એકવચન., આવી જ્ઞાનદષ્ટિ વગર સાર્થક બનતું નથી.

(૩૦) પ્રકૃતિપુરુષનું કાર્ય બૃહદ્ બ્રહ્માંડ છે. તેમાં પ્રધાનપુરુષનાં કાર્યરૂપ અનંત મહદ્ બ્રહ્માંડો વસેલાં છે અને તે દરેકમાં વળી વૈરાટપુરુષનાં કાર્યરૂપ અનંત ક્ષુદ્ર બ્રહ્માંડો આવેલાં છે. એમ એકબીજાનો એકબીજાની અંદર સમાવેશ થઈ રહ્યો છે. હવે પ્રથમનાં ૬૩માં તથા લોયાનાં ૧૨માં એ આદિક વચનામૃતમાં, અક્ષરબ્રહ્મનાં રોમ રોમ પ્રત્યે અસંખ્યાત બ્રહ્માંડ અણુની પેઠચે ઊડતાં ફરે છે એમ જે કહ્યું છે, તે મહાપુરુષરૂપી બૃહદ્ બ્રહ્માંડોને કહ્યાં છે. એ ઉત્પત્તિ સર્ગમાં છ સગુણ સ્વરૂપો અધિકાર, સત્તા કે વ્યાવહારિક સત્તા પામેલ છે અને તેઓ પોતપોતાના બ્રહ્માંડમાં વે'વાર ચલાવે છે. આ છ સગુણ અને ચાર નિર્ગુણ મળી દસ સ્વરૂપો બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે રહ્યાં છે અને તે થકી પર મહત્તત્વ, તેથી પર પ્રધાનપુરુષ ને તેથી પર પ્રકૃતિપુરુષ છે. આ જે ચાર નિર્ગુણ સ્વરૂપો છે, તેને નિર્ગુણ કે'વાનો હેતુ એટલો જ છે કે, આ બ્રહ્માંડમાં તે સ્વરૂપો પરમાર્થતત્ત્વ તરીકે ગણાય છે.

દેવ, દાનવ, મનુષ્ય, જીવ, પ્રાણીમાત્રને પોતાના કલ્યાણમાટે આ ચાર નિર્ગુણ મૂર્તિઓની ઉપાસના ઉપદેશેલ છે અને તે ઉપાસનાવડે તેઓ પોતપોતાના અધિકાર પ્રમાણે પોતપોતાના ધામને પમાડે છે, પણ જયાં સુધી પ્રકૃતિપુરુષની અંદર જીવાત્મા ભમ્યા કર્યે છે, ત્યાં સુધી તેને આત્યંતિક મુક્તિ મળતી નથી. શ્રુતિમાં કહ્યું છે જે, ઉપાસકો પોતપોતાના ઉપાસ્ય દેવો સાથે તદ્દરૂપપતાને પામે છે અને સાધક જે ઉપાસક તેને તે તે દેવ પોતા જેટલી ઉચ્ચ ગતિને પમાડે છે. શાસ્ત્રો ભલે કહે કે, ઇન્દ્ર, વરુણ, અગ્નિ, બ્રહ્મા કે વિષ્ણુ આદિકના પૂજનથી એક જ પરમાત્માનું પૂજન થાય છે પણ તેમાં ફળભેદ ઘણો પડચે છે. તે તો દેવો પોતાની શક્તિ અનુસાર ઉપાસકોને પોતપોતાના સ્થાનકે પોં'ચાડે છે અને તેથી ઉપાસકોની જુદી જુદી ગતિ મધ્યનાં ૯માં વચનામૃત પ્રમાણે થાય છે. જ્યારે પ્રલયકાળે એ સર્વેને મહાકાળ લીન કરી નાખે છે, ત્યારે પ્રલયાવસ્થામાં પણ સર્વે જીવ ને ઈશ્વરો પોતપોતાનાં કારણ શરીરયુક્ત પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ ધારી રાખે છે અને જેમ

ભૂમિમાં અદશ્યપણે પડચાં રહેલ બીજ, વર્ષાસમયે સૌ સૌના ભાવે સહિત ઊગી નીકળે છે, તેમ તે સર્વે ઉત્પત્તિસમયે પાછા ઊપજીને પોતપોતાના જીવ કે, ઈશ્વર ભાવે સહિત વે'વાર ચલાવવા મંડે છે, માટે પ્રકૃતિપુરુષથી પર જે અક્ષરધામ, તેને પામવાનો નિર્ગુણ મારગ તો માત્ર અક્ષરધામના અધિપતિ શ્રી સહજાનંદ-સ્વામી શ્રી પુરુષોત્તમનારાયણ તેમની અક્ષરરૂપ થઈને ઉપાસના કરવી એ જ છે.

(જુઓ પ્રકરણ ૯ ની વાત ૮૫)

(૩૧) મહાપુરુષ મહામાયા સાથે જોડાઈને સૃષ્ટિ ઉત્પન્ન કર્યે છે, તે શ્રી પુરુષોત્તમની ઇચ્છાથી કે અક્ષરની ? એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે, 'નિત્ય, નૈમિત્તિક, પ્રાકૃત અને આત્યંતિક પ્રલયને અંતે, સર્વ માયાસર્ગને પોતામાં સમાવીને મહાપુરુષ જે તે અક્ષરબ્રહ્મના તેજને વિશે લીન થઈ રહે છે. જ્યારે ઉત્પત્તિસમય આવે છે ત્યારે,

बुद्धीन्द्रियमनःप्राणान् जनानामसृजत्प्रभुः ।
मात्रार्थं च भवार्थं च आत्मनेऽकल्पनाय च ॥

(શ્રીમદ્ ભાગવત : ૧૦/૮૭/૨)

અર્થ :- સર્વસમર્થ ભગવાનને શબ્દાદિ વિષયોને ગ્રહણ કરવા માટે, પુનર્જન્મને માટે અને પોતાને સ્વર્ગલોક વગેરે ભોગવવાની પ્રાપ્તિ માટે તથા મોક્ષલાભ માટે જીવોના મન, બુદ્ધિ, ઇન્દ્રિય અને પ્રાણની રચના કરી છે. એમ આ સૃષ્ટિની ઉત્પત્તિસમયે પુરુષોત્તમ-ભગવાને મૂળઅક્ષર સામી દૃષ્ટિ કરી અને મૂળઅક્ષરે સર્વ અક્ષરમુક્તો-સામી દૃષ્ટિ કરી; ત્યારે તેમાંથી એક મુક્ત ઊભો થયો અને તે અનંત શક્તિને પામીને સૃષ્ટિની ઉત્પત્તિ અર્થે મહામાયા સાથે જોડાયો અને તે થકી અનંતકોટિ પ્રધાનપુરુષ પ્રગટ થાતા હવા. એ પ્રધાનપુરુષ થકી અનંતકોટિ બ્રહ્માંડો થાતાં હવાં અને એ સર્વેમાં પુરુષ જ તે પોતાની શક્તિએ કરીને સર્વને ધારી રહે છે. હવે જ્ઞાનીઓમાં,

(૧) કેટલાક એમ સમજે છે જે, મહાપુરુષ તો અતિ ઉત્તમ મુક્ત છે; પુરુષોત્તમની મરજીને જાણનારા અને વચનના અદ્ધર ઝીલનારા અને પુરુષોત્તમની ઇચ્છાથી માયાસાથે જોડાયા છે પણ એને કોઈ પ્રકારનો રાગ નહોતો, એ તો કેવળ પુરુષોત્તમની પ્રસન્નતાર્થે આ સૃષ્ટિના કાર્યમાં જોડાયા છે.

(૨) બીજા કેટલાક એમ જાણે છે જે, એ મહાપુરુષને કાંઈક અવ્યક્ત રાગ પણ હતો અને પુરુષોત્તમની મરજી પણ હતી, તેથી માયા સાથે જોડાયા.

(૩) કેટલાક એમ સમજે છે કે, મહાપુરુષ માયા સાથે જોડાયા છે તે અક્ષરદ્વારા જોડાયા છે; પણ પુરુષોત્તમનારાયણ કોઈને માયાસાથે જોડતા નથી.

(૪) વળી કેટલાક એમ સમજે છે જે, પુરુષોત્તમનારાયણ કોઈને પ્રવૃત્તિમાં જોડતા નથી; તેમને તો કેવળ પોતાની મૂર્તિનું સુખ જ આપવું છે. જે જે માયાસાથે જોડાય છે, તે તે પોતાના સદ્આશયે કરીને જ જોડાય છે.

(૫) અને તેમાં જે અતિ ઉત્તમ છે, તે એમ સમજે છે જે, જેમ પુરુષોત્તમભગવાન કોઈને પ્રવૃત્તિમાં જોડતા નથી, તેમ જ અક્ષરબ્રહ્મ પણ કોઈને પ્રવૃત્તિમાં જોડતા નથી; અક્ષરબ્રહ્મ તો સર્વને પોતાનું સાધર્મ્યપણું આપી, એક પુરુષોત્તમનારાયણની મૂર્તિમાં જ જોડે છે, કે'તાં અક્ષરરૂપ કરી અનંતને પુરુષોત્તમનારાયણની મૂર્તિના સુખને પમાડચે છે. માટે જે જે માયા સાથે જોડાય છે, તે તે પોતાના સદ્આશય વડે જ જોડાય છે.

જેમ પુરુષોત્તમભગવાન સદા સર્વદા એક જ અને અદ્વિતીય વરતે છે; તેમ જ મૂળઅક્ષર પણ એક જ અને અદ્વિતીય છે અને એ બન્ને અનાદિ છે. માટે જેમ પુરુષોત્તમભગવાન જેવા, તો એક પુરુષોત્તમભગવાન કે'વાય; તેમને બીજી કોઈ ઉપમા ન ઘટે (ન દેવાય); તેમ જ મૂળઅક્ષર જેવા તો મૂળઅક્ષર એક જ છે, તે જેવા બીજા કોઈ મુકત ન કે'વાય. માટે જે જે મુકતો અક્ષરરૂપ થઈ ગયા છે અને હવે થાશે એ સર્વે પુરુષોત્તમનારાયણના દાસ છે અને મૂળઅક્ષર પછી જ ગણનામાં આવે છે; કારણ કે, પુરુષોત્તમનારાયણ સમ્યક્ રીત્યે અક્ષરબ્રહ્મમાં દર્શાવાય છે અને તેવી જ રીત્યે અક્ષરમુક્તોમાં પણ દર્શાવાય છે, પરંતુ મુકતોની હેત, માહાત્મ્યજ્ઞાનની સ્થિતિના કહ્યા એવાં ઘણાં પ્રકારનાં અંગે તેમનાં સુખ, સામર્થી અને પ્રકાશમાં તારતમ્યતા મધ્યનાં ૬૭માં વચનામૃત પ્રમાણે રહે છે. આવી અતિઉત્તમ મુકતની સમજણ છે; આ વાત તે અધિક જાણવી. પ્રથમ જે ચાર પ્રકારની જ્ઞાનની સમજણ છે તે સર્વેને પોતપોતાની સમજણે કરીને પ્રકાર દેખાય છે અને તે તે ન્યૂનતા તેમણે મૂકવાની છે. એવી રીત્યે ઉત્તમ સ્થિતિ થાય છે ત્યારે જ તે મુકતને સાક્ષાત્ પુરુષોત્તમનારાયણની મૂર્તિનું યથાર્થ મહાસુખ આવે છે; બીજાને તો જરાતરા પણ ભાવફેર રહી જાય છે અને અનંતકોટિ પુરુષ, અવતાર, ઈશ્વર અને જીવુંનાં કલ્યાણ માટે ઉત્પત્તિસર્ગ ઊપજ્યાની એ રીત્ય છે.'

(૩૨) एकमेवाद्वितीयं ब्रह्म । (છાંદોગ્ય ઉપનિષદ : ૬/૨/૧)

અર્થ :– એક જ અદ્વિતીય બ્રહ્મ. એ શ્રુતિ અનુસાર મૂળપ્રકૃતિ અને મૂળપુરુષથી પર જે અધોઊર્ધ્વ અને પ્રમાણે રહિત અક્ષરધામ છે, તેમાં સદા વિરાજમાન પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ તે જ એક પરાત્પર સનાતન ભગવાન છે અને પરમ અદ્વિતીય

કે'તાં એના જેવો બીજો કોઈ નથી તેવા છે. આવા પુરુષોત્તમનારાયણનું સનાતન અનાદિ દિવ્ય વ્યતિરેક મૂળસ્વરૂપ પંચાળાનાં ચોથા વચનામૃતમાં કહ્યું છે. વળી એ ભગવાનનું જે અક્ષરધામ છે તેવું બીજું કોઈ પણ સ્થાનક નથી કે, જેને એ ભગવાનના ધામની ઉપમા દેવાય અને એ ધામને વિશે રહ્યા જે મુક્ત તેમને જેવું સુખ છે, તેવું કોઈ બીજાને સુખ નથી કે, જેની એને ઉપમા દેવાય.

એ રીત્યે એ ભગવાન, તેનું ધામ, તેના મુક્તો, તેનું સુખ, એ સર્વ પુરુષપ્રકૃતિ પર્યંત જે કાંઈ છે તે સર્વથી અતિશે પર, જુદું અને વિલક્ષણ છે. એમ ધામી, ધામ, ને મુક્તનું સાદૃશ્યપણું બીજા કોઈની સાથે થઈ શકે તેમ નથી જ; કેમ જે, માયિક ને અમાયિક વિશે સાદૃશ્યપણું સંભવે જ કેમ ? માટે પુરુષપ્રકૃતિ પર્યંત વિજાતીય આકૃતિઓની ઉપમા પુરુષોત્તમભગવાન કે, એ ભગવાનના ધામને કે, તેમના મુક્તને દેવાય જ નહીં. આવી રીત્યે પરાત્પર પુરુષોત્તમનારાયણ શ્રી સહજાનંદસ્વામી, તેમનું અક્ષરધામ અને તેમના મુક્તો એ ત્રણ્ય પુરુષપ્રકૃતિ આદિક સર્વ થકી પર અને પરમ અદ્વૈતપણે છે; કે'તાં એમના જેવા બીજા કોઈ નથી. આવા પુરુષોત્તમભગવાન, તેમનું ધામ અને તેમના અનાદિ મુક્તો જ્યારે આ બ્રહ્માંડમાં મનુષ્ય દેહધારી થાય છે ત્યારે તેઓ

तत् પદ, त्वम् પદ । અને असि પદ ।

(વેદના ૧૨ મહાવાક્યોનું એક વાક્ય (તત્ ત્વમસિ))

અર્થ :- તત્ એ પદ / ત્વમ્ એ પદ/ અસિ એ પદ. ને ધારીને વરતે છે; છતાં તેઓ સ્વયંસ્વરૂપે ગુણાતીત જ હોય છે.

જે મુમુક્ષુ જીવાત્મા, સંતસમાગમ કરી સાંખ્ય વિચારને પામી, પ્રકૃતિજન્ય ગુણોનો ત્યાગ કરી, પરાત્પર પુરુષોત્તમનારાયણના સ્વરૂપનું યથાર્થ માહાત્મ્યેસહિત જ્ઞાનદર્શન કર્યે છે, ત્યારે એ જીવને ભગવાનનો સંબંધ થયો કે'વાય છે. એવા મુમુક્ષુ આત્માની દૃષ્ટિમાંથી જ્ઞાને કરીને જ્યારે માયાકૃત ગુણોનાં કાર્યનો લય થાય છે ત્યારે જ તેણે માયાના આવરણને ભેદ્યું કે'વાય. એવા મુક્તને સાક્ષાત્ ધામરૂપ મૂળઅક્ષરનાં દર્શન અને સંબંધ અને જ્ઞાનવડે માયાનું કપટ નાશ પામતાં, તે સનાતન અક્ષરબ્રહ્મરૂપ બને છે અને અક્ષરધામ અને પુરુષોત્તમને જેવો નિત્ય સંબંધ છે તેવો તે મુક્તને લહ્યામાં આવે છે અને ત્યારે જ તે મુક્તને પરાત્પર પુરુષોત્તમનારાયણનું સાક્ષાત્ દર્શન પોતાના હૃદયાકાશને વિશે થાય છે.

આંહીં આશંકા થાય જે, મુક્ત અને પુરુષોત્તમનારાયણની વચ્ચે

અક્ષરધામને લાવવાની શ્યી જરૂર હશે ? તેનો ઉત્તર એ છે જે, 'અક્ષરધામમાં જે મુક્તો પુરુષોત્તમની સેવામાં રહ્યા છે તે સર્વે અક્ષરના સાધર્મ્યપણાને પામેલ છે. શાસ્ત્રાનુસાર જે લોકમાં રે'વું હોય તે લોકના પ્રધાનતત્ત્વ પ્રમાણે તે ધામમાં રે'નારાનો દેહ થાય છે. જેમ કે વરુણ લોકમાં રે'નારાનો દેહ જળરૂપ હોય છે; અગ્નિલોકમાં રે'નારાનો દેહ અગ્નિરૂપ, સૂર્યલોકમાં વસનારાનો દેહ સૂર્યરૂપ, વાયુલોકમાં રે'નારાનો દેહ વાયુરૂપ હોય છે. એમ તે તે લોકમાં રે'નારાનો દેહ તે તે લોકના તત્ત્વરૂપ ન હોય તો ત્યાં રહી શકાતું જ નથી. તેમ અક્ષરધામમાં રે'નારા મુક્તોને પુરુષોત્તમને પામીને તેમની સેવામાં રે'વા પૂર્વે અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામવું પડચે છે. જ્યારે જીવાત્મા અક્ષરબ્રહ્મરૂપ થાય છે, ત્યારે જ તે અક્ષરધામમાં પુરુષોત્તમનારાયણની સેવામાં રહી શકે છે.

આમ જે સનાતન અનાદિ મૂળઅક્ષર છે તેમના સાધર્મ્યપણાને જીવાત્મા પામે છે, ત્યારે જ તેનો અક્ષરધામમાં વાસ થાય છે. અક્ષરધામમાં અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામેલ અનંતકોટિ મુક્તો છે તે સર્વેને અક્ષરસંજ્ઞા લાગુ પડચે છે; પરંતુ તે સર્વેના કારણસ્વરૂપે વિદ્યમાન જે મૂળઅક્ષર તે તો એક જ છે. એ જે મૂળઅક્ષર તે જ અનંતકોટિ મૂળપુરુષોના પ્રેરક અને અક્ષરમુક્તોના આધાર છે અને તે જેવા તો તે એક જ હોવાથી અદ્વિતીય ગણાય છે. એવા જે મૂળઅક્ષર તે થકી પણ પર અને અતિ અપાર અને તેમને પણ ઉપાસ્ય અને ભજનીય એવા તો એક પરબ્રહ્મ શ્રી પુરુષોત્તમનારાયણ છે અને તેથી તે તો પરમ અદ્વિતીય છે.

(૩૩) પરાત્પર એવા જે પુરુષોત્તમનારાયણ તે જ્યારે પોતાના અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર મનુષ્ય દેહ ધરે છે, ત્યારે જીવપ્રાણીમાત્રને તે સાકારરૂપે દૃષ્ટિગોચર થાય છે. એ સ્વરૂપને વ્યતિરેક સ્વરૂપ તરીકે આંહીં ઓળખાવી શકાય છે અને સામાન્યપણે મનુષ્યાકાર સ્વરૂપથી જુદા સ્વરૂપે તેમનું દર્શન કરાવી શકાતું નથી. પોતાની સ્વેચ્છાથી જુદા સ્વયં દર્શન આપવાને સદા શક્તિમાન છે, એવા પરાત્પર મૂર્તિમાન પુરુષોત્તમભગવાન અક્ષરધામમાં સ્વયં વિરાજી રહેલા છે અને તેથી અક્ષરથી જુદા વર્ણવી શકાતા નથી કારણ કે, પુરુષોત્તમનારાયણ અને મૂળઅક્ષર વચ્ચેના સમ્યક્ તાદાત્મ્યકભાવ સંબંધેકરીને અને પુરુષોત્તમનારાયણનો સર્વ વે'વાર સત્તા મૂળઅક્ષર દ્વારે જ શાસ્ત્રકારોથી કલ્પાયેલ છે, તેથી તે બન્નેનો બીજી કોઈ રીતે મજિયારો વેં'ચી (વહેંચી) શકાતો નથી. ફક્ત તત્ત્વજ્ઞાનના વિચારમાં એટલું જ કહી શકાય છે જે, મૂળઅક્ષર પર્યંત એ સૌ

પુરુષોત્તમભગવાનને આધીન છે, અને એ પુરુષોત્તમભગવાન સૌથી પર અને એક અને પરમ અદ્વિતીય છે. જેના ઉપર ભગવાન કૃપા કર્યે છે તે જ એ અંતર્ગત ભેદ જોઈ શકે છે.

પછી બે મણિની વાત કરી કહ્યું જે, એક મણિને ઠેકાણે તો મૂળઅક્ષરને સમજવા કે, જેની કિંમત થઈ શકતી નથી; અને બીજા મણિને ઠેકાણે તો પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ છે ને તે જેવો થવાને મૂળઅક્ષર પર્યંત કોઈ સમર્થ નથી. એમ એ બન્ને દૃષ્ટાંતે તે બન્નેની અદ્વિતીયતા સમજવી. આવી જે જ્ઞાન-સમજણ તે જ શ્રીજીમહારાજનો અક્ષરમત છે. એ જ પરમ અદ્વૈત કે પરમાદ્વૈત સિદ્ધાંત છે. આ મત મુજબ મૂળઅક્ષર અને પુરુષોત્તમભગવાન વચ્ચે જ્ઞાનભાગમાં સેવક-સેવ્ય, ધાતા-ધ્યેય, કે શરીર-શરીરી સંબંધ હોવા છતાં, તેમના ગુણ, વૈભવ, ઐશ્વર્ય, કર્તુમ્-અન્યથાકર્તું શક્તિ આદિક અનંત દિવ્ય ગુણો અને કલ્યાણકારી ઐશ્વર્યનો મજિયારો કે, ભાગ વેં'ચી શકાતો જ નથી. એ બે વચ્ચે તો પરમ અદ્વૈતભાવ નિત્ય વરતે છે. અરે ! મુક્ત અને પુરુષોત્તમને એવો સંબંધ છે, તો મૂળઅક્ષર અને પુરુષોત્તમને તેવો નિત્ય સંબંધ હોય તેમાં શું આશ્ચર્ય હોય ? એ તો સદાસર્વદા છે જ.

આવા જે મૂળઅક્ષર તેનું સાધર્મ્યપણું પામવા માટે તેનો પ્રગટ સંબંધ જીવને જો'એ. સર્વત્ર વ્યાપક બ્રહ્મ, જડ-ચેતન સર્વને વિશે વ્યાપી રહેલ છે; પરંતુ તે વડે જીવ બ્રહ્મરૂપ થઈ શકતો નથી; જેમ લાકડામાંનો અગ્નિ બા'ર્યના સાક્ષાત્ અગ્નિના યોગ વગર તેને બાળવાને સમર્થ થાતો નથી, તેમ નિરાકાર અને પરોક્ષ બ્રહ્મના જ્ઞાનવડે જીવનો જીવભાવ ટળતો નથી અને કોઈ બ્રહ્મરૂપ થાતું નથી. પ્રગટ પરબ્રહ્મ કે, બ્રહ્મ કે, બ્રહ્મરૂપસંતના પ્રગટ સ્વરૂપમાં ધારણા, ધ્યાન ને સમાધિવડે તેના જેટલા ગુણ, ઐશ્વર્ય, સ્વભાવ, સુખ, આદિક જે જે હોય તે સર્વે તે સંયમીમાં આવે છે; ત્યારે તે સાધર્મ્યપણાને પામ્યો કે'વાય છે.

સ્વયં શ્રીજીમહારાજનો પ્રબળ પ્રતાપ છે કે, પોતાના સાક્ષાત્ સંબંધમાં આવેલને બ્રહ્મરૂપ કરી અક્ષરધામ પમાડ્યે છે માટે ઉપર કહ્યો એવો જે મૂળઅક્ષર અને પુરુષોત્તમનો પરમ અદ્વૈત સંબંધ જે ભક્ત સમજીને મૂળઅક્ષરના સાધર્મ્યપણાને પામે છે, તેને સર્વ પ્રકારે મૂળઅક્ષરની જેમ જ પુરુષોત્તમભગવાનની મૂર્તિનું સુખ આવે છે. એમાં જેટલી ઊણપ તેટલી સુખ, સામર્થ્ય ને પ્રકાશમાં પણ તારતમ્યતા રહે છે. જેઓ મૂળઅક્ષરના સ્વરૂપને નથી સમજતા તેઓ

શ્રીજીમહારાજના સ્વરૂપને પણ સંપૂર્ણ માહાત્મ્યસહ વર્તમાન જાણી શકતા નથી અને તેથી પુરુષોત્તમનારાયણના સમ્યક્ સુખને પામવામાં તેમને ઘણી ઊણપ રહી જાય છે. કોટિ કલ્પ સુધી ઊંધે માથે તપ કરીને સુકાઈ જાય તો પણ જે મૂળઅક્ષરનાં સ્વપ્નમાંય દર્શન થાય નહિ, તે આજ આ સાક્ષાત્ વાતું કર્યે છે. જેમ શ્રીજીમહારાજ પરાત્પર પૂર્ણ પુરુષોત્તમનારાયણ છે તે તેવા જ પ્રસિદ્ધ થાશે, તેમ અમે પણ અક્ષરબ્રહ્મ-અક્ષરધામ છીએ તે તેવા જ પ્રસિદ્ધ થાશું. અમારો અને પુરુષોત્તમ વચ્ચેનો જે પરમ અદ્વૈત સંબંધ, તે તો કો'કના જ લહ્યામાં આવે તેવો છે, કદાચ કોઈ બીજાને મૂળઅક્ષર ઠરાવશે તો પણ શું ?

(૩૪) ભગવાનના સ્વરૂપનું નિરૂપણ તો જેવું શ્રીજીમહારાજને આવડે તેવું બીજા અનેક શાસ્ત્રીઓ ભેગા થાય તો પણ તેવું નિરૂપણ ન થાય. શાસ્ત્રોમાં ક્યાંઈક જ્ઞાન પ્રધાન, ક્યાંઈક કર્મ પ્રધાન, ક્યાંઈક ભક્તિ પ્રધાન માની છે અને તે સર્વે બહુ તો બહુ મહાપુરુષને બ્રહ્મ ને પુરુષોત્તમ કહે છે અને તેની અંદરના સ્વરૂપોસંબંધી નિરૂપણ કર્યે છે. માટે શ્રીજીમહારાજનો જે અક્ષરમત તે તો આ વખતે શ્રીજીમહારાજ થકી જ પ્રવર્ત્યો છે. સંપ્રદાયની બાંધણીમાં શ્રીજીમહારાજે 'વિશિષ્ટાદ્વૈત' મતને માન્ય ગણ્યો છે અને તે મુજબ જડચિદ્ છે શરીર જેનું એવા, પણ તે સર્વથી ન્યારા, સર્વશક્તિ, ઐશ્વર્ય, સામર્થી, પ્રતાપ, આદિક અનંત અપાર શુભ ગુણેયુક્ત પુરુષોત્તમનારાયણ, મૂળઅક્ષર-અક્ષરબ્રહ્મ અને અનંત અક્ષરમુક્તગણથી અખંડ સેવાયેલ થકા અક્ષરધામમાં સદાસર્વદા વિરાજમાન રહે છે, એ 'વિશિષ્ટાદ્વૈત'નો સામાન્ય અર્થ થયો.

પરંતુ અક્ષરબ્રહ્મ કે જેનો સ્વભાવ જ અધ્યાત્મ છે એટલે કે, જેને કેવળ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણનો નિત્યસિદ્ધ સંબંધ છે, તે અક્ષરબ્રહ્મ અને પુરુષોત્તમનારાયણ વચ્ચેનો પરમ અદ્વૈતભાવ શ્રીજીમહારાજે અધ્યાત્મજ્ઞાન વિચારમાં અતિ સૂક્ષ્મપણે પ્રતિપાદન કરેલ છે. તેથી સૂક્ષ્મરીત્યે જોતાં ભક્તિમારગમાં અક્ષરબ્રહ્મ વિશિષ્ટ પુરુષોત્તમ કે સ્વામી વિશિષ્ટ નારાયણ, એમ અક્ષરબ્રહ્મ અને પુરુષોત્તમ વચ્ચેની પરમ ઐક્યતા, કે'તાં સર્વ પ્રકારે તાદાત્મ્યકપણાને સિદ્ધ કરનાર ભક્તેસહિત શ્રીજીમહારાજનું 'સ્વામિનારાયણ' નામ બહુ જ સાર્થક છે. વળી અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામેલ અનંત અક્ષરમુક્તો પુરુષોત્તમભગવાનનાં સ્વરૂપમાં એવી જ રીત્યે તાદાત્મ્યકપણાને પામી અદ્વૈતભાવે વરતે છે અને અનવધિકાતિશય સચ્ચિદાનંદની પરમ સ્થિતિ અખંડ અનુભવે છે,

તેથી અક્ષરબ્રહ્મ અને અક્ષરમુક્તોથી વિશિષ્ટ પુરુષોત્તમનારાયણ

एकमेवाद्वितीयं ब्रह्म ।

(છાંદોગ્ય ઉપનિષદ : ૬/૨/૧)

અર્થ :- એક જ અદ્વિતીય બ્રહ્મ. સદાસર્વદા પર વરતે છે. એ રીત્યે મૂળઅક્ષર અને પરાત્પર શ્રી પુરુષોત્તમભગવાન તે બેના સ્વરૂપમાં; સાક્ષાત્ સંબંધેયુક્ત મુક્તિ મેળવવાના હેતુરૂપ શ્રીજીમહારાજનો આ પરમ 'વિશિષ્ટાદ્વૈત' શ્રી રામાનુજાચાર્યના મતથી છેક ભિન્ન અને ઉત્તમોત્તમ છે, માટે શ્રી રામાનુજાચાર્યના અનુયાયીઓ આપણને તેમના મતને માનનારા નથી માનતા; કેમ જે, આપણી સમજણ તેમના જેવી નથી.

(૩૫) <u>અધ્યાત્મવાર્તામાં</u> પુરુષોત્તમભગવાન, મૂળઅક્ષર-અક્ષરબ્રહ્મ, માયા, ઈશ્વર અને જીવ એ પાંચના અન્વય, વ્યતિરેકપણાની વિક્તિ યથાર્થ સમજાતી નથી, તેથી ભમી જવાય છે. સામાન્ય રીત્યે જીવ, ઈશ્વર, માયા ને બ્રહ્મ એ ચાર ભેદમાં શંકા થાતી નથી; પણ પાંચમો ભેદ સમજી શકાતો નથી. શાસ્ત્રો બહુધા મૂળપુરુષને જ પુરુષોત્તમબ્રહ્મ કે અક્ષરબ્રહ્મ તરીકે વર્ણવે છે.

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥

(ભગવદ્ ગીતા : ૧૫/૧૬)

અર્થ :- આ લોકમાં ક્ષર-નાશવંત અને અક્ષર-અવિનાશી એવા બે પુરુષો છે. તેમાં સર્વ ભૂતો એ નાશવંત પુરુષ છે. તેમનામાં રહેલો જે અંતર્યામી (કૂટસ્થ) પુરુષ તે અક્ષર-અવિનાશી કહેવાય છે. કૂટસ્થને અક્ષર કહે છે; આ મૂળપુરુષ અક્ષરબ્રહ્માત્મક છે તેથી તેને અક્ષરબ્રહ્મ પણ કહેલ છે.

પ્રથમનાં ૬૩માં વચનામૃતમાં કહ્યું જે, પ્રધાન અને પુરુષનું કારણ મૂળપ્રકૃતિ અને બ્રહ્મ છે. ત્યાં મૂળપુરુષને મહારાજે બ્રહ્મ કહ્યા અને પ્રકૃતિપુરુષાદિક સર્વેનું કારણ અક્ષરબ્રહ્મ છે અને તે અક્ષરબ્રહ્મ તો પુરુષોત્તમભગવાનનું ધામ છે ને તે મૂર્તિમાન છે. આમાં જે અક્ષરબ્રહ્મ કહ્યા તે મૂળઅક્ષરને કહ્યા. મધ્યનાં ૩૧માં વચનામૃતમાં મૂળપુરુષને <u>નિરન્નમુક્ત</u>, બ્રહ્મ, માયાના કારણ, માયાથી નિર્બંધ, બ્રહ્મસુખે સુખિયા ને પૂર્ણકામ કહ્યા છે. આમ જ્યાં મહારાજે શાસ્ત્રની રીત્યે વાત કરી હોય, ત્યાં ચોથો ભેદ જે બ્રહ્મ તે મૂળપુરુષને કહ્યા હોય છે અને પાંચમા ભેદમાં મૂળઅક્ષર અને પુરુષોત્તમને એકપણે ગણી પુરુષોત્તમ કહ્યા હોય છે.

વળી જૂના 'વચનામૃત'માં મહારાજે કહ્યું છે કે, *પંચભૂત, *દસ ઇન્દ્રિયું,

*ચાર અંતઃકરણ, *ચૌદ ઇન્દ્રિયુંના દેવતા, *ત્રણ્ય અવસ્થા, *ત્રણ્ય ગુણ, *પંચ કોશ એ સર્વે સોતું જ્યારે જીવનું સ્વરૂપ કહે છે, ત્યારે વાચ્યાર્થ સમજ્યામાં આવે છે; જ્યારે વાચ્યાર્થનો ત્યાગ કરીને જીવને અચ્છેદ્ય, અભેદ્ય, નિત્ય, પૂર્ણ, સચ્ચિદાનંદ, પુરાણ, અવ્યય એવે લક્ષણે કરીને શાસ્ત્રને વિશે જીવના લક્ષ્યાર્થ સ્વરૂપને કહે છે, ત્યારે વાંચનારની ને સાંભળનારની બુદ્ધિ ભ્રમી જાય છે; કેમ જે, બુદ્ધિની જડતાએ કરીને જીવના લક્ષ્યાર્થ કે વ્યતિરેક સ્વરૂપને વિશે ઈશ્વરનું ભાન થાય છે અથવા બ્રહ્મનું ભાન થાય છે કાં પુરુષોત્તમની ભ્રાંતિ પડચે છે; પણ યથાર્થ સમજાતું નથી. એવી જ રીત્યે જ્યારે સચ્ચિદાનંદ, પૂર્ણ, અદ્વૈત, આદિક અનંત વિશેષણે કરીને ઈશ્વરના લક્ષ્યાર્થ સ્વરૂપનું વર્ણન આવે, તો પણ તેને ઈશ્વરનું વ્યતિરેક સ્વરૂપ સમજવું અને પ્રાકૃતપ્રલયને અંતે જે સ્વરૂપનું વર્ણન આવે તેને બ્રહ્મનું સ્વરૂપ જાણવું અને તેથી પર જે સ્વરૂપનું વર્ણન આવે તેને પરબ્રહ્મનું સ્વરૂપ જાણવું અને જીવ, ઈશ્વર, બ્રહ્મ ને પરબ્રહ્મનો વિવેક જાણવો, આમ મહારાજે વૈરાટાદિક ઈશ્વરથી પર જે બ્રહ્મ કહ્યા તે મૂળપુરુષને કહ્યા છે.

હવે પાંચમો ભેદ તે પરબ્રહ્મ કે પુરુષોત્તમનો છે. પૂર્ણ પુરુષોત્તમભગવાન સદાસાકારદિવ્યમૂર્તિ પરમ અદ્વિતીય, કે'તાં જેની તુલ્ય બીજો કોઈ નથી અને અવર્ણનીય કે'તાં જેનું વર્ણન થઈ શકતું જ નથી, એવા શ્રી સહજાનંદસ્વામી અને મૂળઅક્ષરને સ્વામીસેવકભાવે અખંડ સંબંધ છે અને તેવો સંબંધ અક્ષરમુક્તો અને પુરુષોત્તમને સદૈવ વરતે છે. આમ પુરુષોત્તમ, અક્ષરધામ અને મહા અક્ષરમુક્તો, તે સર્વે સાકાર, અતિ દિવ્ય, અતિ સૂક્ષ્મ અને એક બીજાના અંતર્યામી તથા એકરૂપે કે બહુરૂપે વરતી શકે તેવા પુરુષોત્તમ આકારે અખંડ વિરાજી રહેલ છે. તેમના વચ્ચે સ્વામી-સેવક કે, ધ્યાતા-ધ્યેય કે શરીર-શરીરી ભાવ કઈ રીત્યે છે તે પણ મન-વાણીમાં સમજાવી શકાય તેવો નથી. અક્ષરધામમાં સર્વે બ્રહ્મરૂપે જ છે. ભેદ તો પ્રકૃતિપુરુષથી શરુ થાય છે; કેમ જે, તે ઉત્પતિ સર્ગના કારણ બ્રહ્મ છે. તેથી ચોથો ભેદ મૂળપુરુષથી જાણવો.

(૩૬) આ પંચભૂતનું શરીર વાસનાવડે જ ઉત્પન્ન થયું છે અને તેથી સર્વ અનર્થનું કારણ, શુભ અને અશુભ એમ બે પ્રકારની વાસના છે. અશુભ વાસના એ જે, અનાત્મા જે દેહ, ગેહાદિક તેમાં અહંમમત્વ કરવો અને તે વડે સંસૃતિમાં ભમવું. શુભવાસનાવડે આત્મા સ્ફુરાયમાન થાય છે અને મહાજ્ઞાની મુક્તને પણ અક્ષરધામમાંથી હઠાવી દિયે છે. આ ઉપર મહારાજે વાત કરી હતી.

સં.૧૮૮૩ના પોષ વદિ અષ્ટમીના રોજ મંદવાડમાં ઇચ્છારામભાઈએ મહારાજની હાજરીમાં દર્શન કરતાં થકા દેહત્યાગ કર્યો. પછી એક કિનખાબ ને જરીથી વીંટેલું વિમાન કરાવી, તેમાં ઇચ્છારામભાઈના દેહને પધરાવીને અગ્નિસંસ્કાર માટે ઘેલાને કાંઠે ત્રીજા ઓરિયાથી ઊગમણી જાયગાએ ગયા અને સુખડ, કપુર, નાળિયેર, ઘી, વગેરેથી રઘુવીરજીમહારાજે ઇચ્છારામભાઈના દેહને અગ્નિસંસ્કાર કર્યો. આવખતે એક ખીજડાના ઝાડ આગળ પાળાની ચોકીનો ઓટો છે, તે સ્થળે મહારાજ ઉતરાદે મુખારવિંદે વિરાજમાન થયા અને ઉદાસપણે આ સંસારનાં નાશવંતપણાની વાત કરવા લાગ્યા.

તે સમે ગોપાળાનંદસ્વામીએ અને મુક્તાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, 'હે મહારાજ ! દરબારમાં તમે પરમ દિ' જે વાત કરી હતી, તે સાંભળવાની અમારે સર્વેને ઇચ્છા છે; તો કૃપા કરીને તે વાત કહો.' ત્યારે મહારાજે કહ્યું જે, ''એ વાત તો કરામત છે અને ધર્મનિષ્ઠા, ભક્તિનિષ્ઠા, આત્મનિષ્ઠા, બ્રહ્મનિષ્ઠા, યોગનિષ્ઠા ને સમાધિનિષ્ઠા અને ભગવાનની સ્વરૂપનિષ્ઠા, એ સર્વે આ એક વાતમાં આવી જાય છે; માટે સૌ ધ્યાન દઈને સાંભળો.

દરબારમાં અમને પ્રશ્ન પૂછ્યો હતો જે, 'બદ્ધમાંથી મુક્ત થાય છે અને મુક્તમાંથી બદ્ધ થાય છે, તે શ્યેણે કરીને થાય છે ?' ત્યારે અમે કહ્યું કે, અનંત કોટિ સૃષ્ટિનો સ્વામી જે મૂળપુરુષ તે થકી પર જે અમારું અક્ષરધામ, તેને વિશે સ્વરાટ્ થકા અનંત કોટિ મુક્ત અને મૂળઅક્ષરે સેવાયેલ થકા અમે સદાસર્વદા અખંડ વિરાજમાન રહીએ છીએ અને તે મૂળઅક્ષર જે તે અનંત કોટિ બ્રહ્માંડના આધાર છે અને ધામરૂપે બ્રહ્મમહોલ છે અને બીજે રૂપે મૂર્તિમાન સાકારસ્વરૂપે અમારી અખંડ સેવામાં રહ્યા છે. આ જે મૂળઅક્ષર તેને જ મૂળઅક્ષરની ઉપમા દેવાય; પણ બીજી કોઈ ઉપમા તેને સંભવતી નથી.

હવે અનેક જન્મથી કારણ શરીરેયુક્ત જે આ જીવ તેને અનાદિ કાળથી માયા વળગી છે. જ્યારે એ જીવ સાચા સદ્ગુરુને શરણે થાય છે અને અમારાં વચન ને ધ્યાન વડે તેનું કારણ શરીર ટળી જાય છે, ત્યારે તે ભેળું માયારૂપી જે બદ્ધપણું તે પણ ટળી જાય છે અને તે જીવ સાકાર બ્રહ્મમય થઈને ભગવાનના સ્વરૂપને પામે છે અને બદ્ધ મટીને મુક્ત થાય છે પરંતુ જ્ઞાનેયુક્ત અનેક સાધન કરતે સતે કોઈને, બ્રહ્મજ્ઞાનના અહંપણાની, કોઈને સ્વરૂપનિષ્ઠાની, કોઈને દયાનિષ્ઠાની અને કોઈને સત્યપણાની એવી ચાર પ્રકારની નિષ્ઠાના બળનું અહંપણું રહી જાય છે અને

ભગવાનના અક્ષરધામમાં અનંત પ્રકારના મુક્ત છે, તેમાં આ ચાર પ્રકારના મુક્ત પ્રધાન છે.

તેમાં એકને ભગવાનનાં સ્વરૂપનાં બળથી એવું અહં રહે છે કે, ભગવાન હુકમ કર્યે તો અધર્મનો નાશ કરી અનંત બ્રહ્માંડમાં બદ્ધ જીવુંને મુક્ત દશાને પમાડી દઉં !

અને સ્વરૂપનિષ્ઠાવાળા મુક્તને એવું રહે છે કે, જો ભગવાન હુકમ કર્યે તો અનંત પ્રકારની માયાથી વીંટાણા જે અનંત ઈશ્વરો તેમને બદ્ધરૂપી જે ઈશ્વરતા તેનો ત્યાગ કરાવી, ભગવાનનાં સ્વરૂપને વિશે નિષ્ઠાની પ્રાપ્તિ કરાવી ભગવાનના ચરણારવિંદને વિશે મૂકી દઈ મુક્તદશાને પમાડી દઉં !

અને દયાનિષ્ઠાવાળા મુક્તને એવું રહે છે કે, જો ભગવાન હુકમ કર્યે તો અનંત પ્રકારના જીવ, ઈશ્વર અને અનંત બ્રહ્માંડોને વિશે માયા<u>શબલિત</u> બ્રહ્મરૂપ સિદ્ધદશાવાળાના બદ્ધપણારૂપ જે માયાનું જાળું તેને તોડીને તે સર્વેને મુક્તદશાને પમાડી દઉં !

અને સત્યપણાની નિષ્ઠાવાળા મુક્તને એવું રહે છે કે, જો ભગવાન હુકમ કર્યે તો અસત્યરૂપ એવો જે અનંતકોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિરૂપ સર્ગ, તેને મિથ્યા સમજાવીને સત્યરૂપ એવા જે ભગવાન તેના સમીપપણાને પમાડી દઉં !

આવી રીત્યે એ ચારે પ્રકારના મુક્તને એવી – સત્યસંકલ્પ સિદ્ધ કરવારૂપ પ્રેરણા ઉદ્‌ભવે છે. હવે જેમ આંહીં દેહધારીને જ્યારે વાયુનું વમળ ચડે છે, ત્યારે જ્યારે તેને <u>વમન</u> થાય છે ત્યારે જ તેને નિરાંત થાય છે; તેમ ઉપર કહ્યા એવા જે મુક્ત તેમને જ્યારે કહ્યા એવા સંકલ્પરૂપ વમળ ચડે છે, ત્યારે જેમ દેહધારી જીવ વમન કરવા સુંદર જાયગાને છોડીને બીજી જાયગાએ જાય છે, તેમ એ ચાર પ્રકારના મુક્ત એ સંકલ્પરૂપી વમળના ભ્રમણથી દોડે છે અને એ સંકલ્પરૂપી વમળને ઓકવા માટે સ્વતઃ (જાતે જ) અક્ષરધામમાંથી ઊખડીને બા'ર્ય પડી જાય છે; તેમાં કેટલાક તો પ્રધાનપુરુષરૂપે થાય છે ને કેટલાક તો બ્રહ્મરૂપ ઈશ્વરો થાય છે અને કેટલાક તો ભગવાનના સ્વરૂપમય અવતારો થાય છે અને કેટલાક તો નારદ, વ્યાસ, દત્તાત્રેય, કપિલ વગેરે સંતરૂપે પ્રગટ થાય છે અને અનેક જીવ-ઈશ્વરોનું માયારૂપ જે બદ્ધપણું તેનો નાશ કરવારૂપ ઉદ્યમમાં પ્રવર્તે છે.

એવી રીત્યે ધામમાં પોં'ચેલ મુક્તને પણ ભગવાનની મૂર્તિના <u>ઉપભોગ</u> વિના એ ચાર પ્રકારના સત્ય સંકલ્પરૂપી વમળ નડે છે ને મુક્તપણામાંથી

બદ્ધપણાને પમાડી દિયે છે. તે શું ? તો અમારા અક્ષરધામને છોડીને બીજા બ્રહ્માંડોને વિશે તેમને જાવું પડચે છે; એ જ બદ્ધપણું છે. જેમ જડભરતને મૃગલું નડ્યું, તેમ દયા આદિક વાસના પણ અક્ષરધામને વિશે નડચા વગર રે'તી જ નથી, તે તમો નિશ્ચય માનો ! પરંતુ બદ્ધ થયેલા એ જે મુક્તો તેમાં એટલું તો જોર છે કે, પોતાનું ક્રિયમાણ કરી રહ્યા હોય, ત્યારે તેને બદ્ધપણાની સ્મૃતિ થઈ આવ્યે સતે, તે પોતાની મુક્તદશાને સંભારતો થકો અને તે સંકલ્પરૂપી વાસનાનો ત્યાગ કરતો થકો ભગવાનના અક્ષરધામમાં ચાલ્યો જાય છે અને એ રીત્યે બદ્ધ મટીને મુક્ત થાય છે અને ભગવાનના સુખને ભોગવે છે.

માટે હે મુક્તાનંદસ્વામી ! તમે સર્વે આ વાત બરાબર સમજી કરીને સર્વ પ્રકારના શુભાશુભ સંકલ્પોને તોડીને, કેવળ અમારા જ સ્વરૂપમાં જોડાવાનો આગ્રહ રાખજો. હે સંતો ! આ સંસાર જ નાશવંત છે ને કોઈના દેહ રહ્યા નથી અને રે'શે પણ નહિ. એક વખત આ પૃથ્વીનો પણ પ્રલય થાવાનો છે ને બ્રહ્માંડનો પણ નાશ થાવાનો છે; ભગવાનની કાળરૂપ શક્તિ જ એવી છે માટે અક્ષરધામને વિશે કેવળ નિષ્કામભાવે બ્રહ્મરૂપે અમારા સ્વરૂપના આશ્રયવડે મુકતદશાને પામશે તેને જ ફરી દેહ ધારણ કરવો નહિ પડચે.'' એવી રીત્યે વાતુ કરી, ત્યાં ઇચ્છારામભાઈના દેહનો અગ્નિસંસ્કાર થઈ રહ્યો અને ઉન્મત્તગંગાને વિશે સ્નાન કરીને સૌ સાથે મહારાજ દરબારમાં પધાર્યા.

( સંવત ૧૯૧૮ ના ચાતુર્માસમાં ધ. ધુ. આચાર્ય શ્રી રઘુવીરજીમહારાજ જૂનાગઢ પધાર્યા હતા, તે સમયે સ્વામીએ કહેલ વાતો આ પ્રકરણમાં ટૂંકમાં લખેલ છે. વધુ વિસ્તાર માટે 'સ્વામી શ્રી જાગાભક્તની વાતો' વાંચવી.)

ઇતિ શ્રી સહજાનંદસ્વામીના આધ્યાત્મિક વારસદાર
અનાદિ મૂળઅક્ષરમૂર્તિ સદ્‌ગુરુવર્ય શ્રી ગુણાતીતાનંદસ્વામીએ
કરેલી વાતોમાં
'સર્વોપરી નિશ્ચય અને માહાત્મ્યની વાતો'
નામે આઠમું પ્રકરણ સમાપ્ત.

અનાદિ મૂળઅક્ષરમૂર્તિ સદ્‌ગુરુવર્ય શ્રી ગુણાતીતાનંદસ્વામીએ વાત કરી જે :-

સંવત ૧૯૧૮ના અષાઢ સુદિ દસમીને દિવસે સ્વામીએ વાત કરી જે :-

(૧) तत्रैव गङ्गा यमुना त्रिवेणी गोदावरी सिन्धु सरस्वती च ।
सर्वाणि तीर्थानि वसन्ति तत्र यत्राच्युतोदारकथाप्रसङ्गः ॥

(પાંડવગીતા : ૩૮)

અર્થ :- જ્યાં શ્રી અચ્યુત ભગવાનનો ઉદાર કથાપ્રસંગ-સત્સંગ ચાલતો હોય ત્યાં જ ગંગા, યમુના, ત્રિવેણી, ગોદાવરી, સિંધુ, સરસ્વતી વગેરે નદીઓ અને સર્વ તીર્થો વસે છે. અચ્યુત એવા જે ભગવાન તેની ઉદાર એવી જે કથા તેના પ્રસંગમાં સર્વતીર્થ મૂર્તિમાન પવિત્ર થાવા આવે છે. વે'વાર મારગમાં નથી ચાલવું તો પણ ચલાય છે ને ભગવાનને મારગે ચાલવું છે તો પણ નથી ચલાતું ને વિચાર વિનાનું તો કાંઈનું કાંઈ થઈ જાય. તે સયાજીરાવે ત્રણયસેં રૂપિયાની અત્તરની શીશી ન રાખી ને મશ્કરીમાં કહ્યું જે, 'જા, લલુ બાદર રાખશે.' ત્યારે અત્તરવાળો લલુભાઈને ત્યાં ગયો, ત્યારે લલુભાઈ કહે, 'લાવ,' તે લઈ પોતે નાહતા હતા તે માથે ઢોળીને નહાઈ નાખ્યું ને તેને ત્રણયસેં રૂપિયા આપ્યા; એમ કરતાં દ્રવ્ય ખૂટી ગયું; તે અંત્યે બાપની મિલકત પણ બધી ઉડાવી દીધી પછી લલુભાઈના અલુભાઈ કે'વાણા; માટે વિચાર રાખવો ને પ્રભુ ભજવા.

(૨) જ્યાં વસ્તીનો બહુ ઘસારો હોય ત્યાં ઝાડ હોય નહિ તેમ ભૂંડાં માણસનો જોગ થાય ત્યારે આવું ને આવું અંતર રહે નહિ, માટે સાધુના જોગ વિના સત્સંગ રે'વો બહુ કઠણ છે. આપણે પ્રભુ ભજવા આવ્યા છીએ પણ જોગ વિના ન ભજાય. તે ઉપર વાત કરી જે, 'અમે પીપલાણે ગયા; ત્યારે આખાના હરિજનો દર્શને આવ્યા તે ઊભા થઈ રહ્યા ને પીપલાણાનાં છોકરાં દંડવત્ કરવા મંડી પડયાં. તે શું ? જે, આખામાં મંદિર નથી તો હરિજનને દંડવત્ કરતાં આવડયા નહિ ને પીપલાણામાં મંદિર છે તો ત્યાં છોકરાં સોતને દંડવત્ આવડે છે એમ જોગ વિના કાંઈ થાતું નથી.'

(૩) આજ જેને પ્રભુ ભજવા હોય તેને જેવું મહારાજ છતાં હતું તેવું જ છે પણ આ સત્સંગ તો કોઈને ગમતો નથી ને આજીવિકા પણ સત્સંગ રે'વા દિયે એવી નથી. બાબરિયાવાડમાં બારપટોળીના ખીમાવાઘને ઘેર ડોશી આગળ એક ગુજરાતી બ્રાહ્મણે ટીપણું જોઈને કહ્યું જે, 'તમારા ધણીને તો સાડીસાતી પનોતી

બેઠી છે.' પછી તે બાઈએ પૂછ્યું જે, 'શું થાય ?' તો કહે, 'ગામતરાં કરવાં પડચે.' ત્યારે બાઈ કહે, 'મારો ધણી તો ભેંશનું દૂધ ને બાજરાનો રોટલો જમીને ઝાડને છાંયે સૂતા છે ને પનોતી તો તને બેઠી છે તે સો ગાઉથી રઝળતો રઝળતો આંહીં આવ્યો છું. અમે તો તુંને સત્સંગી જાણીને ઊતરવા દીધો પણ હવે સવારે ચાલવા માંડજે.' એમ સત્સંગથી બીજાની આજીવિકા તૂટે છે.

તોરીનો કરસનજી સત્સંગીમાં રાનેલ તેડતો પણ આત્માનંદસ્વામીએ રાનેલનો અર્થ કર્યો જે, 'છતે ધણીએ જ્યાં ત્યાં એકલી રખડે તે સ્ત્રીને રાનેલ કહે છે, તેમ આ પણ તેના પતિ જે સૂર્ય તેને મૂકીને એકલી પૂજાય છે માટે તેને સૌ રાનેલ કહે છે તે જે રાનિયાં હોય તે તેને ઘરમાં બેસારે, પણ સત્સંગી હોય તેનાથી રાનેલને ઘરમાં બેસારાય નહિ.' તેથી સત્સંગી રાનેલ તેડતાં આળસી ગયા, એટલે કરસનજીએ કહ્યું જે, 'મારી આજીવિકા સાધુએ ત્રોડી (તોડી).' એમ આજીવિકા તૂટવાથી સત્સંગી સત્સંગમાંથી પાછા પડી જાય છે, માટે વિચાર વિનાનો સત્સંગ ધોવાઈ જાય.

(૪) સ્ત્રીસારુ કરોડ્ય કરોડ્ય જન્મ ખરાબ કર્યા છે ને સ્ત્રીના દેહ ધરીને પુરુષસારુ કરોડ્ય કરોડ્ય જન્મ ખરાબ કર્યા છે, પણ ભગવાનસારુ એકે જન્મ ધર્યો નથી ને ભગવાનને ભજવાથી તો જીવ મહાસુખિયો થઈ જાય છે, પણ જીવ ભગવાનને સંભારતો નથી.

(૫) જે સેવા કરશે તેનું દેહ ઠીક રે'શે ને અમથો બેસી રે'શે તેનું શરીર સારું નહિ રહે ને જીવ પણ સારો નહિ રહે. આપણે ભેળા થઈને પરિયાણ કરવું જે, 'આપણે સંસારમાં રે'વું ત્યારે બાજરો ભેળો કરીને પરમેશ્વર ભજી લેવા.' એવી રીત્યે એકલા ગૃહસ્થ હરિભક્ત બેઠા હતા તેની આગળ વાત કરી.

(૬) માયાનું બળ કહ્યું જે, એક રાજાનો ગોલો રિસાણો તેને કામદાર, વજીર આદિક મોટા મોટાએ કહ્યું પણ માન્યો નહિ, પછી ગોલીએ ઠેબું મારીને કહ્યું જે, 'ઊઠ.' એટલે તુરત જ ઊઠચો ને મનાઈ ગયો. એમ જીવ બધા માયાને વશ છે.

(૭) જોડા છે તે પગમાં જ પે'રાય (પહેરાય) અને પાઘડી તે માથામાં જ ઘલાય; તેમ વે'વાર છે તે જોડાને ઠેકાણે છે ને ભગવાન છે તે પાઘડીને ઠેકાણે છે. રસોડામાં જાવું હોય, ત્યારે જોડા બા'ર્ય (બહાર) મૂકવા પડચે તેમ ભગવાન પાસે જાવું હોય ત્યારે વે'વારના સંકલ્પ બા'ર્ય' મૂકી દેવા. વે'વાર તો બુદ્ધિમાં રહ્યો છે, માટે વે'વાર હોય તેટલો કરીને તુરત પ્રભુ ભજવા મંડી જાવું; પણ ઇતરડીની પેઠ્યે

વે'વારમાં વળગી ન રે'વું.

(૮) આપણે ડાહ્યા ડાહ્યા થઈને બેઠા છીએ પણ મોક્ષ બગાડ્યો તો શું કમાણા ? માટે મોક્ષ બગડવા દેવો નહિ. એક પટેલ શહેરમાં વિવાહનો સામાન લેવા ગાડું જોડીને ગયો ને ગામનાં સંપેતરાંનો ખરડો પણ ઉતારી સાથે લેતો ગયો. ખરડાપ્રમાણે સામાન લીધો, ત્યાં ગાડું ભરાઈ રહ્યું ને દિ' થોડો રહ્યો એટલે ઘેર આવ્યો. સંપેતરાંવાળાં આવ્યાં, તે સૌ સૌનું લઈ ગયાં, વાંસે ગાડું રહ્યું; ત્યારે ઘરનું મનુષ્ય કહે, 'આપણું ક્યાં ?' એટલે કહે જે, 'ભૂલી ગયો !' એમ દેહ, લોક, ભોગ ને કુટુંબનું કરવારૂપ સંપેતરાંમાં પોતાના મોક્ષનું કરવું રહી જાય છે, પણ મોક્ષને અર્થે તો મોટે મોટે સમૃદ્ધિનો ત્યાગ કરેલ છે, માટે મોક્ષ વિના તો ડહાપણ કેવું છે ? તો જેમ એકડા વિનાનાં મીંડાં ને વર વિનાની જાન એવું છે, માટે એક મહિનો સમાગમ તો જરૂર કરવો ને 'શિક્ષાપત્રી' પ્રમાણે વરતવું.

(૯) ભાદરામાં બે બ્રાહ્મણ હતા. તે બે પો'ર (પહોર) જ રળતા ને દસ વાગ્યા સુધી જ સાંતી હાંકે ને પછી બાવળિયા હેઠ્યે સૂઈ રે'તા ને સાંજે ઘેર જાતા. પછી કો'કે કહ્યું જે, 'તમે સાંતીડું કેમ હાંકતા નથી ને સૂઈ રહો છો ?' ત્યારે તે કહે જે, 'થોડા કાળ જીવવું ને શ્યા (શા) સારુ કૂટીએ ?' એમ બે પો'ર રળતા તેને ય અન્ન તો મળતું, માટે જો'એ (જોઈએ)તેટલું પેદા કરવું, વધુનું શું કામ છે ?

(૧૦) કાચાપોચાને *ખટદર્શન વિઘ્ન છે. તે શું ? જે, આમાં કોઈ એવા હોય તે મોટા સંતનો દ્રોહ કરતાં શીખવે ને બીજાને પાંચ ઇન્દ્રિયું ને મન એ ખટદર્શનથી ભૂંડાં છે, માટે એનો વિશ્વાસ ન કરવો ને એ તો સોડયમાં સાપ છે ને એ સાથે આપણે કજિયો આદર્યો છે તે લડાઈ લીધે રે'વું.

સંવત ૧૯૧૮ના અષાઢ સુદિ એકાદશીને દિવસે સ્વામીએ વાત કરી જે,

(૧૧) સર્વે વાતે સાનુકૂળ હોય ત્યારે વાતુ સંભળાય તે શરીર સાજું હોય, કોઈ જાતનો દેશકાળ વિષમ ન હોય ને મનમાં પણ કોઈ જાતનો ઉદ્વેગ ન હોય, ત્યારે વાતુ સંભળાય; પણ બાર મહિનામાં એકે ય મહિનો વાતુ ન સાંભળે તેનો સત્સંગ રહે નહિ.

(૧૨) આ તો અંધારું કુટાય છે માટે તેનો વિચાર કરવો. શૂરવીર હતા તે કહે જે, 'અમારા ઘરમાં અંધારું કેવું ?' તે દહાડો છતાં વાળુ કરી, ભેટું બાંધી, ડાંગડા લઈ બારણા આડા ઊભા ને કહે જે, 'અંધારું આવે તો ડાંગડા મારીને કાઢી મૂકવું.' તે આથમણું જોઈ રહ્યા, ત્યાં તો સંધ્યા ફૂલેલ તે અજવાળું દેખે પણ એક

જાણે ઘરમાં જોયું, ત્યાં તો અંધારું દીઠું; એટલે કહે, 'આપણા ઘરમાં અંધારું કિયાંથી (ક્યાંથી) પેસી ગયું ? ચાલો કાઢીએ.' પછી ઘરમાં અંધારે ધોકા મારવા માંડયા તે ઉતરડયું ફૂટી ને એકબીજાનાં માથાં ફૂટયાં તે સવાર સુધી. એમ કરતાં કરતાં અજવાળું થયું ત્યારે કહે, 'કેવું કાઢયું !' તેમ વે'વારમાં કુટાય છે, તો પણ મનમાં જાણે જે કેવો વે'વાર સુધાર્યો છે ! પણ તે તો સુધર્યો તો ય બગડેલો છે ને આંહીં આવે ત્યાંથી જ દિ' ગણવા માંડે. તે શું ? જે ઘર ઉપર વૃત્તિ તણાઈ જાય છે ને આ મારગમાં તો જીવને મૂંઝવણ થાય એવું છે, માટે ધીરે ધીરે ઢાળ પાડવો જે, સાધુભેળું બેસવું ગમે ને સારા હરિભક્તભેળું બેસવું ગમે, પણ આપણે જે ખોરડું માન્યું છે તેમાં નહિ જ રે'વાય ને આ ખોરડામાં જ રે'વાશે.

(૧૩) સત્સંગ પોતાનો કરવો પણ ઉછીનો ન કરવો. કોઈને મા-બાપનો, કોઈને મોસાળનો, કોઈને કાકાનો, એમ કો'કને લઈને સત્સંગ છે માટે પ્રહ્લાદની પેઠ્યે પોતાનો સત્સંગ કરવો ને પર્વતભાઈને પણ પોતાનો હતો.

(૧૪) નિશ્ચયની વાત કરી જે, મુક્તાનંદસ્વામીને તથા આણંદજીભાઈને મહા મહા દાખડે નિશ્ચય થયો ને સમાધિ દેખાડી હતી તો પણ જ્યારે કાળવાણીમાં ખાખરાના વનમાં મુક્તાનંદસ્વામી દિશાએ ગયા હતા, ત્યાં રામાનંદસ્વામી કહી ગયા જે, 'એ સર્વોપરી પુરુષોત્તમ છે.' ત્યારે વાત સમજાણી ને આપણે તો મહારાજનો આવો ને આવો પ્રતાપ દેખીને નિશ્ચય કર્યો છે; માટે સર્વોપરી ઉપાસના સમજવી ને આજ્ઞામાં રે'વું ને આજ્ઞામાં તો સર્વે વાત આવી જાય છે.

(૧૫) સમાગમ તો અવશ્યપણે કરવો, પણ કેવળ સ્ત્રી-છોકરાંના દાસ થાવું નહિ, તે ઉપર અંબાવીદાસની વાત કરી જે, તેને કો'કે મંદિરે દર્શને આવવા કહ્યું. ત્યારે તે બોલ્યો જે,

પૈસો મારો પરમેશ્વર, બાયડી મારો ગુરુ;
છોકરાં છૈયાં સંત સમાગમ, સેવા કેની કરું?

ને ઝીણાભાઈએ સમાગમ સારુ ગઢડામાં અધવારું કર્યું, માટે બે ભાઈ હોય કે, બાપ-દીકરો હોય તો વારાફરતી વે'વાર સાચવીને સમાગમ કરી લેવો. સમાગમ કર્યે તો વે'વાર પણ સારો થાય, એ વાતમાં કાંઈ ફેર નથી.

(૧૬) આ જીવને જો રૂપિયા મળે તો લોકમાં ભરાઈ જાય છે ને જીવ તો આ લોકનું સુધારીને પોતાનું બગાડે એવો છે. મોક્ષને મારગે ચાલવું તેમાં હજાર હજાર વિઘ્ન છે. પીઠવાજાળના ખીમા ડોબરિયાનો વે'વાર કૃપાનંદસ્વામીની દષ્ટિથી

સારો થયો; તો હવે ઘરનો ઊમરો મેલીને બા'ર્ય નીકળતો નથી, એમ જીવનો બદ્ધ સ્વભાવ છે.

(૧૭) ધર્મ તો કોઈ ઠેકાણે રહ્યો નથી. તે ઉપર પોરબંદરના બાવાની છોકરીની વાત કરી, માટે ઝાઝું કહ્યે જીભ તૂટી પડચે એવી વાતું છે પણ કયાંય ધર્મ રહ્યો નથી ને આ તો મહારાજે નોખું પાડયું. આ નિયમ પણ નહોતા તે મહારાજે પ્રગટ કર્યા.

(૧૮) આપણી આવરદા સર્વે છોંતેરાના વરસાદમાં તણાઈ ગઈ, માટે હવે તો સમાગમ કરી લેવો ને જે કર્તવ્ય હોય તે ન કર્યે તે ડાહ્યો ન કે'વાય ને બીજાં કર્તવ્ય છે, તેનું ફળ તો દાળ-રોટલા મળ્યા એ જ છે ને ભગવાન ભજવા એ કર્તવ્ય મોક્ષને અર્થે છે.

(૧૯) પાંચ રૂપિયા હોય ને બેઠાં બેઠાં ખાઈને સત્સંગ કર્યે તો તે રૂપિયા તેને સુખદાઈ થાય છે ને થોડા જ રૂપિયા હોય તો પણ જો બહુ આસક્તિ હોય તો સાપ થાવું પડચે માટે આપણને રૂપિયા છે તે મોક્ષને અર્થે છે ને બીજાને બંધનને અર્થે છે. કો'ક હજારો રૂપિયા વે'વારમાં ખરચી નાખે છે પણ એ જીવના કામમાં કશું નથી, જેટલું સત્સંગના ઉપયોગમાં આવે છે એટલું મોક્ષને અર્થે થાય છે.

(૨૦) <u>કામ્ય કર્મ</u> કરીને મોટા વિષયને પામે તો ઘણી માથાકૂટ. તે શું ? જે, નાના દેવતાનું વિમાન મોટા દેવતા ઊંધું પાડી દિયે છે અને કેટલાક તો ગરીબના વિમાનમાથે પોતાનું વિમાન લાવીને હેરાન કર્યે છે, એવી ત્યાં ઈર્ષા છે.

(૨૧) આંહીં સમાગમ કરવા આવ્યા ને ગાફલાઈ રાખીને જ્યાં ત્યાં બેસી રહ્યા ત્યારે ઘેર જાશો ત્યાં એ વાત થાશે ? ઘેર જાશો ત્યારે ખેતરે મોકલશે માટે આંહીં આવવું ત્યારે તો એકમને વાતું સાંભળી લેવી.

સંવત ૧૯૧૮ના અષાઢ સુદિ તેરસને દિવસે સ્વામીએ વાત કરી જે,

(૨૨) સંબંધી સર્વેને કેવળ સ્વાર્થનું હેત છે તે ઉપર વાત કરી જે, કણબીના છોકરે સાધુને કહ્યું જે, 'મારાં માવતરને માર્યે વિશે મરી મટે એવું હેત છે.' ત્યારે વિજયાત્માનંદસ્વામીએ કહ્યું જે, 'સ્વાર્થીઉં (સ્વાર્થનું) હેત છે, સાચું ન હોય.' ત્યારે છોકરે કહ્યું જે, 'ના મહારાજ ! ખરેખરું હેત છે.' ત્યારે વિજ્યાત્માનંદસ્વામી કહે જે, 'તું ખોટે ખોટે માંદો થાજે, પછી અમે આવશું, એટલે જેમ હશે તેમ બતાવી દેશું.' પછી તે છોકરો માંદો થયો, એટલે તેનાં માવતર <u>ઓષડ</u> કરવા લાગ્યાં ને કહે જે, 'ભાઈ, તને રોગ થયો તે અમને કાં ન થયો ?' એમ કરતાં

હતાં ત્યાં સાધુ ગયા ને પૂછ્યું જે, 'કોણ સૂતું છે ?' ત્યારે કહે જે, 'અમારા દીકરાને કાંઈક ચોઘડિયું ભજી ગયું, તે આવતાં વેંત ભૂંટ પડી ગયો ને બોલતો નથી. ઘણા ઉપાય કર્યા, ફકીર તેડાવ્યા, ઝાડા નંખાવ્યા, પણ કાંઈ કારી લાગતી નથી.'

પછી સાધુ કહે, 'કહો તો અમે સાજો કરીએ.' તો કહે જે, 'તો તો તમારા જેવા કોઈ નહિ.' પછી સાધુએ દૂધ મંગાવ્યું ને માંહી સાકર નંખાવીને સાતવાર તેને માથેથી ઉતાર્યું. પછી કહે, 'આ દૂધમાં મોત આવ્યું છે; માટે જે કોઈ આ પીયે તે સાટે મર્યે ને આ છોકરો જીવતો થાય' પછી તેના બાપને કહ્યું જે, 'તમે ખાઈ-પી ઊતર્યા છો માટે પી જાઓ.' ત્યારે તેના બાપે પીવાની ના પાડી ને કહે, 'મેં મરાય નહિ.' પછી તેની માને પુછાવ્યું. તો તે કહે જે, 'હું તો રેંટિયો કાંતીને પેટ ભરીશ, પણ મરાય નહિ, ભાઈ!' પછી તેની સ્ત્રીને પીવા કહ્યું. ત્યારે તે કહે જે, 'હું તો ઘરઘી જાઈશ, મારે શું કામ પીવું પડ્યે ?' પછી તેની બે'નને કહ્યું. તો કહે, 'હું તો મારે સાસરે જા'શ (જઈશ), માર્યે એનો કમખો જો'તો (જોઈતો) નથી.' એમ રૂડીરીત્યે સૌએ ના પાડી. ત્યારે વિજયાત્માનંદસ્વામી કહે, 'કહો તો અમે પી જા'એ (જઈએ).' ત્યારે કહે, 'અહો ! અહો ! મહારાજ, તમે તો પ્રભુના ઘર છો. તે તમે પી જાઓ તો તો બહુ ઠીક !' પછી સાધુ તે દૂધ પી ગયા ને છોકરાને કહે, 'ઊઠ, થા બેઠો !' એટલે તે તુરત બેઠો થયો ને કહ્યું જે, 'તમે તો મુને મૂઓ વાંચ્યો હતો, ને આ સાધુએ જીવાડચો છે; માટે હું તો એના ભેળો જા'શ.' એમ કહી સાધુભેળો ચાલી નીકળ્યો. તે વૈરાગ્યવાનની એવી કળાયું હોય ને જગતનું સ્વાર્થીઉં હેત છે પણ તે ખરે ટાણે ખબર પડ્યે.

(૨૩) જીવ જ્યાં રહે ત્યાં બંધાઈ જાય છે. ટોળામાંથી બે વાછડા જુદા પાડયા તે મૂઆ જેવા થઈ ગયા. વગડામાં ઢોર ભેળાં રહે, તેને ત્યાં જ ગમે, તે ભરવાડને ગામમાં ન ગોઠે ને ભાલના કાગડા ગુજરાતમાં જાય નહિ; તેમ સૌને પોતાની નાત્ય-જાત્ય સારી લાગે છે. એમ જ્યાં જીવ રહે ત્યાં તે બંધાઈ જાય છે.

(૨૪) સૌ કરતાં કામ બળિયો છે, એવો કામ છે તે પણ ન ખાય તેથી ઓછો થાય છે. અગણ્યોતેરામાં અરધ મણ સૂંઠ હતી તે સડી ગઈ એટલે મૂળચંદ વાણિયે નાખી દીધી કારણ કે, કોઈને અન્ન ખાવા મળ્યું નહિ એટલે બાળક જન્મ્યાં નહિ ને સૂંઠનું ઘરાક કોઈ થયું નહિ, એટલે સડી જવાથી નાખી દીધી, માટે આહાર ઓછો કર્યે તો સહેજે ઇન્દ્રિયું જિતાય.

(૨૫) વિષય તો હોય, પણ જો નિયમમાં રહે તો સુખ રહે; ને નિયમ

રાખવા તે પણ જોગ વિના રહે નહિ. કર્મને વશ થઈને સર્વે નિયમ રાખે છે, તે રાજકોટના સુરાભી રાજાથી એરંડિયું ને બાજરાનો રોટલો જ ખવાય છે; ને રૂગનાથરાયના ઘરમાં રૂપિયા છે પણ તાંદળજાની ભાજી ને બાજરાનો રોટલો જ ખવાય છે. એમ કર્મે કરીને તો જીવ નિયમ રાખે છે; પણ ભગવાનની આજ્ઞાએ નિયમ રાખતા નથી.

(૨૬) અતિ આચાર-વિચારમાં ચડી જાય તે ઠીક નહિ ને છેક ઊતરી જાય તે પણ ઠીક નહિ.

अतिदानाद् बलिर्बद्धो अतिगर्वेण रावणः ।
अतिरूपाद्हृता सीता अति सर्वत्र वर्जयेत् ।।

અર્થ :- અતિશય દાનથી બલિ બંધનમાં પડ્યો. અતિશય ગર્વના કારણે રાવણ હણાયો. અતિશય સૌન્દર્યના કારણે સીતાનું હરણ થયું. સર્વત્ર અતિશયનો ત્યાગ કરવો.
**માટે કોઈ વાતનું અતિક્રમણ ન કરવું.**

**સંવત ૧૯૧૮ના અષાઢ સુદિ ચૌદસને દિવસે સ્વામીએ વાત કરી જે,**

(૨૭) મોક્ષાર્થીનો મારગ જુદો છે ને અર્થાર્થીનો પણ જુદો છે. આ તો પંચરાત્ર ગ્રહણ કર્યું છે તેમાં બધી વાત હોય; માટે આપણે મોક્ષભાગી જ થાવું ને આ સાધુની વાતુ સાંભળે ત્યારે મોક્ષની ખબર પડચે.

(૨૮) જન્મ-મૃત્યુ, દીર્ઘરોગ ને તેનું દુઃખ ભગંદરથી કયાં ઓછું છે ? પણ જન્મ-મરણના દુઃખની આ જીવને ખબર જ નથી ને વિષયમાં દુઃખ છે તેની પણ ખબર નથી તે બીજાની શ્યી વાત, પણ ભણેલા પંડિત હોય તેને પણ ખબર નથી તે *ચાર ધામ ને *સાત પુરી કે'વાય છે; તે જ્યારે ખરેખરા સાધુ મળે ત્યારે પુરી ! નહિ તો અધૂરી !

(૨૯) મંદિરે કરીને, આચાર્યે કરીને, વિદ્યાએ કરીને ને ત્યાગે કરીને મનુષ્ય ઊભાં થઈ રહે છે તે એ સર્વે વિભૂતિ છે.

(૩૦) પાછું વળવાની તો કોઈને ખબર જ નથી. મોટા મોટાને ધક્કા વાગ્યા છે માટે આ તો અર્થ જેવું જણાય છે પણ વાત બધી મોક્ષ પર છે.

(૩૧) આ 'વચનામૃત'ના ચોપડામાં કેવળ બ્રહ્મવિદ્યા ભરી છે ને એ ચોપડા રાખીએ તો પણ સ્વભાવ તો ટાળે ત્યારે જ ટળે. ભોળાનંદ પાસે હજાર 'વચનામૃત'નું પુસ્તક હતું, તે આંબાવાડિયામાં ખીજડાવાળે ઓટે મૂકીને પ્રદક્ષિણા કરતા હતા ત્યારે અમે પૂછ્યું જે, 'આ પુસ્તક શ્યેનું (શેનું) છે ?' તો કહે,

'વચનામૃત છે.' એટલે અમે પૂછ્યું જે, 'તમને સત્સંગમાં રહો એમ કાંઈ ઉપદેશ કર્યે છે ?' ત્યારે કહે, 'એકે શબ્દ મુને ઉપદેશ કરતો નથી.' એમ આસુરી સંપત્તિના જીવને પુસ્તક કામ ન આવે.

(૩૨) આ જીવને 'હું કરું છું.' એ જ અજ્ઞાન છે માટે, 'ભગવાન કર્તા છે.' એમ સમજીને બધું કરવું. કેમ જે, ભગવાન કોઈનો ગર્વ રે'વા દેતા નથી. તે દુર્વાસા પણ વીસહજાર વરસે પરણ્યા ને બીજા ઋષિનું પણ એમ જ છે, માટે આ તો મહારાજે હેડયમાં રાખીને પળાવ્યું છે. (જુઓ પ્રકરણ ૯ ની વાત ૧૧૫)

(૩૩) મેમણનો પોઠિયો જેમ તરેલાં તાણે છે, તેમ આ જીવ તરેલાં તાણે છે, માટે તરેલાં તાણ્યાના દુ:ખને જાણે તેનાથી પ્રભુ ભજાય છે.

(૩૪) *ચાર ખળિયા પેટમાં રહ્યા અને સાધુ થઈ ગયા તેમાં શું પાકયું ? તે ખળિયા કાઢયાનું સાધન ઋષભદેવે કહ્યું છે જે,

पुंसः स्त्रिया मिथुनीभावमेतं तयोर्मिथो हृदयग्रन्थिमाहुः ।
अतो गृहक्षेत्रसुताप्तवित्तैर्जनस्य मोहोऽयमहं ममेति ॥

(શ્રીમદ્ ભાગવત : ૫/૫/૮)

અર્થ :- સ્ત્રી અને પુરુષ બંનેનો જે પરસ્પર દામ્પત્યભાવ છે તે જ તેમના હૃદયની દુર્ભેદ્ય ગ્રંથિ છે. આ કારણથી પુરુષને ગૃહ, ક્ષેત્ર, પુત્ર, સ્વજન અને ધન વગેરેમાં 'આ હું છું, મારું છે' એવો મોહ થઈ જાય છે.

नायं देहो देहभजां नृलोके कष्टान्कामानर्हते विड्भुजां ये ।
तपो दिव्यं पुत्रका येन सत्त्वं शुद्ध्येद्यस्माद् ब्रह्मसौख्यं त्वनन्तम् ॥

(શ્રીમદ્ ભાગવત : ૫/૫/૨૧)

અર્થ :- આ મૃત્યુલોકમાં મનુષ્ય દેહ મેળવીને મનુષ્યના માટે એ ઉચિત નથી કે જે વિષ્ટા ખાવાવાળા શુકર વગેરેની જેમ સરળ દુ:ખમય ભોગોમાં ફસાઈ રહે. આથી તેણે તપનું જ આચરણ કરવું જોઈએ. જેથી, અંત:કરણ શુદ્ધ થાય અને પછી અનંત બ્રહ્માનંદની પ્રાપ્તિ થાય. 'સ્ત્રી-પુરુષને અન્યોઅન્ય મિથુની ભાવની હૃદયમાં ગાંઠ પડી ગઈ છે ને ઘર, ખેતર, દીકરા, સગાં ને દ્રવ્યને વિશે અહંમમત્ત્વપણાની બુદ્ધિ છે એ જ મોહ છે, પણ આ મનુષ્યનો દેહ વિષય ભોગવવાને યોગ્ય નથી કેમ જે, વિષયભોગ તો ભૂંડને પણ છે માટે હે પુત્રો ! દિવ્ય તપ કરો, જેણે કરીને અંત:કરણ શુદ્ધ થાય છે ને અંત:કરણ શુદ્ધ થયા પછી જેનો પાર નહિ એવું જે બ્રહ્મસુખ તે પમાય છે.' એમ ઋષભદેવે કહ્યું છે અને મહારાજે તો કે'વામાં કાંઈ પાર જ રાખ્યો નથી; માટે હવે તો

**अर्थं साधयामि वा देहं पातयामि ।** (સુવાક્ય)

અર્થ :- 'મારો ધાર્યો અર્થ હું સિદ્ધ કરીશ અથવા દેહનો પાત (નાશ) કરીશ', એવો અડગ નિશ્ચય હોવો જોઈએ. **એમ કરી લેવું.**

**(૩૫) મોક્ષને મારગે ન ચાલે તે ડાહ્યો નહિ, માટે નજર પુગાડીને જુએ તેને દેખાય છે, કારણદેહથી નોખો પડીને માયાથી રહિત થાય ત્યારે સુખિયો થાય છે.**

**(૩૬) આ તો કચ્ચરઘાણ ઊડે છે તેમાં ભગવાનના સાધુ ખરેખરા થઈને ઊભા છે ને જન્મ-મરણ ને ચોરાશીનાં દુઃખને જાણે તેથી પ્રભુ ભજાય છે, પણ જે ગાડરની પેઠ્યે ચાલ્યા જાય છે તે શું જાણે ?**

**(૩૭) પદાર્થસારુ સત્સંગ કર્યે તેનો સત્સંગ રહે નહિ ને આત્મારામ છે તે કોઈમાં લેવાય નહિ; બીજા તો ખાવામાં, પીવામાં ને પદાર્થમાં લેવાઈ જાય છે ને પદાર્થ સારુ વેવલાવેડા કર્યે છે તે કહ્યા વિના સમજાય નહિ ને સમજ્યા વિના જ્ઞાન થાય નહિ.**

**(૩૮) જન્મ-મરણથી રહિત થાવું તે મોક્ષ, એવી તો કોઈને ખબર જ નથી.**

**(૩૯) આ દેહમાં અનંત રોગ ને અનંત દુઃખ રહ્યાં છે ને જે બળિયો હોય તે બીજાને બળિયા કર્યે છે.**

**(૪૦) સ્વભાવ મૂકયા વિના તો મુકાય જ નહીં માટે કાયર થાવું નહિ અને પોતાનું કામ તો સાધ્યું નહિ ને પારકી દાઢી ઓલવીએ છીએ. તે,**

પરને કહેવા પ્રવીણ છું પૂરો, પોતાનું તો તું ન પેખે રે; (કીર્તન મુક્તાવલિ-૧૦૭૭)

**માટે પ્રથમ પોતાનું કરવું તે ઉપર વાત કરી જે, બાદશાહે લવાને પૂછ્યું જે, 'માર્યે વિશે કેવું હેત ?' તો કહે, 'તમે તો ખાવિંદ-ધણી છો, તમારે વિશે હેત હોય એમાં શું કે'વું ?' ત્યારે કહે, 'આપણા બેયની દાઢી એક સાથે સળગે તો પ્રથમ કેની ઓલવું ?' ત્યારે કહે, 'બે લહરકા મારી દાઢીને લઉં, પછી તમારી ઓલવું.' એમ લવાની પેઠ્યે પ્રથમ પોતાનું કરવું.**

**(૪૧) પોલારપુરના વાણિયા ઘેલાશાહે બરવાળાનો ઇજારો રાખ્યો હતો તેમાં ખોટય ગઈ પછી તે ચિંતામાં ને ચિંતામાં માંદો પડ્યો, ત્યારે છોકરાને કહ્યું કે, 'જીવલા, બરવાળાનો અવેજ વળ્યો ?' એટલે કહે જે, 'હા બાપા વળ્યો, પારસનાથ, પારસનાથ કરો.' પછી કોકડાં સમણે તેમ હાથના ચાળા કર્યે ને વળી**

બોલે જે, 'જીવલા બરવાળાનો અવેજ વળ્યો ?' એમ જીવને ઝંખના થાય છે.

સંવત ૧૯૧૮ના અષાઢ સુદિ પૂનમને દિવસે સ્વામીએ વાત કરી જે,

(૪૨) ઉપાસનાનો કજિયો છે તે તો કોઈ મોટા સંતનો વિશ્વાસ હોય તો તેની સમજણે વાતની ઘડ બેસે. મહારાજે મહા-મહાઅલૌકિક પ્રતાપ જણાવ્યો ને પોતાના સેવકોનાં નામ પણ વિજાતીય પાડયાં; એ આદિક પ્રભાવ ઉપર જેની સુરત હોય તેને ઘડ બેસે. અમદાવાદમાં કપડવંજવાળા ભૂદરભાઈએ અમને સભામાં વાતુ કરવા કહ્યું, એટલે અમે મહારાજના સર્વોપરીપણાની વાતુ કરી, એટલે ત્યાંના સાધુ કહે, 'શાસ્ત્રમાં નરનારાયણનું લખ્યું છે, તેનું કેમ સમજવું ?' ત્યારે અમે કહ્યું જે, 'નરનારાયણનો ભરતખંડ છે, તેથી મહારાજે તેમને ભોમિયા લીધા છે ને મહારાજ તો સર્વોપરી પુરુષોત્તમ છે.' પછી અમે અયોધ્યાપ્રસાદજી મહારાજને પૂછ્યું જે, 'તમારે અમારે વિશે કેવું હેત ?' તો કહે, 'બહુ જ હેત.' પછી અમે પૂછ્યું જે, 'ખજીનો કેને દેખાડચો છે ? કેશવપ્રસાદજીને કે અમને ?' ત્યારે કહે, 'કેશવપ્રસાદજીને.' પછી અમે કહ્યું જે, 'જેવા તમને અમે વા'લા (વ્હાલા) તેવા તમે મહારાજને વા'લા છો, તેથી તમને ગાદી આપી છે તે સત્સંગમાં પૂજાઓ એટલું જ ને જેવા તમને કેશવપ્રસાદજી વા'લા એવા મહારાજને વા'લા અમે છીએ, તેથી મહારાજે અમને પુરુષોત્તમપણાનો ખજીનો સોંપ્યો છે એની તમને ખબર નથી.'

પછી અમે આનંદસ્વામીને પૂછ્યું જે, 'રસ્તે ચાલતાં લોકે તમને તથા તમારી સાથે હતા તેને રામ-લક્ષ્મણરૂપે દીઠા, એટલે તમને રામ-લક્ષ્મણ કહ્યા તે વાત યાદ છે ?' તો કહે, 'હા.' વળી એક વખત મહારાજે ચોરણો પે'ર્યો, ચાર તસુની કોરનું ચીણવાળું કેડિયું પે'ર્યું, માથે બ્રાહ્મણની પાઘડી ને ટીપણું ઘાલ્યું, કપાળમાં આડું તિલક કર્યું, ડોકમાં માળાયું ને ફકીરની તસબી પે'રી ને ખભે બંધૂક લીધી. પછી સભામાં આવ્યા ને પૂછ્યું જે, ''અમે કેના જેવા છીએ ?'' ત્યારે સૌ વિચારી રહ્યા ને કેના જેવા કે'વા તે કાંઈ સૂઝયું નહિ. પછી મહારાજ કહે, ''અમે કોઈ અવતાર જેવા નથી, અમ જેવા તો અમે એક જ છીએ !'' તે વાત તમે જાણો છો કે ? ત્યારે આનંદસ્વામી કહે, 'હા, એ વાત ખરી છે.'

કોટિ કૃષ્ણ તહાં જોડે હાથ, કોટિ વિષ્ણુ તહાં નમે હૈ માથ;
કોટિ બ્રહ્મા તહાં કથે જ્ઞાન, કોટિ શિવ જહાં ધરે હૈ ધ્યાન;
જહાં સદ્‌ગુરુ ખેલે વસંત, પરમ જ્યોતિ જહાં સાધુ સંત.
(કીર્તન મુક્તાવલિ : ૭૩૫)

તેમાં, ''કોટિ કૃષ્ણ ત્યાં જોડે હાથ,'' એ શબ્દ વારેવારે બોલે ને પોતાનું સ્વરૂપ સમજાવે. ત્યારે આનંદસ્વામી કહે, 'હા, એ વાત સાચી છે; મહારાજ સર્વોપરી ભગવાન છે !' એમ અમદાવાદની સભામાં આનંદસ્વામીને મોઢે જ સર્વોપરીપણાની હા પડાવી. માટે જ્ઞાન સમજવું હોય તો વારંવાર કે'વું ને સાંભળવું, તો જ્ઞાન વૃદ્ધિ પામે છે; પણ બે વચનામૃત વાંચીને શ્રીપતિમ્ કર્યે તેને એ વાતની ઘડ બેસે નહિ. તે માટે એ વાતની ઘડ બેસારવી ને જ્યારે ઘડ બેસે, ત્યારે તેની નિશાની જે બીજાને સમજાવતાં આવડે.

ઐશ્વર્યાર્થી ન થાવું ને કૈવલ્યાર્થી ય ન થાવું, પણ ભગવદ્‌નિષ્ઠ થાવું અને સર્વોપરી ઉપાસના સમજવી ને એવી સમજણવાળા સાધુનો પ્રસંગ રાખવો, પણ આવી મોટી વાત જીવના હૈયામાં સમાય નહિ. તે ઉપર તરકડીના છોકરાનાં સોણાંની વાત કરી ને જો સમાય તો કોઈ વર્તમાન પાળે નહિ કેમ કે, પૂરો મહિમા નથી. આ વાત કાંઈ જેવી તેવી નથી અને આ પ્રાપ્તિ થાવી તે કાંઈ દાન, પુણ્ય, વ્રતે કરીને થાતી નથી. રામાનંદસ્વામીનું દર્શન કણબીના છોકરાને થયું એટલે તે છોકરે સ્વામીને રોટલો જમાડ્યો તેથી તે ગોલોકને પામ્યો એટલો તો એમનો પ્રતાપ છે ત્યારે મહારાજ ને આ સાધુની વાત શ્યી કે'વી ! ને આજ તો સંપૂર્ણ ચમકનો પર્વત આવ્યો છે ને આ વાત કોઈને મળી નથી ને મળશે પણ નહિ. પછી અવતાર-અવતારીનો ભેદ વિસ્તારીને કહી દેખાડ્યો જે, તીર ને તીરનો નાખનારો તથા પૂનામાં જ્યારે ઉમરાવ આવે, ત્યારે સો સલામ ભરીને ઊભો રહે ને હુકમ થાય ત્યારે તેની જાયગાએ બેસે; ને જ્યારે જાવાનો હુકમ થાય ત્યારે સો સલામ ભરીને ઊભો રહે; પછી સરકાર કહે જે, 'જાઓ.' ત્યારે જાવાય; તેમ મહારાજની આગળ સર્વે અવતારમાત્ર ઉમરાવની પેઠ્યે છે.

પછી બીજી વાત કરી જે, ચક્રવર્તી રાજા ગરાસિયા કે'વાય ને પાંચ ગામનો ધણી તથા એક ગામનો ધણી હોય તે પણ ગરાસિયો કે'વાય ને વહવાયા પણ ગરાસિયા કે'વાયા છે, તેમ ચક્રવર્તીને ઠેકાણે મહારાજ છે, બીજા અવતારાદિક સર્વે વહવાયાને ઠેકાણે છે; એટલે પુરુષોત્તમ તો એક સહજાનંદસ્વામી છે, એમ અવતાર-અવતારીનો ભેદ સમજવો. ને આ જે વાત તે તો મહાઅલૌકિક છે; કેમ કે, કેળમાં તો કેળાં જ લાગે પણ થોરમાં કેળાં લાગે એ વાત અચરજ કે'વાય ! તે આહીર, રબારી, ભરવાડ, કોળી ને વાળંદ તે પણ બાયડીઉં મૂકી મૂકીને આવતા રહ્યા ! તે એવો પ્રતાપ તો સ્વામિનારાયણનો જ હોય ! પણ બીજામાં એવો દેખાયો

જ નથી.

(૪૩) ભગવાન જેવો કોઈ દયાળુ નથી.

अहो बकीयं स्तनकालकूटं जिघांसयापाययदप्यसाध्वी ।
लेभे गतिं धात्र्युचितां ततोऽन्यं कं वा दयालुं शरणं व्रजेम ॥

(શ્રીમદ્ ભાગવત : ૩/૨/૨૩)

અર્થ :- અહો ! આ દુષ્ટ બકીએ હણવાની ઇચ્છાથી સ્તનમાં રહેલું કાલકૂટ ધરાવ્યું, છતાં તેને માતાને યોગ્ય ફલ પ્રાપ્ત થયું. તેમનાથી બીજા કયા દયાળુને શરણ આપણે જઈએ ? **બકી જે પૂતના તેણે શ્રીકૃષ્ણને હળાહળ ઝેરનું સ્તનપાન કરાવ્યું, તો પણ ભગવાને તેને જસોદાના જેવી ગતિ આપી. એ તો ભગવાનનો મહિમા જાણવો.**

(૪૪) सवै मनः कृष्णपदारविन्दयोर्वचांसि वैकुण्ठगुणानुवर्णने ।
करौ हरेर्मन्दिरमार्जनादिषु श्रुतिं चकाराच्युतसत्कथोदये ॥

(શ્રીમદ્ ભાગવત : ૯/૪/૧૮)

અર્થઃ- પોતાના મનને શ્રીકૃષ્ણચંદ્રના ચરણાવિંદમાં, વાણીને ભગવાનના ગુણગાનમાં, હાથોને (બે હાથને) શ્રીહરિના મંદિરને માર્જન વગેરેમાં, કાનને શ્રી અચ્યુતની કથા શ્રવણમાં, નેત્રોને ભગવાનની મૂર્તિ અને મંદિરના સફાઈ કરવામાં, કાનને વિષ્ણુની કથામાં આ પ્રમાણે ભગવત્-સેવામાં લગાડી દીધા હતા. **માટે ભગવાનના ચરણારવિંદમાં મન રાખવું તે વાણીએ કરીને ભગવાનના ગુણ ગાવા, હાથે કરીને મંદિર લીંપવાં ને કાને કરીને કથા સાંભળવી, તે તો જીવને કરવાનું છે.**

**(૪૫) જેવાં ફિરંગીનાં લોઢાં તેવી આ સાધુની વાતુ છે તે લાગે તો આરપાર નીકળી જાય.**

**(૪૬) હવે કોઈ બીજો સત્સંગ મુકાવે તેમ નથી, પણ પોતાનાં મન-ઇન્દ્રિયું સત્સંગ મુકાવે એવાં છે. આ જીવનો સ્વભાવ તો જેમ નદીઉં ખારા પાણીમાં જઈને ભળે છે તેમ જાતો કુસંગમાં ભળે એવો છે.**

**(૪૭) અમે ખટરસનાં વર્તમાન પાળ્યાં. પછી એભલખાચરના કારજમાં સાટા ને જલેબી ખવરાવી, દૂધ પરાણે પાયું ને એક મહિનો પ્રસાદી જમાડી, પછી અમે બાબરિયાવાડમાં રસ્તે ચાલ્યા જાતા હતા ત્યાં મહારાજ વેરાગીને વેશે આત્માનંદસ્વામીની દેરી આગળ સામા મળ્યા ને કહ્યું જે, "સાધુરામ, શરીર ઝગે છે, તે દૂધ ખાવામાં આવ્યું છે કે શું ?" એમ વચન માર્યું. તે દિ'થી દૂધ મૂકયું છે ને**

એક મહિના સુધી જીવ થરથર ધ્રૂજ્યો. એમ પોતાના મિષે સમજાવ્યું.

(૪૮) સંવત ૧૯૧૮ના અષાઢ વદિ બીજને દિવસે સ્વામીએ વાત કરી જે : આ જીવને મંદવાડ ને ઘડપણ આવ્યા વિના પણ રહે નહિ ને વે'વારનું પણ અધ્ધરિયું છે તે એકજણે ભારે વિવાહ કર્યો ને આઠમને દિ' રાંડી; માટે જન્મે, મર્યે, પરણે, રાંડે, સાજું થાય ને માંદું થાય, એમનું એમ ચાલે.

(૪૯) લાભમાં લાભ તો આ સત્સંગ મળ્યો એ જ છે, માટે ભગવાન સામું જોઈ રે'વું ને બીજા સામું જોવું નહિ. ખારા સમુદ્રમાં મીઠી વીરડી તો આ સત્સંગ જ છે.

(૫૦) અમારા શરીરને મંદવાડ તો ઘણીવાર આવી ગયો; નોતરું તો એક પ્રભુનું જ ખરું છે, તે નોતરું આવશે ત્યારે હજારું નાત્ય જમતી હશે પણ આપણને કામ નહિ આવે.

(૫૧) આ સત્સંગ તો કોઈને ગમે જ નહીં તે બાણાસુરે કહ્યું જે, 'ઓખાને જાદવકુળ વિના ગમે ત્યાં લઈ જાઓ.' તેમ આપણામાં આ સાધુવિના બીજાના ગુણ ગાઓ તો કોઈને વાંધો નથી; પણ આ પ્રગટ ભગવાન કે તેના સાધુનાં વખાણ કરો તો ન ગમે. કુસંગીને નારાયણ કહો, તો રાજી થઈને કે'શે જે, 'નારાયણ, બાપુ, નારાયણ.' પણ 'જય સ્વામિનારાયણ' કે'શો, તો ધખીને કે'શે જે, 'ચલ બે.' તેમ આપણે પણ 'જય સ્વામિનારાયણ' ને બદલે 'જય નારાયણ' કે'વાય તેટલો કુસંગ જાણવો અને વરતાલમાં બુધેજના દાજીભાઈએ વર્તમાન ધાર્યાં, ત્યારે બ્રાહ્મણે પૂછ્યું, 'તમે વર્તમાન ધાર્યાં કે ?' એમ સત્સંગ તો કોઈ રીત્યે ઢાંક્યો રહે એવો નથી; એ તો મોઢું ફરી જાય તે બાંધણીના હરિજન દાજીભાઈનું ગામમાં કોઈ કામકાજ કર્યે નહિ ને મેવાસાના હરિજનને ગામમાં કોઈ દેવતા આપતું નહિ, તે દેવતા ઠરી જાય તો કોઈ પરદેશી બાવા ચોરે આવ્યા હોય તેની ધૂણીમાંથી લઈ આવે; પણ ગામમાં કોઈ આપે નહિ.

સો માથાં જાતાં રે સોંઘા છોગાળા,

સત્સંગસારુ તો મોટે મોટે રાજ મૂક્યાં છે. શીબી, રહૂગણ, પરીક્ષિત, એમણે સત્સંગ કર્યો ને એમનો પણ દેહ તો ન રહ્યો, માટે જ્યારે અધર્મસર્ગનું મૂળ જાય, ત્યારે સત્સંગનું સુખ આવે.

(૫૨) આજ્ઞા, ઉપાસના ને સંતનો સંગ, એ ત્રણ્ય થકી જીવ બળિયો થાય છે. એક રે'ણી (રહેણી)એ સત્સંગ રાખવો બહુ કઠણ છે. કરસન લુહાર પ્રથમ

પીઠવાજાળમાં રે'તો (રહેતો) ને હુતાશની ઉપર ઘઉં ટાણે પટેલને ખેતર આથ લેવા ગયો ત્યારે ઘઉં વાઢનાર મજૂરે પટેલને કહ્યું જે, 'આની આગળ તમે ફાગ બોલાવો તો ખરા એ તમારું પણ નહિ માને.' એટલે પટેલ કહે, 'હાંઉ ! મારું ય નહિ માને ?' પછી પટેલે કરસનને કહ્યું જે, 'એક વાર ફાગ બોલ.' ત્યારે તે કહે, 'મારા ઘરમાં ન મળે તે હું કયાંથી બોલું.' એટલે પટેલે તો આગ્રહ લીધો જે, 'બોલ્યે નહિ તો ગામમાંથી કાઢવો.' પણ કરસન બોલ્યો નહિ, ત્યારે પટેલે કહ્યું જે, 'ગામમાંથી નીકળી જાજે.' એટલે તે તરકતળાવમાં આવીને રહ્યો ને ગામને પછવાડે જાયગા હતી ત્યાં ઘર કર્યું ને મંદિર પણ કર્યું તેના ઘર ને મંદિર વચ્ચે બાવળનું ઝાડ હતું તેમાં ચુડેલ રે'તી હતી તેથી સાંજે દીવો કરવા જાતાં કે, દર્શને જાતાં છોકરાં બીતાં.

પછી તે વાત રઘુવીરચરણદાસજી ત્યાં ફરતા હતા તેમને કહી અને ત્યાં તેડી આવ્યા ને કહ્યું જે, 'આ બાવળમાં ચુડેલ રહે છે.' ત્યારે કહે, 'કરો ધૂન્ય.' પછી ધૂન્ય કરવા માંડી, ત્યારે ચુડેલ પણ સામી ધૂન્ય કરવા બેઠી પછી તો અમારી પાસે આવ્યો ને કહ્યું જે, 'મંદિર કર્યું છે પણ ત્યાં થડમાં ચુડેલ રહે છે તે છોકરાં દીવો કરવા જાતાં બીવે છે તે તમે ત્યાં પધારો ને કાઢો તો ઠીક.' પછી અમે ગયા ને ધૂન્ય કરાવી કહ્યું જે, 'હવે નહિ દેખાય,' ને તે ચુડેલને ગામથી છેટે બાવળમાં રે'વા આજ્ઞા કરી, પછી તે દેખાણી નહિ એટલે કરસને મંદિર સારું કર્યું ને પાડોશી વાણિયો હતો તેને પૂછ્યું જે, 'તમને નડે નહિ તો મોતીયું મૂકું.' ત્યારે કહે, 'મૂકો.'

પછી મોતીયું મૂકીઉં એટલે તે વાણિયો કહે, 'આટલું નડે છે તે કાપી નાંખશું.' પછી તો કરવતી લઈને પંડ્યે ચડ્યો ને કાપવાનો આદર કર્યો. ત્યારે કરસન કહે, 'પે'લાં મારું માથું કાપો, પછી મારા દીકરાનું કાપો, પણ મોતીઉં કાપવું રે'વા દ્યો.' તે લુહાર કરગરતો રહ્યો ને વાણિયે તો કાપી નાખ્યું. પછી લુહારે તે કટકો લઈ પટારામાં મૂકયો ને કહ્યું જે, 'આ તો મારું કાપ્યું છે તેનું ફળ થોડા દિ' માં મળશે' પછી તે વાણિયાનો દીકરો માંદો પડ્યો ત્યારે તે વાણિયો ગણેશનો ઉપાસક હતો એટલે ગણેશને કહે, 'આને સાજો કરો નહિ તો કમળપૂજા ખાઈશ.' તો ય છોકરો તો સાજો થયો નહિ એટલે વાણિયે કમાડ દઈ તલવાર્ય કાઢી ઘરનાં સૌને કાપી નાખ્યાં ને લોહીના અક્ષર લખ્યા જે, 'આમાં કોઈનો વાંક નથી, મેં મારી મેળે કમળપૂજા ખાધી છે.' એમ લખીને પોતે તલવાર્ય પેટમાં મારી, પણ પૂરું લાગ્યું નહિ ને બપોરના બાર વાગ્યા સુધી કોઈ ઘરમાંથી બા'ર્ય નીસર્યું નહિ, એટલે ગામના માણસોએ ભેળા થઈ ઘર ઉઘાડ્યું ને જોયું તો મરેલ દીઠાં ને વાણિયો ડંખતો હતો.

પણ તેના પેટમાંથી તલવાર્ય કાઢી એટલે તે ય મરી ગયો. પછી અક્ષર વાંચ્યા એટલે કોઈને માથે ન પડયું, નીકર લુહારને માથે પડત; પણ દઢ નિષ્ઠાવાળો હતો ને તેણે સત્સંગ માથાસાટે રાખ્યો હતો એટલે ભગવાને રક્ષા કરી.

(૫૩) રૂપિયા મેલાય, બાયડી મેલાય, સર્વનો ત્યાગ થાય, પણ એક રે'ણીએ રે'વું બહુ કઠણ છે. તે શું ? જે, આ ભગવાન ને આ સાધુને વિશે સર્વોપરીપણાની નિષ્ઠા ને દિવ્યભાવ ફરે નહિ તે કઠણ જણાય છે. કડવું વેણ કહ્યા વિના અંતરનો રોગ જાય નહિ ને અધ્ધર વચનના ઝીલનારા ઉપર ભગવાન બહુ રાજી થાય છે.

સંવત ૧૯૧૮ના અષાઢ વદિ ત્રીજને દિવસે સ્વામીએ વાત કરી જે,

(૫૪) આ વે'વાર છે તેમાંથી પાછું વળીને કથાવાર્તા કરવી, માળા ફેરવવી એ સર્વે કરી લેવું ને સવારમાં ઊઠીને કથા કરવી તે તો સત્સંગમાં જ છે ને કોઈ વિષયનું પૂરું થાય તેમ નથી માટે એમાંથી પાછું વળીને પ્રભુ ભજી લેવા. ને વે'વારમાં જેમ કો'કને રૂપિયાનો ગાંઠડો બંધાય છે તેમ જ આપણે સત્સંગનો ગાંઠડો બાંધવો.

(૫૫) આપણે તો આશરાનું બળ છે ને આ દેહ, લોક, ભોગ છે તે તો જોડે છાણ વળગ્યું છે, તે કાંકરાળી ભોમાં ઘસાઈ જાશે, તેમ આ સર્વે નાશ પામી જાશે.

(૫૬) આ સત્સંગમાં તો ઘણાખરા પ્રહ્‌લાદ જેવા છે તે ઉપર વાત કરી જે, નગરથી ચાલતાં રસ્તામાં મેડી ગામ આવ્યું ત્યારે કહ્યું જે, ''આ ગામનું કોઈએ પાણી ન પીવું; કેમ જે, એક છોકરો હરિભક્ત હતો ને તેનાં મા-બાપ કુસંગી હતાં તેથી છોકરાને સ્વામિનારાયણનું ભજન કરવા ના પાડી, પણ માન્યું નહિ. પછી ખેતરમાં ઘઉંનો ભર ભરી છોકરાને ગળે જોતર બાંધી કહ્યું જે, 'હમણાં ભર ઉલાળી મારી નાખીશ, માટે કહે કે, હવે સ્વામિનારાયણનું ભજન નહિ કરું.' ત્યારે છોકરો કહે, 'ભલે મારી નાખો, પણ હું સ્વામિનારાયણનું ભજન નહિ મૂકું.' પછી ભર ઉલાળી દીધો ને છોકરો મરી ગયો.

તે પ્રહ્‌લાદ કરતાં અધિક કે'વાય; કારણ કે, પ્રહ્‌લાદના દેહને તો ઈજા આવવા દીધી ન હતી ત્યારે ટેક રહી ને આણે તો દેહનો ત્યાગ કર્યો ત્યાં સુધી પણ સ્વામિનારાયણ નામ મૂકયું નહિ.'' પછી બીજું ગામ આવ્યું ત્યાં નાહ્યા અને પાણી પીધું. પછી બાલમુકુંદદાસજીએ બાટીઉં કરી જમાડયા ને એક હરિજને સાકરની

પ્રસાદી કરીને સૌને વેં'ચી (વહેંચી) ; તે અમને તો સાકરમાં ઈંટના ભૂકા જેવો સ્વાદ આવ્યો, આ તો ગાંડું થાવાય એવી વાતુ છે. ખીસકોલીને સમાધિ થઈ ગઈ એવો ભારે ભારે પ્રતાપ દેખાડ્યો એટલે ઘર મૂકી મૂકીને મનુષ્ય આવતાં રહ્યાં, નીકર ઘરનો ઊમરો તો સાડાબાર કરોડય જોજન ઊંચો છે તે વળોટવો બહુ કઠણ છે.

મુક્તાનંદસ્વામી જાણીને ગાંડા થયા અને બ્રહ્માનંદસ્વામીએ ગઢડામાં હરિજનની વાતુ સાંભળી એટલામાં ચોટ લાગી ગઈ. તે વાત કરી જે, બ્રહ્માનંદસ્વામીનું નામ લાડુ બારોટ હતું. તેમને પે'રામણી (પહેરામણી) બહુ આવતી તે સોનાનાં સાંકળાં, કડાં ને ડોકમાં ઘરેણાં પે'રતા; પણ મહારાજને મળ્યા ત્યારે જાણ્યું કે આ ચમત્કારી છે, પછી મહારાજે કહ્યું, ''લાડુ બારોટ, આ દાદાખાચરની બે'નો ગરાસિયા છે, તે સાસરે જાતાં નથી, ઘરેણાં કે સારાં લૂગડાં પે'રતાં નથી ને સારું ખાતાં પણ નથી, તેથી અમારી અપકીર્તિ થાય છે માટે તમે સમજાવો તો ઠીક.''

પછી લાડુબારોટ ત્યાં ગયા ને ઉપદેશ કરવા લાગ્યા જે, 'મહારાજે મુને મોકલ્યો છે ને કહ્યું છે જે, વે'વારની રીત્ય પ્રમાણે વરતો ને મહારાજનું સારું દેખાય તેમ કરો માટે ખાવું, પીવું, સારાં સારાં લૂગડાં-ઘરેણાં ઓઢવાં-પે'રવાં ને ક્યાંય જાવું-આવવું.' એમ ઉપદેશ કર્યો ત્યારે લાડુબાઈ કહે, 'હવે તમે કહી રહ્યા, જરા અમારું સાંભળો, પછી તમે કે'શો તેમ કરશું.' પછી કહે, 'અમે ગરાસિયા, વળી રૂપાળાં, ને જ્યારે સારાં વસ્ત્ર ને ઘરેણાં પે'રીને બા'ર્ય નીસરીએ ત્યારે પુરુષની વૃત્તિ અમારામાં તણાય તે પાપ કોને લાગે ? તે પાપ જોનારને લાગે કાં અમને લાગે, માટે જો તે પાપ તમે લેતા હો તો ચાલો તમે કહો તેમ કરીએ ! ને આ દેહ તો વિષ્ટાનો છે; હાડ, માંસ ને લોહીથી ભરેલ છે.' એમ સાંખ્યની વાત કરી, ત્યાં તો લાડુ બારોટને ઊલટી થાવા જેવું થયું. વળી કહે, 'તમે રૂપાળા છો ને સોનાના દાગીના પે'ર્યા છે, તેથી સ્ત્રીઉંની વૃત્તિ તમારામાં તણાય એટલે તેને કે તમને પાપ લાગે; પણ જો ન પે'ર્યાં હોય તો કોઈની વૃત્તિ તણાય નહિ ને પાપ પણ લાગે નહિ' તે સાંભળી લાડુબારોટને એમ થયું જે, 'આ તો મુને ઉપદેશ દેવાને બદલે ઉપદેશ લેવા મોકલ્યો છે.' પછી મહારાજ પાસે ગયા ને ઘરેણાં કાઢીને ઢગલો કર્યો ને ત્યાગી થયા એટલે તેમનું નામ બ્રહ્માનંદસ્વામી પાડ્યું. પછી કીર્તન કર્યું જે,

આજની ઘડી રે, ધન્ય આજની ઘડી;
મેં નીરખ્યા સહજાનંદ, ધન્ય આજની ઘડી.
(કીર્તન મુક્તાવલિ : ૬૪૨)

અને ગામ પીઠવાજાળમાં,

વાલે વજાડી છે વાંસળી રે, કાલંદ્રીને તીર;
ઘેનું તૃણ ભુલી ગઈ રે, વછાં ભૂલ્યાં ખીર;
જોને સખી જમુનાતણું રે, વેતું થંભ્યું નીર. હો બેની. વા૦
(બ્રહ્માનંદ કાવ્ય : ૧૮૬૧)

એ કીર્તન અમે ગાયું ત્યારે આંબાનો દેવસી લુહાર ગાંડો થઈ ગયો ને સમઢિયાળાનો સવદાસ પટેલ ગાંડો થઈને જાતો રહ્યો ને કેટલાક ગૃહસ્થાશ્રમમાં હતા પણ ત્યાગીની પેઠચે રહ્યા ને કેટલીક બાઈઉંએ તો સંસાર મૂકી દીધો, એ જાતનું તો આગળ કલ્યાણ થયું જ નથી. મેઉ ને લાંગણોજ ગામની બાઈઉં સંસાર મૂકીને આવીઉં, ત્યારે જીવાખાચરે મહારાજને કહ્યું જે, 'આને ઘેર જાવાની આજ્ઞા કરો.' ત્યારે મહારાજે ઘણી ઘણી તાવીઉં ને પૂછ્યું જે, "તમે કોણ છો ?" ત્યારે તે કહે જે, 'અમે તો આત્મા છીએ.' મહારાજે કહે, "લાવો દેવતા." પછી તેમના હાથ ઉપર દેવતા મૂક્યો તે સૌ જોઈ રહ્યાં ને ચામડું સડસડ બળવા લાગ્યું ને તે મહારાજ સાથે વાતુ કર્યે જે, 'અમે તો બળતાં નથી.' પછી મહારાજ કહે, "દેવતા લઈ લિયો, તે આત્મા ખરા ! ખાવા ધાન ન હોય, પે'રવા લૂગડું ન હોય, ને સાંજે સો ખાસડાં માથે પડ્યે તો પણ સંસાર ન મુકાય ને આ તો ખાનપાન મૂકીને સર્વે તણાઈને આવ્યાં છે !" આ જે વાતુ છે તે તો કલ્યાણના ખપવાળાને કામ આવે એવી છે ને બીજાને તો ભોગ્ય ન પડ્યે એવી છે. (જુઓ પ્રકરણ ૯ ની વાત ૨૧૧)

(૫૭) લોયાનું ૧૩મું વચનામૃત વંચાવીને સિદ્ધાંત કર્યું જે, 'સ્ત્રી ભેળા રહીને તો એક ભગવાન જ નિર્લેપ રહે અને બીજું સિદ્ધાંત એ જે, અક્ષરધામને વિશે જે ભગવાન રહ્યા છે તેવા કોઈ બીજાને ન કે'વાય અને અનાદિ મૂળઅક્ષર છે તે જેવા કોઈ અક્ષરમુક્તને ન કે'વાય.' ને તેવા કો'કે જાણ્યા ને કો'કે ન જાણ્યા ને આજ પણ એમ દેખાય છે જે, કેટલાકને એ ઘડ બેઠી છે ને કેટલાકને નથી બેઠી. ને આ જે પ્રાપ્તિ થઈ છે તેની ખુમારી રે'તી નથી ને મનુષ્યભાવ આવે છે ને ભગવદીને વિશે પણ મનુષ્યભાવ આવે છે તેણે કરીને વૃધ્ધિ પમાતું નથી, પણ મનુષ્યાકૃતિ ધારણ કરી હોય ત્યારે ભગવાનમાં મનુષ્યભાવ દેખાય ને મોટા સાધુમાં પણ મનુષ્યભાવ દેખાય. એક તો જીવનો સત્સંગ છે ને એક તો મા-બાપનો કે માયાનો સત્સંગ છે પણ સત્પુરુષના સમાગમમાંથી સર્વે વાત સમજાય છે.

સંવત ૧૯૧૮ના આષાઢ વદિ પંચમીને દિવસ સ્વામીએ વાત કરી જે,

(૫૮) ભગવાનને મારગે તો કો'ક વીરલા હોય તે ચાલે માટે જેને આ પ્રગટ ભગવાનનું જ્ઞાન છે તેને જ આંખ્યું છે ને બીજા અજ્ઞાની વિષયને મારગે ધોડ્યે છે તે તો આંધળા છે તેનું જ્ઞાન કેવું છે તો,

જ્ઞાન કથે જેમ બળેલ ચૂલા ચૂલેથી ઉતર્યો પાક.
પાક પરોણા ખાઈ ગયા ને વાંસે રહી છે રાખ;
વાંસે રહી છે રાખ તે કેવી, ઊલટી આંખો ફોડે એવી,
કહે ગોવિંદરામ જીવ ભક્તિ તો ભૂલ્યા, જ્ઞાન કથે જેમ બળેલ ચૂલા.
(કીર્તન મુક્તાવલિ : ગો.કૃ.ચંદ્રાવળા)

(૫૯) કેટલુંક વે'વારનું જ્ઞાન છે, તે પણ સમજવું જો'એ નહિ તો દુઃખ થાય તે જ્ઞાન સર્વે સાધુ-સમાગમમાંથી શિખાય છે. એક દિ' મહારાજે કહ્યું જે, "ગમે એવો જ્ઞાનવાળો, ધર્મવાળો કે ત્યાગવાળો હોય પણ તે વાળ્યો ન વળે તો અમારે ઠીક પડચે નહિ." મહારાજે દેશ-વિભાગ કરી પાળાની વેં'ચણ (વહેંચણ) કરીને આજ્ઞા કરી જે, "જે દ્રવ્ય રાખે તે સત્સંગમાં નહિ, અમારે એવાનો ખપ નથી." તે ઉપર વાત કરી જે, ભગુજી આદિક મહારાજની સેવામાં હતા, પણ દ્રવ્ય રાખવા સારુ અમદાવાદ ગયા તે મહારાજે ના પાડી તો પણ માન્યું નહિ માટે વિષયના સંબંધથી તો જેમ જરાસંધથી કે દંતવક્રથી બીવાય તેમ બીવું. શહેરના વિષય જીવતા માણસ જેવા છે ને ગામડાના વિષય ઓડાં જેવા છે; માટે આ જીવતા વિષયથી બીવું.

(૬૦) જેટલો ગોળ નાખીએ તેટલું ગળ્યું થાય, તેમ જેટલો સત્સંગ કરીએ તેટલું હૈયામાંથી અજ્ઞાન જાય. વળી એક દહીંનો ભાવિક હતો, તે દૂધનો દરિયો આવ્યો ત્યારે પોતા પાસે થોડી છાસની આછ હતી તે દહીં કરવા સારુ દરિયામાં નાખી તે દહીં તો થયું નહિ ને મૂળગી તેની આછ ગઈ; તેમ થોડોક સમાગમ કરીએ તો જ્ઞાન ન થાય. બળિરાજા એટલો કારસો ખમ્યા ને મૂર્તિ રાખી તો ભગવાન જાણપણારૂપ દરવાજે અખંડ રહે છે માટે જેટલો વે'વાર છે તેટલો કરવો ને પ્રભુ ભજવા.

(૬૧) જીવ તો ગાફલ છે ને આ જીવને દેહનો ને જાતિનો અહંકાર છે એ જ મોહ છે. પાદશાહે પૂના-સતારા લીધું, એમ એક જણે ધોળકામાં પીંજારાને કહ્યું ત્યારે પીંજારો બોલ્યો જે, 'પૂના-સતારા કયું ન લેવે ? પૂના-સતારા કયું ન

લેવે ? હમ સરીખે ભાઈ !' એમ કહીને તાંત્યમાં ધોકો બળથી માર્યો એટલે તાંત્ય તૂટી ગઈ ને પીંજતો આળસી ગયો; એમ આ જીવ તો જ્યાં ભરાણો ત્યાં ભરાણો, પણ પાછું વાળી ન જુએ.

સંવત ૧૯૧૮ના અષાઢ વદિ છઠને દિવસ સ્વામીએ વાત કરી જે,

(૬૨) ક્રોધ આવે ત્યારે પોતાનો અવગુણ સૂઝે નહિ ને કોઈ વેણ માર્યે તે ખમાય નહિ. એક સ્ત્રીને કો'કે નભાઈ કહી, ત્યારે તેણે સામી બાઈને કહ્યું જે, 'નભાઈ તું, નભાઈ તારી મા, નભાઈ તારી બે'ન.' એમ સો વાર નભાઈ કહીને ઉપર જાતાં કહે જે, 'રાંડ, મુને નભાઈ કેમ કહી ?' પણ પોતે સો વાર કહ્યું તેનું કાંઈ નહિ ! એમ પોતાનો અવગુણ સૂઝે નહિ તેથી દુષ્ટ સ્વભાવ તો વધી જાય એવો છે પછી કો'ક હરિજનનો અવગુણ લિયે, એટલે દહાડે દહાડે બુદ્ધિ ભ્રષ્ટ થાતી જાય.

એક બાઈ વઢકણી હતી, તેને વઢવામાં કોઈ પોં'ચતું નહિ. પછી તે કહે, 'મારી સાથે વઢે ને મારી હામ પૂરી કર્યે એવી કોઈ વઢકણી મળે ?' ત્યારે એકજણી કહે, 'તારી હામ પૂરી કર્યે, એવી સામે ગામ છે.' પછી તે ભાતું બાંધીને તે ગામ વઢવા ગઈ ને પાદર જઈને પૂછ્યું, ત્યારે ગામવાળે જવાબ દીધો જે, 'તેને ઊમરેથી ઠેસ લાગી છે તેને આજ છ મહિના થ્યા ગાળ્યું દિયે છે ને વઢે છે, પણ હજી આળસી નથી.' એવું સાંભળીને તે બાઈનો ગર્વ ઊતરી ગયો ને ત્યાંથી જ પાછી ભાગી ગઈ.

(૬૩) ઓષડ તો કડવાં જ હોય પણ તે રોગ ટાળે, તેમ કડવાં વેણ કહ્યાં વિના આ જીવનો રોગ ન જાય, માટે સ્વભાવ મૂકીને મોટા જેમ કહે તેમ કરવું અને આપણે પ્રભુ ભજવા તેમાં માન આવ્યું કે, ક્રોધ આવ્યો કે, કામ આવ્યો કે, લોભ આવ્યો તો ચૂંથી નાખે; પણ વિષયનું ખંડન કરીએ ત્યારે આવો ને આવો જીવ રહે નહિ ને વિષય વળગે તે મૂક્યા ન મુકાય ત્યારે એ તો વિષયનો સંબંધ થયો કે'વાય; અને પંપોળીને રાખીએ તો એકે સ્વભાવ ન ટળે. ને દેહને સુખ કર્યે એવું પદાર્થ ગ્રહણ ન કર્યે, તેને દેહનો અનાદર કે'વાય; પણ કોઈને કામનો, કોઈને લોભનો, કોઈને સ્વાદનો, કોઈને ક્રોધનો ને કોઈને ઠેકડી-મશ્કરી કરવાનો એવા જીવને સ્વભાવ પડ્યે છે. પછી જ્યારે દેહાભિમાન ટોકાય ત્યારે ઠીક રહે નહિ અને રાત્યે દિશાએ જાવું હોય તો જગાય ને દાઢ દુ:ખતી હોય તો રાત્ય બધી જગાય; પણ ઘડી, બે ઘડી ભજન ન થાય, એ સર્વે વાતને દરવાજાવાળા હોય તે દેખે છે.

સંવત ૧૯૧૮ના અષાઢ વદિ સપ્તમીને દિવસ સ્વામીએ વાત કરી જે,

(૬૪) વિષયમાં અતિશય આસક્તિ હોય તો ખાધા સારુ ચોરી થાય, તે ઘણે ઠેકાણે દીઠું છે.

મીની પારેવી ને રેવા એ ત્રણેના એક હેવા;
ધીરે ધીરે પગલાં ભરે તે પારકો જીવ લેવા.

પણ ભગવાનનું વચન લોપે તેમાંથી દુઃખ આવ્યા વિના રહે નહિ; માટે ભણવું, લખવું એ આદિક જે ક્રિયા કરવી તે શુદ્ધપણે કરવી, જ્યારે સ્વાદ ઊપજે ત્યારે બ્રહ્માંડમાં જેટલું ખાધાનું છે તે સર્વેની સ્મૃતિ કર્યે.

ખાટાં મીઠાં ચરપરાં કોંટા મૂકે કામ;
અંગે અવિદ્યા ઉપજે ને જાય હૃદયથી રામ.

ભૂજમાં તુળસી સુકાઈ ગયાં હતાં, પણ નખે દાબી જોયું ત્યાં લીલાશ જણાણી, પછી પાણી રેડયું એટલે કોંટા નીસર્યા. તેમ સ્વાદ કરવામાંથી કામના કોંટા નીસરે છે અને જ્યારે લોભ આવે ત્યારે જેટલાં પદાર્થ છે તે સર્વે સંભારે પણ આ તો પ્રભુ ભજવાનો આદર કર્યો છે ને ચલાય છે બીજે મારગે ! પે'લો જીવ ખાધામાં લેવાય છે ત્યાર પછી કામ ઉદય થાય છે ને કામમાંથી ક્રોધ ઉત્પન્ન થાય છે; માટે જેણે સાધુ સેવન કર્યાં હશે તેને કાંઈક ખબર પડતી હશે. પછી દિ'એ સૂવાનો નિષેધ કર્યો.

(૬૫) સ્વભાવ ટોકાય ત્યારે અવગુણ લિયે ને જ્યારે અવગુણ આવે ત્યારે બુદ્ધિ ભ્રષ્ટ થાય.

अन्यक्षेत्रे कृतं पापं तीर्थक्षेत्रे विनश्यति ।
तीर्थक्षेत्रे कृतं पापं वज्रलेपो भविष्यति ।।

(સ્કંદપુરાણ)

અર્થ :- અન્યક્ષેત્રમાં કરેલું પાપ તીર્થક્ષેત્રમાં નષ્ટ થાય છે, તીર્થક્ષેત્રમાં કરેલું પાપ વજલેપ જેમ કાયમનું રહે છે. પછી તીર્થક્ષેત્રનું પાપ લાગે, તેમાંથી જીવનું ભૂંડું થાય. ને દેહાભિમાનનું રૂપ કર્યું જે, પોતાને ટોકે તેનું બોલ્યું ન ગમે, પણ જો અવગુણ આવશે તો જન્મ ધરવો પડશે ને આ તો કે'વાનો ધર્મ છે તે કહીએ છીએ.

(૬૬) કોઈ સારા સાધુમાં બંધાણો નહિ તેનો વિશ્વાસ નહિ. મુક્તાનંદસ્વામી, કૃપાનંદસ્વામી ને નિષ્કુળાનંદસ્વામી એ ત્રણય જણને અંતરજામી કહે તેમ કરવું ને બીજાને તો ઉપરજામી કહે તેમ કરવું.

(૬૭) ત્રણય ઠેકાણે માન વધે છે : તે એક તો ગુણે કરીને, બીજું ક્રિયા

કરવાનું ને ત્રીજું મૂરખપણાનું માન જે અમે જૂના છીએ તે જૂના તો ભાલના ખીજડા હોય છે પણ તેમાં સાંગરીઉં થાય ને ગુજરાતમાં પાંચ વરસનો આંબો હોય તેમાં કેરીઉં થાય; માટે કોઈ પ્રકારે માન આવવા દેવું નહિ. મોટા જેમ કહે તેમ કર્યે તે ડાહ્યો કે'વાય.

(૬૮) બાયડીને અને રૂપિયાને ન અડવું એ તો સ્વામિનારાયણે નવો પંથ કાઢયો છે. એક બાવો મુન્ય લઈને બેઠો તો તે બોલે નહિ, પછી માતરે ધાધલે કહ્યું જે, 'માર્યે બાવાજીને પાંચ રૂપિયા આપવાની માનતા છે પણ આ તો બોલતા નથી, તેમ પાસે લૂગડું પણ નથી જે ગાંઠે બાંધીએ ને પાસે મૂકી જઈએ તો કો'ક લઈ જાય.' પછી અલૈયાખાચરે કહ્યું જે, 'તમારે ભાવ હશે તો બાવાજી મોઢું ફાડશે,' એટલે બાવે મોઢું ફાડયું પછી માતરે ધાધલે ગાંઠેથી રૂપિયા છોડી કહ્યું જે, 'મારે પ્રદક્ષિણા ફરીને મૂકવા છે.' એમ કહી ઊભા થયા ને વાંસે જઈ ધૂડ્ય લીધી ને બાવાએ મોઢું ફાડી રાખ્યું હતું તેમાં નાખી પછી બાવો 'એસી-તેસી' બોલ્યો ત્યારે માતરે ધાધલે કહ્યું જે, 'ભણે માંગરના, બોલતો નો'તો ને કાણું બોલ્યો ?' માટે મર્યને ત્યાગની વાત કર્યે, પણ ત્યાગ કરતો કરતો લેવા માંડે ને આંખ્ય ન ઉઘાડતો હોય તો જોવા માંડે; માટે દ્રવ્ય ન લેવું એ તો સ્વામિનારાયણે નવી આજ્ઞા કરી છે.

(૬૯) અજાણમાં ઝેર ખાધું હોય તો મરી જવાય પણ નીસરે નહિ તેમ સહેજે સહેજે સ્વભાવ પડયા હોય તો પછી કાઢયા નીસરે નહિ, પણ ખપ હોય ને એવા પુરુષ મળે તો સ્વભાવ ટળે. કલ્યાણ સારુ તો વનમાં પથારીઉં કરી, ચક્રવર્તી રાજ્ય મૂકયાં, એવું કલ્યાણ મોંઘું છે, એમ જાણીને ગરજ રાખવી.

(૭૦) એકને તો ભગવાન વિના કે સત્સંગના જોગ વિના રે'વાય નહિ એ માછલાં જેવા ને બીજા સત્સંગ કર્યે ને કુસંગ પણ કર્યે તે પોરા જેવા ને ત્રીજા તો મંદિરમાં પણ ગ્રામ્યકથા કર્યા કર્યે તે દેડકા જેવા, એમ ત્રણ્ય ભેદ છે.

(૭૧) ગોરધનભાઈની વાત કરી જે, કડાં પે'ર્યાં હતાં તે કાઢી નાખ્યાં ને 'મહારાજને મૂકીને મેં આ શું કર્યુ?' તે વિચારે કરીને શરીર કાળું થઈ ગયું. માટે દેહાભિમાન કે વિષય વધ્યા, તે પણ ભાર થયો એમ જાણે તે ભગવદી કે'વાય.

(૭૨) રાત્ય-દિ' સંત ભેળું રે'વું તેમાં જો ટોકાય તો અવગુણ આવે ને જ્યાં સત્સંગ હશે ત્યાં તો પંચવિષય ને દેહાભિમાન ખોદાશે જ અને મહારાજનો અવતાર પણ તે સારુ જ છે.

પીપા પાપ ન કીજિયે તો પુણ્ય કિયા સો વાર;
જો કીસી કા લિયા નહિ તો દિયા વાર હજાર.

માટે સત્સંગ કરવો એ જ જીવનું સાર્થક છે પણ તેમાં કોઈનો અવગુણ ન લઈએ તો હજાર કામ કર્યાં ને બીજા પેટ ભરવાના તો અનેક ઉપાય છે, માટે આ દેહ નાશવંત છે તેણે કરીને અવિનાશી કામ કરી લેવું.

સંવત ૧૯૧૮ના અષાઢ વદિ અષ્ટમીને દિવસે સ્વામીએ વાત કરી જે,

(૭૩) ભગવાનના ભક્તના ગુણ સંભારીને ગાઈએ ત્યારે એ ગુણ આપણામાં આવે ને પ્રભુ ભજવાનો આદર કર્યો છે, પણ સમાગમ વિના તો ભગવાનનું સ્વરૂપ સમજવું કઠણ છે; મોટા મોટા ઈશ્વર છે તે પણ સ્વરૂપ સમજવામાં મૂંઝાય છે.

(૭૪) એક દિ' મહારાજ કહે, "ઢોલિયાના ચાકર હો તે આંહીં બેસો ને સત્સંગીના સત્સંગી હો તે નોખા બેસો." પછી કેટલાક નોખા બેઠા ને કેટલાક ઢોલિયા પાસે બેઠા. પછી મહારાજ કહે, "અમે ય સત્સંગીના સત્સંગી છીએ." એમ કહીને ઢોલિયેથી ઊતરી જુદા બેઠા હતા તેમના ભેળા બેઠા ને કહે જે, "તમે ઢોલિયાના ચાકર ઢોલિયા આગળ બેસી રહો." એમ મહારાજે સત્સંગીના સત્સંગીને સર્વથી અધિક કહ્યા; માટે સાધુસમાગમ વિના ને સમજણ વિના તો <u>રાબડી ઝકોળ્યા જે</u>વું છે. તે,

નહિ ચિત્ત ધ્યાનમાં, નહિ ચિત્ત માળામાં; રાબડી ઝકોળે બાવો બેઠો ધરમશાળામાં.

એવાને શું સમજણ આવે ?

(૭૫) સ્વભાવ તો એવા છે જે, સાધુ થયા તો પણ એ નડ્યા વિના રહે નહિ ને ભગવાનને તો સાધુતા ગમે છે ને ક્રોધ કર્યે તો વે'વાર પણ બગડે છે.

(૭૬) વિષય ઉપર જીવને સહેજે હેત છે તે વૈરાગી કૂતરાં પાળે છે. વિવેકે કરીને આમાં રહીને પ્રભુ ભજી લેવા એ જ ડહાપણ. વે'વારમાં મોટાં મોટાં કામ કર્યાં, મોટી મોટી ઇમારત કરી, યાગ-યજ્ઞ કર્યા, બધું કર્યું, પણ જો પ્રભુ ન ભજાણા તો કાંઈ જ નથી કર્યું.

(૭૭) ભગવાનના એકાંતિકમાં બંધાય તો તેમાં સહેજે સર્વ સાધન આવી જાય. જેમ અગ્નિની પડખે બેઠો હોય તેને સહેજે ટાઢ ન વાય, તેમ એકાંતિકના પડખામાં સહેજે પ્રભુ સાંભરે. ને ખપ ન રાખે તો જોગમાં આવ્યા છીએ તો પણ પ્રભુ ન સાંભરે ને સમી સાંજમાં ઊંઘી જવાય. પટેલને ત્યાં કણબી સાથી

રહ્યો, તે ધણી ન હોય ત્યારે શેઢે જાઈને, 'જે બેઠા એ લાભ !' એમ કહી ઊંઘી રહે.

(૭૮) મોટાની દયા તો હાથ જોડશે, દીન થાશે, વિનય કરશે તેના ઉપર થાશે; નહિ તો લેણા કે દેણા નથી ને જ્યારે સંતનો ગુલામ થાશે ત્યારે જ એ પાંચ ગુણ આવશે; માટે કોઈ પદાર્થને ચાળે ચડવું નહિ, પણ જે તે પ્રકારે કરીને મોટાને રાજી કરવા તે ઉપર તાન રાખવું. ને તે વિના તો આવરદા જાતી રે'શે ને જીવમાં ખોટચ રહી જાશે.

(૭૯) સર્વે દેહ પાપનાં છે ને દેવલોકમાં સુખ ભોગવે છે તે પણ આંહીંની કમાણી છે, માટે આ મનુષ્યનો દેહ પુણ્યનો છે; પણ તે પુણ્યના દેહમાં આળસ આવી કે, નિદ્રા આવી કે, ગાફલાઈ રાખી, ત્યારે આ વાંધો ક્યાં ભાંગશે ?

(૮૦) કેટલાક આમાં આવીને મોટા સાધુની નિંદા ર્ક્યે છે ! ધોલેરામાં નિર્મળાનંદસ્વામીની નિર્વિકારાનંદે નિંદા કરી, એટલે તેને જમ તેડવા આવ્યા તે નિર્વિકારાનંદે દીઠા; કેમ જે, એક જમ બોલ્યો જે, 'ઓલ્યો નિર્વિકારાનંદ ! પણ તે નિર્મળાનંદસ્વામીને પડખે બેઠો છે ત્યાં સુધી લેવાય નહિ, પણ ઓરો આવે તો લઈ જા'એ માટે તે ઊઠે ત્યાંસુધી રોકાઓ.' તે વાત નિર્વિકારાનંદે સાંભળી એટલે આખી રાત્ય ત્યાંથી ઊઠચો નહિ ને લઘુ કરવા જાવું હતું પણ બેસી રહ્યો, તો ય નિર્મળાનંદસ્વામીનો ગુણ આવ્યો નહિ, પછી જમ દેખાતા આળસી ગયા એટલે ત્યાંથી ઊઠચો ને લઘુ કરવા ગયો એટલે તેને જમ ઉપાડી ગયા.

(૮૧) આપણે લઈ મંડીએ ત્યારે મહારાજને દયા આવે ને રોજ રોજ સ્તુતિ કરવા માંડીએ ત્યારે મોટા ગુણ આપ્યા વિના રહે નહિ. મહારાજે પ્રશ્ન-ઉત્તર કરાવ્યા, તેમાં છેવટ મહારાજ કહે, "અક્ષરધામમાંથી અમે આંહીં આવ્યા એવી તમારી કઈ ક્રિયા ? એ તો કૃપાએ કરીને જ આંહીં આવ્યા છીએ." એમ મહારાજને કૃપાસાધ્ય જાણવા.

(૮૨) કેટલાક જીવ તંતીમાં બંધાઈ રહ્યા છે તે મહારાજ બારપટોળીના સુતાર આલાભક્તને દર્શન દેવા ચાલીને ઘેર ગયા ત્યારે તે જાણે, 'મહારાજ તેડવા આવે છે.' એટલે તેણે તેની સ્ત્રીને કહ્યું જે, 'મહારાજ તેડવા આવે છે તો તું કહે જે કે, ભગત ઘેર નથી.' ત્યાં મહારાજ આવ્યા ને ભગતને બોલાવ્યા ત્યારે તે બાઈ કહે, 'ભગત ઘેર નથી.' એટલે મહારાજ પાછા ગયા.

એમ સંસારરૂપી તંતીમાં બધા જીવ બંધાઈ રહ્યા છે, પણ ભગવાન સારુ તો આગળ કેટલાકે રાજ્ય મેલ્યાં છે. એક રાજા રાજપાટ મૂકીને મોક્ષને અર્થે ચાલી

નીકળ્યો ને પંચકેશ વધાર્યા. પછી એક વખત તેના આસન પાસે બીજા રાજાએ પડાવ ર્ક્યો. તેણે તેને કહ્યું જે, 'આ દારિદ્ર શું રાખ્યું છે ? આ લિયે દોકડો.' ત્યારે તે કહે, 'મારું દારિદ્ર દોકડે જાય તેવું નથી.' પછી રાજા કહે, 'બે દોકડા, ચાર દોકડા, રૂપિયો, સો રૂપિયા ને છેવટ કહે અરધું રાજય આપું, પણ તારું દારિદ્ર કાઢ ને મારું વચન રાખ.' પછી તે કહે જે, 'તમારે કેટલાં ગામ છે ?' ત્યારે તેણે ઉત્તર દીધો એટલે તે કહે જે, 'એટલાં તો માર્યે ઘેર પરગણાં હતાં તે મેલીને પ્રગટ ભગવાનને મળવા આ દારિદ્ર લીધું છે, તે જો તમારી પાસે પ્રગટ ભગવાન હોય તો મારું દારિદ્ર જાય.' તેમ સંસાર મૂકે ને તપ-ત્યાગરૂપી સાધન ર્ક્યે, તો પણ અક્ષરધામ મળે નહિ. તે તો પ્રગટ ભગવાન કે પ્રગટ સંત મળે ને મનાય ત્યારે જીવનું દારિદ્ર જાય ને અક્ષરધામની પ્રાપ્તિ થાય; માટે આ વાત કહ્યામાં આવે એવી નથી. પણ કોઈનું શરીર સાજું હોય કે રોટલા ખાવા મળતા હોય, તો આ સમાગમ કરી લેજો.

(૮૩) પ્રમાદ મૂકવો. પ્રમાદ તે શું ? જે, સમજવાનું ન સમજાય ને નથી સમજવાનું તેને વિશે આગ્રહ થાય તેનું નામ પ્રમાદ કે'વાય.

(૮૪) મહારાજે ગવૈયા કીડી સખીને કાંડું ઝાલીને કહ્યું જે, "તમે અમને શું સમજો છો ?" તો કહે, 'ભગવાન' ત્યારે મહારાજ કહે, "તમે ધાર્યું કરવા જાઓ છો, પણ ફળપ્રદાતા તો અમે છીએ તે તમારો સંકલ્પ સિદ્ધ થાવા દેશું તો જ થાશે." પણ તેના મનમાં ગાયન કરીને રાજાને રીઝવવા એવું તાન તે મહારાજના હાથમાંથી કાંડું વછોડાવીને સત્સંગમાંથી વહ્યા ગયા. પછી તો પત નીકળી ને હાથનાં આંગળાં ખવાઈ ગયાં તે વાજું વગાડી શક્યા નહિ ને પરણવું હતું પણ પતિયલને કોણ પરણે ? પછી તો કોઈ પાસે પણ ન આવે તે ભૂખ્યા ને તરસ્યા મરી ગયા.

(૮૫) અંત લેવા ઉપર વાત કરી જે, વરુણદેવને તેના દીકરે પૂછ્યું જે, 'પિતા, બ્રહ્મ કહો.' તો કહે, 'પૃથ્વી' ત્યારે દીકરે કહ્યું જે, 'તેના અંતને પામી આવ્યો, હે પિતા, તેથી પર બ્રહ્મ કહો.' તો કહે, 'જળ' ત્યારે તેનો દીકરો કહે, 'જળના અંતને પામી આવ્યો, હે પિતા, તેથી પર બ્રહ્મ કહો.' તો કહે, 'તેજ' ત્યારે દીકરો કહે, 'તેજના અંતને પામી આવ્યો, હે પિતા, તેથી પર બ્રહ્મ કહો.' તો કહે, 'હવે પૂછીશ તો તારું માથું ઊડી જાશે, અતિ પ્રશ્ન ર્ક્ય મા.' એમ પોતાની ગતિ હોય ત્યાં સુધી તો કહે પણ જો તેથી પર દષ્ટિ ન પો'ચે તો કે'શે જે, તમારું ભૂંડું થઈ જાશે. એમ બીક દેખાડીને પરપણું સમજતાં અટકાવે એવાનો અંત લેવો નહિ, ને કે'વું જે ઠીક ઉત્તર ર્ક્યો.

(૮૬) મુક્તાનંદસ્વામી ગાંડા થયા ત્યારે તે પાસલામાંથી નીકળાણું. અસ્વાર પડી જાય ત્યારે જાતવાળું ઘોડું હોય તે સુંઘીને પાસે ઊભું રહે પણ વયું જાય નહિ. તેનું સિદ્ધાંત કહ્યું જે, 'ખરેખરો સમાગમ ર્ક્યે તો સંસારની દિશ ભુલાવી દિયે.' એવા આ સંત છે. (જુઓ પ્રકરણ ૯ ની વાત ૨૧૧)

(૮૭) અવળા સ્વભાવમાત્રનો ત્યાગ કરીને સરળપણે વરતવું કેમ જે, અવળા સ્વભાવ મહારાજ તથા મોટા સંતને ગમતા નથી. નાગડકાની ઘોડીને પાટુ મારવાનો સ્વભાવ હતો, તે મહારાજ સ્વભાવ મુકાવવા સારુ વાંસડો લઈને ઘોડીના બે પગ વચ્ચે અડાડે ને ઘોડી પાટુ માર્યે. એમ કરતાં બપોર થયા ને થાળ થયો, ત્યારે મહારાજ કહે, "કોઈ અમારા સાટે ઘોડીને ગોદા માર્યે તો જમીએ." પછી એમ ર્ક્યું એટલે જમવા ઊઠ્યા ને જમીને આવ્યા પછી એમ સાંજ સુધી ર્ક્યું પછી તો ઘોડી થાકી ગઈ, તે વાંસડાનો ગોદો માર્યે તો પણ પગ ઉપાડે નહિ.

(૮૮) એક સ્ત્રી બહુ વઢકણી હતી તે સૌ સાથે વઢવેડ કરતી. પછી પટેલે તેને કહ્યું જે, 'તારે વારાપ્રમાણે દરરોજ એક બાઈ સાથે વઢવું.' પછી તે હંમેશાં વઢવા જાતી. તેમાં એક દિ' એક ગરીબ બાઈનો વારો આવ્યો ને તે જ દિ' તેને ત્યાં સાધુઓ આવેલ, એટલે તે બાઈએ સાધુઓને કહ્યું જે, 'આજ વે'લા (વહેલા) જમી લિયો, નહિ તો ઓલી વઢકણી વારાપ્રમાણે આજ મારી સાથે વઢવા આવશે, તો તમને કે મુને ખાવા-પીવાનો અવકાશ નહિ આવે.' ત્યારે સાધુ કહે, 'તારે કાંઈ બોલવું નહિ, તું તારે ઘરમાં કામ કરજે, તારે સાટે અમે બોલશું.'

ત્યાં તો તે બાઈ નાકેથી હાકલ મારતી આવી, 'હે રાંડ, અત્યારસુધી નવરી નથી થઈ, ખબર નથી જે આજ વારો છે, તે નવરી થઈને લડવા હાજર રહું, નીકળ બારણે.' એમ બારણે આવીને હાકલું ને છાકોટા માર્યે, પણ બાઈ તો કાંઈ બોલી નહિ. ને વઢકણીએ તો એક કલાક સુધી પડતાળો લીધો, પણ જ્યારે થાકલો ખાધો ને ટાઢી પડી, ત્યારે સાધુ કહે, 'હાર ગઈ ?' ત્યાં તો વળી ગાળું દેવા માંડી ને સાધુને કહે, 'હે મારા પીટ્યા, મલકનું ખાઈ ખાઈને બગાડયું છે, હરામનું જ ખાનારા છો.' એમ વઢતાં વઢતાં ઓકણ આવ્યું ને ગાળું દેતી રહી ગઈ. ત્યારે સાધુ કહે, 'હાર ગઈ ?' ત્યાં તો ઓકતી જાય ને ગાળું દેતી જાય. ને એ રીત્યે એક સાધુ એમ કે'વા બેસે ને બીજા વારાફરતી જમી લિયે ને ઓલી બાઈ તો ભૂખી ને તરસી સાંજ સુધી વઢીને મરણતોલ થઈ ગઈ. ત્યારે સાધુ કહે, 'તું તારે વઢવું હોય તો રોજ આંહીં આવજે, બીજે તારે જાવું નહિ; પણ આટલો બધો દાખડો ર્ક્યે છે, ત્યારે ભગવાન

ભજતી હો તો કેવું સારું !' ત્યારે વઢકણી કહે, 'હું કોઈ દિ' વઢતાં થાકી નથી, આજ થાકી, તે હવે નહિ વઢું.' એમ સાધુએ તેના હેવા મુકાવ્યા.

(૮૯) એક રાજાની વાત કરી જે તેની પાસે કોઈ વાત કર્યે ત્યારે રાજા કે'શે જે, 'પીછું.' એમ પૂછીને થકવે. પછી એક બુદ્ધિશાળી મળ્યો. તેણે વાત કરી જે, 'એક મોટો તંબુ પૃથ્વી જેવડો તાણ્યો, તેમાં બધાં પક્ષીને મંત્રથી તેડાવ્યાં ને તેમાં એક ફાંકું રાખ્યું, તેમાંથી એક પક્ષી નીકળ્યું, એટલે ફુરૂર થયું.' ત્યારે રાજા કહે, 'પીછું' તો કહે, 'ફુરૂર' વળી રાજા કહે, 'પીછું' તો કહે, 'ફુરૂર' એમ રાજા પૂછતો જાય ને ઓલ્યો 'ફુરૂર' કે'તો જાય. તેમાં અંત્યે રાજા થાક્યો, તે પીછું કે'તાં ભૂલી ગયો.

(૯૦) ઘોડાનું ચોકડું મરડે છે તેમ આ સાધુ પણ સ્વભાવ મરડીને વરતાવે છે.

(૯૧) જેટલા જેને વિષય વળગ્યા છે, એટલું તેને પાપ વળગ્યું છે. એમ જેને ભગવાન ભજવા હોય તેણે સમજવું ને જીવ તો <u>છેલબટાઉની શાખ</u> જેવો ખોટો છે પણ પછી તો ખાવું, ખાટલો ને ખાડો રે'શે.

(૯૨) રામદાસજીભાઈ કહે, 'ત્યાગીને એક રોટલાની ભૂખ રાખીને સૂવું' ને આ તો માથું ન ચડ્યું હોય તો ય કે'શે જે ચડ્યું છે. તે અજયાનંદ <u>તીખાં</u> ચોપડીને બેસે, પછી કોઈ ક્રિયા ચીંધે તો કે'શે જે, 'માંદો છું.' વળી ઉમાની વાત કરી જે તેની મા કહે જે, 'ઉમા આ ઘરમાં <u>બુવારી કાઢય</u>.' તો કહે જે, 'મેરી તો કમર દુખતી હૈ.' પછી કહે જે, 'ઉમા પાણી કા મટકા લઈ આવ.' તો કહે જે, 'મેરા તો શિર દુખતા હૈ.' પછી કહે જે, 'ઉમા કુછ ખાયેગી ?' તો કહે જે, 'હાં હાં, બડી તગારી મેરી !' એમ ક્રિયા કરવામાં બહાનાં કાઢે ને પત્તરટાણે સૌ મોર્યેથી તૈયાર થાય, એવી જીવમાં <u>નાગડદાઈ</u> ભરી છે.

(૯૩) મનધાર્યું મૂકે એ જીવનમુક્ત કે'વાય ને મનધાર્યું મૂક્યું તેણે ત્રિલોકી જીતી.

જો તુમ મોકું એક કહોગી, તો મેં એકકી લાખ કહુંગી;
સામ રે મેં તો અબ ન સહુંગી.

એમ જો લગાર કહ્યું હોય તો સોગણો અવળો થાય.

(૯૪) ગૃહસ્થને ભીડો વધારે છે પણ જેમ ચોપડા સંકજામાં દાબે તો સરખા થાય તેમ ભીડામાં આવ્યા વિના પાધરું થાવાય નહિ; માટે આજ તો સૌને

ભીડામાં લેવા છે, તે બધી વાત સમાગમથી જણાઈ આવે છે.

(૯૫) ભગવાન સામું જોઈ રહે તેને કાંઈ દુઃખ નહિ. ઘી ચોપડયું એટલે ઊઠી નીકળ્યા ને વર્તમાન પાળ્યું તેનું નામ અદ્વૈતાનંદસ્વામી.

(૯૬) તાનમાં તાન મેળવવું. તે ઉપર વાત કરી જે, મહારાજે ખેતા ભીમાને "ગાંડા જેવા, જડ જેવા ને કાંઈ સમજતા નથી." એમ કહ્યું. ત્યારે સોમલાખાચરે કહ્યું જે, 'હા મહારાજ ! તેની માએ તો ચોળીઉં બગાડયું છે.' પછી મહારાજ કહે, "આ પ્રગટ ભગવાનના સંબંધમાં આવ્યા તે સંસ્કારી તો ખરા જ." ત્યારે સોમલાખાચરે ફેરવ્યું ને કહે, 'હં બા, કો'ક મુગતડું હશે ! બદરિકાશ્રમ કે શ્વેતદ્વીપના આવ્યા હશે !' પછી મહારાજ કહે, "તમે તો હમણાં મશ્કરી કરતા હતા ને ?" એટલે સોમલાખાચર કહે, "મહારાજ ! એક રાજાએ રીંગણાંનાં વખાણ ર્ક્યાં. ત્યારે હજૂરી કહે, 'હા સાહેબ, બહુ સરસ ને શાક પણ અમૃત જેવું થાય છે.' પછી રાજા કહે, 'એ તો બહુ ખરાબ છે, શાક તો ચરકું ને ગરમ લાય જેવું થાય છે.' ત્યારે હજૂરી કહે, 'હા સાહેબ, એવું ગરમ લાય ને કાળું મેશ જેવું શાક કોણ ખાય ?' ત્યારે રાજા કહે, 'તમે હમણાં વખાણ કરતા હતા ને ઘડીકમાં શું થયું ?' ત્યારે હજૂરી કહે, 'અમે બેંગણકા નોકર નથી, અમે તો આપના નોકર છીએ તે જેમ આપ રાજી થાઓ તેમ અમારે બોલવું.' તેમ મહારાજ, તમારી મરજી દેખીએ તે પ્રમાણે અમારે બોલવું." એ સાંભળી મહારાજ બહુ રાજી થયા.

(૯૭) આજ તો ત્રણ્ય ગ્રંથ વિચારવા, એક ટાણું જમવાની આજ્ઞા છે, કામળી પણ રૂપિયા સવાથી વધારે કિંમતની ન રાખવી. જો કોઈ નિયંતા ન હોય તો જેમ માળાના મણકા વેરાઈ જાય તેમ થાય માટે કાળા નાગથી બિવાય છે, તેમ ભગવાનની આજ્ઞા લોપતાં બીવું. સોમલખાર સમ દિયે તો ય ખવાય નહિ; અરે જીવતાં સુધી રાજપાટ આપે તો ય ખવાય નહિ, કાં જે દેહ ભેળું બધું જાય પછી રાજ કોણ ર્ક્યે ?

(૯૮) અંગ્રેજની કવાયત જોઈને બધા રાજામાત્ર નમી ગયા પણ કોઈનું બળ રહ્યું નહિ તેમ જે પુરુષ દરવાજે ઊભો હોય તેને ગમે તેવા સંકલ્પ થાય, પણ તે બાધ કરી શકે નહિ. કેમ જે, તેને એક સંકલ્પ રાગનો થાય ત્યારે લાખ સંકલ્પ નિષેધના થાય; ને વળી એમ કહે જે, કરોડય જન્મ ધરીને પણ તારું ગમતું નથી કરવું. એટલે રાગનો સંકલ્પ ખોટો થઈ જાય. તેમ જ રૂપનો, રસનો, શબ્દનો, ગંધનો ને માનનો એ આદિક જે જે સંકલ્પ થાય તે સર્વે જાણપણારૂપ દરવાજે

રે'વાથી નાશ પામી જાય છે. તેમ સંકલ્પનું કહ્યું ન માને તો ફરી સંકલ્પ ન થાય જે રાજા વિવેકી હોય છે તે ગોલાનું કહ્યું કર્યે નહિ પણ જે પ્રમાણિક હોય છે તેનું કહ્યું માને છે; તેમ ઇન્દ્રિયું અને મનના સંકલ્પ તો ગોલા જેવા છે, માટે એમનું કહ્યું માનવું નહિ ને અખંડ જાણપણારૂપ દરવાજે રે'વું, એટલે તે બળહીન થઈ જાશે ને સંકલ્પ પણ નહિ થાય. ભગવાન ને સાધુ દયાળુ છે તે જાળવે છે પણ ગમે એટલું મનગમતું મુકાવે તો પણ સરું આવવા દેવું નહિ તે ઉપર કચ્છના હરિભક્ત મૂળજી ને કૃષ્ણજીની વાત કરી જે, ગમે તેમ કહ્યું ને મનગમતું મુકાવ્યું તો પણ કોઈ રીત્યે અવગુણ લીધો નહિ; તેમ તપ્યા પણ નહિ ને કોઈ દિ' સામું બોલ્યા નહિ, તે સરું આવવા ન દીધું કે'વાય. (જુઓ પ્રકરણ ૯ ની વાત ૨૧૩)

(૯૯) દેહ નહિ રહે ને ખાધું એ ય ગયું ને આમ ને આમ કેમ મરાશે ? કાંઈક શરીર માંદું થાશે ને કાંઈક થોડું થોડું દુઃખ પણ થાશે ત્યારે મરાશે.

(૧૦૦) સુજજ્ઞાનંદની વાત કરી જે, મંદવાડ થયો તે મરાય પણ નહિ ને ખમાય પણ નહિ પછી અમારી પાસે મોઢામાં તરણાં લઈને પગે લાગ્યો ને કહ્યું જે, 'દેહ મુકાવો.' પછી અમે કહ્યું જે, 'તમે જાગાભક્તનો દ્રોહ કર્યો છે, તે તેમની પાસે આસને જઈને પગે લાગીને દીન થાઓ, તો દેહ પડયે.' પછી તેમ કર્યું, એટલે દેહ પડયો. માટે ભગવાનના ભક્ત આગળ દીન થાવું ને ધર્મ પાળવામાં માન રાખવું ને કોઈ વાતની આંટી આવે તો નમી દેવું; એમ સાધુનો મારગ આપણે શીખવો. (જુઓ પ્રકરણ ૧૧ ની વાત ૧૨૬)

સંવત ૧૯૧૮ના અષાઢ વદિ નવમીને દિવસે સ્વામીએ વાત કરી જે,

(૧૦૧) ખાઈખાઈને અલૈયાખાચરના ઘોડાની પેઠ્યે ઊંઘ્યા ન કરવું. તે શું ? જે, ચણા ખાય, પાણી પીયે ને ખડ ખાય તે બધું આંખ્યું મીંચીને પણ જ્યારે કાંકરો આવે ત્યારે આંખ્ય ઊઘડી જાય; તેમ દેશકાળ આવે ત્યારે સૌની આંખ્ય ઊઘડે છે માટે આપણે ઊંઘવું નહિ.

(૧૦૨) કાળજું તૂટયાની વાત કરી જે, સાબરમાં ગાડું ખૂંચી ગયું તે નીકળે નહિ, પછી મેમણના બળદ સારા તે મેમણ કહે, 'છોડી નાખ તારા બળદ.' પછી મેમણે પોતાના બળદ જોડીને બળદને હાંકલ્યા તે કાઢે ગાડું તો કાઢી નાખ્યું, પણ કાળજુ તૂટી ગયું, તે કામના ન રહ્યા; એમ આપણે પારકા માટે કાળજુ તોડવું નહિ.

(૧૦૩) એક સુતાર દીવમાં ફિરંગીને ત્યાં ઘડવા ગયો હતો ત્યાં તેની

મઢમ બહુ રૂપાળી તેના સામું જોયા કર્યે. પછી ફિરંગીએ, ‘મઢમ સામા મત જો.’ એમ સુતારને કહ્યું પણ કાળજુ રૂપમાં તૂટયું તે જોયા વિના રે’વાય નહિ ને ફિરંગીએ ત્રણ્ય વાર ના પાડી, પણ ચોથી વાર જોયું ત્યારે ફિરંગીએ સુતારની આંખ્યું ફોડી નાખી, એમ વિષયમાં કાળજુ તૂટે ત્યારે સત્સંગમાં પણ રે’વાય નહિ; માટે ખબરદાર થઈને શુદ્ધ વરતવું. જો નિષ્કામી વર્તમાનમાં કસર રે’શે તો અક્ષરધામમાં નહિ જવાય ને મહારાજનો કુરાજીપો થાશે. તે ઉપર વાત કરી જે, રાજાએ પોતાના ચાકરોની પરીક્ષા લીધી જે કોણ લડયા છે ને કોણ નથી લડયા. તે જે લડયા હતા તે સભામાં આગળ બેઠા ને જે નહોતા લડયા તે નીચું ઘાલીને બેઠા. તેમ વર્તમાન કોણે પાળ્યાં છે ને કોણે નથી પાળ્યાં, તેની પરીક્ષા આગળ લેવાશે. પછી જેણે નહિ પાળ્યાં હોય તેને નીચું ઘાલવું પડશે ને ભોં ખોતરવી પડશે; માટે આગળથી વિચારજો.

(૧૦૪) જીવમાં સ્વભાવ પડયા છે પણ દેખાતા નથી તે ઉપર વાત કરી જે, પાદશાહે મીંદડી પાળેલ, તે કુરાન વાંચે ત્યારે મીંદડી મશાલ લઈને ઊભી રહે. પછી લવાને પૂછ્યું જે, ‘સ્વભાવ બડા કે સંગ બડા ?’ ત્યારે લવો કહે, ‘સ્વભાવ બડો.’ ત્યારે પાદશાહે કહ્યું જે, ‘મીંદડીનો મશાલ ઝાલવાનો ક્યાં સ્વભાવ છે ? પણ મારા સંગે કરીને ઊભી છે માટે સંગ બડો; સ્વભાવ કેમ બડો એ દેખાડ.’ એટલે વળતે દિ’ લવો ઘડામાં ઉંદર ભરીને લાવ્યો ને જ્યાં મીંદડી મશાલ લઈને ઊભી હતી ત્યાં બેસીને ઘડો છોડયો ને ઉંદર નીકળ્યા; ત્યાં તો મીંદડીએ પાદશાહ ઉપર મશાલ નાખી દીધી ને ઉંદર પકડવા મંડી પડી. એમ સ્વભાવ બડો દેખાડયો. તેમ આપણે પણ અત્યારે તો કાંઈ નથી, પણ જ્યારે પંચવિષય સાથે ધીંગાણું થાશે ત્યારે કોઈ લોભમાં, કોઈ દેહાભિમાનમાં, કોઈ લૂગડાંમાં, કોઈ માનમાં, કોઈ સ્વાદમાં ને કોઈ સ્નેહમાં એમ જે જેમાં મોળા હશે તે તેમાં લેવાઈ જાશે. દુર્યોધનની કેડ કાચી હતી તો કેડમાં ગદા વાગી એટલે મૂઓ; તેમ જે જેમાં કાચા હશે ને તે વાતમાં ટોકાશે ત્યારે તેનું ઠીક નહિ રહે, માટે સ્વભાવ ઓળખીને મૂકી દેવા.

(૧૦૫) ધન બહુ બળવાન છે તે જેને રૂપિયા મળે તેને નવરો થાવા દિયે નહિ. તે પ્રેમજીસુતારને પ્રથમ રોટલાનું માંડ માંડ પૂરું થાતું. પછી મહારાજ કહે, “લિયો તમને રોટલાનો ઉપાય કરી દઈએ” પછી ત્રણ્ય પાંખડીવાળી શારડી કરાવીને માળા ઉતારતાં શીખવાડી ને હરિજન સૌને મહારાજે આજ્ઞા કરી જે “જેને માળા જોતી હોય તે અરધો રૂપિયો દઈને લેજો.” પછી સૌએ અરધો રૂપિયો આપી

માળા લેવા માંડી, એટલે પ્રેમજીસુતારના ઘરમાં દ્રવ્ય વધી ગયું; પછી દર્શને આવવા પણ નવરો થાય નહિ. એવું દ્રવ્યનું બળવાનપણું છે, તે જો દ્રવ્ય થાય તો દર્શને પણ ન આવે.

(૧૦૬) મેળાવ્યામાં અખંડાનંદસ્વામી ને વિજ્ઞાનદાસજીના ભાઈ હરિવલ્લભદાસ એ બે, એવા બીજા નહિ. તેમાં ય હરિવલ્લભદાસ તો એવું મેળવતા જે, જે ચીજ આવે તે તુરત ચોળવા માંડે ને મીઠું આવે તે જેટલું આપે તેટલું માંહી નાખે ને પછી પાણી રેડી રાબ જેવું કર્યે ને બે હાથે ઉપાડી પી જાય તેથી પંક્તિમાં કોઈ તેની પાસે બેસતું નહિ. ને કેટલાક તો તેમને કુત્સિત શબ્દે બોલાવતા. તે શું ? એને જ આજ્ઞા હતી ને બીજાને નહોતી ? પણ મેળાવી શકાય નહિ ને મેળાવે તેની અવજ્ઞા કર્યે તે શું ધામમાં જાશે ? ધામ નહિ જડે ધક્કા મળશે ત્યારે આંખ્ય ઊઘડશે ગુલામની, એમાં ફેર નથી.

(૧૦૭) કેવળ પતિત થઈને પાળવું નહિ. પ્રેમાનંદસ્વામી,

તોરે મેરી બાંહ ગ્રહે કી લાજ.
હમ હય પતિત તુમ પતિત કે પાવન;
ગિરધર ગરીબ નિવાજ. તોરે૦

(કીર્તનસાર સાગર : ૯૮)

એ કીર્તન બોલ્યા ત્યારે મહારાજે લાધા ઠક્કરને કહ્યું જે, ''સીંદરીનું વા'ણ મંગાવો કારણ કે સૌને પતિત થઈને પાળવું નથી તે બાંધ્યા જોશે, નીકર ક્યાંયના ક્યાંય વહ્યા જાશે.'' માટે એમ ન કરવું ને સામાં પગલાં ભરવાં.

(૧૦૮) મોટે મોટે સત્સંગ માગ્યો છે ને રૂપિયે કરીને મોટપ નથી, પણ જેણે રૂપિયામાં ને ખાધામાં માલ માન્યો છે તેને અમે સત્સંગી ગણતા નથી.

તુલસી સો હિ ચતુરતા, રામચરણ લૌલીન;
પરધન પરમન હરનકું, વેશ્યા બડી પ્રવીન.

(તુલસીદાસની સાખીઓ : ૬૫)

અર્થ : ભગવાન રામચંદ્રના ચરણમાં એકાગ્ર થઈ જવું તે જ ખરી ચતુરાઈ છે. બાકી પારકાનું ધન હરી લેવામાં અને પારકાના મનને જીતી લેવામાં તો વેશ્યા પણ બહુ કુશળ હોય છે માટે ધન કમાવામાં અને બીજાના ચિત્તનું આકર્ષણ કરવામાં કશી જ ચતુરાઈ નથી પણ સાચી ચતુરાઈ પ્રભુભક્તિમાં તલ્લીન થવામાં જ છે. કલમને ગોંદે રૂપિયા ભેળા કર્યે છે પણ એમાં કાંઈ માલ નથી. એ માયા છે તે બળવાન છે ને માંહી પેસી જાય એવી

છે.

(૧૦૯) ગાયના વાછડાને બીજાનું મૂતર અડ્યું એટલે ગાયે સામું જોયું નહિ, તેમ બીજા કોઈ સાથે લેશ સાંધો હોય એવા સામું તો આ ભગવાન ને સાધુ પણ ન જુએ; માટે મોટાને મારગે ચાલવું.

(૧૧૦) સ્ત્રીઉંને સત્સંગ કરાવવાની લાલચ ન જ રાખવી.

**नन्वग्निः प्रमदा नाम घृतकुम्भसमः पुमान् ।**
**सुतामपि रहो जह्यादन्यदा यावदर्थकृत् ॥**

(શ્રીમદ્ ભાગવત : ૭/૧૨/૯)

અર્થઃ- ખરેખર સુંદર સ્ત્રી અગ્નિ સમાન છે અને પુરુષ ઘી ભરેલા ઘડા જેવો છે આથી અને એકાંતમાં તો એને પોતાની કન્યા (પુત્રી) સાથે પણ રહેવું જોઈએ નહિ તથા બીજે પણ જેટલું પ્રયોજન હોય એટલીવાર સુધી જ રહેવું.

**मात्रा स्वस्रा दुहित्रा वा न विविक्तासनो भवेत् ।**
**बलवानिन्द्रियग्रामो विद्वांसमपि कर्षति ॥**

(સત્સંગીજીવન : પ્ર.૩-અ.૫૯-મનુસ્મૃતિ-૨-૨૧૫)

અર્થ :- માતા, બહેન, પુત્રી સાથે એકાંતમાં ન બેસવું. પ્રબલ ઇન્દ્રિયસમૂહ વિદ્વાનને પણ આકર્ષે છે. વિદ્વાન હોય, તપસ્વી હોય ને ઇન્દ્રિયું જીતી હોય તો પણ બાઈઉં વખાણે ત્યારે પાણી ઊતરી ગયું કે'વાય. મહારાજને બે વાતનો આગ્રહ છે, તે ઉપર વરતાલનું ૧૬મું વચનામૃત વંચાવ્યું.

(૧૧૧) જ્ઞાનવિનાનો પ્રેમ ન ટકે, માટે જાનકીજીના જેવી સમજણ શીખવી. ભરવાડ છે તે પ્રથમ આંગળી ધવરાવીને પછી આંચળે વળગાડે તેમ સાધુ છે તે ધીરે ધીરે ભગવાનમાં જોડે અને "આપણે આમ સુખ ભોગવીશું ને આપણે આમ કરશું." એવા જેટલા જેટલા જીવના સંકલ્પ તેટલાં તેટલાં પ્રકરણ મહારાજ ફેરવતા; પણ જીવનું કાંઈ ધાર્યું રે'વા દેતા નહિ. (વચ.ગ.અં.૧૧)

(૧૧૨) પોતા થકી ધર્માદિકે શ્રેષ્ઠ હોય તેને પોતાની ખોટ્ય પૂછે ત્યારે પોતાની ખોટ્ય ઓળખાય; પણ બરોબરિયાને કે પોતાથી ઊતરતો હોય તેને પૂછે તો ન ઓળખાય.

(૧૧૩) સભામાં વાત સાંભળે ત્યારે જીવનો સ્વભાવ એવો જે કોઈક ઉપર નાખે, આજ વાત થઈ તે ફલાણા ઉપર થઈ એમ કહે પણ પોતા ઉપર ન લિયે તેને કોઈ વાત સમાસ ન ક્યે, પછી પણગા છેલની વાત કરી જે, તે વરસાદમાં કોરો

આવ્યો ત્યારે પૂછ્યું જે, 'તમે કેમ પલળ્યા નહિ ?' તો કહે જે, 'હું તો પણગાછેલ છું ! તે એકે પણગો માથે પડયે જ નહીં ને આડો અવળો તરી જાઉં !' ત્યારે કહે, 'ફળિયામાં ઊભા રહો ને તીર મારું તે લાગવા દેશો નહિ.' એટલે માન્યો જે, 'પાટિયામાં લૂગડાં ભર્યાં હતાં માટે મારશો મા.' માટે કોઈ વાતે છેલ થાવું નહિ.

(૧૧૪) મહારાજે બધી વાત શીખવી છે ને પોતે બધું વરતી દેખાડયું ને 'પત્રી'માં તો કાંઈ જમવાનું આવતું જ નથી. મોર્યે આટલા વાળ્યા વળતા નહિ ને ત્યાગ-વૈરાગ્ય તો બહુ રાખતા.

(૧૧૫) દ્રવ્યનું પાપ તો પ્રથમથી જ ચાલ્યું આવે છે. દ્રવ્ય, માન, સ્વાદ ને સ્પર્શ એ સર્વે વિષય કરતાં સ્ત્રીનું પાપ તો બહુ ભારે છે, તે દુર્વાસા વીસહજાર વરસે ઘડપણમાં પરણ્યા. તેની વાત કરી જે, દુર્વાસા તપ કરીને આવતા હતા, ત્યાં યક્ષ ને તેની સ્ત્રીઉં હોજમાં નગ્ન નાહતાં હતાં, તે જોઈને પરણવાનું મન થયું. પછી ઉરુ ઋષિને ત્યાં દીકરીના વાવડ મળ્યા એટલે ત્યાં ગયા ને કહે, 'માર્યે ગૃહસ્થાશ્રમ કરવો છે તે તમારી કન્યાનું માગું કરવા આવ્યો છું.' તો કહે, 'ભલે, પણ તે જરા અપલક્ષણી છે ને તમારે ક્રોધનો સ્વભાવ; તે કેમ બનશે ?' તો કહે, 'શું અપલક્ષણ છે ?' ત્યારે ઉરુ ઋષિ કહે, 'તેને રોજ સો ગાળું દેવાની ટેવ છે, તેથી કોઈ તેને લેતું નથી ને મોટી ને મોટી થઈ છે.' એટલે દુર્વાસા કહે, 'હું રોજ સો ગાળું દેશે ત્યાં સુધી નહિ બોલું.' ત્યારે ઉરુ ઋષિએ કહ્યું જે, 'કોઈ દિ' સોથી વધારે ગાળું દિયે તો તેને શાપ દેશો મા, પણ આંહીં મૂકી જાજો.' ત્યારે તે કહે, 'બહુ સારું.'

પછી કંદળીને દુર્વાસા ઋષિ સાથે પરણાવી. તે ઊમરાની ઠેસ વાગે તોય ગાળ દે, લૂગડું લિયે ને ગાળ દિયે. તે એક દિ' દુર્વાસાએ માળા લઈને ગાળે, ગાળે પારો મૂક્યો તે સો ગાળ થઈ ગઈ એટલે ક્રોધ ચડયો ને શાપ દીધો એટલે બળી મૂઈ ત્યારે ઉરુઋષિનાં લૂગડાં અધ્ધર સુકાતાં હતાં તે પડી ગયાં ત્યારે જાણ્યું જે કાંઈક સૂતક આવ્યું. પછી તો ધ્યાનમાં ઊતરીને જોયું તો કંદળીને દુર્વાસાએ શાપ આપી બાળી નાખી એમ જણાણું; પછી ખરખરો કરવા ચાલ્યા. તે દુર્વાસાને ખબર પડી જે, ઉરુઋષિ આવે છે, ત્યારે દુર્વાસા મૂંઝાણા જે, તેણે શાપ દેવાની ના પાડી હતી તે હવે મુને શાપ દેશે એ બીકે પોતે સામી પોક મેલી; તે ઉરુઋષિ છાના રાખે તો ય છાના રહે નહિ. પછી ઉરુઋષિ કહે, 'હવે છાના રહો, જે થાવાનું હતું તે થયું. તેમાં તમે શું કરો ?' પછી તે છાના રહ્યા ને ઉરુઋષિ વહ્યા ગયા તો ય ઘરભંગ થયા તેનો શોક મટયો નહિ પછી ભગવાન બ્રહ્મચારીને વેષે આવ્યા ને સાંખ્યજ્ઞાને કરીને

સમજાવ્યા એટલે તપ કરવા વહ્યા ગયા.

પછી તેમણે બહુ તપ આદર્યું, ત્યારે ઇન્દ્રે તપમાંથી પાડવા અપ્સરાને મોકલી તે પ્રથમ તો આવીને વાળી ગઈ, પછી દુર્વાસા ધ્યાનમાંથી નીકળ્યા ત્યારે આસપાસ વાળીને ચોખ્ખું કરેલું દીઠું એટલે રાજી થયા જે ''આ તે કોણે કર્યું હશે ?'' પછી બીજે દિ' ફૂલ મૂકી ગઈ, તે જોઈને તો બહુ જ રાજી થયા જે, ''આ તે કોણ હશે ?'' પછી આસપાસ જોયું, ત્યાં તો છેટે ઝાડને ઓથે સંતાણી હતી તે દીઠી એટલે બોલાવીને પાસે બેસાડી; પછી વાતચીત કરતાં ઘરવાસ થયો ને છોકરાં ચાર-પાંચ થયાં પછી તે સ્ત્રી કહે જે, 'હવે તો વનમાં નહિ રહીએ, કો'ક ગામ રે'વા જા'એ.' તે આગલી રાત્યે ખૂબ ખાધું ને છોકરાંને પણ ભૂખ્યાં ન થાય તે સારુ ખૂબ ખવરાવ્યું. પછી ત્યાંથી વે'લા (વહેલા) ચાલ્યાં, તે દુર્વાસાએ બે છોકરાં ખંભે લીધાં ને બેને સ્ત્રીએ સૂંડલામાં લીધાં ને એક મોટું ચાલ્યું આવતું હતું. રસ્તે ચાલતાં છોકરાં ખંભે ને ખંભે ઝાડે ફર્યાં તે હાર્યની પેઠ્યે નાભિ સુધી રેગાડા ઊતર્યા હતા; પણ રસ્તામાં પાણી ન મળ્યું તે દુર્વાસા એમ ને એમ ચાલ્યા આવતા હતા. એવામાં નારદજી સામા ચાલ્યા આવે, તેમણે છેટેથી દુર્વાસાને ઓળખ્યા ને સ્થિતિ પણ જોઈને મનમાં હસવાનું થયું; પણ જાણે જે ''હસીશ તો શાપ દેશે.'' પછી તો નારદજી દંડવત્ કરવા લાગ્યા ને પ્રાર્થના કરી જે, 'હે મહારાજ ! આ વખતની તમારી મૂર્તિ આવી ને આવી વિષ્ટાના હાર્યસહિત ત્રણ્ય અવસ્થામાં નહિ વિસરે ને તમારું જ ધ્યાન થાશે !' એમ સ્વભાવ આવે ત્યારે કાંઈ ઠેકાણું રહે નહિ.

વળી ચ્યવનઋષિની વાત કરી જે, તપ કરતાં કરતાં માથે રાફડો થઈ ગયો હતો. એક વખત શર્યાતી રાજાની કુંવરી સાહેલીઉંને લઈને ફરવા નીકળેલ તે રાફડામાં બે આંખ્યું પતંગિયા જેવી ઝગતી હતી તેમાં બાવળની શૂળ ખોસી તે આંખ્યું ફૂટી ગઈ ને લોહી નીકળ્યું, એટલે ભાગી ગઈ પણ ચ્યવનઋષિએ તપના બળથી લશ્કરના બધાય માણસનાં લઘુ બંધ કરી દીધાં. એટલે શર્યાતી રાજાએ પૂછાવ્યું જે, 'આટલામાં ચ્યવનઋષિનો આશ્રમ છે, ત્યાં કોઈએ ચ્યવનઋષિનો <u>અપરાધ</u> કર્યો છે ?' ત્યારે સુકન્યાએ કહ્યું જે, 'મેં આમ કર્યું છે' પછી રાજા સુકન્યાને તેડીને ચ્યવનઋષિ પાસે ગયા ને પ્રાર્થના કરી જે, 'હે મહારાજ! અપરાધ ક્ષમા કરો, આ તો તમારાં છોકરાં છે ને ભૂલથી થયું છે, માટે હવે જેમ કહો તેમ કરીએ.' ત્યારે કહે, 'સુકન્યા મારી સેવામાં રહે.' પછી સુકન્યાને સોંપી રાજા ઘેર ગયા. તેમાં શું કહ્યું ? જે, બધાની લઘુશંકા બંધ કરી, પણ પોતાની બંધ ન થઈ !

માટે જેવો સંગ કર્યે તેવો રંગ લાગી જાય છે; તે ઘોડીના શબ્દ સાંભળીને ઘોડો છે તે સામું જુએ છે.

(૧૧૬) હવે તો હરિજન સર્વેને રોટલા કરતાં શીખવવા છે ને પછી સમૈયામાં સૌને રાંધવા આજ્ઞા કરી ત્યારે ઘણાખરા તો ટીમણ ખાઈને બેસી રહ્યા ને કો'કે રાંધ્યું, પછી થોડે દિ'એ મેવાસાના નાગજી લુહાર આવ્યા તેને હાથે રાંધી ખાવા આજ્ઞા કરી. ત્યારે તેણે રોટલો લોઢીમાં થાબડીને લોઢી ચૂલે મૂકી ને હેઠ્યે તાપ કર્યો, એટલે રોટલો ઊખડયો નહિ તેથી લોઢી ઊંધી વાળી તેથી રોટલો બેય કોર્યે બળી ગયો. પછી અમે રાંધવા ના પાડીને કહ્યું કે, 'હમણાં તો એમ ને એમ ચલાવો; પણ મંદિરમાં જમવું એ વાત સરાસર નભશે નહિ, માટે સર્વ હરિજનો રસોઈ કરવા શીખજો.' ને આ તો કથો બાઝયો છે તે છૂટે એવો નથી, તે ઉપર વાત કરી જે, નદીમાં રીંછ તણાતું આવતું હતું, તે ભરવાડ જાણે ધાબળો તણાય છે, તે લેવા પડયો; ત્યાં રીછ વળગી પડયું એટલે કાંઠેથી બીજા કહે જે, 'કથો છડ.' ત્યારે ભરવાડ બોલ્યો જે, 'આંઉ તો કથો છડું, પણ કથો છડતો નાંઈ.' એમ સત્સંગ, સાધુ ને હરિજન જીવમાં જડાઈ ગયા છે, તે નોખું પડાય તેવું નથી.

(૧૧૭) જેમ મંત્રે કરીને નિર્બાધ થાવાય છે, તેમ મંદિરના રોટલા ખાઈને જો ઘડીઘડી ભક્તિ કરશો તો નિર્બાધ થાશો.

સંસારીના ટુકડા નવ નવ આંગળ દંત;
ભજન કરે તો ઉગરે, નહિ તો કાઢે અંત.

કંદોઈ સુખડાં કરે તેને સ્વાદ ન આવે પણ સ્વાદ તો ખાય તેને આવે; તેમ ભગવાનને સંભારે તેને સુખ આવે ને સુખ ઘણાં દીધાં તે શું ? જે, ભેળા રહ્યા, મળ્યા ને જમાડ્યા.

(૧૧૮) જેટલું જ્ઞાન છે તેટલો જ સત્સંગ છે ને વાતુ સાંભળી સાંભળીને જે ઠરાવ કર્યો હોય તે જ ખરું છે.

(૧૧૯) બીજા વિષય ત્યાગ થાય, પણ ખાવું ને સ્ત્રી એનો અભાવ તો કોઈ દિ' આવે નહિ ને એ બે તો મૂળિયાં છે. કુંજવિહારીદાસ પ્રથમ આવ્યો ત્યારે પૂરીને કહે, 'ફરણી, ફરણી જેવું આ શું છે ?' પછી તો અન્નકૂટ કરવા શીખ્યો. તેમ શીખે તો બધું આવડે પણ એકવાર ભગવતપ્રસાદજીએ પૂછ્યું જે, 'પતાસાં પાડી આપશો ?' તો કહે, 'હું પતાસાં પાડવા આવ્યો નથી.' ત્યાર કેડયે પ્રાગજીભક્તને ઝેર દીધું તે જ્યારે આવ્યો ત્યારે એવો આશય નહોતો; પણ સંગે કરીને જીવનું ભૂંડું

થાય છે.

(૧૨૦) બલકબુખારાના પાદશાહનું બબરચીખાનું ત્રણયસેં ઊંટ હોય ત્યારે ઊપડતું પણ જ્યારે વૈરાગ્ય પામીને નીકળ્યો ત્યારે તેણે વગડામાં હાંડલીમાં ભાત રાંધીને ખાધેલ, ત્યાં એક કૂતરો આવ્યો તેણે ભાત ખાવા માંહી મોઢું ઘાલ્યું, ત્યાં માથું સલવાઈ રહ્યું. પછી તે ઉપાડીને ભાગ્યો ત્યારે રાજા કહે જે, 'ત્રણયસેં ઊંટનું બબરચીખાનું એક કૂતરો ઉપાડી જાય છે !' માટે આટલેથી ચાલે છે પણ જીવ તો વિષયમાં બંધાઈ ગયો છે ને દેહ તો એક રોટલે જ રહે છે બાકી સર્વે ફેલ છે. જિહ્વા ઇન્દ્રિયનું બળ ઘણું છે. સ્ત્રીમાં ન લેવાય એ તો દેવનો દેવ છે ને નમસ્કાર કરવા યોગ્ય છે; પણ હરિભક્ત હોય ને દ્રવ્યમાં પ્રતીતિ આવી જાય છે તે શું ? જે, કીમિયાનો વિશ્વાસ આવે છે.

(૧૨૧) પ્રાતઃકાળમાં જે ક્રિયા કર્યે તે સાત્ત્વિક થાય માટે તે વખતે ભગવાન સંભારવા ને સત્શાસ્ત્રનું વ્યસન રાખ્યા વિના તો જાડ્યતા આવી જાય છે ને પ્રથમ લગની હોય તેવી રહે નહિ ને પછી તો મૂળગી ન રહે. તે ઉપર વાત કરી જે, વાવમાંથી ગાળ કાઢતા હતા, ત્યાં સરમાંથી પાણી બહુ આવ્યું. પછી કહે જે, 'હમણાં ગોદડાનો ગાભો ભરાવો એટલે ગાળ કાઢી લઈએ ને પછી ડૂચો કાઢી લઈશું.' તે ગાળ કાઢીને ડૂચો લઈ લીધો, એટલે ઘડીક પાણી નીકળ્યું ને સર બીજે વળી ગઈ. તેનું સિદ્ધાંત એ જે, આપણે બીજે સર વળવા ન દેવી. બકરીના કોટના આંચળમાં દૂધ હોય નહિ. તેમ ભગવાન વિના બીજામાં કાંઈ સુખ નથી. માટે બે-ત્રણ્ય વરસ સાધુનો જોગ ન થાય તો સત્સંગ ટળી જાય માટે ખબરદાર નહિ રહો તો જેમ શેરડીનો છોતો ચૂસીને નાખી દિયે તેમ પાંચે વિષય આપણને ચૂસીને નાખી દિયે એવા છે. મહારાજે સંતોને કહ્યું જે, "કોઈનાં ગળાં ઝાલ્યાં નહિ ને તમારાં ગળાં ઝાલ્યાં, તે શું તમે અમારા બાપ માર્યા છે ? પણ તમારા મોક્ષને અર્થે છે."

(૧૨૨) બુદ્ધિ તે કઈ ? તો જેને આગળ સૂઝે તે ડાહ્યો પણ લૂંટાણા પછી ભાગે તે ડાહ્યો ન કે'વાય. મહારાજ દીર્ઘદર્શી એટલે બાઈ-ભાઈની સભા નોખી કરી.

(૧૨૩) ગૃહસ્થાશ્રમમાં રહે તેને પ્રજા થાય એમ રીત્ય છે ને આ તો મનુષ્યના દેહ ધર્યા છે; પણ સર્વે સંસ્કારી છે, સંસ્કાર ન હોય તો સત્સંગમાં અવાય નહિ. પીપળાણામાં ધાવણાં છોકરાંને સમાધિ થાતી, તે શું ? જે, એ સંસ્કારી હતાં.

(૧૨૪) આપણે કાંઈ ઝાઝું જાણીએ નહિ. તે 'એક મત બાપડી તે

ઊભે મારગે તાપડી,' તે શું ? જે, 'શિક્ષાપત્રી' પ્રમાણે વરતવું એ પાધરું છે; ફેર પડચે તો દુ:ખ થાય. આટકોટમાં સાહેબની સવારી હતી ને આણંદજી દીવાનનો ભાઈ પરેવાસે રીંગણીના ખેતરમાં ઝાડે ફરવા ગયો. તે પટેલ જાણે, 'રીંગણાં ચોરવા આવ્યો છે.' એમ જાણી તે નાગરના વાંસામાં ભૂરું માર્યું. પછી તેણે સાહેબ આગળ રાવ કરી, એટલે સાહેબે પટેલને તેડાવ્યો. ત્યારે પટેલ કહે, 'મેં જાણ્યું જે રીંગણીનો ચોર છે પણ તમારો મહેતો છે ને ઝાડે ફરવા બેઠો છે એમ જાણ્યું નહોતું, માટે માફ કરો.' પછી સાહેબ કહે, 'ઠીક કર્યું, એકનાં બે ભૂરાં મારવાં હતાં.' ને મહેતાને ઠપકો દીધો જે 'તને બીજે ક્યાંય જાયગા મળી નહિ ? તે ખાવાની રીંગણીમાં બેઠો ?' માટે 'શિક્ષાપત્રી' પાળે તે વે'વારે પણ સુખી રહે.

(૧૨૫) ખટરસ આળસ્યા ત્યારથી તાવડા ચડયા છે, માટે નિયમ રાખશે તેનું ઠીક રે'શે. કૃપાનંદસ્વામી ને મુક્તાનંદસ્વામી વચ્ચે અમે જમવા બેઠા હતા, ત્યાં મહારાજ આવ્યા ને કહ્યું જે, ''બે વાઘ વચ્ચે બકરી બાંધી છે !'' પછી વાત કરી જે, પાદશાહે લવાને કાઢી મૂક્યો ત્યારે લવો બીજે ગામ ડોશીને ત્યાં છાનો રહ્યો. પછી પાદશાહને લવાનું કામ પડયું, પણ લવો જડયો નહિ. પછી તો મૂંઝાણા ત્યારે એક કળા કરી જે, 'પરગણામાં ઘરોઘર બકરું રાખવું ને દરરોજ પાંચ શેર ખવરાવવું ને તોલમાં સરખું રાખવું ને સરખું નહિ રાખે તેને ઘાણીએ ઘાલી તેલ કાઢશું.' તે વાત ડોશીએ લવાને કરી, ને રોઈ પડયાં જે, 'હવે મારા એકના એક દીકરાને મારી નાખશે.' ત્યારે લવાને દયા આવી એટલે કહે, 'એમાં શું રોવો છો ? બકરાને ખવરાવીને સાવજ આગળ લઈ જાજો.' પછી ડોશી તો હંમેશાં બકરાને ખવરાવીને સાવજ આગળ લઈ જાય, તે સાવજ હુંક માર્યે એટલે બકરું છેરી કાઢયે. પછી મહિનો પૂરો થયો, ત્યારે બધાના બકરામાં ફેરફાર થયો ને ડોશીનું બકરું બરાબર થયું ત્યારે કહે, 'આને ઘેર લવો છે,' એમ ગોતી કાઢયો. તેનું સિદ્ધાંત એ છે જે, પંગતમાં જમવું; પણ ધર્મશાળામાં વાતુ વડે નિષેધ કરવો કે લાડવા ખાધા હોય તે બળી જાય. ને જો પશ્ચાતાપ ન કર્યે કે, જીવમાં બીક ન લાગે તો બરાબર નહિ રહે; અંતે ફેરફાર થઈ જાશે એમ જરૂર જાણજો. હાલાર દેશમાં હોંકારા કર્યે ત્યારે બકરાં રહે, તેમ ગમે તેટલું સત્સંગમાં વાવરતો હોય, પણ આવી વાતુ સાંભળ્યા વિના સત્સંગ રહે નહિ. મોર્યેથી (મોરથી, પહેલેથી) ચેતવું, એ વાત સળંગ સુતર આવતી જાય છે. આ વાત બધી આગળથી ચેતવા ઉપર કરી જે, માથે મસ મેસવા દેવી નહિ.

મુક્ત ન સોહે સુંદરી, સનકાદિક કે સાથ;
જબ તબ દાગ લગાવહી, કાજળ હાંડી હાથ.
(મુક્તાનંદ કાવ્ય : વિ.ચિ.-સ્ત્રીનિંદા-૩૦)

મોર્યેથી જ આપણે તો એ મારગે ચાલવું જ નહીં.

(૧૨૬) બહુ વરસાદ થયો ત્યારે નદીઉં ગામ તાણી ગઈ; માટે એવું ન કરવું જે પોતાનું નાક કપાય ને લાંછન લાગે, માટે હઠયોગ કરવો ને આ દેહે કરીને વિષય ન ભોગવવા એવો ઠરાવ કરવો. સૂરતમાં બે વરસ સુધી ઝોળી માંગીને બુરાનપુરમાં રાત્ય પડયે તે ગાવણાં થાય તેમાં કોઈ બચે નહિ જેણે દ્રવ્યમાં, ખાધામાં, માનમાં કે સ્ત્રીમાં સુખ માન્યું છે તેને તો પશુ જ લેખે છે. પછી પૃથ્વી ફાટયાનું, ને ક્ષયરોગનું મધ્યનું ૪૭મું વચનામૃત વંચાવ્યું.

(૧૨૭) કથા સાંભળવાનો આદર રાખવો ને કથામાં ઊંઘ આવે તો સાપનો દેહ આવે. ને કર્તવ્ય હોય તેમાં મન હોય તો નિદ્રા આવે નહિ; ચરખાવાળા, ચિચોડાવાળા ને બકરાંવાળા કોઈ ઊંઘતા નથી માટે એવી રીત્યની આદરે સહિત લગની હોય તેને નિદ્રા ન આવે તે આ ભંડાર કર્યો ત્યારે બે મહિના સુધી કોઈ ઊંઘ્યું જ નહીં ને કામ જીતવો તે તો લોકાલોક ફેરવવાથી પણ મોટો છે. પૃથ્વી ગળી ગયા એવા દૈત્ય હતા પણ કામ-ક્રોધ જિતાણા નહોતા માટે જે કર્તવ્ય હોય તે કર્યે એ ડાહ્યો ને આ તો દેહના અંત સુધી ચલાવવું છે પછી કારિયાણીના ૧૦માં વચનામૃતની વાત કરી.

(૧૨૮) શાસ્ત્ર ભણવું-સાંભળવું તે પણ પોતાને સમાસ થાય એવું ભણવું ને સાંભળવું ને સમાસ થાય ત્યાં રે'વું, નીકર ખોટય રહી જાય તે ઉપર પરમચૈતન્યાનંદસ્વામીની વાત કરી જે, પદાર્થ કો'ક લાવે તે પે'લાં પોતા પાસે આવે પછી મહારાજ પાસે જાય એવા હતા, પણ બાલમુકુંદાનંદસ્વામીએ સેવામાં રહીને બધું કઢાવી નાખ્યું. તે જૂનાગઢમાં મૂર્તિ આગળ એક પગે ઊભા રહીને સ્તુતિ કરતા જે, 'તમારા સાધુ ઓળખાતા નથી તે ઓળખાવજો !' (જુઓ પ્રકરણ ૬ની વાત ૧૬૫)

(૧૨૯) પછી ખપ ઉપર અક્ષરાનંદસ્વામીની વાત કરી જે, મોડા ગામના ક્ષત્રી હતા ને ત્યાગી થાવા વરતાલ આવ્યા. ત્યારે મહારાજ કહે, ''અમારું ગમતું કરવું છે કે તમારું ?'' તો કહે, 'મહારાજ ! તમારું ગમતું કરવું છે.' પછી મહારાજ કહે, ''બોચાસણવાળા કાશીદાસનું હળ હાંકો.'' તે સાંભળી રાજી થકા ગયા ને ત્રણ્ય વરસ સુધી હળ હાંક્યું. પછી મહારાજે બોલાવ્યા ને સાધુ કરી

'અક્ષરાનંદ' નામ પાડયું ને વરતાલના મહંત કર્યા; એટલે પરમચૈતન્યાનંદસ્વામીને ઈર્ષા થઈ ને કહે, 'કાલ સવારે સાધુ કર્યા ને આજે મહંત કર્યા.' તેથી રિસાઈને ધરમપુર જાવા નીકળ્યા ત્યારે તેમના ભેળા તેમના દસ સાધુ ચાલ્યા; એટલે પરમચૈતન્યાનંદસ્વામી કહે, 'માર્યે તો માને કરીને જાવું પડચે છે, તમે શ્યા સારુ આવો છો ? મહારાજ ભગવાન છે ને કલ્યાણ પણ ત્યાં જ છે.' તે સાંભળી તેઓ પાછા વળ્યા. તે વાત મહારાજે સાંભળી, ત્યારે કહે, ''પાછા વાળનાર ભક્ત છે ને જે વાંસે જઈ પાછા આવ્યા એને ગમ નથી'' માટે સ્વભાવ ઓળખવા તે તો કૃપાનંદસ્વામી જેવા જાણે, બીજા ન જાણે. (જુઓ પ્રકરણ ૯ ની વાત ૧૯૮)

(૧૩૦) નૃસિંહાનંદસ્વામીએ કૃપાનંદસ્વામીને કહ્યું જે, 'મુને કે'વાનું હોય તે કે'જો.' ત્યારે કૃપાનંદસ્વામી કહે, ''ભીષ્મપિતાએ ગંગાજીમાં શ્રાદ્ધ સરાવ્યું ત્યારે બ્રહ્મચર્યવાળા જાણી પિત્રીએ પિંડ લેવા કુંડમાંથી હાથ કાઢયા એટલે ભીષ્મપિતા કહે, 'હાથોહાથ પિંડ આપવાની શાસ્ત્રમાં ના કહી છે, માટે મારાથી હાથોહાથ ન અપાય, પણ તમારે પિંડ લેવો હોય તો હું ચટ ઉપર મૂકું ત્યાંથી લેજો.' તેમ હું પણ તમને મોઢામોઢ નહિ કહું ને ઇતિહાસકથામાં કહી જાઈશ એટલે સમજવું હોય તો સમજી લેજો.'' માટે આપણે પણ ઉઘાડું મોઢામોઢ કોઈને કે'વું નહિ, નીકર દુ:ખ આવશે.

(૧૩૧) માની હોય તે ઉપવાસ કર્યે ત્યારે તમોગુણ વધે માટે કામ જીત્યાનો ઉપાય નોખો છે, લોભ જીત્યાનો નોખો છે, માન જીત્યાનો ઉપાય જાુદો છે, એમ બધાના ઉપાય જાુદા છે.

(૧૩૨) જ્યાં ભગવાન હોય ને સત્સંગ હોય ત્યાં અવિદ્યા આવે, માટે જે ગાફલાઈ રાખશે તેનું ખોરડું લૂંટાશે ને કોઈ વિષયમાં આસક્તિ થાય ને રજ, તમ આવે તો આંખ્યમાં ધૂડ્ય પડી જાણવી.

(૧૩૩) ગૃહસ્થ ને ત્યાગી એ સર્વેને શત્રુ તૈયાર ઊભા છે ને ત્યાગીને જેમ ભગવાન મળવાનો વિયોગ છે તેમ ગૃહસ્થને વિષય મળવાનો વિયોગ છે. તે ઉપર વાત કરી જે, હડિયાણામાં એક જણે તરગાળાને કહ્યું જે, 'તું સ્ત્રીનાં લૂગડાં પે'રીને મુને એક વાર મળ તો પાંચસેં કોરી આપું.' તે મળ્યો એટલે પાંચસેં કોરી આપી. ને એક કણબી પટેલનો બાપ મરી ગયો તેના કારજમાં સાથી ખાંડ તોળવા બેઠો, તે સારો ગાંગડો આવે તે મોઢામાં મૂકે. એમ સાંજ સુધી ખાંડ તોળી ને સારો ગાંગડો આવે તે ખાતો ગયો; પછી તો પાણીનો માગ રહ્યો નહિ ને પેટ ચડયું ને ગળું

ફાટ્યું એટલે મરી ગયો એવા વિષય બળિયા છે.

(૧૩૪) ખાવું, ઊંઘવું ને સ્ત્રી એ ત્રણ્યનો અભાવ ન થાય; કેમ જે, એ બહુ બળિયા છે. માટે ધીરે ધીરે વિચાર કર્યે તો અભાવ થાય, પણ ઠેકડા માર્યે અભાવ ન થાય ને વિષયથી છેટું કર્યે ને ભગવાન તથા સંતનું સમીપપણું કર્યે ત્યારે સુખ થાય ને હવે તો મળે ને તેનો ત્યાગ કરશે તેનો જ ત્યાગ રે'શે ને જેમ દરિયાની છોળું આવે તેમ વિષયમાત્રની છોળું આવે છે ને વિષયનો વરસાદ થાય છે તેમાં પલળ્યો એ ગયો.

(૧૩૫) પૂર્વનું પાપ તો કો'કને જ હશે પણ સર્વને ક્રિયમાણ નડે છે જેવાં ક્રિયમાણ કરશે એવું થાશે. રાત્રિપ્રલય સુધી સો કરોડ્ય રૂપિયા થાશે ને આપણે મરી જા'શું પછી રૂપિયા શું કામના ?

(૧૩૬) સત્સંગમાં કુસંગ છે તે શું ? જે, મહારાજ અને અવતારાદિક-ને સરખા કહે તથા મોટા એકાંતિક અને સાધારણ સાધુને સરખા કહે તથા પ્રગટ સ્વરૂપમાંથી પાડચે તે સત્સંગમાં કુસંગ જાણવો. બીજો બહારનો કુસંગ; તે શું ? જે, સ્વામિનારાયણને ભગવાન ન કહે. ને ત્રીજો અંતઃકરણનો કુસંગ; તે શું ? જે, સંકલ્પ કર્યા વિના રે'વાય નહિ, ને સાંભળ્યા કે જોયા વિના રે'વાય નહિ; તેમાં પણ ઇન્દ્રિયું છે તે <u>પાતર્યું</u> છે. છાનાં પાપ કરતો હોય, ચાળા ચૂંથતો હોય ને જાણે કોઈ જાણતું નથી ! પણ બધુંય જાણીએ છીએ.

> જાકા હૃદયામાંહી જ્ઞાન પ્રકાશત, તાસ સુભાવ રહે નહિ છાના;
> નેનહિ, બેનહિ, સેનહિ જાતિયે, ઊઠત બેઠત હિ પહચાનાં.

માટે છાનું રહે જ નહીં.

(૧૩૭) પ્રાતઃકાળે ઊઠીને વર્ણાશ્રમનો વિચાર કરવો જે, મારો શું ધર્મ છે ને કેમ વરતાય છે ? તે ત્યાગી હોય ને વળી પૂછે જે, 'છોકરા, તું પરણ્યો છો કે ? વહુ કેવડી છે ?' એ સાધુનો ધર્મ નહિ, એવું ત્યાગીથી પૂછાય નહિ. આનંદસ્વામી સત્સંગી પાસેથી માગી માગીને મહારાજની પૂજા સારુ ઘરેણાં ને કિનખાબ વગેરે લાવ્યા, તે મહારાજને ગમ્યું નહિ, આદરભાવ પણ આપ્યો નહિ.

(જુઓ પ્રકરણ ૯ ની વાત ૨૮૭)

(૧૩૮) પરચો ઇચ્છે તેને પામર જાણવો. નિષ્કામી વર્તમાન પાળે છે એ જ મોટો પરચો છે માટે ત્રણ્ય ગ્રંથ અણીશુદ્ધ પાળવા.

सत्वै मनः कृष्णपदारविन्दयोर्वचांसि वैकुण्ठगुणानुवर्णने ।
करौ हरेर्मन्दिरमार्जनादिषु श्रुतिं चकाराच्युतसत्कथोदये ।।

(શ્રીમદ્ ભાગવત : ૯/૪/૧૮)

અર્થઃ- પોતાના મનને શ્રીકૃષ્ણચંદ્રના ચરણાવિંદમાં, વાણીને ભગવાનના ગુણગાનમાં, હાથોને (બે હાથને) શ્રીહરિના મંદિર ને માર્જન વગેરેમાં, કાનને શ્રી અચ્યુતની કથાશ્રવણમાં, નેત્રોને ભગવાનની મૂર્તિ અને મંદિરના સફાઈ કરવામાં, કાનને વિષ્ણુની કથામાં... આ પ્રમાણે ભગવત્-સેવામાં લગાડી દીધા હતા. **એમ કરવું ને ખબર વિના તો દો શેર અત્તર માગ્યું એમ થાય છે. તે એક સાધુએ હરિજનને કહ્યું જે, 'મહારાજને દર્શને જાવું છે તે દો શેર અત્તર લાવજો, મહારાજને ભેટ ધરવી છે.' પછી હરિજન અત્તરની શીશી લાવ્યા ને કહ્યું જે, 'મહારાજને આ અત્તર પસંદ આવે તો વધારે મંગાવજો.' સાધુએ મહારાજને અત્તરની શીશી આપી તે મહારાજે અત્તરનાં વખાણ કર્યાં એટલે તે સાધુ બોલ્યા જે, 'મેં તો દો શેર અત્તર મંગાવ્યું હતું, પણ હરિજન કહે, 'મહારાજને પસંદ આવે તો વધારે મંગાવજો.' પછી મહારાજ કહે, 'સાધુને કાંઈ ખબર છે જે, દો શેર અત્તરના કેટલા રૂપિયા થાય ? આટલી શીશીના જ દસ રૂપિયા બેઠા હશે !'' ત્યાગી થઈને ગૃહસ્થ પાસે માગી માગીને લાવે છે તે ત્યાગીને દૂષણ છે ને ગૃહસ્થ પાસેથી પરાણે લેવું તે તો તેનું લોહી પીધા જેવું છે ને એ જ હિંસા છે !**

**(૧૩૯) આપણે રજોગુણ, તમોગુણના સ્વભાવ હોય તે મૂકવા પણ માંહોમાંહી નારાયણકવચ ન ભણવાં. ગોપાળાનંદસ્વામી દેહ મૂકે તેની એક જણે માનતા કરેલ ને અમારી પણ કર્યે છે જે, 'ગુણાતીતાનંદસ્વામી મર્યે તો રાધારમણને થાળ કરું.'** (જુઓ પ્રકરણ ૧૦ ની વાત ૧૧૬)

**(૧૪૦) બ્રહ્માનંદસ્વામી જૂનાગઢનું મંદિર કરવા આવ્યા હતા પણ મૂંઝાણા એટલે કીર્તન મોકલ્યાં. ત્યારે મહારાજે કહ્યું જે, ''બ્રહ્માનંદ સ્વામી મંદિર કરતાં અકળાણા, માટે હવે તેડાવો.'' સાધુનો મહિમા જાણવો. કોઈને વે'વાર આવડે, કોઈને ન આવડે ને આ તો મનુષ્યના દેહ ધર્યા છે, જેટલું લાંપડું ભેળું કર્યું છે તે કાંઈ કામ આવે છે ?**

**(૧૪૧) પચાસ વરસ ભેળા રહ્યા ને વાતુ કરી કરીને તો ઘાંટો રહી ગયો; તો ય સ્વભાવ ન મુકાય, તો તે કેવું ? કારિયાણીમાં મહારાજ ને પટેલ ઊભા હતા. ત્યાં સાથી નીકળ્યો એટલે પટેલે તેના સાથીને કહ્યું જે, 'ખેતરમાં સાંતીડું જોડો**

તો બુડ ઠૂંઠું છે તે જાળવજો.' એટલે મહારાજે પૂછ્યું જે, ''બુડ ઠૂંઠું તે શું ?'' ત્યારે પટેલ કહે, 'ખેતરમાં બાવળનું ઝાડ હતું તે કાપી નાખ્યું છે પણ તેનું મૂળ માંહીલી કોર્યે બુડ છે; તે જો સાંતીડું ભરાય તો ભાંગી જાય ને બળદનું કાંધ આવી જાય.' તેમ સ્વભાવ પણ બુડ ઠૂંઠાં જેવા છે તે માંહી પડયા છે એટલે દેખાતા નથી; પણ કોઈ સ્વભાવ ઉપર વાત ક્યે તો બળી ઊઠે.

(૧૪૨) ભગવાનને રાજી કરવા હોય, તેણે ભગવાનના એકાંતિક સાધુને વશ થાવું.

જણ જણકા મન રાખતાં, વેશ્યા રહી ગઈ વાંઝણી.

માટે જેણે ભગવાનને રાજી કરવા હોય, તેણે બધાની મો'બત (મહોબત) ન રખાય, એક ભગવાનની અને સંતની જ રખાય. વિનય ન હોય ને બ્રહ્મચર્ય ન હોય તેને ભણાવવો નહિ. કડવું ઓષડ મા પાય. સ્વભાવ ટાળવો હોય તેને એક વેણ મારીએ ને છ મહિના સુધી વીસરે નહિ, તો સ્વભાવ ટળે. કપટી ન ઓળખાય, માટે તેનો વિશ્વાસ ન કરવો. અશ્વત્થામા જેવો પણ કો'ક માંહી હોય, તે માંહી બેઠો બેઠો છેલ્લા વર્તમાન સુધી પણ પૂગી જાય. હમીર સાંખ્યયોગી બાઈને લઈને ગીરમાં ગયો ને અરીઠિયામાં રહ્યો. પછી આચાર્ય મહારાજ, ગોપાળાનંદસ્વામી, નિત્યાનંદ-સ્વામી, બીજા સાધુ ને હરિજન ઊને જાતાં તેની પાદર નીકળ્યા, એટલે હમીરે મોઢામાં તરણાં લઈને દંડવત્ કરવા માંડયા ને માફી માગી ત્યારે નિત્યાનંદસ્વામીએ તેનો તિરસ્કાર ક્યો; એટલે ગોપાળાનંદસ્વામી કહે, 'એને આગલા અવતારના ભક્ત જેવો તો માનો !' પછી તેને વર્તમાન ધરાવીને સત્સંગી ર્ક્યો, ને સાધુને આજ્ઞા કરી જે, 'તેને ઘેર જાજો.'

પણ એવા હોય તેની મંડળી બાંધ્યે સમાસ ન થાય જુઓને, ગોતીતાનંદ ને અદ્વૈતાનંદ કો'કની ઓસરીમાં ઊતર્યા ને કહે, 'હમણાં પ્રકરણ ફર્યું છે જે, બાઈઉંને વાતુ કરવી.' ત્યારે હરિજને કહ્યું જે, 'તમારું પ્રકરણ ફર્યું છે, માટે ચાલવા માંડો.' એમ કહીને કાઢી મેલ્યા. પછી મંદિરમાં આવ્યા ત્યારે અમે નોખા બેસાર્યા ને કહ્યું જે, 'રઘુવીરજી મહારાજ આવે છે તે કે'શે તેમ કરશું.' ત્યારે અમને કહે, 'શું કલ્યાણ તમારા હાથમાં છે ?' એટલે અમે કહ્યું કે, 'હા, કલ્યાણ તો અમારા જ હાથમાં છે, હું કહું તો જ મહારાજ કલ્યાણ ર્ક્યે, નીકર ન ર્ક્યે.' પછી વહ્યા ગયા. સાપને સાણસે ઝાલે તો કરડી શકે નહિ, તેમ એવાને તો છેટેથી જ નમસ્કાર કરવા; પણ તેનો સંગ ન કરવો.

(૧૪૩) કાંઉ ઝાઝા કગોરડાં, કાંઉ ઝાઝા કપૂત,
હકડી તો મહિડી ભલી, હકડો ભલો સપૂત.

એમ ખરેખરા ધર્મવાળા થોડા હોય, તો પણ તે થોડાય ઝાઝા છે.

(૧૪૪) મહારાજે એમને કહ્યું જે, "તમારી ક્રિયા જોઈને કોઈને અવગુણ ન આવે તેમ કરજો." તે તેમ જ કરીએ છીએ. માધવાનંદસ્વામી ભેળા અમને મોકલ્યા તે સો મનુષ્યને સત્સંગ કરાવ્યો.

(૧૪૫) કૃપાનંદસ્વામી મનુષ્ય ઓળખતા ને ગામનો ટીંબો ઓળખતા, તેથી કે'તા જે, 'આમાં સત્સંગી થાશે ને આમાં નહિ થાય.' તે ચારોડિયું, કાળાવડ ને ખરેડીનું કહ્યું હતું જે, 'આમાં સત્સંગી નહિ થાય,' તે હજુ સુધી કોઈ સત્સંગી થયું નથી. બીજા ગામનો સત્સંગી ત્યાં જઈને રહે તે ભલે પણ ત્યાંનો કોઈ સત્સંગી થયો નથી. કાળાભક્તે રાત્યે ખીચડી ખાવાની ના પાડી, ત્યારે અમને તેનો ગુણ આવ્યો જે, એક ટંકી ખરા. ત્યારે કૃપાનંદસ્વામી કહે, 'એને તો દંભ છે.' એમ એનો દંભ ઉઘાડો ક્ર્યો, ને મહારાજે રાજનીતિ કરીને એવાને વેરી નાખ્યા. રોળાનંદ અસુર હતો, પણ કળાતો નહોતો. પછી મહારાજે સૌ સાધુને કહ્યું જે, "આમાં કોઈ અસુર હોય તો તમને ખબર પડયે ?" તો કહે, 'ના, મહારાજ !' પછી કથા પૂરી થઈ, ત્યારે મહારાજે સૌ સાધુને કહ્યું જે, "આજે ગોલીટા દા' રમવા છે, તે સૌ તૈયાર થાઓ." પછી સાધુએ તો લૂગડાંની પોલી ગાંઠ વાળી રમવા માંડયું ને રોળાનંદે તો ગોલીટામાં પાણા ને શૂળા નાખ્યા ને મહારાજ ને સાધુ રમતા હતા ત્યાં ગયો. મહારાજે તેને દીઠો કે તુરત જ રમત બંધ કરીને કહે, "સાધુરામ, આંહીં આવો." પછી સૌને તેમનો ગોલીટો બતાવ્યો ને પૂછ્યું જે, "આ શું ?" તો કહે, 'એકે પાર ! બીજો મારવો ન પડયે !'

પછી મહારાજ રિસાણા ને કહે, "તમારે સૌને સેવક ને અમારે એકે નહિ ?" પછી બ્રહ્માનંદસ્વામી કહે, 'મહારાજ ! હું તમારી સેવામાં રહું ?' તો કહે, "ના." મુક્તાનંદસ્વામી કહે, 'મહારાજ ! હું તમારી સેવામાં રહું ?' તો કહે, "ના." એમ બધા સાધુને ના પાડતા ગયા. પણ જ્યારે રોળાનંદે કહ્યું ત્યારે મહારાજ કહે, "હા, આ અમારા સેવક ખરા. આવા પાસે હોય તો કો'કને સોબામાં દેવા હોય તો દિયે. હવે અમારે બીજા કોઈનું કામ નથી; પણ અમારે ભગવાં લૂગડાં કામ ન આવે, ધોળાં પે'રો તો સેવામાં રખાય." એટલે ધોળાં પે'ર્યાં, એમ રાજનીતિ વાપરીને મહારાજે અસુર જે રોળાનંદ તેને ધોળાં પે'રાવી દીધાં. માટે

મનુષ્ય ઓળખવાં તે તો કૃપાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, આત્માનંદસ્વામીને ઓળખ પડચે ને મહારાજ ઓળખે.

(૧૪૬) અમરેલીનો લાધો શુકલ શક્તિપંથી હતો, તે હરિજનને ત્યાં ઊતરતો ને કથા વાંચતો. એક વાર બારપટોળીમાં સુતારને ઘેર હરિજન આગળ રહસ્યની વાત કરી જે, 'સહજાનંદસ્વામી, રઘુવીરજી મહારાજ, મુક્તાનંદસ્વામી તથા અમે સર્વે દેવીની માળા ફેરવીએ છીએ.' પછી તેને કપટી જાણીને હરિજને કાઢી મૂક્યો. એમ સત્સંગમાં કુસંગ હોય તે બોલે, ચાલે એટલે ઓળખાય.

(૧૪૭) કાચરી સારુ વિવાહ બગાડવો નહિ. તેમ થોડીક વાત સારુ મોક્ષ બગાડવો નહિ. મહારાજ વગડામાં જઈને સૌને વઢચા જે, "ઘડપણ કોઈ માની લેશો નહિ."

બ્રહ્માનંદ કહે રે, એમ સમજે તે જન સુરા;
તન કરી નાખે રે, ગુરુ વચને ચુરાચુરા.
(બ્રહ્માનંદ કાવ્ય : ૨૩૬૦)

(૧૪૮) આપણામાં ખળપુરુષ છે, પણ સમાગમ વિના કળાતા નથી. કો'ક વે'વારની આંટી આવે તો સત્સંગ ન રહે તે એક કાઠીએ સત્સંગ મૂક્યો, તેને જસદણના ચેલેખાચરે ન રાખ્યો ને કહે, 'સત્સંગ મૂક્યો તે મુને પણ મૂકી દિયે.' માટે ઇન્દ્રિયું વકરીઉં કે કોઈ ઘાટ બંધાઈ ગયો ત્યારે વિચારવું, જે થાંભલો ડગાવે છે તે કાંઈ કાઢી નાખવો છે ? નથી કાઢવો; પણ દઢતા થઈ છે કે નહિ તે જોવા સારુ ડગાવે છે, તેમ આપણે ઠરાવ દઢ કરવો. શૂરવીરનાં ધીંગાણે વખાણ ને બળદનાં જ્યારે ગાડાનાં પૈડાં બોલે ત્યારે વખાણ. પારેવાં કાંકરા ખાય છે તે પણ અભિમાનમાં ઘુઘવે છે ને આપણે તો ઇન્દ્રિયુંને હથિયાર ઘડાવી દીધાં છે તે કામ કેમ નહિ વધે ? ઝાડવાં લીલાં છે તે જળવતે છે, તેમ જમ્યાવિના પુષ્ટ થાવાય નહિ.

(૧૪૯) આંટી ઉપર વશરામભાઈના બાપની વાત કરી જે, ઘાણીએ ઘાલીને પીલી નાખે તો પણ સ્વામિનારાયણનું ભજન મૂકવું નહિ; કેમ જે, તલના ને શેરડીના અવતાર આવ્યા હશે ત્યારે નહિ પિલાણા હોઈએ ? માટે ભગવાનના નિશ્ચયરૂપી આંટી મૂકવી નહિ ને એ આંટી મૂકવી એ તો જીવતાં મરવું એવું છે; પણ પાંચે વિષય ડોકાં કાઢી રહ્યા છે.

(૧૫૦) મનના રોગ જેવો તો કોઈ રોગ જ નથી દેખતા પણ તેની મનુષ્યને ખબર નથી.

(૧૫૧) સત્સંગમાં ખૂટચે એવું નથી. વિષ્ણુજન પ્રિય હશે તેના દોષ ટળી જાશે. કથામાં બીજું ર્ક્યે તો કથામાં ધ્યાન ન રહે ને કથા વિના ગ્રામ્યકથા ઓછી થાય નહિ; તે જ્ઞાન થાવા માટે હજારું રૂપિયા ખરચીને ભણાવ્યા છે.

(૧૫૨) મહારાજ ગઢડામાં વતું કરાવતા હતા તે વખતે અમે મહારાજ પાસે જઈને કહ્યું જે, 'મહારાજ ! હું જૂનાગઢ જાઉં છું' ત્યારે મહારાજે વતું બંધ રખાવ્યું ને કહ્યું જે, "લિયો ભાતું બંધાવીએ." એમ કહીને ત્રણ્ય સાખી શીખવાડી જે,

નિર્ગુણ બ્રહ્મ સુલભ અતિ, સગુણ ન જાને કોય;
સુગમ અગમ નાના ચરિત્ર, સુનિ મુનિ મન ભ્રમ હોય.

નિર્ગુણ કે'તાં ધામમાં વિરાજીત રૂપ અતિ સુગમ છે, પણ સગુણ કે'તાં આંહી મનુષ્યરૂપ બ્રહ્મને કોઈ જાણી શકતું નથી તેનાં સુગમ અને અગમ અનેક ચરિત્રો સાંભળીને મુનિશ્વરોના મનમાં પણ ભ્રમ થાય છે.

દંડ યતિન કર જહાં, નર્તક નૃત્ય સમાજ;
જીતહુ મનહીં સુનિય અસ, રામચંદ્ર કે રાજ.

રામચંદ્રજીના રાજયમાં દંડ તો કેવળ સંન્યાસીના હાથમાં જ રહી ગયો હતો, પ્રજાની ઉપર દંડ નહોતો; તથા ભેદ જે, તાલ-સ્વરનો ફરક નાચવા-વાળાઓના સમાજમાં જ રહી ગયો, પણ પ્રજામાં ભેદ નહોતો, તેમ જ જીતવાનું તો કેવળ મન જ હતું; બીજો કોઈ જીતવા જેવો શત્રુ નહોતો.

ઉમા ! અવધવાસી નર, નારી કૃતાર્થ રૂપ;
બ્રહ્મ સચ્ચિદાનંદ ઘન, રઘુનાયક જહાં ભૂપ.

હે પાર્વતી ! અયોધ્યાપુરીમાં રે'નારાં સ્ત્રી-પુરુષો કૃતાર્થ છે કે, જ્યાં સચ્ચિદાનંદબ્રહ્મ રામચંદ્ર રાજા છે, તે અમે જૂનાગઢ મંદિર કરવા આવ્યા ત્યારે હું અને એક તત્ત્વાનંદ અર્ધો સાધુ એમ દોઢ સાધુ હતા, તેના આજે દોઢસો થયા છીએ અને હજુ એમને એમ વધશે; પણ અમારી છાતી ઠરે એવા તો આ એક જાગાભકત દીઠા.

(૧૫૩) શિષ્ય થાય ત્યારે વાતુ થાય ને પારસો વળે. બાળમુકુંદાનંદ-સ્વામી, સર્વનિવાસાનંદસ્વામી ને વિજયાત્માનંદ-સ્વામી એ સર્વેના અવયવ ફરી ગયા, તેમ ખરેખરા ગુરુ મળે તો શિષ્યના અવયવ ફરી જાય હેત થાય ત્યારે ગુહ્ય વાત હોય તે પણ કે'વાય ને હેત હોય તે જ મળ્યા રહે. ઊનાના શેઠને ત્યાં સાઠ માણસ એક રસોડે જમતાં, પણ ગરાસિયાના જેવું હેત હતું. તે જ્યારે મજિયારો

વેં'ચ્યો, ત્યારે સ્ત્રી, પુરુષ ને છોકરો એમ ત્રણ્ય-ત્રણ્ય નોખાં થઈ ગયાં; એની વેં'ચણ કરવી ન પડી, માટે મોક્ષ સાધવો તેમાં બહુ જતન જો'એ. બીજા કામમાં મનુષ્યમાત્ર જાગે છે, રૂપિયા ગણતાં કોઈ થાકતું નથી ને ઊંઘતું નથી પણ કથામાં ઊંઘ આવે છે.

(૧૫૪) ભગવાન જન્મ્યા થકા અજન્મા કે'વાય છે તે એ નટની માયાની પેઠચે છે. આ સત્સંગ પણ બ્રહ્મરૂપ છે. આ તો જીવુંનાં કલ્યાણને અર્થે રહ્યા છીએ, નહિ તો વગડામાં ય ખાવા મળે. દીવના પ્રભવાનંદસ્વામીને ત્રણ્ય ઉપવાસ થયા તે મહારાજ દક્ષિણીને વેશે પીળું પીતાંબર પે'રી ચાખડીએ ચડી એક હાથમાં લોટો ને બીજા હાથમાં થાળ લઈ, વરસતા મેહમાં પ્રભવાનંદસ્વામી જે ખંઢેરમાં હતા ત્યાં ગયા ને કહે, ''અમે દક્ષિણી છીએ ને અમારે એક સાધુને જમાડીને જમવું એવો નિયમ છે તે અત્યારસુધી ભૂખ્યા છીએ માટે તમે જમો તો અમારાથી જમાય.'' એમ કહી જમાડી વહ્યા ગયા, પછી પ્રભવાનંદસ્વામીને વિચાર થયો જે, આંહીં દક્ષિણી ક્યાંથી ? ઊભા થઈને જોયું તો કોઈ દીઠું નહિ ત્યારે જાણ્યું આ તો મહારાજ જમાડી ગયા.

भोजने छादने चिन्तां वृथा कुर्वन्ति वैष्णवाः ।
योऽसौ विश्वंभरो नाम स्वभक्तान् किमुपेक्षते ॥ (સુભાષિત)

અર્થ :- વૈષ્ણવજનો અન્ન-વસ્ત્રની ચિંતા તો વ્યર્થ (ખોટી) જ કરે છે, કારણ કે જે ભગવાન વિશ્વંભર આખા વિશ્વનું ભરણપોષણ કરનાર છે, તે કદી પોતાના જ શરણે આવનાર ભક્તોની ઉપેક્ષા કરશે શું ? આ દેહ છે તે પાડવો ભગવાનના હાથમાં છે. ડુંગરભક્ત કોઢમાં-ગમાણમાં સૂઈ રે'તા ને મચ્છર કરડચે તેથી દેહ આખું લોહી લોહી થઈ રે'તું. દસ વાર તો સાપ કરડી ગયો, તો પણ ઊતરાવ્યો નહિ ને ભજન કર્યું તે દેહ રહ્યું. કૃપાનંદસ્વામીને સાપ કરડી ગયો ને વેલા સથવારાને બગસરામાં સાપ હડી કાઢીને કરડી ગયો પછી ખાધું નહિ ને ભજન કરવા માંડ્યું. રાત્યે ઘરના મનુષ્યને કહે, 'મુને પરડોતરું આભડ્યું છે તે દીવો લાવશો નહિ', પછી આખી રાત્ય ભજન કર્યું, તે ભજનના પ્રતાપથી દેહ રહ્યો, માટે ભજન તો આળસ મેલીને કરવું.

સંવત ૧૯૧૮ના અષાઢ વદિ દસમીને દિવસે સ્વામીએ વાત કરી જે :

(૧૫૫) આ તો ગાડે ઉચાળા છે તે નહિ રહે. લોકને કરવાં છે ફેલ ને આપણે પરમેશ્વર ભજવા છે. કોઈને શાંતિનો લેશ નથી, હાથીએ બેસે તો પણ હૈયામાં શાંતિ લેશ નથી ને હૈયામાં ટાઢું નથી, જેવી ઋષભદેવ ને દત્તાત્રેયના હૈયામાં

શાંતિ છે તેવી કોઈને શાંતિ નથી. ચાર-પાંચ જણા ગોષ્ઠિ કરવા બેઠા; ત્યારે બ્રાહ્મણ કહે, 'મુને રાજ મળે તો જરિયાની ખડિયો કરાવીને હાથીએ બેસીને લોટ માગું !' વાળંદ કહે, 'હું તો જરિયાની કોથળી ને સોનાનો અસ્ત્રો કરાવું !' કુંભાર કહે, 'હું તો સોનાનો ચાકડો કરાવું !' સુતાર કહે, 'હું તો સોનાનો વાંહલો કરાવું !' ને કણબી કહે, 'હું તો સોનાનું હળ ને જરિયાની વાવણીઉં કરાવું !' તે સંપત્તિ મળે તો પણ જીવમાંથી જાતિનું દેહાભિમાન જાય નહિ ને શાંતિ પણ થાય નહિ માટે કોઈ ઠેકાણે પ્રીતિ રે'વા દેવી નહિ. આ તો જેમ વીઘાવામાં વડ હોય તેમાં સંઘ ઊતર્યો હોય ને પછી વેરાઈ જાય તેમ આપણે આંહીં ઉતારો કર્યો છે તે વેરાઈ જા'શું, પણ આંહીં તો નહિ જ રે'વાય. જડભરતની પેઠ્યે ગાંડો થઈને પ્રભુ ભજે તેનાથી ભજાય ને ડાહ્યો થાવા જાય તો માળા ય ન ફરે.

(૧૫૬) 'ભાગવત'માં દસ લક્ષણ કહ્યાં, તેમાં છેલ્લો આશ્રય કહ્યો, તે કલ્યાણ તો આશરા વડે છે ને બ્રહ્મરૂપ થાવું તે તો મહારાજે જ બતાવ્યું છે; કેમ જે, બ્રહ્મરૂપ થયા વિના તો દોષ ટળે નહિ ને ભક્તિનો અધિકારી થાય નહિ ત્યાં સુધી વિઘ્ન આવ્યા વિના પણ રહે નહિ ને એવું જ્ઞાન થયા વિના તો ભગવાનને પણ નિર્દોષ સમજાય નહિ. બળ તો ઉપાસના વડે છે ને જે જે પ્રતાપને પામ્યા છે તે ઉપાસના વડે પામ્યા છે; માટે બ્રહ્મરૂપ થાવું ને ભગવાનનું બળ રાખવું ને આપણને ઉપાસનાનું બળ છે તો બીજાનું પણ કલ્યાણ કરીએ છીએ, જેમ જેના ઘરમાં રૂપિયા હોય તેની હૂંડી ચાલે પણ ગરીબ માણસની ન ચાલે, એમ છે.

(૧૫૭) સંતમાંથી ને સત્સંગીમાંથી પડ્યો તે ભગવાનમાંથી પણ પડી ગયો એમ જાણવું.

કબીર કા ઘર દૂર હૈ જેસે પેડ ખજૂર;
ચઢે તો ચાખે પ્રેમરસ, ગિરે તો <u>ચકનાચૂર</u>.
(કબીરસાહેબની સાખીઓ : ૭)

ભગવાનનું ઘર જે અક્ષર તેને બાહ્યદૃષ્ટિએ જુએ તો મળવા કઠણ છે પણ તે જ આ મૂર્તિમાન પૃથ્વી પર બેઠા છે તેને સમજે તો પરમ કલ્યાણ થાય ને ન સમજે તો રખડે ને અસદ્‌ભાવ લિયે તો ચૂરેચૂરા થઈ જાય. માટે ભગવાનના જનથી બીવું જે, રખે કુરાજી થાય નહિ ને ભગવાનના ભક્તની રક્ષા કરવી, એ જ ભગવાનને રાજી કરવાનો ઉપાય છે. આ લોક-ભોગ તો રે'વાનાં નથી, રૂપિયા મળ્યા તે શું થયું ? મુંબઈમાં મચ્છીમારને ઘેર ચૌદ કરોડ્ય રૂપિયા છે, તે હાથીના દેહ ધરીને શરીરમાં

જીવડાં પડીને મરી જાશે.

શ્રીકૃષ્ણ ને અર્જુન ચાલ્યા જાતા હતા ત્યારે અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું જે, 'તમારા ઘરમાં આવો અન્યાય કેમ છે ?' તો કહે, 'શું ?' ત્યારે કહે, 'આ મચ્છીમાર ગાદી-તકિયે પડયો પડયો હફે છે ને આગળ રૂપિયાનો ઢગલો પડયો છે તે આવું શું ઈ પાપીને હોય ?' શ્રીકૃષ્ણે જવાબ આપ્યો નહિ, પણ એકવાર વનમાં જાતા હતા ત્યારે હાથી રાડચું પાડતો હતો તે જોઈને અર્જુને પૂછ્યું જે, 'આ કેમ રાડયું નાખે છે ?' ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું જે, 'ઝાડનું ઠૂંઠું તેના શરીરમાં સોંસરું નીકળી ગયું છે ને તેના શરીરમાં લાખું જીવાત પડી છે તે તેને ફોલે છે.' ત્યારે અર્જુન કહે, 'તમને દયા નથી આવતી ?' શ્રીકૃષ્ણ કહે, 'પેલો મચ્છીમાર મરીને હાથી થયો છે ને તેણે જેટલા જીવ માર્યા છે તે બધા તેના દેહમાં પડીને તેને ફોલે છે' ત્યારે અર્જુન કહે, 'ભગવાનને ઘેર અંધારું નથી, એમ મુને અત્યારે ખબર પડી.' માટે વિચાર કર્યા વિના કોઈ વાત બંધ બેસે તેમ નથી. ભગવાન ભજવા તે તો કરોડય કામ પડતાં મેલીને એ કામ કર્યા જેવું છે.

शतं विहाय भोक्तव्यं, सहस्रं स्नानमाचरेत् ।
लक्षं विहाय दातव्यं, कोटिं त्यक्त्वा हरिं भजेत् ।। (સુભાષિત)

અર્થ :- સો કામ મૂકીને ખાવું, હજાર કામ મૂકીને નાહવું, લાખ કામ મૂકીને દાન આપવું અને કરોડ કામ મૂકીને હરિને ભજવા. પણ આ જીવ કેવું કર્યે છે ? તો ચંદનને કાપીને બાવળ ફરતી વાડ કર્યે છે. તે શું ? જે, આ દેહે કરીને કેવળ પ્રભુ ભજી લેવા છે તે દેહે કરીને કેવળ પાપ જ કર્યે છે; પણ ચોરાશીનાં દુઃખને જાણે તેથી પ્રભુ ભજાય છે.

(૧૫૮) દામોદરને કાંઠે કરોડચું માણસ બાળ્યાં, પણ વેંત ધરતી ચડી નથી માટે બે દિ' જીવવું તેમાં પ્રભુ ભજી લેવા. આ તો ગાડે ઉચાળા છે ને પંદર આના કથાવાર્તા હોય ને એક આનો બીજી ક્રિયા હોય ત્યારે જીવમાં સુખ આવે. આ તો પંદર આના બીજી ક્રિયા ને એક આનો વાતું, તેમાં શું પાકે ?

(૧૫૯) પુસ્તક ભેળાં કરવા ઉપર સરત હોય પણ પુસ્તકમાં લખ્યું તેમ પાળવું નહિ તેને પુસ્તક શું સુખ કર્યે ? માટે લખ્યું તેમ પાળે ત્યારે પુસ્તક વાંચ્યાનું ફળ છે, પણ લખ્યું તેમ પાળે નહિ ત્યારે પુસ્તક શ્યા કામનું ?

यथा खरश्चन्दनभारवाही भारस्य वेत्ता न हि चन्दनस्य ।
तथा हि विप्रा स्मृतिपुराणा मद्भक्तिहीना खरवद्वहन्ति ।।

અર્થ :- ચંદનનો ભાર વહન કરનાર ગધેડો ભારને જ જાણે છે, ચંદનને નહિ. તેમ જ

બ્રાહ્મણો મારી ભક્તિ વગર, સ્મૃતિ અને પુરાણો વગેરે ગધેડાંની માફક વહે છે. પુસ્તક રાખે ને તે પ્રમાણે વરતે નહિ તો ગધેડાની પેઠચે પુસ્તકનો ભાર તાણે છે.

(૧૬૦) સમાગમ થાય ત્યારે જીવમાં બળ આવે ને બળ આવે ત્યારે વિષયનો લીધો લેવાય નહિ.

(૧૬૧) પ્રથમ છાવણીમાં જ્યારે કથા વંચાણી ત્યારે અમે ત્યાગ, વૈરાગ્ય અને સુહૃદપણાની આકરી વાતુ કરી તેથી બધા ગુરુઓ એક જ પંક્તિમાં જમવા મંડયા અને ઘરડે ઘરડે માણસે પણ ધારણાં-પારણાં ક્ર્યાં. તેથી રસોઈ પણ ઓછી થાવા લાગી. એમ આકરી વાતે કરીને મન-ઇન્દ્રિયુંને ઘસારો લાગે છે; પણ મોળી વાતે ખરેખરાં વર્તમાન ન પળે.

(૧૬૨) લોભાદિક પાંચ શત્રુ મોટા છે તે કાનની જીવિકા શબ્દ છે, ત્વચાની જીવિકા સ્પર્શ છે ને નેત્રની જીવિકા રૂપ છે, જિહ્વાની જીવિકા રસ છે, નાસિકાની જીવિકા ગંધ છે ને દેહની જીવિકા દ્રવ્ય છે, તે વિષયરૂપી જીવિકાનો વિજોગ થાય તો જીવ મૂઆ જેવો થઈ જાય; પણ આ તો આશાએ જીવે છે તે શિયાળામાં એકજણો તળાવમાં નાહ્યો, પછી ટાઢ ચડી ત્યાં તો છેટે ડુંગર ઉપર દવ દીઠો તે જાણે 'તાપ આવે છે.' એમ તાપની આશાએ જીવ્યો ને ટાઢે મૂઓ નહિ; તેમ વિષયને આલંબને કરીને જીવને ઉત્સાહ રહે છે. એકજણ દૂબળે ઘોડે ચડયો તે માર્યે પણ ચાલે નહિ, એટલામાં બીજો ઘોડીએ ચડીને આગળ નીકળ્યો, ત્યારે ઘોડે ઘોડીની પછવાડે સારી પેઠ્યે ચાલવા માંડયું. એમાં શું કહ્યું ? જે, 'વિષયને જોગે કરીને જીવ જાગ્રત થઈ જાય છે ને તેમાંથી નોખો પાડચે તો મરી જાય છે.'

(૧૬૩) ઢેઢને પણ પોતાની નાત્ય સારી લાગે છે તે એક ઢેઢે નાત્યતેડું કરીને સૌને જમાડયા ત્યારે સૌએ તેની પ્રશંસા કરીને કહ્યું જે, 'નાત્યમાં તમે આજથી મોટા ઢેઢ.' ત્યારે ઢેઢ કહે, 'હું કાંઉ મોટો ઢેઢ ? મોટા ઢેઢ તો આપો દાનો છે.' તેમ જીવ નાત્ય-જાત્યમાં, વિષયમાં ને લોકલાજમાં બંધાઈ ગયા છે, માટે ભગવદી હોય તેણે એક ભગવાનનો જ આધાર રાખવો.

(૧૬૪) પંચાળાનું પહેલું વચનામૃત વંચાવીને કહ્યું જે, 'વિચારને પામ્યો, તે ક્યારે કે'વાય ? તો જ્યારે એક ભગવાન અને અક્ષરધામ એ બે વિના કોઈ વાત નજરમાં જ ન આવે ત્યારે ખરેખરો વિચારને પામ્યો કે'વાય.'

(૧૬૫) વિષયમાં બંધાણા છે તેને રાગે કરીને દુઃખ જણાતું નથી. ઘોડે

ચડે છે તેમાં કેટલાકના હાથ ભાંગે છે તે આપણા સાધુમાં પણ કેટલાકના હાથ ભાંગ્યા છે, તો પણ તે વિના ચાલે નહિ.

(૧૬૬) સદ્‌ગુરુએ ગાડું જોડાવ્યું તે રસ્તામાં બળદ ભાગી ગયા પછી માથે પોટલાં ઉપાડી ચાલ્યા, ત્યારે ભાઈસ્વામીએ કહ્યું જે, 'વચન લોપ્યું તો દુઃખ આવ્યું.'

વચન લોપિ જાણે સુખ લેશું રે, તેતો કે'શું કે'વાને જો રે'શું રે;
(નિષ્કુળાનંદ કાવ્ય : વચનવિધિ-૯)

માટે વચન લોપે તો જરૂર દુઃખ આવ્યા વિના રહે નહિ.

(૧૬૭) આ દેહ છે તેણે કરીને પ્રભુ ભજાય તો પાંસરું, નહિ તો એ પણ દુઃખનું દેનારું છે. પોતાના હોય તેને રહસ્ય-અભિપ્રાય હોય તે કે'વાય. ભગવાનની મૂર્તિનું ધ્યાન ને ભગવાનના ભકતનો સંગ એ બે જ સિદ્ધાંત છે. ભજન-સ્મરણ કરવું ને મન-ઇન્દ્રિયુંને રૂંધવાં તે તો ભારે કજિયો છે. ઘોડાને ફેરે નાખવો હોય, ત્યારે પ્રથમ લાંબે ફેરે નાખીને પછી ટૂંકામાં લાવે છે. મહારાજે કહ્યું જે, "સો વરસ સુધી ધ્યાન કરવું, પછી અનેક જન્મ કહ્યા." તે જો સુગમ હોય તો મહારાજ એમ શ્યા સારુ કહે ? માટે ભગવાનની મૂર્તિનું ધ્યાન ને ભગવાનના ભકતનો સંગ એ બે વાતનું જ તાન રાખવું.

(૧૬૮) સમાગમ કરવો તે જો છ મહિને સંતનાં દર્શન ન થાય તો અંતર બગડી જાય, માટે છ મહિને તો જરૂર સંતનાં દર્શન કરવાં ને તે વિના તો વે'વાર પ્રધાન થઈ જાય ને ક્યાંઈક સર વળી જાય. ઇન્દ્રિયુંના આહાર શુદ્ધ થાય, ત્યારે અંતઃકરણ શુદ્ધ થાય ને અંતઃકરણ શુદ્ધ થાય, ત્યારે ધ્રુવાનુસ્મૃતિ રહે. એ ઉપર પ્રથમનું ૧૮મું વચનામૃત વંચાવ્યું.

(૧૬૯) त्वं तु राजन् मरिष्येति पशुबुद्धिमिमां जहि ।
न जातः प्रागभूतोऽद्य देहवत्त्वं न नङ्क्ष्यसि ॥
(શ્રીમદ્ ભાગવત : ૧૨/૫/૨)

અર્થ :- હે રાજન્ ! તમે 'હું મરીશ', આ પશુબુદ્ધિનો ત્યાગ કરો, કારણ કે દેહની સમાન તમે પહેલા ન હતા અને હવે ઉત્પન્ન થયા છો, એવી વાત નથી, આથી તમે પણ નાશને પ્રાપ્ત નહીં કરી શકો. પરીક્ષિતને શુકજીએ જ્ઞાને કરીને ઉપદેશ કર્યો જે, 'પશુબુદ્ધિનો ત્યાગ કર્ય ને ગર્ભમાં જેણે તારી રક્ષા કરી છે તેને સંભાર.' પછી દેહનો ત્યાગ કર્યો ત્યારે સૌ કહે જે, 'રાજાએ જીવવા ઘણાં વલખાં કર્યાં ને બાવો સાત દિ' સુધી

વલવલ્યો પણ રાજા જીવ્યો નહિ.' (જુઓ પ્રકરણ ૫ ની વાત ૪૩)

(૧૭૦) 'વચનામૃત'માં મહારાજે કેટલીક વૈરાગ્યની, કેટલીક ધર્મની, કેટલીક આ લોકની ને કેટલીક પરલોકની એવી તરેહ તરેહની વાતુ કરી છે તે દૈવીને સારી લાગે છે, પણ આસુરી જીવ છે તેને તો સારી લાગે જ નહીં.

(૧૭૧) 'શિક્ષાપત્રી' પ્રમાણે વરતવું તેમાં ફેર પડવા દેવો નહિ. બરવાળામાં એક હરિજને પોતાના ભાઈના ડેલામાં મહારાજને ઉતારો આપ્યો એટલે સૌ ઊતર્યા ને મહારાજ પણ ઊતર્યા પછી તે હરિજન સીધું લેવા ગયો ને પાછળથી તેનો ભાઈ કુસંગી હતો તે આવ્યો ને કહે જે, 'આમાં તમે કેની રજાએ ઊતર્યા છો ? ડેલો તો મારો છે, મેં રજા આપી છે ?' પછી મહારાજે કહ્યું જે, ''આપણી લખેલ 'શિક્ષાપત્રી' આપણે જ લોપી માટે આંહીં રે'વું નહિ.'' એમ કહીને ચાલી નીકળ્યા ને નાવડે ગયા. મહારાજનું <u>ડોરણું</u> છૂટી ગયેલ ને સખત તડકો હતો તેથી ચામડી લાલચોળ થઈ ગઈ તે હજી સાંભરે છે. 'શિક્ષાપત્રી'માં તો થૂંકવા સુધીનો વિવેક લખ્યો છે. 'શિક્ષાપત્રી'રૂપ ચક્ર ઘરોઘર મહારાજે આપ્યું છે, માટે લોપવી નહિ.

(૧૭૨) બીજું ઘર કરવામાં પણ દુઃખ છે. એક જણને સ્ત્રી સાથે ન બન્યું એટલે બીજી કરી. પછી નવી સારુ ચૂડલો લાવ્યો ને સોને મઢીને પે'રાવ્યો. ત્યારે નવી સ્ત્રીએ જૂનીને ધખવવા માટે દેખાડયો જે, 'જુઓ બે'ન, કેવો બેસતો થયો છે ?' પછી વળતે દિ' જૂનીએ રસોઈ કરી; તેમાં ઝેર નાખીને ધણીને જમાડયો તે મરી ગયો, પછી ચૂડલા ભાંગ્યા ત્યારે રોતાં રોતાં જૂનીએ કહ્યું જે, 'બે'ન ! હવે કેવો ચૂડલો બેસતો થયો !' વળી એક જણે નવું ઘર કર્યું તે જૂની નીચે રહી ને નવી મેડે રહી. પછી રાત્યે દસ વાગે ધણી બા'ર્યથી આવીને મેડે ચડતો હતો ત્યાં જૂની જાણે 'આ તો ગયો.' પછી પગે ફાળિયું વીંટી પોતાના બે પગ પગથિયામાં ભરાવી બે હાથે ઝાલીને બેઠી; ને કહે, 'મેડે નહિ જાવા દઉં.' પણ નવી દાદરે વાટ જોતી બેઠી હતી તેણે જોયું જે, આણે તો તળમાં રાખ્યો. એટલે નવી, ધણીનો ચોટલો ઝાલી, હાથે વળ દઈને બે પગ દાદરામાં ભરાવીને બેઠી ને કહે, 'લઈ જાજે બળ હોય તો !' એમ કરતાં સવાર થયું ને ધણી મરી ગયો તે નવી-જૂનીનું સુખ તો જુઓ ! પણ જીવને અજ્ઞાન છે તે મર્યે; પણ ન રે'વાય !

(૧૭૩) જૂનાસાવર પાસે ભૂંડકેરાળામાં એક લાખો કરીને દરજી હતો તે પટેલને ત્યાં સીવવા ગયો ત્યારે પટેલે તેને રીંગણાં આપ્યાં. એટલે તુરત ઘેર દઈ આવ્યો ને સ્ત્રીને કહ્યું જે, 'તાજાં ને કૂણાં છે તે <u>હવેજ</u> ભરી વધારીને સારું શાક

કરજે.' એટલે કહે, 'ઠીક' પછી તે તો સીવવા ગયો. ત્યાં સીવતાં સીવતાં મનમાં શાક સંભારે ને મોંમાં પાણી આવે પણ સ્ત્રીએ તો દાળ કરેલ તે જાણે 'કાલે શાક કરશું.' એમ ધારી શાક કર્યું નહિ. પછી દરજી ઘેર જમવા ગયો ને ભાણામાં શાક દીઠું નહિ એટલે કહે, 'શાક ક્યાં ?' તો કહે, 'દાળ ઓરીવાળી હતી, કાલે કરશું.' પછી કહે, 'રાંડ, તું તો પટેલવાળા કૂવામાં પડચ તો ઠીક !' પછી તો સ્ત્રીને ચટકી લાગી તે સાંગા પટેલના કૂવામાં જઈને પડી. પછી તે મુંબઈમાં દસ-બાર વરસ રહ્યો ને કમાણો એટલે બીજી બાયડી કરી, તેમાં કોરી બારસો બેઠી, ત્યારે શાકનો વઘાર બેઠો ! એવાં અજ્ઞાન સાધુ વિના કોણ ઓળખાવે ?

સંવત ૧૯૧૮ના અષાઢ વદિ એકાદશીને દિવસે સ્વામીએ વાત કરી જે,

(૧૭૪) જગતમાં જેટલા આચાર્ય ને ગુરુ કે'વાય છે તેનાં નાક સ્ત્રીએ કાપ્યાં છે ને મહારાજને તો સ્ત્રીને દેખીને ઊલટી થાતી. ઝીણાભાઈએ મહારાજને કહ્યું જે, 'અમારે ઘેર પધારો.' ત્યારે મહારાજે કહ્યું જે, ''હમણાં અવાય તેમ નથી.' ક્યારેક જોગ હશે ત્યારે આવશું.'' એમ ના પાડી. પછી મુક્તાનંદસ્વામી પાસે ઝીણાભાઈએ કહ્યું કે, 'માર્યે ઘેર મહારાજ ન પધારે ત્યારે માર્યે સંસારમાં રહ્યાનું કામ શું ? અને દાદાખાચરને ઘેર મહારાજ હંમેશ રહે; તે દાદાખાચર ભગવાનના ભક્ત અને અમે નહિ ?' પછી મુક્તાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, 'આજે ઝીણાભાઈ બહુ દિલગીર થયા, ને કહે જે, મહારાજ અમારે ઘેર પધાર્યા નહિ, ત્યારે અમારે સંસારમાં રહ્યાનું કામ શું ? દાદાખાચર ભગવાનના ભક્ત ને અમે નહિ ?' એ સાંભળીને મહારાજ બોલ્યા જે, ''મૂંઝાઈને રીસે કરીને જે પ્રેમ કર્યે તે પ્રેમ અંત્યે નભવાનો નહિ. રીસવાળાની ભક્તિ-પ્રેમ અંત્યે ખોટાં થઈ જાય છે અને જેને શોક કરવાનો સ્વભાવ છે તેને અંત્યે જરૂર કાંઈક ભૂંડું થયા વિના રહે નહિ.'' એમ લોયામાં મહારાજે કહ્યું.

પછી ઝીણાભાઈનો એવો આગ્રહ જોઈ મહારાજા પંચાળે પધાર્યા ને હુતાશનીનો મહોત્સવ કર્યો ને સૌને રજા આપી. પછી ઝીણાભાઈની ભક્તપણાની પરીક્ષા કરવાસારુ મહારાજ દરબારમાં કાંઈક મશ્કરી જેવું બોલ્યા ત્યારે ઝીણાભાઈ કહે, 'મહારાજ ! અમારે ગરાસિયામાં એમ બોલાય નહિ. જેમ તેમ બોલવું એ તો કાઠીઉંમાં દાદાખાચરને ઘેર પોસાય, આંહીં એમ ન થાય.' પછી મહારાજ કહે, ''એમ ! અમે ભૂલી ગયા; હવે અમે નહિ બોલીએ.'' તેમાં મહારાજે એમ દેખાડ્યું જે, ઝીણાભાઈને ગરાસિયાની જાતિનું અભિમાન છે ને દાદાખાચરને જાતિ-

અભિમાન નથી. દાદાખાચર ભગવાનને સર્વપ્રકારે નિર્દોષ સમજે છે ને ઝીણાભાઈને મનુષ્યભાવ આવ્યો એમ ઝીણાભાઈમાં ને દાદાખાચરમાં આટલો ફેર ! દાદાખાચરને સંશય નહિ, ને ઝીણાભાઈને સંશય થયો.

પછી રાત્યે ઢોલ-ત્રાંસાં વાંગતાં સાંભળી મહારાજે પૂછ્યું જે, ''આ શું થાય છે ?'' ત્યારે હરિજન કહે, 'ગામમાં વિવાહ છે તેના વરઘોડા ચડ્યા છે' એટલે મહારાજ હરિજનને કહે, ''અમે એમાં સમજ્યાં નહિ.'' ત્યારે હરિજન કહે, 'વર-કન્યા પરણે, ત્યારે વરને ઘોડે બેસારી ગામમાં ફુલેકું ફેરવે પછી વિવાહ થાય.' ત્યારે મહારાજ કહે, ''એવો લહાવો અમે લીધો નથી, ને પરણ્યા નથી; માટે અમારે તો વરઘોડે ચડવું છે ને પરણવું છે.'' ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે, 'સગાઈ ક્યાં વિના કેને પરણશો ?' એટલે મહારાજ કહે, ''કરો સગાઈ; પણ જેવું તેવું હશે તો નહિ પરણીએ, માટે જાતવંત, રૂપાળું ને અમારી હેડીનું કરજો, પણ નાનું કે મોટું કરશો નહિ ને આ વરઘોડા ભેળો અમારો વરઘોડો ચડાવો.'' પછી સૌ જાણે, 'મહારાજ અમથા કહે છે.'; પણ મહારાજે તો વાત લીધી તે મૂકી નહિ, ને વારેવારે પૂછે જે, ''કાં શું કર્યું ?'' પછી મયારામ ભટ્ટ કહે, 'હું તો વાંઢો છું;' ને પર્વતભાઈ કહે, 'મારે દીકરી નથી, હોત તો મહારાજને પરણાવત.'

પછી વિચાર કરતાં ઝીણાભાઈની બે'ન અદીબા નજરમાં આવ્યાં, એટલે અદીબા પાસે ગયા ને કહ્યું જે, 'મહારાજે વરઘોડે ચડવાની ને પરણવાની લત લીધી છે ને તમે તો મહારાજને પામવા સારુ જ સાંખ્યયોગ પાળો છો, તો મહારાજને પરણશો ?' ત્યારે અદીબા કહે 'હા, બહુ સારું, મારાં ક્યાંથી એવાં ભાગ્ય હોય જે મહારાજ મને વરે ? હું તો રાજીથી કહું છું, મારી હા છે, પણ ભાઈને પૂછો.' પછી મયારામ ભટ્ટે ને પર્વતભાઈએ ઝીણાભાઈ પાસે જઈને વાત કરી જે, 'મહારાજે પરણવાની લત લીધી છે, તે જો તમે કહો તો અદીબા વેરે વિવાહ કરીએ.' ત્યારે ઝીણાભાઈ કહે, 'બાને પૂછો.' ત્યારે તેમણે કહ્યું કે, 'અદીબાને પૂછીને આવ્યા છીએ. તેમણે તો હા પાડી છે, પણ કહે ભાઈને પૂછો, તેથી તમને પૂછવા આવ્યા છીએ.' એ સાંભળી ઝીણાભાઈ ઊંડા ઊતરી ગયા, પણ હા કે ના કાંઈ કહ્યું નહિ. ત્યારે મયારામ ભટ્ટ ને પર્વતભાઈ ઊઠી મહારાજ પાસે ગયા ને કહ્યું કે, 'આમ થયું.' ત્યારે મહારાજ કહે, ''જુઓ ! ક્યાં ઝીણાભાઈ ને ક્યાં દાદાખાચર ! વળી કહે જે, અમે ભક્ત નહિ ? પણ જુઓ ! ભક્ત ભક્તમાં કેટલો ફેર છે ? અમે દાદાખાચરને ત્યાં નિરંતર રહીએ છીએ તે એવા ભક્ત છે તો ત્યાં રહીએ છીએ. આવા હોય તો

રે'વાય નહિ.'' પછી મહારાજ કહે, ''ઝીણાભાઈનું શું કામ છે, તેમની બે'ન જો હા પાડતાં હોય તો તેમને અમારે મોઢે લાવો ને જો તે હા પાડચે તો અમે સાચા માનીએ.''

પછી અદીબાને તેડી આવ્યા ને કહે, 'મહારાજ ! આ અદીબા આવ્યાં.' એટલે મહારાજે તેમના સામું જોયું કે, તુરત જ મહારાજને ઊલટી થઈ ને કહે, ''આ વિષ્ટાનો ઢગલો ક્યાંથી લાવ્યા ? આંહીંથી કાઢો એને, ગંધાય છે !'' પછી અદીબા તો પાછાં ગયાં, પણ મહારાજને ઊલક બંધ થઈ નહિ, પેટમાં પાણી કે અન્ન કાંઈ રહે નહિ. પછી મહારાજને ખાટલે સુવાડચા પણ ઊલટી બંધ થાય નહિ. મૂળજીબ્રહ્મચારી ખાવાનું કે પીવાનું લાવે ત્યારે ઊલક થાય ને કહે જે, ''તેમાં સ્ત્રીની ગંધ આવે છે, આંહીંથી લઈ જાઓ.'' ત્યારે મૂળજીબ્રહ્મચારી કહે જે, 'મહારાજ ! ઉપરવાસથી પાણી લઈ આવ્યો છું.' ત્યારે મહારાજ કહે, ''ઓલ્યે ગામ પાણી ભરે છે તેની ગંધ આવે છે.''

એમ કરતાં મંદવાડ વધી ગયો; તે ખાય નહિ ને પીવે પણ નહિ પછી મહારાજ મુક્તાનંદસ્વામીને કહે જે, ''અમે તો નહિ રહીએ.'' ત્યારે મુક્તાનંદસ્વામી મહારાજને હાથ જોડી કહે જે, 'કો'ક બાવો હોય છે તેને પણ મઠ, જાયગા કે ઠાકોરદ્વારો હોય છે ને તમે તો સાક્ષાત્ પુરુષોત્તમ પધાર્યા તેનું કાંઈ નહિ ?' ત્યારે મહારાજે વિચાર્યું જે આ ઠીક કહે છે. પછી મહારાજ કહે, ''સ્ત્રીની ગંધ ન હોય એવું અનાજ લાવો તો જમીએ.''

પછી સામે ગામ બે ગાઉ છેટે એક આત્મનિવેદી બ્રાહ્મણને, તેની સ્ત્રીએ ઝેર દીધેલ તેથી તેને સ્ત્રીનો અભાવ થયેલ એટલે પોતાને હાથે ખેડી, વાવી, લણીને દાણા કાઢતો, પણ બાઈઉં પાસે કાંઈ કામ કરાવતો નહિ, તેમ તે જાતનો સંસર્ગ પણ રાખતો નહિ. તેની પાસે મૂળજીબ્રહ્મચારી ગયા ને કહે, 'અમારા મહારાજને સ્ત્રીની ગંધ આવે છે તે પેટમાં અનાજ કે પાણી કાંઈ રે'તું નથી. તમારે ત્યાં સ્ત્રીના સંસર્ગ વિનાનું અન્ન વાવડચું છે તે આપશો ?' ત્યારે તે કહે જે, 'હા, એ રાંડના હાથનું તો હું પણ ખાતો નથી.' પછી બ્રહ્મચારીને બે પાલી બાજરો આપ્યો, તે લઈ બ્રહ્મચારી ચાલી નીકળ્યા. ત્યારે બ્રાહ્મણને વિચાર થયો જે, તે ક્યાં દળશે ? પછી સાદ કરી પાછા વાળ્યા ને કહે, 'એ રાંડના હાથ અડચા હશે તો ઘંટી કામમાં નહિ આવે, માટે આંહીં દળતા જાઓ, ઘંટી ચોખ્ખી છે.' બ્રહ્મચારી કહે, 'સાચી વાત !' એમ કહી બ્રહ્મચારીએ બાજરો દળ્યો ને ચાલવા માંડચું. ત્યારે બ્રાહ્મણ કહે, 'રસ્તામાંથી

અડાયાં છાણાં વીણતાં જાજો, તેનાં થાપેલાં કામ નહિ આવે ને તમારે હાથે વીરડો ગાળી પાણી ભરી જાજો, પણ નદીનું પાણી લેશો નહિ. એ રીત્યે રાંધી જમાડશો તો ગંધ નહિ આવે.'

પછી બ્રહ્મચારીએ તેમ જ કર્યું ને રાંધીને મહારાજને જમાડચા ત્યારે તે અન્ન મહારાજના પેટમાં રહ્યું; એટલે કહે, ''આમાં સ્ત્રીની ગંધ નથી, આ ક્યાંથી લાવ્યા ?'' પછી બ્રહ્મચારીએ બધી વાત કરી ત્યારે મહારાજ રાજી થયા ને કહે, ''એવા ત્યાગી છે ?'' પછી મહારાજ સાજા થયા ત્યારે મુક્તાનંદસ્વામીએ મહારાજને હાથ જોડી કહ્યું જે, 'તમે તો પુરુષોત્તમ છો ને આખા બ્રહ્માંડમાં અરધો-અરધ ડોશીઉં છે તે જો તમે તેમના હાથનું કાંઈ ગ્રહણ નહિ કરો તો અરધ-પડાળિયું કલ્યાણ થાશે' પછી મહારાજે ડોશીઉંના હાથનું જમવા માંડચું. આ ચરિત્ર મહારાજે ઝીણાભાઈની કાચ્યપ દેખાડવા પંચાળામાં કર્યું હતું.

(૧૭૫) આંબાશેઠને પ્રેમનું અંગ ને સેવા કરવાનું અંગ પણ ખરું તે જ્યારે દર્શને આવે ત્યારે મહારાજ ને સાધુ સારુ કાંઈક ચીજ લેતા આવે એવા પ્રેમી ભક્ત હતા પણ એકવખત મહારાજને વાસુદેવનારાયણના ઓરડેથી હેઠું ઊતરવું હતું ને અદીબા જેરના થડમાં હેઠચે ઊભાં હતાં તેમને ખંભે હાથ મૂકીને મહારાજ હેઠચે ઊતર્યા, તે આંબાશેઠે નજરોનજર દીઠું એટલે સંશય થયો જે, 'આ તે ભગવાન કે શું ? જુવાન બાઈને ખંભે હાથ મૂકીને ઊતર્યા તે રખે કપટ હોય નહિ !' પછી વિચારમાં ને વિચારમાં ગઢાળી ચાલ્યા ગયા ને એકવરસ સુધી દર્શને આવ્યા નહિ. પછી મહારાજ કહે જે, ''આંબાશેઠ કેમ દેખાતા નથી ?'' ત્યારે સંતે કહ્યું જે, 'દેહ મૂકી ગયા હશે.' ત્યારે મહારાજ કહે, ''અમે તેડવા ગયા નથી ને દેહ કોણ મુકાવે ને કોણ તેડી જાય ? છતાં દેહ મૂક્યો હોય તો આંહીં રસોઈ તો આવે !'' પછી ગઢાળીના એક હરિભક્ત સભામાં બેઠા હતા તેણે કહ્યું જે, 'મહારાજ ! આંબાશેઠ તો જીવે છે, પણ તમારો અવગુણ આવ્યો છે તેથી દર્શને આવતા નથી.' પછી મહારાજ મુક્તાનંદસ્વામીને કહે જે, ''તમે ગઢાળીએ જાઓ ને આંબાશેઠને વાતું કરી અવગુણ કાઢો.''

પછી મુક્તાનંદસ્વામી ગઢાળી ગયા ને આંબાશેઠ આગળ મનુષ્યભાવ ને દિવ્યભાવ એક સમજવાની ઘણી વાતું કરી. તેમાં એક દૃષ્ટાંત દીધું જે, ''એક શાહુકાર હતો તેને એક દીકરી ને એક દીકરાની વહુ બેય બાર-તેર વરસનાં તેવતેવડાં હતાં, તેમણે પોતા જેવડી રમવાની ઢીંગલી ચીંથરાની કરી તેને ઘરેણાં-

લૂગડાં પે'રાવી લાજ કઢાવી મેડીઉપર એકખૂણે ઊભી રાખી, બા'ર્ય કામે ગયાં ને શેઠ મેડીએ ચોપડા લેવા ચડયા ત્યાં વહુને દીઠાં એટલે ખોંખાર્યા, પણ વહુ તો હેઠ્યે ન ઊતર્યાં ને શેઠ દાદરે ઊભા થઈ રહ્યા. ત્યારે શેઠાણી કહે, 'કેમ દાદરે ઊભા છો ?' ત્યારે શેઠ કહે, 'વહુ મેડીઉપર એકલાં છે તે મેં (મારાથી) કેમ જાવાય ?' ત્યારે શેઠાણી કહે, 'વહુ તો બા'ર્ય ગયાં છે.' ત્યારે શેઠ કહે, 'ઉપર લાજ કાઢીને ઊભાં છે તે મેં નજરે જોયું, તોય બા'ર્ય ગયાનું કેમ કહો છો ?' એટલે શેઠાણી મેડી ઉપર ચડ્યાં, ત્યાં તો ઢીંગલી દીઠી, એટલે શેઠને કહે, 'એ તો ચીંથરાની ઢીંગલી રમવા સારુ કરી છે તે ઊભી છે, માટે જાઓ.' પછી શેઠ ચોપડા લઈ આવ્યા ને સંશય ટળી ગયો. તેમ મૂળ પ્રકૃતિપુરુષથી લઈને જગતના તમામ જીવ-પ્રાણીમાત્રને સ્ત્રી જાતિમાં મોહ છે, પણ મહારાજની દષ્ટિમાં તો સર્વે આકાર ચીંથરાની ઢીંગલી જેવા છે તેમાં શું મોહ પામે ? મહારાજના મોટા સંતને પણ માયિક આકારને વિશે મોહ થાતો નથી તો મહારાજને વિશે સંભવે જ કેમ ? મહારાજ તો એ પંચભૂતના પાચ-પરુથી ભરેલ ને ચામડેથી મઢેલ હાડકાંના દેહસામું જોતા જ નથી. એકવાર પંચાળામાં મહારાજે અદીબા સ્ત્રી છે એમ ધારી સામું જોયું હતું તો મહારાજને ઊલક થઈ ને સ્ત્રીની ગંધ આવે છે એમ કહી અન્ન-પાણી પણ લીધું નહિ તે વાત શું ભૂલી ગયા ? એ તો આપણામાં એ દોષ છે ને સ્ત્રીને વિશે મોહ છે તેથી ભગવાનને વિશે દોષ કલ્પીએ છીએ પણ ભગવાન તો નિર્દોષ છે.'' એમ વાતેકરીને સંશય ટાળી નાખ્યો પછી આંબાશેઠ મહારાજનાં દર્શને આવ્યા.

(૧૭૬) કમળશીશેઠને મહારાજના ચરિત્રમાં સંશય જ નહીં. એકવાર મહારાજ કમળશીને ઘેર ગયા ત્યારે કમળશી તો ઘેર નહિ ને નવું ઘર કરેલ તે જીવી એકલી હતી. તેને મહારાજે પૂછ્યું જે, ''જીવી, શું કર્યે છે ?'' તો કહે, 'મહારાજ ! રોટલા ઘડું છું.' ત્યારે મહારાજ રસોડામાં ગયા ને જોયું તો રોટલા ઘડતાં પૂરા આવડે નહિ. ત્યારે મહારાજ કહે, ''એમ ન થાય, લિયે શીખવું.'' પછી મહારાજે લોટ મહળવાની અડાળી તેના હાથમાંથી લઈ લીધી ને ભીનો હાથ કરી મહળતા જાય ને જીવીને કે'તા જાય કે, ''જો આમ મહળાય.'' પછી લુવો કરી ઘડી બતાવ્યો ને એક હાથમાં લઈ તાવડીમાં નાખ્યો ને કહે, ''આમ નાખીએ.'' પછી થોડીવારે તુરત ફેરવ્યો ને કહે, ''પે'લી વેળા ઝાઝો ચોડવવો નહિ.'' બીજીવેળા ખૂબ પાક્યો ત્યારે ફેરવી નાખ્યો ને કહે, ''બીજીવેળા તો પાકો થાય ત્યારે જ ફેરવવો.'' પછી ફૂલીને દડા જેવો રોટલો થયો ત્યારે ઉતારી લીધો; ને કહે, ''પે'લી વેળા જો કૂણો રહે તો

જ ફૂલે, નીકર ન ફૂલે.'' પછી બીજો રોટલો પણ તેમ જ કરી બતાવ્યો તે ફૂલી દડા જેવો થયો ત્યારે મહારાજ કહે, ''આવા કરજો.'' એમ કહી મહારાજ ઉતારે પધાર્યા. કમળશીશેઠ ઘેર આવ્યા, ત્યારે જીવી કહે, 'મહારાજ તો આપણા રસોડામાં આવી અભડાવી ગયા ને આ બે રોટલા કરી ગયા.' ત્યારે કમળશીશેઠ કહે, 'એ બે રોટલા મહારાજના અભડાવેલ હું ખાઈશ ને તું તારા કરેલ ખાજે.' તેમાં કમળશીશેઠને કાંઈ સંશય નહિ તે કમળશી શેઠ જેવા આંબાશેઠ ન કે'વાય.

(૧૭૭) એકવખતે મહારાજ ને સર્વે સંત સમૈયા ઉપર સંઘ લઈ વરતાલ જાતા હતા ત્યાં રસ્તામાં જીવીને જોડા કઠવાથી પગે ફોડલા પડયા, તે બેય જોડા માથે મૂકી ઉઘાડે પગે ચાલતી હતી ને બળતી હતી તે જોઈ મહારાજે પૂછ્યું જે, ''જીવી કેમ ઉઘાડે પગે ચાલે છે, પગ બળતા નથી ?'' ત્યારે જીવી કહે, 'પગ તો બહુ બળે છે, પણ જોડા કઠવાથી ફોડલા પડચા છે તે પે'રાતા નથી.' એટલે મહારાજ કહે, ''અમારા રથમાં બેસ.'' પછી બેઠી. એટલે સાધુ સર્વે આગળ-પાછળ ચાલવા મંડચા; પણ રથસાથે રહ્યા નહિ. ને કમળશીશેઠ પણ હરિજન ભેળા ચાલ્યા જાતા હતા. તે આ વાતમાં કમળશીશેઠને કે જીવીને કાંઈ સંશય થયો નહિ. તે આંબાશેઠને તો જરાકમાં સંશય થયો. તે ક્યાં આંબા શેઠ ને ક્યાં કમળશીશેઠ ! એમ ભકત ભકતમાં ફેર છે !

(૧૭૮) ગઢડામાં ધર્મકુળ આવ્યું ત્યારે મહારાજ ડોશીઉંની સભામાં રાત્યે વાતુ કરતા. રઘુવીરજીમહારાજનાં વહુજી ને અયોધ્યાપ્રસાદજીમહારાજનાં વહુજી મહારાજની વાતું સાંભળવા જાતાં. એક વખતે અયોધ્યાપ્રસાદજીમહારાજનાં વહુજી રાત્યે મોડાં ઘેર ગયાં ત્યારે અયોધ્યાપ્રસાદજીએ પૂછ્યું, 'અટાણ (અત્યાર) સુધી ક્યાં હતાં ?' તો કહે, 'રઘુવીરજીની વહુજી ને હું બેય દરબારમાં મહારાજની વાતું સાંભળવા ગયાં હતાં તે આજ બહુ વાતું કરી, તેથી મોડું થયું.' રોજ વાતું સાંભળવા જાય છે, એ વાતની અયોધ્યાપ્રસાદજીને ખબર નહોતી. પછી કહે, 'તમારે ત્યાં જાવું નહિ.' એટલે વળતે દિ' રઘુવીરજીમહારાજનાં વહુજી તેડવા ગયાં, ત્યારે આ વહુજીએ કહ્યું, 'મુને ના પાડી છે.' તેથી તે એકલાં ગયાં ત્યારે મહારાજે પૂછ્યું જે, ''તમે આજ એકલાં કેમ આવ્યાં ?'' તો કહે, 'એમને ના પાડી, એટલે આવ્યાં નથી.' ત્યારે મહારાજ કહે, ''તમે પણ વહ્યાં જાઓ.'' તો કહે, 'મુને ના પાડી નથી. મુને તો ખુશીથી રજા આપી કહ્યું જે, હંમેશાં જાજો.' મહારાજ કહે, ''ઠીક બેસો, અયોધ્યાપ્રસાદજીને મનમાં એમ જે વહુઆરુએ સાસરા આગળ લાજ

કાઢવી જો'એ તેને બદલે સાસરાની વાતુ સાંભળવી ને દર્શને જાવું તે ઓઝલવાળાથી કેમ થાય ? પણ હું તો એના જીવમાં બેઠો છું, ત્યાં અયોધ્યાપ્રસાદજી કેમ કરશે ?'' રઘુવીરજીમહારાજ જેવી અયોધ્યાપ્રસાદજી મહારાજને પ્રથમ સ્વરૂપનિષ્ઠા નહિ. રઘુવીરજીમહારાજની નિષ્ઠા સરસ, તેથી મહારાજ તેમનું વધુ રાખતા.

(૧૭૯) મેહ આવે તે એક દિ'માં ધરતી પલળે નહિ. પંદર દિ' મેહ થાય ત્યારે ધરતી પલળે; તેમ સમાગમ પણ ઝાઝો કર્યે ત્યારે અંતર પલળે. ચાળીસ વરસ મેહ વરસે, પણ પછી ન વરસે તો કાળ પડચે. તેમ નિરંતર સમાગમ ન હોય તો બગડી જવાય ને સત્સંગ ચૂંથાઈ જાય; માટે નિત્યપ્રત્યે સાધુનો સંગ રાખવો.

(૧૮૦) આ જીવ વહવાયાંમાત્રની ઓશિયાળ રાખે ને ભગવાનની એકે માળા ન ફેરવે એમ ન કરવું.

(૧૮૧) ભગવાન વિના કોઈ આ જીવનો સાચો હેતુ નથી કે સગો નથી બીજા હેતુ તો 'વિવાહ વેચાતા ને શ્રાદ્ધ ઉછીતાં' એવા છે.

(૧૮૨) કોઈ દીવો-દીવેટ કર્યે, કોઈ નૈવેદ કર્યે પણ પ્રભુનું ભજન કોઈ ન કર્યે. કાયટાં સારુ ઘઉં લિયે, વિવાહ સારુ ઘઉં લિયે; પણ પ્રભુ ભજવા સારુ કોઈ ન લિયે.

(૧૮૩) સોમલખારના લાડવા ખાતાં ગળ્યા લાગે પણ ગળું ઝાલે; તેમ માયામાં કોઈ સુખિયો થયો નથી ને થાશે પણ નહિ. જેમ કાંકચિયા ખાય ત્યારે જીવડાંનો રોગ જાય; તેમ ગૃહસ્થાશ્રમ છે તેમાં જન્મ-મરણના દુઃખને જાણે તેથી પ્રભુ ભજાય છે. આ તો સૌ પશુવત છે, તે પાણી વિના જેમ હરણ ને માછલાં મરી ગયાં તેમ જીવમાત્ર તૃષ્ણામાં મરી જાશે. માલ જાણ્યો હોય તો ઉપવાસ કરવો કાંઈ કઠણ નથી. પીઠલપરના હરજીઠક્કરને ભગવાનમાં માલ જણાણો, તો લાખ રૂપિયાની ઉઘરાણી ખોટી કરી ગઢડે આવ્યા ને મહારાજ પાસે રહ્યા.

(જુઓ પ્રકરણ ૧૩ ની વાત ૧૪)

(૧૮૪) જેને રાજી કરવા આવ્યા છીએ તેને ઓશિયાળા કરાય છે ને ઉપેક્ષાથી ભૂંડા ઘાટ થાવા માંડે. બાયડી મૂકીને આવ્યા હોય ને ચાળા ચૂંથવા માંડે પણ જ્યારે મૂકી હોય ત્યારે અંતર સારું હોય, પછી અવગુણ લિયે એટલે બુદ્ધિ ફરી જાય છે પણ ભગવાન છે તે કૃત્યના જાણનારા છે માટે જ્યાં ભગવાનની વાર્તા સંભળાય, ભગવાનમાં હેત થાય ને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય; ત્યાં બેસવું તે ઠીક ને બીજે બેસે તેમાં જીવનું શ્રેય થાય નહિ.

સંવત ૧૯૧૮ના અષાઢ વદિ બારસને દિવસે સ્વામીએ વાત કરી જે,

(૧૮૫) વિષયનું બળવાનપણું બહુ છે તે ભેંશ ન દેવાણી પછી વિયાણી ત્યારે પગ ભાંગ્યો એટલે દોવા ન દીધું ને વેચાણી પણ નહિ.

(૧૮૬) એકજણ વડની વડવાઈ ઝાલીને મધનાં ઊંચેથી ટીપાં પડતાં હતાં તે મોઢામાં લેતો હતો ને બે ઉંદરડા તે વડવાઈ કાપતા હતા પછી એક સાધુએ રસ્તે ચાલતાં કહ્યું જે, 'હમણાં કૂવામાં પડીશ.' ત્યારે કહે જે, 'આ બે ટીપાં તો લઈ લઉં !' ત્યાં તો પડચો કૂવામાં. તેમ મોહેકરીને મધનાં ટીપાંરૂપી સંસારનાં સુખ લેવા જાય છે, ત્યાં રાત્ય-દિ'રૂપી ઉંદરડા આવરદા કાપી નાખે છે, એટલે સંસૃતિરૂપી અંધ કૂવામાં પડચે છે.

(૧૮૭) આત્મારૂપે વરતવું, ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું, ભગવાનની આજ્ઞામાં રે'વું ને ચોથું એકાંતિકનો નિરંતર સમાગમ કરવો, એ ચારમાં જીવને સુખ છે, પણ એકકામના સુખ સારુ આ દેહ વેચ્યું છે, તેથી ભગવાનનું સુખ આવતું નથી. જુઓને, જે નથી ભોગવતા તે ક્યાં મરી જાય છે ?

રસના વશ કરી હરિ રટે, સો પહુંચે પ્રભુધામ.

જ્યાં રસનાનું પોષણ ન થાય ત્યાં સર્વે વિષય બંધ થઈ જાય છે.

(૧૮૮) તાવ આવે ત્યારે ભોજન ન ભાવે, તેમ વિષયનો અભાવ થાય તો ભગવાનનું સુખ આવે. ધ્રાફાનો રાજા બંધાણી થઈને મરી ગયો માટે જાણપણામાં રહીને આત્મારૂપ થઈ ભજન કર્યે તો સુખ થાય. સાધનેકરીને સુખ તો થાય, પણ તે દેશકાળે ટળી જાય. જાણપણામાં રહ્યા થકે જે સુખ થાય છે તે સુખ નાશ નથી પામતું માટે જાણપણામાં રે'વા માંડે ત્યારે પોતાના હૃદયમાં એમ જણાય જે, મારામાં આટલા દોષ છે, આટલા ગુણ છે ને આટલા રજ-તમ વરતે છે. આવા જોગ વિના બીજા ગમે તેટલા ઉપાય કર્યે પણ વાસના ટળતી નથી.

જોજો કરે ઉપાય, છૂટવે કે હિત પ્રાની;
સોસો બંધન હોત, મોક્ષ રીતિ નહિ જાની.
ખાતહે ઝંપાપાત, જાયહી મારે ગરહી;
કેશલુંછન કર્નછેદ, અંગ બાઘંબર ધરહી.
શિર જટા ખાખ તન લગાય કે, ફિરત પશુવત ફૂલ હે;
કહે બ્રહ્મમુનિ હરિ પ્રગટ બિન, સબ સાધન ભ્રમ મૂલ હે.

(બ્રહ્માનંદ કાવ્ય : ચાનક કો અંગ)

(૧૮૯) કોથળીમાં રૂપિયા ભર્યા હોય તેમ કારણદેહમાં સર્વે દોષ ભર્યા છે. ભટ્ટ ધૂણ્યો ત્યારે બાકરું માગ્યું. પછી માણસોએ પૂછ્યું જે, 'બ્રાહ્મણ થઈને આ શું માગ્યું ?' ત્યારે કહે, 'હું તો ખમીહો છું.' તેમ કામ-ક્રોધાદિક ખમીહા જેવા છે, તે જ્યારે આવે ત્યારે કાંઈનું કાંઈ કર્યે !

(૧૯૦) દેહે અસમર્થ હોય તેણે ગામતરાના મનસૂબા ન કરવા. તેણે તો ઘેર બેઠાં ભજન કરવું.

(૧૯૧) વિષય છે તે સારા ગુણ તાણી લિયે છે. ચીભડું જ્યારે પાકે ત્યારે ફાટે, તેમ બહુ વિષય ભોગવે તો વૃત્તિયું ફાટી જાય. પચ્છમમાં એક બાવે ગરાસિયાને બંધાણ કરાવ્યું તે બાયડી ખાસડાં માર્યે ત્યારે અફીણ આવે (ચઢે) ને બીજાને તો બાયડી બોલે જે, 'આયો, બા આયો !' ત્યારે અફીણ આવે. એમ કરતાં બાયડી મરી ગઈ ને અફીણ આવ્યું નહિ, પછી મસાણમાં જ્યાં બાળી હતી ત્યાં ગયો ને પોતે બોલ્યો, 'આયો, બા આયો !' પછી અફીણ આવ્યું. તે રોજ મસાણમાં જાય ત્યારે અફીણ આવે. ને ત્રીજાને તો કસુંબો લઈ ઘોડીએ ચડે ને ઘોડી હણહણે ત્યારે કસુંબો આવે, પછી ઘોડી મરી ગઈ ને ઘોડું લેવા પૈસા પણ ન રહ્યા; એટલે વંડી માથે દળી નાખી વંડીએ ચડે ને જાણે 'ઘોડીએ ચડયો છું.' એમ માની હાથમાં રેન લઈ પગનાં ઠેબાં મારીને પોતે મોઢે હણહણે, ત્યારે અફીણ આવે; એવાં દુઃખ છે પણ જીવને વિષયમાં દુઃખ દેખતાં આવડે નહિ જેને સાંખ્ય વિચાર હોય કે, ભગવાન સાથે સ્નેહ હોય, તેને જો વિષય અંતરાય કર્યે તો તે વિષયનો ત્યાગ કર્યે.

(૧૯૨) સ્વામિનારાયણનું પ્રગટ થાવું તે મૂળ અજ્ઞાનનો નાશ કરવા સારુ છે. બીજા કોઈએ કારણ શરીર નાશ નથી કર્યું.

गोकोटिदानं ग्रहणे तु काशी मकरप्रयागे यदि कल्पवासी ।
यज्ञायुतं मेरुसुवर्णदानं गोविन्दनाम्नः न समानतुल्यम् ॥
(પાંડવ ગીતા : ૪૬)

અર્થ :- ગ્રહણસમયે કોટિ (કરોડ) ગાયોનું દાન કરો, કાશી ને પ્રયાગરાજના ગંગાના તટે રહી દસહજાર કલ્પપર્યંત નિવાસ કરો, દસહજાર યજ્ઞ-યાગાદિ ક્રિયાઓ કરો અને મેરુ પર્વતના જેટલું સુવર્ણનું દાન કરો તો પણ તે બધું ગોવિંદના નામ લેવાની બરાબરી (તુલના)માં ક્યારેય આવે નહિ. આજના હરિજનના મહિમાનો પારાવાર આવે એમ નથી ને સાધુના કાંડામાં એવું બળ છે જે અષ્ટાવરણ પાર જીવને ફંગોળી દિયે, એવા તો આ સાધુ ને આ સત્સંગી સર્વે છે પણ તે કળાય નહિ. સત્સંગમાં બહુ બળ છે ને

હજી થાશે, માટે સત્સંગમાં કુસંગ પેસવા દેવો નહિ ને સત્સંગની ગોવાળી સર્વેએ કરવી.

(૧૯૩) મોટા માણસને સત્સંગ કરાવવાની લાલચ રાખવી નહિ. તેને ચાલે ત્યાં સુધી તો મળવું પણ નહિ; કેમ જે, મળે તો કાંઈક સેવા ચીંધે. માટે મોટા માણસની ભાઈબંધીય રાખવી નહિ તેનાથી આપણું શ્રેય થાય નહિ. એક ડોશીને રાજાના કુંવર સાથે ઓળખાણ થઈ. પછી તેને રાજ્ય આવ્યું, ત્યારે તેણે ડોશીને કહ્યું, 'ડોશીમા, કાંઈ કામ હોય તો કે'જો.' ત્યારે ડોશી કહે, 'આજે સવારમાં કૂતરી ઘરમાં ઘરી ગઈ છે તે નીકળતી નથી.' એટલે રાજાએ હુકમ કર્યો કે, 'કૂતરીને તોપે ઉડાડી ઘો.' તેમાં કૂતરી તો મર્યે પણ ડોશીનો કૂબો ઊડી જાય ત્યારે તેમાં ડોશીનું શું સારું થયું ? માટે મોટા માણસની સોબતમાં આપણને જ નુકશાન છે.

(૧૯૪) જન્મ, મૃત્યુ, ગર્ભવાસ આદિક દુ:ખ, જીવ કર્મવશ ભોગવે છે, તેનો વિચાર કર્યે તો વિષય ઝેર જેવા થઈ જાય ને ભગવાનનો મહિમા જાણે તો વિષય કડવા થઈ જાય.

(૧૯૫) બાહ્યદષ્ટિએ વરતવું ત્યારે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું ને જ્યારે અંતરદષ્ટિ કરવી ત્યારે સંકલ્પ સામું જોઈ રે'વું ને માન, રસાસ્વાદ ને લોભ એ ત્રણ્ય ગાંઠું હોય તેને અંતરદષ્ટિ ન થાય, પણ અંતરદષ્ટિ કરતાં કરતાં વિષય ખોટા થઈ જાય ને તે વિના તો દોષ કળાય નહિ. જેમ અંધારી રાત્ય હોય તેમાં કાંઈ દેખાય નહિ પણ જ્યારે બેસીને જુએ ત્યારે જણાય જે, માણસ છે કે પશુ છે તેમ જ્યારે પાછીવૃત્તિ વાળે, ત્યારે ભગવાનના ભજનમાં જે આડું આવે તે જણાય, પછી તેને વિચારે કરીને ટાળી નાખે.

(૧૯૬) કૃપાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી, આત્માનંદસ્વામી, કૈવલ્યાનંદસ્વામી, કૃષ્ણાનંદસ્વામી, આદિક દસ-વીસનાં નામ લઈને કહ્યું જે, એવાનો સમાગમ એક કલ્પ સુધી કરાય ત્યારે સત્સંગી થાવાય ને એમાં લાખ જન્મ સુધી અથડાય, ત્યારકેડ્યે તેલધારા વૃત્તિ રહે. વે'વારમાં બહુ જોડાય તેને તો ભગવાનમાં વૃત્તિ રે'નારી જ નહીં. શ્વાસ ઊઠે છે ત્યાં વૃત્તિ રાખીને બે મહિના સુધી ભજનનો આગ્રહ કર્યે તો પછી ભજનમાંથી બા'ર્ય નીસરવું કઠણ પડયે.

સંવત ૧૯૧૮ના અષાઢ વદિ તેરસને દિવસે સ્વામીએ વાત કરી જે,

(૧૯૭) લોયાનું ૩જું વચનામૃત વંચાવી તે ઉપર વાત કરી જે,

ડડુસરવાળા ગલુજીની ડોશી મરી ગયાં, તેજવખતે મહારાજ સંત સાથે તે ગામથી નીકળ્યા; એટલે ગલુજીએ તે વાત છાની રાખી ને મહારાજ તથા સંતને ઉતારો આપી રસોઈ કરાવીને જમાડચા. મહારાજને રોકવા માંડયા, પણ રહ્યા નહિ પછી મહારાજને વળાવવા ગયા ત્યારે મહારાજ કહે, ''જાઓ, હવે તમારું કામ છે તે કરો.'' પછી ડોશીની દેહક્રિયા કરી. એવું બીજાથી થાય નહિ; કેમ જે, ધર્મ આડે આવે, 'પણ ભગવાનના સંબંધથી જ શુદ્ધ થાવાય છે.' એવી જેની સમજણ હોય તેની ભક્તિ, ભગવાન દઢ માહાત્મ્યેયુક્ત માને છે.

(૧૯૮) જે શુદ્ધ મુમુક્ષુ હોય તેને પ્રગટ ભગવાનના જોગ વગર કેવળ પ્રતિમાએ કરીને કે, શાસ્ત્ર શ્રવણેકરીને શાંતિ ન થાય. કુશળકુંવરબાઈ પાસે બ્રાહ્મણ 'ભાગવત'ની કથા વાંચતો હતો. તેમાં રુક્મિણીહરણની વાત આવી ત્યારે કુશળકુંવરબાઈએ કહ્યું જે, 'કથા સાંભળતાં મુને આટલાં વરસો થયાં ને તું પણ કે દિ'નો કથા વાંચે છે પણ જે દિ' પ્રગટ ભગવાન રુક્મિણીની પેઠચે કાંડું ઝાલશે, તે દિ' તારું ને મારું કલ્યાણ થાશે.' તે વાત પછી કેટલેક વખતે પરમચૈતન્યાનંદસ્વામી ફરતા ફરતા ધરમપુર આવી ચડચા અને સદાવ્રત લઈને ધર્મશાળામાં આરામ કરતા હતા, ત્યાં નિયમપ્રમાણે કુશળકુંવરબાઈ તીર્થવાસીઓના ચરણસ્પર્શ કરતાં કરતાં સ્વામી પાસે આવ્યાં. ત્યારે, 'અમે તો સ્વામિનારાયણ પ્રગટ ભગવાનના સાધુ છીએ એટલે સ્ત્રીથી દૂર રહીએ છીએ.' એમ કહી આઘા વહ્યા ગયા, આથી કુશળકુંવરબાઈ વિસ્મય પામ્યાં અને સ્વામીને માટે માન થયું અને મહારાજની આજ્ઞાપ્રમાણે ધર્મ જળવાઈ રહે એ રીત્યે આડો ચક નંખાવીને મહારાજના પ્રતાપની વાતુ સાંભળી, તેથી શાંતિ થઈ ગઈ.

પછી એ પ્રમાણે સ્વામી રોજ થાળ જમે અને દરબારમાં જઈને મહારાજના પ્રગટ મહિમા ને પ્રતાપની વાતુ કર્યે અને કુંવર (પૌત્ર) ભેગા હાથીએ બેસીને હનુમાનગઢીએ દર્શને જાય. આ વાતની મહારાજને ખબર પડી એટલે પરમચૈતન્યાનંદસ્વામીને તેડવા મુક્તાનંદસ્વામીને મોકલ્યા ને મુક્તાનંદસ્વામીને તો પરમચૈતન્યાનંદસ્વામી ગુરુ તરીકે માનતા, તેથી ઊંચી ગાદીએ બેસાડીને, તેમની પાસે મહારાજના મહિમા અને નિશ્ચયની વાતુ કરાવી. આથી કુશળકુંવરબાઈને નિશ્ચિય થયો ને મહારાજને ધરમપુર તેડાવી આપવાને પ્રાર્થના કરી. એટલે મહારાજ સંત-પાર્ષદ સાથે ત્યાં પધાર્યા. કુશળકુંવરબાઈ ગરાસિયા ને વળી ઓઝલવાળાં, તો પણ મહારાજનાં ચરણારવિંદને બાઝી પડચાં. તેથી મહારાજે કાંડું ઝાલીને કહ્યું કે,

''એવું રે'વા દ્યો.'' એટલું કે'તાં જ બાઈને અંતરમાં પરમ શાંતિ થઈ ગઈ અને મહારાજ રોકાયા તેટલા દિ' મહારાજની બાવીસવાર આરતી ઉતારી ને સભામાં મહારાજને મળ્યાં અને વૃત્તિ પલટાવીને મહારાજની મૂર્તિને અંતરમાં ઉતારતાં ગયાં. પછી મહારાજે બાઈઉં પાસે રાખીને તેમની પાસે કથા વંચાવવી ને સાંભળવી, એવી આજ્ઞા કરી અને ગઢપુર જાવા રજા માગી. સર્વે ગઢપુર પોં'ચ્યાં, ત્યાં તુરત જ ખબર આવ્યા કે કુશળકુંવરબાઈએ ધરમપુરમાં પંદરમે દિ' અક્ષરવાસ કર્યો છે.

(૧૯૯) દાદાખાચરને માણસ રાખવું હતું તે મહારાજે પ્રથમ કાઠીઉંને પૂછ્યું જે, ''કોઈ દાદાખાચરના ગોલા થાશો ?'' ત્યારે કહે જે, 'ના મહારાજ ! અમારે ખાવા પીવા છે ને ગોલા શ્યા સારુ થઈએ ?' મહારાજ કહે, 'પર્વતભાઈ હોય તો થાય.'' ત્યાં પર્વતભાઈ આવ્યા તેમને મહારાજે પૂછ્યું જે, ''તમે દાદાખાચરના ગોલા થાશો ?'' ત્યારે કહે, 'હા મહારાજ ! ભગવાનના ભક્તના ગોલા થાવાય એવાં ભાગ્ય ક્યાંથી ?' તે પર્વતભાઈના મનમાં એમ જે, ઘરના ગોલા છીએ ત્યારે આમાં શું ? મહારાજે દાદાખાચરને કહ્યું જે, ''પર્વતભાઈને રાખો.'' પછી રાખ્યા, પણ મહારાજે બે દિ' કેડ્યે આળસાવ્યા; પણ એમ બીજાથી બોલાય નહિ, તો ગોલા કેમ થાવાય ? માટે દાસના દાસ થાવું ઘણું કઠણ છે.

વળી એકવખત પર્વતભાઈનો છોકરો કંઠપ્રાણ માંદો હતો, ત્યાં મહારાજનો કાગળ તુરત બોલાવ્યાનો આવ્યો, એટલે ચાલી નીકળ્યા. વાંસેથી છોકરે દેહ મેલી દીધો, તેથી વાંસે માણસ બોલાવવા મોકલ્યું; પણ પર્વતભાઈએ કહ્યું જે, 'તમે દેહક્રિયા કરી નાખજો, મારું એમાં શું કામ છે ?' એમ કહીને પાસેના વોંકળામાં ન્હાઈ-ધોઈને ચાલતા થયા ને ગઢડે મહારાજને દંડવત્ કરી હાથ જોડી દર્શન કરતા થકા ઊભા રહ્યા. ત્યારે મહારાજે પૂછ્યું જે, ''તમારા છોકરાને સુવાણ થઈ ?'' એટલે પર્વતભાઈએ કહ્યું કે, 'હા મહારાજ ! તેને બહુ સારી સુવાણ થઈ ગઈ; તે હવે કોસ હાંકવો મટચો, પહર ચારવી મટી, એમ બધી ખેડ મટી ને તમારા ધામમાં ગયો તે બહુ સારી સુવાણ થઈ !' આ સાંભળીને મહારાજે તેમની પ્રસંશા કરી. અગતરાઈમાં મહારાજ શેરડી જમતા હતા, તે પ્રસાદી પર્વતભાઈને આપી. એટલે પર્વતભાઈ કહે, 'મારા ઇષ્ટદેવ જમે તો તે મારાથી ખવાય.' ત્યારે મહારાજ કહે, ''અમારા વગર તમારા બીજા ઇષ્ટદેવ છે ?'' ત્યારે પર્વતભાઈ કહે કે, 'આ બધા સાધુ મારા ઇષ્ટદેવ છે; તેમને તમે દોઢવરસથી શેરડી, ગોળ, ખાંડ વગેરેની બંધી કરી છે, તે દિ'થી હું પણ તે ખાતો નથી.' આથી મહારાજે સંતોને શેરડી જમાડી ને

ગોળ-ખાંડ ખાવાની છૂટી આપી.

(૨૦૦) વાંક્યિાનાં રાજબાઈ, જીવુબાઈનાં માશીનાં દીકરી બે'ન થાતાં તેણે એકવાર ગઢડામાં મહારાજનાં દર્શન ક્ર્યાં એટલામાં મૂર્તિમાં ચિત્ત તણાઈ ગયું અને ભગવાનપણાનો નિશ્ચય થઈ ગયો, પછી પુરુષ, હરામ બરોબર કરી ભગવાન ભજવાનો સંકલ્પ ક્ર્યો. સગાઈની ના પાડી તો પણ સંબંધ ક્ર્યો ને ચૂંદડી આવી એટલે કોઠલા ઉપર મૂકી. તેમની મા કહે, 'રાજુ, જો આ ચૂંદડી આવી.' ત્યારે કહે, 'બળી તારી ચૂંદડી.' ત્યાં તો ઝળેળાટ ભડકો થયો. પછી જાન આવી ને વર તોરણે આવ્યો ત્યારે સમાધિમાં વહ્યાં ગયાં, એટલે દેહ તો લાકડા જેવું થઈ ગયું; તે મડા (મડદાં) જેવાને કેમ બેસારાય ? પછી તેમને બદલે ગોલીને બેસારીને પરણાવી દીધી. પછી જાન ચાલી ત્યારે રાજબાઈને ગાડે બેસાર્યાં ને રસ્તામાં મહારાજને પ્રતાપે ભૂખ-તરસ લાગી નહિ. ઘેર ગયાં ત્યાં વરને સિંહરૂપે દેખાણાં તે વર રાડ પાડીને ભાગ્યો ને કહ્યું જે, 'માર્યે જોઈતી નથી, તેને પાછી મોકલી દિયો.' પછી ગઢડે આવ્યાં ને જીવુબાઈ ભેગાં મહારાજની સેવામાં રહ્યાં તે ત્યાગ બહુ પાળતાં, જાડાં લૂગડાં પે'રતાં ને પૃથ્વી ઉપર સૂતાં ને પાશેર-દોઢપાશેર માંડ જમતાં. તેમણે દેહ મૂક્યો ત્યારે દેહક્રિયા કરતી વખતે દાદાખાચરે ઘી ઝાઝું નાખી અગ્નિ મૂક્યો, પણ અગ્નિ લાગ્યો નહિ. પછી ગોપાળાનંદસ્વામીને વાત કરી તો કહે, 'અગ્નિદેવ સતીને સ્પર્શ કરી ન શકે; કેમ જે, સતીને અડી જાવાય તો સતીને ઉપવાસ પડચે, તો તેનું પોતાનું નખોદ નીકળી જાય એમ બીવે છે. માટે કહો જે, સતી તો વહ્યાં ગયાં છે ને આ તો પંચભૂતનું દેહ છે; તે તમને કાંઈ દોષ નહિ લાગે.' પછી એમ કહ્યું કે, તુરત અગ્નિ લાગ્યો, એવાં સતી હતાં.

(૨૦૧) જીવુબાઈ ગઢપુરના એભલખાચરનાં મોટાં દીકરી હતાં એભલખાચરને છોકરાં જીવતાં ન હતાં, તેથી તેમનું નામ જીવુબા પાડચું હતું. વળી પૂનમને દિ' જન્મ હોવાથી તેમને પૂનમતીબા પણ કે'તા. વળી મોટાં હોવાથી તેમને મોટીબા કે જયાબા પણ કે'તા. તેમને કુંડળના અમરા પટગરના દીકરા હાથિયા પટગર વેરે પરણાવ્યાં હતાં, પણ સાસરે ગયાં ત્યારે તેનાં સાસુ રાઈબાઈને કહ્યું જે, 'માર્યે બ્રહ્મચર્ય પાળીને ભગવાન ભજવા છે.' ત્યારે રાઈબાઈએ તેના દીકરાને કહ્યું જે, 'આને લખી આપો, તમને બીજી પરણાવીશું.' પછી લખી આપ્યું એટલે તે કાગળ લઈને ગઢડે આવ્યાં. ત્યાં એભલખાચરે દીઠાં ને જાણ્યું જે રિસાઈને આવ્યાં હશે તેથી મારવા ઊઠચા. પછી તો કાગળ દેખાડચો એટલે કાંઈ બોલ્યા નહિ. પછી

જીવુબા મહારાજની ભજન-ભક્તિ કરતાં થકાં સેવામાં રહ્યાં. જીવુબાથી નાનાં લાડુબાઈ કે લલિતા એભલખાચરનાં બીજાં દીકરી હતાં. તેમને પણ નાનપણથી જ બ્રહ્મચર્ય પાળીને ભગવાન ભજવાનો ઠરાવ હતો. તેમને બોટાદના માતરાધાધલ વેરે પરણાવ્યાં હતાં; પણ રાત્યે માતરાધાધલને સિંહરૂપે દર્શન થયાં, એટલે સવારે કાગળ લખી દીધો ને ગઢડે મોકલી આપ્યાં અને એભલખાચરને કાગળ બતાવ્યો. એ રીત્યે જીવુબાની પેઠયે જ ગઢપુરમાં મહારાજની ભજન-ભક્તિ કરતાં થકાં સેવામાં રહ્યાં.

(૨૦૨) મહારાજ પ્રથમ જીવાખાચરને ઘેર પધાર્યા હતા. એક દિ' જીવુબા-લાડુબા, મહારાજ નદીએ આવ્યાના સમાચાર સાંભળીને પાણી ભરવા ગયાં ને સાથે બાઈનાં લૂગડાં બેડામાં ઘાલીને લેતાં ગયાં તે મહારાજને પે'રાવીને પોતાની સાથે દરબારમાં આવ્યાં. ત્યારે એભલખાચરે પૂછ્યું જે, 'જીવુબા, આ કોણ છે ?' તો કહે, 'એ તો કાળુ તરવાડીની ધીની ધી પ્રભુ ભજવા આવી છે.' તે ઉપર બ્રહ્માનંદસ્વામીએ,

ઘાઘરિયો ઘેરાળો રે, નાથ બન્યા છે નાજુકડી,

એ કીર્તન કર્યું. એભલખાચરને પોતાના દરબારમાં મહારાજ પધારે તે વાત ગમતી નહિ, તેથી સૌ બીતાં હતાં; તેથી ઓરડાનાં નામ પાડયાં હતાં. તે ક્યારેક એભલખાચર પૂછે જે, 'જીવુબા, મહારાજ હમણાં ક્યાં છે ?' તો કહે, 'હમણાં તો ભૂજ છે.' એવી રીત્યે મહારાજની માથાસાટે નિષ્ઠા રાખી હતી. જીવુબા-લાડુબા ઠાકોરજીની પૂજા-આરતી કર્યે, તે પણ એભલખાચરને ગમતું નહિ. તેથી એકવખત ફારો દીધો કે, 'આ દરબારમાં તમારે શું ઠાકોરદ્વારો કરવો છે ?' પણ બન્ને બે'નો પૂજા કરતાં હતાં; તેમાં જીવુબાના હાથે લાલજી સાક્ષાત્ દૂધ પી જાતા હવા તે નજરોનજર જોયું તથા એકવખત મહારાજે તેમને સાક્ષાત્ ચતુર્ભુજરૂપે દર્શન દીધાં, તેથી એભલખાચરને મહારાજનો નિશ્ચય થયો હતો ને પછી કાંઈ બોલતા નહિ.

(૨૦૩) મોટીબાઈ, લાડુબાઈ ને રાજબાઈ કારિયાણીથી આવતાં હતાં. સાલેમાળ આગળ આવ્યાં ત્યાં તલાવડીને કાંઠે સાધુને દીઠા એટલે ખબર કઢાવી; તો મોટા અખંડાનંદસ્વામીને હાથધોણું થયું હતું ને ચાલી શકે તેમ નહોતા. એટલે પોતે ઊતરી ગયાં ને કહે, 'અમે ચાલશું ને અખંડાનંદસ્વામીને આમાં બેસારી ગઢડે લઈ જાઓ.' પછી બેલડામાં સાત રેશમી ધડકીઉં ઉપરા-ઉપરી પાથરીને બેસાર્યા. રસ્તામાં કાંકરા, તડકો ને વળી અડવાણે પગે ચાલ્યાં, તે પગે ફોડલા થઈ ગયા. ગઢડે

આવી ધડકીઉં ધોઈને સૂકવી ત્યારે મહારાજે પૂછ્યું, "આ કેમ ધોઈ ?" પછી વાત કરી, તે સાંભળી મહારાજ બહુ રાજી થયા ને કહે, "આવું તો કોઈથી થાય નહિ ! માગો, માગો !" ત્યારે બાઈઉં કહે, 'અમારે ઘેર સદા નિવાસ કરીને રહો.'

(૨૦૪) રામબાઈ તે જેતપુરનાં કડવીબાઈ, તે જ્ઞાતે બ્રાહ્મણ હતાં ને પરોક્ષ કીર્તન જે,

તેડી જાઓ તો અમારા મન ઠરે !

એ વારે વારે બોલતાં. એકવખતે કડવીબાઈ જેતપુરની સીમમાં ખડ લેતાં હતાં, ત્યાં મહારાજે ધોરાજીથી આવતાં દીઠાં; એટલે કડવીબાઈનું કીર્તન સાંભળી હોંકારો દીધો ને કહે, "જેને પ્રભુ ભજવા હોય તેણે ચૂડલી ન જો'એ ને માથે વાળ ન જો'એ." તે સાંભળીને કડવીબાઈએ ચૂડલી કાઢી નાખી દીધી તે મહારાજે લઈ લીધી ને મોટીબાઈને આપી તે ઉપરથી પ્રેમાનંદસ્વામીએ,

મેરો કંગન નીકારી ગયો રે.

એ કીર્તન કર્યું. ત્યારે મહારાજ પ્રેમાનંદસ્વામીને વઢ્યા જે, "અમે કે દિ' એવું કર્યું છે ?" પછી મોટીબાએ ચૂડલી લાવીને મહારાજ તરફ રેડવી મૂકી ને કહે, 'આ કામ કેનું ?' એટલે મહારાજ હસ્યા.

કડવીએ ગામમાં જઈ વાળંદને બોલાવી જીવતે ધણીએ મૂંડાવ્યું; એટલે તેનો ધણી ખાટલાનો પાયો તેની છાતી માથે મૂકીને સૂતો, એવું દુઃખ દેતો. તે વાતની મહારાજને ખબર પડી, ત્યારે મહારાજે પાળા સાથે વે'લડું મોકલ્યું, તે પીઠડિયાને રસ્તે ફકીરનો તક્યિો છે ત્યાં વે'લડું રાખી બે જણ ગામમાં ગયા, કડવીબાઈને મળ્યા ને કહે, 'મહારાજે તેડવા મોકલ્યા છે ને વે'લડું ફકીરના તક્યિા આગળ રાખ્યું છે માટે ત્યાં આવજો.' એમ કહી વહ્યા ગયા. પછી કડવી તેમની માને કહે, 'મારા સારુ પૂડલા કર્ય, ત્યાં હું ઝાડે ફરી આવું.' એમ કહી વહ્યાં ગયાં. ને તેમની માને એકલાને હેત તે જાણે, 'આ લાંઘે છે તે લેનેખાય તો કરું.' તે પૂડલા કરી રહ્યાં તોય આવ્યાં નહિ એટલે તેમની મા નદીએ ગયાં. ત્યાં તો પૂર આવેલ દીઠું ને એકખત્રીને દીઠો તેને પૂછ્યું જે, 'કોઈ બાઈને દીઠી ?' તો કહે, 'હા, નદીમાં જાતાં દીઠી હતી, ને પછી તો પૂર આવ્યું તે કાંઈ સરત રહી નથી' પછી તેમની મા જાણે પૂરમાં તણાઈ ગઈ હશે પણ તે તો વે'લડામાં બેસીને ગઢડે મહારાજ પાસે પોં'ચ્યાં.

પછી ગામમાં તેમની માએ વાત કરી જે, 'કડવી તો પૂરમાં તણાઈ ગઈ.' પણ સાસરિયાંવાળે માન્યું નહિ ને જેતપુરના કાઠીને રાવ કરી જે, 'જીવોજોશી,

પૂતળી, ગોરધન ને શિવો એ ચાર જણે મળી કડવીને ભગાડી છે.' એટલે કાઠીએ એ ચારે હરિજનને બોલાવ્યા ને કહ્યું જે, 'તમે કડવીને ભગાડી છે, માટે જો તે તમારા સત્સંગમાંથી જડશે તો તમારાં ચારેનાં માથાં ડૂલ થાશે.' એટલે તેમણે માથાં માંડી આપ્યાં. તે વાતની મહારાજને ખબર પડી, ત્યારે મહારાજ કહે, "તેને કાઢી મૂકો, તેના સારુ અમે ચાર હરિજનનાં માથાં નહિ દઈએ." પછી તો રામબાઈ નામ પાડચું ને કઠલાલમાં ધોળે લૂગડે રહ્યાં ને રેંટિયો કાંતીને ભગવાન ભજ્યા. તે ઉપર પ્રેમાનંદસ્વામીએ,

કર દિની કર દિની કર દિની રે, બાલાપનમેં વેરાગન કર દિની.

એ કીર્તન ર્ક્યું. ને જેતપુરના બ્રાહ્મણોને જીવાજોશી ઉપર મનમાં દાઝ જે તેણે ભગાડી છે માટે તેને હેરાન કરવો. પછી ચોરાશીમાં દાળ, શાક, પાણી વગેરે બધામાં વઘારણી નાખીને કાઠીને કહ્યું જે, 'જીવોજોશી તમારી ચોરાશી બગાડશે કાં જે, તે જમશે નહિ.' પછી તે ન જમ્યા, એટલે કાઠીએ તેમને ઘેર કડીઉં દીધી. તે વાતની મહારાજને ખબર પડી, ત્યારે મહારાજ કહે, "અમે વઘારણી ખાવાની ના પાડી છે, તે અમારી આજ્ઞા પાળવામાં જીવાજોશીને કેટલો મમત્વ છે, માટે કોઈ શાસ્ત્રવાળે નિષેધ ન ર્ક્યો હોય તો પણ આપણે ન ખાવી."

(૨૦૫) એકવાર લાડુબા તથા જીવુબાની વચ્ચે મહારાજ ખાટે બેસી હીંચતા હતા ત્યાં દાદાખાચર ગયા, ત્યારે મહારાજે દાદાખાચરને પૂછ્યું જે, "તમને કાંઈ સંશય થાય છે ?" તો કહે, 'ના મહારાજ ! તમે તો ભગવાન છો ને આ બેય બ્રહ્મની મૂર્તિયું છે, તેમાં મુને શું સંશય થાય ?' એમ કહી મહારાજને ઝુલાવ્યા. એવું દાદાખાચરથી થાય, બીજાથી ન થાય.

(૨૦૬) એકવખતે જીવાખાચરે ભાવનગરમાં વજેસિંહ દરબારને ભરાવ્યું જે, 'દાદાખાચરના ઘરમાં મહારાજ તેની બે'નો ભેળા રહે છે; તે વાત તમે સભામાં કહી દાદાખાચરને ઠપકો દિયો તો સારું.' જીવાખાચરના મનમાં એમ જે, સભામાં અપકીર્તિ થાશે એટલે મહારાજને રજા દેશે; પણ જ્યારે સભામાં દાદાખાચરને વજેસિંહે કહ્યું જે, 'તમે તમારી બે'નો સ્વામિનારાયણને ભળાવી દીધી છે ?' ત્યારે દાદાખાચરે કહ્યું જે, 'કો'ક કાઠીને ભળાવી દેત, તે કરતાં આ તો ભગવાન છે ! જેને મરીને પામવા હતા તે દેહ છતાં જ મળ્યા, તે એમનાં મોટાં ભાગ્ય, એમ અમે સમજીએ છીએ !' એમ દાદાખાચરથી કે'વાય, બીજાથી ન કે'વાય; માટે એનાં વખાણ થાય છે.

એકવખત મહારાજે દાદાખાચરને પોતાનો ગરાસ તેની બે'નોને લખી આપવા કહ્યું. એટલે તુરત જીવુબા અને લાડુબાને તમામ ગરાસ લખી આપ્યો. પછી મહારાજે કહ્યું જે, "હવે તમારું ગુજરાન કેમ ચલાવશો ?" ત્યારે દાદાખાચરે કહ્યું કે, 'હું વજેસિંહ દરબારને ત્યાં નોકરી કરીશ.' એટલે કહે, "જાઓ." એટલે ચાલી નીકળ્યા. પછી જીવુબા અને લાડુબાને કહે કે, "તમારે ગરાસસંબંધી કાંઈ સરકારી કામ હશે તે દાદાખાચર કરશે; માટે તેમને રાખો." એટલે કહે, 'જેમ તમારી મરજી.' એટલે દાદાખાચર રાધાવાવ સુધી ગયા હશે ત્યાંથી પાછા બોલાવ્યા. એકવખત વરસાદના સમયમાં ઘેલાના કાંઠે વૈરાગી દેવતા સળગાવે પણ સળગે નહિ; તે જોઈને મહારાજે જીવાખાચરને કહ્યું જે, "વૈરાગી ઊતરે એવી એક જાયગા કરાવો." ત્યારે તે કહે કે, 'એવા વૈરાગી તો ઘણાય આથડે છે.' પછી દાદાખાચરને કહ્યું, એટલે દાદાખાચર કહે 'આ મારું ઘર મોટું છે, ત્યાં તીર્થવાસીને ઉતારો.' ત્યારે મહારાજ કહે, "તમે ક્યાં રે'શો ?" એટલે કહે, 'હું સાધુની જાયગામાં રહીશ ને મારા ઘરનાં બાઈઉં ભેગાં રહેશે.' આ સાંભળીને મહારાજ બહુ પ્રસન્ન થયા. એવા અનેક ગુણ જોઈને મહારાજ પ્રેમથી બંધાઈને એકધારા ત્રીસ વરસ ગઢપુરમાં રહ્યા હતા.

(૨૦૭) માંચોખાચર સત્સંગ થયા મોર્યે મારગી પંથમાં હતા તો પણ નિષ્કામી વર્તમાનમાં ફેર પડ્યો નહિ અને બાળબ્રહ્મચારી રહ્યા અને કીમિયાવાળાને પોતાના ગામમાંથી તગડી મૂક્યો. માંચોખાચર ને તેમનો ચારણ ભોજો, બેય ભગવાન ગોતવા નીકળ્યા તે, જેને ભગવાન મળે તે બીજાને મેળવે, એવો ઠરાવ કર્યો પછી રામાનંદસ્વામી મળ્યા ને તે પછી મહારાજ મળ્યા એટલે ભોજાને તેડાવી લીધો ને બેય ભેળા થયા અને મહારાજને દર્શને ચાલ્યા, પણ બા'ર્ય નીસર્યા ત્યાં પોતાના પાંચસેં વિઘાના ખેતરમાં <u>વણ</u> તૈયાર થયો હતો તો કહે, 'વણ લઈને જા'એ' પછી તો <u>ધણવાળા</u>ને કહે, '<u>ભેળાવી દ્યો</u>' ત્યારે તે કહે, 'ના' તો કહે, 'હું કહું છું ને ? તને શું છે ?' પછી વણ ભેળાવીને ભોજાને કહ્યું જે, 'હવે જા'શું ?' તો કહે, 'હા, હવે તો કોઈ ના પાડતું નથી, મન પણ હા પાડચે છે.' પછી દર્શને ગયા. તે સાલ હિમ બહુ પડ્યું ને બીજાનાં વણ બળી ગયાં પણ આમના વણમાં કોંટા ફૂટ્યા ને ઘણો કપાસ થઈ પડ્યો.

(૨૦૮) મહારાજ ભાદરામાં વિરાજતા હતા. ત્યાં મૂળજીબ્રહ્મચારીને મોજડીઉં તેલ ચોપડવા આપીને કહ્યું કે, "તમે જ ચોપડજો પણ બીજાને ચોપડવા

દેશો નહિ.'' પછી બ્રહ્મચારી ચોપડતા હતા ત્યાં વશરામભક્ત આવ્યા. તે કહે, 'લાવો હું ચોપડું.' ત્યારે બ્રહ્મચારીએ ના પાડી. પછી પગે લાગી વિનંતી કરી જે, 'આજ મને કૃપા કરી મોજડીઉં ચોપડવા દિયો તો બહુ સારું.' ત્યારે કહે, 'મહારાજની આજ્ઞા નથી.' પણ બહુ આગ્રહ ક્ર્યો એટલે આપી ને તે ચોપડવા લાગ્યા. ત્યાં મહારાજ આવ્યા ને કહે, ''ભગત, તમે કેમ ચોપડો છો ? બ્રહ્મચારી ક્યાં ગયા ?'' ત્યાં તો બ્રહ્મચારી આવ્યા, એટલે મહારાજે ઠપકો દીધો જે, ''તમે મોજડીઉં કેમ ન ચોપડી ? જાઓ, વિમુખ છો, ઘી-ગોળ ખાશો નહિ, જોડા પે'રશો નહિ ને જાતા રહો.''

પછી બ્રહ્મચારી કાનમદેશમાં રામદાસજીભાઈ હતા ત્યાં ગયા. રામદાસજીભાઈ સાધુ બહુ સારા ને સૌને નભાવે એવા હતા. બ્રહ્મચારીએ બધી વાત કહી, ત્યારે રામદાસજીભાઈ કહે, 'તમે સુખેથી આંહીં રહો.' પછી ત્યાં રહ્યા પણ વૈશાખ માસમાં સાખની કેરીઉંનો ટોપલો સાધુ સારુ આવ્યો, ત્યારે રામદાસજીભાઈ કહે, 'આ કેરીઉં તો મહારાજ જમે એવી છે ! પણ કોણ ગઢડે લઈ જાય ?' ત્યારે બ્રહ્મચારી કહે, 'હું જાઉં.' તો કહે, 'બહુ સારું.' પછી માથે કેરીઉંનો ટોપલો લઈને, એવા ઉનાળામાં અડવાણે પગે ચાલી ગઢડે ગયા ને મહારાજ આગળ ટોપલો મૂક્યો, દંડવત્ કરી પગે લાગ્યા ને જયસ્વામિનારાયણ કહ્યા; પણ મહારાજે તો બોલાવ્યા નહિ ને જયસ્વામિનારાયણ પણ ક્ર્યા નહિ. પછી બ્રહ્મચારી ગામમાં ગયા ત્યાં સુતારની એકડોશી હરિજન સામાં મળ્યાં, તેણે બ્રહ્મચારીને પૂછ્યું, 'કેમ દેખાતા નથી ?' ત્યારે બ્રહ્મચારી કહે, 'મહારાજે કાઢી મૂક્યો છે. કાનમ દેશથી કેરીઉં લાવ્યો છું, તે મહારાજ આગળ મૂકી, પણ મહારાજે તો બોલાવ્યો નહિ ને નારાયણેય ક્ર્યા નહિ.'

પછી ડોશી પોતાને ઘેર તેડી ગયાં ને પાકું સીધું આપ્યું; પણ બ્રહ્મચારીએ તો લોટનો ભાખરો કરી ખાઈ લીધું ને ઘી-ગોળ પાછું દીધું; ત્યારે ડોશી કહે, 'ઘી-ગોળ કેમ ન ખાધું ?' તો કહે, 'મહારાજે ના પાડી છે. કાનમ દેશથી અડવાણે પગે ચાલી કેરીઉંનો ટોપલો લાવ્યો; પણ નારાયણેય ક્ર્યા નહિ.' પછી ડોશી મહારાજ પાસે ગયાં ને કહે, 'મહારાજ ! બ્રહ્મચારીનો શ્યો વાંક છે, તે કાઢી મૂક્યા છે ? ઘી-ગોળ ખાવાની ને જોડા પે'રવાની ના કેમ પાડી છે ? ને આવા તડકામાં અડવાણે પગે કાનમથી કેરીઉંનો ટોપલો લાવ્યા, તોય નારાયણેય ક્ર્યા નહિ, તે શું છે ?' ત્યારે મહારાજ કહે, ''ભલે આવે, અમે ક્યાં ના પાડીએ છીએ.'' પછી બ્રહ્મચારી ગયા

અને કેરી ઘોળી પાસે મૂકીને બોલ્યા જે, 'કહો તો રસ કાઢીને જમાડું.' ત્યારે મહારાજ કહે, ''અમે ક્યાં ના પાડીએ છીએ ?'' પછી રસ કાઢી મહારાજને જમાડ્યા, એટલે મહારાજ રાજી થયા. પછી તો હંમેશની પેઠચે સેવા કરવા માંડી પણ વગર વાંકે અપમાન કરી કાઢ્યા તો પણ મહારાજને મૂક્યા નહિ, અવગુણ લીધો નહિ ને આજ્ઞા લોપી નહિ; તે જેવા ઈશ્વરમાં ગુણ હોય તેવા બ્રહ્મચારીમાં હતા. એવા થોડા જડે !

(૨૦૯) ભૂજવાળાં લાધીબાઈ પ્રથમ રામાનંદસ્વામીનાં શિષ્ય હતાં પછી મહારાજનો નિશ્ચય થયો હતો. પાછળથી તે વિધવા થયાં હતાં. તેમણે મહારાજને કહ્યું, 'મહારાજ ! તમે કહો ને શું ન થાય ?' ત્યારે મહારાજ કહે, ''એમ ?'' તો કહે, 'હા મહારાજ !' ત્યારે મહારાજે પૂછ્યું, ''અમે કહીએ તેમ કરશો ?'' એટલે કહે, 'હા મહારાજ !' મહારાજ કહે, ''સાડલો-ચૂડલો પે'રી, ચાંદલો કરી, સેંથો પાડી ભડને નાકેથી પાણીનું બેડું ભરી આંહીં લાવો.'' પછી તેમણે એમ જ કર્યું. એવું બીજાથી થાય નહિ.

(૨૧૦) મછિયાવના રાજાની કુંવરીને ઉદેપુરમાં પરણાવ્યાં હતાં. તેને માટલી આપવા મછિયાવના મૂળજીબ્રહ્મચારીને મોકલ્યા. તે જે માટલી લઈને જાય તેને ઓઝલમાં બાઈઉં પાસે જાવા દિયે તેથી તે જનાનામાં ગયા ને ભગવાન પ્રગટ્યાની ને પુરુષોત્તમપણાની વાતું કરી. ત્યારે ઉદેપુરના રાજાની કુંવરી ઝમકુબા ત્યાં બેઠાં હતાં તેમને ચટકી લાગી, તે રાત્યે પછેડા સાંધી-સાંધીને નીચે ઊતર્યાં ને ગઢમાંથી પાણી જાવાનાં ગરનાળાં હતાં તેમાંથી બા'ર્ય નીસર્યાં; પણ રસ્તાની ખબર નહોતી ને વાંસે માણસો ગોતવા નીકળ્યાં, એટલે મરેલ ઊંટનું ખોખું પડ્યું હતું તેમાં પેસી ગયાં તે ત્રણ્ય દિ' તેમાં રહ્યાં ને માણસો ગોતી ગોતીને પાછાં વળ્યાં, એટલે ત્રીજે દિ' રાત્યે ચાલી નીકળ્યાં ત્યાં વણઝારાની પોઠ ભેળી થઈ તે ભેળાં ચાલ્યાં ને વડનગર પોં'ચ્યાં; પણ વણઝારાની મતિ ફરી, એટલે તેને વાયદો દઈ છાનામાનાં સવારે તળાવે હરિભક્ત બાઈઉંનો સંઘ, 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' કરતો હતો તેમની પાસે વહ્યાં ગયાં ને તેમની સાથે ગઢડે પોં'ચ્યાં અને મહારાજને મળ્યાં ને દર્શન કર્યાં. પછી દાદાખાચરના ઘરનું છાણ-વાસીદું કરતાં તે રોટલો આપતા; તે એકવાર મહારાજે દીઠું, ત્યારે મહારાજે જીવુબાઈને પૂછ્યું જે, ''આ કોણ છે, તેની તમને ખબર છે ?'' તો કહે, 'ના મહારાજ !' પછી મહારાજ કહે, ''એને ઘેર તો તમારાં જેવાં તો ગોલાં છે, તે રાજ મેલીને આંહીં ભગવાન ભજવા આવ્યાં છે, તો

તેમને એવું કામ કરાવશો નહિ; તે તો મહામુક્ત છે.'' પછી તેમનું માતાજી નામ પાડીને કચ્છમાં લાધીબાઈ ભેળાં મોકલ્યાં ને ત્યાં જીવ્યાં ત્યાંસુધી રહ્યાં.

(૨૧૧) મુક્તાનંદસ્વામી પ્રથમ મારગીના પંથમાં હતા પણ મુમુક્ષુ હતા તેથી પ્રગટ ભગવાનને ગોતવા નીકળ્યા ને અખંડ બ્રહ્મચર્ય રાખવાનું બહુ તાન, તેથી દઢ બ્રહ્મચર્ય પળાવે એવા મળે તો તેની પાસે રે'વું. ચાલતાં ચાલતાં પ્રથમ ધ્રાંગધ્રામાં દ્વારકાદાસ બાવા પાસે ગયા. ત્યાં તેણે કહ્યું જે, 'વાંકાનેરમાં વૃદ્ધ ને વિદ્વાન બાવો કલ્યાણદાસ છે, તે બ્રહ્મચર્ય પળાવશે.'

એ સાંભળી વાંકાનેર ગયા ને રાત્યે સૌ વહ્યા ગયા ત્યારે મુકુંદદાસજીએ પૂછ્યું જે, 'અખંડ બ્રહ્મચર્ય કેમ રહે ?' ત્યારે બાવો તો શ્વાસ ખાઈ ગયો અને બોલ્યો જે, ''છોકરા, તું આવો રૂપાળો ને નાનો છું ત્યાં એવું કેમ સૂઝે છે ? હજી તને જુવાની આવી નથી, જુવાની આવશે ત્યારે ખબર પડશે ! હું કાશીએ જાતો હતો, રસ્તામાં ઉજ્જેનને (ઉજ્જૈનને) પાદર, પાણી ભરનારીને જંગલ જાવાનો રસ્તો પૂછ્યો ત્યારે એક બાઈએ હાથનું લટકું કરીને કહ્યું જે, 'મહારાજ, ઇધર ચલે જા'એ.' તેને આજ ચાળીસ વરસ થયાં ને મુને એંસી વરસ થયાં છે, તો પણ તે બાઈના હાથનું લટકું હજી હૈયામાંથી નીકળ્યું નથી ને છોકરા, તું અખંડ બ્રહ્મચર્ય રાખવાનું શું બોલે છે ? એ તો કોઈથી પળે તેવું નથી.''

પછી તો મુકુંદદાસજી રોયા ને નિરાશ થઈ સવારમાં ચાલી નીકળ્યા ને એવો કૃત સંકલ્પ કર્યો કે, હવે તો દેહ પાડી દેવો. રસ્તામાં આંબલીનું મોટું ઝાડ ને નીચે ઊંડું નહેરું દીઠું, એટલે 'આંબલીએ ચડી નહેરામાં પડતું મૂકી દેહ પાડવો પણ બ્રહ્મચર્યનું ખંડન થાવા દેવું નહિ;' એવો સંકલ્પકરી આંબલીએ ચડયા ને પડતું મૂકવા જાતા હતા ત્યાં આકાશવાણી થઈ જે, 'મર્યે છે શ્યા સારુ ? જા, સરધારમાં તને ભગવાન મળશે !' તે સાંભળી રાજી થયા ને સરધાર ગયા.

ત્યાં ચોરે તો ભગવાન દીઠા નહિ પણ આકાશવાણી સાચી જ હોય, એમ ધારી ચોરે ઊતર્યા. ચોરામાં તુલસીદાસ બાવાનું મંદિર હતું ને બાવાને ચેલો નહોતો. તે બાવો જાણે ''ભગવાને ચેલો આપ્યો,'' એમ ધારીને રાખ્યા. બાવાને સેવા કરી પ્રસન્ન ક્યાં. પછી તો બાવાએ મંદિરની સેવા સોંપી દીધી. મુકુંદદાસજીએ બાવાની ને ઠાકોરજીની એવી સેવા કરવા માંડી કે, બાવો ને ગામનાં લોક બહુ રાજી થયાં ને કહે, 'જેવો જો'એ તેવો ચેલો મળ્યો છે.' પછી મુકુંદદાસને મહંત ઠરાવી બધો વે'વાર સોંપી દીધો; તે મુકુંદદાસજી કર્યે એ જ થાય.

એવામાં એક દિ' કોઈ મંદિરે દર્શને આવ્યું નહિ, જેથી મુકુંદદાસજીએ ચોરા પાસે લોકો ચાલ્યા જતા હતા તેમને પૂછ્યું જે, 'આજ કેમ કોઈ આવ્યું નથી ?' તો કહે, 'રામાનંદસ્વામી ભગવાન તરીકે પૂજાય છે તે આવ્યા છે ત્યાં સૌ ગયાં છે.' તે સાંભળી મુકુંદદાસજીને આનંદ થયો ને કહે, 'આકાશવાણી સાચી થઈ.' પછી ઠાકોરજીને પોઢાડી ગુરુને સુવાડીને તુરત રામાનંદસ્વામી પાસે ગયા. રામાનંદસ્વામીને દર્શને કરીને શાંતિ થઈ ગઈ. પછી સૌ ઊઠી ગયાં પણ મુકુંદદાસ તો બેસી રહ્યા પછી રામાનંદસ્વામીએ પૂછ્યું, 'તમે કોણ છો ? ને કેમ બેસી રહ્યા છો ?' ત્યારે કહે, 'હું તો આ ચોરાના બાવાનો શિષ્ય છું, પણ તમારી પાસે રે'વા આવ્યો છું.' ત્યારે રામાનંદસ્વામી કહે, 'મારગી ફાટેલ દૂધનું આંહીં કામ નથી વળી તારો ગુરુ રાજાનો માનેલ માટે અમારે તારો ખપ નથી. તું આંહીંથી ભાગી જા.' પણ ઊઠ્યા નહિ પછી પરાણે કાઢી મૂક્યા. બીજે દિ' રાત્યે નવેળામાં બેસી વાતુ સાંભળતા હતા, ત્યાં ચોકિયાતે, 'કોણ છે ?' એમ કહી તલવાર્ય ઉગામી. એટલે કહે, 'જાળવજો, હું મુકુંદદાસ છું.' તો કહે, 'આંહીં કેમ બેઠા છો ?' એટલે કહે, 'આ રામાનંદસ્વામી મને સભામાં બેસવા દેતા નથી તેથી આંહીં તેમની વાતુ સાંભળવા બેઠો છું.'

પછી ચોકિયાતે રામાનંદસ્વામીને કહ્યું કે, 'આ બિચારાને શ્યા માટે સભામાં બેસવા દેતા નથી ? નવેળામાં બેસી તમારી વાતુ સાંભળતા હતા; પણ અમે તો ચોર જાણી મારત.' એમ કહી ચોકીવાળા ચાલ્યા ગયા ને મુકુંદદાસ સભામાં બેઠા પછી સૌ સભા ઊઠી ગઈ ને મુકુંદદાસ વાંસે રહ્યા, ત્યારે રામાનંદસ્વામી કહે, 'શું અમારા આગળ કાંઈ માગો છો ? તે કેડો મૂકતા નથી ?' ત્યારે મુકુંદદાસ કહે, 'હું તમને મૂકીને જાવાનો નથી.' તો કહે, 'બાવાની ફારગતી લઈ આવો, તો રાખીએ.' પછી રામાનંદસ્વામી તો સરધારથી વે'લા ઊઠી બંધીયે વહ્યા ગયા.

ને મુકુંદદાસે તો જે આવે તેને શીરા-પૂરી ખવરાવવા માંડયું ને પદાર્થ દઈ દેવા માંડયા ત્યારે બાવો કહે, 'આમ આપણું નભશે નહિ.' પછી મુકુંદદાસ કહે, 'બાવાજી, મારા જીવનો ધડો રે'તો નથી. હું તો છ મહિના ડાહ્યો ને છ મહિના ગાંડો. તે કહો તો આ ઠાકોરજીને પણ કો'કને દઈ દઉં. ને લૂગડાં પણ નાખી દઉં તેમાં તમારે શું ? હું તો ધણી છું, તે ગમે તેમ કરીશ. ને મુને ન રાખવો હોય તો લખી આપો જે, માર્યે ને તારે લેવાદેવા નથી.' ત્યારે બાવે મનમાં વિચાર્યું જે, 'લખી આપવું એ ઠીક છે. આવું સત્ગાંડિયું છે, ત્યારે જ કોઈ રાખતું નહિ હોય.' પછી લખી આપ્યું.

તે લઈને ગામના હરિજનને પૂછીને રામાનંદસ્વામી પાસે બંધીયે ગયા ને ફારગતી બતાવી. એટલે રાખ્યા ને કહે, 'અમે કહીએ તેમ કરશો ?' તો કહે, 'હા મહારાજ !' ત્યારે રામાનંદસ્વામી કહે, 'જાઓ, આ મૂળુભાઈનું સાંતી હાંકો.' એટલે તુરત ઊઠ્યા ને ખેતર ગયા પણ એક ચાહ કાઢ્યો કે તુરત જ મૂળુભાઈએ ના પાડી ને રામાનંદસ્વામી પાસે લાવ્યા ને કહે, 'મહારાજ, આને આવડતું નથી, તે હાથ-પગ ભાંગશે, માટે કહો તેમ કરીએ.' તો કહે, 'હવે લઈ જાશો નહિ.' પછી કહે, 'ઘરના માણસ છે?' તો કહે, 'હા મહારાજ.' પછી રામાનંદસ્વામી કહે, 'એનો કાગળ લઈ આવો.'

એટલે મુકુંદદાસ તેમની સ્ત્રી જમના અમરાપરમાં રે'તી હતી ત્યાં ગયા ને ગાંડા થયા ને 'રામ કટાકટ મવડું ભાગ્યું !' એમ બોલે ને કૂદકા માર્યે. તે સૌ જાણે જે, ગાંડો થઈ ગયો છે; પણ ગામનો ઘરડેરો કાઠી ચિકિત્સાવાળો હતો તેને એમ થયું જે, આ ગાંડો નથી. પછી એકાંતે તેડી જઈને પૂછ્યું જે, 'છે શું ? ખરેખરું કહે, 'તું ગાંડો નથી ને આમ કેમ કર્યે છે ?' ત્યારે મુકુંદદાસ કહે, 'માર્યે ભગવાન ભજવા છે ને અખંડ બ્રહ્મચર્ય રાખવું છે, પણ આ જાવા દેતી નથી.' પછી કાઠીએ જમનાબાઈને સમજાવ્યાં જે, 'આ ગાંડાને મૂક પડતો, બીજા ઘણાય મળશે.' પછી લખી આપ્યું, તે લઈ મુકુંદદાસ રામાનંદસ્વામી પાસે આવ્યા, ત્યારે સ્વામીએ મંડળમાં રાખ્યા ને તેમનું નામ મુક્તાનંદ પાડ્યું.

રામાનંદસ્વામીના સાધુમાં મુક્તાનંદસ્વામી મોટેરા, તે મહારાજ પણ તેમનું બહુ રાખતા. મુક્તાનંદસ્વામીનો એવો ઠરાવ જે, મહારાજની આજ્ઞા ન લોપવી. તે પ્રકરણ ફેરવ્યા, ત્યારે આકરામાં આકરું પ્રકરણ ફેરવીને કાગળ લખી મોકલ્યો જે, ત્યાં આવશું ત્યારે બીજું કે'શું. પછી મુક્તાનંદસ્વામી તો લીમડો વાટી પીવા લાગ્યા ને કેટલાક તો વયા ગયા. મુક્તાનંદસ્વામીનો એવો દઢાવ જે, રાધા-લક્ષ્મી ઝાંઝર પે'રી પડખે બેઠાં હોય ને ચતુર્ભુજરૂપે ભગવાન દર્શન આપે તો ય રામાનંદસ્વામી વિના બીજાને ભગવાન ન માનવા. તે રામાનંદસ્વામીના અંતર્ધ્યાન થયા પછી મહારાજે સમાધિનું પ્રકરણ ચલાવ્યું તે સાંભળીને ભૂજથી ઠપકો આપવા આવ્યા; પણ રામાનંદસ્વામીએ દર્શન દઈ કહ્યું જે, 'મહારાજ પુરુષોત્તમ આવશે ને અમે તો ડુગડુગી વગાડનારા છીએ, એમ કહ્યું હતું, એ કેમ ભૂલી ગયા ?' પછી તો મહારાજના સંબંધથી મહારાજને ભગવાન જાણી મહારાજનું ભજન કર્યું, પોતાનો ઠરાવ મૂકી દીધો ને જેમ મહારાજે કહ્યું તેમ કર્યું. એવું બીજાથી થાય નહિ.

(૨૧૨) ભગાશેઠને રસોઈ આપવી હતી તે મહારાજે ભગાશેઠને કહ્યું જે, "કડિયાને પગાર દેવા છે માટે રસોઈના રૂપિયા રોકડા આપો તો સારું." તો કહે, 'ના' પછી મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "શેઠને સમજાવો." પછી સમજાવ્યા; તો ય કહે, 'માર્યે તો સાધુને જમાડવા છે.' ત્યારે મહારાજ કહે, "સાધુને જમાડવા હોય તો સાધુ હમણાં ખોરી જાર ખાય છે, તો બસેં રૂપિયાના ઘઉં અપાવો; એટલે ઘઉં-જારના ભેળા રોટલા કરશે ને હંમેશાં તમારી રસોઈ કે'વાશે." તો ય ભગા શેઠ માન્યા નહિ. પછી રસોઈ કરવાનો આદર કર્યો ત્યારે મહારાજ કહે, "અમે પીરસવા નહિ આવીએ." એટલે મુક્તાનંદસ્વામી કહે, 'રજોગુણી મનુષ્યનું રાખવું પડચે; પીરસવા ન પધારો તો તેને સારું ન લાગે.' પછી મહારાજ કહે, "હું પીરસીશ તો તે લોભિયાનું ખૂટશે તે ઠીક નહિ દેખાય." તે સાંભળી ભગાશેઠે ત્રણ્યગણી રસોઈ કરાવી ને મહારાજ પાસે પીરસાવ્યું તો ય ખૂટ્યું, માટે મનધાર્યું મૂકવું ને ભગવાન કહે તેમ કરવું એ જ શ્રેષ્ઠ છે.

તે જ દિ' મહારાજ પાસે સામત પટેલ આવ્યા તેને મહારાજે કહ્યું જે, "થોડા રૂપિયા જો'એ છીએ તે દેશો ?" એટલે કહે, 'હા મહારાજ !' પછી ઘેર ગયા, જમીન વેચી, ગાડું વેચ્યું, બળદ વેચ્યા ને ભેંશો વેચી, રૂપિયા સાડાચાર હજારનો મહારાજ પાસે લાવી ઢગલો કર્યો એટલે મહારાજે પૂછ્યું, "ક્યાંથી લાવ્યા ?" તો કહે, 'મહારાજ ! માર્યે હતા.' મહારાજ કહે, "સાચું બોલો." એટલે જેમ હતું તેમ કહ્યું. મહારાજ કહે, "હજાર રાખશું, બીજા લઈ જાઓ, દાણા વિના છોકરાં મરી જાય." ત્યારે સામત પટેલ કહે, 'ના મહારાજ ! કૂકડાં ને ખેડુ મર્યે નહિ.' ત્યારે મહારાજ કહે, "શું કરશો ?" તો કહે, 'બીજે ગામ જા'શું, ત્યાંથી કઢારે દાણા લેશું ને બીજે વરસ ભરી દેશું.' તે સાંભળી મહારાજ રાજી થયા.

એકવખત સામત પટેલ તેના દીકરાની વહુને તેડવા ગયા ત્યારે વેવાઈ કહે, 'તારા દીકરાને તો જોતી નથી, તારે જોતી હોય તો તેડી જા.' તે સાંભળી સામત પટેલે, સત્સંગી તરીકે આળ સહન કરી ન શક્યા ને ત્યાં જ ભીષ્મ કરી નાખ્યું.

(૨૧૩) માનકૂવામાં મહારાજ કાતર લઈને બેઠા ને સૌને કહે, "અમારા સત્સંગી હો તે આવો, ત્યાગી કરવા છે." તે સાંભળી બધા સત્સંગી ઊઠી ગયા, તે વખતે મૂળજી ને કૃષ્ણજી ખેતર ગયેલ તે ખેતરથી આવ્યા, ત્યારે તેમને કો'ક સત્સંગીએ વાત કરી જે, 'આજે મહારાજે આમ કહ્યું, તેથી સૌ ઊઠી ગયા.' તે સાંભળી બન્ને જણા તુરત મહારાજ પાસે ગયા ને પગે લાગી કહ્યું જે, 'હે

મહારાજ ! અમને ત્યાગી કરો.' ત્યારે મહારાજ કહે, ''ખાવા નહિ મળે, બાવા મારશે, ટાઢ-તડકો વેઠવો પડશે, એવાં અનંત દુઃખ આવશે ને હેરાન-હેરાન થઈ જાશો. માટે જાઓ, તમારા મનને પૂછી જુઓ.''

પછી આઘેરા ગયા ને મનને શિખામણ દેવા લાગ્યા. 'હે મનવા, પરમેશ્વર નહિ ભજાય તો ગધેડાં, કૂતરાં કે બીજાં જનાવરમાં જન્મ ધરવા પડશે ત્યાં તને કોણ ઓઢાડશે ? ખાવા કોણ દેશે ? પથારી કોણ દેશે ? માથું કોણ દાબશે ? માટે આ એક ફેરો ભગવાનની આજ્ઞામાં રહીને ભોગવીએ તો પછી ભોગવવું ન પડચે માટે કહે તારો શું વિચાર છે ?' પછી મહારાજ પાસે આવ્યા ને કહે, 'મહારાજ ! મન પણ હા પાડચે છે.' એમ કહી કેડિયાની કસું છોડવા માંડી. ત્યારે બીજાએ તો કસું તોડીને કાઢી નાખ્યું ને કહે, 'હવે ક્યાં પે'રવું છે ? તે કસું છોડીએ.'

પછી મહારાજ કહે, ''તમે પરમહંસ થઈ રહ્યા, અમારી આજ્ઞા છે, જાઓ, ગૃહસ્થાશ્રમ કરો.'' ત્યારે કહે, 'ના મહારાજ ! અમને તો પરમહંસ કરો.' એટલે મહારાજ કહે, ''અમે કહીએ તેમ કરો.'' ત્યારે કહે, 'બહુ સારું મહારાજ !' એમ કહી લૂગડાં પે'રી ઘેર ગયા પણ મૂળજીને જેવો ભગવાનપણાનો નિશ્ચય હતો, તેવો કૃષ્ણજીને નહોતો તે મૂળજી જ્યારે ભગવાનપણાની વાતુ કર્યે, ત્યારે કૃષ્ણજી કહે, 'ભગવાન તો કેમ કે'વાય, પણ મોટાપુરુષ ખરા !' એટલે મૂળજી કહે, 'આ તો અક્ષરધામમાંથી સર્વોપરી ભગવાન આવ્યા છે' ત્યારે કૃષ્ણજી કહે, 'કાં તો તું ભગત ખોટો, કાં ભગવાન ખોટા ! કેમ જે, ભગવાન હોય તો તું પાછો કેમ આવે જ ?' એટલે મૂળજી કહે, 'ભગવાન તો છે પણ મારા ભક્તપણામાં કાચ્યપ છે માટે તમે મારી સાથે ચાલો ને પરીક્ષા કરો.'

પછી બેય ગઢડે આવ્યા ને મહારાજનાં દર્શન કર્યાં. તેમાં કૃષ્ણજીને ભગવાનપણાનો નિશ્ચય થયો એટલે કહે, 'હવે ઘેર જાવું નથી.' પણ ઝાઝા દિ' થયા એટલે મહારાજ ઉપર બેયને ઘેરથી કાગળ આવ્યા જે, પરણેલા છે ને ઉપાધિ બહુ છે માટે બેયને કૃપા કરી ઘેર મોકલશો. પછી મહારાજે બેયને ઘેર જાવા આજ્ઞા કરી એટલે ઘેર જાવા મહારાજ પાસેથી નીકળ્યા. પણ રસ્તામાં વણથળીમાં શેઠને ત્યાં મસારો માંડી સાથી રહ્યા ને રૂપિયા સાઠ (સાંઈઠ) ઠરાવ્યા. તે મહારાજ જાણે ઘેર ગયા ને ઘરનાં જાણે મહારાજ પાસે છે.

પછી બાર મહિના પૂરા થયા એટલે રૂપિયા સાઠ લઈ મહારાજ પાસે આવ્યા ને ચરણારવિંદ આગળ રૂપિયાનો ઢગલો કરી પગે લાગી કહે, 'અમને

રાખો.' મહારાજે પૂછ્યું, "ક્યાં હતા ?" તો કહે, 'વણથળી હતા.' મહારાજ કહે, "આ તમારા ઘરનાં આવ્યાં છે તેમની સાથે ઘેર જાઓ, નીકર તમને વિમુખ કરીશ." બેય જણે તેમની સ્ત્રીને કહ્યું જે, 'ત્યાગી થાવાની રજા આપો.' પણ માન્યું નહિ એટલે ભીષ્મ કરી નાખ્યું. પછી બાઈઉં ઘેર ગયાં ને મૂળજી તથા કૃષ્ણજી મહારાજ પાસે ગયા. મહારાજે બેયને વિમુખ ક્ર્યા.

પછી પોતાની મેળે ભગવાં પે'ર્યાં ને પરમહંસ થઈ છેટેથી મહારાજનાં દર્શન કરતા એમ બાર મહિના રખડયા પછી ગઢડે આવ્યા ને મહારાજનાં દર્શને ગયા ત્યારે મહારાજ કહે, "આવવા દેશ્યો મા; બેયને કાઢી મૂકો." એટલે કાઢી મૂક્યા. પછી રાત્યે ઠંડા પો'રે ઘેલાને કાઠે બેસી બેય જણે પરજ રાગનાં કીર્તન ગાવા માંડયાં, તે મહારાજે મંદિરમાં સાંભળ્યાં એટલે મહારાજ કહે, "કોઈ છે ?" ભગુજી કહે, 'હા મહારાજ !' મહારાજ ભગુજીને કહે, "ઓલ્યા કીર્તન બોલે છે તેથી અમારો ઢોલિયો ઊપડે છે માટે તેમને કાઢી મૂકો." પછી ગુંદાળાને મારગે હનુમાનધાર છે ત્યાં લગી પાળા જઈને મૂકી આવ્યા એટલે ત્યાં બેસીને કીર્તન ગાવા માંડયા તે મહારાજે સાંભળીને કહ્યું, "કોઈ છે ? અમારો ઢોલિયો તણાય છે." પછી તેમને કાઢી મૂકવા પાળા પાંચ-દસ આવ્યા ત્યારે કહે, 'મહારાજ જેમ આજ્ઞા કરશે તેમ કરશું; બાકી તમારા જેવા સો-સો આવશો ત્યાં સુધી તો અમે કચ્છી છીએ તે નહિ ઊઠીએ; જાઓ, મહારાજને પૂછો, શું આજ્ઞા છે ?' પછી મહારાજને વાત કરી ત્યારે મહારાજ કહે, "આંહીં બોલાવો." મહારાજે અક્ષરભુવનમાં સભા કરીને કહ્યું જે, "કૂતરાંને હડકારે તેમ હડકાર્યા; તોય અમારો નિશ્ચય મટતો નથી !" ત્યારે સૌ કહે, 'હવે તેમને રાખો.' પછી ત્યાગી ક્ર્યા ને નામ પાડયાં. મૂળજી તે જૂનાગઢવાળા ઘનશ્યામાનંદસ્વામી ને કૃષ્ણજી તે અમદાવાદના મહંત સર્વજ્ઞાનંદ-સ્વામી.

(૨૧૪) ગુંદાળી ગામના આડા કાઠી, મામૈયો ને મેરામણ બે હરિભક્ત હતા તે ભેંશું ચારવા ગયા હતા. વાંસેથી સાધુ આવ્યા તેમને ડોશીએ જમવાનું કહ્યું પણ તે ગામનો ઘરડેરો દ્વેષી હતો તેણે સાધુને કાઢી મૂક્યા. ડોશીના દીકરા ઘેર આવ્યા, ત્યારે ડોશીની આંખ્યુંમાંથી આંસું પડતાં દેખી પૂછ્યું, 'મા શું છે ?' તો કહે, 'મામાના સાધુ આવ્યા હતા તેમને મેં જમવાનું કહ્યું હતું, પણ આ ઘરડેરે ખાવા ન દીધું ને ભૂખ્યા કાઢયા.' તે સાંભળીને બેય જણ તલવાર્ય ને ગોબા લઈને ચોરે ગયા ને જવાનીઆ ચોપાટે રમતા હતા તેમને પૂછ્યું, 'સાધુને કોણે કાઢી મૂક્યા ?'

ત્યારે બે જણે છાતીએ હાથ નાખ્યા ને કહે જે, 'અમે કાઢી મૂક્યા.' એટલે જેણે છાતીએ હાથ નાખ્યા તેમને કહે, 'રાંડના, સાધુને ખાવા ન દીધું !' એમ કહી તલવાર્યથી માથાં કાપી નાખ્યાં ને બહારવટે વહ્યા ગયા. રાત્યે ઘણું તલવાર્યથી કાપ્યા તે તલવાર્ય બગડી ગઈ ને વાંસે વાર આવી તેમાં કપાણા. એમ સત્સંગનો પક્ષ માથાસાટે રાખ્યો, માટે વખાણ થાય છે ને તેમનું કલ્યાણ મુક્તાનંદસ્વામીની હાર્યે ગણ્યું.

(૨૧૫) સુંદરજી સુતાર ખાંડું લઈ ભૂજથી જાતા હતા ત્યાં રસ્તામાં સરધારને પાદર મહારાજને દર્શને ગયા ત્યારે મહારાજ કહે, "એ કોણ ?" તો કહે, 'દાસ.' મહારાજ કહે, "દાસ થાવું કઠણ છે ! જેમ કહે તેમ ર્ક્યે તે દાસ કે'વાય." સુંદરજીભાઈ કહે, 'જેમ કહો તેમ કરીએ.' મહારાજ કહે, "દાઢી-મૂછ પડાવી પરમહંસ થાઓ ને ગંગાજીએ જાઓ." સુંદરજીભાઈએ માથે મૂંડો કરાવ્યો, કાતરા હતા તે પણ પડાવી નાખ્યા ને ચાલી નીકળ્યા. ત્યારે મુક્તાનંદસ્વામીએ મહારાજને કહ્યું, 'હે મહારાજ ! તમે ર્ક્યું તે તો સારું જ ર્ક્યું હશે પણ કચ્છમાં અમને રોટલો મળતો તે ય ટાળ્યો; કેમ જે, આંહીં દુઃખ હોય ત્યારે ત્યાં જાતા તે ત્યાં ય આમ થયું.' પછી મહારાજે સુંદરજીભાઈને પાછા વાળ્યા ને કહે, "તમે જઈ આવ્યા." તો કહે, 'ના, જા'શું.' ત્યારે મહારાજ કહે, "દાસનું લક્ષણ શું ?" તો કહે, 'જેમ કહે તેમ ર્ક્યે.' મહારાજ કહે, "પે'રો લૂગડાં ને જાઓ ખાંડામાં." પછી ખાંડાસાથે ગયા ત્યાં સૌ પૂછે જે, 'આમ કેમ ?' તો કહે, 'અમારા દરબારના કુળમાં રીત્ય છે જે, મોટેરા હોય તે ચાલતી વખત દાઢી ને મૂછ, દેવીને ચઢાવે તે હું મોટેરો છું તેથી આમ ર્ક્યું છે.' એવું બીજાથી ન થાય.

(૨૧૬) બંધિયાના ડોસાભાઈ વાણિયા મૂળ સરધારમાં રે'તા અને રામાનંદસ્વામીના શિષ્ય હતા પછી મહારાજે પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો હતો ને ત્યાર પછી મૂળુભાઈના બંધિયે રે'વા મહારાજે મોકલ્યા હતા. એક વાર ડોસાભાઈની માએ મહારાજને કહ્યું જે, 'અમારે તમમાં હેત તેવું દીકરામાં નહિ.' મહારાજ કહે, "એમ, એવાં હેત છે ?" તો કહે, 'હા મહારાજ !' મહારાજે ડોસાભાઈને કહ્યું, "કાશીએ જાઓ." તો કહે, 'ઠીક મહારાજ !' મહારાજ કહે, "ઠીક નહિ, હમણાં જ ચાલવા માંડો." પછી ચાલી નીકળ્યા, ત્યારે ડોશીને એમ થયું જે, ટીમણ લીધું નથી ને દોરી-લોટો પણ લીધો નથી તે કેમ થાશે ? એમ વિચાર કરતાં કરતાં ગળગળાં થઈ ગયાં ત્યારે મહારાજ કહે, "ડોશીમા, ડોસાને

ખરચી અપાવું ?'' તો કહે, 'હા મહારાજ ! અપાવો તો બહુ સારું.'

પછી મહારાજે પાછા વાળવા મોકલ્યા ને કહ્યું જે, ''જ્યાં દેખો ત્યાં ઊભા રાખજો.'' પછી વાંસે જઈને કહ્યું જે, 'પાછા વળો.' તો કહે, 'નહિ વળું.' પછી કહે, 'મહારાજે કહ્યું છે, જ્યાં દેખો ત્યાં ઊભા રાખજો.' તે સાંભળી ઊભા રહ્યા, આગળ ચાલ્યા નહિ ને પાછા પણ વળ્યા નહિ પછી મહારાજને આવીને કહ્યું જે, 'આમ થયું.' મહારાજે બ્રહ્મચારીને મોકલી કે'વરાવ્યું જે, 'મહારાજ બોલાવે છે.' ત્યારે પાછા આવ્યા, પછી મહારાજે ખરચી આપીને મોકલ્યા. તે બે ગાઉ ગયા ત્યાં સંઘ મળ્યો, તેણે પૂછ્યું, 'ક્યાં જાઓ છો ?' તો કહે, 'કાશીએ.' ત્યારે કહે, 'ચાલો અમારી સાથે, અમે ય કાશીએ જા'એ છીએ.' એમ કહી ગાડીમાં બેસાર્યા, જાતાં ને વળતાં ભાતું દીધું, ભેળા જમાડયા ને જ્યાંથી ભેળા થયા હતા ત્યાંથી વળતાં જુદા પડયા. તે મહારાજે એમ કર્યું હતું, પણ આંહીંથી એમ દેખાડયું ને રસ્તામાં આમ કર્યું પછી મહારાજે પૂછ્યું, ''ગંગામાં નાહ્યા ?'' તો કહે, 'ક્યાં આજ્ઞા હતી ?' ''કાશીવિશ્વનાથનાં દર્શન કર્યાં ?'' તો કહે, 'ક્યાં આજ્ઞા કરી હતી ? કાશીએ જાવાનું કહ્યું હતું તે કાશી આવી એટલે પાછો વળ્યો.' મહારાજ કહે, ''આવું બીજાથી થાય નહિ ખરેખરી સ્વરૂપનિષ્ઠા હોય તો જ આવી આજ્ઞા પ્રમાણે વરતાય.''

એક વખત બંધિયાના જૈન વાણિયાની જાન ગઢડા ગઈ હતી ત્યાં તેમનાં સગાં સાથે તેઓ સવારે મહારાજનાં દર્શને ગયા. મહારાજે તેમને પૂછ્યું જે, ''ક્યા ગામ રે'વું ?'' એટલે તેઓએ કહ્યું જે, 'બંધિયા.' ત્યારે મહારાજે કહ્યું જે, ''અમારા ડોસાભાઈ સુખી છે ને ?'' ત્યારે તેઓ બોલ્યા જે, 'મહારાજ ! અમે ગળા સુધી વે'વારમાં ખૂંચી ગયા છીએ અને તમારા ડોસાભાઈ માથાબૂડ ખૂંચ્યા છે; કેમ જે, ઓણ ઘણા કણબીએ <u>વાઢ કર્યા</u> છે ને તે બધા વાઢના <u>ગોળનાં માપાં</u> ડોસાભાઈએ રાખ્યાં છે તે રાત્ય દિ' ગોળ જોખતાં નવરા થાતા નથી.' ત્યારે મહારાજ કહે, ''એમ હોય નહિ ! અને જો અમે ડોસાભાઈને કાલે જ ત્યાગી કરીએ તો તમારે અમારી કંઠી બાંધવી ?'' એ સાંભળી વાણિયાઓએ ધાર્યું જે, અત્યારે ડોસો ગોળનું કામ મૂકીને સાધુ થાવા ક્યાં નવરો થાય તેમ છે ? એમ ધારીને કહ્યું જે, 'હા, મહારાજ !' એમ કહીને ગામમાં ગયા.

આંહીં મહારાજે ભગુજીને ઊંટ લઈને ડોસાભાઈ પાસે મોકલ્યા. ભગુજી બંધિયે પોં'ચ્યા ત્યારે ડોસાભાઈ ગોળનાં ગાડાં વચ્ચે ઊભા હતા ને ગોળની <u>ધારણો</u>

જોખતા હતા પણ ભગુજીને જોઈને દંડવત્ કરવા મંડયા ને પૂછયું જે, 'મહારાજની શ્યી આજ્ઞા છે ?' એટલે ભગુજીએ કહ્યું જે, 'આ ભગવાં વસ્ત્ર પે'રીને (પહેરીને) ગઢડા આવવા આ કાગળ આપ્યો છે.' એથી ગોળની ધારણો ત્યાં ને ત્યાં પડતી મેલી અને ઘેર પણ કાંઈ કે'વરાવ્યા વગર ભગુજી સાથે ગઢડે ચાલી નીકળ્યા. બીજે દિ' સવારે બંધિયાના ઓલ્યા વાણિયા દર્શને આવ્યા તેમને મહારાજે ડોસાભાઈને બતાડીને કહ્યું જે, "જુઓ, આ અમારા ડોસાભાઈ, વે'વારમાં ખૂંચ્યા છે કે નિર્બંધ છે ?" પછી સભામાં ભગવું વસ્ત્ર ઓઢેલ ડોસાભાઈને જોઈને જાનવાળા વાણિયા ચકિત થઈ ગયા પછી મહારાજ કહે, "હવે કંઠી બંધાવો." ત્યારે તેઓ નમ્રપણે બોલ્યા જે, 'હે મહારાજ ! અમે કંઠી તો નહિ બંધાવીએ પણ અમારા મનમાં ડોસાભાઈ માટે ખૂબ જ ગુણ આવ્યો છે અને અમારા અજ્ઞાનને લઈને તેમનો અભાવ હતો તે નીકળી ગયો છે. ડોસાભાઈ તો તમારા ખરેખરા ભકત છે.' એવી રીત્યે તે વાણિયાઓએ વખાણ કરી મહારાજની અને ડોસાભાઈની માફી માગી વિદાય લીધી પછી ડોસાભાઈએ મહારાજને સેવામાં રાખવા કહ્યું. એટલે મહારાજે કહ્યું જે, "તમે અમારા અરધાવેણે આજ્ઞા પાળી, માટે અમે કહીએ તેમ કરો અમે તમારા ઉપર બહુ પ્રસન્ન થયા છીએ; માટે અમારી આજ્ઞા છે કે, તમે ઘેર જાઓ, તમને વે'વાર અડશે નહિ." મહારાજની એવી આજ્ઞાથી ડોસાભાઈ પણ બંધિયે ગયા.

(૨૧૭) ગોલીડામાં રાજગર રાઘવ, રાણો, ભીમ ને વશરામ ચારેય ભાઈઓએ મહારાજને પોતાના ઘેર પધરાવીને જમાડયા તે વખતે મહારાજે રાજી થઈને કહ્યું કે, "માગો." એટલે રાણો બોલ્યો જે, 'હે મહારાજ ! આ ગામના સીમાડામાં કોઈને જમ લેવા ન આવે.' એટલે મહારાજે એ વર આપ્યો. પછી એક રાત્યે વારાફરતી ગામનું પસાયતું કરતા હશે ત્યાં ભીમે અને રાણે જમ ભાળ્યા. તે, 'કુસંગીને તેડવા આવ્યા છીએ તે લઈ જા'શું.' એમ બોલ્યા એટલે ભીમે એક જમના મોઢા ઉપર ડાંગ મારી દાંત પાડી નાખ્યા અને પછી ચારેય ભાઈએ વાંસે જઈને તગડયા, તે સીમાડા બા'ર્ય બીજા ઊભા હતા તે બધાય ભાગી ગયા. આ ચારમાંથી રાઘવે અને વશરામે પાછળથી દીક્ષા લીધી હતી અને તેમનાં નામ મહારાજે રાઘવાનંદ અને વિશ્વાત્માનંદ પાડયાં હતાં તે જમતગડા સાધુ કે'વાતા હતા. રાણો રાજગર ધામમાં ગયો ત્યારે સૌને પૂછયું જે, 'કોઈને ધામમાં આવવું છે ?' ત્યારે સૌએ ના પાડી પણ તેની માએ તથા દીકરાએ હા પાડી એટલે બેયને ધામમાં

તેડી ગયો. એવા થોડા જ જડે.

(૨૧૮) ગઢડામાં એક આડો કાઠી જીવાખાચરને ત્યાં અફીણ ખાવા જાતો તે વિમુખ હતો ને તેની સ્ત્રી સત્સંગી હતી તેને કહે, 'જો મહારાજ પાસે જા'શ તો મારી નાખીશ.' પછી તેને ખબર પડી એટલે છાતી માથે ખાટલાનો પાયો રાખી માથે બેઠો. બાઈને મોઢે ફીણ આવી ગયાં, એવું વસમું લાગ્યું પછી તે જીવાખાચરને ત્યાં અફીણ પીવા ગયો એટલે બાઈ છૂટીને મહારાજ પાસે ગઈ ત્યારે મહારાજે બાઈને કમાડ ઓથે ગોખલામાં સંતાઈ રે'વા કહ્યું. ત્યાં તેનો ધણી આવ્યો ને કહે, 'મારી બાયડી લાવો.' ત્યારે મહારાજ કહે, ''આંહીં નથી ને હોય તો લઈ જાઓ.'' તેણે બાઈઉંના ઓરડા તપાસ્યા, બધે ફરી ને વહ્યો ગયો એટલે મહારાજે તે બાઈને ધોળાં લૂગડાં પે'રાવી અને ''માતાજી'' નામ પાડી બ્રાહ્મણ સાથે ભૂજ મોકલ્યાં તે પછી તે ત્યાં જ રહ્યાં.

(૨૧૯) કઠલાલમાં રામબાઈને ત્યાં મહારાજ જમવા રોકાણા નહિ એટલે રોટલા ને પાણીનો ઘડો લઈને ડોશી વાંસે ગયાં ને અંતરિયાળ મહારાજને જમાડયા પછી મહારાજને કહે, 'આ ઘડામાં ચરણારવિંદ બોળો.' ત્યારે મહારાજ કહે, ''શ્યા સારુ ?'' ડોશી કહે, 'આ પાણી કૂવામાં નાખીશ, તે આખું ગામ પ્રસાદીનું પાણી પીશે એટલે બધાં સત્સંગી થાશે.' પછી પર્વતભાઈએ કહ્યું જે, 'આવું માહાત્મ્ય તો આપણેય જાણતા નથી !' માટે આવો ઠરાવ કરીને એમ જાણવું જે, કોઈ ધામ, કોઈ લોકાંતર કે કોઈ વિભૂતિમાં લોભાવું નહિ. સર્વોપરી ભગવાન મળ્યા છે તેનો કેફ રાખવો એટલે બીજાનો કેફ ઊતરે.

(૨૨૦) સરધારનો કમાનગર બોદો વર્તમાનમાંથી પડેલ તેને મંદિરમાંથી કાઢી મેલે તો પણ પગરખાં પડ્યા હોય ત્યાં આવીને બેસે પછી હરિજને મહારાજને કહ્યું ત્યારે મહારાજ કહે, ''અમે કહીએ તેમ કરશો ?'' તો કહે, 'હા મહારાજ !' મહારાજ કહે, ''સરધારને ઓલ્યે નાકે લૂગડાં મેલી આંહીં સુધી નાગા આવો.'' એટલે તે તુરત ચાલી નીકળ્યો ને સરધારને ઓલ્યે નાકે લૂગડાં મેલીને,

રે સગપણ હરિવરનું સાચું, બીજું સર્વે ક્ષણભંગુર કાચું.
(કીર્તન મુક્તાવલિ : ૪૦૮)

એ કીર્તન બોલતો બોલતો, તાળી વગાડતો વગાડતો ગામ સોંસરો થઈ મહારાજ પાસે આવ્યો એટલે સૌ કહે, 'બોદો ગાંડો થઈ ગયો, બોદો ગાંડો થઈ ગયો !' પછી મહારાજે કહ્યું એટલે લૂગડાં પે'ર્યાં. એવું બીજાથી થાય નહિ.

(૨૨૧) માહાત્મ્યેસહિત નિશ્ચયવાળાથી શું ન થાય ? જે ભગવાન કે સંત બતાવે તે થાય એવી આ વાતુ છે. બાદશાહ્યું પડતી મૂકીને સાંભળ્યા જેવી છે, પારસમણિ ને ચિંતામણિની ખાણો મૂકીને સાંભળ્યા જેવી છે ! બાઈડી-છોકરાં રઝળાવીને સાંભળ્યા જેવી છે, માગી ખાઈને સાંભળ્યા જેવી છે, વાયુ ભરખીને સાંભળ્યા જેવી છે ! પણ આ 'વચનામૃત' પ્રમાણે વરતતા હોય તેને પોતાના ધામમાં મહારાજ બળાત્કારે લઈ જાય માટે આપણે એ મારગે ચાલવું.

સંવત ૧૯૧૮ના શ્રાવણ સુદિ પડવાને દિવસે સ્વામીએ વાત કરી જે,

(૨૨૨) મધ્યનું ૫૯મું વચનામૃત વંચાવીને વાત કરી જે, પૂર્વના સંસ્કારવાળા હોય તેનાં લક્ષણો આપોઆપ કળાય છે. વડોદરાના નાથભક્ત પાટીદાર હતા ને કસબી લૂગડાં વણતા. સારું લૂગડું વણાય તે મહારાજને ધરતા. એકવખતે તે મહારાજનાં દર્શને ગઢડે આવ્યા હતા અને ત્યાંથી રજા લઈને ચાલ્યા પછી મહારાજે એક હરિભક્તને કહ્યું કે, "નાથભક્તને પાછા તેડી આવો." એટલે તે નાથભક્તની વાંસે વાંસે ગયા તે ઠેઠ વિશ્વામિત્રી નદી આગળ ભેગા થયા એટલે તે હરિભક્તે કહ્યું જે, 'તમને મહારાજ બોલાવે છે.' આથી ઘેર કે'વરાવ્યું પણ નહિ અને ત્યાંથી જ પાછા ગઢડે આવ્યા. મહારાજે પૂછ્યું, "ક્યાંથી પાછા વળ્યા ?" તો કહે, 'વિશ્વામિત્રી આગળથી.' પછી મહારાજે તેડવા જનાર હરિભક્તને પૂછ્યું કે, "તમે ઠેઠ ત્યાં સુધી ગયા તે ઓરેથી પાછા કેમ ન વળ્યા ?" ત્યારે તે કહે કે, 'મહારાજ, તમે નાથભક્તને બોલાવીને આવવા કહ્યું હતું, તેથી તે ભેગા થયા ત્યાં સુધી વાંસે ગયો.' આથી મહારાજે બેયની નિષ્ઠાનાં વખાણ કર્યાં.

નાથભક્તના ઘરના માણસ દેહ મેલી ગયાં, ત્યારે મહારાજ વિમાનમાં બેસારીને તેડવા આવ્યા એવાં સૌને દર્શન થયાં હતાં. નાથભક્તને એક જ પ્રભુદાસ નામે દીકરો હતો તેને સમાધિ થાતી હતી તે સોળ વરસનો થયો ત્યારે દેહ મેલી ગયો તો પણ નાથભક્તે શોક કર્યો નહિ ને ગામમાં સાકર વેં'ચી. આથી સૌ કે'વા લાગ્યા કે, 'આ શું કરો છો ?' ત્યારે નાથભક્તે કહ્યું જે, 'પ્રભુનો હતો ને પ્રભુએ લઈ લીધો, તેમાં ખોટું શું થયું ?' આવી નિશ્ચળ સમજણવાળા ઝાઝા હોય નહિ.

(૨૨૩) વિષ્ણુદાસ ડભાણના પાટીદાર હરિભક્ત હતા ને મહારાજના પરમ એકાંતિક ભક્ત હતા ને ત્રણ્યે અવસ્થામાં મહારાજ જ્યાં જ્યાં હોય ત્યાં ત્યાં દેખતા. મહારાજે ડભાણમાં યજ્ઞ કર્યા તે વિષ્ણુદાસના નામથી કરતા હવા. એવા મહારાજની અડગ નિષ્ઠાવાળા હતા.

(૨૨૪) સુંદરિયાણાના હેમરાજશાહ વૈષ્ણવ વણિક હતા ને વૈદું સારું જાણતા હતા તેમને ચાર પુત્રો હતા, તેમાં મોટા વનાશાહને પ્રથમ સત્સંગ થયો તે તેમના પિતાને ગમ્યો નહિ. એક વખતે ગોપાળાનંદસ્વામી ત્યાં આવ્યા ને હેમરાજશાહને નાડી જોવા બોલાવ્યા. શેઠે સ્વામીના હાથની નાડી ઝાલી, પણ હાથમાં આવી નહિ અને બીજા ઘણે ઠેકાણે જોયું પણ નાડી જોવામાં ન આવે. આથી વિસ્મય પામી વિચાર્યું કે, આ મનુષ્ય નથી, પણ કોઈ ઈશ્વરાવતાર છે. પછી સ્વામીના ઉપદેશથી મહારાજનો આશ્રય કરી ઉત્તમ સત્સંગી થયા. આથી વૈષ્ણવોએ તેમને નાત્યબા'ર્ય (ન્યાતબહાર) મૂક્યા અને બહુ બહુ ઉપદ્રવ કર્યો તો પણ સત્સંગ માથાસાટે રાખ્યો. હેમરાજશાહના અક્ષરવાસ વખતે તેમના કારજમાં કોઈ નાતીલા આવ્યા નહિ તેથી ગઢડેથી મહારાજ ને સંતોની પધરામણી કરીને જમાડયા અને ત્યારપછી પણ તેમના પુત્રોએ સત્સંગ માથાસાટે રાખ્યો છે.

(૨૨૫) બોચાસણના પાટીદાર કાશીદાસને મહારાજનો અડગ નિશ્ચય હતો. તેમના માથે કરજ હતું તેથી લેણદારોએ ફરિયાદ કરીને તેમને જેલમાં નખાવ્યા. કાશીદાસે અમલદારને કહ્યું કે, 'હું હરિભકત છું ને ભાગી નહિ જાઉં, માટે મુને નદીએ નાહવાની રજા આપો.' તેથી રજા આપી. એક દિ' નાહતી વખતે મહારાજને સંભારીને ડૂબકી મારી, તે બોચાસણમાંથી તેઓ ગઢડાના પાદરમાં નીકળ્યા ને હાથ-પગમાંથી બેડી અદશ્ય થઈ ગઈ, પછી ત્યાંથી તે મહારાજ પાસે આવ્યા. મહારાજે તેમને ગઢડે છ મહિના રાખ્યા. બોચાસણમાં સિપાઈઓએ પાણીમાં તેમ જ આજુબાજુની જાયગાઓમાં બહુ જોયું પણ કયાંય કોઈ દેખાણું નહિ તેમ બેડી પણ હાથ આવી નહિ આથી સૌએ જાણ્યું કે, કાશીદાસ ખરા ભકત છે તે ભગવાને રક્ષા કરી લાગે છે. છ મહિના પછી મહારાજે કાશીદાસને બોચાસણ મોકલ્યા. આ બનાવથી લેણદારોને કાશીદાસ માટે માન થયું ને તેઓ કાંઈ બોલ્યા નહિ; ઊલટી માફી માગી કે, 'અમારો અપરાધ થયો છે તો માફ કરો.'

(૨૨૬) સૂરતના ભાલચંદ્ર શેઠને મહારાજની પાકી નિષ્ઠા હતી. અરદેશર કોટવાલ, ભાલચંદ્ર શેઠના ભાઈબંધ હતા. અરદેશર મુસાફરીએ ગયા હશે ત્યાંથી કપૂરના હાર વગેરે લઈ આવેલ તે ભાલચંદ્ર શેઠને યાદગીરીરૂપે આપ્યા. ભાલચંદ્ર શેઠે તે મહારાજને ધરાવ્યા હતા. અરદેશરભાઈને મહારાજનો મહિમા કહી નિષ્ઠા કરાવી હતી અને સૂરતમાં મહારાજને ધામધૂમથી પધરાવ્યા હતા. જ્યારે અગણ્યોતેરો કાળ પડયો, ત્યારે આ દેશના ઘણા હરિભકતોને ભાલચંદ્ર શેઠે સૂરત

તેડાવીને નભાવ્યા હતા. એવા પક્ષવાળા હતા.

(૨૨૭) દામોદર અમદાવાદના પાટીદાર, પ્રથમ રામાનંદસ્વામીના આશ્રિત હતા ને પછી મહારાજના સ્વરૂપની દૃઢ નિષ્ઠા કરી હતી તેમને ત્યાં મહારાજ ઘણીવખત જમવા પધારતા. એકવખતે નથુભટ્ટ સાથે સ્વરૂપનિષ્ઠાની વાત કરતાં દામોદરે કહ્યું જે, 'મહારાજ તો અવતારી પુરુષોત્તમ છે અને રામાનંદસ્વામી તો ઉદ્ધવનો અવતાર હતા.' એટલે નથુભટ્ટે દામોદરને થપાટ મારી, પછી મહારાજ આગળ વાત કરી જે, 'દામોદર આમ બોલે છે.' પછી મહારાજે નથુભટ્ટને ધ્યાનમાં બેસવા કહ્યું, ને તેમાં રામાનંદસ્વામીએ સહિત સર્વ અવતારોને મહારાજની સેવામાં દેખાડ્યા. જ્યારે ધ્યાનમાંથી બા'ર્ય આવ્યા ત્યારે નથુભટ્ટે દામોદરને દંડવત્ પ્રણામ કર્યા ને કહ્યું જે, 'મારી ખોટય તમે ટાળી.' દામોદરનો વે'વાર માંડમાંડ ચાલતો તેથી અતિ દયાળુ સ્વભાવને વશ થઈને, મહારાજ ઘણી વખત પોતે અંગપર ધારેલ ઘરેણું દામોદરને કોઈ ન જાણે તેમ આપી દેતા. (જુઓ પ્રકરણ ૭ ની વાત ૧૪)

(૨૨૮) સગર રાજાના સાઠ (સાંઈઠ) હજાર પુત્રોનો ઉદ્ધાર કરવા, એક દીકરો થાય પછી તેના વંશના તપ કરવા ચાલી નીકળતા પણ ભગીરથ તો કહે, 'મારો વંશ રાખવો હશે તો ભગવાન રાખશે.' એમ કહી તપ કરવા વહ્યા ગયા પછી ગંગાજી કહે, 'હું આવું તો મારામાં જે હોય તે આવીને પાપ મૂકી જાય, પણ મારાં પાપ કોણ ધોવે ?'

साधवो न्यासिनः शान्ता ब्रह्मिष्ठा लोकपावनाः ।
हरन्त्यघं तेऽङ्गसङ्गात् तेष्वास्ते ह्यघभिद्धरिः ॥
(શ્રીમદ્ ભાગવત : ૯/૯/૬)

અર્થ :- એષણાત્રયને ત્યાગવાળા, શાન્ત, બ્રહ્મનિષ્ઠ અને લોકોને પવિત્ર કરવાવાળા (સાધુજન) પોતાના અંગ-સંગથી તમારા પાપને દૂર કરી દેશે, કારણ કે એમનામાં પાપ-હારી શ્રીહરિ બિરાજે છે (રહે છે). પછી ભગવાન કહે, 'ભગવાનને અખંડ ધરી રહ્યા એવા જે સંત તેના ચરણનો તમને સ્પર્શ થશે કે તુરત જ તમારાં પાપ નાશ થઈ જાશે.'

પછી ગંગાજી આવ્યાં તે શિવજીએ જટામાં ઝીલ્યાં; પણ ગંગાજીને ગર્વ આવ્યો જે, શિવજીને પાતાળમાં ખોસી દઉં, તેથી શિવજીએ જટામાંથી નીકળવા ન દીધાં. પછી ભગીરથે તપ કરીને શિવજીને રાજી કર્યા, એટલે ગંગાજીને નીકળવા દીધાં તે ભગીરથ ઘોડા ઉપર આગળ ને વાંસે ગંગાજી ચાલ્યાં જાતાં હતાં. રસ્તામાં

અગસ્ત્ય ઋષિ બેઠા હતા, તેમને ભગીરથ કહે, 'કોર્યે (બાજુ) ખસો, નહિતો ગંગાજી તાણી જાશે.' અગસ્ત્ય ઋષિ કહે, 'ક્યાં છે ગંગાજી ?' તો કહે, 'વાંસે ચાલ્યાં આવે છે.' ગંગાજી આવ્યાં એટલે ઋષિ આચમન કરી ગયા. પછી ભગીરથે પ્રાર્થના કરી ઋષિને રાજી કર્યા, ત્યારે ગંગાજીને જાંઘમાંથી કાઢયાં એટલે જાહન્વી કે'વાય છે. પછી જ્યાં સગર રાજાના સાઠ હજાર પુત્રો કપિલ મુનિના શાપથી બળીને ભસ્મ થઈ ગયા હતા ત્યાં ગંગાજી ચાલ્યાં ને ઉદ્ધાર કર્યો. તેમાં કે'વાનું એ છે જે, સાત પેઢી સુધી વાત મેલી નહિ તો લઈ (લીધી) એ વાત સિદ્ધ થઈ. તેમ મોક્ષને પામવા દાખડો ર્ક્યે તો મોક્ષ થાય.

(૨૨૯) કામ, ક્રોધ આવે તો સમાવી દેવા; પણ લક્ષણ ઝળકાવવાં નહિ. એક ડોશીને ચોરવાના હેવા હતા તેથી તેનો દીકરો કહે, 'તને જાનમાં નહિ લઈ જા'એ.' તો કહે, 'ભાઈ, હું કાંઈ નહિ લઉં.' પછી તેડી ગયા. જમતાં જમતાં છાસનાં દોણાં પીરસનારે હેઠ્યે મેલેલાં તે ડોશીએ નજરમાં ઘાલ્યાં ને જમી ઊઠયાં એટલે ડોશીએ સારું જોઈને બગલમાં ઘાલ્યું. ગાડામાં બેસી ઘેર જાતાં હતાં ત્યાં છલક-છલક થાવા માંડયું ત્યારે દીકરે પૂછ્યું જે, 'આ શું થાય છે ?' ત્યારે ડોશી કહે, 'ભાઈ, ઈ મારાં <u>લખણ</u> ઝળકાય છે !' તેમ કોઈ ભલા થઈને લક્ષણ ઝળકાવશો નહિ !

(૨૩૦) 'મારા વિના નહિ ચાલે', એવો કોઈએ અહંકાર રાખવો નહિ. આ તો ભગવાનનાં કારખાનાં છે તે કોઈ વિના ન ચાલે એમ ન જાણવું. સત્સંગની સેવામાં તો લક્ષ્મી ને ભગવાન એ બેય રહ્યાં છે, તે સત્સંગનું ન બગડે ને પોતાનું બગડે; માટે જેમ વે'વારમાં ત્રેવડ રાખતા, તેમ આંહીં ત્રેવડ રાખવી. કેટલાક તો ધોતિયું ફાટે તેને થીંગડું દેતા નથી; જરાક ફાટે એટલે કાઢી નાખે છે. અરે ! કેટલાક તો લૂગડાના કટકા સારું નવું ધોતિયું ફાડી નાખે છે ને જોડામાં તેલ ભરી મૂકે છે તે તેમાં રે'તું નથી ને નીકળી જાય છે. તે શું, ઘેર એમ કરતા હશે ! અને બ્રહ્મચારી તો ચળામણમાં અરધોઅરધ લોટ કાઢી નાખે છે. તેને શું કે'વું ? પણ એવા હશે તેને આગળ જરૂર નડશે; માટે ઘેરની પેઠચે જ આંહીં ત્રેવડ રાખવી.

(૨૩૧) 'વ્યર્થકાળ <u>નિર્ગમવો</u> નહિ.' એમ કહ્યું છે તે વાતને કોણ વિચારે છે ? બેઠા હોય કે ચાલતા હોય ત્યારે કશું કામ ન હોય પણ મોઢે ય સ્વામિનારાયણનું ભજન ન ર્ક્યે. કદાચ ર્ક્યે તો અરધું ભજન ર્ક્યે ને અરધું તો બીજું ચિંતવન ર્ક્યે.

(૨૩૨) અવળા માણસ આગળ વાત જ ઊકલે નહિ. સમાગમ કરવા આવ્યા છીએ પણ જોગ નથી થાતો. પ્રહ્લાદના જેટલો કુસંગનો જોગ હોય ને પ્રભુ ભજે તેને જીવમાં બળ જાણવું. આવા જોગમાં જે લડથડિયાં લિયે છે તેનો તો જીવ નાદાર છે ને આવા જોગમાં જે આજ્ઞા લોપે છે તેના પાપનો પાર નહિ; માટે મોક્ષને મારગે ચાલ્યા છીએ તે ખબરદાર થઈને પ્રભુ ભજી લેવા.

(૨૩૩) આ કાયાનગરીને વિશે જીવ રાજા છે; ધર્મ, જ્ઞાન ને વૈરાગ્યાદિક જે ગુણ તે ખજીનો છે ને દેહ, ઇન્દ્રિયું ને અંતઃકરણ ચારણ, ભાટ ને વેશ્યાને ઠેકાણે છે તે જીવ પાસે નોખું નોખું માગે છે, જિહ્વા કહે મુને સારું સારું ખાવા આપો; દેહ કહે મુને સુવાડી મૂકો; નેત્ર કહે મુને રૂપ જોવા આપો, તે જો જીવ નાદાર થાય ને તેમનું કહ્યું કર્યે તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિક જે સર્વે ગુણ તેણે રહિત થઈ જાય; માટે મહારાજની આજ્ઞા પ્રમાણે વરતવું ને જેમાં ગુણ ન હોય તે જો આજ્ઞા પ્રમાણે વરતે તો તો તેમાં બધાય ગુણ આવે. (વચ.ગ.મ.૧૨)

(૨૩૪) આ વાતનું કે'નારું કોઈ નથી. સંસારમાં તો આપણાથી ઘણાય ડાહ્યા છે પણ તેને પ્રભુ ભજવાની કાંઈ ખબર નથી. આદર મોટો કર્યો ને આળસ રાખશું તો કામ બગડી જાશે. 'મસાણના લાડવામાં એલાયચીની સુગંધ હોય નહિ.' તેમ એમાંથી કાંઈ નીકળવાનું નથી. ભમરે ગીંગોડાને કહ્યું જે, 'તું વિષ્ટામાં શું મચી રહ્યો છે ? ચાલ મારી સાથે બાગમાં તને ભારે ભારે પુષ્પનો સુગંધ લેવરાવું !' ગીંગોડે વિચાર કર્યો જે, ત્યાં કાંઈ ખાવાનું નહિ હોય તો હું ભૂખે મરી જાઈશ, એમ ધારી નાકમાં વિષ્ટાની બે ગોળીઉં લેતો ગયો. ભમરે તેને સારા ફૂલ ઉપર બેસાર્યો ને પૂછ્યું જે, 'કાં કેવી સુગંધ ?' ગીંગોડો કહે, 'મુને તો મારા જેવીએ પૂરેપૂરી સુગંધ આમાં આવતી નથી.' ભમરે એના નાક સામું જોયું, ત્યાં તો વિષ્ટાની ગોળીઉં ભાળી. પછી કહે, 'ચાલો હોજમાં નાહવા જા'એ.' ભમરે ગીંગોડાને પાંખ મારીને હોજમાં ઝબોળ્યો, તે નાકમાં પાણી ભરાણું, એટલે છીંક આવી તે ગોળીઉં નીકળી ગઈ.

પછી પાછો ફૂલ ઉપર બેસાર્યો ને કહ્યું, 'ચાલ ઓલ્યા ફૂલે.' ત્યારે ગીંગોડો કહે, 'હમણાં તો આંહીં ઠીક છે, બહુ જ સારી સુગંધ આવે છે !' ભમરો કહે, 'પ્રથમથી જ એવી સુગંધ એમાં હતી, પણ તારા નાકમાં વિષ્ટાની ગોળીઉં હતી તેથી સુગંધ આવતી નહોતી.' તેમ સમાગમ કરવા આવે ત્યારે સંસારના સુખરૂપી ગોળીઉં રાખે એટલે ભગવાન સંબંધી સુખ ન આવે, પણ છ મહિના સુધી સારી પેઠ્યે

સમાગમ કર્યે તો ગોળીઉં નીકળે, માટે સાધુની પાંખમાં જો સેવાણો તો સારો રહે, નહિતો જીવતાં સુધી લોચોપોચો રહે, પણ જીવને ખબર નથી જે મારું બગડે છે.

(૨૩૫) આ સાધુ તો લોંઠાએ પ્રભુ ભજાવે છે પણ કોઈને સત ચડતું નથી. એક બાઈ અંજારમાં પોતાના ધણી સાથે બળી મરવા, 'જે અંબે ! જે અંબે !' કરતી નીકળી; પણ સ્મશાનમાં ગઈ ત્યાં સત ઊતરી ગયું પછી કહે, 'હું તો નહિ બળું ને ઘેર આવીશ.' પછી પાન્યમાં સંતાણી, ત્યારે તેના કુટુંબીએ લાજની ખાતર પરાણે ઉપાડીને ચિતામાં નાખી, તે બળી મૂઈ. તેમ આ સાધુ લોંઠાએ પ્રભુ ભજાવે છે પણ આપણને લગારેય કલ્યાણનો ખપ નથી.

(૨૩૬) મનને ધાર્યે કોઈ સાધન કરવું નહિ. અલૈયાખાચર ને નાજા જોગીઆ શિયાળામાં રાત્યે તળાવમાં બેસતા, તે ચામડું ઘોના જેવું થઈ ગયું ને માંહીથી લોહી નીસર્યું; પણ જ્યારે મહારાજે નાજા જોગીઆને ઘોડીની ચાકરી કરવાથી રાજી થઈને થાળ આપ્યો ત્યારે અલૈયાખાચરે મહારાજને કહ્યું જે, 'મારો તો વાંસો ફાટી ગયો ને થાળ તો એને આપ્યો.' મહારાજ કહે, ''પાણીમાં બેસવાનું અમે કહ્યું નહોતું તમે તમારા મનને જાણે કર્યું છે ને એણે તો અમારા કે'વાથી ઘોડીની ચાકરી કરી તેથી થાળ આપ્યો છે; પણ પાણીમાં બેસવાનો થાળ આપ્યો નથી, એ તો બેયનું પાણીમાં ગયું.'' વે'વાર વધારવામાં દુઃખ છે. એક સાંઢે તપ કરીને ચારસેં ગાઉ લાંબી ડોક માગી, તે ચારસેં ગાઉમાં જ્યાં ચરવું હોય ત્યાં ચરે પણ રાત્યે વનમાં સૂતો ત્યાં વાઘ, નારડાં ને શિયાળિયાં મળ્યાં, તે વચમાંથી ડોક ખાઈ ગયાં પછી હેરાન થઈને મૂઓ; તેમ લાંબા વે'વારમાં દુઃખ છે.

(૨૩૭) સાધુ કહે તેમ કરવું, તેમ ખાવું, પીવું ને આસન કરવું; કેમ જે, એ દીર્ઘદર્શી હોય. અમે થાણાગાલોળ ગયા ત્યારે જસા રાજગરે અમને હાથ જોડી કહ્યું જે, 'એક જ સત્સંગી છું ને રસ્તાનું ગામ છે તે પૂરું થાતું નથી.' ત્યારે અમે તેને પૂછ્યું જે, 'તમારી પાસે કાંઈ છે ?' તો કહે, 'હા મહારાજ ! બાજરો છે.' પછી પાલી બાજરો મંગાવ્યો. તે જૂનાગઢમાં આવ્યા, ત્યારે પલાળીને સૌને વેં'ચી દીધો. પછી પૂછ્યું જે, 'કાંઈ લૂગડું છે ?' તો કહે, 'હા મહારાજ ! વેજું છે,' પછી વેજું લાવ્યો. તેમાંથી એક ગરણા જેટલું લીધું ને ઘોડીએ ચડી તેને ખેતર ગયા ને કહ્યું જે, 'આ તો સોનું પાકે એવી જમીન છે માટે વણ વાવજે, તે ઓગણીસગણું દેશે.' પછી તેણે કોઈક્નું સાંતી માગી આડા-અવળા ઓગણીસ લીટા કર્યા ને વણ વાવ્યો તે કાલાં ઘણાં થયાં ને દેણું દેતાં રૂપિયા પાંચસેં વધ્યા. તેમાંથી રૂપિયા સોની

જૂનાગઢમાં રસોઈ દીધી ને વે'વાર પણ સારો થયો માટે મોટાના વચનમાં વિશ્વાસ રાખીને કહે તેમ જ કરવું; પણ જો કહે તેમ ન ર્ક્યે તો જરૂર દુ:ખ થાય.

અમને આખાના મૂળજી શ્રોત્રિયે દીકરાના વિવાહનું પૂછયું. ત્યારે અમે કહ્યું જે, 'નાનાનો વિવાહ કરીશ નહિ.' ત્યારે કહે, 'બહુ સારું.' પણ વેવાઈએ બહુ કહ્યું એટલે વિવાહ ર્ક્યો. પછી દર્શને આવ્યા ત્યારે કહે, 'સ્વામી, તમે ના પાડી હતી પણ વિવાહ તો ર્ક્યો.' અમે કહ્યું જે, 'તારે વાડે ચિચોડો ફરે ત્યાં સુધી જાવા દઈશ નહિ.' પછી તો છોકરાને ઘરમાં પૂર્યો; પણ સંધીનો છોકરો તેનો ભાઈબંધ હતો તે આવીને તેડી ગયો પછી વાડે ગયો ને સાંઠા ચિચોડામાં નાખવા ગયો ત્યાં હાથ આવ્યો એટલે આખો હાથ ચિચોડામાં ખેંચાઈ ગયો ને ભચરડા નીકળી ગયા. પછી ઘેર લઈ ગયા ત્યાં મરી ગયો.

(૨૩૮) સાધુસમાગમ વિના તો કાંઈ ન આવડે, કથાકીર્તન કરતાં પણ આવડે નહિ તે કેટલાય કથાકીર્તન કરતાં કરતાં ચાલ્યા ગયા ને સમાધિથી પણ જ્ઞાન અધિક છે. લક્ષ્મણને સમાધિ થાતી, પણ જ્ઞાન નહિ તેથી વે'વારમાં બંધાઈ ગયો. અમે પૂછ્યું જે, 'હવે સમાધિ થાય છે ?' ત્યારે કહે જે, 'કરું તો થાય.' પણ નવરો નહિ. શિવલાલ આગળ રાઈબાઈને પૂછાવ્યું જે, '<u>મોર્યેની ઘોડચે</u> (પહેલાની જેમ) સમાધિ થાય છે ?' તો કહે, 'કરું તો થાય.' તેમાં શું કહ્યું ? જે, 'સાધુસમાગમે સ્થિતિ રહે તેવી કેવળ ધ્યાને કે સમાધિએ કરીને ન રહે. સાધુસમાગમે કરીને રાજ ર્ક્યે તો ય સ્વરૂપાનંદ સ્વામીના જેવી તો ગતિ પામે. સાધુસમાગમ વિના બીજું ગમે તેટલું ર્ક્યે પણ તેનો નિરધાર નહિ; માટે સાધુ-સમાગમ તો અવશ્યપણે કરવો.'

(જુઓ પ્રકરણ ૧૨ ની વાત ૨૧૨)

(૨૩૯) એક જણને ૩૬૦ <u>કેડિયાં</u> હતાં. લોકની મોટાઈમાં હરિભક્તને તણાવું નહિ. આપણે તો મોટા મોટા આગળ થઈ ગયા તેના મારગમાં ચાલવું. ભગવદી હોય તેને દેહ સામી નજર ન હોય. બીજા તો દેહને જોઈને બેઠા છે; પણ દેહ આવું ને આવું ક્યાં સુધી રે'શે ? દેહ તો સડી જાશે, કાં રોગ થાશે, ત્યારે જીવ જાશે; માટે ભગવાન સામું જોઈને ભગવાનને (મેળવવાને) અર્થે આ દેહ કામ આવે એટલું જ કામ આવ્યું ને બીજું તો સર્વે વ્યર્થ ગયું. સાંખ્ય શીખ્યા વિના જીવમાં સુખ આવે નહિ. સાંખ્ય વિના તો છોકરો મર્યે કે, બાયડીને ટૂંટિયું આવે કે, વરસાદ ન વરસે તો દુ:ખ થાય પણ દત્તાત્રેયની પેઠ્યે ગુરુ ર્ક્યે તો કાંઈ ન હોય તોય સુખિયો રહે.

(૨૪૦) નારણ પ્રધાને પૂછ્યું જે, 'મારો જીવ નિર્બળ છે ને શ્રદ્ધા નથી તે શું કરું ?'

કોટિ બ્રહ્માંડના નાથ કર સાહીને, અચળ પદવી મુને આજ દીધી.
(કીર્તન મુક્તાવલિ : ૭૧)

એ બોલીને તેનો હાથ ઝાલીને કહ્યું જે, 'બળ નથી તો હવે નવું બળ આવશે; જેમ કોઈને રે'વા ઘર ન હોય ને નવું ઘર બાંધે છે તેમ તથા સંસ્કાર લાગશે એટલે જીવમાં બળ આવશે.'

સંવત ૧૯૧૮ના શ્રાવણ સુદિ અષ્ટમીને દિવસે સ્વામીએ વાત કરી જે,

(૨૪૧) આજ્ઞા ને ઉપાસના એ બે વાત જ મુખ્ય છે. રૂપિયાને મારગે કોઈએ ચાલવું નહિ એમાં તો કાંઈ માલ જ નથી. સિદ્ધાઈમાં પણ કાંઈ માલ જાણશો નહિ. સ્ત્રી, દ્રવ્ય, સ્વાદ ને માન એ તો પડવાના મારગ છે. ભૂજમાં તુળસીને પાણી રેડ્યું તે કોંટા ફૂટ્યા, તેમ સ્વાદમાંથી કામના કોંટા ઊગે છે માટે કોઈની મો'બતે કરીને ખાટાં, ગળ્યાં કે, ચીકણાં કોઈએ ખાવાં નહિ. એ તો જાણવું જે, આગલ્યાનો આપવાનો ધર્મ ને આપણો ત્યાગ કરવાનો ધર્મ. ધર્મામૃતમાં કહ્યું છે જે, રસભર્યાં ખાય તો ધાતુપ્રકોપ થાય; તે હમણાં નહિ થાય તો પાંચ દહાડા પછી થાશે ને કીડા પડ્યે એટલું દુઃખ આવશે; કેમ જે, મહારાજને ન ગમે એટલે કેમ કરીએ ? માટે આજ્ઞામાં રે'વું એ ઠીક છે. બંધિયાવાળા મૂળુભાઈનો હાથ કચરાણો, પણ ઓયકારો ન કર્યો ! એવી જેને સત્સંગની લાજ હોય તેનાથી કાંઈ આડુંઅવળું કેમ થાય ?

(૨૪૨) વાત કરવી તે સ્થાન જોઈને કરવી, દેશકાળ જોઈને કરવી, મનુષ્ય જોઈને કરવી પણ જોજો કોઈ સિદ્ધાઈ જણાવતા નહિ ! એમાંથી તો કેટલાયની ઝોળીઉં ટપક્યું છે ને હજી પણ એ મારગે ચાલશે તેની ઝોળી ટપકશે; એમાં ફેર નથી. નિષ્કુળાનંદસ્વામી કોઈની મો'બતમાં લેવાય નહિ ને કરીમભાઈ લેવાય. વિષય છાતી ઉપર ચડી બેઠા છે તે શું ? જે, સ્ત્રી, ધન ને સ્વાદ તેની જ વાસના છે, પણ ધનની વાસનાએ કરીને સાપ થાવું પડશે.

જોને ચીલ ચડે આસમાને રે, નજર તેની નીચી છે;
દેખી મારણને મન માને રે, અન્ય જોવા આંખ મીંચી છે.
(કીર્તન મુક્તાવલિ : ૧૦૪૧)

તેમ પ્રકૃતિપુરુષ સુધી સર્વેની નજર કરકા ઉપર છે; તે ગમે તેવો ડાહ્યો હોય તેને પણ સ્ત્રી ઘુમરી ખવરાવે.

શ્રવણ ફંટાકી સીંઘણી, બેઠી રૂપ બનાય;
લાવનતા કર લે લિયા, તીન લોક મુખ માંય.
તીન લોક મુખ માંય, ત્રિયાકો અજબ તમાસો;
કૈક રચ સિર ફૂટ, છૂટ નહિ સકયા ગ્રહ્યાસો.
દાખત બ્રહ્માનંદ, પ્રબલ ખેલાડ પટાંકી;
ખલક મુલકકું ખાય, સીંઘણી શ્રવણ ફટાંકી.
(બ્રહ્માનંદ કાવ્ય : કુંડલિયા)

**તે સ્ત્રી સારુ થઈને દેવલોક સુધી બાઝી મૂઆ છે, પણ જેમ ગુજરાતમાં પાણો હોય નહિ તેમ આત્મારૂપે વરતે તેમાં માયા હોય નહિ. ધન ને સ્ત્રી જીવમાંથી કાઢી નાખવાં, એ તો સ્વરૂપાનંદસ્વામી જેવા હોય તે બીજાના હૈયામાંથી કાઢી નાખે. ચૈતન્યાનંદસ્વામીને નીકળી ગયું તે અવયવ ફરી ગયાં તેમ આપણે પણ એવાનો મન, કર્મ, વચને સંગ કરીએ, તો આપણાં અવયવ પણ ફરી જાય ને પૂર્ણાનંદ ને આત્માનંદ થાવાય.** (જુઓ પ્રકરણ ૬ ની વાત ૧૬૫)

**(૨૪૩) બધી કલમું છે, તેમ આ પણ એક કલમ છે તે જે ભણે તેને આવડે. બ્રહ્મવિદ્યા તે શું ? જે, 'પ્રગટ બ્રહ્મ મૂર્તિમાન જે, આ બોલે છે તેને વિશે સ્થિતિ થાય તો તેને મહારાજ ને પ્રગટબ્રહ્મ વિના બીજા કોઈ આકાર નજરમાં ન આવે તેને બ્રહ્મવિદ્યાશ્રિત યોગી જાણવા.'**

**ब्राह्मे मुहूर्ते शयनं विहाय निजस्वरूपं हृदि चिन्तयित्वा ।**
**स्नानं विशुद्धं प्रचुराभिरद्भिः श्रीनीलकण्ठं हृदि चिन्तयामि ॥**
(શ્રી નીલકંઠ ચિન્તનાષ્ટકમ્)

અર્થ :- બ્રાહ્મમુહૂર્તમાં શય્યા (નિદ્રા) નો ત્યાગ કરી પોતાના સ્વરૂપનું હૃદયમાં ચિંતન-ધ્યાન કરી, અધિક જળ વડે સ્વચ્છ સ્નાન કરી શ્રી નીલકંઠનું હું હૃદયમાં ચિંતન કરું છું. **બે વડે બ્રહ્મવિદ્યા શીખે છે ત્યારે સ્થિતિ રહે છે. તે જે સાત્ત્વિક સેવ્યા હોય અને તેના આશીર્વાદ હોય ત્યારે સ્થિતિ રહે.**

હરિ કૃપા જબ હોત હે સુજત અપના દોષ.

**બીજાના તો સૌને સૂઝે પણ પોતાના સૂઝે તો કૃપા સમજવી. અંતરમાં અભાવ વિના ટેક રહે નહિ.**

ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના, કરીએ કોટિ ઉપાયજી;
ચમક દેખીને લોહ ચળે, ઇન્દ્રિય વિષય સંજોગજી;
અણભેટયે રે અભાવ છે, ભેટયે ભોગવશે ભોગજી. ત્યાગ૦
(કીર્તન મુક્તાવલિ : ૪૮૦)

જ્યારે ભોગનો જોગ થાય ત્યારે રે'વાય નહિ. બોરના કીડાની પેઠ્યે વિષયમાંથી નીકળે નહિ પણ કૂકડવેલનું પાણી પેટમાં ગયું હોય તો પેટબેસણું થાય તેમ વૈરાગ્યરૂપી ઔષધિ જીવમાં ગળે તો બીજું નીસરે. ધર્મે કરીને સત્સંગમાં રે'વાય, મહિમાએ સહિત જ્ઞાન હોય તો કૃતાર્થપણું મનાય, આત્મજ્ઞાને કરીને એમ જાણે જે, 'હું દેહથી નોખો આત્મા છું, તે આત્માને કાંઈ જો'તું નથી, હું તો આત્માને સુખે સુખિયો છું.' એમ માને, વૈરાગ્યે કરીને પ્રકૃતિપુરુષ પર્યંત જે યત્કિંચિત્ માયિક પદાર્થમાત્ર તે સર્વે ખોટું થઈ જાય; ને ભક્તિ તે શું ? જે, પ્રગટ ભગવાન અને તેના સંતને વિશે ઘણો સ્નેહ થાય ત્યારે સંપૂર્ણ થયું કે'વાય; પછી ભગવાન વરે છે.

(૨૪૪) જીવ કોઈ વાતે ધરાણો નહિ ને કથાવાર્તામાં ધરાઈ રહે છે. ધ્રુવપાંખડી ધ્રુવ સામી જાય ને માછલું જળ વિના રહે નહિ, તેમ ઠરાવ કરવો જે, 'હવે તો પ્રભુ જ ભજવા છે.' મારવાડના ઐલપુરુરવા રાજાને વૈરાગ્ય ઊપજ્યો, ત્યારે સ્ત્રી એવું નામ ન લેતો; તે સ્ત્રીલિંગે પદાર્થનું નામ પણ જીવ્યો ત્યાં સુધી ન લીધું. તડકામાં પણ લીમડી કહે તો તેની છાંયા હેઠયે ન જાય. ગમે તેવી તરસ લાગી હોય પણ વાવડી કહે તો તેનું પાણી ન પીયે. રોટલી કહે તો ખાય નહિ ને બાજરીનો કહે તો ય ખાય નહિ; એવો અભાવ થાય ત્યારે ભગવાન ભજાય. આ તો જીવને બેય કરવું તે બે વાત કેમ બને ?

સાળાને સોળ સ્ત્રી ને બનેવીને બે સ્ત્રી. સાળાને વૈરાગ્ય ઊપજ્યો, તે કહે, 'હું દરરોજ એક સ્ત્રીનો ત્યાગ કરીને સત્તરમે દિ' ચાલ્યો જા'શ.' તેના ખબર તેની બે'નને પોં'ચ્યા ત્યારે તેની બે'ન તેના ધણીને નવરાવતી હતી તે આંસુ તેના ધણીના વાંસા ઉપર પડયાં. ત્યારે કહે, 'રોવે છે ?' તો કહે જે, 'મારો ભાઈ સોળ સ્ત્રીનો ત્યાગ કરીને સત્તરમે દિ' ચાલ્યો જાશે, એવા ખબર આવ્યા છે.' ત્યારે કહે જે, 'ગાંડી થા મા, એમ ન ત્યજાય !' ત્યારે સ્ત્રી કહે, 'એમ જ ત્યજાય, તમે ત્યજી જોયાં છે ?' ત્યારે તેનો ધણી કહે, 'આ ત્યજ્યું, લિયે હાલ !' એમ કહી ભીને પોતિયે ચાલી નીકળ્યો તે પાછો આવ્યો જ નહીં એવા ખબર સાળાને મળ્યા એટલે તે પણ સોળ દિ' પૂરા થયા પે'લાં ચાલી નીકળ્યો. એમ પ્રભુ ભજવાનો ઠરાવ કરવો.

(૨૪૫) ગઢડામાં આજ્ઞા-ઉપાસના વિનાનો બાવો હતો તેને જોઈને મહારાજે સાધુને કહ્યું જે, "(શુષ્ક) વેદાંત ભણ્યા હોત તો તમારા પણ આ બાવાના જેવા હાલ થાત."

(૨૪૬) આ જીવને સમાગમ વિના બળ ન આવે ને જ્ઞાન પણ થાય નહિ માટે સમાગમ ક્યે તો બધું સૂઝે. એક શાહુકાર ગુજરી ગયો પછી તેના ઘરમાં દારિદ્ર આવ્યું ને કાંઈ ખાવા ન રહ્યું. પછી તેના દીકરા પાસે બે હીરા હતા તે લઈને મામાને ગામ ગયો ને મામાને કહ્યું જે, 'આ બે હીરા અમારે વેચવા છે.' તે મામો ઝવેરી હતો, તેને જોતાં વેંત જ ખોટા છે એમ લાગ્યું, પણ બોલ્યો નહિ; કાં જે, ભાણેજ માને નહિ, ને મામાને પડાવી લેવા છે તે સારુ ખોટા કહે છે એમ ધારી મામાએ ભાણેજને કહ્યું જે, 'તમે હમણાં આંહીં રહો, ઘરાક આવશે એટલે વેચી દઈશું.' ભાણેજને કહે, 'તું હાટે આવતો જાજે.' પછી ભાણેજ પણ હાટે બેસે ને હીરા, માણેક, મોતી વગેરે ઝવેરાત લેવાય-દેવાય તે ભાણેજને દેખાડે; ને તે પણ તેમાં સરત રાખતો. પછી તો તેને પણ સાચા-ખોટા હીરાની ખબર પડી, ને તેના મામાને ખાત્રી થઈ જે, હવે બરાબર હુશિયાર થયો છે.

પછી એક દિ' ઘરાક હીરા લેવા આવેલ તેને જોઈને મામાએ ભાણેજને કહ્યું, 'ઓલ્યા તારા હીરા લઈ આવ તો આને આપીએ.' ભાણેજ ઘેર ગયો ને તેની મા પાસેથી હીરાની ડાબલી લઈ ચાલ્યો આવતો હતો ત્યાં તેને 'હીરાની કિંમત શું ઊપજશે?' એવો વિચાર થયો કે, તુરત જ ડાબલી ઉઘાડી ને જોયું તો ખોટા લાગ્યા. એટલે ઉકરડામાં ફગાવી દીધા. મામાએ પૂછ્યું, 'લાવ્યો ?' તો કહે, 'મામા, એ તો કાંકરા હતા.' મામા કહે, 'લાવ તો ખરો.' એટલે ભાણેજ કહે, 'એ તો ઉકરડામાં નાખી દીધા.' મામા કહે, 'તેં મને બતાવ્યા તે દિ' પણ તે કાંકરા હતા; પણ જો તે દિ' મેં તને હીરા ખોટા છે એમ કહ્યું હોત તો મનાત નહિ ને તેં જો પરીક્ષા કરી તો હવે તેં જ નાખી દીધા ને ખોટા છે એમ તને જ જીવમાં થઈ ગયું.' તેમ દેહ, લોક, ભોગ અને કુટુંબ એની મેળે સમાગમે ખોટું થઈ જાશે ને આંહીં અવાય છે તો સારું થાશે પણ બીજા શબ્દ સાંભળશું તો જેમ *ગાયનો ચાર ચોરે વાઘ ક્યો તેમ થાશે તેમ આપણામાં પણ કે'શે જે, 'અરે, ત્યાં ક્યાં ગયા ? એનો સંગ કરશો નહિ.' એમ ચાર-પાંચ જણ કહે ત્યાં મનાઈ જાય પણ કોઈ આંખ્ય ઉઘાડીને જોતું નથી જે, આ કે'નારા કેવા છે ? તેનું વર્તન કેવું છે, ને તેનાથી કેવા થયા છે ?

જેને જોઈયે તે આવો મોક્ષ માગવા રે લોલ,
જુવો આંખ ઉઘાડીને વિવેકની રે લોલ,
શીદ કરો છો ગોળ-ખોળ એક પાડ, નરનારી. જોઈ૦

(કીર્તનસાર સાગર : ૩૯૦)

જૂનાગઢમાં વશરામભક્ત કો'કની દાઢી ઝાલીને વાતુ કરતા એવું પ્રભુ ભજાવ્યાનું તાન હતું. વાદળીની પેઠચે જીવ પલળે ત્યારે આ વાતુ ઠરે. દેવતા કે મનુષ્યમાં કોઈનો દેહ રે'વાનો નથી. જાળિયાના અરજણ બાબરિયાને ધાવણો ભાળ્યો હતો તે પણ આવડો મોટો થયો ! માટે સાધુસમાગમ વિના, મૂંઝવણ આવ્યા વિના રહે નહિ ને સુખ, શાંતિ પણ થાય નહિ.

સુરપુર, નરપુર, નાગપુર, એ તીન મે સુખ નાંહિ;
કાં સુખ હરિ કે ચરણ મેં, કાં સુખ સંતન કે માંહિ.

બધેય ઓશલા ફૂટાય છે. (*જુઓ પ્રકરણ ૬ ની વાત ૮૪)

સંવત ૧૯૧૮ના શ્રાવણ સુદિ નવમીને દિવસે સ્વામીએ વાત કરી જે,

(૨૪૭) જેનો જીવ વિષયથી વાસિત હોય તેનાથી આ સમાગમમાં રે'વાય નહિ. વરસ દિ' લાગટ રોટલા મળે તો પંડચે મહારાજ બેઠા હોય તેને મેલીને ઘેર ચાલ્યું જવાય.

तत्र तावत्संज्ञा संव्यवहाराय संगृह्यते । (પાણીનીય વ્યાકરણસૂત્ર)

અર્થ :- એટલે ત્યાં વે'વાર માટે સંજ્ઞા લેવામાં આવે છે. એ સૂત્ર ભણનારાને જેમ જીવમાં વસાઈ જાય છે તેમ જીવ વિષયમાં વસાઈ જાય છે, તે જડભરત મૃગલીમાં વસાઈ ગયા ! તેમ કાંઈને કાંઈ વળગાડ જીવને મટતા નથી. એકવાર મોઢું જોયે, વિકાર થાય, તો પ્રસંગ હોય તેને કેમ ન થાય ? થોડે થોડે ભગવાન સામો જીવને વાળવો છે તે વિષયનું સુખ લેશું તો પણ નહિ લેવાય. તાલ કર્યે છે પણ એકે ય તાલ રે'વાનો નથી. શણગાર કરતાં કરતાં મરી જાવાય એવું છે. હજી ગાડીનો તાલ આવ્યો નથી. ભગવાન વિના તો

નર એક રતિ બિન એક રતિકો. (કીર્તન મુક્તાવલિ-નાશવંત દેહ વિશે)

આમ બેસીને પ્રભુ ભજવા તે તો કોઈને આવડે જ નહીં.

(૨૪૮) આવા સાધુમાં બંધાવું ને એમ ન થાય તો નિયમમાં રહીને પડી રે'વું તે પણ ઠીક છે. બધી વાત જોઈ તપાસીને રુક્મિણીની પેઠ્યે ભગવાનને જ વરવું ને એમાં વળગવું. અગ્નિધ્ર જેવાનો સંગ થાય તો દહાડે-દહાડે વિષયમાં ચોંટાતું જાવાય ને શુકજી જેવાનો સંગ હોય તો ઊખડાય. સંસારમાં દસ છોકરાં હોય તો પણ તેને પરણાવ્યા ઉપર નજર હોય પણ તેમાંથી એકેય ત્યાગી થાય તો ન ગમે; કાં જે, પોતે પરણેલો છે. માટે જેવી વિદ્યા પોતાના હૈયામાં હોય તેવી વિદ્યા બીજાને ભણાવે. નાડીઉંમાં વિષયના પાસ લાગી ગયા છે પણ આ સમાગમ કરતાં કરતાં

ઝીણાભાઈની પેઠ્યે સારા વિષય હશે તે પણ ભૂંડા થઈ જાશે. જેમ કચરો વળગે તેમ આ જીવને દેહ વળગ્યો છે. (જુઓ પ્રકરણ ૩ ની વાત ૧૪)

(૨૪૯) પરણવા જાય છે તે ખેતરપાળને પગે લાગે છે તે શ્યા સારુ ? જે, વિઘ્ન ન આવે; તેમ આપણે પણ કલ્યાણના મારગમાં કોઈ વિઘ્ન કર્યે એવા હોય તેને પગે લાગીને છેટા રાખવા પણ કલ્યાણમાં વિઘ્ન આવવા દેવું નહિ ને સત્સંગે કરીને જીવને વાસિત કરવો. કોઈ વાતુ કરતા હોય તેને જોઈને કહે જે, 'આને તો સ્વભાવ પડયો છે.' તે વણથળીમાં મેમણની ડોશીએ અમને કહ્યું જે, 'આ બાવો તો સવારનો વઢય વઢય જ કર્યે છે.' તે સાંભળી રઘુવીરજી મહારાજ ને નિત્યાનંદસ્વામી હસ્યા; પણ આમ વાતુ કર્યા વિના તો કોઈનો ધર્મ રે'વાનો નથી. જ્યારે સુંદરદાસ પરણીને આવ્યો, ત્યારે તેના ગુરુ દાદુને પગે લાગ્યો. ત્યાં દાદુએ તેની સ્ત્રી દીઠી. પછી જાણ્યું જે, 'આ પરમેશ્વર ભજી રહ્યો !' પછી કહ્યું જે, 'ગયો ! ગયો ! ગયો !' ત્યારે સુંદરદાસ સમજ્યો જે, આમાં પરમેશ્વર નહિ ભજાય 'તે નરકે ગયો' એમ કહ્યું તે વાત જીવમાં ઊતરી ગઈ ને વિચાર કરવા લાગ્યો પછી ફરી આવીને પૂછ્યું એટલે દાદુએ કહ્યું તેમ તેણે કર્યું. આવી રીત્યે જીવના હૈયામાં શબ્દ લાગે છે; પણ દેશકાળને માથે ન નાખવું.

(૨૫૦) કણસલું નીકળ્યું એટલે વૃદ્ધિ ન પામે તેમ પોતાનો ગુણ લિયે એટલે વૃદ્ધિ ન પામે.

(૨૫૧) એકજણ પ્રાર્થના કરતો હતો તેને જોઈને બીજો કહે જે, 'આને વિશ્વાસ નથી.' કૃપાનંદસ્વામીને મહારાજના વિરહે કરીને રૂંવાડે રૂંવાડે લોહી નીસર્યું, ત્યારે અમે કહ્યું જે, 'નાજા જોગીઆ સાથે મહારાજને કે'વરાવો (કહેવડાવો) તો મહારાજ તમને પાસે રાખે.' ત્યારે કૃપાનંદસ્વામી કહે, 'મહારાજ કાંઈ જાણતા નથી ? ને અંતર્યામીએ નથી ? એમ માનું ને હું કુસંગી થાઉં, તો કે'વરાવું ને ?'

(૨૫૨) સાધુસમાગમ વિના સ્વભાવ ન જાય. રાધિકાજીને સ્વભાવ રહેલ તે વાત કરી. <u>બોરડીના જેવા સ્વભાવ</u> છે. જેટલા પ્રભુ ન સાંભરે એટલો જીવ ઊંધો છે. (જુઓ પ્રકરણ ૩ ની વાત ૫૫, ને પ્રકરણ ૬ ની ૮૩)

(૨૫૩) આ સાધુની અનુવૃત્તિ રાખીએ ને એના રૂખમાં રહીએ, તો ભગવાનને ઢૂકડું થાવાય છે. જેને આ સાધુનો સંબંધ થયો છે તેને તો <u>પૃથ્વીનું વેજું છે</u>. રાંધીને જમે નહિ ને ઢાંકી મૂકે તો તે અન્ન ઊતરી જાય તેમ સમજ્યા હોય, પણ કહે નહિ ને સંભારે પણ નહિ, તો તેની સમજણ ઊતરેલા અન્ન જેવી થઈ જાય છે;

માટે સંભારે તેને જ સુખ આવે પણ એવું વ્યસન નથી પાડયું જે તે વિના ચાલે જ નહીં.

(૨૫૪) આજ્ઞા પળે, સ્મૃતિ રહે ને સત્સંગ ગમે, એવી વળામણ રાખવી. ઘેર તો લાવો લાવો કર્યે છે, તેનો અંત ન આવે.

(૨૫૫) જેને પ્રભુ ભજવા હોય તેને રમણીય પદાર્થ તો જોવું જ નહીં ને જુએ તો એના આઘાત લાગે. બહુ ક્રિયાએ કરીને સ્થૂળભાવ આવી જાય પછી કથાવાર્તામાં પણ મન રહે નહિ માટે આપણે એમ શીખવું જે, ક્રિયા કરવી પણ તેમાં મન વળગવા દેવું નહિ. ઘનશ્યામાનંદ સ્વામી ફાળકો ફેરવતાં માનસીપૂજા કરતા. સર્વે ક્રિયા ભગવાનપરાયણ કરી મેલવી. દેહનો તો અનાદર જ કરી રાખવો, જો આદર કર્યે તો ચડી બેસે. જીવને દેહાભિમાનરૂપ જીન વળગ્યું છે.

માણાવદરના કણબીને આઠ ભૂત વળગ્યાં હતાં, તે અમારી પાસે આવ્યો ત્યારે અમે તેની ડોકમાં હાર નાખ્યો કે તુરત ધૂણવા મંડયો, ને કહે, 'હું તો મુસલમાન છું ને બીજાં સાત છે.' ત્યારે અમે કહ્યું જે, 'તું તો જા, બીજાની વાત પછી.' એટલે તે વહ્યો ગયો ને કહે, 'હવે ઢેઢ આવશે.' તે આવ્યો ને અભક્ષ્ય વસ્તુ માગી, એટલે તેને ય કાઢયો. તો કહે, 'હું જાઉં છું પણ ભોઈ આવશે.' પછી તો ભાર ઉપાડવા મંડયો, ત્યારે જાણ્યું જે ભોઈ ખરો. પછી તેને કાઢયો એટલે કહે, 'હું તો જાઉં છું પણ હવે કૂતરિયોવીર આવશે.' તે ધરતી ખોતરવા મંડયો ને કૂતરાની પેઠયે ઊંચું મોઢુ કરીને રાડો પાડવા માંડી. ત્યારે જાણ્યું જે આ કૂતરિયોવીર ખરો. પછી તેને કાઢયો ત્યારે મોં આડું લૂગડું રાખી બોલવા મંડયો ત્યારે પૂછયું જે, 'તું કોણ છે ?' તો કહે, 'હું પુંજેરી છું.' પછી તેનેય કાઢ્યો. ત્યારે કહે, 'હવે મૂંગોવીર આવશે.' તે ચાળા કરવા મંડયો ત્યારે જાણ્યું જે આ મૂંગોવીર ખરો પછી તેને ય કાઢ્યો. એમ આઠેય ભૂત કાઢી સુખિયો કર્યો. તેમ દેહાભિમાન પણ એવું છે, માટે સુખિયા થાવું હોય તો દેહાભિમાન મૂકવું. દેશકાળે કરીને, મંદવાડે કરીને જીવને મોળપ આવી જાય છે ને સ્થિતિ ડોલી જાય છે.

(૨૫૬) 'આ સર્વે ધૂડયનો વિકાર છે, સર્વે પદાર્થ ધૂડયનાં છે.' એમ જાણ્યા પછી પણ એનો જોગ થાવા દેવો નહિ ને નિયમ મોળા પડવા દેવા નહિ. નિયમ મોળા પડ્યે તો નારદ ને પર્વતના જેવું થાય. અંબરીષને દીકરી પરણાવવી હતી. તેથી નારદ તથા પર્વતને કન્યાનો હાથ દેખાડયો ને કહ્યું જે, 'જુઓ, આને કેવો વર મળશે ?' પછી કહે, 'આને તો ભારે રેખા છે; તે ભગવાન જેવા વરશે !'

પણ હાથ જોતાં જોતાં બન્નેયને પરણવાનું મન થયું. એટલે કહે, 'આ કન્યા અમને પરણાવો.' અંબરીષ કહે, 'તમે ત્યાગી થઈને શું બોલો છો ?' એટલે કહે, 'હવે અમારે ગૃહસ્થાશ્રમ કરવો છે.' ત્યારે અંબરીષ કહે, 'તમે બે, ને કન્યા એક, તે કેમ થાય ? પણ તમારે વરવું હોય તો સવારે સ્વયંવરમાં આવજો.'

પછી નારદજી ભગવાન પાસે ગયા, ને કહે જે, 'મુને રૂપ આપો, માર્યે રાજાઓનો ગર્વ ઉતારવો છે ને પર્વતનું મોઢું માંકડાનું કરજો.' ત્યારે ભગવાન કહે, 'ઠીક.' પછી પર્વત ગયા તેણે પણ એમ જ કહ્યું જે, 'હે મહારાજ, મુને એવું રૂપ આપો જે, રાજામાત્રને પડતા મૂકીને અંબરીષની કન્યા મુને જ વરે ને નારદજીનું મોઢું વાંદરાનું કરજો.' ત્યારે ભગવાન કહે, 'તથાસ્તુ.' એમ વર લઈ ચાલ્યા ત્યાં દરવાજો બંધ હતો એટલે બહાર બેઠા ને ચંદ્રમાને જોઈને કહે જે, 'કન્યાનું રૂપ ચંદ્રમા સમાન છે.' ત્યારે બીજો કહે, 'ચંદ્રમામાં તો કાળ્યપ છે, એનામાં કાળ્યપ ક્યાં છે ?' તો કહે, 'કમળ જેવી છે.' ત્યારે કહે, 'કમળ તો જડ છે ને કન્યા તો ચૈતન્ય છે.' એમ વર્ણન કરતાં કરતાં સવાર પડી ને દરવાજા ઊઘડયા ત્યારે બેય મંડપમાં જઈને ઊભા રહ્યા. તેમને અતિ રૂપવાન જોઈને સૌને એમ થયું જે, કન્યા આને વરશે પણ જ્યારે કન્યા વરમાળા આરોપવા આવી ત્યારે બેયનાં મોઢાં માંકડાનાં થયાં તે દેખીને કન્યા ભાગી ગઈ ત્યારે તેઓ જાણે આપણને કન્યાએ દીઠા નથી, એમ ધારી ફરીફરીને કન્યા પાસે જાય, ત્યાં કન્યા ભાગી જાય ત્યારે શિવના ગણ કહે, 'તમારાં ડાચાં તો જુઓ, તમને કન્યા શું વરે ?' પછી હોજમાં જોયું, ત્યાં તો મોઢાં કાળાં હબસી જેવાં દીઠાં ને ભગવાન આવ્યા એટલે કન્યાએ હાર આરોપ્યો, ને ભગવાન કન્યા લઈ વહ્યા ગયા.

નારદ અને પર્વતે શાપ દીધો જે, 'અમોને સ્ત્રીનો વિયોગ કરાવ્યો માટે તમારે ય સ્ત્રીનો વિયોગ થાજો !' ભગવાને રામાવતારરૂપ ધાર્યું ત્યારે તે શાપથી સીતાનું હરણ થયું ને પંપાસર તળાવની પાળે નારદને ભગવાન મળ્યા ત્યારે નારદે કહ્યું જે, 'માર્યે વરવું હતું ને કેમ વરવા ન દીધો ?' ત્યારે ભગવાન કહે, 'માતા જેમ બાળકની રક્ષા ર્ક્યે છે તેમ હું મારા ભકતની રક્ષા કરું છું.' માટે હરણફડકો રાખવો, પણ વિષયનો સંબંધ થાવા ન દેવો કેમ જે, વિષયમાં સુખ છે એવી તો કલમ કોઈ મૂકતા જ નથી.

मुक्तिमिच्छसि चेत्तात विषयान्विषवत्त्यज ।
क्षमार्जवदयातोषसत्यं पियूषवद्भज ॥

અર્થ :- હે પુત્ર, તને મુક્તિની ઇચ્છા હોય તો વિષયોને વિષની જેમ ત્યાગ કર. ક્ષમા, સરળતા, દયા, સંતોષ અને શીલ આ ગુણોનો અમૃતની માફક આશ્રય કર. **વિષય સારા લાગે છે, તે શું ? જે, આપણને એનું ઝેર ચડ્યું છે. જેમ,**

ભરખ્યો ભોયંગને લાગે લીંબ મીઠો રે,

**એમ આપણને વિષય સારા લાગે છે.**

**(૨૫૭) પચીસ હજાર આવ્યા, ત્યારે બે હજાર આપ્યા; એ તો સકામપણું કે'વાય. એક નાગરે રૂપિયા સારુ માનતા કરેલ, પછી રૂપિયા મળ્યા એટલે મહાદેવજીને માથે ચડાવ્યા ને માનતા પૂરી કરી. પછી કહે, 'આ તમારા સેવકનાં છોકરાં છે તે તમારા પોઠિયા છે તેને આપો.' એમ કહી ઢગલામાંથી ખોબા ભરીભરીને છોકરાંને આપ્યા પછી કહે, 'આ તમારી સેવકાણી છે તેને આપો.' એમ કહી તેની સ્ત્રીના ખોળામાં ખોબા ભરીભરીને નાખ્યા. પછી કહે, 'હું તો તમારો સેવક છું તે મને ય તમારી પ્રસાદી જો'એ ને !' એમ કહી બધા પોતે ઉહરડી લીધા ને માનતા કરીને વહ્યો ગયો. એવું દ્રવ્યનું બળવાનપણું છે. માટે,**

**उदाराः सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतम् ।**
**आस्थितः स हि युक्तात्मा मामेवानुत्तमां गतिम् ॥**

(ભગવદ્‌ગીતા : ૭/૧૮)

અર્થ :- એ બધાય ઉત્તમ છે; પરંતુ જ્ઞાની તો મારો આત્મા જ છે એવો મારો મત છે; કેમકે તે એકાગ્રચિત્તવાળો થઈ સર્વોત્તમ ગતિરૂપ મને જ આશ્રય કરી રહ્યો છે. **એમાં જ્ઞાનીને આત્મા કહ્યો છે ને** ત્યાં ગાડાં છોડવાં છે**; માટે સત્શાસ્ત્રનું વ્યસન રાખવું ને ન રાખે તો જાડ્યતા આવી જાય.**

**(૨૫૮) બહુ શાસ્ત્ર ન ભણવાં જેમાં ભગવાનની મૂર્તિનું વર્ણન આવે તેમની સ્મૃતિ આવે ને એમનાં ચરિત્ર આવે એવાં ભણવાં; મહારાજનાં વચન જેવાં કોઈનાં વચન બળવાન નથી.**

**(૨૫૯) જે વાત જીવમાં પેઠી તે નીકળનારી નહિ. વાઘરીના ખોરડામાં ખાતર ન પડયે ને શાહુકારના ઘરમાં પડયે; તેમ જેની પાસે ભગવાન હોય ત્યાં માયા વિઘ્ન કરવા આવે છે ને બીજા તો માયાના જ છે માટે જેને પ્રભુ ભજવા તેને બીજું આલોચન ન કરવું. ઋષભદેવને તથા ગોપાળાનંદસ્વામીને ગાંડા કે'તા ! 'પાકી રસોઈ ન કરવી.' એવો ઠરાવ કરી ગોપાળાનંદસ્વામી નિષ્કુળાનંદસ્વામીને વડોદરે તેડી ગયા પણ હરિજન દૂધપાક સારુ દૂધ લાવ્યા, તે વાતની નિષ્કુળાનંદસ્વામીને ખબર પડી**

એટલે ચાલવા તૈયાર થયા. પછી ગોપાળાનંદસ્વામી ભંડારે ગયા ને દૂધના દેગડા ખાળે ઢોળી નાખ્યા ને હરિજનને કહે, 'તમારી પાકી રસોઈ થઈ ચૂકી.' તે બીજા સાધુને સારું ન લાગ્યું, એટલે કહે, 'ખાતા નથી ને બીજાને ખાવા દેતા ય નથી ને હરિજનને કોચવે છે.' પછી તેમણે બીજે દિ' છાનીમાની પાકી રસોઈ કરીને પંક્તિમાં પીરસી ગયા ત્યારે ખબર પડી. પછી નિષ્કુળાનંદસ્વામી જમીને તુરત ચાલી નીકળ્યા, તેથી ગોપાળાનંદસ્વામી બહુ કોચવાયા.

ગોપાળાનંદસ્વામી ગૃહસ્થ હતા, ત્યારે તેમનું નામ ખુશાલ ભટ્ટ હતું તે વખતે મહારાજે તેમને 'ભારત' લેવા લખીરામ શાસ્ત્રી ભેળા મોકલ્યા હતા. રસ્તામાં રાત્ય પડી ને જ્યાં ઊતરવા ગયા ત્યાં નાગર ઊતર્યા હતા. પછી ઓટે ઊતર્યા. ત્યાં ધૂડ્ય બહુ હતી ને જૂવા પણ ઘણા હતા. ગોપાળાનંદસ્વામીએ લખીરામ શાસ્ત્રીને કહ્યું, 'કેમ શાસ્ત્રી, રસોઈ કરશો ?' ત્યારે કહે, 'આંહીં બેસવાનું ઠેકાણું નથી ત્યાં જમવાનું ક્યાંથી મળે ?' પછી ગોપાળાનંદસ્વામીએ મહેતા સામું જોયું એટલે ભૂંટ્ટ પડી ગયો ને જમપુરીમાં ગયો, ત્યાં જમ મારવા મંડયા. ત્યારે ગોપાળાનંદ-સ્વામીએ હાકલ મારી જે, 'એમને મારશો નહિ, અમે એમના ઉતારામાં ઊતર્યા છીએ.' એમ કહી રક્ષા કરી તે દેહમાં આવતાં વેંત ગોપાળાનંદસ્વામીને ઓળખ્યા ને પગમાં પડી કહ્યું, 'તમે મારી રક્ષા કરી છે.' પછી સારો ઉતારો આપ્યો ને પાકાં સીધાં આપ્યાં, એટલે શાસ્ત્રી તો રસોઈ કરીને જમ્યા પણ ગોપાળાનંદસ્વામીએ તો પોતાના ભાગનું ઘી અગ્નિમાં નાખ્યું ને જમી લીધું. એમ કોઈ અગ્નિમાં ઘી રેડી શકે નહિ. એવા ગોપાળાનંદસ્વામીને ગાંડા કહે ત્યારે હવે તે કે'નારને શું કે'વું ? યોગીને સિદ્ધિયું આડી આવે છે તે શ્યા (શા) સારુ ? જે, તે યોગીને પોતાના દોષ કળાય ને પછી ટાળે; માટે સત્પુરુષને સંગે કરીને, શાસ્ત્રે કરીને ને અનુભવે કરીને વિષયથી મુકાવું ને સત્પુરુષમાં જોડાવું એ સિદ્ધાંત છે.

(૨૬૦) વાતુ સાંભળીને માંહી રહે, વરતે, મનન ક્ર્યે ને સાક્ષાત્કાર ક્ર્યે ત્યારે સમાસ થાય, નીકર તો કેટલાય દિ' સત્સંગમાં રહીને જાતું રે'વાય. ઘરનાંથી કોઈ કાયર થાતું નથી, તેમ જેની સાથે જીવ મળે તેનાથી કાયર થાવાય નહિ.

(૨૬૧) સાધુનો સહવાસ થાય ત્યારે ભગવાનની કોરનું દઢ થાય, પણ મનુષ્યભાવ રહે તો વૃદ્ધિ ન પમાય. આવો દેશકાળ, આ વાતુ ને આ સાધુ દુર્લભ છે. પ્રથમ મહારાજે પંચાળામાં તિલક કરવાનું પ્રકરણ કાઢયું ત્યારે સૌને ખાંડીનો એકેકો ગાંઠિયો આપ્યો. પછી સવારે મહારાજે પૂછ્યું જે, "તિલક કેમ ક્ર્યું

નથી ?'' ત્યારે સાધુ કહે, 'શેનું તિલક કરીએ ?' એટલે મહારાજ કહે, ''અમે તમને સૌને રાત્યે ખાંડી આપી છે તેનું કરો.'' સાધુ કહે, 'મહારાજ ! અમે તો પ્રસાદી જાણી ખાઈ ગયા.' મહારાજે ફરી ખાંડી આપી. પછી નરનારાયણાનંદસ્વામી તિલક કરી આવ્યા, એટલે મહારાજ કહે, ''આ શું ભેંશ ભડકામણું કર્યું?'' ત્યારે સાધુ કહે, 'મહારાજ ! અમે તો સાંઠીઉં સૂડતા સૂડતા આવ્યા છીએ તે સારું ક્યાંથી આવડે ?' પછી મહારાજે અમારે કપાળે તિલક કર્યું ને સૌને આસને આસને અમારું માથું ઝાલીને કહ્યું જે, ''જુઓ આ અમારા તિલક ! જુઓ આ અમારા તિલક !''

પછી હરે થયા એટલે મહારાજ ફરતા ફરતા પંક્તિમાં અમારી પાસે આવ્યા, ને અમારે માથે હાથ મેલીને કહ્યું જે, ''આ સાધુ ને આ ભગવાન આ બ્રહ્માંડમાં કોઈ વાર આવ્યા નથી ને આવશે પણ નહિ.'' એવો મહિમા છે પણ મહિમાની વાતું ઝાઝી કે'વાય નહિ; કેમ જે, સદે નહિ પણ બહુ સંસ્કાર લાગ્યા હોય તેને આ વાત સમજાય. હરિજને પૂછ્યું જે, 'ભગવાન જેવા આ સાધુ સારા છે, પણ કેમ ચોંટાતું નથી ?' ત્યારે ઉત્તર કર્યો કે, 'ભગવદી હોય તે એ પ્રમાણે ચોંટે ને વરતવા માંડે. આ વાતું સૂક્ષ્મ છે, પણ એવા સંસ્કાર થયા હશે ત્યારે આ સાધુ મળ્યા છે ને આજ પણ એવા સંસ્કાર લાગે છે જેમ એક સકંજે કપાય છે ને એક સકંજે વધે છે; તેમ એકના સંગમાં વિષય ઓછા થાય છે ને એકના સંગમાં વિષય વધી જાય છે.'

(૨૬૨) કોઈ ગ્રહ કે દેવ-દેવીની પ્રતીતિ આવવા દેવી નહિ. સંસ્કારી હોય પણ કો'ક દેશકાળ આવે કે, સર્વોપરી નિશ્ચયમાં ઘસારો આવે એવાં શાસ્ત્ર સાંભળે તો બુદ્ધિ ફરી જાય પણ પકવ થયું હોય તો ન ફરે. સુરેશ્વરાનંદ ઢૂંઢિયો હતો, વીકળિયાનો બ્રાહ્મણ રૂપરામ બ્રહ્મચારી થયો હતો તે અને દ્વારકાનો ધર્મનંદનદાસ લોટ પીને રે'તા. તેમને એક ગામમાં માવોભક્ત ભેળા થયા તે બાજરો પલાળીને ખાતા; એટલે તેમણે લોટિયાને કહ્યું જે, 'લોટ શ્યા સારુ કરવો પડયે ? બાજરો-જાર જે મળે તે ચાવી ખાવું' તે સાંભળી લોટિયાનો ગર્વ તો ઊતરી ગયો પણ એકવાર અમે બીજી વખત જમ્યા, એમાં લોટિયાને અમારો અભાવ આવ્યો, પછી તે પાપે સત્સંગમાંથી વહ્યા ગયા ને ચુડે જઈ હરિકૃષ્ણને મળ્યા ને તેને ભગવાન માન્યો પછી તેમને રાજકોટવાળા દેવકૃષ્ણ વ્યાસે આજીને કાંઠે પૂછ્યું જે, 'લોટ પીઓ છો કે કેમ કરો છો ?' ત્યારે કહે, અમે હવે તો બધુંય ખાઈએ છીએ.' માટે ક્રિયાએ કરીને કે, વે'વારે કરીને કોઈનો દોષ આવવા દેવો નહિ.

**सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज।**
**अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥**

(ભગવદ્‌ગીતા : ૧૮/૬૬)

અર્થ :- સર્વ ધર્મો છોડી તું મારે એક્ને શરણે આવ, હું તને સર્વ પાપોથી છોડાવીશ, તું શોક ન કર.

(૨૬૩) મુવેકું જિવાવે અસ્માન ચઢી જાવે;
પય અન્નહું ન ખાવે તો હું માયા કો ગુલામ હૈ;
(કીર્તન મુક્તાવલિ : નાશવંત દેહ વિશે)

**વૈદનો વિશ્વાસ ન કરવો. મોતીભાઈના છોકરાને મારી નાખ્યો, બે ઘુઘરાળામાં માર્યા, બે બારપટોળીમાં માર્યા ને આ ગામમાંય માર્યા તે વૈદ તો જીવતા જમ કે'વાય.**

(૨૬૪) કેટલા રૂપિયા દઈએ તો પળી ન આવે ? એ તો એમ થાય જ, એ વસ્તુમાં જ એમ રહ્યું છે. મહંતમાત્ર મોતે નથી મૂઆ. એક વખત અમે ફળિયું વાળતા હતા ત્યાં તરણેતરના બાવાએ આવી પૂછ્યું, 'મહંત ક્યાં છે ?' અમે કહ્યું, 'ધર્મશાળામાં જાઓ, ત્યાં આવશે.' અમે લૂગડાથી શરીર ઝાટકીને ધર્મશાળામાં જઈ આસન ઉપર બેઠા, ત્યારે બાવો કહે, 'આ તો વાળતા હતા તે !' અમે કહ્યું, 'અમારામાં વાળે તે મોટો કે'વાય છે.' પછી ઝોળી ઊતરાવીને અમે તેને અમારી પૂજા દેખાડી. તેમાં લાકડાનું તિલક્યું ને ચંદન ઘસવાની કાચલી પણ કાંઈ ધાતુ નીકળી નહિ ત્યારે અમે કહ્યું, 'અમારી પાસે કાંઈ દ્રવ્ય નથી તો ચાળીસ વરસથી ગાદીએ ટક્યા છીએ ને ઘરડા થયા છીએ, પણ દ્રવ્ય રાખતા હઈએ તો ચેલા પાર પાડી દિયે. તમારા મહંત દ્રવ્ય રાખે છે તો મોતે નથી મૂઆ. તમે ય ત્યાગી ને અમે ય ત્યાગી ! પણ સુખ તો જે દ્રવ્ય નહિ સંઘરે તેને જ આવશે.'

(૨૬૫) સ્ત્રીઉંના પ્રસંગમાં કોઈની જય થઈ નથી ને થાશે પણ નહિ. એનો પ્રસંગ કરવાનું તો ભગવાન કહે તો પણ ન માનવું. તે મહારાજે નિષ્કુળાનંદસ્વામીને કહ્યું જે, "આંહીં બેસીને અમારાં દર્શન કરો." ત્યારે કહે, 'સામાં ડોશીઉંનાં દર્શન થાય છે માટે ત્યાં નહિ બેસું.' પછી મહારાજ કહે, "અમારું માનતા નથી માટે જાઓ વિમુખ છો." એટલે નિષ્કુળાનંદ સ્વામી કહે, 'મહારાજ ! ડોશીઉંનાં દર્શન કરીને ખુવાર થઈને વિમુખ થાવું, તે કરતાં હમણાં જ તમારો ક્ર્યો વિમુખ થાઉં તે ઠીક !' એમ કહી પગે લાગી ત્યાંથી ઊઠી ગયા, માટે એવી આજ્ઞા પાળવામાં પણ વિવેક રાખવો કેમ જે, ત્યાગી હોય તેને સ્ત્રી બે માસ રસોઈ કરી

દિયે તો પોતાની સ્મૃતિ કરાવી દિયે માટે મામલામાં ન આવ્યા તે માટી.

(૨૬૬) મહારાજે એવી સડક બાંધી છે જે, 'શિક્ષાપત્રી' પ્રમાણે રહે તેને કોઈ રીત્યે બંધન જ ન થાય ને દુઃખ પણ ન આવે. પોતાની સ્ત્રી સાથે પણ વાદ કરવો નહિ એમ લખ્યું; કેમ જે, ઝેર દિયે કાં તો પોતે કૂવે પડયે. ગાડાં સરકારી વેઠે જાતાં હતાં, રસ્તામાં વીડીમાંથી બળદસારુ ખડનો ભારો બધાએ બાંધી લીધો પણ એક સત્સંગી હતો તેણે ભારો ન બાંધ્યો ને કહ્યું જે, 'માર્યે નિયમ છે તે મારાથી ન લેવાય.' આગળ ગામ આવ્યું. ત્યાં ચોરી આગળથી જાહેર થયેલ તે ગાડાં રોક્યાં તે ભેળું સત્સંગીનું ગાડું પણ રોક્યું ને બધાને સાહેબ આગળ ખેડે લઈ ગયા. ત્યારે તેણે કહ્યું જે, 'મેં તમારો પૂળો લીધો નથી.' સાહેબ કહે, 'આને શ્યા વાસ્તે (શા માટે) લાવ્યા ?' ત્યારે કહે, 'ન લઈ આવીએ તો તમો કહો જે, કેમ જાવા દીધો ? તે સારુ લાવ્યા છીએ પણ એણે ખડ ચોર્યું નથી.' પછી તેને ખડ ને ભથ્થું આપી રજા દીધી ને બીજા પાસે દસ દિ' સુધી વેઠ કરાવી પછી જાવા દીધા; માટે 'શિક્ષાપત્રી' નહિ વિચારે તેને જરૂર આડું આવશે. જેટલી ગાફલાઈ રે'શે તેટલું દુઃખ થાશે માટે 'શિક્ષાપત્રી'નો હમેશાં પ્રાતઃકાળે પાઠ કરવો.

(૨૬૭) ખારાગુંદરણમાં એક બાવે આત્માનંદસ્વામીને ખાસડું માર્યું, ત્યારે સ્વામી ખાસડું લઈને તેને દેવા ગયા. બાવે બીજું ખાસડું મારવાનું કર્યું ત્યારે ગામના લોકે બાવાને વાર્યો, એટલે આળસ્યો. ગામ કારેલામાં બાવો મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીને ઓરડામાં પૂરી બા'ર્યલી (બહારની) સાંકળ વાસીને છરો ઘસવા બેઠો ને મોઢે બકતો જાય જે, 'સ્વામિનારાયણના મૂંડિયા હાથ આવ્યા છે તેનાં નાક-કાન કાપવાં છે.' તે સાંભળી બ્રહ્માનંદસ્વામીએ મુક્તાનંદસ્વામીને કહ્યું જે, 'માથું કપાય તે સારું પણ નાક-કાન કાપે તે સારું નહિ.' મુક્તાનંદસ્વામી કહે, 'સ્ત્રી સારુ ને દ્રવ્ય સારુ ઘણી વખત નાક-કાન કપાવ્યાં છે માટે આજ તો સ્વામિનારાયણ માટે ભલે નાક-કાન કપાય !' ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે, 'નાક-કાન કાપે તો બહુ ભૂંડું કે'વાય ને મોં શું દેખાડીએ ?' મુક્તાનંદ સ્વામી કહે, 'મહારાજને સંભારો ! મહારાજ કાપવા દેશે તો બાવો કાપશે ને ? બાવાનાં નાડી-પ્રાણ કેના હાથમાં છે ? માટે ભજન કરો.'

ત્યાંતો રાઘવજી જત નીકળ્યો, તેણે બાવાને પૂછ્યું જે, 'બાવાજી શું કરો છો ?' તો કહે, 'સ્વામિનારાયણના મૂંડિયાનાં નાક-કાન કાપવા છરો ઘસું છું.' ત્યારે કહે, 'ક્યાં છે ?' તો કહે, 'આ ઘરમાં પૂર્યા છે.' પછી જતે સાંકળ ઉઘાડી,

દિયે તો પોતાની સ્મૃતિ કરાવી દિયે માટે મામલામાં ન આવ્યા તે માટી.

(૨૬૬) મહારાજે એવી સડક બાંધી છે જે, 'શિક્ષાપત્રી' પ્રમાણે રહે તેને કોઈ રીત્યે બંધન જ ન થાય ને દુઃખ પણ ન આવે. પોતાની સ્ત્રી સાથે પણ વાદ કરવો નહિ એમ લખ્યું; કેમ જે, ઝેર દિયે કાં તો પોતે કૂવે પડયે. ગાડાં સરકારી વેઠે જાતાં હતાં, રસ્તામાં વીડીમાંથી બળદસારુ ખડનો ભારો બધાએ બાંધી લીધો પણ એક સત્સંગી હતો તેણે ભારો ન બાંધ્યો ને કહ્યું જે, 'માર્યે નિયમ છે તે મારાથી ન લેવાય.' આગળ ગામ આવ્યું. ત્યાં ચોરી આગળથી જાહેર થયેલ તે ગાડાં રોક્યાં તે ભેળું સત્સંગીનું ગાડું પણ રોક્યું ને બધાને સાહેબ આગળ ખેડે લઈ ગયા. ત્યારે તેણે કહ્યું જે, 'મેં તમારો પૂળો લીધો નથી.' સાહેબ કહે, 'આને શ્યા વાસ્તે (શા માટે) લાવ્યા ?' ત્યારે કહે, 'ન લઈ આવીએ તો તમો કહો જે, કેમ જાવા દીધો ? તે સારુ લાવ્યા છીએ પણ એણે ખડ ચોર્યું નથી.' પછી તેને ખડ ને ભથ્થું આપી રજા દીધી ને બીજા પાસે દસ દિ' સુધી વેઠ કરાવી પછી જાવા દીધા; માટે 'શિક્ષાપત્રી' નહિ વિચારે તેને જરૂર આડું આવશે. જેટલી ગાફલાઈ રે'શે તેટલું દુઃખ થાશે માટે 'શિક્ષાપત્રી'નો હમેશાં પ્રાતઃકાળે પાઠ કરવો.

(૨૬૭) ખારાગુંદરણમાં એક બાવે આત્માનંદસ્વામીને ખાસડું માર્યું, ત્યારે સ્વામી ખાસડું લઈને તેને દેવા ગયા. બાવે બીજું ખાસડું મારવાનું કર્યું ત્યારે ગામના લોકે બાવાને વાર્યો, એટલે આળસ્યો. ગામ કારેલામાં બાવો મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીને ઓરડામાં પૂરી બા'ર્યલી (બહારની) સાંકળ વાસીને છરો ઘસવા બેઠો ને મોઢે બકતો જાય જે, 'સ્વામિનારાયણના મૂંડિયા હાથ આવ્યા છે તેનાં નાક-કાન કાપવાં છે.' તે સાંભળી બ્રહ્માનંદસ્વામીએ મુક્તાનંદસ્વામીને કહ્યું જે, 'માથું કપાય તે સારું પણ નાક-કાન કાપે તે સારું નહિ.' મુક્તાનંદસ્વામી કહે, 'સ્ત્રી સારુ ને દ્રવ્ય સારુ ઘણી વખત નાક-કાન કપાવ્યાં છે માટે આજ તો સ્વામિનારાયણ માટે ભલે નાક-કાન કપાય !' ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે, 'નાક-કાન કાપે તો બહુ ભૂંડું કે'વાય ને મોં શું દેખાડીએ ?' મુક્તાનંદ સ્વામી કહે, 'મહારાજને સંભારો ! મહારાજ કાપવા દેશે તો બાવો કાપશે ને ? બાવાનાં નાડી-પ્રાણ કેના હાથમાં છે ? માટે ભજન કરો.'

ત્યાંતો રાઘવજી જત નીકળ્યો, તેણે બાવાને પૂછ્યું જે, 'બાવાજી શું કરો છો ?' તો કહે, 'સ્વામિનારાયણના મૂંડિયાનાં નાક-કાન કાપવા છરો ઘસું છું.' ત્યારે કહે, 'ક્યાં છે ?' તો કહે, 'આ ઘરમાં પૂર્યા છે.' પછી જતે સાંકળ ઉઘાડી,

ત્યાં સાધુને ભજન કરતા દીઠા ને સાધુ સારા છે એવો ગુણ આવ્યો એટલે બાવાને ખૂબ ધમકાવ્યો ને સાધુને કહે, 'ચાલો મહારાજ હું તમને <u>વળોટાવા</u> આવું.' પછી સીમાડા સુધી વળોટાવી પાછો વળ્યો. એમ મહારાજે રાઘવજી જતમાં પ્રવેશ કરીને રક્ષા કરી.

એકવાર મનજીભાઈ અમારો સમાગમ કરવા જૂનાગઢ આવ્યા હતા, તે ચાર મહિના રહ્યા. પછી રજા માગી ત્યારે તેમને મારી નાખે એમ હતું તેથી અમે કહ્યું જે, 'હમણાં રોકાઓ.' એટલે રહ્યા ને આજ્ઞા કરી ત્યારે ઘેર ગયા. ત્યાં સાંભળ્યું કે મનજીભાઈને મારી નાખવાનો તેમના શત્રુએ નિરધાર કરી રાખ્યો હતો પણ રોકાઈ ગયા તે સારું થયું ને જો વે'લા (વહેલા) ગયા હોત તો જરૂર મારી નાખત, પણ હવે ફિકર નથી; કેમ જે તે ભાવનગર દરબારના વાંકમાં આવવાથી જેલમાં જન્મટીપમાં પડ્યો છે, ત્યારે મનજીભાઈએ જાણ્યું જે રક્ષા કરવા સારુ જ રોકેલ; એમ મોટા સાધુ તો રક્ષા કર્યે; માટે આ સાધુ કહે તેમ કરવું, સમૈયે આવ્યાની ના પાડયે તો ન આવવું. એક વાર કે બે વાર ના પાડયે તો પણ આકળા ન થાવું. મન અકળાય તો મર્ય અકળાય, પણ સત્પુરુષ જે આજ્ઞા કર્યે તે કદી લોપવી નહિ. આ લોકમાં રક્ષા કરવા સારુ મહારાજે 'શિક્ષાપત્રી', આચાર્ય ને સાધુ કર્યા છે. તેમાં આ સાધુ તો રાત્ય-દિ' પોકારે છે ને ચેતાવે છે. એ કેવા છે ? તો પળમાત્ર ભગવાનથી નોખા રહે એવા નથી પણ ભગવાનની અનુવૃત્તિ પાળવા આંહીં દેહ રાખી રહ્યા છે.

(૨૬૮) અધર્મને મારગે મોટા મોટા ચાલે તો તે પણ દુઃખી થાય. સત્સંગીને દુઃખ થાય તે જોઈને જેને દુઃખ ન થાય તેને સત્સંગ જ નથી. જેનો મિત્ર સત્સંગથી વિરુદ્ધ વરતતો હોય તેને ઓળખી કાઢવો.

(૨૬૯) સાધુ તથા ગુરુ આગળ કપટ ન રાખવું.

હરિ કી આગે કહા દુહાઈ મન અપને કી ઘાત;
હરિ તો સબ જાનત હે રોમ રોમ કી બાત.

વિષયને તો <u>અંતક</u> જેવા કહ્યા છે.

(૨૭૦) રૂડા દેશકાળ પ્રવર્તાવ્યા એ દયા, પુસ્તક કર્યાં એ દયા, આચાર્ય કર્યા એ દયા ને મંદિર કર્યાં એ પણ દયા. આટલો તિરસ્કાર થાતાં અવાય છે, એ ખપ કે'વાય.. મોર્યે ગયા તે ગણાવ્યા.

(૨૭૧) એક જણને અદ્વૈતાનંદસાથે હેત હતું, તે મહારાજે કળાવ્યું જે, ''એ સંગ કર્યા જેવો નથી.'' માટે આપણને ન કળાતું હોય તો બીજાને પૂછવું.

દંભીનો દંભ ન કળાય.

पश्य लक्ष्मणं पम्पायां बकः परमधार्मिकः ।
शनैर्मुञ्चति पादौ द्वौ जनानामनुकम्पया ॥

(રામાયણ : જ્ઞાનદીપ કપટ પ્રકરણ ભાગ-૧ પાના નં.૧૪૬/૩૨)

અર્થ :- હે લક્ષ્મણ, પરમ ધાર્મિક બગલો પંપામાં લોકોની લાગણીથી બે પગ ધીમેથી મૂકે છે. ત્યારે માછલો બોલ્યો જે,

किं न पश्यसि त्वं राम येनाहं नकुलीकृतः ।
सहवासी विजानीयाद् सहवासि विचेष्टितं ॥

(રામાયણ : જ્ઞાનદીપ કપટ પ્રકરણ ભાગ-૧ પાના નં.૧૪૬/૩૨)

અર્થ :- હે રામ, તું જુએ છે કે મને એણે નકુલી કર્યો. સાથે રહેનારનું સાથે રહેનાર જેવું આચરણ જાણી લેવું. માટે સહવાસીની ચેષ્ટા જે, ક્રિયા તે સહવાસી હોય તે જાણે.

(૨૭૨) સંવત ૧૯૧૮ના શ્રાવણ સુદિ દસમીને દિવસે સ્વામીએ વાત કરી જે : મનુષ્યભાવમાં દિવ્યભાવ સમજવો. નિષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, નિઃસ્નેહી ને નિર્માની થાય; તો આ વાત જીવના હૈયામાં પેસે. આ સાધુએ વિષયમાત્રનો ત્યાગ કર્યો, ત્યારે સર્વેને ભાર આવ્યો; માટે જે, વિષયનો ત્યાગ નહિ કર્યે તેનો ભાર નહિ આવે.

(૨૭૩) કપટી હોય તેને સાધુ ઓળખી કાઢે. એક પરજિયો સોની મુંબઈ ગયો તેણે દંભ ને કપટથી હજારોને છેતરીને ખુવાર મેળવ્યા.

(૨૭૪) 'શિક્ષાપત્રી'માં કહ્યું છે જે, 'નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો.' ત્યારે એકજણે પૂછ્યું જે, 'સાધુની વચ્ચે બેઠા તો ય સમાગમ કરવો ?' ત્યારે ઉત્તર કર્યો જે, 'હા, તો ય સમાગમ કરવો. કેમ જે, મોટાને વિશે મનુષ્યભાવ રહ્યો હોય ને પોતાનામાં કેટલાક દોષ રહ્યા હોય તે સાધુ વિના કોણ ઓળખાવે ? કદાપિ ભગવાનનાં દર્શન થાતાં હોય પણ સાધુ ન મળે તો આટલો દાખડો કરીને કોણ સમજાવે ?'

(૨૭૫) એક હારે બધાં કામ ન થાય. બ્રહ્માનંદસ્વામી નિષ્કામી ખરા, પણ મહારાજને ને અવતારને સરખા સમજતા.

(૨૭૬) ધ્યાન કરતાં બીજું કર્યે તો ધ્યાન ન થાય; તેમ જ ભણવાનું જાણવું. ઉપલે ડોળે કાંઈ ન થાય, એકાંતિક પણ ન થાવાય. તે તો,

સંત સમાગમ કીજે, હો નિશદિન સંત સમાગમ કીજે.
અંતર કપટ મેટકે અપના, લે ઉનકું મન દીજે. હો૦
(કીર્તન મુક્તાવલિ : ૧૪૨)

જેસે હિ હેમ હુતાશ મેં ડારકે, ધોય વિકાર સોનાર તપાવે;
વ્યોતત જ્યું દરજી પટ ફારકે, કાષ્ઠ કું બાઢ સુતાર બનાવે;
પાત્ર કુલાલ શીલાકર પાહન, લોહ લુહાર સુધાર હિ લાવે;
યું શિષ્યકું ગુરુદેવ સુધારત, સો બ્રહ્માનંદ આનંદ પાવે.
(કીર્તન મુક્તાવલિ : ગુરુ કો અંગ)

શિષ્ય ગુરુને મન સોંપે ત્યારે તેમાં ગુણ આવે. દ્રુપદરાજાએ દ્રૌપદીનો સ્વયંવર કર્યો ત્યારે પાણીના હોજમાં થાંભલો ખોડીને માથે સોનાનો મચ્છ મૂક્યો ને થાંભલે ત્રાજવું બાંધ્યું, તેમાં બે પગ મૂકીને પાણીમાં મચ્છને જોવો ને ઉપલો મચ્છ પાડવો તેમાં કેટલાય રાજા પડયા, હાથ-પગ ભાંગ્યા ને હોઠ છોલાણા; પણ મચ્છ વીંધાણો નહિ, ત્યારે દ્રુપદરાજાએ કહ્યું કે, 'પૃથ્વી ઉપર કોઈ ક્ષત્રીનો બચ્ચો નથી, એમ મેં જાણ્યું હોત તો હું આવું પણ લેત નહિ.'

તે સાંભળી અર્જુન કાપડીને વેશે ઊભા હતા તેને ચાનક લાગી ને કહે જે, 'કહો તો હું પાડું.' ત્યારે સૌ હસ્યા ને કહે, 'એ બાવો શું પાડશે ?' ત્યારે દ્રોણાચાર્ય કહે જે, 'ભલેને તેના હોઠ ભાંગે, તમારું શું જાય છે ?' પછી રજા આપી, એટલે અર્જુને બે હાથે દાંડી ઝાલીને બેય પગ ત્રાજવામાં એકીસાથે મૂક્યા ત્યારે દ્રોણાચાર્યે જાણ્યું જે, આ કો'ક હુશિયાર છે તે પાડચે તો પાડચે પછી પોતે તેમાં ભળ્યા ને કહે, 'ઊભો રે'જે, હમણાં ઘા કરીશ નહિ, હું કહું ત્યારે ઘા કરજે.' અર્જુન તો જાણતા હતા જે, આ દ્રોણાચાર્ય છે ને મારા ગુરુ છે તે સાચું જ બતાવશે. દ્રોણાચાર્યે પૂછ્યું જે, 'શું દેખાય છે ?' તો કહે, 'સભા.' ત્યારે કહે, 'ઘા કરીશ નહિ ને વૃત્તિ સંકેલ.' પછી પૂછ્યું, 'હવે શું દેખાય છે ?' તો કહે, દંડ દેખું છું.' એટલે કહે, 'હજી વૃત્તિ સંકેલ.' તો કહે, 'હવે મચ્છ દેખાય છે.' ત્યારે કહે, 'વૃત્તિ સંકેલ, હમણાં ઘા કરીશ નહિ' પછી કહે, 'માથું દેખાય છે.' ત્યારે કહે, 'હવે કર્ય ઘા.' એટલે ઘા કર્યો ને મચ્છ વીંધાણો. તે ગુરુને મન સોંપ્યું તો મચ્છ વીંધાણો. તેમ પ્રગટ ગુરુરૂપ હરિને મન સોંપે તો બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ થાય ને ભગવાનમાં જોડે એટલે કાંઈ દેખાય જ નહીં, પણ તે કેને સમજાય, તો જેને પદાર્થ વધાર્યામાં કે, લાડવા ખાધામાં આસક્તિ ન હોય તેને સમજાય.

(૨૭૭) બીજા ઘણા ગુણ હોય પણ તેમાં જો માનનો કટકો હોય તો ઈર્ષા રહી જાય માટે સાધુસમાગમ વિના બધી કસર ન ટળે. ઐશ્વર્ય ન જો'એ એવો તો કોઈ નજરે જ ન આવે.

(૨૭૮) મોટા મોટાના દેહ હજી સુધી રાખ્યા છે, તે અસંખ્યાત જીવુંનાં કલ્યાણ સારુ છે. સત્સંગ જેવી કોઈ પદવી નથી ને એવું કોઈ આસન નથી. ખરા સંત ભગવાનમાં ચોંટાડી દિયે ને બીજા ધર્મ, અર્થ ને કામમાં ચોંટાડે.

(૨૭૯) આ સાધુનાં દર્શન ક્ર્યે તો પંચમહાપાપ હોય તે બળી જાય, એવો મહિમા છે. એક વખત અમે ગિરનારમાં વાંસ કાપવા ગયા હતા. તે વળતાં શિવાનંદને તરસ બહુ લાગી પણ આત્મનિવેદી હતા ને ચરણરજ સાથે લેવી ભૂલી ગયા હતા, તેથી પાણી પિવાય નહિ; તેમ મંદિર સુધી પૂગી શકાય તેમ નહોતું. પછી રસ્તામાં સોનરખનું વે'ણ (વહેણ) આવ્યું તેમાં અમે અમારો પગ મૂક્યો ને કહ્યું જે, 'આ હેઠે ગંગા ચાલી જાય છે ને પ્રસાદીનું પાણી છે, તે પીવો.' એટલે શિવાનંદે અમારા વચનમાં વિશ્વાસ હોવાથી પાણી પી લીધું પણ સાથે બીજા સાધુ હતા તેમણે એ વાત ઠેઠ મહારાજ સુધી પોં'ચાડી, ત્યારે મહારાજ કહે, "એ તો કરોડ્ય ગંગા ને કરોડ્ય ચરણરજ ! કેમ જે, એ સાધુના ચરણમાં તો સર્વે તીર્થમાત્ર રહ્યાં છે માટે બહુ સારા ક્ર્યા; પણ તમને મહિમા નથી એટલે શંકા થાય છે."

પાંડવોનો રાજસૂય યજ્ઞમાં તેડવાનો શ્રીકૃષ્ણ ઉપર કાગળ આવ્યો અને હારોહાર વીસ હજાર રાજાઓને જરાસંધે બંદીખાને નાખ્યા હતા તેમને છોડાવવાનો તેમની સ્ત્રીઉંનો વિનંતીપત્ર આવ્યો જે, 'અમે તમારાં છીએ ને તમારી મેહની ઘોડયે વાટ જો'એ છીએ તો રક્ષા કરવા વે'લા (વહેલા) પધારશો.' પછી ભગવાને ઉદ્ધવને પૂછ્યું જે, 'બેમાંથી પ્રથમ ક્યાં જાવું ?' તો કહે, 'પ્રથમ પાંડવોના રાજસૂય યજ્ઞમાં જાવું એટલે પાંડવોને સારું લાગે જે, સહાયે આવ્યા ને પછી દિશાઉં જીતવા જાશે; ત્યારે આપણે જરાસંધની દિશ લેશું ને પે'લાં જરાસંધને મારશું ને રાજાઓને છોડાવશું એટલે તેઓ પણ રાજી થાશે તે એક કામમાં બે કામ થાશે.'

એમ નિરધાર કરી પ્રથમ યજ્ઞમાં ગયા, પછી જરાસંધ પાસે દ્વંદ્વયુદ્ધ માગ્યું ત્યારે કહે, 'અર્જુને સ્ત્રીનાં લૂગડાં પે'ર્યાં (પહેર્યાં) હતાં તેથી તેની સાથે નહિ લડું ને તમે તો મારી આગળ ભાગ્યા હતા માટે તમારી સાથે ય નહિ લડું ને કહો તો આ ભીમ સાથે લડું.' પછી લઠા લઈ પાળે-પાળા લડ્યા. તે રાત્યે ભીમ કહે, 'માળો, બળિયો છે ! મારાં તો હાડેહાડ કળે છે. હું તેને પૂગીશ નહિ.' ત્યારે શ્રીકૃષ્ણે ભીમને

કહ્યું જે, 'કાલે યુદ્ધ થાય ને તું થાકી જાય ત્યારે મારા સામું જોજે ને હું જેમ ઇશારો કરું તેમ તું કરજે.' પછી બીજે દિ' બરાબર યુધ્ધ થયું ને ભીમે ભગવાન સામું જોયું, ત્યારે શ્રીકૃષ્ણે પીંપળની ડાળખી તોડી ફેરવીને કેડમાં મારી, ચીરીને નાખી દીધી, એમ ઇશારો કર્યો. એટલે ભીમે ગદા ફેરવીને જરાસંધને કેડમાં મારી તે પડી ગયો એટલે એક પગ પોતાના પગે દબાવી, બીજો પગ બે હાથે ઝાલી ચીરી નાખ્યો ને બેય કટકા જુદા જુદા નાખી દઈ વચ્ચમાં શિવલિંગ કર્યું એટલે બેય કટકા ભેળા ન થયા ને મરી ગયો પછી તેના દીકરા ભગદત્તને ગાદીએ બેસાર્યો ને રાજાઓને બંદીખાનેથી છોડાવ્યા. એમાં કે'વાનું એ છે જે, એકાંતિકનાં વચનમાં બધુંય આવી જાય.

(૨૮૦) ગોંડળના હઠીભાઈને મુક્તાનંદસ્વામીએ સત્સંગ કરાવ્યો પણ તેને એક કપટી મળ્યો તેણે સત્સંગ મુકાવ્યો પણ મુક્તાનંદસ્વામીના શબ્દ જીવમાં પડેલ તેથી બાર વરસે મુક્તાનંદસ્વામી ફરીને ગયા કે તુરત સત્સંગી થયા, માટે આમાં કોઈ એવા હોય તેથી બીવું. મહારાજ કે'તા જે, 'માશી પૂતના આવી છે, તે છોકરાં ગળી જાય છે માટે જાળવજો !'

(૨૮૧) સત્સંગ નવ છોડિયે શીર કટે સો વાર;
એક શીર કે વાસ્તે ક્યું ડરત હૈ ગમાર ?
કાં તો કોરા તલ ભલા કાં લીજે તેલ કઢાય;
અધકચરી ઘાણી બુરી બેય કોરથી જાય.
(સુભાષિત)

મૂળ કપાઈ ગયાં છે પણ ધોરી મૂળ રહ્યાં છે. વિષયના રાગ એ ધોરી મૂળ છે. તે તો એકાંતિકના વિશ્વાસે કપાય; માટે જેને દોષ મૂકવા તેણે એકાંતિક આગળ દીન થઈ જાવું, દાસ થઈ જાવું.

(૨૮૨) અભિનિવેશ થાય ત્યારે ગુરુ તથા શાસ્ત્ર કહે તો પણ ન માને ને જે નથી કરવું તેના ક્યાં સંકલ્પ થાય છે ? ભૂખે મરી જવાય પણ કોઈને વિષ્ટા-છાણ ખાવાનો સંકલ્પ થાતો નથી, માટે વિષયમાં રાગ છે તો જ સંકલ્પ થાય છે પણ ખરેખરો સમાગમ થાય તો કસર ન રહે. કલ્યાણભાઈના ખેતરમાં ધ્રો થઈ ગઈ હતી તે ત્રણ્ય વરસ સુધી ઘેર જ આવ્યા નહિ ને ખેતરે રહી ધ્રો કાઢી ચોખ્ખું કર્યું. તેમ આપણે પણ આ સાધુના સમાગમમાં રહીને લઈ મંડશું, ત્યારે જ વિષયનાં ધોરી મૂળ કપાશે.

(૨૮૩) એક જણે સંઘ કાઢયો, ત્યારે શાહુકારને ત્યાં ધન મૂક્યું ને તીર્થે ગયો. શાહુકારે દ્રવ્ય આડુંઅવળું કરી નાખ્યું ને પાછો આવ્યો ત્યારે માગ્યું, તો કહે, 'દ્રવ્ય કેવું ? લાવો નામું-ઠામું હોય તો ?' પછી તે ઉદાસ થઈ ગયો, ને ગામમાં આડા-અવળા આંટા દેવા મંડયો. તે એક વાર તળાવની પાળે અણોસરો થઈ બેઠો હતો, ત્યાં એક બાઈએ પૂછ્યું જે, 'આમ કેમ થઈ ગયા છો ?' તો કહે, 'આમ થયું છે.' પછી તે બાઈ કહે જે, 'આ ગામમાં એક ખંજ છે, તેની પાસે જાઓ તો તે અપાવશે.' પછી ખંજને ઘેર જઈ વાત કરી તો કહે, 'હું શાહુકારને ત્યાં જાઉં છું ને હું બેઠો હોઉં તે વખતે તમે તમારું દ્રવ્ય માગજો.' પછી ખંજ જઈને શાહુકારને કહે જે, 'મારી તિજોરીઉં તમારે ત્યાં મૂકવી છે, તે રાખશો ?' તો કહે, 'હા.' ત્યાં પેલો આવ્યો ને કહે, 'શેઠ મારું દ્રવ્ય ક્યાં છે ?' તો કહે, 'જાઓ વખારમાંથી લઈ લિયો.' એટલે તે લઈને ચાલતો થયો. ત્યારે ખંજે શાહુકારને કહ્યું જે, 'અમારે જવાનું આળસ્યું છે.' એમ કહી ઊઠી ચાલતો થયો.

(૨૮૪) દેહનું રક્ષણ કરીએ છીએ ને વિષયનું સંપાદન કરીએ છીએ, તે બાવળને વાડ કરીએ છીએ; પણ ઝીણાભાઈની પેઠયે ખટકો રે'તો નથી જે, રખે ભગવાન વિના બીજામાં બંધન થાય ! વિષયમાં દુ:ખ દેખાતું નથી. ચિંતામણિ નાગણી વચ્ચે પડી હોય તેને લીધાનું મન થાય નહિ તેમ જ વિષયમાં દુ:ખ દેખાય તો વિષય ભોગવી શકાય નહિ માટે જેને ભગવાન જોવા હોય તેણે બીજું જોવું નહિ. ઘનશ્યામદાસજી ચાર વાગે ધ્યાન કરતા હતા, તે ધ્યાનમાં મોટા માથાવાળી ભેંશ સાંભરી. ત્યારે અમે કહ્યું જે, 'ઘનશ્યામદાસ, અત્યારે ભેંશ પાસે શું કામ છે ?' ત્યારે કહે, 'તૂત કાણું નાખો છો ?' હું તો ધ્યાન કરું છું !' ત્યારે અમે કહ્યું, 'દાદાખાચરની મોટા માથાવાળી ભેંશને સંભારો છો ને વળી તૂતનું કહો છો ?' ત્યારે અમને હાથ જોડીને કહ્યું જે, 'હું તમને આજ સુધી ખંડિયા સમજતો, પણ તમે તો ચક્રવર્તી ખરા !'

ચિત્ત કી વૃત્તિ એક હૈ ભાવે તહાં લગાઓ;
ચાહો તો હરિ કી ભક્તિ કરો, ચાહે તો વિષય કમાઓ.

**એક મ્યાનમાં બે તલવાર્ય ન સમાય.**

જહાં કામ તહાં નામ નહીં, જહાં નામ તહાં નહીં કામ;
દોનો કબહુ ના રહૈ, રવિ રજની એક ઠામ.
(કબીરસાહેબની સાખીઓ : ૬)

ભગવાનમાં રે'વું હોય તેણે બીજું જોવાય નહિ ને અડાય નહિ. તે ઉપર મુક્તાનંદ-સ્વામી, આનંદસ્વામી ને મીણબાઈની વાત કરી. (જુઓ પ્રકરણ ૧૦ ની વાત ૨૬૫)

(૨૮૫) આ પ્રગટનાં ઐશ્વર્ય જોયાં એટલે બીજી વાત નજરમાં આવે નહિ. પરમચૈતન્યાનંદસ્વામીએ ગોપાળાનંદસ્વામીનો મહિમા સમજીને વાતું ઉતારી; માટે આ જે કારખાનું તે અલૌકિક છે. પ્રભવાનંદસ્વામી માંદા પડયા ત્યારે અમે તેમની સેવામાં રહ્યા હતા. પછી મૃત્યુટાણે તેમને પૂર્વની સ્મૃતિ થઈ એટલે બોલ્યા, 'અરે, આ બ્રહ્માંડની ઉત્પત્તિ મેં કરી છે ! એવો હું માર્કંડઋષિ ! તે મુને આવી રીત્યે સાધુ કરીને ગોળા ખવરાવ્યા ને જગતનાં અપમાન સહન કરાવ્યાં ! હું તો આ બ્રહ્માંડ લઈને ઊડી જાઉં એવો છું !' પછી અમે કહ્યું જે, 'તમે તો એક બ્રહ્માંડનું કહો છો, પણ આ સત્સંગમાં તો અનંત બ્રહ્માંડને લઈને ઊડી જાય એવા છે; માટે ચાલવા માંડો.' એમ કહીને દેહ મુકાવી દીધો. પ્રભુતાનંદસ્વામીને દેહથી જીવ જુદો પડી ગયો. પછી તે કહે જે, 'અરે, આ મડાપાસે બેસીને કેમ જમો છો ?' એમ વઢ્યા. ને સેંજળવાળો મોનો દવે પણ એમ કે'તો જે, 'અરે, બ્રાહ્મણ થઈને આ મડું ઘરમાં પડ્યું છે ને કેમ જમો છો ?' તે બજર પાલી પાલી સૂંઘતો, પણ તેને આત્મા દેહથી નોખો દેખાતો હતો તે માણસિયા ખુમાણને સત્સંગ કરાવવા સારુ મહારાજે એમ કર્યું હતું, પછી મોનો દવે માંદો થયો ત્યારે તેણે કહ્યું જે, 'આજથી આઠમે દિ' મહારાજ મુને તેડવા આવશે.' તે આઠમે દિ' મહારાજ તેડી ગયા. તે જોઈને માણસિયા ખુમાણને સત્સંગ થયો.

સંવત ૧૯૧૮ના શ્રાવણ વદિ અષ્ટમીને દિવસે સ્વામીએ વાત કરી જે,

(૨૮૬) સદાય એક ટાણું ખવાય નહિ ને વ્રતે ય કરવું નહિ; પછી શેનું શુદ્ધ રે'વાય ને મન પણ કેમ સ્થિર રહે ? ત્રણ્ય દેહનો નાશ કરીને ભજન કરવું, હલવું નહિ, સંકલ્પ કરવો નહિ ને ઊંઘવું નહિ પછી ભજન કરવું. વે'વારનું ને આ લોકનું હાલરું ફરે છે. બે વાતે રાડ નખાય છે તે એકટાણું જમવું ને જીભે અખંડ રટણ કરવું. એકટાણું ખાવું તે સાત્ત્વિક તપ કે'વાય. આંખ્ય, કાન આદિક નિયમમાં નહિ હોય તો દુ:ખ થાશે. એક સાત્ત્વિક તપ ન થાય ને બીજું ત્રણ્ય દેહને ઘસારો લાગે એવું ભજન ન થાય. સર્વેને પૂજ્ય થયા, પણ પંડના જ હૈયામાં શાંતિ નહિ ! ભગવાનના ખોળામાં બેઠા ને રોતાં ભાળ્યા ! માટે સાધુ થયા વિના શાંતિ નથી. આપણે સંસાર મેલીને આવ્યા ત્યારે સંન્યાસી થયા, તે તો દેખવામાત્ર થયા. પણ સંન્યાસીની દિશ તો ન આવી. તે તો જ્યારે સ્ત્રી ને ધનનો અતિશે ત્યાગ કર્યે ને

હૈયામાં તેનો અંકુર પણ ન ઊઠે ત્યારે તે પૂરો સંન્યાસી કે'વાય. પછી પરમહંસ થાવું તે પરમહંસ કેને કે'વાય ? તો સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ્ય દેહ જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ એ ત્રણ્ય અવસ્થા તથા રજોગુણ, તમોગુણ ને સત્ત્વગુણ, એ સર્વેથી વ્યતિરેક એવો જે પોતાનો જીવાત્મા તેને નોખો માની, અક્ષરરૂપ થઈને મહારાજનું ધ્યાન કર્યે ત્યારે તે પરમહંસ કે'વાય. निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् । એ શ્લોકમાં કહ્યું છે એવું ન થાવાય ત્યાં સુધી કસર જાણવી.

(૨૮૭) આનંદસ્વામીએ પૂર્વે મણિકર્ણિકાનો ઘાટ બંધાવ્યો હતો ને આ દેહે મહારાજ મળ્યા તો પણ પ્રકૃતિ ન મેલી. તે શું ? જે, મહારાજ સારુ ભારે ભારે પોશાક ગૃહસ્થ પાસેથી પૈસા માગીને પોતે કરાવી લાવે તે સાધુના મારગમાં શોભે નહિ. બીજું રઘુવીરજી મહારાજની મરજી વગર ભરૂચનું મંદિર કરી મૂર્તિયું પધરાવી ને રઘુવીરજી મહારાજ પ્રતિષ્ઠા ઉપર ન ગયા તેથી રિસાઈને અમદાવાદ ગયા ને હરિજન પાસેથી માગી માગીને જેતલપુરનું મંદિર કર્યું.

(૨૮૮) માયા છે તે નાકની ટિબકડી કાપવા તૈયાર ઊભી છે માટે સાધુ થયા વિના છૂટકો નથી.

(૨૮૯) 'વચનામૃત'ની પ્રત મંડળે મંડળે થઈ ને વળી માણસ માણસ પ્રત્યે થાશે પણ શાંતિ નહિ થાય. ઘોડે, ગાડે, ચેલે, ધર્મશાળાએ, એ કોઈ વાતે સાધુ થયા વિના સુખ ન થાય; અંતર તો નીંભાડાની પેઠ્યે ધગધગતું રહે, મર્ય પંડિત હોય તો પણ શાંતિ ન થાય. સમાધિ થાય પણ સાધુ થયા વિના સુખ ન થાય ને સમાગમ કર્યા વિના શાંતિ ન થાય. આમ ભેળા બેસીને વાતું કરવી તે વિના વૃદ્ધિ પામવાનો બીજો ઉપાય જણાતો નથી.

(૨૯૦) રજોગુણી હોય ને તેનું મનધાર્યું ન થાય ત્યારે તેને મરી ગયા જેટલું દુ:ખ થાય.

(૨૯૧) જેના ઘરમાં રૂપિયા હોય તેની હૂંડી સ્વીકારાય માટે વાતુ મોટી મોટી કરીને પદાર્થ ભેળાં કર્યે તે જ્ઞાન ખોટું છે.

(૨૯૨) રામદાસજીને માંદાની ભલામણ કરી ત્યારે કહે, 'સાજા પણ માંદાની હાર્યે માગે છે.' ત્યારે મહારાજ કહે, ''તમે તો જેમ આપો છો, તેમ ને તેમ આપ્યા કરો ને તેનો હિસાબ તો અમારે લેવો છે જે કોઈ કપટ કરશે તેના જીવને જેમ સોનાના વાળાને જંતરડામાંથી કાઢે છે તેમ કાઢીશ ને જે આજ્ઞામાં રે'શે તેના જીવને જેમ માખણમાંથી મોવાળો કાઢે છે તેમ કાઢીશ.''

(૨૯૩) આ દેહે કરીને તો ભજન સ્મરણ કરી લેવું જેમ શેરડીમાંથી ગોળ કાઢી લિયે છે તેમ આ દેહમાં એટલી તુળસી મેલવી જે,

अर्थं साधयामि वा देहं पातयामि । (સુવાક્ય)

અર્થ :- 'મારો ધાર્યો અર્થ હું સિદ્ધ કરીશ અથવા દેહનો પાત (નાશ) કરીશ', એવો અડગ નિશ્ચય હોવો જો'એ (જોઈએ). આ દેહમાં જેવી આત્મબુદ્ધિ છે તેવી ભગવદીમાં આત્મબુદ્ધિ કરવી ને લેશમાત્ર આજ્ઞામાં ફેર પડવા દેવો નહિ.

(૨૯૪) આપણે જ્યારે ઘેર હતા ત્યારે જેવી ત્રેવડ હતી તેવી જ સત્સંગમાં ત્રેવડ રાખવી પણ સત્સંગનાં પદાર્થ જેમ તેમ વાવરવાં નહિ. વાંક્યિાના ભોળાવ્યાસે મેડા ઉપર કોડિયામાં પરોઢિયે વાટુંના કટકા ભેળા કરી સળગાવ્યા; તે ભડકો થયો ત્યારે અમે પૂછ્યું કે, 'ઈ કોણ ?' ત્યારે કહે, 'ઈ તો હું ભોળો.' પછી અમે પૂછ્યું જે, 'શ્યા સારુ ભડકો કર્યો ?' ત્યારે કહે, 'અમથા કટકા પડયા હતા તે સળગાવ્યા.' ત્યારે અમે પૂછ્યું, 'તારે ઘેર એવો ભડકો કર્યે છે ? કે કટકા રાખી મૂકીને બીજે દિ' સળગાવે છે ?' તો કહે, 'એની એ વાટ બીજે દિ' સળગાવીએ છીએ ને બધી થઈ રહે ત્યારે બીજી વાટ સળગાવીએ છીએ.' તેમ મંદિરનું પણ ઘરની પેઠ્યે સાચવવું પણ આમ કરવું નહિ.

સંવત ૧૯૧૮ના શ્રાવણ વદિ નવમીને દિવસે સ્વામીએ વાત કરી જે,

(૨૯૫) સત્સંગી, સાધુ ને ભગવાન એ ત્રણ્યેને પૂજ્યપણે કરીને માનવા પણ એમનો દોષ આવવા દેવો નહિ.

(૨૯૬) આ જીવને લોક, ભોગ, દેહ ને પક્ષ એ ચારનું અનુસંધાન રહે છે ને એનું મનમાં મનન રહે છે માટે ભગવદીને એ ચારેય ન રાખ્યાં જો'એ.

(૨૯૭) નિવૃત્તિપર થઈને જ્યારે ભજન કરવા બેસીએ ત્યારે માંડ એક આનો ભજન થાય ને બીજું બધું તો સુવાણ્યમાં જાય છે.

(૨૯૮) આટલો દાખડો કરીને વાતુ કરીએ છીએ પણ કોઈ ધારતું નથી. ધાર્યા વિચાર્યા વિના તો કોઈ વાત રહે નહિ. આ સત્સંગમાં જેવો કથાવાર્તાનો આગ્રહ છે તેવો તો બદરિકાશ્રમમાં તથા શ્વેતદ્વીપમાં પણ નથી. એ ધામમાં તો ઘડી બે ઘડી ભગવદ્‌વાર્તાનો પ્રસંગ નીસરે ને પાછા ધ્યાનમાં બેસી જાય. આંહીં એક ઉપવાસ કરીએ ને જેવું ફળ થાય તેવું બદરિકાશ્રમમાં સો ઉપવાસ કરીએ ને શ્વેતદ્વીપમાં હજાર ઉપવાસ કરીએ તે બરાબર ફળ છે. આંહીં એક વચન માનીએ ને ત્યાં લાખ માનીએ તે બરાબર છે. આપણે જ્ઞાન નહિ, વૈરાગ્ય નહિ ને ભગવાનના

વિજોગનું દુઃખ નહિ ! સમજણવાળી ઉમરની છોડી રાંડે તેને તેના ધણીનું કાયદું ભાવે નહિ, તેમ ભગવાન ભૂલીને પછી ભક્ત વિષયનું ગ્રહણ કર્યે નહિ. મોટા સાધુની અનુવૃત્તિમાં રહે તો તેનું પાર પડયે. કરસનદાસ સત્સંગમાંથી નીકળી ગયો પછી મહાજનનું ગોધલું થઈને ધોળકામાં રહ્યો. તેમ જ ભાણજી, બેચર ને દેવકરસન સત્સંગમાં પાર પડયા નહિ.

(૨૯૯) ઉત્તમ જાતિ હોય તેનાથી કંદોઈનું સુખડું ખવાય નહિ. ઊજળે ડાઘ પડયે, તેમ જો આડુંઅવળું થાય તો ડાઘ લાગે ! ઉમરેઠમાં ઘોડાની આંખ્ય ફાટી એટલે મહારાજે ખૂબ દોડાવ્યો તે પરસેવો વળી ગયો પછી મહારાજે કહ્યું જે, ''અવળો ચાલશે તેના ઘોડાના હાલેહાલ થાશે.'' માટે આપણે સૌ પ્રભુ ભજવા ભેળા થયા છીએ. પંચવિષય, દેહાભિમાન ને પક્ષ એ જરૂર સત્સંગમાંથી પાડી નાખે એવાં છે ને આ દેહને લઈને સર્વે કજિયો છે. ચ્યવનને માથે રાફડો થઈ ગયો હતો ને બધાની લઘુશંકા બંધ કરી; પણ પોતાની ન થઈ.

લક્ષ્મીવાડીમાં પાળા બાંધવા સદાનંદસ્વામી આદિક સાધુ ગયા ને સૌએ કામ વેં'ચી લીધું. પછી પોતપોતાના ભાગનું કામ કરી સદાનંદસ્વામીની મશ્કરી કરી જે, 'કાં કેમ કરશો ?' પછી પોતાના ભાગમાં પાળા બાંધવાને બદલે સદાનંદસ્વામી નાડી-પ્રાણ સંકલીને સૂઈ ગયા તેથી કરી સૌનાં લઘુ ને ઝાડા બંધ થઈ ગયા એટલે રાડારાડ પાડવા માંડી. તે વાત મહારાજ પાસે ગઈ. મહારાજે કહ્યું જે, ''તમે કો'ક મોટાનો અપરાધ કર્યો છે.'' પછી મહારાજ લક્ષ્મીવાડીમાં ગયા ને સદાનંદસ્વામીને સમાધિમાંથી જગાડચા ને કહ્યું જે, ''શું પ્રલય કરવો છે ? બધાનો ખુલાસો કરો.'' ત્યારે સદાનંદસ્વામી કહે, 'સૌને પાણી લઈ જાજરૂ જાવાનું કહો, નહિતર આંહીં ને આંહીં બગાડી મૂકશે.' કેટલાકે ન માન્યું. પછી કહે, 'છૂટી મૂકું છું.' એમ બોલ્યા, ત્યાં તો જેણે માન્યું નહોતું તેમનાં લૂગડાં બગડી રહ્યાં તે જોઈ મહારાજ હસ્યા. પછી સદાનંદસ્વામી મહારાજ સાથે મંદિરમાં ગયા. (જુઓ પ્રકરણ ૯ ની વાત ૧૧૫)

(૩૦૦) આપણે આટઆટલી વાતુ કરીએ છીએ ત્યારે જરાતરા નિયમ રહે છે. જોશી ઢેઢડી સારુ ઢેઢ થયો તેમ જો વિષયનું ચિંતવન થાવા માંડયું તો તેના જેવા હાલ થાશે. એક સાધુ ગાડા ઉપર આસન કરીને વાહર લેતા પછી તો સત્સંગમાંથી જાતા રહ્યા. એમ ભીડો ખમી શકાય નહિ. હરિયાનંદને એંશી જોડ ચરણારવિંદ હતાં ને ચાર પોશાક હતા તો પણ સત્સંગમાંથી ગયો. માટે આ સાધુ સત્સંગમાં રાખશે, પદાર્થ નહિ રાખે. આપણી મોટચપ તો ધર્મ વતે છે. ગામેતી

હોય તે ખેડુની ગરજ રાખે છે, તેમ આપણે પણ થોડી થોડી સત્સંગની ગરજ રાખવી. કોઈને વેણ ન મારવું, ઘા રુઝાય પણ વાણી ન રુઝાય. કોઈ ગુહ્ય વાત હોય તે પ્રકાશ કરવી નહિ. સર્વે ભગવદી આગળ હાથ જોડીને બોલવું. સાધુસમાગમ વિના દોષ ટળે નહિ ને કહ્યા વિના સમજાય નહિ. સર્વે સંત આગળ દીન-અધીન થાવું. આંહીં હરિભક્ત સો રૂપિયા લઈને આવ્યો હોય તેને માન દઈએ તો બસેં વાવરે ને માન ન દઈએ તો પચાસ વાવરે. મોટા સાધુમાં બંધાયો તે જ ઊગરે. વે'વારમાં તો જશ મળે ને અપજશ પણ મળે માટે એનું તો જાણી મેલવું જે, એમાં તો દુઃખ જ છે માટે કલ્યાણના ખપને જાણે ને વધારે તેવો કોઈ ડાહ્યો નથી. રાજાનાં સાત અંગ છે તેમ સત્સંગનાં મંદિર, આચાર્ય, સત્સંગી, સાધુ ને શાસ્ત્ર એ પાંચ અંગ છે.

સંવત ૧૯૧૮ના શ્રાવણ વદિ દસમને દિવસે સ્વામીએ વાત કરી જે,

(૩૦૧) ગાયનાં શિંગડાં ઉપર સરસવનો દાણો રહે ત્યાં સુધી પણ અંતઃકરણ સ્થિરતાને નથી પામતું. જેમ જેતપુરનો ધરો વહે છે તેમ અંતઃકરણમાં હાલક-ડોલક થયા કર્યે છે. કામના કે લોભના સંકલ્પના વેગ આવે તો ચાળીસ-પચાસ વરસે સત્સંગમાંથી જાતું રે'વાય. સુખાનંદસ્વામી મા-બાપનું કલ્યાણ કરવા ઘેર જાતા હતા ત્યારે મહારાજે કહ્યું જે, ''આયુષ નથી, માટે ન જાઓ તો ઠીક.'' તો પણ ગયા ને રસ્તામાં મથુરામાં કાયસ્થને ત્યાં સોનાનું મંદિર છે ત્યાં ઊતર્યા. ત્યાં સંન્યાસી ગોપાળાનંદસ્વામી અને રામાનુજાનંદસ્વામી બે ભાઈ હતા તેમને વાતુ કરી ત્યારે કાયસ્થને ઊંઘ ન આવતી તે શાંતિ થઈ ને ઊંઘ આવી ગઈ. ત્યારે તેણે જાણ્યું જે આ કો'ક મોટા પુરુષ છે.

પછી પૂછ્યું જે, 'ક્યાંય ભગવાન છે ?' તો કહે, 'પશ્ચિમદેશમાં કારિયાણીમાં છે.' એટલે કાયસ્થે રામાનુજાનંદસ્વામીને કહ્યું જે, 'હું તમને આ મંદિરની મારી ગાદી આપું.' ત્યારે તે કહે, 'અમે ગાદીને શું કરીએ ? અમે તો ભગવાનને ગોતવા નીસર્યા છીએ.' પછી સુખાનંદસ્વામી ઉજ્જૈનમાં ગયા ત્યાં ગુજરી ગયા ને પેલા બે ભાઈ મહારાજ પાસે જાવા નીસર્યા, ત્યારે કાયસ્થે કહ્યું જે, 'તમારે આટલો વેગ છે તો તમને ભગવાન જરૂર મળશે.' મહારાજ સારુ સોનું દેવા માંડ્યું તો કહે, 'અમને રસ્તામાં કો'ક મારી નાખે.' પછી અત્તરની શીશી આપી તે લઈ મહારાજ પાસે આવ્યા ને છેટે ઊભા રહ્યા. ત્યારે મહારાજે બોલાવ્યા. ત્યારે તેમણે કહ્યું કે, 'સુખાનંદસ્વામીએ જય સ્વામિનારાયણ કહ્યા છે ને ઉજ્જૈનમાં દેહ

મૂકી દીધો છે.' પછી કાયસ્થની આપેલ અત્તરની શીશી આપી તે મહારાજે ઉઘાડીને અત્તર હાથમાં કાઢી સૌના નાકે ચાંદલો કર્યો તો કહે, 'આ શું કર્યું ?' ત્યારે મહારાજ કહે જે, "તમારાં નાક રે'શે, બીજાનાં નહિ રહે." ઓલ્યો શેઠ મહારાજાનાં દર્શને નીકળ્યો છે, તેના ખબર આવ્યા ત્યારે મહારાજ કહે, "તેને આ દેહે દર્શન નહિ થાય." રસ્તામાં રાત્યે ઘોડે પાટુ મારી તે મરી ગયો ને કારિયાણીમાં જન્મ થયો; તે નથુપટેલ થયા. (જુઓ પ્રકરણ ૧૧ ની વાત ૨૯)

વિષયનું ખંડન કરીએ તે તો કોઈને ગમે નહિ. કલ્યાણનો ખપ તો હોય પણ લગારેક મરડીએ તો જીવમાં અસુખ થઈ જાય; માટે રુચિ અનુસારે કરાવીએ છીએ. જેમ ડોબાં ચારે તેમ ખવરાવીએ, સુવરાવીએ, માખીઉં ઉડાડીએ ને જેમ તેની રુચિ હોય તેમ કરીએ છીએ પણ જીવનો આંટીદાર સ્વભાવ છે. બ્રહ્માનંદસ્વામીનો લહિયો મુકતાનંદસ્વામી પાસે ગયો તેથી બ્રહ્માનંદસ્વામી રિસાણા ને મુકતાનંદસ્વામીને પગે લાગવા ન ગયા તે ભેળા બીજા ચાળીસ સાધુ હતા તેને ય પગે લાગવા ન ગયા. નાજા જોગીઆ સાધુ થયા ત્યારે તેમનું નામ ઘનશ્યામદાસ પાડયું હતું. ગુરુ થયા પછી સેવક પતર-તંબડું પંગતમાં મૂકી આવે ત્યારે ગુરુ જમવા જાય પણ એક દિ' સેવકને ઉપવાસ હતો, એટલે ઘનશ્યામદાસે પણ ઉપવાસ કર્યો ને જમવા ન ગયા; કેમ જે, જમવા જાય તો પતર-તુંબડું ઉપાડવું પડયે તે લાજ જાય, એવા જીવના આંટીદાર સ્વભાવ છે. ધર્મદ્વેષી હોય તે સારાને સારા કહે જ નહીં. અમને ય મસાણિયા કે'તા (કહેતા). અમે સવારમાં ઊઠીને કામક્રોધાદિક દોષનું ખંડન કરીએ ને બીજા વે'લા ઊઠી નાહીને આવે તો પણ અમે તો દોષનું ખંડન જ કરતા હોઈએ, તે અમને જોઈને તેના શિષ્યને કહે જે, 'જો મસાણિયા બેઠા છે.

ब्राह्मे मुहूर्ते शयनं विहाय निजस्वरूपं हृदि चिन्तयित्वा ।
स्नानं विशुद्धं प्रचुराभिरद्भिः श्रीनीलकण्ठं हृदि चिन्तयामि ॥
(શ્રી નીલકંઠ ચિન્તનાષ્ટકમ્)

અર્થ :- બ્રાહ્મમુહૂર્તમાં શય્યા (નિદ્રા) નો ત્યાગ કરી પોતાના સ્વરૂપનું હૃદયમાં ચિંતન-ધ્યાન કરી, અધિક જળવડે સ્વચ્છ સ્નાન કરી શ્રી નીલકંઠનું હું હૃદયમાં ચિંતન કરું છું. એ તો નહિ ને સવારના પો'રમાં ઢેઢ ઝાંપડાને સંભારે છે.' એમ શિષ્યને અવળું સમજાવે ત્યારે શિષ્ય જાણે જે, સાચું, વચન લોપનારા તો આજ છે. એમ બુદ્ધિમાં રજ-તમ હોય એટલે સવળું સમજાય નહિ. માટે સારાને સારા નથી કે'વા તે તો નહિ જ કહે. એવા અવળા વિધિનિષેધ કરવા માંડે તે પોતાને દુઃખ કર્યે ને બીજાને

પણ દુઃખ ક્યે. (વચ.કા.૯) (જુઓ પ્રકરણ ૧૧ ની વાત ૨૯)

(૩૦૨) કોઈ વાતનું સરું આવે તેમ જણાતું નથી. આપણે બે-અઢી મહિના સુધી ગુજરાતમાં રહ્યા, પણ પે'લો દહાડો છે. તે શું ? જે, જાણે કાંઈ ખાધું જ નથી. સો મણ સાકરમાં એક મણ અફીણ નાખે તો બધી કડવી લાગે તેમ થોડોક કુસંગ લાગે, તો સત્સંગ બગડી જાય.

(૩૦૩) જેને ભગવાનના ધામમાં જાવું હોય તેને કોઈનો દોષ ન લેવો ને આત્મબુદ્ધિ કરવી. આપણે વિષયને મારગે ચાલવું નહિ. ચાલતા હોય તેની સામું જોવું નહિ. મહારાજે જે વાતુ લખી છે તે આપણા જીવને નિર્બંધ કરવાસારુ છે. ગોપાળાનંદસ્વામીએ કહ્યું હતું જે અમે કોઈ વાત આ 'વચનામૃત'ના ચોપડા બહારની રાખી નથી. મુક્તાનંદસ્વામીએ 'વિવેકચિંતામણિ'માં પોતાનો સિદ્ધાંત લખ્યો છે, 'નિષ્કામાદિક જે ગુણ તે ભેખજી કમાણી છે ને કામાદિક જે દોષ તે સંધીજી કમાણી છે.' તેમ કોઈનો ગુણ લેવો એ ભેખજી કમાણી છે ને દોષ જોવો તે સંધીજી કમાણી છે.

એક ફકીર ભેળો સંધી ચેલો થઈને રહ્યો, પછી તેને ટુકડા માગવા મોકલ્યો તે કો'ક ગૃહસ્થને ઘેર ભાત લઈ જાવા સારુ, બાઈ ઘઉંની રોટલીનો ખડકલો બા'ર્ય મૂકી શાક લેવા ઘરમાં ગઈ, ત્યાં આ સંધી ખડકલો ઉપાડીને મસ્જિદે આવ્યો ને ગુરુ પાસે ટુકડાનો ને રોટલીનો ઢગલો ક્યો ત્યારે ફકીરે પૂછ્યું જે, 'આ શું ?' સંધી કહે, 'આ તેંજી ભેખજી કમાણી ને હિં મુંજી સંધીજી કમાણી !' પછી સંધીને રજા આપી, માટે સત્સંગમાં આવીને પોતાની સંધીની કમાણી ન વાવરવી, પોતાના દોષ ટાળવા. કામ, લોભ ને સ્વાદમાં તો કેવળ દુઃખ જ છે. મહારાજ કહે, "તમારાં ગળાં ઝાલ્યાં છે તે હું નિર્દય નથી પણ તમારા સુખને અર્થે છે." માટે કોઈ દોષ હોય તો ધીરજ રાખીને તેને ટાળવો; પણ સંકલ્પ થયો તેનો આદર કરીએ તો વધે ને અનાદર કરીએ તો ફરીને તેવો સંકલ્પ ન થાય. જીવના સ્વભાવ તો બહુ અવળા છે, તે ભગવાન ભેળાં રે'તાં ને કાંઈનું કાંઈ બોલ્યા, પછી મહારાજ ઉદાસી થયા.

(૩૦૪) પંક્તિમાં રોટલા ન મળે એ મોટું દુઃખ, તેથી મોટું દુઃખ જે, કોઈનો અવગુણ આવે તે ટાઢી અગ્નિ છે; બીજાં માન-અપમાનનાં દુઃખ છે. આ વાતુ જેવો તો કોઈમાં માલ જ નથી. દુઃખ તો અનેક જાતનાં આવે પણ તેને માનવાં નહિ. ટૂંટિયામાં બપોરે અગિયાર મરી ગયાં. માટે કોઈ વિઘ્ન ન આવે એમ કરવું. મોક્ષને મારગે ચાલે તેણે દુઃખ સહન કરીને પ્રભુ ભજવા. ઉનાળો આવ્યો તે જાણે

પોકું મેલીએ તો ટળે ? પણ એમ ટળે નહિ માટે જેમ આવે તેમ લીધે જાવું.

(૩૦૫) ઘણાખરાને મુક્તાનંદસ્વામીનો ગુણ નહોતો ને ગોપાળાનંદસ્વામીનો પણ નહોતો. કેટલાક તો કહે છે જે, 'બહુ ઉપાસનાની વાતુ કરીએ તો બધું ખોટું થઈ જાય ને પ્રથા બગડી જાય.' પણ એ અજ્ઞાન છે.

(૩૦૬) જીવની અવળાઈનો તો કાંઈ પાર નથી. કુબેરા ખાડા ઉપર ન બેસે ને પડખે બેસે. પછી ઉસરડાવીને માંઈ નખાવે. માંદો પડયો ત્યારે પથારીમાં ઝાડે ફરે ને શિષ્ય કહે જે, 'મુને ખબર તો કરવા હતા.' એટલે તેમાં આળોટે ને કહે જે, 'આ ખબર દીધા !' તેનું નામ સુજજ્ઞાનંદ સ્વામી.

(૩૦૭) મહારાજે પડાઈનું દૃષ્ટાંત દઈને વાત કરી જે, ''અમારી આજ્ઞા પાળે છે તે અમારાથી છેટે રહે તો પણ અમારી પાસે જ છે ને તેની જ્યાં હોય ત્યાં રક્ષા કરવી પડચે છે.'' ઝોળીઆં પારેવાંને ઉડાડે ત્યારે તેની પાંખમાં બળ હોય ત્યાં સુધી ઊડે પણ જ્યારે ભાન ન રહે ને બળહીન થઈ જાય ત્યારે પડતું મેલે, એટલે તેના ધણી તેને ઝોળીમાં ઝીલી લિયે પણ હેઠચે પડવા દિયે નહિ; તેમ જે આજ્ઞા પાળે છે તેની જ ભગવાન રક્ષા કર્યે છે.

(૩૦૮) પીઠવાજાળના કણબીએ વિવાહમાં નાત્ય તેડું કર્યું, દૂધ-સાકરની શિરામણી દીધી, પાંચ-સાત શાક કર્યાં, જાનની ખૂબ સરભરા કરી અને જાનવાળે ગામમાં રંજાડ કરી પણ પટેલ બોલ્યો નહિ પછી વરના બાપને કો'કે કહ્યું જે, 'પટેલે વિવાહ બહુ સારો કર્યો.' ત્યારે વેવાઈ ઈર્ષાવાળો તે કહે, 'એમાં શું કર્યું ? મારી એકકોરની અરધી મૂછ પલળી છે, બીજી તો કોરી રહી ને એટલું ન કર્યે તો તેની દીકરી કોણ લિયે ?' પછી પટેલને પશ્ચાતાપ થયો પણ મોહમાં ન દોડયો હોત તો દુઃખ ન થાત.

(૩૦૯) ભાદરાના ડોસાભાઈ રોટલો ખાતા હતા ત્યારે સાધુએ પૂછ્યું જે, 'ડોસાભાઈ, શાક, દાળ, ઘી કે ગોળ વિના લૂખું કેમ ખાઓ છો ?' ત્યારે ડોસાભાઈએ કહ્યું જે, 'લૂખું ખાય તે હરામ ખાય ! લૂખું તો બીજા ખાય છે. અમે તો ભગવાનને સંભારીને જમીએ છીએ તે લૂખું શ્યેનું ?' ભગવાનની સ્મૃતિ વિના જે જે ખાય છે તે બધું લૂખું ખાય છે.

(૩૧૦) સમુદ્રમાં ઝેર છે ને અમૃત પણ છે, તેમ સત્સંગમાં સારા-નરસા બેય હોય.

(૩૧૧) સૂરતથી મુક્તાનંદસ્વામીએ અમને મહારાજ પાસે મોકલ્યા,

ત્યારે જોડ ગોતવા માંડી ત્યાં તો એક સાધુ બોલ્યા જે, 'માર્યે જાવું છે, તે તમે કે'શો તો જાઈશ ને નહિ કહો તો ય જાઈશ.' ત્યારે મુક્તાનંદસ્વામી કહે બહુ સારું. પછી તે સાધુ અમારી સાથે આવ્યા. મહારાજને અમે બધા હરિજનનાં નામ લઈને મળ્યા તે જેટલાં નામ લીધાં એટલી વાર મળ્યા પછી અમને એમ થયું જે, મહારાજ થાકી જાશે, એમ ધારી નામ બોલતાં વાર લગાડી. ત્યારે મહારાજ કહે, "હવે ભૂલ્યા." પછી ઓલ્યા સાધુ મળવા આવ્યા. તેને મહારાજ ન મળ્યા ને કહ્યું જે, "આજ્ઞા લોપીને આંહીં આવ્યા, તે દેહ પડયો હોત તો તેડવા કોણ આવત ?" પછી અમે કહ્યું જે, 'અમારી ભેળા આવ્યા છે, માટે મળો તો ઠીક.' એટલે મહારાજ મળ્યા ને કહે જે, 'તમારા કે'વાથી મળીએ પણ બાવીસ વાર મળતાં કઠણ ન પડયું ને આ એક વાર મળવું અમને કઠણ પડચે છે.

(૩૧૨) કથામાં મન રાખે તો માળામાં સ્મૃતિ ન રહે ને માળામાં સ્મૃતિ રાખે તો કથામાં મન ન રહે માટે જેણે કથા સમજવી હોય તેણે કથામાં માળા ફેરવવી નહિ.

(૩૧૩) મારવાડના રાજા આગળ બ્રાહ્મણ કથા કર્યે ત્યારે રાજા ચોપાટે રમે ને રાડું પાડયે જે, 'દ્યે કાળીના ધડમાં !' ત્યારે બ્રાહ્મણ જાણે આમાં શું સંભળાય ? એમ ધારી અટક્યો. ત્યારે રાજા કહે, 'મહારાજ, તું તારે બકે જા ! મેં સુનતા હું !'

(૩૧૪) માવતર <u>કરી પાળે</u> ત્યારે છોકરાં <u>નરવા</u> રહે તેમ આપણે નિષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, નિઃસ્નેહી ને નિર્માની રહીએ તો બીજા સહેજે રહે. મહારાજે સંતને કહ્યું જે, "તમે સારી રીત્યે વરતશો તો તમારો લોકને ગુણ આવશે, તેણે કરીને તેમને સત્સંગ થાશે.

(૩૧૫) લાખું મણ બાજરો પાક્યો, કરોડયું મણ ઘી, ગોળ પૃથ્વી ઉપર વરસ્યું પણ કોઈને ખબર નથી, તેમ આટઆટલી કલ્યાણની વાતુ થાય છે પણ કોઈને ખબર નથી.

સંવત ૧૯૧૮ના શ્રાવણ વદિ દ્વાદશીને દિવસે સ્વામીએ વાત કરી જે,

(૩૧૬) <u>કુબેરા</u>એ માવાભક્ત પાસે <u>ઠામણાં</u> ઉટકાવ્યાં ત્યારે ગોપાળાનંદસ્વામીએ કુબેરાને પૂછ્યું, 'માવાભક્ત પાસે ઠામણાં ઉટકાવો છો ?' તો કહે માવાભક્ત તાંસળી માંડે છે તો ?' ત્યારે કહે, 'ઈ વાત સાચી, પણ તે વૃદ્ધ છે, વળી મહારાજના મળેલ છે; તો મારા વચને ઉટકાવશો મા.' ત્યારે કહે, 'ઠીક,

તમે કહો છો તે હવે નહિ ઉટકાવું.'

(૩૧૭) એક સાધુએ મહારાજને કહ્યું જે, 'માર્યે મંડળ જો'તું (જોઈતું) નથી ને સદ્ગુરુ થાવું નથી માટે બીજા મંડળમાં મૂકો.' મહારાજ કહે, ''શ્યા સારુ ?'' એટલે તે કહે, 'અડબંગા જેવા સાધુ આપ્યા છે તે મારું માનતા નથી.' ત્યારે મહારાજ કહે, ''તમને કપિલદેવ જેવા સાધુ આપીએ તો કેમ ?'' તો કહે, 'બહુ સારુ મહારાજ !' મહારાજ કહે, ''દત્તાત્રેય, રામચંદ્રજી ને શ્રીકૃષ્ણ જેવા આપીએ તો કેમ ?'' ત્યારે તે સાધુ કહે, 'તો તો બહુ જ સારુ !' મહારાજ કહે, ''એ બધા એવા છે, તે તમારું શ્યેના માને ? પણ અમે એમનાં ઐશ્વર્ય દબાવી દીધાં છે માટે તમારા ભેળા રહે છે, નીકર તો રહે એવા નથી; માટે તે કહે તેમ કરો ને મંડળ ચલાવો.''

(૩૧૮) કેટલાક કહે છે જે, 'પાત્ર જોઈને કે'વું.' પણ મહારાજ પધાર્યા ત્યારે કોણ પાત્ર હતું ? માટે પાત્ર ર્ક્યો થાય ને જ્ઞાન ર્ક્યે તો જ્ઞાન થાય; જીવ તો બાળક જેવા છે. રસ્તામાં વટેમાર્ગું છાંયે વિસામો ખાવા બેઠા ત્યાં છોકરું કાંટાળી બખોલમાં ઘરી ગયું, તે નીકળે નહિ ને લેવા જાય તેમ આઘું વયું જાય, પછી માવતર રોવા લાગ્યાં ને છોકરું પણ રાડ્યું નાખે. ત્યારે રસ્તે જાતા એક જણે કહ્યું જે, 'ચાર-પાંચ તેના જેવડાં બાળક ગામમાંથી લાવો તો તે બા'ર્ય નીકળશે.' પછી તેમ ર્ક્યું એટલે નાનાં છોકરાંને રમતાં દેખી ઓલ્યું રમવા બા'ર્ય નીકળ્યું, એટલે પકડી લીધું.

તે તો દૃષ્ટાંત છે; એનું સિદ્ધાંત તો એ છે કે, માયારૂપી મોટું જાળું છે તેમાં સર્વે જીવ પ્રાણીમાત્ર પેસી ગયાં છે તેને બા'ર્ય કાઢવા સારુ રામ-કૃષ્ણાદિક અવતારે કરીને ભગવાને બહુ જ દાખડો ર્ક્યો, તો પણ કોઈ જીવ માયારૂપી જાળામાંથી નીકળ્યા નહિ. પછી મહારાજ પોતાના અક્ષરધામ ને અક્ષરધામના પાર્ષદ સહિત દિવ્યભાવ છૂપાવીને, આ પૃથ્વી ઉપર મનુષ્યદેહ ધરીને પધાર્યા, કે'તાં મનુષ્યને સજાતિ થયા. ત્યારે જીવને છોકરાંની પેઠ્યે સજાતિમાં હેત થયું, એટલે માયારૂપી જાળામાંથી જીવ બા'ર્ય નીકળ્યા ને મહારાજ, આ સાધુ ને મુકતમાં જોડાયા ત્યારે જીવને મહારાજનો, ધામરૂપ આ સાધુનો ને અક્ષરમુકતનો યથાર્થ મહિમા સમજાણો. પછી માયારૂપ જાળું જે, ત્રણ્ય દેહ, ત્રણ્ય અવસ્થા, દસ ઇન્દ્રિયું, ચાર અંતઃકરણ, ચૌદ દેવતા એ સર્વેના માયિકભાવનો ત્યાગ કરીને, બ્રહ્મરૂપ થઈને ભગવાનના અક્ષરધામને પામ્યા; માટે પાત્ર ર્ક્યો થાય, પણ અમથો ન થાય.

(૩૧૯) આપણે ધર્મ પાળશું તો આપણા ચેલા પાળશે. હું દુઃખ લગાડીને કહું છું, પણ બીજા કહે નહિ. મારો દેહ પણ હવે કેટલાક દહાડા રે'શે ?

(૩૨૦) ભગવદી ન ઓળખાય તે તો કેને ઓળખાય તો જેને એવી રીત્યની બુદ્ધિ હોય અથવા પૂર્વનો સંસ્કાર હોય તેને ઓળખાય. માંદાની સેવા કરવી, ઝાઝા પદાર્થ સંગ્રહ કરવા નહિ; પદાર્થ સાચવીએ ત્યારે પ્રભુને ક્યારે સંભારીએ ? મુનિબાવાને જ્યારે અતિ દુઃખ થયું ત્યારે હોકો પીધો, એમ વખત આવ્યે કળાય. જેટલું સુહૃદપણું હોય તેટલો જ હૈયામાં સત્સંગ જાણવો. આત્મબુદ્ધિ શીખવી. જેટલી સત્સંગમાં આત્મબુદ્ધિ તેટલો જ સત્સંગ જાણવો. આ તો શું કરીએ, મંદિરનો વે'વાર ઠર્યો, એટલે શામ, દામ, દંડ અને ભેદે કરીને ચલાવીએ છીએ. કોઈની છાયામાં દબાઈએ તો જેમ હોય તેમ કે'વાય નહિ; ત્યારે રોગ પણ જાય નહિ, માટે દબાઈને રે'વું તે ઠીક નહિ. ગોપાળાનંદસ્વામી ને નિષ્કુળાનંદસ્વામી ન દબાય.

(૩૨૧) જીવમાં જે કસર છે તે ગુરુ થાયે ન જાય પણ સાધુ થાયે પાર આવશે. સત્સંગનું બગાડવા તૈયાર થાય તે સત્સંગનું તો ન બગડે પણ પોતાનું બગડે. સર્વેનું ખમવું ને સાધુ થાવાનો આદર રાખવો. ભણે તેણે મોટ્યપ નથી, કામ કર્યે તેણે મોટ્યપ નથી, હાથીએ બેસે તેણે મોટ્યપ નથી પણ સાધુ થયે મોટ્યપ છે, તે દાખડો કર્યા વિના સાધુ થાવાય નહિ. ભાદરણમાં આચાર્ય મહારાજે અમને હાથીએ બેસવાનું કહ્યું; તે અમે ના પાડી, ત્યારે કહે, 'ગાડીમાં બેસો.' પછી અમે ફાટેલ ગોદડી ઓઢીને ગાડીમાં બેઠા તે પાટીદાર કહે, 'ગાડી તો સારી છે; પણ માંહી ફાટેલ ગોદડી ઓઢીને બાવો બેઠો છે.' પછી તેણે અમને પૂછ્યું જે, 'ફાટેલ ગોદડી કેમ ઓઢી છે ?' અમે કહ્યું જે, 'વર પરણવા જાય છે ત્યારે તેને નજર ન લાગે તે સારુ કાળો મસો કર્યે છે તેમ અમે ત્રિલોકીથી ન્યારા છીએ, તે નજર ન લાગે તે સારુ આ ગોદડી ઓઢી છે પણ છીએ તો ગાડીને શોભાવીએ એવા.' પણ જેણે રથ, વે'લ, ઘોડા ને હાથીમાં મોટાઈ માની હોય તેને શું સમજાય ? માટે સ્વામિનારાયણે જેને મોટ્યપ આપી તે મોટા. અજુભાઈએ સાધુને ઠપકો દઈને કહ્યું જે, 'તમે જ્યારે ઊંચે સાદે બોલો, ત્યારે લોકમાં અમારી લાજ જાય.' જાવું, આવવું, હરવું-ફરવું તે તો દહાડા કાઢવા સારુ છે. જેટલું બીજાનું ગમતું કરીએ તેટલું ભગવાનનું ગમતું ન થાય તેમ જ જેટલું ઇન્દ્રિયુંનું ગમતું કરીએ તેટલું ભગવાનનું ગમતું ન થાય.

સંવત ૧૯૧૮ના શ્રાવણ વદિ તેરસને દિવસે સ્વામીએ વાત કરી જે,

(૩૨૨) કોઈને ઘરનું, કોઈને ગામનું, કોઈને જાતનું, કોઈને કુળનું, કોઈને દ્રવ્યનું એમ અનુસંધાન રહે છે; પણ પ્રભુની કોરનું રે'તું નથી.

(૩૨૩) બકરાં વાડામાં પુરાય, પોઠિયા પુરાય, બળદ પુરાય, ઊંટ પુરાય, પણ વાઘ કે સિંહ ન પુરાય, તેમ મતપંથરૂપી વાડામાં મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી ને ગોપાળાનંદસ્વામી એ રૂપ સિંહ ન પુરાય.

(૩૨૪) મોટાનો જોગ ઘણો હોય તો પણ જો લગની ન હોય તો તે ન વધે ને જોગ થોડો હોય, પણ વધુ લગની થાય તો તે વધી જાય.

(૩૨૫) ચાર ઠેકાણે ભગવાનની સ્મૃતિ રે'તી નથી; તે ક્યાં તો, :- એક તો દેહમાં રોગાદિક કષ્ટ આવી પડયે, બીજું કામાદિક દોષની પ્રવૃત્તિ થાય, ત્રીજું કાંઈક અધિકાર મળે ને ચોથું ઝાઝું દ્રવ્ય મળે; એ ચાર ઠેકાણે ભગવાનની સ્મૃતિ રે'તી નથી ને દીન-અધીનપણું પણ રે'તું નથી. કીર્તને કરીને ભગવાનમાં વૃત્તિ રહે છે. પછી જગુ પાસે કીર્તન બોલાવ્યું જે,

તારા મુખની લાવણતા મીઠી રે, મોહન વનમાળી,
એવી ત્રિભુવનમાં નવ દીઠી રે, મૂર્તિ મરમાળી.
(કીર્તન મુક્તાવલિ : ૨૭૪)

'વચનામૃત' વંચાય છે તેમાં ય પ્રથમ ભગવાનની સ્મૃતિ થાય છે. આ સાધુ ને મંદિર કર્યાં છે અને આ બધો સાજ કર્યો છે, તે સ્મૃતિ રાખવા સારુ છે; માટે સ્મૃતિ રાખીને બધું કરવું. જુઓને, મંદિરનો કાંઈ વે'વાર હશે તે પણ મોટેરાને માથે હશે ને બીજાને તો કેવળ અન્ન જમીને પ્રભુ ભજવા છે પણ તે થાય નહિ ને સુવાણ્યને મારગે ચાલે તો આખો દિ' તે ક્યે કાં સૂઈ રહે. તેલના પાડની ખબર નથી, ઘીના પાડની ખબર નથી, કેરીના પાડની ખબર નથી ને અન્ન-વસ્ત્રની તો ગૃહસ્થને ફિકર છે; છતાંય પ્રભુમાં વૃત્તિ ન રહે, એ ગાફલાઈ કે'વાય.

(૩૨૬) અભેસિંહભાઈ આગળ વાત કરી જે, 'ઘડી ભજન કરવું, ઘડી કીર્તન ગવરાવવાં, ઘડી કથા સાંભળવી ને ઘડી ધ્યાન કરવું, એમ ને એમ કર્યા કરવું પણ ભગવાનની વિસ્મૃતિ થાવા દેવી નહિ. ધરમપુરવાળાં કુશળકુંવરબાઈ આઠ દહાડે રાજ્યમાં આવતાં તો પણ વે'વાર ચાલ્યો જાતો; માટે એમ કરવું; કાં જે, ભગવાન જેવો તો બીજા કોઈમાં માલ જ નથી. તમારે એમ સંકલ્પ થાતો નથી જે, ઊંટ ભરીને બે મણ ફોતરાં લઈ જા'એ; પણ સોનું હોય તો તો ભરી જાઓ ખરા પણ માલ તો ભગવાનમાં જ છે, એમ સમજાણું હોય તો ભગવાન કેમ વિસરાય ?

સંવત ૧૯૧૮ના શ્રાવણ વદિ ચૌદસને દિવસે સ્વામીએ વાત કરી જે,

(૩૨૭) સોઢીના કોળીને સુખપુરમાં રાખ્યા હતા પણ ગોઠ્યું નહિ ને ભાલના કાગડા સાબરમતી ઊતરીને જાય નહિ; તેમ જ્યાં જ્યાં જીવ રહ્યા ત્યાં ત્યાં બંધાઈ ગયા. ગુજરાતમાં રે'લા (રહેલા) હોય તેને આંહીં ન ગોઠે. ગંગાદત્ત ગુજરાતમાંથી મહારાજનો સમાગમ કરવા ગઢડે આવ્યા ને ઝાઝા દિ' રોકાવું હતું પણ આંબલી લાવેલા તે થઈ રહી એટલે મહારાજને કહે, 'હવે જા'શું.' ત્યારે મહારાજે પૂછ્યું જે, "ઝાઝું રોકાવું હતું ને કેમ ઉતાવળા થયા ?" ત્યારે ભેળો તેમનો નાનો છોકરો હરિકૃષ્ણ હતો તે બોલ્યો જે, 'આંબલી થઈ રહી, શું ઝાઝું રોકાય ?' ત્યારે મહારાજ કહે જે, "આંહીં આંબલી ઘણી છે, તમારે જો'શે તેટલી આપશું." બ્રહ્મચારી પાસે મહારાજે આંબલી મંગાવીને દેખાડી. તોય કહે, 'હવે તો જા'શું.' પછી ગયા તેમ આંહીંનાને ગુજરાતમાં ન ગોઠે; કેમ જે, ઝાડ બહુ તે દૃષ્ટિ ઝાઝી જાય નહિ ને ખટાશ ભાવે નહિ. એમ જીવને એવાં બંધન થઈ જાય છે.

(૩૨૮) ભગવાનનો આનંદ તો કોઈને નથી. ધન, સ્ત્રી ને ખાવું તેમાં જ આનંદ માને છે.

(૩૨૯) ભક્તિ અથવા જ્ઞાનના આલંબને કરીને પણ સ્ત્રી, દ્રવ્ય ને રસાસ્વાદ તેને વિશે અતિશે લોલુપ થકા પાપને વિશે પ્રવર્તે છે, એ જ દેવની માયાનો મોહ થયો છે.

(૩૩૦) સ્ત્રીનું બંધન દ્રવ્ય કરતાં અધિક કહ્યું પણ વિપરીત જ્ઞાનને સાચું કરી બેઠા છે. આ લોકની ઘટમાળ ચાલી જાય છે. તેમાં,

આગે ધંધા, પીછે ધંધા, ધંધા મધ્યે ધંધા;
ધંધા મધ્યે ધ્યાન લગાવે, સો સાહેબકા બંદા.

એક બાવો ગિરનારને દંડવત્ કરીને પરિક્રમા કરતો હતો તેને વિશુદ્ધાત્માનંદસ્વામીએ પૂછ્યું, 'બાવાજી, શું કરો છો ?' તો કહે આમાં મોટા મોટા સિદ્ધ રહ્યા છે તેમને દંડવત્ કરીને પરિક્રમા કરું છું.' ત્યારે વિશુદ્ધાત્માનંદસ્વામી કહે, 'અમને એક દંડવત્ કર્ય, તો તારું કલ્યાણ કરીએ.' ત્યારે તે કહે જે, 'સામા ઊભા રહો તો કરું.' સાધુ કહે, 'આંહીં આવીને કર્ય.' તો તેણે તેમ ન કર્યું, એમ હઠે કરીને જીવ કર્યે; પણ આજ્ઞાએ કરીને ન કર્યે. વિઠુબાની બુદ્ધિ ને ગગા ઓઝાની બુદ્ધિ, એનું ફળ તો ધન, સ્ત્રી, માન ને રૂપિયા મળે એ જ છે.

સંવત ૧૯૧૮ના શ્રાવણ વદિ અમાસને દિવસે સ્વામીએ વાત કરી જે,

(૩૩૧) પેટમાં ગાંઠ થઈ હોય ત્યારે તેને ડામ દેવો પડચે, તે ડામ કાંઈ સારા નહિ લાગતા હોય ! તેમ પંચવિષયની પાંચ ભૂમિકા છે તેને ફેરવવી તે બ્રહ્માંડ ફેરવ્યા જેવું છે ! ને ત્રણ્ય અવસ્થા પર વરતવું તે પણ બ્રહ્માંડ ફેરવ્યા જેવું છે !

(૩૩૨) આ તો અદ્ધરિયા વે'વાર છે તેમાં જીવ બંધાઈ ગયો છે.

(૩૩૩) દેહ તો મોટો શત્રુ છે માટે સેવાભક્તિ કરીને દેહને કારસો લગાડવો. એક કાઠીએ તેના બે દીકરાને કહ્યું જે, 'બાપ થઈને આવજો; પણ દીકરા થાશો નહિ.' પછી એક જણે તો ડાયરામાં જઈને હોકા ભરી દેવા માંડચા ને જે કામ ચીંધે તે તુરત કર્યે. એટલે તેને સૌ બોલાવે જે, 'આપલા હોકો લાવજે, પાણી લાવજે.' ને બીજો તો ડાયરામાં પગ ઉપર પગ ચડાવીને બેસે, કાં ઢીંચણે ફાળિયું બાંધીને બેસે. ત્યારે ઘરડેરા કહે જે, 'જુઓ મારો દીકરો, કેવો બેઠો છે ?' ત્યારે બીજો કહે જે, 'માંગરનો પગ ઉપર પગ ચઢાવીને બેઠો છે.' ક્યારેક ગધ્યનો પણ કહી લિયે. તેમાં શું કહ્યું ? જે, એક ગધ્યનો કે'વાણો (કહેવાણો); ને બીજો સેવાએ કરીને આપલો કે'વાણો.

(૩૩૪) વાતે કરીને કામી થાય ને વાતે કરીને નિષ્કામી થાય. જે કાંઈ રૂડા ગુણ આવ્યા હશે તે સાધુમાંથી આવ્યા હશે. આ તો જેને જેને ખોટચ હશે તેને નડવાની છે કેમ જે, જેને ઘેર મર્યે તેને ઘેર કાંણ મંડાય. પ્રભુ ભજવા આવ્યા છીએ, પણ સંગ વિના ન ભજાય; માટે સૌ નોરમાં ચાલજો, નીકર આગળ સ્વામિનારાયણ આકરા છે, તે રાઈરાઈનાં લેખાં લેશે.

ઉહાં કછૂ રાજ પોપાંબાઈ કો તો નાંઈ હે. (બ્રહ્માનંદ કાવ્ય-કવિતા)

માટે અક્ષરધામમાં જાવું હોય તો વિચારજો. મહારાજે, "ગઢડાની મહંતાઈ નિષ્કુળાનંદસ્વામીને આપીએ." એમ સભામાં વાત કરી એટલે નિષ્કુળાનંદ સ્વામી રાત્યે ઊઠીને ગઢાળીએ વહ્યા ગયા. સવારે મહારાજે બોલાવ્યા ત્યારે ગોત્યા પણ જડચા નહિ. પછી પાછા આવ્યા ત્યારે મહારાજ કહે, 'આજ્ઞા વિના ગયા હતા તે દેહ પડી ગયો હોત તો તેડવા કોણ આવત ?" ત્યારે નિષ્કુળાનંદસ્વામીએ હાથ જોડીને કહ્યું, 'એ તો ખરું મહારાજ, પણ તમે માર્યે માથે સાલેમાળ મૂકો તે મારાથી કેમ ઊપડે ?

(૩૩૫) આપણે હેતે પેટ કૂટીએ છીએ પણ લોકને તો કેવળ સ્વાર્થની વાત છે. આપણો સંબંધી હોય ને મે'માન (મહેમાન) થયો હોય ત્યારે જારનો

રોટલો ને મીઠાનો કાંકરો મૂકો તો ખાતાં ખાતાં સો ગાળું દિયે ને બા'ર્ય જઈને વાંકું બોલે જે, 'વાંસે છોકરા અકરમી થયા, તે આવ્યા-ગયાને સાચવતા નથી, ને બાપની આબરૂ ખોવે છે.' ત્યારે આંબાભક્તે શાહેદી પૂરી જે, 'હા સ્વામી, માર્યે એમ થયું હતું. મેં એક વાર મે'માનોને જારનો રોટલો આપ્યો એટલે ગાળો દીધી.' અખો જેવાં તેવાં લૂગડાં પે'રીને હવેલીએ દર્શને ગયો, ત્યારે કોઈએ પેસવા દીધો નહિ. પછી વળતે દિ' સારાં લૂગડાં પે'રીને ગયો ને સાકરનો પડો, નાળિયેર ને રૂપિયો ઠાકોરજી આગળ મૂક્યા; એટલે સન્માન કર્યું ને પ્રસાદ તથા ઉપરણો આપ્યો. એટલે અખો કહે જે, 'ઈ બધું ઓલ્યા રૂપિયા પાસે ધરો ! હું તો કાલે આવ્યો હતો તે ધક્કો મારીને કાઢી મેલ્યો હતો ને આજ તો ઓલ્યા રૂપિયાને સન્માન છે !' એમ સારાં લૂગડાં પે'રીને આવે તેને સૌ આદર આપે એ લોકની મોટાઈમાં લેવાણા કે'વાય. લૂગડાં સારાં ન હોય, પણ ભગવદી હોય તેને કોઈ બોલાવે ય નહિ; તે શું ? જે, ભગવાનનો ખપ નથી પણ દ્રવ્યસામી નજર છે.

ઇતિ શ્રી સહજાનંદસ્વામીના આધ્યાત્મિક વારસદાર
અનાદિ મૂળઅક્ષરમૂર્તિ સદ્‌ગુરુવર્ય શ્રી ગુણાતીતાનંદસ્વામીએ
કરેલી વાતોમાં
'સર્વદેશી સમજણ'
નામે નવમું પ્રકરણ સમાપ્ત.



સાવરગામના વાંઝિયા અને દ્વેષી દરબાર ઉગાખુમાણના માર, અપમાન અને તિરસ્કારને પ્રેમથી સહન કરી, મારના દુઃખથી પીડાતા સંતોને સ્વામીજી સાંત્વન આપી રહ્યા છે, દરબારને બદલામાં પુત્રજન્મના આશીર્વાદ આપે છે. જેના શ્રાપ પણ આશીર્વાદરૂપ તે જ સાચા સંત.

# પરિશિષ્ટ-૧ : શબ્દપ્રયોગ અને તેનો ભાવાર્થ

**(સ્વામીની વાતોમાં આવતા વિશિષ્ટ શબ્દપ્રયોગો તેના ભાવાર્થ સાથે આ પરિશિષ્ટમાં પ્રદર્શિત કરવામાં આવ્યા છે.)**

## - : અ : -

- **અક્ષરધામ=** જ્યાં માયામાત્રને સ્થાન નથી એવું પુરુષોત્તમભગવાનનું ભગવાન શ્રી સ્વામિનારાયણનું ધામ - બ્રહ્મમહોલ - સાકાર સ્વરૂપે અનાદિ મૂળઅક્ષર મૂર્તિ - અક્ષરબ્રહ્મ - સદ્‌ગુરુવર્ય શ્રી ગુણાતીતાનંદસ્વામી.
- **અક્ષરમત=** અવિનાશી અભિપ્રાય, શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના ઉદ્‌બોધિત જ્ઞાનવિભાગ/ગુણાતીતજ્ઞાનનો સિદ્ધાંત. ૮/૩૩;
- **અક્ષરાતીત=** અક્ષરથી પર. ૮/૨૯;
- **અખાત્રીજના વા=** વૈશાખ સુદ ત્રીજના પવન જોઈ, વરસ કેવું જશે તેનો નિરધાર કરવાનું રહ્યું નહિ. ૬/૧૦૯
- **અગણ્યોતેરા કાળમાં=** સંવત ૧૮૬૯ના ભયંકર દુકાળમાં. ૨/૯૫; ૫/૩૧૬; ૬/૧૦૨; ૯/૨૪;
- **અગિયાર અર્બુદ=** એકસો દસ ક્રોડ. ૫/૧૯૧;
- **અગ્યાન=** અજ્ઞાન. ૩/૪૮; ૫/૧૧૭; ૬/૨૧૮;
- **અચ્યુત=** અવિચલિત-અખંડ, ૯/૧;
- **અડાળી=** તાસક ઘાટની થાળી-કથરોટ, ૯/૧;
- **અજહત્સ્વરૂપ=** ગ્રહણ કરવા યોગ્ય સ્વરૂપ. ૭/૨;
- **અડીખમ=** જરાય મચક ન આપે તેવું દઢ, સચોટ. ૮/૨૮;
- **અધમ=** ધિક્કારવા યોગ્ય, નીચ, નઠારું, હલકી કોટિનું. ૧/૧૦૩;
- **અધમણ=** અર્ધો મણ-દસ કિલોગ્રામ. ૫/૪૨૬;
- **અધમોદ્ધારણ=** નીચનો પણ ઉદ્ધારકરનાર ભગવાન. ૧/૧૪૦;
- **અધર્મ સર્ગ=** શાસ્ત્રબહારનાં એવા વર્તનનાં સંબંધે. ૫/૫૮;
- **અધિદૈવ દુઃખ=** કુદરતી આફતનાં દુઃખ :- દુકાળ, ધરતીકંપ, રેલ આવવી, તીડ પડવાં વગેરે. ૧/૨;
- **અધિભૂત દુઃખ=** સ્થૂળ દેહનાં દુઃખ. ૧/૨;
- **અધીન=** વશ, તાબેદાર- (અશુદ્ધ જોડણી પ્રમાણે આધીન). ૧/૧૨; ૮/૩૩;
- **અધોઊર્ધ્વ=** નીચે-ઉપર. ૮/૩૨;

- **અધોમુખ=** માયાતરફ દષ્ટિ-સંસારી. ૮/૨;
- **અધ્યાત્મ દુ:ખ=** મનનાં દુ:ખ. ૧/૨;
- **અધ્યાસ=** નિરંતર એકજ લક્ષ્યરાખી રોજિંદા અભ્યાસદ્વારા, એક જ્ઞાનમાં બીજા જ્ઞાનનું આરોપણ, નિરંતરના અભ્યાસ અથવા સંપર્કથી એકાત્મબુદ્ધિ થવી ને સાક્ષાત એવો ભાવ વરતાય તે. ૭/૨૫;
- **અધ્યાત્મવાર્તામાં=** આત્મા-પરમાત્માસંબંધી, જ્ઞાનમાં-બ્રહ્મજ્ઞાનમાં-આત્મજ્ઞાનમાં. ૮/૩૫;
- **અધવારું=** બે સ્થળે (ગઢડા ને પંચાળા) રહેવાનું રાખવું તે, ૯/૧૫;
- **અણોસરો થઈ=** ઉદાસ-ખિન્ન થઈ. ૯/૨૮૩;
- **અનવધિકાતિશય=** જેની અવધિ નથી એવું વિશાળ, અમર્યાદ, અપાર, અનંત. ૭/૬; ૮/૭; ૮/૧૦; ૮/૨૨;
- **અનળ પક્ષી=** સતત આકાશમાં ઊડતું રહેતું પક્ષી. ૮/૮;
- **અનાદિ=** આદિ રહિત, પહેલું પણ નહિ એવું, અજન્મા.
- **અનેકકોટિ અક્ષર=** મૂળઅક્ષરના સાધર્મ્યને પામેલા અનંત અક્ષરમુક્તો. ૫/૫૯;
- **અનિર્દેશ=** જેનો કોઈ નિર્દેશ કે માપ કાઢી ન શકાય તેવું અપરિમિત, અક્ષરધામ.
- **અનુગ્રહ=** કૃપા, ઉપકાર, મહેરબાની. ૧/૮૦;
- **અનુલોમ=** બીજાનું જોવાની વૃત્તિ, જેમાં પોતાના આત્મા તરફની ઉપેક્ષા. ૮/૨૩;
- **અનુવૃત્તિ=** મરજી. ૨/૬૨;
- **અન્યથાકર્તુમ્=** ઐશ્વર્ય વાપરીને સામાન્યરીતે હોય એનાથી જુદીરીતે કરવાને સમર્થ.
- **અન્વયપણું=** અન્યમાં પ્રવેશ કરી, ધાર્યું કામ કરવું તે.
- **અપરવારે=** ''ખૂબ કામને લઈને આવતી કાલે'', એમ કરતાં કરતાં પાછું ઠેલાતું જ જાય. ૩/૫૪;
- **અપરાધ=** મન-વાણી-કર્મથી થતા દોષ-ગુના-પાપ. ૯/૧૧૫;
- **અપરિમિત=** અમાપ. ૭/૧૫;
- **અર્બુદ=** દસ કરોડ. ૫/૧૯૧;
- **અભદ્ર=** અશુભ, અમંગળ, ખરાબ. ૧/૧૪૭;
- **અભિનિવેશ=** સત્યથી અલગ પોતાની માન્યતાનો દઢ નિશ્ચય. ૫/૧૪૮;
- **અમારી કોટમાં છે =** અમારી જવાબદારી છે. ૫/૧૮૧;
- **અમારી કોર્ય=** અમારી બાજુ. ૮/૯;

## પરિશિષ્ટ-૧ : શબ્દપ્રયોગ અને તેનો ભાવાર્થ

- **અરધો**= અડધો. ૧/૨;
- **અરધ પડીળિયું**= અડધું બાકી રહે એવું. ૯/૧૭૪;
- **અર્ચાથી**= અર્ચનાથી, પૂજાથી. ૫/૮૮;
- **અર્થ**= ધન, સંપત્તિ, પ્રયોજન, હેતુ. ૧/૧૫૩;
- **અર્થાથી**= ધનલોભી, સ્વાર્થી.
- **અર્થારામ**= ભૌતિક પદાર્થોમાંથી સુખ મેળવવા દ્રવ્ય ઉપાર્જનમાં રચ્યોપચ્યો રહેનાર.
- **અલભ્ય**= અપ્રાપ્ય. ૧/૧૬૪;
- **અલ્પવચના**= ઓછાબોલા. ૫/૨૭૩;
- **અવજ્ઞા**= ઉપેક્ષા-અનાદર. ૯/૧૦૬;
- **અવયવ ફરી જાય**= સંગની અસરથી જીવનનું પરિવર્તન થઈ જાય. ૨/૧૭૫;
- **અવધિ**= અંત, નિશ્ચિત સમયમર્યાદા. ૩/૨૩;
- **અવળાઈ**= આડાઈ, કહે તેનાથી ઊલટું કરવાની ટેવ, હઠીલાઈ. ૧/૪;
- **અવેજ વળ્યો**= કરજ ચૂકવ્યું. ૯/૪૧;
- **અવાંતર**= અક્ષરધામ ને ધરતીની વચમાં આવેલા બીજા લોક. ૩/૨;
- **અવાંતરે**= ભેદમાં ય ભેદ, ભાગમાં ય ભાગ, અંદરના, વચમાં આવી જતા. ૫/૧૮૫; ૮/૧૯;
- **અવિદ્યા**= માયિક સમજણ. ૧/૧૮૦;
- **અવ્યાકૃત**= ઈશ્વરનો દેહ; જીવનાં કારણદેહની જેમ, અપ્રગટ, નામ ને રૂપથી જેને આકાર નથી મળ્યો તેવું. ૫/૧૮૯;
- **અસદ્‌ભાવ**= અણગમો, અરુચિ, સદ્‌ભાવનો અભાવ. ૧/૧૫૨;
- **અસાધુની બુદ્ધિ રહે**= ''આ તો ઇન્દ્રિયો-અંતઃકરણનો દોરાયો દોરાય છે.'' એવી બુદ્ધિમાં માનીનતા. ૫/૩૫૨;
- **અહિલાવ્રત ખંડ**= માત્ર વાયુભક્ષણનું વ્રત જ્યાં છે તે ખંડ. ૬/૮૩;
- **અંગની**= રુચિની. ૩/૪૧;
- **અંગરખું**= જૂની ઢબનો કસ બાંધવાનો ડગલો. ૧/૨૧૬;
- **અંગ્રેજનાં લોઢાં**= લોખંડનાં તીક્ષ્ણ ધારદાર હથિયારો, બંદૂકો. ૪/૪;
- **અંતક**= ઘાતક-કાળ-મરણ-યમ. ૯/૨૬૯;
- **અંતર્ગત**= મનમાં રહેલું, પોતાનું. ૮/૩૩;
- **અંતરજામી**= અંતર્યામી-હૃદયમાં રહેલ ભગવાન, પ્રત્યક્ષ ભગવાનનું સ્વરૂપ.

- **અંતરદષ્ટિ=** અંતર્દર્શન, આત્મનિરીક્ષણ, આત્માવલોકન, પોતાના ગુણદોષનો ખ્યાલ.
- **અંતરાય=** અડચણ, વિઘ્ન, અવરોધ. ૧/૩૩૮; ૪/૧૧૩;
- **અંતરિયાળ=** અધવચ. ૯/૨૧૯;
- **અંતઃકરણ=** સૂક્ષ્મ શરીરની ચાર ઇન્દ્રિયો. ૧/૧૦;

## – : આ : –

- **આ કારખાનાં=** ભગવાનને મૂકીને/ત્યજીને મંદિરમાં ચાલતી મોટી પ્રવૃત્તિઓમાં જોડાવું તે. ૧/૩૧; ૧/૧૨૭;
- **આ પરદેશી હરિજન=** ડભોઈના કરુણાશંકર. ૬/૨૨૪;
- **આ લીંબડો=** તે લીમડો જૂનાગઢ મંદિરમાં ધર્મશાળાની બહાર દરવાજા પાસે હતો. ૩/૪૨;
- **આ સાધુના સત્સંગી અધિક=** મનુષ્યભાવ દિવ્યભાવ દઢ કરાવી શ્રીજીમહારાજના સ્વરૂપમાં જોડે છે માટે. ૧/૧૫૯;
- **આ સાધુનો વાયરો આવે=** સાધુનો ગુણ આવે. ૪/૫૧;
- **આ સમામાં=** આ સમયમાં. ૪/૫૦;
- **આઉ=** માદા પશુના આંચળ ઉપરનો ભરાવદાર ભાગ, બાવલું, અડણ. ૨/૩૪;
- **આકળા=** ઉતાવળા. ૫/૧૯૬;
- **આથ=** વસવાયાને આપવામાં આવતું વાર્ષિક મહેનતાણું. ૯/૫૨;
- **આધીન=** પરતંત્ર. ૮/૩૩;
- **આગ્રામાં અઢાર કરોડ્ય રૂ.નું કબરસ્તાન=** તાજમહાલ. ૨/૯૦; ૬/૧૮૪;
- **આછો=** સારો. ૬/૨૧૬;
- **આજ્ઞા પાળવી=** ''નિજાત્માનં બ્રહ્મરૂપમ્...'' કહ્યું કરવું. ૧/૧૬૬;
- **આણીકોર્યના=** આપણી બાજુના, અક્ષરધામની બહારના, સર્વ માયાના લોકના, વડતાલ પ્રદેશના.૧/૪૭; ૬/૨૪૧; ૫/૨૮૩; ૮/૮;
- **આતસકા=** અગ્નિનો. ૬/૩૨;
- **આત્મનિષ્ઠા=** ''હું તો દેહથી જુદો જે આત્મા તે છું ને મારે વિશે પ્રગટ પરબ્રહ્મ અખંડ બિરાજમાન છે.'' તેવી અતિ દઢ માનીનતા, શ્રદ્ધા, વિશ્વાસ, આસ્થા.
- **આત્મબુદ્ધિ=** પોતાપણાની ભાવના, ''દેહ તે હું નહિ પણ આત્મા છું'' એવી બુદ્ધિ.

## પરિશિષ્ટ-૧ : શબ્દપ્રયોગ અને તેનો ભાવાર્થ

- **આત્માની માન્યતા થાય**= "આ દેહ તે હું નહિ પણ ત્રણ દેહથી જુદો એવો આત્મા છું" તેવી સમજણની સિદ્ધ દશા. ૪/૨૭
- **આત્મારામ**= સાંખ્યવિચારે કરીને "હું તો દેહથી નોખો જે આત્મા તે છું" તેવી અતિ દૃઢ માનીનતાથી જીવનાર. ૧/૮; ૬/૫૮;
- **આત્યંતિક પ્રલય**= જ્ઞાનપ્રલય, પોતાના જાણપણાનો સંપૂર્ણ લય, પ્રકૃતિપુરુષ અને પ્રકૃતિપુરુષના કાર્યમાં માલ ન માનવારૂપ સિદ્ધદશા, અસ્તિત્વરહિતની સ્થિતિ.
- **આત્યંતિક મુક્તિ**= છેવટની, આખરી, શાશ્વત મુક્તિ. ૧/૧૬૪;
- **આપણો તીર ચાલે છે**= આપણો પ્રભાવ પડે છે. ૫/૨૨૭;
- **આપલો**= આપણો-સેવા કરી બધાને રાજી કરે એ. ૯/૩૩૩;
- **આફુરડું/ડા/ડો**= આપોઆપ, એની મેળે, સહેજે સહેજે.
- **આબાદ રે'શે**= સમૃદ્ધ રહેશે. ૩/૫૮;
- **આમ સામસામા**= પ્રત્યક્ષ, હાજરાહજૂર. ૫/૨૯૬;
- **આલંબન**= આધાર, ટેકો. ૫/૮૮;
- **આસક્તિ**= મોહ, અતિશય સ્નેહ, લગની. ૧/૭૯;
- **આહ્નિક**= દૈનિક શાસ્ત્રોક્ત પવિત્ર કર્મકાંડવિધિ. ૨/૧૬;
- **આળું**= ચાંદું, ચામડી ઊતરેલ તાજો ઘા. ૩/૭૦;
- **આંકડી**= આંતરડામાં થતી પીડા, ચૂંક,તાણ, ૬/૧૦;
- **આંતરવસુ**= પાકની બે મોસમ વચ્ચે. ૬/૧૦૨;
- **આંટે**= આંટવું, શસ્ત્રવડે નિશાન તાકી ધાર્યું પાર પાડવું, ધાર્યા સ્થાને ઘા કરવો. ૮/૨૬;
- **એકડા વિનાનાં મીંડાં**= એકલાં મીંડાંની કોઈ કિંમત નહિ; કહેવાનો ભાવાર્થ એ કે સત્પુરુષનો ઉપદેશ ગ્રહણ કરવાથી જ કલ્યાણ થાય. ૯/૮;
- **ઓષડ**= રોગ મુકત કરવાના ઉપચાર. ૯/૨૨;

### – : ઈ : –

- **ઈતરડી**= ઢોરના શરીરે વળગી લોહી ચૂસતું એક જંતુ. ૧/૫૫; ૨/૩૪; ૫/૩૩; ૯/૭;
- **ઈતિયું**= ઉપદ્રવો, આફતો. ૨/૧૮૭;
- **ઈન્દ્રિયારામ**= દેહ અને ઇન્દ્રિયોનાં પાલનપોષણમાં જ રાચનાર આસક્ત વ્યક્તિ.

- **ઇન્દ્રિયું=** સ્થૂળ શરીરની દસ ઇન્દ્રિયો. ૧/૧૦;
- **ઇજારો=** એકહથ્થુ હક્ક. ૫/૩૫૫;
- **ઇશારત=** નિર્દેશ. ૫/૩૦૧;

**– : ઈ : –**

- **ઈંટાળા=** ઈંટો. ૧/૫૫;

**– : ઉ : –**

- **ઉચાળો ભરવો પડ્યે=** ભાગી છૂટવું પડે. ૮/૫;
- **ઉચ્છેદન=** ઉચ્છેદ, જડમૂળથી ઉખેડી નાખવાપણું-નાશ. ૮/૯;
- **ઉચાળા ભરવા=** બધું છોડીને જતું રહેવું પડે. ૨/૧૦૧;
- **ઉચાળાવાળા=** સાંસારિક ઉપાધિવાળા. ૪/૬૧;
- **ઉત્થાન=** ઊર્ધ્વગતિ, ઉન્નતિ તરફ જનારું. ૨/૧૫૬;
- **ઉદ્ધવમત / ઉદ્ધવ સંપ્રદાય=** ઉદ્ધવજીથી પ્રારંભ કરી પ્રવર્તેલો મત, અહીં સ્વામિનારાયણ સંપ્રદાય. ૬/૨૭૧; ૬/૨૭૭; ૮/૪;
- **ઉદ્યમ=** યત્ન. ૨/૧૦૧;
- **ઉન્મત્ત=** ગર્વિષ્ઠ, ઉદ્ધત, ગાંડો, છાકટો. ૧/૫૮; ૧/૭૩; ૫/૨૦૦;
- **ઉપદ્રવ=** ઉપાધિ, ત્રાસ, સંકટ, પજવણી. ૧/૨૫૫;
- **ઉપભોગ=** અનુભવવું, મજા લેવી તે-માણવું તે
- **ઉપરજામી=** ઊંડા ઉતર્યા વિના ઉપર-ઉપરનું જાણનાર એવું કોઈ. ૯/૬૬;
- **ઉપલ્યા=** ઉપરના. ૨/૮૬;
- **ઉપશમ=** આધ્યાત્મિક સમાધાન પહેલાંની ભગવાનમાં સ્થિર થતી શાંત-પ્રશાંત અવસ્થા. ૪/૭; ૫/૨૪૬; ૬/૨૧૦;
- **ઉપાધ્યાયને ....ગંધ આવે=** ગુદાને, મળદ્વારને.....ગંધ મારે. ૫/૬૧;
- **ઉપાર્જન=** પ્રાપ્તિમાટેની ક્રિયા. ૨/૧૨૦; ૪/૮૨;
- **ઉપાસના=** ઇષ્ટદેવના સ્વરૂપાકાર અંતઃકરણની વૃત્તિ, જેથી તેમની વાત સમજી તે પ્રમાણે વર્તવું તે; ને જેથકી આત્માનું આસન માયાના લોકમાંથી ઊઠીને ઉપર અક્ષરાધિપતિ સમીપે જવા પામે તે જ ઉપાસના.

- **ઉતરડ્યું=** વાસણ ઉપર એકએકથી નાનાં વાસણની ગોઠવણી (અહીં માટીનાં વાસણ). ૯/૧૨;

## -: ઊ :-

- **ઊર્ધ્વમુખ=** મોક્ષતરફ દષ્ટિ, મુમુક્ષુ. ૮/૨;
- **ઊતરતા જેવો=** કનિષ્ઠ, નીચ કોટિના જેવા. (વચ.ગ.અં.૩૩). ૧/૧૯૯;
- **ઊતરીઉં=** ગળામાં પહેરવાનું આભૂષણ. ૨/૭૪;
- **ઊર્ધ્વરેતા=** અષ્ટાંગયોગી બ્રહ્મચારી જેને સ્ત્રીના યોગમાં હોવાછતાં શિશ્નદ્વારા વીર્યપાત ન થાય એવા, રેતસની ગતિ ઊર્ધ્વ હોય તેવી વ્યક્તિ.
- **ઊબકો=** ઊલટી થવાનો છાળો. ૮/૨૨;
- **ઊહ કરી=** ''હું'' પણાનો, અનાદરનો ઉદ્ગાર. ૮/૧૫;
- **ઊની કોશ=** લોખંડનું ખોદવાનું એક ગરમ હથિયાર. ૩/૫૭;

## -: એ :-

- **એ બે વાતનો વેગ લગાડી દેવો=** એ બેના વિશે જ્ઞાની થવામાં આળસ ન સેવવી. ૧/૨૦૮;
- **એક તીરવા સગ્ય ચઢાવીએ=** આકાશમાં જેટલું તીર ઊંચે જાય તેટલો ઊંચો ઢગલો. ૫/૩૭૪;
- **એક દોકડો=** રૂપિયાનો સોમો ભાગ. ૪/૧૨૧;
- **એક રે'ણીએ દેહ મૂકવો=** એક જ સરખીરીતે જીવનપર્યંત રહેવું. ૫/૩૪૬;
- **એકકળાવિચ્છિન્ન=** એકીસાથે એક જ સમયનું, સમકાલીન.
- **એકડમલ=** જોડવગર એકલા ફરતા સ્વામિનારાયણ પ્રણાલીના સાધુ. ૧/૨૬૮;
- **એકડા વિનાનાં મીંડાં=** એકલાં મીંડાંની કોઈ કિંમત નહિ; કહેવાનો ભાવાર્થ એ કે સત્પુરુષનો ઉપદેશ ગ્રહણ કરવાથી જ કલ્યાણ થાય. ૩/૭૧;
- **એકલિયા=** જોડવગર ફરવાવાળા ત્યાગી. ૬/૭૪;
- **એકાંતિક=** એક જ હેતુ સિદ્ધ કરવા એક જ વ્યક્તિ ને સિદ્ધાંત ને વળગી રહેનાર, એકના જ અંતને પામનાર.
- **એકાંતિકધર્મ=** ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, અને મહિમાસહિત ઉપાસના, એકાંતિકનો / એકાંતિક માટેનો ધર્મ.

- **એળે**= ફોગટ-વ્યર્થ-નિરર્થક-વૃથા. ૬/૧૬૨;
- **ઐશ્વર્ય**= વિભૂતિ, ઈશ્વરપણું, સર્વોપરીપણું, સામર્થ્ય. ૧/૧; ૧/૧૪૮; ૧/૩૨૯;

## -: ઓ :-

- **ઓકાણ આવ્યું**= ઊલટી થઈ. ૯/૮૮;
- **ઓજ**= ઓજસ, પ્રતિભા, શારીરિક તેજસ્વિતા, બુદ્ધિની સૂક્ષ્મતા, મન, અંતર. ૮/૭;
- **ઓઘા**= ખેતરમાંની સાંઠી/સૂકું ઘાસ વગેરેના થપ્પા/ઢગલા. ૬/૬૭;
- **ઓડાં**= ખેતરના ચાડિયા. ૯/૫૯;
- **ઓણ**= આ વર્ષે. ૬/૯૭;
- **ઓથ લઈને**= મદદ, સહાય લઈને; આડમાં. ૫/૧૯૮;
- **ઓરો/ઓળો**= આણીકોર માયામાં, અહીં, નજીક. ૫/૧૩૩;
- **ઓલી કોર્યના**= અમદાવાદ પ્રદેશના. ૬/૨૪૧;
- **ઓરિયા**= નદીકાંઠાનો ત્રણબાજુ દિવાલવાળો કૂવો, જેમાં નીકદ્વારા નદીમાંથી પાણી વાળવામાં આવ્યું હોય. ૮/૩૬;
- **ઓયકારો**= વેદનાનો સીસકારો. ૯/૨૪૧;
- **ઓશલા કુટાય**= માયાનાં બંધનનાં જ કાર્યો થાય, પછી પસ્તાઈ છાતી કુટવાની. ૯/૨૪૬;
- **ઓશિયાળા**= ગરજે સામી વ્યક્તિથી દબાઈને રહેવા તૈયાર એવા ખરા ખપવાળા. ૨/૬૬;
- **ઓળંગવી**= વટાવી જવી, અવગણવું, ન માનવું. ૨/૯૬;

## -: ક :-

- **કચ્ચરઘાણ**= પૂર્ણ પાયમાલી. ૯/૩૬;
- **કટક આવતાં**= સૈન્યની હીલચાલથી થતો ત્રાસ, આક્રમણ કરનાર સૈન્ય આવતાં. ૨/૧૮૭;
- **કઠાણ દેશકાળ**= સ્થળ, સમય વિગેરે કુલ આઠમાંથી કોઈની પણ ઘણી વિપરીત પરિસ્થિતિ. ૫/૩૮૫;
- **કઠીને**= ડંખીને. ૨/૬૩;
- **કઠોદર**= પેટનો એક જાતનો રોગ. ૬/૬૦;

## પરિશિષ્ટ-૧ : શબ્દપ્રયોગ અને તેનો ભાવાર્થ

- **કડકડાટી=** કકડાટ કરીને, સખતાઈ કરીને, ડર દેખાડીને. ૬/૨૦૯;
- **કડે=** ક્યારેક. ૬/૯૬;
- **કાગબીને વાગ વવરાવી=** ખેડૂતને કપાસની વાવણી કરાવી. ૫/૩૦૯;
- **કાગેથું=** કણાયતું, મહેનતાણામાં મળેલ અન્ન-ફરજ બજાવવા મળેલ ઐશ્વર્ય. ૧/૧૬૨;
- **કતોહળ=** કુતૂહલતાનું આર્કષણ. ૬/૮૩;
- **કથા સારી છે=** એવું કહેવાથી મહારાજનાં દર્શન-સમાગમનું વધુ સુખ મળવાની તક ઊભી થઈ. ૫/૩૮૧;
- **કથો છડ=** કથોલ-અગવડ ભરેલું છોડી દે. ૯/૧૧૬;
- **કપૂત=** કુપુત્ર. ૬/૧૫૧; ૯/૧૪૩;
- **કફાત થાય=** હાનિ, નુકસાન, ઉપાધિ થાય. ૬/૨૮૩;
- **કઢારે=** લીધા તેના કરતાં વધારે પાછા આપવાની શરતે અનાજ વગેરેની લેવડદેવડનો કરાર. ૯/૨૧૨;
- **કમઠાણ=** જહેમત, શ્રમ. ૬/૧૬૮;
- **કમી=** ખોટ, કસર, ઉણપ. ૩/૫૩;
- **કરકા/કરકું=** સ્ત્રી, માદા. ૫/૮; ૬/૫૨; ૬/૫૩;
- **કરકોલી=** ધીમે ધીમે કોતરી ખાવું. ૬/૫૩;
- **કરી પાળે=** ચરી/પરહેજી પાળે. ૯/૩૧૪;
- **કરો પાડીને=** ઘરની એક બાજુની દિવાલ પાડીને. ૩/૬;
- **કર્તુમકર્તુમ્=** સામાન્ય રીતે કરવા, ન કરવાને સમર્થ. ૫/૫૯; ૬/૨૩૬;
- **કમળ પૂજા ખાઈશ=** પોતાનું મસ્તક કાપીને ઇષ્ટદેવને અર્પણ કરવું. ૯/૫૨;
- **કમખો=** કાપડું-કાંચળી-બ્લાઉઝની જગ્યાએ પહેલાં પહેરાતું વસ્ત્ર. ૯/૨૨;
- **કર્મક્ષેત્ર=** કર્મભૂમિ, કર્મ કરવાનું સ્થળ. ૧/૬૦;
- **કર્મવિપાક=** જેવાં કર્મ તેવો બીજો જન્મ મળે તે દર્શાવતો ગ્રંથ. ૧/૯૫;
- **કલ્પ=** આપણાં ચાર અબજ બત્રીશ ક્રોડ વર્ષનો સમય - બ્રહ્માનો એક દિવસ (પણ રાત નહિ) ૧/૩૭; ૧/૬૦; ૧/૬૯; ૧/૧૨૧; ૧/૧૫૮; ૧/૩૦૬;
- **કલ્પવૃક્ષ=** ઇચ્છેલું આપનાર સ્વર્ગમાંનું એક ઝાડ. ૮/૧૪;
- **કવલી=** ગાય. ૬/૮૦;
- **કવાયત=** નિયમિત લશ્કરી તાલીમ. ૨/૪૮;
- **કસર=** ખોટ, ઉણપ. ૫/૧૯૫;

- **કસુંબા કાઢે ત્યારે**= પાણીમાં ઘોળેલું અફીણ પીવું, ને તે મિષે થતો મેળાવડો. ૬/૧૮૭;
- **કળાઈ**= કોણીથી કાંડાસુધીનો હાથ. ૩/૩૮;
- **કળાઉં**= યુક્તિઓ. ૫/૩૫૪;
- **કંચન**= ચોખ્ખુ સોનું. ૧/૩૩;
- **કાગોરડાં**= કાગડા. ૬/૧૫૧; ૯/૧૪૩;
- **કાચને**= બિલોરી કાચને. ૪/૧૧૦;
- **કાચરી**= ફળની ચીરીઓ તેમજ ગુવાર વગેરે શાકની સુકવણી કરી તળીને બનાવાતી વાનગી. ૯/૧૪૭;
- **કાચલીઉં**= નાળિયેરનું ભાગેલું અર્ધગોળ જેવું કઠણ કોચલું. ૩/૪૪;
- **કાટવી**= ઠગ. ૬/૮૪;
- **કાઠાળાં**= કદાવર, સારા બાંધાવાળાં. ૩/૫૦;
- **કાણે**= મરનારની પાછળ રડવા. ૬/૫૦;
- **કાણું**= કેમ ? શા માટે ? ૯/૨૮૪;
- **કાપ કુફાન**= કેપટાઉન (દક્ષિણ આફ્રિકા). ૬/૧૬૭;
- **કાપડીને વેશે**= સાધુ-સંન્યાસીના વેશે. ૯/૨૭૬;
- **કાફરીઉં**= હબસી સ્ત્રીઓ, પરધર્મી પરદેશી સ્ત્રીઓ. ૩/૭૩;
- **કાબિલ**= બાહોશ.૧૪૩; ૬/૧૭૪;
- **કામ્ય કર્મ**= કામનાની ઇચ્છાથી કરેલ કર્મ. ૯/૨૦;
- **કામાર્ત**= વિષયેચ્છાથી આતુર બનેલ કામી. ૭/૨૫;
- **કામિલ**= પ્રવીણ. ૪/૧૪૩; ૬/૧૭૪;
- **કામીકામીને**= ખૂબ મહેનત કરીકરીને. ૩/૭૪;
- **કાયટું**= મરણોતર કર્મકાંડી ક્રિયા ને જમણવાર. ૬/૭૨;
- **કાયસ્થ**= એ જ્ઞાતિનો પુરુષ-બ્રાહ્મણમાં પણ એક જ્ઞાતિ છે. ૯/૩૦૧;
- **કારાગનું**= વિષયભોગની વાસના રહ્યા જ કરે. ૧/૧૪૬.
- **કારસો/કારસામાં લિયે**= ભીડો, ભીડામાં, કસોટીમાં લે. ૪/૮; ૫/૪૦૯; ૯/૬૦;
- **કાળાખરીઉં**= મરણ/પતનના સમાચારની ચિઠ્ઠી. ૬/૭૪; ૬/૧૦૧;
- **કાંકચ્યરૂપ**= કાંકચ, કાચકી જેવું કડવું. ૩/૭૩; ૬/૧૧૫;
- **કાંકચિયા ખાય**= એક જાતની વનસ્પતિનું કડવું ફળ કાચકી-કાંકચ ખાય. ૯/૧૮૩;

## પરિશિષ્ટ-૧ : શબ્દપ્રયોગ અને તેનો ભાવાર્થ

- **કાંપમાં=** છાવણીમાં, કેમ્પમાં. ૫/૨૭;
- **કિનખાબ=** જરીબુટ્ટાના વણાટનું કાપડ. ૮/૩૬;
- **કીધાં છે=** કર્યાં છે. ૬/૩૩;
- **કુત્સિત=** નિંદિત-ધિક્કારના. ૯/૧૦૬;
- **કુબેરા=** ખજાનચી-ભંડારી. ૯/૩૦૬;
- **કૂકડવેલ=** કૂકડપાડાનો વેલો-ઔષધોપયોગી કડવાં ફળોનો વેલો. ૯/૨૪૩;
- **કૂટસ્થ=** સર્વકાળે સાંખ્યવિચારે કરીને એકરૂપે માયાથી નિર્લેપ રહેનાર.
- **કૂબામાં=** ઘુમ્મટવાળા ઘાસના ઝૂપડામાં. ૧/૭૫; ૫/૯૩;
- **કૂવા ખોદ્યા=** કુટેવો-વ્યભિચારે કરીને અધોગતિ તરફ લઈ જવું. ૧/૨૬૧;
- **કૃતઘ્ની=** કરેલો ઉપકાર ભૂલી જાય એવો.
- **કૃતાર્થ=** જેનું કાર્ય સિદ્ધ થઈ ચુકયું છે તે, ધાર્યું કાર્ય પાર પડ્યાનો આનંદ. ૧/૧૦૩; ૪/૯;
- **કેડિયાં=** પાડરડાં/વાછરડાં. ૯/૨૩૯;
- **કેડિયા=** કેડ સુધી પહોંચતું ગ્રામીણ કસવાળું કપડું. ૯/૨૧૩;
- **કેડિયું=** કેડ સુધી પહોંચતું ગ્રામીણ કસવાળું કપડું. ૯/૪૨;
- **કેકેં હાણ્યાં ને કેકેં ન હાણ્યાં=** કોને કોને મારી નાંખું અને કોને કોને નહીં ? ૩/૫૯;
- **કેડયે=** પાછળ. ૧/૯૦;
- **કૈવલ્યાર્થી=** કેવળ આત્માનું સુખ ઇચ્છનાર, કેવળ જ્ઞાનસ્વરૂપે બ્રહ્મભાવનું સુખ ઇચ્છનાર.
- **કોકડાં સમાણે તેમ=** શંકુ આકારની સૂતરના દોરાની ગૂંચળીને વળ દે તેમ. ૯/૪૧;
- **કોઈનો ભાર નહિ=** કોઈની હિંમત નહિ. ૨/૧૩૭;
- **કોગળિયું=** જેમાં ઊલટી ને ઝાડા થાય છે તેવો ચેપી રોગચાળો, કોલેરા. ૫/૧૧૧.
- **કોટ ચણીને=** કિલ્લાની દીવાલ ચણીને. ૨/૧૬૦;
- **કોટિ=** કરોડ. ૧/૬૦; ૧/૬૯; ૧/૧૧૯; ૧/૧૨૧; ૧/૧૫૮;
- **કોટે=** ગળે. ૧/૩૧૯;
- **કોરટો=** અદાલતો. ૫/૧૮૭;
- **કોરીઉં=** ચાર આનીઓ, તે જમાનાનું નાણાકીય ચલણ. ૩/૧;
- **કોરીના આનાની=** ચાર આની, તે જમાનાનું નાણાકીય ચલણ. ૫/૨૪૫;
- **કોશ=** નરાજ, ખોદવાનું એક ઓજાર. ૬/૧૧૪;

- **કોશ જોડીને વાડી કરવી=** કૂવામાંથી બળદદ્વારા પાણી ખેંચવાનું ચામડાનું યા લોખંડનું ખાસ પ્રકારનું પાત્ર. ૧/૫;
- **ક્રિયમાણ=** વર્તમાનકાળનાં કાર્યો. ૨/૧૧૨; ૬/૮૧;

**– : ક્ષ : –**

- **ક્ષયરોગ=** ફેફસાં કે શરીરનાં બીજાં અંગ સુકાઈને સડી જવાનો રોગ, ટીબી. ૧/૧૬૫;
- **ક્ષરાણ ધર્મવાળા=** નાશવંત પાછળ પરસેવો વહેવડાવનારા ધર્મવાળા. ૮/૮
- **ક્ષીરસમુદ્ર એક કોર્યે હડુડયા કરે/ક્ષીરસાગર =** દૂધનો સાગર એક બાજુ ઘુઘવતો હોય-ગર્જતો હોયે. ૩/૧૧; ૬/૯૫; ૮/૮;

**– : ખ : –**

- **ખજીનો=** ખજાનો. ૬/૩૬; ૯/૪૨;
- **ખજૂરા=** કાનખજૂરા, ઘણા પગવાળી જીવાત. ૬/૫૨;
- **ખટરસમાં રહ્યા ને જલેબીમાં ગયા=** બધા રસમાં રહ્યા પણ જલેબીના ગળ્યા રસમાં તણાઈ ગયા. ૬/૬૧;
- **ખટશાસ્ત્ર=** હિન્દુ તત્વજ્ઞાનના છ શાસ્ત્રો/દર્શનો - સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા, વેદાંત, ૬/૫;
- **ખડ=** ઘાસ. ૨/૧૫૫;
- **ખડકે=** ઉપરાઉપર ગોઠવે. ૩/૧૮;
- **ખડકાય=** ઢગલો થાય. ૨/૧૩૧;
- **ખડ ખાય છે=** ઘાસ ખાવાજેવી મૂર્ખાઈ કરે છે. ૨/૧૫;
- **ખડિયો=** ભિક્ષા માટેની કપડાની ઝોળી. ૬/૫૨;
- **ખત્રે જાવું છે=** જાજરૂ, સંડાસ જવું છે. ૩/૫૨;
- **ખપવાળા=** સ્વાર્થવાળા, ગરજવાળા. ૬/૪૯;
- **ખમાય=** સહન કરાય, ક્ષમા કરાય. ૧/૭૩;
- **ખમ્યા=** સહન કર્યો. ૯/૬૦;
- **ખમીહો=** ૯/૧૮૪;
- **ખર=** ગધેડો. ૧/૨૬૦;
- **ખરખરો=** અરેરાટી, અફસોસ, શોક, અંદેશા. ૧/૯૬; ૫/૫૩; ૮/૨૦;

## પરિશિષ્ટ-૧ : શબ્દપ્રયોગ અને તેનો ભાવાર્થ

- **ખરડો**= યાદી, નોંધ કરવી, ધર્માદાની લખણી. ૧/૨૭૫; ૯/૮;
- **ખરાઈ આવે**= શૂરાતન ચઢે. ૬/૧૮૭;
- **ખળપુરુષ**= ખલ-શઠ-લુચ્ચા માણસ. ૯/૧૪૮
- **ખાડા ખસે**= બીનક્ષત્રિય રણમેદાનમાંથી પાછો પગ ભરે. ૬/૧૧૫;
- **ખાતર પાડી જાય**= ચોરી કરી જાય. ૪/૨૭;
- **ખાસડું/ખાસડાં**= જોડો, જૂતિયું, પગરખું; જૂતિયાં, જોડા, પગરખાં. ૩/૫૦; ૩/૫૭; ૯/૨૬૭;
- **ખીજડો**= સમડાનું વૃક્ષ. ૩/૬૮;
- **ખીલ**= જુવાનીમાં મોં પર થતી ફોલ્લી. ૧/૧૬૫;
- **ખુવાર મેળવ્યા/મળશે**= ખુવારી, પાયમાલી મેળવી / મળશે. ૬/૨૬૪; ૯/૨૭૩;
- **ખૂંટિયો**= સાંઢ, આખલો. ૬/૨૫૨;
- **ખેવટિયા**= ખલાસીઓ. ૬/૧૮૮;
- **ખોટા ઘાટ**= અયોગ્ય, માયાના સંકલ્પ, વિકલ્પ. ૨/૨૨
- **ખોરડું**= માટીનું નાનકડું ઘર; એટલે કે દેહ. ૯/૧૨;
- **ખોરો લોટ**= જૂનો થવાથી બગડેલ સ્વાદવાળો લોટ. ૫/૨૫૬;
- **ખોંચ્યું**= ગર્ભિત, જેના ઊંડાણમાં કાંઈક બીજો અર્થ કે ભાવ રહેલો હોય તેવું છુપું. ૧/૩૯;
- **ખંજ**= લંગડો-લૂલો. ૯/૨૮૩;
- **ખાંડી**= ક્ષારમાં પળાળી કંકુ તરીકે વપરાતો હળદરનો ગાંઠિયો. ૯/૨૬૧;
- **ખાંડું**= કાંઈક પહોળા પાનાની જરા નાના ઘાટની તલવારની એક જાત.રજપૂતોમાં રિવાજ કે વરના જવાને બદલે એનું ખાંડુ કન્યાને ત્યાં મોકલી લગ્ન કરવું. ૯/૨૧૫;

**– : ગ : –**

- **ગધ્યનો**= ગધેડીનો. ૯/૩૩૩;
- **ગપ્પાં મારવાં**= નિરર્થક એવી વાતો કરવી. ૫/૨૫૩;
- **ગરવી**= અભિમાની. ૧/૨૧૪;
- **ગરાસિયાની જેવું**= ઉપરછલ્લુ, નિર્લેપ. ૫/૨૭૪;
- **ગર્ભવાસ**= ગર્ભનો ઉદરમાં વાસ. ૧/૫૦;
- **ગાઉ**= અંતરનું એક પરિમાણ, દોઢ માઈલ, અઢી કિલોમીટર. ૨/ ૮૧;

- **ગાડર=** ઘેટું.૯/૩૬;
- **ગાડે ઉચાળા=** ઘર ખાલી કરી સામાન ગાડામાં ભરી નીકળવું તે; એટલે કે આ દેહમાંથી કર્મફળરૂપી પ્રારબ્ધ લઈ મરી છુટવું તે. ૯/૧૫૮;
- **ગામેતી=** ગામનો મુખ્ય માણસ- મુખી. ૯/૩૦૦;
- **ગામતરાં=** એક ગામ છોડી બીજે ગામ જવું-ગ્રામાંતર-ગામતરું. ૯/૩;
- **ગારો=** કાદવ, કીચડ, ચણતરમાં વાપરવા કરેલી તૈયાર માટી. ૩/૧;
- **ગાંધી=** કરિયાણું વગેરે વેચનાર વેપારી. ૬/૨૫૩;
- **ગીરના આંધળા=** ચાકળણ, બે મોઢાળા આંધળા સાપ. ૬/૧૬૦;
- **ગુડિયું વાળે જ નહિ=** પાછા પડે જ નહિ. ૩/૪૫;
- **ગુજરાન=** ગુજારો, નિર્વાહ. ૧/૨૭૦;
- **ગુણ ન વ્યાપે=** માયાના ગુણનો પ્રભાવ ન પડે. ૧/૨૦૬;
- **ગુણબુદ્ધિવાળા=** સામાના માયિક ગુણોથી પ્રભાવિતથતી બુદ્ધિવાળા. ૩/૯;
- **ગુન્હા=** અવગુણ; માયિક બંધન. ૧/૭૭;
- **ગુમાસ્તો=** કારકુન. ૫/૬૫;
- **ગૃહસ્થનું મૂળ=** ગૃહસ્થનો તેના પુત્રદ્વારા વંશવેલો જળવાય. ૫/૧૪૪;
- **ગેહાદિક=** ઘર વગેરે. ૮/૩૬;
- **ગોબરી સમજણ=** ગાયના છાણજેવી સમજણ. ૮/૨૫;
- **ગોતવા=** શોધવા. ૫/૩૮૯;
- **ગોતી કાઢે=** શોધી કાઢે. ૫/૨૦૬;
- **ગોથાં=** નકામાં ફાંફાં, ભૂલથાપ. ૧/૩૦૨;
- **ગોલીટો=** ભીંડી કે શણના રેસાનો ગાંઠો. ૫/૧૯૭;
- **ગોલીટા દા' રમવા=** લૂગડાંના દડાની માર દડીની રમત. ૯/૧૪૫;
- **ગોલો=** નોકર, ચાકર. ૫/૩૮૪;
- **ગોળનાં માપાં=** ગોળ ખરીદ વાનો ઇજારો-એકહથ્થુ હક. ૯/૨૧૬;
- **ગોળાનું પાણી=** માટલાનું પાણી. ૫/૨૮૭;
- **ગોઠે=** ફાવે-સાનુકૂળ. ૯/૩૨૭;
- **ગૌગ્રાસ=** જમતાં પહેલાં ખોરાકમાંથી ગાયને માટે જુદું કાઢી લેવું તે. ૫/૮૫;
- **ગૌલોક=** શ્રીકૃષ્ણ ભગવાનનું ધામ. ૧/૪૮;
- **ગ્રંથ=** અચિંત્યાનંદ બ્રહ્મચારી રચિત 'હરિલીલાકલ્પતરુ'. ૬/૩૧;

## પરિશિષ્ટ-૧ : શબ્દપ્રયોગ અને તેનો ભાવાર્થ

- ગ્લાનિ= અનુત્સાહ, ગમગીની, અણગમો, થાક, દુઃખ. ૧/૧૦૩; ૧/૧૪૬;

**– : ઘ : –**

- **ઘરથી જાઈશ=** નાતરું-પુનર્લગ્ન કરી લઈશ. ૯/૨૨;
- **ઘાટ=** માયિક સુખ ભોગવવાનો સંકલ્પ, વિકારનો સંકલ્પ. ૫/૩૩૮;
- **ઘાસી જાય=** ઘસાઈ જાય. ૬/૧૬૭;
- **ઘાંટીઉં/ઘાંટી=** અવરોધો, અવરોધ. ૨/૯૬; ૪/૧૪૪; ૬/૨૨;
- **ઘોડાંને ચડાઉ કરવાં=** તાલિમ આપી તૈયાર કરવાં. ૩/૫૦;
- **ઘોડ્યે=** જેમ. ૬/૫૮; ૬/૨૦૫; ૬/૨૧૦;
- **ઘોળ્યું=** બળ્યું, મૂઉં, જતું કરવું.૬/૧૨૬;

**– : ચ : –**

- **ચકચૂર=** આનંદથી ભરપૂર. ૬/૨૪૪;
- **ચકમક ખરે/પાડ્યે=** અગ્નિ પાડવાના પથ્થર ઘસી તણખો પાડે. ૨/૧૬૯; ૬/૯૯;
- **ચકલીનું મોત ઢેફલે=** જેમ ચકલી જેવું નાનું પંખી ઢેફલીથી (કાંકરીથી) મરે તેમ નાના અપરાધે પણ રાજા અસુર થયો. ૧/૧૯૩;
- **ચકનાચૂર=** ચૂરેચૂરા-ભૂકેભૂક્કા. ૯/૧૫૭;
- **ચકવા=** ચકવો, એ નામનું કાવ્યમાં જાણીતું પક્ષી. ૭/૨૫;
- **ચકવી=** ચકવા પક્ષીની માદા. ૭/૨૫;
- **ચમકપાણ=** લોહચુંબક. ૩/૪; ૮/૧૩;
- **ચમરખાં=** ચામડાના કટકા જેવો. ૬/૨૨;
- **ચયાના=** પાણીમાં ઉગતા ઘાસનું કલગી જેવું ઝૂમખું. ૩/૪૪;
- **ચરામાં=** ગૌચરની એવી પડતર જમીનમાં. ૩/૬૪;
- **ચંદ્રાયણ=** ચંદ્રની વધતી ને ઘટતી કળાપ્રમાણે ઉપવાસ કરવા તે. ૬/૮૭;
- **ચહાય=** ગમે, ધારે. ૫/૯૯
- **ચાકરો તો પડ્યો રહેશે=** આત્માની નોકરી કરનારો દેહ પડ્યો રહેશે. ૬/૨૧૮;
- **ચામડાની મસક=** ચામડાની પાણી ભરવાની કોથળી. ૫/૭૧;
- **ચાંદલો કો'કને આવે=** લગ્નનું માગું આવે. ૨/૭૭

- **ચિકિત્સા=** ગુણદોષ પારખવાની શક્તિ-દોષદર્શન. ૪/૩૩
- **ચિચોડામાં=** શેરડી પિલવાના યંત્રમાં. ૨/૪૭;
- **ચિત્=** સૃષ્ટિમાંનું ચેતનતત્ત્વ કે શક્તિ-પરમાત્માનું ચેતનાત્મક એક સ્વરૂપ. ૮/૩૪;
- **ચિંતવન=** ચિંતન, મનન કરવું, વિચારવું. ૧/૩;
- **ચિંતામણિ=** ઇચ્છા પૂરી કરે તેવો દિવ્ય મણિ.
- **ચીર=** સ્ત્રીઓનું એક રેશમી વસ્ત્ર. ૫/૩૭૩;
- **ચીંટિયો=** ચીમટો. ૬/૨૩૬;
- **ચુચવતા=** ઘીથી લચપચતા. ૬/૭૧;
- **ચૂંથાઈ=** અસ્તવ્યસ્ત, રફેદફે. ૧/૪;
- **ચોકડી=** સતયુગનાં ૧૭,૨૮,૦૦૦; ત્રેતાયુગનાં ૧૨,૯૬,૦૦૦; દ્વાપરયુગનાં ૮,૬૪,૦૦૦; ને કળીયુગનાં ૪,૩૨,૦૦૦ વર્ષ એટલે કુલ મળીને ૪૩,૨૦,૦૦૦ વર્ષ થાય ત્યારે એક ચોકડી થાય.
  (વચ.ભૂગોળ-ખગોળનું) ૬/૯૫;
- **ચોકો પાટલો=** ખાનપાનાદિક નિયમોના બાહ્ય આચારમાત્રમાં સમાઈ રહેલ ધર્મ ને આચરણમાંથી છોડાવી મુક્ત કરવા. ૮/૨૮;
- **ચોજ ન સમજે=** આશ્ચર્યકારક બનાવ, દેખાવ, કરામતનાં રહસ્ય-મજકૂર ન સમજે. ૬/૧૮૧;
- **ચોઘડિયું ભજી ગયું=** અશુભ ચોઘડિયાએ એનો ભાવ ભજવ્યો. ૯/૨૨;
- **ચોરાશી=** ચોરાશી લાખ જન્મનું ચક્ર. ૧/૫૦;
- **ચોળીઉં બગાડયું છે=** વ્યભિચાર કરેલ છે. ૯/૯૬;
- **ચ્યુતભાવ=** ધ્યેયથી ભ્રષ્ટથયેલ ભાવ.

## – : છ : –

- **છઠ્ઠો નિશ્ચય=** વચ.લોયા.૧૨માં જણાવ્યા પ્રમાણે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય. ૫/૨૨૪;
- **છાણું=** બળતણ માટે થાપીને સૂકવેલું છાણ. ૫/૨૫૬;
- **છેટે રહે=** દૂર રહે, અળગા રહે. ૧/૨૨૦;
- **છેડી=** ખીજવણી, ઉશ્કેરી, પજવણી. ૩/૬;
- **છેરી કાઢે=** હગી કાઢે. ૯/૧૨૫;

- **છેલબટાઉની શાખ**= ચતુર, મોહક ને ભપકાદારની આબરૂ. ૯/૯૧;
- **છાસની આછ**= મેળવણ-છાસ ઉપરનું પાણી. ૯/૬૦;
- **છોકરાનું નાળ કરતાં ગળું કાપી નાખ્યું**= જન્મતાં જ નાળને બદલે ગળું કાપવાથી મડદું થાય એટલે ધ્યેય પાર ના પડે; કહેવાનો ભાવાર્થ એ કે અસત્પુરુષના ઉપદેશથી કયારેય કલ્યાણ થાય નહિ. ૩/૭૧;
- **છોળ્યું ઊછળે**= છોળો ઊછળે. ૩/૪૮;

– : જ : –

- **જડ**= હાલે ચાલે નહિ એવું-જગત. ૮/૩૪;
- **જડચિદ્**= નાશવંત, સ્થૂળભાવના ધર્મવાળું. ૮/૩૪;
- **જઠરાગ્નિ**= ખાધેલું પચાવનારો જઠરનો અગ્નિ, જઠરની શક્તિ. ૫/૨૨૩;
- **જાગસ**= કીમતી ચીજ, વસ્તુ, પદાર્થ. ૨/૬૮;
- **જન્મારામાં**= જીવનકાળમાં. ૧/૨૨૦;
- **જન્મ્યા મોર્યે શાદી**= જન્મ પહેલાં લગ્ન. ૫/૪૨૨;
- **જમપુરી**= જમરાજાની નગરી, સંયમની. ૧/૫૦;
- **જમપુરી આળસે**= જમપુરી ટળી જાય. ૭/૧૭.
- **જમાન**= જામીન. ૧/૨૭૩; ૬/૨૨૪;
- **જરાણા કરવી**= સમર્થ છતાં ઉદારતાથી સહન કરવું અને સહજ સ્વભાવે ક્ષમા કરવી તે. ૬/૯૧;
- **જરાતરા**= નહિ જેવો-થોડો. ૮/૩૧.
- **જંત**= જંતુ જેવો શુદ્ર માનવી. ૧/૨૬૦;
- **જંતરડામાં**= ગોફણમાં, પથરા ફેંકવાના સાધનમાં. ૩/૩;
- **જાડી કરીને**= સહેલાઈથી સમજાય તેવી. ૫/૨૩૧;
- **જાગપાગારૂપ દરવાજે**= અમાયિક જ્ઞાનદષ્ટિથી જોયા કરે (વચ. ગ.અં.૯). ૧/૨૦૬; ૫/૧;
- **જાસ્તી**= વધારે. ૫/૩૭૨;
- **જીભ ઝાલીને**= સંકોચ પૂર્વક. ૧/૨૪૬;
- **જીરણ કંથા**= જૂની ગોદડી. ૬/૧૬૧;
- **જીરવાય નહિ**= સહન થાય નહિ, પચે નહિ. ૫/૧૩૦;

- **જીવ બીજી રીતનો=** માયિક સમજણનો ત્યાગ કરી અમાયિક સમજણે વર્તતો. ૧/૧;
- **જીવ વિનાની કાયા=** મડદું એટલે ધ્યેય પાર ના પડે, કહેવાનો ભાવાર્થ એ કે અસત્પુરુષના ઉપદેશથી ક્યારેય કલ્યાણ થાય નહિ. ૩/૭૧;
- **જીવનું જીવન=** આધાર, પ્રાણ. ૩/૧૭;
- **જીવનો રોગ=** જન્મમરણનો ચકરાવો. ૮/૧૫;
- **જીવમાત્ર લઘુશંકાના=** લઘુશંકામાંથી-માયામાંથી દેહની ઉત્પત્તિ થઈ ને જીવોનો તે માયા તરફી ઢાળો છે. ૧/૧૯૮;
- **જીવમાં દુઃખ=** મોક્ષ મેળવવાની તક ન મળી તેનું દુઃખ. ૧/૧૪૫;
- **જિહ્વા=** જીભ. ૨/૪૯;
- **જુક્તિથી બોલે છે=** છેતરામણું યુક્તિથી બોલે છે. ૫/૧૦૧;
- **જૂ વિયાય ત્યારે લીખ આવે=** વાળમાં થતી એક જાતની જીવાત તે જૂ, અને તેનું ઈંડું તે લીખ. ૧/૧૮૯; ૨/૧૦૮;
- **જૂગટું=** જુગાર. ૨/૧૮૬;
- **જૂથ=** સંગઠન. ૩/૫૮;
- **જેરના થડમાં હેઠયે=** દાદરાના પગથિયાંની એક બાજુમાં નીચે. ૯/૧૭૫;
- **જોગવાળા=** સંબંધવાળા. ૧/૮૬;
- **જોગીના લિંગનો ભંગ=** વાસનાલિંગ કારણદેહનો નાશ. ૬/૮૪;
- **જોજન=** ચાર ગાઉ, આઠ માઈલ, આશરે તેર કિલોમીટરનું ગણાતું જૂનું અંતર. ૧/૨૯૩;
- **જોતર=** ધૂંસરીની સાથે બળદને જોડવાનો પટો. ૯/૫૬;

**– : જ્ઞ : –**

- **જ્ઞાનનિષ્ઠા=** સત્શાસ્ત્ર ને સદ્ગુરુના વચનને વિશે દૃઢ શ્રદ્ધા.
- **જ્ઞાનપ્રલય=** પ્રકૃતિપુરુષ અને પ્રકૃતિપુરુષનું કાર્ય નજરમાં ન આવે ને ભગવાનના કર્તાહર્તાપણામાં સંપૂર્ણ નિર્દોષબુદ્ધિ, એવી શુદ્ધ સમજણની સિદ્ધદશા.
- **જ્ઞાન-વોણું=** સમજણ વગરનું. ૬/૯૧;
- **જ્ઞાનની સમાધિ=** સમજ કે સમજવા જેવી વસ્તુનું ધ્યાન, બ્રહ્મજ્ઞાનનું ધ્યાન કે રેમાં સ્થિર-નિશ્ચિત.
- **જ્ઞાનીને તો અનંત લોચન=** જ્ઞાનદૃષ્ટિ, સવળા વિચારો. ૨/૧૬૭; ૪/૪;

## પરિશિષ્ટ-૧ : શબ્દપ્રયોગ અને તેનો ભાવાર્થ



**- : ઝ : -**

- **ઝડપું**= ઝાપટ, ઓચિંતું ઝૂંટવું, તરાપ. ૬/૨૧૪;
- **ઝરડાં**= કાંટાવાળાં ડાળાં. ૮/૨૮;
- **ઝાંખરાંના ટેકા**= કાંટાવાળાં ડાળખાંના આધાર. ૮/૨૮;
- **ઝણ્ય**= ઝીણી ફરફર, વરસાદની છાંટ જેવું. ૬/૨૯૨;
- **ઝાલ**= ઝાળ. ૩/૪૮; ૫/૧૧૭; ૬/૫૫; ૬/૧૨૩; ૬/૨૧૮;
- **ઝાંઝવાના જળ**= મૃગજળ, પાણીનો હોવાનો આભાસમાત્ર. ૪/૧૨૦;
- **ઝાંપડાં**= ભૂતડાં. ૬/૪૩; ૯/૩૦૧;
- **ઝીણી વાતુ છે**= સૂક્ષ્મ, જલદી ન સમજાય તેવી. ૫/૨૩૧;
- **ઝોળીમાં દેવતા નાખ્યો**= દ્રેષી સાધુઓએ ગોપાળાનંદસ્વામીની ઝોળીમાં દેવતા નાખવાથી શ્રીજીમહારાજની પ્રસાદીના ચરણારવિંદની જોડ હતી તે પણ બળી ગયેલી. ૩/૩૬;
- **ઝોળીઆં પારેવાંને**= પારધી ઝોળીમાં ઝીલી લેશે તેવા ભરોસે મરણિયા થનાર કબૂતરોને. ૯/૩૦૭;
- **ઝોળીઉં ટપક્યું છે**= પંચ વર્તમાનનું ઠેકાણું નથી રહ્યું. ૯/૨૪૨;
- 

**- : ટ : -**

- **ટંટો**= કજિયા-તકરાર. ૪/૧૪૪;
- **ટાઢી અગ્નિ**= ભારેલો દેવતા-ઉપરથી ટાઢો પણ ક્યારે પ્રજ્વલિત થાય તે કહેવાય નહિ. ૨/૧૧૮;
- **ટીખળ**= બિનજરૂરી વિચાર... આદિક. ૬/૪૭;
- **ટીડડાં**= તીડ. ૬/૬૭;
- **ટીમણ**= શિરામણ, જલપાન, નાસ્તો. ૩/૨; ૯/૧૧૬;
- **ટૂંટિયું**= ઇન્ફલુએન્ઝાનો રોગચાળો, વાતજવરનો ચેપી રોગ, જેમાં કળતરને લઈને દરદી ટૂંટિયુંવાળી પડચો રહે. ૨/૧૮૭; ૪/૧૪૪; ૯/૩૦૪;
- **ટોડાં સારે**= અણઘડ પથ્થર એક ઠેકાણેથી ઊંચકી બીજે મૂકવો. ૬/૧૮૪;
- **ટોપીવાળો**= અંગ્રેજ અમલદાર. ૨/૧૧૫; ૨/૧૮૨;

**- : ઠ : -**

- **ઠા=** નિરધાર, ભરોસો, ઠેકાણું, સ્થિરતા, ઠરઠેકાણું, ૫/૨૮;
- **ઠાઠ=** જૂઠો દેખાવ, ડોળ. ૫/૪૨૬;
- **ઠામણાં=** વાસણ. ૯/૩૧૬;
- **ઠામૂકું=** સામટું, એકી સાથે. ૧/૭૪;
- **ઠામુકા=** નકામા, નિરર્થક. ૮/૧૨;
- **ઠામેઠામ=** ઠેકાણે ઠેકાણે, ઠેરઠેર, દરેક જગ્યાએ. ૮/૧૪;
- **ઠાલું=** ખાલી. ૨/૧૨૯;
- **ઠીકરાંની=** તૂટેલ માટીનાં વાસણના ટુકડાની. ૩/૪૪;
- **ઠેલે=** પડતાં મૂકે. ૧/૨૮૩;
- **ઠેબું=** પગની ઠોકર. ૯/૬;
- **ઠોઈ=** રોકી. ૩/૪૦;
- **ઠોંટ=** ધોલ, થપાટ, થપ્પડ. ૬/૧૦૧;
- **ઠોંટ મારીને મોઢું રાતું રાખવું=** ધોલ મારીને મોં રાતું રાખવું, ખોટો દેખાવ કરવો. ૧/૮૪;
- **ઠોટબોટિયું=** જેવું તેવું, કાચું પોચું. ૫/૩૯૫;

**- : ડ : -**

- **ડામણી=** બેડી. ૬/૨૨૭;
- **ડોળ=** આડંબર, દેખાવ, દંભ. ૬/૩;
- **ડૂંડું=** અનાજના કણનો ડોડો, કણસલો.
- **ડાંગડા=** ડાંગો-લાકડીઓ. ૯/૧૨;
- **ડંખતો હતો=** કણસતો હતો-દુઃખના જોરને લીધે ઊંહકાર નીકળતો હતો. ૯/૫૨;
- **ડોરણું=** સીગરામ કે દમણિયા ઉપર છતર બાંધવાનું લાકડું. ૯/૧૭૧;

**- : ઢ : -**

- **ઢગ દિ' રળ્યા=** ઢગલાબંધ દિવસો કમાવાની ક્રિયાઓ કરી. ૬/૧૪૨;
- **ઢૂંઢિયો=** એક પ્રકારના જૈન સાધુ. ૪/૬૧; ૫/૭૭; ૯/૨૬૨;
- **ઢૂંસાં=** ડૂંડાંમાંથી દાણા કાઢી લેતાં ફોતરી વધે તે, કુશકી. ૩/૨૨; ૮/૨૨;
- **ઢેઢ=** હરિજન. ૧/૧૦૬;

- **ઢેફલે**= નાનું માટીનું ઢેફું. ૧/૧૯૩;

**– : ત : –**

- **તકિયો**= જરા જાડું, લાંબું ઓશીકું. ૫/૨૧૪;
- **તડૂસીને**= ખૂબ ખાઈને. ૬/૪૮;
- **તરકડી**= મુસ્લિમ સ્ત્રી. ૯/૪૨;
- **તત્ત્વના દોષ**= દેહના મૂળ, અસલ કે વાસ્તવિક રૂપના દોષ. ૧/૨૩૩;
- **તદાત્મકપણે**= તદ્રૂપ, એની સાથે એકાત્મ. ૮/૨૨; ૮/૨૮; ૮/૨૯;
- **તદ્રૂપતા**= તદ્રૂપપણું, તદાકાર, અભિન્ન. ૫/૪૨૭; ૮/૩૦;
- **તમોગુણી**= તમોગુણવાળું. ૧/૬૧;
- **તરગાળો/તરગાળા**= ગાવાનાચવાનો ધંધો કરનાર બહુરૂપી નટ. ૩/૨૪; ૪/૧૩૩;
- **તરેલાં તાણે પેઠયે તાણ્યા કરવું**= ધૂંસરીએ બાંધેલ બળદની જેમ ભાર ખેંચવો. ૬/૧૪૨;
- **તરેહથી**= રીતથી-ભાતથી, રીતભાતથી. ૫/૯૫;
- **તલપું નાખે**= શિકાર કરવા છલાંગ મારવી તે. (બ.વ.) ૨/૧૨૨;
- **તલવાર્યમાં મરિયાં**= તલવારમાં કાટની પોપડીઓ ખરી પડવાથી પડેલ ખાડા. ૧/૨૧૯; ૫/૧૯;
- **તસ્કર**= ચોર, છેતરનાર. ૭/૨૫;
- **તળ**= મૂળ, જન્મ સ્થાન. ૧/૧૩૮; ૬/૨૧૮;
- **તળ તપાસી જોવું**= સ્થિતિ, ભૂમિકા તપાસીને. ૫/૩૭૦;
- **ત્યાં ગાડાં છોડવાં છે**= બધી માયાની હાયવોય મૂકી નિરાંતે જ્ઞાનીનો સમાગમ કરવો છે. ૯/૨૫૭;
- **તંતીમાં**= પરંપરામાં, મર્યાદામાં. ૫/૧૪૩;
- **તંતીમાં બાંધે**= ચામડાની દોરીથી બાંધે તે છૂટી શકે નહિ. ૫/૩૬૮;
- **તંતીમાં બાંધી લીધા છે**= જીવમાત્રને માયિક પરંપરામાં, મર્યાદામાં, શરીરમાં બાંધી લીધા છે. ૫/૩૬૮;
- **તાજખાના**= જાજરૂ, સંડાસ. ૨/૨૩;
- **તાડ આડાં આવ્યાં**= એકજાતનાં ઝાડ આડાં આવ્યાં. ૩/૬;
- **તાટ**= શણનું કપડું, ગૂણપાટ, ૭/૯;
- **તાદાત્મ્યપણાને**= એકાત્મપણાને, ઐક્યભાવને. ૮/૩૪;

- **તાન**= લગની, આગ્રહ, મસ્તી. ૧/૧૧૧;
- **તારતમ્યપણું**= ન્યૂન-અધિકનો વિવેક; સાર-અસારનો વિવેક. ૫/૮૫; ૮/૩૧;
- **તાલમેલ**= માયાના ભાવમાં આવી જઈને દેખાવ, આડંબર. ૫/૪૧૨;
- **તાવીઉં**= ચકાસી-ઊલટતપાસ કરી. ૯/૫૬;
- **તિરોધાન**= અદૃશ્ય, નજરથી અળગા, પરોક્ષ.
- **તીડ આવતાં**= પાકને નુકશાન કરનારાં ટોળાબંધ આવતાં નાનાં એકજાતનાં પંખી. ૨/૧૮૭;
- **તીમંગળ**= એ નામનો એક રાક્ષસ. ૪/૫૪;
- **તીખાં**= મરી-સૂંઠ. ૯/૯૨;
- **તેલધારા વૃત્તિ**= તૂટતી નહિ એવી એકધારી-તેલની ધાર જેવી સતત. ૧/૨૮૪;
- **તેલધારાની પેઠયે**= આઘીપાછી ન થતી એવી એકધારી તેલની ધાર જેવી. ૩/૬૫;
- **તૈજસાભિમાની**= સૂક્ષ્મ શરીર અને સ્વપ્ન-અવસ્થાને પોતાનું રૂપ માનનાર જીવ/વ્યક્તિ. ૨/૭૮;
- **તોળે**= વજન કરે. ૬/૧૭૧;
- **તાંત્ય**= આંતરડામાંથી બનાવેલ પીંજારાની પીંજણની દોરી. ૯/૬૧;
- **ત્રણ્ય વૃત્તિ**= સંસ્કૃતમાં ત્રણ ટીકા. ૩/૫૨;
- **ત્રપંખડો**= દેહ, દેહના સંબંધી ને પદાર્થ-દેહ, લોક ને ભોગની આસક્તિવાળો જીવ. ૩/૫૯;
- **ત્રોડી**= તોડી. ૯/૩;
- **ત્યાગી થઈને ટોપી ઘાલી**= આત્માને પરમાત્માનો સંબંધ કરાવવાનો બાજુએ મૂકી મંદિરના વ્યવહારમાં ડૂબવું તે. ૫/૨૫૩;
- **તૂત**= જૂઠાણું-ગપ-બનાવટી વાત. ૯/૨૮૪;

### – : થ : –

- **થડકો**= ધ્રાસકો પડે, આંચકો લાગે, ભય લાગે. ૧/૯૬; ૨/૧૦૦; ૫/૨૧૦;
- **થડમાં કર્યું**= પાસે-નજીક કર્યું. ૪/૬૨;
- **થબડકા માર્યે**= ધાવવા પ્રયત્ન કરે. ૩/૨૦;
- **થાણાને ઠેકાણે**= ચોકીને ઠકાણે. ૫/૧૦૨;
- **થાકલો ખાધો**= થાક ખાધો-આરામ કર્યો. ૯/૮૮;

- : દ : -

- **દમઘોષના દીકરા**= શિશુપાલ. ૩/૧૪;
- **દરવાજાવાળા**= ''અક્ષરધામમાં જ રહેવું છે'' તેવું સતત જાણપણું રાખનાર- (વચ.ગ.અં.૯). ૨/૫૬;
- **દલદાર**= દળદર. ૬/૧૭૩;
- **દશોંદ-વિશોંદ**= ધર્માદા માટે કમાણીનો દસમો-વીસમો ભાગ. ૬/૨૬૫;
- **દળી**= ઊન જમાવીને કરી હોય તેવી ઘોડાની જિનની ગાદી. ૯/૧૯૧;
- **દાઝ પાણ થાય**= અણગમો, અનુકંપા પણ થાય. ૪/૭૯;
- **દાડિયા**= રોજિંદા દામ લઈ મહેનત કરનાર ખેતમજૂર. ૨/૮૭;
- **દાદર**= દરાજ, ચામડીનો એક પ્રકારનો હઠીલો રોગ. ૧/૧૬૫
- **દાન્ત**= સંયમી, ઇન્દ્રિયોનું દમન કરનાર. ૭/૨૬;
- **દાવલ**= ફોગટ. ૬/૧૭૩;
- **દિવ્ય**= જેમાં માયાના ત્રણ ગુણનો પ્રભાવ નથી તે.
- **દિવ્યભાવ**= જેમાં માયાના ત્રણ ગુણનો પ્રભાવ ન હોય તેવો અદ્‌ભુત ભગવદ્‌ભાવ. ૧/૧૦૨;
- **દિશું**= દિશાઓ. ૧/૨૦૩;
- **દિશાએ ગયા**= જાજરૂ ગયા. ૯/૧૪;
- **દીકરા**= તેનું નામ ત્રિભુવન. ૯/૨૪૬;
- **દીધા જીમો છે**= આપી દેવા જેવું છે. ૬/૨૦૧;
- **દીન**= લાચાર, ગરીબ, રાંક. ૧/૧૨; ૨/૧૭૩;
- **દીર્ઘદર્શી**= અગમબુદ્ધિ, દૂરદર્શી. ૧/૨૮૦; ૯/૧૨૨-૨૩૭;
- **દઢતા**= મક્કમતા, દઢપણું.
- **દેશકાળ**= સ્થળ, સમય વિગેરે કુલ આઠમાંથી કોઈની પણ સાનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિ.
- **દેહને દુઃખ**= અનાજ ના પાકે તેથી શરીરને દુઃખ.
- **દેહનો ભાવ**= દેહબુદ્ધિ, ''દેહ તે જ હું આત્મા છું'' એવા પ્રકારની સમજણ.
- **દૈત્ય/માં**= અસુર, રાક્ષસ/માં. ૪/૯૪; ૪/૧૧૬;
- **દ્રોહ**= મનથી, વાણી કે કર્મથી જાણીજોઈને કરેલ દોષ, ગુનો, પાપ કે અપરાધ.

## – : ધ : –

- **ધન્વંતર વૈદ=** ધન્વંતરી, આયુર્વેદના પ્રવર્તક વૈદ્યના પહેલા આચાર્ય. ૧/૯૨;
- **ધમધમાટી દિયે=** વ્યભિચાર કરે. ૮/૨૦;
- **ધબ પડી મેલવી=** તરત પડતી મૂકવી. ૬/૨૧૦;
- **ધડકીઉં=** ગોદડીઓ-નાનાં આસન. ૯/૨૦૩;
- **ધરા=** ધરો, નદી કે તળાવના પાણીમાંનો ઊંડો ખાડો. ૫/૧૪૭;
- **ધર્મધૂરપણાની=** ધાર્મિક અનુયાયીઓને સાચવવાની જવાબદારીની. ૭/૨;
- **ધર્મધુરંધર=** ધાર્મિક અનુયાયીઓને સાચવનાર ધર્મગુરુ.
- **ધર્મનિષ્ઠા=** શાસ્ત્રોનાં વચનોમાં અતૂટ શ્રદ્ધા, આસ્થાના આશયવાળું જીવન. ૫/૧૮૩;
- **ધણવાળા=** ગાયોના ટોળાંને ચરાવા લઈ જનારા-ભરવાડો-ગોવાળો. ૯/૨૦૭;
- **ધણીનું કાયટું ભાવે નહિ=** મરનાર ધણી પાછળના જમણવારનું જમણ. ૯/૨૯૮;
- **ધાડાં પડતાં=** ધાડપાડુઓ લૂંટફાટ કરવા આવતા. ૨/૧૮૭;
- **ધાતા-ધ્યેય=** સર્જનહાર-કરવા યોગ્ય આદર્શ લક્ષ્ય. ૮/૩૩;
- **ધારણો=** સંતોલો-ત્રાજવામાં મૂકી જોખવું. ૯/૨૧૬;
- **ધુંગાર્યા=** વરાળ નીકળતી હોય તેવું ગરમાગરમ. (બ.વ.) ૬/૪૮;
- **ધૂધૂબાજ=** ઝડપભેર સર્વને યોગમાં લેતો, સર્વને સ્પર્શતો ને સમાસ કરતો જ્ઞાનમાર્ગ. ૨/૮૪;
- **ધૂડ્યધોયા=** ધૂળ ધોઈ તેમાંથી સોનું મેળવનાર. ૩/૬૨;
- **ધોરિયામાં સાલી તાણે=** ધોરિયામાં કાંણાં પૂરવા, ઘાસના પૂળાપર છોકરાને બેસાડી ખેંચવો જેથી કાંણાં પુરાઈ જાય. ૧/૨૦૩;
- **ધોરિયો=** પાણીની નીક. ૩/૫૦;
- **ધોલકિયું=** ધૂળથી રમાતી ઘરઘરની રમત. ૩/૪૪;
- **ધોળો દારૂ=** ગંધક ને સુરાખારનું મિશ્રણ. ૫/૩૬૩;
- **ધ્રોકડ ભાળી=** ધ્રો, પવિત્ર ઘાસ-ધરો જોઈ. ૮/૧૬;
- **ધ્રોડ=** અન્ય ભક્તિનાં કાર્યો પાછળની દોડધામ. ૧/૧૫૨;
- **ધ્રોડી ધ્રોડીને=** દોડી દોડીને. ૫/૯૩;
- **ધ્રોડયે=** દોડે-અનુસરે. ૯/૫૮;

### - : ન : -

- **નટની માયાની પેઠે**= વેશ ભજવનારની ક્રિયા કળ્યામાં આવે નહિ તેમ.(વચ.પં.૭) ૫/૬૯;
- **નભાઈ**= ૯/૬૨;
- **નયનગોચર**= આંખે દેખાય તેવું. ૮/૨૮;
- **નરક**= દોજખ, વિષ્ટા. ૧/૫૭;
- **નરપુર**= મનુષ્યલોક. ૩/૨૮; ૯/૨૪૬;
- **નરવા**= સ્ત્રી/ધનરૂપી રાગનો વળગાડ વિનાના-નીરોગી. ૯/૩૧૪;
- **નવધા ભક્તિ**= નવપ્રકારની ભક્તિ. ૧/૧૫;
- **નસ્તર**= વાઢકાપ. ૧/૫૧;
- **નાગપુર**= પાતાળ. ૩/૨૮; ૯/૨૪૬;
- **નાગડદાઈ**= નાગાઈ-લુચ્ચાઈ-નફ્ફટાઈ-દાંડાઈ. ૯/૯૨;
- **નાના ખાતરાનું પાણી**= નાના વહેળાનું પાણી, ઝરણાનો પ્રવાહ. ૧/૧૮૦;
- **નામવરો**= ખરડો, સાંપ્રદાયિક પ્રથામુજબ ઠરાવેલ નિયમિત ધર્માદામાં આપવાની રકમ. ૪/૫૮;
- **નામનું**= હકદાર કરવું, દસ્તાવેજમાં નામ લખવું, નામાંકિત કરવું, ધર્માદો ભગવાનના નામે કાઢવો. ૮/૭;
- **નારડાં**= વરૂની એક જાત. (બ.વ.) ૨/૧૨૨;
- **નારાયણ કવચ ન ભણવાં**= રજોગુણ/તમોગુણના દેહભાવમાં આવી જઈ મોટા આમાં શું સમજે એવા ભાવમાં તેમની ઉપેક્ષા/નિંદાના ઉદ્‌ગારો ન કાઢવા. ૯/૧૩૯;
- **નાળ કરતાં ગળું કર્યું**= પ્રસુતિ થયા પછી નવજાત શિશુને ઓળથી છૂટું પાડવામાટે, બન્ને વચ્ચેની લોહીની નળી કાપીને ગાંઠી દેવાને બદલે કોઈ ફૂવડ દાયણ શિશુનું ગળું કાપે તેવી મૂર્ખતા. ૫/૨૯૮;
- **નોરમાં ચાલજો**= નિયમમાં-ધારાધોરણ પ્રમાણે રહેજો. ૯/૩૩૪;
- **નિકાસે**= દૂર કરે. ૩/૪૮; ૫/૧૧૭; ૬/૨૧૮;
- **નિકો**= સુંદર. ૬/૨૧૬;
- **નિત્યપ્રલય**= દેહનો ક્ષણ ક્ષણ પ્રત્યે નાશ તે - જીવોદ્વારા રોજ ભોગવાતી સુષુપ્તિ અવસ્થા-બ્રહ્માના એક દિવસ દરમ્યાન (રાત નહિ) સર્વ ઉપજીને નાશ થાય છે તેનું નામ નિત્યપ્રલય. ૧/૯૭;

- **નિત્યાનંદસ્વામી ન ફર્યા=** 'સત્સંગીજીવન' ગ્રંથની રચનાપ્રસંગે પોતાનો ઇષ્ટદેવના સ્વરૂપ અંગેનો નિશ્ચય ન બદલ્યો. ૫/૨૯૦;
- **નિધિ=** ભંડાર. ૬/૪૪;
- **નિમિત્ત અર્થે=** સિદ્ધાંતરૂપ વાતની સફળતાના કારણરૂપ, હેતુરૂપ, ઉદ્દેશરૂપ, બહાનારૂપ. ૧/૬૫;
- **નિમિત્તપ્રલય=** બ્રહ્માની અહોરાત્રિ થઈને એક દિવસ થાય છે એટલે કે આપણાં આઠઅબજ ચોસઠકરોડ વર્ષ થાય, તે દિવસ દિવસ પ્રતિ ત્રિલોકીનો નાશ થાય છે, ને દિવસાંતરે પાછું ફરે છે ને તે નાશ થાય છે તેનું નામ નિમિત્તપ્રલય.
- **નિયંતા=** નિયમમાં રાખનાર, પરમેશ્વર
- **નિરધાર=** નિશ્ચય, ઠરાવ.
- **નિરન્નમુક્ત=** અન્ન જેને જરૂરિયાત નથી એવી વ્યક્તિ. ૮/૩૫;
- **નિરુત્થાનપણે=** એકપ્રત્યેના નિશ્ચયને હઠાવી એને સ્થાને બીજાપ્રત્યે નિશ્ચય ન કરવો તે. ૮/૨૮;
- **નિરમ્યું=** સર્જન, રચના, નસીબ, નક્કી કર્યું. ૧/૩૧૦;
- **નિરંતર=** સતત, હંમેશ. ૧/૧;
- **નિરાકાર=** પોતાને ત્રણ દેહના માયિકભાવથી રહિત અર્થાત નિરંજન ને કેવળ બ્રહ્મભાવે આત્મારૂપ માનવું. ૩/૧૬; ૪/૧૦૫;
- **નિરૂપણ=** બરોબર વર્ણવવું, વિવેચન, યથાર્થ વર્ણન. ૧/૨૪૩;
- **નિર્ગુણ/ભાવ=** ગુણાતીતભાવ, માયાના કોઈ પણ ગુણથી પ્રભાવિત ન થયેલ ભાવ. ૨/૫૭;
- **નિર્ગમવો=** વીતાવવો-ગુજારવો. ૯/૨૩૧;
- **નિદિધ્યાસ=** ઇષ્ટદેવ કે પરમતત્ત્વનું નિત્ય ચિંતન. ૮/૨૯.
- **નિર્દોષબુદ્ધિ=** જે બુદ્ધિ માયાના કોઈ પણ ગુણથી પ્રભાવિત થઈ નથી તે.
- **નિર્બંધ=** બંધનકર્તા નહિ.
- **નિર્લેપપણું=** અનાસક્તપણું, લોપાવાય નહિ તેવું.
- **નિર્વાસનિક=** વાસનારહિત.
- **નિર્વિકલ્પ સમાધિ=** જ્ઞાતા, જ્ઞેય ઇત્યાદિક ભેદવગરનું ધ્યાન,સ્થિર, નિશ્ચિત.
- **નિર્વિકલ્પ=** જ્ઞાતા-જ્ઞેય ઇત્યાદિક ભેદ વગરનું, જેમાં કોઈ અપવાદ કે બેપણું ન હોય તેવું. ૮/૨૮;

## પરિશિષ્ટ-૧ : શબ્દપ્રયોગ અને તેનો ભાવાર્થ

- **નિવાજ**= સરપાવ, પદવી. ૧/૧૪૦; ૯/૧૦૭
- **નિવૃત્ત**= સંસારની ઉપાધિમાંથી દૂર, ફારેગ. ૧/૫૪;
- **નિષ્ઠા**= શ્રદ્ધા, આસ્થા, વિશ્વાસ, ધારણા.
- **નિષેધ**= શાસ્ત્રવિહિત મનાઈ.
- **નીલ વાંદરા**= કાળા મોઢાના વાંદરા. ૬/૧૭૦;
- **નીંભાડાની પેઠ્યે**= કુંભારની ભઠ્ઠીની જેમ. ૯/૨૮૯;
- **નેવાનું પાણી મોભે ચડાવ્યા જેવો છે**= અસંભવિત હોય એવો મુશ્કેલ છે. ૫/૫૫;
- **નૈમિષારણ્ય**= ભગવાનના એકાંતિક સંતના સમાગમરૂપી ઠેકાણું. ૫/૧૮૦;
- **નૌતમ**= નૂતન-નવીન-નવું. ૫/૨૧૬;

**– : પ : –**

- **પક્ષપાત**= વગ-તરફદારી. ૩/૩૬;
- **પગરખાં**= જોડા, બૂટ, ખાસડાં જેવો. (બ.વ.) ૬/૨૨;
- **પગી**= પગેરું કાઢી ચોરને પકડનારી કોમ. ૧/૨૪૯;
- **પડાઈ**= મોટો પતંગ. ૯/૩૦૭;
- **પડતાળો**= વાણીએ કરી કરાતો સખત ઝઘડો. ૯/૮૮;
- **પટો રમતાં**= ઇન્દ્રિયો ને અંતઃકરણના માયિકભાવોસામે સમજણપૂર્વક યુક્તિથી લડત લેવી- તલવારની પટાબાજી ખેલવી તે. ૫/૨૪૬;
- **પઠિયે**= પઠ્ઠો પહેલવાન. ૬/૮૫;
- **પડખે**= પાસે. ૨/૧૬
- **પણ લેત નહિ**= પ્રતિજ્ઞા-ટેક લેત નહિ. ૯/૨૭૬;
- **પાણગા છેલ**= વરસતા વરસાદમાં પાણીનાં ટીપાં ને દેહ પર પડવા દીધાં નથી ને કોરો આવ્યો છું એવી બનાવટ કરનાર દંભી માણસ. ૯/૧૧૩;
- **પતકાળાં**= પીળાં કોળાં. ૮/૨૮;
- **પત ઝરતું હોય**= લોહીવાળી રસી ઝરતું. ૬/૫૩;
- **પતિત**= પાપી. ૧/૧૦૩;
- **પતિતપાવન**= પાપીને પવિત્ર કરનાર. ૧/૧૪૦;
- **પતિયાર**= પત્ર લખનાર, વિશ્વાસ. ૧/૧૦૪;
- **પતિયાં**= કાગળ, પત્ર. ૧/૧૦૪;

- **પત્રાવળાંને ઠેકાણે**= ભોજન માટે થાળીને બદલે, પાંદડાંની બનાવેલી રચના- પતરાવળું કે જેનો ઉપયોગ ફક્ત જમવા માટે જ કરવામાં આવે છે ને જમ્યાપછી ફેંકી દેવામાં આવે છે; તેમ જ મનુષ્યદેહનો ઉપયોગ ફક્ત મોક્ષમાટે કરવો, દેહ પણ પતરાવળાની જેમ નાશવંત છે. ૧/૨૪૭;
- **પત્રી**= શિક્ષાપત્રી. ૯/૧૧૪;
- **પરગણાં**= પ્રદેશનો અમુક વિસ્તાર, તાલુકો. ૩/૪;
- **પરજંત**= પર્યંત-સુધ્ધાં. ૬/૧૦;
- **પરજિયો**= પરજિયા જ્ઞાતિનો. ૯/૨૭૩;
- **પરડોતરું આભડ્યું**= મોટું સાપોલિયું કરડ્યું. ૯/૧૫૪;
- **પરદેશી હોય**= પરલોક્ના-માયાના લોક્ના નહિ પણ અક્ષરધામના. ૪/૩૪;
- **પરપોલા જેવું**= પરપોટા જેવું કોમળ, સુંવાળું શરીર. ૬/૧૭૯;
- **પરલોકના**= અક્ષરધામના.
- **પરેવાસે**= મળસકે-પરોઢીએ. ૯/૧૨૪;
- **પરિયાણ**= જવાની તૈયારી -આરંભ-પ્રયાણ. ૯/૫;
- **પત**= રક્તપિત્ત. ૯/૮૪;
- **પલોટેલ**= તાલીમ આપી તૈયાર કરેલ. ૧/૩૪૧;
- **પશુનાં રૂંઢ**= પશુનાં મડદાં. ૮/૨૨;
- **પળી**= પળિયાં-માથાના ધોળા વાળ. ૯/૨૬૪;
- **પસાયતું**= ચોકી પહેરો કરવો. ૯/૨૧૭;
- **પહિચાન**= ઓળખાણ. ૩/૪૮; ૫/૧૧૭; ૬/૨૧૮;
- **પંચસંધિ**= સંસ્કૃત વ્યાકરણ-લઘુસિદ્ધાંતકૌમુદીનો એક ભાગ. ૬/૧૪૫;
- **પંચાતિયા**= પંચના માણસો-પંચાત કરનારા. ૬/૮૦;
- **પંડયનું**= પોતાનું. ૨/૧;
- **પંદર આના**= દેશમાં અગાઉનું નાણાંકીય ચલણ-રૂપિયા, આના, પાઈ (એક રૂપિયો = સોળ આના). ૧/૨૧૧;
- **પાછલો દરવાજો**= ગુદા, શરીરની વિષ્ટા નીકળવાનું દ્વાર. ૬/૨૭૧;
- **પાછું વળીવળીને**= વારંવાર વિચારીને. ૨/૩૫;
- **પાટુ ખાય**= લાતો ખાય. ૩/૨૧;
- **પાડો**= ભેંસનું નરબચ્ચું કે તેનો નર. ૩/૨૩;
- **પાણા / પાણો**= પથ્થર. ૧/૧૫૫; ૧/૧૫૮; ૨/૧૭૮;

## પરિશિષ્ટ-૧ : શબ્દપ્રયોગ અને તેનો ભાવાર્થ

- **પાણી લાગે**= શરીરસ્વાસ્થ્ય પર પાણીની અસર. ૨/૧૭૫;
- **પાણીનો ઘડો ઢોળ્યા જેવું**= નિરંતર પાણીની સેર વહે તો ઘરો ભરાય ને એક્કી સાથે ઘડો ઢોળે તો પાણી સુકાઈ જાય. (વ.ગ.પ્ર.૨૩) ૨/૪૦;
- **પાણીના ધરા જેવું**= પાણી ભરાયેલ ઊંડા ખાડા જેવું. ૧/૮૪;
- **પાધરા બેલાસોતા**= બારોબાર ચણતર માટે ઘડેલ પથ્થરસહિત. ૬/૧૮૦;
- **પાધરું**= આડુંઅવળું નહિ પણ સીધે માર્ગે બારોબાર – વિનાવિલંબે લઈ જનારું. ૨/૨૭;
- **પાધરો**= બારોબાર. ૬/૨૬૬;
- **પાટિયામાં**= પેટીમાં-પહોળા મોઢાનું ધાતુનું એક ઠામ. ૯/૧૧૩;
- **પાપ વજ્રલેપ થાશે**= જેમાંથી કદાપિ છૂટકારો ન થાય એવું પાપ. ૪/૮૭;
- **પાપીનો વાયરો આવે**= પાપીનો ગુણ આવે, ને તેનો જ સંગ થાય. ૪/૫૧;
- **પામર**= તુચ્છ, સાંકડા મનનું, કંગાલ, રાંક. ૫/૧૮૫
- **પાતર્યું**= વેશ્યા. ૯/૧૩૬;
- **પાન્યમાં સંતાણી**= નદીમાં થતા એક પ્રકારના ઘાસમાં સંતાઈ. ૯/૨૩૫;
- **પાર પાડી દિયે**= મારી નાખે. ૯/૨૬૪;
- **પારસમણિ**= સ્પર્શથી લોખંડનું સોનું કરનાર મણિ. ૨/૧૭૧;
- **પારસાવ્યા**= રાજી કર્યા. ૩/૧૯;
- **પારસો મૂકે**= પોતાના વાછડાને ધવડાવવા ગાય, હેતે કરીને દૂધ છોડે તે. ૨/૪;
- **પારસો વળે ત્યારે**= પોતાના વાછડાને ધવડાવવા ગાય હેતેકરીને દૂધ છોડે તેમ હેત ઉભરાય ત્યારે. ૪/૫૩;
- **પારાવાર**= ૧/૧૮૨;
- **પાર્ષદ**= શ્રીજીમહારાજના સેવક.
- **પાવળિયામાં**= પાળિયામાં, ખાંભીમાં. ૬/૧૬૨;
- **પાવળું ઓછું**= પળી ઓછું. ૫/૧૨૪;
- **પાવૈયા**= હિજડા, વ્યંઢળ. (બ.વ.) ૧/૨૨૬;
- **પાશંગ**= ઘડો, ત્રાજવામાં બન્ને પાસાં સરખાં રાખવા માટે એકબાજુ મુકાતું વજનનું કાટલું. ૭/૯;
- **પાસ લાગ્યો છે**= સોબતની અસર થઈ છે. ૧/૨૫૨;
- **પાસલારૂપી બેડી**= માયાનાપાસરૂપ બંધન. ૫/૨૨૩;
- **પાસલામાંથી**= બંધનમાંથી. ૯/૮૬;

- **પાળા/પાળે/પાળો=** સ્વામિનારાયણ સંપ્રદાયનો એક જાતનો સેવકો / સેવક / પાર્ષદ. ૫/૩૭૬;
- **પાળા બાંધવા=** વાવેતરને પાણી પહોંચાડવા જરૂરી માટી કામ કરવા. ૯/૨૯૯;
- **પાળી=** વારો. ૮/૧૩;
- **પારેવાં=** કબૂતર. ૯/૧૪૮;
- **પારેવી=** બગલી. ૯/૬૪;
- **પાલી=** સૌરાષ્ટ્રમાંનું બશેરથી અઢી શેરના અંદાજનું જૂનું માપ-ચાર પવાલાં. ૯/૧૭૪-૨૮૫;
- **પોરા=** પાણીમાં થતી એક જાતની જીવાત. ૯/૭૦;
- **પાંચમની વીજળી=** "અષાઢ સુદ પાંચમની વીજળી જોઈ વરસાદ કેવો થશે" તેનો નિરધાર કરવાનું કહ્યું નહિ. ૬/૧૦૯;
- **પાંતીએ=** બાજુ, બાબતે. ૬/૫૨;
- **પાંસરા કરીને=** સીધા કરીને, માયાના પાસમાંથી છોડાવીને. ૫/૩૬૯;
- **પિતરાઈ=** પિતાસંબંધી, સાતમી પેઢી સુધીમાં એક બાપનો વંશજ. ૨/૮૭;
- **પિશોરીના=** પેશાવરના. ૬/૮૭;
- **પિંડીકરાણપણું =** ઇન્દ્રિયો-અંતઃકરણની વૃત્તિનું બળ ક્ષીણ થવું. ૫/૨૪૬;
- **પુગાય નહિ=** પહોંચી વળાય નહિ. ૫/૨૦૨;
- **પુત્રવિનાનું પારણું=** ખાલી પારણું ઉપયોગમાં ના લેવાય, કહેવાનો ભાવાર્થ એ કે અસત્પુરુષના ઉપદેશથી ક્યારેય કલ્યાણ થાય નહિ. ૩/૭૧;
- **પૂગે=** પહોંચે. ૩/૧૯;
- **પૂજા થાય=** માર પડે. ૬/૫૦;
- **પૂર્તકર્મ=** જાહેરજનતા ઉપયોગી કૂવા, વાવ, રસ્તા, તળાવ, વૃક્ષારોપણ વગેરે કાર્યો.
- **પૂર્વાપર=** આગળ પાછળનું. ૧/૨૮૦; ૨/૬૩;
- **પૂર્વાપર રાત્રિને=** મધ્યરાત્રિ પછીનો સમય, બ્રાહ્મમુહૂર્ત, રાત્રિના અઢી-ત્રણનો સમય. ૭/૨૫;
- **પૃથ્વી જ ભેળી કર્યે=** જમીન ખરીદે જાય. ૬/૪૬;
- **પૃથ્વીનું ટીપણું વાળીને=** જેમ પંચાંગને વાળીને લઈ જાય તેવી સહેલાઈથી. ૪/૧૧૬;
- **પૃથ્વીનું વેજું છે=** ધરતી પરના પ્રગટ સત્પુરુષ એ જ નિશાન છે. ૩/૨૭;

- **પેટામાં**= અંતર્ગત. ૫/૧૮૩;
- **પોકું મેલીએ**= ૯/૩૦૪;
- **પોઠિયા ઊતરેલ**= બળદો રાખ્યા હતા. ૩/૨૧; ૩/૫૯;
- **પોર**= ગઈ સાલ, ગયું વર્ષ. ૫/૨૫૩; ૬/૨૪૧;
- **પો'ર**= પહોર, પ્રહર, ત્રણ કલાક. ૫/૫૬;
- **પોરો** = વિશ્રામ. ૬/૧૨૭;
- **પોલ નભે**= ગોટાળા-ઢીલાશવાળાનો પણ નિર્વાહ થાય. ૪/૩૨;
- **પ્રકૃતિપુરુષ**= ચેતન અકર્મણ્ય પુરુષની મદદથી જડ પ્રકૃતિમાંથી સમગ્ર સૃષ્ટિની ઉત્પતિ થઈ તે.
- **પ્રજ્ઞાભિમાની**= માયાસબલિત બ્રહ્મજ્ઞાની. ૨/૭૮;
- **પ્રતિકૂળ**= અનુકૂળ નહિ તેવું, ઊલટું, વિરુદ્ધ. ૧/૧૨૮;
- **પ્રતિલોમ**= પોતા/આત્મા તરફ પાછીવાળતી વૃત્તિ, અંતરવૃત્તિ, અંતરદષ્ટિ કરીને આત્માનું પરમાત્મા તરફનું ઊર્ધ્વીકરણ.
- **પ્રત્યાહાર કરીને**= વૃત્તિઓને પાછીવાળી ને, અંતરવૃત્તિથી જીવવું તે. ૭/૨૫;
- **પ્રબંધે કરીને**= બંદોબસ્ત, ગોઠવણ કરીને. ૧/૮૧;
- **પ્રબંધ બાંધીને**= નિયમન, નિયંત્રણ વ્યવસ્થા સ્થાપીને. ૫/૨૯૨;
- **પ્રલય**= વિનાશ, કલ્પને અંતે જગતનો નાશ. ૧/૯૬;
- **પ્રાકૃતપ્રલય**= પ્રકૃતિના કાર્યમાં મનેકરીને માલ ન માનવારૂપી જ્ઞાનપ્રલય - બ્રહ્મા તેમનાં સો વર્ષના અંતે દેહ મૂકે ત્યારે એ ચૌદ લોકસહિત બ્રહ્માંડનો નાશ થાય છે, ત્યારે પ્રકૃતિથી ઉપજ્યું કાર્ય તે સર્વે પ્રકૃતિમાં લય પામે છે, તેનું નામ નિમિત્તપ્રલય. ૧/૯૭;
- **પ્રારબ્ધ**= પૂર્વનાં કર્મફળના સંગ્રહમાંથી વર્તમાનકાળે જે દેહ છે તે સંબંધી સુખ-દુઃખ.
- **પ્રીછ્યુ**= ઓળખાણ. ૫/૨૫૪;
- **પ્રોવાઈ**= પરોવાઈ. ૬/૧;

**- : ફ : -**

- **ફટકિયા**= ઝટલઈને ફૂટી જાય તેવા. ૧/૪૭;
- **ફડકો**= ધ્રાસકો, ભયની ધ્રુજારી. ૪/૧૩૯;
- **ફળિયામાં**= મહોલ્લામાં. ૧/૧૭૨;

- **ફૂલેલ=** ખીલેલ. ૯/૧૨;
- **ફુલેકું=** હિંદુઓમાં કન્યાના લગ્ન દિવસ પૂર્વે ગામમાં ફેરવવામાં આવતું સરઘસ. ૯/૧૭૪;
- **ફાગ=** હોળીના તહેવારમાં બોલાતાં અશ્લીલ ગીત. ૯/૫૨;
- **ફારગતી=** છૂટા છેડા લીધાની કબુલાતની ચિઠ્ઠી. ૯/૨૧૧;
- **ફાળિયું=** ગામડિયો ફેંટો, ફેંટાનું કપડું. ૫/૩૮૮;
- **ફાંકાં પડયાં જાણવાં=** હાડમારી, હેરાનગતિ, મુશ્કેલી પડી જાણવી, મિથ્યા પ્રયત્ન-વલખાં માર્યાં. ૫/૧૦૨;
- **ફિરંગી=** અંગ્રેજ ગોરાઓ. ૧/૪૭; ૨/૪૮;
- **ફેલ કર્યે=** નીતિશાસ્ત્ર વિરૂદ્ધનું આચરણ તથા આવક કરતાં વધુ ખર્ચ કરે તેવું આચરણ. ૧/૨૩;
- **ફેલ છે=** નિષ્ફળ છે, બિનજરૂરી છે. ૨/૩;
- **ફોશી=** કાયર. ૨/૭૪;
- **ફોશીમાં ફોશી=** કાયરોમાંય કાયર. ૩/૫૮;

## – : બ : –

- **બકરાને મોઢામાં જવ ભરીને મારે=** કસાઈ લોકો બકરાને મારતા પહેલા તેને જવ ખવડાવે. ૨/૬૪;
- **બક્ષિસ=** ભેટ. ૪/૫૨;
- **બખતરિયા=** બખતર-કવચ પહેરેલ સૈનિકો. ૧/૩૦૦; ૧/૩૧૭; ૩/૫૦;
- **બખેડો=** કજિયો, ઝગડો. ૬/૭૦; ૬/૧૦૭;
- **બખોલ=** જમીન, ઝાડ, પહાડ વગેરેમાં પોલાણ. ૫/૩૧૯;
- **બધું ખોટું થઈ જાય=** પરંપરાગત ચાલી આવતી ભક્તિની ક્રિયાઓ ખોટી થઈ જાય. ૯/૩૦૫;
- **બજર=** છીંકણી-તપખીર. ૯/૨૮૫;
- **બજાણિયા=** ઢોલી, દોરડા ઉપર ખેલ કરનાર નટો. ૨/૧૮૬;
- **બજારના કાંટા=** રૂપ, શબ્દાદિક વિષયોનાં આકર્ષણો. ૬/૭૫;
- **બડવાળ=** માયાના સંબંધરૂપી મેલ, કચરો, અનીતિ. ૫/૧૩૮;

# પરિશિષ્ટ-૧ : શબ્દપ્રયોગ અને તેનો ભાવાર્થ

- **બતિયાં=** પાતળી વાટજેવી પાઘડી, વાતો. ૬/૧૬૨;
- **બદરિકાશ્રમ=** શ્રી નરનારાયણનો આશ્રમ.
- **બનેવી=** તેનું નામ વીરધન્નો. ૯/૨૪૪;
- **બબરચીખાનું=** ઇસ્લામી કે ખ્રિસ્તી વગેરેનું રસોડું. ૯/૧૨૦;
- **બરોબરિયા=** સરખેસરખા. ૨/૫૪;
- **બરોબરિયાપણું=** સરખેસરખું, સરખેસરખાપણાનો ભાવ. ૨/૫૪;
- **બહારવટિયા=** બહારરહી લૂંટફાટ કરનાર લૂંટારા. ૧/૩૦૦;
- **બહિર્ભૂમિએ ગયા=** જાજરૂ ગયા, ખાડે ગયા. ૮/૧૬;
- **બહુધા=** મોટેભાગે-ઘણુંખરું. ૧/૨૦૫; ૨/૧૭૫; ૫/૩૮૩;
- **બંધી=** મના-નિષેધ. ૨/૧૬૫;
- **બાકરું=** બકરું. ૯/૧૮૯;
- **બાધ=** દોષ. ૮/૨૭;
- **બાટી=** છાણાંની આંચથી શેકેલો કણક્નો ગોળો કે જાડી ભાખરી. ૨/૯૪;
- **બા'વરો=** ઘેલો, બહાવરો. ૬/૬૮;
- **બારોબાર=** પરબારું, લાગલું જ. ૮/૨૯;
- **બાહ્યદષ્ટિ=** બહારનું જોયા કરવું, પોતાનું મૂકી બાજાનું જોવું.
- **બાળોસાદ=** નવજાત શિશુના રડવાનો અવાજ. ૩/૧૬; ૫/૩૧૬;
- **બિલાડ=** બિલાડી. ૧/૨૬૦;
- **બીજા મતવાદીઉંએ=** સ્વામિનારાયણ સંપ્રદાય સિવાયના બીજા નિરાકારવાદી, વામમાર્ગી વગેરે મતમતાન્તર વાદીઓએ. ૬/૨૭૧;
- **બુદ્ધિનો ડોડ=** બુદ્ધિનો મદ, દંભ. ૩/૨૨;
- **બુવારી કાઢ્ય=** વાસીદું કાઢવાની ક્રિયા. ૯/૯૨;
- **બૂડ ઠુંઠાં=** જમીનમાં અંદર દટાયેલ બાકીરહેલ ઝાડનું મૂળિયું, થડીયું. ૬/૯૬;
- **બે ઘર કર્યાં=** બે વાર પરણ્યા. ૧/૮૦;
- **બેડી=** કેદીને બાંધવાની લોખંડની સાંકળ-કડાં. ૧/૨૨૬
- **બેન=** વેણ, વચન. ૩/૪૮; ૫/૧૧૭; ૬/૨૧૮;
- **બેલાં-બેલું=** ચણતરમાટે ઘડેલ પથ્થર. ૩/૧૮;
- **બોકાસાં=** રડવાની ભારી મોટી ચીસો. ૬/૨૧૦;

- **બોરડી જેવા સ્વભાવ=** બોરડીને કાંટા હોય તે તેના સંબંધમાં આવનાર ને વાગ્યા વિના રહે નહિ, તેવા પોતાને/આત્માને બીજાને દુઃખ આપતા સ્વભાવ. ૯/૨૫૨;
- **બ્રહ્મજ્ઞ=** બ્રહ્મને જાણનાર.
- **બ્રહ્મમહોલ=** અક્ષરધામ.
- **બ્રહ્મરાક્ષસ=** ભૂતયોનિને પામેલ બ્રાહ્મણ. ૪/૩૪;
- **બ્રહ્મર્ષિ=** બ્રહ્મવિદ્યા સાધેલ ઋષિ. ૨/૩૮;
- **બ્રહ્મરૂપ=** બ્રહ્મ ને પરબ્રહ્મના આકારે, બ્રહ્માત્મક, બ્રહ્મમય.
- **બ્રહ્મવિદ્યા/ના કીટ=** જીવ, બ્રહ્મ, પરબ્રહ્મ અને જગતનાં તત્ત્વોના પરસ્પરના સંબંધવિશેનો વિચાર આપનારી વિદ્યા. બ્રહ્મને અને પરબ્રહ્મને પ્રત્યક્ષપણે સમજવા સંબંધી જે વાતુ તેને બ્રહ્મવિદ્યા સમજવી; ને તેમાં પારંગત.
- **બ્રહ્મવેત્તા=** બ્રહ્મ ને પરબ્રહ્મને જાણનાર.
- **બ્રહ્માના કલ્પ=** આપણાં આઠ અબજ ચોસઠ કરોડ વર્ષ એટલે બ્રહ્માનાં એક દિવસ-રાત (અહોરાત્રિ), એવા ત્રણસોપાંસઠ દિવસનું બ્રહ્માનું એક વર્ષ, એવાં બ્રહ્માનાં ચાર અબજ બત્રીશ કરોડ વર્ષનો સમય.
(વચ.ભૂગોળ-ખગોળનું) ૩/૪૫; ૪/૮૮;
- **બ્રહ્માની આયુષ્ય=** આપણાં આઠ અબજ ચોસઠ કરોડ વર્ષ એટલે બ્રહ્માનાં એક દિવસ-રાત (અહોરાત્રિ), એવા ત્રણસોપાંસઠ દિવસનું બ્રહ્માનું એક વર્ષ, એવાં સો વર્ષનો સમય (૮,૬૪,૦૦,૦૦,૦૦૦ x ૩૬૫ x ૧૦૦). (વચ. ભૂગોળ-ખગોળનું) ૧/૧૧૫;
- **બ્રહ્માંડ રહેશે=** ચૌદ લોક રહેશે; પીંડબ્રહ્માંડ-દેહ રહેશે. ૧/૩૧;

**- : ભ : -**

- **ભક્તિ=** નવધા ને પરાભક્તિનો સમન્વય રાખી, પ્રગટ ભગવાનનું ગમતું કરવું પણ પોતાનું ગમતું રંચમાત્ર પણ ન કરવું તે.
- **ભક્ષ=** ખોરાક, શિકાર. ૧/૧૫૬;
- **ભગ=** કાણાં, ભગંદરના રોગમાં થાય. ૬/૧૫; ૬/૧૮૬;
- **ભગંદર=** ગુદાની પાસે છિદ્ર-વ્રણ થવાનો એક રોગ. ૯/૨૮;

# પરિશિષ્ટ-૧ : શબ્દપ્રયોગ અને તેનો ભાવાર્થ



- **ભગવદીનો પ્રસંગ**= ભગવાન જેનામાં રહીને ઉપદેશવચનો ઉચ્ચારે તે વચનો તથા પ્રગટ ભગવાનની વાણીનો મન, કર્મ ને વચનથી સ્વીકાર વ્યક્તિનો પ્રસંગ. ૧/૧;
- **ભગવાન ભજ્યાનો સાજ**= ભગવાન ભજવાનાં સાધન. ૬/૬૩;
- **ભગવાનનું મૂળ**= ભગવાનની આઠ પ્રકારની પ્રતિમાદ્વારા શ્રદ્ધાપૂર્ણ ભગવાનનો સંબંધ જળવાય. ૫/૧૪૪;
- **ભડકો જોવો છે**= દિવ્ય પ્રકાશ જોવો છે. ૫/૩૭૭;
- **ભમરીના સંબંધે કરીને ઈયળ જે તે ભમરી થઈ જાય છે** = ઇયળ જે ઊર્ધ્વગતિ કરવાને અસમર્થ છે તે ભમરીના સંબંધમાં આવી, તેના ચટકા સહન કરીને પોતે ઊર્ધ્વગતિ કરવાને સમર્થ થાય છે. ૮/૬;
- **ભલકું**= ભાલો. ૬/૧૧૫;
- **ભવાયા**= ગાવા-નાચવાનો ધંધો કરનાર. ૫/૩૦૨;
- **ભર ઉલાળી**= પાક-પૂળા ભરેલ ગાડું ઊંધું પાડી. ૯/૫૬;
- **ભાઉડા**= હબસી. (બ.વ.) ૧/૧૮૮;
- **ભાગતાં ભલકું વાગશે**= ક્ષત્રિય રણમેદાનમાંથી પાછો પગ ભરે ત્યારે બીજો ક્ષત્રિય તેને ભાલો મારી વીંધી નાખે કારણકે તેણે ક્ષત્રિયપણું લજવ્યું. ૬/૧૧૫;
- **ભાગેડુ**= સૈનિક હોવા છતાં લડવાથી દૂર નાસતો ફરનાર. ૬/૨૬૬;
- **ભાજન**= ધારનાર. ૭/૨;
- **ભામે ચડી જવાણું**= રવાડે ચડી જવું - ભગવાનને પામવાના સંબંધ રહિતની અન્ય પ્રવૃત્તિમાં રાચવું. ૫/૯૩;
- **ભાર નહિ**= હિંમત નહિ. ૨/૧૩૭;
- **ભારત થયું**= મહાભારતનું યુદ્ધ થયું. ૨/૭૨;
- **ભીડામાં લેવા છે**= માયાનાં કાર્યોમાં મુશ્કેલી-અડચણ ઊભી કરી મોક્ષમારગે આગળ લેવા છે. ૧/૧૦૫;
- **ભીડો વેઠાય કેમ**= માયાના લોકમાં ભગવાન ભજવામાં આવતી મુશ્કેલીઓ સહન થાય કેમ ? ૩/૪૧;
- **ભીમ ને ધૃતરાષ્ટ્ર મળ્યા**= ઉપરછલ્લુ-નિર્લેપ રહીને બનાવટી. ૫/૧૭૮;
- **ભીષ્મ કરી નાખ્યું**= ભીષ્મની પ્રતિજ્ઞા જેમ જ ગુપ્તાંગ કાપી નાખ્યું. ૯/૨૧૨-૨૧૩;
- **ભૂમાપુરુષ**= શેષશાયીનારાયણ. ૭/૧૦;
- **ભૂમાં**= પૃથ્વીપર. ૨/૧૪૧;

- **ભૂંટ પડી ગયો**= ઢળી પડયો-ઘૂંટણીએ પડી ગયો. ૯/૨૨;
- **ભેખ**= સંન્યાસ. ૬/૬;
- **ભેગવાળું**= ભેળસેળવાળું. ૫/૭૬;
- **ભેટ્યું બાંધી છે**= કમર કસી છે, કટીબદ્ધ થયા છે. ૫/૨૮૫;
- **ભેળાવી દ્યો**= ભેલાડવું-પશુઓને ઊભો પાક ખવડાવી દો. ૯/૨૦૭;
- **ભોગ્ય ન પડે**= રુચિકર નહિ-વિષયભોગનો ત્યાગ કરવો રુચે નહિ. ૯/૫૬;
- **ભોં ખોતરવી પડ્યે**= શરમથી નીચું જોવું પડે. ૬/૧૭૫;

## – : મ : –

- **મકરાણ**= સિંધની વાયવ્યે આવેલ એક પ્રદેશ. ૬/૧૩;
- **મચ્છ**= માછલું. ૭/૨૫;
- **મજકૂર**= મુદ્દો, મુખ્ય અર્થ, રહસ્ય. ૪/૨૯; ૬/૨૫૭;
- **મજિયારો**= સહિયારી કૌટુંબિક મિલકતનો વહીવટ. ૮/૩૩; ૯/૧૫૩;
- **મડદું ફૂલ્યા જેવું**= મિથ્યા ઘમંડમાં રાચવું, ફોગટનું. ૫/૮૧;
- **માણમાં આઠ પાંચશેરીની ભૂલ્ય**= ચાલીસ શેરનો મણ :- ૮ X ૫ શેર = ૪૦ શેર, એટલે પૂરેપૂરી ભૂલ; કહેવાનો ભાવાર્થ એ કે અસત્પુરુષના ઉપદેશથી કયારેય કલ્યાણ થાય નહિ. ૩/૭૧;
- **મતવાદીઉં**= સ્વામિનારાયણ સંપ્રદાય સિવાયના અન્ય નિરાકારવાદી, વામમાર્ગી વગેરે મતમતાન્તરવાદી. ૬/૨૭૧; ૮/૨૨;
- **મનવાર્ય**= મોટું વહાણ, જહાજ. ૧/૭૨; ૩/૧;
- **મનસૂબા**= સંકલ્પો, કાંઈક કરી લેવાના વિચારો. ૧/૨૫૧; ૧/૩૨૦; ૨/૧૦૫; ૫/૩૮૨;
- **મનુષ્ય તો લીમડી કે નીચે**= માનવી તો આ લીમડા નીચે મહારાજ તમારી સમીપે બેઠેલા છે, જેઓ ધર્મ-નિયમ સહિત પ્રગટની ભક્તિ કરે છે તે જ છે. ૩/૮;
- **મનુષ્યભાવ**= દેહભાવ, માયિકભાવ, જેમાં ગુણાનુરાગ - ગુણાનુબુદ્ધિ પ્રવર્તે છે તેવો ભાવ.
- **મભમ**= યુક્તિથી સિદ્ધાંત મૂકવો તે-અસ્પષ્ટ-ઉખાણામાં કહેવું તે. ગોળગોળ વાત કરવી તે. ૬/૨૧૮;
- **મમત**= આગ્રહ, પક્કડ. ૬/૭૯;

## પરિશિષ્ટ-૧ : શબ્દપ્રયોગ અને તેનો ભાવાર્થ 

- **મરતી મરતી કાન હલાવે**= પરાણે, ઉત્સાહ વિના કાર્ય કરે. ૬/૨૪૪;
- **મર્મની વાતુ**= રહસ્યની વાતો, છૂપી વાતો, ભેદ. ૫/૬૪;
- **મર્મમાં / મર્મે**= રહસ્ય જાળવી રાખીને. ૬/૨૧૧; ૬/૨૨૯; ૭/૧;
- **મર્યને**= ભલેને. ૪/૬૧;
- **મલક**= પ્રદેશ. ૬/૫૨; ૬/૧૫૧;
- **મશક**= પાણી ભરવાની ચામડાની કોથળી. ૭/૨૬;
- **મસારો માંડી**= વાર્ષિક પગાર-મહેનતાણું નક્કી કરી. ૯/૨૧૩;
- **મસાણિયા**= સ્મશાનમાં રહેનારા. ૬/૪૩; ૯/૩૦૧;
- **મહાજનનું ગોધલું**= ગામના પ્રતિષ્ઠિત માણસના વેઠિયા-વગર પૈસાના નોકર. ૯/૨૯૮;
- **મહાપુરુષાદિક**= અહીં પ્રધાનપુરુષ સમજવું, કારણ કે ઈશ્વરકોટીનો આરંભ તેનાથી જ થાય. (વચ.ગ.મ.૩૧, સત્સંગીજીવન, ૧/૧૨/૩૨)
- **મહાપ્રલય**= આપણાં ચાર અબજ બત્રીશ ક્રોડ વર્ષને (કલ્પને) અંતે થતો મનાતો એવો સૃષ્ટિનો સમૂળગો નાશ.
- **મહાવિષ્ણુરૂપ**= ઘણો વિશાળ ને દિવ્ય, અલૌકિક. ૩/૩૫;
- **મહિમાની વાતુ નિરંતર**= હંમેશાં પ્રતાપ, યશ, માહાત્મ્યની વાતો, અમહિમાની વાતો પછી ક્યારેય નહિ. ૧/૧;
- **મહોદધિ**= મહાસાગર. ૭/૨૯; ૮/૧૦
- **મળતું રાખીને**= સૌની માન્યતા સાથે હળીમળીને. ૧/૧૪૬;
- **મામલામાં ન આવ્યા તે માટી**= મરદ-પુરુષાર્થી વ્યક્તિ. ૯/૨૬૫;
- **માનનું ડીંડું**= મોટાઈ કે અભિમાનમાં રહેવું. ૬/૧૧૫;
- **માથાં માંડી આપ્યાં**= દોષિત ઠરીએ તો માથું કાપી લેવું એવું લખાણ કરી આપ્યું. ૯/૨૦૪;
- **માયા**= અહમ્-મમતાનું કોઈ પણ પ્રકૃતિ ને પ્રકૃતિનું કાર્ય, અવિદ્યા.
- **માયા શબલિત બ્રહ્મ**= મહાકારણથી અથવા મૂળપ્રકૃતિથી મુક્ત ન થયેલ આત્મસ્વરૂપ પુરુષ-પ્રકૃતિપુરુષ. ૭/૧૫;
- **માયાના પેચમાં**= પ્રપંચમાં, જાળમાં, દાવમાં. ૩/૨૭;
- **મારવેકિ**= દોષમુક્ત થવાનો જેણે નિશ્ચય કર્યો છે. ૬/૨૨૨;
- **માહાત્મ્ય**= મહિમા, મહત્વ. ૧/૧૪૫;
- **માહાત્મ્યજ્ઞાને સહિત અનન્ય ભક્તિ**= ભગવાન અને ભગવાનના વાણીસ્વરૂપના જ્ઞાનના મહિમા સહિતની, અન્ય કોઈપ્રત્યે નહિ એવી ભક્તિ. ૩/૨૫;

- **માંગરનો=** હરિજનની એક જાતિનો-આળસુ, પ્રમાદી ને લુચ્ચો. ૯/૬૮-૩૩૩;
- **માંહીલા=** અંદરના, સૂક્ષ્મ દેહના. ૧/૬૨;
- **મિષ લઈને=** નિમિત્ત બનીને, બહાનું કાઢીને. ૫/૮૫; ૬/૨૫૦;
- **મીની=** બિલાડી. ૯/૬૪;
- **મુદ્દલ=** જરાય. ૧/૨૪૪;
- **મુનિ થકા=** મનનશીલ થઈને, મનન કરે તે મુનિ. ૭/૨૬;
- **મુમુક્ષુ=** મોક્ષાર્થી, ત્રિવિધ દુઃખની નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિરૂપ મોક્ષની ઇચ્છા ધરાવનાર-ભગવાન સિવાય બીજું કાંઈ પણ ન ઇચ્છનાર.
- **મુરશિદ=** ધર્મગુરુ. ૪/૧૪૩; ૬/૧૭૪;
- **મૂઆ સુધી=** મરતા સુધી. ૨/૧૦૫;
- **મૂઓ વાંચ્યો=** મરેલ જાણ્યો. ૯/૨૨;
- **મૂલ=** મૂલ્ય, કિંમત. ૪/૩૭;
- **મુન્ય=** મૌન. ૯/૬૮
- **મૂળગું=** બધુંય. ૧/૩૨૧;
- **મૂળગું=** માત્ર. ૬/૨૫૫;
- **મૂળગો=** તદ્દન. ૨/૨૮;
- **મેડી-મેડીઉં=** મકાનનો ઉપલો માળ, માળવાળું મકાન. (મેડી-એ.વ., મેડીઉં-બ.વ.) ૧/૧૧; ૨/૧૯; ૨/૮૪; ૨/૧૨૦;
- **મેરુ=** પૌરાણિક સમય પ્રમાણે એ નામનો પર્વત.૩/૨૩;
- **મેવાશી=** બેદરકાર, એદી, અંકુશ વગરનો. ૩/૫૯;
- **મેહ મોંઘા છે=** વરસાદ દુર્લભ છે. ૬/૧૭૨;
- **મેહની ઘોડ્યે=** વરસાદની રાહ જોઈએ તેમ. ૯/૨૭૯;
- **મેહા=** વરસાદ. ૬/૩૨;
- **મેળવાણ=** અખરામણ, મિશ્રણ. ૬/૬૭;
- **મેળાવ્યાનાં=** ૯/૧૦૩;
- **મોકળું મૂકે=** ખુલ્લું મૂકે. ૭/૨૬;
- **મોકળો મેલીએ=** છૂટો મેલીએ. ૫/૩૭૨;
- **મોક્ષ=** મુક્તિ, આત્માનો માયિક સંબંધોથી છૂટકારો, આત્માનું કલ્યાણ. ૧/૧૪; ૧/૨૩૩;

# પરિશિષ્ટ-૧ : શબ્દપ્રયોગ અને તેનો ભાવાર્થ

- **મોક્ષાર્થી**= મુમુક્ષુ-ત્રિવિધ દુઃખની નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિરૂપ મોક્ષની ઇચ્છા ધરાવનાર-ભગવાન સિવાય બીજું કાંઈ પણ ન ઇચ્છનાર.
- **મોજ**= રાજીપાના ફળસ્વરૂપે મળેલ ઇનામ, બક્ષિસ. ૪/૩૭; ૫/૬૫;
- **મોઢું ફાડશે**= મોઢું ખોલશે. ૯/૬૮;
- **મોટલિયા**= ગાંસડો-પોટલું ઊંચક્નાર મજૂરો. ૩/૬૧;
- **મોટાને સેવ્યા**= જેમ ભગવાનનું કહ્યું કરે તેમ જ મોટાનું કહ્યું કરે તો મોટાને સેવ્યા કહેવાય. ૧/૬;
- **મોતીઉં**= નેવાંની નીચલી ધારને સુશોભિત કરતું પાટિયું. ૯/૫૨;
- **મોર્યે**= અગાઉ. ૨/૬૩; ૩/૩૮;
- **મોર્યેની ઘોડ્યે**= ૯/૨૩૮;
- **મોવાળો**= વાળ. ૫/૬૭;
- **મોસલ**= સરકારી હુકમ બજાવનાર. ૧/૪૫;
- **મોસલાઈ**= સરકારી દંડની રકમ. ૬/૨૪૨;
- **મોહ**= અજ્ઞાન, આસક્તિ, પ્યાર.
- **મિષે**= ૯/૪૭;

**– : ય : –**

- **યોગ**= સંબંધયોગ, તક.

**– : ર : –**

- **રખે પડતી જો ભેળ**= કદાચ ખબર પડે, બાકી માયામાં જ ફસાવાના.૫/૪૨૯;
- **રઘુવીરજીમહારાજ**= વડતાલ ગાદીના પ્રથમ આચાર્ય. ૮/૧૫;
- **રજની**= રાત્રિ. ૯/૨૮૪;
- **રજોગુણી**= રજોગુણવાળું. ૧/૬૧;
- **રસા**= દોરડું. ૬/૨૯;
- **રળનારા**= ધન કમાનારા. ૫/૨૨૫;
- **રળતા**= મહેનત કરતા. ૯/૯;
- **રળીને**= કમાઈને. ૫/૨૨૬;
- **રળે**= કમાવું. ૬/૧૪૨;
- **રવિ**= સૂર્ય-દિવસ. ૯/૨૮૪;

- **રંડાપો**= વિધવાપણું, વૈધવ્ય. ૫/૨૬૫;
- **રાજર્ષિ**= ઋષિઓમાં રાજા સમાન, તપે કરીને થયેલ ક્ષત્રિય ઋષિ. ૨/૩૮;
- **રાજા દાને ને પ્રજા સ્નાને**= રાજાતો ઘણું બધું દાન કરીને પુણ્ય કમાય પણ પ્રજાનું એટલું ગજું નહિ તો શ્રદ્ધાપૂર્વક પવિત્ર નદીમાં સ્નાન કરીને પુણ્ય પ્રાપ્ત કરે. ૫/૧૨૨;
- **રાજાની બાની**= રાજાની દાસી, બાંદી. ૩/૫૨;
- **રાજાનો ઉમરાવ**= રાજાનો ભાયાત, શ્રીમંત, અમીર, ઇનામદાર. ૬/૨૧.
- **રાજ્યભૃત્યાદિક**= રાજ્ય-વ્યવસ્થા વગેરે સંબંધી. ૫/૩૨૩;
- **રાત્રિપ્રલય**= અજ્ઞાનપ્રલય, પ્રકૃતિપુરુષ અને પ્રકૃતિપુરુષનું કાર્ય નજરમાં ન આવે ને ભગવાનના કર્તાહર્તાપણામાં સંપૂર્ણ નિર્દોષબુદ્ધિ એવી શુદ્ધ સમજણની સિદ્ધદશા.
- **રાબડી ઝકોળ્યા જેવું**= ભરડકું, કાંજી, ઘેંસ કે શેરડીના રસને ઉકાળીને જાડો કરી પિવાના વિચારોમાં ડૂબવા જેવું. ૯/૭૪;
- **રાનેલ** = રાંદલ-સૂર્યને/પતિને મૂકી એકલી પૂજાતી સ્ત્રી. ૯/૩;
- **રાફી**= રાફડા આકારનો પગ થઈ જાય તેવો એકજાતનો રોગ. ૧/૯૨;
- **રાળ**= દેશમાં અગાઉનું એક જાતનું નાણાકીય ચલણ. ૩/૧; ૬/૨૯;
- **રાંકાં**= ગરીબડાં. ૨/૯૫;
- **રુમે**= રોમ. ૬/૩૨;
- **રૂખમાં**= ધર્મમર્યાદામાં, અદબમાં. ૬/૧૫૭; ૯/૨૫૩
- **રેન**= રાત, ઘોડાની લગામ. ૩/૪૮; ૫/૧૧૭; ૬/૨૧૮; ૯/૧૯૧;
- **રેવા**= ચિત્તો. ૯/૬૪;
- **રેડવી મૂકી**= ગબડતી-સરકતી મૂકી. ૯/૨૦૪;
- **રે'ણીએ**= રહેણી, પદ્ધતિ. ૬/૯૮;
- **રૈયતને**= પ્રજાને. ૫/૨૪૯;

## - : લ : -

- **લખચોરાશી**= ચોરાસીલાખ જન્મનું ચક્ર. ૧/૫૦;
- **લખાણ**= લક્ષણ. ૯/૨૨૯;
- **લગાર**= જરાય. ૧/૩૦૮; ૪/૫૭;
- **લઠા લઠિયે**= લાકડીએ વઢવાડ. ૬/૮૫;

## પરિશિષ્ટ-૧ : શબ્દપ્રયોગ અને તેનો ભાવાર્થ



- **લઠા લઈ**= ગદા લઈ. ૯/૨૭૯;
- **લબરખાં**= ચીંથરેહાલ, વધુ પડતું બોલનાર. ૬/૨૨;
- **લબલબાટ**= બકબકાટ, લવારો. ૫/૧૩૭;
- **લબાડ**= જૂઠું બોલવાની ટેવવાળો. ૬/૪૯;
- **લહરકા**= તાકીદના પ્રયત્ન. ૯/૪૦;
- **લહિયો**= લખવાનું કામ કરનાર માણસ. ૯/૩૦૧;
- **લહ્યામાં**= અનુભવમાં, માણવામાં. ૮/૩૨; ૮/૩૩;
- **લવાને**= મુસ્લિમ રિયાસત સમયના મશ્કરાને- વિદૂષકને. ૯/૪૦;
- **લંધી**= મરનારની પાછળ છાજિયાં કુટાવનારી સ્ત્રી. ૫/૩૫૫;;
- **લંબકાર્ણ**= ગધેડો. ૧/૧૪૨; ૧/૩૧૫;
- **લાજું કાઢીને**= સામું ન જોવું, ઉપેક્ષા કરીને, અવગણના કરીને, ૧૧૪ પ્રકરણોમાંનું એક. ૩/૬;
- **લાગટ**= લગાતાર-સતત ચાલુ. ૯/૨૪૭;
- **લીખ**= માથામાં થતી એક જાતની જીવાત, 'જૂ'નું ઈંડું. ૨/૧૦૮;
- **લીટા તાણીએ**= જમપુરી-લખચોરાશી-ગર્ભવાસના પ્રારબ્ધનો નાશ કરીએ. ૧/૫૦;
- **લીલો પલ્લવ**= લીલોછમ, ખૂબ પ્રસન્ન ચિત્તે સત્સંગ કરવો. ૩/૫૯;
- **લેખે લગાડે**= સાર્થક કરે. ૬/૬૩;
- **લોકાલોક**= પૌરાણિક સમય પ્રમાણે એ નામનો પર્વત. ૧/૩૨૩; ૩/૨૩;
- **લોપતલ**= લોપનાર, પાલન નહિ કરનાર. ૬/૪૩;
- **લોપી**= ન માનવા દે, ઉલ્લંઘન કરાવે. ૧/૧૧૦;
- **લોઢી જેવું માથું ધગે**= ગરમ લોઢાની તવી જેવું માથું ગરમ. ૮/૧૨;
- **લોટિયા**= લોટ પીને રહેનાર. ૯/૨૬૨;
- **લાંપડું**= હલકી જાતનું ઘાસ. ૯/૧૪૦;
- **લાંઘે છે**= નકરડા ઉપવાસ કરે છે. ૯/૨૦૪;
- **લોંટો ઝોંટો**= જેવું તેવું. ૫/૨૭૫;
- **લોંઠાએ**= પરાણે. ૬/૧૯; ૬/૧૮૫; ૯/૨૩૫;

## – : વ : –

- **વગડો=** ગામ બહારની નિર્જન જગ્યા. ૪/૭૭;
- **વઘારણી=** હિંગ. ૯/૨૦૪
- **વજ્ર=** આયુધ, હથિયાર. ૧/૨૧૨;
- **વજ્રલેપ=** વજ્રની જેમ, નાશ ન પામે તેવું. ૪/૮૭;
- **વડવાનળ અગ્નિ=** સમુદ્રના પાણીથી ન હોલવાતો સમુદ્રના તળિયે રહેલો જ્વાળામુખીનો અગ્નિ. ૧/૨૮૯; ૫/૧૫૨;
- **વડાદરા=** લોટ કે કાચુ સીધું માંગીખાનાર બ્રાહ્મણની એક જ્ઞાતિ. ૫/૨૮૨;
- **વાણ=** કપાસ. ૯/૨૦૭;
- **વાણાશજી=** આશ વિનાનું, આશ રહિતનું, આશા વિનાનું, ૬/૮૩;
- **વતું=** હજામત. ૯/૧૫૨;
- **વમન=** ઊલટી-બકારી. ૮/૩૬;
- **વરસાદ પાણ બે પછેડીવા હરે=** બે જાડી ચાદર પલળે તેટલા વરસાદથી રક્ષા કરે. ૬/૫૯;
- **વર આપ્યો=** વરદાન આપ્યું. ૯/૨૧૭;
- **વર વિનાની જાન=** એકલા જાનૈયાની વરરાજા વિના કોઈ કિંમત નહિ; કહેવાનો ભાવાર્થ એ કે સત્પુરુષનો ઉપદેશ ગ્રહણ કરવાથી જ કલ્યાણ થાય. ૯/૮;
- **વહવાયા=** ચાકરી કરનારા નીચલી જાતિના લોકો-કેવળ વિષય ભોગમાં જ આસક્ત લોકો. ૯/૪૨;
- **વળગાડ=** વળગવું, આગ્રહથી લઈ મંડવું, બાઝવું. ૫/૩૫૦;
- **વળોટવો=** ઓળંગવો. ૯/૫૬;
- **વળોટાવા=** વળાવવા. ૯/૨૬૭;
- **વાછૂટ=** મળદ્વારેથી નીકળતો વાયુ. ૫/૬૧;
- **વાજ=** વેગીલી ચાલ. ૫/૫૩;
- **વાઢ વાવ્યો=** શેરડીનું વાવેતર કર્યું. ૯/૨૧૬;
- **વા'ણ=** વહાણ. ૧/૭૨;
- **વા'ણનું સુકાન ધ્રુવ સામું=** ખલાસીઓ વહાણ હંકારવા ધ્રુવના તારા આધારે દિશાસૂઝ મેળવે. ૬/૧૮૮;
- **વાદી, ફૂલવાદી, ગારુડી=** ત્રણેય ઉત્તરોત્તર શક્તિશાળી મદારી. ૩/૫;

# પરિશિષ્ટ-૧ : શબ્દપ્રયોગ અને તેનો ભાવાર્થ

- **વાનાં**= વસ્તુઓ. (બ.વ.) ૨/૩;
- **વાયરો**= પવન. ૪/૫૧;
- **વાવરે**= વાપરે, ઉપયોગમાં લે. ૨/૫; ૯/૩૦૦;
- **વાવરતો**= વાપરતો-ઉપયોગમાં લેતો. ૯/૧૨૫;
- **વાવડ્યું**= વાવેલું-ઉગાડેલું. ૯/૧૭૪;
- **વાસના**= પૂર્વના સંસ્કારોથી મકકમ થયેલી કામના.
- **વાહર લેતા**= હવા ખાતા. ૯/૩૦૦;
- **વાળુ**= સાંજ પછીનું ભોજન. ૯/૧૨;
- **વાંઢા પુરુષ**= અપરિણીત. ૪/૧૯;
- **વાંસે**= પાછળ. ૩/૧;
- **વાંસે વાર આવી**= પાછળ હુમલો આવ્યો. ૯/૨૧૪;
- **વાંસે જઈ તગડ્યા**= પાછળ પડી નસાડ્યા. ૯/૨૧૭;
- **વિક્તિ**= વિગત-વિવરણ. ૨/૫૩;
- **વિધિનિષેધ**= ધર્મશાસ્ત્રોમાં જે ''આમ કરવું ને જે આમ ન કરવું'' એવો ઉપદેશ. ૩/૭૧;
- **વિભૂતિ અવતાર**= ભગવાનની વિશેષ શક્તિઓવાળો અવતાર. ૧/૩૨૯; ૭/૧૫;
- **વિમાન કરાવી**= અંતિમવિધિ માટેની પાલખી કરાવી. ૮/૩૬;
- **વિમોક**= સ્ત્રી-પુરુષને પરસ્પર આસક્તિરહિત રહેવું, રાગરહિતની સ્થિતિ. ૫/૨૯;
- **વિયાય**= પ્રસૂતિ થાય. ૧/૧૮૯; ૨/૧૦૮;
- **વિરાટ**= ઈશ્વરનો દેહ; જીવના સ્થૂળ દેહની જેમ. ૫/૧૮૯;
- **વિશિષ્ટાદ્વૈત**= ''ચિત્ અને અચિત્ સાથેનું વિશિષ્ટ બ્રહ્મ છે'' એ પ્રકારનો શ્રી રામાનુજાચાર્યે પ્રવર્તાવેલો વેદાંતનો સિદ્ધાંત. ૮/૩૪;
- **વિશ્વાભિમાની**= સ્થૂળ શરીર અને જાગ્રત અવસ્થાને પોતાનું રૂપ માનનાર જીવ/વ્યક્તિ. ૨/૭૮;
- **વિષવ્યાલ**= ઝેરીલો, લુચ્ચો માનવી. ૬/૨૧૮;
- **વિષય પરાભવ પમાડતા હોય**= પંચવિષય આગળ હારી જવાતું હોય. ૧/૨૮૫;
- **વિષયના જોગમાં સારું રે'વાય છે**= માયાના પંચવિષય સાથે રહીને ભગવાન ભજવા જેવું કાર્ય થાય તે. ૫/૩૫૩;
- **વિષ્ટા**= નરક, મળ. ૫/૨૮૩;

- **વિહદ**= પાર વિનાનું, હદ વગરનું, અપાર.
- **વિહીત**= શાસ્ત્રે મના ફરમાવેલ. ૫/૨૩;
- **વીરલા**= બહાદુર, શૂરવીર. ૫/૪૦૨;
- **વીરડો ગાળી**= નદી કે તળાવના સૂકા ભાગમાં પાણી માટે ખાડો ખોદી. ૯/૧૭૪;
- **વુઠે મેહે કાળ**= વધુ વરસાદથી પડતો લીલો દુકાળ. ૩/૩૫; ૬/૧૩૧;
- **વેગ લગાડવો**= ઉપાસનાનાં વચનામૃતના વાંચન, શ્રવણ, મનન, નિદિધ્યાસ ભજન વગેરેમાં મંડી પડવું. ૫/૨૬૮;
- **વેગળા મેલતા નથી**= પોતાનાથી છૂટા મૂક્તા નથી. ૫/૨૪૯;
- **વેઠિયાની પેઠયે**= ફરજિયાત વગરપૈસે નોકરી કરનારની જેમ. ૬/૧૮૮;
- **વેરે**= સાથે. ૯/૧૭૪;
- **વે'લડું**= વહેલ-છાપરાવાળું ગાડું. ૯/૨૦૪;
- **વેળ વળી ગઈ**= સમય વીતી ગયો. ૬/૫૯;
- **વેવલાવેડા**= ફાંફાં મારવાં-વલખાં મારવાં. ૯/૩૭;
- **વૈદું કરી કરીને**= વૈદકીય ઉપચાર કરીને. ૩/૧૮;
- **વૈકુંઠ**= વિષ્ણુ ભગવાનનું ધામ. ૧/૪૮;
- **વૈરાગ્ય**= આલોક ને પરલોકના વિષયભોગો પ્રત્યે ઇચ્છા કે પ્રીતિ ન હોવી તે. ૧/૭;
- **વૈરાટ**= વિરાટપુરુષ, વૈરાટ્નારાયણ.
- **વ્યતિરેક**= સ્વયં જાતે સત્તામાત્ર રહી ધાર્યું કામ કરી લેવું તે. ૫/૧૮૯; ૮/૧૦;
- **વોંકળી**= નાનો વહેળો. ૫/૨૮;

## - : શ : -

- **શકખાય છે**= શંકા કરે છે, વિશ્વાસ નથી આવતો. ૬/૨૮૫;
- **શૂકર**= ડુક્કર, વરાહ. ૧/૨૬૦;
- **શબલિત**= અસરવાળું, મિશ્રિત, ઉપાધિવાળું. ૮/૩૬;
- **શબ્દથી દેહ બંધાય**= પરાવાણીના શબ્દોથી સૂક્ષ્મ શરીરનું દેહભાવમાંથી બ્રહ્મભાવમાં નવસર્જન. ૫/૧૮૨;
- **શબ્દવેધી**= અવાજ જ્યાંથી નીકળ્યો હોય એનો ખ્યાલ કરી, એ નિશાન વીંધનાર. ૮/૨૩;
- **શરીર-શરીરી**= દેહ-દેહમાં રહેનાર આત્મા / આત્મા-આત્મામાં રહેનાર પરમાત્મા. ૮/૩૩;

# પરિશિષ્ટ-૧ : શબ્દપ્રયોગ અને તેનો ભાવાર્થ

- **શરણાગતવત્સલ=** આશ્રય લેનાર, રક્ષણ માગનારને બાળકતરફના વહાલભર્યા ભાવથી સ્વીકારનાર. ૧/૧૪૦;
- **શલભ=** પતંગિયું. ૭/૨૫;
- **શશી=** ચંદ્ર. ૩/૫૪;
- **શાલ=** શાલિગ્રામ, ગંડકી નદીના પટમાંથી મળતા ગોળ કાંકરા જેને વિષ્ણુનું સ્વરૂપ સમજે છે. ૬/૧૩૧; ૬/૨૧૮;
- **શાસ્તા=** નિયંત્રણ, નિયામક. ૨/૪૩;
- **શાહુકાર=** ધનિક. ૩/૬૧;
- **શાહેદી પૂરી=** સાક્ષી આપી. ૯/૩૩૫;
- **શાળગ્રામને કારસો=** દેહને કષ્ટ, ભીડો. ૬/૧૦૮;
- **શીકારાય=** સ્વીકારાય.૫/૪૧૪;
- **શુશ્રૂષા=** સેવાચાકરી. ૬/૧૬૧;
- **શૂકર=** વરાહ. ૧/૨૬૦;
- **શૂરવીરનાં શીંગડાં=** શૂરવીરોમાં શ્રેષ્ઠ. ૨/૭૪;
- **શેવાળ=** લીલ. ૨/૯૮;
- **શેષશાયી=** શેષનાગપર શયન કરનાર ભગવાન વિષ્ણુ. ૬/૯૫;
- **શૈલ્ય=** સત્સંગનો પાસ (સંગ-સોબત) લાગવારૂપી કાંટા/ફણગા. ૫/૯૪;
- **શોધેલું=** શુદ્ધ, સાફ કરેલું. ૫/૭૬;
- **શોધવાનું એવાં કામ=** શુદ્ધ કરવાનું-સાફ કરવાન એવાં કામ. ૫/૩૮૨;
- **શ્યામતાઈ=** કાળાશ. ૩/૧૧;

**- : શ્ર : -**

- **શ્રાદ્ધ=** પિતૃઓની તૃપ્તિમાટે ભાદરવા માસના કૃષ્ણપક્ષમાં કરાતી તર્પણ ક્રિયા. ૨/૪૭;
- **શ્રુતિ-સ્મૃતિ=** હિંદુઓનાં પ્રત્યેક ધર્મશાસ્ત્રો જે સાંભળી/સ્મરણ કરીને લખાયેલ છે. ૮/૨૨;
- **શ્વપચ=** કૂતરાજેવા વફાદાર પ્રાણીને પણ મારીને ખાનાર માનવીની નીચ કોમ. ૧/૧૮૬; ૮/૨૨;
- **શ્વાન=** કૂતરો. ૧/૨૬૦;

- **શ્વાનભાગ=** જમતાં પહેલાં ખોરાકમાંથી કૂતરાને માટે જુદું કાઢી લેવું તે. ૫/૮૫;
- **શ્વેતદ્વીપ=** વાસુદેવ ભગવાનનું ધામ.
- **શ્રીપતિમ્....=** કથા-ચેષ્ટા વિસર્જન વખતે સાંપ્રદાયિક પ્રથા મુજબ બોલતો શ્લોક. ૯/૪૨;

## – : સ : –

- **સકંજે=** ભીંસમાં. ૯/૨૬૧;
- **સગાળ=** સુકાળ. ૧/૨૫૫;
- **સગુણ=** માયાના ગુણથી પ્રભાવિત થયેલ ભાવ. ૨/૫૭; ૮/૩૦;
- **સચ્ચિદાનંદબ્રહ્મ=** સત્ ચિત્ અને આનંદ એ ત્રણથી પૂર્ણબ્રહ્મ. ૫/૪૨૨;
- **સડક=** પાકો રસ્તો. ૧/૧૪૭;
- **સત્ત્વગુણી=** સત્ત્વગુણવાળું.
- **સદ્આશય=** મનની સારી ધારણા-સારો ઇરાદો. ૮/૩૧;
- **સદ્ભાવ=** બીજાપ્રત્યે સ્નેહની લાગણી કે સારાપણાનો ભાવ.
- **સપૂત=** સુપુત્ર. ૬/૧૫૧; ૯/૧૪૩;
- **સમદર્શી=** સૌની તરફ સરખી નજરે જોનાર, નિષ્પક્ષપાતી. ૧/૨૫૩;
- **સમળા=** સમડી, એક પક્ષી. (પુ.) ૩/૨૩;
- **સમાગમ=** સત્પુરુષ કે એકાંતિકની સૂઝનો સ્વીકાર કરવો તે, નિયમિત એમની ગોષ્ઠિ સાંભળવી તે, સોબત, સંગત.
- **સમામાં=** સમયમાં. ૫/૬૩;
- **સમાસ થાય=** વૃદ્ધિને પમાય, પુષ્ટિ થાય. ૧/૧૩; ૪/૨૮; ૪/૧૪૧;
- **સમાહિત=** સ્વસ્થ, શાંત, સ્થિતપ્રજ્ઞ, એકાગ્ર. ૭/૨૬;
- **સમું=** સરખું. ૨/૨૮;
- **સત્સંગીજીવન=** શુકમુનિ રચિત સ્વામિનારાયણ સંપ્રદાયનો એક પ્રચલિત ગ્રંથ. ૮/૧૫;
- **સરાણ=** ધાર કાઢવાનું યંત્ર. ૧/૨૧૯;
- **સરાણે ચડાવ્યાથી=** ધાર કાઢવાના યંત્રના ઉપયોગથી. ૫/૧૯;
- **સરું=** છેડો, અંત, પાર. ૨/૪૦;
- **સલવાઈ=** અટવાઈ. ૮/૨૮;

# પરિશિષ્ટ-૧ : શબ્દપ્રયોગ અને તેનો ભાવાર્થ

- **સલાટ**= પથ્થરની મૂર્તિ ઘડનાર શિલ્પી. ૩/૧૩;
- **સળંગ સુતર**= ૯/૧૨૫;
- **સંગ**= સમાગમ, હેતુ માટેનો સંબંધ, સોબત, સહવાસ. ૧/૧૩૩; ૧/૩૩૯;
- **સંઘેડો**= લાકડાંના ઘાટ ઉતારવાનું યંત્ર. ૬/૫૩;
- **સંચિત**= કર્મફળનો સંગ્રહ. ૬/૮૧;
- **સંદેહ**= શંકા, સંશય. ૫/૬૩;
- **સંસૃતિમાં**= જન્મમરણચક્રમાં-સંસારમાં. ૮/૩૬;
- **સાદશ્યપણું**= સરખાપણું, સમાનપણું, ૮/૩૨;
- **સાડીસાતી પનોતી**= સાડાસાત હાથ/વર્ષની શનિની વક્રદશા/પડતી દશા. ૯/૩;
- **સાક્ષાત્કાર**= પરમતત્ત્વ કે ભગવાનનું પ્રત્યક્ષ દર્શન કે સાક્ષાત્ અનુભવ. ૧/૭૪;
- **સાખે**= સાક્ષી, શાહેદી. ૮/૧૫;
- **સાથવો**= શેકેલા અનાજનો લોટ. ૫/૩૯૭;
- **સાધન કરો તો થાય**= ગુણાતીત એવા સત્પુરુષને ઓળખી તેમનું સેવન કરવું, સમાગમ કરવો તે. ૧/૫; ૨/૭૦;
- **સાધુતા**= ''ઇન્દ્રિયો-અંતઃકરણના દોરાયા ના દોરાવું.'' તેવો ગુણ. ૧/૩૨૮;
- **સાટે**= બદલે-અવેજમાં. ૯/૨૨;
- **સાબદાં**= સજ્જ, તૈયાર. ૩/૧૯;
- **સામત પતંગ**= ઝિંઝાવદરના અલૈયા ખાચરના પિતા. ૩/૫૦;
- **સાલી તાણે**= ધોરિયામાં કાંણાં પૂરવા, ઘાસના પૂળાપર છોકરાને બેસાડી ખેંચવો. ૧/૨૦૩;
- **સાલેમાળ**= એ વિસ્તારના ડુંગરનું નામ. ૯/૩૩૪;
- **સાવજ**= સિંહ. ૧/૧૮; ૨/૧૨૨;
- **સાળો**= તેનું નામ શાલીભદ્ર. ૯/૨૪૪;
- **સાંખ્ય વિચાર**= ''સત્ય એવા આત્મા-પરમાત્માના સંબંધમાં જ સતત રહેવાય'' તેવા યથાર્થ વિચાર-પ્રકૃતિનું કાર્ય સર્વે વિચારે કરીને નાશ કરી નાખવું તેનું નામ સાંખ્યવાત.
- **સાંગરીઉં**= સીંગો. (બ.વ.) ૩/૬૮;
- **સાંઠીઉં સૂડતા**= કપાસ, તલ વગેરેના સુકાઈ ગયેલ છોડ ખોદી કાઢવાની મજૂરી કરતા. ૯/૨૬૧;
- **સાંતી**= ખેતીની જમીન. ૬/૬૬;
- **સાંતીડું**= હળ. ૬/૬૬; ૯/૯;

- **સાંભળીને તે આકારે થઈ જાવું=** સંપૂર્ણ સ્વીકાર કરીને તે જ પ્રમાણે વર્તવા માંડવું. ૫/૪૧૮;
- **સિદ્ધાંતરૂપ=** એ નિશ્ચય કે જે સંપૂર્ણ ચર્ચા-વિચારણા પછી સાચો સાબિત થયેલ, એવો છેવટનો નક્કી કરેલ નિશ્ચિત નિર્ણય કે જેને અનુસરવામાં જ માનવું પણ તેમાં કોઈ અપવાદ કે બાંધછોડ નહિ.
- **સિંહનો માલ શિયાળિયાં ખાઈ શકે નહિ=** સિંહે કરેલ શિકાર શિયાળિયાં ખાઈ શકે નહિ, તેમ મોટાને ખરેખરો જીવ સોંપનારને માયા પરાભવ કરી શકે નહિ. ૫/૩૪૫;
- **સીંદરીનું વા'ણ=** કાથાની દોરડી ભરેલ વહાણ. ૯/૧૦૭
- **સુકૃત=** શાસ્ત્રમાન્ય સત્કર્મ, સારું કાર્ય, પુણ્યકાર્ય.
- **સુખડાં ના થાળ=** મીઠાઈના થાળ. ૫/૩૯૭;
- **સુખપાલ=** એક જાતની પાલખી. ૩/૭૦;
- **સુગાવળો છું=** જેને ચીતરી ચડે તેવો. ૩/૪૭;
- **સુરત ન રાખી=** સરત, ધ્યાન ન આપ્યું. ૪/૯૨;
- **સુરત રે'તી નથી=** સરત, ધ્યાન રહેતું નથી. ૨/૫૬;
- **સુરત રાખી=** સરત/ધ્યાન રાખી, લક્ષ્ય તરફ નજર રાખી. ૨/૭૬; ૪/૯૨;
- **સુરપુર=** સ્વર્ગ. ૩/૨૮; ૯/૨૪૬;
- **સુરંગું=** દારૂગોળાની એક જાતની બનાવટ. (બ.વ.) ૩/૪૩;
- **સુવાણ્ય=** સુગમ, સરળ, સહેલું. ૨/૫૬; ૬/૨૯૩;
- **સૂક્ષ્મનું=** મનની મૂંઝવણ. ૧/૧૪૬;
- **સૂત્રાત્મા=** ઈશ્વરનો દેહ; જીવનાં સૂક્ષ્મ દેહની જેમ. ૫/૧૮૯;
- **સૂરતના ખાડા=** જાજરૂ, સંડાસ. ૨/૨૩;
- **સેવક-સેવ્ય=** સેવા કરનાર અને (સેવક-સ્વામી) ઉપાસક-સેવવા યોગ્ય: પ્રગટ પુરુષોત્તમ- ભગવાન. ૮/૩૩;
- **સોંઘા=** સસ્તા, સો સો જન્મના પુરુષાર્થે પણ ન મળે એવા ભગવાન આજ મફતમાં સામે ચાલીને મળ્યા છે. ૯/૫૧;
- **સોદરી વળે-વળશે=** ધરાઈ ગયાની-સંતોષની લાગણી થવી.૬/૨૦૭;
- **સોણાની=** સ્વપ્નની. ૯/૪૨;
- **સોબાવામાં=** ઝાપટવામાં. ૯/૧૪૫;
- **સોપો જ પડતો નથી=** અવિરતપણે અખંડ ચાલુ જ રહે છે. ૩/૫૬;

# પરિશિષ્ટ-૧ : શબ્દપ્રયોગ અને તેનો ભાવાર્થ

- **સોમલખાર**= એકજાતનું ઝેર. ૨/૧૩૯;
- **સોમવલ્લી**= સોમલતા નામે જાણીતી વેલના પાનનો રસ જે યજ્ઞમાં વપરાતો કે જે કાતીલ ઝેર હોવા છતાં ય કેટલાક સમર્થ ઋષિ તેનું પાન કરતા. ૧/૧૮૬; ૩/૪૧;
- **સોતને**= સુધ્ધાંને. ૯/૨;
- **સોરાઈ ગયો**= ઉઝરડાઈ, છોલાઈ ગયો. ૩/૫૯;
- **સોરી પાડ્યે**= ભાંડે, વઢે. ૫/૩૯૯;
- **સોંસરો-સોંસરા**= આરપાર. ૫/૫૩; ૫/૨૪૪;
- **સોંઘા**= સસ્તા, ''સો સો જન્મના પુરુષાર્થે પણ ન મળે એવા ભગવાન આજ મફતમાં સામે ચાલીને મળ્યા છે.'' એવો ભાવ ૬/૬૨; ૬/૧૨૫;
- **સ્તંબ**= થૂંબડું-છોડવાનો નીચલો મૂળિયાવાળો ભાગ. ૮/૭;
- **સ્રવી જાય**= ઝરી, ઝમી જાય; ધીરે ધીરે બહાર નીકળી જાય. ૬/૭૨; ૭/૨૬;
- **સ્થૂળનું**= શરીરમાં મંદવાડનું. ૧/૧૪૬;
- **સ્વભાવ-ગુણમહોદધિ**= સ્વભાવ ને ગુણના મહાસાગર. ૭/૨;
- **સ્વરૂપ સમજવું**= વાણી સ્વરૂપ સમજવું/ઉપાસના. ૧/૧૬૬;
- **સ્વરૂપનિર્ણય**= ઉત્તમાનંદસ્વામીરચિત સાંપ્રદાયિક ગ્રંથ. ૨/૨;
- **સ્વરૂપનિષ્ઠા**= પ્રગટ ભગવાનમાં ને ભગવાનના વાણીસ્વરૂપમાં (સમ્યક્ સ્વરૂપે, બધી રીતે) દૃઢ શ્રદ્ધા.
- **સ્વામિનારાયણના મૂંડિયા**= સ્વામિનારાયણ ભગવાને બનાવેલ સાધુ, જેઓ માથું મૂંડાવતા. ૯/૨૬૭;
- **સ્વાંતનાં બુંદ**= સ્વાતિ નક્ષત્રમાં થતા વરસાદનાં ટીપાં. ૩/૬૦;
- **સ્વીકારાય**= કબૂલ-મંજૂર-માન્ય રખાય. ૫/૪૧૪;

**- : હ : -**

- **હરણ ફડકો રાખવો**= હરણ જેમ કોઈનો શિકાર ન બને તે માટે સતત ભય હેઠળ સાવધાન થઈને રહે છે, તેમ મુમુક્ષુએ માયાનો શિકાર ન બને તે માટે સતત ભય હેઠળ સાવધાન થઈને રહેવું. ૯/૨૫૬;
- **હરિભક્તને તો વિષય કે'વાય નહિ**= હરિભકતને સંસારમાં કુટુંબ, ઘર, સંપત્તિ આદિક સાથેનો સંબંધ તે તો આજ્ઞાના છે માટે તેને 'વિષય' ન કહેવાય. ૧/૧૫૮;

- **હલતું નથી**= હાલી શકતું નથી. ૧/૪;
- **હવેજ**= સંભારો-મસાલો. ૯/૧૭૩;
- **હાકલ**= હાંક-બોલાવવા માટેની બૂમ. ૯/૮૮;
- **હાડા ન હટે**= ક્ષત્રિય રણમેદાનમાંથી પાછો પગ ના ભરે. ૬/૧૧૫;
- **હાથધોણું**= ઝાડા થવા, વારંવાર સંડાસ જવું પડે. ૩/૫૯; ૬/૧૦; ૯/૨૦૩;
- **હાથીના કુંભસ્થળ**= હાથીના માથાપરનો બે બાજુનો ઉપસેલો ભાગ. ૫/૨૧૦;
- **હામ**= અફસોસ, અસંતોષ. ૬/૨૦૭;
- **હાલરું**= ઇચ્છાઓ/સંકલ્પોનાં ટોળાં-જૂથ. ૯/૨૮૬;
- **હાર્યું**= કતાર : વિષયવાર, શ્રેણીબંધ, શબ્દાવલિ. ૨/૭;
- **હિમ**= અતિશય ઠંડી, ઘણો સખત ઠાર, બરફ. ૨/૪૨; ૬/૬૭;
- **હિંદુસ્થાનમાં**= ઉત્તર ભારતમાં. ૩/૧૮;
- **હીબકાં**= ડૂસકાં. ૮/૧૨;
- **હીરજી**= વાળંદનું નામ. ૧/૫૧;
- **હુંક માર્યે**= ત્રાડ પાડે. ૯/૧૨૫;
- **હુતાશ**= અગ્નિ. ૯/૨૭૬;
- **હુંહાટો**= અહંકાર, અભિમાન. ૬/૯૧;
- **હૃદ્ગત**= આંતરિક-વિચાર કે ભાવ. ૮/૯;
- **હૂંડી**= એક શાહુકારની બીજા શાહુકાર પર, નાણાં ચૂકવવા માટેનો આદેશ કે ચિઠ્ઠી. ૨/૧૮૮;
- **હેઠલ્યા**= નીચેના. ૨/૮૬;
- **હેમ**= સોનું. ૯/૨૭૬;
- **હેવા**= ટેવ. ૯/૬૪
- **હેડચમાં**= ગુનેગારનો પગ જકડી રાખવા માટેનું ભારે લાકડું-બેડી, તેમ નિયમરૂપ મર્યાદામાં. ૯/૩૨;
- **હેડીનું**= હરોળનું-બરાબરીનું. ૯/૧૭૪;
- **હોવનહાર**= ભવિષ્યમાં જોનાર તે જાણનાર. ૫/૨૫૪;
- **હોંકારા કરનાર**= ટોકનાર, જાગ્રત રાખનાર. ૨/૩૭;

## પરિશિષ્ટ-૨ : યાદી

**(આ પરિશિષ્ટમાં સ્વામીની વાતોમાં આવતા સંખ્યાત્મક શબ્દપ્રયોગો, જેવા કે અગિયાર નિયમ, અઢાર પુરાણ, અષ્ટાંગયોગ... ઈત્યાદિની વિગતવાર સમજ અત્રે પ્રસ્તુત કરવામાં આવી છે.)**

- **અગિયાર નિયમ** :- (૧) દારૂ ન પીવો. (૨) ચોરી ન કરવી. (૩) માંસ ન ખાવું. (૪) પરસ્ત્રીનો સંગ ન કરવો. (૫) વિધવા સ્ત્રીનો સ્પર્શ ન કરવો. (૬) આત્મહત્યા ન કરવી. (૭) કોઈની હિંસા ન કરવી. (૮) કોઈને કલંક લગાડી બદનામ ન કરવો. (૯) કોઈ દેવની નિંદા ન કરવી. (૧૦) ડુંગળી-લસણ-હિંગવાળું ને બજારું વગેરે ન ખાવું. (૧૧) ભગવાન અને સંતથી વિમુખ જીવના મુખે કથા સાંભળવી નહિ.
- **અઢાર પુરાણ** :- શ્રી વેદવ્યાસજી રચિત કુલ અઢાર પુરાણ :- (૧) અગ્નિ (૨) કૂર્મ (૩) ગરુડ (૪) નારદીય (૫) પદ્મ (૬) બ્રહ્મ (૭) બ્રહ્મવૈવર્ત (૮) બ્રહ્માંડ (૯) ભાગવત (૧૦) ભવિષ્ય (૧૧) મત્સ્ય (૧૨) માર્કંડેય (૧૩) લિંગ (૧૪) વામન (૧૫) વરાહ (૧૬) વિષ્ણુ (૧૭) શિવ (૧૮) સ્કંદ.
- **અષ્ટાંગયોગ** :- ભગવાન સાથે જોડાવાનાં આઠ પગથિયાં :- (૧) **યમ** = અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. (૨) **નિયમ** = શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન. (૩) **આસન** = ચોરાશી આસનપૈકી પાંચ મુખ્ય - પદ્માસન, સ્વસ્તિકાસન, ભદ્રાસન, વજ્રાસન અને વીરાસન. (૪) **પ્રાણાયામ** = અંદરના વાયુને નાક વડે બહાર કાઢવો ને બહારના વાયુને અંદર ખેંચવો - એ બન્ને ગતિને પ્રયત્નપૂર્વક ધીરે ધીરે ઓછી કરવી તેનું નામ પ્રાણાયામ. ચિત્તને રુંધવા માટે આ અંગ મહત્ત્વનું છે. (૫) **પ્રતિહાર** = વિષયમાંથી ઇન્દ્રિયોને પાછી હઠાવી અંતઃકરણમાં સ્થિર કરવી. (૬) **ધારણા** = લક્ષ્યનો નિશ્ચય, એકાગ્રતા = પરમાત્માના સ્વરૂપમાં ચિત્તની વૃત્તિને રોકવી તે. (૭) **ધ્યાન** = વિનાપ્રયત્ને પરમાત્મામાં વૃત્તિઓની એકાકારતા. (૮) **સમાધિ** = ધ્યેયરૂપ પરમાત્મા સિવાય કંઈ ન રહેવા પામે, ધ્યાતા પુરુષ, ત્રણ દેહ, ત્રણ અવસ્થા ને ત્રણ ગુણ, પંચભૂત, પંચવિષય, ઇન્દ્રિયો, અંતઃકરણ આદિકનું ભાન ભૂલી પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તે.
- **અંતઃકરણ** :- જુઓ કોઠો.
- **આ બે જણ** :- (૧) પ્રાગજી ભક્ત (૨) જાગાસ્વામી. ૩/૧૭;
- **આઠ વાનાં** :- દેશકાળાદિક આઠ :- (૧) દેશ (૨) કાળ (૩) ક્રિયા (૪) સંગ (૫) શાસ્ત્ર (૬) મંત્ર (૭) દેવતા (૮) ધ્યાન.

- **આઠ ભાઈ :–** જુઓ નવ યોગેશ્વરો, તેમાંથી પ્રબુદ્ધ સિવાયના બાકીના આઠ.
૧૦/૪૫;
- **આતતાયી કર્મ :–** દુઃખ દેનાર કર્મ, આતતાયી કર્મના છ પ્રકાર :- (૧) આગ ચાંપનાર (૨) ઝેર આપનાર (૩) શસ્ત્ર ધારનાર (૪) દ્રવ્ય ચોરનાર (૫) જમીન પચાવનાર (૬) સ્ત્રીનું અપહરણ કરનાર. ૬/૨૮૪;
- **આરતી :–** (૧) મંગળા (૨) શણગાર (૩) રાજભોગ (૪) સંધ્યા (૫) શયન.
- **ઈન્દ્રિયું :–** જુઓ કોઠો.
- **ઓગણચાલીસ લક્ષણ :–** રાજારૂપ ભગવાન :- (૧) સત્ય - યથાર્થ બોલવું. (૨) શૌચ - (શુદ્ધતા) પવિત્રતા. (૩) દયા - અન્યનાં દુઃખ દૂર કરવાની ઇચ્છા (૪) ક્ષમા (૫) ત્યાગ (૬) સંતોષ (૭) નમ્રતા (૮) શમ (૯) દમ (૧૦) તપ (૧૧) સુખાદિમાં સમતા (૧૨) સહનશીલતા (૧૩) ઉદાસીનતા (૧૪) શાસ્ત્રાભ્યાસ (૧૫) જ્ઞાન (૧૬) વૈરાગ્ય (૧૭) ઐશ્વર્ય (૧૮) શૂરતા (૧૯) પ્રતાપ (૨૦) બળ (૨૧) સ્મૃતિ (૨૨) સ્વતંત્રતા (૨૩) કુશળતા (૨૪) કાન્તિ (૨૫) ધીરજ (૨૬) કોમળતા (૨૭) પ્રગલ્ભતા (૨૮) વિનય (૨૯) શીલ (૩૦) માનસિક શક્તિ (૩૧) જ્ઞાનેન્દ્રિય શક્તિ (૩૨) કર્મેન્દ્રિય શક્તિ (૩૩) સર્વભોગ (૩૪) ગંભીરતા (૩૫) દઢતા (૩૬) આસ્થા (૩૭) કીર્તિ (૩૮) માન (૩૯) નિરભિમાન. (ભાગવત-૧/૧૬).
- **કપિલ : –** કપિલદેવે એક જીવનું કલ્યાણ કર્યું :- પોતાના માતુશ્રીનું; ૧/૨૪૯;
- **કેશવાદિક ચોવીસ મૂર્તિઓ :–** (૧) કેશવ (૨) નારાયણ (૩) માધવ (૪) ગોવિંદ (૫) વિષ્ણુ (૬) મધુસૂદન (૭) ત્રિવિક્રમ (૮) વામન (૯) શ્રીધર (૧૦) ઋષિકેશ (૧૧) પદ્મનાભ (૧૨) દામોદર (૧૩) સંકર્ષણ (૧૪) વાસુદેવ (૧૫) પ્રદ્યુમ્ન (૧૬) અનિરુદ્ધ (૧૭) પુરુષોત્તમ (૧૮) અધોક્ષજ (૧૯) નરસિંહ (૨૦) અચ્યુત (૨૧) જનાર્દન (૨૨) ઉપેન્દ્ર (૨૩) હરિ (૨૪) કૃષ્ણ.
(સત્સંગિજીવન - ૩/૩૫) ૭/૨૨;
- **ખટ રસ :–** ભોજનના છ એ છ રસ :- (૧) ખાટો (૨) ખારો (૩) તીખો (૪) તૂરો (૫) ગળ્યો (૬) કડવો.
- **ખટ શાસ્ત્ર/દર્શન :–** ભારતીય તત્ત્વજ્ઞાનનાં છ શાસ્ત્રો :- (૧) સાંખ્ય (૨) યોગ (૩) ન્યાય (૪) વૈશેષિક (૫) મીમાંસા (૬) વેદાંત.
- **ચતુર્વ્યુહ :–** (૧) વાસુદેવ (૨) સંકર્ષણ (૩) અનિરુદ્ધ (૪) પ્રદ્યુમ્ન. ૭/૨૨;
- **ચાર ઘાંટીઉં :–** (૧) ભગવાનની ઉપાસના સમજવી (૨)સાધુ ઓળખવા (૩) દેહ-આત્માને જુદા સમજવા (૪) ઉત્તમ ભોગમાંથી રાગ ટાળવો.

## પરિશિષ્ટ-૨ : યાદી

- **ચાર પ્રકારના મુક્ત :-** (૧) દીવા જેવા (૨) મશાલ જેવા (૩) વીજળી જેવા (૪) વડવાનળ અગ્નિ જેવા.
- **ચાર પ્રકારના સત્સંગી :-** (૧) આત્મા ને પરમાત્માના જ્ઞાનવાળો (૨) ધ્યાન ને પ્રીતિવાળો (૩) આજ્ઞાવાળો (૪) સાધુમાં હેતવાળો. ૧/૧૫૭
- **ચાર વેદ :-** શાસ્ત્રીય જ્ઞાન :- (૧) ઋગ્વેદ (૨) યજુર્વેદ (૩) સામવેદ (૪) અથર્વવેદ.
- **ચારનો દ્રોહ :-** (૧) ભગવાન (૨) આચાર્ય (૩) સાધુ (૪) સત્સંગી. ૧/૧૨૨;
- **ચોસઠ લક્ષણો સંતનાં :-** (૧) દયાળુ (૨) ક્ષમાવાળા (૩) સર્વજીવનું હિત ઇચ્છનારા (૪) ટાઢ, તડકા આદિકનું સહન કરનારા (૫) કોઈના પણ ગુણમાં દોષ નહિ જોનારા (૬) શાંત (૭) જેનો કોઈ શત્રુ નથી થયો એવા (૮) અદેખાઈ તથા વૈર રહિત (૯) માન તથા મત્સર રહિત (૧૦) બીજાને માન આપનારા (૧૧) પ્રિય અને સત્ય બોલનારા (૧૨) કામ, ક્રોધ, લોભ તથા મદરહિત (૧૩) અહંમમત્વ રહિત (૧૪) સ્વધર્મમાં દઢ રહેનારા (૧૫) દંભરહિત (૧૬) અંદર અને બહાર પવિત્ર રહેનારા (૧૭) દેહ તથા ઇન્દ્રિયોને દમનારા (૧૮) સરલ સ્વભાવવાળા (૧૯) ઘટિત બોલનારા (૨૦) જીતેન્દ્રિય તથા પ્રમાદરહિત (૨૧) સુખદુઃખાદિકે રહિત (૨૨) ધીરજવાળા (૨૩) કર્મેન્દ્રિય તથા જ્ઞાનેન્દ્રિયોની ચપળતા રહિત (૨૪) પદાર્થના સંગ્રહે રહિત (૨૫) બોધ કરવામાં નિપુણ (૨૬) આત્મનિષ્ઠાવાળા (૨૭) સર્વને ઉપકાર કરવાવાળા (૨૮) કોઈપણ પ્રકારના ભય રહિત (૨૯) કોઈપણ પ્રકારની આશા રહિત (૩૦) વ્યસનરહિત (૩૧) શ્રદ્ધાવાળા (૩૨) ઉદાર (૩૩) તપસ્વી (૩૪) પાપરહિત (૩૫) ગ્રામ્યકથા ને વાર્તા નહિ સાંભળનારા (૩૬) સત્શાસ્ત્રના નિરંતર અભ્યાસવાળા (૩૭) માયિક પંચવિષય રહિત (૩૮) આસ્તિક બુદ્ધિવાળા (૩૯) સત્-અસત્‌ના વિવેકવાળા (૪૦) મદ્યમાંસાદિકના સંસર્ગે રહિત (૪૧) દઢ વ્રતવાળા (૪૨) કોઈની ચાડીચૂગલી નહિ કરનારા (૪૩) કપટરહિત (૪૪) કોઈની છાની વાતને પ્રગટ નહિ કરનારા (૪૫) નિદ્રાજીત (૪૬) આહારજીત (૪૭) સંતોષવાળા (૪૮) સ્થિર બુદ્ધિવાળા (૪૯) હિંસારહિત (૫૦) તૃષ્ણારહિત (૫૧) સુખ-દુઃખમાં સમભાવવાળા (૫૨) અકાર્ય કરવામાં લાજવાળા (૫૩) પોતાનાં વખાણ નહિ કરનારા (૫૪) બીજાની નિંદા નહિ કરનારા (૫૫) યથાર્થ બ્રહ્મચર્ય પાળનારા (૫૬) યમ તથા નિયમવાળા (૫૭) આસનજીત (૫૮) પ્રાણજીત (૫૯) ભગવાનના દઢ આશ્રયવાળા (૬૦) ભગવદ્‌ભક્તિપરાયણ (૬૧) ભગવાન અર્થે જ સર્વ ક્રિયા કરનારા (૬૨) ભગવાનના ચરિત્રનું પ્રેમથી નિરંતર શ્રવણ તથા

કીર્તન કરનારા (૬૩) ભગવાનની મૂર્તિના ધ્યાન-પરાયણ રહેનાર (૬૪) ભગવાનની ભક્તિ વિના એક ક્ષણ પણ વ્યર્થ નહિ જવા દેનારા.

(હરિગીતા : ૧/૨૫ થી ૩૭).

- **ચૌદ ઈન્દ્રિયુંના દેવતા :-** જુઓ કોઠો.
- **ચક્ર :-** (૧) મૂલાધાર (૨) લિંગ (૩) નાભિ (૪) હૃદય (૫) કંઠ (૬) મૂર્ધ (માથાની ખોપરી). ૭/૩;
- **પ્રકારના આતતાયીઓ :-** (૧) આગ ચાંપનાર (૨) ઝેર આપનાર (૩) શસ્ત્ર ધારનાર (૪) દ્રવ્ય ચોરનાર (૫) જમીન પચાવી પાડપાર (૬) સ્ત્રીનું અપહરણ કરનાર. ૬/૨૮૪;
- **છ લક્ષણની મોટાઈ : –** વચનામૃત ગઢડા અંત્યનું ૩૫મું :- (૧) ભગવાનને સદાય દિવ્ય સાકારમૂર્તિ સમજે; પણ ક્યારેય નિરાકાર ન સમજે. (૨) એ ભગવાનની જે એકાંતિક ભક્તિ તેને પોતે કરતો હોય, અને બીજાને એ ભગવાનનું નામસ્મરણ કથા-કીર્તનાદિક કરતાં દેખી બહુ રાજી થાય. (૩) એ ભગવાનના ભક્તોના સમૂહમાં રહેવામાં સ્વભાવ આડો આવે નહિ અને તે સ્વભાવને મૂકે પણ ભગવદ્ભક્તના સંગનો ત્યાગ કરે નહિ. (૪) જે કાંઈ સારું પદાર્થ પોતાને પ્રાપ્ત થાય તો ભગવાનના ભક્તને આપીને રાજી થાય. (૫) સરળ સ્વભાવવાળો કે સર્વે જાણે કે ''આ તો આવો છે'' પણ કોઈનું કાંઈ જુવે નહિ ને તેના વિશે અભિપ્રાય બાંધે નહિ. (૬) વિમુખના સંગની સ્વાભાવિક અરુચિ વર્તતી હોય. ૫/૨૩૦;
- **ત્રણ્ય અવસ્થા :-** (૧) જાગ્રત (૨) સ્વપ્ન (૩) સુષુપ્તિ .
- **ત્રણ્ય ગુણ :-** (૧) સત્ત્વ (૨) રજ (૩) તમ.
- **ત્રણ્ય ગ્રંથ :-** (૧) ધર્મામૃત (૨) નિષ્કામશુદ્ધિ (૩) શિક્ષાપત્રી.
- **ત્રણ્ય-ત્રણ્ય ભીડામાં આવ્યા :-** રામાવતારમાં :- (૧) લક્ષ્મણ (૨) સીતા (૩) હનુમાન. કૃષ્ણાવતારમાં :- (૧) ઉદ્ધવ (૨) અર્જુન (૩) રુક્મિણી. ૩/૪૧;
- **ત્રણ્ય પામ્યા જ્ઞાન :-** ગોપાળાનંદસ્વામી પાસેથી :- (૧) બાલમુકુન્દાનંદસ્વામી, (૨) સર્વનિવાસાનંદસ્વામી અને (૩) વિજયાત્માનંદસ્વામી. ૪/૧૪૪;
- **ત્રણ્ય પ્રકારના તાપ :-** (૧)સ્થુળ દેહનાં (૨)મનનાં (૩) કુદરતી આફતનાં.
- **ત્રણ્ય પ્રકારનો કુસંગ :-** (૧) અંતરનો (૨) બહારનો (૩) સત્સંગનો.
- **ત્રણ્ય વાતમાં ભગવાન રાજી રાજી :-** તે રાખવી :- (૧) ભગવાનની આજ્ઞા પાળવી (૨) ભગવાન સ્વરૂપ સમજવું (૩) સંતનું સ્વરૂપ સમજવું. ૧/૧૬૬;

## પરિશિષ્ટ-૨ : યાદી

- **ત્રણ્ય વાનાં :-** દેહનાં થાય :- (૧) કૃમિ (૨) વિષ્ટા (૩) રાખ.
- **ત્રીસ લક્ષણ :-** સાધુરૂપ ભગવાન :- (૧) કૃપા (૨) અદ્રોહ (૩) ક્ષમા (૪) સત્ય (૫) અદ્વેષ (૬) સમાનતા (૭) ઉપકાર (૮) અકામ (૯) જિતેન્દ્રિયપણું (૧૦) કોમળતા (૧૧) નિર્મળતા (૧૨) અસંગ્રહ (૧૩) સદાચાર (૧૪) લઘુ આહાર (૧૫) શાંતિ (૧૬) સદ્વિચાર (૧૭) ભગવદાશ્રય (૧૮) સાવધાનતા (૧૯) નિર્વિકારતા (૨૦) ધૈર્ય (૨૧) ગાંભીર્ય (૨૨) દયા (૨૩) છ ઊર્મિ : (ભૂખ, તરસ, શોક, મોહ, જરા અને મૃત્યુ) રહિતપણું (૨૪) નિર્માનતા (૨૫) વિવેક (૨૬) ઉપદેશ શક્તિ (૨૭) જ્ઞાતાપણું (૨૮) સુહૃદ્પણું (૨૯) શ્રદ્ધા (૩૦) ભગવત્ પરાયણતા.
  (ભાગવત-૧૧/૧).
- **દત્તાત્રેય :-** દત્તાત્રેયે બે જીવનું કલ્યાણ કર્યું :- (૧) કાર્તવીર્ય (૨) યદુરાજા.
  ૧/૨૪૯;
- **દસ કોરટો :-** છ સગુણ :- (૧) બ્રહ્મા (૨) વિષ્ણુ (૩) શિવ (૪) અનિરુદ્ધ (૫) પ્રદ્યુમ્ન (૬) સંકર્ષણ; અને ચાર નિર્ગુણ :- (૧) નરનારાયણ (૨) લક્ષ્મીનારાયણ (૩) વાસુદેવનારાયણ (૪) શ્રીકૃષ્ણનારાયણ.
- **દસ નિધિ :-** કુબેરના નવ નિધિ :- (૧) કચ્છ (૨) કુંદ (૩) ખર્વ (૪) ચક્ર (૫) નીલ (૬) પદ્મ (૭) મહાપદ્મ (૮) મુકુંદ (૯) શંખ; જેઓ લક્ષ્મીને આશ્રિત છે; પણ (૧૦)મો વિવેક. ૬/૪૪;
- **દેશકાળાદિક :-** આઠ :- (૧) દેશ (૨) કાળ (૩) ક્રિયા (૪) સંગ (૫) શાસ્ત્ર (૬) મંત્ર (૭) દેવતા (૮) ધ્યાન.
- **દેહને દુઃખ :-** (૧) સ્થુળ દેહનું :- શરીરમાં મંદવાડ (૨) સૂક્ષ્મ દેહનું :- મનની મૂંઝવણ (૩) કારણ દેહનું :- વિષયભોગની વાસના રહ્યા જ કરે.
- **નવ યોગેશ્વર :-** (૧) શુક્રાચાર્ય (૨) નારાયણ મુનિ (૩) અંતરિક્ષ (૪) પ્રબુદ્ધ (૫) પિપલાયન (૬) આર્વિહોત્ર (૭) દ્રુમિલ (૮) ચમસ (૯) કરભાજન.
  ૧/૨૪૩;
- **નવધા ભક્તિ :-** (૧) શ્રવણ (૨) કીર્તન (૩) નામસ્મરણ (૪) પાદસેવન (૫) અર્ચન (૬) વંદન (૭) દાસ્ય (૮) સખ્ય (૯) આત્મનિવેદન.
- **પંચ કોશ :-** (૧) અન્નમય (૨) પ્રાણમય (૩) મનોમય (૪) વિજ્ઞાનમય (૫) આનંદમય.
- **પંચ ભૂત :-** જુઓ કોઠો.

- **પંચ મહાપાપ :-** (૧) બ્રહ્મહત્યા (૨) સુવર્ણની ચોરી (૩) સુરાપાન (૪) ગુરુસ્ત્રીનો સંગ (૫) તથા આ ચાર માંહેલા કોઈનો સંગ કરવો.
- **પંચ વર્તમાન :-** (૧) નિર્માનપણું (૨) નિર્લોભપણું (૩) નિષ્કામપણું (૪) નિઃસ્નેહપણું (૫) નિઃસ્વાદપણું.
- **પંચ વિષય :-** પંચ જ્ઞાનેન્દ્રિયોના વિષય :- (૧) રસ (૨) શબ્દ (૩) સ્પર્શ (૪) રૂપ (૫) ગંધ.
- **પાંચ દોષ :-** (૧) ઈર્ષા (૨) કપટ (૩) કામ (૪) ક્રોધ (૫) દંભ.
- **ભગવાનની મૂર્તિ :-** (૧) કથા (૨) કીર્તન (૩) વાર્તા (૪) ધ્યાન. ૧/૧૭૪;
- **મરીચ્યાદિક :-** યજ્ઞ-યાજ્ઞાદિ કર્મકાંડના સપ્તર્ષિઓ :- (૧) મરીચિ, (૨) અત્રિ, (૩) અંગિરસ, (૪) પુલસ્ત્ય, (૫) પુલહ, (૬) ક્રતુ (૭) વસિષ્ઠ. ૨/૬૯;
- **માયાથી નિર્લેપપણું :-** બે પ્રકારે છે :- (૧) જ્ઞાને કરીને (૨) ભગવાનની આજ્ઞાએ કરીને. ૧/૨૨૮;
- **શ્રીજીમહારાજે સાધુને વરતાવ્યા તેનાં ૧૧૪ પ્રકરણ :-** (૧) લોજમાં બાઈઓ તથા ભાઈઓની સભા નોખી પાડીને કહ્યું કે, પરમહંસને બાઈઓ સાથે અડવું-બોલવું નહિ. (૨) બબ્બે જણને ધ્યાનમાં સામસામા બેસાડતા તેમાં ઊંઘવું નહિ તથા સંકલ્પ ન કરવો. (૩) લોજમાં પાંચ-પાંચને ધ્યાનમાં બેસાડતા તેમાં કાંઈ જોવું નહિ તથા બોલવું નહિ ને જેને નિદ્રા આવે તેને દડાથી અગર છડી અડાડીને જગાડતા. (૪) યોગ-ધારણા શીખવી. (૫) અષ્ટાંગયોગની ક્રિયા શીખવી. (૬) માણસો તથા પશુપક્ષી વગેરેને સમાધિ કરાવવી. (૭) શીરાપૂરીનું સદાવ્રત લેવું ને પોતે લવિંગિયાં મરચાં તથા મીંઢિયાવળ જમતા અને સાધુને રોટલા જમાડતા. (૮) મંડળદીઠ ઠાકોરજીની સેવા રાખવી. (૯) પરમહંસ કરવા. (૧૦) ભિક્ષા માગતાં જે આવે તેના ગોળા કરીને ખાવા. (૧૧) મન માગે તે ન આપવું. (૧૨) રાત્રિના વગડે એકએકનો શબ્દ ન સંભળાય તેમ રહેવું. (૧૩) શિયાળામાં ઠંડા પાણીમાં શ્રદ્ધાપ્રમાણે બેસવું. (૧૪) શરીરે ખરજ આવે તો પણ ખંજવાળવું નહિ. (૧૫) ખટરસ ન ખાવા. (૧૬) શરીરે સાપ-વીંછી ચડે તોય બેસી રહેવું. (૧૭) માથે લૂગડું ઓઢે ને બીજો દોરે એમ ઘુંઘટો રાખવો. (૧૮) મટકું જીતવું. (૧૯) ઉઘાડે પગે ચાલવું. (૨૦) ગાડા વગેરે વાહને ન બેસવું. (૨૧) સારી ભિક્ષા મળે ત્યાં ફરીથી ન જાવું. (૨૨) ઊંઘ આવે તો પાલી દાણા દળવા. (૨૩) ઝોલું આવે તો ટાઢે પાણીએ નાહવું. (૨૪) ઓઠીંગણ દઈને બેસવું નહિ. (૨૫) ઝાડ તળે બેસવું નહિ. (૨૬) ઓધા વગેરે કોઈ પદાર્થનો આશરો લેવો નહિ.

(૨૭) નાહતાં નાહતાં શરીર ઉપર હાથ ફેરવવો નહિ. (૨૮) સંકલ્પ ઓળખીને ક્રિયા કરવી. (૨૯) જે વસ્ત્ર પોતાને ગમે તે બીજાને આપી દેવું. (૩૦) નિર્જળા એકાદશી કરવી. (૩૧) એકાદશીના ઉપવાસને દિવસે બહુ તરસ લાગે તો એક પળી (પાશેર) પાણી પીવું. (૩૨) રાત્રિના ચાર પહોર એકાદશીનું જાગરણ કરવું. (૩૩) અઢી હાથનો એક હજુરિયો પહેરવો. (૩૪) કોપીન એક રાખવી. (૩૫) ગોદડી ત્રણ પડની રાખવી. (૩૬) મુમતી બાંધવી. (૩૭) સમ ધાતુને અડાય તો પચીસવાર હાથ ધોવા. (૩૮) જે વસ્તુ આવે તે એકવખત પંક્તિમાં ખાવી. (૩૯) રુદ્રાક્ષનો મણકો બાંધવો. (૪૦) દિગંબર રહેવું. (૪૧) ટાટ પહેરવું. (૪૨) સ્ત્રીનું લાલ વસ્ત્ર દેખાય તો ઉપવાસ કરવો. (૪૩) ગુરુની આજ્ઞાવિના દર્શને આવે તો કાઢી મૂકવો. (૪૪) ગુરુની આજ્ઞાએ આવે તેને દર્શન આપવાં. (૪૫)ઉત્થાન ઓળખીને ક્રિયા કરવી. (૪૬) હરિ-ઇચ્છાએ આવે તે એક્વાર ગોળા વાળીને જમવું. (૪૭) અગ્નિએ તાપવું નહિ. (૪૮) અગ્નિને અડવું નહિ. (૪૯)પચીસ વરસનો હોય તેની કહેલી વાત સાચી ન માનવી. (૫૦) ઊતરતાને સંસ્કૃત વિદ્યા ન ભણાવવી. (૫૧) આસન જીતવું. (૫૨) સંન્યાસી ન રાખવા. (૫૩) મંડળઉપર મંડળ ન જાય. (૫૪)જે સામું મળે તેને ભગવાનની બુદ્ધિ રાખીને નમસ્કાર કરવા. (૫૫) માર્ગમાં હરિજનને જાળવીને ચાલવું. (૫૬) કોઈ પદાર્થ બધાની પાસે માગવું નહિ, મોટાની પાસે માગવું. (૫૭) કોઈ અપમાન કરે તે સહન કરવું. (૫૮) મોટી મોટી બાઈઓ એક પૈસાભાર અન્ન જમે. (૫૯) પાશેર અન્ન જમવું. (૬૦) દાદાખાચરના દરબારમાં આજ્ઞા વિના ન જવું. (૬૧) પદાર્થનો સંગ્રહ ન કરવો. (૬૨) દોડવું નહિ. (૬૩) ઝાડ ન રોપવાં. (૬૪) પશુ ન રાખવાં. (૬૫) રાત્રિના ન ચાલવું. (૬૬) ઘસીને પગ ન ધોવા. (૬૭) ભગવાનનાં પદ ગાઈને પંક્તિમાં જમવા બેસવું. (૬૮)જમતાં જમતાં બીજું બોલવું નહિ, ભજન કરવું. (૬૯) દેશામાં ફરવા જાવું ત્યાં કાચી રસોઈ લેવી. (૭૦) ગઢડામાં સાકર લાવે તે જમવી. (૭૧) દેશમાં ફરવા જાય ત્યાં સન્માન થાય એટલે ગામ બદલવું. (૭૨) ઔષધ ન ખાવું. (૭૩) ભૂત, પ્રેત, મૂઠ, ચોર, વાઘને દેખીને બીવું નહિ. (૭૪) પૈસા ઉપર ઝાડે ફરવું. (૭૫) ગ્રામ્યવાર્તા ન કરવી. (૭૬) વાતો કરીને સત્સંગ કરાવવો. (૭૭) નિત્ય એક જણને વર્તમાન ધરાવવાં ને કોઈ વર્તમાન ન લે તો એક લીલા ઝાડને વર્તમાન ધરાવીને પછી ભિક્ષાન્ન જમવું. (૭૮) નિત્યે ઝોળી ફેરવીને ભિક્ષા કરવી. (૭૯) નિત્યે મેળવીને જમવું. (૮૦) નિત્યે જડભરતની વાત કરવી. (૮૧) નિત્યે દેહની નિંદા કરવી. (૮૨) ઘર મૂકીને ત્યાગીને દર્શને ગૃહસ્થે આવવું. (૮૩) જયાં આસન કર્યું હોય ત્યાં પાછું આસન કરવું નહિ. (૮૪) પાથર્યા

વિના પૃથ્વી ઉપર સુવું. (૮૫) સૂતા પછી જગાય તો ફરીને સૂવું નહિ. (૮૬) સૂતા પછી જગાય ત્યાર પછી લાંબો પગ કરવો નહિ. (૮૭) આત્માનો નિત્યે વિચાર કરવો. (૮૮) પરમેશ્વરની પ્રાર્થના કર્યા વિના સૂવું નહિ. (૮૯) ઘનુષ્યવા દષ્ટિ નિયમમાં રાખીને ચાલવું. (૯૦) સ્વભાવનો ત્યાગ કરવો. (૯૧) ભેગા થઈને કીર્તન ગાતાં ગાતાં જમવું. (૯૨) ઉપવાસ કરતાં હારી ન જાવું. (૯૩) રાંધેલું અન્ન ન ખાવું ને કાચું-કોરું ખાવું. (૯૪)વચન પ્રમાણે વર્તવું. (૯૫) હરિજનની કોઠીના સાણેથી દાણા કાઢવા. (૯૬) દિવસ ઊગ્યા પહેલાં ટાઢે પાણીએ નાહવું. (૯૭) પોતપોતાની ભિક્ષા જમીને ભેગા થાવું. (૯૮) ક્રોધ જેનામાં આવે તેને ક્રોધ ઊતરે ત્યાં સુધી બીજાએ હાડ હાડ કરવું. (૯૯) સાધુનું મંડળ આવે ત્યારે દંડવત્ કરવા. (૧૦૦) મોટા સાધુ આવે ત્યારે ઊભા થાવું. (૧૦૧) અધોવાયુ છૂટે તો પચીસ દંડવત્ કરવા. (૧૦૨) શેરડીમાંથી ઊપજે તે ન ખાવું. (૧૦૩) દૂધમાંથી ઊપજે તે ખાવું. (૧૦૪) નિઃસ્વાદીપણે જમવું. (૧૦૫) કારિયાણીમાં સર્વે હરિજન સાકર લાવે તેમાંથી એકએક ગાંગડો જમવી. (૧૦૬) સર્વ ક્રિયામાં ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખવી. (૧૦૭) લીલા તૃણ ઉપર પગ ન મૂકવો. (૧૦૮) પાણીમાં પગ દઈને ન ચાલવું. (૧૦૯) લીલોત્રી શાક ન ખાવું. (૧૧૦) શાલિગ્રામની સર્વેએ પૂજા કરવી. (૧૧૧) હાથે રસોઈ કરીને ઠાકોરજીને નૈવેદ્ય કરીને જમવું. (૧૧૨) નવ પ્રકારની ભક્તિ કર્યાવિના નવરું ન રહેવું. (૧૧૩) પુરુષોત્તમપણાની વાત કરવી ને સૌને સમજાવવી. (૧૧૪) ગુરુ થઈને પરમેશ્વરની વાત ન કરે અને શિષ્ય સાંભળવા ન આવે તો તે બન્નેએ એક એક ઉપવાસ કરવો. આમ કુલ ૧૧૪ પ્રકરણ ચલાવ્યાં હતાં, જેમાં અમુક પ્રકરણ તો ખૂબ ટૂંકી મુદ્દતનાં હતાં. ૨/૧૫૬;

- **સત્સંગ ચાર પ્રકારે :-** (૧) આત્મા-પરમાત્મા ને સંખ્ય વિચારનું જ્ઞાન (૨) ધ્યાન ને પવિત્રપણું (૩) આજ્ઞા પાલન (૪) સાધુ સાથે જોડાઈ ભગવાનનો આશરો કરવો. ૫/૧૭૭;
- **સત્સંગમાં ને મંદિરમાં રહેનાર મનુષ્યના પ્રકાર :-** (૧) દાડિયા જેવા (૨) સાથી જેવા (૩) મહેમાન જેવા (૪) દીકરા જેવા (૫) શત્રુ જેવા (૬) પિતરાઈ જેવા (૭) સગાં જેવા (૮) ધણી જેવા. ૨/૮૭;
- **સનકાદિક :- બ્રહ્માના ચાર માનસપુત્ર ઋષિઓ :-** સનક, સનાતન, સનંદન અને સનતકુમાર; તેઓ હંમેશાં પાંચ વર્ષના બાળક જેવા જ દેખાયા છે. ૨/૬૯;
- **સાત પુરી :-** (૧) અયોધ્યા(૨) ઉજ્જૈન (૩) કાશી (૪) કાંચી (૫) દ્વારકા (૬) મથુરા (૭) હરિદ્વાર . ૯/૨૮;

# પરિશિષ્ટ-૨ : યાદી

| પંચ ભૂત | પંચ જ્ઞાનેન્દ્રિય | ઇન્દ્રિયના દેવતા | તેનું સ્થાન | તેમના વિષય | તેમના દોષ | જીતવાના ઉપાય |
|---|---|---|---|---|---|---|
| આકાશ | શ્રોત્ર | દિક્પાલ | કાન | શબ્દ | માન | મહિમા |
| વાયુ | ત્વક્ | વાયુ | ચામડી | સ્પર્શ | કામ | જ્ઞાન |
| તેજ | ચક્ષુ | સૂર્ય | આંખ | રૂપ | લોભ | ધર્મ |
| જળ | રસના | વરુણ | જીભ | રસ | સ્વાદ | ભક્તિ |
| પૃથ્વી | ઘ્રાણ | અશ્વિનીકુમાર | નાક | ગંધ | સ્નેહ | વૈરાગ્ય |

| પંચ ભૂત | પંચ કર્મેન્દ્રિય | ઇન્દ્રિયના દેવતા | તેનું સ્થાન | તેમના વિષય |
|---|---|---|---|---|
| આકાશ | વાક્ | અગ્નિ | મુખ | વાણી |
| વાયુ | પાણિ | ઇન્દ્ર | હાથ | ગ્રહણ |
| તેજ | પાદ | વિષ્ણુ | પગ | ગતિ |
| જળ | ઉપસ્થ | પ્રજાપતિ | ગુહ્યેન્દ્રિય | વિષયભોગ |
| પૃથ્વી | ઉપાયુ | યમ | ગુદા | મળત્યાગ |

| ચાર અંતઃકરણ | ઇન્દ્રિયના દેવતા | તેનું સ્થાન | તેમના વિષય |
|---|---|---|---|
| મન | ચંદ્ર | હૃદય | સંકલ્પ |
| બુદ્ધિ | બ્રહ્મા | હૃદય | નિશ્ચય |
| ચિત્ત | વાસુદેવ | હૃદય | ચિંતવન |
| અહંકાર | રૂદ્ર | હૃદય | અભિમાન |

## પરિશિષ્ટ-૩ : વાતોમાં આવતી વ્યક્તિઓ

**(સ્વામીની વાતોમાં જ્યાં જ્યાં જે જે વ્યક્તિઓનાં નામ હોય કે તે વ્યક્તિ વિશે આધ્યાત્મિક વિધાન હોય કે તેમના જીવનનો પ્રસંગ હોય તેવી વ્યક્તિઓની (સંપ્રદાયના મુક્તો તથા પૌરાણિક પાત્રો)ની નામાવલિ આ પરિશિષ્ટમાં પ્રસ્તુત કરવામાં આવી છે.)**

**શ્રીજીમહારાજ/સહજાનંદસ્વામી/હરિકૃષ્ણ/પુરુષોત્તમ/મહારાજ**= ૧/૧૯૯-૩૩૫; ૩/૬૨; ૫/૨૧૪; ૬/૭-૨૧-૨૨૪-૨૨૮; ૭/૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦-૧૧-૧૨-૧૩-૧૪-૧૫-૧૬-૧૭-૧૮-૧૯-૨૦-૨૧-૨૨-૨૩-૨૪-૨૫-૨૮-૨૯-૩૦; ૮/-૧-૫-૬-૧૦-૧૫-૧૬-૨૨-૨૮-૨૯-૩૦-૩૨-૩૪-૩૫; ૯/૪૨;

**ગુણાતીતાનંદસ્વામી/નિર્ગુણાનંદ (ભાદરાવાળા)**= ૪/૧૪૪; ૫/૧૪-૩૮૭-૪૨૬; ૮/૧૫/૧૬; ૯/૧૩૯;

### - : અ :-

- **અક્ષરાનંદસ્વામી**= ૧/૯૨; ૨/૧૪૨; ૯/૧૨૯;
- **અખંડાનંદસ્વામી**= ૯/૧૦૬;
- **અખંડાનંદબ્રહ્મચારી**= ૪/૧૪૪; મેવાસાવાળા ઇન્દ્રજી વ્યાસ (પ.પૂ. કૃષ્ણજી અદાના પિતાશ્રી )
- **અખંડાનંદસ્વામી**= ૯/૧૦૬;
- **અખો**= ૯/૩૩૫;
- **અચિંત્યાનંદબ્રહ્મચારી**= ૩/૧૯; ૬/૩૧-૩૮-૯૭;
- **અજયાનંદસ્વામી**= ૯/૯૨;
- **અજુભાઈ**= ૯/૩૨૧;
- **અદીબા**= ૯/૧૭૪-૧૭૫;
- **અદ્વૈતાનંદસ્વામી**= ૯/૯૫-૧૪૨-૨૭૧; પૂર્વાશ્રમનું નામ દેવીવાળો મગનીરામ.
- **અભેસિંહજી (ગાણોદ)**= ૪/૧૪૪; ૬/૭૬;
- **અરજણ બાબરિયા**= ૫/૩૮૨;
- **અરદેશરભાઈ કોટવાલ**= ૯/૨૨૬;
- **અરૂપાનંદસ્વામી**= ૫/૩૫૦;
- **અલૈયાખાચર**= ૭/૧૨; ૯/૬૮-૨૩૬;
- **અયોધ્યાપ્રસાદજી મહારાજ**= ૯/૪૨-૧૭૮; આચાર્ય મહારાજ-અમદાવાદ.

# પરિશિષ્ટ-૩ : વાતોમાં આવતી વ્યક્તિઓ

## - : આ :-


- **આણંદજી દીવાન**= ૯/૧૨૪;
- **આણંદજી સંઘાડિયા**= ૬/૫૩; ૯/૧૪;
- **આત્માનંદસ્વામી/ભાઈસ્વામી**= ૩/૧-૧૮; ૫/૭૨-૮૪-૧૬૫; ૬/૪૮-૬૫; ૯/૩-૧૪૫-૧૬૬-૧૯૬-૨૬૭;
- **આનંદસ્વામી**= ૩/૭; ૯/૪૨-૧૩૭-૨૮૭;
- **આપા**= ૬/૨૦૧;
- **આલશી ઘાંચી**= ૪/૮૧; ઘાંચીનો ધંધો કરનાર મુસ્લિમ ભકત.
- **આલાભક્ત (આયર)**= ૯/૮૨;
- **આંબા શેઠ**= ૯/૧૭૫-૧૭૬-૧૭૭-૩૩૫;


## - : ઈ :-


- ઈચ્છારામભાઈ= ૮/૩૬; શ્રીજીમહારાજના નાના ભાઈ.


## - : એ :-


- **એભલ ખાચર**= ૯/૨૦૧-૨૦૨;


## - : અં :-


- **અંબાવીદાસ**= ૯/૧૫;


## - : ક :-


- કબો ગાંડો **(માંગરોળનો વાણિયો)**= ૬/૧૭૧;
- કડવીબાઈ/રામબાઈ **(જેતપુર)**= ૯/૨૦૪; ત્યાગાશ્રમનું નામ રામબાઈ.
- **કમળશી શેઠ**= ૯/૧૭૬-૧૭૭;
- **કમાનગર બોદો**= ૯/૨૨૦;
- **કરસનભક્ત (કુંકાવાવ)**= ૪/૪૭;
- **કરસન લુહાર (પીઠવાજાળ)**= ૯/૫૨;
- **કરસનજી દેસાઈ**= ૫/૬૫;
- **કરસનજી (તોરી)**= ૯/૩;
- **કરસનદાસ (ધોળકા)**= ૨/૮; ૯/૨૯૮;
- **કરસનદાસ કોઠારી**= ૮/૨૧;
- **કરુણાશંકર**= ૫/૭૨; ૬/૨૨૪;
- **કરીમભાઈ**= ૯/૨૪૨;

- **કલ્યાણભાઈ (વાણથલી)**= ૩/૭૨; ૫/૩૮૨; ૯/૨૮૨;
- **કલ્યાણદાસબાવા**= ૯/૨૧૧;
- **કાશીરામ**= ૩/૭૦; ૪/૧૪૪;
- **કાશીદાસ (બોચાસણ)**= ૯/૧૨૯-૨૨૫;
- **કાળા ભક્ત**= ૯/૧૪૫;
- **કુશળકુંવરબા**= ૩/૬૨; ૯/૧૯૮-૩૨૬;
- **કૃપાનંદસ્વામી**= ૧/૨૨૫-૨૨૯-૩૦૯-૩૩૩; ૨/૧૭૩; ૩/૨૫-૩૧-૫૭; ૪/૨-૩૨-૭૭; ૫/૭૨-૮૪-૧૬૪-૧૭૯-૨૯૩; ૬/૩૦-૪૩-૬૪-૭૭-૮૩-૯૦-૧૧૪; ૯/૬૬-૧૨૯-૧૩૦-૧૪૫-૧૫૪-૧૯૬-૨૫૧;
- **કુંજવિહારીદાસ**= ૯/૧૧૯;
- **કૃષ્ણજી**= ૯/૯૮-૨૧૩; ત્યાગાશ્રમનું નામ સર્વજ્ઞાનંદસ્વામી.
- **કૃષ્ણાનંદસ્વામી**= ૯/૧૯૬;
- **કેવળાત્માનંદસ્વામી**= ૬/૪૮;
- **કેશવજીવનદાસ**= ૫/૩૯૩;
- **કેશવપ્રસાદજી**= ૯/૪૨; અયોધ્યાપ્રસાદજી-અમદાવાદના આચાર્ય મહારાજના ઉત્તરાધિકારી.
- **કૈવલ્યાનંદસ્વામી**= ૯/૧૯૬;

**- : ખ :-**

- **ખંડેરાવ**= ૬/૪૨; સયાજીરાવ બીજા પછી વડોદરાની ગાદીએ આવેલ રાજા.
- **ખીમા ડોબરિયા**= ૯/૧૬;
- **ખીમા વાઘ**= ૯/૩;
- **ખુશાલ ભટ્ટ**= ૯/૨૫૯; ત્યાગાશ્રમનું નામ ગોપાળાનંદસ્વામી.
- **ખેતા ભીમા**= ૯/૯૬;

**- : ગ :-**

- **ગગા ઓઝા**= ૯/૩૩૦;
- **ગલુજી**= ૯/૧૯૭;
- **ગંગામા**= ૩/૫૨;
- **ગંગાદત્ત**= ૯/૩૨૭;
- **ગાયકવાડ**= ૪/૭૦; વડોદરાના રાજા.

- **ગિરધરભક્ત (ચરોતરના)**= ૫/૩૩૫;
- **ગુલાબગર બાવો**= ૬/૪૭;
- **ગોકળ ભાટિયા**= ૬/૧૮૧;
- **ગોતિતાનંદ (સ્વામી)**= ૯/૧૪૨;
- **ગોપાળાનંદસ્વામી**= ૧/૧૯૯-૨૭૭; ૨/૧૭૩; ૩/૨૫-૩૧-૩૬-૪૧-૪૩-૪૫-૪૯-૫૭-૬૭-૭૩; ૪/૧૪૪;૫/૨૮-૭૨-૭૪-૮૪-૧૨૭-૩૪૪-૩૮૩-૪૨૬; ૬/૩૦-૩૪-૪૩-૮૩-૨૪૨; ૭/૨૭; ૮/૧૬-૩૬; ૯/૧૪૨-૧૪૫-૧૯૬-૨૦૦-૨૨૪-૨૫૯-૩૦૩-૩૧૬-૩૨૦-૩૨૩;
- **ગોપાળાનંદસ્વામી સંન્યાસી**= ૯/૩૦૧;
- **ગોરધનભાઈ**= ૯/૨૦૪;
- **ગોવરધનભાઈ**= ૧/૧૧૩; ૩/૯; ૪/૭૫; ૫/૯૩; ૯/૭૧;
- **ગોવિંદરામ (ભટ્ટ)**= ૫/૨૪૬; મયારામ ભટ્ટના ભાઈ.
- **ગોવિંદસ્વામી**= ૩/૫૨;

**- : ઘ :-**

- **ઘનશ્યામદાસ**= ૫/૨૮૯; ૬/૧૬૫-૨૨૯; ૯/૨૮૪-૩૦૧; પૂર્વાશ્રમનું નામ નાજા જોગીઆ.
- **ઘનશ્યામાનંદ (સ્વામી)**= ૪/૪૦; ૯/૨૧૩-૨૫૫;
- **ઘેલા શાહ**= ૯/૪૧;

**- : ચ :-**

- **ચતુર્ભુજદાસજી**= ૪/૬૧;
- **ચૈતન્યાનંદસ્વામી**= ૨/૧૪૨; ૬/૧૬૫-૨૧૯; ૯/૨૪૨;
- **ચેલા ખાચર**= ૯/૧૪૮;

**- : જ :-**

- **જમનાબાઈ**= ૯/૨૧૧; મુકતાનંદસ્વામીનાં પૂર્વાશ્રમનાં પત્ની.
- **જલાભક્ત**= ૩/૩૩;
- **જનક**= ૫/૧૨૯;
- **જસા રાજગર**= ૯/૨૩૭;
- **જાગાભક્ત**= ૧/૨૩૬; ૫/૩૮૨-૩૮૭; ૯/૧૫૨;
- **જિજ્ઞાસાનંદસ્વામી**= ૮/૧૩;

- **જીવાખાચર**= ૪/૮૩; ૯/૫૬-૨૦૬-૨૧૮;
- **જીવા જોષી**= ૯/૨૦૪;
- **જીવી**= ૯/૧૭૬-૧૭૭;
- **જીવુબા/મોટીબા/જયાબા/પૂનમતીબા**= ૯/૨૦૧-૨૦૨-૨૦૩-૨૦૪-૨૦૫-૨૦૬-૨૧૦;
- **જુણોભાઈ**= ૫/૩૮૨;
- **જેસંગભાઈ**= ૩/૬;
- **જોબનપગી (વરતાલ)**= ૧/૨૪૯; ચરોતર પ્રદેશનો લુટારો.
- **જોશી**= ૯/૩૦૦;

**- : જ્ઞ :-**

- **જ્ઞાનાનંદસ્વામી**= ૫/૭૨;

**- : ઝ :-**

- **ઝમકુબા** = ૯/૨૧૦;
- **ઝીણાભાઈ (પંચાળા)**= ૫/૧૧૪; ૯/૧૫-૧૭૪-૨૪૮-૨૮૪;

**- : ડ :-**

- **ડુંગર ભક્ત**= ૯/૧૫૪;
- **ડાહ્યા (મહુવા)**= ૫/૩૨૯;
- **ડોસાભાઈ ભક્ત (ભાદરા)**= ૫/૩૭૮; ૭/૧૧; ૯/૩૦૯;
- **ડોશી (ઘાણલા)**= ૫/૬૩;
- **ડોસાભાઈ (બંધિયા)**= ૯/૨૧૬;
- **ડોશી**= ૯/૨૪૯; મેમણની મા.

**- : ત :-**

- **તખોપગી (બામરોલી)**= ૧/૨૪૯; લુટારો.
- **તત્ત્વાનંદ (સ્વામી)**= ૯/૧૫૨;
- **તુલસીદાસબાવા**= ૯/૨૧૧;
- **ત્રિકમદાસ કોઠારી**= ૫/૯૩-૩૭૭;

**- : દ :-**

- **દલુજી**= ૭/૨૨;
- **દાજીભાઈ**= ૬/૨૬૫;

## પરિશિષ્ટ-૩ : વાતોમાં આવતી વ્યક્તિઓ

- દાજીભાઈ (બાંધાગુી)= ૯/૫૧;
- દાજીભાઈ (બુધેજ)= ૯/૫૧;
- દાદાખાચર (ગઢડા)= ૬/૨૪૨; ૯/૨૦૫-૨૦૬;
- દામોદર (અમદાવાદ)= ૭/૧૪; ૯/૨૨૭;
- દેવજીભક્ત (વાંઢિયા)= ૭/૧૩;
- દેવશી લુહાર (આંબા)= ૯/૫૬;
- દેવાનંદસ્વામી= ૫/૯૫; ૮/૨૩;
- દ્વારકાદાસબાવા= ૯/૨૧૧;

**-: ધ :-**

- ધન્વંતર વૈદ= ૧/૯૨;
- ધનોભક્ત= ૪/૪૩;
- ધર્મદેવ/હરિપ્રસાદજી= ૫/૪૨૬; ૭/૯-૨૩; ૮/૮-૧૦;
- ધર્મસ્વરૂપાનંદ બ્રહ્મચારી= ૫/૧૫૮;
- ધર્મનંદનદાસ (દ્વારકા)= ૯/૨૬૨;

**-: ન :-**

- નથુ પટેલ (કારિયાણી)= ૯/૩૦૧;
- નથુભટ્ટ= ૭/૧૪; ૯/૨૨૭;
- નરનારાયણાનંદસ્વામી= ૧/૧૫૬; ૫/૮૪-૧૫૫; ૯/૨૬૧;
- નાગજી લુહાર= ૯/૧૧૬;
- નાજા જોગીઆ= ૯/૨૩૬-૩૦૧; ત્યાગાશ્રમનું નામ ઘનશ્યામદાસ.
- નાથભક્ત (વડોદરા)= ૨/૨૩; ૯/૨૨૨;
- નાનાભક્ત રાઠોડ= ૬/૨૮૫;
- નારાણજીભાઈ (ગઢડા)= ૮/૨૫;
- નારાયણદાસ= ૨/૬૩;
- નારાયણમુનિ= ૭/૨;
- નિત્યાનંદસ્વામી= ૫/૭૨-૮૨-૮૫-૧૪૯-૨૦૫-૨૫૨-૨૯૦-૪૨૬; ૬/૩૩; ૭/૨૦-૨૧; ૯/૧૪૨;
- નિરંજનાનંદસ્વામી= ૧/૬૮; ૩/૩૪;
- નિર્ગુણાનંદસ્વામી= ૨/૧૦૮;

- **નીલકંઠબ્રહ્મચારી=** ૭/૧-૨;
- **નિષ્કુળાનંદસ્વામી=** ૧/૩૦૯-૩૩૩; ૫/૨૭; ૯/૬૬-૧૯૬-૨૪૨-૨૫૯-૨૬૫-૩૨૦-૩૩૪;
- **નૃસિંહાનંદસ્વામી=** ૬/૧૪૫; ૯/૧૩૦;
- **નિર્મળાનંદસ્વામી=** ૯/૮૦;
- **નિર્વિકારાનંદસ્વામી=** ૯/૮૦;

**– : પ :–**

- **પરમચૈતન્યાનંદસ્વામી=** ૫/૨૪૨; ૯/૧૨૮-૧૨૯-૧૯૮-૨૮૫;
- **પરમહંસાનંદસ્વામી=** ૩/૫૨; ૫/૨૪૨;
- **પરમાનંદસ્વામી=** ૪/૧૪૪;
- **પર્વતભાઈ (અગત્રાઈ)=** ૧/૨૨૯; ૪/૭૫; ૫/૭૨-૯૨-૧૫૩-૧૬૪; ૭/૮-૨૧; ૯/૧૩-૧૭૪-૧૯૯-૨૧૯;
- **પવિત્રાનંદસ્વામી=** ૫/૪૨૬;
- **પૂતના=** ૯/૪૩-૨૮૦;
- **પૂતળી (જેતપુર)=** ૯/૨૦૪; કડવીબાઈ; ત્યાગાશ્રમનું નામ રામબાઈ તેમની મા.
- **પૂર્ણાનંદ (સ્વામી)=** ૯/૨૪૨;
- **પ્રભવાનંદસ્વામી=** ૭/૫; ૯/૧૫૪-૨૮૫;
- **પ્રભુતાનંદસ્વામી=** ૯/૨૮૫;
- **પ્રભુદાસ=** ૯/૨૨૨;
- **પ્રાગજી (ભક્ત)=** ૫/૭૨-૮૪-૨૦૬-૩૯૩-૩૯૫; ભગતજીમહારાજ
- **પ્રેમજી સુતાર=** ૯/૧૦૫;
- **પ્રેમાનંદસ્વામી=** ૨/૭૦; ૮/૧૫; ૯/૧૦૭-૨૦૪;

**– : બ :–**

- **બાઈ (ગઢડા)** = ૯/૨૧૮; આડો કાઠીનાં ઘરવાળાં; ત્યાગાશ્રમનું નામ માતાજી.
- **બાટલીવાળા=** ૫/૬૫;
- **બાદશાહ અને લવો=** ૪/૧૪૦; ૯/૪૦;
- **બાળમુકુંદાનંદસ્વામી/બાળમુકુંદદાસ=** ૨/૧૪૨; ૫/૨૮-૭૨-૩૮૨; ૬/૧૬૫-૨૧૯; ૯/૧૨૮-૧૫૩;
- **બેચર=** ૯/૨૯૮;

- **બ્રહ્માનંદસ્વામી/બ્રહ્મમુનિ**= ૩/૯-૧૮; ૪/૩૨; ૫/૭૨-૮૨; ૬/૪૮; ૭/૨૭; ૮/૧૩-૧૬; ૯/૫૬-૧૪૦-૨૬૭-૨૭૫-૩૦૧-૩૨૩;

**-: ભ :-**

- **ભક્તિમાતા**= ૬/૭૩; ૭/૨૩; ૮/૮-૧૦; શ્રીજીમહારાજનાં માતુશ્રી.
- **ભગવત્પ્રસાદજી મહારાજ (વરતાલ)**= ૫/૧૧૭; ૯/૧૧૯; આચાર્ય મહારાજં-વરતાલ.
- **ભગવદાનંદસ્વામી**= ૪/૪૦-૧૪૪; ૫/૪૨૬; ૬/૨૪૨;
- **ભજનાનંદ (સ્વામી)**= ૩/૧૮; ૫/૪૨૬;
- **ભગા શેઠ**= ૯/૨૧૨;
- **ભગુજી**= ૯/૫૯-૨૧૩-૨૧૬;
- **ભાલચંદ્ર શેઠ**= ૯/૨૨૬;
- **ભીમ રાજગર(ગોલીડા)**= ૯/૨૧૭;
- **ભૂદરભાઈ (કપડવંજ)**= ૯/૪૨;
- **ભોજો ચારણ**= ૯/૨૦૭;
- **ભોળા વ્યાસ**= ૯/૨૯૪;
- **ભોળાનંદ (સ્વામી)**= ૯/૩૧;

**-: મ :-**

- **મનજી ઠક્કર**= ૫/૨૩૨;
- **મનજીભાઈ (ગઢડા)**= ૯/૨૬૭;
- **મયારામ ભટ્ટ**= ૫/૧૫૮-૨૪૬-૩૩૮; ૬/૫૨-૧૦૧; ૯/૧૭૪; ગોવિંદરામ ભટ્ટના ભાઈ.
- **મહાપુરુષદાસજી (ગઢડાના મહંત)**= ૫/૩૪;
- **મહાવીર્યાનંદસ્વામી**= ૨/૮;
- **મંજુકેશાનંદસ્વામી**= ૫/૪૨૬;
- **માતાજી**= ૧/૧૮૪; ગુણાતીતાનંદસ્વામીનાં માતુશ્રી.
- **માણસિયા ખુમાણ**= ૯/૨૮૫;
- **માતરા ધાધલ**= ૯/૬૮-૨૦૧;
- **માધાસુતારભક્ત**= ૫/૨૫૪;
- **માધવજી સુતાર (ધોરાજી)**= ૫/૨૬૨;

- **માધવાનંદસ્વામી**= ૯/૧૪૪;
- **મામૈયો**= ૯/૨૧૪;
- **માનભા/માનસિંહ (મેંગણીના રાજા)**= ૧/૨૪૯; રોજ શેર ચકલાંની જીભનું શિરામણ કરનાર
- **માવાભક્ત (થાણગાળોલ)**= ૧/૩૦૯; ૬/૨૧૩; ૯/૨૬૨-૩૧૬;
- **માવાભાઈ**= ૫/૧૧૪-૧૧૬; ૬/૨૪૦;
- **મિયાંજી**= ૫/૩૭૬;
- **મુકતાનંદસ્વામી/મુકુંદદાસ**= ૧/૧૯૯-૨૦૭-૨૨૯-૨૭૭-૩૨૫; ૨/૧૧૦-૧૭૩; ૩/૨-૩-૭-૯-૨૫-૩૧-૪૧-૪૫; ૪/૩૨-૧૪૪; ૫/૨૭-૭૨-૮૪-૯૩-૧૬૪-૨૪૨-૨૪૬-૨૮૭-૪૧૮; ૬/૯-૩૦-૮૩-૧૦૧; ૭/૨૭; ૮/૧૨-૩૬; ૯/૧૪-૫૬-૬૬-૮૬-૧૪૫-૧૪૬-૧૭૪-૧૭૫-૧૯૮-૨૧૧-૨૬૭ -૨૮૦-૩૦૧-૩૨૩;
- **મુનિબાવા**= ૫/૭૨-૩૫૨; ૯/૩૨૦;
- **મુંજોસુરુ (લીલાખા)**= ૧/૨૪૯; સોરઠ પંથકનો લુટારો.
- **મૂળજી બ્રહ્મચારી**= ૪/૩૧; ૫/૩૩૮; ૯/૧૭૪-૨૦૮-૨૧૦;
- **મૂળજીભક્ત (લોજ)**= ૭/૪;
- **મૂળજી**= ૯/૯૮-૨૧૩; ત્યાગાશ્રમનું નામ ઘનશ્યામાનંદસ્વામી.
- **મૂળજી શ્રોત્રિ**= ૯/૨૩૭;
- **મૂળુભાઈ(બંધિયા)**= ૯/૨૧૧-૨૧૬-૨૪૧;
- **માંચો ખાચર**= ૯/૨૦૭;
- **મેરામણ**= ૯/૨૧૪;
- **મોતીભાઈ**= ૯/૨૬૩;
- **મોનો દવે (સેંજળ)**= ૯/૨૮૫;

**-: ય :-**

- **યોગેશ્વરદાસજી**= ૫/૩૪-૩૮૨;

**-: ર :-**

- **રઘુવીરચરણદાસ**= ૯/૫૨;
- **રઘુવીરજીમહારાજ(વરતાલ)**= ૩/૧૯-૫૭-૬૩-૭૪; ૫/૨૫૨-૪૨૬; ૬/૧૫૬-૨૪૧; ૮/૧૫-૧૬-૩૬; ૯/૧૭૮-૨૮૭-૩૨૧; આચાર્ય.

## પરિશિષ્ટ-૩ : વાતોમાં આવતી વ્યક્તિઓ

- **રાણછોડ (ઊના)**= ૧/૩૦૯; ૪/૪૮;
- **રતનજી**= ૫/૩૭૬;
- **રત્નાભક્ત (ભાદરા)**= ૭/૧૧; ત્યાગાશ્રમનું નામ વિજ્ઞાનદાસજી.
- **રવજી સુતાર**= ૧/૪૪;
- **રાઈબાઈ (કુંડળ)**= ૯/૨૦૧-૨૩૮; હાથિયા પટગરની મા.
- **રાઘવાનંદ (સ્વામી)**= ૬/૨૩૬;
- **રાઘવ રાજગર (ગોલીડા)**= ૯/૨૧૭;
- **રાઘવજી જત (કારેલા)**= ૯/૨૬૭;
- **રાઘવાનંદ (સ્વામી)**= ૯/૨૧૭; ૧૧/૯૯;
- **રાજબાઈ (વાંકિયા)**= ૯/૨૦૦-૨૦૩; જીવુબાઈનાં માશીની દીકરી.
- **રાઠોડ કાઠી**= ૬/૨૮૫;
- **રાઠોઠ ધાધલ**= ૫/૪૨૦;
- **રાધેશ્વરાનંદ (સ્વામી)**= ૨/૮;
- **રાણો રાજગર(ગોલીડા)**= ૯/૨૧૭;
- **રામબાઈ (કઠલાલ)**= ૯/૨૧૯;
- **રામબાઈ (જેતપુર)**= ૯/૨૦૪; પૂર્વાશ્રમનું નામ કડવીબાઈ.
- **રામચરણદાસ**= ૧૪/૧૧૨;
- **રામદાસજી**= ૫/૮૫; ૬/૮૮-૧૪૧-૨૩૮; ૭/૬; ૯/૯૨-૨૦૮-૨૯૨;
- **રામાનુજાનંદસ્વામી સંન્યાસી**= ૯/૩૦૧;
- **રામાનંદસ્વામી**= ૫/૧૦૧-૪૨૭; ૭/૧-૨-૩-૫-૧૪; ૯/૧૪-૪૨-૨૧૧;
- **રૂપરામ ઠાકર**= ૫/૨૭૮;
- **રૂપરામ બ્રાહ્મણ (વીંકળિયા)**= ૯/૨૬૨;
- **રૂપશંકર**= ૩/૩૯-૬૭-૭૧;
- **રૂગનાથરાય**= ૯/૨૫;
- **રોળાનંદ (સ્વામી)**= ૯/૧૪૫;

### – : લ :–

- **લખમણ સમાધિવાળા**= ૭/૫;
- **લક્ષ્મણ (ભક્ત)**= ૯/૨૩૮;
- **લખીરામ શાસ્ત્રી**= ૯/૨૫૯;

- લલુભાઈ બાદર/અલુભાઈ (વડોદરા)= ૯/૧;
- લવિયા દરજી/લવજી= ૫/૧૧૧;
- લાલોભાઈ (સોજીત્રા)= ૫/૩૮૨;
- લાખો દરજી (ભૂંડકેરાળા)= ૯/૧૭૩;
- લાડુ બારોટ= ૯/૫૬; ત્યાગાશ્રમનું નામ બ્રહ્માનંદસ્વામી.
- લાડુબા/લાડુબાઈ/લલિતા (ગઢડા)= ૯/૫૬-૨૦૧-૨૦૨-૨૦૩-૨૦૫-૨૦૬;
- લાધા ઠક્કર/લાધોભક્ત= ૯/૧૦૭;
- લાધા શુકલ= ૯/૧૪૬;
- લાધીબાઈ (ભૂજ)= ૯/૨૦૯-૨૧૦;

**-: વ :-**

- વજેસિંહ દરબાર (ભાવનગર)= ૯/૨૦૬;
- વનાશાહ (સુંદરિયાણા)= ૯/૨૨૪;
- વલ્લભજી શેઠ (ઊના)= ૨/૧૫;
- વશરામભક્ત (સુતાર)= ૫/૩૧૭; ૭/૧૧; ૯/૨૦૮-૨૪૬;
- વશરામ રાજગર (ગોલીડા)= ૯/૨૧૭;
- વાઘાખાચર= ૫/૫૯;
- વિજયાત્માનંદસ્વામી= ૯/૨૨-૧૫૩;
- વિજ્ઞાનદાસજી (ભાદરાવાળા)= ૧/૮૦; ૩/૭૩; પૂર્વાશ્રમના રત્ના ભક્ત; હરિવલ્લભદાસના ભાઈ.
- વિઠુબા દીવાનજી (વડોદરા)= ૨/૨૩; ૬/૨૩૪; ૯/૩૩૦;
- વિધાત્રાનંદસ્વામી= ૬/૩૧;
- વિશાજી/વિહાજી= ૬/૨૪૨;
- વિશુદ્ધાત્માનંદસ્વામી= ૫/૭૨; ૯/૩૩૦;
- વિશ્વરૂપાનંદસ્વામી= ૪/૩૬;
- વ્યાપકાનંદસ્વામી= ૭/૩-૧૦-૧૮-૨૧;
- વિશ્વાત્માનંદસ્વામી= ૯/૨૧૭;
- વિષ્ણુદાસ (ડભાણ)= ૯/૨૨૩;
- વેલો સથવારો= ૯/૧૫૪;

# પરિશિષ્ટ-૩ : વાતોમાં આવતી વ્યક્તિઓ

**- : શ :-**

- **શંકરપ્રસાદ**= ૬/૨૦૯;
- **શંકરાચાર્ય/શંકરસ્વામી**= ૭/૩;
- **શિયાજીરાવ/ગાયકવાડ**= ૪/૭૦; ૫/૧૧-૧૧૯; ૬/૨૩૪; ૯/૧;
  સયાજીરાવ ગાયકવાડ
- **શિવલાલ શેઠ (બોટાદ)**= ૩/૨૧-૨૨; ૬/૭૬;
- **શિવાનંદ (સ્વામી)**= ૯/૨૭૯;
- **શિવો**= ૯/૨૦૪;
- **શુકસ્વામી/શુકમુનિ**= ૫/૧૪-૩૫-૭૫-૩૮૯; ૮/૧૫;
- **શેખજી**= ૫/૧૩૦-૩૯૫;
- **શેરખાં**= ૬/૨૨;

**- : સ :-**

- **સચ્ચિદાનંદસ્વામી**= ૧/૨૨૯-૩૩૨; ૩/૫૭; ૪/૮; ૫/૧૧૦-૧૬૪;
- **સદાશિવ (હવેલીવાળા)**= ૧/૨૫૭; ૫/૧૬૫;
- **સદાનંદ (સ્વામી)**= ૯/૨૯૯;
- **સવદાસ પટેલ (સમઢિયાળા)**= ૯/૫૬;
- **સર્વજ્ઞાનંદસ્વામી (અમદાવાદના મહંત)**= ૯/૨૧૩;
- **સર્વનિવાસાનંદસ્વામી**= ૨/૧૧૦; ૩/૬૪; ૫/૨૮; ૯/૧૫૩;
- **સંતદાસજી**= ૫/૨૭; ૭/૨૨;
- **સામત પતંગ**= ૩/૫૦; ઝિંજાવદરના અલૈયા ખાચરના પિતા.
- **સામંત પટેલ**= ૯/૨૧૨;
- **સિદ્ધાનંદસ્વામી**= ૩/૪૩;
- **સુંદરજીભાઈ સુતાર (ભૂજ)**= ૬/૨૩૨-૨૩૫;
- **સૂરાખાચર (ભક્ત)**= ૧/૭૯;
- **સોમલાખાચર**= ૫/૩૭૬; ૮/૧૬; ૯/૯૬;
- **સ્વરૂપાનંદસ્વામી**= ૧/૧૯૧-૧૯૨-૨૮૪; ૩/૭-૮-૧૦-૧૪-૪૧-૪૫; ૫/૭૨-૧૩૯-૧૪૦-૧૪૧-૧૪૨-૨૪૧-૨૪૨; ૬/૩૦-૪૦-૮૩-૨૬૧; ૭/૧૦-૧૮; ૯/ ૨૩૮-૨૪૨;
- **સુખાનંદસ્વામી**= ૯/૩૦૧;

- **સુજ્ઞાનંદસ્વામી**= ૯/૧૦૦-૩૦૬;
- **સુરાભી રાજા (રાજકોટ)**= ૯/૨૫;
- **સુરેશ્વરાનંદ (સ્વામી)**= ૯/૨૬૨;
- **સુંદરજીભાઈ સુતાર (ભૂજ)**= ૯/૨૧૫;
- **સુંદરદાસ**= ૯/૨૪૯;

**-: હ :-**

- **હઠીભાઈ (ગોંડળ)**= ૫/૯૪; ૯/૨૮૦;
- **હમીર**= ૨/૮; ૯/૧૪૨;
- **હરજી ઠક્કર (પીઠલપર)**= ૬/૨૧૨; ૯/૧૮૩;
- **હરિશંકરભાઈ**= ૫/૯;
- **હિરજી (વાળંદ)**= ૧/૫૧;
- **હિરણ્યગર્ભાનંદ (સ્વામી)**= ૨/૮;
- **હરિકૃષ્ણ (ચૂડા)**= ૯/૨૬૨;
- **હરિકૃષ્ણ**= ૯/૩૨૭;
- **હરિજન (મેવાસા)**= ૯/૫૧;
- **હરિયાનંદ (સ્વામી)**= ૯/૩૦૦;
- **હરિવલ્લભદાસ**= ૯/૧૦૬; પૂર્વાશ્રમના રત્ના ભક્ત-ત્યાગાશ્રમનું નામ વિજ્ઞાનદાસજીના ભાઈ.
- **હાથિયા પટગર (કુંડળ)**= ૯/૨૦૧; રાઈબાઈ ને અમરા પટગરના દીકરા.
- **હેમરાજશાહ શેઠ (સુંદરિયાણા)**= ૯/૨૨૪;

# પરિશિષ્ટ-૩ : વાતોમાં આવતી વ્યક્તિઓ

## -: પૌરાણિક પાત્રો :-

### - : અ :-

- **અક્રૂર**= ૬/૨૫૬;
- **અજામિલ**= ૧/૧૮૨; ૫/૧૦૯-૧૮૬-૨૪૯;
- **અનિરુદ્ધ**= ૨/૧૦૮; ૫/૧૮૭; ૬/૨૫૭;
- **અર્જુન**= ૩/૪૫; ૫/૭૩-૪૨૭; ૬/૨૫૬; ૯/૧૫૭-૨૭૬-૨૭૯;
- **અંગદ**= ૩/૧૬;
- **અંબરીષ**= ૧/૧૬૩-૩૪૦; ૩/૨૬; ૫/૨૫૪; ૬/૨૬-૧૧૬-૧૩૧-૨૪૯; ૯/૨૫૬
- **અગસ્ત્ય ઋષિ**= ૯/૨૨૮;
- **અગ્નિધ્ર**= ૯/૨૪૮;
- **અશ્વત્થામા**= ૯/૧૪૨;

### - : આ :-

- **આરુણી**= ૪/૧૧૫;

### - : ઈ :-

- **ઈન્દ્ર**= ૧/૨૧૮-૨૯૫; ૩/૨; ૫/૭૩-૧૦૯-૨૧૬;૬/૧૫-૧૮-૩૭-૯૪-૯૫-૧૮૬; ૭/૧૭; ૮/૩૦; ૯/૧૧૫;

### - : ઉ :-

- **ઉદ્ધવજી/ઓધવજી**= ૧/૩૬-૨૨૨-૩૩૨; ૨/૧૭૧; ૫/૬૪-૯૩-૩૮૨-૩૯૪-૪૨૭; ૬/૬૭-૯૦-૧૩૦-૨૧૮-૨૪૫; ૭/૧૪; ૯/૨૭૯;
- **ઉપમન્યુ**= ૪/૧૧૫;
- **ઉરૂ ઋષિ**= ૯/૧૧૫;

### - : ઋ :-

- **ઋષભદેવ (ભગવાન)**= ૧/૧૩૫-૨૪૯; ૪/૪૬; ૫/૨૩૫; ૬/૪૦-૯૦-૧૩૪; ૯/૧૫૫-૨૫૯;

### - : એ :-

- **એકલશૃંગી/શૃંગીઋષિ**= ૫/૩૦૬; ૬/૧૫;

### - : ઐ :-


- **એલપુરુરવા રાજા**= ૯/૨૪૪;


### - : ક :-


- **કપિલદેવ/કપિલમુનિ**= ૧/૨૪૯; ૩/૫; ૫/૧૦૦-૩૦૫; ૬/૪૦; ૮/૧૧; ૯/૨૨૮-૩૧૭;
- **કર્દમઋષિ**= ૮/૧૪;
- **કાર્તિકસ્વામી**= ૨/૨૬;૫/૨૬૧; ૬/૫૫;
- **કુંતાજી**= ૧/૪૯; ૫/૭૮;


### - : ખ :-


- **ખટ્વાંગ રાજા**= ૧/૨૬૨;


### - : ગ :-


- **ગણપતિ/ગણેશજી**= ૨/૨૬; ૫/૨૬૧-૩૦૪; ૬/૫૫; ૭/૩; ૯/૫૨;
- ગયરાજા= ૩/૬૩; ૫/૩૨૧; ૬/૨૪૧;
- **ગરુડ**= ૪/૧૮; ૫/૭-૬૦;
- **ગંગાજી**= ૬/૧૫; ૯/૧૩૦-૨૨૮;
- **ગોપી/ગોપીઉ**= ૩/૧૧; ૫/૪૨૭; ૬/૪૧-૧૩૦-૧૯૧;


### - : ચ :-


- **ચંદ્રમા**= ૬/૧૫;
- **ચિત્રકેતુ રાજા**= ૧/૮૫-૧૯૩; ૬/૨૪૯;
- **ચ્યવન (ઋષિ)**= ૯/૧૧૫-૨૯૯;


### - : જ :-


- **જનક રાજા**= ૧/૧૧૩-૩૪૦; ૪/૧૭; ૫/૯૯-૨૫૪;
- **જય-વિજય**= ૩/૫૫;
- **જરાસંધ**= ૬/૨૩૩; ૯/૫૯-૨૭૯;
- **જશોદા**= ૬/૨૫૬;
- **જાદવ/યાદવો**= ૧/૨૨૨; ૩/૩૫; ૫/૬૪-૯૬; ૬/૬૭;


### - : દ :-


- **દક્ષ**= ૬/૧૮૬;

## પરિશિષ્ટ-૩ : વાતોમાં આવતી વ્યક્તિઓ


- **દત્તાત્રેય**= ૧/૨૪૯-૨૮૧; ૩/૫; ૬/૪૦; ૮/૧૧-૩૬; ૯/૧૫૫-૨૩૯-૩૧૭;
- **દુર્યોધન**= ૧/૬૨; ૪/૫૪; ૫/૧૫૮; ૯/૧૦૪;
- **દુર્વાસાઋષિ**= ૫/૧૯૯; ૬/૧૮૬; ૯/૩૨-૧૧૫;
- **દ્રુપદ રાજા**= ૯/૨૭૬;
- **દ્રોણાચાર્ય**= ૧/૬૨; ૯/૨૭૬; પાંડવો-કૌરવોના ગુરુ.
- **દ્રૌપદી**= ૨/૭૨; ૫/૭૮-૧૦૯; ૯/૨૭૬; પાંડવોની પત્ની.

**- : ધ :-**

- **ધૃતરાષ્ટ્ર**= ૫/૧૭૮-૨૭૪;

**- : ન :-**

- **(શ્રી) નરનારાયણ**= ૧/૧૫૬; ૨/૨-૧૭૧; ૫/૮૪-૧૫૫-૧૮૭-૩૨૨-૩૩૮-૪૨૭; ૬/૫૬-૯૫; ૭/૩-૧૫-૧૯; ૮/૧૧;
- **નહુષ (રાજા)**= ૬/૨૪૯;
- **નારદજી**= ૧/૨૯૫; ૫/૭૨-૭૩-૧૦૯-૨૦૧-૨૨૧-૩૦૭; ૬/૯૪-૨૮૫; ૮/૭-૩૬; ૯/૧૧૫-૨૫૬;
- **નારાયણ**= ૫/૧૮૬;
- **નંદરાજા**= ૧/૮૫; ૬/૧૮૬;

**- : પ :-**

- **પરશુરામ (ઋષિ)**= ૪/૪૬;
- **પરાશર (ઋષિ)**= ૧/૩૮-૨૦૩; ૬/૧૫;
- **પરીક્ષિત (રાજા)**= ૪/૪૯; ૫/૪૩; ૯/૫૧-૧૬૯;
- **પર્વત/નારદજી**= ૯/૨૫૬;
- **પાર્વતી/ઉમા**= ૫/૨૬૧-૪૨૩; ૬/૫૫; ૯/૧૫૨;
- **પાંડવ**= ૨/૯૩; ૪/૫૪; ૫/૩૩૪; ૬/૨૦૦; ૯/૨૭૯;
- **પૃથુ રાજા**= ૬/૨૧૨;
- **પ્રદ્યુમ્ન**= ૩/૪૦; ૫/૧૫૦-૧૮૭;
- **પ્રહ્લાદ**= ૧/૩-૨૬૯-૩૧૨-૩૪૦; ૨/૧૮૫;૩/૨૪-૨૬; ૪/૯૪; ૫/૨૫૬-૩૨૨-૩૮૪; ૬/૨૪૫; ૯/૧૩-૫૬;
- **પ્રિયવ્રત**= ૧/૧૧૩-૧૬૩; ૫/૫૯-૧૯૧-૩૦૨-૩૩૫;

### – : બ :–


- **બલભદ્ર/બળદેવ**= ૫/૪૨૭; શ્રીકૃષ્ણના ભાઈ;
- **બ્રહ્મા**= ૧/૨૧૮; ૩/૨-૪૦-૪૬; ૫/૧૮૭; ૬/૧૫-૩૭-૯૫-૨૩૨-૨૫૭; ૭/૯-૧૫-૧૭; ૮/૭-૮-૩૦;
- **બળિ અને વૃંદા**= ૫/૩૫૪;


### – : ભ :–


- **ભગીરથ**= ૯/૨૨૮;
- **ભરતજી**= ૬/૫૭; શ્રીરામના ભાઈ.
- **ભરતજી/જડભરત**= ૧/૩૬-૩૮-૧૬૩-૨૦૮-૩૧૮-૩૩૪; ૫/૨૫૪-૩૨૩; ૬/૨૬-૪૩-૧૩૦-૨૪૯; ૮/૩૬; ૯/૧૫૫-૨૪૭;
- **ભીમ/ભીમસેન**= ૫/૧૭૮-૨૭૪; ૯/૨૭૯;
- **ભીષ્મપિતામહ**= ૧/૬૨; ૫/૨૯૯; ૬/૨૯૫; ૯/૧૩૦;
- **ભૂમાપુરુષ**= ૭/૧૦;


### – : મ :–


- **મરીચ્ય (ઋષિ)**= ૨/૬૯;
- **મહાવિષ્ણુ**= ૮/૧૫;
- **માર્કંડ ઋષિ**= ૯/૨૮૫;


### – : ય :–


- **યુધિષ્ઠિર**= ૪/૧;


### – : ર :–


- **રહૂગણ (રાજા)**= ૧/૨૦૮; ૫/૩૨૩;
- **રાધિકાજી**= ૩/૫૫; ૫/૪૨૭; ૬/૮૩; ૭/૩; ૯/૨૫૨
- **રામ/રામચંદ્રજી**= ૨/૨-૧૭૧; ૩/૫-૧૧; ૬/૨૧-૫૭; ૭/૧-૨-૩-૭-૨૧-૨૨; ૮/૧/૧૧; ૯/૧૫૨-૨૫૬-૨૭૧-૩૧૮;
- **રામાનુજાચાર્ય**= ૮/૩૪;
- **રાવણ (રાજા)**= ૬/૧૫;
- **રુક્મિણી**= ૩/૧૪; ૫/૪૨૭; ૯/૨૪૮;


### – : લ :–


- **લક્ષ્મણજી**= ૨/૭૨; ૫/૩૩૮; ૯/૨૭૧;

## પરિશિષ્ટ-૩ : વાતોમાં આવતી વ્યક્તિઓ

- **લક્ષ્મી/લક્ષ્મીજી**= ૧/૩૬; ૨/૧૮૪; ૫/૪૨૭;
- **લક્ષ્મીનારાયણ**= ૫/૧૮૭-૪૨૩-૪૨૭; ૬/૯૫; ૭/૩-૧૫-૧૯; ૮/૧૧;

**- : વ :-**

- **વરુણ**= ૭/૧૭; ૮/૩૦; ૯/૮૫;
- **વસિષ્ઠ (ઋષિ)**= ૭/૧;
- **વામનજી**= ૧/૨૮૫-૨૯૫; ૫/૭૩-૧૦૯; ૬/૯૪;
- **વાલખિલ્ય ઋષિ**= ૬/૧૧૯;
- **વાલ્મીકિ (ઋષિ)**= ૮/૨;
- **વાલી**= ૫/૭૯;
- **વાસુદેવ (નારાયણ)**= ૨/૨-૧૭૧; ૫/૧૮૭-૨૩૩-૪૨૨-૪૨૩; ૬/૯૫; ૭/૨-૧૫-૨૯; ૮/૧૧;
- **વિદુર**= ૫/૧૦૯;
- **વિભાંડક ઋષિ**= ૫/૩૦૬;
- **વિશ્વરૂપ**= ૧/૨૯૫;
- **વિષ્ણુ (ભગવાન)**= ૧/૨૧૮; ૩/૩૦; ૫/૧૮૭; ૬/૯૫-૨૫૭; ૭/૩; ૮/૮-૩૦;
- **વૈકુંઠનાથ**= ૬/૨૮૫;
- **વૈરાટ**= ૧/૧૯૮-૨૧૮-૩૦૨; ૩/૨-૪૬; ૪/૮૬;૫/૨૩૩-૪૨૨; ૬/૧૮-૩૭-૩૯-૯૫-૨૫૭-૨૮૭; ૭/૩-૧૭; ૮/૨;
- **વ્યાસ/વ્યાસજી (ઋષિ)**= ૨/૧૮૩; ૪/૪૯; ૫/૨૨૧-૨૬૬; ૬/૧૯૧; ૮/૨-૩૬;

**- : શ :-**

- **શિવજી/મહાદેવ/સિદ્ધેશ્વર/શંકર**= ૧/૧૬-૧૯૩-૨૧૮; ૨/૨૭;૩/૪૦; ૫/૬૦-૧૮૭-૪૨૩; ૬/૧૫-૫૭-૯૫; ૭/૩-૯; ૮/૭-૮-૧૫; ૯/૨૨૮;
- **શિશુપાલ**= ૩/૧૪;
- **શુકજી**= ૧/૩૬; ૪/૪૯-૮૬; ૫/૪૩-૨૫૪; ૬/૧૩૦-૧૯૧; ૮/૧૧; ૯/૧૬૯-૨૪૮;
- **શેષનારાયણ/શેષશાયી/શ્રીકૃષ્ણ/વાસુદેવ/નારાયણ/કનૈયો**= ૬/૯૫; ૭/૩; ૮/૮; ૮/૯-૧૧; ૯/૪૨-૪૩-૧૫૭-૨૭૯-૩૧૭

- **શેખચલ્લી**= ૫/૧૬૭;

**-: શ્ર :-**

- **શ્રીકૃષ્ણ/વાસુદેવ/નારાયણ/કનૈયો**= ૧/૨૬૯; ૨/૨-૯૩-૧૦૮-૧૭૧; ૩/૫-૧૧; ૪/૭૫-૮૬; ૫/૭૨-૧૮૭-૨૩૩-૨૫૬-૩૩૮-૩૮૨-૩૯૪-૪૨૦-૪૨૩-૪૨૭; ૬/૭-૮-૨૧-૩૩-૬૭-૯૫-૨૧૮-૨૩૨-૨૩૩-૨૫૬-૨૫૭; ૭/૨-૩-૨૧;
- **શ્રીદામા/સુદામા**= ૩/૫૫; ૫/૧૦૯; ૭/૩;

**-: સ :-**

- **સગર રાજા**= ૯/૨૨૮;
- **સનકાદિક (ઋષિ)**= ૧/૧૮૨-૧૯૮; ૨/૬૯;૩/૫૫; ૪/૬૪-૮૬; ૮/૧૧;
- **સંકર્ષણ**= ૨/૧૦૮; ૫/૧૮૭; ૬/૨૫૭; ૭/૯;
- **સીતાજી/જાનકીજી**= ૨/૭૨; ૬/૧૬૮; ૭/૩; ૯/૧૧૧-૨૫૬;
- **સુકન્યા**= ૯/૧૧૫;
- **સુલભા**= ૧/૧૦૭;
- **સુતપુરાણી**= ૮/૧૮;
- **સૂર્ય**= ૧/૬-૧૦૫-૧૪૦-૧૬૨-૨૫૦; ૫/૬૭-૧૦૯-૧૧૦-૩૦૦-૩૩૬; ૬/૫૫-૧૧૮; ૭/૩-૧૫; ૮/૧૮-૩૨;
- **સૌભરી (ઋષિ)**= ૧/૨૮-૩૮-૨૦૩; ૬/૧૫-૮૩; ૮/૧૪;

**-: હ :-**

- **હનુમાનજી**= ૫/૩૨૯; ૬/૧૩૦;

## પરિશિષ્ટ-૪ : વચનામૃત ને સ્વામીની વાતો

(સ્વામીની વાતોમાં જે તે સ્થળે આવતા આધ્યાત્મિક ભાવાર્થને
સુપુષ્ટ કરતા જે તે વચનામૃતની સૂચિ,
આ પરિશિષ્ટમાં પ્રસ્તુત કરવામાં આવી છે.)

- **વચ.ગ.પ્ર.૦૧** : વાત :- ૧/૫૪;
- **વચ.ગ.પ્ર.૦૪** : વાત :- ૧/૩;
- **વચ.ગ.પ્ર.૦૭** : વાત :- ૫/૨૨૯;
- **વચ.ગ.પ્ર.૧૧** : વાત :- ૨/૧૯૨;
- **વચ.ગ.પ્ર.૧૪** : વાત :- ૭/૧૭; ૮/૧૪;
- **વચ.ગ.પ્ર.૧૫** : વાત :- ૩/૬૦;
- **વચ.ગ.પ્ર.૧૬** : વાત :- ૪/૨૦; ૬/૬૪; ૭/૨૬;
- **વચ.ગ.પ્ર.૧૮** : વાત :- ૧/૧૫; ૨/૮૨; ૫/૧૦૨-૧૧૮; ૬/૩૮-૪૪-૬૪-૧૪૭-૧૫૩-૧૮૬-૨૧૭-૨૪૩; ૭/૨૬; ૯/૧૬૮;
- **વચ.ગ.પ્ર.૧૯** : વાત :- ૬/૨૫૪;
- **વચ.ગ.પ્ર.૨૦** : વાત :- ૭/૨૮; ૮/૧૫
- **વચ.ગ.પ્ર.૨૧** : વાત :- ૧/૪; ૮/૨૯
- **વચ.ગ.પ્ર.૨૨** : વાત :- ૬/૧૭૬;
- **વચ.ગ.પ્ર.૨૩** : વાત :- ૧/૧૩; ૧/૮૪; ૨/૪૦; ૩/૧૩; ૩/૩૨; ૫/૨૪૮-૨૭૪; ૬/૧૭૬-૨૩૮;
- **વચ.ગ.પ્ર.૨૪** : વાત :- ૧/૧૨૯; ૧/૧૮૯; ૪/૯૮; ૫/૧૩૦;
- **વચ.ગ.પ્ર.૨૫** : વાત :- ૫/૧૪૯;
- **વચ.ગ.પ્ર.૨૬** : વાત :- ૬/૩૨;
- **વચ.ગ.પ્ર.૨૭** : વાત :- ૧/૪; ૧/૩૯; ૭/૨૬;
- **વચ.ગ.પ્ર.૩૩** : વાત :- ૧/૩૫-૧૪૦-૧૬૮-૧૭૩-૧૯૪; ૫/૧૧૦-૧૯૫;
- **વચ.ગ.પ્ર.૩૪** : વાત :- ૧/૧૫૦;
- **વચ.ગ.પ્ર.૩૭** : વાત :- ૧/૪; ૫/૧૯૩-૨૫૩; ૮/૧૫
- **વચ.ગ.પ્ર.૩૮** : વાત :- ૬/૯૨;
- **વચ.ગ.પ્ર.૪૧** : વાત :- ૮/૨૮-૨૯;
- **વચ.ગ.પ્ર.૪૪** : વાત :- ૫/૨૨૯; ૬/૨૬૨;

- **વચ.ગ.પ્ર.૪૮** : વાત :- ૧/૨૪૦;
- **વચ.ગ.પ્ર.૫૦** : વાત :- ૬/૬૪-૧૨૦;
- **વચ.ગ.પ્ર.૫૪** : વાત :- ૩/૪૨; ૬/૨૧૨;
- **વચ.ગ.પ્ર.૫૮** : વાત :- ૧/૧૮૯; ૮/૧૪
- **વચ.ગ.પ્ર.૬૦** : વાત :- ૮/૧૮
- **વચ.ગ.પ્ર.૬૨** : વાત :- ૭/૧૫;
- **વચ.ગ.પ્ર.૬૩** : વાત :- ૧/૩૦૭; ૩/૨૩; ૮/૮-૨૨-૩૦-૩૫;
- **વચ.ગ.પ્ર.૬૪** : વાત :- ૧/૩૯; ૫/૨૨૯;
- **વચ.ગ.પ્ર.૬૬** : વાત :- ૧/૨૩૨;
- **વચ.ગ.પ્ર.૬૭** : વાત :- ૭/૧૫;
- **વચ.ગ.પ્ર.૭૦** : વાત :- ૬/૨૯;
- **વચ.ગ.પ્ર.૭૧** : વાત :- ૧/૧; ૩/૩૮; ૫/૯૩-૧૯૩; ૮/૧-૨૯
- **વચ.ગ.પ્ર.૭૫** : વાત :- ૮/૧૪;
- **વચ.ગ.મ.૦૩** : વાત :- ૮/૨૯;
- **વચ.ગ.મ.૦૫** : વાત :- ૫/૧૬૩;
- **વચ.ગ.મ.૦૯** : વાત :- ૧/૧૨૧-૨૬૩; ૩/૧૨; ૫/૩૨૫-૩૬૦; ૬/૨૧-૨૨-૩૪; ૮/૧૫-૨૮-૩૦;
- **વચ.ગ.મ.૧૦** : વાત :- ૧/૨; ૫/૨૩૩; ૮/૨૨;
- **વચ.ગ.મ.૧૧** : વાત :- ૪/૧૪-૬૧;
- **વચ.ગ.મ.૧૨** : વાત :- ૯/૨૩૩;
- **વચ.ગ.મ.૧૩** : વાત :- ૪/૨૯; ૬/૩૪-૨૩૬; ૭/૧૫; ૮/૨૮;
- **વચ.ગ.મ.૧૪** : વાત :- ૫/૯૨;
- **વચ.ગ.મ.૧૭** : વાત :- ૫/૯૩;
- **વચ.ગ.મ.૨૧** : વાત :- ૧/૨૦; ૪/૩૭-૪૮; ૫/૧૩૧-૧૩૩; ૬/૨૧૬-૨૧૮-૨૩૬; ૭/૨૬;
- **વચ.ગ.મ.૨૨** : વાત :- ૭/૧૯;
- **વચ.ગ.મ.૨૪** : વાત :- ૮/૨૮
- **વચ.ગ.મ.૨૭** : વાત :- ૬/૯-૧૦૧;
- **વચ.ગ.મ.૨૮** : વાત :- ૧/૬૯; ૫/૩૬૫; ૬/૧૩૬;

## પરિશિષ્ટ-૪ : વચનામૃત ને સ્વામીની વાતો

- વચ.ગ.મ.૩૦ : વાત :- ૩/૧૩; ૮/૧૦-૨૯;
- વચ.ગ.મ.૩૧ : વાત :- ૬/૨૩; ૮/૩૫;
- વચ.ગ.મ.૩૭ : વાત :- ૭/૧૫;
- વચ.ગ.મ.૩૯ : વાત :- ૩/૧૩;
- વચ.ગ.મ.૪૧ : વાત :- ૧/૧૧૧;
- વચ.ગ.મ.૪૨ : વાત :- ૮/૨૫/૨૬;
- વચ.ગ.મ.૪૫ : વાત :- ૩/૧૩;
- વચ.ગ.મ.૪૭ : વાત :- ૬/૪૯; ૮/૧૫; ૯/૧૨૬;
- વચ.ગ.મ.૪૮ : વાત :- ૩/૬૯; ૫/૮૪;
- વચ.ગ.મ.૪૯ : વાત :- ૮/૧૫;
- વચ.ગ.મ.૫૦ : વાત :- ૭/૨૮;
- વચ.ગ.મ.૫૧ : વાત :- ૪/૨૭;
- વચ.ગ.મ.૫૪ : વાત :- ૧/૧૭-૩૨-૧૮૨; ૨/૩૯; ૫/૨૬; ૬/૨૧૮; ૮/૬;
- વચ.ગ.મ.૫૬ : વાત :- ૧/૧૯૯;
- વચ.ગ.મ.૫૯ : વાત :- ૯/૨૨૨;
- વચ.ગ.મ.૬૩ : વાત :- ૫/૧૭૯;
- વચ.ગ.મ.૬૭ : વાત :- ૧/૧૮૯; ૨/૨; ૩/૬૬-૭૨; ૬/૨૧; ૭/૨૮; ૮/૮-૧૦-૨૨-૩૧;
- વચ.ગ.અં.૦૨ : વાત :- ૧/૧૭-૯૭-૧૮૨; ૨/૩૯; ૩/૧૩; ૫/૨૬-૧૧૭-૧૩૮; ૬/૨૧૮-૨૪૫;
- વચ.ગ.અં.૦૩ : વાત :- ૩/૧૩;
- વચ.ગ.અં.૦૫ : વાત :- ૧/૨૩૮; ૩/૭૨; ૫/૧૬૮; ૭/૨૮;
- વચ.ગ.અં.૦૭ : વાત :- ૪/૧; ૬/૨૯૪;
- વચ.ગ.અં.૦૯ : વાત :- ૧/૨૦૬; ૨/૫૬; ૫/૧;
- વચ.ગ.અં.૧૧ : વાત :- ૯/૧૧૧;
- વચ.ગ.અં.૧૨ : વાત :- ૧/૯;
- વચ.ગ.અં.૧૩ : વાત :- ૧/૪-૨૦૪; ૫/૨૨૮; ૬/૧૨૮-૧૪૯; ૮/૧૫;
- વચ.ગ.અં.૧૮ : વાત :- ૨/૧૯૨;

- **વચ.ગ.અં.૧૯** : વાત :- ૧/૯; ૮/૧૫;
- **વચ.ગ.અં.૨૦** : વાત :- ૧/૨૮; ૨/૧૯૨;
- **વચ.ગ.અં.૨૧** : વાત :- ૮/૨૨;
- **વચ.ગ.અં.૨૨** : વાત :- ૧/૧૪૧; ૪/૯૬;
- **વચ.ગ.અં.૨૪** : વાત :- ૬/૯;
- **વચ.ગ.અં.૨૫** : વાત :- ૧/૪; ૬/૧૩૦;
- **વચ.ગ.અં.૨૬** : વાત :- ૬/૧૯૮;
- **વચ.ગ.અં.૩૦** : વાત :- ૬/૨૫૦;
- **વચ.ગ.અં.૩૧** : વાત :- ૨/૯-૧૨૩-૧૭૦;
- **વચ.ગ.અં.૩૨** : વાત :- ૫/૧૯૮;
- **વચ.ગ.અં.૩૩** : વાત :- ૧/૧૯૯; ૫/૩૫૩; ૬/૯-૧૦૧;
- **વચ.ગ.અં.૩૪** : વાત :- ૫/૨૪;
- **વચ.ગ.અં.૩૫** : વાત :- ૧/૨૦૫; ૫/૧૨૦-૨૧૩-૨૩૦;
- **વચ.ગ.અં.૩૮** : વાત :- ૧/૭; ૩/૧૨-૫૭; ૬/૩૪; ૮/૨૮;
- **વચ.ગ.અં.૩૯** : વાત :- ૧/૩૨-૨૦૮; ૨/૧૦૫; ૫/૨૨૪-૨૩૨-૩૨૪; ૬/૨૩; ૮/૬-૧૫;
- **વચ.સા.૦૧** : વાત :- ૧/૩૪૩;
- **વચ.સા.૦૨** : વાત :- ૩/૬૨;
- **વચ.સા.૦૫** : વાત :- ૫/૨૨૯;
- **વચ.સા.૦૭** : વાત :- ૫/૧૮૦;
- **વચ.સા.૧૦** : વાત :- ૮/૧૪;
- **વચ.સા.૧૧** : વાત :- ૧/૧૭; ૨/૧૭૨-૧૭૩; ૩/૬૦; ૪/૪૫;
- **વચ.સા.૧૭** : વાત :- ૧/૧૮૯; ૩/૬૧; ૮/૮;
- **વચ.કારિ.૦૭** : વાત :- ૧/૩૧૧;
- **વચ.કારિ.૦૮** : વાત :- ૩/૬૭; ૫/૯૩; ૬/૨૫૬; ૮/૨૬;
- **વચ.કારિ.૦૮** : વાત :- ૩/૬૭; ૫/૯૩; ૬/૨૫૬; ૮/૨૬;
- **વચ.કારિ.૦૯** : વાત :- ૯/૩૦૧;
- **વચ.કારિ.૧૨** : વાત :- ૧/૩૩; ૩/૫૫; ૪/૧૫;
- **વચ.લોયા.૦૩** : વાત :- ૯/૧૯૭;

# પરિશિષ્ટ-૪ : વચનામૃત ને સ્વામીની વાતો

- **વચ.લોયા.૦૬** : વાત :- ૧/૭; ૩/૩૮-૬૮; ૪/૧૨૮; ૫/૪૧-૩૬૭; ૬/૪૮-૫૮-૧૪૩-૨૮૬; ૮/૧૫
- **વચ.લોયા.૦૭** : વાત :- ૧/૮૩; ૩/૧૩; ૭/૨૮;
- **વચ.લોયા.૦૯** : વાત :- ૮/૨૨;
- **વચ.લોયા.૧૦** : વાત :- ૪/૧૦-૩૬;
- **વચ.લોયા.૧૨** : વાત :- ૫/૨૨૪-૨૭૦; ૬/૨૯૪; ૮/૧-૧૦-૨૭-૨૯-૩૦;
- **વચ.લોયા.૧૩** : વાત :- ૮/૨૭; ૯/૫૭;
- **વચ.લોયા.૧૪** : વાત :- ૬/૩૪-૪૯-૨૪૨-૨૯૩; ૮/૧;
- **વચ.લોયા.૧૭** : વાત :- ૫/૧૧૦; ૬/૧૨૮-૨૪૩;
- **વચ.પંચા.૦૧** : વાત :- ૫/૪૧૫; ૬/૬૩-૭૫-૧૨૩; ૯/૧૬૪;
- **વચ.પંચા.૦૨** : વાત :- ૩/૧૩; ૬/૮૭;
- **વચ.પંચા.૦૩** : વાત :- ૩/૧૩;
- **વચ.પંચા.૦૪** : વાત :- ૮/૧૫-૩૨
- **વચ.પંચા.૦૭** : વાત :- ૩/૩૮; ૫/૬૯-૧૩૦-૧૯૫-૨૮૬; ૮/૨૮;
- **વચ.વર.૦૧** : વાત :- ૫/૯૨;
- **વચ.વર.૦૨** : વાત :- ૧/૧૪૮; ૨/૧૭૨; ૪/૩૭-૪૮; ૫/૧૩૩; ૭/૨૬;
- **વચ.વર.૦૩** : વાત :- ૧/૨૮૯; ૫/૧૫૨;
- **વચ.વર.૦૫** : વાત :- ૫/૧૩૮;
- **વચ.વર.૦૭** : વાત :- ૫/૨૨૯;
- **વચ.વર.૧૧** : વાત :- ૩/૧૨; ૫/૩૬૦-૩૮૨;
- **વચ.વર.૧૩** : વાત :- ૫/૧૬૩;
- **વચ.વર.૧૬** : વાત :- ૧/૧૧૧; ૯/૧૧૦;
- **વચ.વર.૨૦** : વાત :- ૫/૧૨૯;
- **વચ.અમ.૦૨** : વાત :- ૩/૧૩; ૬/૯૯;
- **વચ.અમ.૦૩** : વાત :- ૩/૧૩;
- **વચ. જે.૦૪** : વાત :- ૭/૧૬;
- **વચ. જે.૦૫** : વાત :- ૧/૪; ૬/૫૬;

## પરિશિષ્ટ-૫ : પ્રસંગો ને દૃષ્ટાંતો

**(સ્વામીની વાતોમાં ઉલ્લેખેલા સંતો, પરમહંસો, ગૃહસ્થ બાઈ-ભાઈ મુક્તો તેમજ પૌરાણિક ને ઐતિહાસિક પાત્રો સંબંધી પ્રસંગો અને દૃષ્ટાંતોની વિગતવાર છણાવટ આ પરિશિષ્ટમાં પ્રસ્તુત કરવામાં આવી છે.)**

- **અક્ષરાનંદસ્વામી** :- શ્રીજી મહારાજે અગતરાઈ પાસે ખોરાસા ગામના ગરાસિયા રાજાભાઈએ સતત ૧૨ વર્ષ સુધી પોતાની આજ્ઞા પાળી પર્વતભાઈનું હળ હાંકેલું તેથી પ્રસન્ન થઈ તેમને સાધુ કરી અક્ષરાનંદસ્વામી નામ પાડ્યું ને તરત જ વડતાલ મંદિરના મહંત નીમ્યા. તે વખતે સ્વયંપ્રકાશાનંદસ્વામી બોલ્યા કે : 'કાલ આવ્યા ને આજ મહંત કર્યા?' એમ માઠું લાગ્યું ને રિસાઈને વયા ગયા. આ જ પ્રમાણે જયારે રઘુવીરજી મહારાજે વડતાલની મહંતાઈ ગોપાળાનંદ-સ્વામીના શિષ્ય સુપર્ણાનંદસ્વામીને આપી ને અક્ષરાનંદસ્વામીને બુધેજ મોકલ્યા ત્યારે અક્ષરાનંદસ્વામી મૂંઝાણા. પછી જૂનાગઢ એકવાર ગયેલા ત્યારે ગુણાતીતાનંદસ્વામીએ સાંખ્યજ્ઞાનની ને માન-મોટપની તુચ્છતાની અદ્‌ભુત વાતો કરી એટલે તેમને હૃદયમાં ટાઢક થઈ ગઈ ને બોલ્યા, ''વડતાલની મહંતાઈ કરી, પણ સાચો સત્સંગી-સાધુ આજ થયો.'' ૨/૧૪૨;
- **અચિંત્યાનંદ બ્રહ્મચારી** :- પહેલું ફૂલ ગાદી પર નજીક પડેલું એટલે કે શ્રીજીમહારાજને કેટલાક દત્તાત્રેય-કપિલ જેવા સમજે છે. બીજું સહેજ દૂર હતું એટલે કે મહારાજને કેટલાક રામ-કૃષ્ણાદિક અવતાર જેવા સમજે છે; પણ ત્રીજું ફૂલ દૂર હતું ત્યાં સુધી કોઈ પહોંચતા નથી. એટલે કે સર્વોપરી, સર્વ અવતારના અવતારી એવા પરબ્રહ્મ સમજતા નથી. માટે જ ગુણાતીતાનંદસ્વામીએ અચિંત્યાનંદ બ્રહ્મચારી ને એ ફૂલ આપીને તેમને મહારાજ ની સાચી ઓળખ આપતો ગ્રંથ રચવા પસંદગી કરી. અચિંત્યાનંદ બ્રહ્મચારીએ તે પછી 'હરિલીલાકલ્પતરુ' નામે ગ્રંથ રચ્યો. ૩/૧૯;
- **અજામિલ** :- અજામિલ બ્રાહ્મણ હોવા છતાં પણ કુસંગે કરીને એક વેશ્યા પર આસકત થઈ ગયો હતો ને તેના અંબોડાનું ફૂલ સુંઘતાં બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ. તેને ત્યાં સનકાદિક ઋષિ આવી પહોંચતાં પગમાં પડી પ્રાયશ્ચિત માગ્યું; પણ અભણ હોવાથી ઋષિએ તેના દીકરાનું નામ 'નારાયણ' પાડ્યું, જેથી છોકરાને બોલાવે તોય ભગવાનનું નામ લેવાય ને ઋષિ યાદ આવે. અંતસમયે પણ છોકરાને બોલાવતાં ભગવાનના ભક્ત એવા ઋષિની યાદ આવતાં ભગવાનના પાર્ષદ તેડવા આવ્યા તેમ જ ભ્રષ્ટ હોવાથી યમદૂતો પણ તેડવા આવ્યા. આખરે ભગવાનના પાર્ષદ તેને પોતાની સાથે લઈ ગયા. ૧/૧૮૨;

- **અમ ભેગા ફરી ગયા :-** શ્રીજીમહારાજ નિત્યાનંદસ્વામીની સ્વરૂપનિષ્ઠાની પરીક્ષા કરવા બોલેલા કે અમે કૃષ્ણ જેવા છીએ. નિત્યાનંદસ્વામી એ સાત દિવસ સુધી ચાલેલા પ્રસ્તુત વિવાદમાં મક્કમ રહ્યા, અન્ય સંતોએ મહારાજનું બોલેલું માન્ય કરી લીધું એમ કે મહારાજ કૃષ્ણ જેવા જ છે. આ ઉપર મહારાજે વાત કરી કે : ધન્ય છે નિત્યાનંદસ્વામીને ! ઉપાસક તો આવા હોય. તમે સર્વે સંતો તો અમારી ભેગે ભેગા ભળી ગયા પણ નિત્યાનંદસ્વામી ન ફર્યા. ૭/૨૧;
- **અંગદે પગ રોપ્યો :-** યુદ્ધ ન થાય ને સીતાજી મળે એ હેતુથી વિષ્ટિ માટે રામચંન્દ્રજીએ અંગદ નામના વાનરને રાવણ પાસે મોકલ્યો. અંગદ રાવણની સભામાં પગ સ્થિર કરી ઊભો ને બોલ્યો : 'મારો પગ કોઈ એક તસુ પણ ખસેડે તો રામ સીતાજીને હારી ગયા એમ માનજો.' એક પછી એક બધા રાક્ષસોએ સાહસ કર્યું; પણ કોઈથી કંઈ થઈ શક્યું નહિ. ૩/૧૬;
- **અંબરીષ :-** સૂર્યવંશની ૨૮મી પેઢીમાં થયેલા એક રાજા. મહાન આત્મનિવેદી ભક્ત. વિષ્ણુએ તેમની રક્ષા માટે સુદર્શન ચક્ર વાપર્યું હતું. ૧/૧૬૩;
- **આરુણી :-** ધૌમ્યઋષિનો શિષ્ય, ક્યારામાં વરસાદનું પાણી ભરાતાં પાળો તૂટું તૂટું થઈ ગયો ત્યારે આ આરુણી, દેહની પરવા કર્યા વગર આડો સૂઈ ગયો હતો. બીજે દિવસે સવારે શોધતાં મળી આવ્યો. ગુરુ તેના પર પ્રસન્ન થયા. ૪/૧૧૫;
- **ઈન્દ્ર :-** ઇન્દ્ર ગૌતમ ઋષિની પત્ની અહલ્યાના રૂપથી મોહાઈ તેની સાથે ગૌતમ ઋષિનું રૂપ લઈ સંગ કર્યો. ઋષિએ આ વાતની જાણ થતાં ઇન્દ્રને શાપ આપ્યો કે તારા શરીર પર એક હજાર ભગ થશે ને અહલ્યાને પથ્થર બનવાનો શાપ આપ્યો. ૬/૧૫;
- **ઉદ્ધવજી :-** મથુરામાં કુબ્જાના ઘેર ભગવાન શ્રીકૃષ્ણ પધાર્યા ને ઉદ્ધવને ઘર બહાર ચોકી કરવા રાખ્યા. ત્યારે ઉદ્ધવને સહેજ પણ સંશય ન થયો કે ભગવાને એક કુબડી સ્ત્રી સાથે એકાંતવાસ કેમ સેવ્યો ? 'ભગવાન તો અગ્નિ જેવા નિર્લેપ છે' એવું ઉદ્ધવને જ્ઞાન હતું ને તેમનામાં સદા નિર્દોષબુદ્ધિ હતી. છતાં પોતાનું અવતાર કાર્ય પૂરું કરી લીલા સંકેલવાની તૈયારી કરતાં ભગવાન શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને કહ્યું કે હવે દ્વારકા ડૂબી જશે ને પ્રલય થશે, માટે ઘર મૂકી સંન્યાસ લઈ બેસી મારું ભજન કરજે. વારંવાર આ ભાવની આજ્ઞા શ્રીકૃષ્ણે કરી છતાં છેક સુધી સંશયરહિત તેઓ ન થયા. અગિયારમા સ્કન્ધમાં ઓગણત્રીસ અધ્યાય સુધી જ્ઞાન આપ્યું ત્યારે બદરિકાશ્રમ જવા તૈયાર થયા.

(શ્રીમદ્ ભાગવત) ૧/૩૬;

- **ઉદ્ધવજી** :- ઉદ્ધવજી શ્રીકૃષ્ણના સખા, મહિમાવાળા ભક્ત, દાસના દાસ રહેવામાં મોટપ સમજનાર, સંબંધવાળાનો મહિમા સમજનાર. ૧/૨૨૨;
- **ઉપમન્યુ** :- ધૌમ્ય ઋષિનો બીજો શિષ્ય. તેને ગાયો ચરાવવા મૂકેલો. પણ ઘી-દૂધ વગેરે ખાવાં બંધ કરાવેલાં. એકવાર બહુ ભૂખ લાગતાં આકડાનું દૂધ તેણે પીધું ને આંખોમાં તે પડયું તેથી અંધ થયો. ચાલતાં કૂવામાં પડયો. ગુરુએ તેને બહાર કાઢી શાબાશી આપી. ૪/૧૧૫;
- **ઊનાના શેઠિયા** :- કલ્યાણજી શેઠ. સંપીલું બહોળું કુટુંબ હોવા છતાં ય જીવમાં સત્સંગ હતો. ૨/૧૫;
- **ઋષિના ચાર શેરના સાથવાનું** :- શિલોંછવૃત્તિવાળા (ખળા કે બજારમાં પડેલ અનાજના કણ કણ વીણીને ખાનાર) મુદ્‌ગલ ઋષિ છ મહિના ભૂખ્યા રહેતા. અનાજ પાકે ત્યારે ખેતરના દાણા વીણી ભેગા કરતા ને અતિથિને સાથવો જમાડતા. પારણાં કરવા દુર્વાસા મુદ્‌ગલઋષિ પાસે આવે, જમાય તેટલું જમે ને બીજું પૃથ્વી પર ઢોળે. આ ઢોળાયેલા સાથવામાં નોળિયો આળોટયો. તેથી અડધો સોનાનો થયો. પાંડવોના રાજસૂય યજ્ઞમાં એકવીસહજાર બ્રાહ્મણો આવેલા. યજ્ઞ પૂરો થયો પણ શંખ બોલ્યો નહિ. નોળિયો જેનું અડધું શરીર સોનાનું હતું તે પણ યજ્ઞમાં આવીને એંઠવાડમાં આળોટયો પણ પૂરો સોનાનો થયો નહિ. નોળિયે અર્જુનને કહ્યું "મુદ્‌ગલ બ્રાહ્મણના બશેર અનાજ જેટલું તારા યજ્ઞનું પુણ્ય નથી." તે સાંભળી અર્જુને કૃષ્ણને આ વાત કરી. પ્રભુ કહે, "મારો એક ભક્ત ચાંડાળ મારામાં વૃત્તિ જોડીને ભજન કરે છે તે ભૂખ્યો રહી ગયો તેને લાવીને ભાવથી જમાડો તો યજ્ઞ પૂરો થશે." પછી તે શ્વપચને પર્વતમાંથી લાવ્યા પણ છેટેથી અવજ્ઞાપૂર્વક જમાડયો તેથી પણ શંખ ન બોલ્યો. પ્રભુ કહે, "મને જેવા ભાવથી જમાડો છો તેવા ભાવથી તે શ્વપચને જમાડો." તે પ્રમાણે કર્યાથી નોળિયો સોનાનો થયો ને શંખ પણ વાગ્યો. ૫/૩૩૪;
- **એકલશૃંગી ને વિભાંડક** :- હરણીને વેષે ફરતી સ્ત્રીના સંસર્ગે તપોભંગ થયેલા વિભાંડક ઋષિના એકલશૃંગી પુત્ર થાય. ઋષિએ પુત્ર જન્મ થતાં જ જંગલમાં અલાયદી પર્ણકુટી બાંધેલી જેથી કરીને પુત્રને સ્ત્રી જાતિનું ભાન જ ન થાય. એકવાર અંગદ દેશના રોમપાદ રાજાના રાજ્યમાં દુષ્કાળ પડયો. બ્રાહ્મણોએ એકલશૃંગીને રાજ્યમાં લાવવામાં આવે તો વરસાદ થાય એવું કહ્યું. રાજાએ એક વેશ્યાને તૈયાર કરી મોકલી. તેના હાવભાવ, સ્વાદિષ્ટ ભોજન, અંગસ્પર્શ વગેરેથી એકલશૃંગી વિહ્વળ થયા ને રાજ્યમાં ખેંચાઈ આવ્યા. વૃષ્ટિ થઈ; પછી

પણ તેઓ તો રાજ્યમાં પરણીને રહ્યા. ત્રણેક વરસ બાદ વિભાંડક ઋષિ પુત્રને શોધતા આવ્યા ને શાપ આપવા તૈયાર થયા કે પોતાના બે પુત્રોને પુત્રવધૂએ ખોળમાં રમવા મૂકી દીધા. મુનિનો ક્રોધ ઓસરી ગયો. ૫/૩૦૬; ૬/૧૫;

- **કુંતાજી** :- મહાભારતના યુદ્ધવિરામ બાદ ત્રણ અશ્વમેધ યજ્ઞદ્વારા મૃતાત્માઓની શાંતિ કરી શ્રીકૃષ્ણે પાંડવોને રાજ્યધુરા સોંપ્યા બાદ દ્વારકા જવા પ્રયાણ કર્યું. રાજકારભારમાં ગૂંથાયેલાં કુંતાજી, ભગવાનને મળવા નવરાશ લઈ શક્યાં નહિ, છેવટે પ્રયાણ વેળા મળ્યાં. ત્યારે પ્રાર્થના કરી કે, 'હે ભગવાન ! અમને પળેપળે વિપત્તિઓ આવે, જેથી કરીને તમને યાદ તો કરી શકીએ.'

  (શ્રીમદ્ ભાગવત : ૧/૪૯)
- **ખટ્વાંગ રાજા** :- સૂર્યવંશના ચક્રવર્તી રાજા, દેવો ને અસુરોની લડાઈ વખતે દેવોના પક્ષમાં રહી દૈત્યોનો સંહાર કરનાર. જ્યારે મેદાનમાં તેને ખબર પડી કે પોતાનું મૃત્યુ આવ્યું છે ત્યારે દેવોના વિમાનમાં ઝડપથી અયોધ્યા આવી સરયૂતીરે બેસી એ અંતર્વૃત્તિ કરી ગયા. દેહ, પરિવાર, રાજ્ય, સંપત્તિ-બધાનો સાંખ્ય કરી ભગવાનમાં ચિત્ત જોડી દીધું. ૧/૨૬૨;
- **ગણપતિ** :- પાર્વતીજીને બે પુત્રોઃ મોટા કાર્તિકેય ને નાના ગણપતિજી. એક જ કન્યાને બન્ને ભાઈએ લગ્ન માટે પસંદ કરી. કન્યાએ ઠરાવ મૂક્યો કે પૃથ્વીની પ્રદક્ષિણા ફરીને બંન્નેમાંથી જે વહેલો આવે તેને હું વરીશ. મોરના વાહન પર કાર્તિકેય તો ઊપડ્યા. ગણપતિનું વાહન ઉંદર ને પોતે પણ શરીરે સ્થૂળ, આથી પાર્વતીજીને સહેલો ઉપાય પૂછ્યો. તેમણે કહ્યું, 'ગાયની પ્રદક્ષિણા ફરી લે, પૃથ્વીની થઈ જશે.' ગણપતિએ વિશ્વાસપૂર્વક માતાની આજ્ઞા માની તો કન્યા તેમને વરી. ૨/૨૬;
- **ગય રાજા** :- ગય નામના રાજા. એ અમૂર્રયના એક ધર્મપરાયણ રાજા મહાભારતકાળમાં થઈ ગયા. મહાભારત અનુસાર આ રાજાએ સો વર્ષ સુધી યજ્ઞોમાં બચેલું અન્ન ખાધું હતું ! તે રાજા મોટું દાન કરતા. વિષ્ણુની યોગ શકિતનું તેમને જ્ઞાન હતું. તે ભગવાનનો અંશ કહેવાતા. પ્રજાનું પાલન પુત્રની માફક કરતા. ૩/૬૩;
- **ગરુડનું** :- ચકલી ગરુડની મિત્ર હતી, ગરુડ ત્રણે લોકમાં ગતિ કરી શકે. ચકલીને વૈકુંઠમાં જવાની ઇચ્છા થઈ. ગરુડે પોતાની પાંખ પર તેને બેસાડી દીધી. ગરુડને એક જીવની મુકિત કરાવ્યાનો ગર્વ થયો. વૈકુંઠમાં પહોંચ્યા ત્યાં તો ફટ્ દરવાજા બંધ થઈ ગયા. ચકલી તો ઊડતી અંદર પેસી ગઈ. ગરુડ દરવાજે બહાર રહી ગયો. ૫/૭;

- **ગોકળ ભાટિયા** :- તેઓ શ્રીજીમહારાજના આશ્રિત સત્સંગી હતા. તેમની માએ સત્સંગ ન હોવાથી એવી ગાંઠ વાળેલી કે સ્વામિનારાયણને જોવા નથી. એકવાર મહારાજ બજારમાં નીકળ્યા. તે ડોશીએ ઝટપટ બારણાં બંધ કરી દીધાં. ચાખડીનો અવાજ દૂર ગયો જાણી તેણે તીરાડમાંથી નજર નાંખી કે અંતર્યામી પ્રભુએ અચાનક પાછું વાળી જોયું ને બારણાં પર નજર કરી. આ મોહક મૂર્તિ ડોશીના હૃદયમાં ઊતરી ગઈ. તે કેમેય નીકળે નહિ. ગોકળ ભાટિયા કહે, 'વગર સાધને આ પ્રાપ્તિ થઈ, મા તમે ભાગ્યશાળી છો.' પણ ડોશીનો જીવ અવળો હતો. કોઈ બાઈએ બતાવ્યું કે, 'ડુંગળી, લસણ, હીંગ ખા અને છીંકણી સૂંઘ એટલે મૂર્તિ નહિ દેખાય.' આમ ત્રણ વરસ સુધી તેને મૂર્તિ દેખાઈ હતી; પણ અભક્ષ્ય ખાવાનું શરૂ કર્યું તેથી મૂર્તિ દેખાતી બંધ થઈ. ૬/૧૮૧;
- **ઘોડી ને અસવારનું** :- નદી પાર કરતાં ઘોડી પર બેઠેલ અસવાર ચાર વાર પડી ગયો ને ઘોડીએ તેને ચાર વાર બચાવ્યો. ઘોડી જાણે છે કે આ વ્યક્તિ મારે આશરે છે, તેને તારવો જોઈએ. તેમ જીવને ભગવાનનો આશરો હોય તો ભગવાન તેની રક્ષા કરે. ૫/૬;
- **ચિત્રકેતુ રાજા** :- યદુવંશના નિઃસંતાન રાજા. અંગિરા ઋષિએ ત્વષ્ટાદેવની પ્રસાદી મુખ્ય રાણી કૃતધુતિને ખવડાવી. કરોડો સ્ત્રી પૈકી એક જ સ્ત્રી સંતાનવાળી થઈ. બીજી સ્ત્રીઓને ઈર્ષ્યા આવી કે એ માનીતી થઈ જશે; આથી કુંવરને ઝેર આપી મારી નાખ્યો. રાજા વધુ દુઃખી થયો. નારદજીના ઉપદેશથી સાચું જ્ઞાન થયું ને છેવટે બધું છોડી યમુનાતટે તપ કરી સુખી થયો. ૧/૮૫;
- **જડભરત** :- રુક્મિણી અને ઉદ્ધવજી કરતાં શ્રેષ્ઠ ગણી; કારણ કે, બન્નેએ સંસારનું યથાર્થ સ્વરૂપ જાણી લીધા બાદ ભગવાનમાં સ્નેહ કર્યો હતો. ઋષભદેવ ભગવાનના પુત્ર ભરતજી આખી પૃથ્વીનું રાજ મૂકી વનમાં ભગવાન ભજવા ગયા અને મૃગલીના બચ્ચામાં આસક્તિ થવાથી એનું બંધન થયું. તપ, યોગ, ધ્યાન, ભક્તિ બાજુ પર રહ્યાં. અંતકાળે મૃગમય થવાથી મૃગનો અવતાર તેમને આવ્યો. પૂર્વજન્મનું જ્ઞાન હોઈ દેહ પાડી દીધો ને મૂર્ખ બ્રાહ્મણરૂપે (જડભરત નામે) ગાંડાની જેમ જ રહ્યા. જેથી ક્યાંય બંધન ન થાય. એક વાર જડભરતને ભીલોએ પકડ્યા ને ભદ્રકાલી સામે બલિદાન દેવા લઈ ગયા. એક ભીલ ખડ્ગ લઈ જડભરતના માથા પર તોળાઈ રહ્યો છે છતાં મૃત્યુનો લેશ પણ ડર રાખ્યા વિના તેઓ સ્થિતપ્રજ્ઞભાવે ઊભા છે; કારણકે, તેઓ આત્મારૂપે પોતાને માનતા હતા. ભદ્રકાલી પ્રગટ થયાં ને ભીલોનો નાશ કરી જડભરતની રક્ષા કરી. ૧/૩૬-૧૬૩;

- **જનક રાજા** :- સુલભા નામની સંન્યાસિની યોગશક્તિથી જનકના દેહમાં પ્રવેશી હતી. જનકને તેનો તરત ખ્યાલ આવી ગયો. ૫/૧૨૯;
- **જલાભક્ત** :- જૂનાગઢ મંદિરમાં ગુણાતીતાનંદસ્વામી પાસે રહેતા જલાભક્ત સ્વામી જ્યાં જાય ત્યાં સાથે જ રહે ને સેવા કરે. એકવાર વરતાલ સ્વામી સાથે તેઓ ગયા ત્યારે કોઈએ મજાકમાં કહ્યું કે, "હવે સ્વામીને અહીં જ રાખવા છે." તે સાંભળી જલાભક્ત ખૂબ રડયા હતા. છતાં સ્વામી, ઉપાસનાસંબંધી કે વ્યવહાર સંબંધી આજ્ઞા કરે તે જલાભક્તને માન્યામાં ન આવે. ૩/૩૩;
- **જય-વિજય ને સનકાદિક** :- વૈકુંઠલોકમાં વિષ્ણુના દ્વારપાળ પાર્ષદો. બન્ને ભાઈઓ હતા. એકવાર સનકાદિક વૈકુંઠમાં આવ્યા ત્યારે આ ભાઈઓએ તેમને રોકયા ને નાના બાળકો ગણી અપમાન કર્યું આથી તેમનો શાપ પામતાં બન્ને ભાઈઓને ત્રણ જન્મ સુધી રાક્ષસકકુળમાં જન્મ જેવો પડેલો. જય ક્રમે હિરણ્યાક્ષ, રાણ ને શિશુપાલ થયો, ને વિજય ક્રમે હિરણ્યકશિપું, કુંભકર્ણ ને દંતવક્ર થયો. ૩/૫૫;
- **જાદવ** :- ભગવાન શ્રકૃિષ્ણના કુળમાં જન્મ લેનાર મનુષ્યો-યાદવો. તેઓ ભગવાન સાથે રહેવા છતાં તેમને ઓળખી શકયા નહિ. ૧/૨૨૨;
- **ટિટોડી ને ગરુડ** :- સાગરતીરે ટિટોડી નામના માદા પક્ષીએ ઈંડાં મૂકયાં, ભરતી આવતાં ઈંડાં તણાઈને દરિયામાં ગયાં. ટિટોડીએ પક્ષીની નાત ભેગી કરી ને સંપથી બધાં પક્ષીઓ ચાંચમાં જે કંઈ આવ્યું તે લઈ સમુદ્રમાં પૂરણી કરવા લાગ્યાં. ગરુડજીને ખબર મળ્યાં તેથી તેઓ મદદે આવ્યા ને પાંખમાં મોટા પર્વતો ભરીને સમુદ્ર પૂરવા લાગ્યા. આથી સમુદ્રે ટિટોડીનાં ઈંડાં પાછાં આપ્યાં. ૪/૧૮;
- **તુંબડિયાનું** :- વડોદરામાં એક તુંબડિયો બાવો આવેલો. પોતાની મિથ્યા સિદ્ધાઈ બતાવવા ખાતર તેણે પોતાની પાસે જે મૂડી હતી તે જુદા જુદા સ્થળે દાટી. પછી જે કોઈ પૈસાની ઈચ્છાએ તેની પાસે આવે તેને અમુક જગ્યા બતાવાની ખોદવાનું કહે. એમ કરતાં પોણા ભાગની મૂડી જતી રહી. પછી તેણે વિચાર્યું કે આમ તો બધું જ જશે. એટલે જે કંઈ બચ્યું તે લઈને ત્યાંથી એ બીજે જતો રહ્યો. ૫/૧૦૮;
- **થાળ બીજે ગયો** :- શ્રીજીમહારાજને જીવુબા તથા લાડુબા થાળ બનાવીને જમાડતાં પણ જ્યારે ધર્મકુળ આવ્યું ત્યારથી સુવાસિની ભાભી વગેરે ધર્મકુળની સ્ત્રીઓએ શ્રીજીમહારાજ માટે થાળ બનાવવાનું શરૂ કર્યું. આથી જીવુબા-લાડુબાનાં દિલ દુભાયાં. એ વખતે એમણે શ્રીજીમહારાજને વેણ કહ્યાં. આમ પ્રેમને લીધે દેશકાળ લાગ્યા. ૫/૩૩૯;

- **દીવાનજી** :- સિંધિયા, ગાયકવાડ ને હોલ્કર - ત્રણ રાજ્યનું દિવાનપણું કરનાર એક બુદ્ધિશાળી નાગર. તેમને શ્રીજીમહારાજ પ્રત્યે દ્વેષબુદ્ધિ હતી. જેમને ઓળખવા જેવા છે તેમને જ ના ઓળખી શક્યા એટલે મૂર્ખ ઠર્યા. ૨/૨૩;
- **દુર્યોધન તથા યુધિષ્ઠિર** :- દુર્યોધનને અધર્મનો પાસ હતો તે શ્રીકૃષ્ણની ધર્મની વાત પણ માન્યો નહિ. યુધિષ્ઠિરને ધર્મનો પાસ હતો તો તેઓ યુદ્ધમાં 'નરો વા કુંજરો વા' જેટલું અર્ધ સત્ય બોલ્યા ને પછી ગ્લાનિ પામ્યા; ખુદ શ્રીકૃષ્ણે સમજાવ્યા છતાં અર્જુન જેવા નિઃસંશયી થયા નહિ. ૫/૧૫૮;
- **દૈત્યનું** :- સમુદ્રમંથન વખતે ભગવાને અસુરોને છળી દેવોને અમૃત પિવડાવી દીધું પછી રોષે ભરાયેલા અસુરો દેવો સાથે લડ્યા. તેમાં એક નમૂચિ નામનો દૈત્ય હતો તે ઇન્દ્રના વજ્રથી પણ ન મર્યો કારણ કે, તેને ભગવાને વર આપેલો કે, પૃથ્વીની સૂકી કે ભીની કોઈ વસ્તુ તને મારી શકશે નહિ. ગભરાયેલા ઇન્દ્રે આ આકાશવાણી સાંભળી એટલે સામે જ સમૂદ્રનાં ફીણ હતાં તે લઈને નમૂચિ પર નાખ્યાં ને તેનું મસ્તક ઊડી ગયું. ૪/૯૪;
- **દ્રૌપદી** :- પાંડવોએ નવી નગરી ઇન્દ્રપ્રસ્થ વસાવી. ત્યાં રાજમહેલમાં મયદાનવે એવી કરામત કરેલી કે પાણી હોય ત્યાં જમીન દેખાય ને જમીન હોય ત્યાં પાણી દેખાય. કૌરવોને આમંત્ર્યા તે વખતે દુર્યોધન આવ્યો ને પાણી જોઈ કપડાં ઊંચે લઈ ચાલ્યો પણ જમીન હતી! ઉપર ઝરૂખે દ્રૌપદી ખડખડાટ હસી બોલ્યાં કે, 'અંધના તો અંધ જ હોય ને!' આ વેણ દુર્યોધનને બાણ જેવાં વાગ્યાં ને નક્કી કર્યું કે ગમે તે ભોગે આ લોકોને રાજ્યની દૂર કરવા. જુગાર રમાડ્યો, પાંડવોને ૧૨ વર્ષ વનવાસ મળ્યો ને છેવટે કૌરવો-પાંડવોનું યુદ્ધ - મહાભારત થયું. ૨/૭૨;
- **ધન્વંતર વૈદ** :- વિષ્ણુનો તેરમો અવતાર, આયુર્વેદના પ્રવર્તક ધન્વંતરિ દીર્ઘતમાના પુત્ર અને કેતુમાનના પિતા હતા. પુરાણ અનુસાર સમુદ્રમંથન વખતે નીકળેલ ચૌદ રત્નો પૈકી અમૃતકુંભ સાથે તેઓ પ્રગટ થયેલા. ભાવપ્રકાશ ગ્રંથ મુજબ ઇન્દ્રે સ્વયં આયુર્વેદ શિખવાડીને તેમને પૃથ્વી પર લોક કલ્યાણ માટે મોકલેલ. ૧/૯૨;
- **ધરમપુરમાં ઘોડો** :- માને કરીને પરમચૈતન્યાનંદસ્વામી મહારાજને છોડી જતા રહ્યા. છેવટે ધરમપુરમાં કુશળકુંવરબાને ત્યાં રોકાયા. મહારાજે મુક્તાનંદસ્વામીને મોકલી એમને પાછા બોલાવ્યા. ૫/૨૪૨;

- **નટની માયા** :- ખેલ કરનાર બજાણિયાની માયાજાળ. આ નટ ગામનું માણસ જુએ ને રીતે આકાશમાં લટકતું દોરડું ઝીલી દેવતા સાથે લડવા જાય. લડાઈમાં નટના હાથ-પગ ને છેવટે ધડ બધું ટુકડા થઈ નીચે પડે. તેને વીણી લઈ નટની પત્ની ચિતા પર ચઢીને બળી મરે. બધે શોક વ્યાપી જાય. થોડી જ વારમાં પેલો નટ નીચે ઊતરે ને રાજાની પાસે પોતાની પત્નીની માંગણી કરે. રાજા કહે : 'એ તો બળી ગઈ.' પછી નટ તેની પત્નીની બૂમ પાડે તે રાજાના સિંહાસન નીચેથી નીકળે ! આમ નટ આકાશમાં ગયો ન હોય, પત્ની બળી ન હોય - પણ તાદશ્ય દેખાય. આ નટની માયા કોઈના કળ્યામાં ન આવે. ૫/૬૯; (વચ.પં.૭)
- **નહુષ રાજા** :- એક રાજા, ચ્યવન ઋષિને માછીમારોના હાથમાંથી છોડાવનાર નહુષને ઋષિએ વરદાન આપેલું કે તું જેની સામે જોઈશ તેનું તેજ હરાઈ જશે. એકવાર ઇન્દ્ર સામું જોયું કે ઇન્દ્રપદ તેને મળ્યું. ઇન્દ્રણીનો સંગ કરવા તેણે પ્રયત્ન કર્યો. ઇન્દ્રાણીએ કહેવરાવ્યું કે, 'સપ્તઋષિ તમારી પાલખી ઉપાડે તે રીતે આવો.' નહુષે સાતે ઋષિનું તેજ હણી લીધું પણ અગત્સ્યની જટામાં રહેલા ભૃગુ ઉપર દૃષ્ટિ નહિ પડતાં ભૃગુનું તેજ હણાયું નહિ. તેથી તેમણે શાપ આપ્યો. 'તું સર્પ થા.' દસ હજાર વર્ષ સુધી સર્પના દેહમાં રહ્યો. યુધિષ્ઠિરે મુકત કર્યો. પછી પોતાના સાતે પુત્રોને રાજ સોંપી ભગવાન ભજવા નીકળી ગયો. યતિ, યયાતિ, સંયાતિ, રક્ષાયતિ, અશ્વક, વિયાતિ ને મેવજાતિ-સાત પુત્રો. ૬/૨૪૯;
- **પટેલ ભગવાન ભજશો ?** :- ગુણાતીતાનંદસ્વામી કૃપાનંદસ્વામી સાથે ગામડે વિચરણ કરતા તે વખતે એક વાડીમાં પટેલ ખેતી કરતા હતા, સ્વામી કહે, ''પટેલ ભગવાન ભજશો ?' તો કહે, 'હા.' પછી નદીમાં કૃપાનંદસ્વામી પાસે લઈ ગયા ને વર્તમાન ધરાવ્યાં. વાડીએ પટેલને વિચાર આવ્યો કે ભગવાન ભજવા ને વાડી કરવી આ બંન્ને સાથે ન બને. એમ વિચારી બળદને ઘેર હાંકી મૂકયા ને સંતો પાસે દોડતા આવ્યા ને કહ્યું, ''તમારા ભેળા ભગવાન ભજવા આવવું છે.'' એ જૂનાગઢ આવ્યા ને દીક્ષા લીધી. તેમનું નામ રમાકાન્તાનંદસ્વામી. પછી તે સાધુ મણિ જેવા થયા. જૂનાગઢ મંદિરમાં સુખે રહેતા. ૬/૭૭;
- **પરમચૈતન્યાનંદસ્વામી** :- પરમચૈતન્યાનંદજી સદ્‌ગુરુ કોટિના સંત હતા. પણ ક્રોધ એવો કે એમને કંઈ પણ વાત કરતાં સૌ ગભરાય. એકવાર ખુદ શ્રીજીમહારાજે તેમને કહ્યું કે, ''તમારે પદાર્થ રાખવા નહિ.'' આ સાંભળી તેઓ મરવા તૈયાર થયા ને વગડામાં (ધરમપુર તરફ) જતા રહ્યા. એકવાર બાળમુકુન્દાનંદ-સ્વામીનો યોગ થયો ને તેમણે મહારાજના મહિમાની ને સાધુની કેવી રીત-

સમજણ હોવી જોઈએ તે વિશે અદ્‌ભુત વાતો કરી ત્યારે ચૈતન્યાનંદજી બોલ્યા કે ''બાર વરસ ગુરુ રહ્યો ને બાર વરસ સદ્‌ગુરુ રહ્યો પણ સત્સંગી તો આજ થયો.'' ૨/૧૪૨;

- **પરાશર :–** પરાશર ઋષિ, શક્તિ ઋષિ અને અદશ્યન્તીના પુત્ર, તેમને પંદરહજાર શિષ્ય હતા. આ મહર્ષિ જ્યોતિષ, ગણિત, બીજગણિત અને નૌકાશાસ્ત્રમાં ઘણા પ્રવીણ ને શોધક હતા. એક વાર ચાંદની રાતે નદી પાર કરવા તટ પર બેઠા હતા. હોડીઓની આવન-જાવન બંધ થઈ ગઈ હતી. એક સત્યવતી નામની માછી કન્યા ઋષિને સામે પાર લઈ જવા તૈયાર થઈ. રાત્રિના માદક વાતાવરણમાં ઋષિએ સત્યવતી સાથે ગંધર્વ વિવાહ કર્યો ને તેનાથી ભગવાન કૃષ્ણદ્વૈપાયન વ્યાસની ઉત્પત્તિ થઈ. ૧/૩૮;
- **પ્રદ્યુમ્ન ને યુદ્ધ :–** રાજસૂય યજ્ઞવખતે કૃષ્ણ ભગવાને શિશુપાલનો વધ કર્યો, તેનું વેર વાળવા શાલ્વે મોટી સેનાસાથે દ્વારકા પર ચઢાઈ કરી. યુદ્ધની વિકરાળતા જોઈ યાદવસેના ગભરાઈ ગઈ. પ્રદ્યુમ્ન સેનાપતિ હતો. સૌને આદેશ આપ્યો કે કોઈ પાછું હઠે નહિ ને સૌ ઝઝૂમ્યા. પછી શ્રીકૃષ્ણે શંખનાદ કર્યો તેથી શત્રુસૈન્યમાં ભંગાણ પડયું ને પ્રદ્યુમ્નની જીત થઈ. ૫/૧૫૦;
- **પ્રહ્‌લાદજી :–** એકવખત ચ્યવન ઋષિ સવારે બહુ વહેલા સ્નાન કરવા ગયેલા, તેને કોઈ અસુરે લઈ જઈ પાતાળમાં વાસુકી નાગના બંધનમાં રાખ્યા. પણ ઋષિના ભજનથી નાગનું ઝેર ઓછું થતું જણાયું તેથી નાગે ઋષિને દૈત્યના રાજા પ્રહ્‌લાદજીને સોંપ્યા. પ્રહ્‌લાદજીએ પોતાને મૃત્યુલોકનાં બધાં તીર્થ કરાવવાની શરતે ઋષિને મૃત્યુલોકમાં પહોંચાડયા. તે પછી ઋષિ અને પ્રહ્‌લાદજી તીર્થ કરવા બદરિકાશ્રમમાં આવતાં ત્યાં નરનારાયણને ધનુષ્ય-બાણ સહિત તપ કરતા જોઈ, તે રાખવાનું કારણ પૂછતાં, ''તારા જેવા દૈત્યને મારવા માટે રાખેલ છે.'' એવો નરનારાયણ તરફથી ઉત્તર મળવાથી પ્રહ્‌લાદજીએ યુદ્ધ કર્યું હતું. ૧/૩; ૫/૩૨૨;
- **પ્રહ્‌લાદ :–** પ્રહ્‌લાદજી ભગવાનના ભક્ત હતા તો ભગવાને એમનું શરીર જ આત્માસમાન કરી નાખ્યું હતું તેથી તેમને બાણ વાગ્યાં નહિ. પ્રહ્‌લાદજી ભક્ત હતા તો એમના માટે ખાસ અવતાર લઈ અસુરના ત્રાસથી તેમની રક્ષા કરી. ૧/૨૬૯;
- **પ્રિયવ્રત :–** સ્વયંભુવ મનુના પુત્ર. નારદજીના સમાગમથી તેઓ રાજપાટ છોડી સાધુ થયા. પછી બ્રહ્માની દરમિયાનગીરીથી પાછા સંસારમાં આવ્યા છતાં મન તો ત્યાગી જેવું જ હતું. ગૃહસ્થ હોવા છતાં આત્મારામ ને મહાભાગવત કહેવાયા. જગતથી નિર્લેપ રહ્યા. ૧/૧૧૩-૧૬૩;

- **પ્રિયવ્રતનો માર્ગ :-** જેમ રાજા પ્રિયવ્રત નારદજીના ઉપદેશે ત્યાગી થયા ને બ્રહ્માનું દબાણ આવતાં પાછા ગૃહસ્થાશ્રમી થયા તેમ કોઈ કારણસર ત્યાગીએ ગૃહસ્થાશ્રમમાં જવું પડે તો તેનું શ્રેય અટકતું નથી. એ પ્રિયવ્રતનો માર્ગ.
૫/૩૩૫;
- **બળિ :-** વિષ્ણુએ વામનરૂપ ધરી, બળિ પાસે ત્રણ પગલાં જમીન માંગી. બળિએ એ આપવા સંકલ્પ કર્યો કે પોતે વિરાટ બની ગયાને બે પગલામાં ત્રણે લોક માપી લીધા. ત્રીજું પગલું બળિને માથે મૂક્યું ને તેને પાતાળમાં મોકલી દીધો.
૫/૩૫૪;
- **બ્રાહ્મણ ને ઢેઢડી :-** એક બ્રાહ્મણે કામવાસનાને લીધે વડોદરાથી નીકળી છાણીમાં ઢેઢડીસાથે લગ્ન કરી રહ્યો. ૨/૧૮;
- **ભાઈઆત્માનંદસ્વામી :-** રામાનંદસ્વામીના ગુરુભાઈ કહેવાતા આ ભાઈઆત્મા-નંદસ્વામીને શ્રીજીમહારાજને વિશે સર્વોપરી ભાવ થતો નહોતો. તેઓ ૧૧૬ વર્ષની વયના વૃદ્ધ થયા. ગુણાતીતાનંદસ્વામી તેમની પાસે વાગડ ગામે પધાર્યા ને આટલો લાંબો સમય દેહમાં રાખવા બદલ મહારાજનો હેતુ સમજાવ્યો એમ કે, કસર ટાળ્યાવગર મહારાજ અક્ષરધામમાં નહિ લઈ જાય. વળી મહારાજના જ કહેલા પ્રસંગો યાદ કરાવી સમજાવ્યું કે, ''મહારાજ બધાં અવતારોથી શ્રેષ્ઠ અવતારી છે.'' તેમને સર્વોપરીપણાની નિષ્ઠા થઈ ને અંતરમાં સુખ-સુખ વર્તાવા લાગ્યું. તેઓ ગુણાતીતાનંદસ્વામીને પોતાના પત્તરની પ્રસાદી આપતા; પણ મહિમા સમજાતાં તેમણે નિર્માની થઈ સ્વામીના પત્તરની પ્રસાદી સામેથી લીધી. ૫/૧૬૫;
- **ભારો ન ચઢાવ્યો :-** ગામડામાં સ્ત્રી ખેતરે એકલી ઘાસ કે ચાર લેવા જાય. એ ઘાસનો ભાર માથે મુકાવવા માટે રસ્તા પર જતા વટેમાર્ગુને બોલાવે. વટેમાર્ગુ જો સત્સંગી હોય તો તે એકાંત જાણીને તેની નજીક ન જાય. એકાંતમાં સ્ત્રીને મદદ કરવી તે પણ કલંકરૂપ છે. ૬/૧૦૧;
- **ભીમનાથમાં રાંકાં :-** અગણ્યોતેરા કાળમાં ભાલપ્રદેશમાં આવેલ ભીમનાથ મહાદેવની જગ્યામાં સદાવ્રત મળતું. નીલકા નદીની ઊંચી ભેખડ પર મંદિર હોઈ, ભૂખ્યાં-દુખ્યાં, ગરીબ-રંક લોકો નદીમાંથી કતાર કરતા ઉપર જતાં ને સદાવ્રતમાં કડછો થૂલું (ઘઉંનું ભડકિયું) મેળવતા. થૂલું આપનાર કંટાળે એટલે એક ધક્કો મારે તા બધા જ ઉપરાછાપરી પડતાં ગુલાંટ ખાતાં નદીની ગરમ રેતીમાં પડે, છતાં કડછો થૂલું અહીં જ મળશે એવો ખપ ફરી પાછા ચઢે.
૨/૯૫;

- **ભીમસેન ને ધૃતરાષ્ટ્ર** :- પાંડવોના વિજયપછી એકવાર ભીમને પરાક્રમના અભિનંદન આપવા, ભેટવા માટે કાકા ધૃતરાષ્ટ્રે બોલાવ્યો. કૃષ્ણ આ અંધનું કપટ કળી ગયાને લોખંડનું પૂતળું પહેલેથી તૈયાર કરાવ્યું અને ભીમ સાથે મોકલ્યું ને કહ્યું કે ''કાકા ભેટવાનું કહે ત્યારે આ પૂતળું તેમની આગળ ધરી દેવું.'' તેઓ ભેટ્યા ને પૂતળાના ચૂરેચૂરા કરી નાખ્યા. ભેટવાનું નિમિત્ત જેમ જુદું હોઈ શકે છે તેમ ભગવાન ને સાધુ સિવાય બીજાનો સંગ આ રીતે કરવો. નિર્લેપપણે. ૫/૧૭૮;
- **ભીષ્મપિતા** :- ભીષ્મ પિતામહ પાંડવ-કૌરવના દાદા થાય. તેમને કૌરવોનો પક્ષ બંધાઈ ગયો. તેમણે કૌરવોનું અન્ન ખાધેલું તેથી ભગવાન શ્રીકૃષ્ણનો નિશ્ચય હોવા છતાં તેમનું જ્ઞાન અવળા પક્ષે કરીને ઢંકાઈ ગયું, વ્યર્થ ગયું. ૫/૨૯૯;
- **મુનિબાવા** :- સૂરતના આ વેદાંતી સંન્યાસી પાસે બ્રહ્માનંદસ્વામી સંસ્કૃત ભણેલા. શ્રીજીમહારાજનો મહિમા કહી મુનિબાવાને તેઓ ગઢડા લાવ્યા. મહારાજમાં તેમને શ્રીકૃષ્ણનાં દર્શન થયાં. તેઓ સૂરત ન જતાં ગઢડા જ રોકાઈ ગયા ને મહારાજ પાસે દીક્ષા લઈ ત્યાગી થઈ ગયા. સંન્યાસીના પાસ લાગ્યા હોઈ તેઓ છાનેછપને હોકો પી લેતા. વળી ''ઘેલામાં સ્નાન કરી ધ્યાન કરવા જાય છે.'' તેવું જણાવતા પણ હકીકતે કુસ્તી કરવા જતા. કોઈને દૂરથી આવતું જુએ તો તરત પદ્માસનવાળી ધ્યાનમાં બેસી જતા. ૫/૩૫૨;
- **મૂરખ ચાકર** :- એક દુર્બળ રાજાએ કચેરીમાં જૂજ પૈસા આપી ચાકરને પાન-સોપારી લેવા મોકલ્યો; પરંતુ ચાકરે પોતે તથા રાજા બે દિવસના ભૂખ્યા હતા એમ ધારી પાન-સોપારી નહિ લાવતાં ત્રણ બાટીઓ કરી લાવ્યો, તેમાંની બે બાટી કચેરીમાં રાજાને આપી બોલ્યો, 'લ્યો આ ખાઓ, પાનમાં શું ખાશો ?' રાજાએ કહ્યું, 'અરે મૂરખ, આ શું લાવ્યો ?' ત્યારે કહે, 'લો, આ એક મારા ભાગની પણ આપું છું, તમો બે દિવસના ભૂખ્યા છો તો ખાઓ.' ૨/૯૪;
- **યજમાનની દીકરી** :- એક ગોર યજમાનની દીકરીને તેને ઘેર મૂકવા જતો હતો. બાઈ પાસે છોકરું હતું. તેથી ઘરેણાંની પોટલી તેણે ગોરને ઉપાડવા આપી. રસ્તે ચાલતા ગોરની બુદ્ધિ ઘરેણાં પચાવી પાડવાની થઈ. તેથી નજીકને કૂવે બાઈને પાણી ભરવા મોકલી. બાઈ છોકરાને થાળામાં બેસાડી પાણી સીંચવા લાગી; તેવામાં ગોરે આવી પાછળથી ધક્કો માર્યો. બાઈ કૂવામાં પડી પણ ત્યાં ઝાંડના એક મૂળને વળગી રહી તેથી ગોરનું ધાર્યું થયું નહિ એટલે એક મોટો પથ્થર માથે નાખવા ધારી ઉપાડવા ગયો, તેવામાં નીચેથી એક સર્પ કરડ્યો એથી ગોર મૃત્યુ પામ્યો. બાઈ કૂવાંમાંતી પોતાને કાઢવા માટે બૂમો નાખતી હતી તેથી થાળામાં

બેઠેલું બાળક કૂવા તરફ જાય પણ પેલો સર્પ સામો ફૂંખાડો મારી તેને જવા દેતો નહોતો, તેવામાં કોઈ એક સવાર આવ્યો, તેણે તે બાઈને બહાર કાઢી અને ઘરેણાં સાથે તેને ઘેર પહોચાડી. ૬/૧૦૦;

- **યુધિષ્ઠિર રાજાના ઘરમાં :–** શ્રીમદ્ભાગવતના સાતમા સ્કન્ધમાં પંદરમા અધ્યાયમાં નારદજી, યુધિષ્ઠિર વગેરેને કૃષ્ણનો મહિમા કહે છે : 'યૂયં નૃલોકે બત ભૂરિભાગા' તમે આ લોકમાં મોટા ભાગ્યશાળી છો કે તમારા ઘરમાં સાક્ષાત પરબ્રહ્મ મનુષ્યરૂપ ધારીને રહ્યા છે !' ૪/૧;
- **રવજી સુતાર :–** કચ્છ-ભુજના રવજી સુતાર શ્રીજીમહારાજના ભક્ત હતા. તેઓ વિધુર થયા પછી શ્રીજીમહારાજે બીજું બૈરું કરવા ના કહેલી છતાં તેમણે મહારાજને ખૂબ વિનંતી કરી તેથી ફરી લગ્ન કરાવી આપ્યાં. બાઈ મહારાજની પરમ ભક્ત હતી. તેથી શ્રીજીમહારાજ બાઈને કહે છે, "બીજાને એક જમપુરી ને તારે માથે બે; કારણ કે, મારા ભક્તને તેં મોહ પમાડ્યો છે." પછી એ બાઈએ ક્ષમા માંગી ને શ્રીજીમહારાજે તેને ઉપાય બતાવ્યો કે, રવજીની આસક્તિ તોડવા માટે તે કહે તેનાથી ઊંધું જ કરવું. પત્નીના આવા વિપરીત વલણથી રવજી સુતાર કંટાળી ગયા. છેવટે મહારાજે બાઈના દેહમાં ભયંકર રોગ મૂક્યો. તેની શુશ્રૂષા કરી કરીને રવજી સુતારને સંસાર પ્રત્યે તદ્દન નફરત થઈ ગઈ. છેવટે શ્રીજીમહારાજે તેમને વાસનામુક્ત કરી ત્યાગીની દીક્ષા આપી હતી. ૧/૪૪;
- **રાજાને પાણી ન પાયું :–** શિકારે નીકળેલો એક રાજા તરસ્યો થયો. દૂર એક ખેડૂત હળ ચલાવતો હતો પાણીની આશાએ રાજા તેના તરફ ચાલ્યો. ખેડૂતે અદેખાઈથી પાણી હતું તે બધું ઢોળી નાખ્યું. પરંતુ રાજાએ સંકલ્પ કરેલો કે મારે તેને ગામ આપવું છે તે સજ્જનતા દાખવી, ને ગામ આપ્યું. ૧/૨૧૩;
- **રાણી ને છ દીકરા :–** વિશ્વાવસુ ગંધર્વની કુંવરી એવી ઋતુધ્વજ રાજાની રાણી મદાલસાએ દીકરા-વિક્રાન્ત, સુબાહુ અને શત્રુમર્દનને બાળપણમાં હાલરડાં ગાતી વેળા આત્મજ્ઞાન કરાવેલું. મોટા થઈ ત્રણેએ સંન્યાસ લીધો. ચોથો પુત્ર અલર્ક તેના પિતા પાસે રહેવાથી માનો સમાગમ કરી ન શક્યો. છેવટે મોટાપુત્ર વિક્રાન્તને રાણીએ બોલાવ્યો ને કહ્યું, તારો એક ભાઈ બાકી રહી જાય છે. તું તારા પિતાને કહે કે રાજગાદીનો વારસ હું છું. એટલે અલર્કને છૂટો કરશે. આમ કરવાથી અલર્કને રાજાએ એની મા પાસે જવા દીધો. મદાલસાએ તેને વૈરાગ્ય ચઢાવ્યો ને વનમાં મોકલી દીધો. તેનાં ગયા પછી મોટો પણ વનમાં ચાલ્યો ગયો. (આમ પુરાણમાં છ નહિ પણ ચાર દીકરાની વાત આવે છે.) ૫/૬૧;

- **રાધિકાજી ને શ્રીદામા :–** એકવાર ગોલોકમાં ભગવાન વિરજા નામની ગોપીને પોતાની સાથે રાસમંડળમાં લીધી. આ સંભળી રાધિકાજીને રીસ ચઢી ને ભગવાનને ઠપકો દેવા ગયાં. જયાં તે પહોંચ્યાં કે તરત વિરજાની સાથે ભગવાન અદશ્ય થઈ ગયા, રાધિકાજીને વીરજા સાથે ઈર્ષ્યા હતી, ફરી એકવાર શ્રીદામા, કૃષ્ણ ને વિરજા ત્રણેને ગોષ્ઠિ કરતાં જોયા. રાધિકાજીએ ભગવાનને ન કહેવાનાં વેણ કહ્યાં ને નિંદા કરી. ભગવાન તો સાંભળી રહ્યા પણ તેમના પાર્ષદ શ્રીદામાથી આ સહન ન થયું એટલે તેમણે રાધિકાજીને ઠપકાસાથે શાપ દીધો કે "ગુર્જર સુથારને ઘેર જન્મ પામ ને એટલો સમય કૃષ્ણ સાથેનો તને લાંબો વિરહ થાઓ." રાધિકાજીએ પણ શ્રીદામાને સામે શાપ આપ્યો : "તું પણ દાનવ કુળમાં જન્મ લે." આ શાપને લીધે શ્રીદામા શંખચૂડ નામના અસુર થયા. ૩/૫૫;
- **લક્ષ્મીજી :–** શ્રીકૃષ્ણની આઠ પટરાણીઓમાં રુક્મિણી અર્થાત લક્ષ્મીજીને શ્રીકૃષ્ણ વિશે ભગવાનપણાનો ભાવ હતો. બીજી પટરાણીઓને રીસામણાં-મનામણાં થતાં પણ રુક્મિણીને ભગવાનમાં નિર્દોષબુદ્ધિ હતી. એટલે જ રુક્મિણીની વાળીથી કૃષ્ણ તોળાયા, સત્યભામાએ કૃષ્ણની ભારોભાર સોનું મૂકયું છતાં નહોતા તોળાયા, છતાં લક્ષ્મીજીમાં સ્ત્રીનો ભાવ વ્યાસજીએ ઉલ્લેખ્યો છે. કૃષ્ણે તેમનું હરણ કર્યું ત્યારે તેમનો ભાઈ રુક્મી કૃષ્ણને પકડી મારવા સેના લઈ પાછળ પડયો. યુદ્ધ થયું. ત્યારે રુક્મીને મારવા તત્પર થયેલા શ્રીકૃષ્ણને રુક્મિણી કહે છે, "એ મારો ભાઈ છે, તેને ન મારશો, હે જગત્પતિ ! તમને વિનવું છું." શ્રીકૃષ્ણે તેને મિથ્યા મોહ છોડી દેવા ઉપદેશ દીધો. છતાં દેહાંતદંડ ન કરવા વિનવ્યા; એટલે શ્રીકૃષ્ણે રુક્મીનું માથું અને મૂછો મુંડાવી નંખાવ્યાં ને પછી છોડી મૂકયો. (શ્રીમદ્ભાગવત) ૧/૩૬;
- **લવા ને બાદશાહ :–** લવો બાદશાહનો કારભારી હતો, એકવાર તેને બાદશાહે. "તેની અને પોતાની બેઉની દાઢીને આગ લાગે તો કોની પહેલા ઓલવે?" એવું પૂછયું ત્યારે લવાએ કહ્યું, "જહાંપનાહ ! પહેલાં મારી દાઢીને બે લહરકા મારી લઉં પછી તમારી..." ૪/૧૪૦;
- **વામનજી :–** ભગવાને બળિરાજા પાસે ત્રણ પગલાંમાં પૃથ્વી માંગી ત્યારે ઠીંગણું સ્વરૂપ ધારીને આવ્યા હોવા છતાં વિરાટ થયા ને સાથે લાકડી લાવેલા તે પણ એટલી મોટી થઈ. ૧/૨૮૫;
- **વિશ્વરૂપ :–** વિશ્વરૂપ ત્વષ્ટાનો પુત્ર હતો. તેનું મોસાળ દૈત્યકુળમાં હોવાથી દૈત્યોનો પક્ષ રાખતો. ઇન્દ્રે તેને ગુરુ કરી રાજય પુરોહિત નીમેલો. દૈત્યો પર વિનય

મેળવવા ઇન્દ્રે યજ્ઞ આરંભ્યો. વિશ્વરૂપ હોમ કરે ને દૈત્યોને હવિષ્યાન્નનો છાનો ભાગ આપે. આ કપટ જાણીને ઇન્દ્રે વિશ્વરૂપનાં ત્રણેય મસ્તક કાપી નાખ્યાં. તેથી ચાર હત્યા લાગી. ૧/૨૯૫;

- **વૃંદા** :- વૃંદા વિષ્ણુની ભક્ત-સતી હતી. તેનો પતિ જાલંધર અસુર હતો. વિષ્ણુને તેનો નાશ કરવો હતો આથી જાલંધરનુ રૂપ લઈ વૃંદાનુ સતીત્વ ચુકાવ્યું ને જાલંધરને કપટથી માર્યો. ૫/૩૫૪;
- **વ્યાસજી** :- નારદજીએ "વ્યાસજીને સત્સંગનો મહિમા શું ?" એવો પ્રશ્ન કર્યો ત્યારે વ્યાસજીએ છાણના કીડાને આ પ્રશ્ન પૂછવા નારદજીને મોકલ્યા. કીડો નારદજીના દર્શનમાત્રે ઊર્ધ્વગતિ પામ્યો. ઉત્તરોત્તર એ પોપટનું બચ્ચું, ગાયનો વાછડો ને અંતે રાજાનો કુંવર થયો. નાદરજીના દર્શન પામી એ રાજાનો કુંવર જન્મમરણથી મુકાયો. ૨/૧૮૩;
- **શિવજી** :- સમુદ્રમંથન વખતે અમૃત નીકળ્યું; એને મેળવવા માટે દેવો અને અસુરો વચ્ચે પડાપડી થઈ. બન્ને પક્ષને વિષ્ણુએ મોહિનીરૂપ લઈ શાંત પાડ્યા. શિવજીએ મોહિનીરૂપ જોવાની ઇચ્છાથી વિષ્ણુને મોહિનીરૂપ ધારણ કરવા કહ્યું. વિષ્ણુએ શિવજીને ઘણા સમજાવ્યા કે, તમ જેવા તપસ્વી-ધ્યાનીથી મોહિનીરૂપ ન જોવાય. પણ શિવજીના અતિ આગ્રહને વશ વિષ્ણુએ મોહિનીરૂપ ધારણ કર્યું. થયું એવું કે શિવજી કામાતુર થઈ મોહિનીનો સ્પર્શ કરવા વિહ્વળ થઈ તેની પાછળ દોડ્યા ને તેમનું વીર્ય સ્રવી ગયું. (શ્રીમદ્ભાગવત, મત્સ્યપુરાણ ને વાયુપુરાણ) ૧/૧૬; ૬/૧૫;
- **શિવજી ને ચિત્રકેતુ રાજા** :- નારદજીના ઉપદેશથી ચિત્રકેતુ રાજાએ કરોડો સ્ત્રીઓનો ત્યાગ કર્યો ને યમુનાતીરે તપ કરી વિદ્યાધરોનું આધિપત્ય પ્રાપ્ત કર્યું. ચિત્રકેતુ એકવાર આકાશમાર્ગે નીકળ્યો. નીચે કૈલાસ પર શિવજીના સાથળ પર પાર્વતીજીને બેઠેલાં જોઈ તે હસી પડ્યો. એને એમ કે પોતાનો ત્યાગ ને તપ શિવજી કરતાં કેટલાં ઊંચાં છે ! પાર્વતીજીએ ક્રોધાયમાન થઈ શાપ દીધો તેથી તેણે વૃત્રાસુર થવું પડ્યું. શિવજીનો અપરાધ થવાથી અસુર થવું પડ્યું એવા સંસ્કાર થયા. ૧/૧૯૩;
- **શિવજી, પાર્વતી, પોઠિયા** :- શિવજીનું વાહન પોઠિયો. એકવાર ત્રણે મુસાફરીએ નીકળ્યાં. એક ગામ આવ્યું. લોકો કહે, 'છતે વાહન ચાલીને જાય છે !' આ સાંભળી બન્ને પોઠિયા પર બેઠાં. બીજું ગામ આવ્યું. લોકો કહે, 'છે દયાનો છાંટો ? બન્ને ચઢી બેઠાં છે !' થોડે દૂર ગયા પછી પાર્વતી કહે, 'હું ચાલું છું તમે બેસો.' શિવજી બેઠા. ત્રીજું ગામ આવ્યું. લોકો કહે, 'પઠ્ઠા જેવો ચઢી બેઠો છે ને

ફૂલ જેવી બાઈને પગે ચલાવે છે.' આ સાંભળી શિવજી ઊતર્યા ને પાર્વતીને બેસાર્યાં. ચોથું ગામ આવ્યું. લોકો કહે, 'આ તે કેવો સમય આવ્યો છે ! ધણી બિચારો પગે ચાલે છે ને બાઈ ચઢી બેઠી છે !' આમ લોકોને તો ટીકા-ટિપ્પણ કરવાનો સ્વભાવ જ હોય છે; એમના તરફ નજર રાખીએ તો ઊલટા દુ:ખી થવાય. ૨/૨૭;

- **શુકજી** :- શુકદેવજીને સ્ત્રી-પુરુષ એવો ભેદ નહોતો. એક વાર સરોવરમાં દેવાંગનાઓ નિર્વસ્ત્ર સ્નાન કરી રહી હતી. શુકદેવજી ત્યાંથી પસાર થયા પણ સ્ત્રીઓએ વસ્ત્ર ધારણ ન કર્યાં. પાછળ વ્યાસજી થોડા સમય પછી ત્યાંથી પસાર થયા ને એ સ્ત્રીઓએ ઝટપટ દોડીને વસ્ત્ર પહેરી લીધાં. વ્યાસજીને આનું રહસ્ય ન સમજાયું. સ્ત્રીઓને પૂછતાં જણાવ્યું કે, સ્ત્રી-પુરુષ એવો ભેદ તમારે છે પણ શુકદેવજીને નથી. ૧/૩૬-૩૮;
- **શુકજી ને જનક** :- સ્વામી શુકદેવજી ને જનક રાજાના દૃષ્ટાંતથી નિવૃત્તિમાર્ગ ને પ્રવૃત્તિમાર્ગ વચ્ચેનો ભેદ દર્શાવે છે. મહાભારત કહે છે કે શુકદેવજી સદેહે લોકોના દેખતાં આકાશમાર્ગે સૂર્ય લોકમાં પ્રવેશ્યા હતા. જનકરાજાને માટે આ અશક્ય હતું. ૫/૯૯;
- **શેખચલ્લી** :- ''ઘીનો ઘાડવો માથે મુકી રસ્તે ચાલતાં નોકર શેખચલ્લીએ રૂપિયો મહેનતાણું મળશે.'' એ વિચારમાં બકરી ખરીદવાથી માંડી પરણવા સુધીના મનસૂબા કર્યા. છેવટે પોતે એક શેઠ બની દુકાને બેઠો હશે ને ''છોકરો જમવા બોલાવવા આવશે ત્યારે પોતે તેને બે હાથમાં ઝીલી લેશે.'' એમ વિચારમાં ને વિચારમાં તેણે બે હાથ પહોળા કર્યા. ઘીનો ઘાડવો છૂટી ગયો ને નીચે પડી ફૂટી ગયો. આમ તેણે ઘાડવામાંથી ઘર (ખોરડું) સુધીના સંકલ્પ કર્યા જે મિથ્યા હતા. માટે અંતઃકરણમાં આવા ખોટા વિચારો-આધારો મૂકી ભગવાનને જ રાખવા. ૫/૧૬૭;
- **શેખજી** :- શેખજી મુસ્લિમ હોવા છતાં શ્રીજીમહારાજના ભક્ત હતા.એકવાર કચ્છમાં સત્સંગ કરાવવા શ્રીજીમહારાજે તેમને ચમત્કારી લાકડી આપી ને કહ્યું, ''આ લાકડીનો એક છેડો જેને અડાડશો તેને સમાધિ થશે ને બીજો અડાડશો એટલે સમાધિ ઊતરી જશે. પરંતુ તમારે ચાર વાતનો સંપૂર્ણ ખ્યાલ રાખવો, .૧. તમે આનો ઉપયોગ ફક્ત સત્સંગ કરાવવા પૂરતો જ કરજો, .૨. સ્ત્રીઓને ઉપદેશ દેશો નહિ, .૩. રજોગુણી પોષાક પહેરશો નહિ, .૪. મિષ્ટાન્ન જમશો નહિ. .૫.'' પરંતુ ઐશ્વર્ય મળ્યા પછી શેખજીએ ચારે નિયમનો ભંગ કર્યો. ધીરેધીરે 'ખુદ શ્રીજીમહારાજ છું.' એમ પ્રચાર કરવા લાગ્યા આથી મહારાજે ઐશ્વર્ય પાછું ખેંચી લીધું. ૫/૧૩૦;

- **શ્રીકૃષ્ણ** :- શ્રીકૃષ્ણનું અવતારકાર્ય પૂરું થયું ને કળિયુગનો પ્રારંભ થયો. દ્વારકામાં વિશ્વામિત્ર, કણ્વ અને નારદ ત્રણે મુનિઓ આવ્યા ત્યારે રોહિણીસુત સારણ વગેરે મશ્કરા યુવાનો ભેગા મળી જાંબવતીના પુત્ર સાંબને ગર્ભવતી સ્ત્રીનો વેશ ધરાવ્યો ને ઋષિઓ પાસે જઈ કહ્યું, ''પ્રભુની આ પત્ની છે તેને શું જન્મશે ?'' ત્રિકાલજ્ઞ મુનિઓ ક્રોધાયમાન થઈ બોલ્યા, ''આ સામ્બ ભયાનક મુશળને જન્મ આપશે ને તેનાદ્વારા યદુકુળનો નાશ થશે.'' આ શાપથી મુશળ (લોખંડનો ટુકડો) જન્મ્યું. યાદવોએ તેના રાઈ જેવડા ટુકડા કરી દરિયામાં નાખ્યું. પ્રભાસના દરિયા કાંઠે તેની ધારદાર એકરા નામની વનસ્પતિ ઊગી ને એક ટુકડો માછલીના પેટમાં ગયેલો તે માછીમારને મળ્યો. તેણે એક પારધીને આપ્યો. પારધીએ બાણનું ફળું બનાવ્યું. પ્રભાસમાં યાત્રા નિમિત્તે શ્રીકૃષ્ણ સહિત યાદવો આવ્યા. ને દારૂ પીને અંદરોઅંદર વનસ્પતિ લઈ લડી મૂઆ. દૂર રહ્યા કૃષ્ણે આ સંહાર જોયો. મહાભારતની લડાઈમાં કૌરવોનો સંપૂર્ણ નાશ થયેલો સાંભળી ગાંધારીએ કૃષ્ણને શાપ આપેલો કે તમે પણ કુળે સહિત નાશ પામશો. એ શાપ કૃષ્ણે સ્વીકાર્યો અને પિપળા નીચે બેસી જરા નામના પારધીના બાણથી દેહ ત્યાગ કર્યો. સ્વયં ભગવાન હતા છતાં મૃત્યુધર્મ સ્વીકાર્યો. ૧/૨૬૯;
- **સચ્ચિદાનંદસ્વામી** :- સચ્ચિદાનંદસ્વામીને મહારાજને વિશે અતિશય પ્રેમ હતો. સ્વધામ જતી વેળા મહારાજે સૌને કહેલું કે, 'કોઈ દેહનો પાત ન કરે.' પણ સચ્ચિદાનંદસ્વામી તો મહારાજ પહેલાં અક્ષરધામમાં પહોંચ્યા. મહારાજે તેમને પેસવા જ ન દીધા, પાછા દેહમાં મોકલ્યા. સ્વામી કહે છે, 'પ્રેમ કરતાં પણ જ્ઞાનની સ્થિતિ અધિક છે. જ્ઞાનીને ભગવાનનું સામીપ્ય અખંડ રહે છે.' ૫/૧૬૪;
- **સદાશિવની હવેલી** :- ખંભાતના સદાશિવ નામના ધનાઢ્ય હરિભક્તે કળાકોતરણી-વાળી લાકડાની હવેલી બનાવેલી. તેના વાસ્તુપ્રસંગે ગોપાળાનંદ સ્વામીને તેડવા વડોદરા ગયા. સ્વામીએ તેમને પંદર દિવસ રોકીને જગતના નાશવંતપણાની ખૂબ વાતો કરી. એવામાં ઘેરથી કાગળ આવ્યો કે, 'હવેલી બળીને રાખ થઈ ગઈ છે.' સદાશિવ કહે, 'સ્વામી ! જો હું અહીં ન રોકાયો હોત તો હવેલી ભેગો બળી મરત એટલી મને આસક્તિ હતી; પણ એ હવે વાતો સાંભળીને અંતરમાંથી જ બળી ગઈ.' ૧/૨૫૭;
- **સર્વનિવાસાનંદસ્વામી** :- અમદાવાદ દેશના મુમુક્ષ સંત. એકવાર ગોપાળાનંદ-સ્વામી અમદાવાદમાં પધાર્યા. આ સંતે એમનો સમાગમ કર્યો. જ્ઞાનનાં પડળ ખુલી ગયાં. મનુષ્યદેહે કરીને મોક્ષ પ્રાપ્ત કરી લેવાનો નિશ્ચય કરી

ગોપાળાનંદસ્વામી સાથે જવા તૈયાર થયા. અયોધ્યાપ્રસાદજી આચાર્ય-મહારાજને તેના ખબર મળ્યા. તેમણે સર્વનિવાસાનંદસ્વામીને રોકયા ને લાલચ આપી કે, ''તમને મહારાજના વીસ જોડ ચરણારવિંદ આપું ને અમદાવાદ મંદિરના મહંત બનાવું. તમે રહો. અહીં શી ખોટ છે!'' તેઓ કહે, ''અહીં બધું છે પણ ગોપાળાનંદ-સ્વામી નથી, મારે તેમનો સમાગમ કરવો છે.'' એમ મહોબત મૂકીને એમણે સમાગમ કરેલો. તેમણે ગુણાતીતાનંદસ્વામીને કહેલું કે, ''ઓલ્યા દેશમાં રહ્યો હોત તો કલ્યાણ રહી જાત.'' ૨/૧૧૦-૧૪૨;

- **સંગ કરવાનું પૂછયું** :- આ સંદર્ભમાં આપેલ ઉત્તર પ્રાસંગિક છે, સિદ્ધાંત અને તાત્પર્યાર્થ એવો છે કે જીવ ગુણાતીત સત્પુરુષ પ્રાગજીભક્તમાં જ જોડવો. સંગ અનેકનો થઈ શકે પણ જીવ, જોડવા માટે તો એક જ ગુણાતીત સત્પુરુષ જ છે. ૫/૩૮૭;
- **સિપાઈ કૂવામાં** :- ''પોતાનું વચન કોણ અદ્ધર ઝીલે છે.'' એ પરીક્ષા ખાતર રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે કૂવામાં પડી કોરો બહાર આવે તેને એક ગામ આપવું. એક સિપાઈએ વિચાર્યું : રાજા બુદ્ધિશાળી છે, મૂર્ખ નથી. એમના કહેવા પાછળકંઈક હેતુ હશે. સિપાઈ કૂવામાં સાતવાર પડ્યો ને ભીનો બહાર નીકળ્યો છતાં રાજાએ પ્રસન્ન થઈ તેને ગામ આપ્યું. ૫/૨૨;
- **સીતા** :- પંચવટીમાં વનવાસ દરમ્યાન રામ-લક્ષ્મણ ને સીતાજી રહેતા હતાં. રાવણે રામને સીતાથી વિખૂટા પાડવા મામા મારીચને સોનેરી મૃગનું રૂપ લેવડાવ્યું ને સીતાજી તેને જોઈ લોભાયાં. રામને આ મૃગ મારી લાવવા કહ્યું. લક્ષ્મણને પર્ણકુટી સાચવવાનું કહી રામ મૃગ પાછળ દૂર દૂર નીકળી ગયા. આ બાજુ લક્ષ્મણને પર્ણકુટીથી દૂર કરવા મારીચે રામના અવાજમાં બૂમ પાડી - દોડ જે લક્ષ્મણ. આ સીતાજીએ સાંભળી. તેમણે લક્ષ્મણને રામની મદદે જવા કહ્યું. લક્ષ્મણ રામનું પરાક્રમ અને અસુરોની માયાજાળ જાણતા હતા, તેથી ન ગયા. સીતાજીએ વારંવાર કહ્યું ને છેવટે બાણ જેવાં વચન માર્યા કે, ''લક્ષ્મણ ! તને એમ છે કે રામ મરે તો હું સીતાને પત્ની કરું; પણ 'રામ વિના હું ક્ષણભર પણ આ પૃથ્વી પર નહિ જીવી શકું ' મરી જઈશ પણ તને નહિ વરું.'' આ સાંભળી ન છૂટકે લક્ષ્મણને પર્ણકુટી છોડીને જવું પડ્યું. તે વખતે રાવણ સાધુવેષે આવી સીતાજીને લંકા ઉપાડી ગયો, ને રામ-રાવણનું યુદ્ધ - રામાયણ થયું. ૨/૭૨;
- **સુલભા ને જનક** :- એક બ્રહ્મવાદિની સ્ત્રી. પોતે કુમારિકા હતી ત્યારથી એકલી જ પૃથ્વીપર વિચરતી. તેણે જનક રાજાની પ્રશંસા સાંભળી પોતાનુ શરીર યોગશક્તિથી બદલીને સૌંદર્યવાન બનાવ્યું. મિથિલામાં જઈ ભિક્ષાનિમિત્તે

જનકરાજાને મળી. પરંતુ જનકને તેમાં મોહ ન થયો. પોતાનો પ્રભાવ જનક પર લાદવા સુલભા યોગશક્તિથી જનકની બુદ્ધિમાં પ્રવેશી ગઈ ને તેના મનને બાંધી લીધું. એક જ શરીરમાં જનક અને સુલભાનો સંવાદ થયો. ગુરુ પંચશિખના પ્રતાપે જનકે તેનો પરાભવ કર્યો. ૧/૧૦૭-૧૧૩;

- **સૂર્ય ને વાલખિલ્ય ઋષિ** :- વાલખિલ્ય નામનો ઋષિ-સમુદાય ફકત એક અંગુઠા જેવડો આકાર ધરાવે છે. આ સાઠ હજાર ઋષિઓ પ્રજાપતિના વાળમાં ઉત્પન્ન થયા હતા. તેઓ સુર્યના અનન્ય ભક્ત છે તેથી સૂર્યલોકમાં રહે છે ને સૂર્યકિરણોનું પાન કરે છે. ૬/૧૧૯;
- **સૌભરિ** :- સૌભરિ નામના ઋષિએ ભગવાનને પ્રાપ્ત કરવા માટે જળમાં ઊભા રહીને સાઠ હજાર વર્ષ તપ કરેલું; પણ એક વાર માછલા-માછલીનું મૈથુન જોયું કે તેને પરણવાનો વિચાર થયો અને ત્રીસ હજાર વર્ષના તપના બદલામાં યૌવન ખરીદ્યું. તેના રૂપને જોઈ માંધાતા રાજાની પચાસે પચાસ કુંવરીઓ વરી. બીજા ત્રીસ હજાર વર્ષનુ તપ મૂકી વૈભવ ને સમૃદ્ધિ વસાવ્યાં. છેવટે વિષયસુખ નાશવંત ને દુ:ખનું કારણ છે એવું જ્ઞાન થતાં વનમાં ગયા ને સ્ત્રીઓસહિત તપ કરી મોક્ષને પામ્યા. ૧/૨૮-૩૮; ૬/૧૫;
- **હમીર** :- જુનાગઢ મંદિરનો પાળો. આ હમીરને વાસના ઉદય થવાથી એક સાંખ્યયોગી બાઈ સાથે સંબંધ થયો અને બન્ને ગીરમાં અરીઠિયા ગામે રહેતાં. એકવાર રઘુવીરજી મહારાજ, ગોપાળાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી વગેરે ઊના જતા હતા ત્યારે અરીઠિયાના પાદર નીકળ્યા. એટલે હમીરે મોઢામાં તરણાં લઈને દંડવત્ કરવા માંડ્યા ને માફી માગી. ત્યારે નિત્યાનંદસ્વામીએ તેનો તિરસ્કાર કર્યો. એટલે ગોપાળાનંદ સ્વામી કહે : ''એને આગલા અવતારના ભક્ત જેવો તો માનો !'' પછી વર્તમાન ધરાવી સત્સંગી કર્યો ને સાધુને આજ્ઞા કરી કે 'હવેથી તેને ઘેર જવું.' ૨/૮;

## પરિશિષ્ટ-૬ : વિષયવાર સૂચિ

(આ પરિશિષ્ટમાં સ્વામીએ કરેલી વાતોની
શક્ય તેટલી વિષયવાર છણાવટ કરવામાં આવી છે, વળી
વિષયવાર વાતોના સંદર્ભો દરેક વાતની નીચે પણ મૂકવામાં આવ્યા છે.)


- અખંડ પ્રગટપણું - ૧/૨૬૫, ૩/૨૦-૭૦, ૫/૨૫૪-૪૧૫-૪૨૭, ૮/૧૬
- अर्थं साधयामि वा देहं पातयामि। - ૩/૩૦, ૬/૧૮-૫૫-૧૨૪, ૯/૩૪-૨૯૩;
- અનુગ્રહની વાતો - ૧/૪૨-૭૦-૮૦, ૪/૫-૬૨, ૫/૪૦-૪૮, ૬/૧૮-૧૦૯
- અનુવૃત્તિ, અભિપ્રાય અને સિદ્ધાંત - ૧/૧૧૧, ૨/૬૨-૧૦૦-૧૦૫-૧૨૩-૧૩૮, ૩/૨૩-૨૪-૨૫-૩૩-૩૭-૫૫-૫૭-૬૫-૭૦, ૫/૩૪૭, ૬/૪૨-૯૫-૧૧૨-૧૭૩, ૭/૨૩, ૮/૯-૨૬, ૯/૧૬૭-૨૫૩;
- અનુસંધાન - ૨/૨૪, ૬/૧૪૯-૧૮૬-૨૫૦, ૯/૨૯૬-૩૨૨
- અજ્ઞાન અને અવિદ્યા - ૨/૧૩૬, ૩/૧૫-૩૦-૫૪, ૪/૪૦, ૫/૧૫-૨૯૪, ૬/૯૫-૧૨૧, ૮/૧૭
- આ સાધુભેળા મહારાજ અખંડ રહ્યા. - ૮/૧૬
- આત્યંતિક પ્રલય/જ્ઞાન પ્રલય - ૧/૧૫૮, ૨/૧૭૨, ૪/૯૮, ૫/૭-૫૭-૨૦૭
- આત્યંતિક મોક્ષ-જ્ઞાન (પ્રગટને એક પ્રણામ કરવાથી) - ૫/૧૧૯-૩૧૧, ૬/૨૮૫
- આત્મબુદ્ધિ ને પ્રીતિ - ૧/૩૨-૧૮૪, ૯/૩૨૦
- આપણા સ્વરૂપને અક્ષરરૂપ માનવું. - ૧/૧૭૨-૨૫૮-૨૮૫, ૨/૧૪૯, ૪/૧૦૦-૧૦૧-૧૧૧, ૫/૬૧-૧૩૬-૧૬૪-૩૮૩, ૬/૪૨
- આશરાની વાતો - ૧/૧૧૪-૧૪૦-૧૬૮-૧૭૩-૧૯૪-૨૯૫, ૫/૧૧-૧૫-૫૬-૮૮-૧૦૦-૧૦૯-૧૧૦-૧૯૫-૨૩૬-૨૫૮-૨૬૭, ૬/૯૫, ૭/૧૬, ૯/૫૫-૧૫૬
- આજ્ઞામાં તારતમ્યપણું - ૫/૮૫
- ઉપાસના અને આજ્ઞા - ૧/૧૩૦, ૨/૨, ૩/૩૧, ૫/૧૫૯-૧૬૨-૨૦૪-૨૧૬, ૬/૨૯૪-૨૯૫
- એકરહેણીએ મરવું. - ૫/૩૪૬, ૯/૫૨-૫૩
- એકાંતિક ભેળું રહેવું તે સત્તારૂપ રહેવા કરતાં અધિક - ૨/૩૯

# પરિશિષ્ટ-૬ : વિષયવાર સૂચિ


- એકોતેર ચોકડી ઈંદ્ર રાજ કરે – ૬/૧૮-૯૫
- કરોડની/કોટીની વાત – ૧/૧૪-૧૯-૫૦-૬૦-૬૯-૧૨૧-૧૫૮-૧૯૦-૨૧૬-૨૨૭-૨૪૬-૨૫૨-૨૭૩-૨૮૩-૨૯૩-૨૯૬-૩૦૬-૩૧૪-૩૧૭-૩૨૪, ૨/૧૨૪-૧૮૮, ૩/૧૩-૨૯-૬૭-૭૨, ૪/૩૭-૮૫-૧૦૭-૧૨૧, ૫/૨૨૦-૩૧૧-૩૬૧-૪૨૦, ૬/૫૫-૧૭૨-૧૯૫-૨૫૭-૨૯૫, ૭/૧૬-૨૬, ૯/૪-૪૨-૧૩૫-૨૭૯
- કલ્પના અને અપૂર્ણપણું – ૩/૬૬
- કલ્યાણના માર્ગમાં વિઘ્નરૂપ – ૬/૨૭૩
- કેટલાકને મન રમાડે છે ને કેટલાક મનને રમાડે છે. – ૪/૧૨૩
- ચાર ઉપાય સત્પુરુષને રાજી કરવાના. – ૨/૬૨, ૬/૧૪
- ચાર ગૂઢ સંકલ્પો (મહારાજના) – ૮/૧૨
- ચાર જગ્યાએ ભગવાનની સ્મૃતિ ન રહે – ૯/૩૨૫
- ચાર જીવને બગડવાના હેતુ – ૪/૧૧૪, ૬/૧૦૬
- ચાર ઠેકાણાં વિના બીજે બધે વિષયનો આદર છે. – ૧/૪૬
- ચાર ઠેકાણે માયા નથી. – ૨/૧૬૨
- ચાર ઘાટી ઓળંગવી. – ૨/૯૬, ૬/૨૫
- ચાર પ્રકારની નિષ્ઠા – ૫/૧૮૩
- ચાર પ્રકારના સત્સંગી – ૧/૧૫૭, ૫/૧૮૫, ૮/૧૦
- ચાર પ્રકારનો સત્સંગ – ૫/૧૭૭, ૮/૬
- ચાર પ્રશ્નો પૂછ્યા. – ૩/૫૬
- ચાર વાત જીવનું જીવન. – ૩/૧૭
- ચાર વાત દૃઢ કરવી. – ૪/૨૨
- ચાર વાતમાં સુખ. – ૨/૬, ૯/૧૮૭
- ચાર વાનાં અવિનાશી છે. – ૧/૨૨૬
- ચાર વાનાં હોય તો પ્રભુ ભજાય. – ૬/૨૫૯
- ચારથી એકાંતિક ધર્મ રહેશે. – ૬/૧૫૪
- ચારનો ગુણ જ લેવો. – ૬/૧૦૬
- ચારનો દ્રોહ ન કરવો. – ૧/૧૨૨, ૬/૧૦૪
- ચારનો પક્ષ રાખવો ને અવગુણ આવવા દેવો નહિ. – ૬/૧૧૨

- ત્રણ જાણ સુખિયા. – ૫/૨૧૫
- ત્રણ ઠેકાણે માન વધે. – ૯/૬૭
- ત્રણ ઠેકાણે માયા નથી. – ૫/૪૩૩
- ત્રણ તાપ છે. – ૬/૬૭
- ત્રણ તો આવવા દેવા જ નહિ. – ૬/૧૮૦
- ત્રણ થકી જીવ બળિયો થાય છે. – ૯/૫૨
- ત્રણ ન રહે તો ક્લેશ ન આવે. – ૫/૪૧૬
- ત્રણ પ્રકાર (સત્સંગમાં) – ૬/૫૮
- ત્રણ પ્રકારના જીવને ભગવાનનો સંબંધ થાય તો ગુણાતીત થાય. – ૫/૨૩૬
- ત્રણ પ્રકારના દુઃખ. – ૨/૬૧
- ત્રણ પ્રકારના મનુષ્ય સત્સંગમાં છે. – ૨/૬૫
- ત્રણ પ્રકારનું ધ્યાન ભગવાનના ભક્તને રહે છે. – ૧/૨૮૪
- ત્રણ પ્રકારનો કુસંગ (ત્રણ વિઘ્નો) – ૫/૩૩૩, ૬/૧૩૩, ૯/૧૩૬
- ત્રણ મળીને એક ન કરી શકે. – ૫/૪૧૫
- ત્રણ વાત અવશ્ય રાખવી. – ૨/૧૨૬, ૫/૩૫૧, ૬/૨૯૫
- ત્રણ વાત આપણને મળી રહી છે. – ૧/૧૩૧
- ત્રણ વાત પ્રવર્તાવે એવા મુક્તો થોડા. – ૨/૧૨૦
- ત્રણ વાતમાં કસર રહેશે એટલી ખોટ નડશે. – ૫/૧૦૮
- ત્રણ વાતમાં ભગવાન રાજી, રાજી ને રાજી છે. – ૧/૧૬૬, ૩/૩૨-૩૮
- ત્રણ વાનાં અવશ્ય જોઈએ. – ૫/૩૫૧
- ત્રણ વાનાં દુર્લભ – ૧/૨૪૮, ૫/૮૫
- ત્રણ વાનાં સત્સંગમાંથી પાડી નાંખે – ૯/૨૯૯
- ત્રણ વાનાંથી જુદા પડી બ્રહ્મરૂપ થાવું. – ૫/૨૭૯, ૬/૧૯૧
- ત્રણ હોય તો મોક્ષને માર્ગે ચાલવામાં અંતરાય આડે આવે નહિ. – ૮/૩
- ત્રણથી વાસના નિર્મૂળ થાય. – ૫/૧૦૬
- ત્રણથી વારંવાર નોખું પડવું. – ૬/૧૯૧
- ત્રણની શુદ્ધિ થતી નથી. – ૮/૧૦
- ત્રણને પૂજ્યપણે માનવા – ૯/૨૯૫
- ત્રણને ભીડો ખમ્યામાં કહ્યા. – ૫/૩૩૮

## પરિશિષ્ટ-૬ : વિષયવાર સૂચિ


- ત્રાગનો અભાવ ન થાય - ૯/૧૩૪
- દિવ્ય વિગ્રહ - ૭/૨૬-૨૯
- દેશકાળ લાગે જ નહિ. - ૩/૫૧
- દેહાભિમાન - ૩/૨૫, ૬/૯-૨૭૮, ૯/૬૫-૭૧-૭૨-૨૫૫
- દોષ - ૧/૧૨-૫૮-૭૩-૯૨-૨૧૭-૨૩૩, ૨/૧૮-૬૧-૮૧-૧૭૭-૧૯૧, ૩/૬૫, ૪/૨૯-૬૫-૧૦૦-૧૧૦, ૫/૮-૩૮૩, ૬/૧૯૫-૨૭૮-૩૪૬, ૮/૧૯, ૯/૨૮૧
- निजात्मानं ब्रह्मरूपं - ૧/૫૫-૧૩૦-૧૪૨-૧૫૮-૨૫૨-૩૩૨, ૩/૧૩, ૪/૯૬, ૫/૫૮-૬૧-૭૫-૧૧૫-૨૨૦, ૬/૨૩-૧૦૭-૨૧૪-૨૬૧, ૭/૩૦, ૯/૨૮૬
- નિષેધ - ૧/૩૭, ૨/૧૭૨, ૪/૧૪૨
- પાંચ અંગ (સત્સંગના) - ૯/૩૦૦
- પાંચ ગુણ સત્સંગમાં પ્રવર્તાવ્યા છે. - ૮/૫
- પાંચ વર્તમાનરૂપી ગઢ/પાંચ વર્તમાનરૂપી પાયો. - ૫/૧૦૨
- પાંચ વાતે સાનુકૂળ હોય તો પ્રભુ ભજાય. - ૨/૧૫૮
- પાંચ વાનાં જીવને અવશ્ય જોઈએ. - ૨/૩
- પાંચની શુદ્ધિએ કરીને જીવ આત્યંતિક મોક્ષ જે અક્ષરધામ તેને પામે છે. - ૮/૧૦
- પાંચેય શાસ્ત્રનો ઉદ્ધવ સંપ્રદાયવિષે સનાતન સિદ્ધાંત. - ૮/૪
- પ્રગટને એક પ્રાણામે. - ૫/૧૧૯-૩૧૧, ૬/૨૮૫
- પ્રગટ ભગવાનનો આશરો. - ૧/૧૬૮-૧૯૪, ૪/૩૭, ૫/૫
- પ્રત્યક્ષની નિષ્ઠા - ૧/૩૦૮-૩૪૩, ૩/૬૭-૬૮-૬૯-૭૦, ૪/૩૦
- પ્રતિલોમપણાની વાતો - ૨/૯-૧૨૩-૧૭૦-૧૮૨, ૪-૧૦૫, ૫-૪૧૮, ૬/૧૨૦, ૮/૨૩
- ફળિયામાં ઘોડો ફેરવી લેવો. - ૧/૧૫૨-૧૭૨, ૫/૧૩૪-૨૪૨, ૬/૫૫
- બે ઉપાયથી ભગવાન રાજી થાય. - ૬/૨૦૬
- બે ગુણમાં બે દોષ જાણવા ને તે ટાળવા. - ૨/૧૭૭
- બે જ સિદ્ધાંત છે - ૯/૧૬૭
- બે નિષ્ઠા મુખ્ય રાખવી. - ૨/૧૩

- બે પ્રકારના માણસ મંદિરમાં ને મંડળમાં છે. – ૨/૮૦
- બે પ્રકારની તાણ હોય છે. – ૫/૪૦૨
- બે વતે સુખી થવું. – ૨/૮૮
- બે વાત જ મુખ્ય છે. – ૯/૨૪૧
- બે વાત સાધવા સારુ આપણો જન્મ થયો છે. – ૪/૧૦૧
- બે વાતનો આગ્રહ છે. – ૧/૧૧૧, ૯/૧૬૭
- બે વાનાં રાખવા. – ૫/૧૫૯-૨૦૪
- બે સારા સાધુ અને ચાર સારા હરિભક્ત. – ૧/૨૩૮, ૨/૧૫૭, ૫/૧૫૪, ૬/૮૭-૯૨
- બ્રહ્મના ગુણ આવ્યાનું. – ૧/૬, ૩/૧૨-૩૪, ૮/૨૫
- બ્રહ્મરૂપ થવું. – ૧/૧૫૪-૧૪૨, ૩/૧૩-૬૦, ૪/૧૪૦, ૫/૩-૧૬૪-૨૦૭-૩૮૩, ૮/૬-૨૯, ૯/૨૮૬
- બ્રહ્મવિદ્યા – ૨/૩૮, ૭/૨૬, ૮/૨૫, ૯/૨૪૩-૨૭૬
- ભગવદી – ૧/૧-૨૦૬-૨૫૪, ૨/૮-૧૧૭-૧૨૬, ૫/૩૭૮, ૯/૫૭-૭૧-૧૬૩-૨૨૯-૨૬૧-૨૯૬-૩૦૦-૩૨૦
- ભગવાન અખંડ નિવાસ કરીને રહે. – ૭/૩૦, ૮/૫-૧૮-૨૪
- ભગવાનને પોતાના ભક્તને મારી કૂટીને બ્રહ્મરૂપ કરવા છે. – ૧/૩૩૭
- ભગવાનમાં જોડાવું. – ૩/૨૧-૨૪-૪૨, ૫/૨૭૪, ૬/૨૪-૧૩૮-૧૪૦-૧૪૧
- ભજનની રીત – ૧/૨૦૧, ૨/૩૦, ૫/૫૩, ૬/૮૪-૯૯-૧૩૭-૧૪૦-૧૯૫-૧૯૯, ૯/૧૯૬
- મજકૂર મળ્યું. – ૪/૨૯, ૬/૨૫૭
- મનનદ્વારા સંગ. – ૬/૨૩-૪૨-૯૪, ૮/૨૩, ૯/૨૬૦
- મનધાર્યું મૂકે એ જીવનમુક્ત. – ૧/૧૦૯, ૨/૨૬-૫૭-૬૪, ૫/૪૭-૧૮૦-૨૧૫, ૯/૯૩-૯૮-૨૧૨-૨૩૬-૨૫૭-૨૭૫
- મહારાજ કૃપાસાધ્ય છે. – ૩/૯, ૮/૩૩, ૯/૮૧
- મહારાજના સત્સંગી – ૧/૧૫૯
- મહારાજના સ્વરૂપમાં નિષ્ઠા – ૫/૨૮૬
- મુદ્દાની વાતો – ૬/૨૧૬-૨૧૮
- મૂળઅજ્ઞાન ટળે. – ૪/૮૫, ૫/૧૫૯, ૬/૯૫-૧૭૩, ૮/૧-૨, ૯/૧૯૨

# પરિશિષ્ટ-૬ : વિષયવાર સૂચિ


- **મોટા કહે તેમ કરે તે શ્રેષ્ઠ** - ૧/૧૭-૧૦૯-૧૧૯-૨૪૬, ૨/૨૬-૫૭-૮૩-૧૩૧, ૫/૪૭-૧૮૦
- **મોટાની દૃષ્ટિ** - ૨/૧૨-૫૬-૬૬-૮૧, ૩/૨૫, ૪/૧૩૮, ૫/૨૨૪-૨૬૭-૩૫૩
- **મોટાને નિર્દોષ માન્યે નિર્દોષ થવાય** - ૧/૨૩૩, ૨/૧૭૨, ૩/૩૪-૩૮, ૯/૧૭૫
- **મોટામાં અખંડ સદ્ભાવ તે જ નિર્વાસનિક થવાનું સાધન.** - ૧/૧૫૨, ૫/૩૧૦, ૯/૧૫૭
- **મોટામાં-સાધુમાં-ભગવદીમાં જીવ જોડવો-જીવ બાંધવો-જીવ સોંપવો.** - ૧/૭-૧૩૪-૧૯૦-૨૩૮, ૨/૮-૪૧-૮૪-૧૨૧-૧૫૭-૧૮૦, ૩/૩૩-૪૨-૬૫, ૪/૯૧-૧૧૦, ૫/૧૮-૧૫૪-૨૭૪-૩૯૨, ૬/૨૪૯-૧૪૦-૧૪૧-૨૧૩-૨૨૨-૨૨૮-૨૫૯, ૮/૧૮-૨૨, ૯/૭૭-૨૪૮-૨૫૯-૨૭૫
- **રિદ્ધિ-સિદ્ધિ ને ઐશ્વર્યમાં લેવાય જ નહિ.** - ૧/૧૪૮, ૩/૨૪, ૪/૧૧૬, ૫/૩૯૩, ૬/૨૯, ૯/૨૪૨-૨૫૯
- **રૂચિ** - ૧/૨૫૬-૩૩૬, ૨/૯૧-૯૭-૧૦૬, ૪/૪૫-૧૦૬, ૫/૨૩૯, ૬/૪૯-૯૫-૨૪૨-૨૯૩, ૯/૯૫-૩૦૧
- **વિચારને પામવાની વાતો.** - ૨/૮૬, ૪/૧૨૩, ૬/૧૩૦-૧૩૨-૨૩૭, ૯/૭૧-૧૬૪
- **વિભૂતિની વાતો.** - ૫/૯૬, ૯/૨૯
- **વૃદ્ધિ પામવો** - ૧/૫૩-૧૬૭-૧૯૫, ૨/૪૦-૧૫૩, ૪/૭૬, ૬/૬૯-૭૨-૮૬-૧૧૨, ૯/૫૭-૨૫૦-૨૬૧-૨૮૯
- **શાંતિ થવાના ઉપાય** - ૧/૧૬૦, ૫/૪૭-૫૧-૨૨૧-૨૨૨-૨૮૭-૩૧૧, ૬/૧૭૭-૧૮૪, ૯/૧૯૮
- **શુદ્ધથવાના બે સાધન.** - ૫/૩૨૮
- **શ્રદ્ધા કેમ વધે ?** - ૬/૨૪
- **સત્પુરુષને સેવવા.** - ૧/૬, ૨/૬૪-૧૮૩, ૩/૫૧, ૪/૭૫, ૫/૩૮, ૬/૯૦-૧૯૮-૨૨૮, ૭/૬, ૮/૨૯, ૯/૨૩૪-૨૪૩
- **સત્સંગ** - ૧/૧૭-૨૯-૩૨-૯૦, ૨/૧૮-૩૪-૩૯-૧૮૬, ૩/૯-૨૦-૨૬-૩૫-૪૦-૪૮, ૪/૧૬, ૫/૪-૨૯-૮૨-૯૦-૧૭૭-૨૪૯-૨૮૦, ૬/૮-૧૨-૬૧-૧૬૩-૧૯૨-૨૧૮-૨૪૫-૨૮૬, ૮/૬-૧૫, ૯/૪૯-૨૨૪-૩૧૦

- **સત્સંગીના સત્સંગી.** – ૧/૧૫૯, ૯/૭૪
- **સત્સંગનું મમત્વ** – ૯/૫૧
- **સત્સંગમાં કુસંગ.** – ૫/૩૧૧-૩૩૩-૩૬૭, ૬/૫૮-૧૩૩, ૯/૧૧૯-૧૩૬-૧૪૬
- **સત્સંગમાં મોટાઈ કોની સમજવી ?** – ૧/૨૨૧, ૩/૩, ૫/૨૧-૨૬-૨૭-૪૦-૭૨-૭૩-૮૨-૯૭-૧૪૫-૧૫૨
- **સમાગમ** – ૧/૯૭-૨૯૦, ૨/૨૫-૩૯-૪૧-૪૪, ૬/૫૫-૬૧-૧૨૩-૧૮૮-૨૦૩, ૮/૭-૧૧, ૯-૧૫-૫૭-૭૩-૮૬-૧૬૦-૧૬૮-૧૭૯-૨૩૮
- **સર્વકરતાં સમજાણ અધિક.** – ૧/૩૪-૩૬-૩૮-૩૯-૨૧૦-૨૨૯-૩૦૦-૩૪૦, ૩/૬૪
- **સર્વદેશી પુરુષ** – ૧/૧૬૮-૧૭૧, ૨/૧, ૫/૧૫૪-૨૧૩-૨૪૩
- **સર્વોત્તમ સત્સંગ** – ૫/૧૭૭, ૮/૬-૧૫-૧૭-૧૮, ૯/૫૭
- **સર્વોપરી ઉપાસના** – ૧/૧૪૦-૨૨૧-૩૪૩, ૨/૨-૧૫-૧૦૮, ૩/૨-૪-૧૨-૪૧-૪૯-૬૬-૬૭-૭૨, ૪/૩૭-૬૫-૧૧૯, ૫/૬૭-૧૦૮-૧૭૭-૨૦૫-૩૦૦-૪૨૭, ૬/૩૩-૩૫-૨૨૧, ૭/૨૧-૨૨-૨૩-૨૪, ૯/૧૪-૪૨
- **સંતસમાગમની-એકાંતિકની-સાધુની અનિવાર્યતા** – ૧/૫૩-૫૪-૧૮૨-૨૨૧-૨૯૦, ૨/૩૯-૪૧-૪૪-૪૫-૫૫-૬૯-૯૨-૧૧૨-૧૧૩-૧૩૧, ૩/૧૨-૪૧-૪૮-૫૨-૬૦, ૫/૪-૧૧૭-૨૫૦-૨૬૧-૪૧૫-૪૩૦, ૬/૫૫-૧૨૩-૧૪૧-૧૯૨-૨૪૭, ૭/૧૭, ૮/૭, ૯/૧૫-૮૨-૮૪-૧૭૩-૨૩૪-૨૩૮-૨૭૬-૨૭૭-૨૮૨
- **સ્વરૂપનિષ્ઠા** – ૧/૩૯-૧૨૩-૨૧૮-૨૬૩-૩૦૦-૩૦૭, ૩/૧૨, ૫/૧૮૩-૨૮૬-૪૨૭, ૬/૭-૨૩૬, ૮/૧૫, ૯/૫૩
- **સાધુના સમાગમની અનિવાર્યતા ને મહિમાની વાતો.** – ૧/૨૯-૫૪-૫૭-૧૮૪-૨૯૦-૩૧૩, ૨/૨૧-૩૯-૪૧-૪૪-૬૯-૧૧૧-૧૧૩, ૩/૨૦-૨૨-૨૮, ૪/૫૦-૫૧-૫૨-૧૪૩, ૫/૧૯૫-૨૬૧, ૬/૫૪-૧૨૬-૧૪૭-૧૮૨-૨૦૩-૨૦૬-૨૧૮-૨૪૭, ૮/૭-૧૧, ૯/૧૫-૬૦-૭૩-૮૬-૯૪-૧૬૦-૨૩૪-૨૩૮-૨૭૪-૨૭૭-૨૭૯-૨૮૨-૨૮૯-૩૦૦
- **સાધુનો મહિમા-એકાંતિકનો મહિમા-સંતનો મહિમા.** – ૧/૩૦-૫૪-૫૭-૮૯-૧૩૪-૧૬૯-૧૮૪-૨૦૫-૨૨૧-૨૨૩-૨૯૫-૩૧૩-૩૧૪, ૨/૨૧-૧૦૦-૧૧૧-૧૭૨, ૩/૨૦-૨૨-૨૬-૨૮-૩૧, ૪/૧૫-૪૦-

૫૧-૫૨-૮૦-૮૫-૧૪૩, ૫/૩-૫-૨૧-૪૦-૮૬-૧૯૫-૨૭૧-300-૪૧૫-૪૩૩, ૬/૧૩-૧૪૧-૧૬૫-૧૮૨-૧૯૨-૧૯૫-૨૦૩-૨૦૬-૨૧૮-૨૧૯-૨૨૪-૨૪૫-૨૫૩-૨૯૫, ૮/૫-૬-૧૧-૧૪-૧૮, ૯/૧૧-૪૫-૬૦-૭૩-૭૭-૮૫-૧૬૦-૨૬૧-૨૭૪-૨૭૮-૨૮૧-૩૦૦

- **સાધુપણું** - ૧/૩૨૮, ૬/૨૫૩, ૯/૧૦૦-૩૨૧
- **સુહૃદપાણું** - ૨/૧૨૬-૨૬૮, ૬/૨૬૮
- **સોનાના મંદિર** - ૪/૯૯
- **સંગભેદ** - ૧/૭-૨૯-૮૦-૧૮૨-૨૪૦-૩૩૯, ૨/૧-૧૧-૧૮-૩૪-૧૫૩-૧૭૫-૧૭૮-૧૮૮, ૩/૧૨-૩૮-૬૦-૬૮-૭૩, ૪/૫૧-૭૭-૧૨૮, ૫/૪-૪૧-૭૬-૧૭૮, ૬/૫૪-૫૮-૧૧૯-૧૪૩-૧૭૪, ૮/૧૦, ૯/૧૧૯-૨૬૧-૨૮૦
- **સાંખ્ય** - ૧/૨-૯૭-૨૪૪-૨૬૧-૨૮૯-૩૧૧-૩૪૩
- **સ્વામિનારાયણ મંત્રનો મહિમા** - ૧/૨૪-૯૦-૧૫૪-૨૪૭-૨૭૪, ૪/૩૮, ૫/૧૩૨-૨૪૮
- **સ્વામીની સૂક્ષ્મ નિરીક્ષણ શક્તિ** - ૨/૮૬-૧૪૮, ૩/૪૭-૫૦, ૫/૧૧૫, ૬/૧૩૫, ૯/૨-૬-૨૩-૧૦૧-૧૧૫-૧૬૨
- **શાંતિ થવાના ઉપાય** - ૧/૧૬૦, ૫/૪૭-૫૧-૨૨૧-૨૨૨-૨૮૭-૩૧૧, ૬/૧૭૭-૧૮૪, ૯/૧૯૮
- હમણાં ભગવાનમાં રહેવું કઠણ પડે છે - ૧/૧૯૦, ૩/૧૪, ૯/૧૯૬

## પરિશિષ્ટ-૭ : સંદર્ભ સૂચિ

**(નિમ્નલિખિત પ્રમાણભૂત ગ્રંથોનો આધાર લઈને તેમજ તેમાંની ઉપયોગી માહિતીનું યથોચિત સંકલન કરીને, આ ગ્રંથનું સંપાદન અને પ્રકાશન કરવામાં આવ્યું છે.)**


૧. **શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો** : સાત પ્રકરણ : તૃતીય આવૃતિ : ઑગસ્ટ ૧૯૭૬ : પ્રકાશક – બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમની સંસ્થા : અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

૨. **શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો** : સાત પ્રકરણ : અગિયારમી આવૃત્તિ : જુલાઈ ૧૯૯૭; ચૌદમી આવૃત્તિ : ઑગસ્ટ ૨૦૦૩ : પ્રકાશક – સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

૩. **શ્રી ગુણાતીતાનંદજી સ્વામીની વાતો** : પાંચ પ્રકરણ : ચોથી આવૃત્તિ : ઓકટોબર ૧૯૮૪: પ્રકાશક – શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, રાજકોટ.

૪. **શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો** : ચૌદ પ્રકરણ : પ્રથમ આવૃત્તિ : ફેબ્રુઆરી ૨૦૦૩ : દ્વિતીય આવૃત્તિ : જાન્યુઆરી ૨૦૦૪ : પ્રકાશક – યોગી ડિવાઇન સોસાયટી – મુંબઈ – ૪૦૦ ૦૦૭.

૫. **કીર્તન મુક્તાવલિ** : ભાગ ૧ : અગિયારમી આવૃત્તિ : માર્ચ ૨૦૦૦ : પ્રકાશક – સ્વામિનારાયણ અક્ષરપીઠ – અમદાવાદ ૩૮૦ ૦૦૪.

૬. **કીર્તન મુક્તાવલિ** : ભાગ ૨ : તૃતીય આવૃત્તિ : એપ્રિલ ૧૯૯૯ : પ્રકાશક – સ્વામિનારાયણ અક્ષરપીઠ – અમદાવાદ – ૩૮૦૦૦૪.

૭. **ભક્તચિંતામણિ** : પ્રથમ આવૃત્તિ : જુલાઈ ૧૯૭૮ : પ્રકાશક – બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમની સંસ્થા – અમદાવાદ ૩૮૦ ૦૦૪.

૮. **કીર્તનસાર સંગ્રહ** : પ્રકાશક – સ્વામિનારાયણ મંદિર – ભૂજ (કચ્છ).

૯. **કીર્તનસાર સંગ્રહ** : પ્રથમ ભાગ – સં. ૨૦૦૭ : પ્રકાશક – સ્વામિનારાયણ મંદિર – વડતાલ.

૧૦. **મુક્તાનંદ કાવ્ય** : સને. ૧૯૫૫ : પ્રકાશક – સ્વામિનારાયણ મંદિર – ભૂજ (કચ્છ).

૧૧. **નિષ્કુળાનંદ કાવ્ય** : પ્રકાશક – સ્વામિનારાયણ મંદિર – વડતાલ.

૧૨. **બ્રહ્માનંદ કાવ્ય** : પ્રસિધ્ધ કરનાર – રાવ સાહેબ કરમસી દામજી તથા મોતીલાલ ત્રીભોવનદાસ ફોજદાર : ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસ – મુંબઈ.

૧૩. **શ્રી સ્વામિનારાયણ (હજારી+૧૧૧)** : ૧૧૧૧ કીર્તન રત્નમાળા : પ્રથમ આવૃત્તિ : સં. ૨૦૩૭ : પ્રકાશક – શ્રી નિત્યાનંદ સાહિત્ય મંદિર – અમદાવાદ

૧૪. **તુલસીદાસની સાખીઓ** : ૭મી આવૃત્તિ : સને.૧૯૬૭ : પ્રકાશક – સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ – અમદાવાદ ૩૮૦ ૦૦૪.

૧૫. **કબીર સાહેબની સાખીઓ** : ૧૦મી આવૃત્તિ : સને. ૨૦૦૦ : પ્રકાશક – સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ – અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

૧૬. **કીર્તનાવલિ (હજારી)** : છઠ્ઠી આવૃત્તિ : સં. ૨૦૩૬
પ્રકાશક – સ્વામિનારાયણ ગુરુકુલ – રાજકોટ-૪.

૧૭. **શ્રી રામચરિત માનસ** (ગુજરાતી પદ્ય અનુવાદ) પ્રથમ આવૃત્તિ : સને. ૨૦૧૦
પ્રકાશક – શંકરભાઈ ત્રિકમભાઈ પટેલ, શ્રી સંતરામ સોસાયટી – નડિયાદ.

૧૮. **શ્રીમદ્ ભગવદ્ગીતા** : ગુજરાતી સરલાર્થ સહિત : ૪૩મી આવૃત્તિ : સં.૨૦૫૭
પ્રકાશક – સસ્તુ સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ – અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

૧૯. **શિક્ષાપત્રી** : સાતમી આવૃત્તિ : નવેમ્બર ૧૯૮૬
પ્રકાશક – સ્વામિનારાયણ અક્ષરપીઠ – અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

૨૦. **શ્રીમદ્ ભાગવત** :

૨૧. **સત્સંગીજીવન** :


૨૨. **બૃહદ્ ગુજરાતી કોશ** : ખંડ ૧ ને ૨ : પ્રથમ આવૃતિ ૧૯૭૬
સંપાદક – અધ્યાપક કે. કા શાસ્ત્રી : પ્રકાશક – યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ
ગુજરાત રાજ્ય : અમદાવાદ –૩૮૦ ૦૦૮

૨૩. **મોટો (શબ્દ) કોશ** : ત્રીજી સુધારેલી આવૃત્તિ : ફેબ્રુઆરી ૧૯૯૯
સંપાદક – રતિલાલ સાં. નાયક :
પ્રકાશક : અક્ષરા પ્રકાશન – અમદાવાદ – ૩૮૦ ૦૦૧.


૨૪. **વેદાંત શબ્દકોષ** : બીજી આવૃત્તિ : સં. ૨૦૨૭ :
પ્રકાશક – સસ્તુ સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ – અમદાવાદ – ૩૮૦ ૦૦૪.



બસ! "તુંડી" "તુંડી" થયા કરે
લેરલુંબ કરી આપજો...



''...તે અમે એટલું બોલ્યા છીએ (સ્વામીની વાતો) તે લખનાર હોય તો આ પૃથ્વી ને આકાશ બધો ભરાઈ જાય
એટલા શબ્દ બોલ્યા છીએ.' અ.મૂ.અ.મૂ. સદ્. શ્રી ગુણાતીતાનંદસ્વામીએ જે સ્થળેથી,
ચિદાકાશ ભરાઈ જાય તેવી 'વાતુ'ની પરાવાણી વહાવી તે મહાપ્રાસાદિક સ્થાન – જૂનાગઢ મંદિરનો પ્રથમનો સભામંડપ.



**એ સભામંડપમાં જે કાષ્ઠના સ્તંભને ટેકે, અક્ષરમૂર્તિ સ્વામીશ્રીએ પરાવાણી વહાવી
તે પ્રાસાદિકસ્થળે વર્તમાન સભામંડપમાં આરસની દેરી.**